तत्त्वन्यायविभाकर

द्वितीय-तृतीय खंड

(सूत्र स्वोपज्ञकार)

पू. दादागुरुदेव श्रीजैनरत्नव्याख्यानवाचस्पति, कविकुलकिरीट, वादिविजेता

आचार्य श्रीमद्विजयलब्धिसूरीश्वरजी महाराज

: सूत्र-टीकानुवादक :

पूज्यपाद कर्णाटककेशरी, श्रावस्तीतीर्थोद्धारक, संस्कृत विशारद

आचार्यदेव श्रीमद्विजयभद्रंकसूरीश्वरजी महाराज

: संकलन :

गणिवर विक्रमसेनविजय

અચિન્ત્યચિંતામણી શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામિને નમોનમઃ
॥ શ્રી લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરીશ્વર ગુરૂભ્યો નમઃ ॥

तत्त्वन्यायविभाकर

द्वितीय खंड

(सूत्र-स्वोपज्ञकार)
પૂ.દાદાગુરૂદેવ શ્રીજૈનરત્નવ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકીરિટ, વાદિવિજેતા
આચાર્ય શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

: સૂત્ર-ટીકાનુવાદક :
પૂજ્યપાદ કર્ણાટકકેશરી, શ્રાવસ્તીતીર્થોદ્ધારક, સંસ્કૃત વિશારદ
આચાર્યદેવ શ્રીમદ્વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ

: શુભાશિષ :
પૂં. ઉંકારાદિતીર્થસ્થાપક સૂરિમંત્રઆરાધક
આચાર્યશ્રીમદ્‌વિજય પુણ્યાનંદસૂરિજી મ.સા
પૂ.આ.શ્રીમદ્‌વિજય મહાસેનસૂરિજી મ.સા

- સંકલન -
ગણિવર વિક્રમસેનવિજય

પ્રકાશક : શ્રીલબ્ધિભુવન જૈન સાહિત્યસદન - છાણી,
શ્રી લબ્ધિસૂરીશ્વરજી ગ્રંથમાલા-છાણી.
શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી ગ્રંથમાલા-છાણી
શ્રી ૐકાર જૈન તીર્થ - પદમલા

વીર સંવત ૨૫૩૯ વિક્રમસંવત ૨૦૬૯ લબ્ધિ સંવત ૫૧

દ્વિતીયાવૃત્તિ - ૫૦૦ નકલ

પ્રકાશનદિન - વૈ. સુ. ૧૧.
પ્રભુમહાવીર શાસનસ્થાપના દિન, મુકામઃ- શત્રુંજયતીર્થ.

: પ્રાપ્તિસ્થાન :

૧. **શ્રી લબ્ધિ-ભુવન જૈન સાહિત્ય સદન**
રાજેશકુમાર નટવરલાલ શાહ
મેઈન બજારમાં, કાપડના વહેપારી
પોસ્ટ - છાણી - ૩૯૧ ૭૪૦.
ડી. વડોદરા-ગુજરાત.
મો. ૯૮૭૯૫૨૬૨૭૬

૨. **શ્રી ૐકાર જૈન તીર્થ,**
ભદ્રંકરનગર,
મુ. પદમલા,
જી. વડોદરા.
ગુજરાત.

પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને જ્ઞાનભંડારોને ઉપરોક્ત સરનામે તથા મુદ્રકના સરનામેથી રૂબરૂ પ્રાપ્ત થશે.

આ ગ્રંથ જ્ઞાનદ્રવ્યની નિધિમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ માલિકી કરવી નહીં.

મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃન્દાવન શોપીંગ સેન્ટર, ૪થે માળે, રતનપોળ, અમદાવાદ-૧ મો. ૯૮૯૮૪૯૦૦૯૧

પ્રકાશકીય નિવેદન

આજથી ઘણા વર્ષે પહેલાં જૈન ધર્મના તત્વજ્ઞાનનો અપૂર્વ ખજાનારૂપ **શ્રી"તત્ત્વન્યાયવિભાકર"** ગ્રંથરત્નનો પહેલો ભાગ ૪૦ વર્ષ પહેલા સંઘ સમક્ષ પ્રથમ આવૃત્તિ રજુ કરતાં પરમ પ્રમોદ પ્રાપ્ત થયેલ. આજે તેનો બીજો ભાગ દ્વિતીય આવૃત્તિ-સંપૂર્ણ ગ્રંથ પ્રકાશિત કરતાં અમારું મન અત્યંત પ્રસન્નતા અનુભવે છે.

આવા તત્વજ્ઞાનના આકર ગ્રંથ સૂત્ર સાથે ટીકાના રચયિતા અનેક સંસ્કૃત-ગુર્જર સાહિત્યના રચયિતા પૂજ્યપાદ કવિકુલકિરીટ, આચાર્ય ભગવાન **શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ** અને ગુર્જરભાષામાં અનુવાદ કરનાર પૂજ્યપાદ ગચ્છાધિપતિ, આચાર્ય દેવ **શ્રીમદ્વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ પ્રકાંડ વિદ્વાન આચાર્યદેવ **શ્રીમદ્વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ.** જેઓશ્રીએ અત્યંત પરિશ્રમ લઈને સંસ્કૃતના મહાન ગ્રંથરત્નનો ગુર્જરભાષામાં અનુવાદ કરીને અલ્પજ્ઞો ઉપર મહાન ઉપકાર કરેલ છે.

તેઓ શ્રીમદ્ના પરમવિનેય શિષ્ય-પ્રશિષ્યો, તપસ્વી પૂ. **પંન્યાસપ્રવર શ્રી પુણ્યવિજયજી ગણિવર** (હાલ આચાર્ય) તથા પૂ. સ્વ. વિદ્વાન **મુનિવર્ય શ્રી વીરસેનવિજયજી મહારાજે** આ વિશાલ ગ્રંથને પ્રકાશિત કરવામાં સારો યોગદાન આપેલ છે. આ જ ગ્રન્થની દ્વિતીયાવૃત્તિ ૩૫ વર્ષ બાદ પૂ. ગણિવર વિક્રમસેનવિજય તથા સાધ્વી અનંત-સુવર્ણપદ્માશ્રી અને સાધ્વી સરસ્વતીશ્રીજીની શિષ્યાઓના અથાગ પરિશ્રમથી ગ્રન્થનું પુનઃ સંપાદન થયેલ છે. આથી તેઓ સર્વના ચરણે કોટિ કોટિ વંદના.

મહામૂલા ગ્રંથરત્નને પ્રકાશિત કરવા માટે આર્થિક સહયોગ આપનાર અનેક જૈન સંઘો અને શ્રુતપ્રિય મહાનુભાવોનો આભાર માનવા સાથે સદૈવ શ્રુતભક્તિકાર્યમાં પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરી કેવલજ્ઞાનને શિઘ્ર પ્રાપ્ત કરે, એ જ શાસનદેવ પ્રત્યે અભ્યર્થના.

અંતમાં અભ્યાસુવર્ગ પહેલાં શુદ્ધિપત્રક જોઈને-સુધારીને પછી જ સ્વાધ્યાય-અભ્યાસ કરે, એ વિનંતિ કરવા સાથે જિનાજ્ઞાવિરૂદ્ધ કંઈ લખાણ લખાયું હોય યા છપાયું હોય, તો મિચ્છામિ દુક્કડં.

—પ્રકાશક

કર્ણાટકકેસરી, પૂ. આચાર્યવર્ય શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજનું ગુણાનુવાદરૂપ

વિવિધ ભાષામયાષ્ટક

: રચનાર :

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન
પૂ. પં. શ્રી પુણ્યવિજયજી ગણિવરના શિષ્યરત્ન
મુનિ શ્રી વીરસેનવિજય, આદોની (સં. ૨૦૨૬)

गूर्जरभाषायां–

સુધા કેરી વાણી જ હિતકરી ચિત્તચકિત, કરે છે પાપીને અધરહિત એ સદ્‌ગુણયુત;
કહે છે પુણ્યોને સકલ દલવા કર્મકઠને, બતાવે ભવ્યોને જિનવરતણા પુણ્યપથને.

गीर्वाणभाषायां–

मुर्धन्यो मुनिमण्डले गुणिवरे सेव्यः सदा साधुभिः,
पर्जन्यः समपाप ताप हरणे प्रज्ञावतामग्रणीः ।
मातङ्गो मदमोह वृक्ष हनने सिद्धांत पारङ्गतः,
सेतुर्नेतुमपूर्वशं भवजलाद् भद्रंकरो भाति यः ॥

हिन्दीभाषायां–

भुवनतिलक गुरुवरकी पाट पर शोभते दिनकर ।
छाणिगाम धन्य बना आपकी जन्मभूमि बनकर ॥

पाइअभाषायां–

छाणीनयरे होही वियक्खणो पन्नासपय भूसिओ ।
आयरिअ भद्दंकरो संजमिओ पत्तनम्मि अभू ॥

मराठीभाषायां–

आपली गोडवाणी आध्यात्मिक प्रकाशप्रसरवते ।
आपण विहारकरुण आन्ध्रप्रदेश मधे आलो ॥

कन्नडभाषायां–

विश्वकृपा सल्लवागी सूरिवरु उपदेशको दुत्तारे ।
जिनधर्म मोदयल्लि सुनक्षत्र अंते मीनु गोत्तवे ॥

तेलुगुभाषायां–

आदोनी ग्राममुलो नेदु भि गुरुवुग्गरी शुभ चेयतो ।
मीकु सूरिपीठमुलो महोत्सवमुगा स्थापींचिरी ॥


अंग्रेजीभाषायां–

ओस्पिरिच्युअल लाइट ! फोलोअर ऑफ वे ऑफ राइट ।
ओह सेन्ट सेल्युट यु सुपेरिअर डिवाइन माइट ! ॥




પંજાબદેશોદ્ધારક પ.પૂ.આ.

આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ



પ.પૂ. સદ્ધર્મસંરક્ષક નૈષ્ઠિક
બ્રહ્મચારી અજોડ શાસ્ત્રવેત્તા

આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મહારાજા




પૂજ્યપાદ 'વિદર્ભના વિજયવંત વિહારી' વિઘ્નહર પાર્શ્વનાથ તીર્થ સ્થાપક આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજા



પૂજ્યપાદ કર્ણાટકકેસરી શ્રાવસ્તી તીર્થોદ્ધારક કોંકણ ઉદ્ધારક સંસ્કૃત વિશારદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજા



પૂજ્યપાદ જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ પરમશાસન પ્રભાવક આચાર્યદેવ

શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજા

સૂત્રગત વિશેષતાઓ

(બીજો ભાગ-પ્રથમ કિરણ)

સૂત્ર ૧—અહીં વિષય તરીકે 'મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ-એમ પાંચ સમ્યગ્જ્ઞાનો છે. જ્ઞાનપદમાં બહુવચન પ્રત્યેકમાં જ્ઞાનત્વદર્શક છે. જ્ઞાન આત્માનો સ્વપરપ્રકાશક અસાધારણ ગુણ છે. તે આત્માથી કથંચિદ્ ભિન્નાભિન્ન છે. કેવલજ્ઞાન=સકલ ઘાતિકર્મના ક્ષયવાળા જીવનો ક્ષાયિક સ્વભાવરૂપ જ્ઞાન. મત્યાદિ ચાર જ્ઞાનો=સર્વઘાતિ કેવલ જ્ઞાનાવરણ સર્વથા સર્વ જ્ઞાનોમાં આવરણ નહીં કરી શકતું હોવાથી, જે વખતે આ 'મંદપ્રકાશ' કેવલજ્ઞાનાવૃત્ત જીવને હોય છે, તેના જ મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવરૂપ ચાર જ્ઞાનો ક્ષાયોપશમિક કહેવાય છે. હેતુપૂર્વક મતિ આદિ પાંચ જ્ઞાનોના ક્રમનો ઉપન્યાસ છે.

સૂત્ર ૨—મતિ આદિ પાંચ જ્ઞાનો પ્રમાણ તરીકે કહેવાય છે. હેયના હાનમાં, ઉપાદેયના ઉપાદાનમાં સમર્થ જ્ઞાનો જ પ્રમાણ છે, પરંતુ નૈયાયિક આદિ અભિમત અજ્ઞાનરૂપ સન્નિકર્ષ આદિ પ્રમાણ નથી. વિષય પદાર્થ પ્રત્યે મુખ્ય કારણરૂપે સ્વ-પરપ્રકાશક ઉપયોગરૂપ ભાવેન્દ્રિય જ્ઞાનરૂપ જ છે. ગૌણવૃત્તિથી લબ્ધિન્દ્રિય અને નિવૃત્તિ-ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય કારણ છે.

સૂત્ર ૩—યથાર્થ સ્વ-પરપદાર્થ નિર્ણાયક જ્ઞાનપણું લક્ષણ છે અને પ્રમાણ લક્ષ્ય છે. આ પ્રમાણે લક્ષ્ય-લક્ષણભાવ છે. જો કે પ્રમાણ શબ્દના સર્વ કારકોથી અને વ્યુત્પત્તિથી આત્મા આદિ અનેક અર્થો થાય છે, તો પણ પરીક્ષામાં સમર્થ જ્ઞાનનો જ પ્રમાણરૂપે અધિકાર છે. લક્ષણ અને લક્ષ્યગત ઉદ્દેશ્યવિધેય ભાવની ભિન્ન ભિન્નરૂપે થતી છણાવટ ગજબની છે. વળી યથાર્થ સ્વાર્થ પરિચ્છેદમાં જ્ઞાન સાધનતમ કારણ છે, જડ સંનિકર્ષ આદિ નહીં. આ વિષયનો શાસ્ત્રાર્થ મનનીય છે. લક્ષણના પદકૃત્યનું વિવરણ પ્રતિભાગમ્ય છે. વિવિધ દર્શન અભિમત પ્રમાણના લક્ષણોના અસ્વીકારમાં દલીલો અકાટ્ય છે.

સૂત્ર ૪—અહીં પ્રમાણની સંખ્યાના નિયમનો વિષય છે. સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણના (૧) પારમાર્થિક પ્રત્યક્ષ અને (૨) પરોક્ષના ભેદે બે ભેદો છે. ચાર્વાકની માફક એક પ્રત્યક્ષરૂપ પ્રમાણ જો નથી, તો અનુમાન આદિ પ્રમાણો કેવી રીતે માન્ય છે ? આના જવાબમાં અનુમાન અને આગમપ્રમાણો પરોક્ષપ્રમાણમાં અંતર્ભૂત છે. ઉપમાનપ્રમાણ પરોક્ષના ભેદરૂપ પ્રત્યભિજ્ઞાનમાં અંતર્ગત છે. અર્થાપત્તિપ્રમાણ અનુમાનપ્રમાણમાં અંતર્ભૂત છે. અનુપલબ્ધિપ્રમાણનો સાંવ્યવહારિક પ્રત્યક્ષપ્રમાણમાં સમાવેશ છે પ્રત્યક્ષમાં પારમાર્થિક વિશેષણ વાસ્તવિક રીતે પરોક્ષભૂત સાંવ્યવહારિક પ્રત્યક્ષનું વ્યવચ્છેદક છે, કેમ કે-ઇન્દ્રિય-અનિન્દ્રિય આદિ બાહ્ય સામગ્રી સાપેક્ષ

સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે. પારમાર્થિક પ્રત્યક્ષ પદાર્થ=વ્યુત્પત્તિગમ્ય અર્થાત્ અક્ષ એટલે આત્માની અપેક્ષાએ આત્મા પ્રત્યે જે જ્ઞાન સાક્ષાત્ વર્તે છે તે. અથવા અક્ષ એટલે ઇન્દ્રિયની અપેક્ષાએ અક્ષ આશ્રિતત્વથી શૂન્ય, અવધિ આદિ જ્ઞાનોમાં સાક્ષાત્ ગ્રાહ્ય-ગ્રાહકજ્ઞાનવિશેષરૂપ સ્પષ્ટત્વ પ્રવૃત્તિનિમિત્ત છે. વિશિષ્ટ સ્પષ્ટતાવાળું 'પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે. ઇન્દ્રિયપ્રત્યક્ષ વસ્તુતઃ પરોક્ષ છે. એનો શાસ્ત્રાર્થ સુચારૂ વાચનયોગ્ય છે.

સૂત્ર ૫—પાંચ જ્ઞાનોમાં અવધિ, મનઃપર્યાય અને કેવલજ્ઞાનો પારમાર્થિક પ્રત્યક્ષ છે. મતિ અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે. પરોક્ષ પણ સાંવ્યવહારિકપ્રત્યક્ષ, સ્મરણ, પ્રત્યભિજ્ઞાન, તર્ક, અનુમાન અને આગમના ભેદથી છ પ્રકારવાળું છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષને પરોક્ષમાં ગણવાનું કારણ એ છે કે-બાહ્ય ઇન્દ્રિય આદિ સામગ્રીની અપેક્ષા છે. વસ્તુતઃ પરોક્ષ છે. પરંતુ અનુમાન આદિ કરતાં અધિક નિયત વર્ણ, આકારોનું ભાસન હોવાથી અનુમાનાદિથી સ્પષ્ટ ભિન્ન છે. ક્ષાયોપશમિક સંવેદનોનું સ્વરૂપસંવેદન મનની પ્રધાનતાએ ઉત્પન્ન થનાર હોઈ 'માનસપ્રત્યક્ષ'રૂપે કહેવાય છે. બાહ્ય અર્થના ગ્રહણની અપેક્ષાએ વિજ્ઞાનો પરોક્ષ કહેવાય છે. 'परतःप्रमाणं' સર્વ જ્ઞાનો સ્વરૂપસંવેદનની અપેક્ષાએ સ્પષ્ટ પ્રતિભાસ હોઈ 'પ્રત્યક્ષ' છે. ઇત્યાદિનો ચર્ચાવિભાગ વિશેષથી દર્શનીય છે.

સૂત્ર ૬—પારમાર્થિક પ્રત્યક્ષનું લક્ષણ=કોઈ પણ દ્રવ્યના વ્યવધાન વગર માત્ર આત્મદ્રવ્યથી જ તેને જ્ઞાન-દર્શનાવરણના ક્ષયોપશમથી કે ક્ષયથી જાયમાન જ્ઞાન 'પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે. ભવ કે સમ્યક્ત્વ આદિ ગુણની અપેક્ષા છતાં તેઓ દ્રવ્ય નહીં હોવાથી અવ્યાપ્તિદોષ નથી. સકલ દ્રવ્યપર્યાયવિષયક હોવાથી 'સકલ પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે. અલ્પ દ્રવ્યપર્યાયવિષયક હોવાથી 'વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે.

સૂત્ર ૭—ઉત્કૃષ્ટ અંતરંગ સામગ્રીરૂપ સમ્યગ્દર્શન આદિથી અને બહિરંગ કેવલિકાલીન મનુષ્યભવ આદિ સામગ્રીથી સકલ ઘાતિકર્મના ક્ષયથી પ્રકટેલ જે કેવલજ્ઞાન, તે 'સકલ પારમાર્થિક પ્રત્યક્ષ' છે. અહીં 'સકલ ઘાતિઆવરણક્ષય'રૂપ વાક્યથી વ્યવહારનયથી અવ્યવહિત ઉત્તરક્ષણમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિ પ્રકાશિત છે. નિશ્ચયનયની અપેક્ષાએ ક્ષીયમાણ આવરણના સમયમાં જ કેવલજ્ઞાનની ઉત્પત્તિ વિવક્ષિત છે. અહીં ક્રિયાકાળ અને નિષ્ઠાકાળની ભેદાભેદની ચર્ચા દર્શનીય છે.

સૂત્ર ૮—મુખ્યત્વે સામાન્યધર્મથી અવિશિષ્ટ અને સકલધર્મરૂપ પ્રકારથી વિશિષ્ટ સકલ ધર્મિવિષયક સાક્ષાત્કાર કેવલજ્ઞાનનું લક્ષણ છે. અહીં પદકૃત્ય અવશ્ય જ્ઞાતવ્ય છે. સર્વજ્ઞત્વ સિદ્ધિ=જો જ્ઞાન અપકૃષ્ટ (વિનાશી) છે, તો ઉત્કૃષ્ટ (અવિનાશી) માનવું જોઈએ. ઇત્યાદિ સર્વજ્ઞત્વસિદ્ધિમાં હેતુઓ અવલોકનીય છે.

સૂત્ર ૯—કેવલજ્ઞાન પ્રત્યે ઘાતિકર્મ જ આવરણ છે, કેમ કે-સમસ્ત દ્રવ્યપર્યાયરૂપ સ્વવિષયમાં અસ્મદ્ આદિનું જ્ઞાન પ્રવૃત્તિવાળું નથી. જે જ્ઞાન સ્વવિષયમાં અસ્પષ્ટ છે, તે સાવરણ છે. જેમ કે -ધૂલી આદિથી અંતરિત વૃક્ષ આદિનું જ્ઞાન. જ્ઞાન આદિ ગુણો આવાર્ય અને કર્મ આવારક છે. તે કર્મનો ક્ષય કેવી રીતે થાય છે ? અને દ્રવ્યપર્યાયની કથંચિદ્ ભેદાભેદની ચર્ચા મનનીય છે.

સૂત્ર ૧૦—સ્વસ્વભાવરૂપ કેવલજ્ઞાન આત્મસ્થ હોતું જ પ્રમેય માત્રનો પરિચ્છેદ કરે છે. વિષયનો સંયોગ કરીને વિષયને જાણતું નથી. અતઃ અપ્રાપ્યકારી છે તથા કેવલજ્ઞાનવાળા સર્વજ્ઞ અરિહંત વર્ધમાનસ્વામી આદિ છે, કેમ કે -નિર્દોષ છે. બીજા કપિલ આદિ નહીં, કેમ કે અરિહંતદેવનું જ પ્રમાણાવિરોધી વચન છે. ઇત્યાદિ સુચારૂ ચર્ચા વિલોકનીય છે.

સૂત્ર ૧૧—અવધિ અને મનઃપર્યાયજ્ઞાનમાં ક્રમશઃ રૂપીદ્રવ્યવિષયકત્વ અને મનોમાત્ર દ્રવ્યવિષયકત્વ હોઇ વિકલત્વ છે. ક્ષાયોપશમિક હોઇ કેવલજ્ઞાનથી ભિન્નતા અને તે બંનેનો કેવલીમાં અવિદ્યમાનતા સૂચવેલ છે.

સૂત્ર ૧૨—નિયમા ઇન્દ્રિય અને મનની અપેક્ષા વગરનું રૂપીદ્રવ્ય-પુદ્ગલદ્રવ્યના વિષયવાળ સાક્ષાત્કાર 'અવધિ'નું લક્ષણ છે. અહીં નવ્યન્યાયની પદ્ધતિથી થતું લક્ષણ અને તેના પદકૃત્યો તથા અતિવ્યાપ્તિ-અવ્યાપ્તિ અસંભવ દોષત્રયની શૂન્યતા કેવી છે ? એ બરાબર અહીં દર્શનીય છે.

સૂત્ર ૧૩-૧૪—અનુગામી, હીયમાન, વર્ધમાન, પ્રતિપાતિ,

સૂત્ર ૧૫ થી ૧૮-અપ્રતિપાતિ, એમ અવધિજ્ઞાનના છ ભેદોનું વર્ણન વિશિષ્ટ છે.

સૂત્ર ૧૯-૨૦—સંયમની વિશુદ્ધિથી જન્ય, દ્રવ્યમનના પર્યાયનું માત્ર સાક્ષાત્કારી જ્ઞાન 'મનઃપર્યાયજ્ઞાન.' અહીં દર્શન વગર જ્ઞાન કેવી રીતે ? આ પ્રશ્નની વિશદ ચર્ચા અવલોકનીય છે. ઋજુમતિ મનઃપર્યાયજ્ઞાન કદાચિત્ પડે છે, જ્યારે વિપુલમતિ કેવલજ્ઞાન સુધી રહે છે. એવો અ. બેમાં ભેદ છે.

(બીજું કિરણ)

સૂત્ર ૧—સાક્ષાત્ આત્માથી જે જ્ઞાન જન્ય થતું નથી, પરંતુ વ્યવધાનકારક ઇન્દ્રિય આદિ નિમિત્તની અપેક્ષાથી વ્યવહિત આત્મદ્રવ્યજન્ય જ્ઞાન 'પરોક્ષ' છે. અહીં બધાય જ્ઞાનોમાં જે નિમિત્તની અપેક્ષા છે, તો બધાય જ્ઞાનો પરોક્ષ કહેવાશે ને ? આ પ્રશ્નની ચર્ચા ઠીક ઠીક જોવા જેવી છે.

સૂત્ર ૨—ઇન્દ્રિયથી, મનથી કે તદુભયથી જન્ય પ્રત્યક્ષજ્ઞાન 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' છે. અહીં લક્ષણ અને તેનું પદકૃત્ય વિશેષતઃ વિલોકનીય છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષના ઉદયમાં અપેક્ષાકારણ અંતરંગકારણ અને પારમાર્થિકકારણ અવશ્ય અવલોકનીય છે.

સૂત્ર ૩—સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં સ્પષ્ટ અવભાસત્વ અનુમાન આદિ કરતાં વિશેષોન પ્રકાશનરૂપ જ છે. એ પ્રબલતર જ્ઞાનાવરણીય-વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમવિશેષથી થાય છે. રૂપ આદિની માફક આ પદાર્થ ગુણ નથી, એવો શાસ્ત્રાર્થ દર્શનીય છે.

સૂત્ર ૪—સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં ઐન્દ્રિય અને માનસ પ્રત્યક્ષના લક્ષણો અને તેઓના પદકૃત્યો મૂલ્યવંતા છે.

સૂત્ર ૫–ઇન્દ્રિય, દ્રવ્ય અને ભાવના ભેદવાળી છે. અહીં દ્રવ્ય અને ભાવનો અર્થ વિશિષ્ટ છે. પરંતુ પૃથ્વી-જલ-અગ્નિ-વાયુ કે આકાશરૂપ નથી. આ વિષયની ચર્ચા અત્યંત માર્મિક છે.

સૂત્ર ૬–દ્રવ્યેન્દ્રિય, નિવૃત્તિ અને ઉપકરણરૂપ ભેદવાળી છે, પુદ્ગલપરિણામરૂપ છે અને ઉપયોગ ઇન્દ્રિયનું નિમિત્ત છે.

સૂત્ર ૭–નિવૃત્તિ એટલે ઇન્દ્રિયના બહારના અને અંદરના આકારો નિર્માણનામકર્મથી જન્ય છે, ઉપયોગ ઇન્દ્રિયને જાગૃત રાખવામાં દ્વારભૂત છે. દરેક ઇન્દ્રિયના ભિન્ન ભિન્ન આકારો વાંચવા જેવા છે.

સૂત્ર ૮–અંદરના આકારરૂપ નિવૃત્તિ ઇન્દ્રિયમાં રહેલી, પોતપોતાના વિષયના ગ્રહણની વિશિષ્ટ શક્તિ 'ઉપકરણ ઇન્દ્રિય' છે. શક્તિ અને શક્તિમાનનાં કથંચિદ્ અભેદ હોવાથી પુદ્ગલશક્તિ હોઈ 'દ્રવ્યેન્દ્રિય' કહેવાય છે. અંદરનો આકાર રહેવા છતાં આ પુદ્ગલશક્તિના નાશમાં વિષયનો ગ્રાહક જીવ થતો નથી. આ વૈજ્ઞાનિકવિષયની ચર્ચા અવલોકનીય છે.

સૂત્ર ૯–ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમરૂપ લબ્ધિ ઇન્દ્રિયરૂપ ભાવ ઇન્દ્રિયની સત્તામાં દ્રવ્યેન્દ્રિયની તથા ઉપયોગ ઇન્દ્રિયની સત્તા છે. તેના અભાવમાં તેનો અભાવ છે. આ વસ્તુસ્થિતિનું વિવેચન નિરીક્ષણીય છે.

સૂત્ર ૧૦–વિષયના ગ્રહણ નિમિત્તે પ્રવર્ત્તેલો આત્મવ્યાપારરૂપ વિશિષ્ટ પરિણામ 'ઉપયોગ,' અહીં ઉપયોગ ઇન્દ્રિયનો ગંભીર અર્થ, ઉપયોગના ભેદો અને ઇન્દ્રિયોના લાભનો ક્રમ વિશિષ્ટ પદ્ધતિથી દર્શાવેલ છે.

સૂત્ર ૧૧–આ જ જ્ઞાનરૂપ ઉપયોગ, સ્વ-પરનિર્ણયમાં સાધકતમ હોવાથી પ્રમાણ છે, પરંતુ સંનિકર્ષ કે દ્રવ્ય ઇન્દ્રિય પ્રમાણરૂપ નથી. એની વિશિષ્ટ ચર્ચા અને કેવલજ્ઞાન તથા કેવલદર્શનમાં ક્રમિક ઉપયોગ, યુગપદ્ ઉપયોગના વાદીઓનો સંવાદ અને સમાધાન સરસ દર્શનીય છે. દ્રવ્ય ઇન્દ્રિય બે, ભાવ ઇન્દ્રિય બે-એમ ચારેય ભેગી થયેલી જ શબ્દ આદિ વિષયોનું ગ્રહણ કરે છે અને ઇન્દ્રિય તરીકેના વ્યવહારને ભજે છે.

સૂત્ર ૧૨–લૌકિકવ્યવહાર પ્રસિદ્ધ ક્રમની અપેક્ષાએ, 'रूपिणःपुद्गलाः' એ સૂત્રના અનુસારે અનાનુપૂર્વી ક્રમ પણ શાસ્ત્રસિદ્ધ હોઈ 'ચક્ષુ' રસન, ઘ્રાણ, ત્વક્, શ્રોતરૂપ પાંચ ઇન્દ્રિયો છે.

સૂત્ર ૧૩–અહીં ઇન્દ્રિયપદથી નિવૃત્તિ આદિ ચાર સમજવી, કેમ કે-ચારમાંથી કોઈ એકના અભાવમાં રૂપગ્રહણનો અસંભવ છે. ચક્ષુરૂપ ઇન્દ્રિય લક્ષ્ય છે. રૂપવિષયક જ્ઞાન સાધન છતે ઇન્દ્રિયપણું 'ચક્ષુ'નું લક્ષણ છે. પદકૃત્ય અવલોકનીય છે. ચક્ષુ અને મન-બે અપ્રાપ્યપ્રકાશકારી છે. એ સિવાયની ચાર ઇન્દ્રિયો પ્રાપ્યપ્રકાશકારી છે, કેમ કે-ઉપઘાત અને અનુગ્રહનું દર્શન હોઈ રસન આદિ ચારેયમાં પ્રાપ્યકારિત્વ છે. ઇત્યાદિ વિષયની ચર્ચા ઘણી રસપ્રદ છે. વર્ણવાળા દ્રવ્યનો અને વર્ણનો કથંચિત્ તાદાત્મ્યસંબંધ વિશિષ્ટ બુદ્ધિ નિયામક માનવો વ્યાજબી છે. એની પણ ચર્ચા ઠીક ઠીક છે. રૂપના ભેદો પણ વર્ણિત છે.

સૂત્ર ૧૪–રસવિષયક સાધન ઇન્દ્રિય 'રસનેન્દ્રિય' તેનું લક્ષણ તથા પદકૃત્ય છે. રસનેન્દ્રિય સ્પૃષ્ટબદ્ધ રસરૂપ વિષયગ્રાહક હોઈ પ્રાપ્યકારી છે. રસના ભેદો.

સૂત્ર ૧૫–ગંધવિષયક જ્ઞાનમાં અસાધારણ કારણ ઇન્દ્રિય 'ઘ્રાણેન્દ્રિય' લક્ષણ તથા પદકૃત્ય છે. સ્પૃષ્ટબદ્ધ ગંધગ્રાહક હોઈ આ ઇન્દ્રિય પ્રાપ્યકારી છે. ગંધના ભેદો.

સૂત્ર ૧૬–સ્પર્શગ્રાહક ઇન્દ્રિય 'ત્વગ્' કહેવાય છે. પ્રાપ્યકારી છે. સ્પર્શના ભેદો. અહીં નિર્વૃત્તિ ઇન્દ્રિયમાં બાહ્ય-અભ્યંતરનો ભેદ નથી.

સૂત્ર ૧૭–શબ્દગ્રાહક ઇન્દ્રિય 'શ્રોત્ર' છે. શબ્દના ભેદો કથિત છે. સ્પૃષ્ટ શબ્દગ્રાહી હોઈ પ્રાપ્યકારી છે તેની અને શબ્દ પૌદ્ગલિક છે તેની ચર્ચા રસદાર છે.

સૂત્ર ૧૮–મતિ-શ્રુતના વિષયભૂત અર્થજ્ઞાનનું સાધન અનિન્દ્રિય 'મન' છે. અહીં ઇન્દ્રિયને બે ધર્મો હોય છે. એક ધર્મથી હીન હોઈ 'મન' અનિન્દ્રિય કહેવાય છે. એ વિષય અને મનના અર્થાવગ્રહ પછી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન થાય છે, માટે મનનો વિષય શ્રુત છે. એ વિષય અતિ ગંભીર હોઈ અવગાહનીય છે. મનની અપ્રાપ્યકારીતાની ચર્ચા તો વિશેષતઃ અવગાહનીય છે.

સૂત્ર ૧૯–દ્રવ્યમન અને ભાવમનની વિવેચનામાં દ્રવ્યમન અણુરૂપ નથી, પરંતુ શરીર જેટલું છે. પૌદ્ગલિક હોઈ અહંકારજન્ય નથી તથા નિત્ય નથી. વળી દ્રવ્યમન શ્રુતજ્ઞાનાવરણ ક્ષયોપશમના જનનમાં કરણ છે. તેના આધારે ઉપજતો ગુણ-દોષવિચાર, સંપ્રધારણ સંજ્ઞાવાળું જ્ઞાન તથા ધારણાજ્ઞાનરૂપ ભાવમન વગેરેની ચર્ચા ખાસ મનનીય છે.

સૂત્ર ૨૦-૨૧–વિષય અને ઇન્દ્રિય-અનિન્દ્રિયના અભિસંબંધથી જન્ય દર્શનથી ઉત્પન્ન, સત્તાના અવાન્તરભૂત મનુષ્યત્વ આદિ સામાન્યવાળી વસ્તુના વિષયવાળું જ્ઞાન 'અવગ્રહ.' જેમ કે- 'આ મનુષ્ય છે.' આ દૃષ્ટાન્ત વ્યવહારિક અવગ્રહનું છે, કેમ કે-તેના પછી ઈહા આદિની પ્રવૃત્તિ છે. અહીં અવગ્રહના ભેદો, વ્યંજનાવગ્રહની ભેદપૂર્વક ચર્ચા અને સાંવ્યવહારિક પ્રત્યક્ષ-અવગ્રહ આદિ ચાર પ્રકારનું છે.

સૂત્ર ૨૨–સત્તા માત્રનું અવગાહક જ્ઞાન, 'દર્શન.' તેનું બીજું નામ આલોચન છે. દા. ત. આ કાંઈક છે.' આ નૈશ્ચયિક અવગ્રહ છે. વ્યવહારિક અવગ્રહનો ક્રમ, તારતમ્યથી ઉત્તર ઉત્તરવિશેષ આકાંક્ષાની અપેક્ષાએ પૂર્વપૂર્વની સામાન્યવિષયકતાથી અવગ્રહરૂપતા અને પૂર્વપૂર્વની અપેક્ષાથી ઉત્તર ઉત્તર નિશ્ચયોની વિશેષવિષયકતાથી અપાયરૂપતાનું વર્ણન, આ વિષયમાં 'જૈનતર્કભાષા,' તેમજ 'તત્ત્વાર્થની બૃહદ્વૃત્તિ' શું કહે છે, તેનું વિવેચન દર્શનીય છે.

સૂત્ર ૨૩–વિષયની સાથે ચક્ષુ અને મનનો સંબંધ 'યોગ્યતા' છે. તે યોગ્યતા એટલે અતિ દૂર નહીં, અતિ સમીપ નહીં, અતિ વ્યવહિત નહીં, એવા દેશ આદિમાં અવસ્થાનરૂપ છે. આ યોગ્યતાની ચર્ચા અહીં અવલોકનીય છે.

સૂત્ર ૨૪—અવગ્રહવિષયભૂત સામાન્યધર્મના અવાન્તરભૂત ધર્મવિષયક સંશય પેદા થાય છે. જેમ કે-'આ મનુષ્ય પૂર્વનો છે કે પશ્ચિમનો ?' આ સંશય બાદ વિશિષ્ટ લક્ષણથી 'આ પૂર્વનો હોવો જોઈએ' આવા આકારની 'ઈહા' થાય છે. અહીં સંશયપૂર્વક ઈહા હોય છે. એની ચર્ચા મનનીય છે.

સૂત્ર ૨૫—ઈહાના વિષયભૂત વિશેષધર્મનો નિર્ણય 'અપાય' છે. જેમ કે-'આ પૂર્વનો જ છે.' આ જ પ્રત્યક્ષ પ્રમાણ છે, પરંતુ અવગ્રહ અને ઈહા પ્રત્યક્ષ પ્રમાણ નથી, કેમ કે-અનિર્ણયરૂપ છે. અપાયની ભાવ-અભાવની ચર્ચા દર્શનીય છે.

સૂત્ર ૨૬-૨૭—સ્મરણની ઉત્પત્તિમાં પરિણામિકારણભૂત અપાય 'ધારણા' છે. આ સંખ્યાત-અસંખ્યાતકાલીન, જ્ઞાનરૂપ અને સંસ્કાર શબ્દથી વાચ્ય છે. ધારણાના ત્રણ ભેદોનું વર્ણન અને તેના પ્રામાણ્યની ચર્ચા, અવગ્રહ આદિ આન્તર્મૌહૂર્તિક છે. વગેરેની ચર્ચા વાંચનીય છે.

સૂત્ર ૨૮—આ મતિજ્ઞાન પ્રભેદો અસંકીર્ણતાથી અનુભવાતા હોઈ, પર્યાયાર્થિકનયની અપેક્ષાએ ભેદ છતાં, દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ એક જીવદ્રવ્ય તાદાત્મ્યથી અભેદ હોઈ પ્રમાણતાનો વ્યાઘાત નથી. આની વિશદ ચર્ચા વિલોકનીય છે.

સૂત્ર ૨૯—તે પ્રકારે જ તે તે આવરણનો ક્ષયોપશમ હોઈ, તે પ્રકારે જ અનુભવ હોવાથી અવગ્રહ આદિનો કથંચિદ્ ભેદની અપેક્ષાએ ઉત્પત્તિક્રમઃ-(૧)ઈન્દ્રિય અને અર્થનો યોગ્યતા કે સંશ્લેષરૂપ સંબંધ. (૨) પછી દર્શન. જેમ કે- 'આ કાંઈક' છે. (૩) પછી વિશિષ્ટ જાતિ આદિ દ્વારા વ્યવહારિક અવગ્રહ થાય છે, જેમ કે-'આ મનુષ્ય છે.' (૪) પછી અનિશ્ચિતરૂપે સંશય થાય છે. જેમ કે- 'આ પૂર્વનો છે કે પશ્ચિમનો છે ?' (૫) પછી નિયત આકારે સંભાવનારૂપ ઈહા. જેમ કે- 'આ પૂર્વનો હોવો જોઈએ.' (૬) પછી ઈહિત આકારે નિર્ણયરૂપ અપાય. જેમ કે- 'આ પૂર્વનો જ છે.' (૭) પછી કાલાન્તરમાં સ્મૃતિહેતુરૂપે ધારણા ઉદય પામે છે. અહીં ઉત્પત્તિક્રમ વિશેષથી ચર્ચણીય બને છે.

સૂત્ર ૩૦—ઈન્દ્રિય કે મનથી જન્ય, શબ્દનિરપેક્ષ સ્પષ્ટ અવભાસ 'મતિજ્ઞાન' કહેવાય છે. અહીં લક્ષણના પદકૃત્યો જોવા જેવા છે.

સૂત્ર ૩૧—આ મતિજ્ઞાન, ઈન્દ્રિય અને મનથી અવગ્રહ આદિના ક્રમથી પેદા થતું હોઈ ૨૪ પ્રકારનું છે. રસન આદિ ચાર ઈન્દ્રિયોનો વ્યંજનાવગ્રહ ચાર મળી ૨૪+૪=૨૮ પ્રકારનું છે. ૨૮ પણ ૩૩૬ ભેદવાળું કેવી રીતે થાય છે, એનું વર્ણન દૃષ્ટાન્ત સાથે ખૂબ રોચક છે.

સૂત્ર ૩૨ થી ૪૨—મતિજ્ઞાનસાપેક્ષ, વાચ્ય-વાચકભાવપૂર્વક શબ્દસંસ્પૃષ્ટ અર્થનું ગ્રહણ 'શ્રુતજ્ઞાન' કહેવાય છે. અહીં લક્ષણ તથા પદકૃત્યો અને દોષત્રયશૂન્યતા કેવી રીતે છે ? વગેરે વિષય ખૂબ રસિક છે. મતિ અને શ્રુતની ભેદરેખા તથા સાધર્મ્ય આદિ વિશેષથી અવગાહનીય છે. શ્રુતજ્ઞાનના ચૌદ ભેદોનું વર્ણન.

(ત્રીજું કિરણ)

સૂત્ર ૧—સંસ્કારરૂપ અનુભવ માત્રથી જન્ય જ્ઞાન 'સ્મૃતિ' કહેવાય છે. જેમ કે- 'તે ઘડો.' અહીં અનુભવ પ્રમાણરૂપ ગ્રાહ્ય છે. આત્મશક્તિરૂપ સંસ્કારદ્વાર છે. પ્રબોધ સહકારી છે. પૂર્વે અનુભૂત વિષયવાળી સ્મૃતિ છે. અર્થવિષયક-અવિસંવાદવાળી હોવાથી આ સ્મૃતિનું પ્રામાણ્ય છે. અહીં શંકા-સમાધાનપૂર્વક વિવેચિત સ્મૃતિનું પ્રકરણ ખાસ વિલોકનીય છે.

સૂત્ર ૨—અનુભવ અને સ્મરણથી જન્ય જ્ઞાન 'પ્રત્યભિજ્ઞાન' દા.ત. 'તે આ જિનબિંબ છે. અહીં 'તે અને આ'નો શબ્દથી ઉલ્લેખ થાય છે. આનું બીજું નામ 'સંકલના' છે. ભૂતકાલીન અને વર્તમાનકાલીન વસ્તુ વિષયરૂપે છે. અહીં લક્ષણ, પદકૃત્ય, શંકા-સમાધાન સારી રીતે અવલોકનીય છે.

સૂત્ર ૩—અહીં એકત્વવિષયક, સાદૃશ્યવિષયક, વૈલક્ષણ્યવિષયક અને પ્રતિયોગિત્વવિષયક દૃષ્ટાન્તો પૂર્ણઘટનાની સાથે દર્શનીય છે.

સૂત્ર ૪ થી ૭—ઉપલંભ અને અનુપલંભ (સાધ્યસાધનના ગ્રહણ-અગ્રહણરૂપ) આદિથી જન્ય વ્યાપ્તિ આદિ વિષયવાળું જ્ઞાન 'તર્ક' કહેવાય છે. જેમ કે-જો વહ્નિ હોય, તો ધૂમ હોય છે. જો વહ્નિ ન હોય, તો ધૂમ નથી. આવું વ્યાપ્તિવિષયક છે. વાચ્ય-વાચકભાવસંબંધવિષયક તર્કનું દૃષ્ટાન્ત 'ઘટજાતીય શબ્દ ઘટજાતીયનો વાચક છે, ઘટજાતીય અર્થ ઘટજાતીય શબ્દથી વાચ્ય છે.' ક્વચિત્ આવાપ (પ્રક્ષેપ) ઉદ્વાપ(અપનયન)થી વાચ્ય-વાચકસંબંધનું જ્ઞાન થાય છે. અહીં તર્કપદાર્થનું વિવેચન માર્મિક હોઈ બરાબર અવગાહનીય છે.

(ચોથું કિરણ)

સૂત્ર ૧—હેતુનો નિશ્ચય અને વ્યાપ્તિનું સ્મરણ-એમ બે કારણોથી પેદા થતો સાધ્યનિર્ણય 'અનુમાન' છે. જેમ કે-'પર્વત વહ્નિવાળો છે.' અહીં અનુમાનમાં હેતુનું જ્ઞાન અને વ્યાપ્તિનું સ્મરણરૂપ બે હેતુઓ જ છે, પરામર્શ હેતુ નથી. એની ચર્ચા વિલોકનીય છે.

સૂત્ર ૨—હેતુ નિશ્ચિત વ્યાપ્તિવાળો છે. જેમ કે-'વહ્નિસાધ્યમાં ધૂમ' હેતુનું સ્વરૂપ વ્યાપ્તિ છે. પક્ષસત્ત્વ આદિ પાંચ રૂપો નથી, કેમ કે-અસાધારણ નથી. અહીં બૌદ્ધસંમત ત્રણ રૂપો અને નૈયાયિકના પાંચ રૂપો હેતુનું સ્વરૂપ નથી. એ વિષયનું ખંડન-મંડન નિરીક્ષણીય છે.

સૂત્ર ૩—સાધ્યના અભાવવાળામાં અવૃત્તિત્વ, એ હેતુમાં 'વ્યાપ્તિ' કહેવાય છે. અન્યથા, અનુપપત્તિ પ્રતિબંધ અવિનાભાવ શબ્દોથી સંબોધાય છે. વહ્નિ સિવાય ધૂમની અનુપપત્તિ હોઈ, વહ્નિની સત્તામાં જ ધૂમની ઉપપત્તિ હોઈ વહ્નિનિરૂપત. અન્યથા, અનુપપત્તિ આદિ શબ્દથી વાચ્ય વ્યાપ્તિ ધૂમમાં વર્તે છે. એથી ધૂમ વ્યાપ્ય છે. વહ્નિ નિરૂપક અને વ્યાપક છે. તથાચ વ્યાપ્યની સત્તામાં અવશ્ય વ્યાપકની સત્તા છે અને વ્યાપકની સત્તામાં જ વ્યાપ્ય હોય. આ પ્રમાણે વ્યાપ્ય-વ્યાપક ભાવનિયમ સિદ્ધ થાય છે. અહીં આ નિયમની ચર્ચા ખૂબ નિરીક્ષણીય છે.

સૂત્ર ૪ થી ૬—આ વ્યાપ્તિ નામનો નિયમ સહભાવ અને ક્રમભાવરૂપે બે પ્રકારનો છે. દા. ત. રૂપ અને રસનો સહભાવનિયમ છે. આ એકસામગ્રીજન્ય છે. વ્યાપ્ય વ્યાપક શિંશપાત્વ અને વૃક્ષત્વનો સહભાવનિયમ, કાર્ય-કારણભૂત-ધૂમ-વહ્નિનો ક્રમભાવનિયમ અને પૂર્વોત્તર ભાવિ કૃત્તિકાનો ઉદય અને રોહિણીનો ઉદયનો ક્રમભાવનિયમ.

સૂત્ર ૭—પ્રમાણથી અબાધિત, અનિર્ણીત તથા સાધવાને ઈચ્છેલ 'સાધ્ય' કહેવાય છે. જેમ કે-'વહ્નિવાળો પર્વત' સાધ્યવિશિષ્ટ ધર્મી જ સાધનાને ઈચ્છેલ છે. આનું બીજું નામ પક્ષ છે. આ સાધ્ય અનુમાનપ્રયોગના કાળની અપેક્ષાએ છે. અહીં પ્રમાણ અબાધિત ઈત્યાદિ પ્રત્યેક પદનો ચર્ચા વિશદ વિશાળ છે.

સૂત્ર ૮—વ્યાપ્તિગ્રહણની વેળામાં વહ્નિ આદિ ધર્મ જ સાધ્ય છે. અહીં સ્વાર્થ અનુમાનના અંગોની ચર્ચા પણ જોવા જેવી છે.

સૂત્ર ૯—ધર્મીની પ્રસિદ્ધિ પ્રમાણથી,વિકલ્પથી અથવા ઉભયથી જાણવી. દા. ત.(૧) સર્વજ્ઞ છે. (૨) પર્વત અગ્નિવાળો છે.(૩) શબ્દ પરિણામી છે. અહીં ત્રણેયનું વિશ્લેષણ પદ્ધતિસરનું છે.

સૂત્ર ૧૦-૧૧—હેતુ વિધિરૂપે અને નિષેધરૂપે બે પ્રકારનો છે. વિધિરૂપ હેતુ પણ વિધિસાધક અને નિષેધસાધકરૂપે બે પ્રકારનો છે તથા નિષેધરૂપ હેતુ પણ જાણવો. વિધિરૂપ વિધિસાધક હેતુ વ્યાપ્ય, કાર્ય, કારણ, પૂર્વચર, ઉત્તરચર અને સહચરના ભેદે છ પ્રકારનો છે. સદ્-અસદ્રૂપ પદાર્થમાં 'સદ્ અંશ'વિધિ 'અસદ્ અંશ'-એ પ્રતિષેધ છે.

સૂત્ર ૧૨ થી ૧૫—અભાવનું ભાવસ્વરૂપ બતાવવા માટે કહે છે કે-અભાવ ચાર પ્રકારનો છે. જેની નિવૃત્તિમાં કાર્યનો આવિર્ભાવ 'પ્રાગ્ અભાવ.' જેમ કે-'ઘટ પ્રત્યે માટીનો પિંડ.' જેની ઉત્પત્તિમાં મૂળ કારણભૂત કાર્યવિનાશ 'પ્રધ્વંશ અભાવ.' જેમ કે-કપાલકદમ્બની ઉત્પત્તિમાં ઘટનો ધ્વંસ. માટે કપાલકદમ્બક પ્રધ્વંસાભાવરૂપ છે. એક સ્વરૂપથી બીજા સ્વરૂપનો ભેદ 'અન્યોઽન્ય અભાવ.' જેમ કે-પટના સ્વભાવથી ઘટના સ્વભાવનો વ્યવચ્છેદ. ત્રણેય કાળમાં તાદાત્મ્યપરિણતિની નિવૃત્તિ 'અત્યંત અભાવ.' જેમ કે-જીવમાં અને અજીવમાં એકત્વપરિણતિનો વ્યાવૃત્તિ. પ્રતિષેધ કથંચિદ્ અધિકરણથી ભિન્ન-અભિન્ન છે. ચારેય અભાવોની ચર્ચા જોવા જેવી છે.

સૂત્ર ૧૬—વિધિરૂપ હેતુ સાધ્ય અવિરુદ્ધ અને પ્રતિષેધ્યવિરુદ્ધના ભેદથી બે પ્રકારનો છે. આ પ્રમાણે નિષેધસ્વરૂપી પણ બે પ્રકારનો છે.

સૂત્ર ૧૭ થી ૨૨—સાધ્ય અવિરુદ્ધ વિધિસાધક વિધિસ્વરૂપી પૂર્વ છ પ્રકારના હેતુઓના ઉદાહરણો ૧૭ થી ૨૨ સૂત્રોમા સવિસ્તાર વર્ણવેલાં છે.

સૂત્ર ૨૩ થી ૨૯ (૧) પ્રતિષેધ્ય સ્વભાવવિરુદ્ધ વિધિહેતુ, (૨) પ્રતિષેધ્ય વિરુદ્ધ વ્યાપ્ય, (૩) વિરુદ્ધ કાર્ય, (૪) વિરુદ્ધ કારણ, (૫) વિરુદ્ધ પૂર્વચર, (૬) વિરુદ્ધ ઉત્તરચર અને (૭) વિરુદ્ધ સહચરના ભેદથી સાત પ્રકારનો, નિષેધસાધક વિરુદ્ધ ઉપલબ્ધિ નામક વિધિહેતુઓ ૨૩ થી ૨૯ સૂત્રોમાં સોદાહરણ છે.

સૂત્ર ૩૦ થી ૩૨–પ્રતિષેધ્યની સાથે અવિરૂદ્ધ વસ્તુની અનુપલબ્ધિરૂપ પ્રતિષેધ હેતુઓ. (૧) સ્વભાવ અનુપલબ્ધિ, (૨) વ્યાપક અનુપલબ્ધિ, (૩) કાર્ય અનુપલબ્ધિ, (૪) કારણ અનુપલબ્ધિ અને (૫ થી ૭) પૂર્વચર-ઉત્તરચર-સહચર-અનુપલબ્ધિરૂપ સાત પ્રતિષેધ હેતુઓના ઉદાહરણો છે.

સૂત્ર ૩૩ થી ૩૫–વિધિસાધક સાધ્યવિરૂદ્ધ અનુપલબ્ધિરૂપ નિષેધહેતુઓ-(૧) વિરૂદ્ધ કાર્ય અનુપલબ્ધિ, (૨) વિરૂદ્ધ કારણ અનુપલબ્ધિ, (૩) વિરૂદ્ધ સ્વભાવ અનુપલબ્ધિ,(૪) વિરૂદ્ધ વ્યાપક અનુપલબ્ધિ અને (૫) વિરૂદ્ધ સહચર અનુપલબ્ધિરૂપે પાંચ છે. તેના ઉદાહરણો જાુઓ.

સૂત્ર ૩૬–વચનનિરપેક્ષ પોતાનું નિશ્ચિત વ્યાપ્તિવાળા સાધનથી સાધ્યનું જ્ઞાન 'સ્વાર્થાનુમાન.' અહીં સ્વાર્થાનુમાનની પદ્ધતિ દર્શનીય છે.

સૂત્ર ૩૭–બીજાને માટે વચનસાપેક્ષ નિશ્ચિત વ્યાપ્તિવાળા સાધનથી સાધ્યનું જ્ઞાન 'પરાર્થ અનુમાન.' અહીં વિવેચન વિલોકનીય છે.

સૂત્ર ૩૮–વ્યુત્પન્ન મતિવાળાની અપેક્ષાએ પ્રતિજ્ઞા અને હેતુરૂપ બે વચનો છે. મંદમતિવાળાની અપેક્ષાએ ઉદાહરણ-ઉપનય-નિગમરૂપ વચનો પણ જાણવા. પરાર્થ અનુમાનરૂપ કાર્યના અંગ હોવાથી પ્રતિજ્ઞા વગેરે પાંચ અવયવો કહેવાય છે.

સૂત્ર ૩૯–સાધ્યધર્મવિશિષ્ટ ધર્મીનો બોધક શબ્દનો પ્રયોગ 'પ્રતિજ્ઞા,' જેમ કે-પર્વતોવહ્નિમાનિતિ વચન. પ્રતિજ્ઞારૂપ અવયવનું વિવેચન વાંચવા જેવું છે.

સૂત્ર ૪૦–તથા ઉપપત્તિ કે અન્યથાઽનુપપત્તિથી હેતુનો પ્રયોગ 'હેતુવચન.' દા. ત. તથૈવોપપત્તેઃ કે અન્યથાઅનુપપત્તેઃ. અહીં હેતુવચનરૂપ અવયવની ચર્ચા લક્ષણ-પદકૃત્ય સાથે અવલોકનીય છે.

સૂત્ર ૪૧-૪૨–દૃષ્ટાન્તબોધક શબ્દનો પ્રયોગ 'ઉદાહરણ' સાધર્મ્યથી વ્યાપ્તિસ્મરણનું સ્થાન દૃષ્ટાન્ત. જેમ કે-સા.દ. મહાનસ આદિ. વૈ.દ. હ્રદ આદિ. દૃષ્ટાન્તમાં પ્રદર્શિત સાધનનું સાધ્યના ધર્મીમાં ઉપસંહારનું વચન 'ઉપનય.' જેમ કે-જેમ સાધ્યભૂત વહ્નિ પર્વતમાં છે. (તથાચાયં), તેમ આ ધૂમ પર્વતમાં છે. અહીં લક્ષણ-પદકૃત્ય દર્શનીય છે. સાધ્યધર્મનું ધર્મીમાં ઉપસંહારવચન 'નિગમન.' તસ્માત્તથેતિ-વહ્નિવ્યાપ્ય ધૂમવાન્ હોવાથી આ પર્વતમાં વહ્નિ છે.

(પાંચમું કિરણ)

સૂત્ર ૧–હેતુ નથી પણ હેતુની માફક ભાસે છે. પંચમી વિભક્તિ આદિ હોવાથી અર્થાત્ દુષ્ટ હેતુઓ હેત્વાભાસો કહેવાય છે. અસિદ્ધ, વિરૂદ્ધ અને અનૈકાન્તિકના ભેદે ત્રણ હેત્વાભાસો છે. હેત્વાભાસો વર્ણન, તેમાં આચાર્યોના મતભેદોની ચારૂચર્ચા જોવા જેવી છે.

સૂત્ર ૨ થી ૫–હેતુસ્વરૂપની અપ્રતીતિજન્ય, અપ્રતીત વ્યાપ્તિવાળો હેતુ 'અસિદ્ધ' કહેવાય છે. બેપ્રકારના અસિદ્ધનું વર્ણન, વાદ્યસિદ્ધનું અને પ્રતિવાદ્યસિદ્ધનું વર્ણન.

સૂત્ર ૬—સાધ્યધર્મથી વિપરીત વ્યાપ્તિવાળો 'વિરૂદ્ધ' કહેવાય છે. જેમ કે-શબ્દ નિત્ય છે, કેમ કે-કાર્ય છે. અહીં કાર્યત્વ અનિત્યત્વની સાથે વ્યાપ્તિવાળું છે. અહીં બીજાઓએ કહેલ વિરૂદ્ધના આઠ ભેદો દર્શાવેલા છે.

સૂત્ર ૭ થી ૯—જે હેતુની વ્યાપ્તિ સંદિગ્ધ હોય છે, તે 'અનૈકાન્તિક' સંદિગ્ધ વિપક્ષવૃત્તિક અને નિર્ણીત વિપક્ષવૃત્તિકરૂપે-આ બન્નેના દૃષ્ટાન્તો દર્શાવેલ છે.

સૂત્ર ૧૦ થી ૧૪—પક્ષાભાસ પ્રતીત સાધ્યધર્મવિશેષણક, નિરાકૃત સાધ્યધર્મવિશેષણક અને અનભીપ્સિત સાધ્યધર્મવિશેષણકરૂપે ત્રણ પ્રકારનો છે. તેના દૃષ્ટાન્તોનો વિસ્તાર અહીં છે.

સૂત્ર ૧૫ થી ૧૭—પક્ષાભાસ આદિથી જાયમાનજ્ઞાન 'અનુમાનાભાસ.' અવિદ્યમાન વ્યાપ્તિમાં તર્કનું જ્ઞાન 'તર્કાભાસ.' તુલ્ય વસ્તુમાં એકતાનું અને એકમાં તુલ્યતાનું જ્ઞાન 'પ્રત્યભિજ્ઞાનાભાસ.' અનનુભૂતમાં 'તે' એવી બુદ્ધિ 'સ્મરણાભાસ.' અહીં બધાનાં દૃષ્ટાન્તો આપેલાં છે.

સૂત્ર ૧૮-૧૯—સાંવ્યવહારિક પ્રત્યક્ષાભાસ, અવધિઆભાસ સદૃષ્ટાન્ત કહેલ છે. મનઃપર્યાય સંયમવિશુદ્ધિજન્ય હોઈ આભાસરૂપ નથી અને કેવલજ્ઞાન સકલ આવરણના ક્ષયથી જન્ય હોઈ આભાસરૂપ નથી. આગમના નિરૂપણ પછી આગમાભાસ કહેવાશે.

સૂત્ર ૨૦ થી ૨૪—દૃષ્ટાન્તની માફક ભાસતો સાધર્મ્ય દૃષ્ટાન્તાભાસ=સાધ્યધર્મવિકલ, સાધનધર્મવિકલ અને ઉભયધર્મવિકલ, સંદિગ્ધ સાધ્યધર્મા, સંદિગ્ધ સાધનધર્મા અને સંદિગ્ધ ઉભયધર્મા, તેમજ અનન્વય, અપ્રદર્શિત અન્વય અને વિપરીત અન્વયના ભેદથી નવ પ્રકારના દૃષ્ટાન્ત આભાસો છે.

સૂત્ર ૨૫ થી ૩૦—વૈધર્મ્ય દૃષ્ટાન્ત આભાસ=તે પણ અસિદ્ધ સાધ્યવ્યતિરેક, અસિદ્ધ સાધનવ્યતિરેક ઉભય વ્યતિરેક, સંદિગ્ધ સાધ્યવ્યતિરેક, સંદિગ્ધ સાધનવ્યતિરેક, સંદિગ્ધ ઉભય વ્યતિરેક, અવ્યતિરેક, અપ્રદર્શિત વ્યતિરેક અને વિપરીત વ્યતિરેકના ભેદથી સદૃષ્ટાન્ત નવ પ્રકારનો દર્શાવેલ છે.

સૂત્ર ૩૧-૩૨—ઉપનય આભાસ અને નિગમન આભાસ સદૃષ્ટાન્ત કથિત છે.

(છઠ્ઠું કિરણ)

સૂત્ર ૧—યથાર્થ પ્રવક્તાના વચનથી ઉત્પન્ન જે અર્થવિજ્ઞાન, એ'આગમ' કહેવાય છે. અહીં લક્ષણ પદકૃત્ય સહિત જોવા જેવું છે.

સૂત્ર ૨—અર્થવિજ્ઞાનનો હેતુ હોઈ આપ્ત શબ્દ પણ ઉપચારથી 'આગમ' કહેવાય છે. અહીં આગમના ભેદો અને બૌદ્ધસંમત અપોહરૂપ શબ્દાર્થનું ખંડન ખૂબ દર્શનીય છે.

સૂત્ર ૩—પ્રક્ષીણ દોષવાળો, સત્ય અર્થનો જ્ઞાતા અને યથાર્થ અર્થવ્યાખ્યાતા 'યથાર્થ વક્તા' કહેવાય છે. એના લૌકિક-લોકોત્તરરૂપે બે ભેદો છે. લક્ષણ અને તેનું પદકૃત્ય અવશ્ય નિરીક્ષણીય છે.

સૂત્ર ૪—વચનાત્મક શબ્દ, સંકેતની અપેક્ષાવાળો અને સ્વાભાવિક અર્થબોધજનક શક્તિવાળો છે. અહીં સંકેતની અને સ્વાભાવિક અર્થબોધક શક્તિની ચર્ચા ચારરૂપમાં છે.

સૂત્ર ૫—વક્તાપુરુષના ગુણ-દોષની અપેક્ષાએ શબ્દગત યથાર્થતા-અયથાર્થતા જાણવી. અહીં વિવેચનગત ચર્ચા સમીક્ષણીય છે.

સૂત્ર ૬—શબ્દ, વર્ણ-પદ-વાક્યરૂપે ત્રણ પ્રકારનો છે. ભાષાવર્ગણાના પરમાણુઓથી આરંભેલ રૂપી-આકાર આદિ વર્ણ છે. ઘટ આદિ સમુદાયમાં વર્ત્તમાન વર્ણોના પ્રત્યેકનો અર્થ છે, કેમ કે-તેઓના વ્યત્યયમાં બીજા અર્થમાં તેઓ જાય છે. અહીં વર્ણ આત્મક શબ્દ પૌદ્ગલિક છે. તેની પાંચ હેતુઓથી સિદ્ધિ જોવા જેવી છે.

સૂત્ર ૭—સ્વાર્થબોધજનક શક્તિવાળો અને બીજા પદમાં રહેલ વર્ણોની અપેક્ષા વગરનો પરસ્પર સહકારિ વર્ણોની આનુપૂર્વી 'પદ' કહેવાય છે. અહીં પદવિષયક શંકા-સમાધાન નિરીક્ષણીય છે.

સૂત્ર ૮—સ્વાર્થબોધજનક શક્તિવાળો અને બીજા વાક્યમાં રહેલ પદનિરપેક્ષ પરસ્પર સહકારિ પદોનો સમુદાય 'વાક્ય' કહેવાય છે. અહીં આકાંક્ષા અને યોગ્યતા આસત્તિવાળા પદસમુદાયને જ 'વાક્ય' કહે છે. અહીં આકાંક્ષા આદિની વ્યાખ્યા સમીચીનતયા અવલોકનીય છે.

સૂત્ર ૯—અનેકાન્ત આત્મક પદાર્થમાં વિધિમુખથી અને નિષેધમુખથી પ્રવર્ત્તમાન આ શબ્દ સપ્તભંગીને જ્યારે અનુસરે છે, ત્યારે જ આ શબ્દનું પૂર્ણ અર્થપ્રકાશકપણું હોઈ પ્રમાણપણું છે. અહીં શંકા-સમાધાન સમીક્ષણીય છે.

સૂત્ર ૧૦—પ્રશ્નના અનુરૂપે એકધર્મી વસ્તુરૂપ વિશેષ્યવાળા અને અવિરૂદ્ધ વિધિનિષેધરૂપ ધર્મવિશેષણવાળા બોધજનક સાત વાક્યોનો પર્યાપ્તસમુદાય 'સપ્તભંગી' કહેવાય છે. અહીં લક્ષણ, પદકૃત્ય અને સમન્વય બુદ્ધિપૂર્વક અવલોકનીય છે.

સૂત્ર ૧૧—(૧) સ્યાદ્ અસ્તિ એવ ઘટઃ, (૨) સ્યાત્ નાસ્તિ એવ ઘટઃ, (૩) સ્યાત્ અસ્તિ નાસ્તિ ચ ઘટઃ, (૪) સ્યાત્ અવક્તવ્ય એવ, (૫) સ્યાત્ અસ્તિ ચ અવક્તવ્યશ્ચ, (૬) સ્યાત્ નાસ્તિ ચ અવક્તવ્યઃ ચ, (૭) સ્યાત્ અસ્તિ નાસ્તિ ચ અવક્તવ્યઃ ચ-એમ સદૃષ્ટાન્ત સાત વાક્યોના આકારો જાણવા. અહીં પ્રત્યેક શબ્દના વિશિષ્ટ અર્થો અને શંકા-સમાધાનો વિશેષ વિલોકનીય છે.

સૂત્ર ૧૨-૧૩—સંશયવિષયભૂત ધર્મો સાત છે. તેના સંશયો સાત છે, તેની જિજ્ઞાસાઓ સાત છે અને તેના પ્રશ્નો તથા ઉત્તરો પણ સાત-સાત છે. અહીં પ્રશ્નના વશે ઉત્તરરૂપ સપ્તભંગી છે. એની વિશેષ ચર્ચા તથા સંશયના વિષયભૂત કથંચિત્ સત્ત્વ આદિ સપ્ત ધર્મોની નામ સહિત ચર્ચા છે.

સૂત્ર ૧૪-૧૫—પહેલા આદિ સાત ભંગોમાં પ્રધાનતાએ સત્ત્વ આદિનું ભાન વિવક્ષિત છે.

સૂત્ર ૧૬ થી ૧૯-આ સપ્તભંગી સકલ આદેશ અને વિકલ આદેશના ભેદથી બે પ્રકારની છે.

સકલ આદેશ=એકધર્મવિષયક બોધજનક વાક્ય 'સકલાદેશ' કહેવાય છે. વિકલ આદેશ=ક્રમથી ભેદની પ્રધાનતાથી કે ભેદના ઉપચારથી એકધર્મ આત્મક પદાર્થવિષયક બોધજનક વાક્ય 'વિકલ આદેશ' કહેવાય છે. અહીં અભેદવૃત્તિ અને અભેદ ઉપચારના પ્રયોજકો કાલ-સ્વરૂપ-અર્થ-સંબંધ-ઉપકાર-ગુણિ-દેશ-સંસર્ગ' શબ્દના ભેદે આઠ છે. એક ભંગમાં કાલ આદિ આઠેયની ઘટના.

સૂત્ર ૨૦—અહીં ભેદવિશિષ્ટ અભેદ 'સંબંધ' છે અને અભેદવિશિષ્ટ ભેદ 'સંસર્ગ' છે,એમ સંબંધ અને સંસર્ગમાં વિવેક જાણવો.

સૂત્ર ૨૧—દ્રવ્યાર્થીકયના ગૌણપણામાં અને પર્યાયાર્થિકનયની પ્રધાનતામાં અભેદનો ઉપચાર કરવો જોઈએ, કેમ કે-અભેદવૃત્તિનો અસંભવ છે.

સૂત્ર ૨૨—કેવી રીતે અભેદવૃત્તિનો અસંભવ છે ? તેના જવાબમાં અભેદવૃત્તિના અસંભવની ઘટના બરોબર અહીં કરેલી છે.

સૂત્ર ૨૩ થી ૨૮—પ્રથમ વાક્યનો, બીજા વાક્યનો, ત્રીજા વાક્યનો, ચોથા વાક્યનો, પાંચમા વાક્યનો, છઠ્ઠા વાક્યનો અને સાતમા વાક્યનો નવ્યન્યાયપદ્ધતિથી ભિન્ન ભિન્ન શાબ્દબોધ છે.

સૂત્ર ૨૯—અહીં સપ્તભંગીમાં નયોનો વિભાગ દર્શાવેલ છે.

સૂત્ર ૩૦-૩૧—ભાવની અપેક્ષાએ ઘટમાં સ્વવૃત્તિ અસાધારણધર્મ ઘટત્વસ્વરૂપ છે. પટત્વ આદિ પરરૂપ છેઃ તથા ઘટમાં રહેનારા સ્થૂલતા આદિ ધર્મો, વર્ત્તમાનકાલીન પર્યાયો, પૃથુબુધ્નોદર આદિ આકારો, રૂપ આદિ ગુણો અને ઘટનક્રિયાકર્ત્તૃત્વ આદિ સ્વરૂપો છે. તેનાથી ભિન્ન પરરૂપો છે. અહીં સ્વરૂપ-પરસ્વરૂપની તથા સ્વરૂપેણ સત્-પરરૂપેણ અસત્ની ચર્ચા જોવા જેવી છે.

સૂત્ર ૩૨—દ્રવ્યની અપેક્ષાએ ઘટનું શુદ્ધ માટીરૂપ દ્રવ્યસ્વરૂપ છે. તેનાથી ભિન્ન સોનું આદિ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યથી સત્, પરદ્રવ્યથી અસત્ છે. તેની અહીં ચર્ચા જોરદાર ચાલુ છે.

સૂત્ર ૩૩—ક્ષેત્રની અપેક્ષાએ ઘટનું ક્ષેત્ર ભૂતલ આદિ છે અર્થાત્ સ્વક્ષેત્ર છે. તેથી ભિન્ન ભીંત આદિ પરક્ષેત્ર છે. સ્વક્ષેત્રથી સત્, પરક્ષેત્રથી અસત્. અહીં પણ ચર્ચા ચાલુ છે.

સૂત્ર ૩૪-૩૫—કાળની અપેક્ષાએ ઘટનો વર્તમાનકાળ સ્વકાળ છે. તેથી ભિન્ન અતીત આદિ પરકાળ છે. સ્વકાળથી સત્ , પરકાળથી અસત્. અહીં સદસદાત્મક સ્યાદ્વાદમાં પરવાદીઓએ (શંકરાચાર્યાદિ પરવાદીઓએ) ઉપસ્થાપિત સંશય આદિ આઠ દોષોનો ઉદ્ધાર ખરેખર નિરીક્ષણીય એવં અવધારણીય છે. અનાપ્તપુરુષે કહેલ વચનથી જન્ય અયથાર્થજ્ઞાન 'આગમ આભાસ' કહેવાય છે.

(સાતમું કિરણ)

સૂત્ર ૧—જ્ઞાનનું પ્રામાણ્ય એટલે પ્રમેયની સાથે અવ્યભિચારિપણું જ છે. સર્વજ્ઞાન સ્વની અપેક્ષાએ પ્રમાણ છે. બાહ્ય અર્થની અપેક્ષાએ તો કિંચિત્ પ્રમાણ, કિંચિત્ અપ્રમાણ છે. અહીં

પ્રામાણ્ય અને અપ્રામાણ્ય પદના અર્થો, શંકા-સમાધાનો અને સ્વતઃપ્રમાણંપરતઃપ્રમાણની ચર્ચા દર્શનીય છે.

સૂત્ર ૨—જ્ઞાનનિષ્ઠ પ્રામાણ્ય અને અપ્રામાણ્ય, સ્વજ્ઞાનના કારણમાં વર્તમાન ગુણ અને દોશની અપેક્ષાએ ઉત્પત્તિમાં પરતઃ જ છે. અહીં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ તથા શંકા-સમાધાન પણ ખાસ વિલોકનીય છે.

સૂત્ર ૩—જ્ઞાનની જ્ઞપ્તિ (અનુવ્યવસાય) અનભ્યાસદશાપન્નમાં પરતઃ પ્રામાણ્ય છે અને અભ્યાસદશાપન્નમાં સ્વત એવ પ્રામાણ્ય છે. અહીં અભ્યાસ અને અનભ્યાસના પરમાર્થો, શંકા-સમાધાનો ખૂબ મનનીય છે.

સૂત્ર ૪—આ પ્રમાણનો વિષય, સામાન્યવિશેષ આદિ અનેકાન્ત આત્મક વસ્તુ છે. અહીં પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ અને શંકા-સમાધાનો પ્રૌઢતાપૂર્વક પ્રલોકનીય છે : તથા સામાન્યવિશેષ આત્મક પદાર્થની સિદ્ધિ, નિત્ય-અનિત્ય આત્મક પદાર્થની સિદ્ધિ, દ્રવ્યપર્યાય આત્મક પદાર્થની સિદ્ધિ, ભેદ-અભેદ આત્મક પદાર્થની સિદ્ધિ (સંખ્યા, સંજ્ઞા, લક્ષણ, કાર્યના ભેદથી દ્રવ્યપર્યાયમાં ભેદ અને દેશ-કાળસ્વભાવના ભેદથી અભેદની ચર્ચા ઉલ્લેખનીય છે.), ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આત્મક પદાર્થની સિદ્ધિ (ધ્રૌવ્ય, ઉત્પાદવ્યયથી અનુવિદ્ધ છે અને ધ્રૌવ્યથી અનુવિદ્ધ ઉત્પાદવ્યય છે.) અને અનુવેધનો પરમાર્થ દર્શનીય છે. અભિલાપ્ય અને અનભિલાપ્ય આત્મક પદાર્થની સિદ્ધિ.

સૂત્ર ૫-૬—સામાન્ય=તિર્યગ્ અને ઊર્ધ્વતાના ભેદથી બે પ્રકારનું છે. તિર્યગ્ સામાન્ય=પ્રત્યેક વ્યક્તિમાં જે સમાન પરિણામરૂપ ભાવ છે તે. જેમ કે-નાનાવર્ણવિશિષ્ટ ગોવ્યક્તિ માત્રમ 'ગોત્વધર્મ.' પૂર્વ અને ઉત્તરપર્યાયોમાં અનુગામિ દ્રવ્ય 'ઊર્ધ્વતાસામાન્ય' છે. જેમ કે-કટક-કંકણ. આદિ પૂર્વ અપરપર્યાયોમાં સુવર્ણદ્રવ્ય.

સૂત્ર ૭ થી ૯—વિશેષ=ગુણ અને પર્યાયના ભેદે બે પ્રકારનો છે. સહભાવી ગુણ છે. જેમ કે-આત્માના ઉપયોગ વગેરે ક્રમભાવી પર્યાયો કહેવાય છે. જેમ કે-આત્માના સુખદુઃખ આદિ. અહીં વ્યંજન અને અર્થપર્યાયોની છણાવટ તથા શંકા-સમાધાનપૂર્વકની ચર્ચા ચારૂત્તર છે. કાળના ભેદથી ગુણપર્યાયોમાં ભેદ છે.

સૂત્ર ૧૦—પ્રમાણજન્ય ફળ બે પ્રકારનું છે. (૧) અનંતરફળ અને (૨) પરંપરફળ.

સૂત્ર ૧૧-૧૨—કેવલજ્ઞાનનું પરંપરફળ 'માધ્યસ્થ્ય' છે. તીર્થકરત્વના ઉદયથી તો હિતોપદેશ પ્રવૃત્તિફળ છે. સુખ તો કેવલજ્ઞાનનું ફળ નથી પરંતુ સકલ કર્મક્ષયનું ફળ છે. કેવળ ભિન્ન જ્ઞાનોનું ફળ હેયહાન, ઉપાદેયનું ઉપાદાન અને ઉપેક્ષણીયની ઉપેક્ષારૂપ બુદ્ધિઓ છે.

સૂત્ર ૧૩—ફળ પ્રમાણથી ભિન્ન-અભિન્ન છે. પ્રમાણપણાએ પરિણત જ આત્મા ફળરૂપે પરિણત થતો હોવાથી પ્રમાણફળનો કથંચિદ્ અભેદ છે. કાર્ય-કારણભાવથી પ્રતીયમાન થતા હોવાથી પ્રમાણફળમાં કથંચિદ્ ભેદ છે.

(આઠમું કિરણ)

સૂત્ર ૧ થી ૩—પ્રમાણ નિશ્ચય આત્મક જ છે, કેમ કે-સંશય આદિરૂપ આરોપનો વિરોધી છે. આરોપ=તે પ્રકાર વગરની વસ્તુમાં તે પ્રકારનું જ્ઞાન, તે આરોપ. તે વિપર્યય, સંશય અને અનધ્યવસાયના ભેદથી ત્રણ પ્રકારનો છે. વિપર્યય=અન્યથાસ્થિત વસ્તુના એક કોટિ માત્ર પ્રકારવાળો નિશ્ચય. જેમ કે-છીપમાં 'આ ચાંદી છે' આવું જ્ઞાન. અહીં મીમાંસકો ભ્રમના સ્થળમાં ભેદ અગ્રહરૂપ 'વિવેક અખ્યાતિ' કહે છે. માધ્યમિક શૂન્યવાદી બૌદ્ધો 'અસત્ખ્યાતિ' કહે છે. વિશિષ્ટ અદ્વૈતવેદાન્તીઓ 'પ્રસિદ્ધ અર્થખ્યાતિ' કહે છે. કેટલાક વાદીઓ 'અખ્યાતિ' કહે છે. યોગાચારી વિજ્ઞાનવાદી બૌદ્ધો 'આત્મખ્યાતિ' કહે છે. અદ્વૈત વેદાન્તીઓ 'અનિર્વચનીયખ્યાતિ' કહે છે. એનું ખંડન તથા અહીં સ્મરણથી પ્રેરિત રજત, તે દેશ, તે કાળમાં અવિદ્યમાન, દોષના મહિમાથી, સંનિધાનથી ભાસે છે, માટે આ 'વિપરીતખ્યાતિ'રૂપ છે : અને સ્મરણ, ચાકચિક્ય આદિ સમાનધર્મોના દર્શનથી શુક્તિમાં થાય છે. આની ચર્ચા છે.

સૂત્ર ૪—અહીં અનુમાનથી અને આગમથી વિપર્યય આત્મક જ્ઞાનના ઉદાહરણો છે.

સૂત્ર ૫—અનિશ્ચિત અનેક અંશવાળું જ્ઞાન 'સંશય.' જેમ કે-'આ સ્થાણુ છે કે પુરુષ ? આવું જ્ઞાન, સ્થાણુત્વ કે પુરુષત્વનું સાધક-બાધક પ્રમાણના અભાવથી, ઉંચાઈ, લંબાઈ અને પહોળાઈરૂપ સાધારણ ધર્મના દર્શનથી તથા બે કોટિના વિષયના સ્મરણથી પ્રકટે છે.અહીં લક્ષણ, પદકૃત્ય, શંકા અને સમાધાન જોવા જેવા છે.

સૂત્ર ૬—સ્પષ્ટપણે વિશેષને નહીં સ્પર્શ કરનારૂં જ્ઞાન 'અનધ્યવસાય.' જેમ કે- 'માર્ગમાં જનાર મને કોઈ ચીજનો સ્પર્શ થયો છે' એવું ભાન. આ પ્રત્યક્ષવિષયક અનધ્યવસાય.

સૂત્ર ૭—અહીં પરોક્ષવિષયક અનધ્યવસાયનું વર્ણન છે.

(નવમું કિરણ)

સૂત્ર ૧—જૈન પ્રવચનના પ્રમાણથી બોધિત વસ્તુના અંશને ગ્રહણ કરનારો, બીજા અંશોનું નિરાકરણ નહીં કરનારો અને વક્તાનો વિશિષ્ટ અભિપ્રાય 'નય' કહેવાય છે. નયવાક્યનું તો અનંતધર્માત્મક વસ્તુના અંશભૂત પ્રતિનિયત ધર્મપ્રકારક અપેક્ષા આત્મક શાબ્દબોધજનક વાક્યપણું સ્વરૂપ છે. અપેક્ષાત્વની ચર્ચા અહીં વિસ્તૃત રૂપમાં છે તથા નય આદિ વિષયના શંકા-સમાધાનો અવશ્ય અવલોકનીય છે.

સૂત્ર ૨—યથાર્થ વસ્તુના એક અંશનો ગ્રાહક હોઈ, નયનું યથાર્થ નિર્ણયત્વરૂપ પ્રમાણપણું નથી જ. એથી જ અપ્રમાણપણું નથી, પરંતુ પ્રમાણ-અપ્રમાણથી ભિન્ન જ્ઞાનાન્તર જ છે. નયોના સમુદાયમાં કેવી રીતે પ્રમાણપણું છે ? તેનું સદૃષ્ટાન્ત વિવેચન સુચારૂ છે.

સૂત્ર ૩—નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂતના નય સાત પ્રકારના છે. સર્વ અભિપ્રાયસંગ્રાહકો સાત નયો છે.

સૂત્ર ૪—પૂર્વોક્ત સાત અભિપ્રાયોને સંક્ષેપથી બે પ્રકારે કહે છે. પ્રારંભના ત્રણ નયો દ્રવ્યાર્થિક છે અને બીજા ચાર નયો પર્યાયાર્થિક છે, કેમ કે-પહેલાના દ્રવ્ય માત્રના વિષયવાળા છે અને પછીના પર્યાય માત્રના વિષયવાળા છે. ગુણોનો પર્યાયમાં સમાવેશ છે. ઊર્ધ્વતા સામાન્યનો દ્રવ્યમાં અંતર્ભાવ છે અને તિર્યક્‌સામાન્યનો તો વ્યંજનપર્યાયમાં અંતર્ગત છે. માટે અધિક નયની શંકા ન કરવી. અહીં શંકા-સમાધાનપૂર્વકની ચર્ચા દર્શનીય છે.

સૂત્ર ૫ થી ૭—ગૌણ-મુખ્યભાવથી ધર્મધ્વય, ધર્મિધ્વય અને ધર્મધર્મિધ્વયના વિષયવાળી વિવક્ષ 'નૈગમ.' અહીં ધર્મદ્વયના દૃષ્ટાન્તો તથા શંકા-સમાધાનો મનનીય છે તથા ધર્મિદ્વયવિષયક ઉદાહરણો અને ધર્મધર્મિદ્વયવિષયક ઉદાહરણો દર્શનીય છે.

સૂત્ર ૮—વિશેષો પ્રત્યે ઉદાસીન, સામાન્યવિષયક અભિપ્રાય 'સંગ્રહનય.' તે પર અને અપરના ભેદથી બે પ્રકારનો છે. અહીં સામાન્યની સિદ્ધિ અને શંકા-સમાધાનો ગંભીરતાપૂર્વક વિલોકનીય છે

સૂત્ર ૯—સંગ્રહવિષયીભૂત અર્થવિષયક વિભાગ કારક અભિપ્રાય 'વ્યવહારનય.' જેમ કે સત્તાધર્મદ્વારા એકપણાએ સંગ્રહીત સત્‌નો દ્રવ્ય અને પર્યાયરૂપે વિભાજક અભિપ્રાય અહીં પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ, તેમજ શંકા-સમાધાનો સૂક્ષ્મતાપૂર્વક દર્શનીય છે.

સૂત્ર ૧૦—દ્રવ્યને ગૌણ કરી, પ્રધાનતાએ વર્તમાનક્ષણવર્તી પર્યાય માત્રના પ્રદર્શક અભિપ્રાય 'ઋજુસૂત્રનય.' જેમ કે-ક્ષણસ્થાયી સુખપર્યાય. અહીં ચાલુ વિષયની ચર્ચા અને શંકા-સમાધાન ઝીણવટથી દર્શનીય છે.

સૂત્ર ૧૧-૧૨—કાલ-કારક-લિંગ-સંખ્યા-પુરુષ અને ઉપસર્ગોના ભેદથી શબ્દપ્રધાનતાએ અર્થભેદપ્રદર્શક અભિપ્રાય 'શબ્દનય,' ક્રમથી કાળ આદિના દૃષ્ટાન્તો છે.

સૂત્ર ૧૩—વ્યુત્પત્તિના ભેદથી પર્યાયવાચક શબ્દોના અર્થનો ભેદ સ્વીકારનાર અભિપ્રાય 'સમભિરૂઢનય.' ઈન્દન આદિથી ઈન્દ્ર આદિ. અહીં શંકા-સમાધાન અપૂર્વ છે.

સૂત્ર ૧૪—પોતપોતાની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત ક્રિયાવિશિષ્ટ અર્થકથક અભિપ્રાય 'એવંભૂતનય.' જેમ કે-પરમ ઐશ્વર્યપ્રવૃત્તિવિશિષ્ટ ઈન્દ્ર. અહીં પૂર્વપક્ષ-ઉત્તરપક્ષ-શંકા-સમાધાન એવં વિશિષ્ટ ચર્ચા વિલોકનીય છે.

સૂત્ર ૧૫—સાત નયો પૈકી પહેલાંના ચાર નયો 'અર્થનયો છે', કેમ કે-પ્રધાનપણે અર્થને અને શબ્દને ગૌણપણે કહેનારા છે. અંતિમ ત્રણ નયો છે, 'શબ્દનયો' કેમ કે—પ્રધાનપણે શબ્દને અને અર્થને ગૌણપણે કહેનારા છે. અહીં અર્થનય અને શબ્દનયનું તાત્પર્ય, ચર્ચા સાથે દર્શાવેલ છે. અર્પિત અને

અનર્પિતનયની ચર્ચા, નિશ્ચય અને વ્યવહારનયની ચર્ચા, જ્ઞાન અને ક્રિયાનયની ચર્ચા, તેમજ અર્થ આદિ નયોનો અંતર્ભાવ, એવં વિશેષ આવશ્યક ઉપદર્શિત નિશ્ચયનય અને વ્યવહારનયની ચર્ચા.

સૂત્ર ૧૬—નૈગમ ભાવ અને અભાવના વિષયવાળો છે. સંગ્રહ સર્વભાવવિષયવાળો છે. વ્યવહારકાલત્રયવર્તી કેટલાક ભાવપ્રકારોનો ગ્રાહક છે. ઋજુસૂત્ર વર્ત્તમાન ક્ષણમાત્રસ્થાયી પદાર્થવિષયક છે. શબ્દનય કાળ આદિના ભેદથી અર્થભેદના વિષયવાળો છે. સમભિરૂઢનય વ્યુત્પત્તિના ભેદથી પર્યાયવાચક શબ્દોના અર્થભેદના વિષયવાળો છે અને એવંભૂતનય ક્રિયાના ભેદથી અર્થભેદના વિષયવાળો છે. અહીં નયગત અલ્પબહુવિષયતા દર્શનીય છે.

સૂત્ર ૧૭—નૈગમ આભાસ = પૂર્વકથિત દૃષ્ટાન્તોમાં ધર્મદ્વય, ધર્મદ્વિય અને ધર્મધર્મિદ્વયનો સર્વથા પૃથક્પણાનો અભિપ્રાય તથા વૈશેષિક અને નૈયાયિકનું દર્શન આનૈગમાભાસ રૂપ જ છે.

સૂત્ર ૧૮—વિશેષધર્મનિરાકરણના અભિપ્રાયનું વ્યક્તરૂપ 'પરસંગ્રહાભાસપણું છે. પર સંગ્રહાભાસમાં સમસ્ત અદ્વૈતદર્શનો અને સાંખ્યદર્શન છે.

સૂત્ર ૧૯—દ્રવ્યપર્યાયના વિભાગને અપ્રામાણિક માનનારો 'વ્યવહારનયાભાસ.' જેમ કે—ચાર્વાકદર્શન.

સૂત્ર ૨૦—કાલત્રય સ્થાયિ પદાર્થના ખંડનપૂર્વક વર્ત્તમાન ક્ષણ માત્ર વૃત્તિ પર્યાયના આલંબનનો અભિપ્રાય, એ 'ઋજુસૂત્રનયાભાસ.' જેમ કે—બૌદ્ધદર્શન.

સૂત્ર ૨૧—કાલ આદિના ભેદથી શબ્દોનો અર્થભેદ જ છે. એમ અભેદના ખંડનનો અભિપ્રાય, 'શબ્દનયાભાસ.' આમાં શબ્દબ્રહ્મવાદીઓ આવી શકે છે.

સૂત્ર ૨૨—પર્યાયવાચક શબ્દોનો વ્યુત્પત્તિના ભેદથી અર્થનો ભેદ જ છે, અર્થગત અભેદ નથી. આવો જે અભિપ્રાય, તે—'સમભિરૂઢનયાભાસ.'

સૂત્ર ૨૩—પ્રવૃત્તિના નિમિત્તભૂત ક્રિયાથી રહિત અર્થને શબ્દવાચ્યરૂપે સર્વથા નહીં સ્વીકારનાર અભિપ્રાય, એ 'એવંભૂતનયાભાસ.' પરધર્મખંડક—સ્વધર્મમંડક નયોને નયાભાસરૂપે દર્શાવેલ છે. અહીં પૂર્વ-ઉત્તરપક્ષ અને શંકા-સમાધાન સારી રીતે જોવા જેવા છે.

સૂત્ર ૨૪—નયગત વસ્તુના એકદેશ સંબંધી અજ્ઞાનની નિવૃત્તિ, એ અનંતરફળ છે. પરંપરફળ તો વસ્તુના એકદેશવિષયક હેયહાન-ઉપાદેય ઉપાદાન-ઉપેક્ષણીયોપેક્ષા બુદ્ધિઓ છે. અહીં સાત નયોમાં નિક્ષેપાઓને સમાવવા સંક્ષેપથી પણ સચોટ, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ-રૂપ નિક્ષેપાઓનું વર્ણન સર્વથા વાચનીય છે.

(દશમું કિરણ)

સૂત્ર ૧ થી ૩—સ્વપક્ષસાધન, પરપક્ષદૂષણરૂપ વિષયવાળું, તત્ત્વનિર્ણય કે વિજયરૂપ પ્રયોજનવાળું વચન 'વાદ' કહેવાય છે. સાધન અને દૂષણરૂપ વચનો સ્વસ્વ અભિપ્રેત પ્રમાણરૂપ હોવા જોઈએ. અહીં શંકા-સમાધાનપૂર્વકનું વિવેચન જોવા જેવું છે. બીજા દર્શનોમાં વાદ, જલ્પઅને

વિતંડારૂપે ત્રણ પ્રકારની કથા કહેલી છે, પરંતુ અહીં જલ્પ અને વિતંડા જુદી કથા નથી, કેમ કે—વાદથી જ તેની ચરિતાર્થતા થાય છે.

સૂત્ર ૪—કથાનો આરંભક તો જિગીષુ અને તત્ત્વનિર્ણિનીષુ હોય છે. અહીં શંકા-સમાધાનપૂર્વકનું વિવેચન છે.

સૂત્ર ૫-૬—જિગીષુ અને તત્ત્વનિર્ણિનીષુના લક્ષણો. તત્ત્વનિર્ણિનીષુના સ્વાત્મનિતત્ત્વનિર્ણિનીષુ અને પરાત્મનિતત્ત્વનિર્ણિનીષુ—એમ બે ભેદો છે. અહીં શંકા-સમાધાનો છે.

સૂત્ર ૭-૮—આરંભક-(૧) જિગીષુ, (૨) સ્વાત્મનિતત્ત્વનિર્ણિનીષુ, (૩) ક્ષાયોપશમિક જ્ઞાનવાન્ પરમતત્ત્વનિર્ણિનીષુ અને (૪) કેવલી—એમ ચાર છે. તેમજ પ્રત્યારંભક પણ ચાર જાણવા.

સૂત્ર ૯—જ્યારે બંને જિગીષુ અને જિગીષુ-પરમતત્ત્વનિર્ણિનીષુ—એમ બંને તથા જિગીષુ અને કેવલી—એમ બંને વાદી અને પ્રતિવાદી હોય છે, જ્યારે વાદી-પ્રતિવાદી-સભ્ય-સભાપતિરૂપ ચાર અંગો અપેક્ષિત છે.

સૂત્ર ૧૦-૧૧—જો સ્વાત્વનિતત્ત્વનિર્ણનીષુ વાદી-પરમતત્ત્વનિર્ણિનીષુ સમર્થ પ્રતિવાદી છે, તો વાદી-પ્રતિવાદીરૂપ બે અંગો અપેક્ષિત છે. જો અસમર્થ પ્રતિવાદી હોય, તો સભ્યની સાથે ત્રણ અંગો અપેક્ષિત છે. જો કેવલી પ્રતિવાદી છે, તો બે અંગો જ પર્યાપ્ત છે. જો પરમતત્ત્વનિર્ણિનીષુ (ક્ષા. જ્ઞાની) વાદી અને પ્રતિવાદી જિગીષુ હોય, તો ચાર અંગો અપેક્ષિત છે. અહીં શંકા-સમાધાનો દર્શનીય છે.

સૂત્ર ૧૨-૧૩—સ્વાત્મનિર્ણિનીષુરૂપ બંનેનો, જિગીષુસ્વાત્મતત્ત્વનિર્ણિનીષુરૂપ બંનેનો, સ્વાત્મનિર્ણિનીષુજિગીષુરૂપ બંનેનો અને બંને કેવલીનો વાદી-પ્રતિવાદી ભાવ ન હોવાથી વાદ સંભવતો નથી. વાદી અને પ્રતિવાદી સ્વપક્ષમંડન અને પરપક્ષખંડન પ્રમાણથી કરે.

સૂત્ર ૧૪ થી ૧૭—સભ્યનું લક્ષણ, સભ્યના કાર્યો, સભાપતિનું લક્ષણ અને સભાપતિનું કર્ત્તવ્ય.

(ત્રીજો ભાગ-૧-૨-૩ કિરણ)

સૂત્ર ૧—આઠ કર્મોની શૂન્યતાપ્રયોજક અનુષ્ઠાનરૂપ ચારિત્રના નિત્યનૈમિત્તિકના ભેદથી બે ભેદો છે. સાધુઓથી હંમેશાં જે આચરાય, તે 'ચરણ.' દા.ત. વ્રત વગેરે, પ્રયોજન હોયે છતે જે કરાય. તે 'કરણ.' દા.ત. પિંડવિશુદ્ધિ આદિ.

સૂત્ર ૨—વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવૃત્ય, બ્રહ્મચર્ય, ગુપ્તિ, જ્ઞાન આદિ તેમજ તપ, ક્રોધ આદિ નિગ્રહરૂપે આઠ પ્રકારનું પણ અવાન્તરભેદથી સત્તર પ્રકારનું ચરણ છે. એવં ત્રીજા વિભાગના ત્રણ કિરણોમાં ચરણ અને કરણનો ૭૦-૭૦ ભેદથી વિસ્તાર સારી રીતે કરેલો છે, જે જોવા જેવો છે.

• • •

શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ...

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી લબ્ધિગુરવે નમઃ ॥

વિ.સં. ૨૦૬૮ શ્રી શંખેશ્વરતીર્થે

પૂજ્યપાદ આચાર્યશ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી** મ.સા.ના

આજ્ઞાવર્તિ પૂજ્ય સરલસ્વભાવી સમતાનિધિ સાધ્વીવર્યા **સરસ્વતીશ્રીજી** મ.સા.ના

ચાતુર્માસમાં પર્યુષણપર્વમાં

શ્રી શંખેશ્વર મહાજન જૈન સંઘની શ્રાવિકાવર્ગમાં

પ્રતિક્રમણની ઉપજમાંથી

પૂ. સાધ્વીશ્રીની પ્રેરણાથી જ્ઞાનનિધિનો અનુમોદનીય લાભ લીધો...

તમોએ કર્યું જ્ઞાનદ્રવ્યનું દાન... સંસ્થા માને ઉપકાર તમારો મહાન...

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

પૂ. સાધ્વીવર્યા **પદ્મલતાશ્રીજી** મ.સા. કી શિષ્યા

જ્ઞાનાનંદી પૂ.સાધ્વી **હર્ષપદ્માશ્રીજી** મ.સા.કી શિષ્યા

સાધ્વી **ભવ્યપદ્માશ્રીજી** મ. કી પ્રેરણા સે

સં. ૨૦૬૮ નિગડી (પુણે) ચાતુર્માસ મેં હુઈ

જ્ઞાનનિધિકી ઉપજમેં સે...

શ્રી મુનિસુવ્રતસ્વામી (મહિલા મંડલ)
જૈન શ્રાવિકા સંઘ-નિગડી (પુણે)

શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ...

શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ...

ૐ ॥ શ્રી ભીડભંજનપાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ભદ્રંકરસૂરિ ગુરવે નમઃ ॥ ૐ

: શુભાશિષ :

પરમપૂજ્ય સૂરિમંત્રઆરાધક આચાર્યદેવ
શ્રીમદ્‌વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

: પ્રેરક :

પૂ.ગણિવર **વિક્રમસેનવિજય** મ.સા.

જ્ઞાનદ્રવ્યનું દીધું દાન... શ્રી સંઘે કાર્ય કર્યું મહાન...

અનુમોદના... અનુમોદના... અનુમોદના...

શ્રી ભીડભંજનપાર્શ્વનાથ જૈન શ્વે.મૂ.સંઘ

કનેરી-આગ્રારોડ-ભિવંડી

ૐ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી ભદ્રંકરસૂરિ ગુરવે નમઃ ॥ ૐ

: શુભાશિષ :

કલિકાલકલ્પતરૂ અચિંન્ત્યચિંતામણી શ્રીશંખેશ્વપાર્શ્વનાથ પ્રભુની શીતલ છાયામાં
પ.પૂ.આ.ભ.શ્રી **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા
પૂ.આ.**મહાસેનસૂરીશ્વરજી** મ. આદિઠાણાના
સં. ૨૦૬૮ના યશસ્વી ચાતુર્માસમાં થયેલ આરાધનાની અનુમોદનાર્થે જ્ઞાનનિધિમાંથી

: પ્રેરક :

પૂ.ગણિવર **વિક્રમસેનવિજય** મ.સા.
મુનિવર **સિદ્ધસેનવિજય** મ.સા.

શ્રી શંખેશ્વર જૈન મહાજન સંઘ

શ્રી શંખેશ્વર તીર્થ

શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ... શ્રુતલાભ...

નમો નમો નાણદીવાયરસ્સ
– સુયસ્સ ભગવઓ –

પૂ.બાપજી મ.સા.ના સમુદાયના

છાણીવાલા પ.પૂ.સ્વ. **જયપ્રભાશ્રીજી** મહારાજના શિષ્યા

સા. **વિદ્યુત્પ્રભાશ્રીજી** મ.સા.ની નિશ્રામાં

ગુજરાત સોસાયટીમાં શત્રુંજય ફલેટમાં

આરાધના કરનાર બહેનોના

જ્ઞાનખાતામાંથી

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ તસ થાય રે,
તો હુએ એહી જ આતમા, જ્ઞાન અબોધતા જાય રે.

॥ શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ॥ ॥ શ્રી ભદ્રંકરસૂરિ ગુરવે નમઃ ॥

: શુભાશિષ :

પરમપૂજ્ય સૂરિમંત્રઆરાધક આચાર્યદેવ

શ્રીમદ્‌વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજાની

પ્રેરણાથી જ્ઞાનદ્રવ્યની નિધિમાંથી

ગ્રંથ પ્રકાશનનો લાભ લીધો તેની અનુમોદના.

શ્રી વાસુપૂજ્યસ્વામી જૈન શ્વે. મૂ. પૂ. સંઘ

મહાસુખનગર સોસાયટી, નાકોડા પાર્ક, નરોડા રોડ, અમદાવાદ.

॥ चरमतीर्थपतिश्री महावीरस्वामिने नमः ॥ ॥ पू. लब्धि-भुवनतिलक-भद्रंकरगुरुभ्यो नमः ॥

: शुभाशिष :

पू. सूरिमंत्र आराधक आचार्यश्रीमद्विजय पुण्यानंदसूरीश्वरजी महाराजा

प्रेरणा : गणिवर विक्रमसेनविजय म.सा.

ज्ञानद्रव्यनुं दीधुं दान... उपकार मानीये तमारो महान...

: अनुमोदक :

शेठ कल्याणजी सोभागचंद जैन पेढी

पिंडवाडा, स्टे. शिरोही रोड (राजस्थान)

पांच प्रकार छे जेहना, भेद एकावन तासो रे,

श्री आदीश्वराय नमः

शुभाशिष :पू. सूरिमंत्र आराधक आचार्यश्रीमद्विजय पुण्यानंदसूरीश्वरजी महाराजा

: अनुमोदक :

श्री तवाव जैन संघ (राजस्थान)

श्रुतलाभ

जाणीने पूजे सदा, ते लहे केवल खासो रे.

पू. साध्वीवर्या सरस्वतीश्रीजी म.नी प्रेरणाथी

रीझन्ट जैन श्राविका संघ-सुरत

श्री मणीभद्र रेसीडन्सी श्राविका संघ

पाल, सुरत

पू. साध्वी धर्मज्योतिश्रीनी प्रेरणाथी

श्री आदिनाथ जैन चेरिटेबल ट्रस्ट

वलसाड

ॐ ॥ देवाधिदेवश्री संभवनाथाय नमः ॥
॥ नमो नमः श्री लब्धिसूरये ॥ ह्रीँ

: शुभाशिष :

विटा संघना उपकारी, श्री संभवनाथप्रभुना प्रतिष्ठाचार्य

श्रीमद्विजय **पुण्यानंदसूरीश्वरजी महाराजा**

प्रेरणा : गणिवर विक्रमसेनविजय म.सा.

वि.सं. २०६८ वर्षे पू. साध्वीवर्या उदयप्रभाश्रीनी निश्रामां पर्युषणपर्वनी आराधनामां ज्ञानद्रव्यनी उपजमांथी विशिष्ट निधि अर्पण करी ज्ञान प्रकाशननो लाभ लीधो.

: अनुमोदना :

श्री जैन श्वेतांबर मूर्तिपूजक संघ

वर्धमान सेवा समिति

विटा (सांगली), महाराष्ट्र

ॐ ॥ श्री मुनिसुव्रतस्वामिने नमः ॥
॥ श्री लब्धिसूरये नमो नमः ॥ ह्रीँ

ज्ञानद्रव्यनुं दीधुं दान... उपकार मानीये तमारो महान...

: शुभाशिष :

पू. तपागच्छाचार्य लब्धिसूरीश्वरजी महाराजाना

समुदायना पू. सूरिमंत्रआराधक आचार्यश्री

पुण्यानंदसूरीश्वरजी महाराजा

: प्रेरणा :

गणिवर विक्रमसेनविजय म.सा.

: अनुमोदक :

श्री मुनिसुव्रतस्वामी जैन श्वेतांबर मंदिर ट्रस्ट

लक्ष्मीपुरी-कोल्हापुर (महाराष्ट्र)

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥
॥ પૂજ્ય લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરગુરુભ્યો નમઃ ॥

: શુભાશિષ :

સૂરિમંત્ર આરાધક ૐકારતીર્થ સ્થાપક
આચાર્ય શ્રીમદ્‌વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

: અનુમોદક :

શ્રી સંભવનાથ જૈન શ્વે. મૂ. ટ્રસ્ટ

શ્રી જૈન સંઘ - ગુજરી, કોલ્હાપુર

'અખય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે.'

ॐ

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥
॥ પૂજ્ય લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરગુરુભ્યો નમઃ ॥

: શુભાશિષ :

ॐ

સૂરિમંત્ર આરાધક પરમપૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્‌વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

: અનુમોદક :

શ્રી શાંતિનાથ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ

વાણીયાવાડ, છાણી, વડોદરા (ગુજરાત)

"तन पवित्र तीरथ गये, धन पवित्र कर दान;
मन पवित्र होत तब, उदय होत उर ज्ञान."

॥ पू.लब्धि-भुवनतिलक-भद्रंकरसूरि सद्गुरुभ्यो नमः ॥

: शुभाशिष :

पू.आचार्यश्री लब्धिसूरीश्वरजी महाराजाના સમુદાયના
પૂ. સૂરિમંત્ર આરાધક આચાર્યશ્રી
પુણ્યાનંદસૂરીશ્વરજી મહારાજા

: અનુમોદક :

પૂજ્ય આચાર્યશ્રી **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયવર્તી
વિદુષીસાધ્વી **મૃગનયનાશ્રીજી**ની પ્રેરણાથી
શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ
ભગવાનનગરનો ટેકરો, પાલડી, અમદાવાદ

: અનુમોદક :

પૂજ્ય આચાર્યશ્રી **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયવર્તી
પૂ. સાધ્વી **નમ્રયશાશ્રીજી**ની પ્રેરણાથી
ભક્તિ પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. તપગચ્છ જૈન સંઘ
ગુંદેચાગાર્ડન, લાલબાગ, મુંબઈ

: અનુમોદક :

પૂજ્ય આચાર્યશ્રી **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજાના સમુદાયવર્તી
સાધ્વીવર્યા **હર્ષપદ્માશ્રીજી**ના શિષ્યા
સાધ્વી **અનંતપદ્માશ્રીજી**, સા.**સુવર્ણપદ્માશ્રીજી**ની પ્રેરણાથી
શ્રી પારસમણી જૈન સંઘ
સાબરમતી, અમદાવાદ

પ્રેરક : સા.શ્રી **સુવર્ણપ્રભાશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી
શ્રી રાણી જૈન સંઘ - રાજસ્થાન

॥ દેવાધિદેવ શાંતિપ્રદાતા શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥
॥ શ્રી શીતલનાથાય નમઃ ॥ શ્રી પાર્શ્વનાથાય નમઃ ॥
॥ પૂ.લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ ॥



જે સમ્યગ્‌જ્ઞાન દ્વારા મોક્ષમાર્ગનું થાય સંધાન
મિથ્યાદૃષ્ટિ જ્ઞાન સામે સમ્યગ્‌જ્ઞાન છે જગમાં પ્રધાન,
વિનયના આચારયુક્ત જે જ્ઞાનનું કરે વિધાન
તેના આત્મામાં પ્રગટે કેવલજ્ઞાનરૂપી નવનિધાન



: શુભાશિષ :

પૂ.આચાર્યશ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પૂ. સૂરિમંત્ર આરાધક
આચાર્યશ્રીમદ્વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

: પ્રેરક :

કોલ્હાપુરસંઘના ઉપકારી પૂ. ગણિવર **વિક્રમસેનવિજયજી** મહારાજ

: અનુમોદક :

સમ્યગ્‌જ્ઞાનનો પ્રસાર કરવામાં સદાય અગ્રેસર, સમ્યગ્‌જ્ઞાનપિપાસુ,
દક્ષિણમહારાષ્ટ્રના સંઘોમાં અનેક પૂજ્યોના ચાતુર્માસ કરાવી
લાભ લેવામાં ભાગ્યશાળી સંઘ

શ્રી શાંતિનાથ જૈન શ્વે. મૂ. સંઘ

હીરા ભવન, વ્યાપારી પેઠ, શાહુપુરી,
કોલ્હાપુર (મહારાષ્ટ્ર)

॥ દેવાધિદેવશ્રી આદીશ્વરાય નમઃ ॥ ॥ પૂ. લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરિશ્વરેભ્યો નમઃ।

જ્ઞાન છે જગમાં મહાનિધાન, તે જ્ઞાન પામે તેને પ્રાપ્ત થાય નવનિધાન

: શુભાશિષ :

પૂ. તપાગચ્છાચાર્યશ્રી લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરિ પટ્ટધર પરમ
પૂજ્ય સૂરિમંત્ર આરાધક આચાર્ય શ્રીમદ્‌વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

: પ્રેરણા :

પૂ. સંયમૈકલક્ષી તપસ્વી ત્યાગી સાધ્વીવર્યા **સુવ્રતાશ્રીજી** મ.સ.ના
શિષ્યા વર્ધમાનતપોનિધિ સાધ્વી **જિતેન્દ્રશ્રીજી** મ.સા.
વર્ધમાનતપોનિધિ સાધ્વી **શુભંકરાશ્રીજી** મ.સા.

અનુમોદક

શ્રી જૈન શ્વે. મૂર્તિ. સંઘ - હાવેરી (કર્ણાટક)

પ્રેરક

સાધ્વી **પદ્મલતાશ્રીજી**ના શિષ્યા સાધ્વી **હર્ષપદ્માશ્રીજી** મ.સા.ના શિષ્યા
સાધ્વી **અનંતપદ્માશ્રીજી** મ.સા.ની ૭૫મી ઓળી નિમિત્તે સાધ્વી **સુવર્ણપદ્માશ્રીજી** મ.સા.ની પ્રેરણાથી

અનુમોદક : શ્રી ઝાલાવાડ રત્નત્રય ચાતુર્માસ
આરાધક બહેનોની જ્ઞાનનિધિમાંથી સં. ૨૦૬૬

જ્ઞાનાવરણીય જે કર્મ છે, ક્ષય ઉપશમ થાય, તો હૃદયે દેવીજ આગમ, જ્ઞાન અબોધપણા જાય.

દેવાધિદેવ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ પૂ. લબ્ધિ-ભુવનતિલક-ભદ્રંકરસૂરિશ્વરેભ્યો નમઃ

: શુભાશિષ :

પૂજ્યપાદ મહાસુખભવનમાં યાદગાર ચાતુર્માસ દ્વારા ધર્મજ્યોત જગાડી
ઉપકાર કરનારા ૐકારતીર્થસ્થાપક સૂરિમંત્ર આરાધક આચાર્ય
શ્રીમદ્વિજય **પુણ્યાનંદસૂરીશ્વરજી** મહારાજા

પ્રેરક : ગણિવર શ્રી **વિક્રમસેનવિજયજી** મ.સા.

અનુમોદક

શ્રી વિલે પારલે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરીટીઝ

કલાકાન્તિ ભવન, સાઉથ પોંડ રોડ, વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ.

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પેજ નંબર
૧.	**પારમાર્થિક પ્રત્યક્ષ નામનું પ્રથમ કિરણ**	૧
૨.	સમ્યગ્જ્ઞાનનો વિભાગ કહે છે	૨
૩.	પાંચ જ્ઞાન જ પ્રમાણ છે	૫
૪.	પ્રમાણ શી વસ્તુ છે ?	૮
૫.	વાદીઓમાં પ્રમાણોના ભેદમાં વિરોધ હોવાથી પ્રમાણની સંખ્યાનો નિયમ કહે છે.	૧૩
૬.	પાંચ પ્રકારના જ્ઞાનમાં કયા જ્ઞાનો પારમાર્થિક પ્રત્યક્ષ છે ? અથવા કયા જ્ઞાનો પરોક્ષરૂપ છે ?	૧૬
૭.	પારમાર્થિક પ્રત્યક્ષનું લક્ષણ	૧૭
૮.	સકલ જ્ઞાન કયું છે ?	૧૮
૯.	કેવલજ્ઞાનનું લક્ષણ કહે છે	૨૦
૧૦.	બીજું કોઈ આવરણ પ્રસિદ્ધ નથી, એ શંકામાં કહે છે	૨૨
૧૧.	કેવલજ્ઞાન શું વિષયને સંયુક્ત થઈને જાણે છે કે વિષયની સાથે સંયુક્ત થયા વગર જાણે છે ?	૨૪
૧૨.	વિકલના પ્રકારને કહે છે	૨૬
૧૩.	અવધિજ્ઞાનનું લક્ષણ	૨૭
૧૪.	બીજી રીતે અવધિજ્ઞાનના છ પ્રકારોને કહે છે	૨૯
૧૫.	મનઃપર્યવજ્ઞાનનું લક્ષણ	૩૪
૧૬.	ઋજુ અને વિપુલમતિમાં વિશેષ અંતરને કહે છે	૩૬
૧૭.	**સાંવ્યવહારિક પ્રત્યક્ષ નામનું બીજું કિરણ**	૩૭
૧૮.	સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ	૩૯
૧૯.	સાંવ્યવહારિક પ્રત્યક્ષનો વિભાગ કહે છે	૪૧
૨૦.	પ્રત્યક્ષ લક્ષણમાં ઇન્દ્રિય મનોજન્યત્વ કહેલું છે તો ત્યાં ઇન્દ્રિય શું અને કેટલી છે ?	૪૨
૨૧.	દ્રવ્ય ઇન્દ્રિયનો વિભાગ કહે છે.	૪૩
૨૨.	નિર્વૃત્તિ ઇન્દ્રિયનો વિભાગ	૪૪
૨૩.	ઉપકરણ ઇન્દ્રિયને કહે છે	૪૫
૨૪.	ભાવ ઇન્દ્રિયનો વિભાગ	૪૬
૨૫.	ઉપયોગ ઇન્દ્રિયને કહે છે.	૪૭

ક્રમ	વિષય	પેજ નંબર
૨૬.	આ જ જ્ઞાનરૂપ ઉપયોગ સ્વ-પરના નિર્ણયમાં સાધકતમ હોવાથી પ્રમાણરૂપ છે. પરંતુ સંનિકર્ષ કે દ્રવ્યેન્દ્રિય પ્રમાણરૂપ નથી.	૫૨
૨૭.	ઇન્દ્રિય સ્વરૂપની સંખ્યાને કહે છે	૫૮
૨૮.	ચક્ષુનું લક્ષણ કહે છે.	૬૧
૨૯.	રસનેન્દ્રિયનું નિરૂપણ	૬૫
૩૦.	ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ	૬૭
૩૧.	સ્પર્શનેન્દ્રિયનું લક્ષણ	૬૮
૩૨.	શ્રોત્રેન્દ્રિયનું લક્ષણ	૬૯
૩૩.	મનનું લક્ષણ	૭૨
૩૪.	મનના વિભાગને દર્શાવે છે.	૭૪
૩૫.	સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણવિચારી તેનો વિભાગ કહે છે.	૭૫
૩૬.	અવગ્રહનું લક્ષણ કહે છે.	૭૬
૩૭.	વિશેષ માત્રનો અનવગાહી હોઈ દર્શન એવા બીજાનામવાળા નૈશ્ચયિક અવગ્રહ સ્વરુપવર્ણન	૭૮
૩૮.	વિષયની સાથે ચક્ષુ-મનનો સંબંધ	૮૦
૩૯.	ઇહાનું લક્ષણ કહે છે	૮૨
૪૦.	અપાય નિરૂપણ	૮૪
૪૧.	ધારણા નિરૂપણ	૮૭
૪૨.	સ્મૃતિરૂપ ધારણામાં સાંવ્યવહારિક પ્રત્યક્ષના પ્રભેદપણાનો અભાવ છે. આવા તે મતને ખંડિત કરે છે.	૮૯
૪૩.	મતિજ્ઞાનમાં પ્રમાણપણું હોઈ અનિર્ણયરૂપ અવગ્રહ ઇહામાં યથાર્થ નિર્ણયરૂપ પ્રમાણત્વ કેવી રીતે ?	૯૦
૪૪.	શું દર્શન આદિનો આ જ ઉત્પત્તિનો ક્રમ છે કે શું પ્રકારાન્તરથી પણ ક્રમ છે ? આવી શંકામાં કહે છે કે–	૯૨
૪૫.	ઇન્દ્રિયજ-અનિન્દ્રિયજના ભેદથી સાં.પ્ર.-નિરૂપણ કરી બન્ને પણ મતિ-શ્રુતના ભેદરૂપ હોઈ બે પ્રકારના છે માટે પહેલા મતિજ્ઞાનનું નિરૂપણ કહે છે	૯૫
૪૬.	મતિજ્ઞાનના સર્વ પ્રકારોને દર્શાવેછે.	૯૮
૪૭.	તો તે શ્રુતજ્ઞાન શું છે ? આના જવાબમાં કહે છે કે–	૧૦૧
૪૮.	અક્ષરશ્રુત અને અનક્ષરશ્રુતનું લક્ષણ	૧૦૫
૪૯.	સંજ્ઞિશ્રુત અને અસંજ્ઞિશ્રુત	૧૦૬
૫૦.	સમ્યક્‌શ્રુત અને મિથ્યાશ્રુત	૧૦૭
૫૧.	સાદિ-અનાદિશ્રુત	૧૦૮
૫૨.	સાન્ત-અનન્તશ્રુત	૧૦૯
૫૩.	ગમિક-અગમિક શ્રુત	૧૧૦

ક્રમ	વિષય	પેજ નંબર
૫૪.	અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટ શ્રુત	૧૧૧
૫૫.	**અનુમાન પરિકરનિરૂપણ નામનું ત્રીજું કિરણ**	૧૧૩
૫૬.	સ્મૃતિ-અનુભવ્યજન્ય પ્રત્યભિજ્ઞાનનું લક્ષણ	૧૧૯
૫૭.	ક્રમથી પ્રત્યભિજ્ઞાનના દૃષ્ટાંતોને કહે છે	૧૨૩
૫૮.	તર્ક પ્રમાણનું નિરૂપણ	૧૨૭
૫૯.	ઉપલંભ અને અનુપલંભને દર્શાવે છે.	૧૩૨
૬૦.	વાચ્યવાચક ભાવસંબંધની ઉત્પત્તિનું વિધાન.	૧૩૪
૬૧.	**સદ્‌હેતુ નિરૂપણ નામનું ચોથું કિરણ**	૧૩૭
૬૨.	અનુમાન લક્ષણમાં રહેલ હેતનું લક્ષણ કહે છે.	૧૪૦
૬૩.	અનુમાન લક્ષણમાં રહેલ વ્યાપ્તિ સ્મરણના વિષયભૂત વ્યાપ્તિને કહે છે	૧૪૬
૬૪.	સ્વરૂપની અપેક્ષાએ એક વિષયપણું હોવા છતાં આશ્રયવિશેષની અપેક્ષાએ નિયમના બે પ્રકારોને કહે છે.	૧૪૮
૬૫.	સહભાવ નિયમ કોને કોને હોય છે તે કહે છે	૧૪૯
૬૬.	હેતુજ્ઞાનથી સહકૃત, વ્યાપ્તિસ્મરણથી સાધ્યવિજ્ઞાન 'અનુમાન' એમ પૂર્વે વર્ણન કરેલ હતું ત્યાં સાધ્ય એટલે શું ? એનું સમાધાન	૧૫૧
૬૭.	અનુમાનજન્ય અનુમતિના વ્યવહારકાળમાં સાધ્યરૂપ સાધ્યની ધર્મીનું સાધ્યપણું હોવા છતાં તે ધર્મવિશિષ્ટ ધર્મીરૂપ સાધ્યની સાથે હેતુના અવિનાભાવનો અસંભવ હોવાથી કેવી રીતે અનુમિતિ થાય ? આવી શંકામાં કહે છે કે...	૧૫૩
૬૮.	તે ધર્મીની પ્રસિદ્ધિ કેવી રીતે થાય ?આવા પ્રશ્નનો જવાબ.	૧૫૫
૬૯.	ધર્મી-સાધ્ય-સાધનરૂપ અનુમાનના પ્રધાનભૂત અંગોને કહીને, તેના હેતુનો વિભાગ કહે છે.	૧૫૮
૭૦.	સાધ્યસાધક વિધિરૂપ હેતુનો છ પ્રકારે વિભાગ કહે છે	૧૫૯
૭૧.	પ્રસંગથી અભાવના સર્વથા ભાવસ્વરૂપથી ભિન્નપણામાં દૂષણ છે. એમ બતાવવા પ્રતિષેધના વિભાગપૂર્વક સ્વરૂપનું કથન કહે છે.	૧૬૧
૭૨.	પ્રધ્વંસાભાવનું નિરૂપણ	૧૬૬
૭૩.	અન્યોન્ય અભાવને કહે છે.	૧૬૭
૭૪.	અત્યંત અભાવનું લક્ષણ	૧૬૯
૭૫.	વિધિસ્વરૂપ હેતુના પ્રકારોને દર્શાવે છે.	૧૭૧
૭૬.	સાધ્યથી અવિરુદ્ધ કાર્યસ્વરૂપ વિધિહેતુને દર્શાવે છે.	૧૭૩
૭૭.	સાધ્યથી અવિરુદ્ધ કાર્યસ્વરૂપ વિધિહેતુને દૃષ્ટાંતરૂપ દર્શાવે છે.	૧૭૪
૭૮.	સાધ્યથી અવિરુદ્ધ પૂર્વચરનામક વિધિહેતુને બતાવે છે.	૧૭૬
૭૯.	સાધ્યથી અવિરુદ્ધ ઉત્તરચરનામક વિધિહેતુને બતાવે છે.	૧૭૭
૮૦.	સાધ્યથી અવિરુદ્ધ સહચરનામક વિધિહેતુનું વર્ણન.	૧૭૮

ક્રમ	વિષય	પેજ નંબર
૮૧.	વિધિસાધક વિધિહેતુરૂપ જ હેતુઓ છે. આવા નિયમના નિષેધ માટે પ્રતિષેધસાધકપણાના વર્ણન માટે પહેલા તેના પ્રભેદોને કહે છે.	૧૭૮
૮૨.	પ્રતિષેધ્યસ્વભાવ વિરુદ્ધ ઉપલંભરૂપ વિધિહેતુનું નિદર્શન	૧૭૯
૮૩.	પ્રતિષેધ્ય વિરુદ્ધ વ્યાપ્ય વિધિહેતુનું નિદર્શન	૧૮૦
૮૪.	પ્રતિષેધ્ય વિરુદ્ધ કાર્યરૂપ વિધિહેતુનું દૃષ્ટાન્ત	૧૮૦
૮૫.	પ્રતિષેધ્ય વિરુદ્ધ કારણરૂપ વિધિહેતુનું કથન	૧૮૧
૮૬.	પ્રતિષેધ્ય વિરુદ્ધ પૂર્વચર વિરુદ્ધ, ઉત્તરચર વિરુદ્ધ, સહચર વિરુદ્ધનું કથન	૧૮૧
૮૭.	પ્રતિષેધ્યની સાથે અવિરુદ્ધ વસ્તુની અનુપલબ્ધિરૂપ પ્રતિષેધ હેતુના ભેદનું નિરૂપણ	૧૮૨
૮૮.	પ્રતિષેધ્ય પદાર્થના પ્રતિજ્ઞાપક સ્વભાવાનુપલબ્ધિરૂપ પ્રતિષેધ હેતુનું નિદર્શન	૧૮૩
૮૯.	વ્યાપક અનુપલબ્ધિ, કાર્ય અનુપલબ્ધિ, કારણાનુપલબ્ધિઓનું દર્શન	૧૮૪
૯૦.	પૂર્વચર-ઉત્તરચર-સહચર અને અનુપલબ્ધિઓનું નિદર્શન	૧૮૫
૯૧.	વિધિસાધક સાધ્ય વિરુદ્ધ અનુપલબ્ધિરૂપ નિષેધહેતુઓના વિભાગ	૧૮૬
૯૨.	પ્રથમ, દ્વિતીય, તૃતીય હેતુઓના નિદર્શનો	૧૮૬
૯૩.	ચોથા, પાંચમા હેતુને કહે છે	૧૮૭
૯૪.	પરાર્થ અનુમાન સ્વરૂપનું વર્ણન	૧૮૯
૯૫.	બીજો, કેટલા વચનોથી વ્યાપ્તિવિશિષ્ટ હેતુને જાણી શકે છે ?	૧૯૧
૯૬.	પ્રતિજ્ઞાના લક્ષણનું કથન	૧૯૨
૯૭.	હેતુવચનનું લક્ષણ	૧૯૪
૯૮.	વિશિષ્ટ ક્ષયોપશમ અભાવ હોવાથી, પ્રતિજ્ઞાપક્ષ અને હેતુનો પ્રયોગ હોવા છતાં પૂર્વે ગ્રહણ કરેલ વ્યાપ્તિનું કરી શકતો નથી, તે પ્રતિપાદ્ય પ્રત્યે દૃષ્ટાન્તના વચનની આવશ્યકતા હોઈ દૃષ્ટાન્તના સ્વરૂપનું કથન	૧૯૬
૯૯.	ઉપનયના સ્વરૂપનું કથન	૧૯૭
૧૦૦.	નિગમનના સ્વરૂપનું વર્ણન	૧૯૮
૧૦૧.	**આભાસનિરૂપણનામક પંચમ કિરણ હેતુપ્રસંગથી હેત્વાભાસોના નિરૂપણનો ઉપક્રમ કરે છે.**	૨૦૧
૧૦૨.	અસિદ્ધ હેત્વાભાસનું લક્ષણ	૨૦૨
૧૦૩.	અસિદ્ધ ભેદ કથન	૨૦૩
૧૦૪.	વાદી અસિદ્ધનું કથન	૨૦૪
૧૦૫.	પ્રતિવાદી અસિદ્ધનું દર્શન	૨૦૬
૧૦૬.	હવે વિરુદ્ધનું લક્ષણ	૨૦૮
૧૦૭.	અનૈકાન્તિક હેત્વાભાસને કહે છે	૨૦૯
૧૦૮.	પહેલા અનૈકાન્તિકને દર્શાવે છે.	૨૧૦
૧૦૯.	બીજા અનૈકાન્તિકને દર્શાવે છે.	૨૧૨

ક્રમ	વિષય	પેજ નંબર
૧૧૦.	પક્ષાભાસો અનૈકાન્તિકને દર્શાવે છે.	૨૧૪
૧૧૧.	પ્રથમ પક્ષાભાસનું ઉદાહરણ	૨૧૫
૧૧૨.	બીજા પક્ષાભાસનું વર્ણન	૨૧૬
૧૧૩.	બીજા પક્ષાભાસનું વિશેષ વર્ણન	૨૧૭
૧૧૪.	ત્રીજા પક્ષાભાસનું વર્ણન, અનુમાનાભાસ	૨૧૯
૧૧૫.	તર્કાભાસ	૨૨૦
૧૧૬.	પ્રત્યભિજ્ઞાનાભાસ	૨૨૧
૧૧૭.	આભાસો	૨૨૨
૧૧૮.	આગમાભાસ, દૃષ્ટાન્તાભાસ	૨૨૩
૧૧૯.	નિત્યાનિત્ય દૃષ્ટાન્ત	૨૨૪
૧૨૦.	સંદિગ્ધ, સાધ્ય, સાધન, ઉભયધર્મ દૃષ્ટાન્તો	૨૨૫
૧૨૧.	અનન્વય દૃષ્ટાંતનું કથન	૨૨૬
૧૨૨.	અપ્રદર્શિતાન્વયરૂપ અને વિપરીતાન્વયરૂપ દૃષ્ટાન્ત	૨૨૭
૧૨૩.	વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસ વિભાગ, પ્રથમ-બીજો-ત્રીજો પ્રકાર	૨૨૯
૧૨૪.	ચોથો-પાંચમો-છઠ્ઠો પ્રકાર સાતમો પ્રકાર	૨૩૧
૧૨૫.	આઠમો-નવમો પ્રકાર, ઉપનયાભાસનું કથન	૨૩૩
૧૨૬.	નિગમનાભાસનું વર્ણન	૨૩૪
૧૨૭.	**આગમ નિરૂપણ નામનું છઠ્ઠું કિરણ**	૨૩૬
૧૨૮.	આપ્તશબ્દ પણ આગમરૂપ	૨૩૮
૧૨૯.	યથાર્થવક્તા	૨૪૧
૧૩૦.	શબ્દમાં વિશેષતા	૨૪૩
૧૩૧.	શબ્દની યથાર્થતા - અયથાર્થતા	૨૪૬
૧૩૨.	શબ્દનો વિભાગ	૨૪૭
૧૩૩.	પદનું લક્ષણ	૨૪૯
૧૩૪.	વાક્યનું લક્ષણ	૨૫૧
૧૩૫.	સપ્તભંગીનું સ્વરૂપ- લક્ષણ	૨૫૪
૧૩૬.	સાત વાક્યોના નામ, સપ્તવિધપણું	૨૫૮
૧૩૭.	ધર્મોના નામો	૨૬૩
૧૩૮.	સપ્તભંગીનું ભાન	૨૬૬
૧૩૯.	પહેલા-બીજા ધર્મની અપેક્ષાએ ત્રીજા-ચોથા ધર્મની ભિન્નતાનું સમર્થન	૨૬૭
૧૪૦.	સપ્તભંગીનો વિભાગ	૨૬૯
૧૪૧.	વિકલાદેશનું સ્વરૂપ વર્ણન	૨૭૦
૧૪૨.	અભેદવૃત્તિ - અભેદ ઉપચાર પ્રયોજકનું સ્થાન	૨૭૧

ક્રમ	વિષય	પેજ નંબર
૧૪૩.	એક ભંગમાં કાળ આદિની ઘટના	૨૭૩
૧૪૪.	ભેદાભેદ સંબંધ, અભેદનો તથા અસંભવ, અભેદ વૃત્તિનો	૨૭૭
૧૪૫.	૧. વિધિવિધેયક બોધ, ૨. નિષેધ વિધેયક બોધ, ૩. અવચ્છિન્નત્વનો બોધ, ચોથા-પાંચમા-છઠ્ઠા-સાતમા ભંગનો વાક્યાર્થ	૨૮૪
૧૪૬.	ઘટનું સ્વરૂપ, ઘટના સ્વરૂપો અને પરરૂપો, ઘટનું સ્વરૂપ તેનાથી ભિન્ન પરદ્રવ્ય, ક્ષેત્રના અવલંબનથી સ્વરૂપ-પરરૂપ. કાળની અપેક્ષાએ સ્વરૂપ-પરરૂપનું નિરૂપણ...	૩૦૪
૧૪૭.	આઠ દોષોનું વર્ણન તથા નિવારણ	૩૧૭
૧૪૮.	આગમાભાસનું નિરૂપણ	૩૨૨
૧૪૯.	**પ્રમાણ નિરૂપણ નામનું સાતમું કિરણ**	૩૨૩
૧૫૦.	પ્રમાણ્ય અને અપ્રમાણ્યની ઉત્પત્તિ	૩૩૨
૧૫૧.	પ્રમાણનો વિષય	૩૪૮
૧૫૨.	સામાન્યનું સ્વરૂપ	૩૫૯
૧૫૩.	ઊર્ધ્વતા સામાન્યનું લક્ષણ	૩૬૧
૧૫૪.	વિશેષનો વિભાગ	૩૬૩
૧૫૫.	પર્યાયોનું નિરૂપણ	૩૬૭
૧૫૬.	ગુણ પર્યાયના ભેદ	૩૭૦
૧૫૭.	પ્રમાણજન્ય ફળ વર્ણન	૩૭૧
૧૫૮.	પ્રમાણના વ્યવહિત ફળનું વર્ણન	૩૭૩
૧૫૯.	મતિ-શ્રુત આદિ પ્રમાણોનું ફળવર્ણન	૩૭૫
૧૬૦.	પ્રમાણોનું ફળ પ્રમાણથી ભિન્નાભિન્ન	૩૭૬
૧૬૧.	**આરોપ નિરૂપણ નામક આઠમું કિરણ**	૩૭૯
૧૬૨.	પ્રકારવત્વ જ્ઞાનમાં આરોપ, વિરોધ અને પ્રમાણ	૩૮૭
૧૬૩.	વિપરીત ખ્યાતિનું સ્વરૂપ	૩૯૯
૧૬૪.	વિપર્યયનું વર્ણન	૪૦૧
૧૬૫.	સંશય સ્વરૂપનું વર્ણન	૪૦૪
૧૬૬.	ક્રમથી આવેલ અનધ્યવસાયનું નિરૂપણ	૪૦૭
૧૬૭.	પરોક્ષ વિષયવાળા અનધ્યવસાયનું વર્ણન	૪૦૮
૧૬૮.	**નયનિરૂપણ નામક નવમું કિરણ**	૪૦૯
૧૬૯.	નયનું પ્રમાણ - અપ્રમાણપણું	૪૧૮
૧૭૦.	સાત પ્રકારવાળો નય, સપ્ત નયનું સ્વરૂપ	૪૨૦
૧૭૧.	નૈગમ નયના સ્વરૂપનું વર્ણન	૪૨૭
૧૭૨.	ધર્મદ્વયવિષયક ઉદાહરણો	૪૨૯
૧૭૩.	ધર્મ-ધર્મી ઉભયવિષયકની વિવક્ષામાં દૃષ્ટાન્તો	૪૩૦

ક્રમ	વિષય	પેજ નંબર
૧૭૪.	સંગ્રહનું લક્ષણ	૪૩૩
૧૭૫.	પૂ. વાદિદેવસૂરિ સૂત્રના અવલંબને વ્યવહાર નયનું લક્ષણ	૪૩૬
૧૭૬.	ઋજુસૂત્ર નયના સ્વરૂપનું વર્ણન	૪૪૦
૧૭૭.	શબ્દ નયનું ઉપદર્શન	૪૪૪
૧૭૮.	ક્રમથી કાળ આદિના દૃષ્ટાંતોનું ઉપદર્શન	૪૪૫
૧૭૯.	સમભિરૂઢ નયના સ્વભાવનો આવિર્ભાવ	૪૪૯
૧૮૦.	એવંભૂત નયનું ઉપપાદન	૪૫૩
૧૮૧.	અર્થપ્રધાન-શબ્દ પ્રધાન નયોનું સ્વરૂપ	૪૫૮
૧૮૨.	ભાવાભાવ વિષયક નયો	૪૬૩
૧૮૩.	નયાભાસ - સંગ્રહાભાસ - વ્યવહારાભાસ - ઋજુસૂત્રનયાભાસ - શબ્દનયાભાસ - સમભિરૂઢનયાભાસ - એવંભૂતનયાભાસ	૪૬૫
૧૮૪.	નયનું ફળ	૪૮૨
૧૮૫.	**વાદ નિરૂપણ નામક દશમું કિરણ**	૫૦૦
૧૮૬.	સાધનદૂષણ આત્મક વચન કેવું હોય છે ?	૫૦૨
૧૮૭.	વાદથી ચરિતાર્થતા, વાદમાં પ્રારંભકપણું	૫૦૩
૧૮૮.	જિગીષનું અને તત્ત્વનિર્ણીનીષુનું સ્વરૂપ	૫૦૬
૧૮૯.	તત્ત્વનિર્ણીનીષુના પ્રકારોનો પ્રકાશ, ઉદાહરણો	૫૦૭
૧૯૦.	આરંભકના પ્રકારો, ચાર અંગો, અંગોનો નિયમ-નિયમન, દરેક અંગનું નિરૂપણ, સભ્યનું લક્ષણ, સભાપતિ સ્વરૂપનું દર્શન. સભાપતિનું કર્ત્તવ્ય, સમ્યગ્ જ્ઞાનનું પ્રકરણ...	૫૦૯
૧૯૧.	**ત્રીજો ભાગ - ચરણ નિરૂપણ નામક પ્રથમ કિરણ પ્રારંભ**	૫૨૨
૧૯૨.	ચરણના ભેદનું નિરૂપણ	૫૨૫
૧૯૩.	વ્રતના સ્વરૂપનો નિર્ણય, વ્રતનું વર્ણન, બીજા વ્રતોનું વર્ણન	૫૨૭
૧૯૪.	ક્રમ પ્રાપ્ત ત્રીજો - ચોથો -પાંચમા વ્રતનું વર્ણન	૫૩૮
૧૯૫.	ક્ષમાધર્મનું નિરૂપણ	૫૫૦
૧૯૬.	માર્દવના સ્વરૂપનું વર્ણન, આર્જવનું - શૌચના સ્વરૂપનું વર્ણન	૫૫૨
૧૯૭.	સત્યનું - સંયમનું - ત્યાગધર્મનું - આકિંચન્ય આદિનું સ્વરૂપ	૫૫૬
૧૯૮.	નવ પ્રકારકના જીવોનું સંયમ, પ્રેક્ષ્ય - ઉપેક્ષ્ય સંયમનું વર્ણન	૫૬૪
૧૯૯.	અપહૃત્ય આદિ - કાય આદિ સંયમનું વર્ણન	૫૬૬
૨૦૦.	વેયાવૃત્ત્યનું વર્ણન	૫૬૯
૨૦૧.	આચાર્યના સ્વરૂપનું વર્ણન	૫૭૦
૨૦૨.	પ્રવ્રાજક આદિના સ્વરૂપનું વર્ણન	૫૭૨

ક્રમ	વિષય	પેજ નંબર
૨૦૩.	ઉપાધ્યાયનો પરિચય	૫૭૩
૨૦૪.	તપસ્વી - શૈક્ષક ગ્લાન - ગણ - કુલનું વર્ણન	૫૭૪
૨૦૫.	સંઘનું - સાધુ સ્વરૂપનું - સમનોજ્ઞનું - બ્રહ્મચર્યની ગુપ્તિનું વર્ણન	૫૭૭
૨૦૬.	વસતિ - કથા - નિષદ્યા - ઇન્દ્રિય - કુડ્યાંતર - પૂર્વક્રીડીત - પ્રણીત - આહાર-ભૂષણગુપ્તિનું સ્વરૂપ	૫૮૦
૨૦૭.	જ્ઞાનાદિ ત્રિકનું નિરૂપણ, તપનું વર્ણન	૫૮૫
૨૦૮.	ક્રોધ નિગ્રહનું નિરૂપણ	૫૮૬
૨૦૯.	**કરણસિત્તરિ નામક બીજું કિરણ પ્રારંભ**	૫૮૭
૨૧૦.	પિંડવિશુદ્ધિ	૫૯૩
૨૧૧.	ઉત્પાદના દોષોનું વર્ણન, ગ્રહણૈષણાના દશ - સંયોજનાના પાંચ દોષો ભોજનના છ કારણો - સમિતિનું વર્ણન	૫૯૬
૨૧૨.	ભાવનાનું કથન - ૧૨ ભાવનાનું વર્ણન	૬૦૨
૨૧૩.	લોકનું સ્વરૂપ	૬૧૩
૨૧૪.	મેરૂપર્વતનું વર્ણન, સાત ક્ષેત્રોનું સ્વરૂપ	૬૩૮
૨૧૫.	કર્મભૂમિ અને અકર્મભૂમિનો ભેદ	૬૪૪
૨૧૬.	ઉર્ધ્વલોકમાં વાસ, કલ્પોપપન્ન દેવોના સ્થાનો	૬૫૪
૨૧૭.	ગ્રૈવેયકો - અનુત્તરોનું નિરૂપણ	૬૬૧
૨૧૮.	સિદ્ધક્ષેત્રનું - સિદ્ધાત્માઓનો નિવાસ	૬૬૨
૨૧૯.	ભિક્ષુપ્રતિમાનું વર્ણન	૬૬૭
૨૨૦.	પ્રતિલેખનાનું વર્ણન	૬૭૨
૨૨૧.	ત્રણ ગુપ્તિઓ - અભિગ્રહનું વર્ણન	૬૭૬
૨૨૨.	**પુલાકાદિ નિરૂપણક નામ ત્રીજું કિરણ**	૬૭૮
૨૨૩.	પુલાકનું સ્વરૂપ વર્ણન	૬૮૦
૨૨૪.	સેવાપુલાક આદિના સ્વરૂપનું વર્ણન	૬૮૨
૨૨૫.	બકુશનું વર્ણન	૬૮૪
૨૨૬.	કુશીલનું વર્ણન	૬૮૬
૨૨૭.	નિર્ગ્રંથનું નિરૂપણ	૬૯૨
૨૨૮.	સ્નાતક ચારિત્રીનું વર્ણન	૬૯૫
૨૨૯.	સંયમ-શ્રુત-પ્રતિસેવના-તીર્થ-લિંગ-લેશ્યા-ઉપપાત-સ્થાન દ્વાર	૬૯૬
૨૩૦.	સમ્યક્ ચારિત્ર નિરૂપણનો ઉપસંહાર	૭૦૪
૨૩૧.	ગણધર સુધર્માસ્વામીથી ગ્રંથકાર પરંપરા પરિચય	૭૦૫

• • •

तत्त्वन्यायविभाकर द्वितीय खण्ड

- शुद्धि दर्शनम् -

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
३	२२	आर्य	आचार्य
४	३	औत्पत्यादिकी	औत्पातिकी
९	१८	ભક્ષ	લક્ષણ
१५	२	अनुभाना भास	अनुमानाभास
१८	३	समकाल भाविनश्च	समकालभाविनश्च
२७	२५	प्राज्ञादिमत्व	प्राज्ञादिमत्त्व
२८	१२	ज्ञतिमत्व	ज्ञतिमत्त्व
५६	२६	अन	अने
५९	१२	निरन्तरमवलोकयत	निरन्तरमवलोकयत
६२	२४	सर्य	सूर्य
६५	१६	जघन्यतोऽङ्गुलाऽसंख्येय	जघन्यतोऽङ्गुलाऽसंख्येय
६५	२६	पृतगुक्त	पृथगुक्त
६८	७	भेदात्रिविधश्शब्दः	भेदात्त्रिविधश्शब्दः
७४	८	आहतदावरणेति	आह तदावरणमिति
७४	८	अर्थग्रहणओन्मुख	अर्थग्रहणोन्मुख
७५	१९	इत्याति	इत्यादि
७८	२	प्रयोगाभिव्यङ्गय	प्रयोगाभिव्यङ्ग्य
८७	१६	'तेज'	'ते ज'
९२	३	संशयविपर्यया	संशयविपर्यया
९२	११	ईदृश	ईदृश
९५	५	त्वोत्पत्तिकी	त्वौत्पातिकी
१०५	११	निष्ठी वन	निष्ठीवन
१२१	३०	'प्रयभिजानामि'	'प्रत्यभिजानामि
१२२	८	विषयी क्रियते	विषयीक्रियते
१३१	२०	'क्वचित्त्विति'	क्वचित्त्विति
१३४	३	परस्मिन्स्तदनुसारि	परस्मिंस्तदनुसारि
१३७	५	अत्रे	अत्र
१४०	१३	मद्मनुसादौ	मद्मनसादौ
१४१	३	तुप्	मतुप्
१४९	५	जनकसाग्रया	जनकसामग्रया
१५०	१०	वह्निमत्वपर्वतः	वह्निमत्त्वपर्वतः
१५०	२२	स्वामिप्रेतार्थः	स्वाभिप्रेतार्थः
१५१	१९	प्रेत्यासुकप्रदत्त्व३५	प्रेत्यासुख्प्रदत्त्व३५
१५९	४	षड्वि धानि	षड्विधानि

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
१६७	१२	घटनां	पटमां
१७३	१८	ज्ञानी	आनी
१७५	४	जननुं	जननुं
१७९	५	प्रतिषेध्यस्वभान	प्रतिषेध्यस्वभान
१८१	२३	ઉદગય	ઉદય
१८३	१२	पृथुबुदन	पृथुबुध्न
१८६	३	विधिसधक	विधिसाधक
१९३	१४	सिधासब्दयिधित	सिधासधियिधित
१९५	२९	ईदादिश्च	ईदादिश्च
२०५	१४	मरणहितत्वादिति	मरणरहितत्वादिति
२०६	४	मरणहितत्वादिति	मरणरहितत्वादिति
२०६	५	हेतुरव्यमिति	हेतुरयमिति
२०९	२४	सङ्क्रमयति	सङ्क्रामयति
२१२	२१	मित्रतनय	मित्रातनय
२१४	२०	सबब-	सकल
२१६	९	पक्ष ભાસનું	पक्षाभासनुं
२१८	२३	समाभाक्षौदिनैवं	सभाक्षोभादिनैवं
२२०	१४	तथाग्र	तथाच
२४५	२६	दोषाच्च	दोषाश्च
२५१	२०	पर२स्पर२सापेक्ष	पर२स्पर२सापेक्ष
२५२	२	'गोमानय'	'गामानय'
२५३	२०	घटोऽस्तीत्यदि	घटोऽस्तीत्यादि
२५७	१७	तद्बोधकतया	तद्बोधकतया
२६०	२०	जिसासायाः	जिज्ञासायाः
२६२	१८	क्वचिब्दाभिते	क्वचिद्बाभिते
२६३	३	कभार्पित	कर्मार्पित
२६४	२४	प्रकारताद्वय	प्रकारताद्वय
२६७	११	विलक्षणधर्मवत्व	विलक्षणधर्मवत्त्व
२७४	२९	साक्षे	साक्षे
२७७	३	पर्यार्थिकनयनां	पर्यायार्थिकनयनां
२७९	१	सम्बंधेना	सम्बन्धेना
२८२	८	तब्बोधनाय	तद् बोधनाय
२८४	२	काव्यायाश्रयणात्	काव्याश्रयणात्
२८४	६	एव कारार्था-	एवकारार्था-

पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
२१५	१६	'न केनापि	'न केनापि'
२१५	२८	शतृशानच्	शतृशानच्
३०१	१९	पूर्वादितेषु	पूर्वोदितेषु
३०५	३	ज्ञानीयप्रकार तेति'	ज्ञानीयप्रकारतेति'
३०६	२७	ससंभव	असंभव
३११	२	थई छे	थी छे.
३१५	२४	वृध्य घातक	वध्यघातक
३२१	५	वासिन्तिक	वासन्तिक
३२१	१४	निरूप्यं	निरूप्य
३३५	२४	पेक्ष्यपेक्षितत्व	पेक्ष्यापेक्षितत्व
३३६	१९	भिन्नज्ञतिय	भिन्नज्ञतीय
३३७	१४	तिरेकेणेत्येवं	तिरेकेणेत्येवं
३५२	२१	जननो	जननो
३५६	१२	विलक्षणपणुं	विलक्षणपणुं
३६३	१२	गोबलि वदे	गोबलिवर्दे
३६५	१४	वस्तुवस्तु	वस्तुतस्तु
३७१	३	स्वाद्वादमनुगच्छति	स्याद्वादमनुगच्छति
३८०	३	विरोधीत्व	विरोधित्व
३८४	५	चनैत्वाग्रहेऽपि	चनैकत्वाग्रहेऽपि
४००	१३	चक्यचकितपणुं	चक्यंकितपणुं
४०६	१२	'अंतनिगीर्ण'	'अंतर्निगीर्ण'
४१०	३	समज्ञाननुं	सम्यग्ज्ञाननुं
४१७	२०	विशेषकोटयापेक्षितत्वात्	विशेषकोट्युपेक्षितत्वात्
४२८	३०	कालान्तरस्थायिनः	कालान्तर स्थायिनः
४४०	५/७	सामग्रा:	सामग्र्या:
४४३	२	'गुरुगुरुवः'	'गुरुगुरवः'
४४९	१७	प्रयोजकपणां	प्रयोजकपणामां
४४९	२४	'घटे-	'घटते-
४४९	२६	'कंजलं	'कं जलं
४५४	२१	'राजन'	'राजन्'
४५५	३१	ईडिनशब्द	इडिन् शब्द
४६५	२८	'आत्मवृत्ति' ति ।	आत्मवृत्ती ति ।
४६८	७	शब्दानयाभासमाह	शब्दनयाभासमाह
४६८	१०	सानून भिदधति	सानूनभिदधति
५०४	५	निर्णिनीपुञ्च	निर्णिनीषुञ्च
५०९	२१	तत्त्वनिर्णइनीषु	तत्त्वनिर्णिनीषु
५२५	५	संव२२३५	संव२३५
५४१	२३	दाढर्यापादनार्थं	दार्ढ्यापादनार्थं
५४९	१	तद्व्यावत्तनाय	तद् व्यावर्त्तनाय
पृष्ठ नं.	पंक्ति नं.	अशुद्ध	शुद्ध
५५२	८	मदाद्व्युपरमः	मदाद् व्युपरमः
५६१	१	सेत् ।	वसेत् ।
५६४	४	नवविधा	नवविधा
५६९	२६	सुतोद्वेग	सुतोद्वेग
५७९	२१	सारङ्गलोचन'	सारङ्गलोचने'
५८८	२	सप्ते-	सप्त-
५८८	७	पृवत्तेः,	प्रवृत्तेः,
५८९	४	तप्राप्तित्वं	तत्प्राप्तित्वं
५९७	४	निर्ग्रन्थ,	निर्ग्रन्थ,
६०२	१	द्वादसविधाः	द्वादशविधाः
६०९	१७	निरुंध्यादिति	निरुन्ध्यादिति
६११	४	क्षणाद्वितीयक्षणे	क्षणाद् द्वितीयक्षणे
६१४	११	कृत्स्न	कृत्स्न
६१५	२२	दिग्वदिग्व्यवहार	दिग्विदिग्व्यवहार
६३१	३	गरन्धर्व	गन्धर्व
६३४	२१	नच	न च
६३६	३	अनाहृतदेवना	अनाहतदेवनां
६३६	२८	चयोजन	च योजन
६३७	६	जम्बूद्वोपानां	जम्बूद्वीपानां
६३९	१६	पर्वतालङ्कृतानि	पर्वतालङ्कृतानि
६४०	४/५	उत्तरादिव-गच्छेनेत्यर्थः	उत्तरादिगवच्छेनेत्यर्थ
६४०	१२	एवम्भूताः	एवम्भूताः
६४०	१७	धातकीखण्ड	धातकीखण्ड
६६१	२३	६६५	६६५
६७२	२०	लिखधातु	लिख् धातु
६७९	१	चारित्रणो-	चारित्रिणो
६८५	१६	शब्दलचारित्रा	शबलचारित्रा
६८५	१६	सर्वदेशछेदार्हातिचार	सर्वदेशछेदार्हातिचारः
६८६	१	सर्वनिरति ध२भां,	सर्वविरतिध२भां
६८७	१९	विनयवबहुमानो	विनयबहुमानो
६९०	३	ऽेश्या	पऽेश्या
६९१	१४	कषायकुशीलस्या	कषायकुशीलस्य
७०६	१	वेश्यावेश्मनुषित्वा	वेश्यावेश्मन्युषित्वा
७०७	१८	जता	जाता
७०९	९	सूरी शितुः	सूरीशितुः

• • •

गुर्जर अनुवादकप्रशस्तिः

सुन्दरपुरन्दरवृन्द-वन्दितोऽखण्डानन्दसन्दोहात् ।
वासुपूज्यः पूज्यः, पातु पतितपावनकः प्रभुः ॥ १ ॥

श्रीमद् भुवनतिलकसूरिसुगुरु प्रेरणापीयूषम् ।
भद्रङ्करेणाचार्येण, मया प्राप्य विहितोऽनुवादः ॥ २ ॥

आदोनीनगरवरे तत्त्वन्यायविभाकरटीकायाः ।
विघ्नगणकमवगणय्य, कठिनाया अपि प्रारब्धः ॥ ३ ॥

दिशतुं शाश्वत शर्म श्रीशिवसम्भवः सम्भवः शम्भुः ।
स्वस्तिश्री श्रावस्त्यां जातकल्याणक चतुष्ट्यः ॥ ४ ॥

कराडनगरे पूर्णः सञ्जातः सम्भवनाथकृपातः ।
गुर्जरभाषायां स्ताद् वाचकज्ञानाभिवृद्धये ॥ ५ ॥

(आर्या)

पञ्चभिःकुलकम्



વિટાનગરે તત્ત્વન્યાયવિભાકર ગ્રંથના
દ્વિતીયભાગના ઉદ્‌ઘાટન પ્રસંગે
કર્ણાટકકેસરી, આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **ભદ્રંકરસૂરીશ્વરજી** મહારાજના
આશીર્વાદ લઈ રહેલા
કેન્દ્રના નાયબ વડાપ્રધાન શ્રી યશવંતરાય ચવ્હાણ
(તા. ૨-૧-૧૯૮૦, વિટા મહારાષ્ટ્ર)

अथ द्वितीयो भाग

प्रथमः किरणः ॥

अथावसरप्राप्तं सम्यग्ज्ञानं विभजते –

मतिश्रुतावधिमनःपर्यवकेवलानि ज्ञानानि ॥ १ ॥

मतीति । मतिज्ञानं श्रुतज्ञानावधिज्ञानं मनःपर्यवज्ञानं केवलज्ञानमित्यर्थः । ज्ञानानीतिबहुवचनमेकैकस्मिन् ज्ञानताख्यापनाय । ज्ञानं चात्मनस्स्वपरावभासकोऽसाधारणो गुणः कथञ्चिदभिन्नः कथञ्चिद्भिन्नश्च[1] । स चाम्बुधरपटलपरिमुक्तस्य दिनमणेरिवापास्तसमस्तावरणस्य जीवस्य स्वभावभूतः केवलज्ञानव्यपदेशभाग्भवति । सकलघातिकेवलज्ञानावरणेन कात्स्न्येन ज्ञानस्यावरणासम्भवात् तदानीं योऽयं मन्दप्रकाशः स केवलज्ञानावरणावृतस्य भवति तस्यैव भेदा मत्यादयश्चत्वारः । तादृशे मन्दप्रकाशे केवलज्ञानावरणस्यैव हेतुत्वं, स्पष्टप्रकाशप्रतिबन्धकस्यापि तस्य तत्र हेतुत्वात्, दृष्टश्चोत्कटेऽभ्राद्यावरणे स्पष्टप्रकाशप्रतिबन्धकत्वं मन्दप्रकाशजनकत्वञ्च । अत एव न मतिज्ञानावरणक्षयादिना मतिज्ञानाद्युत्पादनप्रसङ्गः । सोऽयं ज्ञानस्वभावः केवलज्ञानावरणेनावृतोऽपि अनन्ततमभागावशिष्टोऽनावृत एव सामान्यत एकोऽपि अनन्तपर्यायकिर्मीरितमूर्त्तिर्मन्दप्रकाशनामधेयो भवति । स चापान्तरालावस्थितमतिज्ञानाद्यावरणक्षयोपशमसम्पादितं नानात्वं भजते, घनपटला-

---

१. जीवेन ज्ञानस्यात्यन्तभेदेऽन्यज्ञानेनान्यस्य विषयपरिच्छेदाभाववत् स्वात्मनोऽपि तत्र स्याद्भिन्नत्वाविशेषात् । न च समवायेन यत्रैव ज्ञानं समवेतं तत्रैव भवति विषयपरिच्छेद इति वाच्यम्, समवायस्यैकत्वेन नित्यत्वेन च वृत्तेरविशेषात् । सर्वथा चाभेदे गुणग्रहणेन गुणिनोऽपि गृहीतत्वाद्धरिततरुतरुणशाखाविसरसन्धोदरान्तरतः किमपि शुक्लं पश्यन् किमियं पताका किमियं बलाकेत्येवं प्रतिनियतगुणिविषयकसंशयो न स्यादिति भावः ॥

च्छन्नरवेर्मन्दप्रकाश इवान्तरालस्थकटकुट्याद्यावरणविवरप्रवेशात् । न च केवलज्ञानावरणेन बलीयसाऽऽवरीतुमशक्यस्यानन्ततमभागस्य दुर्बलेन मतिज्ञानावरणादिना नावरणसम्भव इति वाच्यम्, कर्मणस्स्वावार्यावारकतायां सर्वघातिरसस्पर्धकोदयस्यैव बलत्वात्तस्य च मतिज्ञानावरणादिप्रकृतिष्वप्यविशिष्टत्वात् । तथा च सर्वघातिरसस्पर्धकवन्मतिज्ञानावरणादिक्षयोपशमजनितं मतिश्रुतावधिमनःपर्यवभेदाच्चतुर्विधं क्षायोपशमिकं ज्ञानं पञ्चमञ्च क्षायिकं केवलज्ञानमिति पञ्च प्रकारा ज्ञानस्येति भावः । मतिश्रुतयोस्स्वाम्येकत्वान्नानाजीवापेक्षया द्वयोस्सार्वदिकत्वादेकजीवापेक्षया चोभयोरपि निरन्तरसातिरेकषट्षष्टिसागरोपमस्थितिकत्वादिन्द्रियमनसोस्स्वस्वावरणक्षयोपशमस्य च तुल्यत्वात् सर्वद्रव्यादिविषयकत्वात्परोक्षत्वान्मतिश्रुतसत्त्व एव चावध्यादीनां प्राप्यमाणत्वाच्च तयोः प्रथममुपादानं, तत्रापि श्रुतस्य मतिपूर्वकत्वात् इन्द्रियानिन्द्रियनिमित्तकस्य सर्वस्यैव मतिज्ञानत्वात्परोपदेशत्वागमवचनत्वरूपविशिष्टतामादायैव श्रुतस्य पार्थक्यवर्णनेन मतिविशेषत्वात्प्राधान्येन मतेरुपन्यासस्ततश्श्रुतस्य । ततो मतिश्रुताभ्यां नानाजीवापेक्षयैकजीवापेक्षया च कालसाधर्म्यान्मतिश्रुतयोर्मिथ्यात्वोदयेऽज्ञानवदवधेरपि तथात्वात्स्वामिसाधर्म्यात्कस्यचित्त्रयाणाममीषां युगपल्लाभसम्भवेन लाभसाधर्म्याच्च ततोऽवधेरुपन्यासः, अवधिमनःपर्यवयोश्छद्मस्थेनाप्यमानत्वात्पुद्गलमात्रविषयकत्वात्क्षायोपशमिकभाववृत्तित्वात् प्रत्यक्षत्वादिसाम्याच्च ततो मनःपर्यवस्योपन्यासः, उत्तमत्वाद्विशिष्टचारित्रस्वामिकत्वादपरज्ञानावसानलाभाच्चान्ते केवलज्ञानस्योपन्यासो बोध्यः ॥

પ્રથમ કિરણ

અવસરપ્રાપ્ત સમ્યગ્જ્ઞાનનો વિભાગ કરે છે.

ભાવાર્થ – "મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-કેવલ, એ જ્ઞાનો છે."

વિવેચન – મતિજ્ઞાન-શ્રુતિજ્ઞાન-અવધિજ્ઞાન-મનઃપર્યવજ્ઞાન-કેવલજ્ઞાન, એવો અર્થ છે. 'ज्ञानानि' ઇતિ. અહીં બહુવચન એક એકમાં જ્ઞાનપણું જણાવવા માટે છે. વળી જ્ઞાન, આત્માનો સ્વ-પરપ્રકાશક,

१. मतिज्ञानस्यैवाऽऽभिनिबोधिकज्ञानमिति नामान्तरम्, अभिमुखं योग्यदेशावस्थितं नियतमर्थमिन्द्रियमनोद्वारेणात्मा येन परिणामविशेषेणावबुध्यते स परिणामविशेषो ज्ञानापरपर्याय आभिनिबोधिकम् । तद् द्विविधं श्रुतनिश्रितमश्रुतनिश्रितञ्चेति । शास्त्रपरिकर्मितमतेरुत्पादकाले शास्त्रार्थपर्यालोचनमनपेक्ष्यैव यदुपजायते मतिज्ञानं तच्छ्रुतनिश्रितमवग्रहादि । सर्वथा शास्त्रसंस्पर्शरहितस्य तथातथाविधक्षयोपशमभावत एवमेव यथावस्थितवस्तुसंस्पर्शि मतिज्ञानं यदुपजायते तदश्रुतनिश्रितं, औत्पातिकीवैनयिकीकर्मजापारिणामिकीभेदभिन्नमिति ॥ २. मतिश्रुते अप्राप्यावध्यादीनामप्राप्यमाणत्वादिति भावः ॥ ३. पूर्वमवग्रहादिमतिज्ञानप्रवृत्तिं विना श्रुतप्रवृत्तेरभावादिति भावः ॥ ४. अतीतानागतवर्त्तमाननिःशेषज्ञेयस्वरूपावभासित्वादुत्तमत्वमिति भावः ॥

અસાધારણ ગુણ, આત્માથી કથંચિદ્‌ભિન્ન અને કથંચિદ્‌ અભિન્ન છે. (જીવની સાથે જ્ઞાનના અત્યંત ભેદમાં, અન્યના જ્ઞાનથી બીજાને વિષયજ્ઞાનના અભાવની માફક પોતાના આત્માને ન થાય, કેમ કે-ભિન્નતા છે. અને સર્વથા અભેદમાં ગુણના ગ્રહણથી ગુણીનું પણ ગ્રહણ થઈ જાય. એથી પ્રતિનિયત ગુણવિષયક સંશય ન થાય.)

૦ તે જ્ઞાનગુણી, મેઘોની માલાથી મુક્ત સૂર્યની માફક સઘળા આવરણ વગરના જીવનો સ્વભાવભૂત કેવલજ્ઞાનરૂપ વ્યવહારવાળો થાય છે.

૦ સર્વઘાતિકેવલજ્ઞાનાવરણ, સમસ્તપણાએ જ્ઞાનમાં આવરણ નહિ કરી શકતું હોવાથી, તે વખતે જે આ 'મંદ પ્રકાશ' કેવલજ્ઞાનાવરણથી આવૃત આત્માને હોય છે, તેના જ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવરૂપ ચાર (૪) ભેદો છે. તાદશ-મતિ આદિરૂપ ચાર મંદ પ્રકાશ પ્રત્યે કેવલજ્ઞાનાવરણનું જ હેતુપણું છે, કેમ કે-કેવલજ્ઞાનરૂપ સ્પષ્ટ પ્રકાશ પ્રત્યે પ્રતિબંધક કેવલજ્ઞાનાવરણ તે મંદ પ્રકાશનો હેતુ છે. વળી પ્રત્યક્ષ સિદ્ધ છે કે-ઉત્કટ મેઘમાલાના આવરણમાં સ્પષ્ટ પ્રકાશ પ્રત્યે પ્રતિબંધકપણું અને મંદ પ્રકાશજનકપણું દેખેલું છે.

૦ એથી જ મતિજ્ઞાનાવરણના ક્ષયોપશમ આદિથી મતિજ્ઞાન આદિની ઉત્પત્તિનો પ્રસંગ નહિ આવે.

૦ તે જ્ઞાનસ્વભાવ, કેવલજ્ઞાન આવરણથી આવૃત છતાં અનંતમો ભાગ અવશિષ્ટ, અનાવૃત જ હોઈ, સામાન્યથી એક પણ અનાવૃત અનંતમો ભાગ અનંત પર્યાય મિશ્રિત સ્વરૂપવાળો મંદ પ્રકાશ નામવાળો થાય છે.

૦ તે મંદ પ્રકાશ, મધ્યસ્થિત મતિજ્ઞાન આદિ આવરણના ક્ષયોપશમથી જન્ય નાનાપણાને પામે છે. જેમ કે-મેઘમાલાથી આચ્છાદિત સૂર્યનો મંદ પ્રકાશ, મધ્યસ્થિત ભીંત-ઝુંપડી-સાદડી-જાલીઓરૂપ આવરણના વિવર-છિદ્રમાં પ્રવેશ હોવાથી પ્રસિદ્ધ છે.

શંકા – બલવાન કેવલજ્ઞાન વડે આવરવા માટે અશક્ય એવા અનંતમા ભાગમાં દુર્બલ મતિજ્ઞાન આવરણ આદિથી આવરણનો અસંભવ ખરો ને ?

સમાધાન – કર્મની, સ્વ આર્ય-જ્ઞાનાદિકની આવારકતામાં સર્વઘાતી રસસ્પર્ધકના ઉદયનું બલપણું છે. (અહીં સ્પર્ધક એટલે રસાંશની અપેક્ષાએ સમાનજાતીય પરમાણુ સમુદાયરૂપ અનંત વર્ગણાનો સમુદાય.) અથવા જેના એકથી બે વિભાગ થઈ શકે, તેવા કર્મપ્રદેશોમાંના રસના સમુદાયની વૃદ્ધિ અને કર્મપ્રદેશોની સંખ્યામાં ઘટાડો જે કર્મસ્કંધમાં થાય, તે સ્કંધને સ્પર્ધક જાણવું અને તે સર્વઘાતી રસસ્પર્ધકનું મતિજ્ઞાનાવરણ આદિ પ્રકૃતિઓમાં પણ અવિશિષ્ટપણું છે. તથાચ સર્વઘાતિ રસસ્પર્ધકવાળા મતિજ્ઞાનાવરણ આદિના ક્ષયોપશમથી પેદા થયેલ મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવના ભેદથી ચાર પ્રકારનું ક્ષાયોપશમિક જ્ઞાન અને પાંચમું ક્ષાયિક કેવલજ્ઞાન છે.

ક્રમવિન્યાસ હેતુઓ – મતિજ્ઞાન (મતિજ્ઞાનનું જ 'આભિનિબોધિક' એવું બીજું નામ છે. અભિમુખ એટલે યોગ્ય દેશમાં રહેલ નિયત પદાર્થને ઇન્દ્રિય અને મન દ્વારા આત્મા, જે પરિણામવિશેષથી જાણે છે, તે વિશિષ્ટ પરિણામ-જ્ઞાનરૂપ અપર પર્યાય 'આભિનિબોધિક.' તે બે પ્રકારનું શ્રુતનિશ્રિત અને અશ્રુતનિશ્રિત

છે. શાસ્ત્રસંસ્કારિત મતિવાળાને ઉત્પત્તિકાળમાં શાસ્ત્રના અર્થના વિચાર વગર જે પેદા થાય છે, તે 'શ્રુતનિશ્રિત.' અવગ્રહાદિ સર્વથા શાસ્ત્રના સંસ્પર્શ વગરનાને તથાવિધ ક્ષયોપશમના વશે કરી એ પ્રમાણે જ યથાર્થવસ્તુ સ્પર્શી મતિજ્ઞાન જે થાય છે, તે અશ્રુતનિશ્રિત છે. ઔત્પાદિકી-વૈનયિકી-કાર્મિકી-પારિણામિકી બુદ્ધિના ભેદવાળું છે.) અને શ્રુતજ્ઞાનના એક સ્વામી હોવાથી, નાના જીવની અપેક્ષાએ બંને સર્વદા સ્થાયી હોવાથી, એક જીવની અપેક્ષાએ બંને નિરંતર, મનુષ્યભવાધિક (૬૬) છાસઠ સાગરોપમની સ્થિતિવાળા હોવાથી, ઇન્દ્રિય મનના, પોતપોતાના આવરણના ક્ષયોપશમની સમાનતા હોવાથી, સર્વ દ્રવ્ય આદિ વિષયવાળા હોવાથી, પરોક્ષ હોવાથી, મતિ-શ્રુતની વિદ્યમાનતામાં જ અવધિ આદિ જ્ઞાનોની પ્રાપ્તિ શક્ય હોવાથી, તે મતિ અને શ્રુતનું પહેલાં ગ્રહણ કરેલ છે.

o ત્યાં પણ મતિજ્ઞાનપૂર્વક (પહેલાં અવગ્રહ આદિ મતિજ્ઞાનની પ્રવૃત્તિ સિવાય શ્રુતની પ્રવૃત્તિનો અભાવ હોવાથી) જ શ્રુતજ્ઞાન હોઈ અર્થાત્ કાર્ય-કારણનો ભેદ હોઈ, ઇન્દ્રિય અને અનિન્દ્રિય નિમિત્તજન્ય સર્વનું જ મતિજ્ઞાનપણું હોઈ, પરોપદેશપણા-આગમવચનપણારૂપ વિશિષ્ટતાને લઈને શ્રુતના પૃથક્પણાના વર્ણનથી મતિની વિશેષતા હોઈ, પ્રધાનતાની અપેક્ષાએ શ્રુતના પહેલાં મતિ મૂકેલ છે અને એના પછી શ્રુત મૂકેલ છે.

o ત્યારબાદ મતિ અને શ્રુતની સાથે અનેક જીવોની અપેક્ષાએ અને એક જીવની અપેક્ષાએ કાળનું સાધર્મ્ય (સમાનપણું) હોઈ, મતિ અને શ્રુતમાં મિથ્યાત્વના ઉદયમાં અજ્ઞાનની માફક અવધિમાં તથાપણું હોઈ, સ્વામીના સાધર્મ્ય-સમાનપણાથી અને કોઈકને વિભંગજ્ઞાની દેવ આદિને સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં એકીસાથે મતિ-શ્રુત-અવધિજ્ઞાનોના લાભનો સંભવ છે. એકીસાથે ત્રણ જ્ઞાનોના લાભનો સંભવ હોઈ લાભની સમાનતાથી મતિ-શ્રુત પછી અવધિનો ઉપન્યાસ છે. અવધિ અને મનઃપર્યવ છદ્મસ્થને પ્રાપ્ય હોવાથી, પુદ્ગલ માત્રના વિષયવાળા હોવાથી, ક્ષાયોપશમિક ભાવમાં વર્તનાર હોવાથી અને પ્રત્યક્ષપણા આદિની સમાનતા હોવાથી અવધિ બાદ મનઃપર્યવનો ઉપન્યાસ છે. સર્વ જ્ઞાનોથી, ઉત્તમપણું હોઈ, (ભૂત-ભવિષ્ય-વર્તમાન સમસ્ત જ્ઞેયસ્વરૂપ પ્રકાશક હોઈ ઉત્તમપણું જાણવું.) વિશિષ્ટ (અપ્રમત્ત) ચારિત્રીરૂપ સ્વામીવાળું હોઈ અને બીજા જ્ઞાનોના અભાવનો લાભ હોવાથી અંતમાં કેવલજ્ઞાનનો ઉપન્યાસ જાણવો.

एतान्येव पञ्च प्रमाणानीत्याह –

एतान्येव प्रमाणानि ॥ २ ॥

एतान्येवेति । मत्यादिज्ञानान्येवेत्यर्थः, प्रमाणानि हेयोपादेयवस्तुतिरस्कारस्वीकारक्षमाणीत्यर्थः, तथा च यतः प्रमाणानि हेयोपादेयवस्तुतिरस्कारस्वीकारक्षमाणि अतो ज्ञानान्येव प्रमाणानि न सन्निकर्षाद्यज्ञानरूपाणि, एवञ्च प्रमाणं ज्ञानमेव हेयोपादेयवस्तुतिरस्कारस्वीकारक्षमत्वाद्यत्तु न ज्ञानं न तद्धेयोपादेयवस्तुतिरस्कारस्वीकारसमर्थं यथा घटादि, हेयानां तिरस्कारायोपादेयानां ग्रहणाय च प्रामाणिकैः प्रमाणानामेव प्रार्थ्यमानत्वान्न साधनासिद्धिः, तच्च न सन्निकर्षादिकं भवितुमर्हति, घटादेरचेतनरूपस्य स्वार्थव्यवसितिं प्रति यथा साधकतमत्वाभावान्न प्रमाणत्वं तथा सन्निकर्षादिरपि, प्रयोगश्च सन्निकर्षादिर्न प्रमाणव्यवहार्यः

स्वार्थनिश्चयासाधकतमत्वाद् यदेवं तदेवं यथा घटादिरिति न च हेतोरसिद्धता, अचेतनत्वेन घटादेरिव स्वव्यवसितावकरणत्वस्य सिद्धत्वात्[1], स्वनिश्चितावकरणत्वादेव च कुम्भादेरिव परव्यवसितावकरणत्वम्[2] । न च यथा काष्ठछेदादिकं फलं कुठारादिकरणजन्यं तथैवार्थव्यवसितेरपि सन्निकर्ष एव करणं न प्रमाता करणं कर्तृत्वान्न प्रमेयं कर्मत्वान्न वा ज्ञानं कार्यत्वादिति वाच्यम्, सन्निकर्षस्य करणत्वानुपपत्तेः, तद्भिन्नस्य भावेन्द्रियविशेषस्यैव करणत्वात् न च परव्यवसित्यकारणत्वसाधकस्वव्यवसित्यकरणत्वरूपहेतोः प्रदीपे व्यभिचारः, स्वनिश्चितावकरणस्यापि तस्य घटादिनिश्चितौ करणत्वात् प्रतीयते हि प्रदीपेन पन्थानं पश्याम इत्यादौ करणत्वमिति वाच्यम्, प्रदीपस्य चक्षुर्मनोरूपमुख्यकारणसहकारितयैव पदार्थपरिच्छेदे करणत्वेन मुख्यतया करणत्वासम्भवात्, उपचारतः करणत्वे च व्यभिचाराभावात्तस्योपचारतः पदार्थपरिच्छेदकत्ववत्स्वपरिच्छेदेऽपि करणत्वात् । न च चक्षुरादौ व्यभिचारः, भावेन्द्रियोपकरणभूतद्रव्येन्द्रियस्य चक्षुरादेरुपचारेण करणत्वात् लब्धेरपि उपयोगात्मकमुख्यकरणकारणत्वेनोपचरितमेव कारणत्वमिति दिक् ॥

ભાવાર્થ – "આ પાંચ જ્ઞાનો જ પ્રમાણો છે."

વિવેચન – एतान्येवेति । મતિ આદિ જ્ઞાનો એવો અર્થ છે. પ્રમાણ એટલે હેય-ઉપાદેય વસ્તુનો ક્રમશઃ તિરસ્કારમાં અને સ્વીકારમાં સમર્થ પ્રમાણ કહેવાય છે. તથાચ જેથી હેય વસ્તુના તિરસ્કારમાં અને ઉપાદેય વસ્તુના સ્વીકારમાં સમર્થ છે તેથી જ્ઞાનો જ પ્રમાણો છે. પરંતુ સંનિકર્ષ આદિ અજ્ઞાનરૂપ છે. [નૈયાયિકો પ્રત્યક્ષ પ્રત્યે સંનિકર્ષનું પ્રમાણપણું સ્વીકારે છે. તેઓના મતમાં સંનિકર્ષ ૬ (છ) પ્રકારનો છે. ૧–સંયોગ, ૨–સંયુક્ત સમવાય, ૩–સંયુક્ત સમવેત સમવાય, ૪–સમવાય, ૫–સમવેત સમવાય અને ૬–વિશેષણ વિશેષ્યભાવ ઇતિ. ચક્ષુદ્વારા ઘટના ગ્રહણમાં સંયોગ સંનિકર્ષ છે. ઘટના રૂપના ગ્રહણમાં સંયુક્ત સમવાય છે. ચક્ષુની સાથે સંયુક્ત ઘટ છે. ત્યાં રૂપનો સમવાય હોવાથી સંયુક્ત સમવાય સંનિકર્ષ છે. રૂપત્વના ગ્રહણમાં સંયુક્ત સમવેત સમવાય છે. ચક્ષુની સાથે સંયુક્ત ઘટ છે. ત્યાં સમવેત રૂપ છે. ત્યાં રૂપત્વનો સમવાય હોવાથી સંયુક્ત સમવેત સમવાય સંનિકર્ષ છે. શ્રોત્રેન્દ્રિ દ્વારા શબ્દના ગ્રહણમાં સમવાય સંનિકર્ષ છે. શ્રોત્રેન્દ્રિય આકાશરૂપ હોઈ 'કર્ણ શષુલી અવચ્છિન્ન આકાશ શ્રોત્રેન્દ્રિય છે.' એમ વચન હોવાથી શ્રોત્રેન્દ્રિયરૂપ આકાશમાં શબ્દનો સમવાય છે. શ્રોત્રેન્દ્રિય દ્વારા શબ્દત્વના ગ્રહણમાં સમવેત સમવાય સંનિકર્ષ છે. શ્રોત્રમાં સમવેત શબ્દ છે. ત્યાં શબ્દત્વનો સમવાય હોવાથી સમવેત સમવાય સંનિકર્ષ છે. ઘટાભાવવાળું ભૂતલ છે. ઇત્યાદિ સ્થલમાં વિશેષણ વિશેષ્યભાવ સંનિકર્ષ છે. ચક્ષુની સાથે સંયુક્ત ભૂતલ છે. ત્યાં ઘટાભાવનું વિશેષણપણું છે. વળી આત્મા આદિ ચારના સંનિકર્ષથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. આત્મા

१. अत्रानुमानं सन्निकर्षादिर्न स्वनिश्चयासाधारणकारणमचेतनत्वाद्घटादिवदिति ॥ २. प्रयोगः सन्निकर्षादिर्न परनिश्चयासाधारणकारणं स्वनिश्चितावकरणत्वाद्घटादिवदिति ॥ यथार्थनिश्चये सन्निकर्षस्य साधकतमत्वमाशंकते न च यथेति ॥

મનની સાથે જોડાય છે. મન ઇન્દ્રિયની સાથે અને ઇન્દ્રિય પદાર્થની સાથે જોડાય છે. સુખ આદિ પ્રત્યક્ષમાં તો ત્રણનો સંનિકર્ષ છે. આત્મા મનની સાથે જોડાય છે. મન સંયુક્ત સમવાય સંબંધી સુખ આદિની સાથે જોડાય છે. આત્મપ્રત્યક્ષમાં તો યોગીઓને આત્મા અને મનનો સંનિકર્ષ છે. અનુમાન આદિ પ્રત્યે તો આત્મા અને મનનો સંનિકર્ષ છે. ઇતિ નૈયાયિક મતમ્.] વળી જ્ઞાન જ પ્રમાણ છે, કેમ કે હેય-ઉપાદેય વસ્તુ તિરસ્કાર - સ્વીકારમાં સમર્થ છે. જે હેય–ઉપાદેય વસ્તુ તિરસ્કાર–સ્વીકારમાં સમર્થ નથી, તે જ્ઞાન નથી. જેમ કે–ઘટ આદિ. તથાચ હેય વસ્તુના તિરસ્કાર માટે અને ઉપાદેય વસ્તુના ગ્રહણ માટે પ્રામાણિક પુરુષોને પ્રમાણો, ઇચ્છાનો વિષય હોવાથી સાધનની અસિદ્ધિ નથી. તે પ્રમાણરૂપે, નૈયાયિકમત સંમત સંનિકર્ષ આદિ બની શકતા નથી, કેમ કે–જેમ અચેતન-જડરૂપ ઘટ આદિમાં સ્વાર્થનિશ્ચય પ્રત્યે સાધકતમ કરણપણાનો અભાવ હોવાથી પ્રમાણપણું નથી, તેમ જડસ્વરૂપી ઇન્દ્રિયાર્થ સંબંધ આદિરૂપ સંનિકર્ષ આદિમાં પ્રમાણપણું નથી.

○ અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે. સંનિકર્ષ આદિ પ્રમાણ તરીકે વ્યવહારયોગ્ય નથી, કેમ કે–સ્વાર્થનિશ્ચયમાં અસાધકતમ-કરણપણું છે. જે સ્વાર્થનિશ્ચયમાં અસાધકતમ છે, તે પ્રમાણ વ્યવહારનો વિષય નથી. જેમ કે–ઘટ આદિ.

○ અહીં હેતુની-સાધનની પક્ષાસત્ત્વરૂપ અસિદ્ધિ નથી, કેમ કે–જડપણું હોઈ, જેમ ઘટ આદિમાં સ્વનિશ્ચય પ્રત્યે અકરણપણું છે, તેમ જડરૂપ હોઈ સંનિકર્ષ આદિમાં સ્વનિશ્ચય પ્રત્યે અકરણપણું સિદ્ધ છે.

○ જે કારણથી સ્વનિશ્ચય પ્રત્યે સંનિકર્ષ આદિનું અકરણપણું છે, તેથી જ ઘટ આદિની માફક પરપદાર્થના નિશ્ચય પ્રત્યે અકરણપણું છે.

શંકા – જેમ કાષ્ઠછેદ આદિરૂપ કાર્ય જડકુઠાર આદિ નહીં કરણજન્ય છે, તેમ પરપદાર્થના નિશ્ચય પ્રત્યે પણ સંનિકર્ષ જ કરણ છે; કેમ કે–અહીં આત્મારૂપ પ્રમાતા કરણ નથી, કેમ કે–આત્મા કર્ત્તા છે. પ્રમેય કરણ નથી, કેમ કે–તે વિષયરૂપ કર્મ છે. જ્ઞાન પણ કરણ નથી, કેમ કે– જ્ઞાન કાર્ય-ફળ છે. હવે સંનિકર્ષને કરણ તરીકે માનવું જ પડશે ને ?

સમાધાન – પદાર્થના નિશ્ચય પ્રત્યે ઇન્દ્રિય-પદાર્થના સંબંધરૂપ સંનિકર્ષ કરણ નથી, કેમ કે–ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ હોવા છતાં જ્ઞાનનો અભાવ હોવાથી પદાર્થનો નિશ્ચય થતો નથી. કર્તા-કર્મ આદિ કારકોથી વિલક્ષણ જ્ઞાન જ કારણરૂપ પ્રકૃષ્ટ ઉપકારક કરણ છે. તે હોવાથી પદાર્થ ઉપલબ્ધ થાય છે. તે પદાર્થની ઉપલબ્ધિ પ્રત્યે કરણ કહેવાય છે. ઇન્દ્રિય સંનિકર્ષ સામગ્રી આદિ હોવા છતાં જ્ઞાનના અભાવમાં અર્થોપલબ્ધિ થતી નથી, માટે અવ્યવહિત ફલજનક હોઈ સાધકતમ જ્ઞાન જ પદાર્થના નિશ્ચય પ્રત્યે કરણ છે. અતએવ પરના નિશ્ચય પ્રત્યે સંનિકર્ષ કરણપણાએ ઉપપન્ન થતો નથી. સંનિકર્ષથી ભિન્ન પદાર્થના નિશ્ચય પ્રત્યે નેત્રાદિરૂપ વિશિષ્ટ-લબ્ધિઉપયોગ ભાવેન્દ્રિયરૂપ જ્ઞાન જ કારણ છે. [નેત્ર આદિ લબ્ધિઉપયોગરૂપ ભાવેન્દ્રિય સ્વ-પરપ્રકાશક છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થનારી વિશુદ્ધિ અથવા વિશુદ્ધિથી ઉત્પન્ન થનાર ઉપયોગરૂપ જ્ઞાન ભાવેન્દ્રિય કહેવાય છે. સ્પર્શન-રસના આદિ પાંચ ઇન્દ્રિયોના આવરણના ક્ષયોપશમ થયા પછી પદાર્થોને જાણવાની વિશિષ્ટ શક્તિ-લબ્ધિ તથા પોતપોતાની લબ્ધિને અનુસાર વિષયોમાં જે આત્માનો પ્રવૃત્તિરૂપ વ્યાપાર, તે ઉપયોગ કહેવાય છે. અતએવ ભાવેન્દ્રિયો સ્વસંવેદનરૂપ હોઈ સ્વપ્રકાશક છે, માટે જ પરપદાર્થપ્રકાશક છે.]

शंका – જે સ્વનિશ્ચયમાં અકરણ હોય છે, તે પરનિશ્ચય પ્રત્યે અકરણ છે. આવા પરનિશ્ચયના અકારણતા સાધક સ્વનિશ્ચયના અકરણત્વરૂપ હેતુનો પ્રદીપમાં વ્યભિચાર છે, કેમ કે-સ્વનિશ્ચય પ્રત્યે અકરણ એવા તે પ્રદીપનું ઘટ આદિના નિશ્ચય પ્રત્યે કરણપણું છે. ખરેખર, પ્રતીત થાય છે કે–'પ્રદીપ વડે માર્ગને અમે જોઈએ છીએ.' ઇત્યાદિ વ્યવહારમાં કરણપણું છે ને ?

समाधान – ચક્ષુ(મન)રૂપ મુખ્ય કારણના સહકારીપણાએ (અપેક્ષાકારણરૂપે) પદાર્થના નિશ્ચય પ્રત્યે કરણપણું હોઈ મુખ્યપણાએ પ્રદીપમાં કરણપણાનો અસંભવ છે. જેમ અર્થનિશ્ચયમાં પ્રદીપ ઉપચારથી (ગૌણથી) કરણ છે, તેમ કહો તો વ્યભિચારનો અભાવ છે. તે પ્રદીપના ઉપચારથી પરપદાર્થ નિશ્ચાયકપણાની માફક સ્વનિશ્ચય પ્રત્યે પણ કરણપણું છે જ.

शंका – તો પછી સ્વનો નિર્ણય નહીં કરનાર પરપ્રકાશક ચક્ષુ આદિમાં તો વ્યભિચાર કેમ નહીં ?

समाधान – ભાવેન્દ્રિયના ઉપકરણભૂત દ્રવ્યેન્દ્રિય (નિવૃત્તિ ઉપકરણરૂપ) ચક્ષુ આદિમાં ગૌણ વૃત્તિથી કરણપણું હોઈ વ્યભિચાર નથી. લબ્ધિમાં પણ ઉપયોગ-જ્ઞાનરૂપ મુખ્ય કરણનું કારણપણું હોઈ ઉપચારથી જ કરણપણું છે.

વિષય પદાર્થના નિશ્ચય પ્રત્યે મુખ્ય કરણ સ્વ-પરપ્રકાશક ઉપયોગરૂપ ભાવેન્દ્રિય જ્ઞાનરૂપ જ છે. ગૌણ વૃત્તિથી લબ્ધિન્દ્રિય અને નિવૃત્તિ-ઉપકરણરૂપ દ્રવ્યેન્દ્રિય કરણ છે.

ननु किं तत्प्रमाणमित्यत्राह –

यथार्थनिर्णयः प्रमाणम् ॥ ३ ॥

यथार्थेति । अत्रार्थपदेन ज्ञानं घटादिर्विषयश्च विवक्षितः, यथावस्थितत्वेनार्थो निर्णीयतेऽनेनेति यथार्थनिर्णयः, यथावस्थितस्वपररूपार्थपरिच्छेदकं ज्ञानमित्यर्थः, लक्षणञ्च यथावस्थितार्थपरिच्छेदकज्ञानत्वं, लक्ष्यञ्च प्रमाणम् । यद्यपि प्रमाणशब्दस्य सर्वकारकैर्भावेन च व्युत्पत्तिर्भवति तया च क्रमेणाऽऽत्मार्थज्ञानार्थक्रियाकारणकलापक्षयोपशमक्रियारूपाः प्रमाणशब्दवाच्या भवन्ति तथापीह परीक्षाक्षमत्वेन ज्ञानमेवाधिक्रियते, इतरेषां परीक्षाया ज्ञानपूर्वकत्वात् । येन चार्थं परिच्छिद्यार्थक्रियासमर्थार्थप्रार्थनया प्रमातारः प्रवर्त्तन्ते तदेव ज्ञानमिहात्मना सह धर्मितयाऽभिन्नमपि[१] प्रमीयतेऽऽनेनेति व्युत्पत्त्या धर्मरूपतया[२] व्यतिरिक्तं प्रमाणमुच्यते । तत्र विप्रतिपन्नान् तीर्थान्तरीयान् प्रति प्रमाणोद्देशेन लक्षणं विधेयम्, यद्भवतामत्माकञ्च प्रमाणतया प्रसिद्धं तद्यथावस्थितार्थपरिच्छेदकं ज्ञानमिति । यदाऽव्युत्पन्नमतीन् प्रति लक्षणं तदा प्रतिप्राणि यस्य कस्यचिद्यथार्थनिर्णयस्य प्रसिद्धत्वेन योऽयं भवतां यथार्थनिर्णयः प्रसिद्धस्तत्प्रमाणमिति बुद्ध्यतामिति प्रमाणं विधेयम् ।

१. द्रव्यार्थादेशेनेत्यर्थः । २. पर्यायनयादेशेनेत्यर्थः ।

प्रमाणप्रमेयापलापिनः प्रत्युभयं विधेयम्, स्वदर्शनश्रद्धालून् प्रति त्वनुवाद्यमिति । एवमेव सर्वत्र लक्ष्यलक्षणभावोऽवसेयः । यथावस्थितार्थपरिच्छेदे च ज्ञानमेव साधकतमं न तु सन्निकर्षादि, साधकतमन्तु यत्र प्रमात्रा व्यापारिते सत्यवश्यं कार्यस्योत्पत्तिस्तदभावेऽनुत्पत्तिरेव तत्र तत्[1], यथा कुठारश्छेदने । न च तथा सन्निकर्षादि, नभसि नयनसन्निकर्षसम्भवेऽपि प्रमानुत्पत्तेः, तदभावेऽपि प्रातिभप्रत्यक्षाणामार्षसंवेदनविशेषाणाञ्च समुद्भवात् । न च नभसि रूपाभावान्न प्रमोत्पत्तिरिति वाच्यम्, रूपस्य प्रत्यक्षानुपपत्तिप्रसङ्गात् नहि तत्र रूपस्ति । न च तदाधारभूते द्रव्ये रूपान्तरमस्तीत्यतो नानुपपत्तिरिति वाच्यम्, त्वयैकत्र व्याप्यवृत्ति[2]सजातीयगुणद्वयानङ्गीकारात् । न चावयवरूपमवयविरूपोपलब्धौ कारणमिति वाच्यम्, त्र्यणुकनिष्ठरूपप्रत्यक्षानुपपत्तेः, द्वयुणुकरूपस्यानुपलम्भेन सहकारित्वासम्भवादिति ॥ निर्णयत्वमात्रोक्तौ निर्विकल्पकप्रत्यक्षस्य बौद्धैः प्रामाण्यतयोक्तस्य प्रमाण[3]त्वापत्तिरतो यथार्थनिर्णयत्वमुक्तं, अर्थनिर्णयत्वमात्रस्य विपर्ययानध्यवसायादौ गतत्वेन तद्वारणाय यथेति, अत एव चानन्तधर्मात्मकवस्तुनिष्ठैकधर्मविषयकज्ञानस्यापि व्युदासोऽनन्तधर्मात्मकवस्तुनिष्ठानन्तधर्मविषयकज्ञानस्यैव यथार्थनिर्णयरूपत्वात् । निर्णयशब्देन च संशयव्युदासः । समग्रेण चार्थोपलब्धिहेतुत्वानधिगतार्थगन्तृत्वादीनां परोक्तलक्षणानां व्युदासः । अर्थोपलब्धिं प्रति परम्परया हेतुत्वेऽञ्जनादीनां प्रमाणत्वापत्तेः, अनन्तरभूतेन्द्रियस्यैव हेतुत्व उपयोगात्मकेन्द्रियातिरिक्तस्येन्द्रियस्य प्रमाणत्वासम्भवात्, व्यवधानात् । प्रत्यभिज्ञादावनधिगतार्थगन्तृत्वस्याभावेन प्रमाणत्वानुपपत्तेस्तस्याधिगतार्थगन्तृत्वादिति तात्पर्यम् ॥

પ્રમાણ શી વસ્તુ છે ? આના જવાબમાં કહે છે કે–

ભાવાર્થ – "યથાર્થ નિર્ણયકારક પ્રમાણ કહેવાય છે."

---

१. फलायोगव्यवच्छिन्नं कारणं करणमिति भावः । २. यथा घटस्य प्रत्यक्षे जननीये विषयातिरिक्तं रूपं कारणमपेक्षितं तथा रूपस्य प्रत्यक्षे जननीये विषयातिरिक्तं रूपमपेक्षणीयं स्यात्तथा च घटे रूपप्रत्यक्षे रूपान्तरसत्त्वाभ्युपगमस्त्वया कर्त्तुं न शक्यते, एकस्मिन् द्रव्ये व्याप्यवृत्तेस्सजातीयस्य गुणद्वयस्यानभ्युपगमेन तव सिद्धान्तव्याघात इति भावः, तैरव्याप्यवृत्तिसंयोगद्वयाद्यभ्युपगमेन व्याप्यवृत्तीत्युक्तं, स्वाधिकरणावृत्तिस्वाभावकत्वं तदर्थः । नास्ति हि रूपाधिकरणे रूपाभावः । घटे व्याप्यवृत्तिरूपरसयोरभ्युपगमात्सजातीयेति, तत्त्वञ्च गुणत्वव्याप्यजात्या, तथा च रूपरसयोस्तथा साजात्याभावान्न क्षतिः ॥ ३. निर्णयत्वं हि निश्चयत्वं संशयभिन्नज्ञानत्वं वा, तच्च बौद्धाभ्युपगते निर्विकल्पके प्रकारतादिरहिते वर्त्तत इति भवत्यतिव्याप्तिरतो यथार्थनिर्णयत्वमुक्तं, तथा च प्रकारतादिविशिष्टमिदं न निष्प्रकारके निर्विकल्पकेऽस्तीति भावः । नन्वर्थनिर्णयत्वमात्रोक्तावपि तद्वारणसम्भवाद्यथेति पदं निरर्थकमित्याशंक्याह्यर्थनिर्णयत्वमात्रस्येति । तथा च यद्वस्तु येनैव प्रकारेण वर्त्तते तेनैव प्रकारेण तन्निश्चयो यथार्थनिर्णयः, तेन न्यूनप्रकारकत्वे विपरीतप्रकारकत्वे वा न प्रमाणत्वमिति भावः ॥

विवेचन – यथार्थेति । અહીં અર્થપદથી જ્ઞાન અને ઘટ આદિ વિષય-એમ બે પદાર્થો વિવક્ષિત છે. યથાવસ્થિતપણાએ જેનાથી અર્થનો નિર્ણય થાય, એવો 'યથાર્થ નિર્ણય'નો અર્થ છે. 'યથાસ્થિત સ્વ-પરરૂપ અર્થ પરિચ્છેદક (નિશ્રાયક) જ્ઞાન'—એ પ્રમાણે અર્થ સમજવો. યથાસ્થિત અર્થ પરિચ્છેદક જ્ઞાનપણું, એ પ્રમાણનું લક્ષણ છે અને લક્ષ્ય પ્રમાણ છે. જો કે પ્રમાણ શબ્દની સર્વકારકોથી (કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણરૂપ છે મુખ્ય ક્રિયા સંબંધી કારકો-જ્ઞાતા-જ્ઞેય-જ્ઞાન-જ્ઞાનફલ-જ્ઞાનહેતુ-જ્ઞાનાધારરૂપ છ કારકોથી) અને ભાવથી વ્યુત્પત્તિ થાય છે. તે વ્યુત્પત્તિથી ક્રમથી આત્મા-અર્થ-જ્ઞાન-અર્થક્રિયા-કારણસમૂહ-ક્ષયોપશમ ક્રિયારૂપ અર્થો પ્રમાણ શબ્દથી વાચ્ય થાય છે, તો પણ અહીં પરીક્ષામાં સમર્થ હોઈ પ્રમાણરૂપે જ્ઞાનનો જ અધિકાર છે, કેમ કે—પરપદાર્થની પરીક્ષા જ્ઞાનપૂર્વક છે.

○ જે જ્ઞાનદ્વારા અર્થનો પરિચ્છેદ કરી અર્થક્રિયામાં સમર્થ પદાર્થની ઇચ્છાથી પ્રમાતાઓ પ્રવર્તે છે, તે જ જ્ઞાન દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ આત્માની સાથે અભિન્ન છતાં (ધર્મી રૂપે) જેનાથી પ્રમાવિષય કરાય છે. એવી વ્યુત્પત્તિથી પર્યાયાર્થિકનયની અપેક્ષાએ આત્માથી ભિન્નરૂપે (ધર્મરૂપે) પ્રમાણ (સમ્યગ્જ્ઞાન) કહેવાય છે.

○ વિપ્રતિપન્ન (વિરોધી) તીર્થાન્તરીય લોકો પ્રત્યે પ્રમાણને ઉદ્દેશી લક્ષણ વિધેય છે. (ઉદ્દેશ્ય પ્રકારાતાર્થે જણાતું નથી.) અહીં પ્રમાણ ઉદ્દેશ્ય (અનુવાદ્ય) છે અને લક્ષણ વિધેય છે, કેમ કે-અમોને અને તમોને પ્રમાણરૂપે જે પ્રસિદ્ધ છે, તે યથાવસ્થિતાર્થ પરિચ્છેદક જ્ઞાન છે.

○ જ્યારે અવ્યુત્પન્ન મતિવાળાઓ પ્રત્યે લક્ષણ છે, ત્યારે પ્રત્યેક પ્રાણીઓમાં જે કોઈ યથાર્થ નિર્ણય પ્રસિદ્ધ હોઈ, જે આ યથાર્થ નિર્ણય પ્રસિદ્ધ છે તે પ્રમાણરૂપ છે, એમ જાણવું જોઈએ. માટે પ્રમાણ (જે અપ્રાપ્ત છે તે) વિધેય જાણવું.

○ અવ્યુત્પન્ન મતિસંપન્ન પ્રત્યે લક્ષ અનુવાદ્ય છે અને પ્રમાણ વિધેય છે.

○ પ્રમાણ અને પ્રમેયનો અપલાપ કરનારાઓ પ્રત્યે લક્ષણ અને પ્રમાણ બંને (અપ્રાપ્ત છે માટે) વિધેય છે.

○ જૈનદર્શન શ્રદ્ધાસંપન્નો પ્રત્યે બંને (જે પ્રાપ્ત છે માટે) અનુવાદ્ય છે. આ પ્રમાણે જ સર્વત્ર લક્ષ્યલક્ષણભાવ જાણવો.

○ યથાવસ્થિત સ્વાર્થ પરિચ્છેદમાં જ્ઞાન જ સાધકતમ છે પરંતુ સંનિકર્ષ આદિ નહીં; કેમ કે—જે જ્યાં પ્રમાતાવડે વ્યાપારના વિષયભૂત પદાર્થ હોયે છતે અવશ્ય કાર્યની ઉત્પત્તિ થાય છે, પ્રમાતાના વ્યાપારના અભાવમાં કાર્યની ઉત્પત્તિ થતી નથી. માટે ત્યાં તો વ્યાપારવાળું સાધન સાધકતમ (અવ્યવહિત ફલજનક કારણ કરણ) કહેવાય છે.

○ જેમ કે-છેદન પ્રત્યે કુઠાર.

○ તેવી રીતે સંનિકર્ષાદિ પદાર્થ નિશ્ચય પ્રત્યે સાધકતમ નથી, કેમ કે—આકાશમાં ચક્ષુનો સંનિકર્ષ હોવા છતાં જ્ઞાનની ઉત્પત્તિ નથી. અરે, સંનિકર્ષના અભાવમાં પણ (ઇન્દ્રિય-લિંગ-શબ્દવ્યાપારની અપેક્ષા

વગરના અકસ્માત 'આજે મારા ઉપર રાજાનો પ્રસાદ થશે' ઇત્યાદિ આકારે સ્પષ્ટ અનુભવજ્ઞાન કહેવાય છે.) પ્રાતિભ પ્રત્યેક્ષોનો અને આર્ષ સંવેદનોનો ઉદ્ભવ થાય છે.

શંકા – આકાશમાં રૂપનો અભાવ હોવાથી જ્ઞાનની કેમ ઉત્પત્તિ થાય ?

સમાધાન – રૂપના પ્રત્યક્ષની અનુપપત્તિનો પ્રસંગ આવશે જ, કેમ કે-તે રૂપમાં રૂપ નથી, અર્થાત્ ગુણમાં ગુણ નથી હોતો, માટે રૂપમાં રૂપ નહીં હોવાથી રૂપનું પ્રત્યક્ષ કેમ થશે ? કોઈ કાળે રૂપનું પ્રત્યક્ષ નહીં થાય ! એવો દોષ આવશે જ.

શંકા – તે રૂપના આધારભૂત દ્રવ્યમાં બીજું રૂપ છે, એમ માનવાથી રૂપના પ્રત્યક્ષની અનુપપત્તિ નહીં જ આવે ને ?

સમાધાન – આપ લોકોએ (નૈયાયિકોએ) વ્યાપ્યવૃત્તિ-યાવદ્ દ્રવ્યભાવિ (જ્યારે ઘટનું પ્રત્યક્ષ કરવાનું હોય, ત્યારે વિષયથી ભિન્ન રૂપ કારણરૂપે અપેક્ષિત છે. તેવી રીતે રૂપનું જ્યારે પ્રત્યક્ષ કરવાનું હોય, ત્યારે વિષયથી ભિન્ન રૂપની અપેક્ષા રહે છે. અને તેવી રીતે ઘટમાં રૂપના પ્રત્યક્ષમાં બીજા રૂપની સત્તાનો સ્વીકાર આપ લોકોથી કરી શકાશે નહીં : કેમ કે–એક દ્રવ્યમાં સજાતીય વ્યાપ્યવૃત્તિ બે ગુણોનો અસ્વીકાર હોઈ, સ્વીકારમાં તમારા સિદ્ધાંતના વ્યાઘાતરૂપ દોષ છે. તે નૈયાયિકોએ અવ્યાપ્યવૃત્તિ સંયોગદ્વય આદિનો સ્વીકાર કરેલ હોઈ 'વ્યાપ્યવૃત્તિ' એમ કહ્યું છે. વ્યાપ્યવૃત્તિ એટલે પોતાના (ગુણ આદિના) અધિકરણમાં પોતાનો અભાવ નહીં. સ્વવૃત્તિત્વ માત્ર. ખરેખર, રૂપના આધારમાં રૂપનો અભાવ નથી. ઘટમાં વ્યાપ્યવૃત્તિ રૂપ-રસનો સ્વીકાર હોવાથી 'સજાતીય' એમ કહેલ છે. અને સાજાત્ય, ગુણત્વવ્યાપ્ય (રૂપત્વાદિ) જાતિની અપેક્ષાએ છે. તથાચ રૂપ-રસમાં તેવી રીતે સાજાત્યના અભાવથી ક્ષતિ નથી.) સજાતીય બે ગુણોનો અસ્વીકાર હોવાથી રૂપના આધારમાં બીજું રૂપ નથી સંભવતું, માટે અનુપપત્તિ ઉભી જ છે.

શંકા – અવયવમાં રહેલું રૂપ, અવયવી (દ્રવ્ય) ગત રૂપની ઉપલબ્ધિમાં (સહકારી) કારણ છે જ, માટે અનુપપત્તિ કેવી રીતે ?

સમાધાન – ત્રણ અણુવાળા અવયવિ દ્રવ્યમાં રહેલ રૂપના પ્રત્યક્ષની અનુપપત્તિ છે. કેમ કે બે અણુવાળા રૂપના ઉપલંભનો અભાવ હોઈ દ્વિણુકગત રૂપમાં સહકારી-કારણપણાનો અભાવ છે.

લક્ષણનું પદકૃત્ય – 'નિર્ણયત્વ'–એમ માત્ર કહેવામાં (નિર્ણયત્વ એટલે નિશ્ચયત્વ અથવા સંશયભિન્ન જ્ઞાનત્વ બૌદ્ધોએ સ્વીકારેલ પ્રકારતા આદિ રહિત નિર્વિકલ્પકમાં વર્તે છે. માટે અતિવ્યાપ્તિના વારણ માટે યથાર્થ નિર્ણયત્વ કહેલ છે. તથાચ પ્રકારતા આદિ વિશિષ્ટ નિર્ણયત્વ નિષ્પ્રકારક નિર્વિકલ્પકમાં નથી, એવો ભાવ છે.) બૌદ્ધોએ પ્રમાણરૂપે કહેલ નિર્વિકલ્પક પ્રત્યક્ષમાં પ્રમાણતાની આપત્તિ જાય ! માટે યથાર્થ નિર્ણયત્વ એમ લક્ષણ કરેલ છે. અર્થનિર્ણયત્વરૂપ માત્ર લક્ષણના (જો કે અર્થનિર્ણયત્વ માત્રના કથનમાં પણ તે પૂર્વોક્ત અતિવ્યાપ્તિના વારણનો સંભવ હોવાથી 'યથા' એવું પદ નિરર્થક છે. આવી શંકા કરીને કહે છે કે-'અર્થનિર્ણયત્વ માત્રના કથનમાં તથાચ જે વસ્તુ જે પ્રકારથી વર્તે છે, તે જ પ્રકારથી તે વસ્તુનો નિર્ણય યથાર્થ નિર્ણય કહેવાય છે. તેથી ન્યૂન પ્રકારવાળામાં કે વિપરીત પ્રકારવાળામાં પ્રમાણપણું નથી.) કહેવામાં વિપર્યય-અનધ્યવસાય આદિમાં અતિવ્યાપ્ત હોઈ, તે અતિવ્યાપ્તિના વારણ માટે 'યથાર્થ નિર્ણયત્વ' કહેલ છે. એથી જ અનંત ધર્માત્મક વસ્તુમાં રહેલ એક ધર્મવિષયક (નય) જ્ઞાનનો વ્યવચ્છેદક જાણવો, કેમ કે–

અનંત ધર્માત્મક વસ્તુનિષ્ઠ અનંત ધર્મવિષયક (પ્રમાણ) જ્ઞાનમાં જ યથાર્થ નિર્ણયત્વરૂપત્વ છે. અહીં નિર્ણય શબ્દથી સંશય આદિનો વિચ્છેદ છે. યથાવસ્થિત સ્વ-પરરૂપ અને પરિચ્છેદક જ્ઞાનત્વરૂપ સમગ્ર લક્ષણ વાક્યથી, ગૌતમસૂત્રના શ્રીવાત્સ્યાયને રચેલા ભાષ્યમાં 'ઉપલબ્ધિ હેતુઃપ્રમાણમ્' અને મીમાંસકે કહેલ 'અનધિગત અર્થ અધિગન્તૃપ્રમાણમ્' ઇત્યાદિ પરવાદીઓએ કરેલ લક્ષણોનો વ્યવચ્છેદ થાય છે. તથાહિ=અર્થની ઉપલબ્ધિ પ્રત્યે પરંપરાથી હેતુપણું-પ્રમાણપણું, એવો અર્થ જો કરવામાં આવે, તો અંજન-દૂધ-ભોજન આદિ જે પરંપરાથી હેતુ છે તેમાં પ્રમાણપણાની આપત્તિ આવી જાય ! અને અનંતરભૂત ઇન્દ્રિયના જ હેતુપણારૂપ પ્રમાણપણું, એવો અર્થ જો કરવામાં આવે તો ઉપયોગરૂપ ઇન્દ્રિય સિવાય દ્રવ્ય ઇન્દ્રિયમાં પ્રમાણપણાનો અસંભવ છે; કેમ કે—વ્યવધાન છે. દ્રવ્ય ઇન્દ્રિય સીધી વિષયગ્રાહક બનતી નથી.

○ અનધિગત-અપ્રાપ્ત અર્થ અધિગમકત્વરૂપ જો પ્રમાણપણું માનવામાં આવે, તો પ્રત્યભિજ્ઞાન આદિમાં અનધિગતાર્થ અધિકૃતપણાનો અભાવ હોઈ પ્રમાણપણાની અનુપપત્તિ આવશે; કેમ કે—તે પ્રત્યભિજ્ઞાન, અધિગત-ગૃહીત અર્થનો ગ્રાહક છે, એવું તાત્પર્ય છે.

तत्र वादिनां भेदे विप्रतिपत्तेस्संख्यानियममाह -

तद्द्विविधं पारमार्थिकप्रत्यक्षं परोक्षञ्चेति ॥ ४ ॥

तदिति । प्रमाणमित्यर्थः । सर्वस्य वाक्यस्य सावधारणत्वात्प्रमाणं द्विविधमेव, न त्वेकविधं प्रत्यक्षात्मकमेव चार्वाकवत् । स्वेष्टस्यानुमानमन्तरा साधयितुमशक्यत्वात्, वचनसङ्केतग्रहादिकं विना परं प्रति बोधयितुमशक्यत्वाच्चापरोदितानामनुमानादीनां सम्भवत्प्रमाणत्वानां परोक्ष एवान्तर्भावान्न त्रिचतुरादिरूपम् । तत्रानुमानागमौ परोक्षेऽन्तर्गतौ, उपमानं प्रत्यभिज्ञानात्मके परोक्षभेदे अर्थापत्तिरप्यनुमाने, अनुपलब्धेरप्यभावग्राहिकायास्सांव्यवहारिकप्रत्यक्षेऽन्तर्भाव इति भावः । ननु 'से किं तं पमाणे ? पमाणे चउव्विहे पण्णत्ते । तं जहा, पच्चक्खे, अणुमाणे, ओवमे, आगमे जहा अणुओगदारे तहा णेयव्वं पमाणं' इत्यागमे प्रमाणस्य चतुर्विधत्वेनोक्तत्वाद् द्वैविध्ये विरोध इति चेत्सत्यं, अनुमानोपमानागमानां परोक्षेऽन्तर्भावेणात्र द्वैविध्यस्योक्तत्वात् । उक्तञ्चागमेऽपि "तं समासओ दुविहं पण्णत्तं, तं जहा पच्चक्खं च परोक्खं च" इति ॥ द्वैविध्यं नामग्राहमाह पारमार्थिकेति । एतच्च विशेषणमुपचरितव्यावहारिकप्रत्यक्षस्य वस्तुतः परोक्षस्य व्युदासाय । इन्द्रियानिन्द्रियादिबाह्यसामग्रीसापेक्षस्य सांव्यवहारिकप्रत्यक्षस्य धूमादग्निज्ञानवद्वस्तुगत्या परोक्षत्वात् । अश्नुते व्याप्नोत्यर्थानित्यक्ष आत्मा, तम्प्रति साक्षाद् यद्वर्त्तते ज्ञानं तत्प्रत्यक्षं निश्चयतोऽवधिमनःपर्यवकेवलानि, तेषामेव साक्षादर्थपरिच्छेदकत्वेन जीवं प्रति साक्षाद्वर्त्तमानत्वात् । अक्षमिन्द्रियं प्रतिगतमितिविग्रहे प्रत्यक्षशब्दस्य यदिन्द्रियमाश्रित्योत्पद्यते तदर्थसाक्षात्कारि-

ज्ञानमर्थः, एतच्चावध्यादावव्याप्तं तस्मादक्षाश्रितत्वं गमनक्रियाया इव गोशब्दस्य व्युत्पत्तिनिमित्तमेव वाच्यम्, प्रवृत्तिनिमित्तं तु गतिक्रियोपलक्षितं गोत्वमिवाक्षाश्रितत्वोपलक्षितसाक्षाद्ग्राह्यग्राहकज्ञानविशेष एव, तच्च प्रवृत्तिनिमित्तं गतिक्रियादिशून्येऽपि गवादिपिण्डविशेष इवाक्षाश्रितत्वशून्येऽप्यवध्यादावस्त्येवेति न कोऽपि दोषः। पारमार्थिकञ्च तत्प्रत्यक्षञ्च पारमार्थिकप्रत्यक्षम्, ननु यदिन्द्रियद्वारेण प्रवर्त्तत आत्मनि ज्ञानं तत्प्रत्यक्षं, न चेन्द्रियव्यापारव्यवहितत्वादात्मना साक्षान्नोपलब्धमिति वाच्यम्, इन्द्रियाणामुपलब्धिं प्रति करणतया व्यवधायकत्वासम्भवात्, न खलु देवदत्तो हस्तेन भुञ्जानो हस्तव्यापारव्यवहितत्वान्न साक्षाद्भोक्तेति व्यपदेष्टुं शक्यमिति चेन्नैवम्, आत्मना चक्षुरादिसादुण्यापेक्षणात्, यदा हि चक्षुस्सदुणं भवति तदा बाह्यमर्थं स्पष्टं यथावस्थितञ्चोपलभते यदा तु तिमिराश्रुभ्रमणनौयानपित्तादिसंक्षोभदेशदवीयस्त्वाद्यापादितविभ्रमं भवति तदा विपरीतं संशयितं वोपलभते तथा चावश्यमात्माऽर्थोपलब्धौ पराधीनः । तथा चक्षुरादिनोपदर्शितेऽपि बाह्येऽर्थे यदि संशयमधिरूढो भवति तदा चक्षुरादिसादुण्यमेव प्रतीत्य निश्चयं विदधाति, यथा न मे चक्षुस्तिमिराद्युपप्लुतं ततोऽयमर्थस्समीचीन इति, तस्माच्चक्षुरादिसादुण्यावधारणतो वस्तुयाथात्म्यावधारणाद्वस्तुतस्तत्परोक्षमिति[1] भाव । परोक्षमिति, आत्मापेक्षया पुद्गलमयत्वेन द्रव्येन्द्रियमनोरूपेभ्यः परेभ्यः अक्षस्य जीवस्य यद्वर्त्तते तत्परोक्षं मतिश्रुतरूपम् । पुद्गलनिचयनिष्पन्नानि हि द्रव्येन्द्रियमनांसि जीवस्य परभूतान्यतस्तेभ्यो यन्मतिश्रुतलक्षणं ज्ञानं धूमादेरग्न्यादिज्ञानवत्परनिमित्तत्वात्परोक्षं, किञ्चेन्द्रियमनोनिमित्तं ज्ञानं परोक्षं तत्र संशयविपर्ययानध्यवसायसम्भवात्, इन्द्रियमनोनिमित्तकासिद्धानैकान्तिकविरुद्धानुमानवत्, तत्र निश्चयसम्भवाद्धूमादेर्वह्न्यनुमानवत्, यत्तु प्रत्यक्षं तत्र न संशयादयो निश्चयश्च सम्भवति यथावध्यादिषु, न चावध्यादिषु निश्चयसंभवाद्व्यभिचार इति वाच्यम् । संकेतस्मरणादिपूर्वकत्वे सतीति विशेषणात्, न चावध्यादीनां मनोनिमित्तकत्वात्परोक्षता स्यादिति वाच्यम्, मनःपर्याप्त्याऽपर्याप्तानां मनुष्यदेवादीनामवधिज्ञानश्रवणेन तेषां मनोनिमित्तकत्वाभावादिति ॥

---

१. न चानभ्यासदशामापन्नस्यैव वस्तुयाथात्म्यावधारणमिन्द्रियसादुण्यावधारणपूर्वकं भवतु न त्वभ्यासदशापन्नस्य, तदन्तरेणापि प्रकृष्टाभ्यासबलात् साक्षात्तस्यावबोधादतस्तस्येन्द्रियाश्रित ज्ञानं प्रत्यक्षं स्यादिति वाच्यम्, तत्रापीन्द्रियसादुण्यसापेक्षत्वस्य दुर्वारत्वात्, अभ्यासप्रकर्षवशाच्चेन्द्रियसादुण्यस्य झटित्येव निश्चयात् कालसौक्ष्म्यात्तदनुपलब्धेः । अपायमात्रं ह्यवग्रहेहापूर्वकं, तत्रेहा विचाररूपा विचारश्चेन्द्रियसादुण्यसद्भूतवस्तुधर्माश्रितः न हीन्द्रिये वस्तुनि वा सम्यगविचारिते सति यज्ज्ञानं तत्समीचीनं भवतीति ॥

ત્યાં વાદીઓમાં પ્રમાણોના ભેદમાં વિરોધ હોવાથી પ્રમાણની સંખ્યાનો નિયમ કહે છે.

ભાવાર્થ – "તે પ્રમાણ, પારમાર્થિક પ્રત્યક્ષ ને પરોક્ષના ભેદથી બે પ્રકારવાળું છે."

વિવેચન – તે પ્રમાણ, સર્વવાક્ય અવધારણવાળું હોઈ બે પ્રકારવાળું જ છે, પરંતુ એક પ્રકારવાળું પ્રત્યક્ષરૂપ જ ચાર્વાક-નાસ્તિકની માફક નહીં; કેમ કે-સ્વ ઈષ્ટ અનુમાન વગર સાધી શકાતું નથી અને વચન-સંકેતજ્ઞાન આદિ સિવાય બીજાને સમજાવી શકાતું નથી.

વળી બીજા વાદીઓએ કહેલ પ્રમાણત્વના સંભવવાળા અનુમાન આદિ પ્રમાણોનો પરોક્ષમાં જ અંતર્ભાવ હોવાથી, ત્રણ-ચાર વગેરે રૂપ પ્રમાણના ભેદો નથી. અનુમાન અને આગમ પરોક્ષમાં અંતર્ગત છે. ઉપમાન પ્રમાણ પરોક્ષના ભેદરૂપ પ્રત્યભિજ્ઞાનમાં અંતર્ગત છે. અર્થાપત્તિપ્રમાણ પણ અનુમાન પ્રમાણમાં અંતર્ગત છે. અભાવગ્રાહક અનુપલબ્ધિપ્રમાણ સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં અંતર્ગત છે.

શંકા – આગમમાં, પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-આગમરૂપ ચાર પ્રકારના પ્રમાણ કહ્યા છે, તો દ્વિવિધ પ્રમાણવાળા વચનની સાથે વિરોધ કેમ નહીં ?

સમાધાન – આગમમાં પણ કહ્યું છે કે–'સંક્ષેપથી બે પ્રકારનું પ્રમાણ છે.' ૧-પ્રત્યક્ષ અને ૨-પરોક્ષ. અનુમાન-ઉપમાન-આગમોનો પરોક્ષમાં અંતર્ભાવ હોઈ દ્વિવિધપણું કહેલ છે. નામ લઈને બે પ્રકારોને કહે છે. 'पारमार्थिकेति ।' પ્રત્યક્ષનું આ પારમાર્થિક વિશેષણ, ઉપચરિત સાંવ્યવહારિક પ્રત્યક્ષ, જે વસ્તુતઃ પરોક્ષ છે તેના વ્યવચ્છેદ માટે ગ્રહણ કરેલ છે; કેમ કે- ઈન્દ્રિય, અનિન્દ્રિય આદિ બાહ્ય સામગ્રીની અપેક્ષાવાળું સાંવ્યવહારિક (બાધારહિત પ્રવૃત્તિ-નિવૃત્તિના પ્રયોજનવાળા સંવ્યવહાર સંબંધી) પ્રત્યક્ષ-અસ્મદ્ આદિ પ્રત્યક્ષ, વસ્તુતઃ પરમાર્થથી પરોક્ષ જ છે.

○ 'અર્થોને વ્યાપે' તે અક્ષ-આત્મા. તે આત્મા પ્રત્યે જે જ્ઞાન સાક્ષાત્ વર્તે છે, તે 'પ્રત્યક્ષ' નિશ્ચયથી અવધિ-મનઃપર્યાય-કેવલજ્ઞાનો છે, કેમ કે-તે અવધિ આદિ જ્ઞાનો સાક્ષાત્ અર્થપરિચ્છેદક હોઈ જીવ પ્રત્યે સાક્ષાત્ વર્તતા છે.

○ અક્ષ એટલે ઈન્દ્રિય, ઈન્દ્રિયપ્રતિગત 'પ્રત્યક્ષ'-એવી તત્પુરુષગમ્ય વ્યુત્પત્તિવિગ્રહ થવાથી, પ્રત્યક્ષ શબ્દનો, જે ઈન્દ્રિયને આશ્રી ઉત્પન્ન થાય છે અર્થાત્ ઈન્દ્રિયસાપેક્ષ અર્થ સાક્ષાત્કારીજ્ઞાન અર્થ છે. આ પ્રત્યક્ષનું લક્ષણ અવધિજ્ઞાન આદિમાં અવ્યાપ્તિ દોષવાળું છે. તેથી અક્ષાશ્રિતત્વ, જે ગચ્છતીતિ ગૌ (ચાલે તે ગાય), આવી ગોશબ્દની વ્યુત્પત્તિનું નિમિત્ત ગમનક્રિયા વાચ્ય (અર્થ) થાય છે. તેમ અક્ષાશ્રિતત્વ અને વ્યુત્પત્તિ નિમિત્તરૂપ અર્થ છે. પ્રવૃત્તિનિમિત્ત તો ગમનક્રિયાથી ઉપલક્ષિતની (સામાનાધિકરણ્ય પ્રત્યાસત્તિથી જ્ઞાયમાન-જણાતું) ગોત્વ (ચાલતી કે નહિ ચાલતી ગાયમાં ગોશબ્દની પ્રવૃત્તિ દેખવાથી સમાન આકાર પરિણામરૂપ ગોત્વરૂપ તિર્યક્ સામાન્ય જ હંમેશાં ગાયમાં વર્તમાન હોઈ ગૌશબ્દની પ્રવૃત્તિનિમિત્ત ગોત્વ જ છે.) માફક અક્ષ આશ્રિતરૂપ, વ્યુત્પત્તિનિમિત્તથી ઉપલક્ષિત-સામાનાધિકરણ્ય પ્રત્યાસત્તિથી જણાતું સાક્ષાત્ ગ્રાહ્યગ્રાહકજ્ઞાન વિશેષરૂપ સ્પષ્ટતાવત્વ જ પ્રવૃત્તિનિમિત્તરૂપ અર્થ છે. [પ્રવૃત્તિનિમિત્ત અટલે જે વાચ્ય હોય, વાચ્યવૃત્તિ હોય, વાચ્યની ઉપસ્થિતિમાં પ્રકાર હોય, તે પ્રવૃત્તિનિમિત્ત કહેવાય છે. જેમ કે-ઘટપદનું ઘટત્વ એ પ્રવૃત્તિનિમિત્ત છે. ઘટત્વમાં ઘટપદનું વાચ્યત્વ છે.

ઘટપદથી વાચ્ય ઘટરૂપ વ્યક્તિમાં ઘટત્વ વર્તે છે અને ઘટપદજન્ય ઘટની ઉપસ્થિતિમાં ઘટત્વ પ્રકાર છે, વિશેષણ છે. તેવી રીતે પ્રત્યક્ષપદનું પ્રવૃત્તિનિમિત્ત સ્પષ્ટત્વ છે અર્થાત્ શક્યતાવચ્છેદક છે. સ્પષ્ટત્વમાં પ્રત્યક્ષપદનું વાચ્યત્વ છે. પ્રત્યક્ષપદવાચ્ય સ્પષ્ટતાવાળા જ્ઞાનમાં સ્પષ્ટત્વ પ્રકાર છે.] તે પ્રવૃત્તિનિમિત્ત, ગતિક્રિયા આદિ શૂન્ય, ગો આદિ વિશિષ્ટ પિંડમાં જેમ ગોત્વ છે, તેમ અક્ષાશ્રિત્વથી શૂન્ય પણ અવધિ આદિમાં સાક્ષાત્ ગ્રાહ્યગ્રાહકજ્ઞાન વિશેષરૂપ સ્પષ્ટત્વ, પ્રવૃત્તિનિમિત્ત છે જ, માટે કોઈ પણ દોષ નથી. પારમાર્થિક એવું પ્રત્યક્ષ-પારમાર્થિક પ્રત્યક્ષ છે.

શંકા – જે ઇન્દ્રિયદ્વારા આત્મામાં જ્ઞાન પ્રવર્તે છે, તે પ્રત્યક્ષ છે. વળી એવું નહિ કહેવું કે - ઇન્દ્રિયવ્યાપારોનું વ્યવધાન હોઈ આત્માએ સાક્ષાત્ ઉપલબ્ધ ન કર્યું, કેમ કે - ઉપલબ્ધિ પ્રત્યે ઇન્દ્રિયો કરણ હોઈ વ્યવધાનકારક બની શકતી નથી. 'દેવદત્ત હાથથી ખાય છે.' એમાં હસ્તવ્યાપારનું વ્યવધાન હોઈ સાક્ષાત્ દેવદત્ત ખાતો નથી, એવો વ્યવહાર થતો નથી જ ને ?

સમાધાન - આત્માને અર્થની ઉપલબ્ધિમાં ચક્ષુ આદિમાં સદ્ગુણસંપન્નતાની અપેક્ષા રહે છે. ખરેખર, જ્યારે આંખ સારા ગુણવાળી હોય છે, ત્યારે બાહ્ય અર્થને સ્પષ્ટ અને યથા અવસ્થિત જાણે છે. જ્યારે તિમિર, આંસુ, ભ્રમણ, નાવડીનું ચાલવું, પિત્ત આદિનો સંક્ષોભ અને દૂરદેશપણાથી વિભ્રમવાળી આંખ થાય છે, ત્યારે વિપરીત કે સંશયરૂપ જાણે છે.

આત્મા, અર્થની ઉપલબ્ધિમાં પરાધીન-પરમુખપ્રેક્ષી છે, તેમજ ચક્ષુ આદિથી જાણેલ પણ બાહ્ય વિષયમાં જ્યારે સંશયવાળો થાય છે, ત્યારે ચક્ષુ આદિમાં રહેલ સદ્ગુણની જ અપેક્ષા રાખી નિશ્ચય કરે છે. જેમ કે-'મારી આંખ તિમિર આદિના ઉપદ્રવ વગરની છે તેથી આ અર્થ યથાર્થ છે' ઇતિ. આ હેતુથી ચક્ષુ આદિના સદ્ગુણના નિશ્ચયથી વસ્તુના યથાર્થપણાનો નિશ્ચય હોવાથી વાસ્તવિક રીતે તે પરોક્ષ છે.

શંકા – અનભ્યાસદશાવાળાને જ વસ્તુના યથાર્થપણાનો નિશ્ચય, ઇન્દ્રિયના સદ્ગુણના અવધારણપૂર્વક થાઓ ! પરંતુ અભ્યાસદશાવાળાને ઇન્દ્રિયના સદ્ગુણના નિશ્ચય વગર પણ પ્રકૃષ્ટ અભ્યાસના બળથી સાક્ષાત્ બોધ થવાથી તેને ઇન્દ્રિય આશ્રિત જ્ઞાન પ્રત્યક્ષ ખરું ને ?

સમાધાન – ત્યાં પણ ઇન્દ્રિયના સદ્ગુણથી અપેક્ષા દુર્વાર છે, કેમ કે-અભ્યાસના પ્રકર્ષના વશે ઇન્દ્રિય સદ્ગુણોનો જલ્દીથી જ નિશ્ચય થવાથી કાળની સૂક્ષ્મતાથી તે નિશ્ચયની ઉપલબ્ધિ નથી. ખરેખર, અપાય માત્ર, અવગ્રહ-ઇહાપૂર્વક જ, ત્યાં ઇહા વિચારરૂપ છે અને વિચાર ઇન્દ્રિયના સદ્ગુણભાવથી પેદા થયેલ ધર્મને આશ્રિત છે. ખરેખર, ઇન્દ્રિય કે વસ્તુ સારી રીતે વિચારનો વિષય નહીં થયે છતે, જે જ્ઞાન તે સાચું થતું નથી.

परोक्षमिति । આત્માની અપેક્ષાએ પુદ્ગલમય હોઈ, દ્રવ્યેન્દ્રિય મનરૂપ પરથી આત્માને જે જ્ઞાન વર્તે છે, તે પરોક્ષ, મતિ-શ્રુતરૂપ છે. ખરેખર, પુદ્ગલસમુદાયથી બનેલ દ્રવ્યેન્દ્રિય મન જીવના પરભૂત છે, એથી તે પરથી જે મતિ-શ્રુતલક્ષણ જ્ઞાન. જેમ કે-ધૂમ આદિથી વહ્નિ આદિનું જ્ઞાન પરરૂપ નિમિત્તજન્ય હોવાથી 'પરોક્ષ' કહેવાય છે.

० વળી ઇન્દ્રિયમનરૂપ નિમિત્તજન્ય જ્ઞાન પરોક્ષ છે, કેમ કે-ત્યાં સંશય-વિપર્યય-અનધ્યવસાયનો સંભવ છે. જેમ કે-ઇન્દ્રિયમનનિમિત્તજન્ય અસિદ્ધ અનૈકાન્તિક-વિરુદ્ધ અનુમાના ભાસ. સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ અનિન્દ્રિયજન્ય જ્ઞાનનું પરોક્ષપણું સિદ્ધ થાય છે.

० ત્યાં નિશ્ચયનો સંભવ છે. જેમ કે–ધૂમ આદિથી વહ્નિનું અનુમાન.

० વળી જે પ્રત્યક્ષ (અત્યંત સ્પષ્ટ) છે, ત્યાં સંશય વગેરે હોતા નથી, પરંતુ માત્ર નિશ્ચય હોય છે. જેમ કે-અવધિ આદિરૂપ પ્રત્યક્ષ જ્ઞાન.

તે નિશ્ચયત્વ માત્ર લક્ષણ જો પરોક્ષનું કરવામાં આવે, તો અવધિ આદિમાં વ્યભિચાર-અતિવ્યાપ્તિ છે. એના વારણ માટે સંકેત-સ્મરણ આદિપૂર્વક નિશ્ચયત્વ કહેવાથી દોષ નહિ આવે. જે સંશય-વિપર્યય-અનધ્યવસાય જાતિનું જ્ઞાન છે તે પરોક્ષ છે. જેમ કે-અનુમાનાભાસ. ઇન્દ્રિય-અનિન્દ્રિયજન્ય જ્ઞાન પણ સંશયાદિ જાતિનું છે. એ પ્રમાણે જે સંકેત-સ્મરણ આદિપૂર્વક નિશ્ચય સ્વભાવવાળું ઇન્દ્રિય-અનિન્દ્રિયજન્ય જ્ઞાન છે તે પરોક્ષ છે. આવા બે અનુમાનોથી ઇન્દ્રિય-મતિ-શ્રુત આદિ પરોક્ષમાં સંકેત-સ્મરણ આદિપૂર્વક નિશ્ચયત્વ છે. અવધિ આદિમાં સંકેત-સ્મરણાદિપૂર્વક નિશ્ચય નથી.

શંકા –અવધિ આદિ મનરૂપ નિમિત્તજન્ય હોઈ પરોક્ષ થશે જ ને ?

સમાધાન – મનઃપર્યાપ્તિથી અપર્યાપ્ત (કરણ-અપર્યાપ્ત) મનુષ્ય-દેવ આદિમાં અવધિજ્ઞાનનું શ્રવણ હોવાથી, અવધિ આદિ જ્ઞાનો, મન આદિ વિદ્યમાન હોવા છતાં મનરૂપ નિમિત્તજન્ય નથી. જેમ કે-સયોગીકેવલીમાં ઇન્દ્રિય-મન આદિ હોવા છતાં ઇન્દ્રિય-મનજન્ય કેવલજ્ઞાન નથી. આ પરોક્ષ, વ્યવહારનયની અપેક્ષાએ પ્રત્યક્ષ હોઈ સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે.

तत्र पञ्चविधज्ञानमध्ये किं वा पारमार्थिकप्रत्यक्षं किं वा परोक्षमिति शंकायामाह -

तत्रावधिमनःपर्यवकेवलानि पारमार्थिकप्रत्यक्षाणि । मतिश्रुते परोक्षे । परोक्षमपि सांव्यवहारिकप्रत्यक्षस्मरणप्रत्यभिज्ञातर्कानुमानागमभेदात् षड्विधम् ॥ ५ ॥

तत्रेति, स्पष्टम् । परोक्षस्य प्रकारान्तरेण भेदमाह परोक्षमपीति । अपिशब्दः पुनरर्थे, मतिश्रुतभेदेन द्विविधमपि परोक्षं पुनस्सांव्यवहारिकप्रत्यक्षादिभेदेन षड्विधमिति भावः । समीचीनो बाधारहितो व्यवहारः प्रवृत्तिनिवृत्तिलक्षणस्संव्यवहारः, तत्र भवं स एव वा प्रयोजनमस्येति सांव्यवहारिकं तच्च तत्प्रत्यक्षञ्च सांव्यवहारिकप्रत्यक्षमिति विग्रहः । बाह्येन्द्रियादिसामग्रीसापेक्षत्वाद्वस्तुतः परोक्षमेवेति परोक्षमध्ये परिगणितमेतत् । अनुमानादिभ्योऽतिरेकेण नियतवर्णार्थाकाराणां प्रतिभासनाच्चानुमानादितो भेदेनोत्कीर्त्तनम् । सामान्यतो हि स्पष्टत्वं प्रत्यक्षस्य लक्षणं तच्चानुमानाद्याधिक्येन विशेषप्रकाशनं, एतदपेक्षया च पारमार्थिकप्रत्यक्षस्येवास्यापि प्रत्यक्षत्वम्, गाढान्धकारे मलिनवस्तुसंवेदनमपि संस्थानमात्रे

स्पष्टत्वेन प्रत्यक्षमेव । न च स्मृतिप्रत्यभिज्ञादिस्वरूपसंवेदने परोक्षरूपे प्रत्यक्षलक्षणस्यातिव्याप्तिरिति वाच्यम्, स्मृतिप्रत्यभिज्ञानादिस्वरूपसंवेदनस्य परोक्षत्वासम्भवात्, क्षायोपशमिकसंवेदनानां स्वरूपसंवेदनस्यानिन्द्रियप्रधानतयोत्पत्तेरनिन्द्रियाध्यक्षव्यपदेशसिद्धेः, बहिरर्थग्रहणापेक्षया च विज्ञानानां परोक्षत्वव्यपदेशेन सर्वज्ञानानां स्वरूपे स्पष्टप्रतिभासत्वात्प्रत्यक्षत्वमेवेति ॥

ત્યાં પાંચ પ્રકારના જ્ઞાનમાં કયા જ્ઞાનો પારમાર્થિક પ્રત્યક્ષ છે ? અથવા કયા જ્ઞાનો પરોક્ષરૂપ છે ?- આવી શંકામાં કહે છે.

ભાવાર્થ – "ત્યાં અવધિ-મનઃપર્યવ અને કેવલજ્ઞાનનો પારમાર્થિક પ્રત્યક્ષરૂપ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષરૂપ છે. પરોક્ષ જ્ઞાન પણ સાંવ્યવહારિક પ્રત્યક્ષ-સ્મરણ-પ્રત્યભિજ્ઞા-તર્ક-અનુમાન અને આગમના ભેદથી છ (૬) પ્રકારનું છે."

વિવેચન – तत्रेति स्पष्टतम् । પરોક્ષના પ્રકારાન્તરથી ભેદને કહે છે. 'परोक्षमपि इति ।' વળી મતિ-શ્રુતના ભેદથી બે પ્રકારનું પણ પરોક્ષ, ફરીથી સાંવ્યવહારિક પ્રત્યક્ષ આદિના ભેદથી છ (૬) પ્રકારનું છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષનો વિગ્રહ=બાધા વગરના પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ સંવ્યવહારના પ્રયોજનવાળું પ્રત્યક્ષ સાંવ્યવહારિક પ્રત્યક્ષ, બાહ્ય ઇન્દ્રિય આદિ સામગ્રીની અપેક્ષાથી જન્ય હોઈ નિશ્ચયનયથી પરોક્ષ છે માટે પરોક્ષમાં આ ગણેલ છે.

o અનુમાન આદિ કરતાં અધિકપણારૂપે નિયત વર્ણ, સંસ્થાન આદિરૂપ પદાર્થના આકારવિશેષોનું પ્રતિભાસન હોવાથી, અનુમાન આદિથી ભિન્નપણાએ સાંવ્યવહારિક પ્રત્યક્ષનું કથન કરેલ છે.

o ખરેખર, સામાન્યથી પ્રત્યક્ષનું લક્ષણ 'સ્પષ્ટત્વ' છે. તે સ્પષ્ટત્વ એટલે અનુમાન આદિથી અધિકતાપૂર્વક વિશેષોનું પ્રકાશન.

આ સ્પષ્ટત્વરૂપ લક્ષણની અપેક્ષાએ, પારમાર્થિક પ્રત્યક્ષની માફક, સાંવ્યવહારિક પ્રત્યક્ષનું પણ પ્રત્યક્ષત્વ છે. ગાઢ અંધકારમાં મલિન વસ્તુનું સંવેદન પણ સંસ્થાન (આકાર) માત્રમાં સ્પષ્ટપણું હોઈ પ્રત્યક્ષ જ છે.

શંકા – સ્મૃતિ-પ્રત્યભિજ્ઞાન આદિ સ્વરૂપ સંવેદનરૂપ પરોક્ષમાં પ્રત્યક્ષ લક્ષણની અતિવ્યાપ્તિ થશે જ ને ?

સમાધાન – સ્મૃતિ-પ્રત્યભિજ્ઞાન આદિના સ્વરૂપસંવેદનમાં પરોક્ષપણાનો અસંભવ હોવાથી, ક્ષાયોપશમિક સંવેદનોના સ્વરૂપસંવેદનમાં અનિન્દ્રિયની પ્રધાનતાએ ઉત્પત્તિ હોવાથી અનિન્દ્રિય પ્રત્યક્ષ-માનસપ્રત્યક્ષના વ્યવહારની સિદ્ધિ છે. વળી બાહ્ય અર્થના ગ્રહણની અપેક્ષાએ વિજ્ઞાનોમાં પરોક્ષપણાનો વ્યવહાર હોવાથી, સર્વજ્ઞાનોના સ્વરૂપમાં સ્પષ્ટ પ્રતિભાસ હોવાથી પ્રત્યક્ષપણું જ છે એટલે અતિવ્યાપ્તિ નહિ આવે.

अधुना पारमार्थिकप्रत्यक्षं लक्षयति -

अव्यवहितात्मद्रव्यमात्रसमुत्पन्नं ज्ञानं पारमार्थिकप्रत्यक्षम् । तद्द्विविधं सकलं विकलञ्च ॥ ६ ॥

अव्यवहितेति । स्वोत्पत्तौ सांव्यवहारिकप्रत्यक्षादिकमिन्द्रियादिव्यवहितात्मद्रव्यमाश्रित्य जायते, पारमार्थिकप्रत्यक्षन्तु न तथा, किन्तु ज्ञानदर्शनावरणक्षयोपशमात् तत्क्षयाद्वेन्द्रियानिन्द्रियद्वारनिरपेक्षमात्मद्रव्यमेवाव्यवहितमाश्रित्य समुन्मिषतीत्यतोऽव्यवहितात्मद्रव्यमात्रसमुत्पन्नत्वे सति ज्ञानत्वं तल्लक्षणं, भवगुणसम्यक्त्वादीनामपेक्षणेऽपि तेषां द्रव्यत्वाभावान्नावध्यादावव्याप्तिरिति भावः । तद्विभजते तदिति पारमार्थिकप्रत्यक्षमित्यर्थः । सकलमिति सर्वद्रव्यपर्यायविषयकत्वात्सकलमित्यर्थः, विकलमिति, कतिपयद्रव्यपर्यायविषयकत्वाद्विकलमित्यर्थः ॥

હવે પારમાર્થિક પ્રત્યક્ષનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – "વ્યવધાન વગર માત્ર આત્માથી જ ઉત્પન્ન જ્ઞાન 'પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે. તે સકલ અને વિકલના ભેદથી બે પ્રકારનું છે."

વિવેચન – પોતાની ઉત્પત્તિમાં સાંવ્યવહારિક પ્રત્યક્ષ આદિ, ઇન્દ્રિય-અનિન્દ્રિય આદિ, વ્યવહિત (વ્યવધાનવાળા) આત્મદ્રવ્યની અપેક્ષા રાખી પેદા થાય છે. પારમાર્થિક પ્રત્યક્ષ તેવી રીતે પેદા નથી થતું. પરંતુ જ્ઞાન-દર્શનાવરણના ક્ષાયોપશમથી કે ક્ષયથી ઇન્દ્રિય-અનિન્દ્રિય વ્યાપારની અપેક્ષા વગર અવ્યવહિત આત્મદ્રવ્યની અપેક્ષા રાખી પ્રકટ થાય છે. માટે અવ્યવહિત આત્મદ્રવ્ય માત્રથી ઉત્પન્ન થયે છતે જ્ઞાનત્વ એ પારમાર્થિક પ્રત્યક્ષનું લક્ષણ છે.

૦ ભવ-ગુણ-સમ્યક્ત્વ આદિની અપેક્ષા હોવા છતાં, તે ભવ આદિમાં દ્રવ્યપણાનો અભાવ હોવાથી અવધિ આદિમાં અવ્યાપ્તિ નામનો દોષ નથી, એવો ભાવ છે. તે પારમાર્થિક પ્રત્યક્ષનો વિભાગ કરે છે. તે પારમાર્થિક પ્રત્યક્ષ સર્વ દ્રવ્યપર્યાયના વિષયવાળું હોવાથી 'સકલ' અને કેટલાક દ્રવ્ય અને પર્યાયોના વિષયવાળું 'વિકલ' કહેવાય છે.

किन्तत्र सकलं ज्ञानमित्यत्र दृष्टान्तमाह -

कृत्स्नावरणक्षयात्केवलं ज्ञानं सकलम् ॥ ७ ॥

कृत्स्नेति । कृत्स्नावरणक्षयः समस्तघातिकर्मवियोगः स चान्तरङ्गबहिरङ्गसामग्रीजन्यः । अन्तरङ्गसामग्री सम्यग्दर्शनादिरूपा, बहिरङ्गा तु जिनकालिकमनुष्यभवादिरूपा, तथा चान्तरङ्गबहिरङ्गसामग्रीप्रसूतसकलावरणक्षयाद्यत्केवलज्ञानमुदेति तत्प्रतिबन्धस्य कस्यचिदभावेन सकलविषयकत्वात्सकलं पारमार्थिकप्रत्यक्षमिति भावः । अत्र कृत्स्नावरणक्षयादित्युक्त्या-

ऽव्यवहितोत्तरक्षणे केवलज्ञानोत्पत्तिः प्रकाशिता व्यवहारनयेन, आवरणस्य क्षयसमये क्षीयमाणत्वात् क्षीयमाणस्य चाक्षीणत्वात् क्रियाकालनिष्ठाकालयोर्भेदात् तयोरभेदे च क्रिया वैयर्थ्य प्रसङ्गात् क्रियाकालेऽपि कार्यस्य सत्त्वात् समकाल भाविनश्च सव्येतर गोविषाणयोरिव क्रियाकार्ययोः कार्यकारणभावायोगादिति । निश्चयनयेन तु क्षीयमाणावरणसमय एव केवलज्ञानोत्पत्तिः क्रियाकालनिष्ठाकालयोर्भेदे[1] क्रियाविरहेऽपि कार्योत्पत्त्यभ्युपगमापत्त्या क्रियारम्भकालात्पूर्वमपि कार्योत्पत्तिप्रसङ्गात् क्रियाकालेऽप्यावरणक्षयाभावे पश्चादपि पूर्वकालवत्तदभावप्रसङ्गः स्यादक्रियत्वात् । अक्रियस्य तदभ्युपगमे क्रियान्वितसमयेऽपि क्रियाया वैयर्थ्यापत्तेः क्रियाविरहितसमयवत् । तस्मात्क्रियाकालनिष्ठाकालयोरेकत्वं[2] प्रतिबन्धकाभावादेव चावरणस्य क्षीयमाणतासमये निष्ठा न विरुद्धेति ॥

ત્યાં સકલ જ્ઞાન કયું છે ?

ભાવાર્થ – "સમસ્ત જ્ઞાનાવરણ આદિ ઘાતિકર્મના ક્ષયથી કેવલજ્ઞાન 'સકલ પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે."

વિવેચન – કૃત્સ્ન આવરણ ક્ષય એટલે સમસ્ત ઘાતિકર્મનો વિયોગ. વળી તે કૃત્સ્નકર્મક્ષય અંતરંગ અને બહિરંગ સામગ્રીથી જન્ય છે. અંતરંગ સામગ્રી સમ્યગ્દર્શન આદિ રૂપ છે. બહિરંગ સામગ્રી તો જિનકાલિક (કેવલીના કાળવાળા) મનુષ્યભવ આદિ રૂપ છે. તથાચ અંતરંગ-બહિરંગરૂપ પ્રકર્ષ પ્રાપ્ત સામગ્રીજન્ય સકલ આવરણના ક્ષયથી જે કેવલજ્ઞાન પ્રગટે છે, તેનો કોઈ પ્રતિબંધ નહિ હોવાથી-સકલ વિષયવાળું હોવાથી સકલ પારમાર્થિક પ્રત્યક્ષ છે.

○ 'કૃત્સ્ન આવરણના ક્ષયથી'—એવા વચનથી અવ્યવહિત ઉત્તરક્ષણમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિ પ્રકાશિત કરેલ છે. વ્યવહારનયની અપેક્ષાએ જાણવાનું છે, કેમ કે-આવરણનું ક્ષયના સમયમાં ક્ષીયમાણપણું છે અને ક્ષીયમાણમાં ક્ષીણપણાનો અભાવ છે; કેમ કે-ક્રિયાકાળ અને નિષ્ઠા (સમાપ્તિ) કાળમાં ભેદ છે. તે બંનેનો જો અભેદ માનો, તો ક્રિયાની નિષ્ફળતાનો પ્રસંગ છે. ક્રિયાકાળમાં પણ કાર્યની સત્તા છે અને એકીસાથે પેદા થનાર ડાબા-જમણા શૃંગની માફક ક્રિયા અને કાર્યમાં કાર્ય-કારણભાવનો અભાવ છે.

○ નિશ્ચયનયની અપેક્ષાએ તો ક્ષીયમાણ આવરણના સમયમાં જ કેવલજ્ઞાનની ઉત્પત્તિ છે, કેમ કે-ક્રિયાકાળ અને નિષ્ઠાકાળમાં એક કાળમાં ક્રિયા અને બીજા કાળમાં કાર્યની ઉત્પત્તિ, આવો ભેદ માનતાં, ક્રિયાના અભાવમાં પણ કાર્યની ઉત્પત્તિના સ્વીકારની આપત્તિ થવાથી ક્રિયાના આરંભકાળથી પહેલાં પણ કાર્યોત્પત્તિનો પ્રસંગ આવે છે. ક્રિયાકાળમાં પણ આવરણ ક્ષયના અભાવમાં પછીથી પણ પૂર્વકાળની માફક કાર્યોત્પત્તિના અભાવનો પ્રસંગ થઈ જાય, કારણ કે-ક્રિયા વગરનો છે અને તેમાં કાર્યની ઉત્પત્તિને સ્વીકારવાથી ક્રિયાવાળા સમયમાં પણ ક્રિયાની વ્યર્થતાની આપત્તિ છે. જેમ કે-ક્રિયા વગરનો સમય તેથી

१. अन्यस्मिन् काले क्रिया, अन्यस्मिंश्च कार्योत्पत्तिरिति भेद इत्यर्थः । २. एवं आवरणक्षीयमाणकाले क्रियाया अभावे आवरणक्षयो न स्यादेव, क्रियां विना तत्रान्यस्य हेतोरभावात्, आवरणक्षीयमाणकाले च तद्धेतुक्रियासत्ताभ्युपगमे क्रियाकालनिष्ठाकालयोरेकत्वमर्थसिद्धमित्यपि भाव्यम् ॥

ક્રિયાકાળ અને નિષ્ઠાકાળમાં [આ પ્રમાણે આવરણક્ષયના વર્તમાનકાળમાં જો ક્રિયાનો અભાવ માનવામાં આવે, તો આવરણનો ક્ષય જ ન થાય, કેમ કે- ક્રિયા સિવાય ત્યાં બીજા હેતુનો અભાવ છે. આવરણક્ષયના વર્તમાનકાળમાં તેના આવરણક્ષયના હેતુભૂત ક્રિયાની સત્તાના સ્વીકારમાં ક્રિયાકાળ અને નિષ્ઠાકાળની એકતા સિદ્ધ છે, એમ પણ વિચારવું.] એકપણું છે. વળી પ્રતિબંધકના અભાવથી જ આવરણના ક્ષયના વર્તમાન સમયમાં નિષ્ઠાવિરુદ્ધ નથી.

अथ केवलज्ञानस्य लक्षणमाचष्टे –

अशेषद्रव्यपर्यायविषयकसाक्षात्कारः केवलम् ॥ ८ ॥

अशेषेति । अशेषाणि यानि द्रव्याणि पर्यायाश्च तद्विषयकः साक्षात्कार इत्यर्थः, मुख्यतया निखिलधर्मप्रकारकत्वे सति निखिलधर्मिविषयकज्ञानमिति भावः, तत्त्वं केवलज्ञानस्य लक्षणम्, केवलदर्शनेऽतिव्याप्तिवारणाय सत्यन्तम् । पर्यायवाद्यभिमतप्रतीत्यसमुत्पादरूपसन्तानविषयकनिखिलधर्मप्रकारकज्ञानेऽतिव्याप्तिवारणाय विशेष्यम् । प्रमेयवदिति ज्ञानस्य प्रमेयत्वेन निखिलधर्मप्रकारकज्ञानस्य वारणाय सामान्यधर्मानवच्छिन्नत्वं निखिलधर्मे विशेषणीयम् । तत्र प्रमाणञ्च ज्ञानत्वमत्यन्तोत्कर्षवद्वृत्ति, अत्यन्तापकर्षवद्वृत्तित्वात्परिमाणत्ववदित्यनुमानम् । न चेदमप्रयोजकं, ज्ञानतारतम्यस्य सर्वानुभवसिद्धत्वेन तद्विश्रान्तेरत्यन्तापकर्षोत्कर्षाभ्यां विनाऽसम्भवात् । न चेन्द्रियाश्रयज्ञानस्यैव तारतम्यदर्शनेन तत्रैवात्यन्तप्रकर्षः प्रसक्त इति वाच्यम्, अतीन्द्रियेऽपि मनोज्ञाने, शास्त्रार्थावधारणरूपे शास्त्रभावनाप्रकर्षजन्ये शास्त्रातिक्रान्तविषयेऽतीन्द्रियविषयसामर्थ्ययोगप्रवृत्तिसाधनेऽध्यात्मशास्त्रप्रसिद्धप्रातिभनामधेये च तरतमभावदर्शनात् । न च भावनाजन्यमेव प्रातिभवत्केवलज्ञानं प्राप्तं, तथा चाप्रमाणं स्यात् कामातुरस्य सर्वदा कामिनीं भावयतो व्यवहितकामिनीसाक्षात्कारवदिति वाच्यम्, अप्रामाण्ये भावनाजन्यत्वस्याप्रयोजकत्वात्, बाधितविषयत्वस्यैव प्रयोजकत्वात्, भावनानपेक्षेऽपि शुक्तिरजतादिभ्रमे बाधादेवाप्रामाण्यस्वीकारात् प्रकृते च विषयबाधाभावात् । न च व्यवहितकामिनीविभ्रमादौ दोषत्वेन भावनायाः क्लृप्तत्वात्तज्जन्यत्वेनास्याप्यप्रामाण्यं, बाधितविषयत्ववद्दोषजन्यत्वस्यापि भ्रमत्वप्रयोजकत्वादिति वाच्यम्, भावनायाः क्वचिद्दोषत्वेऽपि सर्वत्र दोषत्वानिश्चयात्, अन्यथा शंखपीतत्वभ्रमकारणीभूतस्य पीतद्रव्यस्य स्वविषयज्ञानेऽप्यप्रामाण्यप्रयोजकत्वं स्यादिति न किञ्चिदेतत् । क्वचिदेव कश्चिद्दोष इत्येवाङ्गीकारात् विषयबाधेनैव दोषजन्यत्वकल्पनाच्च । दुष्टकारणजन्यस्याप्यनुमानादेर्विषयाबाधेन प्रामाण्याभ्युपगमात् । न च परोक्षज्ञानजन्यभावनाया अपरोक्षज्ञानजनकत्वासम्भवः न हि वह्न्यनुमिति-

ज्ञानं सहस्रकृत्व आवृत्तमपि वह्निसाक्षात्काराय कल्पत इति वाच्यम्, तज्जन्यप्रकृष्टा-ऽऽवरणक्षयादेव केवलज्ञानोत्पत्तिरिति सिद्धान्तादिति संक्षेपः ॥

नन्वावरणक्षयात्केवलज्ञानोत्पत्तिरित्यसङ्गतं, तथाहि किमिदमावरणं, शरीरं देशकालादिकं वा, नाद्यस्तत्सत्त्वेऽप्यर्थोपलम्भात्, न द्वितीयो देशकालयोरमूर्त्तत्वात्, परमाण्वादेश्च सूक्ष्म-स्वभावत्वात्, । न च मूलकीलकोदकादेर्लोकप्रसिद्धमेव भूम्याद्यावरणत्वमिति वाच्यम्, अतिशयसमृद्धिशालिनापि योगिनेदृशस्यावरणादेरभावस्य कर्त्तुमशक्यत्वात् ।

હવે કેવલજ્ઞાનનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – "સમસ્ત દ્રવ્યોને અને પર્યાયોને વિષય કરનારો સાક્ષાત્કાર 'કેવલજ્ઞાન' કહેવાય છે."

વિવેચન – મુખ્યપણે સમસ્ત ધર્મોના પ્રકારવાળું હોયે છતે સમસ્ત ધર્મીવિષયવાળું જ્ઞાન 'કેવલજ્ઞાન' છે.

લક્ષણ – સમસ્ત ધર્મપ્રકારત્વ વિશિષ્ટ સમસ્ત ધર્મીવિષયક જ્ઞાનત્વ, એ કેવલજ્ઞાનનું લક્ષણ છે.

પદકૃત્ય – કેવલદર્શનમાં અતિવ્યાપ્તિના વારણ માટે સમસ્ત ધર્મપ્રકારકત્વરૂપ વિશેષણ કહેલ છે. પર્યાયવાદીએ (બૌદ્ધે) માનેલ પ્રતીત્ય સમુત્પાદરૂપ સંતાનવિષયક નિખિલ ધર્મપ્રકારક જ્ઞાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'વિશેષ્ય' મૂકેલ છે. 'પ્રમેયવત્'-આવું જ્ઞાન, પ્રમેયત્વરૂપે નિખિલ ધર્મપ્રકારક તે જ્ઞાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે સામાન્ય ધર્માનવચ્છિન્નત્વરૂપ વિશેષણ નિખિલ ધર્મમાં દેવું.

સર્વજ્ઞત્વસિદ્ધિપ્રમાણ-ત્યાં આ અનુમાનપ્રમાણ છે કે-જ્ઞાનત્વ અત્યંત ઉત્કર્ષવાળા જ્ઞાનમાં રહેનાર છે, કેમ કે અત્યંત અપકર્ષવાળા જ્ઞાનમાં રહેનાર છે. જેમ કે-પરિમાણત્વ.

o આ અનુમાન અપ્રયોજક (વ્યાપ્તિ અગ્રાહક) નથી, કેમ કે-જ્ઞાનનું તારતમ્ય સર્વને અનુભવસિદ્ધ હોઈ, તેની વિશ્રાંતિ, ઉત્કર્ષ-અપકર્ષ સિવાય અસંભવિત છે.

શંકા – ઇન્દ્રિય આદિ આશ્રયવાળા જ્ઞાનમાં તરતમતા દેખાતી હોઈ, તે ઇન્દ્રિયાશ્રિત જ્ઞાનમાં જ અત્યંત પ્રકર્ષનો પ્રસંગ આવશે જ ને ?

સમાધાન – અતીન્દ્રિય એવા પણ મનોજન્ય જ્ઞાનમાં, શાસ્ત્રના અર્થના અવધારણરૂપમાં શાસ્ત્રની ભાવનાપ્રકર્ષથી જન્ય શાસ્ત્રથી અતિક્રાન્તિ વિષયમાં, અતીન્દ્રિય વિષયવાળા સામર્થ્યયોગની પ્રવૃત્તિસાધનમાં, અધ્યાત્મ શાસ્ત્રપ્રસિદ્ધ પ્રાતિભનામક માનસજ્ઞાનમાં (અવધિજ્ઞાન આદિમાં) તરતમભાવનું દર્શન છે.

શંકા – તો પછી ભાવનાજન્ય પ્રાતિભજ્ઞાનની માફક ભાવના(મનો)જન્ય જ કેવલજ્ઞાન પ્રાપ્ત થશે જ. તથાચ અપ્રમાણ થશે જ ને ? જેમ કે–સર્વદા કામિનીને મનમાં ભાવનાર કામાતુરને વ્યવહિત કામિનીનો માનસ સાક્ષાત્કાર.

સમાધાન – માનસજ્ઞાનના અપ્રામાણ્યમાં ભાવનાજન્યત્વરૂપ હેતુ અપ્રયોજક છે. અપ્રમાણના વિષયનો બાધ, એ જ પ્રયોજક (સાધક) છે. ભાવનાની અપેક્ષા વગરના પણ શુક્તિમાં રજત આદિના ભ્રમરૂપ

જ્ઞાનમાં, બાધથી જ અપ્રમાણતાનો સ્વીકાર હોવાથી વળી પ્રકૃતમાં વિષયના બાધનો અભાવ છે. ભાવનાજન્ય પ્રાતિભજ્ઞાન પ્રમાણ છે, માટે જ કેવલજ્ઞાન ભાવનાજન્ય નહીં હોઈ, માત્ર આવરણના ક્ષયપૂર્વક આત્માથી જ જન્ય હોઈ સર્વથા પ્રમાણ છે.

શંકા – વ્યવહિત કામિની, વિભ્રમ આદિમાં, ભાવનામાં દોષપણાની કલ્પના કરવાથી ભાવનાનિષ્ઠ દોષથી જન્ય હોઈ, આ પ્રાતિભજ્ઞાનનું પણ અપ્રામાણ્ય થશે જ ને ? કેમ કે-વિષયબાધની માફક દોષજન્યત્વેન કાર્ય-કારણભાવ પ્રયોજક છે જ ને ?

સમાધાન – ભાઈ ! કોઈક ભાવનામાં દોષપણું હોવા છતાં સર્વ ભાવનામાં દોષપણાના નિશ્ચયનો અભાવ છે. જો સર્વ ભાવનામાં દોષપણાની કલ્પના કરવામાં આવે, તો શંખમાં પીતત્વના ભ્રમ પ્રત્યે કારણભૂત પીતદ્રવ્યના સ્વવિષયવાળા જ્ઞાનમાં પણ અપ્રામાણ્યનું પ્રયોજકપણું થાય ! માટે આ કાંઈ છે નહિ, કેમ કે-કવચિત્ જ કોઈ દોષ છે. આવો જ સ્વીકાર હોવાથી વિષયના બાધથી જ દોષજન્યત્વની કલ્પના છે.

○ દુષ્ટ કારણજન્ય પણ અનુમાન આદિમાં વિષયમાં બાધનો અભાવ હોવાથી પ્રામાણ્યનો સ્વીકાર છે.

શંકા – પરોક્ષજ્ઞાનજન્ય ભાવનામાં અપરોક્ષ જ્ઞાન (પ્રત્યક્ષ જ્ઞાન)ના જનકપણાનો અસંભવ છે, કેમ કે—વહ્નિવિષયક અનુમતિનું જ્ઞાન હજાર વાર આવૃત્તિવાળું છતાં, વહ્નિના સાક્ષાત્કાર-પ્રત્યક્ષ માટે સમર્થ થતું નથી જ ને ?

સમાધાન – તે ભાવનાજન્ય પ્રકૃષ્ટ જ્ઞાન આવરણ આદિના ક્ષયથી જ કેવલજ્ઞાનની ઉત્પત્તિ છે, કેમ કે-આ પ્રમાણેનો સિદ્ધાન્ત છે એવો સંક્ષેપ છે.

શંકા – 'આવરણના ક્ષયથી કેવલજ્ઞાનની ઉત્પત્તિ છે.'-આવો સિદ્ધાંત અસંગત છે. તથાહિ આ આવરણ શું શરીર કે દેશ-કાળ આદિ છે ?

○ પહેલું શરીર પણ આવરણ નથી, કેમ કે-શરીરની વિદ્યમાનતામાં અર્થની ઉપલબ્ધિ થાય છે.

બીજું દેશ-કાળ આદિ રૂપ આવરણ નથી, કેમ કે-દેશકાળ અરૂપી છે અને પરમાણુ આદિ સૂક્ષ્મ સ્વભાવવાળા છે.

○ મૂલ-ખીલા-પાણી વગેરેમાં ભૂમિ આદિનું આવરણપણું નહીં કહેવું, કેમ કે-અતિશય સમૃદ્ધિવાળા પણ યોગીથી આવા આવરણ આદિનો અભાવ કરી શકાતો નથી.

न चान्यत्किञ्चिदावरणं प्रसिद्धमित्याशङ्कायामाह –

इदञ्च घातिकर्मक्षयाद्भवति ॥ ९ ॥

इदञ्चेति । घात्यघातिरूपेण पूर्वं प्रपञ्चितस्य द्विविधस्य कर्मणो मध्ये घातिकर्म आवरणं तत्क्षयतः केवलमुदेति । तथाहि यस्त्वविषयेऽप्रवृत्तिमत् तत्सावरणं दृष्टं यथा तैमिरिकस्यैक-चन्द्रमसि चाक्षुषं विज्ञानम्, अप्रवृत्तिमच्चास्मदादिज्ञानं स्वविषये निखिलद्रव्यपर्यायलक्षणे । तस्मात्तत्रावरणमपेक्षितम्, तच्चान्यस्यासम्भवाद्घातिकर्मरूपमेव । न चास्मदादिज्ञानस्य

समस्तार्थविषयकत्वमसिद्धमिति वाच्यम्, आवारणापाये तत्प्रकाशकत्वात् । न चान्योऽन्याश्रयः, सिद्धे सकलविषयकत्वेऽस्मदादिज्ञानस्य तदावरणापाये तत्प्रकाशकत्वं सिद्ध्यति, तत्सिद्धौ च विज्ञानस्य सकलविषयकत्वसिद्धिरिति वाच्यम्, विशेषविषयकानुमानमिच्छता भवता निःशेषविषयकव्याप्तिज्ञानस्याभ्युपगतत्वात् । एवं यज्ज्ञानं स्वविषयेऽस्पष्टं तत्सावरणं यथा नीहारधूलिव्यवहितवृक्षादिज्ञानम्, अस्पष्टञ्च स्वविषये सर्वं सदनेकान्तात्मकमित्यादिज्ञानमिति । तथा मिथ्यात्वपटलविलुप्तविवेकदृशां यदेतत्सर्वस्मिन्ननेकान्तात्मकवस्तुनि विपर्ययज्ञानं तत्सावरणं मिथ्याज्ञानत्वाद्धत्तूरकाद्युपयोगिनो मृत्तिकाशकले कनकज्ञानमिवेति ततस्सिद्धमावरणं कर्म । तच्च कार्यकारणप्रवाहेण प्रवर्त्तमानमनाद्यपि सम्यग्दर्शनादिरत्नत्रयलक्षणेनावरणनिर्जराहेतुभूतसामग्रीविशेषेण निर्मूलं प्रलीयते, कार्यकारणरूपेणानादितः प्रवर्त्तमानस्य बीजाङ्कुरसन्तानस्य निर्दग्धबीजेऽङ्कुरे वा प्रलयवत् । तस्मात्सिद्धमशेषावरणविलयात्समस्तवस्तुविषयं केवलज्ञानमिति । केवलज्ञानमिदं साद्यपर्यवसितं, घातिकर्मक्षयादाविर्भूतत्वात्सादि, तथोत्पन्नस्य तस्य पश्चान्नावरणमस्त्यतोऽनन्तम्, सत्तामाश्रित्येदमनन्तत्वं बोध्यम्[१] । तेन भवस्थकेवलिविशेषपर्यायाणां वज्रर्षभनाराचसंहननादीनामपगमे तदव्यतिरिक्तस्य केवलज्ञानस्यात्मद्रव्यद्वारेण विगमेऽपि न क्षतिरन्यथाऽवस्थातुरवस्थानामात्यन्तिकभेदप्रसक्तेः, सिद्धत्वरूपेण पुनरुत्पद्यते, उत्पादव्ययध्रौव्यात्मकत्वाद्वस्तुनोऽन्यथा वस्तुहानिः प्रसज्येतेति ॥

બીજું કોઈ આવરણ પ્રસિદ્ધ નથી, એ શંકામાં કહે છે કે-

ભાવાર્થ – "વળી આ કેવલજ્ઞાન ઘાતિકર્મના ક્ષયથી થાય છે."

વિવેચન – પૂર્વે વિવેચન કરેલ ઘાતિ-અઘાતિરૂપે બે પ્રકારના કર્મમાં ઘાતિકર્મરૂપ આવરણ છે. તેના ક્ષયથી કેવલજ્ઞાન ઉદયમાં આવે છે. તથાહિ=જે પોતાના વિષયમાં પ્રવૃત્તિવાળું નથી, તે આવરણપ્રતિબંધવાળું છે. જેમ કે-એક જાતના આંખના રૂપ-તિમિર નામના રોગવાળા તૈમિરકનું એક ચંદ્રમાં ચાક્ષુષ (ચક્ષુ સંબંધી) વિજ્ઞાન.

૦ સમસ્ત દ્રવ્ય, પર્યાયરૂપ સ્વવિષયમાં અસ્મદ્ આદિનું જ્ઞાન પ્રવૃત્તિવાળું નથી, તેથી ત્યાં આવરણ અપેક્ષિત છે. તે આવરણ, બીજું અસંભવિત હોવાથી ઘાતિકર્મરૂપ જ છે.

---

१. कथञ्चित्तस्यात्माव्यतिरिक्तत्वादात्मनश्च द्रव्यरूपतया नित्यत्वात्तद्रूपेण केवलज्ञानमपि अनन्तमिति भावः ॥ न च केवलज्ञानस्य साद्यपर्यवसितत्वात् जीवस्यानादिनिधनत्वात् छद्मातपवदत्यन्तभेदेन कथं जीवः केवलं, तथा ज्ञानदर्शनयोः क्षायिकत्वात् क्षायोपशमिकत्वात् जीवस्य पारिणामिकत्वाच्चेति वाच्यम्, द्रव्यपर्यायभेदाभेदैकान्तपक्षप्रतिषेधेन कथञ्चिद्भेदाभेदात्सर्वस्याप्युपपत्तेः, दरिद्रोऽयमिदानीं राजा जात इत्यादिप्रतीत्या राजत्वपर्यायस्य, राजत्वपर्यायात्मकत्वेन वा पुरुषस्य जातत्वावगाहनात् पर्यायाणामभेदाध्यवसितभेदात्मत्वात् द्रव्यस्य वा भेदानुषक्ताभेदात्मकत्वादिति ॥

શંકા – અસ્મદ્ આદિ જ્ઞાનમાં સકળ અર્થવિષયકપણું અસિદ્ધ જ છે ને ?

સમાધાન – આવરણના ક્ષયમાં અસ્મદ્ આદિ જ્ઞાનમાં સકલાર્થ પ્રકાશપણું સિદ્ધ હોઈ અસિદ્ધ નથી.

શંકા – જો આમ કહો, તો અન્યોડન્યાશ્રય દોષ છે. (પરસ્પર જ્ઞાનસાપેક્ષજ્ઞાનાશ્રયો, અન્યોડન્યાશ્રય) અસ્મદ્ આદિ જ્ઞાનમાં સકલ વિષયકત્વ સિદ્ધ થવાથી જ સકલ વિષયાવરણનો ક્ષય થતાં સકલ પ્રકાશકત્વ સિદ્ધ થાય છે. સકલાવરણનો ક્ષય સિદ્ધ થતાં વિજ્ઞાનમાં સકલ વિષયકત્વની સિદ્ધિ છે.

સમાધાન – વિશેષરૂપ વિષયવાળા અનુમાનને ઇચ્છનાર તમોએ સમસ્ત વિષયક વ્યાપ્તિજ્ઞાન સ્વીકારેલ છે, માટે અન્યોડન્યાશ્રય દોષ નથી.

○ જે જ્ઞાન સ્વવિષયમાં અસ્પષ્ટ છે, તે આવરણવાળું છે. જેમ કે-નીહાર-હિમ-ધૂળ વગેરેથી અંતરિત વૃક્ષાદિનું જ્ઞાન.

વળી સ્વવિષયમાં 'સર્વ સત્-અનેકાન્ત આત્મક છે.' ઇત્યાદિ જ્ઞાન અસ્પષ્ટ છે. ઇતિ.

તેમજ મિથ્યાત્વના આવરણથી વિલુપ્ત વિવેક નયનવાળાઓનું જે આ સર્વ અનેકાન્ત આત્મક વસ્તુમાં વિપર્યયજ્ઞાન છે, તે આવરણ સહિત છે, કેમ કે-મિથ્યાજ્ઞાન છે. જેમ કે-ધંતૂરો આદિના ઉપયોગ કરનારનું માટીના ટૂકડામાં સોનાનું ભાન. તેથી સિદ્ધ થયેલ છે કે કર્મ આવરણ છે તે કર્મનામક આવરણ કાર્યકારણના પ્રવાહથી પ્રવર્ત્તતું અનાદિ હોવા છતાં, સમ્યગ્દર્શન આદિ રત્નત્રયીરૂપ આવરણની નિર્જરામાં વિશિષ્ટ હેતુસામગ્રીથી સર્વથા નષ્ટ થઈ શકે છે. જેમ કે-કાર્ય-કારણરૂપે અનાદિથી પ્રવર્ત્તતા બીજાંકુર પરંપરાનું સર્વથા દગ્ધ બીજ હોયે છતે, અંકુરનો વિનાશ અથવા સર્વથા દગ્ધ અંકુર હોયે છતે બીજનો વિનાશ. તેથી સમસ્ત આવરણના ક્ષયથી સમસ્ત વસ્તુવિષયવાળું કેવલજ્ઞાન સિદ્ધ છે.

○ આ કેવલજ્ઞાન સાદિઅનંત છે. ઘાતિકર્મના ક્ષયથી પ્રકટ થયેલ હોવાથી સાદિ (આદિવાળું). તેથી જ રીતે ઉત્પન્ન થયેલા તે જ્ઞાનમાં પછીથી આવરણ નથી, માટે અનંત છે. કેવલજ્ઞાનની સત્તા અનંતકાળ સુધીની છે એટલે કેવલજ્ઞાનની સત્તાનો કદી અંત થવાનો નથી. અહીં આ અનંતપણું છે. સત્તા વિદ્યમાનતાની અપેક્ષાએ જાણવું. [કથંચિદ્ તે કેવલજ્ઞાનનું આત્માથી અભિન્નપણું હોવાથી, આત્મા દ્રવ્યરૂપે નિત્ય હોઈ, આત્મારૂપે કેવલજ્ઞાન પણ અનંત-નિત્ય છે, એવો ભાવ છે.

શંકા – કેવલજ્ઞાન સાદિઅનંત હોઈ, જીવ અનાદિઅનંત હોઈ, છાયા અને આતપની માફક કેવલજ્ઞાન અને જીવનો અત્યંત ભેદ હોઈ કેવી રીતે જીવરૂપે કેવલજ્ઞાન કહેવાય ? તેમજ જ્ઞાન દર્શનનો ક્ષાયિક ભાવ કે ક્ષાયોપશમિક ભાવ છે અને જીવનો પારિણામિક ભાવ છે, તો જીવ અને જ્ઞાન-દર્શન એક કેવી રીતે ?

સમાધાન – દ્રવ્ય-પર્યાય ભેદ-અભેદના એકાન્ત પક્ષના પ્રતિષેધથી કથંચિદ્ ભેદ-અભેદથી સર્વની પણ ઉપપત્તિ છે. 'આ દરિદ્ર હમણાં રાજા થયો છે' ઇત્યાદિ પ્રતીતિથી રાજત્વપર્યાયમાં કે રાજત્વપર્યાય આત્મકપણાએ પુરુષમાં જ્ઞાતત્વનું અવગાહન હોવાથી, પર્યાયો અભેદ અધ્યવસિત ભેદસ્વરૂપી છે અને દ્રવ્ય, ભેદથી અનુષક્ત-સંબંદ્ધ અભેદસ્વરૂપી છે.] તેથી ભવસ્થકેવલીમાંથી જ્યારે અભવસ્થકેવલી થાય, ત્યારે ભવસ્થત્વ ઉપાધિ વિશિષ્ટ કેવલીના અભાવમાં, પણ ક્ષતિ નથી; કેમ કે-દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાયમાં ભેદ નથી. જો અભેદનયની વિવક્ષા ન કરવામાં આવે, તો દ્રવ્યથી અવસ્થાઓમાં-પર્યાયોમાં સર્વથા

ભેદનો પ્રસંગ આવી જાય ! ભવસ્થકેવલી અભવસ્થકેવલીરૂપે ઉત્પન્ન થાય છે-સિદ્ધત્વ પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે (સિદ્ધત્વ પર્યાયથી અભિન્ન કેવલજ્ઞાન પણ જાણવું.) કેમ કે-વસ્તુ, ઉત્પાદ, વ્યય કે ધ્રૌવ્ય આત્મક છે. અન્યથા, વસ્તુમાં ઉત્પાદ, વ્યય કે ધ્રૌવ્ય ન માનવામાં આવે, તો વસ્તુસ્વરૂપની હાનિનો પ્રસંગ જ આવી જાય છે. ઇતિ.

अथेदं किं विषयं प्राप्य परिच्छिनत्ति किं वाऽप्राप्येत्याशङ्कायामाह -

तद्वानेव सर्वज्ञः ॥ १० ॥

तद्वानेवेति । केवलज्ञानवानेवेत्यर्थः । इदञ्च केवलज्ञानस्य कथञ्चिदात्मव्यतिरेकमभ्युपेत्योक्तं तथा च कथञ्चिद्भेदाभेदसम्बन्धेन केवलज्ञानवान्सर्वज्ञ इत्यर्थः । आत्मपर्यायो हि केवलज्ञानं, आत्मा च परिच्छिन्नपरिमाणः, यो हि यस्य धर्मस्य तत्रैव वर्तते यथा घटे रूपम्, आत्मन्येव संवेदनाच्चात्मस्थं तत्, तथा चात्मस्थमेव विषयं परिच्छिनत्ति न विषयं प्राप्य, तस्य ज्ञेयदेशे गमनासम्भवात्, गमने[१] चात्मनो निस्स्वभावत्वप्रसङ्गः स्यात्, तत्स्वभावत्वादात्मनः, आत्मधर्मत्वहान्यापत्तिश्च, आत्मविरहेऽपि भावात् । तथा केवलज्ञानं हि सकलज्ञानमुच्यते अलोकस्यानन्तत्वेन गमनतस्सकलोऽलोको ज्ञातुमशक्य इति । अत एव तद्वानित्यत्र नित्ययोगे मतुब् बोध्यः । सर्वज्ञ इति, अर्हदादिरित्यर्थः, एवशब्दो भिन्नक्रमः अर्हन् श्रीवर्धमानादिरेव तद्वान्निर्दोषत्वात्, नान्यः कपिलादिः प्रमाणविरुद्धभाषित्वेन निर्दोषत्वासिद्धेस्तथा चार्हन् मोक्षसंसारतत्कारणेषु निर्दोषस्तत्र प्रमाणाविरोधिवाक्यत्वाद्यथा क्वचिद् व्याध्युपशमे वैद्यः न चासिद्धिः, अर्हन् मोक्षसंसारतत्कारणेषु प्रमाणाविरोधिवचनवान् तत्र प्रमाणाबाध्यमानाभिमततत्तत्त्वात्, यस्य यत्राभिमतं तत्त्वं प्रमाणेन न बाध्यते स तत्र प्रमाणाविरोधिवाक्, यथा रोगस्वास्थ्ये तत्कारणतत्त्वे भिषग्वर इत्यनुमानेन तत्सिद्धेरिति ॥

આ કેવલજ્ઞાન શું વિષયને સંયુક્ત થઈને જાણે છે કે વિષયની સાથે સંયુક્ત થયા વગર જાણે છે ? આવી શંકામાં કહે છે.

ભાવાર્થ – "તે કેવલજ્ઞાનવાળો જ 'સર્વજ્ઞ' કહેવાય છે."

વિવેચન – 'કેવલજ્ઞાનવાન જ'-આ વચન કેવલજ્ઞાનનો કથંચિદ્ આત્માથી ભેદનો સ્વીકાર કરી કહેલ છે. તથાચ કથંચિદ્ ભેદ-અભેદ સંબંધથી કેવલજ્ઞાનવાળો 'સર્વજ્ઞ' છે. ખરેખર, આત્માનો પર્યાય જ કેવલજ્ઞાન છે અને આત્મા પરિમિત પરિમાણવાળો છે. ખરેખર, જેનો જે ધર્મ છે, તે ધર્મ તેમાં જ વર્તે છે.

---

१. गमनं हि स्वदेशपरित्यागपूर्वकमपरदेशप्राप्तिः, तथा च ज्ञानस्यात्मदेशं विहाय ज्ञेयदेशप्राप्तौ निःस्वभावत्वमात्मनो भवेत्, स्याच्च ज्ञेयस्यात्मरूपत्वं एवञ्चात्मधर्मत्वं केवलस्य न स्यात्, आत्मविरहेऽपि भावादिति भावः ॥

જેમ કે-ઘટમાં રૂપ. આત્મામાં જ સંવેદન હોવાથી તે સંવેદન (જ્ઞાન) આત્મસ્થ છે. તથાચ જ્ઞાન, આત્મસ્થ હોતું જ વિષયનો પરિચ્છેદ કરે છે, પરંતુ વિષયનો સંયોગ કરીને જ્ઞાન, વિષયને જાણતું નથી : કેમ કે-તે જ્ઞાનનો જ્ઞેય-વિષયના દેશ-ભાગમાં ગમનનો અસંભવ છે. જો ગમન (ખરેખર, ગમન એટલે સ્વદેશના ત્યાગપૂર્વક બીજા પ્રદેશની પ્રાપ્તિ. તથાચ જ્ઞાનની આત્માના દેશને છોડી જ્ઞેયદેશની પ્રાપ્તિમાં આત્મા સ્વભાવ વગરનો થઈ જાય ! અને વિષયમાં આત્મરૂપતા થઈ જાય ! તથા આ પ્રમાણે કેવલજ્ઞાનમાં આત્માનું ધર્મપણું ન થાય ! કેમ કે-આત્માના અભાવમાં પણ ભાવ છે.) માનવામાં આવે, તો આત્માના સ્વભાવના અભાવનો પ્રસંગ થઈ જાય ! કેમ કે-આત્માનો જ્ઞાન, સ્વભાવ છે અને આત્મધર્મપણાની હાનિનો પ્રસંગ આવી જાય ! કેમ કે-આત્માના અભાવમાં પણ વિદ્યમાનતા છે.

ખરેખર, તેવી રીતે કેવલજ્ઞાન સકલવિષયક જ્ઞાન કહેવાય છે. સકલ અલોક અનંત હોઈ ગમનદ્વારા જાણી શકાય નહીં. ઇતિ. એથી જ 'तद्वान्' ઇતિ. સ્થલમાં નિત્ય સંબંધમાં 'मतुप्' પ્રત્યય જાણવો. 'सर्वज्ञ' ઇતિ. અરિહંત આદિ સર્વજ્ઞ છે. 'एव' શબ્દ ક્રમભેદવાચક છે. જેમ કે- અરિહંત વર્ધમાનસ્વામી આદિ જ કેવલવાળા છે, કેમ કે-નિર્દોષ છે. કપિલ આદિ બીજા નહીં, કેમ કે- પ્રમાણવિરુદ્ધ વચનવાળા હોઈ નિર્દોષ નથી. તથાચ અરિહંતદેવ મોક્ષ કે સંસાર પ્રત્યે અગર મોક્ષના કે સંસારના કારણો પ્રત્યે નિર્દોષ (રાગ-દ્વેષ-મોહરૂપી દોષરહિત) છે, કેમ કે- ત્યાં પ્રમાણથી અવિરોધી વાક્યવાળા છે. જેમ કે- રોગ-આરોગ્ય પ્રત્યે કે તે રોગ-આરોગ્યના કારણો પ્રત્યે વ્યાધિના ઉપશમમાં ઉત્તમ વૈદ્યરાજ. અહીં અસિદ્ધિ નથી, કેમ કે- અરિહંતદેવ મોક્ષ કે સંસાર પ્રત્યે અગર તેઓના કારણો પ્રત્યે પ્રમાણની સાથે અવિરોધી વચનવાળા છે. તે અરિહંતની વાણીનું પ્રતિપાદ્યપણાએ સંમત-અભિમત, અનેકાન્ત આત્મક તત્ત્વપ્રમાણથી અબાધ્યમાન હોવાથી, અરિહંતદેવ સ્વતંત્ર મોક્ષ કે સંસાર અગર તેના કારણોમાં પ્રમાણથી અવિરોધી વચનવાળા છે, કેમ કે- ત્યાં પ્રમાણથી અબાધ્યમાન અભિમત તત્ત્વવાળા છે. જેનું જ્યાં અભિમત તત્ત્વપ્રમાણથી બાધિત થતું નથી, તે ત્યાં પ્રમાણથી અવિરોધી વચનવાળો છે. જેમ કે- રોગ અને આરોગ્યમાં તથા તેના કારણભૂત તત્ત્વમાં ઉત્તમ વૈદ્યરાજ. આવા અનુમાનથી અરિહંતદેવનું પ્રમાણથી અવિરોધી વચન સિદ્ધ થયેલ છે. એથી આ અરિહંતદેવ નિર્દોષ છે. એથી જ અરિહંતદેવ કેવલજ્ઞાની-સર્વજ્ઞ છે.

विकलस्य प्रकारं दर्शयति –

अवधिमनःपर्यवौ तु तत्तदावरणक्षयोपशमजन्यत्वाद्विकलौ ॥ ११ ॥

अवधीति । तत्तदिति, अवधिज्ञानावरणस्य मनःपर्यवज्ञानावरणस्य च यः क्षयोपशमस्तज्जन्यत्वादित्यर्थः । अनयोर्मूर्त्तद्रव्यविषयकत्वेन मनोद्रव्यविषयकत्वेन च न सर्वविषयकत्वमिति विकलत्वम् । क्षयोपशमजन्यत्वादित्यनेन केवलज्ञानभिन्नता केवल-वृत्तित्वञ्च सूचितम्, केवलज्ञानस्य क्षायिकत्वात् केवलिनः क्षायिकभाववत्त्वाच्च । निरन्तरं तस्य स्वभावतः केवलज्ञानदर्शनोपयोगव्यापृतत्वेनेतरोपयोगासम्भवाच्चेति ॥

વિકલના પ્રકારને કહે છે.

ભાવાર્થ – "અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન તો તે તે આવરણના ક્ષયોપશમથી જન્ય હોવાથી 'વિકલ' કહેવાય છે."

વિવેચન – અવધિજ્ઞાનાવરણનો અને મનઃપર્યવાવરણનો જે ક્ષયોપશમ, તે તેનાથી જન્ય હોવાથી વિકલ છે.

આ અવધિ-મનઃપર્યવજ્ઞાનમાં ક્રમસર રૂપીદ્રવ્ય વિષયકત્વ અને મનોદ્રવ્ય વિષયકત્વ હોઈ, સર્વવિષયકપણું નથી માટે વિકલપણું છે. 'ક્ષયોપશમજન્ય હોવાથી'-આવા કથનથી, કેવલજ્ઞાનભિન્નતા અને કેવલીમાં વૃત્તિત્વનો અભાવ છે, એવું સૂચિત કરેલ છે; કેમ કે-કેવલજ્ઞાન ક્ષાયિક હોવાથી અને કેવલી ક્ષાયિકભાવવાળા છે. વળી નિરંતર તે કેવલી સ્વભાવથી કેવલજ્ઞાન-દર્શનરૂપ ઉપયોગના વ્યાપારવાળા હોઈ ક્ષાયોપશમિક ઉપયોગના અસંભવવાળા છે.

तत्रावधिं लक्षयति –

इन्द्रियसंयमनिरपेक्षो रूपिद्रव्यविषयकस्साक्षात्कारोऽवधिः । स द्विविधो भवजन्यो गुणजन्यश्चेति । भवो जन्म, तस्माज्जन्यो यथा सुरनारकाणाम्, गुणस्सम्यग्दर्शनादिः, तज्जन्यो यथा नरतिरश्चाम् ॥ १२ ॥

इन्द्रियेति, यद्विषयकज्ञानत्वावच्छिन्नं प्रति नियमेनेन्द्रियाणां संयमस्य चापेक्षा नास्ति तादृशो रूपिद्रव्यविषयकः साक्षात्कारोऽवधिरित्यर्थः । मतिज्ञानादौ मनःपर्यवज्ञाने चातिव्याप्तिवारणायेन्द्रियसंयमनिरपेक्षेति पदम् । संयमप्रत्ययावधिविशेषेऽव्याप्तिवारणाय नियमेनेत्युक्तं, पुद्गला रूपिण इति शाब्दबोधस्य वारणाय साक्षात्कार इत्युक्तम् । यादृशावधिस्संयमानन्तरमेव जातः तादृशावधेस्संयमसापेक्षत्वेनाव्याप्तिरतो रूपिसमव्याप्यविषयताशालिज्ञानवृत्तिज्ञानत्वव्याप्यजातिमत्त्वं लक्षणम् । परमावधिज्ञानमादाय सर्वावधिषु लक्षणसमन्वयः कार्यः । रूपिव्यापकविषयताकत्वं तु न वाच्यं केवलज्ञानेऽतिव्याप्तेः । ज्ञानत्वमादाय मत्यादावतिप्रसङ्गोन्मूलनाय ज्ञानत्वव्याप्येति । विषयतापदेन स्पष्टीयविषयता ग्राह्या तेन पुद्गला रूपिण इति शाब्दबोधे नातिप्रसङ्गः, तस्यास्पष्टीयविषयताकत्वादिति ॥

स चावधिर्जघन्यतोऽङ्गुलासंख्येयभागादारभ्य प्रदेशान्तरवृद्ध्योत्कृष्टतोऽलोकेऽपि लोकप्रमाणान्यसंख्येयखण्डानि क्षेत्रविषयः, कालोऽपि जघन्यत आवलिकाऽसंख्येयभागादारभ्य

१. यत्र यत्रावधिविषयता तत् तत्सर्वं रूपिद्रव्यं तथा यद्यद्रूपिद्रव्यं तत्र सर्वत्रावधिविषयतेति समव्याप्यव्यापकभावो विज्ञेयः ।

समयोत्तरया वृद्ध्योत्कृष्टतोऽसंख्येयोत्सर्पिण्यवसर्पिणीलक्षणो विषय इति क्षेत्रकालरूपविषय-भेदादसंख्येयभेदः । द्रव्यभावलक्षणविषयापेक्षया चानन्ता अपि भेदास्तथापि संक्षेपेण तस्य भेदमाह स इति, अवधिरित्यर्थः । भवजन्यं व्याख्याति भवो जन्मेति । तस्याधिकारिणमाह यथेति । गुणजन्यं व्याख्याति गुण इति, तस्याप्यधिकारिणमाह यथेति । तथा च तेषु भेदेषु मध्ये केचन भवप्रत्ययाः केचन गुणप्रत्ययाः, ननु सम्यग्दर्शनादिगुणजन्यस्य क्षायोपशमिकत्वं भवस्यौदयिकत्वेन तज्जन्यस्यौदयिकत्वं प्राप्तं, क्षायोपशमिकभावे चावधिज्ञानमुच्यत इति विरोध इति, मैवम्, मुख्यतया भवजन्यस्यापि क्षयोपशमनिमित्तकत्वात् सोऽपि क्षयोपशमो नारकामरभवे सत्यवश्यं भवतीति तेषां भवजन्यत्वमुक्तमिति ॥

ત્યાં અવધિજ્ઞાનનું લક્ષણ.

ભાવાર્થ – "ઇન્દ્રિય અને સંયમની અપેક્ષા વગરનો, રૂપીદ્રવ્યવિષયક સાક્ષાત્કાર 'અવધિજ્ઞાન' કહેવાય છે. તે અવધિજ્ઞાન ભવજન્ય અને ગુણજન્યના ભેદે બે પ્રકારનું છે. ભવ એટલે જન્મ. તે જન્મરૂપ નિમિત્તજન્યરૂપ અવધિ ભવજન્ય છે. જેમ કે-દેવ-નારકોનું અવધિજ્ઞાન. ગુણ એટલે સમ્યગ્દર્શન આદિ. તેનાથી જન્ય ગુણજન્ય. જેમ કે-સંજ્ઞીપર્યાપ્ત મનુષ્ય-તિર્યંચોને અવધિજ્ઞાન.

વિવેચન – જે વિષયક જ્ઞાનત્વ-વિશિષ્ટ જ્ઞાન પ્રત્યે નિયમથી ઇન્દ્રિયોની અને સંયમની અપેક્ષા નથી. તેવો રૂપિદ્રવ્યોના વિષયવાળો સાક્ષાત્કાર (આત્મ માત્રથી જન્ય પ્રત્યક્ષ) અવધિજ્ઞાન કહેવાય છે.

લક્ષણ – 'नियमतः इन्द्रियसंयमनिरपेक्षत्वेसति' રૂપિદ્રવ્યવિષયક સાક્ષાત્કાર, એ અવધિજ્ઞાનનું લક્ષણ છે.

પદકૃત્ય – મતિજ્ઞાન આદિમાં અને મનઃપર્યવજ્ઞાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઇન્દ્રિયસંયમનિરપેક્ષ' ઇતિ પદ છે. મતિજ્ઞાનાદિમાં ઇન્દ્રિયની અપેક્ષા અને મનઃપર્યવમાં સંયમની અપેક્ષા છે. સંયમનિમિત્તજન્ય વિશિષ્ટ અવધિજ્ઞાનમાં અવ્યાપ્તિના વારણ માટે 'નિયમેન' એમ કહેલ છે. અવધિજ્ઞાન માત્રમાં સંયમનો નિયમ નથી.

'પુદ્ગલો' રૂપી છે. આવા શબ્દબોધમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'સાક્ષાત્કાર' એમ કહેલું છે.

○ જે પ્રકારનો અવધિ, નિયમથી સંયમ પછી તરત જ થયો છે, તેવું અવધિજ્ઞાન સંયમની અપેક્ષાજન્ય હોઈ અવ્યાપ્તિ છે. માટે 'रूपिसमव्याप्यविषयताशालिज्ञानवृत्तिज्ञानत्वव्याप्यजातिमत्त्वं' એ અવધિજ્ઞાનનું લક્ષણ છે. આ લક્ષણ ધ્યાનમાં આવે તે માટે પ્રથમ સમવ્યાપ્યતા એટલે શું, તે જાણવું જોઈએ. જ્યાં જ્યાં સચેતનત્વ છે, ત્યાં ત્યાં પ્રાણાદિમત્વ છે અને જ્યા જ્યાં પ્રાણાદિમત્વ છે, ત્યાં ત્યાં

---

१. तैजसभाषाद्रव्यापान्तरालवर्त्त्यनन्तप्रदेशिकाद्रव्यादारभ्य विचित्रवृद्ध्या सर्वमूर्त्तद्रव्याण्युत्कृष्टविषय-परिमाणमवधेरिति द्रव्यतो भावतश्च प्रतिवस्तुगतासंख्येयपर्यायरूपं विषयमानं, तस्मात्सर्वमपि पुद्गलास्तिकाय-मवधिग्राह्यांश्च तत्पर्यायानाश्रित्यावधिविषयोऽनन्तो भाव्यः । तथा च ज्ञेयभेदेन ज्ञानभेदाद्द्रव्यभावलक्षण-विषयापेक्षया अनन्तत्वमवधेरपीति भावः ॥

સચેતનત્વ છે. અર્થાત્ સચેતનત્વ અને પ્રાણાદિમત્વના ક્ષેત્ર સરખા છે. એ બેમાંથી કોઈનું ક્ષેત્ર અન્યથી-ન્યૂનાધિક નથી. આનું નામ સમવ્યાપ્યતા છે. જે બેના ક્ષેત્રો વિષય હોય, તે બે વચ્ચે વિષમ વ્યાપ્યતા છે. જેમ કે-ધૂમ અને અગ્નિ. આ બેના ક્ષેત્રો નાનાં (વ્યાપ્ય) મોટાં (વ્યાપક) હોવાથી અત્ર વિષમ વ્યાપ્યતા છે. પ્રસ્તુતમાં, જ્યાં જ્યાં રૂપિ સાક્ષાત્કાર અવધિજ્ઞાનની વિષયતા છે, ત્યાં ત્યાં સઘળું રૂપિદ્રવ્ય છે તથા જ્યાં જ્યાં સર્વ રૂપિદ્રવ્ય છે, ત્યાં ત્યાં સર્વત્ર અવધિજ્ઞાનની વિષયતા છે. આ પ્રમાણે રૂપિદ્રવ્ય અને અવધિવિષયતાનો સમવ્યાપ્ય (અલ્પદેશવૃત્તિ) જાતિ (અવધિજ્ઞાનત્વ જાતિ), એ અવધિજ્ઞાનનું લક્ષણ છે. પરમ અવધિજ્ઞાનને (સુવિશુદ્ધ-પરમ પ્રકર્ષપ્રાપ્ત અવધિજ્ઞાન લક્ષણસમન્વય કરવો. 'રૂપિદ્રવ્યવ્યાપક વિષયતાવાળું જ્ઞાન' એમ નહીં કહેવું, કેમ કે-કેવલજ્ઞાનમાં અતિવ્યાપ્તિ છે. માટે સમજ્ઞાનત્વ લઈને મતિ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'જ્ઞાનત્વવ્યાપ્ય' એમ કહેલ છે. વિષયતા પદથી સ્પષ્ટીય વિષયતા લેવી. તેથી 'પુદ્ગલો રૂપિ' છે. આવા શબ્દબોધમાં અતિવ્યાપ્તિ નથી. આ શાબ્દબોધમાં અસ્પષ્ટીય-પરોક્ષ સંબંધી વિષયતા છે.

[અર્થાત્ રૂપિદ્રવ્યત્વ નિરૂપિત સમનિયત વિષયતાક જ્ઞાનવૃત્તિ જ્ઞાનત્વ, જાતિમત્વ અવધિજ્ઞાનનું લક્ષણ છે. તેથી કેવલજ્ઞાનમાં સકલ રૂપિદ્રવ્યવિષયકપણું હોવા છતાં ત્યાં અતિવ્યાપ્તિ નથી, કેમ કે-કેવલજ્ઞાનવિષયતા. રૂપિદ્રવ્યથી ભિન્ન અરૂપીદ્રવ્ય આદિમાં હોઈ, રૂપિદ્રવ્યત્વ નિરૂપિત, તદ્વ્યાપ્યત્વ વિશિષ્ટ તદ્વ્યાપકત્વરૂપ સમનિયતપણાનો ત્યાં અભાવ છે. વ્યાપ્યત્વ એટલે તદ્ અભાવવદ્ અવૃત્તિત્વ કહેવાય છે. રૂપિદ્રવ્યત્વના અભાવવાળામાં અવૃત્તિત્વરૂપ વ્યાપ્યત્વ, રૂપિદ્રવ્યત્વના અભાવવાળા-અરૂપીદ્રવ્ય આદિમાં વિદ્યમાન કેવલજ્ઞાનવિષયતામાં નથી.

વ્યાપ્યવ્યાપકભાવરૂપ સમવ્યાપ્યવિષયતા કહેલ છે. એથી જ મનઃપર્યવજ્ઞાનમાં પણ અતિવ્યાપ્તિ નથી. વળી મનઃપર્યવજ્ઞાનનિરૂપિત વિષયતા રૂપિદ્રવ્યત્વવ્યાપ્ય છે, છતાં રૂપિદ્રવ્યત્વ વ્યાપક નથી. ખરેખર. વ્યાપકત્વ એટલે તત્સમાનાધિકરણ અત્યંતાભાવ પ્રતિયોગિતાનવચ્છેદક ધર્મવત્વ કહેવાય છે. વળી તે રૂપિદ્રવ્યત્વના અધિકરણીભૂત, મનોદ્રવ્યથી ભિન્ન ઘટ આદિરૂપ રૂપિદ્રવ્યમાં વિદ્યમાન, મનઃપર્યવજ્ઞાનની વિષયતાના અભાવનું પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ, તે મનઃપર્યવજ્ઞાનવિષયતામાં નથી અને અનવચ્છેદક ધર્મ અવધિજ્ઞાનવિષયતામાં છે, અર્થાત્ રૂપિદ્રવ્યત્વની સાથે વ્યાપ્ય અને વ્યાપક અવધિજ્ઞાનની વિષયતા છે. જે જે રૂપિદ્રવ્ય છે, તે તે અવધિજ્ઞાનનો વિષય છે અને જે જે અવધિજ્ઞાનનો વિષય છે, તે તે રૂપિદ્રવ્ય છે. રૂપિદ્રવ્યત્વ સમનિયતવિષયતા, પરમ અવધિજ્ઞાનવિષયતા અને તે વિષયતાનું નિરૂપકજ્ઞાન પરમ અવધિજ્ઞાન છે. તેમાં રહેનારી જે જ્ઞાનત્વવ્યાપ્ય જાતિ, તે અવધિજ્ઞાનત્વ જાતિ છે. તે અવધિજ્ઞાનત્વ જાતિવાળું અને આત્મમાત્રની અપેક્ષાવાળું જ્ઞાન તે અવધિજ્ઞાન કહેવાય છે. જાતિઘટિત લક્ષણના સ્વીકારથી પરમ અવધિથી ભિન્ન અવધિજ્ઞાન માત્રમાં સકલ રૂપિદ્રવ્યવિષયકત્વનો અભાવ છતાં અવ્યાપ્તિ નથી.]

૦ વળી તે અવધિજ્ઞાન જઘન્યથી ક્ષેત્રની અપેક્ષાએ અંગુલના અસંખ્યાતમા ભાગથી માંડી પ્રદેશાન્તરની વૃદ્ધિ દ્વારા, ઉત્કૃષ્ટથી અરૂપી અલોકાકાશમાં પણ લોકાકાશ જેવડા અસંખ્યાત ખંડો(ગોળાઓ)ને જાણે છે. (જ્ઞાનનું સામર્થ્ય સૂચવવા માટે આ અસત્ કલ્પના કરેલી છે.) આ પ્રમાણે ક્ષેત્રરૂપ વિષયવાળું અવધિજ્ઞાન છે.

० કાળની અપેક્ષાએ જઘન્યથી આવલિકાના અસંખ્યાતમાં ભાગથી માંડી ઉત્કૃષ્ટથી એકાદિ સમયોની વૃદ્ધિથી અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણીરૂપ કાળવિષયવાળું અવધિજ્ઞાન છે. ક્ષેત્ર-કાળરૂપ વિષયના ભેદથી અસંખ્યાત ભેદવાળું અવધિજ્ઞાન છે. દ્રવ્ય-ભાવ (પર્યાય)ની અપેક્ષાએ ભાષા અને તૈજસ્‌દ્રવ્ય અંતર્વર્તી અનંતપ્રદેશી દ્રવ્યથી માંડી વિચિત્ર વૃદ્ધિથી સૂક્ષ્મ-બાદર સર્વ રૂપિદ્રવ્યોમાં ઉત્કૃષ્ટ વિષયપરિમાણ અવધિનું છે. ભાવની અપેક્ષાએ પ્રત્યેક વસ્તુગત અસંખ્યાત પર્યાયરૂપ વિષયમાન છે. તેથી સઘળા પુદ્‌ગલ અસ્તિકાયને અને અવધિગ્રાહ્ય તેના પર્યાયોને આશ્રી, અવધિવિષય અનંત જાણવો. તથાચ જ્ઞેયના ભેદથી જ્ઞાનભેદ હોવાથી દ્રવ્ય-ભાવરૂપ વિષયની અપેક્ષાએ અનંતપણું અવધિનું પણ છે, એવો ભાવ છે. ભાવથી અનંત પર્યાયો જાણી શકે, પરંતુ દરેક દ્રવ્યના અનંત પર્યાયોને તે જાણી શકે નહિ. દ્રવ્ય-ભાવરૂપ વિષયની અપેક્ષાએ અનંત ભેદો હોવા છતાં સંક્ષેપથી તે અવધિજ્ઞાનના ભેદને કહે છે. ભવજન્ય અવધિને કહે છે. 'भवो जन्मे'ति । તેના અધિકારીને કહે છે. 'यथे'ति । ગુણજન્ય અવધિને કહે છે. 'गुण' इति । તેના અધિકારીને કહે છે. 'यथे'ति । તથાચ તે ભેદોમાં કેટલાક અવધિજ્ઞાનો ભવપ્રત્યયો અને કેટલાક અવધિજ્ઞાનો ગુણપ્રત્યયો (સમ્યગ્દર્શન-સંયમ-તપસ્યા આદિ ભાવ) છે.

શંકા – ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન આદિ ગુણજન્ય અવધિજ્ઞાનનું ક્ષાયોપશમિકત્વ યુક્ત છે. પરંતુ નારક આદિ ભવ તો ઔદયિક છે. અવધિજ્ઞાન તો ક્ષાયોપશમિક ભાવમાં છે અને નારક આદિ જન્મ ઔદયિકભાવમાં છે. એટલે આ પ્રમાણે પરસ્પર વિરુદ્ધ હોવાથી નારક આદિ જન્મ અવધિજ્ઞાનનો હેતુ કેમ હોઈ શકે ? ભવજન્ય અવધિજ્ઞાન ઔદયિક કેમ નહિ ?

સમાધાન – મુખ્યત્વે ભવજન્ય અવધિજ્ઞાન ક્ષયોપશમ નિમિત્તજન્ય હોઈ, તે ક્ષયોપશમ નારક કે દેવભવ હોયે છતે અવશ્ય થાય છે, તેથી તે દેવ-નારકોમાં ભવજન્ય અવધિજ્ઞાન કહેલ છે. ક્ષયોપશમમાં ભવની મુખ્યતા હોઈ-અનન્ય કારણતા હોઈ ભવજન્ય અવધિજ્ઞાન કહેલ છે. અશુદ્ધ નયમતથી કારણના કારણને પણ કારણ કહેવાય છે. આ અપેક્ષાએ અવધિ પ્રત્યે નારકાદિ ભવ કારણ છે.

બીજી રીતે અવધિજ્ઞાનોના છ પ્રકારોને કહે છે.

पुनरवधीनां षोढाऽपि सङ्ग्रहस्सम्भवतीत्याह –

अनुगाम्यननुगामिहीयमानवर्धमानप्रतिपात्यप्रतिपातिभेदात् षड्विधोऽवधिः । अवधिमत्पुरुषसहगमनस्वभावोऽनुगामी ॥ १३ ॥

अनुगामीति । स्पष्टम् । अनुगामिनं लक्षयति अवधिमदिति, यस्समुत्पन्नो देशान्तरमभिव्रजन्तं स्वामिनमनुगच्छति नेत्रादिवत्सोऽनुगाम्यवधिरित्यर्थः । ईदृश एवावधिर्नारकाणां देवानाञ्च भवति ॥

ભાવાર્થ – "અનુગામી-અનનુગામી-હીયમાન-વર્ધમાન-પ્રતિપાતિ અને અપ્રતિપાતિના ભેદથી છ (૬) પ્રકારનો અવધિ છે. અવધિવાળા પુરુષની સાથે ગમનના સ્વભાવવાળો અનુગામી 'અવધિ' કહેવાય છે."

વિવેચન – જે ઉત્પન્ન થયેલું આ અવધિજ્ઞાન દેશાન્તર(ક્ષેત્રાન્તર)માં જતાં સ્વામીની સાથે નેત્ર આદિની માફક જાય છે, તે અનુગામી અવધિજ્ઞાન. આ જ અવધિજ્ઞાન દેવ અને નારકીઓને હોય છે.

अननुगामिनमाह –

उत्पत्त्यवच्छेदकशरीरावच्छेदेनैव विषयावभासोऽननुगामी ॥ १४ ॥

उत्पत्तीति । शरीरपदमाश्रयपरं तथा च कायोत्सर्गस्थानादिपरिणामविशिष्टयादृशशरीरावच्छेदेनावधिरुत्पन्नः तत्स्थानादन्यस्थानमुपयातस्य तादृशपरिणामाभावेन तादृशशरीराभावादवधिरपि नश्यति तत्रैव स्थितस्य वर्त्तते च सोऽवधिरननुगामीत्यर्थः, अयं पूर्वश्चावधिर्मनुष्यतिरश्चां भवतीति भाव्यम् ॥

અનનુગામી અવધિજ્ઞાનનું લક્ષણ

ભાવાર્થ – "ઉત્પત્તિક્ષેત્રના આધારે જ વિષયપ્રકાશક જ્ઞાન, એ અનનુગામી અવધિજ્ઞાન."

વિવેચન – અહીં શરીરપદનો અર્થ આશ્રય છે. તથાચ કાયોત્સર્ગ-સ્થાન આદિ, પરિણામવિશિષ્ટ યાદૃશ (યથાવિધ) ક્ષેત્રના આધારે અવધિ ઉત્પન્ન થયો. તે સ્થાન થઈ બીજા સ્થાનમાં ગયેલાનો તથાવિધ પરિણામના અભાવથી અવધિ પણ નષ્ટ થાય છે. તે ક્ષેત્ર ઉત્પત્તિના ક્ષેત્રમાં રહેલાને વર્તે છે. તે અવધિ 'અનનુગામી' કહેવાય છે. આ અનનુગામી અને પૂર્વનો અનુગામી, બે અવધિજ્ઞાનો, ગર્ભજાદિવિશિષ્ટ મનુષ્ય અને સંજ્ઞીપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે, એમ જાણવું.

हीयमानमाचष्टे –

स्वोत्पत्तितः क्रमेणाल्पविषयो हीयमानः ॥ १५ ॥

स्वोत्पत्तित इति । षड्विधहानिष्वत्र प्रथमान्तिमपरित्यागेन चतुर्विधा हानिर्ग्राह्या, अवधिविषयभूतयोः क्षेत्रकालयोरनन्तत्वासम्भवेनानन्तभागहानेरनन्तगुणहानेश्चासम्भवात् । द्रव्यापेक्षया चानन्तभागहानिरनन्तगुणहानिरिति द्विविधैव स्वाभाव्यात् । पर्यायापेक्षयातु षड्विधापि हानिर्भवति । द्रव्यक्षेत्रकालपर्यायाणां संयोगे एकस्य हानावपरस्यापि हानिर्न तु वृद्धिः, तथा द्रव्यादेर्भागेन हानौ अपरस्यापि भागेनैव प्रायो हानिर्न तु गुणेन तथा गुणेन हानौ अपरस्यापि गुणेनैव हानिर्न तु भागेन । एवं वृद्धावपि भाव्यम् ॥

હીયમાન અવધિને કહે છે.

ભાવાર્થ – "પોતાની ઉત્પત્તિના ક્ષેત્રની અપેક્ષાએ ક્રમે ક્રમે અલ્પ થતા વિષયવાળું અવધિજ્ઞાન, એ હીયમાન."

१विवेचन – छ (६) प्रकारनी हानिओ पैकी अहीं पहेली अने छेल्ली हानिना परित्यागपूर्वक चार प्रकारनी हानि लेवी. अवधिना विषयभूत क्षेत्र अने काळमां अनंतपणानो असंभव होई अनंत भागहानिनो अने अनंत गुणहानिनो असंभव छे. वळी द्रव्यनी अपेक्षाओ अनंत भागहानि अने अनंत गुणहानि-एम बे प्रकारनी ज हानि छे, केम के-स्वभाव ज छे. पर्यायभावनी अपेक्षाओ तो छ (६) प्रकारवाळी पण हानि होय छे. द्रव्य-क्षेत्र-काळ-पर्यायोना संयोगमां एकनी हानिमां बीजानी पण हानि, परंतु वृद्धि नथी. तथा द्रव्य आदिना भागे करी हानिमां बीजानी पण भागे करी प्रायः हानि छे, परंतु गुणे करी नहि. तेमज गुणोनी अपेक्षाओ हानिमां बीजानी पण गुणथी हानि छे, परंतु भागथी हानि नहीं. आ प्रमाणे वृद्धिमां पण विचारवुं.

वर्धमानमाह –

स्वोत्पत्तितः क्रमेणाधिकविषयी वर्धमानः ॥ १६ ॥

स्वोत्पत्तित इति । यावत्क्षेत्रं प्रथमावधिज्ञानिना दृष्टं ततः प्रतिसमयसंख्यातभागवृद्धिं कश्चित्पश्यति कोऽपि संख्यातभागवृद्धिं अन्यस्तु संख्यातगुणवृद्धिमपरश्चासंख्यातगुणवृद्धिमित्येवं वृद्धिमानवधिरित्यर्थः ॥

वर्धमाननुं कथन

भावार्थ – "पोताना उत्पत्तिक्षेत्रनी अपेक्षाओ क्रमथी अधिक विषयवाळुं अवधिज्ञान, ओ वर्धमान."

विवेचान – जेटलुं क्षेत्र प्रथम अवधिज्ञानी वडे देखायुं, तेना करतां समये समये, १-असंख्यात भागवृद्धिने कोईक देखे छे, तो कोईक २-संख्यात भागवृद्धिने देखे छे. बीजो तो १-संख्यातगुणवृद्धिने देखे छे अने कोईक २-असंख्यात गुणवृद्धिने देखे छे. आ प्रमाणे वृद्धिवाळुं 'वर्धमान अवधि' कहेवाय छे. [अहीं अनंत-भागवृद्धि नथी, केम के—अवधिविषयभूत क्षेत्र-काळमां अनंतपणानो असंभव छे.]

प्रतिपातिनमाचष्टे –

उत्पत्त्यनन्तरं पतनशीलः प्रतिपाती ॥ १७ ॥

उत्पत्तीति । उत्पत्त्यनन्तरं कियन्तमपि कालं स्थित्वा ततो ध्वंसनस्वभाव इत्यर्थः । अत्रायं भावः, अवधिज्ञानावरणक्षयोपशमजन्यावधिज्ञाननिर्गमस्थानानि फड्डकान्युच्यन्ते । तानि चैकजीवस्य संख्यान्यसंख्येयानि च भवन्ति तत्र चैकफड्डकोपयोगे च जन्तुर्नियमात्सर्वत्र सर्वैरपि फड्डकैरुपयुक्तो भवत्येकोपयोगत्वात् जीवस्यैकलोचनोपयोगे द्वितीयलोचनोपयोगवत् । एतानि च फड्डकानि त्रिधा भवन्ति, अनुगामुकानि अननुगामुकानि मिश्राणीति । एतानि च पुनः प्रत्येकं त्रिधा भवन्ति प्रतिपातीन्यप्रतिपातीनि मिश्राणि च एतानि च मनुष्यतिर्यक्षु योऽवधिस्तस्मिन्नेव भवन्ति न देवनारकावधौ ॥

પ્રતિપાતિ અવધિનું વર્ણન

ભાવાર્થ – "ઉત્પન્ન થયા બાદ પડવાના સ્વભાવવાળો 'પ્રતિપાતી' કહેવાય છે."

વિવેચન – ઉત્પત્તિ પછી કેટલાક કાળ સુધી રહી ત્યારબાદ ધ્વંસના સ્વભાવવાળો 'પ્રતિપાતિ અવધિ.' અહીં આ ભાવ છે કે–અવધિજ્ઞાન આવરણના ક્ષયોપશમથી જન્ય અવધિજ્ઞાનના નિર્ગમ-પ્રગટ થવાના કે જવાના સ્થાનો ઓરડાની જાળીઓની અંદર રહેલ દીપકની પ્રભા નિર્ગમસ્થાન સમાન, તીવ્ર-મધ્યમ-મંદદ્વારમાં ઉપયોગી ફડકો છે. જેમ કે- અનુગામી અપ્રતિપાતિ ફડકો તીવ્ર શુદ્ધિયુક્ત હોઈ તીવ્ર કહેવાય છે. તે ફડકો એક જીવને સંખ્યાતા અને અસંખ્યાતા હોય છે. ત્યાં એક ફડક ઉપયોગમાં પ્રાણી નિયમથી સઘળા ફડકો સાથે ઉપયોગવાળો થાય છે, કેમ કે-એક ઉપયોગ છે. જેમ કે-એક નેત્રના ઉપયોગમાં બીજા નેત્રનો ઉપયોગ. આ ફડકો (ફાડાઓ) અનુગામી, અનનુગામી અને મિશ્રના ભેદથી ત્રણ પ્રકારવાળા છે. આ ત્રણના પણ દરેકના ત્રણ ત્રણ ભેદો છે. અનુગામી=પ્રતિપાતિ, અપ્રતિપાતિ અને મિશ્ર. મિશ્ર=પ્રતિપાતી, અપ્રતિપાતી અને મિશ્ર. અનનુગામી=પ્રતિપાતિ, અપ્રતિપાતિ અને મિશ્ર. આ ફડકો મનુષ્યોમાં અને તિર્યંચોમાં જે અવધિજ્ઞાન છે તેમાં જ હોય છે, દેવ-નારકીના અવધિમાં નહીં.

अथाप्रतिपातिनमाह -

तद्विपरीतोऽप्रतिपाती ॥ १८ ॥

तद्विपरीत इति । प्रतिपातिविपरीत इत्यर्थः । तत्र नैरयिकभवनपतिवानमन्तर-ज्योतिष्कवैमानिका अनुगाम्यप्रतिपात्यवधय एव तिर्यक्पञ्चेन्द्रियाणान्तु षडपि ॥

હવે અપ્રતિપાતિ અવધિનું કથન

ભાવાર્થ – "તેનાથી વિપરીત 'અપ્રતિપાતી' કહેવાય છે.

વિવેચન – પ્રતિપાતિથી વિપરીત 'અપ્રતિપાતી' કહેવાય છે. નારકી-ભવનપતિ-વ્યંતર-જ્યોતિષી-વૈમાનિકો, અનુગામી-અપ્રતિપાતી અવધિવાળા જ હોય છે. તિર્યંચ સંજ્ઞીપર્યાપ્ત પંચેન્દ્રિયોને અને ગર્ભજ આદિ વિશિષ્ટ મનુષ્યોમાં છ ભેદો અવધિના સંભવે છે.

अथ मनःपर्यवं लक्षयति -

संयमविशुद्धिहेतुकं मनोद्रव्यपर्यायमात्रसाक्षात्कारि ज्ञानं मनःपर्यवः । स ऋजुमतिविपुलमतिभेदेन द्विविधः ॥ १९ ॥

संयमेति । मनोद्रव्यपर्यायमात्रसाक्षात्कारिज्ञानत्वं लक्षणम् । संयमविशुद्धिहेतुकमिति तु अप्रमत्तत्वर्द्धिप्राप्तिक्षान्त्यादिमत एवेदमिति सूचनाय । मात्रपदं अवधिज्ञाने केवले वाऽतिव्याप्तिवारणाय । अवधिर्हि मनस्साक्षात्कार्यपि स्कन्धान्तरसाक्षात्कारीति न दोषः, एवं केवलेऽपि । न च मनस्त्वपरिणतस्कन्धालोचितं बाह्यमप्यर्थं मनःपर्यवज्ञानं साक्षात्करोती-

त्यसम्भव इति वाच्यम्, बाह्यार्थानां तथाविधमनःपरिणामान्यथानुपपत्तिलिङ्गकानुमानेनैव ग्रहणाभ्युपगमात्, मनःपर्यवस्य धर्मिग्राहकप्रमाणेन मनोद्रव्यमात्रालम्बनतयैव सिद्धेः । अर्धतृतीयद्वीपसमुद्रपरिमाणमानुषक्षेत्रवृत्तिमनोद्रव्यविषयमिदं ज्ञानं न तद्बहिर्भूतप्राणिमनांस्यवगच्छति । तथा संज्ञिजीवैर्मनोद्रव्याणि गृहीत्वा मनस्त्वेन परिणमितानां द्रव्यमनसामनन्तान् पर्यायान् विषयीकरोतीदम् । न तु भावमनसः पर्यायान्, अमूर्त्तत्वात् छद्मस्थस्य चामूर्त्तविषयायोगात् । अत एव मनःपर्यायमात्रविषयकसाक्षात्कारिज्ञानत्वमित्यनुक्त्वा मनोद्रव्येत्युक्तम् । मनोद्रव्याणि वीक्ष्य चिन्तनञ्चातीतानागतपल्योपमासंख्येयभागविषयम् । पटुतरक्षयोपशमप्रभवत्वादिदं यतो विशेषमेव गृह्णदुत्पद्यते न सामान्यमतो ज्ञानरूपमेव न तु दर्शनरूपम् । अत्र मनःपर्यवज्ञानी मनश्चिन्ताप्रवर्त्तकानि द्रव्याणि जानाति बाह्यार्थांश्चाचक्षुर्दर्शनेन पश्यतीत्यतः कथं न तस्य दर्शनरूपतया, अन्यथा पश्यतीति प्रयोगानुपपत्तिः स्यात् यदि चाचक्षुर्दर्शनेन पश्यति तर्हि मतिश्रुतवत्परोक्षत्वं प्राप्तं, अचक्षुर्दर्शनस्य तत्रैव समावेशात् प्रत्यक्षार्थविषये मनःपर्यवज्ञाने परोक्षार्थविषयस्याचक्षुर्दर्शनस्य कथं प्रवृत्तिरिति पूर्वपक्षः, अत्र केचिद्वदन्ति समाधानम्, मनःपर्यवज्ञानी पश्यत्यवधिदर्शनेन, मनःपर्यवज्ञानेन जानातीत्यतो न विरोध इति तन्न सम्यक्, अवधिमन्तरेणापि मतिश्रुतमनःपर्यवरूपज्ञानत्रयस्यागमे प्रतिपादितत्वात्, किन्तु एकस्यैव मनःपर्यवज्ञानिनः प्रमातुर्मनःपर्यवज्ञानानन्तरमेव मानसमचक्षुर्दर्शनमुत्पद्यत इति न जानाति पश्यतीति व्यवहारयोरनुपपत्तिः, अत एव न परोक्षत्वाद्यापत्तिः, ज्ञानभेदात् । न चैवं मनःपर्यवज्ञानिनः प्रत्यक्षज्ञानित्वं विरुद्ध्यते, परोक्षज्ञानवत्त्वादिति वाच्यं भिन्नविषयत्वात्, न ह्यवधिज्ञानिनश्चक्षुर्दर्शनाचक्षुर्दर्शनाभ्यां पश्यतः प्रत्यक्षज्ञानितायां कोऽपि विरोध इति विभावनीयम् ॥ मनःपर्यवज्ञानसमृद्धिमतामप्रमत्तसंयतानामुत्पद्यमानमिदं द्विधा समुत्पद्यत इत्याह स इति मनःपर्यव इत्यर्थः । मननं मतिस्संवेदनमित्यर्थः, ऋज्वी सामान्यग्राहिणी मतिः ऋजुमतिः, घटोऽनेन चिन्तित इत्यादिसामान्याकाराध्यवसायनिबन्धनभूता कतिपयपर्यायविशिष्टमनोद्रव्यपरिच्छेदरूपेत्यर्थः ।

---

१. न चावधेर्दर्शनवन्मनःपर्यवस्यापि दर्शनं स्यात् ततस्तेनासौ पश्यतीति व्यपदेश उपपत्स्यत इति वाच्यम् चतुर्विधदर्शनात्तदधिकस्य दर्शनस्यागमेऽनुक्तत्वात् । न च चक्षुर्दर्शनादिचतुष्टयाधिक्येनानुक्तमपि विभङ्गदर्शनं यथाऽवधिदर्शनेऽन्तर्भूतं तथा मनःपर्यवदर्शनमपि अवधिदर्शनान्तर्भूतं सदवधिदर्शनसंज्ञितं भविष्यतीति वाच्यम्, तथापि शास्त्रविरोधात्, मतिश्रुतमनःपर्यवज्ञानवतो दर्शनद्वयस्यैव मतिश्रुतावधिमनःपर्यवज्ञानवतश्च दर्शनत्रयस्यैव शास्त्रे प्रोक्तत्वात्, यदि मनःपर्यायदर्शनमपि स्यात्तदा मतिश्रुतमनःपर्यवज्ञानी दर्शनद्वयवान्न स्यादिति ॥

विपुला विशेषग्राहिणी मतिर्घटोऽनेन चिन्तितस्स च सौवर्णः पाटलिपुत्रकोऽद्यतनो महान-पवरकस्थितः फलपिहित इत्याद्यध्यवसायहेतुभूता प्रभूतविशिष्टमनोद्रव्यपरिच्छेदरूपेत्यर्थः ॥

मनःपर्यवज्ञाननुं लक्षण

भावार्थ – "संयमनी विशुद्धिरूप हेतुथी जन्य, मात्र मनोद्रव्यनो साक्षात्कार करनारुं ज्ञान, ए 'मनःपर्यवज्ञान' छे. ते ऋजुमति-विपुलमतिना भेदथी बे प्रकारनुं छे."

विवेचन – द्रव्यवचनना पर्यायनुं ज मात्र साक्षात्कार करनार ज्ञानत्व, ए मनःपर्यायनुं लक्षण छे. 'संयमविशुद्धिहेतुकमिति' आ शब्द, अप्रमत्तपणानी ऋद्धिनी प्राप्ति, क्षमा आदिवाळा मुनिने ज आ ज्ञान थाय छे, एम सूचववा कहेल छे. 'मात्र'पद अवधिज्ञानमां अने केवलज्ञानमां अतिव्याप्तिना वारण माटे छे.

० खरेखर, अवधिज्ञान मननुं साक्षात् करनारुं होवा छतां, मन सिवाय बीजा रूपी पुद्गलस्कंधोने जाणे छे. ज्यारे मनःपर्यवज्ञान तो मात्र मनने ज जाणे छे, बीजा रूपीद्रव्यने नहीं. ए प्रमाणे केवलज्ञान सकलविषयक होई दोष नथी.

शंका – मनपणाए परिणत स्कंधमां विचारेल बाह्य पण अर्थने साक्षात् करे छे, एम जो कहेवामां आवे तो असंभव दोष केम नहीं ?

समाधान – मनःपर्यवज्ञानी मनोद्रव्यने मात्र साक्षात् करे छे, परंतु बाह्य पदार्थरूप चिंतनीय वस्तुने अनुमानथी जाणे छे. अर्थात् ज्यारे कोई एक पुरुष मनमां कोई एक बाह्य वस्तुने विचारे छे, त्यारे विचारमां विषयभूत बाह्य वस्तुना आकारथी परिणत तेना मनना द्रव्यने साक्षात् करे छे. मनःपर्यवज्ञान बाह्य पदार्थोने साक्षात् करतुं नथी, परंतु बाह्य पदार्थोने तथाविध मनःपरिणाम-मनना चिंतनीय बाह्यवस्तुना आकारपर्यायरूप अन्यथा अनुपपत्ति हेतुजन्य अनुमानथी जाणे छे, एम स्वीकार करेल छे. वळी चिंतकनो, आ मननो घट आदिनो आकारपर्याय चिंतनीय बाह्य वस्तुथी पेदा थयेलो छे, केम के-तेना आकारनो पर्याय छे. जे जेना आकारनो पर्याय, ते ते वस्तुथी पेदा थयेलो छे. जेम के-स्फटिकमां जासुदना फूलनो लाल आकारनो पर्याय. अहीं मनःपर्यवज्ञाननी धर्मिग्राहकप्रमाणथी मनोद्रव्य मात्र आलंबनपणाए सिद्धि छे, एम जाणवुं.

० आ मनःपर्यवज्ञान, अढीद्वीप-बे समुद्रपरिमाणवाळा मनुष्यक्षेत्रवृत्ति मनोद्रव्यना विषयवाळुं छे. ते मनुष्यक्षेत्रथी बहार रहेल प्राणीओना मनोने जाणतुं नथी. तेमज आ मनःपर्यवज्ञान, संज्ञी जीवोए मनोद्रव्योने लई मनपणाए परिणमावेला द्रव्यमनोना अनंत पर्यायोने विषय करे छे, परंतु भावमनना पर्यायोने विषय करतुं नथी, केम के-अरूपी छे. वळी छद्मस्थज्ञानमां अरूपी विषयनो योग नथी.

० एथी ज मनःपर्याय मात्र विषयक साक्षात्कारज्ञानत्वरूप लक्षण नहीं कहीने 'मनोद्रव्यपर्याय' एम कहेल छे.

० मनोद्रव्यने जोईने चिंतन, अतीत-अनागत पल्योपमना असंख्यातमा भागना विषयवाळुं छे.

० પટુતરક્ષયોપશમથી જન્ય હોઈ આ મનઃપર્યવજ્ઞાન વિશેષને-પર્યાયને ગ્રહણ કરતું ઉત્પન્ન થાય છે. સામાન્યને ગ્રહણ કરતું ઉત્પન્ન થતું નથી, માટે મનઃપર્યવજ્ઞાનરૂપ જ કહેવાય છે, 'દર્શનરૂપ' કહેવાતું નથી.

પૂર્વપક્ષ – અહીં મનઃપર્યવજ્ઞાની, મનની ચિંતામાં પ્રવર્તક દ્રવ્યોને જાણે છે અને બાહ્ય અર્થોને અચક્ષુદર્શનથી જુવે છે. આથી તે મનઃપર્યવમાં દર્શનરૂપતા કેમ નહીં ? અન્યથા 'જુવે છે' એવા પ્રયોગની અનુપપત્તિ થાય ! અને જો અચક્ષુદર્શનથી દેખે છે, તો મતિ-શ્રુતની માફક મનઃપર્યવમાં પરોક્ષતા પ્રાપ્ત થશે, કેમ કે-અચક્ષુદર્શનનો મતિ-શ્રુતમાં સમાવેશ છે. પ્રત્યક્ષ અર્થના વિષયવાળા મનઃપર્યવજ્ઞાનમાં પરોક્ષ અર્થવિષયભૂત અચક્ષુદર્શનની કેવી રીતે પ્રવૃત્તિ ?

ઉત્તરપક્ષ – અહીં કેટલાક સમાધાન કરે છે કે-મનઃપર્યવજ્ઞાની અવધિદર્શનથી જુવે છે અને મનઃપર્યવજ્ઞાનથી જાણે છે એથી વિરોધ નથી. આ સમાધાન બરોબર નથી, કેમ કે-અવધિ સિવાય પણ મતિ-શ્રુત-મનઃપર્યવરૂપ ત્રણ જ્ઞાનોનું. આગમમાં પ્રતિપાદન છે. [પ્રશ્ન – અવધિદર્શનની માફક મનઃપર્યવનું દર્શન થશે જ, કેમ કે-તેમના મનઃપર્યવદર્શનથી 'આ જુવે છે' આવા વ્યવહારની ઉત્પત્તિ છે જ ને ?

ઉત્તર – ચાર પ્રકાર દર્શનથી અધિક દર્શનનું કથન આગમમાં નથી. વળી એમ પણ શંકા ન કરવી કે - 'જેમ ચાર દર્શનથી અધિક દર્શન નથી કહ્યું છતાં વિભંગદર્શન અવધિદર્શનમાં અંતર્ગત છે, તેમ મનઃપર્યવદર્શન પણ અવધિદર્શનમા અંતર્ગત હોતું અવધિદર્શન સંજ્ઞાવાળું થશે જ.' કેમ કે-તેમ કરવા જતાં પણ શાસ્ત્રની સાથે વિરોધ છે. મતિ-શ્રુત-મનઃપર્યવવાળામાં બે દર્શનો અને મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાયવાળામાં ત્રણ દર્શનો જ શાસ્ત્રમાં કહેલા છે. જો મનઃપર્યવદર્શન હોય, તો મતિ-શ્રુત-મનઃપર્યવજ્ઞાની બે દર્શનવાળો ન કહેવાય. ઈતિ.] પરંતુ એક જ મનઃપર્યવજ્ઞાનીરૂપ પ્રમાતામાં મનઃપર્યવજ્ઞાન પછી તરત જ માનસરૂપ અચક્ષુદર્શન ઉત્પન્ન થાય છે, માટે 'જાણે છે-દેખે છે' એવા બે વ્યવહારની અનુપપત્તિ નથી. એથી જ પરોક્ષપણા આદિની આપત્તિ નથી, કેમ કે-જ્ઞાનભેદ છે.

શંકા – આ પ્રમાણે તો મનઃપર્યવજ્ઞાનીમાં પ્રત્યક્ષ જ્ઞાનીપણાનો વિરોધ આવે છે, કેમ કે-તે પરોક્ષજ્ઞાન છે જ ને ?

સમાધાન – આ ઠીક નથી, કેમ કે-વિષયનો ભેદ છે. ખરેખર, અવધિજ્ઞાની ચક્ષુદર્શન-અચક્ષુદર્શનથી જોનાર છતાં, પ્રત્યક્ષ જ્ઞાનીપણામાં કોઈ પણ જાતનો વિરોધ નથી એવું વિચારવું.

મનઃપર્યવની સમૃદ્ધિવાળા-અપ્રમત્ત સંયતોને ઉત્પન્ન થતું મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે ઉત્પન્ન થાય છે. મનન-વિચારવું તે મતિ અર્થાત્ સંવેદન, ઋજુ એટલે સામાન્ય ગ્રાહક-મતિ-ઋજુમતિ. 'આણે ઘડો ચિંતવ્યો' ઇત્યાદિ સામાન્ય આકારના અધ્યવસાયમાં કારણભૂત, કેટલાક પર્યાયોની વિશિષ્ટ મનોદ્રવ્યના પરિચ્છેદ-જ્ઞાનરૂપ હોય છે.

વિપુલમતિ-વિપુલ એટલે વિશેષ ગ્રાહકમતિ. 'આ ઘડો ચિંતવ્યો' અને તે ઘડો, સોનાનો-પાટલીપુત્ર નગરનો-આજનો-મોટો-ઓરડામાં રહેલો-શ્રીફલ આદિ ફળોથી ઢાંકેલો, ઇત્યાદિ અધ્યવસાયના હેતુભૂત પણ વિશિષ્ટ મનોદ્રવ્યના પરિચ્છેદ-જ્ઞાનરૂપ છે.

भेदयोरनयोर्विशेषान्तरमाह -

आद्यज्ञानं कदाचित्प्रच्यवते द्वितीयन्तु न कदापीत्यनयोर्वैषम्यम् ॥ २० ॥

आद्येति । कदाचिदित्युक्तत्वादाकेवलं कदाचित्र प्रतिपततीति भावः । द्वितीयं त्विति विपुलमतिरिति भावः, न कदापीति आकेवलमिति शेषः, वैषम्यमिति स्वगतो भेद इत्यर्थः ॥

इति तपोगच्छनभोमणि श्रीमद्विजयानन्दसूरीश्वरपट्टधर-श्रीमद्विजयकमलसूरीश्वर-चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण विजयलब्धिसूरिणा विनिर्मितस्य तत्त्वन्यायविभाकरस्य स्वोपज्ञायां न्यायप्रकाशव्याख्यायां पारमार्थिकप्रत्यक्ष-निरूपणो नाम प्रथमः किरणः ॥

ऋजु अने विपुलमतिमां विशेषान्तरने कहे छे

भावार्थ – "प्रथम ऋजुमतिज्ञान कदाच पडे छे, परंतु बीजुं विपुलमतिज्ञान कदाच पडतुं नथी, एम आ बंनेमां विशेषता छे."

विवेचन – 'कदाचित्' एम कहेवाथी केवलज्ञानपर्यंत कदाच पडतुं नथी. विपुलमति तो केवलज्ञान सुधी कदी पण पडतुं नथी. 'वैषम्यमिति' स्व(पोता)मां रहेलो भेद छे.

ईति तपोगच्छनभोमणि श्रीमद्**विजयानंदसूरीश्वर** पट्टालंकार श्रीमद्**विजयकमलसूरीश्वर**ना चरणकमलमां सारी रीते स्थापित पोतानी भक्तिना समुदायवाळा तेओश्रीना पट्टधर श्रीमद् **विजयलब्धिसूरीश्वरजी** महाराजाओ रचेल **'तत्त्वन्यायविभाकर'**नी स्वोपज्ञ **'न्यायप्रकाश'** नामनी व्याख्यामां **'पारमार्थिक प्रत्यक्ष'** नामनुं प्रथम किरण समाप्त.

तत्त्वन्यायविभाकर ग्रंथ रचयिताना पट्टधर आ. विजय **भुवनतिलकसूरि**ना शिष्य पू.आ. श्रीमद् **विजयभद्रंकरसूरि**ए तत्त्वन्यायविभाकरनी स्वोपज्ञ **न्यायप्रकाश** नामनी टीकानो सरळ भाषामां **प्रथम किरण**नो गुजराती भावानुवाद समाप्त.

●●●

द्वितीयः किरणः ॥

एवं प्रत्यक्षभेदे निरूपिते परोक्षभेदान्निरूपयितुं प्रथमतः परोक्षलक्षणं प्रकाशयति –

व्यवहितात्मद्रव्यजन्यं ज्ञानं परोक्षम् ॥ १ ॥

व्यवहितेति । साक्षादात्मना न जन्यते यज्ज्ञानमपि तु व्यवधायकानिन्द्रियादीनाश्रित्य, तादृशं ज्ञानं निमित्तापेक्षत्वाद् व्यवहितात्मद्रव्यजन्यं अतः परोक्षमित्युच्यत इत्यर्थः । न च निमित्तापेक्षत्वं व्यभिचारि, अवधिनान्तरङ्गस्य क्षयोपशमस्य बहिरङ्गस्य विषयादेरपेक्षणात्, एवं मनःपर्ययज्ञानमपि निमित्तापेक्षं, केवलज्ञानमपि घातिकर्मक्षयं विषयज्ञापेक्षत एवेति वाच्यम्, विशिष्टनिमित्तापेक्षत्वस्यैव वाच्यत्वात्, तच्च विशिष्टं निमित्तमिन्द्रयानिन्द्रियाख्यं श्रुते च मतिपूर्वकत्वमपि, अतो न व्यभिचारः ॥

सांव्यवहारिक प्रत्यक्ष नामक बीजुं किरण

પારમાર્થિક પ્રત્યક્ષના નિરૂપણ બાદ પરોક્ષના ભેદોનું નિરૂપણ કરવા માટે પહેલાં પરોક્ષનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – "વ્યવહિત આત્મદ્રવ્યથી જન્ય જ્ઞાન 'પરોક્ષ' કહેવાય છે."

વિવેચન – સાક્ષાત્ આત્માથી જે જ્ઞાન જન્ય થતું નથી, પરંતુ વ્યવધાનકારક ઇન્દ્રિય આદિની અપેક્ષા રાખીને પેદા થતું જ્ઞાન નિમિત્તોની અપેક્ષા રાખનારું હોઈ વ્યવહિત આત્મદ્રવ્યજન્ય છે, માટે 'પરોક્ષ' છે. (પરની સાથે, અક્ષ-ઇન્દ્રિયાદીની સાથે જન્યજનકભાવરૂપ સંબંધ જેનો છે એવો, અથવા પર એટલે પુદ્ગલમય હોઈ, જીવની અપેક્ષાએ ભિન્ન દ્રવ્ય ઇન્દ્રિય-મનોથી અક્ષ-આત્માનો જે સંબંધ તે પરોક્ષ છે. આવી વ્યુત્પત્તિથી ઇન્દ્રિય-મનદ્વારા આત્માને અર્થવિષયનો સાક્ષાત્કાર, એવો ભાવ છે.)

---

१. परैरक्षं सम्बन्धनं जन्यजनकभावलक्षणमस्येति, परेभ्यः पुद्गलमयत्वेन जीवापेक्षया भिन्नेभ्यो द्रव्येन्द्रियमनोभ्योऽक्षस्य जीवस्य यत्तत्परोक्षमिति वा व्युत्पत्त्या इन्द्रियमनोव्यवधानेन जीवस्यार्थविषयसाक्षात्कार इति भावः ॥

शंका – परोक्षपणानी सिद्धिमां निमित्तापेक्षत्वरूप हेतु व्यभिचारी छे, केम के-अवधिज्ञान अंतरंग-आंतर् निमित्तरूप क्षयोपशमनी अने बहिरंग-बाह्य निमित्तरूप विषयनी अपेक्षा राखे छे. मनःपर्यवज्ञान पण निमित्तनी अपेक्षावाणुं छे. केवलज्ञान पण घातिकर्मना क्षयनी अने ज्ञेयविषयनी अपेक्षा राखे छे. माटे अवधि-मनःपर्यव-केवलज्ञान आदि प्रत्यक्ष ज्ञानोमां परोक्षत्वसाधक निमित्तापेक्षपणुं होई व्यभिचार केम नहीं ?

समाधान – अहीं विशिष्ट निमित्त अपेक्षाजन्यपणुं वाच्य होई कोई दोष नथी. अर्थात् विशिष्ट निमित्त ईन्द्रिय-अनिन्द्रिय नामक मति-श्रुतमां अने श्रुतमां मतिपूर्वकपणुं छे. तथा तीर्थंकर आदिना उपदेश-शब्दथी जन्यपणुं छे. माटे विशिष्ट निमित्तनी अपेक्षा होई मति-श्रुतमां परोक्षपणुं छे. अवधिज्ञानादिमां विशिष्ट निमित्तनी अपेक्षारूप हेतुनो अभाव होई व्यभिचार नथी.

अथ सांव्यवहारिकप्रत्यक्षलक्षणमाचष्टे –

इन्द्रियमनोजन्यो विशदावभासस्सांव्यवहारिकप्रत्यक्षम् ॥ २ ॥

इन्द्रियेति । इन्द्रियेण मनसा तदुभयेन वा जन्यो विशदावभास इत्यर्थः, तत्रेन्द्रियनिमित्तको विशदावभासो मनोहीनानामेकद्वित्रिचतुरिन्द्रियाणामसंज्ञिपञ्चेन्द्रियाणाञ्च । मनोजन्यो विशदावभासो मानससुखादिज्ञानम्, तत्र चक्षुरादिव्यापाराभावात् । तदुभयजन्यो विशदावभासः पञ्चेन्द्रियाणां घटादिरूपादिचाक्षुषादिज्ञानम् । इन्द्रियजन्यविशदावभासत्वस्य सुखादिमानसेऽव्याप्त्या मनःपदम् । मनोजन्यविशदावभासत्वस्येन्द्रियमनोजन्यविशदावभासत्वस्य वैकेन्द्रियादीनां प्रत्यक्षेऽसत्त्वादिन्द्रियजन्यविशदावभासत्वमपि विवक्षितं, स्मृतिप्रत्यभिज्ञादावतिव्याप्तिवारणाय विशदावभासत्वमुक्तम् । तदुभयजन्यविशदावभासत्वन्तु लक्षणे न प्रवेशनीयं फलाभावात्, पञ्चेन्द्रियचाक्षुषादिप्रत्यक्षस्य मानसस्य चेन्द्रियमनोऽन्यतरजन्यत्वात्, तथा चेन्द्रियमनोऽन्यतरजन्यविशदावभासत्वं सांव्यवहारिकप्रत्यक्षस्य लक्षणम्, मनःपदमुपलक्षकमोघस्य, ओघस्सामान्यमप्रविभक्तरूपम् । ओघज्ञाने नेन्द्रियादि निमित्तं, केवलं मत्यावरणक्षयोपशमविशेष एव कारणम् । वल्ल्यादीनां नीव्राद्यभिसर्पणज्ञानमोघज्ञानम् । सांव्यवहारिके प्रत्यक्षे केषाञ्चिदालोकविषयेन्द्रियाण्यपेक्षाकारणानि, सति प्रकाशे विषय इन्द्रिये च ज्ञानोदयस्य दृष्टत्वात्तत्राप्यन्तरङ्गापेक्षाकारणमिन्द्रियाणि, पारमार्थिकन्तु कारणं क्षयोपशमस्सर्वज्ञानसाधारणमिति ॥

सांव्यवहारिक प्रत्यक्षनुं लक्षण

भावार्थ – "ईन्द्रिय-मनथी जन्य विशद अवभास, ए 'सांव्यवहारिक प्रत्यक्ष' छे.

विवेचन – ईन्द्रियथी, मनथी के ईन्द्रिय-मन उभयथी जन्य विशद अवभास (प्रत्यक्ष), त्यां ईन्द्रियनिमित्तजन्य विशद अवभास, मनरहित-एकेन्द्रिय-द्वीन्द्रिय-त्रीन्द्रिय अने चतुरिन्द्रिय असंज्ञी

પંચેન્દ્રિયોને હોય છે. મનરૂપ નિમિત્તજન્ય, વિશદ અવભાસ (પ્રત્યક્ષ) માનસ સુખ આદિ રૂપ જ્ઞાન કહેવાય છે, કેમ કે-ત્યાં ચક્ષુ આદિ ઇન્દ્રિયોના વ્યાપારનો અભાવ છે.

○ ઇન્દ્રિય-મનરૂપ ઉભયજન્ય વિશદ અવભાસ (પ્રત્યક્ષ) પંચ ઇન્દ્રિયોનું ઘટ આદિ રૂપાદિ ચાક્ષુષ આદિ રૂપ જ્ઞાન જાણવું.

લક્ષણ – ઇન્દ્રિયજન્યત્વે સતિ મનોજન્યત્વે સતિ ઇન્દ્રિય-મન ઉભયજન્યત્વે સતિ વિશદ અવભાસત્વ, એ સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ છે.

પદકૃત્ય – જો 'ઇન્દ્રિયજન્ય વિશદ અવભાસત્વ' એમ કહેવામાં, સુખાદિ વિષયક માનસ પ્રત્યક્ષમાં અવ્યાપ્તિ આવે છે, માટે તેના વારણ માટે 'મનઃ' એવું પદ મૂકેલ છે.

'મનોજન્ય વિશદ અવભાસત્વ કે ઇન્દ્રિય-મન ઉભયજન્ય વિશદ અવભાસત્વ' એમ કહેવામાં એકેન્દ્રિય આદિના પ્રત્યક્ષમાં અવ્યાપ્તિ આવે છે, માટે તેના વારણ માટે ઇન્દ્રિયજન્ય વિશદ અવભાસત્વ પણ વિવક્ષિત કરેલ છે.

○ સ્મૃતિ-પ્રત્યભિજ્ઞાન આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'વિશદ અવભાસત્વ' કહેલ છે.

વળી ઇન્દ્રિય-મનરૂપ ઉભયજન્ય વિશદ અવભાસત્વ તો લક્ષણમાં દાખલ નહીં કરવું જોઈએ, કેમ કે-ફળનો અભાવ છે.

વળી પંચેન્દ્રિયના ચાક્ષુષ આદિ પ્રત્યક્ષ અને માનસ પ્રત્યક્ષ, ઇન્દ્રિયથી કે મનથી જન્ય છે. તથાચ ઇન્દ્રિયમનોઽન્યતરજન્ય વિશદ અવભાસત્વ, સાંવ્યવહારિક પ્રત્યક્ષનું લક્ષણ જાણવું. અહીં મનઃપદ ઉપલક્ષક છે (સ્વબોધક અને પોતાનાથી બીજાનું બોધક છે), માટે ઓઘસંજ્ઞાનું મનઃપદથી ગ્રહણ કરવું. ઓઘસંજ્ઞા એટલે સામાન્ય-અવ્યક્ત ઉપયોગરૂપ વિશેષ વગરનું જ્ઞાન. આ ઓઘસંજ્ઞાના જ્ઞાનમાં ઇન્દ્રિય આદિ નિમિત્ત નથી, ફક્ત મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમવિશેષ જ કારણ છે. જેમ કે-વેલડી આદિનું (છાપરાના આગળનો ભાગ) નેવાં-વાડ-વૃક્ષ આદિ તરફ જવાના જ્ઞાનરૂપ ઓઘજ્ઞાન છે.

○ સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં, કેટલાંક જ્ઞાનોમાં આલોક-વિષય-ઇન્દ્રિયો-અપેક્ષાકારણો છે, કેમ કે-પ્રકાશ-વિષય ઇન્દ્રિય હોયે છતે જ્ઞાનનો ઉદય દેખેલો છે. ત્યાં પણ અંતરંગ અપેક્ષાકારણ ઇન્દ્રિયો છે. પારમાર્થિક કારણ તો સર્વ ક્ષયોપશમિક જ્ઞાનવ્યાપક ક્ષયોપશમ છે. ઇતિ.

ननु किन्तावज्ज्ञानस्य विशदावभासत्वं, नेन्द्रियार्थसन्निकर्षोत्पन्नत्वं चाक्षुषज्ञानेऽव्याप्तेश्चक्षुषोऽप्राप्यकारित्वेनार्थसन्निकर्षाभावात् । नापि प्रतीत्यन्तराव्यवधानेन प्रतिभासमानत्वमीहादिषु सन्देहाद्यपेक्षिष्वव्याप्तेः । न चान्यान्येन्द्रियव्यापारादेवेहादीनामुत्पत्तेर्न तत्र संशयादीनामपेक्षेति वाच्यमनुभवपराहतत्वात्सन्देहादिभ्यो जायमानत्वेनैवेहादीनां प्रतीयमानत्वात् । न चावग्रहेहापायधारणा एकसंवेदनरूपास्ततः प्रतीत्यन्तराव्यवधानेन प्रतिभासमानत्वमक्षतमेवेति वाच्यं स्याद्वादिभिरस्माभिस्तेषामेकत्वस्येवानेकत्वस्यापि स्वीकृतत्वादव्याप्तिः स्थास्यत्येवेत्याशङ्कायामाह –

अनुमानादिभ्यो विशेषप्रकाशनाद्विशदत्वमस्य ॥ ३ ॥

अनुमानादिभ्य इति । विशेषप्रकाशनादिति, नियतवर्णसंस्थानार्थाकारणां प्रतिभासनात्, अनुमाने च तदभवादिति भावः । ज्ञाने च विशदावभासत्वं प्रबलतरज्ञानावरणवीर्यान्तराय-कर्मक्षयोपशमविशेषाद्भवति, न पदार्थधर्मो विशदावभासत्वं सर्वदा तस्य तथैवाव-भासप्रसङ्गाद्रूपादिवदिति ॥

જ્ઞાનમાં વિશદ અવભાસત્વ શું છે ?

○ સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં વિશદ અવભાસત્વ 'ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ જન્યત્વ'રૂપ નથી, કેમ કે-ચક્ષુ અપ્રાપ્ય પ્રકાશકારી હોઈ, અર્થવિષયની સાથે સંયોગસંબંધનો અભાવ હોઈ ચાક્ષુષ પ્રત્યક્ષ જ્ઞાનમાં અવ્યાપ્તિ છે.

○ પ્રતીતિ અંતર(જ્ઞાનાન્તર)ના અવ્યવધાનદ્વારા પ્રતિભાસમાનત્વરૂપ વિશદાવભાસત્વ અહીં નથી, કેમ કે-સંદેહજ્ઞાન આદિની અપેક્ષાવાળા ઇહા આદિ જ્ઞાનમાં અવ્યાપ્તિ છે.

શંકા – જુદી જુદી ઇન્દ્રિયોના વ્યાપારથી જ ઇહા આદિની ઉત્પત્તિ હોવાથી ત્યાં ઇહા બાદ સંશય આદિની અપેક્ષા નથી જ ને ?

સમાધાન – આ તમારું કથન અનુભવથી બાધિત છે, કેમ કે-સંદેહ આદિથી જ ઉત્પન્ન થતા ઇહા આદિ પ્રતીતિવિષય બને છે.

શંકા – અવગ્રહ-ઇહા-અપાય-ધારણા એક સંવેદન(મતિજ્ઞાન)રૂપ છે, તેથી પ્રતીતિ અંતર-જ્ઞાનાન્તરના અવ્યવધાનદ્વારા પ્રતિભાસમાનપણું અક્ષત છે જ ને ?

સમાધાન – અમોએ-સ્યાદ્વાદીઓએ તે અવગ્રહ-ઇહા-અપાય-ધારણા આદિમાં અપેક્ષાએ એકપણાની માફક અનેકપણાનો પણ સ્વીકાર કરેલ હોવાથી અવ્યાપ્તિ સ્થિર જ રહેશે જ. આથી શંકામાં કહે છે કે -

ભાવાર્થ – "અનુમાન આદિ કરતાં વિશેષોના પ્રકાશનથી આ સાંવ્યવહારિક પ્રત્યક્ષનું વિશદપણું છે."

વિવેચન – અનુમાન-આગમ આદિ પરોક્ષ પ્રકારો કરતાં વિશેષથી=નિયત-વર્ણ-સંસ્થાન-પરિમાણ આદિ અર્થના આકારરૂપ વિશેષોનું પ્રતિભાસનરૂપ સ્પષ્ટત્વ આ સાંવ્યવહારિક પ્રત્યક્ષમાં છે. જેવો પ્રત્યક્ષમાં, વિષયના નિયત-વર્ણ-સંસ્થાન આદિ ભાસે છે, તેવો વિશેષ અવભાસ અનુમાન આદિમાં નથી. આવી સ્પષ્ટતા સઘળા પ્રત્યક્ષમાં વર્તે છે.

○ જ્ઞાનમાં વિશદ અવભાસત્વ, પ્રબલતર જ્ઞાનાવરણીય-વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમવિશેષથી થાય છે, પરંતુ વિશદ અવભાસત્વ પદાર્થનો ધર્મ નથી. જો પદાર્થધર્મ માનવામાં આવે, તો સર્વદા તેનો તે પ્રકારે જ અવભાસનો પ્રસંગ આવી જાય ! જેમ કે-રૂપ આદિ પદાર્થધર્મ છે તેમ આ નથી.

अथ तद्विभजते -

तद्द्विविधमैन्द्रियं मानसञ्च । इन्द्रियजन्यप्रत्यक्षमैन्द्रियम् । मनोजन्यप्रत्यक्षं मानसम् ॥ ४ ॥

तदिति । सांव्यवहारिकप्रत्यक्षमित्यर्थः । ऐन्द्रियं लक्षयति इन्द्रियेति, इन्द्रियजन्यत्वस्य प्रत्यभिज्ञानादौ प्रत्यक्षत्वस्य मानसप्रत्यक्षे सत्त्वादुभयम् । मानसं लक्षयति मन इति, स्मृत्यादौ मनोजन्यत्वस्यैन्द्रिये प्रत्यक्षत्वस्य सत्त्वादुभयम् । मनोऽत्र द्रव्यरूपं ग्राह्यमन्यथैन्द्रिये-ऽतिव्याप्तिस्तदवस्था स्यात् । अवध्यादिषु मनसो हेतुत्वेऽपि न तत्र तदसाधारणमतो न तत्रातिव्याप्तिरसाधारणतया मनोजन्यत्वस्य विवक्षणात्, अत एव वा नैन्द्रियेऽतिव्याप्तिरिति ॥

તે સાંવ્યવહારિક પ્રત્યક્ષનો વિભાગ કહે છે

ભાવાર્થ – "તે ઐન્દ્રિય અને માનસના ભેદે બે પ્રકારનું છે. ઇન્દ્રિયજન્ય પ્રત્યક્ષ 'ઐન્દ્રિય' છે અને મનોજન્ય પ્રત્યક્ષ 'માનસ' કહેવાય છે."

વિવેચન – સાંવ્યવહારિક પ્રત્યક્ષ બે પ્રકારનું છે. ઐન્દ્રિય પ્રત્યક્ષનું લક્ષણ.

લક્ષણ – 'ઇન્દ્રિયજન્યત્વે સતિ પ્રત્યક્ષત્વં' ઐન્દ્રિયપ્રત્યક્ષનું લક્ષણ છે.

પદકૃત્ય – 'ઇન્દ્રિયજન્યત્વ' એમ કહેવામાં પ્રત્યભિજ્ઞાન આદિમાં અતિવ્યાપ્તિ અને પ્રત્યક્ષ એમ કહેવામાં માનસપ્રત્યક્ષમાં અતિવ્યાપ્તિના વારણ માટે પ્રત્યક્ષત્વ અને ઇન્દ્રિયજન્યત્વ, એમ બંને મૂકેલ છે.

માનસપ્રત્યક્ષનું લક્ષણ – 'મનોજન્યત્વે સતિ પ્રત્યક્ષત્વં' માનસપ્રત્યક્ષનું લક્ષણ છે. સ્મૃતિ આદિમાં મનોજન્યત્વ હોઈ, અતિવ્યાપ્ત હોઈ પ્રત્યક્ષત્વ મૂકેલ છે. ઐન્દ્રિયપ્રત્યક્ષમાં પ્રત્યક્ષત્વ અતિવ્યાપ્ત હોઈ મનોજન્યત્વ મૂકેલ છે. અહીં મન એટલે દ્રવ્યમન સમજવું. જો દ્રવ્યમનનું ગ્રહણ કરવામાં ન આવે, તો ઐન્દ્રિયપ્રત્યક્ષમાં અતિવ્યાપ્તિ ઉભી જ છે, કેમ કે-ઉપયોગરૂપ ભાવમન છે જ. અવધિ આદિમાં વિષયરૂપે મનનું હેતુપણું છતાં અતિવ્યાપ્તિ નથી, કેમ કે-અસાધારણ મનોજન્યત્વ વિવક્ષિત છે.

એથી જ ચાક્ષુષ આદિ પ્રત્યક્ષમાં મનનું કારણપણું છતાં ત્યાં ચાક્ષુષ આદિ પ્રત્યક્ષમાં મન અસાધારણ કારણ નથી, પરંતુ સાધારણપણાએ કારણ છે. માટે ત્યાં ચાક્ષુષ આદિ પ્રત્યક્ષમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કેમ કે-અસાધારણપણાએ મનોજન્યત્વની વિવક્ષા છે.

ननु प्रत्यक्षलक्षणेऽस्मिन्निन्द्रियमनोजन्यत्वमुक्तम् । तत्र किन्तावदिन्द्रियं परैर्मनसोऽपीन्द्रियत्वेन ग्रहणादत्र तस्य पार्थक्ये किं वा बीजमित्याशङ्कायामाह -

तत्रेन्द्रियं द्रव्यभावभेदेन द्विविधम् ॥ ५ ॥

तत्रेति । सांव्यवहारिकप्रत्यक्षलक्षणघटकीभूतमिन्द्रियं द्रव्यत्वभावत्वरूपविभाजक-

धर्मद्वयवदित्यर्थः । द्रव्यं परिणामविशेषपरिणतवर्णादिचतुष्टयवत्पुद्गलात्मकम्, भाव आत्मपरिणतिविशेषः, एतेन पृथिव्यप्तेजोवाय्वाकाशरूपत्वं व्युदस्तम्, तथाहि-घ्राणं पार्थिवं रूपादिषु सन्निहितेषु गन्धस्यैवाभिव्यञ्जकत्वाद्घृतवदित्यनुमानं पृथिवीगन्धाभिव्यञ्जकजलेऽनैकान्तिकम् । रसनं जलीयं रूपादिषु सन्निहितेषु रसस्यैवाभिव्यञ्जकत्वान्मुखशोषिणां लालावदित्यनुमानं लवणे व्यभिचरितम् । चक्षुस्तैजसं रूपादिषु सन्निहितेषु रूपस्यैवाभिव्यञ्जकत्वात्प्रदीपवदित्यनुमानं मणौ व्यभिचरितम्, रूपस्यैव प्रकाशकत्वात् मणेस्तैजसत्वानभ्युपगमाच्च तथा चन्द्रकिरणादौ व्यभिचाराच्च । न च तस्य तैजसत्वान्न व्यभिचार इति वाच्यम्, उष्णस्पर्शशून्यत्वेन तैजसत्वासम्भवात्, चन्द्रकिरणं न तैजसं शैत्याज्जलवदित्यनुमानेन तैजसत्वाभावसिद्धेः । स्पर्शनं वायवीयं रूपादिषु सन्निहितेषु स्पर्शस्यैवाभिव्यञ्जकत्वादङ्गसङ्गिसलिलशैत्याभिव्यञ्जकव्यजनपवनवदित्यनुमानं घनसारादावनैकान्तिकम् तस्य हि जले शीतस्पर्शस्यैवाभिव्यञ्जकत्वाद्वायवीयत्वाभावाच्च । पृथिव्यादीनामत्यन्तभिन्नजातीयत्वासिद्धया तदारब्धत्वासिद्धेश्च । शब्दस्त्वसमानजातीयविशेषगुणवतेन्द्रियेण गृह्यते सामान्यविशेषवत्त्वे सति बाह्यैकेन्द्रियप्रत्यक्षत्वाद्रूपादिवदित्यनुमानञ्च शब्दस्याकाशगुणत्वासिद्धयाऽसिद्धमिति न पार्थिवत्वादिकमिन्द्रियाणामिति भावः ॥

પ્રત્યક્ષ લક્ષણમાં ઇન્દ્રિય-મનોજન્યત્વ કહેલું છે, તો ત્યાં ઇન્દ્રિય શું અને કેટલી છે ? અથવા બીજાઓએ મનને ઇન્દ્રિયરૂપે ગ્રહણ કરેલી છે. અહીં તેના પૃથક્પણામાં શું બીજ છે ? આવી આ શંકામાં કહે છે કે–

ભાવાર્થ – "ઇન્દ્રિય, દ્રવ્ય અને ભાવના ભેદે બે પ્રકારની છે."

વિવેચન – સાંવ્યવહારિક પ્રત્યક્ષના લક્ષણમાં વર્તનાર ઇન્દ્રિય, દ્રવ્યત્વ અને ભાવત્વરૂપ વિભાગકારક બે ધર્મવાળી છે.

○ પરિણામવિશેષથી પરિણત વર્ણ આદિ ચારવાળા પુદ્ગલરૂપ દ્રવ્ય જાણવું. ભાવ એટલે આત્માની વિશિષ્ટ પરિણતિ છે. આ કથનથી ઇન્દ્રિયોનું પૃથિવી-પાણી-અગ્નિ-વાયુ અને આકાશરૂપપણાનું ખંડન થઈ જાય છે.

○ તથાહિ-પ્રાણરૂપ ઇન્દ્રિય (નાક) પૃથિવીથી બનેલી છે, કેમ કે-રૂપ આદિ હોવા છતાં ગંધની અભિવ્યંજક-પ્રકાશક ગ્રાહક છે. જેમ કે-ગાયનું ઘી. પરંતુ પૃથિવી ગંધના અભિવ્યંજક જળમાં અનૈકાન્તિક વ્યભિચાર હોઈ ઘ્રાણેન્દ્રિય પાર્થિવ નથી.

○ રસન ઇન્દ્રિય (જીભ) જળથી નિષ્પન્ન છે, કેમ કે-રૂપ આદિ હોવા છતાં માત્ર રસની અભિવ્યંજક છે. જેમ કે-મુખના શોષવાળાને લાળ. આ પણ અનુમાન-લક્ષણમાં વ્યભિચારવાળું હોવાથી રસન જલીય નથી.

○ ચક્ષુ ઇન્દ્રિય તૈજસ (અગ્નિના કાર્યરૂપ) છે, કેમ કે-રૂપ હોવા છતાં રૂપનું અભિવ્યંજક છે. જેમ કે-પ્રદીપ. આવું અનુમાન મણિમાં વ્યભિચારવાળું છે, કેમ કે-રૂપનું જ પ્રકાશન હોઈ મણિમાં તૈજસપણાનો સ્વીકાર કરેલો નથી તથા ચંદ્રકિરણ આદિમાં વ્યભિચાર હોઈ ચક્ષુ તૈજસ નથી.

શંકા – તે ચંદ્રકિરણ આદિ તૈજસ છે, તો વ્યભિચાર કેવી રીતે ?

સમાધાન – ચંદ્રકિરણ આદિમાં ઉષ્ણસ્પર્શનો અભાવ હોઈ તૈજસપણાનો અસંભવ છે. ચંદ્રકિરણ તૈજસ નથી, કેમ કે-શીતપણું છે. જેમ કે-જળ. આવા અનુમાનથી તૈજસપણાનો અભાવ સિદ્ધ થાય છે.

○ સ્પર્શન ઇન્દ્રિય વાયવીય (વાયુજન્ય) છે, કેમ કે-રૂપ આદિ હોવા છતાં સ્પર્શની જ અભિવ્યંજક છે. જેમ કે-અંગની સાથે સંબંધી પાણીરૂપ પરસેવાની શીતતાનો અભિવ્યંજક પંખાનો પવન. આવું અનુમાન ઘનસાર-કપૂર આદિમાં વ્યભિચારવાળું છે. તે કપૂરનું જળમાં શીતસ્પર્શનું જ અભિવ્યંજકપણું છે અને કપૂરમાં વાયવીયપણાનો અભાવ છે. વળી પૃથિવી આદિમાં અત્યંત ભિન્ન જાતિયપણાની અસિદ્ધિ હોવાથી પૃથિવી આદિથી આરબ્ધ(જન્ય)પણાનો અભાવ છે.

○ શબ્દ સ્વસમાનજાતીય વિશેષ ગુણવાળી ઇન્દ્રિય વડે ગ્રાહ્ય બને છે, કેમ કે-સામાન્ય વિશેષવાન હોયે છતે બાહ્ય એકેન્દ્રિય પ્રત્યક્ષ છે એવું અનુમાન. શબ્દમાં આકાશ ગુણત્વની અસિદ્ધિદ્વારા અસિદ્ધ બને છે. આ પ્રમાણે ઇન્દ્રિયોનું પાર્થિવત્વ આદિ નથી.

[શબ્દ પોતાની સમાન જાતિના (ગુણત્વવ્યાપ્ય જાતિશબ્દત્વરૂપ સમાન જાતિવાળા) વિશેષ ગુણરૂપ શબ્દ (સમવાય સંબધથી) આશ્રય. કર્ણશષ્કુલી અવચ્છિન્ન આકાશરૂપ શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણવિષય બને છે, કેમ કે-સામાન્ય (શબ્દત્વ) વિશેષ (તીવ્ર-મંદ આદિ)વાળો છે અને મનથી ભિન્ન ઇન્દ્રિય બહિરિન્દ્રિય કહેવાય છે. એક સંખ્યાત્વાદિ, દ્વીન્દ્રિયગ્રાહ્ય હોઈ દ્વીન્દ્રિયગ્રહણ યોગ્યતારહિત અને બહિરિન્દ્રિયથી યોગ્ય પ્રત્યક્ષ છે. જેમ કે-રૂપ આદિ એવું અનુમાન અસિદ્ધ છે કેમ કે-શબ્દ આકાશનો ગુણ નથી પણ પૌદ્ગલિક છે, કેમ કે-રૂપ આદિની માફક ઇન્દ્રિયના વિષયરૂપ છે. શબ્દ પૌદ્ગલિક હોવાથી સામાન્યવિશેષ આત્મક છે.]

द्रव्येन्द्रियं विभजते -

निर्वृत्त्युपकरणभेदेन द्रव्येन्द्रियं द्विविधम् । निर्वृत्तिराकारः ॥ ६ ॥

निर्वृत्तीति । निर्वर्त्तनं निर्वृत्तिः प्रतिविशिष्टस्संस्थानविशेषस्तदेवाह निर्वृत्तिराकार इति । उपक्रियतेऽनेनेत्युपकरणमुभयमपि पुद्गलपरिणामम्, भावेन्द्रियस्योपयोगस्य निमित्तं भवति ॥

द्रव्य ઇન્દ્રિયનો વિભાગ કરે છે

ભાવાર્થ – "નિર્વૃત્તિ અને ઉપકરણના ભેદથી દ્રવ્યેન્દ્રિય બે પ્રકારની છે. નિર્વૃત્તિ એટલે આકાર."

વિવેચન – નિર્વર્તન-બનાવવું તે નિર્વૃત્તિ, અર્થાત્ પ્રતિવિશિષ્ટ-જાતજાતનો વિશિષ્ટ આકાર. ઉપકરણ એટલે જેના વડે ઉપકાર કરાય-ઉપકારક. આ નિર્વૃત્તિ અને ઉપકરણ બંને ઇન્દ્રિયો પુદ્ગલના પરિણામવાળી હોતી ભાવેન્દ્રિયરૂપ ઉપયોગ પ્રત્યે નિમિત્ત બને છે.

निर्वृत्तीन्द्रियं विभजते -

निर्वृत्तीन्द्रियमपि द्विविधं बाह्याभ्यन्तरभेदात् । बाह्यं पर्पटिकादि, आन्तरं कदम्बपुष्पाद्याकारः पुद्गलविशेषः ॥ ७ ॥

निर्वृत्तीति । आभ्यन्तरबाह्यभेदभिन्नं निर्वृत्तीन्द्रियं निर्माणनामकर्मविशेषेण च निर्वर्त्तितमुपयोगेन्द्रियस्यावधानप्रदाने द्वारभूतम् । तत्र बाह्याया निर्वृत्तेर्बहुविधाऽऽकारता पर्पटिकादिरूपेणेत्याशयेनाह बाह्यं पर्पटिकादीति । श्रोत्रस्येयं बाह्या निर्वृत्तिः । नेत्रादीनां भ्रूप्रभृतयः । आन्तरस्वरूपमाहान्तरमिति, कदम्बेति, अयं श्रोत्रस्यान्तर्निर्वृत्तिरूपः, आदिना धान्यमसूराकारश्चक्षुषः, अतिमुक्तककुसुमचन्द्रकाकारो घ्राणस्य क्षुरप्राकारो रसनस्य नानाकारः स्पर्शनस्यग्राह्यः । शब्दादिग्रहणोपकारे निर्वृत्तिर्वर्तते ॥

निर्वृत्तिइन्द्रियनो विभाग

ભાવાર્થ – "निर्वृत्तिइन्द्रिय પણ બાહ્ય-અંતરના ભેદથી બે પ્રકારની છે. જેમ કે-કાનપાપડી (કાનપટ્ટી) આદિ બાહ્ય-આંતર ઇન્દ્રિય કદંબના ફૂલ આદિના આકારરૂપ પુદ્ગલવિશેષ છે."

વિવેચન – આભ્યંતર અને બાહ્યરૂપ ભેદવાળી નિર્વૃત્તિઇન્દ્રિય છે અને નિર્માણનામરૂપ વિશિષ્ટ કર્મથી બનેલી અને ઉપયોગરૂપ ઇન્દ્રિયને જાગૃતિ આપવામાં દ્વારભૂત છે. ત્યાં બાહ્ય નિર્વૃત્તિમાં અનેક પ્રકારવાળી આકારતા પર્પટિકા આદિ રૂપે હોય છે. આ શ્રોત્રેન્દ્રિયની બાહ્ય આકૃતિ છે.

○ નેત્ર આદિમાં ભ્રૂભ્રમર, આંખનો ડોળો વગેરે છે.

○ શ્રોત્રેન્દ્રિયની કદંબફૂલના આકાર જેવી આંતર નિર્વૃત્તિઇન્દ્રિય છે. ચક્ષુ ઇન્દ્રિયની આકૃતિ મસુર નામના ધાન્ય સરખી છે. ઘ્રાણેન્દ્રિયની આકૃતિ અતિમુક્તક પુષ્પ જેવી ચંદ્રક (ચંદ્રકપૂર) જેવી, કાહલનામક વાજિંત્ર જેવી છે.

○ રસનેન્દ્રિયની આકૃતિ ખરેખર ખરપડા જેવી છે.

○ સ્પર્શેન્દ્રિયની આકૃતિ જુદા જુદા જીવને આશ્રી વિવિધ પ્રકારની છે. આ નિર્વૃત્તિ શબ્દ આદિ વિષયના ગ્રહણમાં ઉપકારક છે.

अथोपकरणेन्द्रियमाचष्टे -

आन्तरेन्द्रियनिष्ठस्स्वस्वार्थग्रहणसामर्थ्यात्मकशक्तिविशेष उपकरणेन्द्रियम् । पुद्गलशक्तिरूपत्वादस्य द्रव्यत्वम् । अस्योपघाते च निर्वृत्तीन्द्रियसत्त्वेऽपि नार्थग्रहः ॥ ८ ॥

आन्तरेति । आन्तरेन्द्रियं श्रोत्राद्यन्तर्निर्वृत्तिः कदम्बपुष्पाद्याकारस्तद्वृत्तिर्यो विषयग्रहणसामर्थ्यात्मकश्शक्तिविशेषश्शक्तिमतोरभेदात् सोऽपि द्रव्येन्द्रियमुच्यत इति भावः ।

इदमपीन्द्रियं बाह्याभ्यन्तरनिर्वृत्तिनिष्ठत्वाद् द्विविधमिति तत्त्वार्थभाष्यकृत् । आगमे तु न क्वापि तादृशी व्यवस्था दृश्यतेऽतः केवलमान्तरेन्द्रियनिष्ठ इत्युक्तम् । अस्य शक्तिरूपेन्द्रियस्य द्रव्येन्द्रियत्वे युक्तिमाह पुद्गलेति । शक्तिशक्तिमतोः कथञ्चिदभेदादिति भावः । अस्य शक्तिविशेषस्य, द्रव्यत्वं द्रव्येन्द्रियत्वमित्यर्थः । अभेद एवानयोरुच्यतां किं कथञ्चिद्भेदेनेत्यत्राह अस्येति शक्तिविशेषस्येत्यर्थः, उपघात इति वातपित्तादिना विनाश इत्यर्थः, निर्वृत्तीन्द्रयसत्त्वेऽपीति, कदम्बपुष्पाद्याकाराया अन्तर्निर्वृत्तेस्सत्त्वेऽपीत्यर्थः, नार्थग्रह इति, न जीवश्शब्दादिविषयं गृह्णातीत्यर्थः, तथा चास्ति कथञ्चिद्भिन्न आन्तरेन्द्रियनिष्ठश्शक्तिविशेष[१] इति भावः ॥

ઉપકરણ ઇન્દ્રિયને કહે છે

ભાવાર્થ – "આન્તરનિર્વૃત્તિ ઇન્દ્રિયમાં રહેલ પોતપોતાના વિષયના ગ્રહણના સામર્થ્ય રૂપ વિશિષ્ટ શક્તિ, એ ઉપકરણ ઇન્દ્રિય કહેવાય છે. આ ઉપકરણ ઇન્દ્રિય પુદ્ગલશક્તિ રૂપ હોઈ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. આ ઉપકરણ ઇન્દ્રિયના ઉપઘાતમાં નિર્વૃત્તિ ઇન્દ્રિય હોવા છતાં વિષયનું ગ્રહણ થતું નથી."

વિવેચન – શ્રોત્ર આદિ આન્તરનિર્વૃત્તિરૂપ કદંબપુષ્પ આદિ આકારવાળી આન્તર ઇન્દ્રિયમાં રહેલ જે વિષયના ગ્રહણના સામર્થ્યરૂપ વિશિષ્ટ શક્તિ, એ ઉપકરણ ઇન્દ્રિય છે. શક્તિ અને શક્તિવાળાનો અભેદ સંભવ હોઈ, તે ઉપકરણ 'દ્રવ્યેન્દ્રિય' કહેવાય છે.

આ ઉપકરણ ઇન્દ્રિય બાહ્ય-અભ્યંતર રહેનાર હોઈ બે પ્રકારવાળી છે, એમ તત્ત્વાર્થના ભાષ્યકાર કહે છે. આગમમાં તો તેવી ક્યાંય વ્યવસ્થા નથી દેખાતી, માટે ફક્ત 'આન્તરેન્દ્રિયનિષ્ઠ' એમ કહેલ છે. (ખડ્ગસ્થાનીય બાહ્ય નિર્વૃત્તિ છે અને તે બાહ્ય નિર્વૃત્તિની ખડ્ગધારા સમાન સ્વચ્છતર પુદ્ગલસમુદાય આત્મક આભ્યંતર નિર્વૃત્તિની વિશિષ્ટ શક્તિ, એ ઉપકરણ ઇન્દ્રિય છે.) આ શક્તિરૂપ ઇન્દ્રિયના દ્રવ્ય ઇન્દ્રિયપણામાં યુક્તિને કહે છે. 'पुद्गलेति' શક્તિ અને શક્તિમાનમાં કથંચિદ્ અભેદ હોવાથી, પુદ્ગલની શક્તિરૂપ હોઈ આ ઉપકરણ ઇન્દ્રિય દ્રવ્ય ઇન્દ્રિયરૂપ છે, અર્થાત્ આ વિશિષ્ટ શક્તિમાં દ્રવ્ય ઇન્દ્રિયપણું સમજવું.

શંકા – અહીં બંનેમાં શક્તિ-શક્તિઆશ્રયમાં આ ભેદ જ કહીને કથંચિદ્ ભેદથી શું કામ છે ?

સમાધાન – આના જવાબમાં કહે છે કે-આ વિશિષ્ટ શક્તિરૂપ ઉપકરણ ઇન્દ્રિયનો વાત-પિત્ત આદિ કારણદ્વારા વિનાશ થતાં, કદંબ પુષ્પના આકારવાળી અભ્યંતર નિવૃત્તિ ઇન્દ્રિય હોવા છતાં જીવ, શબ્દ આદિ વિષયને ગ્રહણ કરતો નથી. તથાચ આન્તરેન્દ્રિયનિષ્ઠ વિશિષ્ટ શક્તિ કથંચિદ્ ભિન્ન છે, એમ સાબિત થાય છે.

---

१. कदम्बपुष्पाद्याकृतेर्मांसगोलकाकारायाः श्रोत्राद्यन्तर्विर्वृत्तेर्या शब्दादेर्विषयपरिच्छेत्री शक्तिस्तस्या वातपित्तादिनोपघाते सति यथोक्तान्तर्विर्वृत्तेस्सद्भावेऽपि न शब्दादिविषयं गृह्णाति जीव इत्यतो ज्ञायतेऽस्त्यन्तर्निर्वृत्तिशक्तिरूपमुपकरणेन्द्रियं कथञ्चिद्भिन्नमिति तात्पर्यार्थः ॥

[કદંબ પુષ્પ આદિ આકૃતિની માંસગોળાના આકારવાળી શ્રોત્રઆદિ અન્તર્નિર્વૃત્તિની જે શબ્દ આદિરૂપ વિષયના પરિચ્છેદને કરનારી શક્તિ છે, તેનો વાત-પિત્ત આદિવડે ઉપઘાત થતાં પૂર્વોક્ત અન્તર્નિર્વૃત્તિના સદ્ભાવમાં પણ જીવ, શબ્દ આદિ વિષયને કરતો નથી. તેથી જણાય છે કે-અન્તર્નિર્વૃત્તિનિષ્ઠ શક્તિરૂપ ઉપકરણ ઇન્દ્રિય કથંચિદ્ ભિન્ન છે.]

भावेन्द्रियं विभजते -

भावेन्द्रियमपि द्विविधम् । लब्ध्युपयोग भेदात् । आत्मनिष्ठेन्द्रियावरणक्षयोपशम-रूपार्थग्रहणशक्तिर्लब्धिः ॥ ९ ॥

भावेति । स्पष्टम् । लब्धीन्द्रियस्वरूपमाहाऽऽत्मनिष्ठेति । लाभो लब्धिः प्राप्तिरित्यर्थः, आवरणक्षयोपशमप्राप्तिरिति भावः । ज्ञानस्य तदावरणस्य चात्मनिष्ठत्वेन तत्क्षयोपशमोऽपि तन्निष्ठ एवेत्यत उक्तमात्मनिष्ठेति । इन्द्रियावरणक्षयोपशमेति, गतिजात्यादिनामकर्मोदयतो मनुष्यत्वपञ्चेन्द्रियत्वादिप्राप्तौ सत्यामिन्द्रियविषयेष्वेव शब्दादिषु योऽयं विशेषोपयोगस्त-दावरणक्षयोपशमेत्यर्थः । कारणे कार्योपचारात्तु मूले इन्द्रियावरणक्षयोपशमेत्युक्तम् । केचित्त्वन्तरायकर्मक्षयोपशमापेक्षिणीन्द्रियविषयोपभोगज्ञानशक्तिर्लब्धिरिति वदन्ति तादृश-क्षयोपशमस्यैवार्थग्रहणशक्तिरूपमित्याहेन्द्रियावरणक्षयोपशमरूपार्थग्रहणशक्तिरिति । शेषमपि द्रव्येन्द्रियं लब्धिप्राप्तावेव भवति नान्यथेति ॥

ભાવ ઇન્દ્રિયનો વિભાગ

ભાવાર્થ – "ભાવ ઇન્દ્રિય પણ લબ્ધિ અને ઉપયોગના ભેદથી બે પ્રકારની છે. આત્મામાં ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમરૂપ અર્થગ્રહણશક્તિ, એ લબ્ધિ' છે."

વિવેચન – લાભ એટલે લબ્ધિ, આવરણ ક્ષયોપશમની પ્રાપ્તિ એવો ભાવ છે. જ્ઞાન આત્મામાં છે. તે જ્ઞાનનું આવરણ આત્મામાં છે. તે આવરણનો ક્ષયોપશમ પણ આત્મામાં છે જ, માટે કહ્યું છે કે– 'आत्मनिष्ठेति ।' 'इन्द्रियावरणक्षयोपशमादिति ।' ગતિ-જાતિ આદિનામકર્મના ઉદયથી મનુષ્યપણું-પંચેન્દ્રિયપણું વગેરેની પ્રાપ્તિ થયે છતે, ઇન્દ્રિયના શબ્દ આદિ વિષયોમાં જ જે આ વિશેષ ઉપયોગ-ઇન્દ્રિયવિષયવિષયક મતિજ્ઞાન આવરણના ક્ષયોપશમથી, એવો અર્થ છે. વળી કારણમાં કાર્યનો ઉપચાર હોવાથી મૂલમાં 'ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમ' એમ કહેલું છે. અર્થાત્ ઇન્દ્રિયવિષયવિષયક જ્ઞાનાવરણ ક્ષયોપશમરૂપ કારણમાં કાર્યનો ઉપચાર છે અને તેવા ક્ષયોપશમથી જનિત ક્ષાયોપશમિક જ્ઞાનના સદ્ભાવરૂપ કાર્ય છે.

૦ કેટલાક તો અંતરાયકર્મના ક્ષયોપશમની અપેક્ષાવાળી, ઇન્દ્રિયના વિષયના ઉપભોગની જ્ઞાનશક્તિને 'લબ્ધિ' કહે છે. તેવો ક્ષયોપશમ જ અર્થગ્રહણશક્તિરૂપ હોઈ કહે છે કે 'ઇન્દ્રિયાવરણ ક્ષયોપશમરૂપ અર્થગ્રહણશક્તિ.'

० લબ્ધિ ઇન્દ્રિયની પ્રાપ્તિ થયે છતે જ બાકીની ભાવેન્દ્રિય પણ દ્રવ્યેન્દ્રિય પણ થાય છે. અર્થાત્ જે સાધનદ્વારા આત્મા દ્રવ્યેન્દ્રિયનો વ્યાપાર કરે છે, તે સાધન 'લબ્ધિ ઇન્દ્રિય' કહેવાય છે. લબ્ધિ ઇન્દ્રિયના અભાવમાં દ્રવ્યેન્દ્રિયનો અભાવ છે અને ઉપયોગ ઇન્દ્રિયનો પણ અભાવ છે.

अथोपयोगेन्द्रियमाचष्टे –

अर्थग्रहणनिमित्त आत्मव्यापारपरिणामविशेष उपयोगः ॥ १० ॥

अर्थग्रहणेति । उपयुज्यते वस्तुपरिच्छेदं प्रति व्यापार्यते जीवोऽनेनेत्युपयोगः करणे घञ्। उपयोगो ज्ञानं संवेदनं प्रत्यय इति पर्यायाः । स द्विविधस्साकारोऽनाकारश्चेति, स चेतनेऽचेतने वा वस्तुन्युपयुञ्जान आत्मा यदा सपर्यायमेव वस्तु परिच्छिनत्ति तदा स उपयोगस्साकार उच्यते, स च कालतश्छद्मस्थानामन्तर्मुहूर्त्तम्, केवलिनामेकसामयिकः । सोऽयं मतिश्रुतादिभेदेनाष्टविधः, यस्तु वस्तुनस्सामान्यरूपतया परिच्छेदस्सोऽनाकारोपयोगः कालः पूर्ववदेव, अयमपि चक्षुर्दर्शनादिरूपेण चतुर्विधः । एतत्सर्वानुस्यूतं लक्षणमाह-अर्थग्रहणेति । आत्मव्यापारमात्रस्योपयोगत्वाभावादर्थग्रहणनिमित्त इति, तावन्मात्रस्य च निर्वृत्त्यादावपि सत्त्वाद्विशेष्यम् । अयमुपयोगो यदा द्रव्येन्द्रियापेक्षो भवति तदैवोपयोगेन्द्रियनामभाग्भवति नान्यथा, अत एवावध्याद्युपयोगस्य नेन्द्रियत्वमवध्यादीनामतीन्द्रियत्वात् । इन्द्रियाणां लाभक्रमस्तु प्रथममिन्द्रियावरणक्षयोपशमरूपा लब्धिस्ततो बाह्याभ्यन्तरभेदभिन्नं निर्वृत्तेश्शक्तिरूपमुपकरणं तदनन्तरञ्चेन्द्रियार्थोपयोग इति ॥

ઉપયોગ ઇન્દ્રિયને કહે છે.

ભાવાર્થ – "અર્થના ગ્રહણના નિમિત્તવાળો, આત્માના વ્યાપારરૂપ વિશિષ્ટ પરિણામ, એ 'ઉપયોગ ઇન્દ્રિય' કહેવાય છે."

વિવેચન – જેના વડે જીવ વસ્તુના પરિચ્છેદ પ્રત્યે વ્યાપારવાળો થાય છે, તે ઉપયોગ. અહીં કરણમાં ઘઞ્ પ્રત્યય લાગેલ છે. ઉપયોગના પર્યાયવાચક શબ્દો જ્ઞાન-સંવેદન-પ્રત્યય વગેરે છે. તે ઉપયોગ સાકાર અને અનાકાર ભેદે બે પ્રકારનો છે.

(૧) સાકાર-તે ઉપયોગ, ચેતન કે અચેતન વસ્તુવિષયમાં ઉપયોગવાળો બનતો આત્મા, જ્યારે પર્યાય સહિત જ વસ્તુને જાણે છે, ત્યારે 'સાકાર' કહેવાય છે અને તે સાકાર ઉપયોગ-કાળથી છદ્મસ્થોને અન્તર્મુહૂર્ત્ત હોય છે. કેવલીઓને એક સમયવાળો ઉપયોગ હોય છે. આ ઉપયોગ મતિ-શ્રુત આદિના ભેદે આઠ (૮) પ્રકારનો છે.

० જે ઉપયોગ વસ્તુનો સામાન્યરૂપપણાએ પરિચ્છેદ, તે 'અનાકાર ઉપયોગ' કાળ પૂર્વની માફક જાણવો. આ અનાકાર ઉપયોગ ચક્ષુદર્શન આદિરૂપે ચાર પ્રકારનો છે. હવે આ બધામાં વ્યાપક લક્ષણને કહે

છે. આત્માના વ્યાપાર માત્રમાં ઉપયોગ ઇન્દ્રિયપણાનો અભાવ હોઈ 'અર્થના ગ્રહણના નિમિત્તવાળો' એમ કહ્યું છે. (પોતપોતાની લબ્ધિ અનુસારે વિષયોને ગ્રહણનિમિત્તે થતો આત્માનો વ્યાપાર) અર્થગ્રહણનું નિમિત્તપણું જ જો માત્ર કહેવામાં આવે, તો નિર્વૃત્તિ આદિમાં અર્થગ્રહણનું નિમિત્તપણું છે, માટે 'આત્મવ્યાપાર પરિણામવિશેષ' એવું વિશેષ્ય વાચકપદ મૂકેલ છે.

આ ઉપયોગ જ્યારે દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાવાળો થાય છે, ત્યારે જ ઉપયોગ ઇન્દ્રિય તરીકેની સંજ્ઞાવાળો થાય છે, અન્યથા નહીં. એથી જ અવધિ આદિ ઉપયોગમાં ઇન્દ્રિયપણાનો અભાવ છે, કેમ કે-અવધિ આદિ અતીન્દ્રિય છે.

૦ ઇન્દ્રિયોનો લાભનો ક્રમ તો પહેલાં ઇન્દ્રિયાવરણના ક્ષયોપશમરૂપ લબ્ધિનો લાભ થાય છે ત્યારબાદ બાહ્ય-અભ્યંતર ભેદવાળા નિર્વૃત્તિ ઇન્દ્રિયનો લાભ થાય છે. ત્યાર પછી નિર્વૃત્તિ ઇન્દ્રિયનિષ્ઠ શક્તિરૂપ ઉપકરણ ઇન્દ્રિયનો લાભ થાય છે. ત્યારબાદ ઇન્દ્રિયના વિષયોમાં ઉપયોગરૂપ ઇન્દ્રિયનો લાભ થાય છે. અર્થાત્ પૂર્વ પૂર્વ ઇન્દ્રિયોની પ્રાપ્તિ થયે છતે જ ઉત્તર ઉત્તર ઇન્દ્રિયોની પ્રાપ્તિ છે.

अयमेव ज्ञानात्मोपयोगस्स्वपरव्यवसितौ साधकतमत्वात्प्रमाणं, न सन्निकर्षो नवा द्रव्येन्द्रियमित्याह -

अयमेव प्रत्यक्षं प्रति करणम् । समुदितान्येतानि शब्दाद्यर्थं गृह्णन्ति, इन्द्रियव्यपदेशभाञ्जि च ॥ ११ ॥

अयमेवेति । उपयोग एवेत्यर्थः[१], एवशब्देन सन्निकर्षादीनां व्युदासः, लब्ध्युपयोगावत्मनः फले जनयितव्ये योग्यत्वाद्व्याप्रियमाणत्वाच्च प्रसिद्धौ, उक्तञ्च "भावेन्द्रियाणि लब्ध्यात्मोपयोगात्मानि जानते । स्वार्थसंविदि योग्यत्वाद्व्यापृतत्वाच्च संविद" इति । संविदात्मा, सेयं लब्धिस्स्वार्थसंविदि योग्यत्वेऽपि प्रकृतानुपयोगित्वान्न प्रमाणव्यपदेशभाक्, प्रमितौ साधकतमस्यैवोपयोगित्वात्तादृशश्चोपयोग एव प्रमाणं व्यापारमन्तरेण स्वार्थसंविदोऽनुपपत्तेः, अन्यथा सुषुप्तस्यापि तत्प्रसङ्गस्स्यात् । न च तदानीं सन्निकर्षाभावादेव न प्रसङ्ग इति वाच्यम्, स्पर्शनादीन्द्रियैरतिमसृणतूलिकाताम्बूलमालतीमांसलामोदसुन्दरगेयशब्दादिसन्निकर्षस्य तदानीमपि भावात् । ननु जिज्ञासासहकृतस्यैव सन्निकर्षादेर्हेतुत्वमन्यथा तवापि तदानीमुपयोगः कथं न स्यात्, न च क्षयोपशमाभावान्नोपयोग इति वाच्यम्, तत्रैव प्रयोजकस्य पर्यनुयोगात्, जिज्ञासामन्तरेणान्यस्यासंभवादिति[२] चेन्न जिज्ञासाया ज्ञानातिरिक्ताया असम्भवात्, तस्या

१. साकारानाकारद्वयात्मक उपयोग एवेति भावः, सोऽपि उपसर्जनीकृततदितराकारः स्वविभासकत्वेन प्रवर्त्तमानः प्रमाकरणं न तु निरस्तेतराकारः, तथाभूतवस्त्वभावेन निर्विषयतया प्रमाणत्वानुपपत्तेरिति तात्पर्यम् ॥
२. प्रयोजकस्येति शेषः, तथा च जिज्ञासाया आवश्यकत्वे तत्सहकृतसन्निकर्षस्यैव हेतुत्वमिति तदेव प्रमाणं व्यभिचाराभावादिति पूर्वपक्षाशयः ॥

एवोपयोगरूपत्वात्, अतिरिक्तत्वे वा तस्यास्सन्निकर्षेऽकिञ्चित्करायास्सहकारित्वासम्भवात्, किञ्चित्करत्वे च तस्या एव कारणत्वमस्तु किमन्तर्गडुना सन्निकर्षेण । न च तदानीं मनस इन्द्रियेण सन्निकर्षाभावान्न प्रसङ्ग इति वाच्यं मनसोऽणुत्वासिद्धेः, द्रव्यमनसोऽशेषात्मप्रदेशव्यापिनः पौद्गलिकस्याग्रे व्यवस्थापयिष्यमाणत्वेनेन्द्रियैस्संयोगसिद्धेरिति । तस्मादुपयोग एव प्रत्यक्षं प्रति करणमिति भावः । न च ज्ञानस्यैव करणत्वे फलत्वं कस्येति वाच्यम्, स्वार्थसंवित्तेः फलत्वात्, न च स्वार्थव्यवसितिः फलं प्रमाणञ्चेति कथं ? विरुद्धत्वान्नहि स्वमेव फलं स्वमेव प्रमाणं भवितुमर्हतीति वाच्यम्, प्रमाणफलयोः कथञ्चिद्भेदाभेदादुभयोपपत्तेः । एवमेव 'ततोऽर्थग्रहणाकारा शक्तिर्ज्ज्ञानमिहात्मनः । करणत्वे विनिर्दिष्टा न विरुद्धा कथञ्चने' ति लब्धीन्द्रियस्य करणत्ववादिनां मतमपि न समीचीनम्, तया फले जनयितव्ये उपयोगेन व्यवधानात्साधकतमत्वासिद्धेः । तस्या ज्ञानशक्तेः प्रत्यक्षत्वे शक्तीनां परोक्षत्वसाधनमार्हतानां विरुद्धं स्यात् । परोक्षत्वे च मीमांसकमतप्रवेशापत्तेः, तैः करणज्ञानस्य परोक्षतायाः फलज्ञानस्य च प्रत्यक्षताया अभ्युपगमात् । अस्माभिश्चोभयोः करणफलयोः प्रत्यक्षताभ्युपगमात्तथा च न लब्धीन्द्रियं करणं प्रमाणं वा, उपचारेण तु सन्निकर्षादिवत्सापि प्रमाणं स्यादिति ॥

ननु शब्दाद्यर्थग्रहणे चतुर्विधानामेतेषामिन्द्रियाणां मिलित्वा हेतुत्वं किंवा द्वित्र्यादीनामित्याशङ्कायामाह समुदितानीति, निर्वृत्त्यादीनामेकतराभावेऽपि जीवस्य शब्दादिविषयस्वरूपावबोधो न कदापि भवति विकलकरणत्वादतो मिलितानां हेतुत्वं, अत एव च मिलितानामिन्द्रियव्यपदेश इत्याहेन्द्रियेति । तथा च यस्य यावन्ति द्रव्यभावरूपाणीन्द्रियाणि तस्य तावत्सु समुदितेष्विन्द्रियव्यपदेशो न न्यूनेष्विति भावः । सोऽयमुपयोग एकस्यैकोपयोगकालावच्छेदेनैक एव, नान्यः, अर्थान्तरोपयोगकालेपूर्वोपयोगबलस्य विनाशात्, तथानुभवात्, नहि चक्षुर्दर्शनकाले श्रोत्रज्ञानोत्पत्तिरनुभूयते, न चावृतत्वात्तदनुत्पत्तिरिति वाच्यम्, स्वसमयेऽप्यनुत्पत्तिप्रसङ्गात् । न चाणुना मनसा यदा यदिन्द्रियसंयोगस्तदा तज्ज्ञानमिति क्रमेणैव ज्ञानोत्पत्तिरिति वाच्यम्, सर्वाङ्गीणसुखोपलम्भाद्युपपत्तये मनोवर्गणापुद्गलानां शरीरव्यापकत्वकल्पनात्, तस्माद्युगपदनेकप्रत्ययानुत्पत्तौ स्वभाव एव कारणं नान्यत्, एवं सन्निहितेऽपि सामान्यविशेषात्मके वस्तुनि विषये प्रधानीकृतसामान्य उपसर्जनीकृतविशेषः केवलदर्शनोपयोग एतद्विपरीतः केवलज्ञानोपयोगः । अत्र केवलज्ञानं स्वसमानाधिकरणं यत्केवलदर्शनं

तत्समानकालीनं नवा ?[1], केवलज्ञानक्षणत्वं वा स्वसमानाधिकरणदर्शनक्षणाव्यवहितोत्तरत्व-व्याप्यं[2] नवेति संशये युगपदुपयोगद्वयवादिनो मल्लवादिप्रभृतय आहुः, चक्षुरचक्षुरवधिज्ञानानि चक्षुरचक्षुरवधिदर्शनेभ्यः पृथक्कालानि, छद्मस्थोपयोगात्मककालत्वात्, श्रुतमनःपर्यवज्ञानवत्, वाक्यार्थविषयश्रुतज्ञाने मनोद्रव्यविशेषालम्बनमनःपर्यायज्ञाने चादर्शनस्वभावे मत्यवधिजा-द्दर्शनोपयोगाद्भिन्नकालत्वं प्रसिद्धमेव, तथैतान्यपि, केवलिनो ज्ञानदर्शनोपयोगौ त्वेककालीनौ युगपदाविर्भूतस्वभावत्वाद्यथा रवेः प्रकाशतापौ, क्षीणावरणे च जिने यथा मत्यादिज्ञान-स्यावग्रहादिचतुष्टयरूपज्ञानस्य वाऽसम्भवस्तथा विश्लेषतो ज्ञानोपयोगकालभिन्नकाले दर्शनं नास्ति, क्रमोपयोगत्वस्य मतित्वादिचतुष्टयव्याप्यत्वात्[3] सामान्यविशेषोभयालम्बनक्रमोप-योगत्वस्य चावग्रहाद्यात्मकत्वव्याप्यत्वात् केवलयोः क्रमोपयोगत्वे व्यापकयोरप्यापत्तिः स्यात्तथाऽऽगमेऽपि यत्केवलज्ञानदर्शनयोः साद्यपर्यवसितत्वमुक्तं तदपि सङ्गच्छते, अन्यथा द्वितीयसमये ज्ञानाभावेन तृतीयसमये दर्शनाभावेन च तयोः पर्यवसानेनापर्यवसितत्वं व्याहतं स्यादिति । क्रमोपयोगवादिनो जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादाश्च प्राहुः प्रज्ञापनादौ हि सिद्धस्साकारोपयोग एव सिद्ध्यतीत्युक्तं साकारानाकारोपयोगयोर्युगपदभ्युपगमे साकारेति विशेषणं निरर्थकं स्यात्, एवञ्च तरतमोपयोगता सिद्धस्य साकरोपयोगोऽन्यस्मिन् कालेऽन्यदा चानाकारोपयोग इति । अत[4] एव च सिद्धान्ते तत्र तत्र सिद्धानां ज्ञानदर्शनयोः पार्थक्येन कथनं सङ्गच्छते, अनयोरविशेषे तु केवलज्ञानदर्शनावरणद्वयमपि न घटेत, न ह्येकस्य द्वे आवरणे युज्येते, तथा साकरोपयोगस्याष्टधात्वमनाकारस्य चतुर्विधत्वं ज्ञानस्य पञ्चविधत्वं दर्शनस्य चतुर्विधत्वं व्याहन्येत, न च "असरीरा जीवघणा उवउत्ता दंसणे य नाणे य" इत्यत्र युगपदेव केवलज्ञानदर्शनोपयोगश्रवणाद्युगपत्तौ सिद्ध्यत इति वाच्यम्" नाणम्मि दंसणम्मि य एत्तो एगयरयम्मि उवउत्तो । सव्वस्स केवलिस्स जुगवं दो नत्थि उवओगा" इति भद्रबाहुस्वामिभिर्युगपदुपयोगस्य निषिद्धत्वात्, न च सर्वस्यैव केवलिनो न द्वावुपयोगौ, किन्तु

---

१. अत्र क्रमिकोपयोगवादिनां निषेधपक्षः, विधिपक्षस्तु युगपदुपयोगवादिनाम् । अपरविप्रतिपत्तौ वैपरीत्यं भाव्यम् ॥ २. केवलज्ञानक्षणत्वे दर्शनक्षणाव्यवहितोत्तरत्वव्याप्यत्वसंशयः सिद्धत्वापेक्षयाऽन्यथाप्राथमिक-केवलज्ञानक्षणे दर्शनक्षणाव्यवहितोत्तरत्वस्याभावेन व्याप्यत्वमनुपपन्नं स्यादिति ॥ ३. यत्र क्रमोपयोगत्वं तत्र मतित्वादिचतुष्टयं, यत्र च सामान्यविशेषोभयालम्बनक्रमोपयोगत्वं तत्रावग्रहाद्यात्मकत्वमिति नियमः, तथा च केवलज्ञानदर्शनयोर्यदि क्रमोपयोगत्वं स्वीक्रियते तर्हि तद्व्यापकस्य मतित्वादिचतुष्टयस्यावग्रहाद्यात्मकत्वस्य चापत्तिः स्यादिति भावः ॥ ४. ननु सर्वमेव सिद्धस्य ज्ञानं दर्शनं वा साकारमेवेति सूचयितुं साकारमिति स्वरूपविशेषणमतो न दोष इत्याशंकायामाह्यत एवेति, ज्ञानदर्शनयोर्विशेषादेवेत्यर्थः ॥

कस्यापि द्वौ स्यातां कस्यापि त्वेकः, स च केवली सिद्धो वा भवस्थकेवली वा भवेत्, भवस्थकेवलिनोऽद्यापि सकर्मकत्वादेकदैक एवोपयोगः, सिद्धकेवलिनस्तु सकलकर्मविमुक्तत्वेन युगपद् द्वावप्युपयोगौ भवत इति भद्रबाहुस्वाम्यभिप्राय इति वाच्यम्, सिद्धाधिकारे सिद्धस्यैव तैरद्वयुपयोगस्य निषिद्धत्वात्। 'उवउत्ता दंसणे य नाणे य' इति वचनन्तु समुदायविषयमेव न तु कस्यचिदपि युगपदुपयोगप्रतिपादनपरम्[१]। साद्यपर्यवसितत्वमपि तयोर्न बाधकं, यद्बोधस्वभावेन सदावस्थितं तस्योपयोगेनापि सदा भवितव्यमिति नियमाभावात्, लब्ध्यपेक्षया तयोरपर्यवसितत्वोक्तेः। केवलज्ञानदर्शनभिन्नज्ञानदर्शनानां निजनिजस्थितिकालं यावदुपयोगाभावेऽपि सत्त्वस्य दर्शनात्। उपयोगो ह्येषामान्तर्मौहूर्त्तिकः, तस्मात्सतोऽप्यवश्यमुपयोगेन भवितव्यमिति न नियमो व्यभिचारात्। न च क्रमिकोपयुक्तत्वे केवलिनो दर्शनोपयोगाभावकालेऽसर्वदर्शित्वं ज्ञानोपयोगाभावकाले चासर्वज्ञत्वं प्राप्नोति न चैतदिष्टं सर्वदैव केवलिनः सर्वज्ञत्वसर्वदर्शित्वयोरिष्टत्वादिति वाच्यम्, छद्मस्थस्यापि ज्ञानदर्शनयोरेकतरस्मिन्नुपयोगे प्रोक्तदोषसमूहस्य जागरूकत्वात्। तथा च निरावरणत्वेऽपि केवलिनस्स्वभावादेव युगपदुपयोगाभाव इति। यदेव केवलज्ञानं तदेव केवलदर्शनमिति वादिनस्सिद्धसेनदिवाकरा वदन्ति-सामान्यविशेषपरिच्छेदावरणापगमे कस्य प्रथमतरमुत्पादो भवेत् ? एकस्योत्पादेऽपरस्याप्युत्पादापत्तेः, एकसामग्र्या अपरोत्पत्तिप्रतिबन्धकत्वे विनिगमनाविरहेणापरसामग्र्या अप्येकोत्पत्तौ प्रतिबन्धकत्वेनोभयोरप्यभावप्रसङ्गात् "सव्वाउ लद्धीउ सागारोवउव-ओगोवउत्तस्से" ति वचनप्रामाण्यात्प्रथमं केवलज्ञानस्य पश्चात्केवलदर्शनस्योत्पाद इति चेन्न लब्धियौगपद्य एवास्य वचनस्य साक्षित्वेनोपयोगक्रमाक्रमयोरौदासीन्यात्। यौगपद्येनाप्युक्तवचनस्य निर्वाहे दर्शनस्यानन्तरोत्पत्यसिद्धेश्च, न च ज्ञानोपयोगसामान्ये दर्शनोपयोगत्वेन हेतुतेति निर्विकल्पकसमाधिरूपछद्मस्थकालीनदर्शनात्प्रथमं केवलज्ञानोत्पत्तिः केवलदर्शने; केवलज्ञानत्वेन विशेषहेतुत्वाच्च द्वितीयक्षणे केवलदर्शनोत्पत्तिस्ततश्च क्रमिकसामग्रीद्वयसम्पत्त्या क्रमिकोपयोगद्वयधारानिर्वाह इति वाच्यम्, "दंसणपूव्वं नाणं" इत्यादिना तथा हेतुत्वस्य प्रमाणाभावेन निरसनीयत्वात्, उत्पन्नस्य केवलज्ञानस्य क्षायिकभावत्वेन नाशायोगाच्च। न च मुक्तिसमये क्षायिकचारित्रनाशवन्नश्यतीति वाच्यम्, तस्य क्षायिकत्वेऽपि

१. ~~अवम्ता हि सिद्धास्तत्समुदाये केऽपि ज्ञाने उपयुक्ताः केऽपि च दर्शन इति समुदायापेक्षं युगपदुपयोग-~~ प्रतिपादनं न तु प्रत्येकापेक्षया प्रत्येकस्य युगपदुभयोपयोगनिषेधादिति भावः। सिद्धो हि बोधस्वभावेन सदावस्थितः, अतस्तेन सोपयोगेन भवितव्यमिति द्वयोर्युगपदुपयोगस्सिद्ध इति साद्यपर्यवसितत्वं तयोरित्याशंकायामाह साद्यपर्यवसितत्वमपीति॥

योगस्थैर्यनिमित्तकत्वेन निमित्तनाशनाश्यत्वात् केवलज्ञानस्य चानैमित्तिकत्वादुत्पत्तौ ज्ञप्तौ चावरणक्षयातिरिक्तानपेक्षणात्, तथैव हि तस्य स्वतन्त्रप्रमाणत्वव्यवस्थितिः । एवं च ज्ञानं व्यक्ततारूपं दर्शन्त्वव्यक्ततारूपं न च क्षीणावरणेऽर्हति व्यक्ताव्यक्ते युज्येते ततस्सामान्य-विशेषज्ञेयसंस्पर्श्युभयैकस्वभाव एवायं केवलिप्रत्ययः, न च ग्राह्यद्वित्वाद्ग्राहकद्वित्वमिति सम्भावादपि युक्ता, केवलज्ञानस्य ग्राह्यानन्त्येनानन्ततापत्तेः, विषयभेदकृतो न ज्ञानभेद इत्यभ्युपगमे तु का प्रत्याशा दर्शनपार्थक्ये, आवरणद्वयक्षयादुभयैकस्वभावस्यैव कार्यस्य सम्भवात्, न चैकस्वभावप्रत्ययस्य शीतोष्णस्पर्शवत्परस्परविभिन्नस्वभावद्वयविरोध इति वाच्यम्, दर्शनस्पर्शनशक्तिद्वयात्मकैकदेवदत्तवत्स्वभावद्वयात्मकैकप्रत्ययस्य केवलिन्यविरोधात्, ज्ञानत्वदर्शनत्वाभ्यां ज्ञानदर्शनयोर्भेदो न तु धर्मिभेदेन, अत एव तदावरणभेदेऽपि स्याद्वाद एवेति ॥

આ જ જ્ઞાનરૂપ ઉપયોગ, સ્વ-પરના નિર્ણયમાં સાધકતમ હોવાથી પ્રમાણરૂપ છે, પરંતુ સંનિકર્ષ કે દ્રવ્યેન્દ્રિય પ્રમાણરૂપ નથી. માટે કહ્યું છે કે-

ભાવાર્થ – "આ જ ઉપયોગ પ્રત્યક્ષ જ્ઞાન પ્રત્યે કારણ છે. આ ચાર પ્રકારની ઇન્દ્રિયો સમુદિત (મિલિત) થયેલી, શબ્દ આદિ વિષયોનું ગ્રહણ કરે છે અને ઇન્દ્રિય તરીકેના વ્યવહારને ભજનારી છે."

વિવેચન – ઉપયોગ જ પ્રત્યક્ષ પ્રત્યે કરણ છે. અહીં 'એવ' શબ્દથી સંનિકર્ષ આદિનો નિરાસ કરેલ છે, કેમ કે-લબ્ધિઉપયોગ, આત્માને સ્વ-પરવ્યવસાયરૂપ ફળ પેદા કરવામાં યોગ્ય અને વ્યાપારયોગ્ય હોઈ પ્રસિદ્ધ છે. કહ્યું છે કે -'લબ્ધિ અને આત્માના ઉપયોગરૂપ ભાવેન્દ્રિયો જાણે છે, કેમ કે-સ્વ-પરસંવિદ્રૂમાં યોગ્યતા છે અને સંવિદ્રૂમાં વ્યાપાર છે.' ઇતિ.

○ આ સંવિદ્રૂરૂપ લબ્ધિ સ્વાર્થસંવિદ્ પ્રત્યે યોગ્ય હોવા છતાં, પ્રકૃતમાં ઉપયોગી ન હોવાથી પ્રમાણ તરીકેના વ્યવહારને ભજનાર નથી, કેમ કે-પ્રમિતિ પ્રત્યે સાધકતમ (કરણ) જ ઉપયોગી છે અને તેવો (સાધકતમ) ઉપયોગ જ હોઈ પ્રમાણભૂત છે, કેમ કે-આત્માના વ્યાપાર સિવાય સ્વાર્થસંવિદ્(સ્વ-પરપ્રકાશક જ્ઞાન)ની ઉત્પત્તિ નથી. જો આત્માના વ્યાપાર સિવાય સ્વાર્થસંવિદ્ માનવામાં આવે, તો સુષુપ્ત અવસ્થામાં પણ સ્વાર્થસંવિદ્રૂરૂપ પ્રકાશનો પ્રસંગ આવે !

શંકા – તે સુષુપ્ત અવસ્થાના સમયમાં સંનિકર્ષ (મનની અને વિષયની સાથે સંનિકર્ષ)નો અભાવ હોવાથી જ સુષુપ્ત અવસ્થામાં પ્રકાશ-જ્ઞાનનો પ્રસંગ નહીં જ આવે ને ?

સમાધાન – સુષુપ્ત અવસ્થામાં પણ સ્પર્શન આદિ ઇન્દ્રિયનો, અત્યંત કોમળ તળાઈ (રૂની ગાદી), તાંબૂલ, માલતીના પુષ્પની ખુશબો, સુંદર ગાયનના શબ્દ આદિરૂપ વિષયની સાથે સંનિકર્ષ તથાવિધ છે જ.

શંકા – પૂર્વપક્ષ-જિજ્ઞાસા સહકૃત જ સન્નિકર્ષ આદિ પ્રકાશ પ્રત્યે કારણ છે. જો એમ ન માનો, તો તમોને પણ તે વખતે ઉપયોગ કેમ નથી ? વળી એમ નહીં કહેવું કે - ક્ષયોપશમ નહીં હોવાથી ઉપયોગ

નથી, કેમ કે-ત્યાં જ પ્રયોજકનો પર્યનુયોગ (પ્રશ્ન) છે જ. વળી ક્ષયોપશમમાં જિજ્ઞાસા સિવાય બીજા પ્રયોજકનો અસંભવ છે જ ને ? તથાચ જિજ્ઞાસા આવશ્યક હોઈ, તે જિજ્ઞાસા સહકૃત સંનિકર્ષ પ્રકાશ પ્રત્યે હેતુ છે; માટે જિજ્ઞાસા સહકૃત સંનિકર્ષાદિ પ્રમાણ છે, કેમ કે-વ્યભિચાર નથી ને ?

સમાધાન – ઉત્તરપક્ષ-જિજ્ઞાસા કોઈ જ્ઞાનથી જુદી ચીજ નથી. જિજ્ઞાસા કહો કે ઉપયોગ કહો તે એકની એક જ વાત છે. જો જિજ્ઞાસાને જ્ઞાનથી જુદી માનવામાં આવે, તો સંનિકર્ષ પ્રત્યે અકિંચિત્કર હોઈ જિજ્ઞાસામાં સહકારિપણાનો અસંભવ છે. જો જિજ્ઞાસા કિંચિત્કર સહકારી છે, તો પ્રકાશ પ્રત્યે તે જિજ્ઞાસાનું જ કારણપણું રહો ! નિરર્થક સંનિકર્ષથી સર્યું.

શંકા – એ સુષુપ્ત અવસ્થાના કાળમાં ઇન્દ્રિય સાથે મનનો સંનિકર્ષ નહીં હોવાથી પ્રકાશનો પ્રસંગ કેમ આવશે ?

સમાધાન – મનમાં અણુપરિમાણનો (અણુપણાનો) અભાવ છે, માટે સકળ આત્મપ્રદેશ-શરીરવ્યાપક દ્રવ્યમન પૌદ્ગલિક છે, એવી વ્યવસ્થા-નિર્ણય આગળ થવાનો છે જ. એટલે જ ઇન્દ્રિયોની સાથે મનનો સંયોગ સિદ્ધ હોઈ સુષુપ્ત અવસ્થામાં પ્રકાશની પ્રાપ્તિની આપત્તિ ઉભી જ છે, ~~તેથી [illegible] જ~~ પ્રત્યક્ષ પ્રત્યે કરણ છે.

શંકા – જ્ઞાનમાં જો કરણપણું છે, તો ફળ શેમાં છે ?

સમાધાન – સ્વાર્થસંવેદન જ ફળ છે.

શંકા – જો આમ છે, તો સ્વાર્થવ્યવસાય, એ જ ફળ અને એ જ પ્રમાણ કેવી રીતે ? પોતે જ ફળ (કાર્ય) અને પોતે જ પ્રમાણ (કરણ) એવું થઈ શકે નહીં, કેમ કે-બંને વિરુદ્ધ છે ને ?

સમાધાન – પ્રમાણ અને ફળમાં કથંચિદ્ ભેદ-અભેદ હોવાથી પ્રમાણ અને ફળરૂપ ઉભયની ઘટમાનતા છે, વિરુદ્ધ નથી. આ પ્રમાણે જ 'અર્થગ્રહણરૂપ આકારવાળી શક્તિ (લબ્ધિ) આત્માના જ્ઞાનરૂપ કરણપણામાં કહેવાયેલી કોઈ પણ રીતે વિરુદ્ધ નથી. (તત્ત્વાર્થ, શ્લોક ૧-૧-૨૨)

આ પ્રમાણે અર્થગ્રહણશક્તિરૂપ લબ્ધિન્દ્રિયને જ પ્રમાણ-કરણ તરીકે બોલનારા વાદીઓનો મત બરોબર નથી, કેમ કે-તે લબ્ધિ દ્વારા ફળ પેદા કરવામાં ઉપયોગરૂપ કરણનું વ્યવધાન છે. લબ્ધિથી સીધું ફળ નથી, પરંતુ ઉપયોગકરણથી સીધું ફળ થાય છે. અર્થનિર્ણય (પ્રમિતિ)રૂપ ફળ પ્રત્યે અવ્યવહિત હોઈ સાધકતમકરણ ઉપયોગ ઇન્દ્રિય છે, માટે ઉપયોગ જ પ્રમાણ છે. લબ્ધિન્દ્રિય વ્યવહિત કારણ છે, માટે તે સાધકતમ નથી તેથી પ્રમાણ નથી. વ્યવહિત કારણમાં પ્રમાણપણાના સ્વીકારમાં અજ્ઞાનરૂપ દ્રવ્યેન્દ્રિય આદિમાં પ્રમાણપણું થાય !

સર્વમાં અનેકાન્તપણાને સ્વીકારનારા જૈનોના મતમાં કોઈ પણ વસ્તુ એકાન્તથી પ્રત્યક્ષ કે પરોક્ષ નથી, પરંતુ કથંચિદ્ પ્રત્યક્ષ કે પરોક્ષ છે. એ પ્રમાણે અર્થગ્રહણશક્તિ પણ પર્યાયથી પરોક્ષ છતાં દ્રવ્યાર્થથી પ્રત્યક્ષ છે. સ્વ-પરવ્યવસાય ફળરૂપ ફળથી કથંચિદ્ અભિન્ન આત્મા પ્રત્યક્ષ હોઈ, તદ્ અભિન્ન આત્માથી અભિન્ન અર્થગ્રહણશક્તિ તે આત્માથી પ્રત્યક્ષ છે. ખરેખર, દ્રવ્યાર્થથી અસ્મદ્ આદિનું જ્ઞાન પ્રત્યક્ષ છે. પ્રતિક્ષણ

પરિણામશક્તિ આદિ પર્યાયથી પ્રત્યક્ષ નથી. આવી વસ્તુસ્થિતિ હોઈ તે અર્થ જ્ઞાનશક્તિનું પ્રત્યક્ષપણું હોયે છતે, શક્તિઓમાં પરોક્ષપણાનું સાધન જૈનોના મતે વિરુદ્ધ થાય !

એકાન્તથી પરોક્ષપણાના સ્વીકારમાં પ્રભાકર-મીમાંસક મતમાં પ્રવેશની આપત્તિ આવે છે, કારણ કે-તે મીમાંસકોએ કરણજ્ઞાનની સર્વથા પરોક્ષતાનો અને ફળજ્ઞાનની સર્વથા પ્રત્યક્ષપણાનો સ્વીકાર કરેલ છે.

અમોએ તો કરણ અને ફળમાં-ઉભયમાં પ્રત્યક્ષતાનો સ્વીકાર કરેલ છે. તથાચ અર્થગ્રહણશક્તિરૂપ લબ્ધિન્દ્રિય કરણ કે પ્રમાણરૂપ નથી. ઉપચારથી વ્યવહિત કારણની અપેક્ષાએ સંનિકર્ષ આદિની માફક તે લબ્ધિ પણ પ્રમાણ થાય !

શંકા – શબ્દ આદિ અર્થના ગ્રહણ પ્રત્યે આ ચાર પ્રકારની ઇન્દ્રિયો ભેગી મળીને હેતુરૂપ છે. બે કે ત્રણ પણ હેતુ હોઈ શકે છે ?

સમાધાન – સમુદિત થયેલી ચારેય ઇન્દ્રિયો વિષયને ગ્રહણ કરે છે, પરંતુ નિર્વૃત્તિ આદિ ચારમાંથી એક પણ ઇન્દ્રિયના અભાવમાં જીવને શબ્દ આદિ વિષયસ્વરૂપી જ્ઞાન કદાચિત્ પણ થતું નથી, કેમ કે-ઇન્દ્રિયોની વિકલતા-ન્યૂનતા છે. એથી ચારેય ઇન્દ્રિયો ભેગી મળેલી જ હેતુ થાય છે. તે મળેલીઓમાં જ ઇન્દ્રિય તરીકેનો વ્યવહાર છે, ન્યૂનમાં નહીં.

૦ આ ઉપયોગ એક ઇન્દ્રિય સંબંધી. એક કાળની અપેક્ષાએ જીવને એક જ હોય છે, બીજો નહીં, કેમ કે-બીજા વિષયના ઉપયોગ કાળમાં પૂર્વના ઉપયોગના બળનો વિનાશ છે-તેવા પ્રકારનો જ અનુભવ છે. ખરેખર, ચક્ષુદર્શનના કાળમાં શ્રોત્રજ્ઞાનની ઉત્પત્તિ અનુભવાતી નથી.

શંકા – ચક્ષુદર્શનકાળમાં આવરણ સહિત હોવાથી શ્રોત્રજ્ઞાનની ઉત્પત્તિ કેમ થાય ?

સમાધાન – જો સદા આવરણ છે, તો શ્રોત્રજ્ઞાનના સમયમાં પણ શ્રોત્રજ્ઞાનની ઉત્પત્તિના અભાવનો પ્રસંગ આવી જાય !

શંકા – અનુરૂપ મનની સાથે જ્યારે જે ઇન્દ્રિયનો સંયોગ થાય છે, ત્યારે તે ઇન્દ્રિયને તે વિષય સંબંધી જ્ઞાન થાય છે. ક્રમથી જ જ્ઞાનની ઉત્પત્તિ છે, માટે ચક્ષુદર્શનના કાળમાં શ્રોત્રજ્ઞાન ક્યાંથી હોય ?

સમાધાન – સર્વ અંગ સંબંધી સુખ આદિના અનુભવની ઉપપત્તિ માટે મનોવર્ગણાના પુદ્ગલોમાં શરીરવ્યાપકપણાની માન્યતા છે, તેથી એકીસાથે અનેક જ્ઞાનોની ઉત્પત્તિના અભાવમાં સ્વભાવ જ કારણ છે, બીજું કારણ નથી. (અથવા તાદેશ ક્ષયોપશમવિશેષ જ કારણ છે.) આ પ્રમાણે સંનિહિત પણ સામાન્ય-વિશેષ આત્મક વિષયમાં સામાન્યની પ્રધાનતાપૂર્વક, વિશેષને ગૌણ કરવાપૂર્વક કેવલદર્શનરૂપ ઉપયોગ, આનાથી વિપરીત કેવલજ્ઞાન ઉપયોગ છે. અહીં કેવલજ્ઞાન, સ્વસમાનાધિકરણ (કેવલજ્ઞાન જ્યાં છે ત્યાં રહેનાર) જે કેવલદર્શન છે, તે સમાનકાલીન (સમાનકાળવર્તી) છે કે નહીં ? (અહીં ક્રમિક ઉપયોગવાદીઓનો નિષેધપક્ષ છે, યુગપદ્ ઉપયોગવાદીઓનો વિધિપક્ષ છે, એમ સમજવું.) કેવલજ્ઞાનક્ષણત્વ, સ્વસમાનાધિકરણ દર્શન-ક્ષણ અવ્યવહિત ઉત્તરત્વ વ્યાપ્ય છે કે નહીં ? કેવલદર્શન પછી કેવલજ્ઞાન છે કે નહીં ? (કેવલજ્ઞાનક્ષણત્વમાં દર્શન-ક્ષણ અવ્યવહિત ઉત્તરત્વવ્યાપ્યત્વ સંશય સિદ્ધત્વની

અપેક્ષાએ છે. અન્યથા પ્રાથમિક કેવલજ્ઞાનક્ષણમાં દર્શન-ક્ષણ અવ્યવહિત ઉત્તરત્વનો અભાવ હોઈ વ્યાપ્યત્વ ઉત્પન્ન ન થાય) એકીસાથે બે ઉપયોગના વાદી, મલ્લવાદી વગેરે આ પ્રશ્નના જવાબમાં કહે છે કે-

વિધિપક્ષ – ચક્ષુ-અચક્ષુ-અવધિજ્ઞાનો ચક્ષુ-અચક્ષુ-અવધિદર્શનો કરતાં જુદા કાળવાળા છે, કેમ કે-છદ્મસ્થ ઉપયોગરૂપ કાળ છે. જેમ કે-શ્રુત-મનઃપર્યવજ્ઞાન વાક્યાર્થ વિષયવાળા અદર્શન સ્વભાવી શ્રુતજ્ઞાનમાં અને દ્રવ્યમનના આલંબનવાળા અદર્શનસ્વભાવી મનઃપર્યવજ્ઞાનમાં, મતિ-અવધિજન્યદર્શન ઉપયોગથી ભિન્ન કાળપણું પ્રસિદ્ધ છે; તેમજ આ પણ ચક્ષુ-અચક્ષુ-અવધિજ્ઞાનો છે. કેવલીભગવંતના જ્ઞાનદર્શનરૂપ ચક્ષુ-અચક્ષુ અવધિજ્ઞાનો છે, કેવલીભગવંતના જ્ઞાન-દર્શનરૂપ બે ઉપયોગો તો એક કાળવર્તી છે. જેમ સૂર્યનો પ્રકાશ અને તાપનો એક કાળે આવિર્ભાવ થાય છે, તેમ કેવલજ્ઞાન અને કેવલદર્શનનો પણ એક કાળમાં આવિર્ભાવ થવો જોઈએ; કેમ કે-એનો સ્વભાવ એકીસાથે પ્રકટ થવાનો છે. જેમ ક્ષીણ આવરણવાળા જિનમાં મતિ આદિ જ્ઞાનનો કે અવગ્રહ આદિ ચતુષ્ટયરૂપ જ્ઞાનનો અસંભવ છે. તથા વિશ્લેષ-વિયોગ થવાથી જ્ઞાન ઉપયોગકાળ ભિન્ન કાળમાં દર્શન નથી, કેમ કે-ક્રમ ઉપયોગપણામાં મતિત્વ આદિ ચતુષ્ટયનું વ્યાપ્યપણું છે [જ્યાં જ્યાં ક્રમ ઉપયોગપણું છે, ત્યાં ત્યાં મતિત્વ આદિ ચાર છે અને જ્યાં સામાન્ય-વિશેષરૂપ ઉભયના આલંબનવાળું ક્રમ ઉપયોગપણું છે, ત્યાં અવગ્રહ આદિ આત્મકપણું છે. આવો નિયમ છે. તથાચ કેવલજ્ઞાનદર્શનમાં જો ક્રમ ઉપયોગપણું સ્વીકારાય, તો તે ક્રમ ઉપયોગત્વ વ્યાપક મતિત્વ આદિ ચતુષ્ટયની અને અવગ્રહ આદિ આત્મકપણાની આપત્તિ થાય એવો ભાવ છે.] અને સામાન્ય-વિશેષરૂપ ઉભયના આલંબનવાળા ક્રમ ઉપયોગપણામાં અવગ્રહ આદિ આત્મકત્વનું વ્યાપ્યપણું છે. જો કેવલજ્ઞાનદર્શનમાં ક્રમ ઉપયોગપણું માનવામાં આવે, તો પૂર્વોક્ત બે વ્યાપકની પણ આપત્તિ થાય. અર્થાત્મતિત્વ આદિ ચતુષ્ટય અને અવગ્રહ આદિ આત્મકત્વરૂપ બે વ્યાપકોની કેવલજ્ઞાનદર્શનમાં આપત્તિ થાય. તથા આગમમાં પણ જે કેવલજ્ઞાનદર્શનમાં સાદિઅનંતત્વ કહેલ છે, તે પણ સંગત થાય છે. અન્યથા, બીજા સમયમાં જ્ઞાનના અભાવથી-ત્રીજા સમયમાં દર્શનના અભાવથી તે કેવલજ્ઞાનદર્શનનો અંત થવાથી અનંતપણું પ્રતિહત થાય છે.

નિષેધપક્ષ – ક્રમ ઉપયોગવાદી જિનભદ્રગણિક્ષમાશ્રમણ પૂજ્યપાદ કહે છે કે-પ્રજ્ઞાપના આદિ આગમમાં, 'સિદ્ધ, સાકાર (જ્ઞાન) ઉપયોગમાં જ સિદ્ધિગતિએ જાય છે'—એમ કહેલું છે. સાકાર-અનાકાર ઉપયોગ એકીસાથે છે, એમ માનવામાં 'સાકાર' એવું વિશેષણ નિરર્થક થઈ જાય.

વળી તરતમ ઉપયોગતા (ક્રમ ઉપયોગપણું) સિદ્ધભગવંતમાં એક કાળમાં (પૂર્વકાળમાં) સાકાર ઉપયોગ અને બીજા કાળમાં અનાકાર ઉપયોગ છે, એમ જાણવું. (અહીં વાદી એમ કહે છે કે-'સાકાર' એટલે સિદ્ધનું સઘળું જ્ઞાન કે દર્શન સાકાર જ છે, એમ સૂચવવા માટે 'સાકાર' એવું સ્વરૂપવિશેષણ છે માટે દોષ નથી. એવી વાદીની આશંકા થયે છતે કહે છે કે-જ્ઞાન-દર્શનના વિશેષથી જ સિદ્ધાન્તમાં ત્યાં ત્યાં સિદ્ધોના જ્ઞાન-દર્શનના પૃથક્પણાએ કરેલ કથન સંગત થાય છે. આ બંનેમાં વિશેષના અભાવમાં તો કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણરૂપ બે આવરણો પણ ઘટી શકતા નથી. ખરેખર, એક આવાર્ય પ્રત્યે બે આવરણો યુક્તિયુક્ત નથી. તેવી રીતે સાકાર ઉપયોગ આઠ પ્રકારનો, અનાકાર ઉપયોગ ચાર પ્રકારનો, જ્ઞાન પાંચ પ્રકારવાળું અને દર્શન ચાર પ્રકારવાળું, આવું કથન ખંડિત થાય છે.

શંકા – 'અશરીરીઓ દર્શનમાં અને જ્ઞાનમાં ઉપયુક્ત છે.'—આવા વચનમાં એકીસાથે જ કેવલદર્શનના ઉપયોગનું શ્રવણ હોવાથી તે બંને એકીસાથે સિદ્ધ થાય છે જ ને ?

સમાધાન – 'જ્ઞાન અને દર્શનમાંથી કોઈ એક ઉપયોગમાં ઉપયુક્ત હોય છે. સર્વ કેવલીને એકીસાથે બે ઉપયોગો હોતા નથી.' આ પ્રમાણે ભદ્રબાહુસ્વામિજીએ એકીસાથે બે ઉપયોગોનો નિષેધ કરેલ છે જ.

શંકા – સઘળા કેવલીને બે ઉપયોગો હોતા નથી, પરંતુ કોઈ એકને પણ બે ઉપયોગો સંભવ છે અને કોઈકને તો એક ઉપયોગ સંભવ છે. વળી તે કેવલી કાં તો સિદ્ધ કે ભવસ્થકેવલી હોઈ શકે છે. ભવસ્થકેવલીમાં હજી પણ સકર્મકતા હોવાથી એક કાળમાં એક જ ઉપયોગ હોય છે, તેમજ સિદ્ધકેવલીમાં તો સકળ કર્મથી વિમુક્તિ હોઈ એકીસાથે બે પણ ઉપયોગો હોય છે, એવો ભદ્રબાહુસ્વામિજીનો અભિપ્રાય છે. એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન – 'દર્શનમાં અને જ્ઞાનમાં ઉપયુક્ત' આ વચન તો કેવલીસમુદાયના વિષયવાળું છે, પરંતુ કોઈ એકમાં પણ એકીસાથે બે ઉપયોગોનો પ્રતિપાદન કરનારું નથી. [ખરેખર, અનંત એવા સિદ્ધોના સમુદાયમાં કેટલાક જ્ઞાનમાં ઉપયુક્ત-કેટલાક દર્શનમાં ઉપયુક્ત, આ પ્રમાણે સમુદાયની અપેક્ષાવાળું યુગપદ્ ઉપયોગદ્વયના પ્રતિપાદનને કરનારું છે. પરંતુ એક એક વ્યક્તિની અપેક્ષાએ નહીં, કેમ કે-એક વ્યક્તિમાં એકીસાથે બે ઉપયોગોનો નિષેધ છે, એવો ભાવ છે.] સાદિ અનંતપણું પણ તે કેવલજ્ઞાનદર્શનમાં બાધક નથી, કેમ કે-જે બોધ સ્વભાવથી સદા અવસ્થિત છે, તેણે ઉપયોગથી પણ સદા રહેવું જોઈએ તેવા નિયમનો અભાવ છે. લબ્ધિ(શક્તિ)ની અપેક્ષાએ તે કેવલજ્ઞાનદર્શનમાં અનંતપણાનું કથન છે. વળી કેવલજ્ઞાનદર્શન ભિન્ન જ્ઞાનદર્શનોના પોતપોતાના સ્થિતિકાળ સુધી ઉપયોગનો અભાવછતાં સત્તાનું દર્શન છે. ખરેખર, આ કેવલજ્ઞાનદર્શન ભિન્ન જ્ઞાનદર્શનોનો ઉપયોગ અંતર્મુહૂર્ત્ત સુધીનો છે. તેથી વિદ્યમાન છતાં અવશ્ય ઉપયોગથી રહેવું જોઈએ, એવો નિયમ નથી, કેમ કે-વ્યભિચાર છે.

શંકા – જો ક્રમિક ઉપયોગવાળા માનવામાં આવે, તો કેવલીમાં દર્શન ઉપયોગના અભાવના કાળમાં અસર્વદર્શીપણું અને જ્ઞાનના ઉપયોગના અભાવકાળમાં અસર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. વળી આ ઇષ્ટ નથી, કેમ કે-સર્વદા જ કેવલીમાં પૂર્વે કહેલ દોષસમુદાય જાગતો ઉભો છે જ. (જ્ઞાની દર્શની નહીં કહેવાય-દર્શની જ્ઞાની નહીં કહેવાય.એ કહેલો દોષ ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શનમાં ઉભો છે.) તથાચ આવરણરહિતપણું હોવા છતાં કેવલીમાં સ્વભાવથી જ યુગપદ્ ઉપયોગનો અભાવ છે. ઇતિ.

સમાધાન-વિધિપક્ષ – જે કેવલજ્ઞાન જ છે, તે જ કેવલદર્શન છે, એવા વાદવાળા સિદ્ધસેનદિવાકર-સૂરિજી કહે છે કે-સામાન્ય અને વિશેષ ઉપયોગના આવરણોનો સર્વથા ક્ષય થવાથી કેવલજ્ઞાન અન કેવલદર્શન પૈકી પ્રથમ કોની ઉત્પત્તિ થાય ? એકની ઉત્પત્તિમાં બીજાની ઉત્પત્તિની પ્રાપ્તિ અનિવાર્ય છે. એકની સામગ્રી બીજાની ઉત્પત્તિમાં પ્રતિબંધકપણાના સ્વીકારમાં વિનિગમ (એકતરપક્ષસાધક યુક્તિ)ના અભાવથી અપરસામગ્રીમાં પણ એકની ઉત્પત્તિ પ્રત્યે પ્રતિબંધકપણું હોઈ બંનેના અભાવનો પ્રસંગ આવી પડશે.

વળી 'સાકાર ઉપયોગથી ઉપયુક્તના સર્વ લબ્ધિઓનો લાભ થાય છે.'-આવા શાસ્ત્રવચનના ટેકાથી પ્રથમ કેવલજ્ઞાન અને પછી કેવલદર્શન ઉત્પન્ન થાય છે. આવું કથન પણ વ્યાજબી નથી કેમ કે-ઉપર્યુક્ત

ગાથા તો લબ્ધિના યૌગપદ્યમાં (સમાનકાલીન ઉત્પત્તિમાં) સાક્ષી પૂરે છે. ઉપયોગના ક્રમ-અક્રમના વિષયમાં ઉદાસીન-મૌન છે. આ ગાથા ઉપયોગની યુગપદ્ ઉત્પત્તિની નિર્વાહક-સૂચક છે, એમ જો માને, તો કેવલજ્ઞાન પછી કેવલદર્શનની ઉત્પત્તિ અસિદ્ધિ-અભાવ છે.

શંકા – જ્ઞાન ઉપયોગ સામાન્યમાં દર્શન ઉપયોગની હેતુતા છે, કેમ કે-નિર્વિકલ્પક છદ્મસ્થકાળમાં તેવો અનુભવ થાય છે. આથી પ્રથમ કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકશે અને કેવલદર્શનમાં કેવલજ્ઞાનની વિશિષ્ટ હેતુતા હોવાથી બીજા સમયમાં કેવલદર્શનની ઉત્પત્તિ થશે તેથી તથા ક્રમિક સામગ્રીદ્વય(બન્ને સામગ્રી)ની સંપત્તિથી ક્રમિક ઉપયોગદ્વયની ધારાનો નિર્વાહ થવાનો જ ને ?

સમાધાન – 'દર્શન પૂર્વજ્ઞાનં' દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે, પણ જ્ઞાનપૂર્વક દર્શન નથી હોતું, ઇત્યાદિ કથનથી વિરોધ ઉપસ્થિત થાય છે. વળી તેવી હેતુતામાં કોઈ પણ પ્રમાણ નથી, કારણ કે-ઉત્પન્ન થયેલું કેવલજ્ઞાન ક્ષાયિક હોવાથી તેનો નાશ કોઈ પણ રીતે સંભવતો નથી.

શંકા – મુક્તિના સમયમાં ક્ષાયિક ચારિત્રનાશની માફક ક્ષાયિક કેવલજ્ઞાનનાશ કેમ નહીં પામે ?

સમાધાન – તે ક્ષાયિક ચારિત્રયોગસ્થિરતા નિમિત્તજન્ય હોઈ નિમિત્તના નાશથી નાશયોગ્ય હોઈ નષ્ટ થાય છે પરંતુ કેવલજ્ઞાન નિમિત્તજન્ય નથી, કેમ કે-ઉત્પત્તિમાં અને જ્ઞપ્તિમાં આવરણના ક્ષય સિવાય બીજાની અપેક્ષા નથી. તે પ્રમાણે જ તેની સ્વતંત્ર પ્રમાણપણાની વ્યવસ્થા છે. વળી આ પ્રમાણે વ્યક્તતાસ્વરૂપવાળું જ્ઞાન છે અને દર્શન તો અવ્યક્તતાસ્વરૂપી સિદ્ધ થાય છે.

ક્ષીણ આવરણવાળા કેવલીમાં વ્યક્તતા-અવ્યક્તતા યુક્તિયુક્ત નથી. તેથી સામાન્યવિશેષસ્વરૂપી જ્ઞેયનો સાક્ષાત્કાર કરનારું અને બંને રીતે એકસ્વભાવવાળું જ આ કેવલીને જ્ઞાન છે. વળી એવી શંકા નહીં કરવી કે - 'ગ્રાહ્ય બે પ્રકારના હોવાથી ગ્રાહકજ્ઞાન બે પ્રકારનું હોવું જોઈએ,' કેમ કે-આમ માનવા જતાં કેવલજ્ઞાનમાં ગ્રાહ્ય-વિષયો અનંત હોવાથી ગ્રાહકરૂપ જ્ઞાન કેવલજ્ઞાન પણ એક વ્યક્તિમાં અનંત માનવાની આપત્તિ આવશે.

જો વિષયભેદકૃત જ્ઞાનભેદ માનવામાં નથી આવતો, તો જુદા દર્શનની તો આશા ક્યાંથી રખાય ? કેમ કે-બે આવરણના ક્ષયથી બંને રીતે એકસ્વભાવવાળા જ કાર્ય (ઉભય સ્વભાવસ્વરૂપી એક કેવલજ્ઞાન કાર્ય)નો સંભવ છે.

શંકા – એક સ્વભાવી જ્ઞાનમાં ઠંડા-ઊના સ્પર્શની માફક પરસ્પર વિભિન્ન બે સ્વભાવનો કેમ વિરોધ નહીં ?

સમાધાન – દર્શન અને સ્પર્શનરૂપ બે શક્તિવાળા એક દેવદત્તમાં જેમ વિરોધ નથી, તેમ ઉભય સ્વભાવસ્વરૂપી એક જ્ઞાનવાળા કેવલીમાં વિરોધ નથી. જ્ઞાનપણાએ કરી અને દર્શનપણાની અપેક્ષાએ જ્ઞાન-દર્શનમાં ભેદ છે, પરંતુ ધર્મીના ભેદથી અપેક્ષાએ નહીં. એક જ કેવલજ્ઞાનમાં સામાન્ય અંશની અપેક્ષાએ દર્શનવ્યવહાર અને વિશેષ અંશની અપેક્ષાએ જ્ઞાનવ્યવહાર થઈ શકે છે, માટે તે બંનેના આવરણોના ભેદમાં પણ સ્યાદ્વાદ જ છે, એમ જાણવું. ઇતિ સિદ્ધસેનદિવાકર મતમ્.

[भेदग्राही व्यवहृतिनयं संश्रितो मल्लवादी,
पूज्याः प्रायः करणफलयोः सीम्नि शुद्धर्जु सूत्रम् ।
भेदोच्छेदोन्मुखमधिगतः सङ्ग्रहं सिद्धसेन-
स्तस्मादेते न खलुविषमाः सूरिपक्षास्त्रयोऽपि ॥] –ज्ञानबिंदु (प्रान्त भाग)

एवमिन्द्रियस्वरूपमुपदर्श्य सम्प्रति तत्संख्यामाह–

तत्रेन्द्रियाणि चक्षुरसनघ्राणत्वक्श्रोत्ररूपाणि पञ्च ॥ १२ ॥

तत्रेति । अत्र रूपरसगन्धस्पर्शशब्देतिलौकिकव्यवहारप्रसिद्धक्रमापेक्षया रूपिणः पुद्गला इति सूत्रमनुसृत्य च चक्षुरादिक्रमोऽवलम्बितोऽनानुपूर्वीक्रमस्यापि शास्त्रे प्रसिद्धत्वात् ॥

ઇન્દ્રિયસ્વરૂપની સંખ્યાને કહે છે.

ભાવાર્થ – "ત્યાં ઇન્દ્રિયો ચક્ષુ-રસન-ઘ્રાણ-ત્વક્ (સ્પર્શન) અને શ્રોત્રરૂપ પાંચ છે."

વિવેચન – અહીં રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને શબ્દ પ્રમાણેના લૌકિકવ્યવહાર પ્રસિદ્ધક્રમની અપેક્ષાએ અને 'रूपिणः पुद्गलाः'–આવા સૂત્રને અનુસરી, ચક્ષુ આદિ ક્રમ અવલંબિત કરેલ છે. અનાનુપૂર્વીક્રમની પણ શાસ્ત્રમાં પ્રસિદ્ધિ છે.

सम्प्रति चक्षुषो लक्षणमाचष्टे–

रूपग्राहकमिन्द्रियं चक्षुरप्राप्यप्रकाशकारि । रूपं श्वेतरक्तपीतनीलकृष्णरूपेण पञ्चविधम् ॥ १३ ॥

रूपग्राहकमिति । अत्र लक्ष्यमिन्द्रियव्यपदेशभाक् निर्वृत्त्युपकरणलब्ध्युपयोगरूपमिन्द्रियम्, अन्यतमापायेऽपि रूपग्रहणासम्भवात् । रूपविषयकज्ञानसाधनत्वे सतीन्द्रियत्वं चक्षुषो लक्षणम् । आत्मादिवारणायेन्द्रियत्वोपादानम् । रसनादावतिव्याप्तिनिवृत्तये सत्यन्तम् । अत्रेदम्बोध्यम् एकस्यैव वस्तुनोऽवस्थाभेदेन रूपादिस्वरूपत्वं भवति, तथाहि चक्षुषा यदेव विलोकितं तदेव रसनया रस्यते, घ्राणेन घ्रायते स्पर्शनेन स्पृश्यते तदेव चातिकठिनीभूतमभ्यवह्रियमाणं ध्वनिमातनोति न तु क्वचिद्देशे रूपं क्वचिद्देशे रसः क्वचिद्देशे गन्धादयः । तस्मात्तदेव पुद्गलद्रव्यं चक्षुर्विषयतामापन्नं श्वेताद्याकारेण विषयतया परिणतिमुपागच्छद्रूपमिति व्यपदिश्यते, रसनग्रहणविषयतामितं तिक्तादिपरिणामभाग् रस इति व्यपदेशमश्नुते, एवमितरेन्द्रियप्राप्तानामपि भाव्यम्, दृश्यते ह्येक एव पुरुषः पितृस्वसृभ्रात्राद्यनेकपुरुषापेक्षया तथातथा व्यपदेश्यतया । तदेवं द्रव्यमिन्द्रियनानात्वान्नानाऽऽकाररूपादिभेदमापद्यते, स्वनिमित्ततस्त्वेकाकारं, द्रव्यस्वलक्षणविशिष्टत्वात् । तदिदञ्चक्षुः प्रकर्षेणात्माङ्गुलप्रमित-

सातिरेकयोजनलक्षावस्थितं प्रकाशनीयरूपं गृह्णाति, जघन्यतोऽङ्गुलसंख्येयभागप्रमितदेशवर्ति रूपमिति । ननु चक्षुर्विषयभूतान् पदार्थान् स्पृष्ट्वा ज्ञानं जनयत्यस्पृष्ट्वा वेत्याशङ्कायामाहाप्राप्य-प्रकाशकारीति । विषयदेशं स्वदेशे वा विषयमप्राप्यासंश्लिष्यैव वस्तु प्रकाशयतीत्यर्थः । ननु सर्वत्रेन्द्रियत्वे तुल्येऽपि नयनातिरिक्तानामिन्द्रियाणां प्राप्यकारित्वं नयनस्य मनसश्चाप्राप्य-कारित्वमिति कुतो विशेष इति चेन्न, उपघातानुग्रहदर्शनाद्रसनादीनां प्राप्यकारित्वं, दृश्यते हि त्रिकटुकाद्यास्वादने, अशुच्यादिपुद्गलाघ्राणे, कर्कशकम्बलादिस्पर्शने, भेर्यादिशब्दश्रवणे तेषामुप-घातः, क्षीरशर्कराद्यास्वादने, कर्पूरपुद्गलाघ्राणे, मृदुतूलिकादिस्पर्शने, मृदुमन्दशब्दाद्याकर्णने-ऽनुग्रहः । नयनस्य निशितकरपत्रप्रोल्लसद्वह्न्यादिवीक्षणेऽपि पाटनाद्युपघातानवलोकनात् चन्दनागरुकर्पूराद्यवलोकनेऽपि शैत्याद्यनुग्रहाननु भवात् । मनसश्च वह्न्यादिचिन्तनेऽपि दाहाद्युपघातादर्शनात्, जलचन्दनादिचिन्तायामपि पिपासोपशमनानुग्रहाऽसम्भवाश्च न प्राप्यकारित्वम् । न च नयनस्याप्राप्यकारित्वेऽनुग्रहोपघाताभावौ व्यभिचरतः, दृश्यते हि घनपटलविनिर्मुक्तं नैदाघार्यमाणं निरन्तरभवलोकयतश्चक्षुषो विघातः, राकानिशाकरकर-निकुरुम्बं तरङ्गमालामण्डितं जलं हरितं तरुमण्डलं शाद्वलञ्च निरन्तरं निभालयतोऽनुग्रह इति वाच्यम्, सर्वथा विषयकृतानुग्रहोपघातासम्भवस्यानुक्तत्वात् । किन्त्वेतावदेव[1] वदामो यदा विषयं विषयतया चक्षुरवलम्बते तदा तत्कृतावनुग्रहोपघातौ तस्य न भवत इत्यप्राप्यकारि तत्, शेषकालन्तु प्राप्तेनोपघातकेनानुग्राहकेण वोपघातोऽनुग्रहश्च भविष्यति, दिनकरस्य ह्यंशवः प्रसरणशीला यदा तत्संमुखमवलोक्यते तदा ते चक्षुर्देशं प्राप्ताश्चक्षुरुपघ्नन्ति, स्वभाव-शीतलारशीतकररश्मयोऽपि सम्प्राप्ता एव चक्षुरनुगृह्णन्ति, तरङ्गमालासङ्कुलजलावलोकने च जलबिन्दुसंपृक्तपवनसंस्पर्शेनानुग्रहः, हरिततरुमण्डलशाद्वलविलोकने च तच्छायासम्पर्केण शीतलभूतवायुसंस्पर्शादेवानुग्रहः, अन्यदा तु जलाद्यवलोकनेऽनुग्रहाभिमान उपघाता-भावाद्भवति, नान्यथा । प्राप्यकारित्वे तु समाने सम्पर्के यथा सूर्यमीक्षमाणस्य सूर्येणोपघातो भवति तथा वैश्वानरजलशूलाद्यवलोकने दाहक्लेदपाटनादयः[2] कस्मान्न भवन्ति, किञ्च यदि

---

१. विषयपरिच्छेदमात्रकालेऽनुग्रहोपघातशून्यता हेतुः, पश्चात्तु चिरमवलोकयतः प्रतिपत्तुः प्राप्तेन रविकिरणादिना चन्द्रमरीचिनीलादिना वा मूर्तिमता निसर्गत एव केनाप्युपघातकेनानुग्राहकेण वा विषयेणोपघातानुग्रहौ भवेतामिति भावः ॥ २. न च नायनरश्मयो नेत्रान्निर्गत्य विषयं प्राप्य सूर्यबिम्बरश्मय इव प्रकाशयन्ति, रविबिम्बरश्मय इव च सूक्ष्मत्वान्न ग्रहणादिभिस्तेषां दाहादय इति वाच्यम्, नायनरश्मिग्राहकमानाभावात्, तथात्वेऽपि तेषामभ्युपगमे-ऽतिप्रसङ्गात्, न च वस्तुपरिच्छेदान्यथानुपपत्तिरेव तत्र लिङ्गमिति वाच्यम्, तानन्तरेणापि तत्परिच्छेदोपपत्तेः नहि मनसो रश्मयस्सन्ति, वस्तु च परिच्छिद्यते न च तदपि प्राप्यकार्येवेति वाच्यम्, अप्राप्यकारित्वस्य टीकाकृद्भिर्वक्ष्यमाणत्वात् । हेत्वन्तरेणापि तस्याप्राप्यकारित्वमाह यदि चक्षुरिति ॥

चक्षुः प्राप्यकारि तदा स्वदेशगतरजोमलाञ्जन-शलाकादिकं कुतो न पश्यति तस्मादप्राप्यकार्येव। ननु यदि चक्षुरप्राप्यकारि भवेत्तर्हि दूरव्यवहितानप्यर्थान् गृह्णीयात् मनोवत् न च तथा, किन्तु अनावृतमदूरभवमेवार्थं, तस्मिन्नेव तस्य सम्बन्धसम्भवात्, अन्यथाऽऽवरणभावादनुपलब्धिरन्यथोपलब्धिरिति न स्यात्, नहि तदावरणमुपघातकरणसमर्थम्, प्राप्यकारित्वे तु मुर्त्तद्रव्यप्रतिघातात्सम्भवत्यावरणादिकम्, मैवम्, दृष्टान्तस्य साध्यविकलत्वात्, न खलु मनोऽप्य शेषान् विषयान् गृह्णाति तस्यापि सूक्ष्मेस्वागमादिगम्येष्वर्थेषु मोहदर्शनात् तस्माद् यथा मनोऽप्यकार्यपि स्वावरणक्षयोपशमापेक्षत्वान्नियतविषयं तथा चक्षुरपि[1] स्वावरणक्षयोपशमापेक्षत्वादप्राप्यकार्यपि योग्यदेशावस्थितनियतविषयमिति न व्यवहितोपलम्भप्रसङ्गो नापि दूरदेशस्थितानामिति। दृष्टश्चैतदप्राप्यकारित्वेऽप्ययस्कान्तस्य स्वभावविशेषादेव योग्यदेशापेक्षणम्। अन्यथा सर्वाण्यप्ययांसि जगद्वर्त्तीनि तेन आकृष्येरन् न तु प्रतिनियतमेव। न चायस्कान्तोऽपि प्राप्यकारी, छायाणुभिस्समाकृष्यमाणवस्तुसम्बन्धात् छायाणूनां सूक्ष्मत्वादेव नोपलम्भ इति वाच्यम्, तद्ग्राहकप्रमाणाभावात्। न चाप्रमाणकं प्रतिपत्तुं शक्यमतिप्रसङ्गात्। न च यदाकर्षणं तत्संसर्गपूर्वकं, यथाऽयोगोलकस्य सन्दंशेन आकर्षणञ्चायसोऽयस्कान्तेन, तत्र साक्षादयसोऽयस्कान्तेन संसर्गस्य प्रत्यक्षबाधितत्वेऽपि सूक्ष्मछायाणुभिर्निर्वाह्य इति वाच्यम् हेतोरनैकान्तिकत्वात्, मन्त्रेण हि व्यभिचारः, स स्मर्यमाणो विवक्षितं संसर्गाभावेऽप्याकर्षति। तथा छायाणुभिरयांसीव काष्ठादीन्यप्याकृष्येरन् सम्बन्धाविशेषात्। न चास्ति तत्र शक्तिप्रतिनियम यति वाच्यम्, अप्राप्तावपि तेनैव निर्वहे छायाणुकल्पनाया वैयर्थ्यात्। न च चक्षुः प्राप्यकारि व्यवहितार्थानुपलब्धेरिति प्रमाणं तत्साधकमस्तीति वाच्यम्, व्याप्त्यसिद्धेः काचाभ्रपटलस्फटिकैरन्तरितस्याप्युपलब्धेरिति न तस्य प्राप्यकारित्वमिति॥ सम्प्रति चक्षुर्विषयभूतरूपप्रकारमाह रूपमिति। पञ्चविधमिति। एतद्व्यतिरिक्तहरितादिर्वर्णानां पञ्चविधवर्णेषु द्वयादीनां मेलनेन जायमानत्वान्नाधिकरूपशङ्का, अत एव ते हरितादयस्सान्निपातिका इति कथ्यन्ते, एते द्रव्यात्कथञ्चिद्भिन्नाः, कथञ्चित्तादात्म्यमेवा-नयोस्सम्बन्धो विशिष्टबुद्धिनियामकः, नीलो घटो नीलरूपवान् घट इति प्रतितेः, न तु समवायः, नीलो घट इत्यत्र नीलपदस्य विनाऽनुपपत्ति लाक्षणिकत्वापत्तेः, समवायस्य प्रमाणबाधितत्वाच्च। तथाहि समवायिभ्यस्स भिन्नोऽभिन्नो वा स्यात्, यद्यभिन्नस्तर्हि न कश्चन समवायोऽस्ति, समवायिभिरव्यतिरिक्तत्वात्तत्स्वरूपवत्। यदि भिन्नस्स कथं समवायिषु वर्तते सामस्त्येनैकदेशेन वा, यदि सामस्त्येन, तर्हि प्रतिसमवायि

१. प्रयोगश्च चक्षुर्न विषयपरिणामवत् अप्राप्यकारित्वात् मनोवदिति, अप्राप्यकारित्वे सत्यपि, नाविशेषेण सर्वार्थेषु मनःप्रवर्त्तत इति व्यभिचारं ज्ञानदर्शनावरणादेः प्रतिबन्धकत्वञ्चाह दृष्टान्तस्येति।

तस्य पर्याप्तत्वेन समवायनानात्वप्रसङ्गः, यद्येकदेशेन तर्हि निरंशताऽभ्युपगमव्याघातः, एकावयवावच्छेदेन वृत्तेः। किञ्चैकदेशेनापि समवायस्य केन सम्बन्धेन वृत्तिता, न समवायेनाऽपसिद्धान्तात् । न स्वरूपेण, तस्य प्रतियोग्यनुयोगिभिन्नत्वाभावेन शून्यत्वात् समवायिनोरपि स्वरूपेणैव वृत्तिताप्रसङ्गात्, यदि स्वरूपसम्बन्धस्य भेदस्तर्हि तस्यापि स्वरूपिषु वृत्तितायां सम्बन्धान्तर-प्रसङ्गेनानवस्थापातादिति यत्किञ्चिदेतत् ॥

चक्षुनुं लक्षण कहे छे

भावार्थ – "રૂપગ્રાહક ઇન્દ્રિયચક્ષુ, અપ્રાપ્યપ્રકાશકારી છે. રૂપ, શ્વેત-લાલ-પીળો-લીલો અને કાળો એમ પાંચ પ્રકારનું છે."

विवेचन – અહીં લક્ષ્ય, ઇન્દ્રિયવ્યવહારને ભજનાર નિર્વૃત્તિ-ઉપકરણ-લબ્ધિ-ઉપયોગ રૂપી ઇન્દ્રિય સમજવાની છે, કેમ કે-નિર્વૃત્તિ આદિ ચારમાંથી કોઈ એકના વિનાશ થવા છતાંય રૂપગ્રહણનો અસંભવ છે.

लक्षण – રૂપવિષયક જ્ઞાન સાધનત્વ હોયે છતે ઇન્દ્રિયત્વ, એ ચક્ષુ ઇન્દ્રિયનું લક્ષણ છે.

पदकृत्य – આત્મા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ઇન્દ્રિયત્વ'નું ગ્રહણ છે. રસન આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'રૂપવિષયક જ્ઞાનસાધનત્વે સતિ' એમ કહેલું છે. અહીં આ સમજવાનું છે કે-એક જ વસ્તુમાં અવસ્થાના ભેદથી રૂપ આદિ અર્થસ્વરૂપપણું છે. આંખથી રૂપ આદિ અર્થસ્વરૂપપણું છે. આંખથી જે દ્રવ્ય જ (મોદક દ્રવ્ય જ) દેખાયું, તે જ જીભવડે ચખાય છે, ઘ્રાણવડે સુંઘાય છે, સ્પર્શનવડે સ્પર્શાય છે, તે જ અત્યંત કઠિન થયેલું ખવાતું અવાજ કરે છે. તે દ્રવ્યના કોઈ એક ભાગમાં રૂપ, કોઈ એક ભાગમાં રસ અને કોઈ એક ભાગમાં ગંધ આદિ રહેલા નથી. તેથી તે જ એક પુદ્ગલદ્રવ્ય ચક્ષુની વિષયતાને પામેલું, શ્વેત આદિ આકારે વિષયપણાએ પરિણતિને પામતું 'રૂપ' તરીકેના વ્યવહારને યોગ્ય બને છે. રસન ઇન્દ્રિયના ગ્રહણ વિષયતાને પામેલું, તીખા વગેરે પરિણામને ભજનારું તે જ પુદ્ગલદ્રવ્ય 'રસ' તરીકેના વ્યવહારને પામે છે. આ પ્રમાણે બીજી ઇન્દ્રિયોને પ્રાપ્ત પુદ્ગલદ્રવ્યમાં તે તે અર્થ-વિષયવ્યવહાર જાણવો. દેખાય છે કે-જેમ એક જ પુરુષ, પિતા-બહેન-ભાઈ આદિ અનેક પુરુષોની અપેક્ષાએ તે તે પ્રકારે વ્યવહારને યોગ્ય બને છે અને પુરુષભેદની પ્રતિપત્તિવાળા બને છે, તેમ અનેક ગ્રહણની અપેક્ષાએ એક-અભિન્ન તે જ પુદ્ગલદ્રવ્ય ભેદને પામે છે. તેથી તે દ્રવ્ય, ઇન્દ્રિયો અનેક હોઈ અનેક આકારરૂપ આદિ ભેદને પામે છે. સ્વનિમિત્તથી એક આકારવાળું છે, કેમ કે-દ્રવ્યનું જે પોતાનું અંતરંગ લક્ષણ છે તેનાથી વિશિષ્ટ છે. તે આ ચક્ષુ ઇન્દ્રિય, ઉત્કૃષ્ટતાથી આત્માંગુલથી માપેલ કાંઈ અધિક એક લાખ જોજનમાં રહેલ પ્રકાશનીય રૂપને ગ્રહણ કરે છે. જઘન્યથી અંગુલના સંખ્યાતમા ભાગપ્રમિત પ્રદેશસ્વરૂપને ગ્રહણ કરે છે.

शंका – ચક્ષુ ઇન્દ્રિય, વિષયભૂત પદાર્થોને સ્પર્શ કરીને જ્ઞાન પેદા કરે છે કે, નહિ સ્પર્શ કરીને ?

समाधान – 'अप्राप्यप्रकाशकारि' ઇતિ વિષયના દેશને કે પોતાના દેશમાં વિષયને સ્પર્શ કર્યા વગર-સંયોગ કર્યા વગર વસ્તુનો-વિષયનો પ્રકાશ-જ્ઞાન કરે છે. અર્થાત્ ચક્ષુ ઇન્દ્રિય અપ્રાપ્યપ્રકાશકારિ છે. યોગ્ય દેશમાં વ્યવસ્થિત જ રૂપને શરીરદેશમાં રહેલી ચક્ષુ ઇન્દ્રિય ગ્રહણ કરે છે.

શંકા – સર્વ ઇન્દ્રિયોમાં ઇન્દ્રિયત્વ સમાન છતાં, નયનથી ભિન્ન ઇન્દ્રિયોમાં પ્રાપ્યકારિપણું અને નયનમાં તથા મનમાં અપ્રાપ્યકારિપણું છે, એવો ભેદ શાથી છે ?

સમાધાન – ઉપઘાત (હાનિ) અને અનુગ્રહ(લાભ)નું દર્શન હોવાથી રસન આદિ ઇન્દ્રિયોમાં પ્રાપ્યકારિપણું છે. ખરેખર, દેખાય છે કે-ત્રિકટુક (સૂંઠ-મરી-પીપરના સમુદાય)ના આસ્વાદનમાં (ભોજનમાં), અશુચિ આદિ પુદ્ગલોને સુંઘવામાં, ખરબચડા સ્પર્શવાળી કંબલ આદિને અડકવામાં અને ભેરી આદિના શબ્દ સાંભળવામાં તે ઇન્દ્રિયોમાં ઉપઘાત (હાનિ) થાય છે. દૂધ-સાકર આદિના ભોજનમાં, કપૂર આદિ પુદ્ગલોને સુંઘવામાં, કોમલ રૂની ગાદી-તરાઈ આદિને અડકવામાં અને મૃદુ-મંદ-મધુર શબ્દ આદિને સાંભળવામાં તે ઇન્દ્રિયોમાં અનુગ્રહ (લાભ) થાય છે. નયનમાં તીક્ષ્ણ કરવત-ધારદાર ભાલા વગેરે જોવા છતાં પાટન (ફાડવું) વગેરેરૂપ ઉપઘાત દેખાતો નથી, તેમજ ચંદન-અગરૂ-કપૂર આદિ જોવા છતાં શીતતા આદિરૂપ અનુગ્રહ-લાભનો અનુભવ થતો નથી; માટે નયન અપ્રાપ્યકારી છે. મનમાં અગ્નિ આદિનું ચિંતન છતાં દાહ આદિરૂપ ઉપઘાત દેખાતો નથી. જલ-ચંદન આદિના ચિંતન છતાં તરસની શાન્તિરૂપ અનુગ્રહનો અસંભવ હોઈ અપ્રાપ્યકારિપણું છે.

શંકા – નયનની અપ્રાપ્યકારિતામાં જે અનુગ્રહ અને ઉપઘાતનો અભાવ કહ્યો છે, તેમાં વ્યભિચાર આવે છે. ખરેખર, દેખાય છે કે-મેઘમાલા-ઘનઘટા વગરના ગ્રીષ્મઋતુના સૂર્ય સામે નિરંતર જોનારને ચક્ષુમાં ઉપઘાત થાય છે અને પૂર્ણિમાના સોલ કળા પૂર્ણ ચંદ્રમાની ચાંદનીને, મોજાંઓની પરંપરાથી સુશોભિત જલને, હરિયાળી વનસ્પતિને અને લીલાછમ ઘાસને નિરંતર જોનારની ચક્ષુમાં અનુગ્રહ-લાભ છે, તો ચક્ષુમાં અનુગ્રહ ઉપઘાત નથી એમ કેમ કહેવાય ?

સમાધાન – સર્વથા વિષયકૃત અનુગ્રહ-ઉપઘાતનો અસંભવ કહેલો નથી. પરંતુ એટલું જ અમે કહીએ છીએ કે-જ્યારે વિષયને વિષયપણાએ ચક્ષુ અવલંબે છે, ત્યારે તે ચક્ષુને વિષયકૃત અનુગ્રહ-ઉપઘાત થતા નથી, [વિષયના પરિચ્છેદના માત્ર કાળમાં અનુગ્રહ-ઉપઘાતશૂન્યતા હેતુ છે. જ્યારે ચક્ષુનો સૂર્યની સાથે સંયોગ થયો, ત્યારે એકવાર સૂર્યના દર્શનમાં પણ ચક્ષુમાં ઉપઘાત થવો જોઈએ તે પ્રમાણે ઉપઘાત થતો નથી. નિરંતરપણાએ સૂર્યના દર્શનમાં તો સૂર્યના કિરણો જ ચક્ષુદેશમાં પ્રાપ્ત થયેલાં તે ચક્ષુદેશને તપાવે છે. ચંદ્ર આદિના દર્શનમાં તો ઉપઘાતના અભાવથી જ અનુગ્રહનું અભિમાન છે. અર્થાત્ ચક્ષુના પ્રથમ સમયે સર્ય-ચંદ્રદેશ પ્રત્યે ગમનમાં અનુગ્રહ-ઉપઘાત નથી. પરંતુ પ્રાપ્તરવિકિરણ આદિથી અનવરત અવલોકન થયે છતે, ચક્ષુમાં ઉપઘાતની ઉપપત્તિ અને નૈસર્ગિક સૌમ્ય આદિ ગુણવાળા ચંદ્ર આદિના અવલોકન થયે છતે, ઉપઘાતના અભાવરૂપ અનુગ્રહના અભિમાનની ઉપપત્તિ છે.] માટે તે ચક્ષુ અપ્રાપ્યકારી છે. બાકીના કાળમાં તો પ્રાપ્ત જ ઉપઘાતકારક કે અનુગ્રહકારકથી ઉપઘાત-અનુગ્રહ થશે. ખરેખર, સૂર્યના પ્રસરણ સ્વભાવવાળા કિરણો જ્યારે તે ચક્ષુ સન્મુખ જોવાય છે, ત્યારે તે કિરણો ચક્ષુદેશમાં પ્રાપ્ત થયેલા ઉપઘાત કરે છે. સ્વભાવથી ઠંડી, ચંદ્રની રશ્મિઓ સંપ્રાપ્ત થયેલી જ ચક્ષુમાં અનુગ્રહ કરે છે. મોજાંઓથી વ્યાપ્ત જળાશય જળના અવલોકનમાં, જળબિંદુઓની સાથે સંપર્કી પવનના સ્પર્શથી, તેમજ હરિયાળી વનસ્પતિ-લીલાછમ ઘાસવાળા ખેતરોના દર્શનમાં અને તેની છાયાના સંબંધથી ઠંડાગાર વાયુના સ્પર્શથી આંખમાં અનુગ્રહ છે. પ્રથમ દર્શનના સમયમાં તો જળ આદિ અવલોકનમાં અનુગ્રહનું અભિમાન ઉપઘાતના અભાવથી થાય છે. પ્રથમ દર્શનના સમય સિવાય શેષકાળમાં અનુગ્રહાભિમાન નથી. જો ચક્ષુને પ્રાપ્યકારી માનવામાં આવે, તો

બંનેનો સંબંધ સમાન હોયે છતે, એમ સૂર્યને જોનારની આંખમાં સૂર્યથી ઉપઘાત થાય છે, તેમ અગ્નિ-જળ-શૂલ (ભાલો) આદિના અવલોકનમાં ક્રમશઃ દાહ-ભીંજાવું-પાટન (છેદવું-ફાડવું), અર્થાત્ તેમ આંખ કેમ જળતી નથી ? ભીની કેમ થતી નથી ? ફાટતી કેમ નથી ? વળી જો ચક્ષુ પ્રાપ્યકારી છે, તો પોતાના (આંખના) ભાગમાં રહેલ ધૂળ, મેલ, અંજન(કાજળ)ની શલાકા વગેરેને કેમ જોતી નથી ? તેથી ચક્ષુ અપ્રાપ્યકારી જ છે.

[નયનની રશ્મિઓ નેત્રમાંથી નીકળી વિષયને પામી સૂર્યબિંબની રશ્મિઓની માફક પ્રકાશ કરે છે. સૂર્યબિંબની રશ્મિઓમાં જેમ સૂક્ષ્મ હોવાથી વહ્નિ આદિથી તેઓમાં દાહ આદિ થતાં નથી, એમ નહીં બોલવું; કેમ કે-નયન સંબંધી રશ્મિગ્રાહકપ્રમાણનો અભાવ છે. તેમ માનવામાં તેઓમાં અતિપ્રસંગ છે. 'વસ્તુપરિચ્છેદની અન્યથા અનુપપત્તિ જે હેતુ છે' એમ નહીં બોલવું, કેમ કે-નયનરશ્મિઓને માન્યા સિવાય તેના પરિચ્છેદની ઉપપત્તિ છે. જેમ મનમાં રશ્મિઓ નથી અને વસ્તુને જાણે છે. 'તે મન પણ પ્રાપ્યકારી છે' એમ નહીં કહેવું, કેમ કે-મનમાં અપ્રાપ્યકારીપણું છે, એમ ટીકાકાર આગળ ઉપર સાબિત કરનાર છે.]

શંકા – જો ચક્ષુ અપ્રાપ્યકારી હોય, તો દૂર-વ્યવહિત પદાર્થને પણ ગ્રહણ કરે જ. જેમ કે-મન. પરંતુ તેવી રીતે ચક્ષુ ગ્રહણ કરી શકતી નથી, આવરણ વગરના નજીક રહેલ પદાર્થને ગ્રહણ કરી શકે છે. તેમાં જ તેના સંબંધનો સંભવ છે. જો એમ ન માનો, તો આવરણ હોવાથી અનુપલબ્ધિ અને આવરણના અભાવથી ઉપલબ્ધિ ન થવી જોઈએ. તે આવરણ ઉપઘાત કરવા માટે સમર્થ થતું નથી. પ્રાપ્યકારીપણામાં તો મૂર્તદ્રવ્યના પ્રતિઘાતથી આવરણ આદિ સંભવે છે, માટે ચક્ષુ પ્રાપ્યકારી માનવી જોઈએ ને ?

સમાધાન – અહીં દૃષ્ટાન્ત સાધ્યવિકલ છે. (જેમ શબ્દ નિત્ય છે, અમૂર્ત હોવાથી, જેમ કે-દુઃખ. અહીં દુઃખરૂપ દૃષ્ટાન્ત જેમ સાધ્યધર્મરૂપ નિત્યત્વરહિત છે, તેમ અહીં મનરૂપ દૃષ્ટાન્ત વિષયપરિમાણભાવરૂપ સાધ્યધર્મથી રહિત છે; કેમ કે-મન વિષયપરિમાણવાળું-નિયત વિષયવાળું છે.)

ખરેખર, મન પણ સમસ્ત વિષયોને ગ્રહણ કરતું નથી. તે મનમાં પણ સૂક્ષ્મ આગમ આદિથી ગમ્ય પદાર્થોમાં મોહનું દર્શન છે. તેથી જેમ મન, અપ્રાપ્યકારી પણ સ્વ આવરણના ક્ષયોપશમની અપેક્ષાવાળું હોઈ નિયત વિષયવાળું છે, તેમ ચક્ષુ પણ (ચક્ષુ વિષયપરિમાણવાળું નથી, કેમ કે-અપ્રાપ્યકારી છે. જેમ કે-મન. અપ્રાપ્યકારી પણ હોવા છતાં સામાન્યથી સર્વ પદાર્થોમાં મન પ્રવર્ત્તતું નથી, માટે વ્યભિચારને અને જ્ઞાન-દર્શનાવરણાદિના પ્રતિબંધકત્વને કહે છે કે-'દૃષ્ટાંન્તની સાધ્યવિકલતા હોવાથી.) સ્વ આવરણના ક્ષયોપશમની અપેક્ષાવાળું હોઈ, અપ્રાપ્યકારી પણ યોગ્ય દેશમાં અવસ્થિત-નિયત વિષયવાળું છે, માટે વ્યવહિતના ઉપલંભનો પ્રસંગ નથી, તેમજ દૂરદેશસ્થ પદાર્થોના ગ્રહણનો પ્રસંગ નહીં આવે.

○ અયસ્કાંત (લોહચુંબક) અપ્રાપ્યકારી છતાં વિશિષ્ટ સ્વભાવથી જ યોગ્ય દેશની અપેક્ષા રાખે છે.

શંકા – અયસ્કાંત પણ પ્રાપ્યકારી છે, કેમ કે-છાયાના પરમાણુઓથી ખેંચાતી વસ્તુના સંબંધથી પ્રાપ્યકારી છે. છાયાના પરમાણુઓ સૂક્ષ્મ હોવાથી જ દેખાતા નથી.

સમાધાન – તેને સાબિત કરનાર પ્રમાણ નહીં હોવાથી અમાન્ય છે. જો પ્રમાણ વગરની વસ્તુ માનવામાં આવે, તો અતિપ્રસંગ નામક દોષ આવે છે. [લોહચુંબક અને લોઢું પરસ્પર સંયુક્ત નહીં હોવા છતાં તેમાં આકર્ષણ દેખાય છે, માટે લોહચુંબક અપ્રાપ્યકારી છે.]

શંકા – જે આકર્ષણ છે, તે સંબંધપૂર્વક જ છે. જેમ લોઢાના ગોળાનું સાણસીથી આકર્ષણ છે, તેમ લોહચુંબકથી લોઢાનું આકર્ષણ સંયોગપૂર્વક છે. ત્યાં સાક્ષાત્ લોહચુંબકથી લોઢાનો સંસર્ગ પ્રત્યક્ષથી બાધિત હોવા છતાં સૂક્ષ્મ છાયાના પરમાણુઓ દ્વારા સંસર્ગનો નિર્વાહ કેમ નહીં ?

સમાધાન – જે આકર્ષણ છે, તે સંસર્ગપૂર્વક છે. એ હેતુ વ્યભિચારવાળો છે. ખરેખર, મંત્રની સાથે વ્યભિચાર આવે છે. તે મંત્રનું બરોબર સ્મરણ થતાં, સંસર્ગના અભાવમાં પણ વિવક્ષિત ઈષ્ટ વસ્તુને જેમ મંત્ર આકર્ષે છે, તેમ છાયાના પરમાણુઓથી લોઢું ખેંચાય છે. તેવી રીતે લાકડાં વગેરે પણ ખેંચાવવા જોઈએ ને ? કેમ કે-સંબંધમાં વિશેષતા નથી.

શંકા – ત્યાં શક્તિનો નિયમ છે એટલે દોષ કેમ આવે ?

સમાધાન – અપ્રાપ્તિમાં પણ તે શક્તિના નિયમથી જો નિર્વાહ થાય છે, તો છાયાના પરમાણુઓની કલ્પના નિરર્થક જ છે. તેથી શક્તિના નિયમથી સંયોગ વગર લોહચુંબકથી લોઢાનું આકર્ષણ છે, બીજાઓનું નહીં.

શંકા – ચક્ષુ પ્રાપ્યકારી છે, કેમ કે-વ્યવહિત અર્થની અપ્રાપ્તિ છે. આ પ્રમાણે પ્રાપ્યકારિતા સાધકપ્રમાણ છે ને ?

સમાધાન – કાચ-અબરખના પટલો સ્ફટિક આદિથી વ્યવહિત-અંતરિત પદાર્થની પણ ઉપલબ્ધિ છે જ, (વળી આજના જમાનામાં નંબરના ચશ્માઓથી અંતરિત આંખથી વધારે સ્પષ્ટ દેખાય છે.) માટે ચક્ષુનું પ્રાપ્યકારીપણું નથી પરંતુ ચક્ષુ અપ્રાપ્યકારી જ છે.

ચક્ષુના વિષયભૂત રૂપના પ્રકારને કહે છે.

પાંચ પ્રકારના રૂપથી ભિન્ન હરિત (લીલો-પીળો મિશ્રિત વર્ણ) આદિ વર્ણો, પાંચ પ્રકારના વર્ણો પૈકી બે વગેરે વર્ણોના મિશ્રણથી પેદા થતા હોઈ પાંચ પ્રકારના રૂપ કરતાં અધિક રૂપની શંકા નથી. એથી જ હરિત આદિ વર્ણો 'સાન્નિપાતિક' મિશ્રિત વર્ણો કહેવાય છે. [આ શ્વેત આદિ શબ્દો વર્ણ માટે પુલિંગ છે અને વિશેષ્ય સાથે ત્રણેય લિંગમાં વપરાય છે.]

આ શ્વેત આદિ વર્ણો દ્રવ્યથી કથંચિદ્ ભિન્ન છે. વર્ણવાળા દ્રવ્યનો અને વર્ણનો અર્થાત્ આ ગુણ-ગુણીનો કથંચિદ્ તાદાત્મ્ય સંબંધ વિશિષ્ટ બુદ્ધિનિયામક છે, કેમ કે-'નીલો ઘટઃ' અહીં નીલરૂપવાળો ઘડો છે, એવી પ્રતીતિ છે. અહીં વિશિષ્ટ બુદ્ધિનિયામક સંબંધ સમવાય સંબંધ નથી, કેમ કે-'નીલો ઘટઃ' આ પ્રમાણેના વાક્યમાં નીલપદની અનુપપત્તિ (તાત્પર્યની કે અન્વયની અનુપપત્તિ) સિવાય નીલાદિ રૂપ વિશિષ્ટમાં લક્ષણ માનવાથી નીલપદમાં લાક્ષણિક પદત્વની આપત્તિ આવે છે. વળી સમવાય, પ્રમાણથી બાધિત છે.

સમવાયિઓથી તે સમવાય ભિન્ન છે કે અભિન્ન છે ? જો અભિન્ન છે, તો કોઈ સમવાય જ નથી, કેમ કે-જેમ સમવાયિઓનું સ્વરૂપ છે તેની માફક સમવાયિઓથી અભિન્ન છે. જો ભિન્ન છે એમ કહો, તો

સમવાયિઓમાં સમવાય કેવી રીતે રહે છે ? શું સમસ્ત ભાગથી રહે છે કે એક ભાગથી રહે છે ? જો સમસ્તપણાએ રહે છે એમ છે, તો દરેકે દરેક સમવાયિમાં તે સમવાયની પર્યાપ્તિ (પૂર્ણતા) હોવાથી નાના અનેક સમવાયપણાનો પ્રસંગ આવશે ! જો એકદેશથી કહો, તો નિરંશતા(નિરવયતા)ના સ્વીકારનો વ્યાઘાત થાય છે, કેમ કે-એક અવયવના આધારે રહે છે. વળી એકદેશથી પણ સમવાય કયા સંબંધથી રહે છે ? સમવાયથી રહે છે એમ ન કહેવાય, કેમ કે-અપસિદ્ધાન્ત થાય છે. સ્વરૂપથી સમવાય રહે છે એમ નથી, કેમ કે-પ્રતિયોગી (આધેય) કે અનુયોગી(આધાર)થી ભિન્નતાનો અભાવ હોઈ, સ્વરૂપથી વૃત્તિતાનું શૂન્યપણું હોઈ સમવાયિઓમાં પણ સ્વરૂપથી વૃત્તિતાનો પ્રસંગ છે.

જો એમ કહો કે-સમવાય એ સ્વરૂપસંબંધનો ભેદ-પ્રકાર છે, તો તે સમવાયને સ્વરૂપીઓમાં રહેવામાં બીજા સંબંધનો પ્રસંગ આવતાં અનવસ્થાદોષનો પાત થાય છે. માટે સમવાયને માનવાની જરૂર નથી, માત્ર કથંચિત્ તાદાત્મ્યસંબંધ જ ગુણ-ગુણીનો વિશિષ્ટ બુદ્ધિનિયામક માનવો વ્યાજબી છે.

अथ रसनेन्द्रियं निरूपयति–

रसग्राहकमिन्द्रियं रसनं, प्राप्यकारि । रसश्चाम्लमधुरतिक्तकषायकटुभेदेन पञ्चविधः ॥ १४ ॥

रसग्राहकमिति । रस्यत आस्वाद्यते इति रसः, तद्विषयकज्ञानसाधनमिन्द्रियं रसनमित्यर्थः, रसविषयकमतिज्ञानसाधनत्वे सतीन्द्रियत्वन्तु लक्षणम्, कृत्यं पूर्ववदूह्यम् । नेदमिन्द्रियं चक्षुर्वदप्राप्यकारि किन्तु जघन्यतोऽङ्गुलाडसंख्येयभाग प्रमितप्रदेशादागतमुत्कर्षेण नवयोजनादागतं वा स्वदेशमालिङ्गि तमात्मप्रदेशैरात्मीकृतं रसं गृह्णातीत्याशयेनाह प्राप्यकारीति । स्वदेशे विषयं स्पृष्टं ततो बद्धं प्राप्य रसनेन्द्रियं ज्ञानमुत्पादयति, श्रोत्रापेक्षयाऽस्यापटुत्वात् शब्दापेक्षया च रसस्य स्तोकत्वात् बादरत्वाच्चेति भावः । रसं विभजते रसश्चेति । अग्निदीपनकृदम्लः, पित्तादिप्रशमनो मधुरः, श्लेष्मादिदोषहन्ता तिक्तः, रक्तदोषाद्यपहर्ता कषायः, गलामयादिप्रशमनः कटुः । तथा च भिषक्शास्त्र – "अम्लोऽग्निदीप्तिकृत्स्निग्धस्शोफपित्तकफापहः । क्लेदनः पाचनो रुच्यो मूढवातानुम्लोमकः ॥ पित्तं वातं विषं हन्ति धातुवृद्धिकरो गुरुः । जीवनः क्लेशकृद्बालवृद्धक्षीणौजसां हितः ॥ श्लेष्माणमरुचिं पित्तं तृषं कुष्ठं विषं ज्वरम् । हन्यात्तिक्तो रसो बुद्धेः कर्ता मात्रोपसेवितः ॥ रक्तदोषं कफं पित्तं कषायो हन्ति सेवितः । रूक्षश्शीतो गुणग्राही रोचकश्च-स्वरूपतः ॥ कटुर्गलामयं शोफं हन्ति युक्त्योपसेवितः । दीपनः पाचको रुच्यो बृंहणोऽतिकफापहः" इति । लवणस्तु मधुरादिसंसर्गजत्वान्न पृतगुक्त इति ॥

રસનેન્દ્રિયનું નિરૂપણ

ભાવાર્થ – "રસની ગ્રાહક ઇન્દ્રિય 'રસન' કહેવાય છે. તે પ્રાપ્યકારી છે અને રસ ખાટો-મીઠો-તીખો-તૂરો અને કડવો, એવા ભેદથી પાંચ પ્રકારનો છે."

વિવેચન – ચખાય તે રસ. તે રસવિષયક જ્ઞાનસાધનભૂત ઇન્દ્રિય 'રસન' છે. રસવિષયક મતિજ્ઞાનનું સાધન હોયે છતે ઇન્દ્રિયત્વ, એ રસન ઇન્દ્રિયનું લક્ષણ છે. પદકૃત્ય પૂર્વની માફક વિચારવું. આ રસન ઇન્દ્રિય ચક્ષુની માફક અપ્રાપ્યકારી નથી, પરંતુ જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમિત પ્રદેશથી કે ઉત્કૃષ્ટથી નવ જોજનથી આવેલ પોતાના દેશમાં સંસ્પૃષ્ટ-સંનિકૃષ્ટ આત્મપ્રદેશોદ્વારા તે આત્મસાત્ કરેલ રસને ગ્રહણ કરે છે. અર્થાત્ પોતાના પ્રદેશમાં પહેલાં અડકેલ અને પછીથી બદ્ધ થયેલ રસનામક વિષયને પ્રાપ્ત કરીને રસનેન્દ્રિય જ્ઞાન ઉત્પન્ન કરે છે. શ્રોત્ર ઇન્દ્રિયની અપેક્ષાએ (મંદ શક્તિવાળા) અપટુ હોવાથી, શબ્દની અપેક્ષાએ રસ થોડો અને બાદર હોવાથી (સત્ત્વર અભાવક હોવાથી) રસન ઇન્દ્રિય સ્પૃષ્ટબદ્ધ રસનામક વિષયને ગ્રહણ કરે છે.

૦ રસનો વિભાગ કરે છે. ખાટો રસ જઠર અગ્નિને સતેજ કરનારો છે. મીઠો રસ પિત્ત આદિને શાન્ત કરનારો છે. તીખો રસ કફ વગેરેના દોષને હરનારો છે. તૂરો રસ લોહીના વિકારરૂપ દોષને દૂર કરનારોછે અને કડવો રસ ગળાના રોગ આદિને શમાવનારો છે. તથા ચ વૈદ્યશાસ્ત્ર કહે છે કે-"ખાટો રસ અગ્નિદીપ્તિ કરે છે. સ્નિગ્ધ રસ સોજા-પિત્ત-કફને હણનારો છે. ક્લેદન રસ પાચન-રુચિકર-મૂઢવાતને અનુકૂળ છે. (મધુર) ગુરુ રસ પિત્તને-વાતને-વિષને હણે છે, ધાતુવૃદ્ધિ કરે છે. જીવાડનારો રસ ક્લેશકારી, બાલવૃદ્ધ-ક્ષીણબલીઓને હિતકારી છે. તીખો રસ-કફને, અરૂચિ-પિત્ત-તરસ-કોઢ-વિષ-જ્વરને હણે છે. માત્રાથી સેવેલો રસ બુદ્ધિકારી છે. તૂરો રસ રક્તદોષને-કફ-પિત્તને સેવેલો હણે છે. લૂખો રસ ઠંડો-ગુણગ્રાહી-સ્વરૂપથી રોચક છે. કડવો રસ યુક્તિથી સેવેલો, ગળાના રોગને, સોજાને હણે છે. દીપન રસ પાચક-રુચિકર-વૃદ્ધિકારી અને અતિ કફને હણનારો છે." ઇતિ. ખારો રસ તો મધુર આદિના સંયોગથી જન્ય હોઈ જુદો કહેલો નથી.

ઘ્રાણં લક્ષયતિ–

गन्धज्ञानासाधारणकारणमिन्द्रियं घ्राणम्, प्राप्यकारि । गन्धोऽपि सुरभिदुरभिभेदेन द्विविधः ॥ १५ ॥

गन्धज्ञानेति । गन्ध्यत आघ्रायत इति गन्धस्तद्विषयकज्ञाने यदसाधारणं कारणमिन्द्रियं तद् घ्राणमित्यर्थः । संभिन्नस्रोतोलब्धिवारणायासाधारणेति, एवं सर्वत्रेदं वाच्यम् । नहि सा गन्धज्ञानमात्रेऽसाधारणं कारणं किन्तु एकाधिकविषयकज्ञान एवेति । लक्षणं कृत्यञ्च पूर्ववत् । इदमपि रसनवज्जघन्यतोऽङ्गुलासंख्येयभागप्रमितदेशादुत्कर्षेण नवयोजनादागतं स्वदेशं स्पृष्टं

१. ननु घ्राणस्य प्राप्यकारित्वं न युज्यते, स्वदेशाद्भिन्नदेशस्थस्यापि स्वविषयस्यैव गृह्णतोऽनुभवसिद्धत्वात् । कर्पूरकुंकुमकुसुमादीनां दूरस्थानामपि गन्धस्यानुभवादिति चेन्न, अन्यत आगत्य गन्धेन घ्राणेन्द्रियस्य स्पर्शनात् वायुना हि प्रेरितस्सक्रियः पुद्गलमयो गन्धो घ्राणेन्द्रियं स्पृशति, अन्यथा घ्राणेन्द्रियस्य तत्कृतानुग्रहोपघातौ न स्याताम्, दृश्यते च कर्पूरादिगन्धप्रवेशे इन्द्रियानुग्रहः, अशुच्यादिगन्धप्रवेशे पूतिरोगार्शोव्याधिरूपो घ्राणस्योपघात इति, एवं श्रोत्रेऽपि भाव्यम् ॥

बद्धञ्च गन्धं गृह्णातीत्याशयेनाह प्राप्यकारीति । गन्धं विभजते गन्धोऽपीति । सौमुख्यकृत्सुरभिर्वैमुख्यकृद्दुरभिरिति ॥

घ्राण ईन्द्रियनुं लक्षण

भावार्थ – "गंधज्ञानमां असाधारण कारणभूत ईन्द्रिय 'घ्राण' छे. ते प्राप्यकारी छे. गंध पण सुरभि-दुरभिना भेदथी बे प्रकारे छे."

विवेचन – सुंघाय ते गंध. ते गंधविषयक ज्ञानमां जे असाधारण कारण ईन्द्रिय, ते 'घ्राण' छे. संभिन्नस्रोतोलब्धिमां (बधी ईन्द्रियोना विषयोनुं ज्ञान, ते कोई पण ईन्द्रियद्वारा प्राप्त करी शके छे तेवी लब्धिमां) अतिव्याप्तिना वारण माटे 'असाधारण' एवुं पद मूकेल छे. आ प्रमाणे सघळा ईन्द्रियलक्षणोमां बोलवुं. ते लब्धि गंधज्ञान मात्रमां असाधारण कारण नथी, परंतु एक अधिक सर्व विषय विषयकज्ञानमां ज कारण छे, साधारण कारण छे. लक्षण अने पदकृत्य पूर्वनी माफक समजवुं. आ घ्राणेन्द्रिय पण रसननी माफक जघन्यथी अंगुलना असंख्यातमा भाग प्रमित देशथी के उत्कृष्टताथी नव जोजनथी आवेल स्वदेशमां स्पृष्ट (शंका-घ्राणेन्द्रियमां प्राप्यकारिपणुं युक्तियुक्त नथी, केम के-पोताना देशथी भिन्न देशमां रहेल पण पोताना विषयने ग्रहण करती घ्राणेन्द्रिय अनुभवसिद्ध छे. कपूर-केसर-पुष्प आदि दूरस्थ छतां, तेओनी पण गंधनो अनुभव थाय छे ज ने ? समाधान-अन्य स्थानथी आवीने गंध घ्राणेन्द्रियने स्पर्शे छे. खरेखर, पुष्प आदिमां रहेनार स्वभावथी के वायुथी प्रेरित गतिवाळा बनेला गंध आदि पुद्गलो के पुद्गलमय गंध आवीने घ्राणेन्द्रियने अडके छे. अन्यथा घ्राणेन्द्रियमां गंधकृत अनुग्रह उपघात न थाय. अने देखाय छे के-कपूर आदिना सुरभिगंधना प्रवेशमां ईन्द्रियानुग्रह अने अशुचि आदिना दुरभिगंधना प्रवेशमां पूतिरोग (खराब वास नाकमांथी आवे एवो एक रोग) हरसनो रोगरूप अर्शो व्याधिरूप घ्राणमां उपघात थाय छे. एवी रीते श्रोत्रमां पण समजवुं.) अने बद्धगंधने ग्रहण करे छे. गंधनो विभाग करे छे. सुमुखताने करनारी सुगंध 'सुरभि' छे, विमुखता करनारी दुर्गंध 'दुरभि' कहेवाय छे. सुगंधथी मुख मलकाय छे, दुर्गंधथी मुख करमाय छे.

स्पर्शनं लक्षयति–

स्पर्शग्राहकमिन्द्रियं त्वक्, प्राप्यप्रकाशकारिणी । शीतोष्णस्निग्धरूक्षमृदुकर्कश-गुरुलघुरूपेणाष्टविधस्स्पर्शः ॥ १६ ॥

स्पर्शग्राहकमिति । लक्षणं कृत्यमूह्यम् । अस्येन्द्रियस्य निर्वृत्तेर्न बाह्याभ्यन्तरभेदो वर्त्तते । त्वगिन्द्रियमपि रसनादिवत्तावत्प्रमाणादागतं विषयं प्राप्य ज्ञानमुत्पादयतीत्याह प्राप्येति। स्पर्शं विभजते शीतेति ॥

સ્પર્શન ઇન્દ્રિયનું લક્ષણ

ભાવાર્થ – "સ્પર્શગ્રાહક ઇન્દ્રિય ત્વક્ છે, પ્રાપ્યપ્રકાશકારિણી છે, શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ-મૃદુ-કર્કશ-ગુરૂ અને લઘુરૂપથી આઠ પ્રકારનો સ્પર્શ છે."

વિવેચન – લક્ષણ અને પદકૃત્ય પૂર્વની જેમ વિચારવું. આ સ્પર્શન ઇન્દ્રિયની નિર્વૃત્તિ ઇન્દ્રિયમાં બાહ્ય-અભ્યંતરનો ભેદ નથી. સ્પર્શન ઇન્દ્રિય પણ રસન આદિની માફક તેટલા પ્રમાણથી આવેલ સ્પર્શવિષયને પ્રાપ્ત કરી જ્ઞાન ઉત્પન્ન કરે છે. સ્પર્શનો વિભાગ કરે છે શીત આદિ.

अथ श्रोत्रं लक्षयति–

शब्दग्राहकमिन्द्रियं श्रोत्रम्, प्राप्यकारि । सचित्ताचित्तमिश्रभेदात्त्रिविधश्शब्दः ॥१७॥

शब्देति । वाग्योगप्रयत्ननिसृष्टोऽनन्तानन्तप्रादेशिकपुद्गलस्कन्धप्रतिविशिष्टपरिणामः पुद्गल-द्रव्यसंघातविशेषजन्मा वा गर्जितादिरशब्दोऽवसेयस्तद्विषयकज्ञानजनकमिन्द्रियं श्रोत्रमित्यर्थः लक्षणं कृत्यं प्राग्वदूह्यम् । शब्दद्रव्याणि घ्राणेन्द्रियादिविषयभूतेभ्यो द्रव्येभ्यस्सूक्ष्माणि, बहूनि तथा तत्क्षेत्रभाविशब्दयोग्यद्रव्यवासकानि च ततस्सूक्ष्मत्वादतिप्रभूतत्वात्तदाऽन्यद्रव्यवा-सकत्वाच्च आत्मप्रदेशैस्पृष्टमात्राण्यपि निर्वृत्तीन्द्रियमध्ये प्रविश्य झटित्युपकरणेन्द्रियमभि-व्यञ्जयन्ति । श्रोत्रेन्द्रियञ्च घ्राणेन्द्रियाद्यपेक्षया स्वविषयपरिच्छेदे पटुतरं, ततस्स्पृष्टमात्राण्यपि तानि श्रोत्रेन्द्रियमुपलभन्ते नास्पृष्टानि श्रोत्रेन्द्रियस्य प्राप्तविषयपरिच्छेदस्वभावत्वादित्याशयेनाह प्राप्यकारीति, स्पृष्टार्थग्राहीत्यर्थः । जघन्येनाङ्गुलासंख्येयभागादागतं प्रकर्षेण द्वादशयोजनादागतं स्पृष्टं शब्दं गृह्णाति, नातः परत आगतं तस्य स्वभावतो मन्दपरिणामत्वात्, श्रोत्रेन्द्रियस्यापि तथाविधमद्भुततरं बलं न विद्यते येन परतोऽप्यागतान् शब्दान् श्रृणुयादिति भावः । ननु[१] श्रोत्रस्य प्राप्तार्थग्राहित्वं न युज्यते, स्वदेशाद्भिन्नदेशस्थस्यापि शब्दस्य ग्रहणानुभवात्, नहि कश्चिच्छब्दः श्रोत्रेन्द्रिये प्रविशन्नुपलभ्यते, नवा श्रोत्रेन्द्रियं शब्ददेशे गच्छत्, समीक्ष्यते, दूरे एष कस्यापि शब्दः श्रूयते इति जनोक्तिरपि श्रूयते इति चेन्मैवम्, श्रोत्रं हि शब्दः प्राप्नोति न तु शब्दं श्रोत्रमबाह्यकरणत्वादात्मनः । ते च शब्दा गत्यादिक्रियावन्तः पुद्गलमयाः, वायुनोह्यमानत्वात्ते क्रियावन्तो धूम इव, विशेषेण द्वारानुविधानात्तोयवत्, पर्वतनितम्बादिषु

---

१. ननु शब्दपरमाणव उत्पत्तिदेशादारभ्य सर्वतो जलतरङ्गन्यायेन प्रसरमभिगृह्णानाः श्रोत्रेन्द्रियदेशं प्राप्नुवन्ति प्राप्तांश्च तान् श्रोत्रेन्द्रियं गृह्णाति नाप्राप्तानिति यद्युच्यते तर्हि शब्दे दूरासन्नादिभेदप्रतीतिर्न स्यात् प्राप्तो हि विषयः परिच्छिद्यमानस्सर्वोऽपि सन्निहित एव, प्रतीयते च दूरे शब्दोऽन्तिके शब्द इति तत्र दूरासन्नादिभेद इत्याशङ्कयामाह श्रोत्रेण सन्निकृष्टस्यापीति ।

प्रतिघाताद्वायुवदिति, श्रोत्रमप्यागतं शब्दं गृह्णाति, उपघातानुग्रहोपलब्धेः, भेर्यादिमहाशब्दप्रवेशे हि श्रोत्रस्य बाधिर्यरूप उपघातो दृश्यते, कोमलशब्दप्रवेशेत्वनुग्रहः, श्रोत्रेण सन्निकृष्टस्यापि शब्दस्य ग्रहणे तत्र दूरादिव्यवहारस्य दूरादिदेशादागतत्वेनोपपद्यमानत्वं, दृश्यते हि गन्धस्य घ्राणेन्द्रियेण सन्निकृष्टस्यापि ग्रहणे दूरादिदेशादागतत्वेन दूरे बकुलपरिमल इत्यादिव्यवहारः । अव्यवहितदेशोत्पन्ने शब्दे देशश्चाक्षुषप्रत्यक्षेण लक्ष्यते व्यवहितदेशसमुद्भवे च तस्मिन् देशप्रतिपत्तिरानुमानिकीति । अत्रेदम्बोध्यं सर्वस्तोकप्रदेशावगाढं चक्षुरिन्द्रियम् ततः श्रोत्रेन्द्रियमवगाहनार्थतया संख्येयगुणं अतिप्रभूतेषु प्रदेशेषु तस्यावगाहनभावात् । ततोऽपि घ्राणेन्द्रियमवगाहनार्थतया संख्येयगुणमतिप्रभूतेषु प्रदेशेषु तस्यावगाहनोपपत्तेः । ततोऽपि रसनेन्द्रियं संख्येयगुणं ततोऽपि स्पर्शनेन्द्रियमवगाहनार्थतयाऽसंख्येयगुणम् । एवमेव प्रदेशार्थतयापि । सर्वाणीन्द्रियाणि च वर्त्तमानार्थग्राहीणीति ॥ अथ शब्दभेदानाह सचित्तेति, जीवेन मुखद्वारा भाष्यमाणो यशब्दस्स सचित्तः, परस्परं पाषाणद्वयपरिस्फालनप्रभवोऽचित्तः, आत्मप्रयत्नतो वाद्यमानेषु वादित्रादिषु समुन्मिषन् शब्दो मिश्रः ॥

श्रोत्र ईन्द्रियनुं लक्षण

भावार्थ – "शब्दग्राहक ईन्द्रिय श्रोत्र छे, प्राप्यकारी छे. सचित्त, अचित्त अने मिश्रना भेदथी त्रण प्रकारनो शब्द छे."

विवेचन – वचनयोगना प्रयत्नथी नीकळेलो अनंतानंत प्रदेशवाळा पुद्गलस्कंधोना विशिष्ट परिणामवाळो अथवा पुद्गलद्रव्यना विशिष्ट समुदायजन्य गर्जित आदि शब्द जाणवो. ते शब्दविषयक ज्ञानजनक ईन्द्रिय श्रोत्र छे. लक्षण अने पदकृत्य पूर्वनी माफक विचारवुं.

० शब्दद्रव्यो (समुदाय) घ्राणेन्द्रिय आदि विषयभूत गंधादि द्रव्यो करतां बहु छे, सूक्ष्म छे; तेमज ते क्षेत्रमां थनार शब्द-आसन्नशब्द योग्य द्रव्यवासक (सत्त्वर वासनाकारक) छे. तेथी सूक्ष्म होवाथी, अत्यंत बहु होवाथी, पोताना क्षेत्रमां नजीकमां थनार अन्य शब्दद्रव्योने सत्त्वर वासित करवाना स्वभाववाळा होई, आत्माना प्रदेशोनी साथे मात्र स्पर्श करनार शब्दद्रव्यो पण निर्वृत्ति ईन्द्रियनी अंदर पेसी, जल्दी उपकरणेन्द्रियने स्पर्श करीने शब्दद्रव्यविषयक अभिव्यक्ति पेदा करे छे. वळी श्रोत्रेन्द्रिय, घ्राणेन्द्रिय आदिनी अपेक्षाओ स्वविषयना परिच्छेदमां अमंद शक्तिशाळी पटुतर छे, तेथी ज स्पृष्ट मात्र पण शब्दद्रव्योने ग्रहण करे छे-जाणे छे, अस्पृष्टने नहीं. श्रोत्रेन्द्रिय स्पृष्ट मात्र शब्दग्राहक छे, केम के-प्राप्तविषयना परिच्छेदनो स्वभाव छे. जघन्यथी अंगुलना असंख्यातमा भागथी आवेल अने उत्कृष्टथी बार जोजनथी आवेल स्पृष्ट शब्दने ग्रहण करे छे. तेर आदि जोजनथी आवेल शब्द ग्रहण थतो नथी, केम के-शब्द स्वभावथी मंदपरिणामी होय छे. वळी श्रोत्रेन्द्रियमां पण तथाविध स्वभावथी अद्भूततर बळ नथी, के जेथी तेर जोजनथी आवेल शब्दोने सांभळी शके.

शंका – શ્રોત્રેન્દ્રિયમાં પ્રાપ્ત અર્થનું ગ્રાહિપણું વ્યાજબી નથી, કેમ કે-સ્વદેશથી ભિન્ન દેશમાં રહેલ શબ્દગ્રહણનો અનુભવ છે. કોઈ શબ્દ શ્રોત્રેન્દ્રિયમાં પ્રવેશ કરતો અનુભવાતો નથી અથવા શ્રોત્રેન્દ્રિય શબ્દના દેશમાં જતી દેખાતી નથી. 'દૂરથી કોઈનો પણ શબ્દ સંભળાય છે'– આવી લોકોક્તિ સંભળાય છે ને ?

समाधान – ખરેખર, શબ્દ શ્રોત્રેન્દ્રિયને સ્પર્શે છે, પરંતુ શ્રોત્રેન્દ્રિય શબ્દદેશમાં જતી નથી, કેમ કે-આત્મામાં બાહ્યકરણપણું નથી. વળી તે શબ્દો ગતિ આદિ ક્રિયાવાળા-પુદ્ગલમય છે, કેમ કે-વાયુથી લઈ જવાતા હોઈ ધૂમની માફક ક્રિયાવાળા છે. જળની માફક વિશેષથી દ્વાર-છિદ્રમાં જનાર છે, વાયુની માફક પર્વતની મેખલા આદિમાં પ્રતિઘાત પામે છે ઇતિ.

શ્રોત્રેન્દ્રિય પણ આવેલા શબ્દને ગ્રહણ કરે છે, કેમ કે-ઉપઘાત-અનુગ્રહની ઉપલબ્ધિ છે. ખરેખર, ભેરી આદિ મહા શબ્દના પ્રવેશમાં શ્રોત્રમાં બધિરતારૂપ ઉપઘાત દેખાય છે, કોમલ શબ્દના પ્રવેશમાં તો અનુગ્રહ થાય છે. [જો શબ્દપરમાણુઓ ઉત્પત્તિદેશથી આરંભી ચારેય બાજુથી જલતરંગના ન્યાયથી વિસ્તારને પામતા શ્રોત્રેન્દ્રિયના દેશને પામે છે અને પ્રાપ્ત થયેલ તે શબ્દોને શ્રોત્રેન્દ્રિય ગ્રહણ કરે છે, અપ્રાપ્તોને નહીં-એમ કહેવાય છે, તો શબ્દમાં દૂર-આસન્ન આદિ ભેદની પ્રતીતિ ન થાય ! ખરેખર, પ્રાપ્તવિષય પરિચ્છેદાતો સઘળોય સન્નિહિત જ હોય છે. વળી દૂરથી (નો) શબ્દ-નજીકનો (થી) શબ્દ, એમ પ્રતીત થાય છે. તેથી ત્યાં દૂર-આસન્ન આદિ ભેદની ઉપપત્તિ કેવી રીતે ?] શ્રોત્રદ્વારા સન્નિકૃષ્ટ પણ શબ્દના ગ્રહણ થતાં, ત્યાં દૂર આદિ વ્યવહારની દૂર આદિ દેશથી આગમનરૂપે ઉપપત્તિ છે. ખરેખર, દેખાય છે કે-ઘ્રાણેન્દ્રિયદ્વારા સન્નિકૃષ્ટ પણ ગંધનું ગ્રહણ થયે છતે, દૂર આદિ દેશથી આવેલના કારણે 'દૂરમાં બકુલ પરિમલ' ઇત્યાદિ વ્યવહાર, અવ્યવહિત (નજીકના) દેશમાં ઉત્પન્ન શબ્દ હોયે છતે, દેશ ચાક્ષુષ પ્રત્યક્ષથી દેખાય છે. વ્યવહિત (દૂરના) દેશમાં ઉત્પન્ન શબ્દ હોયે છતે તેમાં દેશની પ્રતિપત્તિ (જ્ઞાન) અનુમાનગમ્ય છે. અહીં આ સમજવાનું છે કે-ચક્ષુ ઇન્દ્રિય, સર્વ કરતાં થોડા પ્રદેશના અવગાહથી અવગાઢ છે, તેના કરતાં શ્રોત્રેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ સંખ્યાતગુણા અવગાહવાળી છે, કેમ કે-અતિ ઘણા પ્રદેશોમાં તેનું અવગાહન છે. તેના કરતાં ઘ્રાણેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ સંખ્યાતગુણા અવગાહવાળી છે, કેમ કે-અતિ ઘણા પ્રદેશોમાં તેનું અવગાહન છે. તેના કરતાં રસનેન્દ્રિય (જીભ) અસંખ્યાતગુણા અવગાહવાળી છે. તેના કરતાં પણ સ્પર્શનેન્દ્રિય અસંખ્યાતગુણા અવગાહવાળી છે. આ પ્રમાણે પ્રદેશની અપેક્ષાએ સમજવાનું છે. અર્થાત્ સહુથી થોડા પ્રદેશવાળી નયન છે. તેના કરતાં સંખ્યાતગુણા પ્રદેશવાળી શ્રોત્ર છે. તેનાથી અસંખ્યાતગુણા પ્રદેશવાળી ઘ્રાણેન્દ્રિય છે. તેનાથી અસંખ્યાતગુણા પ્રદેશવાળી જીભ છે. તેના કરતાં અસંખ્યાત પ્રદેશવાળી સ્પર્શનેન્દ્રિય છે.

○ સઘળી ઇન્દ્રિયો વર્તમાનકાલીન વિષયને ગ્રહણ કરનારી છે. હવે શબ્દભેદોને કહે છે.

સચિત્ત-જીવનો મુખદ્વારા બોલાતો જે શબ્દ, તે 'સચિત્ત છે.'

અચિત્ત-અરસપરસ બે પત્થરોના અથડાવાથી થયેલો શબ્દ 'અચિત્ત છે.'

મિશ્ર-આત્માના પ્રયત્નથી વગાડાતાં વાર્જિંત્ર આદિમાંથી ઉઠતો શબ્દ 'મિશ્ર' છે.

अथ मनो लक्षयति–

मतिश्रुतविषयीभूतार्थज्ञानसाधनमनिन्द्रियं मनः, अप्राप्यप्रकाशकारि ॥ १८ ॥

मतीति । मतेश्श्रुतस्य वा विषयीभूतोऽर्थस्तद्विषयकज्ञानसाधनत्वे सत्यनिन्द्रियत्वं मनसो लक्षणमित्यर्थः । मतिश्रुतान्यतरज्ञानसाधनत्वे सत्यनिन्द्रियत्वमिति यावत् । औदारिकादित्वार्थपरिच्छेदकत्वलक्षणधर्मद्वयोपेतमिन्द्रियं भवति, ईषदूनमिन्द्रियमनिन्द्रियं मनस्तत्त्वं तस्यौदारिकादित्वधर्मलक्षणदेशनिषेधात् अर्थपरिछेदकत्वलक्षणेन्द्रियसादृश्याच्च । अर्थावग्रहात् परतो मतिज्ञानमेव श्रुतज्ञानं भवति तच्च न सर्वेषामिन्द्रियाणामर्थावग्रहात् परतः, किन्तु मनोऽर्थावग्रहात् परतो मतिः श्रुतीभवतीति श्रुतस्य मनोविषयत्वं बोध्यम् । शब्दादिष्विन्द्रियव्यापारानन्तरं मनो व्याप्रियते त्रिकालविषयञ्च । ननु मे मनोऽमुत्र गतमित्याद्यनुभवेन मनो देहान्निर्गत्य जाग्रति स्वप्ने वा ज्ञेयेन सम्बध्य ज्ञानमुत्पादयत्यत इदं किं प्राप्यकारीत्यत्राहाप्राप्यप्रकाशकारीति । ज्ञेयेन सह न संश्लिष्यति मनो विषयकृतानुग्रहोपघाताभावाच्चक्षुर्वदिति, ज्ञेयसंपर्केऽभ्युपगम्यमाने तोयचन्दनादिचिन्तनकाले शैत्यानुभवनेन स्पर्शनवदनुगृह्णेत, विषशस्त्रादिचिन्तनसमये च तद्वदेवोपहन्येत न चैवं, तस्मादप्राप्यकारि मन इति, तथा तस्य बहिर्निस्सरणमपि नोपपद्यते भावमनसश्चिन्ताज्ञानपरिणामरूपतया जीवादव्यतिरिक्तत्वेन देहमात्रव्यापित्वात्[१] । नहि ये देहमात्रव्यापिनस्तेषां बहिर्निस्सरणं युज्यते तद्गतरूपादिवत् । द्रव्यमनसश्च घटादिवदचेतनत्वेन गत्वापि विषयदेशमकिञ्चित्कारित्वात् । न च तस्य स्वयमचेतनत्वेऽपि प्रदीपवत् करणत्वात् विषयदेशं प्राप्याऽऽत्मनो ज्ञानं जनयतीति वाच्यम्, द्रव्यमनसोऽन्तःकरणत्वात्, तथा च प्रयोगो यदन्तःकरणं तेन शरीरस्थेनैव जीवो विषयं गृह्णाति यथा स्पर्शनेन, अन्तःकरणञ्च द्रव्यं मन इति, प्रदीपादिकन्तु बाह्यकरणमात्मन इति साधनविकलो दृष्टान्तः । न च मृतनष्टादिकं वस्तु चिन्तयतो मनस उपघातो ज्ञायते, इष्टसंगमविभवलाभादिकञ्च चिन्तयतोऽनुग्रह इति वाच्यम्, असिद्धेः मनस्त्वपरिणतानिष्टपुद्गलनिचयरूपं द्रव्यमनोऽनिष्टचिन्ताप्रवर्त्तनेन जीवस्य देहदौर्बल्याद्यापत्त्या, हन्निरुद्धवायुवदुपघातं जनयति, तदेव च शुभपुद्गलपिण्डरूपं तस्यानुकूलचिन्ताजनकत्वेन हर्षाद्यभिनिर्वृत्त्या भेषजवदनुग्रहं विधत्ते, अतो जीवस्यैवैतौ अनुग्रहोपघातौ द्रव्यमनः करोति, नतु मन्यमानमेवादिकं ज्ञेयं मनसः किमप्युपकल्पयतीति । न च चिन्तैव कार्श्याद्युपघातादिजनिका न

१. तथा चात्र प्रयोगः भावमनः जीवरूपं न देहाब्दहिर्निस्सरति देहमात्रव्यापित्वात् ये देहमात्रवृत्तयो न तेषां बहिर्निस्सरणमुपपद्यते यथा तद्गतरूपादीनां, देहमात्रव्यापि च जीवरूपं भावमन इति ॥

द्रव्यमन इति वाच्यम्, तस्या अपि द्रव्यमनोजन्यत्वात् अन्यथा चिन्ताया ज्ञानरूपत्वेनामूर्त्ततया गगनादिवदुपघाताद्यहेतुत्वापत्तेः । तस्मात्प्राप्यकारीदं न भवतीति भावः ॥

मननुं लक्षण

ભાવાર્થ– "મતિ કે શ્રુતના વિષયભૂત અર્થના જ્ઞાનનું સાધન અનિન્દ્રિય મન છે, અપ્રાપ્ય પ્રકાશકારી છે."

વિવેચન – મતિના કે શ્રુતના વિષયભૂત અર્થના વિષયવાળા જ્ઞાનનું સાધનપણું હોયે છતે અનિન્દ્રિયપણું મનનું લક્ષણ કહેવાય છે અર્થાત્ મતિ કે શ્રુતજ્ઞાનનું સાધનપણું હોઈ અનિન્દ્રિયપણું એમ લક્ષણ છે. ઔદારિક આદિપણું અને અર્થનું પરિચ્છેદકપણું-એવા બે ધર્મોથી યુક્ત ઇન્દ્રિય હોય છે.

ઇન્દ્રિય કાર્યને નહીં કરવાની અપેક્ષાએ અપુત્રની માફક ઔદારિક આદિત્વરૂપ ધર્મથી હીનની અપેક્ષાએ કાંઈક ન્યૂન ઇન્દ્રિય મન 'અનિન્દ્રિય' કહેવાય છે. તેનો ભાવ અનિન્દ્રિયપણું (મનપણું) કહેવાય છે, કેમ કે-તે મનમાં ઔદારિક આદિત્વ ધર્મરૂપ દેશનો નિષેધ છે અને અર્થપરિચ્છેદકપણારૂપ ઇન્દ્રિયધર્મની સમાનતા છે. અહીં અર્થપરિચ્છેદરૂપ ભાવશ્રુત મનનો વિષય છે, કેમ કે-મનના અર્થાવગ્રહના સમય પછી મતિજ્ઞાન જ શ્રુતજ્ઞાન થાય છે. વળી તે શ્રુતજ્ઞાન સર્વ ઇન્દ્રિયોને અર્થાવગ્રહ પછી થતું નથી, પરંતુ મનમાં મનના અર્થાવગ્રહ પછી મતિજ્ઞાન શ્રુતજ્ઞાન થાય છે, માટે મનનો વિષય શ્રુત છે એમ સમજવું.

○ જે સમયમાં શબ્દ આદિ વિષયોમાં ઇન્દ્રિયોના વ્યાપાર થાય છે, તે સમયમાં મનનો વ્યાપાર થાય છે (ઇન્દ્રિયોની સાથે મન જોડાય છે) અને ત્રણ કાળના વિષયવાળું મન છે.

શંકા – 'મારું મન મેરૂ આદિ અમુક પ્રદેશમાં ગયું'–આવા અનુભવથી જાગતાનું કે સૂતેલાનું મન, દેહમાંથી નીકળી જ્ઞેયની સાથે સંબંધ કરી જ્ઞાનને પેદા કરે છે. તો શું આ મન પ્રાપ્યકારી છે ?

સમાધાન – મન અપ્રાપ્યકારી છે. મન જ્ઞેયની સાથે સંયોગ કરનારું નથી, કેમ કે- ચક્ષુની માફક વિષયકૃત અનુગ્રહ કે ઉપઘાતનો મનમાં અભાવ છે. (સૂતેલાને પોતાના સ્વપ્નાના અનુભવની દશામાં પ્રતીતિ થાય કે-હું હમણાં મેરૂશિખર ઉપર અનુપમ કુસુમની પરિમલનો અનુભવ કરતો છું. પરંતુ તેનું શરીર શયનદેશમાં રહેલું જ-એમ નિકટવર્તી સર્વ પ્રમાતાઓથી અનુભવાય છે, એમ અવશ્ય માનવું જ રહ્યું. જો કે-તેનું શરીર શયનદેશમાં રહેલું જ છે, પરંતુ મેરૂશિખર ઉપર ગયેલું છે એવી પ્રતીતિ થાય છે. તે જ્ઞાન જેમ ભ્રમરૂપ છે, તેમ મન પણ શરીરમાં છે, પરંતુ મેરૂ આદિ ઉપર ગયેલું છે, એવી પ્રતીતિ ભ્રમરૂપ હોઈ અસત્ જ છે, માટે મનની મેરૂ આદિ દેશગમનની સિદ્ધિ નથી.) જો મનની સાથે જ્ઞેયનો સંયોગસંબંધ સ્વીકારવામાં આવે, તો પાણી-ચંદન આદિમાંના ચિંતનકાળમાં સ્પર્શન ઇન્દ્રિયની માફક શીતતાના અનુભવરૂપ અનુગ્રહ થવો જોઈએ ! શસ્ત્ર આદિના ચિંતનકાળમાં તેની માફક ઉપઘાત થવો જોઈએ ! આ પ્રમાણે કદી બનતું નથી, માટે મન અપ્રાપ્યકારી છે. તેમજ તે મનનું શરીરમાંથી બહાર નીકળવું પણ ઘટતું નથી, કેમ કે-ભાવમન ચિંતાજ્ઞાનપરિણામરૂપ હોઈ, આત્માથી અભિન્ન હોઈ શરીર માત્ર વ્યાપક મન છે. [તથાચ અહીં અનુમાનપ્રયોગ છે કે-જીવરૂપ ભાવમન શરીરમાંથી બહાર નીકળતું નથી, કેમ કે-દેહ માત્રમાં વ્યાપી છે. જે દેહ માત્રમાં રહેનાર હોય, તેનું બહાર નીકળવું અસંભવિત છે. જેમ કે-શરીરગત રૂપ આદિ. વળી દેહ

માત્રમાં વ્યાપક જીવરૂપ ભાવમન છે.] જેઓ આ દેહ માત્રમાં વ્યાપક છે એમ માને છે, તેઓનું બહાર નીકળવું વ્યાજબી નથી. જેમ કે-દેહ માત્ર વ્યાપીરૂપ આદિ. વળી દ્રવ્યમન ઘટ આદિની માફક અચેતન હોઈ વિષયદેશમાં જવા છતાંય કાંઈ કરી શકતું નથી.

શંકા – તે દ્રવ્યમન સ્વયં અચેતન છતાં પ્રદીપની માફક કરણ હોઈ, વિષયના દેશને પામી આત્મામાં જ્ઞાન પેદા કરે છે ને ?

સમાધાન – દ્રવ્યમન અંતઃકરણ છે. તથાચ પ્રયોગ. જે અંતઃકરણ છે, તે શરીરસ્થ જ અંતઃકરણદ્વારા જીવ વિષયને ગ્રહણ કરે છે. જેમ કે-શરીરસ્થ સ્પર્શન ઇન્દ્રિયદ્વારા જીવ વિષયગ્રાહી બને છે. વળી દ્રવ્યમન અંતઃકરણ કહેવાય છે. પ્રદીપ વગેરે તો આત્માને જ્ઞાન માટે બાહ્યકરણ છે, માટે સાધન વિકલ દૃષ્ટાન્ત છે. (શબ્દ નિત્ય છે, કેમ કે-અમૂર્ત છે. જેમ કે-પરમાણુ. અહીં પરમાણુરૂપ દૃષ્ટાન્તમાં જેમ અમૂર્તત્વરૂપ ધર્મસાધનાની વિકલતા-શૂન્યતા છે, તેમ પ્રદીપરૂપ દૃષ્ટાન્તમાં અંતઃકરણત્વરૂપ સાધનકરણની શૂન્યતા છે.)

શંકા – મૃત (મરી ગયેલી), નષ્ટ (નાશ પામેલી), એવી વસ્તુનું ચિંતન કરનાર મનમાં ઉપઘાત જણાય છે અને ઇષ્ટ(પ્રિય)ના સંગમનું-વૈભવની પ્રાપ્તિ આદિનું ચિંતન કરનાર મનમાં અનુગ્રહ જણાય છે, માટે મન અપ્રાપ્યકારી કેવી રીતે ?

સમાધાન – મન, મૃત-નષ્ટ આદિ વસ્તુચિંતન, નિમિત્તજન્ય, ઉપઘાતવાળું છે, કેમ કે-મૃતાદિ ચિંતન પછી દુર્બળતા-છાતીમાં આઘાત વગેરે દેખાય છે. અને મન, ઇષ્ટ સંગમ-વૈભવ-લાભ આદિ ચિંતનજન્ય અનુગ્રહવાળું છે, કેમ કે-ઇષ્ટ સંગમ આદિના ચિંતન પછી મુખની પ્રસન્નતા-રોમાંચના ઉદ્ગમ આદિ દેખાય છે. મનમાં આ અનુગ્રહ અને ઉપઘાતની અસિદ્ધિ-અભાવ છે, કેમ કે-મનપણાએ પરિણત અશુભ પુદ્ગલસમુદાયરૂપ દ્રવ્યમન, અનિષ્ટ વસ્તુની ચિંતામાં પ્રવૃત્તિ કરાવવા દ્વારા, જીવમાં શરીરની નબળાઈ-છાતીમાં ઘર્ષણ આદિ પ્રાપ્તિવડે હૃન્નિરુદ્ધ વાયુ (હૃદયમાં કફ આદિ દોષોની પ્રબળતાથી રોકાયેલો, ઊંચે અને નીચે જવાને અસમર્થ બનેલો, તેમજ તે હૃદયમાં જ ગોળા આદિરૂપ પરિણામથી રહેલો, જે ઉદાન, હૃદય અને મસ્તકની વચ્ચેનો પવન આદિ વાયુ છે, તે વાયુ)ની માફક ઉપઘાતને પેદા કરે છે. અને તે જ શુભ પુદ્ગલપિંડરૂપ દ્રવ્યમન, તે જીવમાં ઇષ્ટ વસ્તુ સંબંધી અનુકૂળ ચિંતામાં પ્રવૃત્તિ કરાવી, મુખની પ્રસન્નતારૂપ હર્ષ-રોમાંચ ખડા થવા વગેરેના સર્જનદ્વારા, વાયુના ઉપશામક ઔષધિવિશેષ ભેષજની માફક અનુગ્રહ કરે છે. અર્થાત્ દ્રવ્યમનનું આલંબન લઈ શુભ-અશુભ ચિંતનનો જીવ ઉપર અનુગ્રહ ઉપઘાત કરે છે. જીવમાં જ આ અનુગ્રહ ઉપઘાતને દ્રવ્યમન કરે છે, પરંતુ ચિંતનવિષયભૂત મેરૂ આદિ જ્ઞેયપદાર્થ મનમાં કાંઈ પણ કરી શકતા નથી. ઇતિ.

શંકા – ચિંતા જ દુર્બળતા આદિરૂપ ઉપઘાતજનક છે. દ્રવ્યમન ઉપઘાત આદિ જનક કેવી રીતે ?

સમાધાન – તે ચિંતા પણ દ્રવ્યમનથી જન્ય છે. જો દ્રવ્યમનને ઉપઘાત આદિ જનક ન માનવામાં આવે તો અને ચિંતાને ઉપઘાત આદિ જનક માનવામાં આવે તો, ચિંતન તો જ્ઞાનરૂપ હોઈ અમૂર્ત હોવાથી આકાશ આદિની માફક ઉપઘાત આદિમાં નિષ્કારણતાની આપત્તિ આવે ! ઉપઘાત આદિ હેતુજન્ય ન બની શકે ! તેથી આ મન પ્રાપ્યકારી નથી પરંતુ અપ્રાપ્યકારી જ છે.

अस्यापि विभागं दर्शयति–

इदमपि द्रव्यभावभेदेन द्विविधम् । मनस्त्वेन परिणतमात्मप्रदेशव्यापि पौद्गलिकं द्रव्यमनः । तदावरणक्षयोपशमजन्योऽर्थग्रहणोन्मुख आत्मव्यापारविशेषो भावमनः ।१९।

इदमपीति, चक्षुरादिवन्मनोऽपीत्यर्थः । द्रव्यमनसः स्वरूपमाह मनस्त्वेनेति, मनन-योग्यैर्मनोवर्गणाभ्यो गृहीतैरनन्तैः पुद्गलैर्निर्वृत्तमित्यर्थः । आत्मप्रदेशव्यापीति, स्वस्वकाय-परिमितमित्यर्थः, न त्वणुरूपं युगपज्ज्ञानानां युगपदुपयोगाभावादेवानुत्पत्तेरिति भावः । आहङ्कारिकत्वनित्यत्ववारणायाह पौद्गलिकमिति पुद्गलसमूहात्मकमित्यर्थः । भावमन आहतदावरणेति मनोजन्यज्ञानावरणेत्यर्थः । अर्थग्रहणओन्मुख इति, तत्तदर्थपरिच्छेदोन्मुख इत्यर्थः, आत्मव्यापारविशेष इति, चित्तचेतनायोगाध्यवसानस्वान्तमनस्कारादिशब्दवाच्य आत्मनः परिणामविशेष इत्यर्थ इदमपि ज्ञानरूपं भावमनस्स्वदेहपरिमाणमेव ॥

મનના વિભાગને દર્શાવે છે.

ભાવાર્થ – "મન પણ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. મનપણાએ પરિણત આત્મપ્રદેશવ્યાપક પૌદ્ગલિક 'દ્રવ્યમન' કહેવાય છે. તે મનોજન્યજ્ઞાન આવરણના ક્ષયોપશમથી જન્ય, અર્થગ્રહણ પ્રત્યે ઉન્મુખ અને આત્મવ્યાપારવિશેષ 'ભાવમન' કહેવાય છે."

વિવેચન – દ્રવ્યમનના સ્વરૂપને કહે છે. મનઃપર્યાપ્તિનામક નામકર્મના ઉદયથી મનનયોગ્ય, મનોવર્ગણામાંથી ગ્રહણ કરેલ અનંત પુદ્ગલોથી (પુદ્ગલ દલિકોથી) બનેલ મનપણાએ પરિણમેલ દ્રવ્યમન છે.

૦ પોતપોતાના કાયના પરિમાણવાળું દ્રવ્યમન છે. પરંતુ અણુ જેટલું દ્રવ્યમન નથી, કેમ કે-એકીસાથે અનેક જ્ઞાનોની તાદૃશ ક્ષયોપશમ સહકૃત ઉપયોગનો અભાવ હોવાથી જ એક કાળમાં ઉત્પત્તિ નથી. [1]અહંકારજન્યત્વ અને [2]નિત્યત્વના વારણ માટે કહે છે કે - પુદ્ગલસમુદાય આત્મક દ્રવ્યમન છે. (અનંત પુદ્ગલસ્કંધ મનોદ્રવ્યપ્રાયોગ્ય ઉપચિત મૂર્તિ હોઈ પૌદ્ગલિક મન, મનપર્યાપ્તિવાળા પંચેન્દ્રિયોને હોય છે. છદ્મસ્થોને શ્રુતજ્ઞાન આવરણ ક્ષયોપશમ પેદા કરવા માટે કરણ છે. તે કરણના આલંબનથી જન્ય, ગુણ-દોષવિચાર આત્મક, સંપ્રધારણ સંજ્ઞાજ્ઞાન ધારણાજ્ઞાન, તે ભાવમન છે.)

હવે ભાવમનને કહે છે. મનોજન્ય-મતિજ્ઞાન-આવરણ ક્ષયોપશમજન્ય, તે તે અર્થપરિચ્છેદ પ્રત્યે ઉન્મુખ, 'આત્મવ્યાપાર વિશેષ ઇતિ ।' ચિત્ત-ચેતનાયોગ, અધ્યવસાન, સ્વાન્ત, મનસ્કાર, પરિણામ, ભાવ, મન, ઉપયોગ આદિ પર્યાયવાચક શબ્દોથી વાચ્ય, આત્માનો પરિણામરૂપ વ્યાપારવિશેષ 'ભાવમન' કહેવાય છે.

આ જ્ઞાનરૂપ ભાવમન સ્વકાયાના પરિમાણ જેવું જ છે.

---

(૧) અભિમાન આત્મક અહંકારથી પાંચ બુદ્ધિ ઇન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને અગિયારમું મન ઉત્પન્ન થાય છે. આમ સાંખ્યોનો મત છે. (૨) સુખ આદિના સાક્ષાત્કારમાં કરણ મન છે અને ચાક્ષુષ, રસન આદિ જ્ઞાનોની એક કાળમાં ઉત્પત્તિ નહીં હોવાથી, મનને પરમાણુ માનેલું હોવાથી નિત્ય છે. ઇતિ નૈયાયિક મતમ્.

एवं सांव्यवहारिकप्रत्यक्षलक्षणं सविस्तरं विचार्य सम्प्रति तद्विभजते–

सांव्यवहारिकञ्चावग्रहेहापायधारणाभेदेन चतुर्विधम् ॥ २० ॥

सांव्यवहारिकञ्चेति । तत्तदिन्द्रियनिमित्तं चतुर्विधं यथा चक्षुरवग्रहश्चक्षुरीहा चक्षुरपायश्चक्षुर्धारणा, रसनावग्रहो रसनेहा रसनापायो रसनाधारणेत्येवं सर्वेन्द्रियमादाय मनोऽप्यादाय चातुर्विध्यं सांव्यवहारिकप्रत्यक्षस्य[१] भाव्यम् ॥

આ પ્રમાણે સાંવ્યવહારિક પ્રત્યક્ષનું વિસ્તારપૂર્વક
લક્ષણ વિચારીને હવે તેનો વિભાગ કરે છે.

ભાવાર્થ – "સાંવ્યવહારિક પ્રત્યક્ષ, અવગ્રહ-ઈહા-અપાય-ધારણાના ભેદથી ચાર પ્રકારનું છે."

વિવેચન – સાંવ્યવહારિક પ્રત્યક્ષ તે તે ઇન્દ્રિયના નિમિત્તથી ચાર પ્રકારનું છે. જેમ કે-ચક્ષુ અવગ્રહ-ચક્ષુ ઈહા-ચક્ષુ અપાય-ચક્ષુ ધારણા, રસન અવગ્રહ-રસન ઈહા-રસન અપાય-રસન ધારણા, આ પ્રમાણે સર્વ ઇન્દ્રિયોનું ગ્રહણ કરી, મનનું પણ ગ્રહણ કરી, સાંવ્યવહારિક પ્રત્યક્ષના ચાર પ્રકારો વિચારવા. [શ્રુતનિશ્રિત-અશ્રુતનિશ્રિત ભેદવાળા, ઇન્દ્રિય-મનરૂપી નિમિત્તજન્ય મતિજ્ઞાનના આ ભેદો છે. જો કે શ્રુતનિશ્રિતના અવગ્રહાદિ ચાર પ્રકારો છે. અશ્રુતનિશ્રિતના ઔત્પાતિકી બુદ્ધિ આદિ ભેદો થાય છે, તો પણ ઔત્પાતિકી બુદ્ધિ આદિમાં પણ અવગ્રહ આદિ છે જ. પરંતુ શ્રુતનિશ્રિત અવગ્રહ આદિ વ્યવહારકાળમાં શ્રુતની અપેક્ષા વગર પ્રવર્તે છે. પહેલાં શ્રુતદ્વારા સંસ્કારિત મતિવાળો હોવો જોઈએ. ઔત્પાતિકી આદિમાં તો ઈહાદિનું કથન શ્રુતના અનુસરણ વગર થાય છે, કેમ કે-તથાવિધ કર્મનો ક્ષયોપશમ છે.]

अथावग्रहलक्षणमाख्याति–

विषयेन्द्रियमनोऽभिसम्बन्धजन्यदर्शनजनितं सत्तावान्तरसामान्यवद्वस्तुविषयकं ज्ञानमवग्रहः । यथाऽयं मनुष्य इत्याति ॥ २१ ॥

विषयेन्द्रियेति । द्रव्यपर्यायस्वरूपोऽर्थो विषयः, इन्द्रियं चक्षुरादि मनः प्रसिद्धं, तेषामभितः, पूर्णतया भ्रान्ताद्यनिमित्तकत्वेन यस्सम्बन्धो योग्यस्थानावस्थितिरूपस्तेन जन्यं यद्दर्शनं सन्मात्रविषयकनिर्विशेषकबोधस्तेन जनितं यत्सत्तावान्तरसामान्यवद्वस्तुविषयकं ज्ञानं सत्त्वव्याप्यमनुष्यत्वादिप्रकारकेदन्त्वाद्यवच्छिन्नविशेष्यकज्ञानं तदवग्रहपदवाच्यमित्यर्थः ।

---

१. इन्द्रियमनोनिमित्तकमतिज्ञानस्य श्रुतनिश्रिताश्रुतनिश्रितभेदभिन्नस्य भेदा इमे, यद्यपि श्रुतनिश्रितस्यावग्रहादयश्चतुर्विधाः, अश्रुतनिश्रितस्यौत्पत्तिक्यादयो भेदा भवन्ति तथापि औत्पत्तिक्यादिष्वप्यवग्रहादयो विद्यन्त एव । परन्तु श्रुतनिश्रितावग्रहादयो व्यवहारकाले श्रुतानपेक्षया प्रवर्त्तन्ते पूर्वं श्रुतपरिकर्मितमतिर्भवेत् औत्पत्तिक्यादिषु त्वीहाद्यभिलापः श्रुतानुसरणमन्तरेण भवति तथाविधकर्मक्षयोपशमादिति बोध्यम् ॥

निदर्शनमाह यथेति । अत्रावग्रहो यद्यपि व्यञ्जनार्थावग्रहभेदेन द्विविधः, तत्रान्तर्निर्वृत्तीन्द्रियाणां शब्दादिविषयपरिच्छेदहेतुश्शक्तिविशेष उपकरणेन्द्रियरूपः, शब्दादिरूपेण परिणतद्रव्यसमूहः, उपकरणेन्द्रियपरिणतशब्दादिद्रव्ययोस्सम्बन्धश्च व्यञ्जकत्वाद्व्यज्यमानत्वाच्चोपलक्षणेन त्रितयमपि व्यञ्जनमुच्यते । व्यञ्जनेन सम्बधेनावग्रहणं व्यज्यमानस्य शब्दादिरूपार्थस्याव्यक्तरूपः परिच्छेदो व्यञ्जनावग्रहः अथवा व्यञ्जनानां शब्दादिरूपतया परिणतद्रव्याणामुपकरणेन्द्रियसम्प्राप्तानामवग्रहोऽव्यक्तपरिच्छेदो व्यञ्जनाऽवग्रहः, व्यञ्जनेनोपकरणेन्द्रियेण स्वसम्बद्धस्यार्थस्य शब्दादेरवग्रहणमव्यक्तपरिच्छेदो व्यञ्जनावग्रह इति, अयञ्च सम्बन्धानन्तरं प्रथमसमयादारभ्यार्थावग्रहात्प्राक् सुप्तमत्तमूर्च्छितादिपुरुषाणामिव शब्दादिद्रव्यसम्बन्धमात्रविषयोऽव्यक्तो ज्ञान[१] रूपोऽन्तर्मुहूर्त्तप्रमाणः । अव्यक्तत्वादेव च न संवेद्यते संवेदनाभावात्तस्याभावाङ्गीकारे तु द्वितीयादिसमयेऽपि तस्याभावप्रसक्त्या चरमसमयेऽर्थावग्रहो न स्यादेव, अर्थावग्रहस्तु स्वरूपनामजातिक्रियागुणद्रव्यकल्पनारहितस्सामान्यार्थग्रहणरूपः, तथा चोक्तदृष्टान्तेऽमनुष्यव्यावृत्तिरूपविशेषप्रतिभासनेऽपि नैश्चयिकव्यावहारिकरूपेणावग्रहस्य द्वैविध्यादत्र व्यावहारिकावग्रहो निदर्शितस्तदुत्तरमपीहादीनां प्रवृत्तेः । अन्यथा तेषां प्रवृत्तिर्न स्यादेवेति भावः ॥

અવગ્રહનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – "વિષય અને ઇન્દ્રિય-મનના અભિસંબંધથી જન્ય દર્શનથી પેદા થયેલ, સત્તાના અવાન્તર સામાન્યવાળી વસ્તુરૂપ વિષયવાળું જ્ઞાન, એ 'અવગ્રહ' છે. જેમ કે-'આ મનુષ્ય છે' ઇત્યાદિ."

વિવેચન – અહીં દ્રવ્યપર્યાયરૂપ અર્થ 'વિષય' છે. ચક્ષુ આદિ ઇન્દ્રિય, મન (વિષયગ્રાહક છે) જે પ્રસિદ્ધ છે. તેઓનો વિષય-વિષયીનો અભિસંબંધ, (અભિત-ભ્રાન્તિ આદિના અજનકપણાએ કરી, પૂર્ણતા-અનુકૂળતાથી જે સંબંધ) અર્થાત્ યોગ્ય દેશ આદિમાં અવસ્થિતિરૂપ સંબંધથી જન્ય, સત્તા માત્ર વિષયવાળા-વિશેષ વગરના બોધરૂપ જે દર્શન (નિરાકાર બોધ) છે તેના વડે પેદા થયેલું, પ્રાથમિક, જે સત્તા સામાન્યથી અવાન્તર સામાન્ય(મનુષ્યત્વ આદિ જાતિવિશેષો)વાળા વસ્તુના વિષયવાળું જ્ઞાન-સત્ત્વવ્યાપ્ય મનુષ્યત્વ આદિરૂપ પ્રકારવાળું ઇદંત્વ આદિ અવચ્છિન્ન-ઇદંપદ આદિરૂપ વિશેષ્યવાળું જ્ઞાન, તે અવગ્રહપદથી વાચ્ય છે. દૃષ્ટાન્તને કહે છે. 'યથેતિ ।' અહીં અવગ્રહ જો કે વ્યંજન અવગ્રહ-અર્થ અવગ્રહના ભેદથી બે પ્રકારનો છે. ત્યાં કદંબપુષ્પગોલક આદિરૂપ, અંતર્નિવૃત્તિ ઇન્દ્રિય રૂપ આશ્રયનિષ્ઠ શબ્દ આદિ વિષયના પરિચ્છેદમાં હેતુરૂપ વિશિષ્ટ શક્તિરૂપ ઉપકરણ ઇન્દ્રિય અર્થવ્યંજનકરણની અપેક્ષાએ વ્યંજન કહેવાય છે. શબ્દ આદિરૂપે

---

१. यस्य ज्ञानस्यान्ते तज्ज्ञेयवस्तूपादानात्तत एव ज्ञानमुपजायते तज्ज्ञानं द्रष्टुं, यथाऽर्थावग्रहपर्यन्ते तज्ज्ञेयवस्तूपादानात् ईहासद्भावादर्थावग्रहो ज्ञानम्, ज्ञायते च व्यञ्जनावग्रहस्य पर्यन्ते तज्ज्ञेयवस्तूपादानात्तत एवार्थावग्रहज्ञानं तस्माद्व्यञ्जनावग्रहो ज्ञानमिति, अव्यक्तत्वञ्च तस्यैकतेजोऽवयवप्रकाशवत् स्वसंवेदनेनाप्यव्यज्यमानत्वादिति भावः ॥

(આદિપદથી રસ-ગંધ-સ્પર્શ લેવાનાં છે, રૂપાદિ નહીં.) પરિણમેલ ભાષાવર્ગણા આદિરૂપ દ્રવ્યસમુદાય (વ્યંજનવિષયની અપેક્ષાએ આ વ્યંજન કહેવાય છે.) ઉપકરણભૂત ઇન્દ્રિય અને શબ્દ આદિ પરિણત દ્રવ્યનો સંબંધ (વ્યંજનની કારણતાની અપેક્ષાએ આ વ્યંજન કહેવાય છે. અર્થાત્ વ્યંજક-વ્યજ્યમાન-ઉપલક્ષણની અપેક્ષાએ ઇન્દ્રિય, અર્થ અને સંબંધ-એમ ત્રણ વ્યંજન શબ્દથી) વાચ્ય બને છે.

૦ ઇન્દ્રિયાર્થ સંબંધરૂપ વ્યંજનવડે વ્યજ્યમાન શબ્દ આદિરૂપ અર્થરૂપ વ્યંજનનો અવ્યક્તરૂપ જ્ઞાન-વ્યંજન વ્યંજનાવગ્રહ, (અહીં મધ્યમ પદલોપી સમાસ શાકપાર્થિવની માફક સમજવો.) એ જ 'વ્યંજનાવગ્રહ' કહેવાય છે.

૦ અથવા વ્યંજનોનો ઉપકરણરૂપ ઇન્દ્રિયમાં પ્રાપ્ત થયેલ શબ્દ આદિરૂપે પરિણત દ્રવ્યોનો અવગ્રહ-અવ્યક્ત જ્ઞાન, તે વ્યંજનાવગ્રહ. (અહીં ષષ્ઠી ત૦ સમાસ જાણવો.)

૦ ઉપકરણ ઇન્દ્રિયરૂપ કરણવડે ઉપકરણમાં સંબંધવાળા શબ્દ આદિરૂપ અર્થનો અવગ્રહ-અવ્યક્તજ્ઞાન, એ 'વ્યંજનાવગ્રહ' કહેવાય છે.

૦ વળી આ વ્યંજનાવગ્રહ ઇન્દ્રિયાર્થરૂપ ઉભયના સંબંધ થયા પછી પ્રથમ સમયથી માંડી, અર્થાવગ્રહના પહેલાં સૂતેલાં-મત્ત-મૂર્ચ્છિત આદિ પુરુષોની માફક શબ્દ આદિ દ્રવ્ય સંબંધ માત્ર વિષયવાળો જ્ઞાનરૂપ [જે જ્ઞાનના અંતે તેના જ્ઞેયવસ્તુના ઉપાદાનથી-તેનાથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે જ્ઞાન તરીકે જોયેલું છે. જેમ કે-અર્થાવગ્રહ પર્યંતે અર્થાવગ્રહના જ્ઞેયવસ્તુના ઉપાદાનથી અર્થાવગ્રહ પછી કે તેનાથી ઇહાજ્ઞાન પ્રગટ થાય છે, માટે અર્થાવગ્રહજ્ઞાન કહેવાય છે; તેમ વ્યંજનાવગ્રહના અંતે વ્યંજનાવગ્રહના જ્ઞેયવસ્તુના ઉપાદાનથી-વ્યંજનાવગ્રહથી જ અર્થાવગ્રહ થાય છે, માટે વ્યંજનાવગ્રહથી જ અર્થાવગ્રહ થાય છે અને તેથી વ્યંજનાવગ્રહજ્ઞાન કહેવાય છે. જેમ પ્રચુર તેજના અવયવો પ્રકાશસ્વભાવવાળા જો કે દેખાય છે જ, તો પણ એક તેજનો અવયવ અતિ સૂક્ષ્મ-પ્રકાશસ્વભાવવાળો પણ દેખાતો નથી, તેમ વ્યંજનાવગ્રહ જ્ઞાનસ્વભાવવાળો હોઈ પ્રકાશસ્વભાવી પણ અત્યંત અલ્પ છે, માટે અવ્યક્ત છે. સ્વવંવેદનરૂપ હોવા છતાં અતિ સૂક્ષ્મતાના કારણે વ્યક્તરૂપે ભાસ થતો નથી.] અન્તર્મુહૂર્ત્ત પ્રમાણવાળો છે.

વળી અવ્યક્ત હોવાથી જ સંવેદનવિષય થતો નથી. સંવેદનના અભાવથી વ્યંજનાવગ્રહના અભાવના સ્વીકારમાં તો બીજા આદિ સમયમાં પણ વ્યંજનાવગ્રહના અભાવના પ્રસંગથી ચરમ સમયમાં અર્થાવગ્રહ નહીં જ થાય. અર્થાવગ્રહ તો સ્વરૂપ-નામ-જાતિ-ક્રિયા-ગુણ-દ્રવ્યની કલ્પનારહિત સામાન્ય અર્થ(દ્રવ્યાર્થ)ના જ્ઞાનરૂપ પ્રસિદ્ધ જ છે.

૦ તથાચ જેમ કે-'આ મનુષ્ય.' આ કહેલ દૃષ્ટાન્તમાં મનુષ્યથી ઇતરની વ્યાવૃત્તિરૂપ વિશેષનો પ્રતિભાસ હોવા છતાંય, નૈશ્ચયિક અને વ્યવહારિકરૂપે અવગ્રહના બે પ્રકારો હોવાથી આ દૃષ્ટાન્તમાં વ્યાવહારિક અવગ્રહ દેખાડેલો છે; કેમ કે-વ્યવહારિક અવગ્રહ પછી ઇહા આદિની પ્રવૃત્તિ છે. અન્યથા તે ઇહા આદિની પ્રવૃત્તિ ન જ થાય એવો ભાવ છે.

नैश्चयिकावग्रहं विशेषमात्रानवगाहित्वेन दर्शनापरपर्यायं स्वरूपयति—

सत्तामात्रावगाहिज्ञानं दर्शनमालोचनम् । यथेदं किञ्चिदिति ॥ २२ ॥

सत्तामात्रेति । मात्रपदेन नामजात्यादिव्युदासो दर्शनस्य नामान्तरमाहालोचनमिति । एतस्य दृष्टान्तमाह यथेति । इतीति, एतादृशशब्दप्रयोगाभिव्यङ्ग्यश्शब्दप्रयोगरहितो ज्ञानविशेष इत्यर्थः । अन्यथा शब्दोल्लेखित्व आन्तर्मौहूर्त्तिकत्वापत्त्याऽर्थावग्रहस्यैकसामयिकत्वसिद्धान्त-व्याकोपस्स्यादिति भावः । इदञ्चोदाहरणं नैश्चयिकाव्यक्ताव्यावृत्तवस्तुसामान्यग्राहि । तत ईहिते सति मनुष्योऽयमिति निश्चयात्मकोऽपायो भवति । ततोऽपि मनुष्योऽयं पाश्चात्यः पौरस्त्यो वेति संशयोत्तरं पाश्चात्येन भवितव्यमितीहोदयात्तदपेक्षया मनुष्योऽयमिति ज्ञानस्य व्यावहारिकाव-ग्रहत्वं, एवमेव यावत्तारतम्येनोत्तरोत्तरविशेषाकाङ्क्षा समुदेति तावत्तत्तदपेक्षया पूर्वपूर्वस्य सामान्यविषयकतयाऽवग्रहरूपता, पूर्वपूर्वापेक्षया चोत्तरोत्तरनिश्चयानां विशेषविषयकत्वेना-पायरूपताऽवसेयेति ॥

વિશેષ માત્રનો અનવગાહી હોઈ, દર્શન એવા બીજા નામવાળા નૈશ્ચયિક અવગ્રહનું સ્વરૂપવર્ણન

ભાવાર્થ – "સત્તા માત્રને અવગાહન કરનારું જ્ઞાન, દર્શન આલોચન કહેવાય છે." જેમ કે-'આ કાંઈક છે.' ઇતિ.

વિવેચન – માત્ર પદથી નામ-જાતિ આદિનો નિષેધ જાણવો. દર્શનનું બીજું નામ 'આલોચન' છે એમ જાણવું.

આનું દૃષ્ટાન્ત કહે છે. જેમ કે—'આ કાંઈક છે.' ઇતિ. 'આ કાંઈક છે.'—એવા શબ્દપ્રયોગથી અભિવ્યક્તિનો યોગ્ય, શબ્દના ઉલ્લેખ વગરનો જ્ઞાનવિશેષ 'દર્શન' કહેવાય છે. જો એમ ન માનવામાં આવે, તો શબ્દના ઉલ્લેખમાં આન્તર્મૌહૂર્ત્તિકપણાની આપત્તિ થવાથી અર્થાવગ્રહમાં એક સામયિકપણાના સિદ્ધાન્તનો અપલાપ થઈ જાય ! વળી આ ઉદાહરણ નૈશ્ચયિક, અવ્યક્ત વ્યાવૃત્તિ વગરના વસ્તુના સામાન્યનું ગ્રાહક છે ત્યારબાદ ઈહાનો વિષય સામાન્ય થયે છતે, 'આ મનુષ્ય છે'-આવો નિશ્ચયરૂપ અપાય થાય છે ત્યાર પછી આ મનુષ્ય પશ્ચિમનો છે કે પૂર્વનો છે ?-આવા સંશય બાદ 'પશ્ચિમનો હોવો જોઈએ'-આવા પ્રકારની ઈહાના ઉદયથી તેની અપેક્ષાએ 'આ મનુષ્ય છે'-આવું જ્ઞાન વ્યાવહારિક અવગ્રહરૂપ છે. આ પ્રમાણે જ જ્યાં સુધી તારતમ્ય[1] છે તે તારતમ્યની અપેક્ષાએ ઉત્તરઉત્તર વિશેષની આકાંક્ષા જાગે છે, ત્યાં સુધી તે તે અપેક્ષાએ પૂર્વપૂર્વજ્ઞાનની સામાન્ય વિષયકતા હોઈ અવગ્રહરૂપતા છે અને પૂર્વપૂર્વની અપેક્ષાએ ઉત્તરઉત્તર નિશ્ચયોની વિશેષ વિષયકતા હોઈ અપાયરૂપતા જાણવી.

[અર્થાવગ્રહ નૈશ્ચયિક-વ્યાવહારિકના ભેદથી બે પ્રકારનો છે. નૈશ્ચયિક અર્થાવગ્રહ રૂપ આદિથી અવ્યાવૃત્તિ-અવ્યક્ત શબ્દ આદિ વસ્તુ સામાન્ય માત્ર ગ્રાહી છે.

---

१. વિષય આદિના સ્પષ્ટ-અવ્યક્ત-મધ્યમ-અલ્પ-બહુ-નજીક-દૂર ભેદોની, તેમજ ક્ષયોપશમ આદિના શુદ્ધ-અશુદ્ધ-મધ્યમ વગેરે ભેદોની તરતમતા.

વ્યાવહારિક અર્થાવગ્રહ=શબ્દ આદિ વસ્તુ સામાન્ય સત્તારૂપ મહાસામાન્યના અવાન્તર શબ્દત્વ આદિ સામાન્ય વિશેષ વિષયક છે. તથાચ 'આ શબ્દ છે.'-આવા વ્યાવહારિક અર્થાવગ્રહ પછી, ઉત્તરોત્તર ધર્મ આકાંક્ષા અર્થાત્ આ શબ્દ છે, આવો નિશ્ચય થયો છતાં શું આ શબ્દ શંખનો છે કે શાર્ઙ્ગ ધનુષ્યનો છે ? આવો સંશય થયા બાદ, 'આ શબ્દ શંખનો હોવો જોઈએ'-એવી ઈહા પ્રવર્ત્તે છે. ત્યારબાદ 'આ શબ્દ શંખનો જ છે'-આવા નિશ્ચયરૂપ અપાય થાય છે. આ કારણથી યુક્ત જ છે કે-'આ શબ્દ છે'-એવું જ્ઞાન અર્થાવગ્રહરૂપ છે. (૧) આ પ્રમાણે 'આ શબ્દ શંખનો જ છે'-આવા નિશ્ચય બાદ 'દેવદત્તે કે યજ્ઞદત્તે વગાડેલા શંખનો આ શબ્દ છે ?'-આવા સંદેહ બાદ 'દેવદત્તે વગાડેલા શંખનો આ શબ્દ હોવો જોઈએ'-આવી ઈહા પ્રવર્ત્તે છે. ત્યારબાદ 'આ દેવદત્તે વગાડેલા શંખનો શબ્દ જ છે'-આવો નિર્ણયરૂપ અપાય થાય છે. આ પ્રમાણે 'શંખનો શબ્દ જ છે'-આવો આનો અર્થાવગ્રહ માનવો જોઈએ. (૨) આ પ્રમાણે જે જે ધર્મની અપેક્ષાએ વિશેષધર્મ સંભવે છે, તે તે ધર્મનું જ્ઞાન ભવિષ્યના ઈહા-અપાયના પૂર્વકાલીન અવગ્રહસ્વરૂપવાળું, સ્વવિષયગત અવગ્રહીત સામાન્યધર્મની અપેક્ષાએ વિશેષ અવગ્રાહી હોઈ અપાયસ્વરૂપવાળું છે. જે અપાય વિષયભૂતધર્મની અપેક્ષાએ આગળ ઉપર વિશેષધર્મો નથી, તેના પછી ઈહા-અપાયની પ્રવૃત્તિનો અભાવ હોવાથી તે પણ અપાય જ કહેવાય છે, વ્યાવહારિક અર્થાવગ્રહ નહીં. અર્થાત્ પ્રથામિક અપાયમાં વ્યાવહારિક અર્થાવગ્રહપણાના સ્વીકારથી જ પ્રથમ અપાય પછી, તે રૂપ વ્યાવહારિક અર્થાવગ્રહથી ગ્રહણ કરાયેલ મહાસામાન્ય સત્તાની અપેક્ષાએ વિશેષસ્વરૂપ શાંખત્વ આદિ ઉપર વિશેષની અપેક્ષાએ સામાન્ય સ્વરૂપ શબ્દત્વમાં, ઈહાથી અપાયરૂપ 'આ શંખનો શબ્દ છે'-આવું જ્ઞાન થાય છે. ત્યાર બાદ તે રૂપ (શંખોડ્યં) વ્યાવહારિક અર્થાવગ્રહથી ગ્રહીત શંખત્વ શબ્દત્વરૂપ સામાન્યની અપેક્ષાએ વિશેષરૂપ છતાં, દેવદત્તે વગાડેલા શંખજન્યત્વ આદિ વિશેષની અપેક્ષાએ સામાન્યરૂપ છે. વિશેષ સામાન્ય શંખત્વમાં ઈહા થવાથી અપાયસ્વરૂપ 'દેવદત્તે વગાડેલા શંખજન્ય જ આ શબ્દ છે'-આવું જ્ઞાન થાય છે. આ પ્રમાણે ક્રમથી ઉપર ઉપર જ્ઞાનધારા પ્રવૃત્તિરૂપ જ્ઞાન સંતતિરૂપ વ્યવહારસંગત થાય છે. જો પ્રથમ અપાયમાં અર્થાવગ્રહરૂપપણું નહીં માનવામાં આવે, તો તેના વિષયરૂપ વિશેષ અવગૃહિત નહીં થવાથી ત્યાં ઈહાનો અભાવ અને તેના અભાવથી બીજા અપાયનો અભાવ; આ પ્રમાણે ત્રીજા અપાયનો અભાવ. આ પ્રમાણે કહેલા ક્રમિક જ્ઞાન સંતાનરૂપ વ્યવહારનો વિલોપનો જ પ્રસંગ આવી જાય. ઈતિ જૈન તર્ક ભાષાયામ્.]

[તત્ત્વાર્થની બૃહદ્વૃત્તિમાં એક સમયના સામાન્યજ્ઞાનરૂપ નૈશ્ચયિક અર્થાવગ્રહ થયા બાદ, 'શું આ સ્પર્શ છે કે નહીં ?'- એવી ઈહા પ્રવર્તે છે. ત્યાર બાદ 'આ સ્પર્શ' છે- એવો અપાય થાય છે. અને આ અપાયમાં અવગ્રહ તરીકેનો ઉપચાર કરાય છે, કેમ કે-આગામી વિશેષોની અપેક્ષા રાખેલ છે. આગામી વિશેષોના સ્વીકારની અપેક્ષાએ આ સામાન્યજ્ઞાન તરીકે કહેવાય છે. વળી અપાયરૂપ અવગ્રહથી ઈહા પ્રવર્તશે કે-'આ કોનો સ્પર્શ છે ?' ફરીથી અપાય થશે કે-'આ સ્પર્શ આનો છે.' આ પણ અપાય ફરીથી અવગ્રહરૂપે ઉપચરિત કરાય છે. આ પછીથી થનારી ઈહા અને અપાયની અપેક્ષાએ આ પ્રમાણે જ્યાં બીજા વિશેષની આકાંક્ષા નથી, અંતિમ અપાય અપાય જ કહેવાય છે, ત્યાં ઉપચાર નથી. આ ~~ઔપચારિક~~ વ્યાવહારિક અવગ્રહની અપેક્ષાએ 'બહુ આદિ ભેદવાળા અવગ્રહો છે,' પરંતુ એક સમયવર્તી નૈશ્ચયિક અવગ્રહની અપેક્ષાએ નહીં. આ પ્રમાણે બહુવિધ આદિમાં સર્વત્ર વ્યાવહારિક અર્થાવગ્રહની અપેક્ષાએ વ્યાખ્યા કરવી.]

ननु विषयेन्द्रियमनोऽभिसम्बन्धेत्यादिना यदवग्रहस्य लक्षणमुक्तं तच्चक्षुर्मनसौरप्राप्यकारित्वेन तज्जन्यवग्रहेऽव्याप्तं सम्बन्धाभावादित्याशङ्कायामाह—

योग्यतैवात्र विषयेण चक्षुर्मनसोस्सम्बन्धः । सा चानतिदूरासन्नव्यवहितदेशाद्यवस्थानरूपा । इतरेन्द्रियेषु संश्लेषः ॥ २३ ॥

योग्यतैवेति । अत्रास्मिन् लक्षणे विषयेण रूपादिना चक्षुर्मनसोस्सम्बन्धो योग्यतैव इत्यन्वयः । एवपदेन संश्लेषस्य व्यवच्छेदः । तेन तयोर्विषयेण संश्लेषलक्षणसम्बन्धाभावेऽपि न क्षतिः, अभ्युपगन्तव्या परैरपि योग्यता, इतरथा स्फटिकान्तरितस्येव कलुषितजलान्तरितस्यापि भावस्योपलम्भप्रसङ्गस्स्यात् जलेन विध्वस्तं लोचनतेज इति न साम्प्रतम्, स्वच्छजलान्तरितस्याप्यग्रहणप्रसङ्गात् । का सा योग्यतेत्यत्राह सा चेति, निरुक्तप्रमाणादतिदूरवर्त्तिनोऽत्यासन्नस्य कुड्यादिव्यवहितस्य च भावस्याग्रहणादनतिदूरासन्नव्यवहितदेशाद्यवस्थानरूपा योग्यतेत्यर्थः । केषाञ्चिदतिशयज्ञानभृतामस्मदाद्यगोचरविप्रकृष्टस्वविषयस्य स्वच्छस्फटिकजलादिव्यवहितस्य च चक्षुषा परिच्छेदादीदृशी योग्यता न सार्वत्रिकीत्यत आदिपदमुपात्तं तेन तादृशतदावरणक्षयोपशमविशेष एव योग्यतेति भावः । श्रोत्रादिस्थले तु तत्तदावरणक्षयोपशमविशिष्टस्संश्लेषोऽपीत्याहेतरेन्द्रियेष्विति, अन्यथा स्पृष्टत्वबद्धत्वासंभवेन तत्तद्विषयग्रहणं न स्यादेवेति भावः ॥

શંકા – 'विषयेन्द्रियमनोऽभि संबंध' ઇત્યાદિથી જે અવગ્રહનું લક્ષણ કહેલું છે, તે લક્ષણ ચક્ષુ અને મનમાં અપ્રાપ્યકારી હોઈ, તે અભિસંબંધજન્ય અવગ્રહ હોયે છતે, અવ્યાપ્તિવાળું લક્ષણ છે, કેમ કે-ચક્ષુ મનમાં સંબંધનો અભાવ છે ને ?

સમાધાન – આથી આ શંકાના સમાધાનમાં કહે છે કે-

વિષયની સાથે ચક્ષુ-મનનો સંબંધ

ભાવાર્થ – "અહીં યોગ્યતા જ, વિષયની સાથે ચક્ષુ-મનનો સંબંધ છે અને તે યોગ્યતા, અનતિદૂર-આસન્ન-વ્યવહિત દેશ આદિ અવસ્થાનરૂપ છે, બીજી ઇન્દ્રિયોમાં સંશ્લેષરૂપ છે."

વિવેચન – આ અવગ્રહના પૂર્વોક્ત લક્ષણમાં વિષયભૂત રૂપ આદિની સાથે ચક્ષુ અને મનનો સંબંધ યોગ્યતા જ સમજવી. એવ પદથી સંશ્લેષનો વ્યવચ્છેદ છે, તેથી તે ચક્ષુ અને મનનો વિષયની સાથે સંશ્લેષરૂપ સંબંધના અભાવમાં પણ ક્ષતિ નથી. બીજાઓએ પણ યોગ્યતા સ્વીકારવી જોઈએ. અન્યથા (યોગ્યતાના અસ્વીકારમાં) સ્ફટિકથી અંતરિત (વ્યવહિત)ની માફક કલુષિત (મેલા) જળથી અંતરિત પણ ભાવની ઉપલબ્ધિનો પ્રસંગ થઈ જાય !

'પાણીએ લોચનનું તેજ નષ્ટ કરી નાંખ્યું છે', માટે કલુષિત જલાંતરિત ભાવની ઉપલબ્ધિ નથી. એમ પણ વ્યાજબી નથી, કેમ કે-તો પછી સ્વચ્છ જલાંતરિત ભાવના પણ અગ્રહણનો પ્રસંગ આવી જાય ! તે યોગ્યતા એ કઈ વસ્તુ છે ? એના જવાબમાં કહે છે કે-તે યોગ્યતા પૂર્વકથિત પ્રમાણથી અત્યંત દૂરવર્તી, આંખની કીકીની માફક અત્યંત નિકટવર્તી અને ભીંત વગેરેથી વ્યવહિત ભાવ(પદાર્થ)નું ગ્રહણ નહીં હોવાથી અનતિદૂર-આસન્ન-વ્યવહિત દેશ આદિ અવસ્થાનરૂપ યોગ્યતા જાણવી.

અતિશય જ્ઞાનવાળા કેટલાકને, અસ્મદ્ આદિથી અવિષયરૂપ દૂરસ્થ પોતાના વિષયનું અને સ્વચ્છ-સ્ફટિક જલ આદિથી વ્યવહિત વિષયનું ચક્ષુથી જ્ઞાન હોવાથી આવી યોગ્યતા સર્વત્ર વ્યાપક નથી. એથી જ આદિપદ ગ્રહણ કરેલું છે. તેથી તાદૃશ મતિ આદિ જ્ઞાનાવરણ ક્ષયોપશમ વિશેષરૂપ જ યોગ્યતા છે, એવો ભાવ છે. શ્રોત્ર આદિ સ્થલમાં તો તે તે આવરણ ક્ષયોપશમ વિશિષ્ટ સંશ્લેષરૂપ યોગ્યતા પણ છે. માટે કહે છે કે-'इतरेन्द्रियेष्विति ।' જો સંશ્લેષરૂપ યોગ્યતા ન માનવામાં આવે, તો સ્પષ્ટત્વ-બદ્ધત્વનો અસંભવ થવાથી તે તે વિષયનું ગ્રહણ ન જ થાય, એમ ભાવ છે.

अथेहां लक्षयति—

अवगृहीतधर्मिण्यवगृहीतसामान्यावान्तरविशेषस्य पर्यालोचनमीहा । इयञ्चावगृहीतसामान्यधर्मावान्तरधर्मविषयसंशयाज्जायते । यथाऽयं मनुष्यः पौरस्त्यो वा पाश्चात्यो वेति संशयाल्लक्षणविशेषेण पौरस्त्येनानेन भवितव्यमिति ॥ २४ ॥

अवगृहीतेति । अवगृहीतधर्मावच्छिन्नविशेष्यतानिरूपिततादृशधर्मावान्तरधर्मनिष्ठविलक्षण प्रकारतानिरूपकज्ञानत्वमीहाया लक्षणम् । विलक्षणप्रकारता च पौरस्त्येनानेन भवितव्यमित्याकारकप्रतीतिसिद्धा बोध्या, उत्प्रेक्षात्मकज्ञानीयप्रकारतेति[1] यावत् । अवग्रहादुत्तरकालमपायात्पूर्वकालं सद्भूतार्थविशेषोपादानाभिमुखा असद्भूतार्थविशेषपरित्यागाभिमुखाः प्रायः पौरस्त्यधर्मा दृश्यन्ते नतु पाश्चात्यास्ततोऽनेन पौरस्त्येन भवितव्यमित्येवं ज्ञानं, अत एवास्यायं पाश्चात्यो वा पौरस्त्यो वेति सर्वात्मना सुप्तमिव स्थितात्संशयाद्भेदः[2], तस्य व्यतिरेकधर्मनिराकरणप्रवणत्वे सत्यन्वयधर्मघटनप्रवृत्तिरहितत्वात् किन्तु संशय ईहायां कारणं भवति व्यतिरेकधर्मान्वयधर्मोपस्थापकतयेत्याशयेनाहेयज्ञेति, ईहा चेत्यर्थः । संशयोत्तरकालं विशेषोपलिप्सायां प्रवर्त्तनरूपेहा भवति, तत ईहा संशयभिन्नेति भावः । ईहाया दृष्टान्तमाह

---

१. उत्प्रेक्षा च "अरण्यमेतत्सविताऽस्तमागतो न चाधुना संभवतीह मानवः । प्रायस्तदेतेन खगादिभाजा भाव्यं मृडानीपतितुल्यनाम्ना ॥" इत्यादिरूपं ज्ञानम् ॥ २. उपलक्षणमिदं संशयस्य वस्त्वप्रतिपत्तिरूपत्वेनाज्ञानात्मकत्वान्मतिभेदत्वेनेहाया वस्तुतो ज्ञानस्वभावत्वात्, ज्ञानाज्ञानयोश्च परस्परपरिहारेण वृत्तेर्ना ज्ञानरूपसंशयस्य ज्ञानांशात्मकेहारूपत्वमिति बोध्यम् ॥

यथेति । नैश्चयिकाव्यक्तवस्तुमात्रग्रहणात्मकार्थावग्रहोत्तरं किमिदं वस्तु मया गृहीतं शब्दोऽशब्दो वेति संशय्य शब्देनानेन भवितव्यं इत्येवं भवितव्यताप्रत्ययाभिमुखी ईहापि भाव्या ॥

ઈહાનું લક્ષણ કહે છે

ભાવાર્થ – "અર્થાવગ્રહ વિષયભૂત ધર્મીમાં અવગ્રહ વિષયભૂત સામાન્યના અવાન્તરભૂત વિશેષનું પર્યાલોચન 'ઈહા' કહેવાય છે અને આ ઈહા, અવગ્રહીત સામાન્ય ધર્મના અવાન્તરભૂત ધર્મવિષયક સંશયથી પેદા થાય છે. જેમ કે-'આ મનુષ્ય પૂર્વનો છે કે પશ્ચિમનો છે ?'-આવા સંશય બાદ વિશિષ્ટ લક્ષણથી 'આ પૂર્વનો હોવો જોઈએ'-આવી 'ઈહા' કહેવાય છે."

વિવેચન – અવગ્રહ વિષયભૂત મનુષ્યત્વરૂપ ધર્મવિશિષ્ટ મનુષ્યરૂપ ધર્મી(વિશેષ્ય)માં રહેલ વિશેષ્યતાથી નિરૂપિત તાદૃશ ધર્માવાન્તર (મનુષ્યત્વવ્યાપ્ય) ધર્મનિષ્ઠ વિલક્ષણપ્રકારતા નિરૂપક (દર્શક) જ્ઞાનપણું ઈહાનું લક્ષણ છે. અને વિલક્ષણપ્રકારતા 'આ પૂર્વનો હોવો જોઈએ'-આવી પ્રતીતિ સિદ્ધ (ભવિતવ્યતા નામક પ્રકારતા) અર્થાત્ ઉત્પ્રેક્ષારૂપ જ્ઞાનનિરૂપિત પ્રકારતા (ઉત્પ્રેક્ષા એટલે ચિહ્ન વગેરે ઉપરથી કોઈ પણ પદાર્થની સંભાવના કરવી. ઉદ્‌ભાવના - જેમ કે-'આ અરણ્ય છે, સૂર્ય આથમી ગયો છે અને હમણાં અહીં મનુષ્યનો સંભવ નથી. તેથી કરીને પ્રાયઃ આ પંખી આદિવાળો મૃડાની પતિ-શંકરના સરખા નામવાળો સ્થાણું (ઠુંઠું) હોવો જોઈએ, 'પુરુષ નહીં.' ઇત્યાદિરૂપ જ્ઞાન ઉત્પ્રેક્ષા છે.) અવગ્રહ પછીના કાળમાં, અપાયથી પૂર્વના કાળમાં વિદ્યમાન અર્થવિશેષના ઉપાદાનમાં અભિમુખ અને અવિદ્યમાન અર્થવિશેષના પરિત્યાગમાં અભિમુખ, એવા પ્રાયઃ પૂર્વના ધર્મો આ મનુષ્યમાં દેખાય છે પરંતુ પશ્ચિમના ધર્મો દેખાતાં નથી. માટે 'આ પૂર્વનો હોવો જોઈએ'-આવું જ્ઞાન ઈહા.

ઈહા, 'આ પૂર્વનો છે કે પશ્ચિમનો છે ?'-આવા સંશયપૂર્વક હોઈ, સર્વથા સૂતેલા-ઉદાસીનની માફક રહેલા સંશયથી (આ પદ, ઉપલક્ષણ છે કે સંશય, વસ્તુના અપ્રતિપ્રતિરૂપ હોઈ અજ્ઞાન આત્મક છે. મતિનો ભેદ હોઈ ઈહા વસ્તુતઃ જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાન અને અજ્ઞાનની પરસ્પર પરિહારથી વૃત્તિ હોઈ, અજ્ઞાનરૂપ સંશય જ્ઞાનાંશ આત્મક ઈહારૂપ નથી. અથવા એક ધર્મમાં વિરુદ્ધ નાના ધર્મપ્રકારક જ્ઞાન સંશય કહેવાય છે. 'અનેક કોટિ પરામર્શી સંશય' કહેવાય છે. સંશયની અપ્રમાણતા હોઈ અવગ્રહ આદિમાં પાઠ કરેલો નથી.) ભેદ છે, કેમ કે-વ્યતિરેક ધર્મના નિરાકરણમાં અતત્પર હોઈ અન્વય ધર્મસંઘટનની પ્રવૃત્તિ રહિત સંશય છે. અર્થાત્ સાધક-બાધકપ્રમાણના અભાવથી સંશયની વ્યતિરેક ધર્મમાં અને અન્વય ધર્મમાં દોલાયમાનતા છે પરંતુ નિશ્ચયની અભિમુખતા નથી. આવી રીતે ઈહાનો સંશયથી ભેદ છે પરંતુ સંશય, ઈહા પ્રત્યે વ્યતિરેક ધર્મ અન્વય ધર્મની ઉપસ્થાપક(ઉપસ્થિતિ સ્મરણ-પરામર્શકારક)પણાની અપેક્ષાએ કારણ છે. આવા આશયથી કહે છે કે- 'इयञ्चेति ।' (પુરુષના અવગ્રહ પછી 'આ પૂર્વનો છે કે પશ્ચિમનો છે ?'- આવો અનેક કોટિ પરામર્શક સંશય થાય છે.) આ સંશયના ઉત્તરકાળમાં પ્રમાતાને વિશેષની આકાંક્ષા (જિજ્ઞાસા) થયે છતે, 'આ પૂર્વનો હોવો જોઈએ'-એવી ઈહા પ્રવર્ત્તે છે. માટે કાર્ય-કારણભાવ હોઈ તંતુપટની માફક ઈહાનો સંશયથી ભેદ છે; અર્થાત્ બંનેનું પૃથક્‌પણું વ્યક્ત છે.

ઈહાનું દૃષ્ટાન્ત કહે છે કે- 'यथेति ।'

નૈશ્ચયિક અવ્યક્ત વસ્તુ માત્ર ગ્રહણરૂપ અર્થાવગ્રહ પછી શું આ વસ્તુ ગ્રહણ કરાયેલી 'શબ્દ છે કે અશબ્દ ?' - આવો સંશય કરીને, 'આ શબ્દ હોવો જોઈએ'-એ પ્રમાણે 'હોવું જોઈએ એવા જ્ઞાન-નિશ્ચય'ના અભિમુખી ઈહા પણ વિચારવી.

अपायं निरूपयति—

ईहाविषयविशेषधर्मवत्तानिर्णयोऽपायः । यथाऽयं पाश्चात्य एवेति । अयमेव प्रत्यक्षप्रमाणमुच्यते, नत्ववग्रहेहे तयोरनिर्णयरूपत्वात् ॥ २५ ॥

ईहेति । ईहाविषयीभूतपाश्चात्यत्वादेर्धर्मस्य निर्णयो याथात्म्येन निश्चयः पाश्चात्य एवायमिति सोऽपाय इत्यर्थः । दृष्टान्तमाह यथेति पाश्चात्य एवेति, एव शब्देन पौरस्त्यत्वादिधर्मनिषेधः, अन्यतरवचने अन्यतरनिषेधस्य सामर्थ्यलब्धत्वात् । यदा तु नायं पौरस्त्य इति करोत्यपायं तदापि सामर्थ्यात्पाश्चात्य एवेति लभ्यते तदीयविशेषलिङ्गात् । नैश्चयिकापायस्तु शब्द एवायमित्येवंरूपः । ननु स्वस्वविषये सम्यगर्थनिर्णयात्मकत्वादवग्रहेहयोपरपायात्सर्वथाभिन्नत्वाभावाच्च प्रमाणात्मकत्वेऽपि उत्तरोत्तरापेक्षयाऽवग्रहस्य सामान्यमात्रविषयकत्वेन पर्यालोचनारूपत्वाच्चेहाया हेयोपादेयवस्तुतिरस्कारस्वीकारयोस्स्पष्टतया सामर्थ्यविरहात्तादृशस्य निश्चयात्मकस्यापायस्यैव तादृशं प्रमाणत्वमित्याशयेनाहायमेवेति अपाय एवेत्यर्थः । एवशब्दव्यवच्छेदमाह नत्विति, प्रमाणमुच्यत इत्यनेन सम्बन्धः, नात्र प्रमाणस्य सर्वथा निषेधो भाव्यः । अन्यथाऽपायस्यावग्रहादिपर्यायत्वेन तस्यापि प्रमाणत्वमनुपपन्नं स्यादत एव चावग्रहेहयोः सांव्यवहारिकप्रत्यक्षप्रमाणभेदत्वं किन्तु अवग्रहेहे व्यापारांशौ, जिज्ञासानिवृत्त्यनन्तरकालीनापायस्तु फलांश इत्यस्य हेयहानोपादेयोपादानक्षमत्वादित्यभिप्रायेणैवास्य प्रमाणत्वमुक्तमिति ध्येयम् ॥ असद्भूतार्थविशेषव्यतिरेकावधारणमेव नापायः[१], क्वचित्तदन्यव्यतिरेकपरामर्शात् यथा नेह शिरःकण्डूयनादयः पुरुषधर्मा दृश्यन्तेऽतस्स्थाणुरेवायमिति, क्वचिदन्वयधर्मसमनुगमात्, यथा स्थाणुरेवायं वल्ल्युत्सर्पणपक्षिनिलयनादिधर्माणामिहान्वयादिति, क्वचिच्चोभाभ्यामपि, यथा पुरुषधर्माः शिरःकण्डूयनादयो न दृश्यन्ते, स्थाणुधर्माश्च वल्ल्युत्सर्पणादयो दृश्यन्तेऽतस्स्थाणुरेवायमिति भवतोऽपायस्य निश्चयैकरूपेण भेदाभावात्[२] ॥

---

१. तत्र विद्यमानस्थाण्वादिभिन्नपुरुषवृत्तिशिरःकण्डूयनादि धर्मविशेषाणां पुरोवर्त्तिनि प्रतिषेधमात्रमेवापायो न तु सद्भूतार्थविशेषावधारणरूपोऽपि, तस्य धारणारूपत्वादिति पूर्वपक्षस्य भावः ॥ २. व्यतिरेकादन्वयादुभयस्माद्वा भूतार्थविशेषावधारणं कुर्वतो योऽध्यवसायस्स सर्वोऽप्यपायः, नतु सद्भूतार्थविशेषावधारणं धारणा, तथाऽभ्युपगम्यमाने आभिनिबोधिकज्ञानस्य पञ्चभेदत्वापत्तेः, व्यतिरेकस्यापायत्वेनान्वयस्य धारणात्वेनावग्रहेहापायधारणायाश्चतुर्विधत्वात् स्मृतेश्च पञ्चभेदत्वात् अविच्युतेरपाये वासनायास्स्मृतावन्तर्गतत्वात् । अस्मन्मते तु न तथा व्यतिरेकस्यान्वयस्यापि अपायत्वेन स्मृतेर्धारणान्तर्गतत्वादिति ॥

અપાય નિરૂપણ

ભાવાર્થ – "ઈહાના વિષયભૂત વિશેષ ધર્મનો નિર્ણય 'અપાય' કહેવાય છે." જેમ કે-'આ પૂર્વનો જ છે.' આ જ પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે. પરંતુ અવગ્રહ અને ઈહા પ્રત્યક્ષ પ્રમાણરૂપ નથી, કેમ કે-અવગ્રહ અને ઈહા અનિર્ણયરૂપ છે."

વિવેચન – ઈહાના વિષયભૂત પૌરસ્ત્યત્વ-આદિરૂપ ધર્મનો યથાર્થપણાએ નિર્ણય 'અપાય' કહેવાય છે. દૃષ્ટાન્તને કહે છે કે-'यथेति' 'पौरस्त्य एवेति ।' એવ શબ્દથી પાશ્ચાત્યત્વ આદિ ધર્મનો નિષેધ છે, કેમ કે-બેમાંથી કોઈ એકના કથનથી કોઈ એકનો નિષેધ, શબ્દશક્તિથી પ્રાપ્ત થાય છે. જ્યારે 'આ પાશ્ચાત્ય નથી'-આ પ્રમાણેનો અપાય કરે છે, ત્યારે પણ સામર્થ્યથી 'પૌરસ્ત્ય જ' પ્રાપ્ત થાય છે; કેમ કે-તેના વિશેષ લક્ષણો-ધર્મો છે. નૈશ્ચયિક અપાય તો 'આ શબ્દ જ છે'-એવા આકારનો છે. [નૈશ્ચયિક અવગ્રહ પછી શ્રોત્રગ્રાહ્યત્વ આદિદ્વારા ઈહા, 'આ શબ્દ જોડવો જોઈએ.' ઈહાના વિષયીકૃત વિશેષનો નિર્ણય. જેમ કે-'શ્રોત્રગ્રાહ્યત્વ આદિથી આ શબ્દ જ છે'-આવા બોધરૂપ છે. જ્યારે વ્યાવહારિક અર્થાવગ્રહ પછી 'प्रायः मधुरता આદિદ્વારા આ શબ્દ શંખનો હોવો જોઈએ'-એ રૂપ ઈહાના વિષયભૂત વિશેષનો નિર્ણય. જેમ કે-મધુર સ્નિગ્ધત્વ આદિ ગુણ હોઈ શંખનો જ આ શબ્દ છે, શાર્ઙ્ગનો નહીં. એ બોધરૂપ જે છે તે અપાય છે.]

○ સ્વ સ્વ વિષયમાં યથાર્થ નિર્ણય આત્મકપણું હોઈ અવગ્રહ અને ઈહામાં, અપાયથી સર્વથા ભિન્નતાનો અભાવ હોઈ પ્રમાણ આત્મકપણું છે. તો પણ ઉત્તરઉત્તરની અપેક્ષાએ અવગ્રહમાં સામાન્ય માત્ર વિષયકપણું હોઈ પર્યાલોચનરૂપપણું છે. ઈહામાં હેય વસ્તુ તિરસ્કારઉપાદેય વસ્તુના સ્વીકારના વિષય પરત્વે સ્પષ્ટતાપૂર્વકના સામર્થ્યનો અભાવ છે, માટે તાદૃશ નિશ્ચય આત્મક અપાયનું જ તાદૃશ (વિશિષ્ટ) પ્રમાણપણું છે. એવા આશયથી કહે છે કે - આ અપાય જ. અર્થાત્ અવગ્રહ-ઈહા એ બંને પ્રમાણરૂપે ગણાતા નથી.

○ અહીં અવગ્રહ અને ઈહામાં સર્વથા પ્રમાણનો નિષેધ જણાવાતો નથી. જો સર્વથા પ્રમાણનો નિષેધ માનવામાં આવે, તો અવગ્રહ-ઈહારૂપ કારણજન્ય પર્યાયરૂપ કાર્ય જે અપાય છે, તે અપાયમાં પ્રમાણપણું ઘટિત ન થાય. માટે જ અવગ્રહ અને ઈહા સાંવ્યવહારિક પ્રત્યક્ષ પ્રમાણના ભેદ તરીકે ગણાય છે. પરંતુ અવગ્રહ અને ઈહા વ્યાપારભૂત અંશ છે. (અવગ્રહ અને ઈહારૂપ દ્વારાંશ) જ્યારે જિજ્ઞાસાની નિવૃત્તિ પછીના કાળમાં થયેલો અપાય તો ફલભૂત અંશ છે, કેમ કે-અપાયરૂપ ફલાંશમાં, હેયના હાનમાં અને ઉપાદેયના ઉપાદાનમાં સમર્થતા હોવાથી આ અપાયનું પ્રમાણપણું કહેલ છે, એમ જાણવું.

પૂર્વપક્ષ – કેટલાક, વ્યુત્પત્તિ અર્થ માત્ર અનુસારીઓ અપનયન એટલે અપાય અને ધરણ એટલે ધારણા અર્થાત્, અસદ્ભૂત અર્થવિશેષ વ્યતિરેકનું અવધારણ એ અપાય છે ! 'આ સ્થાણુ છે'-આવા જ્ઞાનમાં આ પુરુષ નથી એવું જ્ઞાન 'અપાય' છે. જેમ કે-સ્થાણુ આદિ પદાર્થ વિદ્યમાન છે. તેનાથી ભિન્ન પુરુષ આદિ પદાર્થ અવિદ્યમાન છે. તેના જે વિશેષો માથું ખંજવાળવું-ચાલવું-પેશાબ કરવો વગેરે છે તેઓનો, આગળ રહેલ વિદ્યમાન સ્થાણુ આદિરૂપ પદાર્થમાં જે વ્યતિરેક-અભાવ છે, તેનો નિર્ણય 'આ પુરુષ નથી'- એવા જ્ઞાનરૂપી છે. તે જ અસદ્ભૂત અર્થવિશેષના સમર્થ હોઈ અપાય કહેવાય છે.

સદ્‌ભૂત વિશેષ અવધારણરૂપ ધારણા છે. 'આ સ્થાણુ જ'-એ જ્ઞાન 'ધારણા' છે. જેમ કે-સદ્‌ભૂત અર્થ. આગળ રહેલ દેશમાં વિદ્યમાન સ્થાણુ આદિ છે તેનો વિશેષ એટલે સ્થાણુત્વ આદિ અસાધારણ ધર્મ છે. તેનું અવધારણ 'આ સ્થાણુ જ છે'-એવું જ્ઞાન ધારણા છે.

ઉત્તરપક્ષ – અસદ્‌ભૂત અર્થવિશેષ વ્યતિરેકના અવધારણને જ, એ અપાય કહેવાતો નથી, કેમ કે-જે વિષયમાં પ્રમાતાને અહીં શિર-કંડૂયન વગેરે પુરુષધર્મો દેખાતાં નથી, પણ અસદ્‌ભૂત અર્થવિશેષ વ્યતિરેક આલોચન છે. માટે સ્થાણુગત ધર્મથી બીજા ધર્મનો અભાવનો નિશ્ચય થવાથી પેદા થતો 'આ સ્થાણુ જ'-આવા જ્ઞાનરૂપ અપાય છે.

○ જે વિષયમાં પ્રમાતાને વેલડીઓનું ઉપર ચડવું, પંખીઓનું બેસવું વગેરે દેખાય છે, માટે વિદ્યમાન અર્થવિશેષનું પર્યાલોચન છે. પુરોવર્તી સ્થાણુમાં અનુગતધર્મનો નિશ્ચય થવાથી થતો અપાય. જેમ કે-'આ સ્થાણુ જ છે.'

○ જે વિષયમાં પ્રમાતાને અસદ્‌ભૂત અર્થવિશેષના વ્યતિરેકનું આલોચન અને સદ્‌ભૂત અર્થવિશેષનું પર્યાલોચન છે.ત્યાં શિરઃકંડૂયન આદિરૂપ પુરુષધર્મો દેખાતાં નથી અને વલ્લી ઉત્સર્પણ આદિ સ્થાણુધર્મો દેખાતાં છે. તેથી થતો 'આ સ્થાણુ જ છે'-એ રૂપ અપાય છે જ, કેમ કે-નિશ્ચય એકરૂપ હોઈ ભેદવિશેષનો અભાવ છે.

[વ્યતિરેકથી-અન્વયથી અને ઉભયથી સદ્‌ભૂત અર્થવિશેષના અવધારણ કરનારનો જે અધ્યવસાય છે, તે સઘળો અપાય છે, પરંતુ સદ્‌ભૂત અર્થવિશેષનું અવધારણ, એ ધારણા નથી. જો તે પ્રમાણે માનવામાં આવે, તો મતિજ્ઞાનમાં પાંચ ભેદોની આપત્તિ આવે છે. વ્યતિરેકમાં અપાયપણું, અન્વયમાં ધારણાપણું હોવાથી, અવગ્રહ-ઈહા-અપાય-ધારણારૂપ ચાર ભેદો ઉપરાંત સ્મૃતિનામક પાંચમો ભેદ માનવો પડે જ, કેમ કે-અવિચ્યુતિને અપાયમાં અને વાસનાને સ્મૃતિમાં સમાવેશ થાય છે. અમારા મતમાં તો તે પ્રમાણે નથી, કેમ કે-વ્યતિરેકમાં અને અન્વયમાં પણ અપાયપણું હોઈ સ્મૃતિનો ધારણામાં સમાવેશ થાય છે.]

अथ धारणां निरूपयति—

स्मरणोत्पत्त्यनुकूलोऽपायो धारणा । इयञ्च संख्येयासंख्येयकालवर्त्तिनी ज्ञानरूपा संस्कारशब्दवाच्या च । अवग्रहादयस्त्वान्तर्मौहूर्त्तिकाः ॥ २६ ॥

स्मरणेति । स्मरणमतीतपदार्थचिन्तनरूपा स्मृतिः, तदुत्पत्त्यनुकूलस्तस्याः परिणामिकारणं संस्कारवासनापरपर्यायो ज्ञानात्मा अपाय एव धारणेत्यर्थः । नहि संस्कारादयोऽज्ञानरूपाः, ज्ञानात्मकस्मृतिजनकत्वानुपपत्तेः, आत्मधर्मत्वासम्भवाच्च, चेतनधर्मस्याचेतनत्वाभावात् । यद्यपि धारणाऽविच्युतिवासनास्मृतिभेदेन त्रिविधा, अपायनिश्चितार्थविषयकोपयोगसातत्यमविच्युतिः । अपायानन्तरमर्थोपयोगस्यावरणभूतकर्मणः पुनः प्राप्तस्य कालान्तरे क्षयोपशमेन युक्तो जीवो यदा पुनरप्यर्थोपयोगं स्मृतिरूपं प्राप्नोति सा चेयं तदावरणक्षयोपशमरूपाऽथवा

तद्विज्ञानजननशक्तिरूपा वासना प्रोच्यते, कालान्तरे वासनावशादिन्द्रियैरुपलब्धस्य तैरनुपलब्धस्य वा मनसि या स्मृतिराविर्भवति स तृतीयभेदः, एवं स्मृतिहेतोरेव धारणात्ववर्णनमनुचितं तथाप्यविच्युतिरपाय एवान्तर्भूता, दीर्घदीर्घतरादिरूपापायस्यैवाविच्युतिरूपत्वात् तस्या अपि स्मृतिहेतुत्वात् स्मरणोत्पत्त्यनुकूलत्वे सत्यपायत्वेन धारणयैव संस्कारवत् सङ्गृहीतत्वाद्वा न दोषः । न ह्यविच्युत्यनात्मकादपायात्स्मरणं भवितुमर्हति, गच्छत्तृणस्पर्शप्रायाणामपायानां परिशीलनविकलानां स्मृतिजनकत्वादर्शनात् । स्मृतिरपि धारणैव परन्तु तस्याः परोक्षप्रमाणभेदत्वादिह न सङ्गृहीता । ननु अविच्युतिस्मृतिरूपौ ज्ञानविशेषौ गृहीतग्राहित्वान्न प्रमाणभूतौ[१], वासना तु किमात्मिका, न तावत्स्मृतिज्ञानावरणक्षयोपशमस्तज्ज्ञानजननशक्तिविशेषो वा सा, ज्ञानरूपत्वाभावाज्ज्ञानभेदानामेवेह विचार्यमाणत्वात् । संख्येयमसंख्येयं वा कालं वासनाया इष्टत्वेन तत्तद्वस्तु विकल्परूपापि सा न संभवत्येतावन्तं कालं तद्वस्तु विकल्पायोगादित्याशंकायामाहेयञ्चेति वासनात्मिका धारणा चेत्यर्थः । संख्येयवर्षायुषां संख्येयकालवर्त्तिनी, असंख्येयवर्षायुषामसंख्येयकालवर्त्तिनीत्यर्थः, ज्ञानरूपेति, तथा चैषा वासना स्मृतिविज्ञानावरणक्षयोपशमरूपा स्मृतिविज्ञानजननशक्तिविशेषरूपा वेष्यते, सा यद्यपि स्वयं ज्ञानरूपा न भवति तथापि पूर्वप्रवृत्ताविच्युतिरूपज्ञानकार्यत्वादुत्तरकालभाविस्मृतिरूपज्ञानकारणत्वाज्ञोपचारतो ज्ञानरूपताभ्युपगम्यत इति भावः । यच्चोक्तमविच्युतिस्मरणयोर्गृहीतग्राहित्वमिति तदपि स्पष्टस्पष्टतरस्पष्टतमरूपविभिन्नधर्मकवासनाजनकत्वेनाविच्युतेः पूर्वोत्तरदर्शनद्वयानधिगतवस्त्वेकत्वग्राहित्वाच्च स्मृतेर्विशेषग्राहित्वेन प्रमाणत्वमक्षतमेवेति[२] । अथ प्रशङ्कतोऽवग्रहादीनां कालमानमुच्यतेऽवग्रहादयस्त्विति । आदिना ईहापायाविच्युतिस्मृतीनां ग्रहणमवग्रहपदेन व्यावहारिकावग्रहस्य ग्रहणम् । व्यञ्जनावग्रहस्य कालो जघन्यत आवलिकाया असंख्येयभागः प्रकर्षेण संख्येयावलिका आनपानपृथक्त्वकालमानाः । नैश्चयिकार्थावग्रहस्य समयो वासनायास्तु संख्येयोऽसंख्येयो वा काल इति मूल एवोक्तः ।

---

१. अपायस्य हि वस्तुनिश्चयः फलं तच्च प्रथमप्रवृत्तापायेनैव निष्पन्नमिति द्वितीयाद्यपायस्य निष्फलत्वं, निष्पन्नं फलं प्रति पुनर्निष्पादकत्वाभ्युपगमे निष्पन्नस्यापि घटस्य पुनर्निष्पादनाय कुलालप्रवृत्तिः स्यात् स्मृतिरपि पूर्वोत्तरकालभाविज्ञानद्वयगृहीत एव वस्तुनि प्रवर्त्तते इति सापि गृहीतस्यैव ग्राहिका, पूर्वोत्तररूपकालभेदेन च वस्तुनो भेदाच्चैकत्वासिद्धया स्मृतेः तस्याप्यग्राहकत्वेनाविच्युतिस्मृत्योर्न प्रमाणत्वमिति भावः ॥ २. प्रथमापायेनान्यकालविशिष्टं द्वितीयापायेनेतरकालविशिष्टं वस्तु गृह्यत इति न गृहीतग्राहित्वं, स्मृत्यापि कालभेदेन भिन्नस्यापि सत्त्वप्रमेयत्वसंस्थानादिभिरेकत्वेन तद्विशिष्टं वस्तु गृह्यत इति न गृहीतग्राहित्वं तस्या इतिभावः ॥

ધારણા નિરૂપણ

ભાવાર્થ – "સ્મરણની ઉત્પત્તિમાં પરિણામી કારણભૂત અપાય, એ 'ધારણા' કહેવાય છે : અને આ ધારણા સંખ્યાતા-અસંખ્યાતા કાલવર્તી જ્ઞાનરૂપ અને સંસ્કાર શબ્દથી વાચ્ય છે. વ્યાવહારિક અવગ્રહઆદિ અન્તર્મુહૂર્ત્તના કાળવાળા છે."

વિવેચન – સ્મરણ એટલે ભૂતકાળના પદાર્થના ચિંતનરૂપ સ્મૃતિ, તે સ્મૃતિની ઉત્પત્તિ પ્રત્યે પરિણામી કારણભૂત, સંસ્કારવાસનારૂપ બીજા નામવાળો, જ્ઞાનરૂપ અપાય જ 'ધારણા' કહેવાય છે. (નિશ્ચિત અર્થને મનદ્વારા ધારી રાખવો, એ 'ધારણા'.) સંસ્કાર આદિ અજ્ઞાનરૂપ નથી. જો સંસ્કારને અજ્ઞાનરૂપ માનો, તો જ્ઞાનરૂપ સ્મૃતિનું જનકપણું અનુપપન્ન થઈ જાય છે, આત્મધર્મપણાનો અસંભવ થાય છે, પણ ચેતનધર્મ અચેતનનો ધર્મ બનતો નથી.

○ જો કે ધારણા અવિચ્યુતિ-વાસના-સ્મૃતિના ભેદથી ત્રણ પ્રકારની છે (૧) અપાયથી નિશ્ચિત એક અર્થવિષયક કેટલાક કાળસુધી ઉપયોગના વચ્ચે વચ્ચે તે અર્થને છોડી અન્ય વિષયક ઉપયોગ થતો નથી. તે 'અવિચ્યુતિ' (પ્રતિપત્તિ) કહેવાય છે. (૨) તે અવિચ્યુતિરૂપ ધારણાવડે, વાસનારૂપ સંસ્કાર આત્મામાં સ્મૃતિહેતુરૂપે સ્થાપિત કરાય છે. અર્થાત્ અપાય પછી અર્થોપયોગના આ આવરણભૂત કર્મ જે ફરીથી પ્રાપ્ત થયેલું છે, તે કર્મના કાલાન્તરમાં ક્ષયોપશમથી યુક્ત જીવ જ્યારે ફરીથી પણ સ્મૃતિરૂપ અર્થોપયોગને પામે છે, ત્યારે સ્મૃતિઆવરણ ક્ષયોપશમરૂપ અથવા સ્મૃતિવિજ્ઞાન જનનશક્તિરૂપ 'વાસના.' (લબ્ધિરૂપ ધારણા.) (૩) તાદશ વાસના-સંસ્કારના વશે તે પદાર્થ સંબંધી અનુભવ થતો હોય, કાલાન્તરમાં ઇન્દ્રિયોથી ઉપલબ્ધ કે અનુપલબ્ધ તે પદાર્થનો 'તેજ' એવા ઉલ્લેખરૂપે મનમાં યાદ આવવું તે સ્મૃતિ કહેવાય છે.

○ સ્મૃતિહેતુ જ ધારણા છે, એવું વર્ણન અનુચિત છે, તો પણ અવિચ્યુતિનો અપાયમાં જ અંતર્ભાવ થાય છે, કેમ કે-દીર્ઘ-દીર્ઘતર આદિરૂપ અપાય જ અવિચ્યુતિરૂપ છે. અથવા તે અવિચ્યુતિ પણ સ્મૃતિહેતુ હોઈ, સ્મરણ ઉત્પત્તિ અનુકૂળ અપાય હોઈ ધારણાવડે જ સંસ્કારની માફક સંગ્રહ વિષયભૂત છે માટે દોષ નથી.

○ જે અવિચ્યુતિરૂપ નથી, એવા અપાયથી સ્મરણ થતું નથી, કેમ કે-ચાલનાર પુરુષના તૃણ-સ્પર્શ જેવા (અનધ્યવસાયરૂપ) પરિશીલન વગરના અપાયો સ્મૃતિજનક દેખાતાં નથી.

○ સ્મૃતિ પણ ધારણા જ છે. તે સ્મૃતિ પરોક્ષ પ્રમાણના ભેદરૂપ હોઈ અહીં સાંવ્યવહારિક પ્રત્યક્ષ પ્રમાણના ભેદોમાં સંગૃહિત કરેલ નથી.

શંકા – અવિચ્યુતિ અને સ્મૃતિરૂપ જ્ઞાનવિશેષો ગૃહિતગ્રાહી હોઈ પ્રમાણભૂત નથી, [ખરેખર, અપાયનું વસ્તુનિશ્ચય ફળ છે અને તે પ્રથમ પ્રવૃત્ત અપાયથી જ સિદ્ધ થયેલું છે, માટે દ્વિતીય આદિ અપાયનું નિષ્ફળપણું છે. નિષ્પન્ન ફળ પ્રત્યે ફરીથી નિષ્પાદકપણાના સ્વીકારમાં નિષ્પન્ન પણ ઘટને ફરીથી બનાવવા માટે કુંભારની પ્રવૃત્તિ થાય ! સ્મૃતિ પણ પૂર્વજ્ઞાન અને ઉત્તરકાળ ભાવિજ્ઞાનરૂપ બે જ્ઞાનોથી (પ્રત્યક્ષ અને પૂર્વાનુભવજન્ય શુદ્ધ સંસ્કારરૂપ જ્ઞાનદ્વયથી) ગ્રહણ કરાયેલ વસ્તુમાં જ પ્રવર્તે છે. તે સ્મૃતિ પણ

ગૃહિતગ્રાહિકા છે. વળી પૂર્વ-ઉત્તરકાળના ભેદથી વસ્તુનો ભેદ હોવાથી એકતાની અસિદ્ધિ હોઈ, સ્મૃતિ, તે વસ્તુની અગ્રાહક હોઈ અવિચ્યુતિ અને સ્મૃતિમાં પ્રમાણતા નથી.] કેમ કે-અબાધિત-અવગૃહિતગ્રાહિજ્ઞાન પ્રમાણ કહેવાય છે. વળી વાસના કયા સ્વરૂપવાળી છે ? વાસના સ્મૃતિજ્ઞાનાવરણના ક્ષયોપશમરૂપ નથી અથવા સ્મૃતિજ્ઞાન જનનશક્તિવિશેષ નથી, કેમ કે-આ બંને જ્ઞાનસ્વરૂપી નથી. અહીં જ્ઞાનના વિશેષોનો જ વિચાર છે. તે વાસના તે તે વસ્તુના વિકલ્પરૂપ નથી, કેમ કે-વાસનાનો સ્થિતિકાળ સંખ્યાતો કે અસંખ્યાતો માનેલો છે. તેટલા કાળ સુધી તે તે વસ્તુના વિકલ્પનો અભાવ છે. આવી આ શંકાના સમાધાન માટે કહે છે કે-

સમાધાન – વાસનારૂપ આ ધારણા, સંખ્યાત વર્ષના આયુષ્યવાળાઓને સંખ્યાતકાળ વર્તનારી અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાળાઓને અસંખ્યાત કાળ સુધી વર્તનારી જ્ઞાનરૂપ છે. આ વાસના, સ્મૃતિજ્ઞાનાવરણ ક્ષયોપશમરૂપ છે અથવા સ્મૃતિવિજ્ઞાન જનનશક્તિ વિશેષરૂપ છે. પૂર્વે પ્રવર્ત્તેલ અવિચ્યુતિરૂપ જ્ઞાનનું કાર્ય હોઈ, ઉત્તરકાળ ભાવિ સ્મૃતિરૂપ જ્ઞાનનું કારણ હોઈ ઉપચારથી જ્ઞાનરૂપ મનાય છે. જે પહેલાં કહેલું કે - 'અવિચ્યુતિ સ્મરણ ગ્રહિતગ્રાહી હોઈ અપ્રમાણ છે.' તે પણ ઠીક નથી, કેમ કે-ગ્રહિતગ્રાહી હોઈ અવિચ્યુતિનું ત્યારે અપ્રામાણ્ય થાય કે જો ગ્રહિત માત્ર ગ્રાહી જ અવિચ્યુતિ હોય. પરંતુ એ પ્રમાણે નથી, કેમ કે-ખરેખર, પૂર્વકાળવિશિષ્ટ વસ્તુ અપાયથી ગ્રહણ કરાય છે અને ઉત્તરકાળવિશિષ્ટ વસ્તુ અવિચ્યુતિથી ગ્રહણ કરાય છે, માટે અવિચ્યુતિ અગ્રાહીતગ્રાહી છે. એથીજ સ્પષ્ટ-સ્પષ્ટતર-સ્પષ્ટતમત્વરૂપ વિભિન્ન ધર્મવાળી વાસનાની જનક હોઈ, ભિન્ન ભિન્ન વસ્તુગ્રાહી હોઈ અગ્રહીતગ્રાહી છે. સ્મૃતિ તો, પૂર્વે અનુભવેલી વસ્તુની એકતાને (એક વસ્તુને) ગ્રહણ કરનારી હોઈ બિલ્કુલ અગ્રહિત વિષયવાળી જ છે, (કાળનો ભેદ હોવા છતાં સત્ત્વ-પ્રમેયત્વ સંસ્થાન આદિથી એક વસ્તુગ્રાહી સ્મૃતિ છે.) માટે અગૃહિત ગ્રાહી હોઈ અવિચ્યુતિ અને સ્મૃતિનું પ્રામાણ્ય નિરાબાધ છે. વિકલ્પરૂપ વાસના તો સ્વીકારાતી નથી. પ્રસંગથી અવગ્રહ આદિનું કાલમાન કહેવાય છે આદિથી ઈહા-અપાય-અવિચ્યુતિ સ્મૃતિઓનું ગ્રહણ છે. અવગ્રહપદથી વ્યાવહારિક અર્થ અવગ્રહનું ગ્રહણ છે. વ્યંજનાવગ્રહનો કાળ, જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતી આવલિકાઓ આનપાન પૃથક્ત્વ કાલમાનવાળી બે શ્વાસોચ્છ્વાસથી નવ (૯) શ્વાસોચ્છ્વાસ કાલમાનવાળી છે. નૈશ્ચયિક અર્થાવગ્રહનો સમય છે. વાસનાનો કાળ સંખ્યાતો કે અસંખ્યાતો છે. આમ મૂળમાં જ કહેલું છે.

अत्र केचिद्वदन्ति सांव्यवहारिकप्रत्यक्षभेदात्मकधारणा दृढतमावस्थापन्नोपयोगापरपर्याया-विच्युत्यात्मकापायरूपैव, न वासनारूपा, क्षयोपशमविशेषरूपायाश्शक्तिविशेषरूपाया वा तस्या अज्ञानरूपत्वेन धारणात्वासम्भवात्, नापि स्मृतिरूपा, तथा सति तादृशधारणायास्सांव्यवहारिकप्रत्यक्षप्रभेदत्वासम्भवादिति तन्मतं केचिन्मुखेन प्रतिक्षिपति–

केचित्तु आत्मशक्तिविशेष एव संस्कारशब्दवाच्योऽव्यवहितस्मृतिहेतुश्च, न धारणा, क्षायोपशमिकोपयोगानां युगपद्भावविरोधात् । परम्परया तस्यास्तद्धेतुत्वे न किञ्चिद्दूषणमिति प्राहुः ॥ २७ ॥

केचित्त्विति । श्रीमद्वादिदेवसूरिपादा इत्यर्थः । एषामयम्भावो विवक्षितवस्तुविषयकोपयोगरूपधारणाया यदि साक्षात्स्मृतिहेतुत्वं तदा स्मृतिकालं यावदनुवर्त्तनं स्यात् न चैतत्सम्भवति, छाद्मस्थिकोपयोगानामान्तर्मौहूर्त्तिकत्वेन तावदनुवृत्त्यसम्भवात् । नवा तावत्कालावस्थानमनुभूयते, अद्यानुभूतस्य परेद्युस्स्मरणीयस्य च घटादेरान्तरालिकानेकसुप्तमत्ताद्यवस्थासु प्रतीत्यभावात्, स्वरूपतो ज्ञानरूपस्संस्कारो धारणाभिधान इत्यपि न चतुरस्रम्, तथा सति यस्य पदार्थस्य कालान्तरे स्मृतिस्तावत्कालं प्रत्यक्षज्ञानात्मिका सा धारणाऽनुवर्त्तत इति प्राप्तं, तथा च सति यावदेकपदार्थसंस्काररूपं प्रत्यक्षं पुरुषे भवेत्तावदपरपदार्थसंवेदनमेव नोदीयात्, क्षायोपशमिकोपयोगानां युगपद्भावविरोधात् तस्मादात्मशक्तिविशेषस्यैव साक्षात्स्मृतिहेतुत्वं न तूपयोगरूपायाः ज्ञानरूपाया वा धारणायाः । न च स्मरणजनने नास्त्येवाऽऽत्मनश्शक्तिविशेष इति वाच्यम्, सर्वत्र शक्तिविलोपप्रसङ्गात् । चिरन्तनातीतपर्यायविशेषस्यैव कस्यचित्कार्योत्पत्तौ सर्वत्र कारणत्वेन कल्पयितुं शक्यत्वात् । पारम्पर्येण तादृशधारणाया हेतुत्वोक्तौ तु नास्माकं विरोध इति ॥ अव्यवहितस्मृतिहेतुश्चेति, स्मृतिं प्रति साक्षात्कारणमित्यर्थः । न धारणेति, उपयोगरूपा ज्ञानरूपा वा धारणा न साक्षाद्धेतुरिति भावः । परम्परया कारणत्वाङ्गीकारे सम्मतिमाह परम्परयेति ॥

અહીં કેટલાક કહે છે કે-સાંવ્યવહારિક પ્રત્યક્ષ ભેદરૂપ ધારણા, દૃઢતમ અવસ્થાપ્રાપ્ત ઉપયોગ એ જેનું બીજું નામ, એવી અવિચ્યુતિરૂપ અપાયરૂપ જ છે. વાસનારૂપ નથી, કેમ કે-ક્ષયોપશમવિશેષરૂપ કે શક્તિવિશેષરૂપ તે વાસનામાં અજ્ઞાનરૂપપણું હોઈ ધારણાપણાનો અસંભવ છે. સ્મૃતિરૂપ નથી, કેમ કે-તે પ્રકારે માન્યે છતે, સ્મૃતિરૂપ ધારણામાં સાંવ્યવહારિક પ્રત્યક્ષના પ્રભેદપણાનો અભાવ છે. આવા તે મતને ખંડિત કરે છે.

ભાવાર્થ – "કેટલાક તો આત્મશક્તિવિશેષ જ સંસ્કારશબ્દવાચ્ય છે અને અવ્યવહિત સ્મૃતિનો હેતુ છે પરંતુ ધારણા નથી, કેમ કે-ક્ષાયોપમશમિક ઉપયોગની એક કાળમાં ઉત્પત્તિનો વિરોધ છે, પરંપરાએ ધારણામાં સ્મૃતિહેતુપણું માનવામાં કોઈ દોષ નથી, એમ કહે છે."

વિવેચન – કેટલાક એટલે શ્રીમદ્ પૂજ્ય વાદીદેવસૂરીશ્વર આદિ પૂજ્યોનો આ અભિપ્રાય છે કે-વિવક્ષિત વસ્તુવિષયક ઉપયોગરૂપ ધારણા, જો સ્મૃતિ પ્રત્યે સાક્ષાત્ હેતુ છે-એમ માનવામાં આવે, તો સ્મૃતિના કાળ સુધી તે ધારણાની અનુવૃત્તિ થવી જોઈએ. આ વસ્તુ સંભવતી નથી, કેમ કે-છાદ્મસ્થિક ઉપયોગો અંતર્મુહૂર્ત્તના કાળ સુધીના હોઈ સ્મૃતિકાળ સુધી અનુવૃત્તિનો અસંભવ છે. અથવા તેટલા કાળ સુધી ધારણાનું રહેવું અનુભવાતું નથી, કેમ કે-આજે અનુભવેલ અને બીજે દિવસે સ્મરણયોગ્ય ઘટ આદિની વચ્ચે વચ્ચે અનેક સુપ્ત, મત્ત આદિ અવસ્થાઓમાં પ્રતીતિનો અભાવ છે. 'સ્વરૂપથી જ્ઞાનરૂપ સંસ્કાર ધારણા સંજ્ઞાવાળો છે.'-એવી પણ માન્યતા બરોબર નથી, કેમ કે-તેમ માનવામાં આવ્યે છતે જે પદાર્થની

કાલાન્તરમાં સ્મૃતિ છે, તેટલા કાળ સુધી 'પ્રત્યક્ષ જ્ઞાનરૂપ તે ધારણા અનુવર્તે છે'-એમ પ્રાપ્ત થયું. એમ થયે છતે જ્યાં સુધી એક પદાર્થ સંસ્કારરૂપ પ્રત્યક્ષ પુરુષમાં હોય, ત્યાં સુધી બીજા પદાર્થનું સંવેદન જ ઉદય ન પામી શકે, કેમ કે-ક્ષાયોપશમિક ઉપયોગોની એકીસાથેની ઉત્પત્તિનો વિરોધ છે. તેથી આત્મશક્તિવિશેષ જ સ્મૃતિ પ્રત્યે સાક્ષાત્ હેતુ છે, પરંતુ ઉપયોગરૂપ કે જ્ઞાનરૂપ ધારણા સાક્ષાત્ હેતુ નથી.

શંકા – સ્મરણની ઉત્પત્તિ પ્રત્યે આત્મશક્તિવિશેષ નથી જ, એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન – સર્વત્ર શક્તિના વિલોપનો પ્રસંગ આવી જાય, માટે સર્વત્ર શક્તિના રક્ષણ માટે અહીં શક્તિ માનવી જ જોઈએ. કોઈ એક પ્રાચીન-અતીત પર્યાયવિશેષની જ કાર્યની ઉત્પત્તિ પ્રત્યે સર્વત્ર કારણતારૂપે કલ્પના શક્ય છે. પરંપરાએ તાદૃશ ધારણામાં હેતુપણાના કથનમાં તો અમારો વિરોધ નથી. ઉપયોગરૂપ કે જ્ઞાનરૂપ ધારણા સ્મૃતિ પ્રત્યે સાક્ષાત્ કારણ નથી. પરંપરાએ કારણતાના સ્વીકારમાં સંમતિ છે.

ननु मतिज्ञानस्य प्रमाणत्वादनिर्णयात्मकावग्रहेहयोः कथं यथार्थनिर्णयात्मकप्रमाणत्वमित्याशङ्कायामाह–

एषाञ्च द्रव्यार्थिकनयापेक्षयैक्यं, पर्यायार्थिकनयापेक्षया च भिन्नत्वम् ॥ २८ ॥

एषाञ्चेति । मतिज्ञानप्रभेदानामवग्रहादीनामित्यर्थः । द्रव्यार्थिकनयापेक्षयेति, एकजीवद्रव्यतादात्म्येनत्यर्थः । पर्यायार्थिकनयापेक्षयेति । अपूर्वापूर्वस्य वस्तुपर्यायस्य प्रकाशकत्वादसंकीर्णस्वभावतयानुभूयमानत्वात्क्रमभावित्वाच्चेति भावः, दृश्यते हि कदाचिद्दर्शनमात्रं कदाचिद्दर्शनावग्रहौ, कदाचिद्दर्शनावग्रहेहाः, कदाचिद्दर्शनावग्रहेहापायाः, कदाचिच्च दर्शनावग्रहेहापायधारणाः प्रोक्तक्रमेणैवोत्पद्यमाना इति, तस्मादसंकीर्णतयाऽनुभूयमानत्वेन भेदेऽपि एकजीवद्रव्यतादात्म्येनाभेदान्न प्रमाणत्वव्याघात इति भावः ॥

શંકા – મતિજ્ઞાનમાં પ્રમાણપણું હોઈ અનિર્ણયરૂપ અવગ્રહ ઈહામાં યથાર્થ નિર્ણયરૂપ પ્રમાણત્વ કેવી રીતે ?

સમાધાન – આવી શંકાના સમાધાનમાં કહે છે કે-

ભાવાર્થ – "આ અવગ્રહ આદિની દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ એકતા છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ભિન્નતા છે."

વિવેચન – મતિજ્ઞાનના પ્રભેદરૂપ અવગ્રહ આદિની એક જીવદ્રવ્યના તાદાત્મ્યની અપેક્ષાએ એકતા છે. અપૂર્વ અપૂર્વ વસ્તુપર્યાયનું પ્રકાશકપણું હોવાથી, પરસ્પર ભિન્ન ભિન્ન સ્વરૂપથી અનુભવાતું હોવાથી, ક્રમથી ઉત્પદ્યમાનપણું હોવાથી ભિન્નતા છે. પ્રમાતાના વિચિત્ર ક્ષયોપશમના વશે કરી ખરેખર દેખાય છે કે-

---

१. एवं व्यञ्जनार्थावग्रहभेदेन द्विरूपोऽप्यवग्रहोऽवग्रहसामान्यादेकरूपस्तथाऽविच्युतिवासनास्मृतिभेदेन त्रिविधाऽपि धारणा धारणात्वेनैकविधेति न मतिज्ञानभेदाधिक्यशङ्केत्यपि बोध्यम् ॥

કદાચિત્ (૧) માત્ર દર્શન કદાચિત્, (૨) દર્શન અને અવગ્રહ કદાચિત્, (૩) દર્શન-અવગ્રહ-ઈહા કદાચિત્, (૪) દર્શન-અવગ્રહ-ઈહા-અપાય કદાચિત્ અને (૫) દર્શન-અવગ્રહ-ઈહા-અપાય-ધારણા, આ પ્રમાણે કહેલા ક્રમથી જ ઉત્પન્ન થતા છે. તેથી અસંકીર્ણ સ્વભાવપણાએ અનુભવાતા હોઈ, ભેદ હોવા છતાં એક જીવદ્રવ્ય તાદાત્મ્ય હોવાથી પ્રમાણપણાનો વ્યાઘાત નથી. [આ પ્રમાણે વ્યંજન-અર્થાવગ્રહના ભેદથી બે પ્રકારનો પણ અવગ્રહ, અવગ્રહ સામાન્યથી એકરૂપ છે. તેમજ અવિચ્યુતિ-વાસના-સ્મૃતિના ભેદથી ત્રણ પ્રકારની પણ ધારણા ધારણાત્વની અપેક્ષાએ એક પ્રકારની છે, માટે મતિજ્ઞાનભેદની અધિકતાની શંકા નહીં કરવી.]

ननु किं दर्शनादीनामयमेवोत्पत्तिक्रमः किं वा प्रकारान्तरेणापीत्याशङ्कायामाह—

तथा चायं क्रमः, इन्द्रियार्थयोर्योग्यताख्ये सम्बन्धे सति सन्मात्रं दर्शनाख्यं प्रथमतस्समुन्मीलति, इदं किञ्चिदिति । ततः केनचिज्जात्यादिनाऽवग्रहोऽयं मनुष्य इति ततोऽनिर्धारितरूपेण संशयोऽयं पौरस्त्यो वा पाश्चात्यो वेति । ततो नियताकारेण सम्भावनात्मिकेहाऽनेन पाश्चात्येन भवितव्यमिति। अनन्तरमीहिताकारेण निर्णयात्मकोऽपायोऽयं पाश्चात्य एवेति । ततः कालान्तरस्मृतिहेतुत्वेन धारणोदेतीति ॥ २९ ॥

तथा चेति । कथञ्चित्तेषां भेदे चेत्यर्थः, क्रमः, उत्पत्तिक्रमः, तथैवानुभवात् तथैव तत्तदावरणक्षयोपशमभावादिति भावः । इन्द्रियार्थयोः-विषयविषयिणोः, योग्यताख्येयथायोगमनतिदूरासन्नव्यवहितदेशाद्यवस्थानरूपे संश्लेषरूपे वा सम्बन्धे, सन्मात्रं दर्शनाख्यं निःशेषविशेषवैमुख्येन निराकारो बोधः । तस्याभिलापकं[1] शब्दप्रयोगमाह इदमिति, तत इति तदुत्तरकालमित्यर्थः, अदृष्टस्यावग्रहणाभावादिति भावः । केनचिज्जात्यादिनेति, सत्त्वव्याप्यमनुष्यत्वादिजातिविशिष्टत्वादिनेत्यर्थः। अवग्रह इति, उदेतीत्युत्तरस्थेनान्वयः । व्यावहारिकावग्रहोऽयं,नैश्चयिकापायश्च[2] । तत इति,विना विग्रहं संदेहाभावादिति भावः, अनिर्धारित रूपेणेतिकस्यापि विशेषधर्मस्यारूपलम्भेन नानाधर्मप्रकार तयेत्यर्थः, तत इति संशय-मन्तरेणेहाया अप्रवृत्तेरिति भावः । नियताकारेणेति यत्किञ्चिद्विशेषधर्मोपलम्भेनेत्यर्थः । संभावनात्मिकेति

---

१. प्राथमिकनैश्चयिकार्थावग्रहापेक्षयास्यापायत्वेऽपि भाविविशेषापेक्षया सामान्यस्य ग्राहकत्वाद् व्यावहारिकार्था वग्रहरूपत्वेन तदभिलापकशब्दसत्त्वे बाधकाभावादित्याशयेनाह तस्याभिलापकमिति ॥

२. नैश्चयिकार्थावग्रहो निरुपचरित एकसामयिकत्वात्सामान्यवस्तुमात्रग्राहकः सामयिकानि हि ज्ञानादीनि वस्तूनि परमयोगिन एवावगच्छन्तीति नैश्चयिक उच्यते, सामयिकत्वादेव चासौ न विशेषविषयः, विशेषज्ञानस्यासंख्येयसामयिकत्वात्, विशेषविषयकत्वे तस्याभ्युपगम्यमाने च निश्चयरूपत्वापत्त्या मतिमात्रस्यापायरूपत्वं स्यात्, निश्चयस्यापायत्वादित्यभिप्रायेण नैश्चयिकापायत्वं मूलोक्तावग्रहस्योक्तम्, छद्मस्थव्यवहारिभिस्तस्य व्यवह्रियमाणत्वात् व्यावहारिकोऽर्थावग्रह उपचरित इति भावः ॥

स्पष्टीयविषयताया अभावेऽपि तदुन्मुखत्वाद्विलक्षणप्रकारतावतीति भावः । अनन्तरमिति, अन्तरेणेहामपायाप्रवृत्तेरिति भावः । न चावग्रहेहयोर्न ज्ञानत्वं संशयादिवत्स्पष्टार्थनिर्भासाभावादिति वाच्यम्, आत्मधर्मत्वे सति संशयविपर्ययानध्यवसायेष्वनन्तर्भावेण तत्सिद्धेः । न च निश्चयान्यस्य संशयरूपत्वेनाज्ञानत्वमिति वाच्यम्, निश्चयोपादानक्षणस्यापि सर्वथाऽज्ञानत्वप्रसङ्गात्, न चेष्टापत्तिर्निश्चयस्याप्यज्ञानतापत्तेः । न चावग्रहस्यानिर्देश्यसामान्यमात्रावगाहित्वेनानध्यवसायत्वमिति वाच्यम्, तत्र साक्षादध्यवसायत्वाभावेऽपि तद्योग्यतायास्सत्त्वात्, अन्यथा तत्कार्येष्वपायादिष्वपि तदभावप्रसङ्गात्, अतिमत्तमूर्च्छितादीनामेव ज्ञानस्यानध्यवसायरूपत्वात्, तदुत्तरं तत्रापायादर्शनेन तद्योग्यताया अभावादिति । ईहिताकारेण निर्णयात्मक इति, तद्वृत्तिधर्मानुगमनतदवृत्तिधर्मव्यतिरेकाभ्यां तद्धर्मवत्तानिश्चयरूपस्तदितरधर्माभाववत्तानिश्चयरूपो वेत्यर्थः । तत इति अवेतस्यैव धार्यमाणत्वादिति भावः, धारणेति, अविच्युतिरूपा वा तज्जन्यवासनासंस्कारशब्दवाच्याऽऽत्मशक्तिविशेषरूपा वेत्यर्थः । उदेतीतीति । ईदृशक्रमेणैवावग्रहादय उत्पद्यन्ते नोक्रमव्यतिक्रमाभ्यां न्यूनत्वेन वा, ज्ञेयक्षयोपशमस्येत्थमेव ज्ञानजननस्वभावत्वात् । क्वचिद्भ्यस्तेऽपायमात्रस्य दृढवासने विषये स्मृतिमात्रस्य च दर्शनेऽपि सौक्ष्म्यादुत्पलपत्रशतव्यतिभेद इवावग्रहादिक्रमो नोपलक्ष्यत इति भावः ॥

શું દર્શન આદિનો આ જ ઉત્પત્તિ(અનુભવ)નો ક્રમ છે કે શું પ્રકારાન્તરથી પણ ક્રમ છે ? આવી શંકામાં કહે છે કે-

ભાવાર્થ – તથા ચ આ ક્રમ ઇન્દ્રિય અર્થની યોગ્યતાનામક સંબંધ હોયે છતે દર્શન નામનું સન્માત્ર પહેલાં પ્રકટ થાય છે. જેમ કે-'આ કાંઈક છે' ઇતિ. ત્યારબાદ કોઈ એક જાતિ આદિદ્વારા અવગ્રહ. જેમ કે-'આ મનુષ્ય છે' ઇતિ. ત્યારબાદ અનિશ્ચિતરૂપે સંશય. જેમ કે-'આ પૌરસ્ત્ય છે કે પાશ્ચાત્ય છે ?' ઇતિ. ત્યાર પછી નિયત આકારે સંભાવના રૂપ ઈહા. જેમ કે-'આ પૌરસ્ત્ય હોવો જોઈએ' ઇતિ. ત્યાર બાદ ઇહિત આકારે નિર્ણય આત્મક અપાય. જેમ કે-આ પૌરસ્ત્ય જ છે' ઇતિ. ત્યાર બાદ કાલાન્તરમાં સ્મૃતિના હેતુપણાએ ધારણા ઉદય પામે છે. ઇતિ."

વિવેચન – કથંચિત્ તેઓનો ભેદ હોયે છતે ઉત્પત્તિક્રમ છે, કેમ કે-તે પ્રકારે અનુભવ છે, તે તે આવરણ ક્ષયોપશમભાવ છે. વિષયવિષયીભૂત ઇન્દ્રિય અને અર્થનો યોગ્યતાનામકયોગ પ્રમાણે અનતિદૂર આસન્નવ્યવહિત દેશ આદિ અવસ્થાનરૂપ કે સંશ્લેષરૂપ સંબંધ હોયે છતે, દર્શનનામક સન્માત્ર-સર્વવિશેષના વિમુખપણાએ નિરાકાર બોધ થાય છે તેનો વાચકશબ્દપ્રયોગ કહે છે. 'આ કાંઈક છે.' જે દૃષ્ટ ન હોય, તેનો અવગ્રહ નહીં હોવાથી. તેના ઉત્તરકાળમાં કોઈ એક જાતિ આદિથી એટલે સત્ત્વવ્યાપ્ય મનુષ્યત્વ આદિ જાતિવિશિષ્ટપણા આદિથી વ્યાવહારિક અવગ્રહ (નૈશ્ચયિક અપાય) થાય છે. જેમ કે-'આ મનુષ્ય છે.'

અવગ્રહ સિવાય સંદેહનો અભાવ હોવાથી, ત્યાર બાદ કોઈ પણ વિશેષધર્મની અપ્રાપ્તિ હોવાથી, સંશયથી નિયત આકારે, એટલે યત્કિંચિત્ વિશેષધર્મની પ્રાપ્તિથી સંભાવના આત્મક એટલે સ્પષ્ટ (પ્રત્યક્ષ) નિરૂપિત વિષયતાનો અભાવ છતાં, તે સ્પષ્ટ જ્ઞાન સન્મુખ હોવાથી વિલક્ષણ પ્રકારતાવાળી ઈહા છે, ત્યારબાદ ઈહા સિવાય અપાયની પ્રવૃત્તિનો અભાવ હોવાથી ઈહિત આકારે અપાય થાય છે.

શંકા – અવગ્રહ અને ઈહા જ્ઞાનરૂપ નથી, કેમ કે-સંશય આદિની માફક સ્પષ્ટ અર્થના પ્રકાશનો અભાવ છે ને ?

સમાધાન – આત્માનો ધર્મ હોયે છતે, સંશય-વિપર્યય-અનધ્યવસાયોમાં અંતર્ભાવનો અભાવ હોઈ જ્ઞાનરૂપની સિદ્ધિ છે.

પૂર્વપક્ષ – નિશ્ચયથી અન્ય છે તે સંશયરૂપ હોઈ અજ્ઞાનરૂપ છે, તો જ્ઞાનરૂપ કેમ કહેવાય ?

ઉત્તરપક્ષ – જો આમ માનો, તો નિશ્ચયના ઉપાદાનના ક્ષણમાં પણ સર્વથા અજ્ઞાનતાનો પ્રસંગ આવી જાય. આવી ઈષ્ટાપત્તિ કરી શકાશે નહિ, કેમ કે-નિશ્ચયમાં પણ અજ્ઞાનતાની આપત્તિ થઈ જાય !

પૂર્વપક્ષ – વળી અવગ્રહ અનિર્દેશ્ય (શબ્દથી અવાચ્ય) સામાન્ય માત્ર અવગાહી હોઈ અનધ્યવસાયરૂપ કેમ નહીં ?

ઉત્તરપક્ષ – તે અવગ્રહમાં સાક્ષાત્ અધ્યવસાયપણાનો અભાવ છતાં સાક્ષાત્ અધ્યવસાયની યોગ્યતા છે, માટે તે અનધ્યવસાયરૂપ નથી. જો યોગ્યતાવાળામાં અધ્યવસાય ન માનો, તો તે અવગ્રહ આદિના કાર્યરૂપ અપાય આદિમાં તે અધ્યવસાયતાના અભાવનો પ્રસંગ આવે છે.

o અતિમત્ત-મૂર્ચ્છિત આદિમાં જ જ્ઞાનની અનધ્યવસાયરૂપતા છે, કેમ કે-અતિમત્તતા આદિના ઉત્તરકાળમાં ત્યાં અપાયનું અદર્શન હોઈ અધ્યવસાયની યોગ્યતાનો અભાવ છે. ઇતિ. 'ईहिताकारेण निर्णयात्मक इति ।' તેમાં રહેલ ધર્મનું અનુગમન (અન્વય) અને તેમાં નહીં રહેનાર ધર્મના વ્યતિરેક (અભાવ) દ્વારા તે ધર્મવત્તાનો નિશ્ચયરૂપ નિર્ણય અથવા તેનાથી અન્ય ધર્મના અભાવતાના નિશ્ચયરૂપ નિર્ણયરૂપ અપાય થાય છે.

o અપાયવાળો વિશેષ જ ધારણાનો વિષય થતો હોવાથી, ત્યારબાદ અવિચ્યુતિરૂપ કે અવિચ્યુતિજન્ય વાસના-સંસ્કારશબ્દવાચ્ય આત્મશક્તિવિશેષરૂપ ધારણા થાય છે.

o અવગ્રહ આદિ ચારોમાં ઉત્તર ઉત્તર પ્રત્યે પૂર્વ પૂર્વની કારણતા હોઈ, આવા પૂર્વોક્ત ક્રમથી (પૂર્વાનુપૂર્વી ભવનરૂપ ક્રમથી) જ અવગ્રહ આદિ ઉત્પન્ન થાય છે પરંતુ ઉત્ક્રમ=પશ્ચાનુપૂર્વી ભવનરૂપ ઉત્ક્રમ. જેમ કે-પહેલાં ધારણા, પછી અપાય, પછી ઈહા અને પછી અવગ્રહ. વ્યતિક્રમ=અનાનુપૂર્વી ભવનરૂપ વ્યતિક્રમ. જેમ કે-કદાચ અવગ્રહને ઉલ્લંઘી ઈહા, ઈહાને ઉલ્લંઘી પણ અપાય, તે અપાયને ઉલ્લંઘી ધારણા, આવા ઉત્ક્રમ-વ્યતિક્રમથી કે ન્યૂનપણાએ (આ અવગ્રહ આદિ મધ્યે કદાચિત્ અવગ્રહનું થવું, કદાચિત્ અવગ્રહ-ઈહાનું થવું, કદાચિત્ અવગ્રહ-ઈહા-અપાયોનું જ થવું. આવી રીતે ન્યૂનપણાએ) ઉત્પન્ન થતા નથી, કેમ કે-જ્ઞેયનો આ પ્રમાણે જ જ્ઞાનની ઉત્પત્તિ પ્રત્યે સ્વભાવ છે. [જે ક્રમથી દર્શન-જ્ઞાનાવારણકર્મનો ક્ષયોપશમરૂપ કારણ થાય છે, તે જ ક્રમથી દર્શન-અવગ્રહ આદિરૂપ કાર્યો ઉત્પન્ન થાય છે.]

શંકા – ફરી ફરી જોયેલ-વિચારેલ-કહેલ વસ્તુના વિષયમાં ફરીથી અવલોકન થતાં, અવગ્રહ અને ઈહાને છોડી પહેલેથી જ અપાયની પ્રવૃત્તિ દેખાય છે. ક્વચિત્ ફરીથી, પહેલાં ઉપલબ્ધ સુનિશ્ચિત દૃઢ વાસનાના વિષયભૂત કરેલ અર્થમાં અવગ્રહ-ઈહા-અપાયોનું ઉલ્લંઘન કરીને પણ સ્મૃતિરૂપ ધારણા થાય છે, તો અવગ્રહ આદિ ઉત્ક્રમ-વ્યતિક્રમ કે ન્યૂનપણાએ ઉત્પન્ન થતાં નથી.' આમ ખાલી કહેવાય છે ને ?

સમાધાન – સોયા વગેરેથી સો (૧૦૦) કમલપત્રોના ભેદના વિષયમાં જેમ ક્રમથી જ પત્રોનો ભેદ છે અને સૂક્ષ્મતાના (શીઘ્રતાના) કારણે ક્રમ દેખાતો નથી, તેમ જ્યાં અભ્યાસના વિષયભૂત પદાર્થમાં અપાય જ માત્ર દેખાય છે, ત્યાં પણ અપાયના પહેલા અવગ્રહ અને ઈહાનું અસ્તિત્વ જ છે. ક્રમથી જ અવગ્રહ-ઈહા-અપાય-ધારણા ત્યાં પણ છે જ. સૂક્ષ્મતાથી ક્રમ દેખાતો નથી. એટલે જ 'અહીં અપાય જ છે.'-એવું અભિધાન છે. એ પ્રમાણે દૃઢ વાસનાના વિષયભૂત પદાર્થમાં પણ અવગ્રહ-ઈહા-અપાયપૂર્વક જ સ્મૃતિ છે. સૂક્ષ્મતાથી (શીઘ્ર ઉત્પત્તિથી) ક્રમ જણાતો નથી. 'અહીં ફક્ત સ્મૃતિ જ છે'-એ અભિધાન છે.

तदेवमिन्द्रियानिन्द्रियजभेदेन सांव्यवहारिकप्रत्यक्षं निरूप्य द्वयोरप्यनयोर्मतिश्रुतभेदत्वेन द्वैविध्यात्प्रथमतो मतिज्ञानं लक्षयति–

इन्द्रियमनोऽन्यतरजन्योऽभिलापनिरपेक्षस्स्फुटावभासो मतिज्ञानम् ॥ ३० ॥

इन्द्रियेति । इन्द्रियमनोऽन्यतरजन्यत्वे सति अभिलापनिरपेक्षज्ञानत्वं लक्षणम् । अत्र स्फुटावभासत्वपदं सर्वज्ञानानां स्वांशे स्पष्टावभासत्वमेवेति सूचयितुं, तेनास्य परोक्षत्वेन कथं स्वप्रकाशत्वमिति शङ्का निरस्ता । श्रुतज्ञानवारणाय विशेष्यम्, अवध्यादिवारणाय विशेषणम्, अभिलापनिरपेक्षत्वञ्च श्रुताननुसारित्वं तत्र श्रुतानुसारित्वञ्च धारणात्मकपदपदार्थसम्बन्धप्रतिसन्धानजन्यत्वं तेनेहापायधारणात्मकेषु मतिज्ञानविशेषेषु पदविषयतायास्सत्त्वेऽपि नाव्याप्तिः, तत्र पदविषयतायास्सविकल्पकसामग्रीमात्रप्रयोज्यत्वात्, न चेहादीनि पदपदार्थप्रतिसन्धानजन्यज्ञानानि, घट इत्याद्यपायोत्तरमयं घटनामको नवेति संशयादर्शनात् तत्तन्नाम्नोऽप्यपायत्वेन ग्रहणात् पदपदार्थसम्बन्धप्रतिसन्धानाभाववतोऽपि पुरुषस्याभ्यासपाटवेन तदुदयाच्च । संकेतग्रहकाल एव हि श्रुतानुसारित्वमीहादीनां, न तु व्यवहारकाले । अथ एव मतित्वसामानाधिकरण्येन श्रुतपूर्वत्वनिषेधः "न मई सुअपुव्वि" इत्यनेनाभिहितः । श्रुतज्ञानं प्रति धारणात्वेन मतिज्ञानस्य हेतुत्वेन तद्धारणोपयोगे 'इदं पदमस्य वाचकं, अयमर्थ एतत्पदवाच्य' इति पदपदार्थसम्बन्धग्रहस्यापि ध्रौव्येण तज्जनितज्ञानस्यैव श्रुतानुसारित्वं, अत एव च श्रुतत्वावच्छेदेन मतिपूर्वत्वविधिः 'मइपुव्वं सुअं' इत्यनेन कृतः । व्यवहारकाले जायमानावग्रहादीनां श्रुतोपयोगाभावादेव पदपदार्थसम्बन्धवासनाप्रबोधकालीनत्वेऽपि श्रुतनिश्रितमतिज्ञानत्वम् स्वसमानाकारश्रुतज्ञानाहितवासनाप्रबोधसमानकालीनत्वे सति श्रुतोपयोगा-

भावकालीनस्यैवावग्रहादेश्श्रुतनिश्रितत्वात् । उक्तवासनाप्रबोधकाले मतिज्ञानसामग्रीसत्त्वेऽपि श्रुतोपयोगे श्रुतज्ञानमेव जायते, श्रुतोपयोगस्योत्तेजकत्वात् परैरपि प्रत्यक्षज्ञानसामग्र्याः शाब्दबोधप्रतिबन्धकत्वेऽपि शाब्देच्छा[१]यां शाब्दबोधस्य स्वीकृतत्वात् । निरुक्तवासनाप्रबोधासमानकालीनञ्च मतिज्ञानमौत्पत्तिक्यादिचतुर्भेदश्रुतनिश्रितं भवति । अपूर्वाभयकुमारादिव्यक्तिविशेषबुद्धौ त्वौत्पत्तिकीत्वमेवाश्रयणीयम्, प्रागनुपलब्धेऽर्थे श्रुतज्ञानाहितवासनाप्रबोधाभावेन श्रुतनिश्रितज्ञानासम्भवात् । धारणायाः श्रुतज्ञानहेतुत्व एव च मतिश्रुतयोर्लब्धियौगपद्येऽप्युपयोगक्रमस्सङ्गच्छते प्रागुपलब्धार्थस्य चोपलम्भे धारणाहितश्रुतज्ञानाहितवासनाप्रबोधान्वयाच्छ्रुतनिश्रितमावश्यकम्, धारणादिरहितानामेकेन्द्रियादीनां त्वाहारादिसंज्ञान्यथानुपपत्त्याऽन्तर्जल्पाकारं विवक्षितार्थवाचकं शब्दसंस्पृष्टार्थज्ञानरूपं श्रुतज्ञानं क्षयोपशममात्रजनितं जात्यन्तरमेवेति संक्षेपः ॥

તેથી આ પ્રમાણે ઇન્દ્રિયજ-અનિન્દ્રિયજના ભેદથી સાંવ્યવહારિક પ્રત્યક્ષનું નિરૂપણ કરી, આ બંને પણ મતિ અને શ્રુતના ભેદરૂપ હોઈ બે પ્રકારના છે, માટે પહેલાં મતિજ્ઞાનનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – ઇન્દ્રિયથી કે મનથી જન્ય, શબ્દથી નિરપેક્ષ, સ્પષ્ટ અવભાસ, એ 'મતિજ્ઞાન' કહેવાય છે.

વિવેચન – ઇન્દ્રિય કે મનથી જન્ય હોયે છતે, અભિલાપ નિરપેક્ષ જ્ઞાનત્વ એ મતિજ્ઞાનનું લક્ષણ છે. અહીં 'સ્ફુટ અવભાસ' એવું પદ, સર્વજ્ઞાનોનું સ્વજ્ઞાનાંશમાં સ્પષ્ટ અવભાસપણું જ છે, એમ સૂચવવા માટે છે. તેથી આ મતિજ્ઞાનનું પરોક્ષપણું હોઈ કેવી રીતે સ્વપ્રકાશ(પ્રત્યક્ષ)પણું છે, એવી શંકાનું નિરાકરણ થઈ જાય છે.

શ્રુતજ્ઞાનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'અભિલાપ નિરપેક્ષ'રૂપ વિશેષ્ય દળ છે. અવધિ આદિમાં અવ્યાપ્તિના વારણમાટે 'ઇન્દ્રિયમનોऽન્યતર જન્યત્વે સતિ' એ રૂપ વિશેષણ દળ છે.

અભિલાપ નિરપેક્ષત્વ એટલે શ્રુતને નહીં અનુસરવું. શ્રુતાનુસારિત્વ એટલે ધારણારૂપ મતિજ્ઞાન નિરૂપદ પદાર્થ સંબંધ પ્રતિસંધાન (સંયોજન)થી જન્યપણું છે. (સંકેતકાળની અપેક્ષાએ આ સમજવાનું છે.) તેથી વ્યવહારકાળમાં શ્રુતાનુસારિ ઈહા-અપાય-ધારણારૂપ મતિજ્ઞાનવિશેષોમાં શબ્દોલ્લેખ સહિતપણું હોવા છતાં અવ્યાપ્તિ નથી. ત્યાં પદવિષયના સવિકલ્પક જ્ઞાનની સામગ્રી માત્રથી જન્ય છે. વળી ઈહા આદિ પદપદાર્થ સંબંધ પ્રતિસંધાનજન્ય જ્ઞાનરૂપ નથી, કેમ કે-'આ ઘટ છે' ઇત્યાદિ અપાય પછી 'આ ઘટ' ઘટનામ સંજ્ઞાવાળો છે કે નહીં ?-એવો સંશય દેખાતો નથી. તે તે નામશબ્દમાં પણ અપાયપણાના ગ્રહણથી, પદપદાર્થ સંબંધ પ્રતિસંધાનના અભાવવાળા પણ પુરુષમાં [અનભ્યાસદશામાં આ અર્થ આ

१. यत्रैकस्मिन्वस्तुनि प्रत्यक्षज्ञानस्य सामग्री शाब्दबोधस्य च सामग्री वर्त्तते तत्र प्रत्यक्षज्ञानमेव भवति न शाब्दबोधस्तत्र प्रत्यक्षसामग्र्याः प्रतिबन्धकत्वात्परन्तु शाब्देच्छा यदि स्यात्तदा शाब्दबोध एव भवतीति शाब्दबोधे सेच्छा उत्तेजिका, तथैव प्रकृतेऽपीति भावः ॥

શબ્દનો વાચ્ય છે. આવું અવધારણ ત્યાં સુધી કરતો નથી કે જ્યાં સુધી આ શબ્દનો આ અર્થમાં, અમુક પુરુષે સંકેત કર્યે છતે, આ અર્થ આ શબ્દનો વાચ્ય છે. આ પદ આ અર્થનું વાચક છે. આ પ્રમાણે સ્મરણ નથી કરી શકતો ત્યાં સુધી તેથી અનભ્યાસદશાની માફક, વ્યવહારકાળમાં પણ સંકેતના અનુસરણનું આવશ્યકપણું નથી. તે વખતે વાચ્ય-વાચકભાવ સંયોજનથી લબ્ધ અર્થના અવગાહન વિશેષ સ્વરૂપવાળા શ્રુતાનુસારિ અવગ્રહ આદિનું શ્રુતપણું હોવા છતાં, અભ્યાસદશામાં શબ્દશ્રવણથી તેના વાચ્ય-વાચકભાવનું એકદમ-જલ્દી ઉદ્‌બુદ્ધ સંસ્કારના વશે સ્મરણ થયે છતે, તે તે શબ્દવાચ્ય અર્થાવગ્રહ આદિની કથિત સંકેતના અનુસરણ સિવાય પણ સત્તા હોવાથી, શબ્દના અશ્રવણમાં પણ અર્થનો ઇન્દ્રિયાદિ સન્મુખ પણ આદિરૂપ સંનિકર્ષમાં તે અર્થવાચક શબ્દનું ઉદ્‌બુદ્ધ સંસ્કારથી સ્મરણ થયે છતે, તે શબ્દસંસૃષ્ટ અર્થાવગ્રહ આદિની સત્તા હોવાથી તે અવગ્રહ આદિનું મતિજ્ઞાનત્વ છે જ, એમ ભાવ સમજવો.] અભ્યાસની પટુતાથી તે ઈહા આદિનું શ્રુત અનુસારિપણું છે, પરંતુ વ્યવહારકાળમાં (કાર્યસમયમાં) શ્રુતાનુસારિપણું નથી. એથી જ મતિત્વના સામાનાધિકરણ્યની અપેક્ષાએ શ્રુતપૂર્વત્વનો નિષેધ છે. શ્રુતજ્ઞાન પ્રત્યે ધારણારૂપે મતિજ્ઞાન હેતુ છે. તેથી ધારણાના ઉપયોગમાં 'આ પદ આ અર્થનું વાચક છે, આ અર્થ આ પદથી વાચ્ય છે.'-આવા પદપદાર્થસંબંધ જ્ઞાનની ધ્રુવતા હોઈ પદપદાર્થસંબંધ પ્રતિસંધાનજનિત જ્ઞાન જ શ્રુતાનુસારિ છે. એથી જ શ્રુતત્વની અપેક્ષાએ મતિપૂર્વક શ્રુત છે, એવું વિધાન 'मतिपूर्वश्रुतं' એ વાક્યથી કહેલ છે.

○ વ્યવહારકાળમાં ઉત્પન્ન થનાર અવગ્રહ આદિમાં શ્રુતના ઉપયોગનો અભાવ હોવાથી જ પદપદાર્થસંબંધજન્ય વાસના(ધારણા)ના પ્રબોધકાળવર્તીપણું હોવાછતાં શ્રુતનિશ્રિત મતિજ્ઞાનપણું છે, કેમ કે-સ્વ(વાસના)સમાન આકારવાળા શ્રુતજ્ઞાનજનિત વાસના પ્રબોધસમાન કાળવર્તી હોયે છતે શ્રુતના ઉપયોગના અભાવકાળવર્તી જ અવગ્રહ આદિ શ્રુતનિશ્રિત છે.

○ ઉપર્યુક્ત વાસનાના પ્રબોધકાળમાં મતિજ્ઞાનની સામગ્રીની હાજરી છતાં શ્રુતના ઉપયોગમાં શ્રુતજ્ઞાન જ ઉત્પન્ન થાય છે, કેમ કે-શ્રુતનો ઉપયોગ ઉત્તેજક (પ્રતિબંધક સમવધાનકાલીન કાર્યજનક) બીજાઓએ પણ પ્રત્યક્ષજ્ઞાનની સામગ્રી શાબ્દબોધની પ્રતિબંધક છતાં શાબ્દબોધની ઇચ્છામાં શાબ્દબોધનો સ્વીકાર કરેલો છે.

પૂર્વોક્ત વાસના પ્રબોધના અસમાનકાળવર્તી મતિજ્ઞાન, ઔત્પાતિકી-વૈનયિકી-કાર્મિકી-પારિણામિકી મતિરૂપ ચાર ભેદવાળું અશ્રુત નિશ્રિત થાય છે. અભયકુમાર આદિ વ્યક્તિવિશેષ બુદ્ધિમાં તો ઔત્પાતિકી આદિપણું છે એમ જાણવું, કેમ કે-પૂર્વે અનુપલબ્ધ અર્થમાં શ્રુતજ્ઞાનજનિત વાસનાના પ્રબોધનો અભાવ હોવાથી શ્રુતનિશ્રિત જ્ઞાનનો અસંભવ છે.

○ ધારણા શ્રુતજ્ઞાનનો હેતુ છે, એવા કાર્ય-કારણભાવ હોયે છતે જ, મતિ અને શ્રુતજ્ઞાનની લબ્ધિની એક કાળમાં ઉત્પત્તિ હોવા છતાં ઉપયોગનો ક્રમ સંગત થાય છે.

० પૂર્વ ઉપલબ્ધ અર્થના ઉપલંભમાં ધારણાકૃત શ્રુતજ્ઞાનજનિત વાસનાના પ્રબોધનો અન્વય હોવાથી શ્રુતનિશ્રિતપણું આવશ્યક છે.

० ધારણા આદિ રહિત એકેન્દ્રિય આદિમાં તો આહાર આદિ સંજ્ઞાની અન્યથાનુપપત્તિથી આંતરિક ઉચ્ચારણરૂપ અન્તર્જલ્પના આકારવાળું વિવક્ષિત અર્થવાચક શબ્દ સંસ્પૃષ્ટાર્થજ્ઞાનરૂપ શ્રુતજ્ઞાન, ક્ષયોપશમ માત્રથી જનિત જાત્યંતરરૂપ જ છે, એમ જાણવું.

अथ मतिज्ञानस्य यावत्प्रकारान् दर्शयति–

इदञ्च प्रत्येकेन्द्रियैर्मनसा चावग्रहादिक्रमेण जायमानत्वाच्चतुर्विंशतिविधम् । रसनादीन्द्रियैश्चतुर्भिरेव चतुर्विधा व्यञ्जनावग्रहा भवन्ति, न चक्षुर्मनोभ्यां, विषयेन्द्रिय-संश्लेषाभावात् । स्पर्शनादीन्द्रियाणामुपकरणात्मकानां स्पर्शाद्याकारेण परिणत-पुद्गलानाञ्च यः परस्परं संश्लेषस्सा व्यञ्जनेत्युच्यते । सोऽयं चतुर्विधो व्यञ्जनावग्रह इति मिलित्वाष्टाविंशतिविधं मतिज्ञानम् । श्रुतज्ञाने तु नावग्रहादयो भवन्ति ॥ ३१ ॥

इदञ्चेति, मतिज्ञानञ्चेत्यर्थः । प्रत्येकेन्द्रियैः-प्रत्येकं चक्षूरसनघ्राणत्वक्श्रोत्रेन्द्रियैः, अवग्रहादिक्रमेणेति, चक्षुरवग्रहश्चक्षुरीहा चक्षुरपायश्चक्षुर्धारणेत्येवंक्रमेणेत्यर्थः । तत्रावग्रहस्य व्यञ्जनार्थावग्रहरूपेण द्वैविध्यात्पूर्वोक्तावग्रहस्यार्थावग्रहरूपत्वेन व्यञ्जनावग्रहं वक्ति रसनादीति, आदिना घ्राणत्वक्श्रोत्राणां ग्रहणम् । चतुर्भिरेवेत्यत्रैवशब्दव्यवच्छेद्यमाह नेति । तत्र निबन्धन-माह विषयेति । निश्चयतः कार्योत्पत्तावविकलकारणस्यैव व्याप्यत्वेन ज्ञाने उपयोगेन्द्रियस्यैवा-विकलकारणत्वेन व्यञ्जनावग्रहकालेऽव्यक्ततया तत्सत्त्वात्तदा ज्ञानमवश्यं भवत्येवेति व्यञ्जनावग्रहोऽयं ज्ञानात्मा कारणांशो बोध्यः । व्यञ्जनां स्वरूपयति स्पर्शनादीन्द्रियाणामिति, आदिना श्रोत्रघ्राणरसनानां ग्रहणम् । ननु व्यञ्जनावग्रहः प्राप्यकारिणामेवेन्द्रियाणां न त्वप्राप्यकारिणां तत्र कः कारणांशः, यद्यार्थावग्रहस्तर्हि स एव व्यञ्जनावग्रहस्थलेऽप्यस्तु इति चेन्न तत्रापि प्रागर्थावग्रहाल्लब्धीन्द्रियस्य ग्रहणोन्मुखपरिणामस्यैव कारणांशतयाऽभ्युपगमात् । निगमयति मतेर्भेदं सोऽयमिति । अष्टाविंशतिविधमिति, उपलक्षणमेतत्, तेन स्वस्वप्रतिपक्ष-सहितैर्बहुबहुविधक्षिप्रानिश्रितनिश्रितध्रुवैः प्रत्येकं भिन्नानामेषां षट्त्रिंशदधिकत्रिशतविधत्वे-ऽपि न क्षतिः,-अत्र सर्वत्र क्षयोपशमस्योत्कर्षापकर्षौ निमित्ते भवत इति । किं श्रुतज्ञानेऽप्यव-ग्रहादिभेदोऽस्तीत्यत्राह श्रुतज्ञाने त्विति । तुर्भिन्नार्थोपक्रमे, मतिज्ञानाभावे श्रुतज्ञानाभावाद्विशेष-विषये तस्मिन्नवग्रहासम्भवेनेहादीनामप्यसम्भवादिति भावः ॥

મતિજ્ઞાનના સર્વ પ્રકારોને દર્શાવે છે

ભાવાર્થ – "આ મતિજ્ઞાન, દરેક ઇન્દ્રિયોથી અને મનથી અવગ્રહ આદિ ક્રમથી પેદા થતું હોવાથી ચોવીશ (૨૪) પ્રકારવાળું છે. રસન આદિ ચાર ઇન્દ્રિયોથી ચાર પ્રકારના વ્યંજનાવગ્રહો થાય છે. ચક્ષુ અને મનથી નહીં, કેમ કે-વિષય અને ચક્ષુ, મનનો સંશ્લેષનો અભાવ છે. ઉપકરણસ્વરૂપી સ્પર્શન આદિ ઇન્દ્રિયોનો અને સ્પર્શ આદિ આકારે પરિણત પુદ્ગલોનો જે પરસ્પર સંશ્લેષ, તે 'વ્યંજના' કહેવાય છે. ઉપર્યુક્ત અને આ ચાર પ્રકારનો વ્યંજનાવગ્રહ, એમ મળીને અઠ્ઠાવીશ (૨૮) પ્રકારનું મતિજ્ઞાન છે. શ્રુતજ્ઞાનમાં તો અવગ્રહ આદિ હોતા નથી."

વિવેચન – આ મતિજ્ઞાન દરેક ચક્ષુ-રસન-ઘ્રાણ-સ્પર્શન-શ્રોત્રરૂપ ઇન્દ્રિયોથી અને મનવડે ચક્ષુ અવગ્રહ, ચક્ષુ ઇહા, ચક્ષુ અપાય અને ચક્ષુ ધારણા ઇત્યાદિ ક્રમથી પેદા થાય છે. ત્યાં અવગ્રહ, વ્યંજન-અર્થાવગ્રહરૂપે બે પ્રકારનો હોવાથી પૂર્વોક્ત અવગ્રહ અર્થાવગ્રહ રૂપ હોઈ 'વ્યંજનાવગ્રહ'ને કહે છે. 'रसनादि' ઇતિ, આદિપદથી ઘ્રાણ-સ્પર્શન-શ્રોત્રોનું ગ્રહણછે. અહીં એવ શબ્દથી વ્યવચ્છેદયોગ્યને કહે છે કે-ચક્ષુ, મનથી નહીં. ત્યાં મૂળ કારણને કહે છે 'विषयेति ।' નિશ્ચયથી કાર્યની ઉત્પત્તિ પ્રત્યે પરિપૂર્ણ કારણનું વ્યાપ્તપણું (વ્યાપ્તિ) હોઈ, જ્ઞાનરૂપ કાર્ય પ્રત્યે ઉપયોગભૂત ઇન્દ્રિયની જ અવિકલતા કારણ હોઈ વ્યંજનાવગ્રહ કાળમાં અવ્યક્તરૂપે તે ઉપયોગરૂપ ઇન્દ્રિયની હાજરી હોવાથી તે વખતે જ્ઞાન અવશ્ય થાય છે જ. આ વ્યંજનાવગ્રહ જ્ઞાનરૂપ (સ્વકાર્ય પ્રત્યે) કારણભૂત અંશ જાણવો.

શંકા - પ્રાપ્યકારી ઇન્દ્રિયોનો જ વ્યંજનાવગ્રહ થાય છે પરંતુ અપ્રાપ્યકારીઓનો થતો નથી. તો ત્યાં કારણભૂત અંશ કયો છે ? જો અર્થાવગ્રહ કારણાંશ છે, તો તે જ વ્યંજનાવગ્રહ સ્થળમાં પણ હો ! શો વાંધો છે ?

સમાધાન – વ્યંજનાવગ્રહ સ્થળમાં પણ અર્થાવગ્રહથી પહેલાં ગ્રહણ ઉન્મુખ પરિણામવાળી લબ્ધિ ઇન્દ્રિયમાં જ કારણાંશતાનો સ્વીકાર છે. પ્રાપ્યકારી ઇન્દ્રિયોના વ્યંજનાવગ્રહમાં તે પ્રમાણે કારણાંશ જાણવો.

૦ મતિજ્ઞાનના ભેદનો ઉપસંહાર કરે છે. અઠ્ઠાવીશ (૨૮) પ્રકારનું મતિજ્ઞાન એ વાક્ય ૩૩૬ ભેદનું ઉપલક્ષક છે. તથાહિ બહુ-બહુવિધ-અબહુ-અબહુવિધ-ક્ષિપ્ર-અક્ષિપ્ર-નિશ્રિત-અનિશ્રિત-સંદિગ્ધ-અસંદિગ્ધ-ધ્રુવ-અધ્રુવ, એમ ૨૮ના દરેકને ૧૨ ભેદે ગુણતાં ૨૮ × ૧૨ = ૩૩૬ ભેદો થાય છે. [જેમ કે-અનેક વાંજિત્રો વાગતાં હોય તે વખતે કોઈ માણસ આટલા 'ભેરીના' શબ્દો છે અને આટલાં 'શંખના' શબ્દો છે-એમ છૂટા છૂટા ગ્રહણ કરીને કહે, એ 'બહુગ્રાહી' કહેવાય. પરંતુ એમ કોઈ ન કરી શકે, પણ એકંદરે વાજિંત્રના શબ્દો ગ્રહણ કરીને એની સંખ્યા કહે, એ 'અબહુગ્રાહી' જ્ઞાન. વળી તે વાજિંત્રોના શબ્દોના મધુરતા વગેરે નાના પ્રકારના અનેક ધર્મોને જાણનારી વ્યક્તિ 'બહુવિધગ્રાહી' કહેવાય છે. પરંતુ તે શબ્દના અમુક એક કે બે જ ધર્મ જાણનાર 'અબહુવિધગ્રાહી' કહેવાય. એમાં પણ જે વ્યક્તિ એ સર્વ તરત જ સમજી જાય, તે 'ક્ષિપ્રગ્રાહી' કહેવાય છે. જે બહુ વખત વિચાર કરે ત્યારે જ સમજી શકે છે, તે 'અક્ષિપ્રગ્રાહી.' વળી જે વ્યક્તિ ધ્વજ કે એવી કંઈક નિશાની ઉપરથી જ આ 'દેવાલય' એમ સમજી શકે, તે 'નિશ્રિતગ્રાહી' અને જે એવી કાંઈ પણ નિશાની વિના એવી વસ્તુ કે સ્થળ ઓળખી કાઢે, તે 'અનિશ્રિતગ્રાહી' છે. વળી જે માણસ અમુક વસ્તુને નિઃસંશય એટલે લેશ પણ સંદેહ વિના જાણે કે સમજે, તે 'અસંદિગ્ધગ્રાહી', જે અયોક્કસપણે જાણી શકે, તે 'સંદિગ્ધગ્રાહી.' અમુક વસ્તુનું એક વાર જ્ઞાન મેળવ્યા પછી એ વિષે ફરી વાર

પૂછવા કરવાની જેને જરૂર નથી, એ 'ધ્રુવગ્રાહી' અને જે પુનઃ પુનઃ ઉપદેશની અપેક્ષા છે, તે 'અધ્રુવગ્રાહી'.] અહીં સઘળા જ્ઞાનોમાં ક્ષયોપશમનો ઉત્કર્ષ અને અપકર્ષ-એમ બે નિમિત્ત થાય છે. શું શ્રુતજ્ઞાનમાં પણ અવગ્રહ આદિરૂપ ભેદ ખરો ? આ પ્રશ્નના જવાબમાં કહે છે કે-મતિજ્ઞાનના અભાવમાં શ્રુતજ્ઞાનનો અભાવ હોવાથી, વિશેષ વિષયવાળા તે શ્રુતજ્ઞાનમાં અવગ્રહનો અસંભવ હોઈ, ઈહા આદિનો પણ અસંભવ હોવાથી 'શ્રુતજ્ઞાન'માં તો અવગ્રહ આદિ હોતા નથી.

तर्हि किन्तच्छ्रुतज्ञानमित्यत्राह–

मतिज्ञानापेक्षो वाच्यवाचकभावपुरस्कारेण शब्दसंस्पृष्टार्थग्रहणविशेषः श्रुतज्ञानम् । तदनुकूलोपयोगोऽपि श्रुतम् ॥ ३२ ॥

मतिज्ञानेति । मतिज्ञानसापेक्षत्वे सति वाच्यवाचकभावपूर्वकशब्दसंस्पृष्टार्थग्रहणत्वं श्रुतज्ञानस्य लक्षणम्, ईहादीनां शब्दसंस्पृष्टार्थग्रहणरूपत्वादवग्रहात्मकमतिज्ञानापेक्षत्वाच्च श्रुतत्ववारणाय वाच्यवाचकभावपुरस्कारेणेत्युक्तम् । मतिज्ञानापेक्ष इति पदेन धारणा ग्राह्या, श्रुतं प्रति धारणात्वेन हेतुत्वात्तथा च नेहादावतिव्याप्तिरिति चेत्तर्हि स्मृतावतिव्याप्तिवारणाय तत् । एकेन्द्रियाणामपि द्रव्यश्रुताभावे सत्यपि भावश्रुतमस्ति क्षायोपशमिकत्वात्, न च तर्हि लक्षणमव्याप्तं तत्र वाच्यवाचकभावपूर्वकं शब्दसंस्पृष्टार्थग्रहणरूपत्वाभावादिति वाच्यम्, विशिष्टश्रुतज्ञानस्यैव लक्षणत्वात्, मतिज्ञानापेक्षवाच्यवाचकभावपूर्वकशब्दसंस्पृष्टार्थग्रहणवृत्ति-ज्ञानत्वव्याप्यजातिमत्त्वस्य वा लक्षणार्थत्वात्, तादृशी जातिः श्रुतज्ञानत्वं तच्च सर्वस्मिन् श्रुतज्ञाने वर्त्तत इति न कुत्राप्यव्याप्तिः । ननु श्रुतोपयोगो मत्युपयोगान्न पृथक्, मत्युपयोगेनैव तत्कार्योत्पत्तौ तत्पार्थक्यकल्पनाया व्यर्थत्वादित्याकांक्षायामाह तदनुकूलोपयोगोऽपीति, श्रुतज्ञानेऽनुकूलभूत उपयोगोऽपीत्यर्थः, श्रुतोपयोगोपरमेऽपि मतिज्ञानोदयान्न मत्युपयोग-श्रुतोपयोगयोरैक्यमिति भावः । अत्र यद्यपि स्वामिकारणकालविषयपरोक्षत्वैर्मतिश्रुतयोरेकत्वं तथापिलक्षणभेदात्कार्यकारणभावाद्भेदविशेषादिन्द्रियविभागाद्वल्केतरभेदादक्षरेतरभेदान्मूकेतर-भेदाच्च भेदोऽवसेयः, तथाहि–निरुक्तरूपेण लक्षणभेदान्मतिश्रुतयोर्भेदः । कार्यकारण-भावात्तयोर्भेदः, मतिज्ञानापेक्षं हि श्रुतं न मतिश्श्रुतज्ञानापेक्षिणी, उपयोगरूपयोस्तयोस्तथैव[1] पौर्वापर्यात्, कार्यकारणयोश्च कथञ्चिद्भेदात्, लब्धितो[2] मतिश्रुते समकालेऽपि भवतोऽत एव

१. अवग्रहादिकं विना श्रुतज्ञानानुदयेन तत्पूर्वं मतिज्ञानरूपस्य तस्यावश्यम्भावादिति भावः ॥
२. मतिज्ञानसमानकाले श्रुतज्ञानेऽभ्युपगम्यमाने तदा श्रुतज्ञानं जीवस्य प्रसज्यते, श्रुतज्ञानोत्पत्तिमन्तरेण तदज्ञानानिवृत्तेः न च ज्ञानाज्ञानयोस्समानकालमवस्थितियोग्ययोर्मतिश्रुतयोः क्वचिदप्यागमेऽनुमन्यत इत्याशयेनाह लब्धित इति ॥

लक्षणे मत्यपेक्ष इत्यनुक्त्वा मतिज्ञानापेक्ष इत्युक्तः, लब्धितस्तुल्यकालयोः कार्यकारणभावाभावात्, यदपि परशब्दाकर्णनान्मतिज्ञानमुदेति तदपि द्रव्यश्रुतनिमित्तकमेव न भावश्रुतनिमित्तकमतो न मतिज्ञानस्य श्रुतज्ञानकारणकत्वम्। श्रुतोपयोगाच्च्युतस्य मतिज्ञानन्तु न श्रुतोपयोगनिमित्तकं किन्तु स्वकारणप्रभवमेव । अन्यथा कारणनैयत्याभावप्रसङ्गस्स्यात् । तथा स्वस्वावान्तरभेदात्तयोर्भेदः, मतिज्ञानं हि अष्टाविंशतिविधमुक्तं, श्रुतज्ञानं चतुर्दशविधमिति वक्ष्यते, तयोरभेदेऽवान्तरभेदवैलक्षण्यं न भवेदेवेति तयोर्भेदः, इन्द्रियविभागादपि तयोर्भेदः, श्रुतं हि श्रोत्रेन्द्रियद्वारकमवग्रहाद्यनात्मकं ज्ञानं, मतिज्ञानं च सर्वेन्द्रियद्वारकम्[१], यद्यपि शेषेन्द्रियद्वाराऽक्षरलाभोऽपि श्रुतमेवेति सर्वेन्द्रियविषयत्वं श्रुतस्य प्राप्तं तथाप्यक्षरलाभमात्रस्य न श्रुतत्वमीहादीनामपि तथात्वापत्तेरपि तु श्रुतानुसारिसाभिलापरूपाक्षरलाभस्यैव, तस्य च शेषेन्द्रियद्वारोत्पन्नत्वेऽपि योग्यतया श्रोत्रेन्द्रियोपलब्धित्वमेव, अभिलापस्य सर्वस्यापि श्रोत्रेन्द्रियग्रहणयोग्यत्वात् । तथा च श्रोत्रविषयमेव सर्वं श्रुतज्ञानं मतिज्ञानन्तु तद्विषयं शेषेन्द्रियविषयञ्चेति । वल्कशुम्बोदाहरणात्तयोर्भेदस्तु-मतिपूर्वं हि भावश्रुतं मतिश्च वल्कसमा, भावश्रुतं शुम्बसदृशं, यथा वल्काः शुम्बकारणं तथा मतिरपि भावश्रुतस्य, यथा च शुम्बं वल्कानां कार्यं तथा भावश्रुतमपि मतेः कार्यं, मत्या विचिन्त्य वाच्यवाचकभावेन वस्तुनि परोपदेशश्रुतग्रन्थानां योजनात् । अक्षरानक्षरभेदादपि तयोर्भेदः अक्षरं द्विविधं द्रव्याक्षरं भावाक्षरञ्चेति, पुस्तकादिन्यस्ताकारादिस्ताल्वादिकारणजन्यशब्दो वा द्रव्याक्षरम् । अन्तःस्फुरदकारादि-वर्णज्ञानं भावाक्षरं, भावाक्षरापेक्षया मतिज्ञानमक्षरवत् यथेहादयः, भावाक्षराभावादेवावग्रहरूपं मतिज्ञानमनक्षरम्[२] । द्रव्याक्षरमाश्रित्य तु मतिज्ञानमनक्षरमेव, द्रव्यमतित्वेनाप्रसिद्धत्वात् । श्रुतज्ञानन्तु द्रव्यभावभेदं साक्षरमनक्षरमपि द्रव्यश्रुतं उच्छ्वसितनिःश्वसितादिरूपमनक्षरं पुस्तकादिन्यस्ताक्षररूपं शब्दरूपं च, तदेव साक्षरम् । भावश्रुतमपि श्रुतानुसार्यकारादिवर्णविज्ञानात्मकत्वात्साक्षरं, पुस्तकादिन्यस्ताकाराद्यक्षररहितत्वाच्छब्दाभावाच्चानक्षरम् । पुस्तकादिन्यस्ताक्षरस्य शब्दस्य च द्रव्यश्रुतान्तर्गतत्वेन भावश्रुतेऽसत्त्वात्[३] । मूकेतरभेदात्तु तद्भेदः-द्रव्यश्रुतं हि श्रुतज्ञानस्यासाधारणं कारणं तच्च

१. अत्र श्रोत्रेन्द्रियोपलब्धिरेव श्रुतमित्ययोगव्यवच्छेदोऽभिमतः, न तु श्रोत्रेन्द्रियोपलब्धिश्श्रुतमेवेत्यन्ययोगव्यवच्छेदः, कस्याश्चिच्छ्रोत्रेन्द्रियोपलब्धेरवग्रहादिमात्ररूपाया मतिज्ञानत्वादित्याशयेन शेषेन्द्रियद्वारकमित्यनुक्त्वा सर्वेन्द्रियद्वारकमित्युक्तम् ॥ २. तथा च मतिज्ञानमवग्रहापेक्षयाऽनक्षरवत् । ईहाद्यपेक्षया चाक्षरवत् । द्रव्याक्षरापेक्षया चानक्षरवदेव, नहि मतिज्ञाने पुस्तकादिन्यस्ताकारादिकं शब्दो वा व्यञ्जनाक्षरं विद्यते तस्य द्रव्यश्रुतत्वेन प्रसिद्धत्वादिति भावः ॥ ३. अत्रेदं बोध्यं मतेर्भावश्रुतस्य चाक्षरानक्षरकृतो विशेषो-नास्ति, उभयस्य साक्षरत्वादनक्षरत्वाच्च, परन्तु श्रुतमध्ये द्रव्यश्रुतस्याप्यन्तर्भावेण द्रव्यश्रुतमाश्रित्य द्रव्याक्षरमस्ति मतौ तु तन्नास्तीति भेदो विज्ञेय इति ॥

परप्रतिबोधनसमर्थमतश्रुतज्ञानमपि तद्घटकत्वेन परप्रतिबोधकत्वान्नमूकम्, मतिज्ञानस्येदृशकारणेन केनाप्यघटकत्वेन परप्रतिबोधनासमर्थत्वान्मूकम् । न च करादिचेष्टा मतिजनिकाः परप्रतिबोधनसमर्थाः सन्तीति मतिज्ञानस्य कथं मूकत्वमिति वाच्यम्, करादि चेष्टानां मतिज्ञानं प्रत्यसाधारणकारणत्वाभावात् करवक्त्रसंयोगादिचेष्टादर्शनतस्तद्विषयावग्रहादिवद्धोक्तुमिच्छत्ययमित्यादिश्रुतानुसारि-विकल्पात्मकश्रुतज्ञानस्यापि जायमानत्वात् । तत्त्वतः करादि चेष्टानां मतिज्ञानं प्रति कारणत्वाभावेन तासां तत्रानन्तर्भावात् । यद्वा पुस्तकादिन्यस्ताचारदिग्रन्थाक्षरं गुरुजनोदीरितदेशनाशब्दरूपञ्च द्रव्यश्रुतं, मोक्षासाधारणकारणक्षायिकज्ञानदर्शनचारित्रलक्षणवस्तुकलापस्य हेतुत्वात् तद्द्वारेण श्रुतज्ञानमपि परप्रबोधकं, करादिचेष्टाया मतिज्ञानकारणत्वेऽपि न विशिष्टपरप्रबोधकत्वमतस्तद्द्वारा मतिज्ञानमपि न तथा,एवं करादि चेष्टानां मतिज्ञान हेतुत्वेऽपि कथञ्चित्परप्रबोधकत्वेऽपि च न तद्द्वारा मतिज्ञानं परप्रबोधकं, द्रव्यमतित्वस्य क्वाप्यप्रसिद्धत्वेन तासां तत्रानन्तर्गतत्वादिति । विशेषस्तु विशेषावश्यकादौ द्रष्टव्यः ॥

તો તે શ્રુતજ્ઞાન શું છે ? આના જવાબમાં કહે છે કે-

ભાવાર્થ – "મતિજ્ઞાનની અપેક્ષાવાળો, વાચ્ય-વાચકભાવનાપુરસ્કારથી શબ્દસંષ્પૃષ્ટ અર્થગ્રહણ-વિશેષ, એ 'શ્રુતજ્ઞાન' કહેવાય છે. તે શ્રુતજ્ઞાનને અનુકૂળ ઉપયોગ પણ શ્રુત કહેવાય છે."

વિવેચન – મતિજ્ઞાનની અપેક્ષાવાળો હોયે છતે વાચ્ય-વાચકભાવપૂર્વક શબ્દસંસ્પૃષ્ટ અર્થગ્રહણપણું, એ શ્રુતજ્ઞાનનું લક્ષણ છે.

○ ઈહા આદિમાં, શબ્દસંસ્પૃષ્ટ અર્થગ્રહણરૂપ હોઈ, અવગ્રહરૂપ મતિજ્ઞાનની અપેક્ષાવાળા હોઈ, શ્રુતલક્ષણની અતિવ્યાપ્તિના વારણ માટે 'વાચ્ય-વાચકભાવ પુરસ્કારપૂર્વક' એમ કહેલ છે.

○ 'મતિજ્ઞાનાપેક્ષ' – આવા પદથી ધારણારૂપી મતિજ્ઞાન લેવાનું છે, કેમ કે-શ્રુત પ્રત્યે ધારણા હેતુ છે. તથાચ ઈહા આદિમાં અતિવ્યાપ્તિ નથી-એમ જો કહો, તો સ્મૃતિમાં અતિવ્યાપ્તિના વારણ માટે તે કહેલું છે એમ જાણવું.

શંકા – એકેન્દ્રિયોમાં દ્રવ્યશ્રુતનો અભાવ છતાં પણ ભાવશ્રુત છે, કેમ કે-ક્ષાયોપશમિક છે. તો પછી લક્ષણની અવ્યાપ્તિ છે, કેમ કે-ત્યાં વાચ્યવાચકભાવપૂર્વક શબ્દસંસ્પૃષ્ટ અર્થગ્રહણરૂપપણાનો અભાવ છે જ ને ?

સમાધાન – વિશિષ્ટ શ્રુતજ્ઞાનનું લક્ષણપણું હોઈ અવ્યાપ્તિ નથી. અથવા મતિજ્ઞાનાપેક્ષ વાચ્ય-વાચકભાવપૂર્વક શબ્દસંસ્પૃષ્ટ અર્થગ્રહણવૃત્તિ જ્ઞાનત્વવ્યાપ્ય જાતિ(શ્રુતજ્ઞાનત્વ) મત્વ જ લક્ષણનો અર્થ છે. તાદૃશ જાતિ શ્રુતજ્ઞાનત્વ છે અને તે શ્રુતજ્ઞાનત્વ જાતિ સઘળા શ્રુતજ્ઞાનમાં વર્તે છે, એટલે ક્યાંય પણ અવ્યાપ્તિ નથી.

શંકા – શ્રુતનો ઉપયોગ મતિના ઉપયોગથી જુદો નથી. મતિના ઉપયોગથી જ શ્રુતજન્ય કાર્યની ઉત્પત્તિ હોયે છતે, તે મતિજ્ઞાનથી શ્રુતજ્ઞાનની પૃથક્રૂપણાની કલ્પના વ્યર્થ કેમ નહીં ?

સમાધાન – આના જવાબમાં કહે છે કે-શ્રુતજ્ઞાનમાં અનુકૂળભૂત ઉપયોગ પણ શ્રુતજ્ઞાન કહેવાય છે. શ્રુતના ઉપયોગના અભાવમાં પણ મતિજ્ઞાનના ઉદયથી મતિ ઉપયોગ અને શ્રુત ઉપયોગની એકતા નથી. અહીં જો કે સ્વામી-કારણ-કાળ-વિષય-પરોક્ષત્વની અપેક્ષાએ (જે મતિજ્ઞાનનો સ્વામી, તે જ શ્રુતજ્ઞાનનો સ્વામી અને જે શ્રુતજ્ઞાનો સ્વામી, તે જ મતિજ્ઞાનનો સ્વામી છે. આ પ્રમાણે સ્વામીનું સાધર્મ્ય, જેટલો જ મતિજ્ઞાનનો સ્થિતિકાળ છે, તેટલો જ શ્રુતજ્ઞાનનો, પરંતુ આ પ્રમાણે કાળસાધર્મ્ય, જેમ ઇન્દ્રિયનિમિત્તજન્ય મતિજ્ઞાન છે, તેમ શ્રુતજ્ઞાન પણ છે. એમ કારણસાધર્મ્ય, જેમ મતિજ્ઞાન જિનપ્રવચનના કથન મુજબ સર્વ દ્રવ્યાદિ વિષયવાળું છે, એવું શ્રુતજ્ઞાન પણ છે, તેમ વિષયસાધર્મ્ય છે. જેમ મતિજ્ઞાન પરોક્ષ છે, તેમ શ્રુતજ્ઞાન પણ છે, એમ પરોક્ષનું સાધર્મ્ય છે.) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં એકતા છે, તો પણ લક્ષણભેદથી, કાર્ય-કારણભાવથી ભેદવિશેષથી, ઇન્દ્રિયવિભાગથી, વક્તેરભેદથી, અક્ષરેતરભેદથી અને મૂકેતરભેદથી મતિ-શ્રુતમાં ભેદ જાણવો. તથાહિ-

(૧) અહીં પૂર્વે કહેલ લક્ષણના ભેદથી મતિ-શ્રુતમાં ભેદ છે.

(૨) કાર્ય-કારણના ભાવથી મતિ-શ્રુતમાં ભેદ છે. મતિજ્ઞાનની અપેક્ષાવાળું શ્રુતજ્ઞાન છે. પરંતુ મતિ શ્રુતજ્ઞાનની અપેક્ષાવાળી નથી, કેમ કે-ઉપયોગરૂપ તે બંનેમાં તે પ્રકારે જ પૂર્વ-અપરભાવ છે. (અવગ્રહ આદિ વિના શ્રુતજ્ઞાનનો ઉદય નહીં હોવાથી, શ્રુતજ્ઞાન પૂર્વે અવગ્રહ આદિરૂપ તે મતિજ્ઞાન અવશ્ય હોય છે.) વળી કાર્ય-કારણમાં કથંચિદ્ ભેદ છે. લબ્ધિની અપેક્ષાએ (જો મતિજ્ઞાનના સમાનકાળમાં શ્રુતજ્ઞાનનો સ્વીકાર કરવામાં આવે, તો જીવમાં શ્રુતજ્ઞાનનો પ્રસંગ આવે, કેમ કે-શ્રુતજ્ઞાનની ઉત્પત્તિ સિવાય તે શ્રુત અજ્ઞાનની નિવૃત્તિ નથી. વળી જ્ઞાન અને અજ્ઞાનની સમાનકાળની અવસ્થિતિયોગ્ય મતિજ્ઞાન શ્રુતજ્ઞાનમાં ક્વચિત્ પણ આગમમાં અનુમત નથી. એવા આશયથી કહે છે કે-લબ્ધિની અપેક્ષાએ.) મતિ અને શ્રુત સમાનકાળમાં પણ હોય છે. એથી જ લક્ષણમાં મતિની અપેક્ષાવાળા એમ ન કહેતાં 'મતિજ્ઞાનાપેક્ષ' એમ કહેલું છે, કેમ કે-લબ્ધિથી તુલ્યકાળવાળાઓમાં કાર્ય-કારણભાવનો અભાવ છે. જો કે પરશબ્દના સાંભળવાથી મતિજ્ઞાન ઉદય પામે છે, તો પણ 'દ્રવ્યશ્રુતરૂપનિમિત્તજન્યત્વ જ' જાણવું; ભાવશ્રુતનિમિત્તજન્યત્વ નહીં. એથી મતિજ્ઞાનમાં શ્રુતજ્ઞાન રૂપકારણજન્યત્વ નથી.

○ શ્રુતના ઉપયોગથી ખસેલા આત્મામાં મતિજ્ઞાન તો શ્રુત ઉપયોગનિમિત્તજન્ય નથી પરંતુ પોતાના કારણોથી જ જન્ય છે. જો આમ ન માનો, તો કારણનિયમના અભાવનો પ્રસંગ થઈ જાય !

(૩) પોતપોતાના પેટાભેદોના ભેદથી મતિ-શ્રુતમાં ભેદ છે. ખરેખર, મતિજ્ઞાન અઠ્ઠાવીશ (૨૮) પ્રકારનું અને શ્રુતજ્ઞાન ચૌદ (૧૪) પ્રકારનું કહેલ છે. (તેના ભેદો આગળ ઉપર કહેવાશે.) જો તે બંનેનો અભેદ હોય, તો અવાન્તરભૂત ભેદોમાં વિષમતા ન જ થાય, માટે તે બંનેમાં ભેદ છે.

(૪) ઇન્દ્રિયોના વિભાગથી પણ તે મતિ-શ્રુતમાં ભેદ છે. ખરેખર, શ્રોત્રેન્દ્રિયદ્વારવાળું (શ્રોત્રેન્દ્રિયરૂપ કારણજન્ય) અવગ્રહ આદિથી રહિત શ્રુતજ્ઞાન છે અને મતિજ્ઞાન સર્વ ઇન્દ્રિયદ્વારવાળું [અહીં શ્રોત્રેન્દ્રિયજન્ય ઉપલબ્ધિજ્ઞાન જ શ્રુત છે-એમ અયોગ વ્યવચ્છેદ, શ્રોત્રેન્દ્રિયોપલબ્ધિનો સંબંધાભાવનો અભાવ અર્થાત્ સંબંધ જ શ્રુતમાં હોય છે. પરંતુ શ્રોત્રેન્દ્રિય ઉપલબ્ધિ, શ્રુત જ છે એવો અન્ય યોગ વ્યવચ્છેદક

એવકાર નથી, કેમ કે-કોઈ એક શ્રોત્રેન્દ્રિયલબ્ધિ જે અવગ્રહાદિ રૂપ છે તેમાં મતિજ્ઞાનપણું છે.] આવા આશયથી 'शेषेन्द्रियद्वारक' એમ નહીં કહીને 'सर्वेन्द्रियद्वारक' એમ કહેલું છે.

○ જો કે શેષ ઇન્દ્રિયદ્વારા અક્ષરલાભ પણ શ્રુત જ છે. એથી સર્વેન્દ્રિયવિષયપણું શ્રુતમાં પ્રાપ્ત થાય છે, તો પણ અક્ષરલાભ માત્ર શ્રુત ન કહેવાય; કેમ કે-ઈહા આદિ પણ અક્ષરલાભવાળા હોઈ શ્રુતપણાની આપત્તિવાળા થઈ જાય ! તેથી શ્રુતાનુસારિ સાભિલાપરૂપ અક્ષરલાભ 'શ્રુતજ્ઞાન' કહેવાય છે. વળી તે શેષ ઇન્દ્રિયદ્વારા ઉત્પન્ન હોવા છતાં યોગ્યતાની અપેક્ષાએ શ્રોત્રેન્દ્રિય ઉપલબ્ધિરૂપ જ છે, કેમ કે-શબ્દ માત્ર શ્રોત્રેન્દ્રિયથી ગ્રહણયોગ્ય છે. તથાચ શ્રોત્રવિષયવાળું સઘળુંય શ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાન તો શ્રોત્રેન્દ્રિયવિષયવાળું અને શેષેન્દ્રિયવિષયવાળું છે.

(૫) વલ્કશુંબોદાહરણથી તે મતિ-શ્રુતનો ભેદ=ખરેખર, મતિપૂર્વક ભાવશ્રુત છે. મતિવલ્ક (છાલ) સરખી છે. ભાવશ્રુત શુંબ (રજજુ-દોરડા) સરખું છે. જેમ વલ્કો શુંબ પ્રત્યે કારણ છે, તેમ મતિ પણ ભાવશ્રુતનું કારણ છે. જેમ શુંબ વલ્કોનું કાર્ય છે, તેમ ભાવશ્રુત પણ મતિનું કાર્ય છે; કેમ કે-મતિદ્વારા વિચાર કરી, વાચ્ય-વાચકભાવથી વસ્તુમાં પરોપદેશ-શ્રુતગ્રંથોમાં સંયોજન-ઉપયોગ થાય છે.

(૬) અક્ષર-અનક્ષરભેદથી પણ તે મતિ-શ્રુતમાં ભેદ=અક્ષર, દ્રવ્ય અક્ષર અને ભાવ અક્ષરના ભેદથી બે પ્રકારના છે. દ્રવ્ય અક્ષર=પુસ્તક આદિમાં ન્યસ્ત (લખેલ) અક્ષર-સ્વર-વ્યંજન આદિરૂપ અક્ષર, અથવા તાલુ આદિ સ્થાનરૂપ કારણજન્ય શબ્દ 'દ્રવ્ય અક્ષર' કહેવાય છે. ભાવ અક્ષર=अंतःस्फुरायमान અકાર આદિ વર્ણવિષયકજ્ઞાન 'ભાવ અક્ષર' કહેવાય છે. ભાવ અક્ષરની અપેક્ષાએ મતિજ્ઞાન અક્ષરવાળું. જેમ કે-ઈહા આદિ. ભાવ અક્ષરના અભાવથી જ અવગ્રહરૂપ મતિજ્ઞાન 'અનક્ષર' છે. [મતિજ્ઞાન, અવગ્રહની અપેક્ષાએ અનક્ષરવાળું, ઈહા આદિની અપેક્ષાએ અક્ષરવાળું અને દ્રવ્ય અક્ષરની અપેક્ષાએ અનક્ષરવાળું જ છે. મતિજ્ઞાનમાં પુસ્તક આદિસ્થ અકાર આદિ કે શબ્દ-વ્યંજનાક્ષર હોતા નથી, કેમ કે-તે દ્રવ્યશ્રુતપણાએ પ્રસિદ્ધ છે એમ ભાવ છે.

(૭) મૂક-અમૂકભેદથી મતિ-શ્રુતમાં ભેદ=ખરેખર, દ્રવ્યશ્રુત, શ્રુતજ્ઞાન પ્રત્યે અસાધારણ કારણ છે અને તે બીજાઓને પ્રતિબોધકરણમાં સમર્થ છે. (શ્રુતજ્ઞાન સ્વ-પરપ્રકાશક-તે પોતાના સ્વરૂપનું તેમજ મતિજ્ઞાન આદિનું પ્રરૂપણા કરવા સમર્થ છે, જ્યારે મતિજ્ઞાન અન્ય જ્ઞાનોનું નિરૂપણ કરવા અસમર્થ છે.) શ્રુતજ્ઞાન પણ દ્રવ્યશ્રુતઘટક હોઈ (દ્રવ્યશ્રુતજન્ય અથવા દ્રવ્યશ્રુત પદવૃત્તિશ્રુત હોઈ) પરપ્રતિબોધક છે, માટે મૂક નથી-બોલતું છે-પ્રકાશતું છે. મતિજ્ઞાન, આવા કોઈ કારણથી (દ્રવ્યશ્રુત જેવા કારણથી) અજન્ય હોઈ પરપ્રતિબોધક કરણમાં અસમર્થ હોઈ મૂક-મુંગું છે.

શંકા – જો હાથ વગેરેની ચેષ્ટાઓ મતિજનક હોઈ પરપ્રતિબોધકરણમાં સમર્થ છે, તો મતિજ્ઞાનનું મૂકપણું કેવી રીતે ?

સમાધાન – કર આદિ ચેષ્ટાઓ મતિજ્ઞાન પ્રત્યે અસાધારણ કારણ નથી. હાથ-મુખ સંયોગ આદિ ચેષ્ટાના દર્શનથી, તે વિષયના અવગ્રહ આદિની માફક, (હાથ અને મુખના સંયોગથી) 'આ ખાવાની ઇચ્છા રાખે છે' ઇત્યાદિ શ્રુતાનુસારિ વિકલ્પરૂપ શ્રુતજ્ઞાન પણ પેદા થાય છે. વસ્તુતઃ કર આદિ ચેષ્ટાઓ મતિજ્ઞાન

પ્રત્યે કારણ નથી, કેમ કે-તે ચેષ્ટાઓનો તે મતિજ્ઞાનમાં અંતર્ભાવ થતો નથી. અથવા પુસ્તક આદિ સ્થાપિત-આચાર આદિ ગ્રંથના અક્ષર અને ગુરુજને કહેલ દેશના શબ્દરૂપ, દ્રવ્યશ્રુત, મોક્ષ પ્રત્યે અસાધારણ કારણ ક્ષાયિક જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ વસ્તુસમુદાય હેતુ છે તે દ્વારા શ્રુતજ્ઞાન પણ પરબોધક છે. કર આદિ ચેષ્ટા, મતિજ્ઞાન પ્રત્યે કારણ હોવા છતાં વિશિષ્ટ પરપ્રતિબોધક નથી. એથી તેના દ્વારા મતિજ્ઞાન પણ પરપ્રતિબોધક નથી. એ પ્રમાણે કર આદિ ચેષ્ટાઓમાં મતિજ્ઞાનનું હેતુપણું હોવા છતાં, કથંચિત્ પરપ્રતિબોધક છતાં, તેના દ્વારા મતિજ્ઞાન પરપ્રતિબોધક નથી, કેમ કે-દ્રવ્યમતિ ક્યાંય પણ પ્રસિદ્ધ નહીં હોવાથી કર આદિ ચેષ્ટાઓ તે મતિજ્ઞાનમાં અંતર્ગત થતી નથી. વિશેષ તો વિશેષ આવશ્યક આદિ ગ્રંથમાં જુઓ.

अथ श्रुतज्ञानं विभजते—

तच्चाक्षरानक्षरसंज्ञ्यसंज्ञिसम्यङ्मिथ्यात्वसाद्यनादिसपर्यवसितापर्यवसितगमिकागमिकाङ्गप्रविष्टानङ्गप्रविष्टश्रुतभेदेन चतुर्दशविधम् ॥ ३३ ॥

तच्चेति । श्रुतज्ञानञ्चेत्यर्थः । अत्रानङ्गप्रविष्टपदं यावद् द्वन्द्वस्ततः श्रुतेन कर्मधारयः । यद्यप्येते भेदा अक्षरश्रुतानक्षरश्रुतरूपभेदद्वयं एवान्तर्भवन्ति, तथाप्यव्युत्पन्नमतीनां विशेषावगमसम्पादनाय तथोक्तिर्नहि भेदद्वयोपादानमात्रादव्युत्पन्नमतयः शेषभेदानवगन्तुं समर्थाः, अतो विनेयजनानुग्रहायेतरभेदोपन्यास इति ॥

શ્રુતજ્ઞાનનો વિભાગ

ભાવાર્થ – "તે શ્રુતજ્ઞાન, અક્ષર-અનક્ષર-સંજ્ઞી-અસંજ્ઞી-સમ્યક્-મિથ્યાત્વ-સાદિ-અનાદિ-સપર્યવસિત-અપર્યવસિત-ગમિક-અગમિક-અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટ શ્રુતજ્ઞાનના ભેદથી ચૌદ (૧૪) પ્રકારનું છે."

વિવેચન – અહીં અનંગપ્રવિષ્ટ સુધી દ્વન્દ્વ સમાસ કરવો. ત્યારબાદ શ્રુતની સાથે કર્મધારયસમાસ કરવો. જો કે આ ભેદો અક્ષરશ્રુત-અનક્ષરશ્રુતરૂપ બે ભેદોમાં જ અંતર્ગત થાય છે, તો પણ અવ્યુત્પન્ન મતિવાળાઓને વિશેષજ્ઞાનના સંપાદન માટે તે પ્રકારે કથન કરેલ છે, કેમ કે-બે ભેદ માત્રના ઉપાદાનથી અવ્યુત્પન્નમતિવાળાઓ બાકીના ભેદોને જાણવા સમર્થ થતા નથી. એથી શિષ્યજન પ્રતિ અનુગ્રહ માટે ઇતર ભેદોનો ઉપન્યાસ ઇતિ.

तत्राक्षरश्रुतानक्षरश्रुते लक्षयति—

संज्ञाव्यञ्जनलब्ध्यन्यतमवच्छ्रुतमक्षरश्रुतम् । यथा क्रमेण लिपिविशेषो भाष्यमाणाकारादिस्त्वङ्मनोनिमित्तकश्श्रुतोपयोगः । भावश्रुतहेतुरुच्छ्वासादिरनक्षरश्रुतम् ॥ ३४ ॥

संज्ञेति । संज्ञाव्यञ्जनलब्धिभेदादक्षरं त्रिविधम् । संज्ञाव्यञ्जने उपचाराच्छ्रुते । उदाहरणमाह यथा क्रमेणेति । लिपिविशेष इति, अकाराद्यक्षरस्य संस्थानाकारः ब्राह्म्यादिलिपिभेदतो-

ऽनेकप्रकारः । भाष्यमाणाकारादिरिति, अर्थव्यञ्जकत्वेनोञ्चार्यमाणाकारादिवर्णसमूह इत्यर्थः, तमसि वर्त्तमानघटादेर्व्यञ्जकप्रदीपवदर्थस्य प्रकटीकरणादकारादिर्व्यञ्जनाक्षरमिति भावः, तच्च यथार्थनियतमयथार्थनियतञ्चेति द्विभेदम्, यथार्थनियतं यथा तपतीति तपन इत्याद्यन्वर्थ-युक्तशब्दः, अयथार्थनियतञ्च पलं नाश्नाति तथापि पलाश इत्यादिशब्दः । एकार्थानेकार्थ-भेदेन वा द्विविधम्, यथाऽलोकस्थण्डिलादिशब्दा एकार्थाः जीव इत्यादिशब्दा अनेकार्थाः, प्राण्यपि भूतोऽपि जीवशब्दार्थः । एकाक्षरानेकाक्षरभेदेन वा द्विविधं तत् श्रीरित्यादिकमेकाक्षरं लता मालेत्यादिकमनेकाक्षरमिति । त्वङ्मनोनिमित्तकश्श्रुतोपयोग इति, त्वच उपलक्षकत्वादि-न्द्रियमनोनिमित्तं श्रुतग्रन्थानुसारिश्रुतज्ञानोपयोग इत्यर्थः, उपलक्षकमेतत् तदावरणकर्मक्षयोप-शमस्य, तेनैकेन्द्रियादीनामप्यव्यक्ताक्षरलब्धिस्संगृहीता, तदिदं लब्ध्यक्षरं मनष्षष्ठेन्द्रियनिमित्त-कत्वात् षड्विधम् । अनक्षरश्रुतमाह भावश्रुतहेतुरिति । उच्छ्वासादिरिति, आदिना निःश्वास-निष्ठी वनकासनक्षुतादीनां ग्रहणम्, एतादृक् श्रुतमात्रमेवानक्षरश्रुतं भावश्रुतहेतुत्वात्, भवति च तथाविधोच्छ्वासादिश्रवणे शशकोऽयमित्यादिज्ञानम् विशिष्टाभिसन्धिपूर्वकोच्छ्वासादिभिश्च विशिष्टपदार्थज्ञानम् । श्रुतज्ञानोपयुक्तस्यात्मनस्सर्वात्मनैवोपयोगात्सर्वोऽप्युच्छ्वसितादिको व्यापार-श्श्रुतमेव । गमनागमन चलनस्पन्दादिचेष्टा अपि तादृशस्य श्रुतमेव तथापि शास्त्रलोक-प्रसिद्ध्योच्छ्वसितादिकमेव श्रुतं श्रूयमाणत्वात् न तादृश्यश्चेष्टाः दृश्यत्वादिति ॥

અક્ષરશ્રુત અને અનક્ષરશ્રુતનું લક્ષણ

ભાવાર્થ – "સંજ્ઞા-વ્યંજન-લબ્ધિ અક્ષરોમાંથી કોઈ એકવાળું શ્રુત 'અક્ષરશ્રુત.' જેમ કે-ક્રમથી લિપિવિશેષ, ભાષ્યમાણ અકાર આદિ, સ્પર્શનેન્દ્રિય-મનરૂપનિમિત્તજન્ય શ્રુતોપયોગ. ભાવશ્રુત પ્રત્યે હેતુભૂત ઉચ્છ્વાસ આદિ અનક્ષરશ્રુત કહેવાય છે."

વિવેચન – સંજ્ઞા-વ્યંજને-લબ્ધિના ભેદથી અક્ષર ત્રણ પ્રકારના છે. સંજ્ઞા અક્ષર અને વ્યંજન અક્ષર-એ બે અજ્ઞાન આત્મક પણ શ્રુતનું કારણ હોવાથી ઉપચારથી શ્રુત છે (દ્રવ્યશ્રુત છે.) ઉદાહરણને કહે છે કે– 'यथा क्रमेणेति ।'

લખવાના કામમાં આવતી લિપિયો—અકાર આદિ અક્ષરોના આકારો, બ્રાહ્મી આદિ લિપિના ભેદથી અનેક (૧૮) પ્રકારવાળા છે. તે 'સંજ્ઞાક્ષર' કહેવાય છે. મુખદ્વારા બોલાતો અકાર આદિ હકાર સુધીનો વર્ણસમુદાય અર્થપ્રકાશક હોઈ 'વ્યંજન' કહેવાય છે. અંધકારમાં વર્તતા ઘટ આદિના પ્રકાશક પ્રદીપની માફક અર્થ પ્રકટ કરનારા હોઈ જે વર્ણ બોલવામાં ઉપયોગી છે, તે અકાર આદિ 'વ્યંજનાક્ષર' કહેવાય છે અને તે યથાર્થનિયત અને અયથાર્થનિયતના ભેદથી બે પ્રકારના છે. યથાર્થનિયત (યૌગિક). જેમ કે-તપે, તે તપન (સૂર્ય) ઇત્યાદિ અન્વર્થયુક્ત શબ્દ. અયથાર્થનિયત (વ્યુત્પતિરહિત રૂઢ). જેમ કે- પલ-માંસને નથી ખાનાર છતાં 'પલાશ' (રાક્ષસ) ઇત્યાદિ શબ્દ છે. અથવા એક-અનેક અર્થવાળાના ભેદથી બે પ્રકારના છે.

જેમ કે-અલોક, સ્થંડિલ (જગ્યા) આદિ શબ્દો એક અર્થવાળા છે. જીવ ઇત્યાદિ શબ્દો અનેક અર્થવાળા છે. પ્રાણી-ભૂત વગેરે અનેક અર્થવાચક જીવશબ્દ છે. અથવા એક અક્ષર-અનેક અક્ષરવાળાના ભેદથી બે પ્રકારના છે. 'શ્રી' ઇત્યાદિ શબ્દ એક અક્ષરવાળો છે. લતા-માળા ઇત્યાદિ શબ્દો અનેક અક્ષરવાળા છે. અહીં ત્વક્શબ્દ ઇન્દ્રિયનો ઉપલક્ષક હોઈ, ઇન્દ્રિય-મનના નિમિત્તજન્ય, શ્રુતગ્રંથને અનુસરનારો, શ્રુતજ્ઞાનનો ઉપયોગ એવા અર્થ છે. આ પણ શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમનું ઉપલક્ષક છે. તેથી એકેન્દ્રિય આદિમાં પણ અવ્યક્ત અક્ષરની લબ્ધિ (ક્ષયોપશમ) સંગૃહિત થઈ જાય છે. લબ્ધિરૂપ અક્ષર, પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મનરૂપ નિમિત્તથી જન્ય હોઈ છ (૬) પ્રકારનું છે. [શબ્દ સાંભળવો, રૂપ જોવું ઇત્યાદિ અર્થની પ્રતીતિ થાય છે. તેની સાથે સાથે જે અક્ષરોનું જ્ઞાન થાય છે, તે 'લબ્ધિઅક્ષર' કહેવાય છે. લબ્ધિઅક્ષર કોઈને ઇન્દ્રિય અને મનવડે પ્રત્યક્ષ થાય છે, તો કોઈને હેતુવડે પ્રાપ્ત અનુભૂત થાય છે. વિશેષમાં જેમ અસંજ્ઞીમાં આહાર આદિ સંજ્ઞાદ્વારા ચૈતન્ય સ્વાભાવિક જણાય છે, તેમ લબ્ધિઅક્ષર આત્મક ઓઘજ્ઞાન પણ તેમને છે. અવ્યક્ત છે. લબ્ધિઅક્ષર પરોપદેશજન્ય નથી. આ ભાવશ્રુત છે.] અનક્ષરશ્રુતને કહે છે કે-સંકેતસૂચક ઉચ્છ્વાસ-નિઃશ્વાસની ક્રિયા કરવી, થૂંકવું, ખાંસી ખાવી, છીંક ખાવી, બગાસુ ખાવું, ખોંખારો ખાવો, ચપટી વગાડવી, સિત્કાર કરવો, આવું શ્રુત માત્ર જ 'અનક્ષરશ્રુત' કહેવાય છે; કેમ કે-ભાવશ્રુતનો હેતુ છે. વળી તથાપ્રકારનો ઉચ્છ્વાસ આદિના શ્રવણમાં 'આ સસલું છે' ઇત્યાદિ જ્ઞાન થાય છે અને વિશિષ્ટ સંકેતપૂર્વક ઉચ્છ્વાસ આદિથી વિશિષ્ટ પદાર્થનું જ્ઞાન થાય છે. શ્રુતજ્ઞાનમાં ઉપયોગવાળા આત્માનો સર્વથા જ ઉપયોગ હોવાથી સઘળો પણ ઉચ્છ્વાસ આદિરૂપ વ્યાપારશ્રુત જ છે. અભિપ્રાયસૂચક માથું હલાવવું, ગમન-આગમન-ચલન-સ્પંદન આદિ ચેષ્ટાઓ પણ ઉપયુક્ત આત્માને શ્રુત જ છે, તો પણ શાસ્ત્રજ્ઞાતા લોકમાં પ્રસિદ્ધિ હોઈ ઉચ્છ્વાસ આદિને જ શ્રુત કહેવામાં આવે છે; કેમ કે-સંભળાય તે શ્રુત. તથાવિધ ચેષ્ટાઓ દેખાય છે માટે શ્રુત નથી.

अथ संज्ञ्यसंज्ञिश्रुते आह–

समनस्कस्य श्रुतं संज्ञिश्रुतम् । तद्विपरीतमसंज्ञिश्रुतम् ॥ ३५ ॥

समनस्कस्येति । संज्ञाऽत्र दशविधा न विवक्षिता व्यापकत्वात्, किन्तु ज्ञानावरण-कर्मक्षयोपशमजन्यमनोज्ञानसंज्ञयैव संज्ञिनश्शोभनत्वादित्यतस्समनस्कस्येत्युक्तम् । सा संज्ञा दीर्घकालिकी विज्ञेया यो यः कश्चिन्मनोज्ञानावरणकर्मक्षयोपशमान्मनोलब्धिसम्पन्नो मनो-योग्याननन्तान् स्कन्धान्मनोवर्गणाभ्यो गृहीत्वा मनस्त्वेन परिणमय्य मन्यते चिन्तनीयं वस्तु तादृशो गर्भजस्तिर्यङ् मनुष्यो वा देवो नारको वा तत्सम्बन्धि यच्छ्रुतं तत्संज्ञिश्रुतमिति भावः । असंज्ञिश्रुतमाहैतद्विपरीतमिति, एकेन्द्रियादीनां दीर्घकालिकीसंज्ञारहितानां श्रुतमित्यर्थः ॥

संज्ञिश्रुत अने असंज्ञिश्रुत

ભાવાર્થ – "દ્રવ્યમનવાળાનું શ્રુત સંજ્ઞિશ્રુત અને દ્રવ્યમન વગરનાનું શ્રુત 'અસંજ્ઞિશ્રુત' કહેવાય છે."

विवेचन – અહીં દશ પ્રકારની સંજ્ઞા વિવક્ષિત નથી, કેમ કે-વ્યાપક છે. પરંતુ જ્ઞાનાવરણ-કર્મક્ષયોપશમજન્ય મનોવિજ્ઞાનરૂપ સંજ્ઞાથી જ સંજ્ઞીઓ શોભન હોઈ, 'સમનસ્ક' એમ કહેલું છે. તે સંજ્ઞા 'દીર્ઘકાલિકી' જાણવી. જે કોઈ મનોવિજ્ઞાન આવરણકર્મના ક્ષયોપશમથી મનોલબ્ધિસંપન્ન, મનને યોગ્ય અનંત સ્કંધોને મનોવર્ગણાઓમાંથી લઈને મનપણાએ પરિણમાવી ચિંતનીય વસ્તુને વિચારે છે, તેવો ગર્ભજમનુષ્ય કે તિર્યંચ, દેવ કે નારક, તે સંબંધી જે શ્રુત, તે 'संज्ञिश्रुत' કહેવાય છે, એવો ભાવ છે. અસંજ્ઞિશ્રુતને કહે છે કે - દીર્ઘકાલિકી સંજ્ઞા વગરના એકેન્દ્રિય આદિ અસંજ્ઞિઓનું શ્રુત 'असंज्ञिश्रुत' કહેવાય છે.

अथ सम्यङ्मिथ्यात्वश्रुते आह–

सम्यग्दृष्टीनां श्रुतं सम्यक्छ्रुतम् । मिथ्यादृष्टीनां श्रुतं मिथ्यात्वश्रुतम् ॥ ३६ ॥

सम्यग्दृष्टीनामिति । अनन्तानुबन्धिकषायचतुष्टयक्षयानन्तरं मिथ्यात्वमिश्रसम्यक्त्व-पुञ्जलक्षणे दर्शनमोहनीये सर्वथा क्षीणे क्षायिकं सम्यक्त्वं भवति, एवं चत्वार्यन्यानि भवन्ति, तदेतत्सम्यक्त्वपञ्चकपरिग्रहात्सम्यक् श्रुतं भवति, चतुर्दशपूर्वेभ्यः प्रारभ्य यावत्सम्पूर्णदश-पूर्वाणि तावन्नियमेन सम्यक्श्रुतमेव भवति, एतावच्छ्रुतसद्भावे च सम्यग्दृष्टिरेव न मिथ्यादृष्टिः, भिन्नदशपूर्वादिके सामायिकश्रुतपर्यन्ते श्रुतसद्भावे तु कोऽपि सम्यग्दृष्टिः कश्चिन्मिथ्यादृष्टिरपि भवति, तथा च सम्यक्त्वपरिग्रहात् श्रुतं सम्यक्श्रुतं भवतीति[१] भावः । मिथ्यात्वश्रुतमाह मिथ्यादृष्टीनामिति, मिथ्यात्वोदयाद्विपर्यस्ता मिथ्यादृष्टयः, तेषां श्रुतं मिथ्यात्वश्रुतमिति भावः । एवमेव मिथ्यात्वोदयान्मत्यवधि अपि मत्यज्ञानविभङ्गज्ञानरूपे भवतः ॥

सम्यक्श्रुत अने मिथ्याश्रुत

ભાવાર્થ – "સમ્યગ્દષ્ટિઓનું સમ્યગ્દષ્ટિથી ગૃહિત શ્રુત સમ્યક્શ્રુત છે અને મિથ્યાદષ્ટિઓનું મિથ્યાદષ્ટિથી ગ્રહણ કરેલ શ્રુત મિથ્યાશ્રુત છે."

વિવેચન – અનંતાનુબંધી ચાર કષાયોના ક્ષય પછી મિથ્યાત્વ-મિશ્ર-સમ્યક્ત્વના પુંજરૂપ દર્શનમોહનીયનો સર્વથા ક્ષય થયે છતે ક્ષાયિક સમકિત થાય છે. આ પ્રમાણે બીજા ચાર સમકિતો થાય છે. તે આ પાંચ સમકિતોના ગ્રહણથી સમ્યક્શ્રુત થાય છે. ચૌદપૂર્વોથી માંડી સંપૂર્ણ દશપૂર્વો સુધી નિયમા સમ્યક્શ્રુત જ થાય છે, કેમ કે-આટલા શ્રુતના સદ્ભાવમાં સમ્યગ્દષ્ટિ જ, પરંતુ મિથ્યાદષ્ટિ નહીં. દશપૂર્વના અંદરથી

---

१. तथा सम्यग्दृष्टयेऽर्हत्प्रणीतं मिथ्यादृष्टिप्रणीतञ्च सम्यक्श्रुतं भवति, यथास्वरूपमवगमात्, मिथ्यादृष्टये त्वर्हत्प्रणीतं मिथ्यादृष्टिप्रणीतञ्च मिथ्यास्वरूपं भवति यथास्वरूपमनवगमात् । मिथ्यादृष्टिर्हि सर्वमेवैकान्तस्वरूपं प्रतिपद्यते घट एवायमित्यादि व्यवहरन् घटपर्यायव्यतिरेकेण सतोऽपि सत्त्वज्ञेयत्वपदार्थत्वादिपर्यायानपलपति घटः सन्नेवेति ब्रुवन् पररूपेण नास्तित्वमनभ्युपगच्छन् तत्रासतीं पररूपतामप्यभ्युपैति, सम्यग्दृष्टिस्तु न तथेत्यपि बोध्यम् ॥

લઈ સામાયિકશ્રુત સુધીના શ્રુતના સદ્‌ભાવમાં તો કોઈ સમ્યગ્દૃષ્ટિ તો કોઈ મિથ્યાદૃષ્ટિ પણ હોઈ શકે છે. તથાચ સમ્યક્‌ત્વ-સમ્યગ્દૃષ્ટિદ્વારા ગ્રહણ કરવાથી સમ્યક્‌શ્રુત થાય છે, એવો ભાવ છે.

[તથા સમ્યગ્દૃષ્ટિને શ્રી અરિહંતકથિત અને મિથ્યાદૃષ્ટિપ્રણીત શ્રુત સમ્યક્‌શ્રુત થાય છે, કેમ કે-યથાસ્વરૂપનું જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિને તો શ્રી અરિહંતપ્રણીત અને મિથ્યાદૃષ્ટિપ્રણીત શ્રુત મિથ્યાસ્વરૂપવાળું બને છે, કેમ કે-યથાસ્વરૂપનું અજ્ઞાન છે. ખરેખર, મિથ્યાદૃષ્ટિ સર્વ વસ્તુને એકાન્તસ્વરૂપી માને છે. જેમ કે-'આ ઘટજ છે' ઇત્યાદિ વ્યવહાર કરતો ઘટપર્યાય સિવાયના વિદ્યમાન પણ સત્ત્વ-જ્ઞેયત્વ-પદાર્થત્વ આદિ પર્યાયોનો અપલાપ કરે છે. 'ઘટ છે જ'-આ પ્રમાણે બોલનારો, પરરૂપે (પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ) નાસ્તિપણાનો નહીં સ્વીકારનારો, ત્યાં અવિદ્યમાન પરરૂપતાનો સ્વીકાર કરે છે. સમ્યગ્દૃષ્ટિ તો તે પ્રકારે નહીં, એમ પણ જાણવું.] મિથ્યાશ્રુતને કહે છે કે-મિથ્યાત્વના ઉદયથી વિપર્યસ્ત બુદ્ધિવાળા 'મિથ્યાદૃષ્ટિઓ' કહેવાય છે. તેઓનું શ્રુત 'મિથ્યાશ્રુત' છે. આ પ્રમાણે જ મતિજ્ઞાન-અવધિજ્ઞાન પણ મતિઅજ્ઞાન-વિભંગજ્ઞાનરૂપ બને છે.

साद्यनादिश्रुते प्राह—

आदिमच्छ्रुतं सादिश्रुतं, इदं पर्यायार्थिकनयापेक्षया । आदिशून्यं श्रुतमनादिश्रुतं, इदन्तु द्रव्यार्थिकनयापेक्षया ॥ ३७ ॥

आदिमदिति । यस्यादिर्दृश्यते तच्छ्रुतं सादिश्रुतमित्यर्थः, ननु जीवो हि नित्यः, श्रुतं च तत्पर्यायः पर्यायपर्यायिणोश्च कथञ्चिदभेदात्कथं श्रुतमादिमदित्यत्राह-इदमिति, जीवस्य नित्यत्वेऽपि नारकादिभवपरिणत्यपेक्षया यथा सादिस्तथोपयोगात्मकपर्यायस्य सादित्वात्कार्यभूतं श्रुतमपि सादीति भावः । अनादिश्रुतमाह-आदिशून्यमिति, अनादित्वे युक्तिमाहेदन्त्विति, यैर्जीवद्रव्यैः श्रुतान्यधीतानि यान्यधीयन्ते यानि चाध्येष्यन्ते तानि तावन्न कदापि व्यवच्छिद्यन्ते येन तेषामादिर्भवेत् नहि सर्वथाऽसत् क्वाप्युत्पद्यते सिकतास्वपि तैलाद्युत्पत्तिप्रसङ्गात् तस्माच्छ्रुताधारद्रव्याणां सर्वदैव सत्त्वात्तदव्यतिरेकिणश्श्रुतस्यापि सर्वदा सत्त्वेन तदनादिमच्छ्रुतमिति भावः ॥

સાદિ-અનાદિ શ્રુત

ભાવાર્થ – "આદિવાળું શ્રુત સાદિશ્રુત છે. આ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ છે. આદિ વગરનું શ્રુત અનાદિશ્રુત છે. આ તો દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ છે."

વિવેચન – જેની આદિ દેખાય છે, તે શ્રુત 'સાદિશ્રુત' કહેવાય છે. ચોક્કસ જીવ નિત્ય છે અને શ્રુત તેનો પર્યાય છે. પર્યાય અને પર્યાયિનો કથંચિદ્‌ અભેદ હોવાથી કેવી રીતે શ્રુત આદિવાળું કહેવાય ? આ પ્રશ્નના જવાબમાં કહે છે કે-જીવનું નિત્યપણું હોવા છતાં નારક આદિ ભવની પરિણતિ પર્યાયની અપેક્ષાએ જેમ આત્મા સાદિ છે, તેમ ઉપયોગરૂપ પર્યાય સાદિ હોઈ કાર્યભૂત શ્રુત પણ સાદિ છે. અનાદિશ્રુતને કહે છે-

અનાદિપણામાં યુક્તિને કહે છે કે-જે જીવદ્રવ્યોએ શ્રુતોનું અધ્યયન કર્યું છે, કરે છે અને કરશે તે શ્રુતોનો કદાચિત્ પણ વિનાશ થવાનો નથી, કે જેથી તે શ્રુતોની આદિ હોઈ શકે ! જે સર્વથા અવિદ્યમાન છે, તે ક્યાંય પણ ઉત્પન્ન થતું નથી. જો સર્વથા અવિદ્યમાન ઉત્પન્ન થાય છે એમ માનો, તો રેતીમાંથી પણ તેલ આદિની ઉત્પત્તિનો પ્રસંગ આવી જાય ! તેમજ વિદ્યમાન વસ્તુનો સર્વથા નાશ પણ થતો નથી જ. અન્યથા સર્વ શૂન્યતાનો પ્રસંગ આવી જાય ! તેથી શ્રુતના આધારભૂત જીવદ્રવ્યોનું સર્વદા જ વિદ્યમાનપણું હોવાથી તે જીવદ્રવ્યોથી અભિન્ન શ્રુત પણ સર્વથા વિદ્યમાન છે, માટે અનાદિવાળું શ્રુત છે એવો ભાવ છે.

अथ सपर्यवसितापर्यवसिते आह–

अन्तवच्छ्रुतं सपर्यवसितश्रुतम् । अनन्तवच्छ्रुतमपर्यवसितश्रुतं, इमे अपि तथैव ।३८।

अन्तवदिति । उपयोगस्य सपर्यवसितत्वादिति भावः । अपर्यवसितमाह-अनन्तेति । तदव्यतिरेकिजीवद्रव्यस्यापर्यवसितत्वेन तत्तादात्म्याच्छ्रुतमप्यपर्यवसितमिति भावः । सपर्यवसितत्वापर्यवसितत्वे अपि पर्यायार्थिकद्रव्यार्थिकनयापेक्षयैवेत्याहेमे अपीति, एवमेव द्रव्यक्षेत्रकालभावानाश्रित्यापि सादित्वानादित्वसपर्यवसितत्वापर्यवसितत्वानि भाव्यानि ॥

सान्त-अनन्तश्रुत

ભાવાર્થ – સપર્યવસિત-સાન્ત, અપર્યવસિત, અનંતશ્રુત. "અંતવાળું શ્રુત 'સપર્યવસિત શ્રુત' છે અને અનંતવાળું શ્રુત 'અપર્યવસિત શ્રુત' છે. આ બંને પણ તે પ્રકારે જ છે."

વિવેચન – ઉપયોગ, અંતવાળો હોઈ સાન્તશ્રુત છે. અપર્યવસિતને કહે છે કે-તે શ્રુતથી અભિન્ન જીવદ્રવ્ય અનંત હોઈ, તેના તાદાત્મ્યથી અભેદથી શ્રુત પણ 'અપર્યવસિત' છે, એવો ભાવ છે. સપર્યવસિતત્વ અને અપર્યવસિતત્વ પણ પર્યાયાર્થિકનય અને દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ જ છે. આ પ્રમાણે જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ પણ સાદિપણું-અનાદિપણું-સાન્તપણું-અનંતપણાનો વિચાર કરવો જોઈએ.

[એક જીવદ્રવ્યની અપેક્ષાએ જ્યારે શ્રુતનો લાભ થાય ત્યારે આદિ અને જ્યારે તેનો નાશ થાય ત્યારે અંત, આવી રીતે શ્રુત સાદિસાન્ત છે. ભવ્ય જીવનું શ્રુત તેના ભવ્યત્વની માફક અનાદિસાન્ત છે, જ્યારે અભવ્ય જીવનું શ્રુત અભવ્યત્વની જેમ અનાદિઅનંત છે. વિવિધ જીવદ્રવ્યોની અપેક્ષાએ શ્રુત અનાદિઅનંત છે, જ્યારે ક્ષેત્રની અપેક્ષાએ એક જીવદ્રવ્યની અપેક્ષાએ ભરત-ઐરવતક્ષેત્રમાં સમ્યક્શ્રુત સાદિસાન્ત છે; કેમ કે-એ ક્ષેત્રમાં પ્રથમ તીર્થંકરના સમયમાં દ્વાદશાંગીરૂપ શ્રુતની ઉત્પત્તિ થાય છે અને છેલ્લા તીર્થંકરના તીર્થનો અંત આવતાં તેનો નાશ થાય છે. મહાવિદેહક્ષેત્રની અપેક્ષાએ વિવિધ જીવો સંબંધી શ્રુતજ્ઞાન અનાદિઅનંત છે, કેમ કે-ત્યાં સર્વદા તીર્થંકરનો સદ્ભાવ છે એટલે શ્રુતનો કદાપિ ઉચ્છેદ થતો નથી. કાળથી ઉત્સર્પિણી અને અવસર્પિણીની અપેક્ષાએ ભરત-ઐરવતમાં શ્રુત સાદિસાન્ત છે, કેમ કે-બંને કાળના ત્રીજા આરામાં તેની ઉત્પત્તિ છે અને અનુક્રમે ચોથા તથા પાંચમા આરામાં તેનો નાશ છે. કાળથી મહાવિદેહક્ષેત્રમાં તો દ્રવ્ય અને ક્ષેત્રની જેમ તે અનાદિઅનંત છે, કેમ કે-ત્યાં ઉત્સર્પિણી અને

અવસર્પિણી કાળચક્ર નથી. ત્યાં તો સદા અવસર્પિણીના ચોથા આરા જેવો કાળ પ્રવર્તે છે. ભાવથી ગુરુ જણાવવા લાયક ભાવોને જાણીને કહે એટલે એક જીવની અપેક્ષાએ શ્રુત સાન્ત છે, ભાવથી ક્ષયોપશમની અપેક્ષાએ શ્રુતજ્ઞાન નિરંતર છે એટલે તે અનંત છે.]

गमिकागमिकश्रुते वक्ति–

प्रायस्सदृशपाठात्मकं श्रुतं गमिकश्रुतं, तद्विपरीतमगमिकम् ॥ ३९ ॥

प्राय इति । आदिमध्यावसानेषु किञ्चिद्विशेषतो भूयो भूयः तस्यैव सूत्रस्योच्चारणं गमः, गमा अस्य विद्यन्त इति गमिकं तच्च तच्छ्रुतञ्च गमिकश्रुतमिति व्युत्पत्तिः । तच्च गमिकं प्रायो दृष्टिवादः । अगमिकमाह तद्विपरीतमिति असदृशपाठात्मकमित्यर्थः, तच्च प्राय आचारादि-कालिकश्रुतम् ॥

ગમિક-અગમિક શ્રુત

ભાવાર્થ – "प्रायः સમાન પાઠરૂપ શ્રુત 'ગમિકશ્રુત' છે અને તેનાથી વિપરીત 'અગમિકશ્રુત કહેવાય છે."

વિવેચન – 'प्रायइति ।' આદિમાં-મધ્યમાં-અંતમાં ફરી ફરી તે જ સૂત્રનું ઉચ્ચારણ, એ 'ગમ' કહેવાય છે. ગમવાળું ગમિક કહેવાય છે. ગમિક એવું શ્રુત ગમિકશ્રુત કહેવાય છે, એવી વ્યુત્પત્તિ છે અને તે ગમિકશ્રુત પ્રાયઃ 'દૃષ્ટિવાદ'રૂપ છે. અગમિકને કહે છે કે-'तद्विपरीतमिति ।' અસમાન પાઠરૂપ શ્રુત 'અગમિકશ્રુત' કહેવાય છે અને તે પ્રાયઃ આચારાંગ આદિરૂપ કાલિકશ્રુત કહેવાય છે.

अथाङ्गप्रविष्टानङ्गप्रविष्टे निर्वक्ति–

द्वादशाङ्गगतं श्रुतमङ्गप्रविष्टं, यथा आचाराङ्गादि, तद्भिन्नं स्थविरकृतं श्रुतमनङ्गप्रविष्टश्रुतं, यथा आवश्यकादि ॥ ४० ॥

द्वादशाङ्गेति । गणधरकृतं पदत्रयलक्षणतीर्थकरादेशनिष्पन्नं ध्रुवञ्च यच्छ्रुतं तदङ्गप्रविष्ट-मुच्यते, तच्च द्वादशाङ्गीरूपमेवेत्याह–यथेति । अनङ्गप्रविष्टमाह तद्भिन्नमिति, यत्तु स्थविरकृतं मुत्कलार्थाभिधानं चलञ्च तदनङ्गप्रविष्टमित्यर्थः । दृष्टान्तमाह यथेति, अवश्यकर्त्तव्यसामायि-कादिक्रियानुष्ठानप्रतिपादकं श्रुतमावश्यकं, आदिनाऽऽवश्यकव्यतिरिक्तं कालिकमुत्कालिकञ्च ग्राह्यम् । यद्दिवसनिशाप्रथमपश्चिमपौरुषीद्वय एव पठ्यते तत्कालिकं, यत्पुनः कालवेलावर्जं पठ्यते तदुत्कालिकमिति ॥

અંગપ્રવિષ્ટ-અનંગપ્રવિષ્ટ શ્રુત

ભાવાર્થ – "બાર અંગોમાં રહેલું શ્રુત 'અંગપ્રવિષ્ટ' અને તેનાથી ભિન્ન સ્થવિરોએ કરેલ 'અનંગપ્રવિષ્ટ' કહેવાય છે. જેમ કે-આવશ્યક આદિ.

વિવેચન – 'द्वादशाङ्गेति ।' ગણધરોએ કરેલ ત્રિપદી-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્તરૂપ ત્રણ પદરૂપ તીર્થંકરોના આદેશથી સિદ્ધ થયેલ અને ધ્રુવ (નિયત-સર્વ તીર્થંકરોના તીર્થમાં થનારું જે શ્રુત હોય, તે અંગપ્રવિષ્ટ કહેવાય છે અને તે દ્વાદશ અંગીરૂપ જ છે. માટે કહે છે કે 'यथेति ।' જેમ કે-આચારાંગ આદિ દ્વાદશાંગી અનંગપ્રવિષ્ટને કહે છે. જે સ્થવિરોએ (શ્રી ભદ્રબાહુસ્વામી આદિ સ્થવિરોએ) કરેલું, (દા.ત. આવશ્યક આદિ શ્રુત) પ્રશ્ન પૂછ્યા વિના અર્થપ્રતિપાદનરૂપે કહેવાયેલું (આવશ્યક આદિ શ્રુત) અને અધ્રુવ-અનિયત (જે શ્રુતનો અન્યોન્ય તીર્થમાં સદ્ભાવ હોવો જ જોઈએ એમ નથી.) અર્થાત્ તંદુલવૈચારિક આદિની જેમ જે અનિયત હોય છે, તે 'અનંગપ્રવિષ્ટ' (અંગબાહ્ય) કહેવાય છે. દૃષ્ટાન્તને કહે છે કે 'यथेति ।' અવશ્ય કર્તવ્ય સામાયિક આદિ છ આવશ્યકના ક્રિયાનુષ્ઠાન પ્રતિપાદક શ્રુત 'આવશ્યક' કહેવાય છે. આદિથી આવશ્યક ભિન્ન કાલિક અને ઉત્કાલિકનું ગ્રહણ કરવું. કાલિક=જે શ્રુત દિવસ અને રાતની પ્રથમ અને પશ્ચિમ(ચોથી)રૂપ બે પોરસીમાં જ (પ્રહરમાં જ) ભણાય, તે 'કાલિક' કહેવાય છે. જેમ કે-ઉત્તરાધ્યયન આદિ. જે કાળવેળાને છોડી સર્વકાળ ભણાય, તે 'ઉત્કાલિક' છે. જેમ કે-પ્રકીર્ણ ગ્રંથો, દશવૈકાલિક આદિ.

ननु लक्षितयोर्मतिश्रुतज्ञानयोः सामान्येन भेदेऽवगतेऽपि तत्र स्वामिस्थितिकालविषयाणां सत्पदादिद्वाराणाञ्चानुक्तत्वेन न्यूनतेत्याकांक्षायामाह–

मतिश्रुतयोर्बहुवक्तव्यत्वेऽपि विस्तरभिया नोच्येते ॥ ४१ ॥

मतिश्रुतयोरिति, बहुवक्तव्यत्वेऽपीति, सत्पदप्ररूपणादिभिर्गत्यादिमार्गणास्थानेषु संगमनीयत्वेऽपीत्यर्थः, विस्तरभियेति, ग्रन्थस्यास्य संक्षेपविषयत्वात्तयोस्साकल्येन विचारे क्रियमाणे उद्देशभङ्गस्स्यादिति भावः । अव्युत्पन्नमतीनां शास्त्रप्रवेशयोग्यतासम्पादनाय ह्यस्य ग्रन्थस्यारम्भः, विशेषतः प्रपञ्चितयोस्सतोस्तेषां सौकर्येण ग्रहासम्भवेन तद्योग्यता नैवोदीयादिति किञ्चिदेव स्वरूपं तयोर्निरूपितमिति तात्पर्यम् ॥

શંકા – લક્ષણદ્વારા કથિત મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના સામાન્યથી ભેદો જાણ્યા છતાં, ત્યાં સ્વામી-સ્થિતિ-કાલ-વિષયોના અને સત્પદ આદિ દ્વારોના અકથનથી ન્યૂનતા કેમ નહીં ? આવી શંકા કે આકાંક્ષામાં કહે છે કે-

સમાધાન-ભાવાર્થ – "મતિ અને શ્રુતમાં ઘણું કહેવાનું છે, છતાં શબ્દપ્રપંચરૂપ વિસ્તારના ભયથી સ્વામી આદિ અને સત્પદ આદિ દ્વારોથી મતિ-શ્રુત કહેવાતા નથી."

વિવેચન – સત્પદપ્રરૂપણા આદિથી ગતિ આદિ માર્ગણાસ્થાનોમાં મતિ-શ્રુતનું વિવેચન કરવું જોઈએ. છતાં 'विस्तरभियेति ।' આ ગ્રંથ સંક્ષેપ વિષયવાળો હોઈ, તે મતિ-શ્રુતનો સંપૂર્ણતયા વિચાર જો કરવામાં આવે, તો ઉદ્દેશનો ભંગ થઈ જાય ! ખરેખર, અવ્યુત્પન્ન મતિવાળા વિદ્યાર્થીઓની શાસ્ત્રપ્રવેશની

યોગ્યતાના સંપાદન માટે આ ગ્રંથનો આરંભ છે. વિશેષથી વિસ્તારવાળા કરતાં મતિ-શ્રુતના સુગમતાથી ગ્રહણનો તેઓમાં અસંભવ હોઈ તેની યોગ્યતાનો ઉદય ન થાય. માટે તે મતિ-શ્રુતનું કાંઈક જ સ્વરૂપ નિરૂપિત કરેલ છે, એવું તાત્પર્ય છે.

नन्वेवं सत्यवसितं तयोर्निरूपणमिति प्राप्तं तथा च सति तद्भेदविशेषाणां स्वयमेव दर्शितानां स्मृत्यादीनामनिरूपणान्न्यूनत्वं तथापि स्यादित्यत्राह–

इति सांव्यवहारिकप्रत्यक्षम् ॥ ४२ ॥

इतीति । नहि मतिश्रुतयोर्निरूपणस्य पूर्णता क्रियते येन न्यूनत्वं स्यात्, किन्तु केवलमवग्रहादिविचारे मतिश्रुतयोः स्मृतत्वेन तत्स्वरूपजिज्ञासायामुदितायां सामान्यतो लक्षणतद्भेदा अभिहिताः प्रसङ्गसङ्गत्या, तथा चाकांक्षायामुपशमितायां प्रधानविषये लक्ष्यस्य गतत्वेनैतावता सांव्यवहारिकप्रत्यक्षमेव निरूपितं स्मृत्यादीनामधुनैव निरूपणावसरः प्राप्तस्तस्मान्न न्यूनतेति भावः ॥

इति श्रीमद्विजयानन्दसूरीश्वरपट्टधरश्रीमद्विजयकमलसूरीश्वरचरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टालंकारेण विजयलब्धिसूरिणा विनिर्मितस्य तत्त्वन्यायविभाकरस्य स्वोपज्ञायां न्यायप्रकाशव्याख्यायां सांव्यवहारिकप्रत्यक्षं नाम द्वितीयः किरणः ॥

શંકા – જો આમ છે, તો તે મતિ અને શ્રુતનું નિરૂપણ જાણ્યું. આ પ્રમાણે પ્રાપ્ત થયું. તથાચ નિરૂપણ પ્રાપ્ત થયે છતે તેના વિશિષ્ટ ભેદો, કે જે સ્વયમેવ દર્શાવેલ સ્મરણ આદિના નહીં નિરૂપણથી ન્યૂન તો છે જ. માટે કહે છે કે-

ભાવાર્થ – "इति सांव्यवहारिकप्रत्यक्षम् ।"

વિવેચન – મતિ-શ્રુતના નિરૂપણની પૂર્ણતા કરાવી નથી, જેથી ન્યૂનતા હોઈ શકે છે. પરંતુ કેવલ અવગ્રહ આદિના વિચારમાં મતિ-શ્રુતનું સ્મરણ થવાથી, તેના સ્વરૂપની જિજ્ઞાસાનો ઉદય થયે છતે, સામાન્યથી લક્ષણ અને તેના ભેદો પ્રસંગસંગતિથી કહેલા છે. તથા આકાંક્ષા ઉપશાન્ત થયા બાદ પ્રધાન વિષયમાં લક્ષ્ય (ચિત્ત) જવાથી એટલામાં સાંવ્યવહારિક પ્રત્યક્ષનું જ નિરૂપણ કરી લીધું. હમણાં જ સ્મૃતિ આદિના નિરૂપણનો અવસર પ્રાપ્ત થયેલો છે, તેથી ન્યૂનતા નથી એવો ભાવ છે.

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર **શ્રીમદ્વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સારી રીતે સ્થાપિત પોતાની ભક્તિના સમુદાયવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'तत्त्वन्यायविभाकर'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની વ્યાખ્યામાં **'સંવરનિરૂપણ'** નામનું બીજું કિરણ સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **બીજા કિરણનો** ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

●●●

तृतीयः किरणः

अथावसरप्राप्तां मतिश्रुतकार्यभूतां स्मृतिं प्रत्यभिज्ञादिहेतुभूतां निरूपयति—

अनुभवमात्रजन्यं ज्ञानं स्मृतिः । यथा स घट इत्यादि, अत्र प्रायेण तत्तोल्लिख्यते । अनुभवोऽत्र प्रमाणरूपः । आत्मशक्तिरूपसंस्कारो द्वारम् । प्रबोधस्सहकारी । पूर्वानुभूतविषयिणीयम् । अर्थाविसंवादकत्वाच्चास्याः प्रामाण्यम् । इति स्मृतिनिरूपणम् ॥ १ ॥

अनुभवमात्रेति । अत्र धारणात्वेन सङ्गृहीताऽविच्युतिस्संस्कारो वाऽनुभवपदेन ग्राह्यः, तत्र संस्कारस्साक्षात्स्मृतिं प्रति हेतुरविच्युतिस्तु संस्कारद्वारेति विशेषः, अनुभवेतराजन्यत्वे सति अनुभवजन्यत्वे सति ज्ञानत्वं लक्षणार्थः, आद्यं सत्यन्तं प्रत्यभिज्ञानादिव्युदासाय द्वितीयमवग्रहादिव्युदासाय, अनुभवध्वंसेऽतिव्याप्तिवारणाय ज्ञानत्वमिति । अत्र निदर्शनमाह यथेति, ननु स घट इत्याकारप्रदर्शनेन स्मरणमात्रं तत्तोल्लेखशालीति प्राप्तं, तथा च सति 'यावता स्मरसि चैत्र ! काश्मीरेषु वत्स्यामस्तत्र द्राक्षा भोक्ष्यामहे' इत्यादिस्मरणानां तच्छब्दोल्लेखाभावेन स्मरणरूपता न स्यादित्याशङ्कायामाहात्रेति, प्रायेणेत्यनेन तदित्युल्लेखयोग्यतावत्त्वमपेक्षितमिति सूच्यते, उक्तस्थलेषु तद्योग्यताऽस्त्येव, 'तेषु काश्मीरेषु' इत्यपि वक्तुं शक्यत्वादिति भावः । अप्रमाणभूतानुभवेनापिस्मरण सम्भवात्तद्व्युदासायाहानुभवोऽत्रेति, एतल्लक्षणघटकीभूतानुभवः प्रमाणरूपो ग्राह्यः, अन्यथाऽनुभवसामान्यविवक्षणे भ्रमात्मकानुभवजन्यभ्रान्तस्मरणस्यापि ग्रहणे स्मृतित्वावच्छेदेन प्रामाण्यबोधकेनाग्रेतनवाक्येन विरोधस्स्यादिति भावः । नन्वविच्युतेस्स्मरणहेतुत्वे तस्यान्तर्मौहूर्तिकत्वेन कालान्तरभाविस्मृतिं प्रति हेतुत्वं कथं स्यादित्यत्राहाऽऽत्मशक्तीति, न साक्षात्तस्याः स्मृतिं प्रति हेतुत्वमभिमतं येन प्रोक्तदोषस्स्यादपि तु संस्कारद्वारेति ब्रूमः, स च संख्येयासंख्येयकालवर्तीति न दोष इति भावः । न चात्मशक्तिरूपसंस्कारस्य तावत्कालमानस्य सर्वदा सद्भावेन सततं स्मरणं

स्यादित्यत्राह प्रबोधस्सहकारीति । तथा चोद्बुद्ध एव संस्कारः स्मृतिजनको न केवलः संस्कारः तस्योद्बोधकश्चावरणक्षयोपमसदृशदर्शनादिसामग्रीति भावः । ननु स्मर्यमाणस्यार्थस्याभावेन निरालम्बना स्मृतिः स्यादित्याकांक्षायामाह पूर्वानुभूतेति । पूर्वमनुभूतो यो विषयस्तेनैवास्याः सविषयत्वेन न निरालम्बनत्वमिति भावः । ननु स्मृतिर्न प्रमाणमतीतेऽर्थे उत्पद्यमानत्वात् गृहीतग्राहित्वात्, अर्थादनुत्पद्यमानत्वात्, विसंवादकत्वात्, प्रयोजनाप्रसाधकत्वाच्चेत्याकांक्षायामाहार्थाविसंवादकत्वाच्चेति, चशब्दः पूर्वोदितस्य पूर्वानुभूतविषयिणीति हेतुगर्भविशेषणस्यापि संग्राहकः । तथा च विसंवादकत्वं स्मृतेरसिद्धं, स्वप्रतिपन्ने धृतद्रव्याद्यर्थेऽविसंवादकत्वात् यत्र तु विसंवादस्स प्रत्यक्षाभासवत्स्मरणाभास एव । अनुभूतार्थेन सविषयकत्वादेवार्थादनुत्पद्यमानत्वमप्यसिद्धं स्वविषयानुभूतार्थादुत्पद्यमानत्वात्, अनुभवप्रमात्वपारतंत्र्यादस्या अप्रमात्वमिति चेदनुमितेरपि व्याप्तिज्ञानप्रमात्वपारतंत्र्येणाप्रमात्वप्रसङ्गः[१] स्यात् । नाप्यतीतेऽर्थे प्रवर्त्तमानत्वादप्रमाणत्वं, अतीतार्थस्य हि किं स्वकालेऽसत्त्वं स्मृतिकाले वा, नाद्यः तस्य विद्यमानत्वात्, न द्वितीयः तस्याप्रामाण्यासाधकत्वात् योगिप्रत्यक्षकाले विषयाभावेऽपि प्रवर्त्तमानस्य तस्य प्रमाणत्वात् । नापि गृहीतग्राहित्वादप्रमाणं, अनुमानेनाधिगते वह्नौ तदुत्तरकालभाविनः प्रत्यक्षस्याप्रमाणताप्रसङ्गात्, वर्त्तमानकालावच्छेदेनाधिगतस्यार्थस्यातीतकालावच्छेदेनाधिगतेरगृहीतग्राहित्वाच्च । न च वर्त्तमानकालावच्छिन्नत्वविशिष्टेऽतीतकालावच्छिन्नत्वस्य स घटोऽस्तीत्यादौ भानादतीतकालवर्त्तित्वरूपायां वा तत्तायामेतत्कालीनपदार्थवृत्तित्वस्य वा भानेनाप्रमाणत्वमिति वाच्यम्, विशेषणे सर्वत्र विशेष्यकालभाननियमस्यानभ्युपगमात् वर्त्तमानकालीनत्वविशिष्टे चातीतकालीनत्वभानानभ्युपगमाच्च किन्तु वर्त्तमानकालीनत्वातीतकालीनत्वयोस्स्वातंत्र्येणैव भानाभ्युपगमात् । प्रत्यभिज्ञानादिप्रवृत्तिनिहितधनादिप्राप्तिलक्षणप्रयोजनसाधकत्वेन प्रयोजनाप्रसाधकत्वमप्रसिद्धमेवेति भावः ॥

અથ અનુમાનપરિકર નામક તૃતીય કિરણ

અવસરપ્રાપ્ત, મતિ-શ્રુતના કાર્યભૂત અને પ્રત્યભિજ્ઞા આદિ પ્રત્યે હેતુભૂત સ્મૃતિનું નિરૂપણ કરે છે.

ભાવાર્થ – "અનુભવ માત્ર જન્ય જ્ઞાન, એ 'સ્મૃતિ.' જેમ કે-તે ઘટ ઇત્યાદિ. અહીં પ્રાયઃ કરી તત્પદનો ઉલ્લેખ કરાય છે. અહીં અનુભવ પ્રમાણરૂપ છે. આત્મશક્તિરૂપ સંસ્કારદ્વાર છે. પ્રબોધ

---

१. सम्बन्धस्मरणादेर्व्याप्तिप्रत्यभिज्ञादिफलोपयोगे प्रामाण्यमेव, फलीभूतस्मृतेरपि विषयबाधाभावादेव याथार्थ्यं दुर्निवारं, तस्याः प्रमात्वस्यानुभवप्रमात्वपारतंत्र्येऽपि व्याप्तिज्ञानप्रमात्वपरतंत्रानुमितिप्रमात्ववदविरोधात् ॥

સહકારી છે. પૂર્વે અનુભવેલ વિષયવાળી સ્મૃતિ છે. અર્થવિષયક અવિસંવાદવાળી હોવાથી આ સ્મૃતિનું પ્રામાણ્ય છે.''

વિવેચન – અહીં ધારણારૂપે સંગ્રહિત અવિચ્યુતિ અથવા સંસ્કાર અનુભવપદથી ગ્રહણ કરવાલાયક છે. ત્યાં સંસ્કાર સ્મૃતિ પ્રત્યે સાક્ષાત્ હેતુ છે. અવિચ્યુતિ તો સંસ્કારદ્વારા હેતુ છે. એવો વિશેષ છે. અનુભવ ઇતરથી અજન્ય હોયે છતે, અનુભવથી જન્ય હોયે છતે જ્ઞાનત્વ, એ લક્ષણનો અર્થ છે. પહેલું સત્યન્તપદ પ્રત્યભિજ્ઞા આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. બીજું સતિ સુધીનું પદ અવગ્રહ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. અનુભવના ધ્વંસમાં અતિવ્યાપ્તિના વારણ માટે જ્ઞાનત્વનું કથન કરેલ છે.

શંકા – 'તે ઘડો'—આવા આકારના સ્મૃતિના દૃષ્ટાન્તના પ્રદર્શનથી 'સ્મરણ માત્ર તત્ શબ્દથી ઉલ્લેખવાળું જ છે'-એમ પ્રાપ્ત થયું. તો 'હે ચૈત્ર ! તને તેટલું તો યાદ છે ને કે-આપણે કાશ્મીરદેશમાં રહ્યા હતા, ત્યાં દ્રાક્ષ ખાધી હતી !' ઇત્યાદિ સ્મરણોમાં તત્ શબ્દનો ઉલ્લેખનો અભાવ હોઈ સ્મરણરૂપતા ન હોઈ શકે ને ? આવી આ શંકામાં કહે છે કે-

સમાધાન – તત્ શબ્દના ઉલ્લેખની યોગ્યતા (અધ્યાહાર) અપેક્ષિત છે, એમ સૂચવાય છે. કહેલ સ્થળમાં તેની યોગ્યતા જ છે, કેમ કે-'તે કાશ્મીરપ્રદેશમાં, તે દ્રાક્ષાને'-એ પણ કહી શકાય છે, એવો ભાવ છે.

[अयदि स्मृत्यर्थे भविष्यन्ती । सि०५ । २ । ९ । वाङ्काक्षायां । ५ । २ । १० । स्मृत्यर्थे धातावुपपदे भूतानद्यतनार्थे भविष्यन्ती स्यात् स्यात् न तु यद्योगे । वाकाङ्काक्षायाम् प्रयोक्तुः क्रियान्तराकाङ्क्षायां सत्यां भविष्यन्ती वा स्यात् ॥]

० અપ્રમાણભૂત અનુભવથી પણ સ્મરણનો સંભવ હોવાથી, તેના નિષેધના માટે કહે છે કે-'अनुभवोऽत्रेति' આ લક્ષણમાં રહેલ અનુભવ પ્રમાણરૂપ લેવાનો છે. અન્યથા અનુભવ માત્રની વિવક્ષામાં ભ્રમરૂપ જન્ય ભ્રાન્તસ્મરણનું ગ્રહણ થતાં સ્મૃતિત્વની અપેક્ષાએ 'अर्थाविसंवादकत्वाच्चास्याः प्रामाण्यम्'-આવા પ્રામાણ્યબોધક અચેતન વાક્યની સાથે વિરોધ થાય !

શંકા – જે અવિચ્યુતિને સ્મરણનો હેતુ માનવામાં આવે, તે અવિચ્યુતિ અંતર્મુહૂર્ત્તકાળ સુધી રહેનારો હોઈ, કાલાન્તર ભાવિ સ્મૃતિ પ્રત્યે તે અવિચ્યુતિનું હેતુપણું કેવી રીતે ?

સમાધાન – આવી શંકાના સમાધાન માટે કહે છે કે-'आत्मशक्तीति ।' તે અવિચ્યુતિની સ્મૃતિનું હેતુપણું સાક્ષાત્રૂપે અભિમત નથી, કે જેથી કહેલો દોષ સંભવી શકે ? પરંતુ સંસ્કારદ્વારા અવિચ્યુતિ, સ્મૃતિનો હેતુ છે એમ અમે કહીએ છીએ. વળી વાસનારૂપ તે સંસ્કાર સંખ્યાત-અસંખ્યાતકાળવર્તી છે, માટે દોષ નથી એવો ભાવ છે.

શંકા – તેટલા કાળના માનવાળો આત્મશક્તિરૂપ સંસ્કાર સર્વદા વિદ્યમાન હોઈ નિરંતર સ્મરણ થશે જ ને ?

સમાધાન – આ શંકાના સમાધાનમાં કહે છે કે-'प्रबोधः सहकारीति ।' તથાચ ઉદ્‌બુદ્ધ જ સંસ્કાર સ્મૃતિજનક છે, કેવલ સંસ્કાર નહીં. તે સંસ્કારનો ઉદ્‌બોધક, આવરણક્ષયોપશમ સમાન વસ્તુનું દર્શન આદિ સામગ્રી છે, એવો ભાવ છે.

શંકા – સ્મરણના વિષયભૂત પદાર્થના અભાવથી આલંબન વિષય વગરની જ સ્મૃતિ થશે જ ને ?

સમાધાન – આના સમાધાન માટે કહે છે કે-પૂર્વકાલીન અનુભવના વિષયભૂત જે વસ્તુ છે, તે જ વિષયથી સવિષયક સ્મૃતિ હોઈ નિરાલંબન નથી.

શંકા – સ્મૃતિ પ્રમાણરૂપ નથી, કેમ કે-તે ભૂતકાલીન પદાર્થમાં ઉત્પન્ન થાય છે, ગૃહિતગ્રાહી છે, પદાર્થથી ઉત્પન્ન થતી નથી, વિસંવાદી છે અને પ્રયોજનકાર્યની અસાધક છે. આવી શંકા-આકાંક્ષામાં કહે છે કે-

સમાધાન – તે અર્થની અવિસંવાદ હોવાથી અને 'च' શબ્દ પૂર્વકથિત 'પૂર્વાનુભૂત વિષય-અર્થવાળી હોઈ પ્રમાણરૂપ છે, કેમ કે-પોતે સ્વીકારેલ ધારણા વિષયભૂત દ્રવ્યાદિરૂપ અર્થમાં અવિસંવાદકપણું છે. જે પ્રવૃત્તિથી અર્થપ્રાપ્તિ ન થાય, તે પ્રવૃત્તિ વિસંવાદિની છે. તેનું જનક ભ્રમાત્મક જ્ઞાન વિસંવાદક છે. તેવું જે નથી અર્થાત્ સત્ય પ્રવૃત્તિજનક જ્ઞાન અવિસંવાદક છે. વળી જ્યાં વિસંવાદ છે, ત્યાં પ્રત્યક્ષ આભાસની માફક સ્મરણાભાસ જ છે.

[પ્રમાણ માત્રથી કદાચિત્ પણ અનનુભૂત-અનુપ લબ્ધિ અર્થમાં 'તે' એવી બુદ્ધિ સ્મરણાભાસરૂપ છે. જેમ કે-અનનુભૂત શુકલરૂપમાં 'તે શુકલરૂપ' એવં બુદ્ધિ સ્મરણાભાસરૂપ છે.]

અનુભૂત અર્થની અપેક્ષાએ સ્મરણ સવિષયક જ હોઈ, અર્થથી 'અનુત્પદ્યમાનપણું' પણ અસિદ્ધ છે, કેમ કે-સ્વવિષયકરૂપ અનુભૂત અર્થથી સ્મૃતિ ઉત્પન્ન થાય છે.

શંકા – અનુભવપ્રમાત્વ(યથાર્થ અનુભવ)ની પરતંત્રતા હોવાથી આ સ્મૃતિ પ્રમાણરૂપ કેવી રીતે ? કેમ કે- સ્મૃતિના પ્રામાણ્યમાં બીજા-અનુભવના પ્રામાણ્યની આધીનતા છે ને ?

સમાધાન – જો આમ છે, તો અનુમતિમાં પણ વ્યાપ્તિજ્ઞાનના પ્રામાણ્યની પરતત્રતા હોઈ અપ્રમાણતાનો પ્રસંગ આવશે જ. (સંબંધસ્મરણાદિનું વ્યાપ્તિપ્રત્યભિજ્ઞા આદિ ફળના ઉપયોગમાં પ્રમાણપણું જ છે. ફળભૂત સ્મૃતિમાં પણ વિષયની બાધાનો અભાવ હોવાથી યથાર્થતા દુર્નિવાર છે. સ્મૃતિના પ્રમાણપણામાં અનુભવના પ્રમાણપણાની પરતંત્રતા હોવા છતાં, વ્યાપ્તિજ્ઞાનના પ્રમાણપણાનો પરતંત્ર, અનુમિતિના પ્રામાણ્યની માફક અવિરોધ છે.)

જો સ્વપ્રામાણ્યમાં પરકીયપ્રામાણ્યની નિરપેક્ષતા માનવામાં આવે, તો અનુમિતિ પ્રમાણરૂપ ન થાય ! કેમ કે-પ્રમાણરૂપ વ્યાપ્તિજ્ઞાન પરામર્શ આદિ જ્ઞાનજન્ય છે, અનુમતિ પ્રમાણ છે. પોતાના પ્રામાણ્યમાં વ્યાપ્તિજ્ઞાનના પ્રામાણ્યની અપેક્ષા રાખેલી છે.

૦ સ્મૃતિ, ભૂતકાલીન અર્થમાં પ્રવર્તતી હોવાથી અપ્રમાણભૂત નથી. ખરેખર ! શું ભૂતકાલીન પદાર્થનું સ્વકાળમાં (અનુભવકાળમાં) અસત્વ છે કે સ્મૃતિકાળમાં અવિદ્યમાનપણું છે ? આ બે પક્ષોમાંથી પહેલો પક્ષ ટકતો નથી, કેમ કે-અનુભવકાળમાં પદાર્થ વિદ્યમાન છે. બીજો પક્ષ પણ ટકતો નથી. કેમ કે-

તે પદાર્થ અપ્રામાણ્યનો અસાધક હોવાથી, યોગીપ્રત્યક્ષના કાળમાં વિષયનું અવિદ્યમાનપણું છતાં પ્રવર્તતા તે જ્ઞાનનું પ્રમાણ્યપણું છે, [વૃષ્ટિ થઈ, શકટ ઉગશે, ઇત્યાદિ ભૂત-ભવિષ્યના વિષયવાળું અનુમાન શું નથી માન્યું ?]

○ સ્મૃતિ, ગૃહિતગ્રાહી હોઈ અપ્રમાણભૂત નથી, (અનુભવજ્ઞાન-ગૃહિત વિષયગ્રાહક સ્મૃતિરૂપ જ્ઞાન છે.) કેમ કે-અનુમાનથી અધિગત (ગૃહિત-જ્ઞાત)વહ્નિમાં અનુમાન પછી થનાર વહ્નિવિષયક પ્રત્યક્ષની (ગૃહિતગ્રાહી હોઈ) અપ્રમાણતાનો પ્રસંગ આવી જાય છે અને વર્તમાનકાળને અપેક્ષી ગૃહિત પદાર્થના ભૂતકાળને અપેક્ષી ગ્રહણમાં-જ્ઞાનમાં અગૃહિત ગ્રાહકપણું છે.

પૂર્વપક્ષ – તે ઘડો છે'-આવી સ્મૃતિ ઉત્પન્ન થતી દેખાય છે. તે સ્મૃતિ, તે દેશકાળવૃત્તિત્વરૂપતત્તા વિશિષ્ટ ઘટમાં, વર્તમાનકાળવૃત્તિપણાને જણાવતી હોઈ પ્રમાણભૂત નથી. સ્મરણવિષયભૂત-વિશેષ્યભૂત ઘટમાં વર્તમાનકાળવૃત્તિત્વ હોવા છતાં, વિશિષ્ટ તે ઘટમાં વિશેષણભૂત કે તે દેશકાળવૃત્તિત્વરૂપતત્તામાં વર્તમાનકાળવૃત્તિપણાનો બાધ હોવાથી, અપ્રામાણ્યનું મૂળ કારણ બાધિતાર્થ વિષયકપણું સ્મૃતિમાં છે. માટે સ્મૃતિ અપ્રમાણ છે, એમ ચિંતામણિકારના અનુયાયી નવીન નૈયાયિકો ચર્ચા કરે છે, તો એનો શો જવાબ છે ?

ઉત્તરપક્ષ – સ્મરણ પ્રમાણભૂત છે, કારણ કે - જ્યાં 'સુખી' ઇત્યાદિ સ્થળમાં વિશેષણભૂત સુખ આદિનું વિશેષ્યકાળમાં વૃત્તિપણું છે, ત્યાં વિશેષણમાં વિશેષ્યકાળવૃત્તિત્વનું ભાન હોવા છતાં, સર્વ વિશેષણમાં વિશેષ્યકાળવૃત્તિત્વના ભાનમાં પ્રમાણનો અભાવ હોવાથી, સર્વ 'વિશેષણમાં વિશેષ્યકાળવૃત્તિત્વનો નિયમ' ઉપાદેય નથી, કેમ કે-તત્તારૂપ અંશમાં વર્તમાનકાળવૃત્તિત્વનો અવિષય કરીને પણ, 'તે ઘડો'-આવી થતી સ્મૃતિનો નિરોધ અશક્ય છે; માટે અબાધિત અર્થવિષયક હોઈ સ્મૃતિનું પ્રામાણ્ય છે. વસ્તુતઃ 'તે ઘડો'-આવા આકારવાળી જ સ્મૃતિ છે, પરંતુ 'તે ઘડો છે'-એ સ્મૃતિ નથી. જ્યારે વર્તમાનકાળવૃત્તિત્વને વિશેષ્ય અંશમાં પણ અવગાહતી નથી જ, તો વિશેષણ અંશમાં વર્તમાનકાળવૃત્તિત્વના અવગાહનની વાત પણ ક્યાંથી ?

○ વળી વર્તમાનકાલીનત્વ વિશિષ્ટમાં અતીતકાલીનત્વના ભાનનો અસ્વીકાર છે, કેમ કે-વર્તમાનકાલીનત્વ અને અતીતકાલીનત્વમાં સ્વતંત્રપણાએ જ ભાનનો સ્વીકાર છે.

○ સ્મૃતિ, પ્રયોજનનું અસાધકપણું હોઈ અપ્રમાણ છે એમ નથી, પણ પ્રત્યભિજ્ઞાન આદિ જન્ય પ્રવૃત્તિ નિહિત-સ્થાપિત ધન આદિની પ્રાપ્તિરૂપ પ્રયોજનનું સાધકપણું હોઈ પ્રયોજનનું અસાધકપણું અપ્રસિદ્ધ જ છે, એવો ભાવ છે. (નિશાની આદિની પ્રવૃત્તિ કરીને જમીન આદિમાં દાટેલ ધન આદિની પ્રાપ્તિ સ્મરણથી થાય છે, માટે અર્થોપલબ્ધિહેતુરૂપ સ્મરણ હોઈ પ્રમાણભૂત છે.)

अथ मतिस्मृतिहेतुकां प्रत्यभिज्ञां लक्षयति–

अनुभवस्मरणोभयमात्रजन्यं ज्ञानं प्रत्यभिज्ञानम् । इदं तत्तेदन्तोल्लेखनयोग्यमेकत्व-सादृश्यवैलक्षण्यप्रतियोगित्वादिविषयकं सङ्कलनज्ञानापरपर्यायमतीतवर्त्तमानोभयकाला-वच्छिन्नवस्तुविषयकञ्च ॥ २ ॥

अनुभवेति । अनुभवस्मरणोभयमात्रजन्यत्वे सति ज्ञानत्वं लक्षणम्, अनुभवमात्रजन्यत्वे सति ज्ञानत्वस्य स्मृतौ, स्मृतिजन्यत्वे सति ज्ञानत्वस्यानुमित्यादौ अनुभवस्मरणोभयजन्यत्वस्यापि तत्रैव सत्त्वेन व्यभिचारात्तत्तत्पदानि वाच्यानि । ननु ज्ञानमिदं प्रत्यक्षस्मरणाभ्यां भिन्नं भवितुं नार्हति तदेवेदमिति हि प्रत्यभिज्ञानं, तत्र तदिति स्मरणमिदमिति प्रत्यक्षमतो नान्यः कश्चिदस्य विषयोऽतो नेदं प्रमाणान्तरमिति चेन्न, ताभ्यामस्य वैलक्षण्यात्, अस्ति ह्यत्र विलक्षणो विषयो यस्य ग्रहणं स्मरणप्रत्यक्षाभ्यामशक्यं पूर्वापराकारैकधुरीणं द्रव्यं प्रत्यभिज्ञानस्य विषयः[१], न च तत्स्मरणस्य विषयः, अनुभूतार्थविषयत्वात्तस्य, नापि प्रत्यक्षस्य, वर्त्तमानार्थमात्रवृत्तित्वात्, अस्य दर्शनस्मरणोत्तरकालभावित्वेन ज्ञानान्तरत्वेनानुभवाच्च, न ह्यनुभूयमानस्यापलापो युक्तोऽतिप्रसङ्गादित्याशयेन प्रत्यभिज्ञाया विषयमुपनिबध्नातीदमिति, प्रत्यभिज्ञानमित्यर्थः, तत्तेदन्तोल्लेखनयोग्यमिति, प्रायस्स्मृताविवात्रापि तत्तेदन्तयोरुल्लेखनं भवतीति भावः, ननु तत्ताऽस्पष्टता, इदन्ता स्पष्टता, तथा च स्पष्टास्पष्टाकारभेदात्रैकं प्रत्यभिज्ञानस्वरूपमस्ति, विरुद्धधर्माध्यासेऽप्यभेदे प्रत्यक्षानुमानयोरप्यैक्यं स्यादिति चेन्न, चित्रज्ञानवदाकारभेदेऽपि तस्यैकज्ञानत्वेनानुभवात् तर्हि विलक्षणविषयाभावान्नेदमस्तीत्यत्राहैकत्वसादृश्यवैलक्षण्यप्रतियोगित्वादिविषयकमिति, क्वचिदेकत्वं क्वचित्सादृश्यं क्वचिद्वैलक्षण्यं क्वचिच्च प्रतियोगित्वमस्य विषय इति भावः । ननु स एवायमित्यादिप्रत्यभिज्ञानं स्मृतिप्रत्यक्षात्मकज्ञानद्वयमेव, परन्तु तयोर्भेदस्याग्रहादेकरूपतया भासत इत्याशङ्कायामाह संकलज्ञानापरपर्यायमतीतवर्त्तमानोभयकालावच्छिन्नवस्तुविषयकञ्चेति । सङ्कलनं नाम विवक्षितधर्मयुक्तत्वेन वस्तुनः प्रत्यवमर्शनम्, प्रत्यक्षस्मरणोत्तरकालमनुभूयमानत्वेन न तत् ज्ञानद्वयमपि तु सङ्कलनात्मकं ज्ञानान्तरमेव, अन्यथा विशिष्टज्ञानमात्रोच्छेदः प्रसज्येत, सर्वस्यापि विशिष्टज्ञानस्य विशेषणज्ञानविशेष्यज्ञानोभयपूर्वकत्वेनावश्यनियततदुभयेनैवोपपत्तौ विशिष्टज्ञाने स्वीक्रियमाणे गौरवात् । तथा प्रत्यक्षं वर्त्तमानमात्रकालावच्छिन्नवस्तुविषयं, स्मरणञ्चातीतमात्रकालावच्छिन्नवस्तुविषयं, प्रत्यभिज्ञानन्तु तदग्राह्यवर्त्तमानकालातीतकालोभयावच्छिन्नवस्तुविषयकमिति न[२]

---

१. किञ्च प्रत्ययानां प्रामाण्यनिबन्धनं न केवलं विषयातिरेक एव, संदिग्धस्य सन्देहापकरणस्यापि निबन्धनत्वात् । तथाहि घटादयः कदाचिदुपलक्षिताकाराः अन्यदाऽनुपलक्ष्यमाणाः सदसत्तया सन्देहविषयतामापद्यन्ते प्रत्यभिज्ञा च तेषां सन्देहविषयतामपाकुर्वाणा प्रमाणतामश्नुत एवेति ॥ २. तथा च प्रत्यभिज्ञानं प्रमाणं, अविसंवादित्वे सति स्वार्थव्यवसायात्मकत्वात्, अन्यथा हि विसंवादः स्यात् संशयादिवत् न चेदं प्रत्यभिज्ञानमव्यवसायात्मकं, तदेवेदं तत्सदृशमेवेदमित्याद्येकत्वसादृश्यादिविषयस्य प्रत्यभिज्ञानस्याबाधितस्य संशयादिव्यवच्छेदेनावगमात् । बाध्यमानस्य चाप्रमाणत्वोपपत्तेस्तदाभासत्वात् । न च सर्वं प्रत्यभिज्ञानं बाध्यमानमेव, तत्साधकप्रमाणाभावादित्यपि सूचितम् ॥

ज्ञानद्वयात्मकं प्रत्यभिज्ञानमिति भावः । न चेन्द्रियविषयसम्बन्धे सति प्रत्यभिज्ञानस्य भावात्तदभावे तदभावाच्च प्रत्यक्षमेवेदमिति वाच्यम्, इन्द्रियविषय-सम्बन्धाव्यवहितोत्तरं तस्यानुत्पत्तेः, प्रत्यक्षस्मरणान्वयव्यतिरेकतस्यस्य भावा भावात्, संस्कारसत्त्वे तस्य भावात्तद-भावे तदभावाच्च तस्य स्मरणत्वापत्तेः, अतीतवर्त्तमानयोरेकत्वस्य प्रत्यक्षा-विषयत्वाच्च तस्य वार्त्तमानिकत्वात्, न च स्मरणसहकृतमिन्द्रियमेकत्वं गृह्णातीति वाच्यम्, स्वाविषये सहकारिबलेनाप्यप्रवृत्तेः, नहि गन्धस्मृतिसहकृतं चक्षुः कदापि गन्धे प्रवर्त्तते अविषयश्च वर्त्तमानातीतकालीनत्वव्याप्यमेकत्वमिति ॥

स्मृति-अनुभवजन्य प्रत्यभिज्ञाननुं लक्षण

भावार्थ – "अनुभव अने स्मरणरूप बंनेथी ज जन्य ज्ञान, ओ 'प्रत्यभिज्ञान' कहेवाय छे. आ प्रत्यभिज्ञान, तत्ता-ईदंताना उल्लेखनने योग्य, एकत्वसादृश्य वैलक्षण्य-प्रतियोगित्व आदि विषयवाळुं संकलनज्ञानरूप बीजा नामवाळुं अने अतीत-वर्तमान उभयकाळविशिष्ट वस्तुना विषयवाळुं छे."

लक्षण-विवेचन – अनुभव, स्मरणरूप उभय ज्ञान मात्र जन्य होये छते, ज्ञानत्व, ओ ज्ञानत्व, ओ प्रत्यभिज्ञाननुं लक्षण छे.

पदकृत्य – जो अनुभव मात्र जन्य होये छते ज्ञानपणुं एम कहेवामां आवे, तो स्मृतिमां अतिव्याप्तिना वारण माटे 'स्मरणजन्यत्वे सति' एम कहेलुं छे. जो स्मृतिजन्य होये छते ज्ञानपणुं एम कहेवामां आवे, तो अनुमिति आदिमां अतिव्याप्ति छे; अने स्मरण-अनुभवरूप उभयजन्यत्व पण अनुमिति आदिमां अतिव्याप्ति छे. तेना वारण माटे अनुभव-स्मरणरूप उभय मात्र जन्यत्वे सति ज्ञानत्वरूप, ते ते पदो कहेवां.

शंका – आ प्रत्यभिज्ञानरूप अने प्रत्यक्ष अने स्मरणथी भिन्न थई शकतुं नथी, केम के-'ते ज आ'-आवुं खरेखर प्रत्यभिज्ञान छे. त्यां 'ते' अंश-स्मरणरूप छे. 'आ' अंश-प्रत्यक्षरूप छे. एथी जुदो कोई विषय आनो नथी, माटे आ प्रत्यभिज्ञान पृथग् प्रमाणरूप नथी ने ?

समाधान – खरेखर, आ प्रत्यभिज्ञानमां विलक्षण विषय छे, के जेनुं ग्रहण, स्मरण अने प्रत्यक्षथी अशक्य छे. पहेलां अने पछीना पर्यायमां एक अन्वयी-मूळ द्रव्य ज. जेम के-सोनामांथी बनावेल वींटी-कंदोरो-कडु वगेरे आकारोनां अनुगत-व्यापक-मूळ द्रव्यस्वरूपथी जे सुवर्ण छे, ते ऊर्ध्वता सामान्य छे. (वळी प्रतीतिओना प्रामाण्यनुं मूळ कारण फक्त विषयोनुं आधिक्य नथी ज, केम के-संदिग्धना संदेहनुं निराकरण पण प्रामाण्यनुं कारण छे. तथाहि घट वगेरे कदाचित् उपलक्षित आकारवाळा होय छे, कोई वखत अनुपलक्षित आकारवाळा होय छे. तेथी घट वगेरे छे के नहीं ?-एवा संदेहना विषयरूप ज्यारे बने छे, त्यारे प्रत्यभिज्ञान तेओनी संदेहविषयतानुं निराकरण करतुं प्रमाणपणाने पामे छे.) ते ज विषय छे. वळी ते स्मरणनो विषय ऊर्ध्वता सामान्य नथी, केम के-ते स्मरण अनुभूत अर्थविषयक छे. ऊर्ध्वता सामान्य-प्रत्यक्षनो विषय नथी, केम के-प्रत्यक्ष, वर्तमान अर्थ मात्र वृत्ति छे. आ ऊर्ध्वता सामान्यविषयक

પ્રત્યભિજ્ઞાનના દર્શન-સ્મરણના કાળ પછીના કાળમાં થનાર હોઈ, જ્ઞાનાન્તર-પૃથગ્જ્ઞાનરૂપે અનુભવ હોઈ પ્રત્યક્ષ અને સ્મરણથી પૃથક્ પ્રત્યભિજ્ઞાન છે. ખરેખર, અનુભવાતા પ્રત્યભિજ્ઞાનનો અપલાપ યુક્ત નથી, કેમ કે-અતિપ્રસંગ આવી જાય છે. આવા આશયથી પ્રત્યભિજ્ઞાનના વિષયનો ઉલ્લેખ કરે છે. આ પ્રત્યભિજ્ઞાનમાં, પ્રાયઃ સ્મૃતિમાં જેમ, અહીં પણ તત્તા-ઈદંતાવડે ઉલ્લેખન થાય છે.

પૂર્વપક્ષ – 'તે આ' આવા જ્ઞાનમાં 'તે' પદથી તત્તારૂપ અસ્પષ્ટ આકાર અને 'આ' પદથી ઈદંતારૂપ સ્પષ્ટ આકાર ભાસે છે. સ્પષ્ટ અને અસ્પષ્ટ આકારનો વિરોધ હોવાથી એક જ્ઞાનમાં સંભવ નથી, માટે 'તે' આવું જ્ઞાન પૃથગ્ છે અને 'આ' એવું જ્ઞાન પૃથગ્ છે. 'તે આ' પ્રત્યભિજ્ઞાનપણાએ અભિમત, એવા એક જ્ઞાનનો અભાવ હોવાથી જ પ્રામાણ્યનો સંભવ નથી. આવો બૌદ્ધનો અભિપ્રાય હોઈ કહે છે કે-સ્પષ્ટ-અસ્પષ્ટ આકારના ભેદથી પ્રત્યભિજ્ઞાનસ્વરૂપ એક જ્ઞાન નથી. જો વિરુદ્ધ ધર્મના સંબંધમાં પણ અભેદ માનવામાં આવે, તો પ્રત્યક્ષ અનુમાનમાં પણ એકતા થશે જ ?

ઉત્તરપક્ષ – અનુભવાતાનો અપલાપ સંભવતો નથી. જેમ બૌદ્ધના મતમાં આકાર-આકારીના અભેદથી વિભિન્ન આકારવાળું જ્ઞાનાન્તર વિભિન્ન જ છે, કેમ કે-'नीलपीत' આવા આકારવાળું એક ચિત્રજ્ઞાન, આકારના ભેદમાં પણ સ્વીકારયોગ્ય છે, તેમ અહીં પ્રત્યભિજ્ઞાનમાં આકારનો ભેદ હોવા છતાં, તે પ્રત્યભિજ્ઞાનમાં એક જ્ઞાનરૂપે અનુભવ થાય છે.

શંકા – જો આમ છે, તો વિલક્ષણ-અસાધારણ વિષયનો અભાવ હોવાથી આ વિલક્ષણ-પૃથગ્જ્ઞાન કેવી રીતે ?

સમાધાન – આના જવાબમાં કહે છે કે "एकत्व सादृश्य वैलक्षण्य प्रतियोगित्वादि विषयकमिति ॥" - આ પ્રત્યભિજ્ઞાનનો ક્વચિત્ એકત્વ, ક્વચિત્ સાદૃશ્ય, ક્વચિત્ વૈલક્ષણ્ય અને ક્વચિત્ પ્રતિયોગિત્વ વિષય છે.

પૂર્વપક્ષ – ભેદાખ્યાતિવાદી પ્રભાકર તો 'છીપમાં આ ચાંદી' ઇત્યાદિ વિશિષ્ટ જ્ઞાનરૂપ ભ્રમનો અપલાપ કરતો, સર્વજ્ઞાનની યથાર્થતાનો સ્વીકાર કરતો, ભ્રમસ્થળમાં 'આ' એવું જ્ઞાન પ્રત્યક્ષ, 'ચાંદી' એવું જ્ઞાન સ્મરણ, આમ માનીને તે પ્રત્યક્ષ અને સ્મરણમાં ભેદના અગ્રહણથી જ વિસંવાદી પ્રવૃત્તિ છે એમ માનતો, પ્રત્યભિજ્ઞાનસ્થળમાં પણ 'તે' સ્મરણના વિષયનો 'આ' પ્રત્યક્ષના વિષયની સાથે ભેદ(અસંસર્ગ)ના અવગ્રહણથી જ પ્રત્યભિજ્ઞાન કાર્યનો સંભવ હોવાથી, સ્મરણ-પ્રત્યક્ષરૂપ બે જ્ઞાનોથી ભિન્ન વિશિષ્ટ જ્ઞાનરૂપ પ્રત્યભિજ્ઞાન નથી જ. આવો મત જાહેર કરે છે. તે અપેક્ષાએ કહે છે કે-'તે જ આ' ઇત્યાદિ. પ્રત્યભિજ્ઞાન, સ્મરણ-પ્રત્યક્ષરૂપ બે જ્ઞાનરૂપ જ છે પરંતુ ભેદના અગ્રહણથી એકરૂપે ભાસે છે.

ઉત્તરપક્ષ – તે પ્રભાકરમતનું ખંડન પૂર્વ અપરપર્યાય અનુગામિ દ્રવ્યવિષયકત્વના પ્રત્યભિજ્ઞાનમાં વ્યવસ્થાપનદ્વારા થઈ જાય છે. માટે કહે છે -આ પ્રત્યભિજ્ઞાન, સંકલનજ્ઞાનરૂપ બીજા નામવાળું અને અતીત-વર્તમાન ઉભયકાળ વિશિષ્ટ-વસ્તુવિષયવાળું છે. સંકલન એટલે વિવક્ષિત ધર્મયુક્તપણાએ વસ્તુનું અનુસંધાન, ભૂત-વર્તમાનકાળની એકતાનું સંકલન, પ્રત્યક્ષ-સ્મરણ પછીના કાળમાં અનુભવાતું હોઈ, તે પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષ-સ્મરણરૂપ બે જ્ઞાન નથી, પરંતુ સંકલન સ્વભાવવાળું એક પૃથક્જ્ઞાન જ છે.

○ અન્યથા આ વિશિષ્ટ જ્ઞાન પ્રત્યભિજ્ઞાનનું ભેદના અવગ્રહણથી બે જ્ઞાનરૂપપણાએ ઉપપાદન થાય છે. તો પ્રત્યભિજ્ઞાનની માફક 'ઘટવાળું ભૂતલ. ઇત્યાદિ જ્ઞાનોનું પણ તે પ્રકારે જ ઉપાદાનનો સંભવ હોવાથી સર્વ-વિશિષ્ટ જ્ઞાનોના ઉચ્છેદનો પ્રસંગ આવી જાય ! સર્વ પણ વિશિષ્ટ જ્ઞાનની વિશેષણ જ્ઞાન-વિશેષ્ય જ્ઞાનરૂપ ઉભયપૂર્વક હોઈ, અવશ્ય નિયંત તે ઉભયથી ઉપપત્તિ હોયે છતે વિશિષ્ટ જ્ઞાનના સ્વીકારમાં ગૌરવની આપત્તિ થાય ! માટે પૂર્વાપરપર્યાયવર્તી એક દ્રવ્યરૂપ વિશિષ્ટ વિષયક તે (સંકલનાત્મક) પ્રત્યભિજ્ઞાન, બે જ્ઞાનોથી પૃથક્ વિશિષ્ટ જ્ઞાન માનવું જોઈએ.

○ પ્રત્યક્ષ, વર્તમાન માત્ર કાળવિશિષ્ટ વસ્તુવિષયવાળું છે અને સ્મરણ, ભૂતકાળ માત્ર વિશિષ્ટ વસ્તુવિષયવાળું છે, તો પ્રત્યભિજ્ઞાન તે બન્નેથી અગ્રાહ્ય વર્તમાનકાળ અને અતીતકાળરૂપ ઉભયકાળ વિશિષ્ટ વસ્તુના વિષયવાળું છે, માટે પ્રત્યભિજ્ઞાન બે જ્ઞાનરૂપ નથી એવો ભાવ છે.

શંકા – ભલે, પ્રત્યભિજ્ઞાન વિશિષ્ટરૂપ હો ! પરંતુ ચક્ષુ આદિ ઇન્દ્રિયવિષય સંબંધરૂપ સંનિકર્ષ હોયે છતે પ્રત્યભિજ્ઞાન થાય છે. તે સંનિકર્ષના અભાવમાં પ્રત્યભિજ્ઞાનની અનુત્પત્તિ છે, માટે આ પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષરૂપ કેમ નહીં ?

સમાધાન – ઇન્દ્રિય અને વિષય સંબંધના અવ્યવહિત (સાક્ષાત્) ઉત્તરકાળમાં તે પ્રત્યભિજ્ઞાનની ઉત્પત્તિ નથી, માટે પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષરૂપ નથી. પરંતુ પ્રત્યક્ષ અને સ્મરણ હોયે છતે પ્રત્યભિજ્ઞાન છે -એમ અન્વય છે, તથા પ્રત્યક્ષ-સ્મરણના અભાવમાં પ્રત્યભિજ્ઞાન નથી-એમ વ્યતિરેક છે. પ્રત્યભિજ્ઞાનના અન્વય તથા વ્યતિરેક પ્રત્યક્ષ અને સ્મરણરૂપ બંનેની સાથે હોઈ, ઇન્દ્રિયાર્થ સંનિકર્ષની સાથે પ્રત્યભિજ્ઞાનના અન્વય-વ્યતિરેક નથી, માટે પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષરૂપ નથી.

○ સંસ્કાર હોયે છતે પ્રત્યભિજ્ઞાન છે અને સંસ્કારના અભાવમાં પ્રત્યભિજ્ઞાન નથી, એમ માનવા જતાં પ્રત્યભિજ્ઞાનમાં સ્મરણપણાની આપત્તિ આવે !

○ અતીત-વર્તમાનની એકતા પ્રત્યક્ષના અવિષયરૂપ છે, કેમ કે-તે પ્રત્યક્ષ વર્તમાનકાળગ્રાહી છે. માટે અતીતકાળ વર્તમાનકાળની એકતાની સંકલના કરનારું પ્રત્યભિજ્ઞાન હોઈ પ્રત્યભિજ્ઞાન પ્રત્યક્ષરૂપ નથી.

શંકા – સ્મરણસહકૃત, ઇન્દ્રિય (પ્રત્યક્ષ) એકત્વનું કેમ ન ગ્રહણ કરી શકે ?

સમાધાન – પોતાના અવિષયમાં સહકારિના બળથી પણ પ્રવૃત્તિ નથી, કેમ કે-ગંધના સ્મરણથી સહકૃત ચક્ષુ કદી પણ ગંધરૂપ વિષયમાં પ્રવર્તતી નથી. વર્તમાન-અતીતકાલીનત્વવ્યાપ્ય (વ્યાપ્તિવિશિષ્ટ) એકત્વ, સ્મરણસહકૃત ઇન્દ્રિયનો અવિષય છે. જો સ્મૃતિના સહકારથી ઇન્દ્રિયનું પ્રત્યક્ષ જનકત્વ માનવામાં આવે, તો મન જ વ્યાપ્તિસ્મરણરૂપ સહકારીને મેળવી, 'પર્વત વહ્નિવાળો છે' એવું જ્ઞાન કરી શકે ! માટે ઇન્દ્રિયજન્ય હોઈ તે પણ જ્ઞાન પ્રત્યક્ષરૂપ જ થાય ! માટે અનુમાન પણ પૃથક્ પ્રમાણ તરીકે ન થાય !

○ જેમ પ્રત્યક્ષની પ્રતીતિ 'હું સાક્ષાત્ કરું છું' એવી છે, તેનાથી વિલક્ષણ પ્રતીતિ અનુમાનની છે. જેમ 'अनुमिनोमि'-હું અનુમાન કરું છું માટે પ્રત્યક્ષથી પૃથક્ અનુમિતિ મનાય છે. તેમ પ્રત્યભિજ્ઞાનની પણ પ્રતીતિથી વિલક્ષણ છે. જેમ કે 'प्रत्यभिजानामि'-હું પ્રત્યભિજ્ઞાન કરું છું-આવી પ્રતીતિ છે, માટે પ્રત્યક્ષથી ભિન્ન જ પ્રત્યભિજ્ઞાન છે એમ માનવાનું રહ્યું.

क्रमेण प्रत्यभिज्ञानस्य दृष्टान्तानाह—

तत्रैकत्वविषयं स एवायं देवदत्त इत्यादिज्ञानम् । सादृश्यविषयकं गोसदृशो गवय इत्यादि, अत्रैवोपमानस्यान्तर्भावः । वैलक्षण्यविषयकं गोविसदृशो महिष इत्यादि, प्रतियोगित्वविषयकञ्चेदं तस्माद्दूरं समीपमल्पं महद्वेत्याद्युदाहरणानि बोध्यानि । इति प्रत्यभिज्ञाननिरूपणम् ॥ ३ ॥

तत्रेति । ईदृशे प्रत्यभिज्ञान इत्यर्थः, इत्यादिज्ञानमिति, तद्देशतत्कालवर्त्तिदेवदत्तैतद्देशैतत्कालवर्त्तिदेवदत्तयोश्च पूर्वापरपर्यायव्यापिदेवदत्तद्रव्यात्मकोर्ध्वतासामान्यमवलम्ब्यैकत्वं विषयी क्रियते, प्रत्यभिज्ञापरिच्छेद्यस्यैकत्वस्याभावे पूर्वोत्तरपर्यायवर्त्येकजीवासिद्धया बन्धमोक्षव्यवस्थैव न स्यात् बद्धस्यैव मुक्तत्वे हि विभाव्यात्मानं दुःखितं परमसुखप्राप्तये दुःखविगमोपाये प्रवर्त्तते, अन्यथाऽन्यस्य सुखार्थं किमर्थमन्य उद्युञ्जीतेति भावः । सादृश्यविषयकं तदुदाहरति सादृश्येति, गोसदृश इति, सादृश्यविशिष्टे पिण्डे स्मृते च गवि संकलनात्मकं गोसदृशो गवय इति ज्ञानमुपजायते, इदञ्च तिर्यक्सामान्यविषयकं, तिर्यक्सामान्यञ्चात्र सदृशपरिणामात्मकमिति भावः । ननु गोदर्शनजन्यसंस्कारवतः प्रमातुः कालान्तरे गवयदर्शनगोस्मरणाभ्यामुपजायमानस्य तत्सदृशोऽयमिति ज्ञानस्योपमानत्वरूपं प्रमाणान्तरमेवोचितं न तु प्रत्यभिज्ञानत्वं तस्यैकत्वमात्रविषयकत्वादिति परस्याकांक्षायामाहात्रैवोपमानस्यान्तर्भाव इति । तथा च सादृश्यविशिष्टपिण्डस्य दृष्टस्य स्मृतस्य गोश्च सङ्कलनात्मकस्य गोसदृशो गवय इति ज्ञानस्य प्रत्यभिज्ञानतानतिक्रमात् । स एवायमित्यादिरूपा यथा पूर्वपर्यायेणोत्तरपर्यायस्यैकताविषयिणी प्रतीतिः सङ्कलनात्मकत्वात् प्रत्यभिज्ञानं तथैव गोसदृशो गवय इत्यपि प्रतीतिः प्रत्यभिज्ञानमेव, सङ्कलनात्मकत्वाविशेषात्, यद्येकत्वमात्रविषयकं तत् न तु सादृश्यादिविषयकमित्युच्यते तर्हि सादृश्यज्ञानस्योपमानत्वात्मकप्रमाणान्तरत्ववत् गोविधर्मा महिष इत्यादिरूपवैसादृश्यज्ञानस्यापि प्रमाणान्तरत्वं स्यात्, न च वैसादृश्यज्ञानमुपमानान्तर्गतम्, तस्य सादृश्यमात्रविषयकत्वात्, इष्टापत्तौ तव प्रमाणसंख्याव्याघातस्स्यात् । न च वैसादृश्यं सादृश्याभावस्तथा चाभावविषयकत्वेनानुपलब्धिप्रमाणान्तर्गतत्वान्न प्रमाणसंख्या व्याहन्यत इति वाच्यम्, तथा च सति सादृश्यस्यापि वैलक्षण्याभावरूपत्वेनाभावविषयकतया तत्रैवान्तर्गतत्वेनोपमानप्रमाणाभावप्रसङ्गः स्यादिति[१]

१. ननु सादृश्यं न वैलक्षण्याभावमात्रं, किन्तु समानधर्मयोग एवेति नोपमानोच्छेद इति चेन्न, वैलक्षण्यस्यापि विसदृशधर्मयोगरूपत्वेन सादृश्याभावमात्ररूपत्वासम्भवादिति ॥

भावः । एतेनातिदेशवाक्यार्थज्ञानकरणकं सादृश्यविशिष्टपिण्ड दर्शनव्यापारकं संज्ञासंज्ञिसम्बन्धज्ञानमुपमानमित्यपि निरस्तम्, अस्यापि प्रत्यभिज्ञानत्वाऽनतिक्रमात्, इदंत्वेनानुभूतगवयादिव्यक्तौ गवयादिपदवाच्यत्वस्य सङ्कलनात् । न चेदन्त्वेनैव गवयस्यानुभूतत्वेन गवयत्वावच्छिन्ने गवयपदवाच्यत्वस्योपमानविषयस्य न प्रत्यभिज्ञानतस्सिद्धिर्गवयत्वेन तस्याननुभवादिति वाच्यं प्रत्यभिज्ञावरणकर्मक्षयोपशमविशेषेण यद्धर्मावच्छेदेनातिदेशवाक्यानूद्यधर्मदर्शनं तद्धर्मावच्छेदेनैव पदवाच्यत्वपरिच्छेदोपपत्तेरिति । एवं वैलक्षण्यविषयकं दृष्टान्तयति वैलक्षण्येति, गोदर्शनाहितसंस्कारस्य महिषदर्शिनो जायमानेयं प्रतीतिस्संकलनात्मकत्वात्प्रत्यभिज्ञानं विसदृशविषयकमिति भावः । प्रतियोगित्वविषयकं दृष्टान्तयति, इदमिति, इदं तस्मादिति पदद्वयं समीपादिपदैरग्रेतनैस्सम्बध्यते, तस्मादित्यत्र पञ्चम्यर्थोऽवध्यपरपर्यायः प्रतियोगित्वं, तथा चेदं तदवधिकदूरत्ववत्तत्प्रतियोगिकदूरत्ववद्वेत्वर्थः एवमग्रेऽपि, इत्यादीत्यत्रादिना 'रोमशो दन्तुरश्श्यामो वामनः पृथुलोचनः । यस्तत्र चिपिटघ्राणस्तं चैत्रमवधारयेः ॥ पयोम्बुभेदी हंसस्स्यात् षट्पदैर्भ्रमरः स्मृतः । सप्तपर्णस्तु विद्वद्भिर्विज्ञेयो विषमच्छदः ॥' इत्येवमादिशब्दाकर्णनोत्तरकालं तथाविधवस्त्ववलोकनतो यदा तथावचनं सत्यापयति तदा तथाविधानि ज्ञानानि संकलनात्मकत्वादुदाहरणतया ग्राह्याणीति । प्रत्यभिज्ञानप्रमाणं निगमयतीतीति ॥

ક્રમથી પ્રત્યભિજ્ઞાનના દૃષ્ટાન્તોને કહે છે

ભાવાર્થ – "તે જ આ દેવદત્ત છે' ઇત્યાદિ એકત્વવિષયક જ્ઞાન, 'ગાયના જેવું રોઝ' ઇત્યાદિ સાદૃશ્યવિષયક જ્ઞાન અહીં જ ઉપમાનનો અંતર્ભાવ છે. 'ગાયથી વિદસશ મહિષ' છે ઇત્યાદિ વૈલક્ષણ્યવિષયક જ્ઞાન, અવધિરૂપ પ્રતિયોગિત્વ વિષયક આ છે. જેમ કે-'મુંબઈથી અમદાવાદ દૂર છે, મુંબઈથી સુરત પાસે છે, રાઈ ચણા કરતાં નાની છે, કુંજર કીડી કરતાં મોટો છે, ઇત્યાદિ ઉદાહરણો જાણવા. ઇતિ પ્રત્યભિજ્ઞાન નિરૂપણ."

વિવેચન – તે દેશ, તે કાળમાં વર્તનાર દેવદત્ત અને આ કાળમાં વર્તનાર દેવદત્તમાં પૂર્વ-અપરપર્યાયવ્યાપક દેવદત્ત દ્રવ્યરૂપ ઊર્ધ્વતા સામાન્યનું આલંબન લઈ એકત્વવિષય કરાય છે. પ્રત્યભિજ્ઞાનના વિષયભૂત એકત્વના અભાવમાં પૂર્વ-અપરપર્યાયમાં વર્તનાર એક જીવની અસિદ્ધિ થવાથી બંધ અને મોક્ષની વ્યવસ્થા ન થાય ! ખરેખર, બંધવાળાની જ મુક્તિ છે. એટલે દુઃખી એવા આત્માનો વિચાર કરી, પરમ સુખની પ્રાપ્તિ માટે દુઃખના વિનાશના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે. અન્યથા બીજાના સુખ માટે શા માટે બીજો ઉદ્યમ કરે ? જે બુદ્ધ છે, તે મુક્ત થાય છે. બુદ્ધ જુદો નથી અને મુક્ત થનારો જુદો નથી. જો જુદો હોય, તો એકબીજાને માટે કેમ પ્રવૃત્તિ કરે ? આ પ્રત્યભિજ્ઞાનના ઉદાહરણો બૌદ્ધમતના નિરાકરણ માટે છે, કેમ કે-બૌદ્ધમત પ્રમાણે દરેક પદાર્થ ક્ષણિક છે, એટલે એમાં એકતા રૂપ સંકલના માટે કે સદૃશતા

માટે અવકાશ નથી. સાદૃશ્યવિષયક ઉદાહરણને કહે છે. ગવયમાં રહેલ ગાયની સમાનતા. વિશિષ્ટ પિંડનું દર્શન થયે છતે અને ગાયનું સ્મરણ થયે છતે, સંકલનાત્મક 'ગાય સરખું રોઝ' એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે અને આ તિર્યક્ સામાન્યવિષયક છે તથા તિર્યક્ સામાન્ય અહીં સદૃશ પરિણામ આત્મક છે. (કોઈ એક ગૃહસ્થ, રોઝ એટલે શું તે વાતથી જો અજ્ઞાત હોય, તો તેને ગોવાળ એમ સમજાવે કે-જે ગાયના જેવું હોય, તે 'રોઝ' છે. આ ગૃહસ્થને જંગલમાં જતાં રોઝ સામે મળ્યું અને તેને જોતાં 'ગાયના જેવું જે પ્રાણી હોય, તે રોઝ છે'-એ વાત તેને યાદ આવી. એ સ્મરણ અને 'આ' રોઝનું પ્રત્યક્ષ દર્શન-એ બંનેથી 'તે જ આ રોઝ છે' એવું તેને જે જ્ઞાન થયું, તે 'પ્રત્યભિજ્ઞાન' છે.)

શંકા – ગાયના પ્રત્યક્ષ દર્શનથી સંસ્કારવાળા પ્રમાતામાં કાલાન્તરમાં ગવયદર્શન અને ગાયના સ્મરણથી પેદા થતું 'તેના સરખો આ' એવું જે જ્ઞાન છે, તે ઉપમાનત્વરૂપ પૃથક્ પ્રમાણરૂપ જ ઉચિત છે. પ્રત્યભિજ્ઞાનત્વરૂપ ઉચિત નથી, કેમ કે-તે પ્રત્યભિજ્ઞાન એકત્વ માત્ર વિષયવાળું છે. આવી પરની આકાંક્ષા થયે છતે કહે છે.

સમાધાન – **'अत्रैवोपमानस्यान्तर्भाव इति ।'** તથાચ પ્રત્યક્ષ દર્શનવિષયભૂત સાદૃશ્ય વિશિષ્ટ પિંડનું (ગવયનું) અને સ્મરણવિષયભૂત ગાયનું સંકલન આત્મક 'ગાયના જેવો રોઝ' એવું જ્ઞાન પ્રત્યભિજ્ઞાનનું અતિક્રમણ કરતું નથી.

○ 'તે જ આ' ઇત્યાદિ રૂપ, જેમ પૂર્વપર્યાયની સાથે ઉત્તરપર્યાયની એકતાના વિષયવાળી પ્રતીતિ સંકલન આત્મક હોઈ પ્રત્યભિજ્ઞાનરૂપ છે, તેમ 'ગાયના જેવો રોઝ' એવી પણ પ્રતીતિ પ્રત્યભિજ્ઞાનરૂપ જ છે, કેમ કે-સંકલન આત્મકપણામાં ભેદ-વિશેષ નથી.

જો તે ઊર્ધ્વતા સામાન્યવિષયક પ્રત્યભિજ્ઞાન એકત્વ માત્ર વિષયવાળું છે પણ સાદૃશ્ય આદિ વિષયવાળું નથી, તો સાદૃશજ્ઞાન જેમ ઉપમાનત્વ આત્મક પ્રમાણાન્તરત્વવાળું છે, તેમ 'ગોવિધરમાં-ગાયની સાથે અસમાન મહિષ (પાડો) છે' ઇત્યાદિ રૂપ વૈધર્મ્ય વિશષ્ટ જ્ઞાનમાં પણ પ્રમાણાન્તરપણું થશે જ.

○ વળી વૈસાદૃશ્યજ્ઞાન ઉપમાનમાં અંતર્ગત નથી, કેમ કે-ઉપમાન, સાદૃશ્ય માત્ર વિષયવાળું છે. જો ઇષ્ટ આપત્તિ કરવામાં આવે, તો પ્રમાણસંખ્યાનો વ્યાઘાત થાય ! (મીમાંસક અભિમત પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દ-અર્થાપત્તિ-અનુપલબ્ધિરૂપ છે. પ્રમાણોમાં અને નૈયાયિક અભિમત પ્રત્યક્ષ-અનુમાન-ઉપમાન-શબ્દરૂપ ચાર પ્રમાણોમાં વ્યાઘાત થાય ! એક અધિક પ્રમાણાન્તરની આપત્તિ આવે !)

શંકા – વિસદૃશતા, એ સદૃશતાનો અભાવ છે. તથાચ અભાવવિષયક હોઈ અનુપલબ્ધિનામક પ્રમાણમાં અંતર્ગત હોઈ પ્રમાણસંખ્યાનો વ્યાઘાત નહીં થાય ને ?

સમાધાન – જો આમ છે તો અર્થાત્ વિસદૃશતા એટલે સદૃશતાનો અભાવ માનતાં, સદૃશતા વિસદૃશતાના અભાવરૂપ હોઈ, સાદૃશ્ય પણ અભાવવિષયક હોઈ અનુપલબ્ધિનામક પ્રમાણમાં અંતર્ગત થવાથી ઉપમાનપ્રમાણના અભાવનો પ્રસંગ આવી જાય ! (સદૃશતા વિસદૃશતાના અભાવ માત્ર રૂપ નથી પણ સમાન ધર્મયોગરૂપ જ છે, માટે ઉપમાનનો ઉચ્છેદ નહીં થાય. જો આમ કહો છો, તો વિસદૃશતામાં પણ વિસદૃશ ધર્મયોગરૂપ હોઈ સાદૃશ્યના અભાવ માત્ર રૂપપણાનો અસંભવ છે.) ખરી રીતે સાધર્મ્ય કે વૈધર્મ્ય-

એ બંનેમાંથી કોઈ એકબીજાથી વાસ્તવિકપણામાં ઉતરતું નથી. વાસ્તે એ બંનેમાંથી ગમે તે દ્વારા થતાં બોધનો પ્રત્યભિજ્ઞાનમાં સમાવેશ કરવો જોઈએ. 'ગોસદશ ગવય' આવા અતિદેશ વાક્યના અર્થ, સ્મૃતિરૂપ વ્યાપારવાળા' ગોસદશ 'આ' આવા જ્ઞાનથી પેદા થયેલ ગવયપદનો ગવયરૂપ અર્થ સાથે શક્તિરૂપ વિષયક 'આ ગવયપદ વાચ્ય છે : અથવા ગવય, ગવયપદ વાચ્ય છે'-આવું જ્ઞાન ઉપમિતિરૂપે સ્વીકારાય છે તે ઠીક નથી, કેમ કે-તેવું જ્ઞાન પણ સંકલનાત્મક હોઈ પ્રત્યભિજ્ઞાન જ છે.

○ અરણ્યવાસીને ગામડિયાએ પૂછ્યું કે —'રોઝ કોના જેવો છે ?' આ ગવય શબ્દના અર્થના અજાણ ગામડિયાના પ્રશ્ન પછી, ગવય શબ્દ પ્રવૃત્તિનિમિત્ત ગવયત્વ ઉપલક્ષક ગોસાદશ્યના સમાનાધિકરણ્યથી ગવય શબ્દ વાચ્યત્વનું પ્રતિપાદક 'ગોસદશ ગવય'-એવા અતિદેશ (જાણેલી વસ્તુના ધર્મનું નવી વસ્તુમાં આરોપણવાક્ય છે, કે જે અરણ્યવાસીએ કહેલ છે.) વાક્યના અર્થનું જ્ઞાન જે 'આ ગવયપદ વાચ્ય' છે ઉપમાન પ્રત્યે કારણ છે. વનમાં ગયેલા ગામડિયાને જે ગવયનું દર્શન થયે છતે, 'ગાયના સરખો આ છે' આવું પ્રત્યક્ષ છે, તે ઉપમાન પ્રત્યે વ્યાપાર છે. ત્યારબાદ 'આ ગવયપદ વાચ્ય છે' આવું જ્ઞાન ઉપમાનરૂપ છે અર્થાત્ અતિદેશ વાક્યાર્થ કરણવાળું સાદશ્ય વિશિષ્ટ પિંડના દર્શનરૂપ વ્યાપારવાળું, સંજ્ઞા (ગવય એવું નામ) અને સંજ્ઞી(ગવયરૂપ અર્થ)ના સંબંધનું (ગવયપદથી ગવય અર્થ જાણવો જોઈએ, એવો સંકેતરૂપ સંબધનું) જ્ઞાન એટલે 'ગવય ગવયપદ વાચ્ય' એ રૂપ જે જ્ઞાન, તે ઉપમાન કહેવાય છે. એવું કથન ઉપરોક્ત વિવેચનથી ખંડિત થાય છે, કેમ કે-આ ઉપમાનરૂપ જ્ઞાનમાં પ્રત્યભિજ્ઞાનપણાનું અતિક્રમણ નથી. ઈદંતાવડે અનુભૂત ગવય આદિ વ્યક્તિમાં ગવય આદિ પદ વાચ્યત્વનું સંકલન છે.

શંકા — ઈદંતાવડે જ ગવયનો અનુભવ હોઈ ગવયત્વ વિશિષ્ટમાં જે ગવયપદ વાચ્યત્વ છે, તે ઉપમાનનો વિષય હોઈ પ્રત્યભિજ્ઞાનથી તેની સિદ્ધિ નથી, કેમ કે-તે પ્રત્યભિજ્ઞાનમાં ગવયત્વરૂપે ગવયપદ વાચ્યત્વનો અનુભવ નથી જ ને ?

સમાધાન — પ્રત્યભિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમવિશેષથી, જે ધર્મની અપેક્ષાએ અતિદેશવાક્ય દ્વારા અનુવાદ કરીને (અનુવાદયોગ્ય) ધર્મનું દર્શન છે, તે જ ધર્મની અપેક્ષાએ પદવાચ્યત્વનું જ્ઞાન પ્રત્યભિજ્ઞાનમાં ઉત્પન્ન થાય છે.

['ગોસદશ ગવય' એવું અતિદેશવાક્ય છે. ત્યાં ગવયપદ, ગવયપદ વાચ્યપરાયણ છે. તે વાક્ય ગોસદશ્યનો અનુવાદ કરીને, તે ગોસદશ્યના સમાનાધિકરણથી ગવયપદ વાચ્યત્વને કરે છે તેનો અનૂદ્યધર્મ ગોસદશ્ય છે, તેનો ગવયત્વની અપેક્ષાએ દર્શન છે. આવી રીતે પ્રત્યભિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમવિશેષથી ગવયત્વાવચ્છેદકથી જ ગવયપદ વાચ્યત્વના જ્ઞાનની ઉપપત્તિ હોવાથી નિર્ણય આત્મકજ્ઞાનનો સંભવ છે.]

○ આ પ્રમાણે વૈધર્મ્યવિષયક પ્રત્યભિજ્ઞાનના દૃષ્ટાન્તને કહે છે કે 'वैलक्षण्येति ।' ગોદર્શનથી કરેલ સંસ્કારવાળો જ્યારે મહિષના દર્શન કરે છે, ત્યારે તે મહિષદર્શકમાં પેદા થતી આ પ્રતીતિ સંકલન આત્મક હોઈ વિસદશવિષયક પ્રત્યભિજ્ઞાન કહેવાય છે. હવે પ્રતિયોગિત્વવિષયક પ્રત્યભિજ્ઞાનનું દૃષ્ટાન્ત આપે છે. 'इदमिति ।' 'આ તેનાથી દૂર છે-સમીપ છે.' 'तस्मादिति ।' અહીં પંચમી વિભક્તિનો અર્થ અવધિ છે-પ્રતિયોગિત્વ છે. આ પ્રમાણે આગળ ઉપર સમજવું. 'इत्यादीति ।' અહીં આદિપદથી "રૂંવાટીવાળો, બહાર

નીકળેલા દાંતવાળો, કાળો, ઠીંગણો, વિશાળ નેત્રવાળો અને ચપટા નાકવાળો' જે હોય, તેને 'ચૈત્ર' જાણવો. દૂધ અને જળને જે જુદા પાડે, તે 'હંસ' હોય અને જે છ પગવાળું જીવડું હોય તે ભમરો હોય. 'સપ્તપર્ણ' વિષય (એકી સંખ્યા) પત્રથી યુક્ત હોય, એમ વિદ્વાનોએ જાણવું. પાંચ રંગવાળું રત્ન મેચક કહેવાય, વિસ્તૃત સ્તનવાળી યુવતી હોય અને જે એક શીંગવાળો હોય, તે ગેંડો કહેવાય." આ પ્રમાણેના કથનો સાંભળ્યા બાદ ચૈત્ર, હંસ આદિ નજરે પડતાં તેઓની ચૈત્ર વગેરેરૂપે પ્રતીતિ કરવી, તે પ્રત્યભિજ્ઞાન' છે; કેમ કે-તથાપ્રકારના જ્ઞાનો સંકલનાત્મક છે.

सम्प्रति तर्कप्रमाणं निरूपयति—

उपलम्भानुपलम्भादिजन्यं व्याप्त्यादिविषयकं ज्ञानं तर्कः । यथा वह्नौ सत्येव धूमो भवति, वह्नावसति धूमो न भवत्येवेति ज्ञानं व्याप्तिविषयकम् ॥ ४ ॥

उपलम्भेति । उपलम्भानुपलम्भौ—यथाक्षयोपशमं सकृदसकृद्वा प्रमाणमात्रेण साध्यसाधनयोर्ग्रहणाग्रहणे, न तु केवलं प्रत्यक्षेण, अनुमानादिनापि अतीन्द्रियसाधननिश्चया-निश्चययोरुपादानात् । आदिनाऽऽवापोद्वापयोर्ग्रहणं ताभ्यां जन्यं वक्ष्यमाणस्वरूपव्याप्त्यादि-विषयकं ज्ञानं तर्क इत्यर्थः, अत्रादिना वाच्यवाचकभावो ग्राह्यः, तथाचोपलम्भानुपलम्भजन्य-व्याप्तिविषयकज्ञानाऽऽवापोद्वापजन्यवाच्यवाचकभावज्ञानान्यतरत्वं तर्कस्य लक्षणम् । दृष्टान्तमाह यथेति, प्रत्यक्षेण सकृदसकृद्वा वह्निधूमयोर्ग्रहणाग्रहणानन्तरं यावान् कश्चिद्धूमस्स सर्वोऽपि वह्नौ सत्येव भवति वह्नावसति धूमो न भवत्येवेति सर्वदेशकालावच्छेदेन साध्यसाधनसम्बन्धविषयकं ज्ञानमुदेति तस्मादयं तर्क इति भावः, सर्वदेशकालावच्छेदेन साध्यसाधनसम्बन्धो व्याप्तिः तद्विषयकश्च तर्कः, तदुल्लेखश्चेदमस्मिन् सत्येव भवति, इदमस्मिन्नसति न भवतीत्येवंरूपः । अत्र सहकारिकारणे च प्रमाणेन सकृद्वाऽसकृद्वा, साध्यसाधनयोर्ग्रहणाग्रहणे, महानसादौ वह्निधूमयोर्ग्रहणं ह्रदादौ तयोरग्रहणमिति । न च भूयो-दर्शनव्यभिचारादर्शनसहकृतेनेन्द्रियेणैव व्याप्तिर्योग्यत्वाद्गृह्यते, सामान्यलक्षणाप्रत्यासत्त्या सकलसाध्यसाधनव्यक्त्युपसंहारस्यापि सम्भवेन तदुपसंहाराय व्यर्थ एव तर्क इति वाच्यम्, तर्कयामीत्यनुभवसिद्धेन तर्केणैव सकलसाध्यसाधनव्यक्त्युपसंहारेण व्याप्तिग्रहोपपत्तौ सामान्यलक्षणाप्रत्यासत्तिकल्पने प्रमाणाभावात्, ऊहं विना ज्ञातेनापि सामान्येन सकल-व्यक्त्यनुपस्थितेश्च ! अपेक्ष्यते हि तया सामान्यं यदि व्यक्तिसाकल्यव्यभिचारि स्यात्तदा

१. सर्वोपसंहारेण व्याप्तेः प्रत्यक्षाविषयत्वं, उपलम्भानुपलम्भस्वभावस्य द्विविधस्यापि प्रत्यक्षस्य सन्निहितमात्रविषयकत्वात् । तथा च व्यभिचारादर्शनभूयोदर्शनसहकृतमपि प्रत्यक्षं न व्याप्तिं ग्राहयति, स्वाविषये सहकारिसहस्रसहकृतेनापि स्वेन तद्ग्रहायोगात् ॥

सामान्यमेव न स्यादित्येवंविधस्तर्कः । अस्ति तस्य प्राणिनो धर्मविशेषो विशिष्टसुखादिसद्भावान्यथानुपपत्तेरित्यादौ साध्यस्य धर्मविशेषस्य शुभः पुण्यस्येत्याद्याप्तवचनादेव ग्रहणं-हेतोश्चानुमानात् । अस्त्यादित्यस्य गमनशक्तिः गमनान्यथानुपपत्तेरित्यादौ साध्यस्यानुमानात्पूर्वं यत्कार्यं तच्छक्तिमत्कारणपूर्वकं यथा सम्प्रतिपन्नं, कार्यञ्च गमनमित्येवंरूपानुमानान्तराद्ग्रहणं हेतोश्च देशान्तरप्राप्तिरूपलिङ्गादिति । एतेन व्याप्यारोपेण व्यापकारोपस्तर्कः स च क्वचिद्विरोधिशङ्कानिवर्त्तकत्वेन प्रमाणानुग्राहकः, न चायं स्वतः प्रमाणमिति मतमपास्तम्, सामान्यलक्षणाप्रत्यासत्तौ मानाभावेन सकलसाध्यसाधनोपसंहारेण व्याप्तिग्राहकस्याभावप्रसङ्गात् । न चान्वयव्यतिरेकसहकृतेन प्रत्यक्षेण व्याप्तिर्गृह्यत इति वाच्यम्, प्रतिनियतदेशकालावच्छिन्नार्थेष्वेवेन्द्रियस्य प्रवृत्त्या सकलदेशकालावच्छिन्नसाध्यसाधनोपसंहारेण तेन तद्ग्रहणासम्भवात्[१] । बहिरिन्द्रियनिरपेक्षस्य मनसो बहिरर्थसाक्षात्कारे सामर्थ्यविरहेण तद्वृत्तिव्याप्तेस्तेनाग्रहात् । नाप्यनुमानात्तद्ग्रहः, प्रकृतानुमाननैव तत्प्रतिपत्तावन्योन्याश्रयात् व्याप्तिज्ञाने सत्यनुमानं सति च तस्मिन् व्याप्तिग्रह इति । अनुमानान्तरतस्तत्प्रतिपत्तौ त्वनवस्था, तस्यापि गृहीतव्याप्तिकस्यैव प्रकृतानुमानव्याप्तिग्राहकत्वात् तद्व्याप्तिग्रहश्चान्यानुमानगृहीतव्याप्तिकानुमानादिति । तस्मादुपलम्भानुपलंभादिजन्यं व्याप्त्यादिविषयकं तर्काख्यं ज्ञानमवश्यमभ्युपेयम् । तथा स्वविषयभूते व्याप्त्यादौ अविसंवादकत्वात्प्रमाणत्वं तर्कस्य, अत्र प्रयोगस्तर्कः प्रमाणमबाध्यमानविषयकत्वात्प्रत्यक्षादिवदिति, स्वपरव्यवसायित्वेन च स्वतः प्रमाणम् । अयञ्च तर्कः सम्बन्धप्रतीत्यन्तरनिरपेक्ष एव स्वयोग्यतासामर्थ्यात्सम्बन्धप्रतीतिं जनयतीति नानवस्था । पराभिमततर्कोऽपि क्वचिद्व्याप्तिविचाराङ्गतया क्वचिद्व्यभिचारिशङ्कानिवर्त्तकतया चोपयुज्यत इति ॥

तर्क प्रमाणनुं निरूपण

ભાવાર્થ – "ઉપલંભ અને અનુપલંભ આદિથી જન્ય વ્યાપ્તિ આદિ વિષયવાળું જ્ઞાન 'તર્ક' કહેવાય છે. જેમ કે-વહ્નિ હોયે છતે જ ધૂમ હોય છે, વહ્નિ નહીં હોયે છતે ધૂમ હોતો નથી. આવું જ્ઞાન વ્યાપ્તિવિષયક છે.'

---

१. न च साधनसामान्यसाध्यसामान्ययोरनवयवयोस्सन्निकृष्टत्वादेकत्रापि साकल्येनेन्द्रियेण ग्रहणमस्ति, विशेषप्रतिपत्तिस्तु सर्वत्र हेतोः पक्षधर्मताबलादेवेति वाच्यम्, व्याप्तिग्रहणकाल एव सामान्यस्वरूपस्य साध्यस्य सिद्ध्या साधनवैफल्यापत्तेः, पक्षधर्मताया धूमविशेष एव सत्त्वे न तस्य वह्निविशेषेण व्याप्तेरगृहीततया गमकत्वासम्भवात् धूमसामान्ये सत्त्वे तु वह्निसामान्यस्यैव सिद्धिः स्यान्न तु विशेषस्येति ॥

વિવેચન – ઉપલંભ અને અનુપલંભ એટલે ક્ષયોપશમ પ્રમાણે, એક વાર કે અનેક વાર પ્રમાણ માત્રથી સાધ્ય-સાધન-ગમ્યગમકનું ગ્રહણ, એ ઉપલંભ અને અગ્રહણ એ અનુપલંભ કહેવાય છે. પરંતુ આ ઉપલંભ-અનુપલંભ કેવળ પ્રત્યક્ષ પ્રમાણથી થતા નથી, કેમ કે-અનુમાન આદિથી પણ અતીન્દ્રિય નિશ્ચય-અનિશ્ચયનું ગ્રહણ છે. આદિપદથી આવાપ અને ઉદ્વાપનું ગ્રહણ છે. ઉપલંભ–અનુપલંભ અને આવાપ-ઉદ્વાપથી જન્ય કહેવાતા સ્વરૂપવાળા વ્યાપ્તિ આદિ વિષયકજ્ઞાન, એ તર્ક. અહીં આદિથી વાચ્ય-વાચકભાવ ગ્રહણ કરવો. તથાચ ઉપલંભ-અનુપલંભજન્ય વ્યાપ્તિવિષયક જ્ઞાનપણું કે આવાપ (પ્રક્ષેપ) અને ઉદ્વાપ (અપનયન)જન્ય (વૃદ્ધવ્યવહારથી શક્તિગ્રહ થાય છે. જેમ ઉત્તમ વૃદ્ધે 'ઘડો લાવો'-આવો વાક્યપ્રયોગ કર્યો છતે મધ્યમવૃદ્ધ ઘડો લાવે છે. તે જોઈને પાર્શ્વસ્થ વ્યુત્પિત્સુબાલ અન્વય-વ્યતિરેકથી 'ઘડો લાવો'-એવા શબ્દથી જન્ય ઘટ આનયનરૂપ કાર્ય છે એવો નિશ્ચય કરે છે. ત્યારબાદ 'ગાયને લાવો, ઘડાને લઈ જાઓ'- આવા બીજા વાક્યને સાંભળનારને, આવાપ અને ઉદ્વાપથી ઘટપદની ઘટત્વ વિશિષ્ટમાં શક્તિ અને ગોપદની ગોત્વ વિશિષ્ટમાં શક્તિ છે, એવું શક્તિનું જ્ઞાન થાય છે.) વાચ્ય-વાચકજ્ઞાનપણું તર્કનું લક્ષણ છે.

દૃષ્ટાન્તને કહે છે કે-પ્રત્યક્ષથી એકવાર કે અનેકવાર વહ્નિ અને ધૂમના ગ્રહણ-અગ્રહણ બાદ (વહ્નિરૂપ કારણસતત્વે ધૂમરૂપ કાર્યસત્વરૂપ અન્વય, વહ્નિરૂપ કારણના અભાવમાં ધૂમરૂપ કાર્યનો અભાવ, એમ અન્વય વ્યતિરેક બાદ) જે કોઈ ધૂમરૂપ કાર્ય છે, તે સઘળો ધૂમ પણ વહ્નિરૂપ કારણ હોયે છતે જ હોય છે. વહ્નિનો અભાવ હોયે છતે ધૂમ હોતો નથી જ. આવી રીતે સર્વકાળ-દેશને આશ્રી, સાધ્ય-સાધન (કાર્ય-કારણ) સંબંધના વિષયવાળું જ્ઞાન ઉગે છે તેથી આ તર્ક છે. સર્વ દેશ-કાળને આશ્રી સાધ્ય-સાધનસંબંધ એ વ્યાપ્તિ છે અને વ્યાપ્તિરૂપ વિષયવાળો તર્ક છે. જો અન્વય વ્યતિરેક છે, તો સર્વ દેશકાળાવચ્છિન્ન સાધ્ય-સાધનસંબંધરૂપ વ્યાપ્તિ છે અને વ્યાપ્તિ છે તો તર્ક છે. [સર્વના ઉપસંહાર-સંગ્રહદ્વારા વ્યાપ્તિ, પ્રત્યક્ષના અવિષયરૂપ છે, કેમ કે-ઉપલંભ-અનુપલંભ સ્વભાવવાળું બે પ્રકારનું પ્રત્યક્ષ, સંનિહિત-યોગ્ય દેશસ્થના માત્ર વિષયવાળું છે. તથાચ વ્યભિચારના અદર્શન-ભૂયોદર્શન સહકૃત પણ પ્રત્યક્ષ વ્યાપ્તિગ્રાહક નથી, કેમ કે-પોતાના અવિષયમાં હજારો સહકારીઓથી સહકૃત પણ પોતે (જ્ઞાન) તેનું ગ્રહણ કરી શકતો નથી, માટે તર્ક વ્યાપ્તિગ્રાહક છે.]

તે તર્કનો શબ્દનો આકાર=આ હોયે છતે, આ છે-આ નહીં હોયે છતે, આ નથી, આવા આકારનો ઉલ્લેખ છે.

૦ અહીં પ્રમાણદ્વારા એક વાર કે અનેકવાર સાધ્ય-સાધનનું ગ્રહણ અને અગ્રહણ (અન્વય વ્યતિરેક) સહકારી કારણભૂત છે. મહાનસ (રસોડા) આદિમાં વહ્નિ-ધૂમનું ગ્રહણ, સરોવર આદિમાં અગ્રહણ છે એમ જાણવું.

પૂર્વપક્ષ – ભૂયો (વારંવાર) દર્શન અને વ્યભિચારના અદર્શનથી સહકૃત ઇન્દ્રિયથી જ વ્યાપ્તિ યોગ્ય હોવાથી ગ્રહણ થાય છે. વળી સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિથી સકળ સાધ્યસાધનના ઉપસંહાર માટે તર્ક વ્યર્થ જ થશે. [સામાન્યલક્ષણપત્યાસત્યા=ઇન્દ્રિયસંબધ વિશેષ્યક જ્ઞાન પ્રકારીભૂત સામાન્યરૂપ લૌકિક સંનિકર્ષથી જ્યારે કોઈ ધૂમ, ચક્ષુઃ સંનિકૃષ્ટ થયો, ધૂમવિશેષ્યક 'ધૂમ' એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યારે સકળ ધૂમની

સાથે ચક્ષુનો કહેલો સંનિકર્ષ વર્તે છે. તથાહિ ઇન્દ્રિયસંબદ્ધ એટલે ચક્ષુઃસંયુક્ત, આગળ રહેલો ધૂમ છે. તે વિશેષ્યવાળું 'ધૂમ' એવું જ્ઞાન છે. તે જ્ઞાનમાં ધૂમત્વ પ્રકાર છે. તે પ્રકારીભૂત સામાન્યભૂત ધૂમત્વરૂપ સંનિકર્ષથી 'ધૂમાઃ' એવું સકળ ધૂમવિષયક જ્ઞાન થાય છે. અર્થાત્ તાદેશ ધૂમત્વ સામાન્ય સકળ ધૂમમાં વર્તે છે. માટે તાદેશ સંનિકર્ષના બળથી, ચક્ષુવડે સકળ ધૂમનું અલૌકિક પ્રત્યક્ષ, આવી કહેલ દિશાથી સકળ વહ્નિ પણ પ્રત્યક્ષ છે. એથી સકળ ઉપસંહારથી વ્યાપ્તિગ્રહણ પ્રત્યક્ષથી સંભવે છે.]

ઉત્તરપક્ષ – જેમ 'સાક્ષાત્ હું કરું છું'-આવા અનુભવબળથી પ્રત્યક્ષ મનાય છે, તેમ 'હું તર્ક કરું છું'-આવા અનુભવબળથી તેના વિષયભૂત તર્કને માનવો જોઈએ. તર્કથી સકળ સાધ્યસાધન વ્યક્તિના ઉપસંહારથી વ્યાપ્તિજ્ઞાનની ઉપપત્તિ થયે છતે સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિની કલ્પનામાં પ્રમાણનો અભાવ છે. એટલું જ નહીં પરંતુ ઉહનામક તર્ક સિવાય જાણેલા પણ ધૂમત્વ આદિરૂપ સમાન્યથી સકળ ધૂમ-વહ્નિ વ્યક્તિનું જ્ઞાન અસંભવિત છે. અર્થાત્ તર્કથી જ વ્યાપ્તિજ્ઞાનનો સંભવ થયે છતે, સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિના સ્વીકારમાં પ્રમાણ નહીં હોવાથી, કહેલ દિશાથી પ્રત્યક્ષથી વ્યાપ્તિજ્ઞાનનો સંભવ નથી એમ જાણવું.

ખરેખર, તે સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિ 'સામાન્ય, જ્યારે વ્યક્તિ સાકલ્ય-સકળ વ્યક્તિ વ્યભિચારી થાય, ત્યારે સામાન્ય જ ન હોય.'- આવા પ્રકારના તર્કની અપેક્ષા રાખે છે.

○ તે પ્રાણીમાં ધર્મ વિશેષ છે, કેમ કે-વિશિષ્ટ સુખની અન્યથાનુપપત્તિ છે. ઇત્યાદિમાં સાધ્યભૂત ધર્મવિશેષ્યનું 'शुभःपुण्यस्य'-આવા આપ્તવચનથી જ ગ્રહણ છે અને હેતુનું અનુમાનથી ગ્રહણ છે.

○ આદિત્યમાં ગમનશક્તિ છે, કેમ કે-ગમનની અન્યથા અનુપપત્તિ છે. ઇત્યાદિમાં સાધ્યનું અનુમાનથી, પહેલાં, જે કાર્ય છે તે શક્તિવાળા કારણપૂર્વક છે. જેમ કે-સંપ્રતિપન્ન અને 'કાર્યગમન છે.' આવા બીજા અનુમાનનું દેશાન્તર પ્રાપ્તિરૂપ લિંગરૂપ હેતુથી ગ્રહણ છે.

○ ઉપરોક્ત કથનથી વ્યાપ્યના આરોપથી વ્યાપક આરોપ તર્ક છે અને તે ક્વચિદ્ વિરોધી શંકા નિવર્ત્તક હોઈ પ્રમાણાનુગ્રાહક છે. આ તર્ક સ્વતઃ પ્રમાણ નથી. [તર્કમાં વ્યાપ્યનો અને વ્યાપકનો બાધ નિશ્ચય કારણ છે. વ્યાપ્યનો આરોપ એટલે બાધકાલીન ઇચ્છાજન્યજ્ઞાનરૂપ આહાર્યજ્ઞાન છે. તથાચ વ્યાપ્યવિષયક આહાર્યજ્ઞાનજન્ય વ્યાપકવિષયક આહાર્યજ્ઞાનત્વ એ તર્કનું લક્ષણ છે. જેમ કે-'જો વહ્નિ ન હોય, તો ધૂમ પણ ન હોય.' તર્ક બે પ્રકારનો છે. (૧) વિષયપરિશોધક. જેમ કે-નિવહ્નિઃ સ્યાત્ નિર્ધૂમઃસ્યાત્ ઇત્યાદિ. (૨) વ્યાપ્તિગ્રાહક ક્વચિત્ વહ્નિ વગર પણ ધૂમ થશે ! વહ્નિ વગરના પ્રદેશમાં પણ ધૂમ થાય. ઇત્યાદિ વ્યભિચારી શંકાના નિરાકરણ માટે 'જો ધૂમ-વહ્નિ વ્યભિચારી થાય, તો વહ્નિજન્ય ન થાય ! ઇત્યાદિ તર્ક વ્યાપ્તિગ્રાહક છે.] ઇત્યાદિ નૈયાયિક અભિમત મતનું ખંડન થઈ જાય છે. જેમ કે-સામાન્ય લક્ષણ પ્રત્યાસત્તિમાં પ્રમાણનો અભાવ હોવાથી, સકળ સાધ્ય-સાધનના ઉપસંહારની અપેક્ષાએ વ્યાપ્તિગ્રાહકના અભાવનો પ્રસંગ આવી જાય છે.

શંકા – અન્વય વ્યતિરેક સહકૃત પ્રત્યક્ષથી વ્યાપ્તિ ગ્રહણયોગ્ય ન થઈ શકે ?

સમાધાન – પ્રતિનિયત દેશ-કાળ-વિશિષ્ટ અર્થોમાં ઇન્દ્રિયની પ્રવૃત્તિ હોવાથી સકળ દેશ-કાળવિશિષ્ટ સાધ્ય-સાધના ઉપસંહારદ્વારા તે અન્વય વ્યતિરેક સહકૃત પ્રત્યક્ષથી વ્યાપ્તિનું ગ્રહણ

અસંભવિત છે. [**શંકા** – અવયવરહિત સાધનસામાન્ય-સાધ્યસામાન્યનું સંનિકૃષ્ટ હોઈ એક સ્થાનમાં પણ સકળપણાએ ઇન્દ્રિયથી ગ્રહણ છે. વિશેષ પ્રતિપત્તિ તો સઘળે સ્થળે હેતુના પક્ષધર્મતાના બળથી જ છે ને ? **સમાધાન** – વ્યાપ્તિ ગ્રહણકાળમાં જ સામાન્ય સ્વરૂપવાળા સાધ્યની સિદ્ધિ હોવાથી સાધનની નિષ્ફળતાની આપત્તિ આવશે. પક્ષધર્મતાની ધૂમવિશેષમાં જ સત્તા હોઈ, વહ્નિવિશેષની સાથે વ્યાપ્તિ હોઈ, તે સામાન્ય સ્વરૂપનું ગ્રહણ નહીં હોવાથી તેમાં વિશેષમાં ગમકત્વનો અસંભવ છે. ધૂમ સામાન્ય હોયે છતે વહ્નિ સામાન્યની સિદ્ધિ થાય પરંતુ વિશેષની નહીં. ઇતિ.]

૦ વળી બહિરિન્દ્રિયનિરપેક્ષ મનમાં બહિરર્થના સાક્ષાત્કારમાં સામર્થ્યનો અભાવ હોઈ બાહ્ય અર્થવિષયક વ્યાપ્તિનું મનથી ગ્રહણ થતું નથી.

૦ વ્યાપ્તિગ્રાહક અનુમાન પણ થઈ શકતું નથી, કેમ કે-પ્રકૃત અનુમાનથી જ તે વ્યાપ્તિની પ્રતિપત્તિમાં અન્યોન્યાશ્રય દોષ છે. વ્યાપ્તિજ્ઞાન હોયે છતે અનુમાન છે અને અનુમાન હોયે છતે વ્યાપ્તિજ્ઞાન છે.

૦ બીજા અનુમાનથી તે વ્યાપ્તિની પ્રતિપત્તિમાં તો અનવસ્થા છે, કેમ કે-તે ગ્રહિતવ્યાપ્તિવાળામાં જ પ્રકૃત અનુમાન વ્યાપ્તિગ્રાહકપણું છે. વ્યાપ્તિજ્ઞાન અન્ય અનુમાનગૃહિત વ્યાપ્તિવાળા અનુમાનથી જ છે. આવી પરંપરા અનંત હોઈ અનવસ્થા છે. તેથી ઉપલંભ-અનુપલંભ આદિ જન્ય વ્યાપ્તિ આદિ વિષયક, તર્કનામક જ્ઞાન અવશ્ય માનવું જોઈએ. તેમજ સ્વ(તર્ક) વિષયભૂત વ્યાપ્તિ આદિમાં અવિસંવાદીપણું હોવાથી તર્કનું પ્રમાણપણું છે. અહીં અનુમાનપ્રયોગ છે કે 'તર્ક'પ્રમાણ છે, કેમ કે-અબાધિત વિષયવાળો છે. જેમ કે-પ્રત્યક્ષ આદિ માટે આ તર્ક સ્વ-પરવ્યવસાયી હોઈ (દીપકવત્) સ્વતઃ ખુદ સાક્ષાત્ પ્રમાણરૂપ છે. જો આ તર્ક વ્યાપ્તિના જ્ઞાન માટે સ્યાદ્વાદમાં માને, તો આ તર્ક અનવસ્થા આદિ દોષરહિત છે; કેમ કે-બીજી સંબંધની પ્રતીતિની અપેક્ષા રાખ્યા સિવાય જ, સ્વયોગ્યતાના સામર્થ્યથી જ સાધ્ય-સાધન અવિનાભાવરૂપ સંબંધની પ્રતીતિ કરવા માટે પોતે સમર્થ છે, માટે અનવસ્થા નથી. વ્યાપ્યારોપણ વ્યાપકારોપરૂપ નૈયાયિકાભિમત તર્ક પણ કવચિત્ અસ્મદ્ અભિમત તર્કથી જ્યાં વ્યાપ્તિજ્ઞાનનો પ્રસંગ છે, ત્યાં તર્કદ્વારા જે વ્યાપ્તિસમર્થનરૂપ વિચાર છે, તેના અનુકૂળપણાની અપેક્ષાએ અને વ્યભિચાર શંકાના નિવર્ત્તકપણાની અપેક્ષાએ ઉપયોગી છે.

अथादिपदग्राह्यवाच्यवाचकसम्बन्धविषयकतर्कस्य दृष्टान्तमाह–

यथा वा घटजातीयश्शब्दो घटजातीयस्य वाचको घटजातीयोऽर्थो घटजातीय-शब्दवाच्य इति ज्ञानं वाच्यवाचकभावसम्बन्धविषयकम् ॥ ५ ॥

यथावेति । ननु वाच्यवाचकभावविषयकं ज्ञानं कथं तर्क इति चेन्मैवं इतरप्रमाणा-साधारणत्वात् नहीदं प्रत्यक्षं, चक्षुरादिज्ञानस्य शब्दपरिहारेण रूपादावेव श्रोत्रज्ञानस्य च रूपादिपरिहारेण शब्द एव प्रवर्त्तमानत्वात् । न च सकलशब्दार्थगोचरमन्यज्ञानमस्ति ततस्तर्क एव *तद्विषयक इति ॥*

હવે આદિપદથી ગ્રહણ કરવાલાયક વાચ્યવાચક સંબંધવિષયક તર્કનું દૃષ્ટાન્ત કહે છે.

ભાવાર્થ – "અથવા જેમ કે-ઘટજાતીય શબ્દ ઘટજાતીયનો વાચક છે. ઘટજાતીય અર્થ ઘટજાતીય શબ્દવાચ્ય છે. આવું જ્ઞાન વાચ્યવાચ્યક ભાવસંબંધવિષયક છે."

શંકા – વાચ્યવાચક ભાવવિષયક જ્ઞાન કેવી રીતે તર્ક છે ?

સમાધાન – ઇતર પ્રમાણોથી અસાધારણ છે. બીજા બીજા પ્રમાણોમાં તર્કનો અંતર્ભાવ થઈ શકતો નથી. તથાહિ આ તર્ક-પ્રત્યક્ષ પ્રમાણરૂપ નથી, કેમ કે-ચક્ષુ આદિ જ્ઞાન શબ્દના પરિહારપૂર્વક રૂપ આદિમાં જ પ્રવર્ત્તે છે. શ્રોત્રજ્ઞાન, રૂપ આદિના પરિહારપૂર્વક શબ્દમાં પ્રવર્ત્તતું છે.

વળી સકળ શબ્દ અર્થવિષયક અન્ય જ્ઞાન નથી, માટે સકળ શબ્દ અર્થવિષયક તર્ક જ છે. એટલે ભિન્ન સ્વ-પરવ્યવસાયી હોઈ પ્રમાણ છે.

ઉપલંભ–અનુપલંભ કેવી રીતે તર્ક પ્રત્યે કારણ થાય છે ? આના જવાબમાં કહે છે કે-

ભાવાર્થ – "વળી વ્યાપ્તિવિષયક જ્ઞાન, વ્યાપ્તિજ્ઞાનકાળમાં એક વાર ઉપલંભ અને અનુપલંભથી સાક્ષાત્ ઉત્પન્ન થાય છે. કવચિત્ તો પહેલાં અનેકવાર ઉપલંભ અને અનુપલંભથી જ કાળાન્તરમાં સાધનના ગ્રહણ પહેલાં જોયેલ સાધ્ય-સાધનના સ્મરણ-પ્રત્યભિજ્ઞાનથી પરંપરાથી ઉત્પન્ન થાય છે. વળી ઉપલંભ એટલે સાધ્યસત્તામાં જ હેતુની સત્તા ઇતિ.

અનુપલંભ એટલે સાધ્યના અભાવમાં હેતુનો અભાવ ઇતિ. સાધ્ય-સાધનના ગ્રહણ-અગ્રહણરૂપ આ બંને, પ્રમાણ માત્રથી અભિમત છે."

વિવેચન – સાક્ષાત્ જ પેદા થાય છે. એટલે સ્મરણની અને પ્રત્યભિજ્ઞાનની અપેક્ષા રાખ્યા સિવાય, તાદૃશ ક્ષયોપશમવિશેષના બળથી પ્રત્યક્ષ વ્યાપ્તિજ્ઞાન પેદા થાય છે.

પરંપરાએ તર્કની ઉત્પત્તિને કહે છે.

'क्वचित्त्विति ।' પહેલાં સાધ્ય અને સાધનનો એક સ્થળમાં દર્શન, ત્યારબાદ હેતુદર્શન થયે છતે પૂર્વ દેખેલ સાધ્ય અને સાધનના સહચાર(સાહચર્ય)નું સ્મરણ તથા ત્યારપછી વર્તમાનદર્શનના વિષયભૂત ધૂમ આદિ હેતુમાં પૂર્વદૃષ્ટ વહ્નિ આદિ સહચરિત ધૂમનું સજાતીયત્વ પ્રતિ સંધાનરૂપ પ્રત્યભિજ્ઞાન થાય છે ત્યારબાદ તે પ્રત્યભિજ્ઞાન સહચરિત તર્કનામક જ્ઞાનાવરણક્ષયોપશમ વિશેષથી જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં અગ્નિ છે ઇતિ. આકારવાળો સકળ-સાધ્ય-સાધન વ્યક્તિના ઉપસંહાર (સંપૂર્ણ સંબંધ સંગ્રહ) દ્વારા તર્ક, વ્યાપ્તિના જ્ઞાનમાં સમર્થ થાય છે.

कथमुपलम्भानुपलम्भौ तर्कं प्रति कारणे भवत इत्यत्राह–

व्याप्तिविषयकज्ञानञ्च व्याप्तिज्ञानकाले सकृदुपलम्भानुपलम्भाभ्यां साक्षादेव जायते । क्वचित्तु पूर्वमसकृदुपलम्भानुपलम्भाभ्यामेव कालान्तरे साधनग्रहणप्राग्दृष्ट-साध्यसाधनस्मरणप्रत्यभिज्ञानपरम्परया जायते । उपलम्भश्च साध्यसत्त्व एव हेतूपलम्भ

इति । अनुपलम्भश्च साध्याभावे हेतोरनुपलम्भ इति । साध्यसाधनग्रहणाग्रहणात्मकाविमौ प्रमाणमात्रेणाभिमतौ ॥ ६ ॥

व्याप्तिविषयकेति । साक्षादेवेति स्मरणप्रत्यभिज्ञानिरपेक्षमेवेत्यर्थः, सादृशक्षयोपशमविशेषबलात्तथा जायत इति भावः । परम्परया तर्कोत्पत्तिमाह क्वचित्त्विति । उपलम्भानुपलम्भौ दर्शयति उपलम्भश्चेति साध्यसाधनयोर्ग्रहणमिति भावः । अनुपलम्भश्चेति, साध्यसाधनयोरग्रहणमित्यर्थः, तथा च धूमाधिकरणे वह्निदर्शनं, वह्न्यभावाधिकरणे धूमाभावदर्शनमिति द्वयोस्तात्पर्यार्थः । कथं तयोर्ग्रहणमित्यत्राह साध्यसाधनेति, तेनातीन्द्रियसाध्यहेतुकस्थलेषु[१] न दोष इति भावः ॥

હવે ઉપલંભ અને અનુપલંભને દર્શાવે છે.

'उपलम्भश्चेति ।' સાધ્ય-સાધનનું ગ્રહણ એવો ભાવ છે. 'अनुपलम्भश्चेति ।' સાધ્ય-સાધનનું અગ્રહણ એવો અર્થ છે. તથાચ ધૂમના આધારમાં અગ્નિનું દર્શન અને વહ્નિના અભાવના આધારમાં ધૂમના અભાવનું દર્શન, એ ઉપલંભ અને અનુપલંભનો તાત્પર્યભૂત અર્થ છે. (અન્વય વ્યતિરેક) તે બંનેનું ગ્રહણ આદિ કેવી રીતે ? તો કહે છે કે - 'साध्यसाधनेति ।' તેથી અતીન્દ્રિય સાધ્ય અને હેતુવાળા સ્થળોમાં દોષ નથી. [જેમ કે-સૂર્યની ગમનશક્તિ છે, કેમ કે-ગમનની અન્યથા અનુપપત્તિ છે. અહીં ગમનરૂપ ધર્મ આપ્તવચનથી છે. ગમનશક્તિ કહેલા અનુમાનથી પહેલાં સિદ્ધ નથી, કિન્તુ જે કાર્ય છે, તે શક્તિવાળા કારણથી જન્ય છે. જેમ કે-ઘટાદિ, તેમજ ગમન કાર્ય છે. આવા પ્રકારના બીજા અનુમાનથી સિદ્ધ થાય છે, કેમ કે-તે સાધ્ય અને સાધન બંને અતીન્દ્રિય છે.]

अथ वाच्यवाचकभावसम्बन्धज्ञानजननविधानमाह–

वाच्यवाचकभावसम्बन्धज्ञानन्तु क्वचिदावापोद्वापाभ्यां समुदेति । यथा प्रयोजकवृद्धप्रयुक्तगामानयेतिवाक्यश्रवणसमनन्तरगवानयनप्रवृत्तिमत्प्रयोज्यवृद्धचेष्टाप्रेक्षणजन्यैतद्वाक्यजन्यैतदर्थविषयकज्ञानवानयमित्यनुमानज्ञानवतोऽपि बालस्य तत्तदर्थविशेष्यकतद्वाक्यघटिततत्तत्पदवाच्यत्वसंशयवतः कालान्तरीयप्रयोजकवृद्धप्रयुक्तगां नयाश्वमानयेति गोशब्दानयनशब्दविषयकावापोद्वापवद्वाक्यश्रवणजन्यप्रयोज्यवृद्धप्रवृत्तितो गोजातीयोऽर्थो गोशब्दस्य वाच्यो गोजातीयश्च शब्दो गोजातीयस्य वाचक इत्येवंरूपस्तर्कस्समुल्लसति । क्वचिच्चाप्तपुरुषप्रयुक्तेन परार्थतर्करूपेणेदृशोऽर्थ ईदृश-

१. यथाऽस्ति तपनस्य गमनशक्तिर्गमनान्यथानुपपत्तेरित्यत्र गमनरूपो धर्म आप्तवचनात्, गमनशक्तिश्चोक्तानुमानादर्वाक् नहि सिद्धः किन्तु यत्कार्यं तच्छक्तिमत्कारणपूर्वकं, यथा घटादिः कार्यञ्च गमनमित्येवंरूपानुमानान्तरात् सिद्धयति, तयोरतीन्द्रियत्वात् इति भावः ।

शब्दवाच्य ईदृशशब्दश्चेदृशार्थस्य वाचक इति वाक्येन वाच्यवाचकभावप्रतिपत्तिः । तर्के चानुभवस्स्मृतिः प्रत्यभिज्ञानञ्च कारणम् । इति तर्कनिरूपणम् ॥ ७ ॥

वाच्यवाचकेति । आवापोद्वापाभ्यामिति, आवापोऽनुवृत्तिरुद्वापो व्यावृत्तिः । तत्प्रकारं विशदयति यथेति, अयमभिप्रायः, एकः प्रयोजकवृद्धो य आज्ञापयति कमपि, द्वितीयः प्रयोज्यवृद्धो य आज्ञप्तो भवति, तृतीयो बालो यः प्रयोज्यवृद्धप्रवृत्तितः प्रयोजकवृद्धोदितस्य वाक्यस्यार्थं परिच्छिनत्ति । तत्र प्रयोजकवृद्धेन प्रयोज्यवृद्धं प्रति गामानयेति वाक्ये प्रयुक्ते गृहीततत्सङ्केतस्य प्रयोज्यवृद्धस्य तच्छ्रोतुरगृहीततत्सङ्केतस्य च बालस्य वर्णविषयकं पदविषयकं वाक्यविषयकञ्च सङ्कलनात्मकं प्रत्यभिज्ञानं समुदेति । यथा पूर्वपूर्ववर्णावयवश्रवणेन संजात संस्कारस्यान्त्यावयवश्रवणानन्तरं पूर्वतदवयवस्मरणे ह्रस्वादिविषयकसङ्केतस्मरणे च सत्ययं वर्णो ह्रस्वो दीर्घः प्लुतो वेति प्रत्यभिज्ञानमुभयोर्जायते तथा पूर्वपूर्ववर्णश्रवणजन्यसंस्कार-स्यान्त्यवर्णश्रवणानन्तरं तत्तत्पूर्ववर्णानामनुक्रमविशिष्टानां स्मरणे पदविषयकसङ्केतस्मरणे च सतीदं सुबन्तं तिङन्त वा पदमिति प्रत्यभिज्ञानं जायते । एवं पूर्वपूर्वपदश्रवणसमुदित-संस्कारस्यान्त्यपदश्रवणानन्तरमनुक्रमविशिष्टानां पूर्वपदानां वाक्यविषयकसंकेतस्य च स्मरणे सति वाक्यमिदमिति प्रत्यभिज्ञानं जायते । इत्थं प्रत्यभिज्ञानाद्वर्णपदवाक्यग्रहणे जाते प्रयोज्यवृद्धस्य गोकर्मकानयनानुकूलां गमनात्मिकां चेष्टामाकलय्य बालः कारणान्तरासन्निधौ प्रयोजकवृद्धप्रयुक्तशब्दश्रवणसमनन्तरं प्रवृत्तस्य प्रयोज्यवृद्धस्येयं चेष्टा प्रयोजकवृद्धशब्द-जन्ययत्किञ्चित्प्रतिपत्तिप्रयोज्येति मन्यते । ततस्तेनानीयमानां गां निभाल्य गवानयनरूपो-ऽर्थोऽनेन प्रयोज्यवृद्धेन तस्माद्वाक्यादवगत इति प्रत्येति, परन्तु न पारयति तदानीं कस्य पदस्य कोऽर्थ इति विविच्य निश्चेतुं । पुनश्च कालान्तरे प्रयोजकवृद्धेन प्रयुक्तं गां नयेत्यादिवाक्यं गोशब्देनानुवृत्तमानयशब्देन च व्यावृत्तं श्रुत्वा दृष्ट्वा च प्रयोज्यवृद्धस्य विशिष्टां प्रवृत्तिं विजानाति तदाऽर्थस्य गोरनुवृत्तिं व्यावृत्तिञ्चानयनस्य, तथैव प्रयोजकवृद्धेनोदितमश्वमानयेति वाक्यं गोशब्देन व्यावृत्तमानयशब्देन चानुवृत्तं निशम्य विलोक्य च प्रयोज्यवृद्धस्य तादृशीं चेष्टां समाकलयति गवादेरर्थस्य व्यावृत्तिमानयनस्यानुवृत्तिञ्च । ततश्चेदृशावापोद्वापाभ्यां समुल्लसति तस्य तर्कः गोजातीयोऽर्थो गोजातीयशब्दवाच्यो गोजातीयश्च शब्दो गोजातीयस्य वाचक इत्येवंरूपो वाच्यवाचकभावावलम्बन इति । गामानयेतिवाक्येति, गामानयेत्यनुकरणं पदं तब्दोधकञ्चेतिपदं, तस्य च वाक्यपदेन 'सह सुपा' इत्यनेन समासः । एवमग्रेऽपि । तत्र प्रयुक्तपदस्य वाक्यपदेन समनन्तरपदस्य प्रवृत्तिपदेन जन्यपदस्यानुमानज्ञानपदेनान्वयः । प्रेक्षणं

बालनिष्ठं, अवशिष्टं मूलं स्फुटार्थम् । नन्वावापोद्वापाभ्यां क्वचिदेव तर्कस्समुल्लसतीत्युक्तं तत्किमन्येनापि प्रकारेण स समुदेतीति जिज्ञासायामाह क्वचिच्चेति । अत्रायं भावः, कश्चिदाप्तस्स्वयं तर्केण वाच्यवाचकभाव शब्दार्थयोरवगत्य परं प्रति बोधयितुं परस्मिन्स्तदनुसारितर्कोत्पत्तिहेतुं परार्थतर्कमभिधत्ते, वत्स ! गोजातीयोऽर्थो गोजातीयशब्दवाच्यो गोजातीयश्च शब्दो गोजातीयार्थस्य वाचक इत्यवेहीति, ततश्चासौ वाच्यवाचकयोरुपलम्भानुपलम्भद्वारेण तथाप्रतिपद्यमानस्तर्कादेव वाच्यवाचकभावं विजानाति, इयञ्चव्याप्त्या वाच्यवाचकभावप्रतीतिबोध्या, शृङ्गग्राहिकया तु नियतव्यक्तावयं पुरोवर्त्ती भावोऽस्य शब्दस्य वाच्य इति, तथाऽऽगमादेरपि सा भवति, तदूर्ध्वं तु व्याप्तिद्वारेण तर्कादेव प्रत्येति, इत्थम्भूतसर्व इत्थम्भूतस्य सर्वस्य शब्दस्य वाच्य इत्थम्भूतशब्द इत्थम्भूतस्य सर्वस्यार्थस्य वाचक इति ॥ ननु वाच्यवाचकभावविषयके तर्केऽपि व्याप्तिज्ञानात्मकतर्क इवानुभवस्मृत्योः क्वचिदेव कारणत्वं किं वा सर्वत्रेत्यत्राह तर्के चेति, वाच्यवाचकभावविषयकेत्यादिः, अन्यथा साक्षादेव जायत इत्यनेन विरोधापत्तेः, कारणमिति, तथा चात्र तयोः कारणत्वं नियतमिति भावः । अथ तर्कं निगमयतीतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-
विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**
व्याख्यायां अनुमानपरिकरो नाम
तृतीयः किरणः समाप्तः

હવે વાચ્યવાચક ભાવસંબંધની ઉત્પત્તિનું વિધાન કહે છે.

ભાવાર્થ – "વાચ્યવાચક સંબંધ જ્ઞાનનો ક્વચિદ્ આવાપ-ઉદ્વાપથી ઉદય થાય છે. જેમ કે- 'प्रयोजकवृद्धप्रयुक्ता ।' 'ગાયો લાવો'-આવા કથનના શ્રવણ પછી ગાયને લાવવાની પ્રવૃત્તિવાળા પ્રયોજ્યવૃદ્ધની ચેષ્ટાના દર્શનથી જન્ય, આ વાક્યથી જન્ય 'આ અર્થવિષયક જ્ઞાનવાળો છે.' આવા અનુમાનજ્ઞાનવાળા પણ બાળકની તે તે અર્થવિશેષ્યવાળા તે તે વાક્યમાં ઘટિત તે તે પદવાચ્યત્વના સંશયવાળાને, કાલાન્તરમાં 'प्रयोजकवृद्धप्रयुक्त' 'ગાયને લઈ જા અને ઘોડાને લાવ'-આવા ગોશબ્દ અને આનયન શબ્દવિષયક આવાપ અને ઉદ્વાચ્ય છે અને ગોજાતીય શબ્દ ગોજાતીયનો વાચક છે.'-આવા આકારવાળો તર્ક ઉદિત થાય છે. ક્વચિત્ આપ્તપુરુષપ્રયુક્ત પરાર્થ તર્કરૂપે 'આવો અર્થ આવા શબ્દથી વાચ્ય છે અને આવો શબ્દ આવા અર્થનો વાચક છે. આવા વાક્યથી વાચ્યવાચકભાવનું જ્ઞાન થાય છે. વળી તર્ક પ્રત્યે અનુભવ, સ્મૃતિ અને પ્રત્યભિજ્ઞાન કારણ છે.'

વિવેચન – આવાપ એટલે અનુવૃત્તિ (પ્રક્ષેપ) અને ઉદ્વાપ એટલે વ્યાવૃત્તિ (અપનયન) તેના પ્રકારને સ્પષ્ટ કરે છે. એક પ્રયોજકવૃદ્ધ છે, કે જે કોઈને પણ સમજાવે છે—આજ્ઞાકારક છે. (૧) વૃદ્ધ એટલે શબ્દ-અર્થના વાચ્યવાચક ભાવસંબંધને જાણનારો ગુરુ (૨) પ્રયોજ્યવૃદ્ધ, કે જે સમજાવાય છે-આજ્ઞાયોગ્ય છે-શિષ્ય છે. (૩) બાળ છે, કે જે પ્રયોજ્યવૃદ્ધની પ્રવૃત્તિથી પ્રયોજકવૃદ્ધે કહેલ વાક્યના અર્થને જાણે છે. ત્યાં પ્રયોજકવૃદ્ધે, પ્રયોજકવૃદ્ધ પ્રત્યે 'ગાય લાવો'- આવા વાક્યનો પ્રયોગ કર્યે છતે, તેના સંકેતના જ્ઞાનવાળો અને તે વાક્યનો સાંભળનાર પ્રયોજ્યવૃદ્ધને તથા તેના સંકેતને નહીં જાણનાર બાળને વર્ણવિષયક, પદવિષયક અને વાક્યવિષયક સંકલન આત્મક પ્રત્યભિજ્ઞાન પેદા થાય છે. જેમ કે-પૂર્વપૂર્વના વર્ણભૂત અવયવના શ્રવણથી ઉત્પન્ન સંસ્કારવાળાને અંત્ય અવયવના શ્રવણથી પૂર્વના તે વર્ણભૂત અવયવનું સ્મરણ થયે છતે અને હ્રસ્વ આદિ વિષયક સંકેતનું સ્મરણ થયે છતે, 'આ વર્ણ હ્રસ્વ, દીર્ઘ કે પ્લુત છે'-એવું પ્રત્યભિજ્ઞાન પ્રયોજ્યવૃદ્ધ અંને બાળકમાં થાય છે. તેમજ પૂર્વપૂર્વ વર્ણના શ્રવણજન્ય સંસ્કારવાળાને અંતિમ વર્ણના શ્રવણ પછી અનુક્રમ-વિશિષ્ટ તે તે પૂર્વના વર્ણોનું સ્મરણ થયે છતે અને પદવિષયક સંકેતનું સ્મરણ થયે છતે, 'આ 'સિ'રૂપ વિભક્તિ અંતવાળું કે 'તિ'રૂપ પ્રત્યય અંતવાળું પદ છે.' 'ભક્તિઃ કે ભવતિ'-એવું આ પદ છે. આવું પ્રત્યભિજ્ઞાન થાય છે.

આ પ્રમાણે પૂર્વપૂર્વ પદના શ્રવણથી જન્ય સંસ્કારવાળામાં અંતિમ પદના શ્રવણ પછી અનુક્રમવિશિષ્ટ પૂર્વ પદોનું સ્મરણ થયે છતે અને વાક્યવિષયક સંકેતનું સ્મરણ થયે છતે, 'આ વાક્ય છે'-આવું પ્રત્યભિજ્ઞાન થાય છે. આ પ્રમાણે પ્રત્યભિજ્ઞાનથી વર્ણપદવાક્યનું ગ્રહણ થયે છતે, પ્રયોજ્યવૃદ્ધની ગાયને લાવવાની ક્રિયાને જોઈ, બાળક બીજા કારણોની અસંનિધિ હોયે છતે, પ્રયોજકવૃદ્ધે કહેલા શબ્દના શ્રવણ પછી પ્રવૃત્તિવાળા પ્રયોજ્યવૃદ્ધની આ ચેષ્ટા, પ્રયોજકવૃદ્ધના શબ્દજન્ય યત્કિંચિત્ જ્ઞાનજન્ય છે એમ માને છે. ત્યારબાદ તે પ્રયોજકવૃદ્ધે લાવેલી ગાયને જોઈ, ગાયને લાવવારૂપ અર્થ, આ પ્રયોજ્યવૃદ્ધે તે વાક્યથી જાણેલો છે એવી પ્રતીતિ કરે છે, પણ કયા પદનો કયો અર્થ છે—એમ વિવેકપૂર્વક નિશ્ચય કરી શકતો નથી. વળી ફરી પ્રયોજકવૃદ્ધે કહ્યું કે - 'ગાયને લઈ જાઓ. ગોશબ્દની અનુવૃત્તિવાળા અને આનયપદની વ્યાવૃત્તિવાળા વાક્યને સાંભળી અને પ્રયોજ્યવૃદ્ધની વિશિષ્ટ પ્રવૃત્તિને જોઈ, તે વખતે ગાયરૂપી અર્થની અનુવૃત્તિને અને આનયનની વ્યાવૃત્તિ(અપનયન)ને જાણે છે. તેવી જ રીતે પ્રયોજકવૃદ્ધે કહ્યું કે-'ઘોડો લાવો.' ગોશબ્દની વ્યાવૃત્તિવાળા, આનયન શબ્દની અનુવૃત્તિવાળા વાક્યને સાંભળી અને પ્રયોજકવૃદ્ધની તેવી ચેષ્ટાને જોઈ, ગાય આદિરૂપ પદાર્થની વ્યાવૃત્તિને અને આનયનરૂપ અનુવૃત્તિને જાણે છે. વળી તેથી આવા આવાપ અને ઉદ્વાપથી તેને 'ગોજાતીય અર્થ ગોજાતીય શબ્દથી વાચ્ય છે અને ગોજાતીય શબ્દ ગોજાતીય અર્થનો વાચક છે.' આવા પ્રકારનો વાચ્યવાચકભાવના આલંબનવાળો તર્ક જાગે છે.

'गामानयेतिवाक्येति, गामानयेति ।' અનુકરણપદ છે. તેનો બોધ કરનાવનાર 'इति' પદ છે અને તેનો વાક્યપદની સાથે 'सह सुपा' એવા વ્યાકરણના નિયમથી સમાસ છે. એ પ્રમાણે આગળ ઉપર પણ સમજવાનું છે. ત્યાં પ્રયુક્તપદનો વાક્યપદની સાથે, સમનન્તરપદનો પ્રવૃત્તિપદની સાથે અને જન્યપદનો અનુમાનજ્ઞાનપદની સાથે અન્વય છે. પ્રેક્ષણ બાલનિષ્ઠ સમજવાનું છે. બાકીનું મૂળ સ્પષ્ટ અર્થવાળું છે.

શંકા – આવાપ અને ઉદ્વાપથી ક્વચિત્ જ તર્ક જાગે છે-એમ કહ્યું, તો તે શું બીજા પ્રકારથી પણ ઉદય પામે છે ? આવી જિજ્ઞાસામાં કહે છે કે-

સમાધાન – કોઈ આપ્તપુરુષ પોતે તર્કથી શબ્દ અને અર્થનો વાચ્યવાચકભાવને જાણી, પર પ્રત્યે જણાવવા માટે, પરમાં તે વાચ્યવાચકભાવ અનુસારિ તર્કના ઉત્પત્તિના હેતુરૂપ પરાર્થતર્ક કહે છે કે – 'હે વત્સ ! ગોજાતીય અર્થ ગોજાતીય શબ્દવાચ્ય અને ગોજાતીય શબ્દ ગોજાતીય અર્થનો વાચક છે. આ પ્રમાણે તું સમજજે.' ઇતિ.

ત્યારબાદ આ વત્સ, વાચ્યવાચકના ઉપલંભ અને અનુપલંભ દ્વારા તે પ્રકારે સ્વીકારતો, તર્કથી જ વાચ્યવાચકભાવને જાણે છે. આ વાચ્યવાચકભાવની પ્રતીતિ વ્યાપ્તિથી જાણવી. શૃંગગ્રાહિકપણે તો નિયત વ્યક્તિમાં આ પુરોવર્તી પદાર્થ આ શબ્દનો વાચ્ય છે. આ પ્રમાણે વાચ્યવાચક ભાવની પ્રતીતિ જાણવી. તેમજ આગમ આદિથી ['शक्तिग्रहं व्याकरणोपमानको शाप्तवाक्याद् व्यवहारतश्च वाक्यस्य शेषाद् विवृतेर्वदन्ति, सान्निध्यतः सिद्धपदस्य वृद्धाः ।' ધાતુપ્રકૃતિ-પ્રત્યય આદિનો શક્તિગ્રહ વ્યાકરણથી થાય છે. ઉપમાનથી, શબ્દકોષથી, (વૃદ્ધ) વ્યવહારથી, આપ્તવાક્યથી વાક્યના શેષથી, વિવરણથી અને પ્રસિદ્ધપદના સાન્નિધ્યથી શક્તિગ્રહ (અર્થજ્ઞાન) થાય છે, એમ વૃદ્ધો કહે છે.] પણ વાચ્યવાચકભાવની પ્રતીતિ થાય છે. ત્યારબાદ તો વ્યાપ્તિ દ્વારા તર્કથી જ પ્રતીતિ કરે છે. ઇત્થંભૂત, સર્વ ઇત્થંભૂત સર્વ શબ્દનું વાચ્ય છે અને ઇત્થંભૂત શબ્દ, ઇત્થંભૂત સર્વ અર્થનો વાચક છે ઇતિ.

શંકા – વાચ્યવાચક ભાવવિષયક તર્કમાં પણ વ્યાપ્તિજ્ઞાન આત્મક તર્કમાં જેમ અનુભવ અને સ્મરણનું ક્વચિદ્ જ કારણપણું છે કે સર્વત્ર કારણપણું છે ?

સમાધાન – વાચ્યવાચક ભાવવિષયક વ્યાપ્તિજ્ઞાનાત્મક તર્ક પ્રત્યે અનુભવ-સ્મૃતિ પ્રત્યભિજ્ઞાન કારણ છે. જો આમ ન માનવામાં આવે, તો 'साक्षादेवजायते ।' આ પદની સાથે વિરોધની આપત્તિ આવે છે.

તથાચ આ તર્કમાં અનુભવ-સ્મરણનું કારણપણું નિયત-વ્યાપક છે.

હવે તર્કનો ઉપસંહાર કરે છે. 'इतीति ।'

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર પટ્ટાલંકાર શ્રીમદ્વિજયકમલસૂરીશ્વરના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ રચેલ **'तत्त्वन्यायविभाकर'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની ટીકામાં અનુમાન પરિકર 'નિરૂપણ' નામનું ત્રીજું કિરણ સમાપ્ત થયેલ છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય ભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ ન્યાયપ્રકાશ નામની ટીકાનો સરળ ભાષામાં ત્રીજા કિરણનો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

● ● ●

चतुर्थः किरणः

अथानुक्रमायातमेतेषां कार्यभूतमनुमानं स्वरूपयति—

हेतुज्ञानव्याप्तिस्मरणकारणकं साध्यविज्ञानमनुमानम् । यथा पर्वतो वह्निमानिति विज्ञानम् ॥ १ ॥

हेतुज्ञानेति । हेतोर्वक्ष्यमाणस्वरूपस्य ज्ञानं निश्चयः, व्याप्तेरविनाभावरूपायास्स्मरणं ते कारणं यस्य तथाभूतं साध्यस्याभिधास्यमानस्वरूपस्य विज्ञानं निश्चयोऽनुमानमित्यर्थः । अत्रे हेतुज्ञानं व्याप्तिस्मरणञ्च मिलित्वाऽनुमितौ कारणमन्यथा विस्मृतव्याप्तेरनधिगतव्याप्तेर्वाऽत्रस्थमनुष्यस्य नारिकेलद्वीपवासिनो वा हेतुज्ञानमात्रात्तदभाववतो वा व्याप्तिस्मरणवतोऽनुमानोत्पत्तिस्स्यात् । एवं ज्ञानद्वयादेव सर्वत्रानुमानोत्पत्त्या निरुक्तज्ञानद्वयजन्यातिरिक्तपरामर्शात्मकविशिष्टज्ञानस्यानुमानहेतुत्वमप्रामाणिकमेवेति[१] बोध्यम्, तथाकल्पने गौरवात् प्रयोजनाभावाच्च । अनुमानं दृष्टान्तयति यथेति, गृहीतधूमस्य स्मृतव्याप्तिकस्य च यत्पर्वतो वह्निमानिति विज्ञानमुदेति तदनुमानमिति भावः ॥

ચતુર્થ કિરણ

હવે અનુક્રમથી આવેલ આ સ્મરણ આદિના કાર્યભૂત અનુમાનને કહે છે.

ભાવાર્થ – "હેતુજ્ઞાન અને વ્યાપ્તિસ્મરણરૂપ કારણજન્ય સાધ્યવિષયવિજ્ઞાન, એ 'અનુમાન' કહેવાય છે. જેમ કે-'પર્વત વહ્નિવાળો છે'-એવું વિજ્ઞાન."

---

१. नैयायिकानां मतेऽपि हेतुज्ञानसम्बन्धज्ञानयोरावश्यकत्वमेव, साध्यव्याप्यहेतुमत्ताज्ञानरूपपरामर्शात्मकविशिष्टज्ञानं प्रति विशेषणज्ञानमुद्रया तयोः कारणत्वात्, तथा च ताभ्यामेवानुमित्युत्पत्त्या व्यर्थः परामर्श इति भावः ॥

વિવેચન – આગળ ઉપર તેનું સ્વરૂપ કહેવાશે. એવા હેતુનું નિશ્ચયરૂપ જ્ઞાન, અવિનાભાવ (विना-व्यापकमृते न भावः स्थितिः) રૂપ વ્યાપ્તિનું સ્મરણ અર્થાત્ હેતુજ્ઞાન અને વ્યાપ્તિસ્મરણરૂપ બે કારણો જેનાં છે તેવું-કહેવાતા સ્વરૂપવાળા સાધ્યનું નિશ્ચયરૂપ વિજ્ઞાન, 'અનુમાન' કહેવાય છે. અહીં હેતુજ્ઞાન અને વ્યાપ્તિસ્મરણ મળીને અનુમિતિ પ્રત્યે કારણ છે. જો હેતુજ્ઞાન અને વ્યાપ્તિસ્મરણ સિવાય અનુમાન માનવામાં આવે, તો વ્યાપ્તિના વિસ્મરણવાળાને અથવા વ્યાપ્તિ વગરનાને, અહીંના મનુષ્યને કે નાણિયેરદ્વીપવાસી મનુષ્યને હેતુજ્ઞાન માત્રથી અથવા તે હેતુજ્ઞાનના અભાવવાળા-વ્યાપ્તિસ્મરણવાળાને અનુમાનની ઉત્પત્તિ થઈ જાય ! આ પ્રમાણે હેતુજ્ઞાન-વ્યાપ્તિસ્મરણરૂપ બે જ્ઞાનોથી જ સર્વત્ર અનુમાનની ઉત્પત્તિ હોઈ, પૂર્વોક્ત બે જ્ઞાનોથી જન્ય (નૈયાયિકોના મતમાં પણ હેતુજ્ઞાન અને સંબંધજ્ઞાનની આવશ્યકતા જ છે, કેમ કે-સાધ્ય વ્યાપ્તહેતુના જ્ઞાનરૂપ પરામર્શ આત્મક વિશિષ્ટ જ્ઞાન પ્રત્યે વિશેષણ જ્ઞાનમુદ્રાએ હેતુજ્ઞાન અને સંબંધજ્ઞાનનું કારણપણું છે. તથાચ તે બંને જ્ઞાનોથી અનુમિતિની ઉત્પત્તિ હોઈ પરામર્શ વ્યર્થ છે.) અધિક પરામર્શરૂપ વિશિષ્ટ જ્ઞાનમાં અનુમાનની કારણતા અપ્રમાણિક જ છે એમ જાણવું, કેમ કે-પૃથક્ પરામર્શની કલ્પનામાં ગૌરવ છે અને પ્રયોજનનો અભાવ છે. અનુમાનનું દૃષ્ટાન્ત આપે છે, 'यथेति' ધૂમને ગ્રહણ કરવામાં અને વ્યાપ્તિને સ્મરણ કરવામાં જે 'પર્વત વહ્નિવાળો છે' એવું વિજ્ઞાન ઉદય પામે છે, તે 'અનુમાનપ્રમાણ' કહેવાય છે.

इदानीमनुमानलक्षणघटकहेतुलक्षणमाह–

निश्चितव्याप्तिमान् हेतुः । यथा वह्नौ साध्ये धूमः । व्याप्तिमत्त्वमेव हेतो रूपं न तु पक्षसत्त्वसपक्षसत्त्वविपक्षासत्त्वात्मकं, त्रिरूपं, अबाधितत्वासत्प्रतिपक्षितत्वाभ्यां पञ्चरूपं वा, असाधारणत्वाभावात् ॥ २ ॥

निश्चितेति । निश्चिता निर्णीता चासौ व्याप्तिश्च निश्चितव्याप्तिस्ततो नित्ययोगे मतुब् अत एव निश्चिता व्याप्तिर्यस्मिन्निति बहुव्रीहिर्न कृतः, निश्चयविषयव्याप्तेर्नित्यसम्बन्धस्य कर्मधारयोत्तरमतुबन्तेनैव लाभात् । एवञ्च निश्चितव्याप्त्या नित्यसम्बद्धो हेतुरिति भावः । हेतुं दृष्टान्तयति यथेति । ननु हेतुर्निश्चितपक्षसत्त्वसपक्षसत्त्वविपक्षासत्त्वरूपत्रययुक्त एव, तत्र पक्षसत्त्वं ह्यसिद्धत्वव्यवच्छेदार्थं सपक्षसत्त्वं विरुद्धत्वव्यवच्छेदार्थं विपक्षासत्त्वञ्चानैकान्तिकत्वव्यवच्छेदार्थं निश्चीयते तेषामनिश्चये तु असिद्धादिहेतोरप्यनुमानापत्तिः प्रसज्येतेत्याशङ्कायामाह व्याप्तिमत्त्वमेवेति, एकशब्देन व्यवच्छेद्यमाह नत्विति । त्रिरूपमिति बौद्धानामेवमभ्युपगमः । नैयायिकास्तु बाधितसत्प्रतिपक्षितहेतुव्युदासायाबाधितत्वासत्प्रतिपक्षाभ्यां प्रोक्तत्रिरूपं हेतो रूपमिति वदन्ति तदपि नेत्याहाबाधितत्वेति । अनयोर्हेतुरूपत्वाभावे कारणमाहासाधारणत्वा-[१]

१. अयम्भावः व्याप्तिरेव केवलं हेतोः स्वरूपं, सत्त्वासत्त्वे तु तद्धर्मौ, न हि धर्मिसत्त्वे धर्मासदा सर्वे भवन्त्येवेति नियमः, पटादेः शुक्लत्वादि धर्मैर्व्यभिचारात् यद्यपि सत्त्वासत्त्वधर्मौ क्वचिद्धेतौ तथापि धर्मिस्वरूपा व्याप्तिर्भविष्यतीति न विरोधः । यत्रापि च धूमादौ सत्त्वासत्त्वे हेतौ दृश्येते तत्रापि तत्रापि व्याप्तेरेव प्राधान्यमतस्सत्त्वासत्त्वादिकं साधारणमिति ॥

भावादिति । अविनाभावनियमनिश्चयादेव दोषत्रयादिपरिहारोपपत्तेरविनाभाव एव हेतोरसाधारणं रूपं, स चासिद्धे विरुद्धेऽनैकान्तिके वा न सम्भवति, तदभावाच्च त्रिरूपे विद्यमानेऽपि हेतोर्गमकत्वं न दृष्टं, यथा स श्यामो मैत्रातनयत्वादितरमैत्रापुत्रवदित्यादौ । न च नैयत्येन विपक्षव्यावृत्तिर्नास्तीति वाच्यम्, विपक्षान्नियमेन व्यावृत्तेरेव व्याप्तित्वेनेतररूपद्वयवैयर्थ्यापत्तेः । पक्षधर्मत्वाभावेऽपि उदेष्यति शकटं कृत्तिकोदयात्, उपरि सविता भूमेरालोकत्त्वात् अस्ति नभश्चन्द्रो जलचन्द्रादित्याद्यनुमानदर्शनात् । तत्रापि कथञ्चित्कालाकाशादीनां पक्षत्वकल्पने काककाष्ण्यर्येन हेतुना प्रासादधावल्यस्यापि साध्यत्वप्रसङ्गस्स्यात्तत्रापि कथञ्चिज्जगतः पक्षत्वसम्भवात् । जगत् प्रासादधावल्ययोगि, काककाष्ण्ययोगित्वादिति । जगतः पक्षत्वस्य लोकविरुद्धत्वे कालाकाशादीनामननुभूयमानत्वेन लोकविरुद्धत्वं तुल्यमेव, क्लिष्टकल्पनापत्तिश्च । नापि सपक्षसत्त्वं गमकं, सपक्षेऽसतोऽपि श्रावणत्वादेश्शब्दानित्यत्वे गमकत्वप्रतीतेः । न च श्रावणत्वस्यासाधारणत्वादनैकान्तिकत्वमिति वाच्यम्, यद्यदसाधारणं तत्तदनैकान्तिकमिति व्याप्त्यसिद्धेः सपक्षविपक्षासत्त्वेन निश्चितेऽपि श्रावणत्वे पक्षान्तर्भावेणाविनाभावग्रहसम्भवात् । अन्यथा सर्वानित्यत्वे साध्ये सत्त्वादेर्हेतुत्वं तव न स्यात् । नापि सपक्षविपक्षयोरसत्त्वेन संशयितत्वादसाधारणः, श्रावणत्वादेस्तदसत्त्वेनैव निश्चयात् । तस्मान्निश्चितान्यथानुपपत्तिरेव हेतो रूपं तच्चासिद्धादिहेतौ न सम्भवत्येवेति किं त्रिरूपेण । एवं पञ्चरूपत्वमपि न हेतुलक्षणं, अग्निजन्योऽयं धूमस्सत्त्वात्पूर्वोपलब्धधूमवदित्यादौ पक्षे धूमे हेतोस्सत्त्वस्य सपक्षे पूर्वदृष्टधूमे च सत्त्वात् खरविषाणादौ विपक्षेऽसत्त्वात् पक्षे बाधाभावात्साध्याभावसाधकानुमानासम्भवाच्च पञ्चरूपत्वेऽक्षतेऽप्यगमकत्वात्, न च यावद्विपक्षावृत्तित्वं हेतोर्नास्तीति वाच्यम्, तस्यैवान्यथानुपपत्तिरूपत्वेन हेतुलक्षणत्वे शेषाणामकिञ्चित्करत्वात् । एवमबाधितविषयत्वं निश्चितमेव हेतुलक्षणमिष्टं भवतस्तन्निश्चयश्च न सम्भवति, तन्निश्चयसाध्यनिश्चययोरन्योऽन्याश्रयात् । सति हि हेतौ बाधितविषयत्वाभावनिश्चये साध्यनिश्चयस्तन्निश्चये च बाधितविषयत्वाभावनिश्चय इति, न च प्रमाणान्तरेण बाधितविषयत्वाभावनिश्चयान्नान्योऽन्याश्रय इति वाच्यम्, तस्याकिञ्चित्करत्वात्, कुतश्चिद्बाधनाभावनिश्चये कुतश्चित्साध्याभावस्यापि सद्भावसम्भवात् । नन्वविनाभावोऽपि हेतुलक्षणं माभूत् अन्यो-

---

१. शब्देऽनित्यत्वसद्भाव एव श्रावणत्वोपपत्तिरूपतथोपपत्तिसम्भवादिति भावः ॥ २. सत्त्वस्य विपक्षावृत्तित्वेन निश्चितत्वेऽपि सपक्षावृत्तित्वनिश्चयतो गमकत्वं सत्त्वस्य न स्यात् न च तत्र सपक्ष एव नास्ति इति वाच्यम्, विद्यमाने सपक्षे हेतोरवृत्तित्वनिश्चयस्य गमकतायामनङ्गत्वादिति तात्पर्यम् ॥

ऽन्याश्रयात्, साध्यसद्भावनिश्चये व्याप्तिनिश्चयात् तन्निश्चये च साध्यनिश्चयादिति मैवम् व्याप्तिनिश्चये साध्यनिश्चयस्याप्रयोजकत्वात् तर्काख्यप्रमाणान्तरादेव तन्निश्चयात् । न च हेतावविनाभावनिश्चायकेन तर्केणैव साध्यस्यापि सिद्धेर्हेतोरकिञ्चित्करत्वं स्यादिति वाच्यम्, हेतुना देशादिविशेषावच्छिन्नस्य साध्यस्य साधनात् तर्कात्तु सामान्यत एव सिद्धत्वात् । एवमसत्प्रतिपक्षितहेतोरपि न हेतुलक्षणत्वं उभयत्र हेतावविनाभावासम्भवात् तत्स्थितमेतन्निश्चितव्याप्तिमत्त्वमेव हेतोरसाधारणं रूपं न तु त्रिरूपं पञ्चरूपं वेति ॥ अत्रेदं विचार्यम्, अविनाभावः किं सामान्यस्य सामान्येन, विशेषैर्वा, विशेषाणां सामान्येन, विशेषैर्वेति । सामान्यस्य सामान्येन व्याप्तिर्नानुमानाङ्गभूता, तया च सामान्यस्यैव सिद्धेः सामान्यतया सर्वदेशकालसम्बन्धित्वेन प्रसिद्धस्य साध्यस्य साधने सिद्धसाधनत्वापत्तेः । नापि विशेषैः, देशकालानवच्छिन्नैस्तैस्तथात्वे देशकालानवच्छिन्नवह्न्यादीनां सुप्रसिद्धत्वे सिद्धसाधनत्वापत्तेः, तदवच्छिन्नैर्व्याप्तित्वे चानुगमाभावात्, नहि धूमसामान्यस्य पर्वतादिस्थैरग्निविशेषैरनुगमोऽस्ति पर्वतीयवह्नयभावेऽपि धूमसामान्यस्योपलम्भात् । विशेषाणां सामान्यनापि न व्याप्तिः, पूर्वोदितविधिना सिद्धसाधनत्वापत्तेः पर्वतीयधूमाभाववति महानुसादौ वह्निसामान्यस्य वृत्त्या व्यभिचाराच्च । नापि विशेषाणां विशेषैः, तेषामानन्त्येन दुर्ग्रहात् । अत्रोच्यते, सामान्यविशेषवतस्सामान्यविशेषवता व्याप्तिस्तद्ग्राहकस्तर्कः, अत एव यावान् कश्चिद्धूम इत्याद्यभिलापकं वाक्यमुक्तं तत्र यावत्पदेन सामान्यस्य कश्चिदित्यनेन विशेषस्य बोधः, तत्रापि न सामान्यविशेषौ केवलौ व्याप्यव्यापकभावेनानुभूयेते, किन्तु जात्यन्तरस्य सामान्यविशेषोभयात्मनस्तद्रूपतयाऽवभासनादिति ॥

હવે અનુમાનલક્ષણમાં રહેલ હેતુનું લક્ષણ કહે છે.

ભાવાર્થ – "નિશ્ચિત વ્યાપ્તિવાળો 'હેતુ' હોય છે. જેમ કે-વહ્નિરૂપ સાધ્ય હોયે છતે ધૂમ. વ્યાપ્તિ હેતુનું સ્વરૂપ છે, પરંતુ હેતુના પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ, વિપક્ષાસત્ત્વરૂપ ત્રણ સ્વરૂપો કે અબાધિતત્ત્વ અસત્ પ્રતિપક્ષત્વની અપેક્ષાએ પાંચ સ્વરૂપો નથી; કેમ કે-અસાધારણપણાનો અભાવ છે.

---

१. तर्केण व्याप्तिग्रहणवेलायां हि न पर्वतादीनां भानं सर्वत्रानुवृत्त्यभावात् । तर्ह्यनुमितौ पक्षः कथं भासत इति चेत् हेतुग्रहणाधिकरणतया क्वचित्तद्भानम् । हेतोर्हि ग्रहः पर्वतादौ जातोऽतस्साध्यस्यापि तत्रैवेति तद्भानम् । क्वचिदन्यथाऽनुपपत्त्यवच्छेदकतया, अस्ति नभसि चन्द्रो जलचन्द्रादित्यादौ नभसि हेतोरग्रहेऽपि नभसि चन्द्रास्तित्वं विना जलचन्द्रानुपपत्तेरन्यथानुपपत्त्यवच्छेदकतया नभसो भानमिति ॥ २. अत्र वैशेषिकाः सामान्ययोर्नाविनाभावः सिद्धसाधनात्, अपास्तविशेषं हि व्याप्ति सामान्य सिद्धं, नियतदेशकालावच्छेदेन विशेषार्थिनां प्रवृत्तिनिवृत्त्योरभावप्रसङ्गाच्च । न च विशेषयोरविनाभावः तेषामानन्त्येनाग्रसिद्धेः तदायत्तस्याविनाभावस्य चाग्रसिद्धेः । यावतामुपलम्भस्तावत्स्वेवाविनाभावग्रहणे च नागृहीताविनाभावस्य विशेषस्योपलम्भादनुमानं स्यात् नैतद्दूषणम्, सामान्यवतोरविनाभावग्रहणाभ्युपगमात् ॥

વિવેચન – નિશ્ચિત એવી વ્યાપ્તિ=નિશ્ચિતવ્યાપ્તિ નિત્ય યોગમાં મતુબ્ પ્રત્યય છે. એથી જ નિશ્ચિતવ્યાપ્તિ, જેમાં છે તે, એવો બહુવ્રીહિ સમાસ નથી કર્યો, કેમ કે-નિશ્ચય વિષયવાળી વ્યાપ્તિમાં નિત્ય સંબંધનો લાભ કર્મધારય પછીના તુપ્ અંતવાળા પદથી લાભ છે. એવંચ નિશ્ચિતવ્યાપ્તિની સાથે નિત્ય સંબંધી હેતુ છે.

શંકા – નિશ્ચિત પક્ષસત્ત્વ (પક્ષ એટલે સંદિગ્ધ સાધ્યવાળો ધર્મી. જેમ કે-ધૂમ હેતુ હોયે છતે પર્વત નિશ્ચિત સાધ્યવાળો સપક્ષ. જેમ કે-ત્યાં જ મહાનસ-રસોડું. નિશ્ચિત સાધ્યાભાવ(અગ્નિઅભાવ)વાળો વિપક્ષ. જેમ કે-ત્યાં જ મહા હ્રદ-સરોવર.) પક્ષમાં રહેવું, સપક્ષમાં રહેવું અને વિપક્ષમાં નહીં રહેવું, એ પ્રમાણે ત્રણ રૂપવાળો હેતુ જ છે. ત્યાં પક્ષસત્ત્વ અસિદ્ધિનામક દોષના વ્યવચ્છેદ માટે છે, સપક્ષસત્ત્વ વિરોધનામક દોષના વ્યવચ્છેદ માટે છે અને વિપક્ષમાં અસત્ત્વ વ્યભિચારદોષના વ્યવચ્છેદ માટે નિશ્ચિત કરાય છે. વળી તેઓના અનિશ્ચયમાં તો અસિદ્ધ આદિ હેતુથી પણ અનુમાનની આપત્તિનો પ્રસંગ ઉભો થાય જ ને ?

સમાધાન – આવી શંકાના સમાધાનમાં કહે છે કે -'व्याप्तिमत्त्वमेवेति ।' અર્થાત્ વ્યાપ્તિ જ હેતુનું સ્વરૂપ છે. એવ શબ્દથી વ્યવચ્છેદ યોગ્યને કહે છે. 'नत्विति ।' પક્ષ સત્ત્વાદિ હેતુઓના ત્રણ સ્વરૂપો બૌદ્ધમતસંમત છે તેનો વ્યવચ્છેદ કરાયેલ છે. વળી નૈયાયિકો તો બાધિત-સત્પ્રતિપક્ષ સહિત હેતુના પ્રતિષેધ માટે, અબાધિતત્ત્વ-અસત્ પ્રતિપક્ષ એમ બેની સાથે પૂર્વોક્ત ત્રણ સ્વરૂપો ૨ + ૩ = ૫-એમ હેતુઓના પાંચ સ્વરૂપો કહે છે તે પણ બરોબર નથી. માટે કહે છે કે-ત્રણ રૂપો કે પાંચ રૂપોમાં હેતુનું સ્વરૂપપણું પણ નથી. કેમ ? તો કહે છે કે-'असाधारणत्वाभावादिति ।' અસાધારણપણાનો અભાવ હોવાથી [આ ભાવ છે કે-વ્યાપ્તિ જ કેવળ હેતુનું સ્વરૂપ છે, સત્ત્વ-અસત્ત્વ તો તેના ધર્મો છે. એવો નિયમ નથી કે-'જ્યાં ધર્મી હોય, ત્યાં સર્વ ધર્મો સદા હોય જ છે,' કેમ કે-શુક્લત્વ આદિ ધર્મોની સાથે પટ આદિનો વ્યભિચાર છે. જો કે સત્ત્વ-અસત્ત્વ ધર્મો ક્વચિત્ હેતુમાં હોય છે તો પણ ધર્મી સ્વરૂપવાળી વ્યાપ્તિ થશે. એમાં વિરોધ નથી. જ્યાં ધૂમાદિમાં પણ હેતુમાં સત્ત્વ-અસત્ત્વ ધર્મો દેખાય છે, ત્યાં પણ વ્યાપ્તિનું પ્રધાનપણું છે. એથી સત્ત્વ-અસત્ત્વ આદિ સાધારણ છે ઈતિ.] અવિનાભાવ નિયમના નિશ્ચયથી જ ત્રણ દોષ આદિના પરિહારની ઉપપત્તિ હોવાથી અવિનાભાવ જ હેતુનું અસાધારણરૂપ છે અને તે અસાધારણસ્વરૂપ અસિદ્ધમાં, વિરૂદ્ધમાં કે અનૈકાન્તિકમાં સંભવતું નથી. તે સ્વરૂપના અભાવથી ત્રણ રૂપો વિદ્યમાન હોવા છતાંય હેતુનું ગમકપણું દેખાયેલું નથી. જેમ કે-તે શ્યામ છે, કેમ કે-મૈત્રાતનય છે. જેમ કે-ઇતર મૈત્રાપુત્ર ઇત્યાદિ. [આ ભાવ છે કે-'પર્વત' ધૂમવાળો છે, કેમ કે-વહ્નિ છે ઇત્યાદિ. વ્યભિચારી સ્થળોમાં પણ હેતુનું ત્રિલક્ષણત્વ આદિ વર્તે છે. તથાહિ પક્ષભૂત પર્વતમાં હેતુભૂત વહ્નિ વિદ્યમાન છે એટલે પક્ષસત્ત્વ છે. મહાનસમાં પણ વહ્નિ છે એટલે સપક્ષસત્ત્વ છે. વિપક્ષભૂત જલહ્રદમાં વહ્નિ નથી, માટે વિપક્ષમાં અસત્ત્વ છે. પ્રતિપક્ષી અનુમાન નહીં હોવાથી અસત્ પ્રતિપક્ષપણું છે. પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધારહિત હોવાથી અબાધિપણું છે, માટે હેતુના ત્રણ સ્વરૂપો કે પાંચ સ્વરૂપો અપ્રમાણિક છે.]

શંકા – અહીં નિયમા વિપક્ષથી વ્યાવૃત્તિ નથી, માટે હેતુનું ગમકપણું નથી જ ને ?

સમાધાન – વિપક્ષથી નિયમા વ્યાવૃત્તિ, એ જ વ્યાપ્તિનું સ્વરૂપ હોવાથી પક્ષસત્ત્વ-સપક્ષસત્ત્વરૂપ બે સ્વરૂપોની વ્યર્થતાની આપત્તિ આવશે જ ને ?

૦ પક્ષધર્મપણાનો (પક્ષસત્ત્વનો) અભાવ હોવા છતાં અશ્વિની આદિ-નક્ષત્રોનો પૂર્વ પૂર્વનો ઉદય થયે છતે, તેનાથી અવ્યવહિત ઉત્તર નક્ષત્રોનો ઉદય હોય છે. આવા નિયમના બળથી જ અવ્યવહિત પૂર્વકાલીન કૃત્તિકાનો ઉદય અને રોહિણીના ઉદયમાં એક કાળવૃત્તિત્વની અનુમિતિ થતી નથી. ત્યાં કૃત્તિકાના ઉદયથી, ત્યાર પછીના ઉત્તરકાલીન રોહિણીના ઉદયરૂપ સાધ્યનું સત્ત્વ, તે કાળમાં કૃત્તિકાના ઉદયરૂપ હેતુનું અસત્ત્વ હોવાથી પક્ષધર્મતા નથી. તો પણ તેથી અનુમતિ થાય છે કે-"શકટ (રોહિણી નક્ષત્ર) ઉગશે, કેમ કે-કૃત્તિકા નક્ષત્રનો ઉદય છે. આ પ્રમાણે ભિન્નકાલીન સાધ્ય-સાધકના ભાવના સ્થળમાં પક્ષધર્મતાનો વ્યભિચાર દર્શાવી, ભિન્ન ભિન્ન દેશમાં રહેલ સાધ્ય-સાધન ભાવસ્થળમાં પક્ષધર્મતાનો વ્યભિચાર દર્શાવે છે કે-ઊર્ધ્વદેશમાં સૂર્ય છે, કેમ કે-જમીન પ્રકાશવાળી છે."

૦ પ્રતિબિંબ, બિંબનું અનુમાપક હોય છે. બિંબ સિવાય પ્રતિબિંબની ઉપપત્તિ નથી હોતી. એવા નિયમના બળથી જ ત્યાં પણ પક્ષધર્મતાનો અભાવ હોવા છતાં પ્રતિબિંબરૂપ હેતુથી બિંબરૂપ સાધ્યની અનુમિતિ થાય છે. માટે કહે છે કે-આકાશમાં રહેલો ચંદ્ર છે (બિંબસ્વરૂપી છે),કેમ કે-જલચંદ્ર છે-જલમાં ચંદ્રનું પ્રતિબિંબ છે.

૦ રોહિણી નક્ષત્ર ઉગશે, કેમ કે-કૃત્તિકાનો ઉદય છે. ઇત્યાદિ અનુમાનમાં ધર્મીરૂપે કાળ, આકાશ આદિનું વિષયપણું અનુભવાતું નથી, માટે તે અનુમાનમાં પક્ષત્વ નથી. પરંતુ ત્યાં પણ કથંચિત્ કાળ, આકાશ આદિમાં પક્ષપણાની કલ્પનામાં કાગડામાં રહેલ કાળા રંગરૂપ હેતુથી પ્રાસાદમાં રહેલ ધોળા રંગમાં પણ સાધ્યપણાનો પ્રસંગ થઈ જાય ! ત્યાં પણ કથંચિત્ જગત્માં પક્ષપણાની સંભાવના છે. જગત્ પ્રાસાદધાવલ્યવાળું છે, કેમ કે-કાગડામાં કાળો રંગ છે. જગત્ના પક્ષતામાં લોકવિરુદ્ધપણું હોઈ, કાળ, આકાશ આદિમાં પક્ષપણાનો અનુભવ નહીં થતો હોઈ, લોકનું વિરુદ્ધપણું તુલ્ય જ છે અને ક્લિષ્ટ કલ્પનાની આપત્તિ છે.

૦ સપક્ષસત્ત્વ હેતુનું સ્વરૂપ નથી-ગમક નથી. સપક્ષમાં અવિદ્યમાન પણ શબ્દના અનિત્યત્વના સાધ્યમાં શ્રાવણત્વ આદિ હેતુમાં ગમકપણું છે.

શંકા – શ્રાવણત્વહેતુમાં અનૈકાન્તિત્વ છે, કેમ કે-અસાધારણતા છે. [એકાન્ત-નિયમમાં થનાર એકાન્તિક નિયત, તેનાથી જુદો અનૈકાન્તિક એટલે વ્યભિચારી હેતુ, સાધારણ-અસાધારણ-અનુપસંહારના ભેદે ત્રણ પ્રકારનો છે. (૧) સાધ્યના અભાવવાળામાં રહેનારો હેતુ, (૨) સાધારણ અનૈકાન્તિક, સર્વ સપક્ષ અને વિપક્ષમાં નહીં રહેનારો હેતુ, અને (૩) પક્ષ માત્રમાં રહેનાર હેતુ, અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે. પ્રકૃતમાં શબ્દ અનિત્ય છે, કેમ કે-શ્રાવણપણું છે. શ્રાવણત્વ, સર્વપક્ષઘટ આદિમાં, સર્વવિપક્ષ આકાશ આદિમાં નથી રહેતું અને શબ્દ માત્રમાં રહે છે, માટે શ્રાવણત્વહેતુ અસાધારણ અનૈકાન્તિક છે. સાધ્ય સામાનાધિકરણ્ય ગ્રહ સિદ્ધાન્ત વ્યાપ્તિગ્રહમાં પ્રતિબંધક છે.] તો શ્રાવણત્વહેતુ સદ્હેતુ કેવી રીતે ?

समाधान – જે જે અસાધારણ (પક્ષ માત્ર વૃત્તિ) છે, તે તે અનૈકાન્તિક છે (વ્યભિચારી છે). એવી વ્યાપ્તિની અસિદ્ધિ છે, કેમ કે-સપક્ષ-વિપક્ષમાં અસત્ત્વરૂપે નિશ્ચિત એવા શ્રાવણત્વમાં સાધ્ય અને હેતુની પક્ષમાં જ વ્યાપ્તિરૂપ અંતર્વ્યાપ્તિની અપેક્ષાએ પક્ષમાં અંતર્ભાવદ્વારા અવિનાભાવ-વ્યાપ્તિજ્ઞાનનો સંભવ છે. (શબ્દમાં, અનિત્યપણાના સદ્ભાવમાં જ શ્રાવણત્વની ઉપપત્તિરૂપ તથોપપત્તિનો સંભવ છે.) જો અંતર્વ્યાપ્તિ દ્વારા વ્યાપ્તિજ્ઞાન ન માનવામાં આવે, તો (બૌદ્ધ પ્રત્યે) સર્વ અનિત્યત્વરૂપ સાધ્ય હોયે છતે સત્ત્વ આદિનું હેતુપણું ન થાય ! (સત્ત્વનું વિપક્ષમાં અવૃત્તિત્વ નિશ્ચિત હોવા છતાં સપક્ષમાં અવૃત્તિત્વના નિશ્ચયથી સત્ત્વમાં હેતુપણું ન થાય ! **શંકા** – જો ત્યાં સપક્ષ જ નથી, તો સપક્ષમાં અવૃત્તિત્વની વાત જ ક્યાં રહી ? **સમાધાન** – વિદ્યમાન સપક્ષ હોયે છતે, તે સપક્ષમાં હેતુના અવૃત્તિત્વનો નિશ્ચય ગમકતાની સિદ્ધિમાં અંગભૂત નથી, એવું તાત્પર્ય છે.)

સપક્ષ અને વિપક્ષમાં અસત્ત્વરૂપે શ્રાવણત્વનો સંશય હોવાથી અસાધારણ નથી, કેમ કે સપક્ષ-વિપક્ષમાં શ્રાવણત્વ આદિનો અસત્ત્વરૂપે જ નિશ્ચય છે. માટે નિશ્ચિત અન્યથાનુપપત્તિ જ હેતુનું સ્વરૂપ છે અને તે અસિદ્ધ આદિ દુષ્ટ હેતુઓમાં સંભવતું જ નથી, તો હેતુના પક્ષસત્ત્વાદિ ત્રણ સ્વરૂપો માનવાની કશી જરૂર નથી. આ પ્રમાણે પંચરૂપપણું પણ હેતુનું લક્ષણ નથી. આ ધૂમ અગ્નિજન્ય છે, કેમ કે-સત્ છે. જેમ કે-પૂર્વમાં ઉપલબ્ધ ધૂમ. ઇત્યાદિમાં પક્ષરૂપ ધૂમમાં સત્ત્વરૂપ હેતુનું સત્ત્વ છે, પૂર્વદૃષ્ટધૂમરૂપ સપક્ષમાં સત્ત્વનું સત્ત્વ છે. ખરવિષાણ આદિરૂપ વિપક્ષમાં અસત્ત્વ છે. પક્ષમાં બાધ નહીં હોવાથી, સાધ્યાભાવનું સાધક પ્રતિપક્ષભૂત અનુમાનાન્તરનો અસંભવ હોવાથી અસત્ પ્રતિપક્ષિતત્ત્વ છે. માટે પાંચે પાંચ રૂપો અક્ષત હોવા છતાં સત્ત્વરૂપ હેતુમાં ગમકપણું નથી, કેમ કે-અન્યથાનુપપત્તિરૂપ વ્યાપ્તિ નથી.

શંકા – જેટલા વિપક્ષો છે, તેટલા તમામ વિપક્ષોમાં હેતુનું વૃત્તિત્વ નથી, કેમ કે-ઘટાદિમાં સત્ત્વ છે. તો પાંચ રૂપો ગમક થતા નથી, એમ કેવી રીતે ?

સમાધાન – યાવદ્ વિપક્ષમાં અવૃત્તિત્વ જ અન્યથાનુપપત્તિ રૂપ હોઈ, અન્યથાનુપપત્તિ હેતુનું લક્ષણ હોયે છતે, બાકીના પક્ષસત્ત્વ-સપક્ષ સત્ત્વ-અબાધિતત્ત્વ-અસત્પ્રતિપક્ષિતત્ત્વો અકિંચિત્કર છે.

આ પ્રમાણે અબાધિતવિષયત્વ, નિશ્ચિત જ હેતુલક્ષણ જો આપને ઇષ્ટ છે, તો અબાધિતવિષયહેતુનો નિશ્ચય સંભવતો નથી, કેમ કે-અબાધિતવિષયકહેતુ નિશ્ચય અને સાધ્યનિશ્ચયમાં અન્યોન્યાશ્રય દોષ છે. જેમ કે-ખરેખર, હેતુમાં બાધિતવિષયત્વના અભાવનો નિશ્ચય થયે છતે સાધ્યનિશ્ચય છે અને સાધ્યનિશ્ચય હોયે છતે બાધિતવિષયત્વના અભાવનો નિશ્ચય છે, માટે અબાધિતવિષયત્વ એ હેતુનું નિશ્ચિત જ લક્ષણ નથી.

શંકા – પ્રમાણાન્તરથી બાધિતવિષયત્વના અભાવનો નિશ્ચય હોવાથી અન્યોન્યાશ્રય દોષ નથી જ ને ?

સમાધાન – તે અકિંચિત્કર છે, કેમ કે-કોઈકથી (પ્રમાણાન્તરથી) સાધ્યના અભાવનો પણ સદ્ભાવનો સંભવ છે.

શંકા – તો અવિનાભાવ પણ હેતુનું લક્ષણ ન થાઓ ! કેમ કે-અન્યોઽન્યાશ્રય છે. સાધ્યસદ્ભાવના નિશ્ચયમાં વ્યાપ્તિનિશ્ચય છે અને વ્યાપ્તિના નિશ્ચયમાં સાધ્યનો નિશ્ચય છે, તો અવિનાભાવ, લક્ષણ કેવી રીતે ઠરશે ?

समाधान – વ્યાપ્તિના નિશ્ચય પ્રત્યે સાધ્યનો નિશ્ચય અપ્રયોજક છે, કેમ કે-તર્કનામક પ્રમાણાન્તરથી જ વ્યાપ્તિનો નિશ્ચય છે.

શંકા – હેતુનિષ્ઠ અવિનાભાવનિશ્ચાયક તર્કથી જ સાધ્યની પણ સિદ્ધિ હોવાથી હેતુ અકિંચિત્કર ઠરશે જ ને ?

સમાધાન – હેતુથી દેશ આદિ વિશેષથી અવચ્છિન્ન (વિશિષ્ટ) સાધ્યનું સાધન થાય છે. [ખરેખર, તર્કદ્વારા સર્વ ઉપસંહારની અપેક્ષાએ વ્યાપ્તિગ્રહણવેળામાં વિશિષ્ટ પર્વત આદિનું ભાન નથી હોતું, કેમ કે-ધૂમાધિકરણ માત્રમાં સર્વત્ર પર્વત આદિની અનુવૃત્તિનો (અનુગામિપણાનો) અભાવ છે, તો અનુમિતિમાં પક્ષ કેવી રીતે ભાસે છે ?

આ પ્રશ્નના જવાબમાં કહે છે કે-હેતુગ્રહણની અધિકરણતાની અપેક્ષાએ ક્વચિત્. જેમ કે-પર્વત વહ્નિવાળો છે, કેમ કે-ધૂમ છે. અહીં ધૂમનું પર્વતમાં ગ્રહણ હોવાથી અગ્નિનું પણ ત્યાં ભાન છે. એ દૃષ્ટિએ હેતુનું વિશિષ્ટ પર્વત આદિમાં ગ્રહણ થયેલ છે. એથી સાધ્યનું પણ ત્યાં જ ભાન હોઈ પક્ષ આદિનું ભાન છે. ક્વચિત્ અન્યથાનુપપત્તિના અવચ્છેદકપણાની અપેક્ષાએ પક્ષ આદિનું ભાન છે. જેમ કે-આકાશ સ્થિત ચંદ્ર છે, કેમ કે-જલચંદ્ર છે. ઇત્યાદિમાં આકાશમાં હેતુનું ગ્રહણ નહીં હોવા છતાં આકાશમાં ચંદ્રના અસ્તિત્વ સિવાય જલચંદ્રની ઉપપત્તિ નહિ હોવાથી અન્યથાઽનુપપત્તિરૂપ વ્યાપ્તિના અવચ્છેદક(આધાર)પણાની અપેક્ષાએ આકાશરૂપ પક્ષનું ભાન છે.] તર્કથી સર્વ ઉપસંહારદ્વારા, સાધ્યસામાન્ય-સાધન-સામાન્યની સિદ્ધિ હોવાથી સામાન્યથી સાધ્યની સિદ્ધિ છે. આ પ્રમાણે અસત્ પ્રતિપક્ષિતત્ત્વ પણ હેતુનું લક્ષણ નથી, કેમ કે-બંને ઠેકાણે હેતુમાં અવિનાભાવનો અસંભવ છે. તેથી એ સ્થિર થઈ જાય છે કે-'નિશ્ચિત વ્યાપ્તિ જ હેતુનું અસાધારણ સ્વરૂપ છે, નહીં કે ત્રણ રૂપો કે પાંચ રૂપો ઇતિ. અહીં આ વિચારણીય છે. [વૈશેષિકો, સાધ્યસામાન્ય-સાધનસામાન્યનો અવિનાભાવ નથી, કેમ કે-સિદ્ધસાધન દોષ છે. વળી ખરેખર, વિશેષરહિત વ્યાપ્તિ સામાન્ય સિદ્ધ છે, તેથી નિયત દેશ-કાળની અપેક્ષાએ વિશેષના અર્થીઓમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિના અભાવનો પ્રસંગ છે. સાધ્યવિશેષ સાધનવિશેષનો અવિનાભાવ નથી, કેમ કે-તે વિશેષોની અનંતતા હોઈ અપ્રસિદ્ધ છે, તેથી તે વિશેષોને આધીન અવિનાભાવની પણ અપ્રસિદ્ધિ છે. જેટલાઓનો ઉપલંભ છે, તેટલાઓમાં જ અવિનાભાવના ગ્રહણમાં, અવિનાભાવને નહીં ગ્રહણ કરનાર વિશેષનું ઉપલંભની અપેક્ષાએ અનુમાન ન થાય ! આ દૂષણ નથી, કેમ કે-સામાન્યવાળા સાધ્ય-સાધનના અવિનાભાવના ગ્રહણનો સ્વીકાર છે.]

શંકા – (૧) શું અવિનાભાવ સામાન્યનો સામાન્યથી સાથે છે ? (૨) શું અવિનાભાવ સામાન્યનો વિશેષોની સાથે છે ? (૩) શું અવિનાભાવ વિશેષોનો સામાન્યની સાથે છે ? (૪) શું અવિનાભાવ વિશેષોનો વિશેષોની સાથે છે ? આ ચાર પક્ષો કે પ્રશ્નો છે.

સમાધાન – (૧) સામાન્યની સામાન્ય સાથેની વ્યાપ્તિ અનુમાનના અંગભૂત નથી, કારણ કે-તે વ્યાપ્તિ દ્વારા સામાન્યની જ સિદ્ધિ હોવાથી, સામાન્યપણાએ સર્વ દેશ-કાળ સંબંધીરૂપે પ્રસિદ્ધ સાધ્યને સાધવામાં સિદ્ધસાધનપણારૂપ દોષની આપત્તિ આવે છે. (૨) સામાન્યની વિશેષોની સાથે વ્યાપ્તિ નથી, કેમ

કે-દેશ-કાળથી વિશિષ્ટ વહ્નિવિશેષોથી, ધૂમસામાન્યની સાથે વ્યાપ્તિ માનવામાં દેશ-કાળથી વિશિષ્ટ વહ્નિ આદિની સુપ્રસિદ્ધિ હોઈ સિદ્ધસાધનપણાના દોષની આપત્તિ છે. તે દેશ-કાળથી વિશિષ્ટ વિશેષોની સાથે સામાન્યની વ્યાપ્તિપણામાં અનુગમનો અભાવ છે, કેમ કે-ધૂમ સામાન્યનો પર્વત આદિમાં રહેલ અગ્નિવિશેષોની સાથે અનુગમ નથી; કેમ કે- પર્વતીય વહ્નિના અભાવમાં પણ ધૂમ સામાન્યનો ઉપલંભ છે. (૩) સામાન્યની સાથે પણ વિશેષોની વ્યાપ્તિ નથી, કેમ કે-પૂર્વે કહેલ વિધિથી સિદ્ધસાધનપણાની આપત્તિ છે. પર્વતીય (પર્વત સંબંધી) ધૂમના અભાવવાળા મહાનસ આદિમાં વહ્નિ સામાન્યની વૃત્તિ હોવાથી વ્યભિચાર છે. (૪) વિશેષોની વિશેષોની સાથે વ્યાપ્તિ નથી, કેમ કે-તે વિશેષોનું અનંતપણું હોઈ દુર્ગ્રાહ્ય છે. અહીં એનો જવાબ અપાય છે કે-સામાન્યવિશેષવાળાની સામાન્યવિશેષવાળાની સાથે વ્યાપ્તિ છે, તે વ્યાપ્તિગ્રાહક તર્ક છે. એથી જ 'જેટલો-જે કોઈ ધૂમ છે' ઇત્યાદિ વાચકવાક્ય કહ્યું છે, ત્યાં યાવત્પદથી સામાન્યનો 'કશ્ચિદ્' એવા પદથી વિશેષનો બોધ છે. ત્યાં પણ સામાન્ય અને વિશેષ કેવળ વ્યાપ્યવ્યાપકભાવથી અનુભવાતા નથી, પરંતુ સામાન્ય-વિશેષ ઉભયરૂપ જાત્યંતરનો વ્યાપ્યવ્યાપકભાવથી અવભાસ છે.

अधुनाऽनुमानलक्षणघटकव्याप्तिस्मरणविषयभूतां व्याप्तिमाह—

हेतौ साध्याभाववदवृत्तित्वं व्याप्तिः । इयमेवाऽन्यथाऽनुपपत्तिप्रतिबन्धाविनाऽभावशब्दैरुच्यते । वह्निं विना धूमस्यानुपपत्तेर्वह्निसत्त्व एव धूमोपपत्तेश्च वह्निनिरूपिताऽन्यथाऽनुपपत्त्यादिशब्दावाच्या व्याप्तिर्धूमे वर्त्तते । अतो धूमो व्याप्यो निरूपकश्च वह्निर्व्यापकः । तथा च व्याप्यसत्त्वेऽवश्यं व्यापकसत्त्वं, व्यापकसत्त्व एव च व्याप्येन भवितव्यमिति व्याप्यव्यापकभावनियमः सिद्ध्यति ॥ ३ ॥

हेताविति । यो हि व्याप्नोति यश्च व्याप्यते[१] तयोरुभयोर्धर्मो व्याप्तिः, यदा व्यापकधर्मतया तस्या विवक्षा तदा व्यापकस्य यत्र धर्मिणि व्याप्यमस्ति तत्र सर्वत्र सत्त्वमेव व्यापकगतो धर्मो व्याप्तिः । यदा तु व्याप्यधर्मतया व्याप्तिर्विवक्ष्यते तदा यत्र धर्मिणि व्यापकोऽस्ति तत्रैव व्याप्यस्य भावो न तदभावेऽपीति सैव व्याप्तिः । पूर्वत्रायोगव्यवच्छेदेनेह चान्ययोगव्यवच्छेदेनावधारणं बोध्यम् । तत्र हेतुनिष्ठव्याप्तेरेव गमकताङ्गतया हेतावित्युक्तम् । तथा चान्ययोगव्यवच्छेदलब्धार्थमाह साध्याभावेति । यत्र धर्मिणि व्यापकं साध्यमस्ति तत्रैव हेतोर्भावः, साध्यं यत्र नास्ति तत्र तस्याभाव एवेति हेतुनिष्ठा व्याप्तिरिति भावः, एतेन यत्र धर्मिणि साध्यमस्ति तत्र साधनस्यैव भावोऽथवा यत्र धर्मिणि साध्यमस्ति तत्र साधनस्य भाव एव व्याप्तिरित्यवधारणं न साधु, तथा च सत्यव्याप्यस्यापि तत्र भावेन हेत्वभावप्रसङ्गः

१. वह्निर्हि धूमं व्याप्नोति धूमश्च वह्निना व्याप्यत इति व्याप्तिर्वह्निधूमयोर्धर्मः यत्र धर्मिणि पर्वतादौ, सर्वत्रेति व्यभिचारवारणाय, सत्त्वमेवेति बाधवारणाय । तत्रैवेति व्यभिचारवारणाय ॥

प्रथमावधारणे, द्वितीये च साधारणस्य प्रमेयत्वादेर्हेतुत्वप्रसङ्गः, सपक्षैकदेशावृत्तेश्चाहेतुत्वप्रसङ्गः स्यादिति । इयमेव व्याप्तिरत्र शास्त्रेऽन्यथाऽनुपपत्तिप्रभृतिशब्दैर्व्यवह्रियत इत्याहेयमेवेति, ननु तथोपपत्त्यन्यथानुपपत्तिभ्यां द्विप्रकारेण हेतुप्रयोगो दृश्यते तत्र तत्र शास्त्रे, यथा पर्वतो वह्निमान् तथैव धूमोपपत्तेर्धूमान्यथानुपपत्तेर्वेति । तत्र तथोपपत्तिरन्वयोऽन्यथानुपपत्तिर्व्यतिरेकस्तत्कथमत्रान्यथाऽनुपपत्तेरेव व्याप्तित्वमुक्तमिति जिज्ञासायामाह वह्निं विनेति, वह्निं विना धूमस्यानुपपत्तेरित्यनेन व्यतिरेकरूपान्यथानुपपत्तिः, वह्निसत्त्व एव धूमोपपत्तेश्चेत्यनेनान्वयरूपा तथैवोपपत्तिश्च प्रदर्शिता । अनयोरुभयोरपि परस्पराव्यभिचारित्वेन तयोरन्यथानुपपत्तिशब्दग्राह्यत्वमेव, नहि कश्चिद्विशेषस्तयोरित्यभिप्रायेणाहान्यथानुपपत्त्यादिशब्दवाच्येति । तेनैकत्र तयोरन्यतरस्य प्रयोगे साध्यसिद्धावपरप्रयोगस्य वैयर्थ्यमेवेति भावस्सूचितः । आदिना प्रतिबन्धाविनाभावौ ग्राह्यौ, हेतुनिष्ठव्याप्तेरेवानुमानौपयिकतया हेतुर्व्याप्यो निरूपकश्च साध्यं व्यापकमित्याहात इति, हेतुनिष्ठव्याप्तेरनुमित्यौपयिकत्वादित्यर्थः, व्याप्यो व्याप्त्याश्रयः, वह्निर्व्याप्तिनिरूपकः तथा च वह्निनिरूपितव्याप्त्याश्रयत्वाद्धूमो वह्निव्याप्यः, धूमवृत्तिव्याप्तिनिरूपकत्वाद्वह्निर्धूमव्यापक इति भावः । व्याप्यव्यापकयोरुभयत्र व्याप्तेर्नैकाकारप्रतीतिविषयत्वमिति स्पष्टयति तथा चेति, धूमस्य व्याप्यत्वे वह्नेश्च व्यापकत्वे इत्यर्थः । अवश्यं व्यापकसत्त्वमिति, व्यापकस्य सत्त्वमेवेत्यर्थः, न तु व्यापकस्यैव भाव इति, व्यापकाभावप्रसङ्गात्, मूर्त्तत्वादेरव्यापकस्यापि तत्र सत्त्वात् । व्यापकसत्त्व एव चेति, तथा चायोगाऽन्ययोगव्यवच्छेदाभ्यां विभिन्नाकारतयोभयत्रैकाकारत्वविरहेणैवमेव व्याप्यव्यापकभावस्य नियमो भवतीति भावः ॥

હવે અનુમાનલક્ષણમાં રહેલ વ્યાપ્તિસ્મરણના વિષયભૂત વ્યાપ્તિને કહે છે.

ભાવાર્થ – "હેતુમાં સાધ્યના અભાવવાળામાં અવૃત્તિત્વ 'વ્યાપ્તિ' કહેવાય છે. આ જ વ્યાપ્તિ અન્યથા અનુપપત્તિ-પ્રતિબંધ-અવિનાભાવ શબ્દોથી કહેવાય છે. વહ્નિ સિવાય ધૂમની અનુપપત્તિ હોવાથી, વહ્નિની સત્તામાં જ ધૂમની ઉપપત્તિ હોવાથી, વહ્નિનિરૂપિત-અન્યથા અનુપપત્તિ આદિ શબ્દવાચ્ય વ્યાપ્તિ-ધૂમમાં વર્તે છે. એથી ધૂમ વ્યાપ્ય છે અને વહ્નિનિરૂપકવ્યાપક છે. તથાચ વ્યાપ્યના સત્ત્વમાં અવશ્યવ્યાપક સત્ત્વ છે અને વ્યાપકસત્ત્વમાં જ વ્યાપ્ય હોય જ. આ પ્રમાણે વ્યાપ્યવ્યાપકભાવ નિયમ સિદ્ધ થાય છે.

---

१. पर्वतो वह्निमान् धूमादित्यादिहेतोरित्यर्थः, सपक्षैकदेशेऽयोगोलकादौ धूमस्याविद्यमानत्वादिति भावः ॥
२. यत्र धर्मिणि व्यापकोऽस्ति तत्रैव व्याप्यस्य भावो न तदभावेऽपीत्यवधारणमभ्युपेत्य लक्षणप्रणयनेन तदन्तर्गततयोभयविधस्यापि लाभेनेदृशव्याप्तेरन्यथानुपपत्तिशब्दवाच्यत्वे तदुभयोरपि ग्रहणसंभवादिति भावः ॥

વિવેચન – ખરેખર, જે વ્યાપે છે અને જે વ્યાપ્ત થાય છે, [ખરેખર વહ્નિ ધૂમમાં વ્યાપ્તિ કરે છે અને વહ્નિ વડે ધૂમ વ્યાપ્ત થાય છે. આ પ્રમાણે વ્યાપ્તિ વહ્નિ-ધૂમનો ધર્મ છે, જે ધર્મીપર્વત આદિમાં છે. 'सर्वत्र' આ પ્રમાણેનું પદ વ્યભિચારના વારણ માટે છે. 'सत्त्व' એવું પદ બાધના વારણ માટે છે. 'तत्रैव' એવું પદ બાધના વારણ માટે છે.] તે બંનેનો ધર્મ 'व्याप्ति' કહેવાય છે. જ્યારે વ્યાપકધર્મપણાએ તે વ્યાપ્તિની વિવક્ષા, ત્યારે જે ધર્મમાં વ્યાપ્ય છે, તે ધર્મીમાં સર્વત્ર વ્યાપકનું સત્ત્વ જ છે. વ્યાપક ગતધર્મ વ્યાપ્તિ કહેવાય છે. જ્યારે વ્યાપ્યધર્મપણાએ વ્યાપ્તિની વિવક્ષા કરાય, ત્યારે જે ધર્મીમાં (કારણરૂપ) વ્યાપક છે ત્યાં જ (કાર્યભૂત) વ્યાપ્યનું સત્ત્વ છે. તે વ્યાપકના અભાવમાં વ્યાપ્યનો પણ અભાવ છે. આ પ્રમાણે તે જ વ્યાપ્તિ કહેવાય છે. પહેલામાં અયોગવ્યવચ્છેદથી અને અહીં અન્યયોગવ્યવચ્છેદથી અવધારણ જાણવું. ત્યાં હેતુનિષ્ઠ વ્યાપ્તિ જ ગમકતાનું અંગ હોઈ 'हेतौ' એમ કહેલ છે. તથાચ અન્યયોગવ્યવચ્છેદથી પ્રાપ્ત અર્થને કહે છે. જે 'साध्याभावेति ।' ધર્મીમાં વ્યાપક (અધિક દેશવૃત્તિ) કારણભૂત સાધ્ય છે, ત્યાં જ કાર્યભૂત હેતુનું સત્ત્વ છે. જ્યાં સાધ્ય નથી, ત્યાં તે હેતુનો અભાવ જ ઇતિ. 'હેતુનિષ્ઠ વ્યાપ્તિ' કહેવાય છે. (આ અભિપ્રાય છે હેતુસાધ્યની વ્યાપ્તિ, અન્વયવ્યાપ્તિ, સાધ્યાભાવ હેત્વભાવની વ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ. અન્વયવ્યાપ્તિમાં હેતુ વ્યાપ્ય છે, સાધ્ય વ્યાપક છે, વ્યતિરેકવ્યાપ્તિમાં સાધ્યાભાવ વ્યાપ્ય છે અને હેતુ અભાવવ્યાપક છે. વ્યાપ્યનું વચન પહેલાં હોય છે અને વ્યાપકનું વચન પછીથી હોય છે. આવું કથન હોવાથી અન્વયવ્યાપ્તિમાં હેતુનો પહેલાં નિર્દેશ છે અને સાધ્યનો પછી નિર્દેશ છે. વ્યતિરેકવ્યાપ્તિમાં સાધ્યાભાવનો પહેલાં નિર્દેશ છે અને પછી હેતુઅભાવનો નિર્દેશ છે. વળી પ્રકૃતમાં ધૂમ હેતુ છે અને વહ્નિ સાધ્ય છે. એથી જ અન્વયવ્યાપ્તિમાં ધૂમનો પહેલાં નિર્દેશ અને પછી સાધ્યનો નિર્દેશ. જ્યાં વહ્નિ નથી, ત્યાં ધૂમ પણ નથી. એવી વ્યતિરેકવ્યાપ્તિમાં સાધ્યાભાવનો પહેલાં નિર્દેશ અને પછી હેતુઅભાવનો નિર્દેશ.) આ કથનથી (૧) જે ધર્મીમાં (કારણરૂપ) વહ્નિ સાધ્ય છે, ત્યાં (કાર્યરૂપ) ધૂમ સાધનનું જ અસ્તિત્વ, અથવા (૨) જે ધર્મીમાં (કારણરૂપ) વહ્નિ સાધ્ય છે, ત્યાં (કાર્યરૂપ) ધૂમ સાધનનું સત્ત્વ જ વ્યાપ્તિ. એવું અવધારણ વ્યાજબી નથી, કેમ કે-તેમ જો માનવામાં આવે, તો જ વ્યાપ્ય (ધૂમ) નથી તેવી ચીજનો પણ ત્યાં ભાવ હોઈ, હેતુના અભાવનો પ્રસંગ પ્રથમ અવધારણમાં અને બીજા અવધારણમાં સાધારણ પ્રમેયત્વ આદિમાં હેતુપણાનો પ્રસંગ અને સપક્ષના એક દેશમાં અવૃત્તિ છે. (પર્વત) વહ્નિવાળો છે, કેમ કે-ધૂમ છે. ઇત્યાદિ હેતુનું સપક્ષના એક દેશભૂત અયોગોલક (તપાવેલા લોખંડના ગોળા) આદિમાં ધૂમનું અવિદ્યમાનપણું છે, એમ ભાવ છે, તેથી હેતુપણાનો પ્રસંગ આવે ! આ જ વ્યાપ્તિ, અહીં શાસ્ત્રમાં અન્યથાઅનુપપત્તિ આદિ શબ્દોથી વ્યવહાર કરાય છે. માટે કહે છે કે- 'इयमेवेति ।'

શંકા – 'तथा उपपत्ति' અને 'अन्यथाअनुपपत्ति' રૂપ બે પ્રકારથી હેતુપ્રયોગ દેખાય છે તે તે શાસ્ત્રોમાં. જેમ કે-'પર્વત' વહ્નિવાળો છે, કેમ કે-તથાઉપપત્તિ એટલે અન્વય અને અન્યથાઅનુપપત્તિ એટલે વ્યતિરેક. તો અહીં શા માટે 'અન્યથાઅનુપપત્તિ જ' વ્યાપ્તિ તરીકે દર્શાવી છે ? આવી જિજ્ઞાસા હોયે છતે કહે છે.

સમાધાન – 'वह्निं विनेति ।' વહ્નિ સિવાય ધૂમની ઉપપત્તિ નથી. આવા પદથી વ્યતિરેકરૂપ અન્યથાઅનુપપત્તિ વહ્નિની (કારણ) સત્તામાં જ ધૂમ (કાર્ય)ની ઉપપત્તિ છે. આવા પદથી અન્વયરૂપ 'तथोपपत्ति' પ્રદર્શિત કરેલ છે. આ બંનેમાં પણ પરસ્પર વ્યભિચારનો અભાવ હોઈ (જે ધર્મીમાં કારણરૂપ વ્યાપક છે ત્યાં કાર્યરૂપ વ્યાપ્યની હસ્તિ છે, તે ધર્મીમાં જ વ્યાપકરૂપ કારણના અભાવમાં કાર્યરૂપ વ્યાપ્યનો

અભાવ છે. આવા અવધારણનો સ્વીકાર કરી, લક્ષણપ્રણયનથી તેની અંદર રહેલરૂપે બંને પ્રકારનો પણ લાભ હોઈ, આવી વ્યાપ્તિના અન્યથાઅનુપપત્તિ શબ્દવાચ્યપણામાં તે બંનેના પણ ગ્રહણનો સંભવ છે.) તે બંને અન્યથાઅનુપપત્તિ શબ્દગ્રાહ્ય જ છે. તે 'तथोपपत्ति' (સહચાર) અને 'अन्यथाअनुपपत्ति' (વ્યભિચારનો અભાવ)માં કોઈ વિશેષ નથી. આવા અભિપ્રાયથી કહે છે કે - 'अन्यथाऽनुपपत्ति आदि शब्दवाच्येति ।' તેથી એક સ્થળમાં તે બંનેમાંથી કોઈ એકનો પ્રયોગ કર્યે છતે સાધ્યસિદ્ધિ થાય છે, માટે બીજા પ્રયોગની વ્યર્થતા જ છે. એવો ભાવ સૂચિત કરેલ છે. આદિપદથી પ્રતિબંધ અને અવિનાભાવ લેવાના છે. હેતુનિષ્ઠવ્યાપ્તિ જ અનુમાનનું સાધન હોઈ હેતુવ્યાપ્ય છે અને નિરૂપક સાધ્યવ્યાપક છે. માટે કહે છે કે-'अतः' इति । અર્થાત્ હેતુનિષ્ઠવ્યાપ્તિ અનુમિતિનો ઉપાય હોવાથી, વ્યાપ્ય એટલે વ્યાપ્તિનો આશ્રય હોવાથી ધૂમ વહ્નિવ્યાપ્ય છે અને ધૂમ વૃત્તિવ્યાપ્તિનો નિરૂપક હોવાથી વહ્નિ ધૂમવ્યાપક છે, એવો ભાવ છે. બંને ઠેકાણે વ્યાપ્ય અને વ્યાપકની વ્યાપ્તિમાં એક આકારવાળી પ્રતીતિની વિષયતા નથી. એ વાતને સ્પષ્ટ કરે છે કે-ધૂમના વ્યાપ્યપણામાં અને વહ્નિના વ્યાપકપણામાં, એવો અર્થ છે.

'अवश्यं व्यापकसत्त्वमिति ।' વ્યાપકનું સત્ત્વ જ એવો અર્થ છે પરંતુ વ્યાપકનું જ સત્ત્વ એવો અર્થ નહીં કરવો, કેમ કે-વ્યાપકના અભાવનો પ્રસંગ છે, કેમ કે-અવ્યાપક એવા મૂર્તત્વ આદિનું પણ ત્યાં સત્ત્વ છે. (અહીં અયોગવ્યવચ્છેદક અવધારણ છે.) व्यापकसत्त्व एवचेति । કારણરૂપ વ્યાપકના સત્ત્વમાં જ કાર્યરૂપ વ્યાપ્ય હોય છે. (અહીં અન્યયોગવ્યવચ્છેદક અવધારણ છે.) તથાચ અયોગવ્યવચ્છેદ અને અન્યયોગવ્યવચ્છેદદ્વારા વિભિન્ન આકારપણું હોઈ, 'तथोपपत्ति' અને 'अन्यथाऽनुपपत्ति' રૂપ બંને સ્થળોમાં એક આકારપણાના અભાવથી ઉપર્યુક્ત પ્રમાણે જ વ્યાપ્યવ્યાપકભાવનો નિયમ છે, એવો ભાવ છે.

ईदृशनियमस्य स्वरूपत एकविधत्वेऽप्याश्रयविशेषापेक्षया द्वैविध्यमाह–

सोऽयं व्याप्त्यपरपर्यायो नियमो द्विविधाः सहभावनियमः, क्रमभावनियमश्चेति ।४।

सोऽयमिति । पूर्वोपदर्शितस्वभावोऽयमित्यर्थः, अस्य नियम इत्यनेन सम्बन्धो नियम एव व्याप्तिरिति सूचयितुमुक्तं व्याप्त्यपरपर्यायं इति । सहेति, हेतुसाध्ययोरेकस्मिन् काले विद्यमानयोर्नियम इत्यर्थः । क्रमेति, पौर्वापर्यक्रमेण जायमानयोस्तयोर्नियम इत्यर्थः ॥

આવા નિયમનું સ્વરૂપની અપેક્ષાએ એકવિધપણું હોવા છતાં આશ્રયવિશેષની અપેક્ષાએ નિયમના બે પ્રકારોને કહે છે.

ભાવાર્થ – "તે, આ વ્યાપ્તિ, કે જેનો બીજો પર્યાય છે, એવો નિયમ બે પ્રકારવાળો છે. (૧) સહભાવ નિયમ, (૨) ક્રમભાવ નિયમ છે."

વિવેચન – "પૂર્વે ઉપદર્શિત સ્વભાવવાળો આ નિયમ જ વ્યાપ્તિ છે. એ સૂચવવા કહે છે કે– 'व्याप्त्यपरपर्याय इति ।' 'सहेति ।' એક કાળમાં વિદ્યમાન હેતુસાધ્યનો નિયમ 'સહભાવ નિયમ' કહેવાય છે. 'क्रमेति ।' પૂર્વ અને અપરના ક્રમથી પેદા થતા હેતુસાધ્યનો નિયમ 'ક્રમભાવ નિયમ' કહેવાય છે. પ્રમાણમીમાંસા(૧-૨-૧૦)માં આનું નિરૂપણ છે.

तत्र सहभावनियमः केषामित्यत्राह–

तत्र सहभावनियम एकसामग्रीप्रसूतयो रूपरसयोर्व्याप्यव्यापकयोश्च शिंशपात्व-वृक्षत्वयोर्भवति ॥ ५ ॥

तत्रेति । द्विविधे नियम इत्यर्थः । सह भाव उत्पत्तिः स्थितिर्वा सहभावस्तस्य नियम इति व्युत्पत्तिं मनसि निधायाद्याया निदर्शनमाहैकसामग्रीप्रसूतयोरिति, जनकसाम्र्या एकत्वेन रूपरसयोस्सहैवोत्पादेन तयोर्नियमस्सहभावनियम उच्यत इति भावः । अत्रान्यतरस्य व्याप्यत्वं व्यापकत्वञ्च यादृच्छिकमिति बोध्यम् । द्वितीयां व्युत्पत्तिभिप्रेत्याह व्याप्यव्यापकयोरिति परस्परं न्यूनाधिकदेशवर्त्तिनोरित्यर्थः, तथा च रूपं वृक्षत्वं वा विना रसस्य शिंशपाया वाऽनुपपत्ते रूपस्य वृक्षत्वस्य च सत्त्व एव रसस्य शिंशपात्वस्योपपत्तेश्च तयोर्नियमस्सहभावनियम इति भावः ॥

ત્યાં સહભાવ નિયમ કોને કોને હોય છે, તે કહે છે.

ભાવાર્થ – "ત્યાં સહભાવ નિયમ, એક સામગ્રીથી જન્ય રૂપ અને રસમાં તેમજ વ્યાપ્યવ્યાપક એવા શિંશપાત્વ અને વૃક્ષત્વમાં હોય છે."

વિવેચન – સહ એટલે સાથે અને ભાવ એટલે ઉત્પત્તિ કે સ્થિતિ, તે સહભાવ છે. તેનો નિયમ=સહભાવ નિયમ, આવી વ્યુત્પત્તિ મનમાં સ્થાપીને પહેલી વ્યુત્પત્તિનો દાખલો કહે છે.

જનકભૂત સામગ્રી એક હોઈ, રૂપ અને રસની સાથે જ ઉત્પત્તિ હોવાથી તે રૂપરસનો નિયમ 'સહભાવ નિયમ' કહેવાય છે. અહીં બેમાંથી કોઈ એકનું વ્યાપ્યપણું અને વ્યાપકપણું યાદચ્છિક છે. જેવી ઇચ્છા હોય તે પ્રમાણે લેવાય છે, એમ જાણવું. બીજી વ્યુત્પત્તિને લક્ષમાં લઈને કહે છે કે- 'व्याप्यव्यापकयोरिति ।' પરસ્પર ન્યૂન દેશવર્તી (વ્યાપ્ય) અને અધિક દેશવર્તી (વ્યાપક)નો એવો અર્થ છે. શિંશપાત્વ (સીસમના ઝાડનું હોવાપણું) ન્યૂન દેશવર્તી હોઈ વ્યાપ્ય છે અને વૃક્ષત્વ અધિક દેશવર્તી હોઈ વ્યાપક છે, એટલે વ્યાપ્યવ્યાપક શિંશપાત્વ અને વૃક્ષત્વનો સહભાવ (સ્થિતિ) નિયમ છે. તથાચ રૂપ સિવાય રસની અનુપપત્તિ હોઈ, રૂપની સત્તામાં રસની ઉપપત્તિ હોઈ સહભાવ નિયમ છે તથા વૃક્ષત્વ સિવાય શિંશપાત્વની અનુપપત્તિ હોઈ વૃક્ષત્વની સત્તામાં જ શિંશપાત્વની ઉપપત્તિ હોઈ સહભાવ નિયમ છે.

केषां क्रमभावनियम इत्यत्राह–

क्रमभावनियमस्तु कृत्तिकोदयरोहिण्युदययोः पूर्वोत्तरभाविनोः, कार्यकारणयोश्च धूमवह्नयोर्भवति ॥ ६ ॥

क्रमभावेति । क्रमः पूर्वापरभावः, स चाकार्यकारणयोः कार्यकारणयोश्च भवतीत्याद्यस्य निदर्शनमाह कृत्तिकेति । अत्र शकटोदयेन कृत्तिकोदयस्य कारणत्वमपि तु पौर्वापर्यमात्रमिति भावः । कार्यकारणयोर्दृष्टान्तमाह कार्येति, भवतीति, नियम इति शेषः ॥

ક્રમભાવ નિયમ કોને કોને થાય છે, તે કહે છે.

ભાવાર્થ – "ક્રમભાવ નિયમ તો, પૂર્વ-ઉત્તરભાવિ કૃતિકાના ઉદય અને રોહિણીના ઉદયમાં છે અને કાર્ય-કારણભૂત ધૂમ અને વહ્નિમાં હોય છે."

વિવેચન – ક્રમ એટલે પૂર્વ અને અપરભાવ. તે ક્રમ અકાર્ય-કારણનો અને કાર્ય-કારણનો થાય છે. માટે પહેલાંનો દાખલો આપે છે કે- 'कृत्तिकेति ।' અહીં શકટના ઉદયમાં કૃત્તિકાના ઉદયનું કારણપણું નથી પરંતુ પૂર્વ-અપરભાવરૂપ ક્રમ માત્ર છે, એવો ભાવ છે. કાર્ય અને કારણના દૃષ્ટાન્તને કહે છે કે 'कार्येति ।' 'भवतीति ।' અહીં 'નિયમ' આ પ્રમાણે અધ્યાહાર્ય છે.

ननु हेतुज्ञानसहकृतेन व्याप्तिस्मरणेन साध्यविज्ञानमनुमानमिति प्राग्वर्णितं, तत्र किन्तावत्साध्यमित्यत्राह–

प्रमाणाबाधितमनिर्णीतं सिषाधयिषितं साध्यम् । यथा वह्निमत्वपर्वतः । अस्यैव च पक्ष इति नामान्तरम् । साध्यविशिष्टत्वेन धर्मिण एव सिषाधयिषितत्वात्, इदञ्चानुमानजन्यप्रतिपत्तिकालापेक्षया ॥ ७ ॥

प्रमाणेति । प्रमाणपदेनात्र प्रमाणत्वावच्छिन्नं ग्राह्यं तथा च प्रमाणत्वावच्छिन्नेन येन केनचिदप्यबाधितमित्यर्थः, एतेन बाधितस्य साध्यत्वव्यावृत्तिः कृता भवति, यथा शब्दोऽश्रावण इति प्रत्यक्षबाधितं साध्यम्, नित्यश्शब्द इति शब्दस्यानित्यत्वसाधकेनानुमानेन बाधितम्, धर्मः प्रेत्यासुखप्रद इति धर्मः प्रेत्यसुखप्रद इत्यागमेन बाधितम्, माता मे वन्ध्येति स्ववचनबाधितं, नरशिरःकपालं शुचीति लोकबाधितम्, एवंरूपाणां व्यावर्त्तनाय प्रमाणाबाधितमिति पदम् । स्थाणुर्वा पुरुषो वेति संशयविषयस्य, शुक्तिकाशकलं रजतमिति विपर्यासविषयस्य, यथावदनिश्चितस्वरूपस्य गृहीतस्यागृहीतस्य वार्थस्य साध्यताप्रतिपत्त्यर्थम[१]निर्णीतपदम्, एतद्वैपरीत्ये हि साधनं विफलमेव भवेदिति । अनिष्टस्य सर्वथाऽनित्यत्वादेरसाध्यत्वप्रतिपत्तये सिषाधयिषितमित्युक्तम् । साधनेच्छाविषयीभूतमित्यर्थः, साधनं स्वाभिप्रेतार्थस्य, इच्छा वक्तुस्तथा च स्वाभिप्रेतार्थसाधनविषयकवक्विच्छाविषयीभूतमिति भावः, वाद्यपेक्षया साधनेच्छा भवति, संहतपरार्थत्वं चक्षुरादीनां स्वीकर्त्तारं बौद्धं प्रति सांख्येन परार्थश्चक्षुरादय इत्येवं पारार्थ्यमात्रस्याभिधानेऽपि सांख्येच्छाविषयीभूतमात्मार्थत्वमेव साध्यं भवति, अन्यथा साधनं निरर्थकमेव स्यात् । प्रमाणाबाधितमिति पदं वादिप्रतिवाद्युभयापे-

१. संशयितस्य पुरुषस्य संशयोपनोदनार्थमिव विपर्यस्ताव्युत्पन्नयोरपि विपर्ययानध्यवसायापनयनायानुमानप्रवृत्तिर्भवत्येव, परपक्षदिदृक्षादिना विपर्यस्तस्याव्युत्पन्नस्य स्वयं तत्त्वबुभुत्सया च परं प्रत्युपसर्पणसम्भवादिति भावः ॥

क्षया । वादिप्रतिवादिनोः प्रमाणेन यत्र बाध्यते तदेव हि कथायां साध्यमिति । साध्यस्य दृष्टान्तमाह यथेति, वह्निना विशिष्टः पर्वतस्साध्य इत्यर्थः, अस्यैव साध्यस्य पर्यायशब्दमाहास्यैव चेति, अत्र हेतुमाह साध्येति । प्रतिनियतसाध्यधर्मविशेषणविशिष्टतया धर्मिणस्साधयितुमिष्टत्वात्साध्यव्यपदेशः कथायां पक्षव्यपदेशभाग् भवतीति भावः, ननु साध्यं धर्मो वा धर्मविशिष्टो धर्मी वा, यदि धर्मस्तदा कथं पक्षस्य साध्यत्वमुक्तं, यदि धर्मविशिष्टो धर्मी साध्यं, तदा कदाऽयं साध्यशब्दवाच्य इत्याशंकायामाहेदञ्चेति, पक्षापरपर्यायधर्मविशिष्टो धर्मी चेत्यर्थः । प्रयोगकालापेक्षया साध्यशब्दवाच्यो भवतीति भावः ॥

शंका – હેતુજ્ઞાનથી સહકૃત, વ્યાપ્તિસ્મરણથી સાધ્યવિજ્ઞાન 'અનુમાન'-એમ પૂર્વે વર્ણન કરેલું હતું. ત્યાં સાધ્ય એટલે શું ? એના સમાધાનમાં કહે છે.

ભાવાર્થ-સમાધાન – પ્રમાણથી અબાધિત, અનિર્ણીત, સાધવાને ઇચ્છેલ 'સાધ્ય' કહેવાય છે. જેમ કે-'वह्निमत्पर्वत ।' વળી આનું જ બીજું નામ 'પક્ષ' છે, કેમ કે-સાધ્યવિશિષ્ટપણાએ ધર્મી જ સાધવાની ઇચ્છાનો વિષય છે અને આ સાધ્ય અનુમાનજન્ય પ્રતિપત્તિના (અનુમાનપ્રયોગના) કાળની અપેક્ષાએ છે.

વિવેચન – પ્રમાણપદથી, અહીં પ્રમાણત્વથી અવચ્છિન્ન (વિશિષ્ટ) જે કોઈ હોય તેનાથી પણ સાધ્ય 'અબાધિત' હોય છે, એવો અર્થ છે. આ કથનથી બાધિત સાધ્યમાં સાધ્યપણાની વ્યાવૃત્તિ (અભાવ) કરેલી થાય છે.

○ જેમ કે-'શબ્દ અશ્રાવણ છે.' અહીં શબ્દમાં રહેલ અશ્રાવણત્વરૂપ સાધ્યપ્રત્યક્ષ પ્રમાણથી બાધિત છે.

○ 'શબ્દ નિત્ય છે.' અહીં શબ્દનિષ્ઠ નિત્યત્વરૂપ સાધ્ય 'શબ્દ અનિત્ય છે.' એવા શબ્દનિષ્ઠ અનિત્યત્વસાધક અનુમાનથી બાધિત છે.

○ 'ધર્મ પરલોકમાં અસુખપ્રદ છે'-આવું ધર્મનિષ્ઠ પ્રેત્યાસુકપ્રદત્વરૂપ સાધ્ય, 'ધર્મ પરલોકમાં સુખપ્રદ છે'-આવા આગમવચનથી બાધિત છે.

○ 'મારી મા વાંઝણી છે'-આવું વચન સ્વવચનથી બાધિત છે. (વદતો વ્યાઘાત.)

○ 'માણસનું માથાનું કપાળ (ખોપરી) પવિત્ર છે-લોકપ્રમાણથી બાધિત છે.' આવા પ્રકારના પ્રમાણબાધિત સાધ્યોની વ્યાવૃત્તિ માટે 'પ્રમાણથી અબાધિત સાધ્ય' એમ કહેલું છે.

અનિર્ણિત પદનો વિચાર='સ્થાણુ છે કે પુરુષ છે ?'-આવા સંશયના વિષયભૂત, 'છીપ ચાંદી છે'-આવા વિપર્યાસના વિષયભૂત, સત્ય રીતે અનિશ્ચિત સ્વરૂપવાળો ગ્રહણ કરાયેલા (જાણેલા)-નહીં ગ્રહણ કરાયેલા (નહીં જાણેલા) પદાર્થની સાધ્યતાની પ્રતિપત્તિ માટે 'અનિર્ણિત'પદ છે. [સંશયવાળા પુરુષને સંશય દૂર કરવા માટે જેમ વિપર્યાસવાળા-અજ્ઞાનવાળામાં પણ વિપર્યાસ, અનધ્યવસાય કે અજ્ઞાનના અપનયન માટે અનુમાનની પ્રવૃત્તિ થાય છે જ. પરપક્ષને જોવાની ઇચ્છા આદિથી, વિપર્યાસવાળા-અજ્ઞાનીને પોતાની તત્ત્વજિજ્ઞાસાથી પર પ્રત્યે વાદ-કથામાં જવાનો સંભવ છે.] ખરેખર, બાધિત-નિર્ણિત હોયે છતે સાધ્યનું સાધવું નિષ્ફળ જ છે. જે સર્વથા અનિત્યત્વ આદિ છે, તે અનિષ્ટ છે. તેના અસાધ્યપણાના સ્વીકાર માટે

સાધવાની ઇચ્છાના વિષયભૂત જે હોય, તે 'સાધ્ય' કહેવાય છે. પોતાને ઇષ્ટ પદાર્થ જે છે, તે સાધવાનો છે. વક્તામાં સાધવાની ઇચ્છા છે. તથાચ સ્વવક્તાને (પોતાને) અભિપ્રેત, અર્થસાધનવિષયક વક્તાની ઇચ્છાના વિષયભૂત 'સાધ્ય' કહેવાય છે.

[નૈરાત્મ્યવાદી બૌદ્ધ પ્રત્યે સ્થિર આત્માને સાધવા માટે કપિલાનુયાયી સાંખ્યો, 'ચક્ષુ આદિ પદાર્થભૂત છે, કેમ કે-સંઘાત છે.' જે સંઘાત-સમુદાયરૂપ છે, તે પરાર્થભૂત છે. જેમ કે-પલંગ આદિ, આ પ્રમાણેના પ્રયોગને કરે છે. ત્યાં ચક્ષુ આદિનું પરાર્થત્વ જે સાધ્ય છે, તે આત્માર્થત્વ જ, કહેલ પ્રયોગના પ્રયોક્તા સાંખ્યોને ઇષ્ટ છે. પરંતુ બૌદ્ધોને અભિમત ચક્ષુ આદિનું સંહતપરાર્થત્વ નથી. ખરેખર, તેને સાધવામાં સાંખ્યોનો આત્મા સિદ્ધ થતો નથી. ત્યાં અનુમાનની નિષ્ફળતા જ છે. આ પ્રમાણે સાંખ્યોને અનભિમત, સંહતપરાર્થત્વના અસાધ્યત્વના અવબોધ માટે તેમાં સાધ્યત્વનો પ્રસંગ આવી જાય. આ માટે અભીપ્સિતનું ગ્રહણ છે.]

અભીપ્સિતનો પરમાર્થ=વાદીને જે અભીપ્સિત હોય, તે જ સાધ્ય કહેવાય છે. અહીં પ્રતિવાદીની અપેક્ષા નથી. અનિરાકૃત (અબાધિત) તો બંનેની અપેક્ષાએ હોય છે. માટે કહે છે કે-વાદીની અપેક્ષાએ સાધનેચ્છા હોય છે. ચક્ષુ આદિના સંહતપરાર્થપણાનો સ્વીકાર કરનાર બૌદ્ધ પ્રત્યે સાંખ્યે 'ચક્ષુ આદિ પરાર્થ છે'-આ પ્રમાણેના પરાર્થત્વ માત્રનું કથન કરેલું હોવા છતાં, સાંખ્યની ઇચ્છાના વિષયભૂત આત્માર્થત્વ જ સાધ્ય થાય છે. અન્યથા=અનુમાનપ્રયોક્તા વાદીની ઇચ્છા વિષયભૂત અભીપ્સિતત્વનું સાધન જો ન માનવામાં આવે, તો સાધન નિરર્થક થઈ જાય ! [જો વાદીની અપેક્ષાએ જેમ છે તેમ પ્રતિવાદીની અપેક્ષાએ અભીપ્સિતત્વ માનેલું હોય, તો પ્રતિવાદી બૌદ્ધનું ચક્ષુ આદિનું પરાર્થપણું સંહતપરાર્થત્વ જ અભીપ્સિત છે તે પણ સાધ્ય થઈ જાય ! તેના સાધનથી સાંખ્યનો આત્મા સિદ્ધ થતો નથી, તેથી તેનું સાધન સાંખ્યને નિષ્ફળ જ થાય !]

○ 'प्रमाणाबाधितमिति ।' પ્રમાણથી અબાધિત એ પદ, વાદી-પ્રતિવાદીરૂપ બંનેની અપેક્ષાએ છે. વાદી અને પ્રતિવાદીના પ્રમાણથી જે બાધિત ન થાય, તે જ ખરેખર, કથામાં (વાદમાં) સાધ્ય થાય છે. સાધ્યના દૃષ્ટાન્તને કહે છે કે-વહ્નિથી વિશિષ્ટ પર્વત સાધ્ય છે. સાધ્યપર્યાયવાચક શબ્દને કહે છે કે- 'अस्यैव चेति ।' અહીં હેતુને કહે છે. પ્રતિનિયત સાધ્યરૂપ ધર્મવિશેષણથી વિશિષ્ટપણાએ ધર્મી, સાધવાને ઇષ્ટ હોવાથી સાધ્યનો વ્યવહાર, અનુમાનપ્રયોગના કથનમાં પક્ષ તરીકેના વ્યવહારને ભજનાર થાય છે.

શંકા – ધર્મ સાધ્ય કહેવાય છે કે ધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય કહેવાય છે ? જો ધર્મ સાધ્યરૂપે છે, તો પક્ષને સાધ્ય તરીકે કેમ કહ્યો છે ? જો ધર્મવિશિષ્ટ ધર્મી સાધ્ય તરીકે છે, તો ક્યારે આ સાધ્યશબ્દ વાચ્ય બને છે ? આવી શંકામાં કહે છે કે-પક્ષરૂપી બીજા નામવાળો ધર્મવિશિષ્ટ ધર્મી (વહ્નિવિશિષ્ટ પર્વત) સાધ્યશબ્દવાચ્ય છે. અનુમાન કાળપ્રયોગની અપેક્ષાએ આ કથન જાણવાનું છે.

अनुमानप्रभवप्रतिपत्तिकालापेक्षया साध्यधर्मविशिष्टप्रसिद्धधर्मिणस्साध्यत्वेऽपि तेन सह हेतोरविनाभावासंभवात्कथमनुमितिरित्यत्राह–

व्याप्तिग्रहणवेलायान्तु वह्न्यादिर्धर्म एव साध्यः ॥ ८ ॥

व्याप्तीति । वह्न्यादिर्धर्म एवेति, एवशब्देन तद्विशिष्टधर्मिणो व्यवच्छेदः, तत्र व्याप्तेरसम्भवात्, नहि धूमदर्शनात् सर्वत्र पर्वतो वह्निमानिति व्याप्तिश्शक्या विधातुं प्रत्यक्षादिप्रमाणविरोधात् । साध्य इति साधयितुं योग्य इत्यर्थः । इत्थञ्चानुमानस्य त्रीण्यङ्गानि, धर्मी साध्यं साधनञ्च, तत्र साधनं गमकत्वेनाङ्गम्, साध्यन्तु गम्यत्वेन, धर्मी पुनः साध्यधर्माधारत्वेन, आधारविशेषनिष्ठतया साध्यसिद्धेरनुमानप्रयोजनत्वात् । अथवा पक्षो हेतुरित्यनुमानाङ्गं द्वयं, साध्यधर्मविशिष्टधर्मिणः पक्षत्वात्, इदञ्च धर्मधर्मिणोरभेदापेक्षया, पूर्वन्तु भेदापेक्षया विज्ञेयम् ॥

અનુમાનજન્ય અનુમિતિના વ્યવહારકાળમાં સાધ્યરૂપ ધર્મવિશિષ્ટ ધર્મીનું સાધ્યપણું હોવા છતાં, તે ધર્મવિશિષ્ટ ધર્મીરૂપ સાધ્યની સાથે હેતુના અવિનાભાવનો અસંભવ હોવાથી (જ્યાં જ્યાં ધૂમ છે, ત્યાં ત્યાં જેમ અગ્નિની અનુવૃત્તિ થાય છે, તેમ પર્વતની અનુવૃત્તિ થતી નથી માટે.) કેવી રીતે અનુમિતિ થાય ? આવી શંકામાં કહે છે કે-

ભાવાર્થ – "વ્યાપ્તિના ગ્રહણની વેળામાં તો વહ્નિ આદિ ધર્મ જ સાધ્ય છે."

વિવેચન – અહીં 'एव' શબ્દથી ધર્મવિશિષ્ટ ધર્મીરૂપ સાધ્યનો વ્યવચ્છેદ છે, કેમ કે-ત્યાં વ્યાપ્તિનો અસંભવ છે. [વ્યાપ્તિગ્રહણ સમયની અપેક્ષાએ વહ્નિરૂપ ધર્મની સાથે જ ધૂમરૂપ હેતુની વ્યાપ્તિ ગ્રહણ કરાય છે, પરંતુ પર્વતરૂપ ધર્મીની સાથે ગ્રહણ કરાતી નથી. એથી વ્યાપ્તિના ગ્રહણકાળની અપેક્ષાએ વહ્નિરૂપ ધર્મ જ સાધ્ય છે. જો વહ્નિરૂપ ધર્મનું સાધ્યપણું ન સ્વીકારવામાં આવે, તો સાધ્યની સાથે હેતુની વ્યાપ્તિની ગ્રહણની અનુપપત્તિ થાય !]

૦ ધૂમના દર્શનથી સઘળે ઠેકાણે 'પર્વત વહ્નિવાળો' છે, આવી વ્યાપ્તિ કરી શકાતી નથી, કેમ કે-પ્રત્યક્ષ આદિ પ્રમાણનો વિરોધ છે. 'साध्य इति ।' સાધવાને યોગ્ય. પૂર્વોક્ત દિશાએ હેતુ આદિના સ્વરૂપનો નિર્ણય થયે છતે સ્વાર્થાનુમાનના ત્રણ અંગો (અવયવો) છે. જેમ કે-૧-ધર્મી, ૨-સાધ્ય અને ૩-સાધન. તે ત્રણ અંગો પૈકી અંતમાં ઉદ્દિષ્ટ હોવા છતાં સાધનનું પ્રથમ અંગપણાએ પ્રતિપાદન, અનુમિતિના હેતુપણાની અપેક્ષાએ ત્યાં તેનું પ્રધાનપણું છે, એમ જણાવવા માટે 'સાધનગમકપણું હોઈ પ્રથમ અંગ છે.' (૧) ગમ્યપણાની (અનુમિતિના વિષયપણાની) અપેક્ષાએ સાધ્ય બીજું અંગ છે. (૨) અનુમિતિદ્વારા સાધ્ય ક્યાં કરવાનું છે ?- આવી આકાંક્ષા હોયે છતે, આધાર પણ અવશ્ય સાધ્યના ઉદ્દેશ્યપણાએ અનુમિતિમાં અંગ છે. (૩) માટે કહે છે કે-'તેના પછી સાધ્યધર્મના આધારપણાની અપેક્ષાએ ધર્મી (પક્ષ) અનુમિતિનું અંગ છે, કેમ કે-આધારવિશેષમાં રહેવાપણાની અપેક્ષાએ સાધ્યની સિદ્ધિ અનુમાનનું પ્રયોજન છે (ફળ છે).' સાધ્યરૂપ ધર્મ એ પૃથક્ અંગ છે અને ધર્મીવિશેષ એ પૃથક્ અંગ છે. એમ ધર્મ-ધર્મીની ભેદની વિવક્ષાથી પહેલો પક્ષ છે. 'तद् अभिन्नाभिन्नस्य तद् अभिन्नत्वं' આવા નિયમથી વિશેષણ અભિન્નવિશિષ્ટ અભિન્નવિશેષ્યરૂપ ધર્મીનું વિશેષણભૂત ધર્મની સાથે અભિન્નપણું છે. આ પ્રમાણે ધર્મ-ધર્મીની અભેદની વિવક્ષાથી બીજો પક્ષ છે. સ્યાદ્વાદમાં સર્વની ઘટમાનતા છે. એવા આશયથી કહે છે કે-અથવા પક્ષ અને હેતુ આ પ્રમાણે આ બે જ સ્વાર્થાનુમાનમાં અંગ છે. પક્ષ એટલે સાધ્યવિશિષ્ટ ધર્મી તથાચ વિશેષણ (વહ્નિ) અને વિશેષ્ય (પર્વત)થી

કથંચિદ્ અભિન્નવિશિષ્ટ (વહ્નિમત્ પર્વતરૂપ પક્ષ)માં અંગપણું હોયે છતે, વિશિષ્ટથી અભિન્ન વહ્નિ આદિ સાધ્યસ્વરૂપ ધર્મ આત્મક વિશેષણમાં અને પર્વત આદિ ધર્મી વિશેષ્યરૂપ વિશેષ્યમાં અંગપણું પ્રાપ્ત છે. માટે ૧-પક્ષ એક અંગ છે અને ૨-બીજું અંગ હેતુ છે-એમ બે અંગો છે, કેમ કે-સાધ્યધર્મવિશિષ્ટ ધર્મી જ પક્ષ તરીકે છે. આ કથન ધર્મ-ધર્મીની અભેદની અપેક્ષાથી છે અને પૂર્વનું કથન તો ભેદની અપેક્ષાથી જાણવું.

ननु सिषाधयिषितस्यैव धर्मिणस्साध्यत्वोक्त्या प्रसिद्धस्यैव धर्मित्वं लब्धं सामान्यतो विज्ञातस्यैव किञ्चिद्धर्मविशिष्टत्वेन सिषाधयिषितत्वात् तथा च तत्प्रसिद्धिः कथन्तरां स्यादिति पर्यनुयोगे प्राह–

धर्मिणश्च प्रसिद्धिः प्रमाणाद्विकल्पादुभयतो वा ज्ञेया । यथाऽस्ति सर्वज्ञ इत्यत्र धर्मिणस्सर्वज्ञस्य विकल्पात्सिद्धिः । पर्वतो वह्निमानित्यत्र पर्वतस्य प्रत्यक्षप्रमाणात्, शब्दः परिणामीत्यादौ कालत्रयवर्त्तिशब्दधर्मिण उभयस्मात् ॥ ९ ॥

धर्मिणश्चेति । प्रमाणादिति निश्चितप्रामाण्यकप्रत्यक्षाद्यन्यतमादित्यर्थः, विकल्पादिति, अनिश्चितप्रामाण्याप्रामाण्यकप्रत्ययादित्यर्थः, उभयत इति, निश्चितप्रामाण्यकप्रत्यक्षाद्यन्यतमादनिश्चितप्रामाण्याप्रामाण्यकप्रत्ययाच्चेत्यर्थः । नन्वस्तु निश्चितप्रामाण्यकप्रत्यक्षादिभ्यो धर्मिप्रसिद्धिः, प्रामाण्येनाप्रामाण्येन वाऽनिर्णीतया प्रतीत्या कथं धर्मिप्रसिद्धिः तस्याः प्रमाणत्वाभावात्, प्रमाणात्मिकयैव च प्रतीत्या वस्तुसिद्धेः । तस्याश्च प्रमाणत्वे प्रमाणादित्यनेनैव गतार्थतया विकल्पादिति व्यर्थमेव भवेत् । अप्रमाणत्वे तु न ततो धर्मिसिद्धिः, किञ्च विकल्पसिद्धे धर्मिणि सत्त्वमसत्त्वं वा प्रमाणबलेन साधनीयं यथाऽस्ति सर्वज्ञो नास्ति षष्ठं भूतमित्यादौ । तच्च न सम्भवति, धर्मिणो वस्तुतोऽसत्त्वेन भाववृत्तिधर्मस्य हेतुत्वेऽसिद्धिप्रसरात्, भाववृत्तिधर्मस्य तत्र सत्त्वे च धर्मिणोऽपि भावत्वापत्त्या नास्तित्वसाधनमसङ्गतं स्यात् । अभाववृत्तिधर्मस्य हेतुत्वे त्वस्तित्वसाधनस्य विरोधात्, उभयवृत्तिधर्मस्य हेतुत्वे व्यभिचारादित्यनुयोगे प्रबले जाते प्रमाणाद्धर्मिप्रसिद्धेरुदाहरणप्रदर्शनं विहाय प्रथमत एव विकल्पप्रसिद्धधर्मिणमुदाहरति यथेति, अत्रायम्भावः, ये विकल्पेन धर्मिप्रसिद्धिं नाभ्युपगच्छन्ति ते विकल्पसिद्धो धर्मी न भवति तस्याप्रमाणत्वादित्यपि वक्तुं न शक्नुवन्ति, प्रोक्तक्रमेणासिद्धिविरोधादीनां सम्भवात्, प्रमाणेनात्र धर्म्यसिद्धेः । तथात्वे च परं प्रत्याश्रयासिद्ध्याद्युद्भावनं व्यर्थमेव स्यात् येन हि यो धर्मितयोपात्तस्तत्रैव दोषः प्रदर्शनीयस्तथा च तत्र दोषमुद्भावयता भवताऽवश्यं विकल्पेन धर्मिप्रसिद्धिरभ्युपेयैवान्यथा तूष्णीम्भावापत्तिः, एवञ्चास्ति सर्वज्ञ इत्यादिमानसप्रत्यक्षे भावरूपस्यैव धर्मिणः प्रतिपन्नत्वान्न

कोऽपि दोषः, न च तत्सिद्धौ तत्सत्त्वस्यापि प्रतिपन्नत्वेन व्यर्थमनुमानमिति वाच्यम्, तदभ्युपेतमपि वैयात्याद्यो न प्रतिपद्यते तं प्रत्यनुमानस्य साफल्यात्, न च षष्ठभूतादेः कथं धर्मित्वं, मानसप्रत्यक्षेण तत्सत्त्वस्यापि प्रतिपन्नतया नास्तित्वसाधनस्य बाधित्वादिति वाच्यम्, तदानीं बाधकप्रत्ययानुदयेन सत्त्वे सम्भावितेऽपि पश्चात्तत्सत्ताया निषेधनात्, एवमेव गगनकुसुमादीनामपि विकल्पकाले सत्त्वेन सम्भावितानामपि पश्चाद्बाधकप्रत्ययेन तन्निरासात्तादृशमानसज्ञानस्य मानसप्रत्यक्षाभासत्वमवसेयमिति ॥ अथ प्रमाणाद्धर्मिप्रसिद्धेर्निदर्शनमादर्शयति पर्वत इति, अत्र प्रत्यक्षेण पर्वतस्य प्रसिद्धिरिति भावः । एतेनानुमानानुमेयव्यवहारस्सर्व एव बुद्धावेव किमपि धर्मित्वेन किमपि च धर्मत्वेन प्रकल्प्य प्रवर्त्तते, नतु बाह्यं सदसत्त्वमपेक्ष्येति मतमपास्तम्, अन्तर्बहिर्वाऽनासादिताऽऽलम्बनाया बुद्धेर्धर्मधर्मित्वेन कस्यापि व्यवस्थापनाऽसामर्थ्यात् । तस्मात्प्रमाणेन व्यवस्थापितः पर्वतादिरेव विषयभावं भजन् धर्मित्वादिकं प्रतिपद्यत इति । उभयसिद्धं निदर्शयति शब्द इति, अत्र हि शब्दमात्रस्य धर्मित्वमिष्टमन्यथा यस्मिन् कस्मिन्नेव शब्दे परिणामित्वस्य सिद्ध्यापत्तेः, तथा च सर्वेषां शब्दानां श्रवणेन प्रत्यक्षासम्भवेन केषाञ्चित्प्रत्यक्षतः केषाञ्चिंच्च विकल्पतः प्रसिद्धिर्भवतीति भावः । ननु पर्वतो वह्निमानित्यत्रापि प्रत्यक्षसिद्धत्वं पर्वतस्य कथं, दृश्यमानभागेऽग्निमत्त्वसाधने प्रत्यक्षबाधा, तत्र वह्न्युपलब्धौ वा साधनवैयर्थ्यमदृश्यमानभागे तु साधने कुतो धर्मिणः प्रत्यक्षसिद्धत्वमिति चेन्मैवम्, अवयविद्रव्यापेक्षया पर्वतादेस्सांव्यवहारिकप्रत्यक्षप्रसिद्धताभिधानात् । अतिसूक्ष्मेक्षिकया पर्यालोचने तु न किञ्चित्प्रत्यक्षं, अस्मदादिप्रत्यक्षस्याशेष विशेषतोऽर्थसाक्षात्कारे सामर्थ्यविरहात् केवलिप्रत्यक्षस्यैव तत्र सामर्थ्यादिति ॥

शंका – साधवाने ईष्ट, धर्मीमां ज साध्यपणाना वचनथी प्रसिद्धिनुं ज धर्मीपणुं प्राप्त थयुं, केम के-सामान्यथी विज्ञातमां ज किंचित् धर्मविशिष्टपणाओ साधवाने ईष्ट थाय छे. तथाच ते धर्मीनी प्रसिद्धि केवी रीते थाय ? आवा प्रश्नमां कहे छे के-

समाधान-भावार्थ – "वळी धर्मीनी प्रसिद्धि प्रमाणथी, विकल्पथी अथवा प्रमाण-विकल्प उभयथी जाणवी, केम के-'सर्वज्ञ छे.' आ प्रमाणे अहीं सर्वज्ञनी विकल्पथी प्रसिद्धि छे. 'पर्वत अग्निवाळो छे.' अहीं पर्वतनी प्रत्यक्ष प्रमाणथी प्रसिद्धि छे. 'शब्द परिणामी छे." इत्यादिमां त्रणेय काळमां वर्तनार शब्दरूप धर्मनी प्रमाण अने विकल्परूप बन्नेथी प्रसिद्धि छे."

विवेचन – 'धर्मिणश्चेति, प्रमाणादिति ।' निश्चित प्रामाण्यवाळा प्रत्यक्ष आदि (आदिपदथी परोक्ष प्रकाररूप स्मृति-प्रत्यभिज्ञा-तर्क-अनुमान-आगमोनुं ग्रहण छे.) कोई एक प्रमाणथी प्रसिद्धि.

० विकल्पथी=अनिश्चित, प्रामाण्य अने अप्रामाण्यवाळा ज्ञाननुं विषयपणुं ए ज विकल्प छे. ते विकल्पथी प्रसिद्धि.

૦ નિશ્ચિત પ્રામાણ્યવાળા પ્રત્યક્ષ આદિ કોઈ એક પ્રામાણ્ય વિષયત્વ અને અનિશ્ચિત પ્રામાણ્ય અને અપ્રામાણ્યવાળા જ્ઞાનનું વિષયત્વ, એ રૂપ ઉભયથી ધર્મીની પ્રસિદ્ધિ.

શંકા – નિશ્ચિત પ્રામાણ્યવાળા પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી ધર્મીની પ્રસિદ્ધિ રહો. પ્રામાણ્યથી કે અપ્રામાણ્યથી અનિર્ણિત પ્રતીતિથી કેવી રીતે ધર્મીની પ્રસિદ્ધિ ? કેમ કે-તે પ્રતીતિમાં પ્રમાણપણાનો અભાવ છે અને પ્રમાણરૂપ જ પ્રતીતિથી વસ્તુની સિદ્ધિ છે. વળી તે પ્રતીતિમાં જો પ્રમાણપણું માનવામાં આવે, તો 'પ્રમાણથી' એવા પક્ષથી અર્થ સરી જાય છે એટલે 'વિકલ્પથી' એ પક્ષ વ્યર્થ જ થાય !

૦ વળી વિકલ્પથી સિદ્ધ ધર્મીમાં તો 'સત્તાનું અને અસત્તાનું સાધ્યત્વ છે.' આ નિયમ કોઈ સત્ત્વ અને અસત્ત્વ બંને પ્રમાણબળથી સાધવાને યોગ્ય છે. જેમ કે-સર્વજ્ઞ છે'-એ અનુમાનમાં અને 'છઠ્ઠું ભૂત નથી'-એ અનુમાનમાં વિકલ્પસિદ્ધ ધર્મી છે.

૦ વિકલ્પસિદ્ધ સિદ્ધિમાં સત્ત્વ અને અસત્ત્વ સંભવી શકતું નથી, કેમ કે-સર્વજ્ઞરૂપ ધર્મીમાં ભાવધર્મરૂપ હેતુની સિદ્ધિનો અભાવ છે : કેમ કે-ખરેખર, ભાવધર્મ ભાવરૂપ ધર્મીમાં પ્રવર્તે છે. સર્વજ્ઞની સત્તાની સિદ્ધિ સિવાય સર્વજ્ઞમાં ભાવત્વ નથી, માટે ભાવધર્મરૂપ હેતુની ત્યાં-સર્વજ્ઞ ધર્મીમાં અસિદ્ધિ છે. જો ત્યાં (છઠ્ઠું ભૂત નથી) ભાવવૃત્તિ ધર્મની સત્તા માનવામાં આવે, તો ધર્મીમાં પણ ભાવપણાની આપત્તિથી નાસ્તિત્વનું સાધન અસંગત થઈ જાય !

૦ અભાવવૃત્તિધર્મ-અભાવધર્મને જો હેતુ માનવામાં આવે, તો અસ્તિત્વને સાધવાની સાથે વિરોધ છે, અભાવધર્મરૂપ હેતુ વિરૂદ્ધ છે અર્થાત્ સત્તારૂપ સાધ્યની સાથે અસમાનાધિકરણ છે. (અહીં વિરોધ એટલે અસ્તિત્વરૂપ સાધ્યનું અસમાનાધિકરણ સમજવું. જ્યાં અસ્તિત્વ છે, ત્યાં અભાવધર્મ નથી.)

૦ ઉભય (ભાવ-અભાવ) વૃત્તિધર્મને હેતુ માનવામાં વ્યભિચાર છે. અર્થાત્ અસ્તિત્વરૂપ સત્તા વિધિ સ્વરૂપ ભાવમાં જ પ્રવર્તે છે અને ભાવાભાવરૂપ ધર્મ ભાવમાં અને અસ્તિત્વના અભાવવાળા અભાવમાં વર્તે છે. આમ વ્યભિચાર છે. સબબ કે-અસિદ્ધ સત્તાવાળા સર્વજ્ઞધર્મીમાં ભાવધર્મરૂપ હેતુ નથી. ભાવ-અભાવ ઉભય ધર્મરૂપ હેતુ વ્યભિચારી છે. અભાવધર્મીરૂપ હેતુ વિરૂદ્ધ છે. તે સર્વજ્ઞવર્તી સત્તા કેવી રીતે સાધી શકાય ? અર્થાત્ કોઈ પણ રીતે સાધી શકાય એમ નથી. 'પ્રમેયસિદ્ધિ પ્રમાણથી છે.'-આવા વચનથી પ્રમાણથી જ વસ્તુનિ સિદ્ધિ થાય છે. વિકલ્પ તો પ્રમાણ નથી, માટે વિકલ્પથી ધર્મીપ્રસિદ્ધિ થતી નથી. ધર્મની પ્રસિદ્ધિ એક માત્ર પ્રમાણથી જ છે, વિકલ્પથી કે ઉભયથી ધર્મીની પ્રસિદ્ધિ નથી. એમ નૈયાયિકમત તરફથી પ્રચંડ પ્રશ્ન ઉપસ્થિત થયે છતે.

સમાધાન – પ્રમાણથી ધર્મીની પ્રસિદ્ધિનું ઉદાહરણનું પ્રદર્શન છોડીને પ્રથમથી જ વિકલ્પથી પ્રસિદ્ધિધર્મીનું ઉદાહરણ આપે છે. અહીં આ ભાવ છે કે-જેઓ વિકલ્પથી ધર્મીપ્રસિદ્ધિને સ્વીકારતા નથી, તેઓ 'વિકલ્પપ્રસિદ્ધ ધર્મી થતો નથી,' કેમ કે-તે અપ્રમાણ છે વગેરે વગેરે. વળી બોલી પણ શકતા નથી, કારણ કે-પૂર્વે કહેલ ક્રમથી અસિદ્ધિ વિરોધ આદિનો સંભવ છે અને અહીં પ્રમાણથી ધર્મીની અપ્રસિદ્ધિ છે. જો વિકલ્પથી ધર્મીની પ્રસિદ્ધિ કબૂલો છો, તો પર પ્રત્યે આશ્રય (પક્ષ) અસિદ્ધિ આદિનું ઉદ્ભાવન વ્યર્થ જ થાય ! ખરેખર, જેણે જે ધર્મીપણાએ સ્વીકારેલ છે, ત્યાં જ દોષ દેખાડવો. તથાચ ત્યાં દોષનું ઉદ્ભાવન કરનારા આપે. અવશ્ય વિકલ્પથી ધર્મીપ્રસિદ્ધિ માનવી જોઈએ ! અન્યથા મૌનપણું માનવું જોઈએ.

(પ્રસિદ્ધનો પ્રતિષેધ થાય છે, કેમ કે-અભાવ, પ્રતિયોગીથી નિરૂપ્ય છે. નિરૂપકની અપ્રસિદ્ધિમાં તેનાથી નિરૂપ્યના નિરૂપણની અનુપપત્તિ છે, તેથી 'વિકલ્પસિદ્ધ ધર્મી નથી.' આવા વચનથી વિકલ્પસિદ્ધ ધર્મીનો નિષેધ કરાય છે. નૈયાયિકવડે તે નિષેધનો પ્રતિયોગી વિકલ્પસિદ્ધ ધર્મી છે. તેની અપ્રસિદ્ધિ હોયે છતે 'વિકલ્પપ્રસિદ્ધ ધર્મી નથી.' આવા પ્રતિષેધની અનુપપત્તિ છે. અહીં તૂષ્ણીભાવની આપત્તિ હોઈ તૂષ્ણીંભાવ વાદમાં નિગ્રહસ્થાનરૂપ છે.)

○ આ પ્રમાણે 'સર્વજ્ઞ' છે, ઇત્યાદિ માનસપ્રત્યક્ષમાં ભાવરૂપ જ ધર્મીનો સ્વીકાર હોવાથી કોઈ પણ દોષ નથી.

શંકા – સર્વજ્ઞરૂપ ધર્મીની સિદ્ધિ હોયે છતે, તેની સત્તાનો પણ સ્વીકાર થવાથી તેની સત્તાનું સાધક અનુમાન વ્યર્થ જ ને ?

સમાધાન – તે સર્વજ્ઞધર્મીની સિદ્ધિ હોવા છતાં, નિર્લજ્જતાથી જે તેની સત્તાનો સ્વીકાર કરતો નથી, તેના પ્રત્યે અનુમાન સફળ છે.

શંકા – છઠ્ઠા ભૂત વગેરેમાં કેવી રીતે ધર્મીપણું છે ? કેમ કે-માનસપ્રત્યક્ષથી છઠ્ઠા ભૂતની સત્તાનો સ્વીકાર થવાથી નાસ્તિત્વનું સાધન બાધિત થાય છે જ ને ?

સમાધાન – તે વખતે બાધક જ્ઞાનનો ઉદય નહીં હોવાથી, સત્ત્વની સંભાવના હોવા છતાં પાછળથી તે છઠ્ઠા ભૂતની સત્તાનો નિષેધ છે. આ પ્રમાણે આકાશકુસુમ આદિમાં પણ વિકલ્પકાળમાં સત્ત્વરૂપે સંભાવના હોવા છતાં, પાછળથી બાધક જ્ઞાનથી તેઓ નિરાસ છે. તાદૃશ માનસિક જ્ઞાન માનસપ્રત્યક્ષાભાસરૂપ જાણવું. ઇતિ.

હવે પ્રમાણથી ધર્મીની પ્રસિદ્ધિનું દૃષ્ટાન્ત કહે છે. 'पर्वत' इति । અહીં પ્રત્યક્ષ પ્રમાણથી પ્રસિદ્ધિ છે. આ કથનની 'સઘળોય અનુમાન-અનુમેયવિષયક વ્યવહાર, બુદ્ધિમાં જ, કોઈને ધર્મીપણે તો કોઈને ધર્મપણે પ્રકલ્પી પ્રવર્તે છે,' પરંતુ 'બાહ્ય સત્ત્વ અને અસત્ત્વને અપેક્ષીને વ્યવહાર નથી.' આવા મતનું ખંડન થઈ જાય છે, કેમ કે-અંદરના કે બહારના આલંબનની પ્રાપ્તિ વગરની બુદ્ધિમાં, કોઈમાં પણ ધર્મ-ધર્મીપણાની વ્યવસ્થા કરવાની શક્તિ નથી. તેથી પ્રમાણથી વ્યવસ્થાપિત પર્વત વગેરે જ વિષયભાવને પામતા ધર્મીપણા વગેરે ભાવને પામે છે.

○ ઉભયસિદ્ધનું દૃષ્ટાન્ત કહે છે. 'शब्द' इति । ખરેખર, અહીં સર્વ શબ્દ ધર્મીપણાએ ઇષ્ટ છે, નહીં તો કોઈ એક શબ્દમાં જ પરિણામીપણાની સિદ્ધિની પ્રાપ્તિની આપત્તિ થઈ જાય ! તથાચ સર્વ (ભૂત-ભવિષ્ય-વર્તમાનકાલીન) શબ્દોનો શ્રવણથી પ્રત્યક્ષનો અસંભવ હોવાથી, કેટલાક શબ્દોની પ્રત્યક્ષથી અને કેટલાક શબ્દોની વિકલ્પથી પ્રસિદ્ધિ થાય છે.

શંકા – 'પર્વત વહ્નિવાળો છે.' અહીં પણ પર્વતમાં પ્રત્યક્ષ સિદ્ધપણું કેવી રીતે ? દેખાતા ભાગમાં અગ્નિને સાધવામાં પ્રત્યક્ષ બાધા છે, અથવા ત્યાં વહ્નિનું જ પ્રત્યક્ષ હોયે છતે સાધન નિરર્થક છે. નહીં દેખાતા ભાગમાં વહ્નિને સાધવામાં ધર્મી પર્વતનું કેવી રીતે પ્રત્યક્ષ સિદ્ધપણું કહેવાય ?

સમાધાન – અવયવી દ્રવ્યની અપેક્ષાએ પર્વત આદિમાં સાંવ્યવહારિક પ્રત્યક્ષની પ્રસિદ્ધિનું કથન છે. વળી અતિ સૂક્ષ્મ ઈક્ષિકાથી (ખૂબ બારીકાઈથી) તો વિચાર કરતાં કોઈ પણ વસ્તુ પ્રત્યક્ષ નથી, કેમ કે- અસ્મદ્ આદિ પ્રત્યક્ષમાં સમસ્ત વિશેષ(પર્યાય)થી અર્થના સાક્ષાત્કારમાં શક્તિનો અભાવ છે. વળી કેવલીનું પ્રત્યક્ષ જ ત્યાં સમર્થ છે.

तदेवं धर्मिसाध्यसाधनरूपमनुमानस्य प्रधानभूतमङ्गत्रयं निरूप्य सम्प्रति हेतुं विभजते–

हेतुर्द्विविधो विधिस्वरूपः प्रतिषेधस्वरूपश्चेति । तथा विधिस्वरूपो हेतुर्द्विधा, विधिसाधको निषेधसाधकश्चेति, एवं प्रतिषेधस्वरूपो हेतुरपि ॥ १० ॥

हेतुरिति । विधिस्वरूप उपलम्भस्वरूपः, प्रतिषेधस्वरूपोऽनुपलम्भस्वरूपः । विधिस्वरूपस्यापि द्वैविध्यमाह तथेति, ईदृशमेव प्रकारभेदं प्रतिषेधस्वरूपहेतावप्यतिदिशति एवमिति । तथा च विधिसाधको विधिरूपः, निषेधसाधको विधिरूपः, विधिसाधकः प्रतिषेधरूपः, निषेधसाधकः प्रतिषेधरूपश्चेति हेतुश्चतुर्विधः फलितः । एतेनोपलम्भस्वरूपस्य हेतोर्विधिसाधकत्वमेवानुपलम्भस्वरूपस्य हेतोः प्रतिषेधसाधकत्वमेवेति केषाञ्चिन्नियमो निरस्तः । साध्यसाधनयोर्गम्यगमकभावे व्याप्तेरेव प्रयोजकतया व्याप्तिसत्त्वेन विधिसाध्ये उपलम्भरूपहेतोर्गमकत्वस्येव तत्सत्त्वेऽनुपलम्भहेतोरपि तत्साधने गमकत्वस्य दुर्निवारतयैकशेषस्यानुचितत्वादिति ॥

આથી આ પ્રમાણે ધર્મી-સાધ્ય-સાધનરૂપ અનુમાનના પ્રધાનભૂત ત્રણ અંગોને કહીને, હવે તેના હેતુનો વિભાગ કરે છે.

ભાવાર્થ – "હેતુ, વિધિસ્વરૂપ અને નિષેધસ્વરૂપના ભેદથી બે પ્રકારનો છે, તેમજ વિધિસ્વરૂપ હેતુ, વિધિસાધક અને નિષેધસાધકના ભેદથી બે પ્રકારનો છે. એ પ્રમાણે પ્રતિષેધસ્વરૂપ હેતુ પણ જાણવો."

વિવેચન – વિધિસ્વરૂપ એટલે ઉપલંભરૂપ (ઉપલબ્ધિરૂપ-ભાવરૂપ). પ્રતિષેધસ્વરૂપ એટલે અનુપલંભરૂપ (અનુપલબ્ધિરૂપ-અભાવરૂપ). વિધિસ્વરૂપી હેતુના બે પ્રકારો તથા પ્રતિષેધસ્વરૂપી હેતુના બે પ્રકારોને કહે છે. '૧-વિધિ(રૂપ સાધ્ય)સાધક વિધિરૂપ, ૨-નિષેધ(રૂપ સાધ્ય)સાધક વિધિરૂપ, ૩-વિધિ(સાધ્યરૂપ)સાધક પ્રતિષેધરૂપ અને ૪-નિષેધ(સાધ્ય)સાધક પ્રતિષેધરૂપ એમ હેતુ ચાર પ્રકારનો ફલિત થાય છે. ઉપરોક્ત કથનથી ઉપલંભરૂપ સ્વરૂપહેતુનું વિધિરૂપ સાધ્યનું સાધકપણું જ છે- અનુપલંભસ્વરૂપી હેતુનું પ્રતિષેધરૂપ સાધ્યનું સાધકપણું જ છે.' આવો કેટલાકોનો નિયમ નિરસ્ત થાય છે. વળી સાધ્યસાધનના ગમ્યગમકભાવમાં વ્યાપ્તિનું જ પ્રયોજકપણું હોઈ, વ્યાપ્તિના સત્ત્વથી વિધિરૂપ સાધ્યમાં ઉપલંભરૂપ હેતુના ગમકપણાની માફક, વ્યાપ્તિના સત્ત્વમાં અનુપલંભ હેતુનું પણ વિધિરૂપ સાધ્યના સાધનમાં ગમકપણું દુર્નિવાર-અનિવાર્ય છે, માટે બેમાંથી એકશેષ રાખવો અનુચિત છે.

तत्र विधिसाधकं विध्यात्मकं हेतुं षोढा विभजते—

तत्र विधिसाधको विधिरूपो हेतुर्व्याप्यकार्यकारणपूर्वोत्तरसहचरभेदात् षोढा । विधिस्तु सदसदात्मके पदार्थे सदंशः, असदंशश्च प्रतिषेधः ॥ ११ ॥

तत्रेति, व्याप्यं कार्यं कारणं पूर्वचरमुत्तरचरं सहचरं चेति हेतुभूतानि वस्तूनि षड्वि धानि विधिभूतसाध्यसाधकानीत्यर्थः । विधिप्रतिषेधशब्दार्थं वक्ति विधिस्त्विति, पदार्थो हि सदसदात्मकः, तत्र योऽयं सदंशस्स एव विधिरुच्यते, अभावापरपर्यायस्त्वसदंशः प्रतिषेध उच्यत इति भावः ॥

ત્યાં વિધિરૂપ સાધ્યસાધક વિધિરૂપ (સાધ્યની સાથે અવિરૂદ્ધ ઉપલબ્ધિરૂપ) હેતુનો છ પ્રકારે વિભાગ કરે છે.

ભાવાર્થ – "ત્યાં વિધિસાધક વિધિરૂપ હેતુ, વ્યાપ્ય-કાર્ય-કારણ-પૂર્વચર-ઉત્તરચર અને સહચરના ભેદથી છ પ્રકારનો છે. વિધિ તો સત્-અસત્રૂપ પદાર્થમાં સત્ અંશ છે અને અસત્ અંશ પ્રતિષેધ છે."

વિવેચન – तत्रेति । (૧) વ્યાપ્ય, (૨) કાર્ય, (૩) કારણ, (૪) પૂર્વચર, (૫) ઉત્તરચર અને (૬) સહચર, એમ હેતુભૂત વસ્તુઓ છ પ્રકારની વિધિભૂત સાધ્યની સાધક છે. વિધિ અને પ્રતિષેધના શબ્દના અર્થને કહે છે. ખરેખર, પદાર્થ સદ્-અસદ્રૂપ છે. ત્યાં જે આ સદ્રૂપ અંશ છે, તે જ વિધિ કહેવાય છે. અભાવ જેનું બીજું નામ છે, એવો તો અસદ્રૂપ અંશ પ્રતિષેધ કહેવાય છે એવો ભાવ છે.

પ્રસઙ્ગાદભાવસ્ય સર્વથા ભાવસ્વરૂપાતિરિક્તત્વં દૂષયિતું પ્રતિષેધં વિભજ્ય તત્સ્વરૂપં વક્તુમુપક્રમતે—

પ્રતિષેધશ્ચતુર્ધા પ્રાગભાવપ્રધ્વંસાભાવોન્યોઽન્યાભાવાત્યન્તાભાવભેદાત્ । યન્નિવૃત્તાવેવ કાર્યાવિર્ભાવઃ સ પ્રાગભાવઃ, યથા ઘટં પ્રતિ મૃત્પિણ્ડઃ ॥ ૧૨ ॥

પ્રતિષેધ ઇતિ । અત્રાયમ્ભાવઃ, પદાર્થાનામસ્તિત્વેનૈવોપગમે સર્વેષામભાવાનામપહ્નવેન સર્વસ્ય સર્વાત્મકત્વપ્રસઙ્ગઃ । પ્રાગભાવાનઙ્ગીકારે નિર્વિકારત્વં દ્રવ્યસ્ય સ્યાત્ તથા ચ ઘટપટાદીનામભાવ એવ સ્યાત્ । પ્રધ્વંસાભાવાનભ્યુપગતે કટકકુણ્ડલાદીનામનન્તત્વપ્રસઙ્ગઃ અન્યોઽન્યાભાવાપલાપે જીવસ્યાજીવાત્મકત્વેઽજીવસ્ય જીવાત્મકે સર્વાત્મકત્વપ્રસઙ્ગેન તયોર્લક્ષણભેદો ન સ્યાત્ । અત્યન્તાભાવાનભ્યુપગમે ચ જીવે અજીવત્વાત્યન્તાભાવાનભ્યુપગમાત્ અજીવત્વસ્યાજીવે ચ જીવત્વાભાવાનભ્યુપગમાજ્જીવત્વસ્ય પ્રાપ્તેઃ । તસ્માદ્વસ્તુનો યથાઽસ્તીતિ પ્રત્યયવિષયમસ્તિત્વં પર્યાયસ્તથા નાસ્તીતિ પ્રતીતિવિષયં નાસ્તિત્વમપિ પર્યાયઃ, તચ્ચ નાસ્તિત્વં ન સર્વથા વસ્તુનોઽર્થાન્તરમ્, નિઃસ્વભાવત્વપ્રસઙ્ગાત્, ન ચ નાસ્તીતિ પ્રત્યયજનકત્વરૂપ-

सद्भावान्नाभावस्य निःस्वभावत्वमिति वाच्यम्, तथा सति तस्य भावस्वभावत्वसिद्धेः, प्रत्ययाभिधानविषयस्यार्थक्रियाकारिणः पदार्थस्य भावस्वभावत्वात्, नास्तित्वस्य च वस्तुधर्मत्वाद्धर्मस्य कथञ्चिद्धर्मिभिन्नत्वेन कथञ्चिद्भेदोऽपि, तत्राभेदाश्रयणे भावत्वेन भेदाश्रयणे च तद्वृत्तित्वेनाभावस्य प्रतीतिः, एतेन भूतलस्य घटाभावत्वे भूतले घटाभाव इति प्रतीतिर्न स्यात् स्याच्च भूतले भूतलमिति धीरित्यपास्तम्। अभेदेऽपि घटाभावत्वेनाधेयताया भूतलत्वेन चाधारताया यथाप्रतीति स्वीकारादिति भावः। अथ प्रागभावं लक्षयति यन्निवृत्तावेवेति, विलक्षणपरिणामविशिष्टस्य मृत्पिण्डस्य तेन रूपेण विनाशे हि घटरूपतया मृत्पिण्डः परिणमत इति घटरूपतयोत्पत्तेः प्रागव्यवहितपरिणामविशिष्टं मृद्द्रव्यमेव तत्प्रागभाव उच्यते न तु मृत्पिण्डात्सर्वथाऽर्थान्तरमिति भावः, इदमेव दृष्टान्तद्वारा प्रदर्शयति यथेति, घटस्य प्रागभावश्च तदव्यवहितपूर्वक्षणपरिणाम इत्येके, तेषां तत्पूर्वानादिपरिणामसन्ततौ[1] कार्यसद्भावप्रसङ्गः, कार्यध्वंसतत्प्रागभावानाधारकालस्य कार्यवत्त्वव्याप्यत्वात्। तत्पूर्वानादि-परिणामसन्ततौ कार्यभेदसत्त्वान्न दोष इति चेन्नाव्यवहितकार्यपूर्वपरिणामेऽपि कार्यभेदसत्त्वेन तेनैव तदानीं कार्याभावसिद्धेः प्रागभावस्वीकारनिरर्थकतापत्तेः, न च कार्यस्य प्रागभावा-भावस्वभावत्वसिद्ध्यर्थं तदभ्युपगम इतिवाच्यम्, कार्यपूर्वोत्तरनिखिलपरिणामेषु कार्यानन्तर-पूर्वपर्यायभिन्नेषु कार्यस्वभावताप्रसङ्गात्। न च न कार्यप्रागभावाभावत्वं कार्यस्वभाव-त्वव्याप्यं किन्तु कार्यप्रागभावध्वंसत्वमेव, सोऽपि ध्वंसोऽव्यवहितोत्तरक्षण एव वर्त्तते, तदुत्तरक्षणेषु घटादिव्यवहारश्च सदृशकार्योत्पत्तिदोषादिति वाच्यम्। एतस्य सौगतानामेव शोभनत्वादस्माभिः[2] प्रागभावस्यानादित्वोपगमात्। प्रागभावध्वंसस्य द्वितीयादिक्षणेष्वसत्त्वे प्रागभावोन्मज्जनप्रसङ्गेन प्रागभावक्षण इव तत्रापि कार्यस्यासद्भावप्रसङ्गात्तत्र दोषाभ्युपगमस्य चाप्रामाणिकत्वात्। तस्माद् द्रव्यपर्यायात्मा प्रागभावः स च स्यात्सादिस्स्यादनादिरिति सिद्धान्तात्। न च[3] द्रव्यरूपतयाऽनादित्वेऽनन्तत्वप्रसक्तेस्सर्वदा कार्यानुत्पत्तिः स्यात् पर्याय-रूपतया च सादित्वे प्रागभावात्पूर्वमपि पश्चादिव कार्योत्पत्तिः स्यादित्युभयत्र दोषात् भावस्वभावो न प्रागभावस्तस्य भावविलक्षणत्वेन सर्वदा भावविशेषणत्वादिति वाच्यम्,

---

१. इदानीं घट इत्यादिप्रतीत्या तत्तत्क्षण एव तदभिन्नकार्याणां बौद्धमते तादात्म्येन कालवृत्तित्वोपगमात् कार्यभिन्नक्षणे कार्यत्वस्यापादयितुमशक्यत्वादिति भावः॥ २. ते हि पर्यायार्थमात्रादेशं स्वीकुर्वन्तीति तेषामेवेदं शोभनं उभयनयवादिनामस्माकन्तु तत्सिद्धान्तविरुद्धमिति भावः॥ ३. ननु भवदुक्तेनैवं फलति पूर्वपर्यायेषु मृद्द्रव्ये च प्रागभावत्वं व्यासज्यवृत्तीति तन्न सम्यक् प्रत्येकावृत्तेस्समुदायावृत्तित्वात्, प्रत्येकवृत्तित्वे च दोषादित्याशयेना-शंकते न चेति॥

सर्वथा भावविलक्षणाभावग्राहक प्रमाणाभावात् । न च स्वोत्पत्तेः पूर्वं नासीद्धट इति ज्ञानमभावविषयकं भावप्रत्ययविलक्षणत्वाद्यस्तु भावविषयो नासौ भावप्रत्ययविलक्षणो यथा घट इत्यादिप्रत्यय इत्यनुमानं प्रागभावग्राहकमिति वाच्यम्, प्रागभावादौ नास्ति प्रध्वंसाभवादिरिति प्रत्ययेन व्यभिचारात्[१] । न च सोऽपि प्रत्ययोऽभावविषय इति न व्यभिचार इति वाच्यम्, अभावानवस्थाप्रसङ्गात् । अत एव प्रागभावस्य सर्वदा भावविशेषणत्वमसिद्धं प्रध्वंसाभावादौ न प्रागभाव इत्यादौ प्रागभावस्याभावेऽपि विशेषणत्वात् । तस्मादृजुसूत्रनयार्पणात् कार्यस्याव्यवहितपूर्वोपादानपरिणाम एव प्रागभावः । न च तत्पूर्वानादिपरिणामसन्ततौ कार्यसद्भावप्रसङ्ग इति वाच्यम्, यतो घटस्य प्रागभावः कुसूलं तस्य कोशस्तस्य स्थासस्तस्यापि मृत्पिण्ड एवं परमाणौ तत्परम्पराया विश्रान्तिस्तथा च तत्परम्परानाधारघटध्वंसपरम्परानाधारकालत्वस्यैव घटव्याप्यत्वेन नाघटकाले घटवत्त्वप्रसङ्ग इति । व्यवहारनयार्पणात्तु मृदादिद्रव्यं घटादेः प्रागभावः स चानादिः । न च घटादेः प्रागभावाभावस्वभावत्वं न सम्भवति मृदादिद्रव्यस्याभावासम्भवादिति वाच्यम्, घटादिरहितस्य पूर्वकालविशिष्टस्य[२] मृदादिद्रव्यस्यैव घटादिप्रागभावरूपतया तस्य च कार्योत्पत्तौ विनाशसिद्धेः, नहि कार्यरहितत्वस्य विनाशमन्तरेण कार्यसहिततयोत्पत्तिस्सम्भवति, प्रमाणार्पणात्तु द्रव्यपर्यायात्मा प्रागभाव इति ॥

પ્રસંગથી અભાવના સર્વથા ભાવસ્વરૂપથી ભિન્નપણામાં દૂષણ છે, એમ બતાવવા માટે પ્રતિષેધના વિભાગપૂર્વક સ્વરૂપનું કથન કરે છે.

ભાવાર્થ – "પ્રતિષેધ, પ્રાગ્ અભાવ-પ્રધ્વંસ અભાવ-અન્યોઽન્ય અભાવ અને અત્યંત અભાવના ભેદથી ચાર (૪) પ્રકારનો છે. જેની નિવૃત્તિમાં-વિનાશમાં કાર્યનો આવિર્ભાવ, તે 'પ્રાગભાવ' કહેવાય છે." જેમ કે-ઘટ પ્રત્યે માટીનો પિંડ.

વિવેચન – અહીં આ ભાવ છે કે-જો પદાર્થોને અસ્તિત્વરૂપે જ સ્વીકારવામાં આવે અને તમામ અભાવોને અપલાપ કરો, તો સર્વ સર્વરૂપ બની જાય ! એવો પ્રસંગ આવે ! કોઈ ભેદ જ ન રહે !

---

१. अभावादिकरणकाभावप्रतियोगिकाभावस्याधिकरणात्मकत्वेन प्रागभावभिन्नप्रध्वंसाभावाभावाविषयकत्वेन हेतुसत्त्वेऽपि साध्याभावाद्व्यभिचार इति भावः ॥ २. कालविशेषावच्छिन्नस्वरूपसम्बन्धेन मृद्द्रव्यं घटप्रागभावव्यवहारनिमित्तं, पूर्वकालात्मकस्य कालविशेषस्य संसर्गघटितत्वेन तस्य च प्रागनुपस्थितस्य संसर्गत्वे कस्याप्यविवादादत्र नान्योऽन्याश्रयः । न चैवं कालविशेषघटितसम्बन्धेन मृदादिद्रव्यमेव घटादिव्यवहारविषयोऽस्तु किमतिरिक्तेन घटादिद्रव्येणेति वाच्यम्, मृदादिद्रव्याद्घटादिद्रव्यस्य पृथगनुभूयमानत्वेन तन्मात्रत्वाकल्पनात्, प्रागभावादेस्तु पृथगनुभूयमानत्वाभावेनाधारमात्रस्वरूपत्वकल्पनात्, घटस्वरूपे मृदादिद्रव्ये आधारभिन्नत्वमुद्भूतं, अभावपर्याये त्वनुद्भूतमिति भावः ॥

○ તથાચ જો પ્રાગભાવને ન માનો, તો પર્યાયરહિતપણું દ્રવ્યમાં થઈ જાય ! તથાચ ઘટ-પટ વગેરે પર્યાય-કાર્ય માત્રનો અભાવ જ થઈ જાય !

○ જો પ્રધ્વંસરૂપ અભાવ ન માનો, તો કડુ-કુંડલ વગેરે પર્યારૂપ પદાર્થો અનંત અવિનાશી થઈ જાય ! એ રૂપ પ્રસંગ આવે.

○ જો અન્યોઽન્ય અભાવનો અપલાપ (નિષેધ) કરવામાં આવે, તો જીવ અજીવ આત્મક અને અજીવ જીવ આત્મક થતાં, સર્વ આત્મકપણાનો પ્રસંગ આવવાથી તે જીવ-અજીવમાં લક્ષણકૃત ભેદ ન થાય !

○ જો અત્યંત અભાવનો અસ્વીકાર કરવામાં આવે, તો જીવમાં અજીવત્વના અત્યંત અભાવના અસ્વીકારથી જીવત્વની પ્રાપ્તિ છે અને અજીવમાં જીવત્વના અત્યંત અભાવના અસ્વીકારથી જીવત્વની પ્રાપ્તિ થઈ જાય ! તેથી વસ્તુનો, જેમ 'अस्ति'—એવા જ્ઞાનનો વિષય અસ્તિત્વ પર્યાય છે, તેમ 'नास्ति'—એવી પ્રતીતિના વિષયરૂપ નાસ્તિત્વ પણ પર્યાય છે. વળી તે નાસ્તિત્વ સર્વથા વસ્તુથી અર્થાન્તરરૂપ નથી, કેમ કે-વસ્તુમાં નિઃસ્વભાવતાનો પ્રસંગ છે.

શંકા – 'नास्ति'-આવી પ્રતીતિના જનકત્વરૂપ સદ્‌ભાવથી અભાવમાં નિઃસ્વભાવતા નથી જ ને ?

સમાધાન – જો આમ માનો છો, તો તે અભાવમાં ભાવરૂપ સ્વભાવતાની સિદ્ધિ છે, કેમ કે-(પ્રત્યય) જ્ઞાન અને અભિધાન(વચન)ના વિષયભૂત અર્થક્રિયાકારી પદાર્થ ભાવસ્વભાવી હોય છે. વળી નાસ્તિત્વ વસ્તુનો ધર્મ હોઈ, ધર્મ ધર્મીથી કથંચિદ્ ભિન્ન હોઈ કથંચિદ્ ધર્મીથી ધર્મનો ભેદ પણ છે. ત્યાં ભેદની અપેક્ષાએ ભાવરૂપ અધિકરણવૃત્તિપણાએ અભાવથી પ્રતીતિ થાય છે. આવા કથનથી 'ભૂતલને ઘટના અભાવરૂપ માનવામાં આવતાં ભૂતલમાં ઘટનો અભાવ એવી પ્રતીતિ નહીં થાય ! અને ભૂતલમાં ભૂતલ એવી બુદ્ધિ થશે.' વગેરેનું ખંડન થઈ જાય છે. કેમ કે-અભેદ હોવા છતાંય ઘટાભાવરૂપે આધેયતાનો અને ભૂતલરૂપે આધારતાનો પ્રતીતિ પ્રમાણે સ્વીકાર છે. હવે પ્રાગભાવનું લક્ષણ કરે છે. વિલક્ષણ પરિણામથી વિશિષ્ટ માટીના પિંડનો, માટીના પિંડરૂપે વિનાશ થયે છતે, ઘટરૂપે માટીનો પિંડ પરિણમે છે, માટે ઘટરૂપે ઉત્પત્તિ પહેલાં અવ્યવહિત પરિણામવિશિષ્ટ માટીરૂપ દ્રવ્ય જ છે તે પ્રાગભાવ કહેવાય છે. પરંતુ માટીના પિંડથી સર્વથા જુદો બીજો પદાર્થ નહીં, એવો ભાવ છે. આ જ દૃષ્ટાન્ત દ્વારા દર્શાવે છે કે-'यथेति ।'

○ કેટલાક કહે છે કે-'ઘટનો પ્રાગ્ અભાવ એટલે તે ઘટથી અવ્યવહિત પૂર્વક્ષણનો પરિણામ.' આમ કહેનારા તેઓના મતમાં, તે ક્ષણોની તે ઘટથી પૂર્વ અનાદિ પરિણામની સંતતિમાં કાર્યસદ્‌ભાવનો પ્રસંગ છે, કેમ કે-કાર્યધ્વંસ અને તે કાર્યના પ્રાગભાવનો અનાધારભૂત કાળ કાર્યવ્યાપ્ય છે (વ્યાપ્તિવાળો છે).

શંકા – તે ઘટથી પૂર્વ ('હમણાં ઘટ છે' ઇત્યાદિ પ્રતીતિથી, તે તે ક્ષણમાં જ તે ક્ષણથી અભિન્ન કાર્યોમાં બૌદ્ધમતમાં તાદાત્મ્યથી કાળવૃત્તિત્વનો સ્વીકાર હોવાથી, કાર્યભિન્ન ક્ષણમાં કાર્યપણાની આપત્તિ અશક્ય હોઈ) અનાદિ પરિણામ સંતતિમાં કાર્યભેદની સત્તા હોવાથી દોષ નથી જ ને ?

સમાધાન – જો આમ છે, તો અવ્યવહિત કાર્યના પૂર્વના પરિણામમાં પણ કાર્યના ભેદનું સત્ત્વ હોઈ, કાર્યધ્વંસ-પ્રાગભાવના અનાધારભૂત તે કાળથી જ તે વખતે કાર્યના અભાવની સિદ્ધિ હોઈ પ્રાગ્ અભાવના સ્વીકારની નિરર્થકતાની આપત્તિ છે.

શંકા – કાર્યમાં પ્રાગ્ અભાવના અભાવરૂપ સ્વભાવપણાની સિદ્ધિ માટે તે પ્રાગ્ અભાવનો સ્વીકાર કરવો જ પડે ને ?

સમાધાન – તો પછી કાર્યથી પૂર્વના કે ઉત્તરના સઘળાય પરિણામોમાં કાર્યના અનંતર-પૂર્વપર્યાય ભિન્નોમાં પૂર્વતર-પૂર્વતમ પર્યાયોમાં કાર્યસ્વભાવતાનો પ્રસંગ આવશે જ.

શંકા – કાર્યપ્રાગ્-અભાવનું અભાવપણું કાર્યસ્વભાવત્વવ્યાપ્ય (વ્યાપ્તિવિશિષ્ટ) નથી, પરંતુ કાર્યપ્રાગભાવનું ધ્વંસપણું જ કાર્યના સ્વભાવપણાની સાથે વ્યાપ્તિવાળું છે. તે પણ ધ્વંસ, અવ્યવહિત ઉત્તરક્ષણમાં જ વર્તે છે : અને તેની ઉત્તરક્ષણોમાં ઘટાદિ વ્યવહાર, સદૃશસમાન કાર્યની ઉત્પત્તિના દોષ(કાર્યસાદૃશ્યની ભ્રાન્તિરૂપ દોષ)થી છે ને ?

સમાધાન – આ બધું કથન (વિપરીત કથન) સૌગતોને જ શોભતું છે. (તે બૌદ્ધ લોકો માત્ર પર્યાયને જ માને છે, માટે તેઓને જ આ શોભે છે. અમે તો દ્રવ્ય-પર્યાય ઉભયને માનનારા છીએ એટલે સ્યાદ્વાદીઓને તો તે સિદ્ધાન્ત વિરૂદ્ધ છે.) અમે સ્યાદ્વાદીઓએ પ્રાગભાવને અનાદિરૂપે (શક્તિરૂપે-દ્રવ્યરૂપે) માનેલ છે.

વળી પ્રાગ્ અભાવનો ધ્વંસ બીજા-ત્રીજા આદિ ક્ષણમાં નહીં હોવાથી પ્રાગભાવ ઊભો થઈ જાય એવો પ્રસંગ આવવાથી, પ્રાગ્ અભાવના ક્ષણની માફક કાર્યના અભાવનો પ્રસંગ ઉભો છે અને કાર્યોત્પત્તિ સાદૃશ્ય દોષ (સદૃશ કાર્યોત્પત્તિરૂપ દોષ)નો સ્વીકાર અપ્રમાણિક છે. તેથી દ્રવ્ય અને પર્યાયસ્વરૂપી પ્રાગભાવ છે અને તે પ્રાગભાવ કથંચિત્ (અપેક્ષાએ) સાદિ અને કથંચિત્ (અપેક્ષાએ) અનાદિ છે. એ સિદ્ધાન્ત છે-જૈન સિદ્ધાન્ત છે.

શંકા – (આપના કહેવાથી એ ફલિત થાય છે કે-પૂર્વના પર્યાયોના અને માટીરૂપ દ્રવ્યમાં પ્રાગભાવત્વ વ્યાસજ્યવૃત્તિ પર્યાપ્તિ સંબંધેન દ્વિત્વાદિ સંખ્યાની માફક અનેકાશ્રયવૃત્તિ થાય છે, માટે તે ઠીક નથી; કેમ કે-પ્રત્યેકમાં જે નથી વર્તતો તે સમુદાયમાં નથી વર્તતો અને પ્રત્યેકમાં વૃત્તિત્વ માનવામાં દોષ છે. એવા આશયથી આ શંકા કરે છે કે-'नचेति ।'

દ્રવ્યરૂપે પ્રાગભાવમાં અનાદિપણું હોયે છતે, અનંતપણાનો પ્રસંગ હોવાથી સર્વદા કાર્યની અનુત્પત્તિ થાય ! અને પર્યાયરૂપે સાદિપણું હોયે છતે, પ્રાગભાવથી પહેલાં પણ પછીની જેમ કાર્યની ઉત્પત્તિ થાય ! માટે દ્રવ્ય અને પર્યાયરૂપ ઉભયમાં દોષ હોવાથી ભાવસ્વભાવરૂપ પ્રાગભાવ નથી, કેમ કે-તે પ્રાગભાવ ભાવથી વિલક્ષણ હોઈ સર્વદા ભાવવિશેષણરૂપ છે જ ને ?

સમાધાન – સર્વથા એકાન્તે ભાવવિલક્ષણ અભાવગ્રાહકપ્રમાણનો અભાવ હોવાથી, પ્રાગભાવ ભાવથી વિલક્ષણ નથી તેમજ સર્વદા ભાવનું વિશેષણ નથી.

શંકા – પોતાની (ઘટની) ઉત્પત્તિ પહેલાં 'ઘડો હતો' નહીં (નથી), આવું જ્ઞાન અભાવવિષયક છે, કેમ કે-ભાવપ્રત્યયથી વિલક્ષણ છે. જે ભાવવિષયક પ્રત્યય છે, તે ભાવપ્રત્યય વિલક્ષણ નથી. જેમ કે-'घटः' ઇત્યાદિ પ્રત્યયરૂપ અનુમાનરૂપ પ્રમાણ, ભાવવિલક્ષણ પ્રાગભાવ ગ્રાહક છે જ ને ?

સમાધાન – પ્રાગભાવ આદિમાં પ્રધ્વંસાભાવ આદિ નથી ! આવા પ્રત્યયની સાથે વ્યભિચાર છે.

[અભાવરૂપ અધિકરણવાળો-અભાવરૂપી પ્રતિયોગી(આધેય)વાળો અભાવ અધિકરણરૂપ હોય છે. આવો નિયમ હોવાથી 'પ્રાગભાવ આદિમાં પ્રધ્વંસાભાવ આદિ નથી.' અહીં પ્રાગભાવ આદિરૂપ અધિકરણવાળો અને પ્રધ્વંસાભાવ આદિરૂપ આધેયવાળો, અહીં રહેલો અભાવ અધિકરણરૂપ છે (મૃતપિંડરૂપ છે), તેથી મૃતપિંડમાં પ્રાગભાવ ભિન્ન પ્રધ્વંસાભાવના અભાવરૂપ વિષયવાળો નહીં હોવાથી અર્થાત્ પ્રધ્વંસ નહીં હોવાથી, હેતુ (ભાવપ્રત્યયવિત લક્ષણત્વરૂપ) હોવા છતાં અભાવરૂપ સાધ્ય નહીં હોવાથી વ્યભિચાર છે.] માટે ભાવવિલક્ષણ અભાવગ્રાહકરૂપ પ્રમાણ નથી.

શંકા – તે પણ પ્રત્યય (પ્રાગભાવ આદિમાં પ્રધ્વંસાભાવ આદિ નથી. આ પ્રત્યય પણ) અભાવ વિષયવાળો અમે માનીએ છીએ, તો વ્યભિચાર કેવી રીતે ?

સમાધાન – જો એમ માનો, તો અભાવની અનવસ્થાનો પ્રસંગ હોવાથી ભાવવિલક્ષણ અભાવ નથી એમ જ માનવું રહ્યું. એથી જ પ્રાગભાવનું સર્વદાભાવનું વિશેષણપણું પ્રસિદ્ધ છે, કેમ કે-'પ્રધ્વંસાભાવ આદિમાં પ્રાગભાવ નથી.' ઇત્યાદિ પ્રત્યયમાં પ્રાગભાવનું અભાવમાં વિશેષણપણું છે.

○ તેથી ઋજુસૂત્રનયના અર્પણ-અપેક્ષાએ 'કાર્યનો અવ્યવહિત પૂર્વમાં ઉપાદાનરૂપ પરિણામ (મૃતપિંડરૂપ ઉપાદાન પરિણામ) જ પ્રાગભાવ છે.'

શંકા – તે કાર્યના પૂર્વમાં અનાદિ પરિણામ સંતતિમાં કાર્યસદ્ભાવનો પ્રસંગ આવશે જ ને ?

સમાધાન – તત્પૂર્વ અનાદિ પરિણામ સંતતિમાં કાર્યસદ્ભાવનો પ્રસંગ નહીં આવે, કારણ કે-ઘટનો પ્રાગભાવ કુસૂલ છે. (કોઠાર જેવી આકૃતિવાળી માટી) તે કુસૂલનો પ્રાગ ભાવ કોશ છે. (ગોળાકાર પદાર્થ જેવી માટી) તે કોશનો પ્રાગભાવ સ્થાસક છે. (દર્પણ જેવા આકારનું પાત્ર) તે સ્થાસકનો પણ પ્રાગભાવ મૃતપિંડ છે. આ પ્રમાણે તેની પરંપરાની વિશ્રાન્તિ પરમાણુમાં થાય છે. તથાચ તે, પ્રાગભાવની પરંપરાના અનાધાર અને ઘટધ્વંસપરંપરાના અનાધારકાળપણામાં જ ઘટવ્યાપ્યત્વ (વ્યાપ્તિ) હોઈ અઘટકાળમાં (ઘટના અનાધારકાળમાં) ઘટવત્વનો (ઘટનો) પ્રસંગ નથી. ઇતિ.

○ વ્યવહારનયના અર્પણની અપેક્ષાએ તો માટી વગેરે દ્રવ્ય જ ઘટ આદિનો પ્રાગભાવ (ઉપાદાન) છે અને તે અનાદિ છે.

શંકા – ઘટ આદિમાં પ્રાગભાવના અભાવપણું સંભવતું નથી, કેમ કે-મૃદ્-માટી આદિ દ્રવ્યમાં અભાવનો અસંભવ જ છે ને ?

સમાધાન – ઘટ આદિ પર્યાયથી રહિત, પૂર્વકાળવિશિષ્ટ-કાળવિશેષથી વિશિષ્ટ સ્વરૂપ સંબંધી મૃદ્દ્રવ્ય ઘટના પ્રાગભાવના વ્યવહારનું નિમિત્ત છે. (પૂર્વકાળરૂપ કાળવિશેષ સંસર્ગથી ઘટિત હોઈ અને પૂર્વે અનુપસ્થિત તે કાળવિશેષના સંસર્ગપણામાં કોઈનો પણ વિવાદ નહીં હોવાથી અહીં અન્યોઽન્યાશ્રય નથી.)

अनुमानं द्विविधं स्वार्थं परार्थञ्च । वचननिरपेक्षं विशिष्टसाधनात्साध्यविज्ञानं स्वार्थम् । यथाहि वह्निधूमयोर्गृहीताविनाभावः पुरुषः कदाचिद्भूधरादिसमीपमेत्य तत्राविच्छिन्नधूमलेखां पश्यन् यो यो धूमवान् स स वह्निमानिति स्मृतव्याप्तिकः पर्वतो वह्निमानिति प्रत्येति । इदमेव स्वार्थमुच्यते ॥ ३६ ॥

अनुमानमिति । स्वार्थं स्वात्मप्रतिपत्तिहेतुकं, परार्थं परप्रतिपत्तिहेतुकम् । स्वार्थलक्षणमाह वचननिरपेक्षमिति, पूर्वोदितपक्षहेतुप्रतिपादकशब्दविशेषो वचनं तदपेक्षणरहितमित्यर्थः, विशिष्टसाधनादिति निश्चितव्याप्तिमत् साधनादित्यर्थः स्वस्मैपदार्थपरिच्छेदे शब्दप्रयोगानपेक्षतया स्वयमेव निश्चितव्याप्तिविशिष्टसाधनात् साध्यज्ञानं यत्समुदेति तत्स्वार्थमित्यर्थः, तदुत्पत्तिप्रकारमाह—यथाहीति । गृहीताविनाभाव इति, सकृदसकृद्वोपलम्भानुपलम्भाभ्यां तर्केण गृहीतव्याप्तिक इत्यर्थः, भूधरादिसमीपमेत्येति, धर्मिज्ञानसम्पादनायेदं वचनम्, अविच्छिन्नधूमलेखामिति, व्याप्तिस्मारकतयास्योपयोगः, गोपालघटिकास्थधूमादिव्यावर्त्तनायाविच्छिन्नेति, स्मृतव्याप्तिक इति, संस्कारस्य प्रबोधेन व्याप्तिस्मरणवानित्यर्थः । इदमेवेति, एवं रूपेण जातं वह्निविशिष्टपर्वतज्ञानमित्यर्थः । स्वार्थमिति, स्वव्यामोहनिवर्त्तनक्षयमत्वात्स्वार्थमित्यर्थः ॥

ભાવાર્થ – "અનુમાન બે પ્રકારનું છે. (૧) સ્વાર્થ-(૨) પરાર્થ. વચનની અપેક્ષા વગરનું વિશિષ્ટ સાધનથી સાધ્યવિજ્ઞાન સ્વાર્થરૂપ અનુમાન છે. જેમ કે-વહ્નિ અને ધૂમમાં અવિનાભાવ-વ્યાપ્તિને ગ્રહણ કરનારો, પુરુષ કદાચિત્ પર્વત આદિ સમીપમાં જઈ (આવી), ત્યાં પર્વત આદિ વૃત્તિ અવિચ્છિન્ન ધૂમના ગોટાઓને જોનારો, 'જે જે ધૂમવાળો છે, તે તે વહ્નિવાળો છે.'-આવી વ્યાપ્તિને યાદ કરનારો, 'આ પર્વત અગ્નિવાળો છે.'-આવી પ્રતીતિ સ્વાર્થ અનુમાન કહેવાય છે."

વિવેચન – સ્વાર્થ=પોતાના આત્મામાં પ્રતિપત્તિના હેતુવાળું અનુમાન. પરાર્થ=બીજામાં પ્રતિપત્તિના હેતુવાળું અનુમાન. સ્વાર્થના લક્ષણને કહે છે કે 'वचननिरपेक्षमिति ।' પૂર્વે કહેલ પક્ષ અને હેતુનો પ્રતિપાદક વિશિષ્ટ શબ્દરૂપ વચનની અપેક્ષારહિત છે. 'विशिष्टसाधनाद्' ઇતિ=નિશ્ચિત વ્યાપ્તિવાળા સાધનથી, પોતાના માટે પદાર્થના જ્ઞાનમાં શબ્દપ્રયોગની અપેક્ષા વગર, પોતે જ નિશ્ચિત વ્યાપ્તિવાળા સાધનથી સાધ્યનું જ્ઞાન જે ઉદય પામે છે, તે સ્વાર્થ કહેવાય છે. તેના ઉત્પત્તિના પ્રકારને કહે છે કે-'यथाहि' ઇતિ.

'ग्रहीताविनाभाव इति ।' એકવાર-અનેક વાર, ઉપલબ્ધિ-અનુપલબ્ધિથી, તર્કથી, વ્યાપ્તિનું ગ્રહણ કરનારો, 'भूधरादिसमीपमेत्येति ।' ધર્મજ્ઞાનના સંપાદન માટે આ વચન છે. 'अविच्छिन्नधूमलेखामिति ।' વ્યાપ્તિના સ્મારકપણાએ આનો ઉપયોગ છે. ગોપાલની ઘડીમાં રહેલ ધૂમ આદિની વ્યાવૃત્તિ માટે 'अविच्छिन्ने'ति 'स्मृतव्याप्तिक' इति । સંસ્કારની જાગૃતિથી વ્યાપ્તિના સ્મરણવાળો, 'इदमे'वेति । આવા રૂપે થયેલું વહ્નિવિશિષ્ટ પર્વતનું જ્ઞાન. 'स्वार्थमि'ति । પોતાના વ્યામોહના નિવર્તનમાં સમર્થ હોવાથી 'स्वार्थम्' કહેવાય છે.

परार्थानुमानस्वरूपमाह —

वचनसापेक्षं विशिष्टसाधनात्साध्यविज्ञानं परार्थम् । उपचाराद्वचनमपि परार्थम् ।३७।

वचनसापेक्षमिति । स्वस्मिन्निश्चितस्यानुमानस्य परं प्रति प्रबोधयितुं वचनमन्तरेणासम्भवाद्वचनसापेक्षं यन्निश्चितव्याप्तिमत्साधनप्रयोज्यं साध्यविज्ञानं तत्परव्यामोहनिवर्त्तनक्षमत्वात्परार्थानुमानमिति भावः । ननु वचनप्रयोगप्रयुक्तनिश्चितव्याप्तिकसाधनजन्यसाध्यविज्ञानस्यैव परार्थत्वे तत्त्वेन पक्षादिप्रतिपादकवचनानां कथनं प्राचामसङ्गतं स्यादित्यत्राहोपचारादिति, नेदं वचनं निरुपचरितपरार्थानुमानमचेतनत्वात् किन्तु मुख्यानुमानहेतुत्वेन परार्थं तदपि[१] स्यात् कारणे कार्यस्य समारोपात्, अनुमानतोऽयं मयाऽवबोधनीय इत्यभिप्रायवत्पुरुषप्रयुक्तपक्षादिवचनेन हि श्रोतुः परस्य व्याप्तिविशिष्टहेतुस्मरणादिद्वारा साध्यविज्ञानमनुमानात्मकमुदेति । ननूपचारस्तत्र भवति यत्र मुख्यबाधः प्रयोजनं सम्बन्धश्च भवेदत्र कथमुपचारत्वमिति चेन्न ज्ञानमेव हि प्रमाणं, तत्कथं जडरूपं वचनं परार्थानुमानरूपं प्रमाणं भवेदतोऽस्ति ज्ञानं प्रमाणमिति मुख्यस्य बाधः, कारणान्तरवैलक्षण्येन कार्यकारित्वमस्य प्रयोजनम्, पक्षादिवचनवदन्यस्य कस्यापि परस्यानुमानजनकताया अप्रसिद्धेः । सम्बन्धोऽपि कार्यकारणभावरूपो वर्त्तत एव, अनुमानतोऽयं मयाऽवबोधनीय इतीच्छया वक्ता पक्षादिवचनं प्रयुङ्क्ते, श्रोतापि एतद्वचनश्रवणद्वारा व्याप्तिमल्लिङ्गादमुमर्थमवबुद्धवानिति मन्यत इति श्रोतुः प्रतीतिकारणत्वमस्तीति भावः ॥

પરાર્થ અનુમાનસ્વરૂપનું વર્ણન

ભાવાર્થ — "વચનની અપેક્ષાવાળું વિશિષ્ટ સાધનથી સાધ્યવિજ્ઞાન, એ પરાર્થ અનુમાન છે. ઉપચારથી વચન પણ પરાર્થ અનુમાન કહેવાય છે."

વિવેચન — પોતાના નિશ્ચિત અનુમાનને બીજા પ્રત્યે જણાવવું, વચન સિવાય અસંભવિત હોઈ, વચનની અપેક્ષાવાળું જે નિશ્ચિત વ્યાપ્તિવાળું સાધનજન્ય, સાધ્યવિજ્ઞાન, તે પરના વ્યામોહના નિવર્તનમાં સમર્થ હોવાથી પરાર્થ અનુમાન છે.

શંકા — વચનપ્રયોગથી, પ્રયુક્ત નિશ્ચિત વ્યાપ્તિવાળા સાધનથી જન્ય સાધ્યવિજ્ઞાન જ પરાર્થ તરીકે હોઈ, પરાર્થપણાએ પક્ષ આદિ પ્રતિપાદક વચનોનું કથન પ્રાચીનોનું અસંગત થશે જ ને ?

સમાધાન — આ વચન, ઉપચાર વગરનું પરાર્થ અનુમાન નથી, કેમ કે-અચેતન-જડ છે. પરંતુ મુખ્ય અનુમાનનું હેતુ હોઈ તે પણ પરાર્થ અનુમાન થાય !

---

१. एतेन नास्यानुमानवचनस्यानुवादमात्रता, इतरानधिगतार्थोपदेशकत्वात्, अन्यथाऽप्तवचनस्यापि अनुवादमात्रत्वं स्यात्, इदानीं स्वावगतार्थबोधकत्वादिति सूचितम् ॥

[આ કથનથી આ અનુમાનવચનની અનુવાદ માત્રતા નથી, કેમ કે-બીજાથી અધિગત અર્થનો ઉપદેશક નથી. અન્યથા, આપ્તવચનમાં પણ અનુવાદ માત્રતા થઈ જશે, કેમ કે-હમણાં પોતે જાણેલા અર્થનો બોધક છે એમ સૂચવેલ છે.] કેમ કે-કારણમાં કાર્યનો ઉપચાર છે. ખરેખર, 'અનુમાનદ્વારા આને મારે સમજાવવાનો છે.'-આવા અભિપ્રાયવાળા પુરુષથી પ્રયુક્ત પક્ષ આદિના વચનથી, પર એવા શ્રોતામાં વ્યાપ્તિવિશિષ્ટ હેતુના સ્મરણ આદિ દ્વારા સાધ્યવિજ્ઞાનરૂપ અનુમાન ઉદય પામે છે.

શંકા – ઉપચાર ત્યાં થાય છે, કે જ્યાં મુખ્યનો બાધ, પ્રયોજન અને સંબંધ હોય, તો અહીં કેવી રીતે ઉપચારપણું છે ?

સમાધાન – ખરેખર, જ્ઞાન જ પ્રમાણ કહેવાય છે, તો પરાર્થ અનુમાનરૂપ જડરૂપ વચન કેવી રીતે પ્રમાણ કહેવાય ? થાય ? માટે જ્ઞાન પ્રમાણ છે. આવી રીતના મુખ્યનો બાધ, કારણાન્તર વિલક્ષણતાથી કાર્યકારિપણું આનું પ્રયોજન છે. પક્ષ આદિના વચનની માફક બીજા કોઈપણમાં - પરમાં અનુમાનની જનકતાની અપ્રસિદ્ધિ છે. સંબંધ પણ કાર્યકારણભાવરૂપ વર્તે જ છે. 'અનુમાનથી મારે આને સમજાવવાનો છે'-આવી ઇચ્છાથી વક્તા, પક્ષ આદિ વચનનો પ્રયોગ કરે છે. શ્રોતા પણ આ વચનના શ્રવણદ્વારા, વ્યાપ્તિવાળા લિંગથી આ અર્થને જાણનારો થયો એમ માને છે. આવી રીતે શ્રોતામાં પ્રતીતિનું કારણપણું છે.

ननु परः कतिभिर्वचनैर्व्याप्तिमलिङ्गमवबुध्यत इत्यत्राह –

वचनञ्च प्रतिज्ञाहेत्वात्मकम् । मन्दमतिमाश्रित्य तूदाहरणोपनयनिगमनान्यपि ।३८।

वचनञ्चेति । प्रतिपाद्या हि विचित्राः केऽपि व्युत्पन्नमतयः केऽपि नितरामव्युत्पन्ना नितरां केचिद्व्युत्पन्नाः, तत्र व्युत्पन्नमतिः प्रतिज्ञावचनेन हेतुवचनेन व्युत्पादयितुं शक्यः, नितरां व्युत्पन्नस्तु केवलं हेतुवचनेन व्युत्पादितो भवति तस्मान्मुख्यतया प्रतिज्ञारूपं हेतुरूपञ्च द्विविधवचनमुपयोगि, तावतैव प्रतिपन्नविस्मृतव्याप्तेः प्रमातुस्साध्यप्रतिपत्तेर्नियमेनोदयात्, अतस्तं प्रति दृष्टान्तादिवचनं व्यर्थमेव । व्याप्तिनिर्णयस्यापि तस्य तर्कप्रमाणादेव जातत्वात् प्रतिनियतव्यक्तिरूपदृष्टान्तस्य सर्वोपसंहारेण व्याप्तिबोधनाननुकूलत्वादिति भावः, ननु परार्थप्रवृत्तैः कारुणिकैः परे यथाकथञ्चिद्बोधयितव्या न तेषां प्रतीतिभङ्गः करणीयस्तस्माद्यथा यथा परस्य सुखेन साध्यप्रतिपत्तिर्भवेत्तथा तथा प्रतिपादकेन प्रतिपादनीयः, बोध्यास्तु नैकविधास्तथा चाव्युत्पन्नप्रज्ञान् प्रति कदाचिदुदाहरणोपनयनिगमनान्यपि वक्तव्यान्येव भवन्तीति मन्वानः प्राह मन्दमतिमिति । अपिशब्दोऽनुक्तसमुच्चायकः तेन प्रतिज्ञाशुद्धिहेतुशुद्धिदृष्टान्तशुद्ध्युपनयशुद्धिनिगमनशुद्धीनां ग्रहणम्, तथा च कथाया बोध्यापेक्षया जघन्य-

१. पक्षहेतुवचनाभ्यामेवाविस्मृतव्याप्तिकः पुरुषो बोधयितुं शक्य इति न तदर्थं दृष्टान्तवचनस्यावश्यकता, व्याप्तिनिर्णयस्तु तर्कादेव व्याप्तिस्मृतिरपि व्युत्पन्नस्य पक्षहेतुप्रदर्शनाभ्यामेव भवति, उपनयनिगमने अपि न परप्रतिपत्त्यर्थं भवतः, समर्थनं विनाऽसम्भवादिति भावः ॥

मध्यमोत्कृष्टभेदेन त्रैविध्यं वेदितव्यम्, अतिव्युत्पन्नमत्यपेक्षया केवलं हेतुवचनं जघन्या कथेयम्, मध्यमापेक्षया प्रतिज्ञादीनां द्व्यादीनां वचनं मध्यमा कथा, अतिमन्दमत्यपेक्षया च पञ्चशुद्धिसहितानां प्रतिज्ञादीनां पञ्चानां वचनमुत्कृष्टा कथेति । प्रतिपाद्यापेक्षयैवैषां प्रयोगाद्येन प्रकारेण तस्य प्रतीतिर्भवेत्तथैव प्रतिपादनीयो न तु क्रमेणैव प्रतिपादनीय इत्यस्ति नियमः, तत्र पक्षदोषपरिहारादिः प्रतिज्ञाशुद्धिः, हेत्वाभासोद्धरणं हेतुशुद्धिः, दृष्टान्तदूषणपरिहरणं दृष्टान्तशुद्धिः उपनयनिगमनयोः प्रमादादन्यथाकृतयोर्नियतस्वरूपेण व्यवस्थापके वाक्ये उपनयनिगमनशुद्धी । प्रतिज्ञादय एते परानुमानरूपकार्यस्याङ्गभूतत्वादवयवा इत्युच्यन्ते ॥

शंका – બીજો, કેટલા વચનોથી વ્યાપ્તિવિશિષ્ટ હેતુને જાણી શકે છે ?

समाधान – આના જવાબમાં કહે છે કે-

भावार्थ – "વળી પ્રતિજ્ઞા અને હેતુરૂપ વચન છે. મંદ મતિવાળાની અપેક્ષાએ તો ઉદાહરણ-ઉપનય-નિગમનો પણ સમજવાં."

विवेचन – ખરેખર, પ્રતિપાદ્ય જીવો વિચિત્ર હોય છે. (૧) કેટલાક વ્યુત્પન્ન (અમંદ) મતિવાળાઓ, (૨) કેટલાક બિલ્કુલ અવ્યુત્પન્ન, (૩) કેટલાક સર્વથા વ્યુત્પન્ન; ત્યાં વ્યુત્પન્ન મતિવાળો પ્રતિજ્ઞાવચનથી, હેતુવચનથી સમજાવી શકાય છે. (૪) એકાન્ત વ્યુત્પન્નમતિવાળો તો કેવળ હેતુવચનથી સમજાયેલો થાય છે. તેથી મુખ્યપણાએ પ્રતિજ્ઞારૂપે અને હેતુરૂપે બે પ્રકારનું વચન ઉપયોગી છે, કેમ કે-તેટલા માત્રથી જ પહેલાં પ્રતિપન્ન-પછીથી વિસ્મૃત વ્યાપ્તિવાળા પ્રમાતામાં સાધ્યની પ્રતિપત્તિનો નિયમથી ઉદય છે. એથી તેના પ્રત્યે દૃષ્ટાન્ત આદિરૂપ વચન વ્યર્થ છે, [પક્ષવચન અને હેતુવચનથી જ અવિસ્મૃત વ્યાપ્તિવાળો પુરુષ સમજાવી શકાય છે, તેથી તેના માટે દૃષ્ટાન્તવચનની આવશ્યકતા નથી. વ્યાપ્તિનિર્ણય તો તર્કથી જ વ્યાપ્તિસ્મરણ પણ વ્યુત્પન્નને પક્ષ-હેતુઓના પ્રદર્શન(દેખાડવા)થી જ છે. ઉપનય અને નિગમન પણ પરની પ્રતિપત્તિ માટે થતા નથી, કેમ કે-હેતુના સમર્થન વગર અસંભવિત છે.] કેમ કે-તેને વ્યાપ્તિનો નિર્ણય પણ તર્કપ્રમાણથી જ થયેલ હોવાથી, પ્રતિનિયત વ્યક્તિરૂપ દૃષ્ટાન્ત, સર્વના ઉપસંહારદ્વારા (સકલપણાએ વ્યાપ્તિ હોવાથી) વ્યાપ્તિના બોધનના પ્રત્યે અનુકૂળ નથી.

ખરેખર, પરોપકારપરાયણ, કરુણાવંત પુરુષોએ બીજાઓને કોઈ પણ ઉપાયથી સમજાવવા જોઈએ, તેઓમાં પ્રતીતિનો ભંગ ન કરવો જોઈએ. તેથી જેમ જેમ બીજાને સુખેથી સાધ્યની પ્રતિપત્તિ થાય, તેમ તેમ પ્રતિપાદકે બીજાની આગળ પ્રતિપાદન કરવું જોઈએ. વળી બોધનને યોગ્યો તો અનેક પ્રકારના હોય છે. તથાચ અવ્યુત્પન્ન બુદ્ધિવાળાઓ પ્રત્યે કદાચ ઉદાહરણ-ઉપનય-નિગમનો પણ કહેવા યોગ્ય જ છે. આવી માન્યતાને ધારતાં કહે છે કે 'मन्दमति' मिति । અહીં अपि શબ્દ અકથિતનું ગ્રહણ કરનારો છે, તેથી સંભાવ્ય માનદોષ નિરાકરણરૂપ પ્રતિજ્ઞાશુદ્ધિ-હેતુશુદ્ધિ-દૃષ્ટાન્તશુદ્ધિ-ઉપનયશુદ્ધિ-નિગમશુદ્ધિઓનું ગ્રહણ જાણવું.

તથાચ પ્રતિપાદ્ય(શિષ્ય)ની અપેક્ષાએ કથાના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદથી ત્રણ પ્રકારો જાણવા. અત્યંત વ્યુત્પન્નમતિની અપેક્ષાએ કેવળ હેતુવચન જઘન્યરૂપ આ કથા છે. મધ્યમોની અપેક્ષાએ

પ્રતિજ્ઞા આદિનું વચન મધ્યમ કથા છે. અત્યંત મંદમતિની અપેક્ષાએ પંચશુદ્ધિ સહિત પ્રતિજ્ઞા આદિ પાંચેયનું વચન ઉત્કૃષ્ટ કથા છે. પ્રતિપાદ્ય(શિષ્ય)ની અપેક્ષાએ જ આ દશ અવયવોનો પ્રયોગ હોવાથી જે પ્રકારે તેને પ્રતીતિ થાય, તે પ્રકારે જ તેની આગળ પ્રતિપાદન કરવું. પરંતુ ક્રમથી જ પ્રતિપાદન કરવું જોઈએ, એવો કોઈ નિયમ નથી.

○ ત્યાં પક્ષગતદોષ પરિહાર આદિરૂપ પ્રતિજ્ઞાશુદ્ધિ, હેતુઆભાસનો ઉદ્ધાર-હેતુશુદ્ધિ, દૃષ્ટાન્તગતદોષ પરિહાર-દૃષ્ટાન્તશુદ્ધિ, પ્રમાદથી અન્યથા (અન્ય પ્રકારે) કરેલ ઉપનય અને નિગમનના નિયત સ્વરૂપે વ્યવસ્થાપક બે વાક્યો ઉપનયશુદ્ધિ અને નિગમશુદ્ધિ કહેવાય છે.

○ આ પ્રતિજ્ઞા વગેરે પરાર્થ અનુમાનરૂપ કાર્યના અંગભૂત હોવાથી 'અવયવો' છે-એમ કહેવાય છે. (અન્યથા અનુપપત્તિ એકસ્વરૂપવાળો હેતુ જ મુખ્યત્વે અનુમાનમાં ઇચ્છાય છે, પરંતુ અવયવોના પ્રયોગોની પરિપાટી, પ્રતિપાદ્ય(બોધનીય)ની અપેક્ષાએ ઇષ્ટ છે.)

अथ प्रतिज्ञाया लक्षणमाह --

अनुमेयधर्मविशिष्टधर्मिबोधकशब्दप्रयोगः प्रतिज्ञा । यथा पर्वतो वह्निमानिति वचनम् ॥ ३९ ॥

अनुमेयेति । अनुमेयः प्रतिपिपादयिषितो यो धर्मो वह्न्यादिस्तद्विशिष्टस्य धर्मिणो बोधको बोधजनको यश्शब्दप्रयोगः पर्वतो वह्निमानित्यादिरूपस्स प्रतिज्ञेत्यर्थः । साध्यधर्मस्याधारे संशयव्युदासाय साध्यस्य विशिष्टधर्मिसम्बन्धित्वावबोधकं प्रतिज्ञावचनमावश्यकम्[१] । भवति हि पर्वतो वह्निमानिति प्रयुक्तेन वचनेन वह्निमान् पर्वतो घटो वेति संशयस्य निवृत्तिः, वह्नौ पर्वतसम्बन्धित्वबोधश्चेति । धर्मविशिष्टता ह्यस्तित्वाद्यपेक्षया सर्वपदार्थेष्विति तद्बोधकवचनव्यावृत्तये प्रतिपिपादयिषितार्थकमनुमेयपदं धर्मविशेषणतयोपात्तम् । धर्मिणि निर्दुष्टत्वमपि विशेषणं देयं तेन न पक्षाभासेऽतिव्याप्तिः । दृष्टान्तमाह यथेति ॥

હવે પ્રતિજ્ઞાના લક્ષણનું કથન

ભાવાર્થ -- "સાધ્યધર્મવિશિષ્ટ ધર્મીનો બોધક શબ્દનો પ્રયોગ 'પ્રતિજ્ઞા' કહેવાય છે. જેમ કે- 'પર્વત વહ્નિવાળો છે'-એવું વચન."

વિવેચન -- પ્રતિપાદનની ઇચ્છાનો વિષયભૂત જે વહ્નિ વગેરે ધર્મ છે, તેનાથી વિશિષ્ટ (વહ્નિ આદિરૂપ ધર્મવિશેષણવાળા વિશેષ્યભૂત) ધર્મીનો બોધજનક, જે 'પર્વત વહ્નિવાળો છે'-એવા રૂપનો શબ્દપ્રયોગ, તે પ્રતિજ્ઞા કહેવાય છે.

---

१. एतेन प्रयोजनाभावात्पक्षवचनमनर्थकमिति बौद्धोक्तिर्निरस्ता प्रतिपाद्यप्रतिपत्तिविशेषस्य तत्साध्यप्रयोजनस्य सद्भावाच्च । तच्च हेतूपन्याससमन्वितमेव साध्यं प्रतिपादयति, न च तर्हि तस्मादेव तत्र सामर्थ्योपपत्तेः किं पक्षवचनेनेति वाच्यम् । तथा सति हेतोः समर्थनापेक्षस्य साध्यसिद्धिनिबन्धनत्वोपपत्तौ हेतुवचनस्यापि वैयर्थ्यापत्तेः हेतोरवचने कस्य समर्थनमिति चेत्पक्षस्याप्यप्रयोगे क्व हेतुस्साध्यं साधयेदिति न्यायस्य तुल्यत्वादिति ॥

○ साध्यधर्मना आधारमां संशयना विनाश माटे 'साध्य, विशिष्ट (प्रतिनियत) धर्मी संबंधी' छे, एम जणावनारुं प्रतिज्ञानुं वचन आवश्यक छे. [आ निरूपणथी 'प्रयोजनना अभावथी पक्षवचन निरर्थक' छे-एवुं बौद्धनुं वचन खंडित थाय छे, केम के-प्रतिपाद्यना प्रतिपत्तिविशेषनो अने तेनाथी साध्यप्रयोजननो सद्भाव छे. वळी ते हेतुना उपन्यास सहित ज साध्यनुं प्रतिपादन करे छे.]

शंका – तो तेनाथी ज त्यां सामर्थ्यनी उपपत्ति थती होवाथी पक्षना वचननी शी अगत्यता छे ?

समाधान – जो आम छे, तो समर्थन(दोष निरासपूर्वक स्वसाध्यसाधन सामर्थ्यप्रदर्शन)नी अपेक्षावाळा हेतुमां साध्यनी सिद्धिनी बंधनपणानी उपपत्ति थये हेतुवचन(शब्दप्रयोग)नी निरर्थकतानी आपत्ति आवशे ज. हेतुना वचनशब्दप्रयोगना अभावमां 'कोनुं समर्थन ?-एम जो तर्क के प्रश्न थाय छे, तो पक्षना शब्दप्रयोगरूप वचनना अभावमां हेतु, क्या-क्या स्थानमां साध्यने साधे ? आवो न्याय तो समान ज छे. माटे जो हेतुनुं वचन छे, तो पक्षनुं वचन कहेवुं जोईअे.)

○ खरेखर, पर्वत 'वह्निवाळो छे.' आ प्रयोगवाळा वचनथी 'वह्निवाळो पर्वत छे के घट ?'-आवा संशयनी निवृत्ति थाय छे अने 'वह्नि'(आधेय)मां पर्वत(आधार)नो संबंध छे, एवो बोध थाय छे.

○ खरेखर, अस्तित्व आदिनी अपेक्षाअे धर्मविशिष्टता सघळा पदार्थोमां छे. 'सन्ति पदार्थाः'-आवा तेना बोधकवचनना व्यवच्छेद माटे प्रतिपिपादयिषित-सिषाधयिषित अर्थवाळुं 'अनुमेय पद' धर्मविशेषणपणाअे ग्रहण करेलुं छे.

○ वळी धर्मीमां निर्दुष्टत्वरूप विशेषण आपवुं, के जेथी पक्ष आभासमां अतिव्याप्ति नथी.

○ जेम के-'पर्वत वह्निवाळो छे.'-एवुं वचन 'प्रतिज्ञा.'

अथ हेतुवचनं लक्षयति –

उपपत्त्यनुपपत्तिभ्यां हेतुप्रयोगो हेतुवचनम् । यथा तथैव धूमोपपत्तेः, धूमस्यान्यथानुपपत्तेरिति च । एकत्रोभयोः प्रयोगो नावश्यकः । अन्यतरेणैव साध्यसिद्धेः ॥ ४० ॥

उपपत्तीति । हेतुप्रयोगो हेतुवचनमिति । हेतुत्वेन हेतोरभिधायकशब्दप्रयोगो हेतुवचनमित्यर्थः । हेतुत्वेन हेतोरभिधानं नाम तदभिव्यञ्जकविभक्त्यन्तत्वं, सा च विभक्तिः पञ्चमी तृतीया वा, तथा च हेतुत्वव्यञ्जकविभक्त्यन्तत्वे सति हेतुप्रयोगत्वं लक्षणम्, धूम इति वचनवारणाय सत्यन्तम्, वह्निमान् द्रव्यत्वादित्यादौ द्रव्यत्वादित्यव्याप्तवचनवारणाय हेतुप्रयोगत्वमिति, तत्र व्याप्तेरभावान्नैतद्वाक्यं हेतुप्रयोगरूपमिति । कथं तस्य प्रयोग इत्यत्राहोपपत्त्यनुपपत्तिभ्यामिति, सहार्थे तृतीया, उपपत्त्यनुपपत्तिपदं तद्बोधकशब्दपरम् । तथा चोपपत्तिपदेन सहानुपपत्तिपदेन सहेत्यर्थः, तत्र दृष्टान्तमाह–यथेति, व्याप्त्युपदर्शनार्थं

हेतुप्रयोगो बोध्यः । तथैवेति, वह्नौ सत्येवेत्यर्थः, धूमस्यान्यथानुपपत्तेरिति, वह्नावसति धूमानुपपत्तेरित्यर्थः । ननु उपपत्त्यनुपपत्तिभ्यामिति द्विवचनान्तेन पदेनोभयोः प्रयोगनियमो गम्यते तच्च न युक्तं तयोरेकतरस्याः प्रयोगेणैव व्याप्तिबोधेन साध्यसिद्धेरन्यतरस्याः प्रयोगे नैरर्थक्यापातादित्यत्रेष्टापत्तिमाविष्करोति एकत्रेति, एकस्मिन् साध्येद्विविधप्रयोगस्य निष्फलत्वमेवेत्यर्थः, तत्र हेतुमाहान्यतरेणैवेति, तथैव हेतोरुपपत्तेरन्यथानुपपत्तेर्वा प्रयोगेणेत्यर्थः, व्याप्त्युपदर्शनार्थं हि हेतुप्रयोगस्तच्चैकेनैव निष्पन्नमिति विफलो द्वयोः प्रयोग इति भावः । ननु शब्दः प्रयत्नानन्तरीयकः कादाचित्कत्वादित्यादौ प्रयत्नानन्तरीयकेषु सर्वत्र कादाचित्कत्वस्य सत्त्वेन तथोपपत्तिसत्त्वेऽप्यगमकत्वेन कथमन्यतरेण साध्यसिद्धिस्तत्रान्यथानुपपत्तेरभावादेवानुमानाभावादिति चेन्न तत्र तथोपपत्तेरेवाभावात् नहि प्रयत्नानन्तरीयकेषु सर्वत्र कादाचित्कत्वसत्त्वमेव तथोपपत्तिः किन्तु तथैवोपपत्तिरेव—साध्यसत्त्वे एव हेतुसत्त्वरूपं, न तादृशं प्रकृतेऽस्ति, अप्रयत्नानन्तरीयकेऽपि विद्युदादौ कादाचित्कत्वस्य भावात् तथा च तथैवोपपत्तिकथनेऽप्यन्यथानुपपत्तिर्गम्यत एव तथाऽन्यथाऽनुपपत्तिमात्राभिधानेऽपि तथैवोपपत्तिगम्यत एव, तात्पर्यस्य शब्दभेदेऽप्यभेदात् । तथा च तथोपपत्त्यन्यथानुपपत्त्योः परस्पराव्यभिचारित्वेनैकप्रयोगेऽपरस्य तात्पर्यतो लब्धेरन्यतरप्रयोगो निरर्थक एवेति भावः ॥

હેતુવચનનું લક્ષણ

ભાવાર્થ – "ઉપપત્તિ અને અનુપપત્તિથી હેતુપ્રયોગ 'હેતુવચન' છે. જેમ કે-તે પ્રકારે જ ધૂમની ઉપપત્તિ હોવાથી અને ધૂમની અન્યથા અનુપપત્તિ હોવાથી, એક ઠેકાણે બંનેનો પ્રયોગ આવશ્યક નથી, કેમ કે-બેમાંથી કોઈ એકથી જ સાધ્યની સિદ્ધિ છે."

વિવેચન – હેતુપણાએ કરી હેતુનો વાચક શબ્દપ્રયોગ હેતુવચન છે. હેતુપણાએ હેતુનું કથન એટલે હેતુપણાની અભિવ્યંજક વિભક્તિનું અંતપણું. વળી તે વિભક્તિ પંચમી કે ત્રીજી જાણવી. તથાચ હેતુપણાની અભિવ્યંજક વિભક્તિ અંતપણું હોયે છતે હેતુપ્રયોગપણું હેતુયોગનું લક્ષણ છે.

પદકૃત્ય – 'ધૂમ'- આવા વચનમાં અતિવ્યાપ્તિના વારણ માટે સતિઅંત સુધીનું વિશેષણ છે. 'વહ્નિવાળા છે, કેમ કે-દ્રવ્યપણું છે.' ઇત્યાદિમાં 'દ્રવ્યપણું હોવાથી' અહીં વ્યાપ્તિ વગરના વચનમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'હેતુપ્રયોગપણું' એવું વિશેષ્યદલ જાણવું, કેમ કે-ત્યાં વ્યાપ્તિનો અભાવ હોવાથી આ વાક્ય હેતુપ્રયોગરૂપ નથી.

તેનો કેવી રીતે પ્રયોગ સમજવો ? આના જવાબમાં કહે છે કે -'उपपत्ति अनुपपत्तिभ्याम्' ઇતિ. અહીં સહના (સાથેના) અર્થમાં ત્રીજી વિભક્તિ છે. અહીં ઉપપત્તિપદ અને અનુપપત્તિપદ, ઉપપત્તિબોધકપદ

અને અનુપપત્તિબોધકપદ શબ્દસૂચક છે, અર્થાત્ ઉપપત્તિપદની સાથે અનુપપત્તિપદની સાથે હેતુપ્રયોગ હેતુવચન છે. ત્યાં દૃષ્ટાન્તને દર્શાવે છે કે -'यथा' ઈતિ. વ્યાપ્તિના પ્રદર્શન માટે હેતુપ્રયોગ જાણવો. જેમ કે- 'तथेव' ઈતિ. વહ્નિ હોય છતે ધૂમની ઉપપત્તિ છે અને 'धूमस्यान्यथानुपपत्ते' ઈતિ, વહ્નિ નહીં હોયે છતે ધૂમની ઉપપત્તિ નથી.

શંકા – 'उपपत्त्यनुपपत्तिभ्याम् ।' અહીં દ્વિવચનના અંતવાળા પદથી બંનેના પ્રયોગનો નિયમ માલુમ પડે છે તે યુક્ત નથી, કેમ કે-તે બંનેમાંથી એકના પ્રયોગથી જ વ્યાપ્તિના બોધથી સાધ્યની સિદ્ધિ થવાથી બીજીના પ્રયોગમાં નિરર્થકતા થાય છે ને ?

સમાધાન – આ વિષયમાં ઈષ્ટાપત્તિનો આવિષ્કાર કરે છે કે -'एकत्र' ઈતિ. એક સાધ્યમાં બે પ્રકારના પ્રયોગની નિષ્ફળતા જ છે. ત્યાં હેતુને કહે છે કે-'अन्यतरेणैव' ઈતિ, તથૈવ-સાધ્યસંભવ પ્રકારથી જ હેતુથી ઉપપત્તિરૂપ પ્રયોગથી અથવા અન્યથા-સાધ્યના અભાવ પ્રકારથી હેતુની અનુપપત્તિરૂપ પ્રયોગથી સાધ્યની સિદ્ધિ છે.

○ ખરેખર, વ્યાપ્તિના પ્રદર્શન માટે હેતુનો પ્રયોગ થાય છે અને તે વ્યાપ્તિ કોઈ એક હેતુપ્રયોગથી જ સિદ્ધ છે, એટલે બંને પ્રકારનો પ્રયોગ નિષ્ફળ છે.

શંકા – શબ્દ, પ્રયત્ન અવિનાભાવિ છે, કેમ કે-કાદાચિત્ક છે. તમામ પ્રયત્નનાન્તરીયકોમાં કાદાચિત્કત્વ-ક્ષણિકત્વનું સત્ત્વ હોઈ, તથોપપત્તિરૂપ પ્રયોગની વિદ્યમાનતા હોવા છતાં અગમકપણું હોઈ, કેવી રીતે કોઈ એકથી સાધ્યસિદ્ધિ થશે ? કેમ કે-ત્યાં અનુપપત્તિ (વ્યતિરેક)ના અભાવથી જ અનુમાનનો અભાવ થશે જ ને ?

સમાધાન – ત્યાં તથોપપત્તિનો જ અભાવ હોવાથી તમામ પ્રયત્નનાન્તરીયકોમાં કાદાચિત્કત્વની સત્તાએ જ તથોપપત્તિ નથી, પરંતુ સાધ્યના સત્ત્વમાં જ હેતુના સત્ત્વરૂપ તથૈવ ઉપપત્તિ જ છે. તેવી તથોપપત્તિ પ્રકૃતમાં નથી, કેમ કે-અપ્રયત્નાનન્તરીયક-સ્વાભાવિક વિજળી આદિમાં કાદાચિત્કપણું છે. તથાચ તથૈવોપપત્તિના કથનમાં પણ અન્યથાનુપપત્તિ ગમ્ય જ છે. તેવી રીતે અન્યથાનુપપત્તિ માત્રના કથનમાં પણ તથૈવોપપત્તિ ગમ્ય જ છે, કેમ કે-શબ્દભેદમાં પણ તાત્પર્ય-અર્થનો અભેદ છે. બંને પ્રયોગોમાં પણ વાક્યવિન્યાસ જ જુદો પડે છે, અર્થ જુદો નથી. તથાચ તથા ઉપપત્તિ અને અન્યથા અનુપપત્તિમાં પરસ્પર અવ્યભિચાર (અવિરોધ) હોઈ, એકના પ્રયોગમાં અર્થથી બીજાની પ્રાપ્તિ થતી હોઈ બેમાંથી કોઈ એક સાર્થક છે, જ્યારે બીજો નિરર્થક છે-ઉપયોગ વગરનો છે જ.

यस्तु क्षयोपशमविशेषाभावेन पक्षहेतुप्रयोगेऽपि पूर्वप्रतिपन्नप्रतिबन्धं न स्मरति तम्प्रति दृष्टान्तवचनस्यावश्यकतया तत्स्वरूपमाह –

दृष्टान्तबोधकशब्दप्रयोग उदाहरणम् । साधर्म्यतो वैधर्म्यतो वा व्याप्तिस्मरणस्थानं दृष्टान्तः । यथा महानसादिर्ह्रदादिश्च ॥ ४१ ॥

दृष्टान्तेति । वक्ष्यमाणलक्षणो दृष्टान्तस्तत्प्रतिपादकं वचनमुदाहरणमित्यर्थः । दृष्टान्तस्वरूपमाह साधर्म्यत इति व्याप्तिस्मरणस्थानं दृष्टान्त इति, व्याप्तिर्हि द्विविधा, अन्तर्व्याप्तिर्बहिर्व्याप्तिरिति, पक्षीकृत एव साधनस्य साध्येन व्याप्तिरन्तर्व्याप्तिः, पक्षीकृताद्बहिर्दृष्टान्तादौ तस्य तेन व्याप्तिर्बहिर्व्याप्तिः तथा च प्रोक्तबहिर्व्याप्तिस्मरणं यत्र भवति स दृष्टान्त इत्यर्थः कस्यचित्प्रमातुर्दृष्टान्तदृष्टबहिर्व्याप्तिबलेनान्तर्व्याप्तिप्रतिपत्तिर्भवतीति स्वार्थानुमानेऽपि क्वचिदङ्गं बोध्यम् । तद्भेदज्ञापनायाह साधर्म्यतो वैधर्म्यतो वेति, साधनसत्ताप्रयुक्तसाध्यधर्मसत्तारूपान्वयतः साध्याभावसत्ताप्रयुक्तसाधनाभावसत्तारूपव्यतिरेकतो वेत्यर्थः, तत्र निदर्शनमाह यथेति धूमसत्ताप्रयुक्तवह्नियोगित्वान्महानसं साधर्म्यदृष्टान्तः वह्निनिवृत्तिप्रयुक्तधूमनिवृत्तियोगित्वाद्ध्रदो वैधर्म्यदृष्टान्त इति भावः । साध्यं व्यापकं भवति साधनन्तु व्याप्यं, व्यापकञ्च व्याप्यसद्भावेऽसद्भावे च भवति, व्याप्यन्तु व्यापकसद्भाव एव । तथा च तत्सत्ताप्रयुक्ततत्सत्तायोगिदृष्टान्तप्रतिपादकं वचनं साधर्म्योदाहरणमित्येकम् । व्यापकस्य निवृत्तिर्व्याप्यं भवति, व्याप्यस्य निवृत्तिश्च व्यापकं भवति तथा च तन्निवृत्तिप्रयुक्ततन्निवृत्तियोगिदृष्टान्तप्रतिपादकं वचनं वैधर्म्योदाहरणमित्यपरं पर्यवसन्नम् । तदुक्तं "व्याप्यव्यापकभावो हि भावयोर्यादृगिष्यते । स एव विपरीतस्तु विज्ञेयस्तदभावयोः" इति ॥

વળી જે વિશિષ્ટ ક્ષયોપશમનો અભાવ હોવાથી, પ્રતિજ્ઞાપક્ષ અને હેતુનો પ્રયોગ હોવા છતાં પૂર્વે ગ્રહણ કરેલ વ્યાપ્તિનું સ્મરણ કરી શકતો નથી, તે પ્રતિપાદ્ય પ્રત્યે દૃષ્ટાન્તના વચનની આવશ્યકતા હોઈ દૃષ્ટાન્તના સ્વરૂપનું કથન.

ભાવાર્થ – 'દૃષ્ટાન્તબોધક શબ્દનો પ્રયોગ 'ઉદાહરણ' સાધર્મ્યથી કે વૈધર્મ્યથી વ્યાપ્તિસ્મરણનું સ્થાન દૃષ્ટાન્ત. જેમ કે-મહાનસ વગેરે અને હ્રદ વગેરે.

વિવેચન – કહેવાતા લક્ષણવાળા દૃષ્ટાન્તનું પ્રતિપાદન કરનારું વચન 'ઉદાહરણ' કહેવાય છે.

○ ખરેખર, વ્યાપ્તિ બે પ્રકારની છે. (૧) અન્તર્વ્યાપ્તિ અને (૨) બહિર્વ્યાપ્તિ. (૧) અન્તર્વ્યાપ્તિ=પક્ષરૂપે બનાવેલ વિષયમાં જ સાધનની સાધ્ય સાથેની વ્યાપ્તિ 'અન્તર્વ્યાપ્તિ.' (૨) બહિર્વ્યાપ્તિ=પક્ષથી બહાર રહેલ દૃષ્ટાન્ત આદિમાં સાધ્ય સાથે સાધનની વ્યાપ્તિ 'બહિર્વ્યાપ્તિ.' મતલબ કે-પૂર્વોક્ત બહિર્વ્યાપ્તિનું સ્મરણ જ્યાં થાય છે, તે 'દૃષ્ટાન્ત' કહેવાય છે.

○ કોઈ એક પ્રમાતાને દૃષ્ટાન્તમાં દેખેલ બહિર્વ્યાપ્તિના બળથી અન્તર્વ્યાપ્તિની પ્રતિપત્તિ થાય છે. આ પ્રમાણે સ્વાર્થાનુમાનમાં પણ ક્વચિત્ દૃષ્ટાન્તને અંગ માનેલ છે.

० તેના ભેદને જણાવવા કહે છે કે-'साधर्म्यतो वैधर्म्यतो वा' ઇતિ. સાધનધર્મની હાજરીથી જન્ય સાધ્યધર્મની સત્તારૂપ અન્વયથી કે સાધ્યના અભાવની સત્તાથી, પ્રયુક્ત સાધનના અભાવની સત્તારૂપ વ્યતિરેક(વૈધર્મ્ય)થી બહિર્વ્યાપ્તિના સ્મરણનું સ્થાન 'દૃષ્ટાન્ત.'

० દૃષ્ટાન્તને કહે છે કે-ધૂમની સત્તાથી પ્રયુક્ત વહ્નિના યોગવાળું હોવાથી રસોડું સાધર્મ્ય દૃષ્ટાન્ત છે.

० વહ્નિના અભાવથી જન્ય ધૂમના અભાવવાળો હોઈ સરોવર વૈધર્મ્ય દૃષ્ટાન્ત.

० સાધ્ય વ્યાપક હોય છે, જ્યારે સાધન તો વ્યાપ્ય હોય છે. વળી વ્યાપક તો વ્યાપ્યની હાજરીમાં કે ગેરહાજરીમાં હોય છે, જ્યારે વ્યાપ્ય તો વ્યાપકની હાજરીમાં જ હોય છે. મતલબ કે-તે વ્યાપ્ય સત્તા પ્રયુક્ત તે વ્યાપક સત્તાવાળા દૃષ્ટાન્તનું પ્રતિપાદક વચન સાધર્મ્ય ઉદાહરણ.

० વ્યાપકનો (વહ્નિનો) અભાવ, વ્યાપ્ય બને છે અને વ્યાપ્યનો (ધૂમનો) અભાવ વ્યાપક બને છે. તથાચ તે વ્યાપકના અભાવથી જન્ય તે વ્યાપ્યના અભાવવાળા દૃષ્ટાન્તનું પ્રતિપાદક વચન વૈધર્મ્ય ઉદાહરણ.

કહ્યું છે કે - "ખરેખર, વ્યાપ્યવ્યાપકભાવ બંને ભાવમાં જેવો મનાય છે, તે જ વ્યાપ્યવ્યાપકભાવ, તે બંનેના અભાવમાં વિપરીત જ જાણવો."

यस्तु दार्ष्टान्तिके हेतुं योजयितुं न जानीते तं प्रत्युपनयस्यावश्यकत्वात्तत्स्वरूपमाह —

दृष्टान्तप्रदर्शितसाधनस्य साध्यधर्मिण्युपसंहारवचनं उपनयः । यथा तथा चायमिति ॥ ४२ ॥

दृष्टान्तेति । साधनधर्मप्रयुक्तसाध्ययोगिनि साध्यधर्मनिवृत्तिप्रयुक्तसाधनधर्मनिवृत्तियोगिनि वा दृष्टान्ते प्रदर्शितस्य हेतोस्साध्यधर्मिणि य उपसंहारो योजना तत्प्रतिपादकं वचनमुपनीयते साध्यधर्मिण्युपसंह्रियते व्याप्तिविशिष्टो हेतुर्येन वचनेनेत्युपनयो दृष्टान्ते साध्येन सह दृष्टस्य हेतोस्साध्यधर्मिण्यनुसन्धानवचनमिति भावार्थः, साध्यधर्मिण्युपसंहारवचनमन्यस्यापि सम्भवतीति साधनस्येत्युक्तम्, दृष्टान्तप्रदर्शितसाधनस्यान्यत्राप्युसंहारवचनं तथा स्यादिति साध्यधर्मिणीत्युक्तम् । साध्यधर्मिणि गृहीताविनाभावस्य साधनस्य प्रतिपादकं हेतुवचनमपीति दृष्टान्तप्रदर्शितसाधनस्येत्युक्तम् । उपनयस्य दृष्टान्तमाह यथेति ॥

જે દાર્ષ્ટાન્તિકમાં-સાધ્યધર્મીમાં હેતુને જોડવાનું જાણી શકતો નથી, તેના પ્રત્યે ઉપનયની આવશ્યકતા હોઈ ઉપનયના સ્વરૂપનું કથન.

ભાવાર્થ – "દૃષ્ટાન્તમાં પ્રદર્શિત સાધનનું સાધ્યના ધર્મીમાં ઉપસંહારનું વચન, એ 'ઉપનય.' જેમ કે-સાધ્યવહ્નિ પક્ષ-પર્વતમાં છે, તેમ આ ધૂમ પક્ષ-પર્વતમાં છે."

विवेचन – साधनधर्मथी प्रयुक्त साध्यना योगवाळा अथवा साध्यधर्मना अभावथी प्रयुक्त साधनभूत धर्मना अभावना योगवाळा दृष्टान्तमां, प्रदर्शित हेतुनो साध्यधर्मीमां जे उपसंहार-योजना छे, तेनुं प्रतिपादक वचन अर्थात् जे वचनथी व्याप्तिविशिष्ट हेतु साध्यधर्मीमां उपनीतकराय-उपसंहाराय, ते वचन 'उपनय.' दृष्टान्तमां साध्यनी साथे देखेल हेतुनुं साध्यधर्मीमां अनुसंधानरूप वचन.

○ **पदकृत्य** – साध्यधर्मीमां उपसंहारवचन बीजानुं पण संभवी शके छे, माटे 'साधननुं' एम कहेलुं छे.

दृष्टान्तप्रदर्शित साधननुं बीजे पण उपसंहारवचन ते प्रकारे थाय, माटे 'साध्यधर्मीमां'-एम कहेल छे.

○ साध्यधर्मीमां जेनो अविनाभाव ग्रहण करेल छे, एवा साधननुं प्रतिपादक हेतुवचन पण उपसंहारवचन थई जाय, 'माटे दृष्टान्तप्रदर्शित साधन'नुं—एम कहेल छे.

दार्ष्टान्तिके हेतुं योजयित्वापि यस्साकांक्षस्तं प्रति निगमनस्यावश्यकत्वात्तत्स्वरूपमाह –

साध्यधर्मस्य धर्मिण्युपसंहारवचनं निगमनम् । यथा तस्मात्तथेति ॥ इति सद्धेतुनिरूपणम् ॥ ४३ ॥

साध्यधर्मस्येति । साध्यधर्मस्य वह्न्यादेतद्धर्मिणि पर्वतादौ येन वचनेनोपसंहरणं तद्वचनं निगम्यन्ते प्रतिज्ञाहेतूदाहरणोपनयार्था अनेनेति निगमनमित्यर्थः । तत्र दृष्टान्तमाह तस्मादिति वह्निव्याप्यधूमवत्त्वादित्यर्थः तथा-पर्वतो वह्निमानित्यर्थः । एते नान्तरीयकत्वप्रतिपादका वाक्यैकदेशरूपाः पञ्चावयवाः प्रदर्शिता इत्याशयेनाहेतीति, इत्थमित्यर्थः, सद्धेतुनिरूपणं व्याप्तिविशिष्टहेतुनिरूपणमित्यर्थः ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-
विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**
व्याख्यायां सद्धेतुनिरुपणंनाम
चतुर्थः किरणः

दार्ष्टान्तिकमां-जेने दृष्टान्त लागु होय ते पक्षमां हेतुनी योजना थई, छतां जे आकांक्षावाळो छे (आटलुं बधुं कहेवाथी शुं थयुं के शो नीचोड आव्यो ?-आवी आंकाक्षावाळो छे), तेना प्रत्ये निगमनी आवश्यकता होवाथी ते निगमनना स्वरूपनुं वर्णन.

भावार्थ – "साध्यधर्मनुं धर्मीमां उपसंहारवचन, ए 'निगमन.' जेम के-तेथी आ पर्वतमां अग्नि छे."आ प्रमाणे 'सद्धेतुनिरुपणम् ।'

विवेचन – साध्यधर्मરૂપ વહ્નિ આદિનો, તે સાધ્યધર્મના ધર્મી પર્વત આદિમાં જે વચનથી ઉપસંહાર, તે વચન પ્રતિજ્ઞા-હેતુ-ઉદાહરણ-ઉપનયના અર્થો, જેના વડે ઉપસંહૃત કરાય, તે નિગમન. ત્યાં દૃષ્ટાન્તને કહે છે કે 'तस्मादि'ति । તેથી =વહ્નિ વ્યાપ્યધૂમવાન હોવાથી તથા એટલે પર્વત વહ્નિવાળો છે.

○ આ નાન્તરીયકત્વ-અવિનાભાવના પ્રતિપાદન કરનારા વાક્યના એકદેશરૂપ પાંચ અવયવો પ્રદર્શિત કરેલ છે. આ પ્રમાણે સદ્‌હેતુનિરૂપણ=વ્યાપ્તિવિશિષ્ટ હેતુનિરૂપણ પૂર્ણ થાય છે.

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'तत्त्वन्यायविभाकर'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં 'સદ્‌હેતુ નિરૂપણ' નામનું ચોથું કિરણ સમાપ્ત થયેલ છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિએ** તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **ચોથા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

● ● ●

अथ पञ्चमः किरणः

अथ हेतुप्रसङ्गाद्धेत्वाभासान्निरूपयितुमुपक्रमते –

असिद्धविरुद्धानैकान्तिकास्त्रयो हेत्वाभासाः ॥ १ ॥

असिद्धेति । हेत्वाभासा इति हेतुवदाभासन्त इति हेत्वाभासाः, दुष्टहेतव इत्यर्थः, हेतुस्वरूपस्य निश्चितव्याप्तिमत्त्वस्याप्रतीतिविपर्याससंदेहैः पञ्चम्यन्तत्वेन च हेतोरिवाभासमानत्वादसिद्धादीनां हेत्वाभासत्वमवसेयम् । त्रय इति संख्यान्तरव्यवच्छेदाय, तेन बाधसत्प्रतिपक्षयोर्हेत्वाभासत्वव्यवच्छेदः । बाधस्य पक्षदोषेष्वन्तर्भावात् । सत्प्रतिपक्षस्य दोषत्वासम्भवाच्च[1] । यथोक्तलक्षणेऽनुमाने प्रयुक्तेऽदूषितेऽनुमानान्तरस्यासम्भवात् । तुल्यबले साध्यतद्विपर्ययसाधकहेतुद्वये सत्यपि तत्र प्रकृतसाध्यसाधनयोर्व्याप्तिनिश्चयेऽसिद्ध एवान्तर्भावसम्भवाच्च । अत्रेदम्बोध्यमनेकान्तविरुद्धबुद्धिभिरुपन्यस्यमानास्सर्व एव हेतवोऽसिद्धा इत्येकविध एव हेत्वाभास इति श्रीसिद्धसेनदिवाकरसूरयः । विरुद्ध एवेति विरुद्ध एक एवेति मल्लवादिनः, समन्तभद्राचार्यास्तु तेऽनैकान्तिका इति स एव हेत्वाभास इत्याहुः, शिष्टानां तत्रैवान्तर्भावात् तदुक्तं 'असिद्धस्सिद्धसेनस्य विरुद्धो मल्लवादिनः । द्वेधा[2] समन्तभद्रस्य हेतुरेकान्तसाधने ॥" इति, तदिदमिष्टमपि नितरां संक्षिप्ततया शिष्यमतिविकासनाय

---

१. नित्यश्शब्दोऽनुपलभ्यमानानित्यधर्मकत्वात् अनित्यश्शब्दोऽनुपलभ्यमाननित्यधर्मकत्वादित्यत्र सत्प्रतिपक्षता वक्तव्या सा च न सम्भवति, अनुपलभ्यमाननित्यधर्मकत्वस्य पक्षेऽसत्त्वेऽसिद्धेरेव दोषत्वात्, साध्यधर्मान्वितधर्मिणि तत्सिद्धौ गमकत्वमेव स्यात्, अविनाभावसत्त्वात् पश्चात्तत्र साध्यं सिद्धयति नेदानीमिति चेत्तर्हि विरुद्धता स्यात्, इदानीमत्र संदेहस्साध्यस्येति चेदनैकान्तिकत्वं, न च पक्षान्तर्भावेण व्यभिचारो न दोषः विपक्षव्यावृत्तस्य सपक्षे पक्षे च सत एव गमकत्वादिति वाच्यम्, पक्षान्तर्भावेण व्याप्त्य निश्चये धर्म्यन्तर एव स्वसाध्येन व्याप्तिनिश्चये पक्षे हेतुसत्त्वेऽपि स्वसाध्यासाधकत्वापत्तेः तत्र व्याप्तेरग्रहणादिति न सत्प्रतिपक्षो दोष इति भावः ॥ २. अनैकान्तिक इत्यर्थः ।

तत्स्वरूपप्रदर्शनस्यावश्यकतयाऽत्र त्रैविध्यमादर्शितम्, केचिच्च तीर्थान्तरीयोपन्यस्तहेतुषु प्रत्येकं दोषत्रयं मन्यन्ते यथा अनित्य एव शब्दः कृतकत्वादित्यादौ कृतकत्वमसिद्धं, एकान्तानित्ये तदसम्भवात् । नित्यानित्यात्मकस्यैव कृतकत्वसम्भवात् । एकान्तानित्य-विपरीतनित्यानित्यात्मकस्यैव शब्दस्य साधकत्वेन विरुद्धम् । विपक्षेऽपि नित्ये वर्त्तमान-त्वाच्चानैकान्तिकमपीति ॥ अकिञ्चित्करोऽपि न हेत्वाभासान्तरं तद्धि सिद्धसाधनरूपं बाधित-विषयरूपञ्च, द्विविधमपीदमप्रयोजकापराभिधानं पक्षदोषेष्वेवान्तर्गतम् । न च यत्र पक्षदोषस्तत्रावश्यं हेतुदोषोऽपि वाच्य इति वाच्यं तथा सति दृष्टान्तादिदोषस्याप्यवश्यं वाच्यत्वापत्तेरिति ॥

આભાસનિરૂપણ નામક પંચમ કિરણ

હેતુપ્રસંગથી હેત્વાભાસોના નિરૂપણનો ઉપક્રમ કરે છે.

ભાવાર્થ – "અસિદ્ધ, વિરૂદ્ધ અને અનૈકાન્તિક-એમ ત્રણ હેત્વાભાસો છે."

વિવેચન – હેતુ નથી પણ હેતુની માફક ભાસે છે. અર્થાત્ દુષ્ટ હેતુઓ 'હેત્વાભાસો' કહેવાય છે. નિશ્ચિત વ્યાપ્તિરૂપ હેતુસ્વરૂપની અપ્રતીતિ, વિપર્યાસ તથા સંદેહથી અને પંચમી વિભક્તિનું અંતપણું હોઈ, હેતુની માફક આભાસમાન હોવાથી અસિદ્ધ આદિનું હેત્વાભાસપણું જાણવું.

○ 'ત્રણ'-એવું કથન બીજી સંખ્યાના વ્યવચ્છેદ માટે છે, તેથી બાધ અને સત્પ્રતિપક્ષમાં હેત્વાભાસપણાનો વ્યવચ્છેદ : કેમ કે-બાધનો અંતર્ભાવ પક્ષના દોષોમાં છે. સપ્રતિપક્ષમાં તો દોષપણાનો અસંભવ છે. પૂર્વે કહેલ લક્ષણવાળા અનુમાનનો પ્રયોગ અદૂષિત હોયે છતે બીજા અનુમાનનો અસંભવ છે, કેમ કે-સમાન બળવાળા સાધ્ય અને સાધ્યાભાવના સાધક બે હેતુઓ હોયે છતે પણ, ત્યાં પ્રકૃત સાધ્ય-સાધનની વ્યાપ્તિનો અનિશ્ચય હોયે છતે, અસિદ્ધમાં જ (સત્પ્રતિપક્ષનો) અંતર્ભાવનો સંભવ છે. અહીં આ જાણવું કે-અનેકાન્તવિરૂદ્ધ બુદ્ધિવાળાઓએ મૂકેલા 'સઘળા હેતુઓ અસિદ્ધ જ છે. આમ એક પ્રકારનો જ હેત્વાભાસ છે, એમ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીનો મત છે. 'વિરૂદ્ધ જ હેત્વાભાસ છે.' 'એક વિરૂદ્ધને જ હેત્વાભાસ તરીકે માનનાર મલ્લવાદીસૂરિ છે.' સમન્તભદ્રાચાર્ય તો 'દુષ્ટ હેતુઓ જ અનૈકાન્તિક જ હોય છે.' તે અનૈકાન્તિકને જ હેત્વાભાસરૂપે માને છે. બાકીના બધા હેત્વાભાસો તેમાં જ અંતર્ગત થાય છે. કહ્યું છે કે–"સિદ્ધસેનનો અસિદ્ધ, મલ્લવાદીનો વિરૂદ્ધ અને અનૈકાન્તિક સમન્તભદ્રનો હેતુ એકાન્ત સાધનામાં છે." તેથી આ ઇષ્ટ હોવા છતાં અત્યંત સંક્ષેપરૂપ હોઈ, શિષ્યમતિના વિકાસ કરવા માટે તેના સ્વરૂપના પ્રદર્શનની આવશ્યકતા હોઈ અહીં હેત્વાભાસોના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે. [શબ્દ નિત્ય છે, કેમ કે-અનિત્યધર્મની ઉપલબ્ધિનો અભાવ છે. (૨) અહીં જે સત્પ્રતિપક્ષપણું કહેવાનું છે તે ઘટતું નથી, કેમ કે-પક્ષમાં હેતુનું અસત્ત્વ હોઈ અસિદ્ધ જ દોષરૂપ છે. સાધ્યધર્મ વિશિષ્ટ ધર્મીપક્ષમાં હેતુની સિદ્ધિ હોયે છતે હેતુમાં ગમકપણું જ થાય ! અવિનાભાવની સત્તાથી પછી ત્યાં સાધ્ય સિદ્ધ થાય છે. હમણાં નહીં-એમ જો છે, તો વિરૂદ્ધતા થાય ! હમણાં અહીં સાધ્યનો સંદેહ છે-એમ જો છે, તો અનૈકાન્તિકતા થાય ! 'પક્ષમાં

અંતર્ભાવની અપેક્ષાએ વ્યભિચાર દોષરૂપ નથી, કેમ કે-વિપક્ષથી વ્યાવૃત્ત સપક્ષમાં અને પક્ષમાં વિદ્યમાન જ હેતુમાં ગમકપણું છે.'-એમ નહીં બોલવું; કેમ કે-પક્ષના અંતર્ભાવદ્વારા વ્યાપ્તિનો અનિશ્ચય હોયે છતે, બીજા ધર્મીમાં જ સ્વસાધ્યની સાથે વ્યાપ્તિ નિશ્ચય થવા છતાં, પક્ષણાં હેતુનું સત્ત્વ છતાં સ્વસાધ્યની અસાધકતાની આપત્તિ છે. ત્યાં વ્યાપ્તિનું ગ્રહણ નહીં હોવાથી સત્પ્રતિપક્ષ દોષ નથી.] વળી કેટલાક, અન્યદર્શનીઓએ સ્થાપેલ હેતુઓમાં દરેકમાં ત્રણ દોષ માને છે. જેમ કે-શબ્દ અનિત્ય જ છે, કેમ કે-કૃતક છે. ઇત્યાદિમાં કૃતકત્વ અસિદ્ધ છે, કેમ કે-એકાન્ત અનિત્યમાં તેનો અસંભવ છે. નિત્ય-અનિત્ય આત્મકમાં કૃતકત્વનો સંભવ છે. એકાન્ત અનિત્યથી વિપરીત નિત્ય-અનિત્ય આત્મક જ શબ્દનું જ સાધકપણું હોઈ વિરૂદ્ધ છે. વિપક્ષ એવા નિત્યમાં પણ વર્તમાનપણું હોવાથી અનૈકાન્તિક (વ્યભિચારી) પણ છે ઇતિ.

'ધર્મભૂષણે' કહેલ અકિંચિત્કર નામક જુદો હેત્વાભાસ નથી. ખરેખર, તે અકિંચિત્કર, સિદ્ધસાધનરૂપે અને બાધિત વિષયરૂપે બે પ્રકારનો પણ આ હેત્વાભાસ, અપ્રયોજક એવા બીજા નામવાળો છે-પક્ષગત દોષોમાં જ અંતર્ગત છે. અર્થાત્ સિદ્ધસાધનરૂપ અકિંચિત્કર પ્રતીતનામક પક્ષાભાસથી અભિન્ન છે. બાધિત વિષયરૂપ અકિંચિત્કર, નિરાકૃતનામક પક્ષાભાસથી અભિન્ન છે, માટે આ હેતુદોષ નથી. તેથી હેત્વાભાસો ચાર પ્રકારના નથી.

○ 'જ્યાં પક્ષદોષ છે, ત્યાં અવશ્ય હેતુદોષ પણ કહેવો'-એવું નહીં બોલવું, કેમ કે-જો એમ માનવામાં આવે, તો દૃષ્ટાન્ત આદિ દોષની પણ અવશ્ય વાચ્યતાની આપત્તિ આવશે.

अधुनाऽसिद्धं लक्षयति –

हेतुस्वरूपाप्रतीतिप्रयुक्ताप्रतीतव्याप्तिको हेतुरसिद्धः ॥ २ ॥

हेतुस्वरूपेति । अप्रतीतव्याप्तिको हेतुरिति हेतोः सत्त्वस्यासिद्धौ संदेहे वाऽप्रतीतव्याप्तिक इत्यर्थो न तु व्याप्तेर्वैपरीत्येन निश्चयात् संशयाद्वाऽप्रतीतव्याप्तिकस्तादृशस्य विरुद्धानैकान्तिकत्वात् तदेतत्सूचयितुं हेतुस्वरूपाप्रतीतिप्रयुक्तेति विशेषणम् । यत्र सत्त्वं नास्ति तस्य संशयो वा स हेतुरेव न भवति तथा च तादृग्वस्तु हेतुत्वलक्षणविरहादसिद्धं, न तु पक्षधर्मत्वाभावात् । नहि पक्षधर्मत्वं हेतोर्लक्षणमन्यथानुपपत्तिबलेन तदभावेऽप्यनुमानाद्धेतुत्वस्य पूर्वमुपदर्शितत्वात् । यथा नित्यश्शब्दश्चाक्षुषत्वादित्यादौ व्याप्तित्वरूपलक्षणविरहाच्चाक्षुषत्वमसिद्धं, स्वरूपाप्रतीतिश्चात्रासत्त्वात् । तथा बाष्पादिभावेन सन्दिह्यमानो धूमो वह्निसिद्धौ प्रयुज्यमानोऽसिद्ध उच्यते तत्र संदिग्धसत्त्वेन व्याप्त्यभावादिति ॥

असिद्ध हेत्वाभासनुं लक्षण

ભાવાર્થ – "હેતુસ્વરૂપની અપ્રતીતિજન્ય અપ્રતીત વ્યાપ્તિવાળો હેતુ 'અસિદ્ધ' છે.

વિવેચન – 'અપ્રતીત વ્યાપ્તિવાળો હેતુ'-આ પ્રમાણે હેતુના સત્ત્વની અસિદ્ધિમાં કે સંદેહમાં 'અપ્રતીત વ્યાપ્તિવાળો' આવો અર્થ છે. નહીં કે વ્યાપ્તિની વિપરીતતાવડે નિશ્ચયથી કે સંશયથી અપ્રતીત વ્યાપ્તિક.

પરંતુ તેવો તો વિરૂદ્ધ અને અનૈકાન્તિક પણ હોય છે. આ સૂચન કરવા માટે 'हेतुस्वरूपाप्रतीतिप्रयुक्त ।' એવું વિશેષણ છે. જ્યાં સત્ત્વ નથી અથવા તેનો સંશય, તે હેતુ જ થતો નથી. તથાચ તેવી વસ્તુ હેતુપણાના લક્ષણના અભાવથી અસિદ્ધ છે, પરંતુ પક્ષધર્મતાના અભાવથી નહીં, કેમ કે-પક્ષધર્મત્વ હેતુનું લક્ષણ નથી. તેથી અન્યથાનુપપત્તિના બળથી તે પક્ષધર્મતાના અભાવમાં પણ અનુમાનથી હેતુપણું પહેલાં ઉપદર્શિત છે. હેતુસ્વરૂપની અપ્રતીતિ પુરુષભેદની અપેક્ષાએ અજ્ઞાનથી, સંશયથી કે વિપર્યયથી થાય છે. જેમ કે-શબ્દ નિત્ય છે, કેમ કે-ચાક્ષુષ છે. ઇત્યાદિ હેતુમાં વ્યાપ્તિત્વરૂપ લક્ષણના અભાવથી ચાક્ષુષત્વ અસિદ્ધ છે. અહીં સ્વરૂપની અપ્રતીતિ અસત્ત્વથી છે તથા બાષ્પ (વરાળ) આદિ ભાવથી સંદેહવિષય થતો ધૂમ તેમજ વહ્નિની સિદ્ધિમાં પ્રયોગવિષય થતો ધૂમ અસિદ્ધ કહેવાય છે, કેમ કે-ત્યાં સંદિગ્ધ સત્ત્વથી વ્યાપ્તિનો અભાવ છે. (જે હેતુની કોઈ પણ પ્રમાણથી અન્યથાઽનુપપત્તિ પ્રતીત થતી નથી, તે અસિદ્ધ છે.)

तस्य प्रभेदमाह –

स द्विविधो वादिप्रतिवाद्युभयासिद्धोऽन्यतरासिद्धश्चेति । तत्राद्यो यथा शब्दोऽनित्यश्चाक्षुषत्वादिति, अत्र शब्दस्य चाक्षुषत्वं नोभयस्य सिद्धम् ॥ ३ ॥

स इति । असिद्ध इत्यर्थः, वादीति, वाद्यपेक्षया प्रतिवाद्यपेक्षया चासिद्ध इत्यर्थः । अन्यतरेति वाद्यपेक्षया प्रतिवाद्यपेक्षया वेत्यर्थः । पूर्वपक्षं विदधानो वादी, उत्तरपक्षमवलम्बमानः प्रतिवादी, प्रथमभेदस्य दृष्टान्तमाह तत्राद्य इति, चक्षुषा ग्राह्यश्चाक्षुषस्तस्य भावश्चाक्षुषत्वं तस्मादिति विग्रहश्चक्षुर्जन्यज्ञानविषयत्वं तदर्थः, तच्च नित्यत्ववादिनोऽनित्यत्ववादिनो वा कस्यापि शब्दे न सम्मतमिति वादिप्रतिवाद्युभयापेक्षोऽयमसिद्ध इति भावः ॥

असिद्ध भेदकथन

ભાવાર્થ – "તે અસિદ્ધ બે પ્રકારનો છે. (૧) વાદી-પ્રતિવાદી ઉભય અસિદ્ધ અને (૨) અન્યતર અસિદ્ધ. ત્યાં પ્રથમ, જેમ કે-શબ્દ અનિત્ય છે, કેમ કે-ચાક્ષુષ છે. અહીં શબ્દમાં ચક્ષુરિન્દ્રિય ગ્રાહ્યત્વરૂપ ચાક્ષુષત્વ ઉભયને અસિદ્ધ છે."

વિવેચન – 'स इति,' તે અસિદ્ધ. 'वादीति' -વાદીની અપેક્ષાએ અને પ્રતિવાદીની અપેક્ષાએ અસિદ્ધ. 'अन्यतरेति'-વાદીની અપેક્ષાએ કે પ્રતિવાદીની અપેક્ષાએ અર્થાત્ બેમાંથી કોઈ એકની અપેક્ષાએ પૂર્વપક્ષ કરનારો 'વાદી' કહેવાય છે અને ઉત્તરપક્ષ કરનારો 'પ્રતિવાદી' કહેવાય છે. પ્રથમ ભેદના દૃષ્ટાન્તને કહે છે કે 'तत्राद्य' ઇતિ. ચક્ષુથી ગ્રહણયોગ્ય ચાક્ષુષ અને તેનો ભાવ ચાક્ષુષત્વ. તેથી 'ચાક્ષુષત્વથી' આવો વિગ્રહ છે. અર્થાત્ ચક્ષુરીન્દ્રિયજન્યજ્ઞાનવિષયત્વ 'ચાક્ષુષત્વ' જાણવું. વળી તે ચાક્ષુષત્વ નિત્યત્વવાદી કે અનિત્યત્વવાદી કોઈને પણ શબ્દમાં સંમત નથી. એટલે વાદી-પ્રતિવાદી એમ બંનેની અપેક્ષાએ આ ચાક્ષુષત્વ અસિદ્ધ છે. (શબ્દમાં શ્રાવણત્વ ઉભયવાદી સિદ્ધ છે.)

अथ वाद्यसिद्धमाह –

वाद्यसिद्धो यथा शब्दः परिणामी उत्पत्तिमत्त्वादिति । अत्र शब्दस्योत्पत्तिमत्त्वं वादिनस्सांख्यस्यासिद्धम् ॥ ४ ॥

वाद्यसिद्ध इति । इदं प्रतिवादिनोऽनुमानम् । सङ्गमयति अत्रेति, सांख्यस्यासिद्धमिति, तन्मतेऽसत उत्पत्त्यभावात्सतश्च विनाशाभावादुत्पादविनाशयोराविर्भावतिरोभावरूपेण प्राग-भावप्रतियोगिमत्त्वरूपमुत्पत्तिमत्त्वमसिद्धमिति । ननु विशेष्यविशेषणव्यर्थविशेष्यव्यर्थविशेषणा-सिद्धास्स्वरूपासिद्धो व्यधिकरणासिद्धादयश्च कथं न हेत्वाभासत्वेनोक्ता इति चेदुच्यते विशेष्यविशेषणव्यर्थविशेषणासिद्धा वादिनः प्रतिवादिनो वोभयोर्वा भविष्यन्तीति तेषां तत्रैवान्तर्भावः । स्वरूपासिद्धः स्वरूपं असिद्धं यस्य सो स्वरूपासिद्धः स्वरूपेणासिद्ध इति वा यथाऽनित्यः शब्दश्चाक्षुषत्वादिति, नायं व्यधिकरणासिद्धः रूपस्य चाक्षुषत्वादित्यनुक्तत्वात् । एवञ्चायं वस्तुतो न हेत्वाभासः तस्य हेतुस्वरूपत्वाभावादेवागमकत्वात् । व्यधिकरणासिद्धो[१] न वस्तुतो हेतुदोषः, विभिन्नाश्रयस्यापि उदेष्यति शकटं कृत्तिकोदयादित्यादेर्गमकत्वप्रतीतेः, एवमन्यत्रापि[२] भाव्यम् ॥

વાદી અસિદ્ધનું કથન

ભાવાર્થ – "વાદી અસિદ્ધ, જેમ કે-શબ્દ પરિણામી છે, કેમ કે-ઉત્પત્તિ છે. અહીં શબ્દની ઉત્પત્તિ વાદીસાંખ્યને અસિદ્ધ છે."

વિવેચન – 'वाद्यसिद्ध' इति । આ પ્રતિવાદીનું અનુમાન છે. સંગત કરે છે કે - 'अत्रेति, सांख्यस्यासिद्ध'मिति । સાંખ્યવાદીના મતમાં અસત્‌ની ઉત્પત્તિનો અભાવ અને સત્‌ના વિનાશનો અભાવ હોઈ, આવિર્ભાવ તિરોભાવરૂપ પ્રાગભાવ પ્રતિયોગીમત્વરૂપ ઉત્પત્તિમત્વ અસિદ્ધ છે.

શંકા – વિશેષ્ય-વિશેષણ-વ્યર્થવિશેષ્ય-વ્યર્થવિશેષણાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ, વ્યધિકરણ અસિદ્ધ આદિને કેમ હેત્વાભાસરૂપે કહેલા નથી ?

સમાધાન – વિશેષ્ય-વિશેષણ-વ્યર્થવિશેષ્ય-વ્યર્થવિશેષણાસિદ્ધો છે. વાદી કે પ્રતિવાદી કે ઉભય અસિદ્ધોમાં તેઓનો અંતર્ભાવ થાય છે. સ્વરૂપાસિદ્ધ=અસિદ્ધ સ્વરૂપવાળો કે સ્વરૂપે અસિદ્ધ, જેમ કે-શબ્દ અનિત્ય છે, કેમ કે-ચાક્ષુષ છે. આ વ્યધિકરણ અસિદ્ધ નથી, કેમ કે-રૂપ આદિના અધિકરણપણાએ

---

१. अविनाभावस्यैव गम्यगमकभावनिबन्धनत्वं न सामानाधिकरण्यस्य, तदभावेऽप्यनुमितिदर्शनादित्याह व्यधिकरणेति, तत्सत्त्वेऽपि स श्यामो मित्रातनयत्वादित्यादेरगमकत्वादिति भावः ॥ २. अन्यत्रापि भागासिद्ध-संदिग्धासिद्धादावपीत्यर्थः, एषामुभयस्यान्यतरस्य वाऽसिद्धत्वादुक्तेष्वन्तर्भाव इति भावः । पक्षतावच्छेदको हेतुर्न हेत्वाभासः, प्रमाणं स्वपरव्यवसायिज्ञानमेव भवति, प्रमाणत्वान्यथानुपपत्तेरित्यादेर्गमकत्वादिति ॥

અપ્રતિપાદિત છે. વળી શબ્દરૂપી ધર્મીમાં કથિત ચાક્ષુષત્વ સ્વરૂપથી નથી માટે સ્વરૂપાસિદ્ધ છે. વળી આ પ્રમાણે આ સ્વરૂપાસિદ્ધ વસ્તુતઃ હેત્વાભાસ નથી, કારણ કે-તેમાં હેતુસ્વરૂપપણાનો અભાવ હોવાથી જ અગમક છે. વ્યધિકરણાસિદ્ધ=જેમ કે-શબ્દ અનિત્ય છે, કેમ કે-પટમાં કૃતકત્વ છે. જો કે શબ્દમાં કૃતકત્વ છે પરંતુ તથાપ્રતિપાદિત નથી, કેમ કે-અન્યત્ર પ્રતિપાદિત અન્યત્ર સિદ્ધ થતું નથી. વ્યધિકરણાસિદ્ધ (અવિનાભાવમાં જ ગમ્યગમકભાવનું નિબંધનપણું છે, સામાનાધિકરણ્યમાં નથી, કેમ કે-સામાનાધિકરણ્યના અભાવમાં પણ અનુમિતિનું દર્શન હોઈ કહે છે કે- વ્યધિકરણાસિદ્ધ તેનું સત્ત્વ છતાં તે શ્યામ છે, કેમ કે-મિત્રાતનય છે. ઇત્યાદિમાં અગમકપણું છે, એવો ભાવ છે.) વસ્તુતઃ હેતુદોષ નથી, કેમ કે-'શકટ(રોહિણી)નો ઉદય થશે; કેમ કે-કૃત્તિકાનો ઉદય છે.' ઇત્યાદિ ભિન્ન આશ્રયવાળામાં ગમકપણાની પ્રતીતિ છે. એ પ્રમાણે બીજા સ્થળમાં (અન્ય સ્થળે એટલે ભાગાસિદ્ધ-સંદિગ્ધ-અસિદ્ધ આદિમાં પણ) આ સર્વ અસિદ્ધોનો ઉદય કે અન્યતર અસિદ્ધ હોવાથી કથિત અસિદ્ધોમાં અંતર્ભાવ છે. વળી પક્ષતાવચ્છેદક (પક્ષધર્મ) હેતુ હેત્વાભાસરૂપ નથી. જેમ કે-સ્વ-પરવ્યવસાય જ્ઞાન જ પ્રમાણ થાય છે, કેમ કે-પ્રમાણત્વની અન્યથાનુપપત્તિ છે-ઇત્યાદિમાં ગમકપણું છે.

प्रतिवाद्यसिद्धं दर्शयति –

द्वितीये प्रतिवाद्यसिद्धो यथा वृक्षा अचेतना मरणहितत्वादिति । हेतुरयं वृक्षे जैनस्य प्रतिवादिनोऽसिद्धः, प्राणवियोगरूपमरणस्य स्वीकारात् ॥ ५ ॥

द्वितीय इति । अन्यतरासिद्धरूप इत्यर्थः, अस्य वादिप्रतिवाद्यन्तरापेक्षत्वेनान्ते प्रतिवाद्यसिद्धमाह प्रतिवाद्यसिद्ध इति, इदं वादिनो बौद्धस्यानुमानम्, मरणरहितत्वादिति विज्ञानेन्द्रियायुर्निरोधो मरणम् । सङ्गमयति हेतुरयमिति, हेतुमाह प्राणेति, द्रुमेष्वप्यागमे विज्ञानेन्द्रियायुषां प्रमाणतस्स्थापितत्वादिति भावः । ननु न सम्भवत्यस्य भेदस्य हेत्वाभासत्वं, प्रतिवाद्युद्भावितासिद्धिं विभाव्य तत्र वादिना प्रमाणेऽनुद्भाविते प्रमाणाभावादेवोभयोरसिद्धत्वात्, उद्भाविते चोभयोरेव तत्सिद्ध्याऽन्यतरासिद्धत्वासम्भवात् प्रमाणस्यापक्षपातित्वात् । न च यावत् प्रमाणानुद्भावनं तावदसिद्धमिति वाच्यम्, तथा सति गौणत्वापत्तेः, नहि रत्नादिपदार्थो यावत्तत्त्वतोऽप्रतीयमानस्तावन्तं कालं मुख्यतया तदाभासो भवति । यदि चान्यतरासिद्धो वस्तुतो हेत्वाभासस्तदा वादी निगृहीतः स्यात्ततः पश्चादनिग्रहो युक्तः, नवा हेतुसमर्थनं युक्तं निग्रहान्तत्वाद्वादस्येति चेन्मैवम्, सम्यग्धेतुत्वं प्रतिपद्यमानेनापि वादिना तत्समर्थनन्यायविस्मरणादिनिमित्तेन यदा हि प्रतिवादिनं बोधयितुं न शक्यते न स्वीक्रियते चासिद्धता तदान्यतरासिद्धत्वेनैव स निगृह्यते, एवं स्वानभ्युपगमतोऽपि परस्य सिद्ध इत्येतावतैवोपन्यस्यमानो हेतुरन्यतरासिद्धो भवतीति यथा सांख्यस्य जैनं प्रति, अचेतनाः सुखादय उत्पत्तिमत्त्वाद्धटवदिति ॥

પ્રતિવાદી અસિદ્ધનું દર્શન

ભાવાર્થ – "બીજામાં પ્રતિવાદી અસિદ્ધ, જેમ કે-વૃક્ષો અચેતન છે, કેમ કે-મરણરહિત છે. આ હેતુ વૃક્ષમાં પ્રતિવાદી જૈનને અસિદ્ધ છે, કેમ કે-પ્રાણવિયોગરૂપ મરણનો સ્વીકાર છે."

વિવેચન – અન્યતર અસિદ્ધમાં આ વાદી-પ્રતિવાદીમાંથી આદિમાં પ્રતિવાદી અસિદ્ધને છે. 'प्रतिवाद्यसिद्ध' ઇતિ. આ વાદી બૌદ્ધનું અનુમાન છે. 'मरणहितत्वादि'ति । વિજ્ઞાનનો-ઇન્દ્રિયોનો-આયુષ્યનો નિરોધ (અભાવ) મરણ કહેવાય છે. સંગમન કરે છે કે- 'हेतुरय्यमिति ।' હેતુને કહે છે કે - 'प्राणेति ।' પ્રતિવાદી જૈનોના આગમમાં પ્રતિવાદીના પ્રમાણના વિષયપણાએ વૃક્ષોમાં પણ વિજ્ઞાન-ઇન્દ્રિય-આયુષ્યને પ્રમાણથી સ્થાપિત કરેલ છે.

શંકા – આ ભેદમાં હેત્વાભાસપણું સંભવતું નથી, કેમ કે-પ્રતિવાદીએ ઉદ્ભાવિત અસિદ્ધિને વિચારી, ત્યાં વાદીએ પ્રમાણ અનુદ્ભાવિત કર્યે છતે, પ્રમાણના અભાવથી જ બંનેની અસિદ્ધિ છે : અને પ્રમાણ ઉદ્ભાવિત કર્યે છતે, બંનેમાં જ તેની સિદ્ધિ હોવાથી અન્યતર અસિદ્ધપણાનો અસંભવ છે; કેમ કે-પ્રમાણ પક્ષપાતી નથી. 'જ્યાં સુધી અનુદ્ભાવન, ત્યાં સુધી અસિદ્ધ છે'-એમ નહીં કહેવું, કેમ કે-જો તેમ માનવામાં આવે, તો ગૌણપણાની આપત્તિ છે. 'રત્ન આદિ પદાર્થ જ્યાં સુધી તત્ત્વથી અપ્રતીયમાન થાય, ત્યાં સુધી મુખ્યપણે તેનો આભાસ થાય છે' એવું નથી. વળી જો અન્યતર અસિદ્ધ વસ્તુતઃ હેત્વાભાસ છે, તો વાદી નિગૃહિત થાય ! નિગૃહિત પછીથી અભિગ્રહ, એવું કથન યુક્ત નથી. વળી પછીથી હેતુસમર્થન યુક્ત નથી, કેમ કે-વાદ નિગ્રહના અંતવાળો છે ને ?

સમાધાન – સમ્યગ્ હેતુપણાને સ્વીકારનાર (જાણનાર) પણ તે સમ્યગ્ હેતુપણાના સમર્થન (સાધક)-ન્યાયના વિસ્મરણ આદિના નિમિત્તથી, વાદી જ્યારે પ્રતિવાદીને સમજાવવા શક્તિમાન થતો નથી અને અસિદ્ધતાને સ્વીકારતો નથી, ત્યારે અન્યતર અસિદ્ધપણાએ જ અપ્રતિભાસમાન પણ હેતુમાં અસિદ્ધ હેતુ છે. આ પ્રમાણેનો વ્યવહાર થવાથી ગૌણ જ અસિદ્ધપણું છે. તેના બળથી આ હેત્વાભાસ મુખ્ય થઈ શકતો નથી. વળી પ્રતિજ્ઞાવિરોધ, પ્રતિજ્ઞાસંન્યાસ-પ્રતિજ્ઞાન્તર આદિ નિગ્રહસ્થાનોમાં હેત્વાભાસનું પણ પરિણમન થવાથી, અન્યતર અસિદ્ધરૂપ હેત્વાભાસરૂપ નિગ્રહસ્થાનની પ્રાપ્તિથી, નિગૃહિતવાદી તેના પરિહાર માટે ત્યાં પ્રમાણનો ઉપન્યાસ કરવા માટે યોગ્ય થતો નથી; કેમ કે-વાદ નિગ્રહ સુધી જ હોય છે. તે નિગૃહિત થાય છે. એ પ્રમાણે સ્વ અનભ્યુપગમથી પણ 'પરને સિદ્ધ છે.' આ પ્રમાણે આટલાથી જ સ્થાપન કરાતો હેતુ 'અન્યતર અસિદ્ધ' નિગ્રહસ્થાન થાય છે. ઇતિ વાદી અસિદ્ધિનું ઉદાહરણ. જેમ કે-ઘટ.સુખ વગેરે અચેતન છે, કેમ કે-ઉત્પત્તિ છે. જૈન વાદી સાંખ્યને ઉત્પત્તિમત્ત્વ અસિદ્ધ છે, કેમ કે-તેના મતમાં આવિર્ભાવનો જ સ્વીકાર છે.

सम्प्रति विरुद्धं लक्षयति –

साध्यधर्मविपरीतव्याप्तिको हेतुर्विरुद्धः । यथा शब्दो नित्यः कार्यत्वादिति, अत्र कार्यत्वमनित्यत्वव्याप्यम् ॥ ६ ॥

साध्यधर्मेति । केनचित्पुरुषेण साध्यधर्मविपरीतस्यैव व्याप्यो हेतुर्भ्रान्त्या साध्यव्याप्यत्वेनोपन्यस्यते तदा स साध्यधर्मविपरीतव्याप्तिकत्वाद्विरुद्ध इति भावः । दृष्टान्तमाह यथेति घटयति अत्रेति[1], अयं पक्षविपक्षव्यापको हेतुः । अत्र परैरष्टविधा विरुद्धभेदा उच्यन्ते यथा पक्षविपक्षव्यापकस्सपक्षावृत्तिः, पक्षव्यापको विपक्षैकदेशवृत्तिस्सपक्षावृत्तिश्च, पक्षविपक्षैकदेशवृत्तिस्सपक्षावृत्तिश्च पक्षैकदेशवृत्तिस्सपक्षावृत्तिर्विपक्षव्यापकश्च, पक्षविपक्षव्यापकोऽविद्यमानसपक्षश्च, पक्षविपक्षैकदेशवृत्तिरविद्यमानसपक्षश्च, पक्षव्यापको विपक्षैकदेशवृत्तिरविद्यमानसपक्षश्च, पक्षैकदेशवृत्तिर्विपक्षव्यापकोऽविद्यमानसपक्षश्चेति । आद्याश्चत्वारस्सति सपक्षे परे चत्वारश्चासति सपक्षे बोध्यास्तत्र प्रथमो यथा शब्दो नित्यः कार्यत्वादिति कार्यत्वं हि शब्दमात्रेऽनित्यघटादिमात्रे वर्त्तते नतु नित्य आकाशादौ । द्वितीयो यथा-नित्यश्शब्दस्सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्राह्यत्वात्, अत्रायं हेतुः शब्दमात्रे क्वचिदनित्ये घटादौ वर्त्तते क्वचिच्चानित्ये सुखादौ नित्य आकाशादौ न वर्त्तत इति । तृतीयो यथा वाङ्मनसे अस्मदादिबाह्यकरणप्रत्यक्षे सामान्यविशेषवत्त्वे सति नित्यत्वादयं हेतुः पक्षैकदेशे मनसि वर्त्तते न तु वाचि, विपक्षैकदेशे गगनादावस्ति न तु सुखादौ, नास्ति पुनर्घटादौ सपक्षे । चतुर्थो यथा-नित्या पृथिवी कृतकत्वादिति हेतुः, इदं कृतकत्वमनित्यपृथिव्यामस्ति परमाणौ च नास्ति, नित्यमात्रे नास्ति, अनित्यमात्रे चास्ति । पञ्चमो यथा-आकाशविशेषगुणश्शब्दः प्रमेयत्वादिति, अयं हेतुश्शब्दमात्रेऽनाकाशविशेषगुणमात्रे च वर्त्तते सपक्षश्चात्र नास्ति । षष्ठो यथा-आकाशविशेषगुणश्शब्दः प्रयत्नानन्तरीयकत्वादिति, अयञ्च हेतुः शब्दविशेषे वर्त्तते नास्ति च शब्दविशेषे, घटादावस्ति मेघादौ नास्ति च, अत्रापि सपक्षो नास्ति । सप्तमो यथा-आकाशविशेषगुणश्शब्दो बाह्येन्द्रियग्राह्यत्वादिति, हेतुरयं शब्दमात्रे विपक्षैकदेशे रूपादौ वर्त्तते न तु सुखादौ विपक्षे सपक्षस्तु नास्त्येव । अष्टमो यथा-आकाशविशेषगुणश्शब्दोऽपदात्मकत्वादिति, अत्र हेतुर्ध्वनौ वर्त्तते नतु पदात्मकशब्दे, रूपादौ विपक्षमात्रे वर्त्तते सपक्षस्तु नास्त्येवेति । सर्व एवैते हेतवो प्रोक्तविरुद्ध एवान्तर्भवन्ति[2], पक्षैकदेशवृत्तिषु असिद्धतापीति ॥

---

१. पूर्वोत्तराकारपरिहारप्राप्तिस्थितिलक्षणपरिणामेनैवाविनाभूतं कृतकत्वं बहिरन्तर्वा प्रतीतिविषयः, तच्च सर्वथा नित्ये क्षणिके वा सम्भवत्येवेति विरुद्धत्वमिति भावः ॥ २. बौद्धा धर्मविशेषविपरीतसाधको धर्मिविशेषविपरीतसाधकश्चेति विरुद्धस्य द्वैविध्यमाहुः तन्न सर्वानुमानोच्छेदप्रसङ्गात्, पर्वताधिकरणधूमस्य सिषाधयिषितवह्निविशेषविपर्ययसाधकत्वेन विरुद्धत्वं वाच्यम्, तच्च तदा स्यात् धूमसामान्योपन्यासेन वह्निविशेषो जिज्ञास्येत । यदा च विशेषं साध्यमभिलषता विशिष्ट एव हेतुरुपन्यस्यते तदा नोक्तदोषः, तथा धर्मिविशेषविपरीतसाधनोऽपि न विरुद्धः, अन्यथा यो यो धूमवान् स पर्वतो न भवति यथा महानसम्, इति धर्मिणस्तिरस्काराद्धूमोऽपि हेतुर्न भवेत् तथाचानुमानमात्रविलोपापत्त्या नैतौ विरुद्धहेत्वाभासाविति बोध्यम् ॥

હવે વિરૂદ્ધનું લક્ષણ

ભાવાર્થ – "સાધ્યધર્મથી વિપરીત વ્યાપ્તિવાળો હેતુ 'વિરૂદ્ધ' કહેવાય છે. જેમ કે–શબ્દ નિત્ય છે, કેમ કે-કાર્ય છે. અહીં કાર્યત્વ અનિત્યત્વની સાથે વ્યાપ્તિવાળું છે."

વિવેચન – કોઈ એક પુરુષવડે જ્યારે સાધ્યધર્મ વિપરીતનો જ વ્યાપ્યહેતુ ભ્રાન્તિથી સાધ્યના વ્યાપ્યપણાએ સ્થાપિત કરાય, ત્યારે તે સાધ્યધર્મથી વિપરીત વ્યાપ્તિવાળો હોઈ 'વિરૂદ્ધ' હેત્વાભાસ કહેવાય છે. (પૂર્વ-ઉત્તર આકારના પરિહાર અને પ્રાપ્તિ સ્થિતિરૂપ પરિણામથી જ અવિનાભૂત કૃતકત્વ બાહ્ય કે અંદરનો પ્રતીતિનો વિષય છે અને તે સર્વથા નિત્ય કે અનિત્યમાં સંભવે છે જ, માટે વિરૂદ્ધપણું છે એવો ભાવ છે.) આ, પક્ષ અને વિપક્ષમાં વ્યાપક હેતુ છે. અહીં બીજાઓએ કહેલ આઠ પ્રકારના વિરૂદ્ધના ભેદો કહેવાય છે. જેમ કે-(૧) પક્ષ-વિપક્ષવ્યાપક, સપક્ષમાં અવૃત્તિ, (૨) પક્ષવ્યાપક, વિપક્ષના એકદેશમાં વૃત્તિ, સપક્ષમાં અવૃત્તિ, (૩) પક્ષ-વિપક્ષના એકદેશવૃત્તિ, સપક્ષ અવૃત્તિ, (૪) પક્ષના એકદેશવૃત્તિ, સપક્ષ અવૃત્તિ, વિપક્ષ વ્યાપક, (૫) પક્ષ-વિપક્ષવ્યાપક, અવિદ્યમાન સપક્ષવાળો, (૬) પક્ષ-વિપક્ષના એકદેશવૃત્તિ, અવિદ્યમાન સપક્ષવાળો, (૭) પક્ષવ્યાપક, વિપક્ષના એકદેશવૃત્તિ, અવિદ્યમાન સપક્ષવાળો, અને (૮) પક્ષના એકદેશમાં વૃત્તિવાળો, વિપક્ષવ્યાપક, અવિદ્યમાન સપક્ષવાળો.

પહેલાંના ચાર વિરૂદ્ધો સપક્ષ હોયે છતે હોય છે, બીજા ચાર વિરૂદ્ધો સપક્ષ નહીં હોયે છતે જાણવા. ત્યાં પહેલો (૧) જેમ કે-શબ્દ નિત્ય છે, કેમ કે-કાર્ય છે. ખરેખર, કાર્યત્વ (પક્ષ) શબ્દ માત્રમાં અને (વિપક્ષ) અનિત્ય ઘટ આદિ માત્રમાં વર્તે છે, પરંતુ (સપક્ષ) નિત્ય આકાશ આદિમાં કાર્યત્વ નથી. (૨) જેમ કે-શબ્દ નિત્ય છે, કેમ કે-સામાન્યવાન્ હોયે છતે અસ્મદ્ આદિ બાહ્ય ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. અહીં આ હેતુ (પક્ષ) શબ્દ માત્રમાં અને ક્વચિત્ (વિપક્ષ) અનિત્ય ઘટ આદિમાં વર્તે છે, ક્વચિત્ (વિપક્ષ) અનિત્ય સુખ આદિમાં (સપક્ષ) નિત્ય આકાશ આદિમાં વર્તતો નથી. (૩) જેમ કે-મન-વચન-અસ્મદ્ આદિ બાહ્યકરણથી પ્રત્યક્ષ છે, કેમ કે-સામાન્ય વિશેષવાન્ હોયે છતે નિત્ય છે. આ હેતુ પક્ષના એકદેશભૂત મનમાં વર્તે છે, પરંતુ વચનમાં વર્તતો નથી. વિપક્ષના એકદેશભૂત આકાશ આદિમાં છે, પરંતુ સુખ આદિમાં નથી. વળી ઘટ આદિ સપક્ષમાં નથી. (૪) જેમ કે-પૃથ્વી નિત્ય છે, કેમ કે-કૃતક છે. અહીં કૃતકત્વરૂપ હેતુ અનિત્ય પૃથ્વીમાં છે અને પરમાણુમાં નથી, નિત્ય માત્રમાં નથી અને અનિત્ય માત્રમાં છે. (૫) જેમ કે-શબ્દ, આકાશ વિશેષગુણ છે, કેમ કે-પ્રમેય છે. આ પ્રમેયત્વરૂપ હેતુ, (પક્ષ) શબ્દ માત્રમાં (વિપક્ષ) આકાશ સિવાયના (આકાશને છોડી બીજાના) વિશેષગુણ માત્રરૂપ આદિમાં વર્તે છે. અહીં સપક્ષ નથી. (૬) જેમ કે-શબ્દ આકાશનો વિશેષગુણ છે, કેમ કે-પ્રયત્નથી જન્ય છે. આ પ્રયત્નાનન્તરીયકત્વ હેતુ, (પક્ષ) પુરુષ આદિના શબ્દરૂપ શબ્દવિશેષમાં છે, પુરુષાદિ ભિન્ન શબ્દવિશેષમાં નથી, (વિપક્ષ) ઘટ આદિમાં છે અને મેઘ આદિમાં નથી. (વાયુ આદિના શબ્દમાં અને વિજળી આદિમાં નથી.) અહીં પણ સપક્ષ નથી. (૭) શબ્દ, આકાશ વિશેષ ગુણ છે, કેમ કે-બાહ્ય ઇન્દ્રિયગ્રાહ્ય છે. આ બાહ્ય ઇન્દ્રિયગ્રાહ્યત્વ હેતુ, (પક્ષ) શબ્દ માત્રમાં વર્તે છે, (વિપક્ષના) એકદેશરૂપ આદિમાં વર્તે છે. (વિપક્ષ) સુખ આદિમાં વર્તતો નથી. સપક્ષ તો નથી જ. (૮) શબ્દ, આકાશ વિશેષગુણ છે, કેમ કે-અપદ આત્મક છે. આ પક્ષના એકદેશભૂત વર્ણ આત્મકમાં (ધ્વનિમાં) છે પણ પદરૂપ શબ્દમાં નથી. વિપક્ષ માત્રરૂપ આદિમાં છે. સપક્ષ તો નથી જ. આ બધાય હેતુઓ કહેલા વિરૂદ્ધમાં જ અંતર્ભૂત થાય છે. પક્ષના એકદેશવૃત્તિ(હેતુ)ઓમાં જ અસિદ્ધતા પણ છે. (બૌદ્ધો,

ધર્મવિશેષ વિપરીત સાધક અને ધર્મીવિશેષ વિપરીત સાધક-એમ વિરૂદ્ધના બે પ્રકારો જે માને છે તે ઠીક નથી, કેમ કે-સર્વ અનુમાનના ઉચ્છેદનો પ્રસંગ આવે છે. તથાહિ=પર્વતરૂપ અધિકરણવાળો ધૂમ, સિષાધયિષિત વહ્નિવિશેષના વિપર્યય સાધકપણાએ વિરૂદ્ધ છે એમ કહેવું જોઈએ. વળી તે ત્યારે થાય, કે જ્યારે ધૂમ સામાન્ય ઉપન્યાસથી વહ્નિવિશેષ જિજ્ઞાસાવિષય થાય ! અને જ્યારે વિશેષ સાધ્યને ઇચ્છનારવડે વિશિષ્ટ જ હેતુ ઉપન્યસ્ત થાય, ત્યારે કહેલો દોષ નથી. ધર્મીવિશેષ વિપરીત સાધકહેતુ પણ વિરૂદ્ધ નથી. અન્યથા, જે જે ધૂમવાળો છે, તે તે પર્વત નથી. જેમ કે-મહાનસ. આ પ્રમાણે ધર્મીના તિરસ્કારથી ધૂમ પણ હેતુ ન થાય. તથાચ અનુમાન માત્રના વિલોપની આપત્તિથી આ બંને વિરૂદ્ધ હેત્વાભાસરૂપ નથી, એમ જાણવું.)

अधुनानैकान्तिकं निरूपयति —

सन्दिग्धव्याप्तिको हेतुरनैकान्तिकः । स द्विविधस्सन्दिग्धविपक्षवृत्तिको निर्णीतविपक्षवृतिकश्चेति ॥ ७ ॥

सन्दिग्धेति । यस्य हेतोर्व्याप्तिस्सन्दिह्यते स हेतुरनैकान्तिक इत्यर्थः । अयं हि साध्येन विना हेतोर्भावस्य संशये निर्णये वा भवतीत्याशयेन तस्य द्वैविध्यमाह स द्विविध इति । सन्दिग्धेति विपक्षे यस्य वृत्तिस्सन्दिग्धा स इत्यर्थः, निर्णीतेति, विपक्षे यस्य वृत्तिर्निर्णीता स इत्यर्थः, विरुद्धो हेतुस्तु विपक्ष एव वृत्तितया निर्णीत इति न साङ्कर्यम् ॥

હવે અનૈકાન્તિક હેત્વાભાસને કહે છે

ભાવાર્થ – "જે હેતુની વ્યાપ્તિ સંદિગ્ધ હોય છે, તે હેતુ 'અનૈકાન્તિક.' તે (૧) સંદિગ્ધ વિપક્ષવૃત્તિ અને (૨) નિર્ણિત વિપક્ષવૃત્તિકરૂપે બે પ્રકારનો છે.

વિવેચન – જે હેતુની વ્યાપ્તિ સંદિગ્ધ હોય, તે હેતુ અનૈકાન્તિક કહેવાય. ખરેખર, આ સાધ્ય સિવાય હેતુભાવના સંશયમાં કે નિર્ણયમાં થાય છે. આવા આશયથી તેના બે પ્રકારો કહે છે. 'स द्विविध इति ।' 'सन्दिग्धेति ।' જેની વૃત્તિ વિપક્ષમાં સંદિગ્ધ છે, તે સંદિગ્ધ વિપક્ષવૃત્તિ વિપક્ષમાં નિર્ણિત છે. તે નિર્ણિત વિપક્ષવૃત્તિક અનૈકાન્તિક કહેવાય છે. વિરૂદ્ધ હેતુઓ વિપક્ષમાં જ વૃત્તિપણાએ નિર્ણિત છે, માટે સંકરતા નથી. ત્યાં પ્રથમનું દૃષ્ટાન્ત કહે છે.

तत्राद्यस्य निदर्शनमाह —

आद्यो यथा विवादापन्नः पुरुषो न सर्वज्ञो वक्तृत्वादिति । अत्र विपक्षे सर्वज्ञे वक्तृत्वं सन्दिग्धम् ॥ ८ ॥

आद्य इति । सन्दिग्धविपक्षवृत्तिक इत्यर्थः, दोषं हेतौ सङ्क्रमयति अत्रेति, सन्दिग्धमिति, सर्वज्ञः किं वक्ता नवेति संशयात्,न च वक्तुः सर्वज्ञस्य केनाप्यदर्शनात्र वक्ता स इति निश्चीयत

एवेति वाच्यम्, अल्पप्रज्ञैरस्माभिस्तस्य भाषमाणस्यादर्शनेऽपि न वक्तेति निश्चेतुमशक्यत्वेन सन्दिग्धत्वात् । ननु सर्वज्ञस्य वचनं विरुद्धं तस्य रागस्वभावविवक्षाजन्यत्वेन प्रक्षीणमोहे तस्मिन् मोहापरपर्यायरूपतदिच्छाया असंभवात् । तथा च वचनाभाव एव निश्चित इति चेन्न, सुषुप्त्यादौ निरभिप्रायवागादिप्रवृत्त्यनापत्तेः, नहि सुषुप्त्यादौ वाग्व्यवहारादिहेतुरिच्छाऽस्ति[1] । न चैषा वागादिप्रवृत्तिरिच्छापूर्विका, वागादिप्रवृत्तित्वात् प्रसिद्धेच्छापूर्वकवागादिप्रवृत्तिवदित्यनुमानेन तत्रापि साऽनुमेयैवेति वाच्यम्, हेतोरप्रयोजकत्वात्, यादृशस्य हि जाग्रतोऽनन्यमनसो वा तत्प्रवृत्तिरिच्छापूर्वकत्वं साधयितुं शक्यते, न पुनरन्यादृशि । न च सुषुप्तस्यान्यमनस्कस्य वा तत्प्रवृत्तिरिच्छापूर्वकत्वेन व्याप्तावगता तस्मान्न वक्तृत्वं विरुद्धम्[2] ॥

પહેલા અનૈકાન્તિકને દર્શાવે છે

ભાવાર્થ – "પ્રથમ-જેમ કે-વિવાદ આસ્પદ પુરુષ સર્વજ્ઞ નથી, કેમ કે-વક્તા છે. અહીં વિપક્ષ સર્વજ્ઞમાં વક્તૃત્વ સંદિગ્ધ છે."

વિવેચન – પહેલો=સંદિગ્ધ વિપક્ષવૃત્તિક અનૈકાન્તિક, એવો અર્થ છે. હેતુમાં દોષને ઘટાવે છે. 'अत्रे'ति-'सन्दिग्ध'मिति । શું સર્વજ્ઞ વક્તા હોય છે કે નહીં ? આવા સંશયથી હેતુ દોષિત ઠરે છે.

શંકા – વક્તા એવા સર્વજ્ઞને કોઈએ પણ દેખેલ નહીં હોવાથી તે સર્વજ્ઞ વક્તા નથી, આવો નિશ્ચય કેમ ન થાય ?

સમાધાન – અલ્પજ્ઞ એવા આપણાથી તે સર્વજ્ઞને બોલતો નહીં દેખેલ હોવાથી પણ તે સર્વજ્ઞ વક્તા નથી, એવો નિશ્ચય કરવો અશક્ય હોવાથી સર્વજ્ઞમાં વક્તૃત્વ સંદિગ્ધ છે.

घटस्य स्वरूपादिभिरस्तित्वमिव तैरेव नास्तित्वमपि स्यादित्यनिष्टार्थनिवृत्त्यर्थं तद्ग्रहण-स्यावश्यकत्वादत एव घटस्सन्नेवेत्यतः निखिलधर्मावच्छिन्नसत्त्वप्रतीतौ तदपवादाय नियता-वच्छेदकस्फोरणार्थं स्यात्पदम् । यदि तु व्युत्पन्नस्य घटस्सन्निति निरवधारणप्रयोगेऽपि स्वद्रव्यादिचतुष्टयावच्छिन्नस्वरूपसत्त्वप्रकारकबोधो भवतीत्युच्यते तदा तदपेक्षयाऽप्रयोगो-ऽपीत्यत्राप्यनेकान्त एव । न चानेकान्तस्य वाचकेन द्योतकेन वा स्वाच्छब्देन सत्त्वासत्त्वाद्यनेकधर्मवद्वस्तुनः प्रतिपादनात्सदादिवचनमनर्थकमिति वाच्यम् । एकान्तबुद्धि-विलक्षणबुद्धिविशेषविषयतावच्छेदकत्वेन स्यात्पदस्य सत्त्वासत्त्वादिधर्मसप्तकघटितसप्त-भङ्गीबोधकत्वेऽपि प्रातिस्विकरूपेणतत्तद्धर्मबोधनार्थं तत्प्रयोगस्यावश्यकत्वादिति । धर्मान्तरा-प्रतिषेधकं प्राधान्येन विधिबोधकं वाक्यमिदं, तेन प्रतिषेधकल्पनैव सत्यमिति निरस्तम-भावैकान्तस्य प्रतिषेधादिति भावः । विधिकल्पनाया एव सत्यत्वात्तयैकमेव वाक्यं स्यादित्याशंकायामाह स्यान्नास्त्येव घट इति । विध्येकान्तस्य निराकरणेन प्रतिषेधकल्पनाया अपि सत्यत्वान्नैकमेव वाक्यमिति भावः । धर्मान्तराप्रतिषेधकं प्राधान्येन प्रतिषेधविषयक-बोधजनकं वाक्यमिदम् । ननु सदर्थप्रतिपादनाय विधिवाक्यमसदर्थप्रतिपादनाय च निषेधवाक्यमिति वाक्यद्वयमेवास्तु, प्रमेयान्तरस्य शब्दविषयस्यासम्भवादिति शंकानिरासायाह स्यादस्ति नास्ति च घट इति । तथा च प्रधानभावेनार्पितस्य सदसदात्मनो वस्तुनः प्रधानभूतैकैकधर्मात्मकात्मकादर्थादर्थान्तरत्वसिद्धेः सत्त्ववचनेनैवासत्त्ववचनेनैव वा क्रमार्पितयोः प्रधानीभूतसदसत्त्वयोः प्रतिपादयितुमशक्यत्वेनावश्यकत्वं तद्बोधकतया तृतीयवाक्यस्येति भावः । प्राधान्येन क्रमार्पितविधिनिषेधबोधकमिदम् । नन्वस्तु तर्हि वाक्यत्रयमेव प्रोक्तधर्मत्रयातिरिक्तस्य कस्याप्यभावादित्यत्राह स्यादवक्तव्य एवेति । क्रमेणार्पितयोस्तयोर्यथा वक्तव्यता तथा सहार्पितयोः कथं वक्तव्यत्वमिति स्वाभाविके पर्यनुयोगे विलसिते तथा सर्वथा वक्तुमशक्तेरवक्तव्यत्वरूपधर्मान्तरप्रतिपादकस्य वाक्यस्यास्त्यावश्यकतेति भावः । तथा चावक्तव्यत्वबोधकमिदं वाक्यम् । तथापि वाक्यचतुष्टयमेव स्यादित्यत्राह स्यादस्ति चावक्तव्यश्चेति । तथा च सदवक्तव्यत्वधर्मान्तरस्यापि सम्भवेनेदमपि वाक्यं नियतमेवेति भावः, सत्त्वविशिष्टावक्तव्यत्वबोधकवाक्यमिदम् । एवमसदवक्तव्यत्वस्यापि धर्मान्तरस्य सिद्ध्या तत्प्रतिपादकं वाक्यमप्याह स्यान्नास्ति चावक्तव्यश्चेति, नास्तित्वविशिष्टावक्तव्यत्व-बोधकवाक्यमिदम् । एवं सदसदवक्तव्यत्वधर्मस्यापि प्रतीयमानत्वेन तद्बोधकं वाक्यमाह

स्यादस्ति नास्ति चावक्तव्यश्चेतीति । सत्त्वासत्त्वविशिष्टावक्तव्यत्वबोधकवाक्यमिदम् । इतिशब्दो वाक्यान्तराभावसूचकस्तादृशविलक्षणधर्मान्तराभावात् । न चावक्तव्यत्वस्य धर्मान्तरत्ववत् वक्तव्यत्वस्यापि धर्मान्तरत्वसम्भवेन तद्बोधकस्याष्टमवाक्यस्य सत्त्वात्कथं सप्तैव वाक्यानीति वाच्यम् । सत्त्वादिभिरभिधीयमानस्य वक्तव्यत्वस्य प्रसिद्धेः ॥

सात वाक्योना नाम

ભાવાર્થ – "વાક્યો, (૧) स्याद् अस्ति એव घटः, (૨) स्याद् नास्ति એव घटः, (૩) स्याद् अस्ति नास्ति च घटः, (૪) स्याद् अवक्तव्य એव, (૫) स्याद् अस्ति च अवक्तव्यश्च, (૬) स्याद् नास्ति च अवक्तव्यः च અને (૭) स्याद् अस्ति नास्ति च अवक्तव्यः च." એમ સાત વાક્યો સમજવાં.

વિવેચન – ઘટમાં સત્ત્વ-અસત્ત્વ આદિ રૂપ ધર્મની અપેક્ષાએ સાત પ્રકારના આ વાક્યો સમજવાં. સામાન્યવિશેષથી પણ તે પ્રકારે જ થાય છે, કેમ કે-સામાન્ય વિધિરૂપ છે, વ્યાવૃત્તિરૂપ હોઈ વિશેષ, નિષેધરૂપ છે.

○ આ પ્રમાણે પ્રત્યેક પર્યાયની અપેક્ષાએ વાક્યોનું સપ્તવિધપણું વિચારવું.

○ 'स्याद् अस्ति एव ।' અહીં 'स्यात्' એવું પદ અનેકાન્તદ્યોતક, જેનો બીજો પર્યાય 'કથંચિત્' છે અને એ અવ્યય છે, કેમ કે-પદ માત્રનું જ વાક્યાર્થમાં દ્યોતકપણું અને વાક્યનું જ વાચકપણું છે, એવો સિદ્ધાન્ત છે.

શંકા – વાક્યોને જ વાચક માનવામાં, તે વાક્યમાં પદનિષ્ઠ શક્તિગ્રહની અનુપયોગિતા જ થશે ને ?

સમાધાન – વાક્યનિષ્ઠ શક્તિગ્રહમાં જ તે પદશક્તિગ્રહનો ઉપયોગ છે, કેમ કે-તે પ્રકારે જ અન્વય અને વ્યતિરેક છે.

○ અહીં 'अस्ति' શબ્દ મુખ્યપણાએ અસ્તિત્વધર્મનો પ્રતિપાદક છે.

○ 'એવ' શબ્દ અવધારણ(જકાર) વાચક છે. ઘટમાં સ્વરૂપ આદિની અપેક્ષાએ અસ્તિત્વની માફક નાસ્તિત્વ પણ થઈ જાય. એવા અનિષ્ટ અર્થના વારણ માટે તે 'એવ'કાર આવશ્યક છે. એથી જ 'घटः सत् एव' -આ પદમાં સકળ ધર્મથી યુક્ત સત્ત્વની પ્રતીતિમાં સ્વરૂપથી અસ્તિત્વની માફક પરરૂપથી અસ્તિત્વની પ્રાપ્તિ થઈ જાય ! તેના ખંડન માટે પ્રતિનિયત સ્વદ્રવ્ય-ક્ષેત્ર આદિ રૂપ અવચ્છેદકની સ્ફૂર્તિ માટે स्यात् પદ છે.

○ જો વ્યુત્પન્નને 'घटः सत्' આવા એવકાર વગરના પ્રયોગમાં પણ સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાએ સ્વરૂપસત્ત્વરૂપ પ્રકારવાળો બોધ થાય છે, આમ કહેવામાં આવે, તો તેની અપેક્ષાએ 'અપ્રયોગ પણ' ઇતિ સ્થળવિશેષમાં પણ એવકારનો પ્રયોગ ઐકાન્તિક નથી.

શંકા – અનેકાન્તના વાચક કે દ્યોતક स्यात् શબ્દથી સત્ત્વ-અસત્ત્વ અનેક ધર્મવાળી વસ્તુના પ્રતિપાદનથી 'सद्'-'अस्ति' આદિ વચન નિરર્થક જ થશે ને ?

समाधान – એકાન્ત બુદ્ધિથી વિલક્ષણ અનેકાન્ત બુદ્ધિવિશેષના વિષયરૂપે 'સ્યાદ્'પદ, સત્ત્વ-અસત્ત્વ આદિ ધર્મસપ્તકથી ઘટિત સપ્તભંગીબોધક હોવા છતાં, વ્યક્તિરૂપે તે તે ધર્મનો બોધ કરાવવા માટે 'સદ્' આદિ પદનો પ્રયોગ આવશ્યક છે.

○ (૧) બીજા ધર્મનો નિષેધ નહીં કરનારું-પ્રધાનતયા વિધિનો બોધ કરાવનારું આ વાક્ય છે. તેથી 'પ્રતિષેધની કલ્પના-વિધાન જ સત્ય છે'-એનું ખંડન થાય છે, કેમ કે-એકાન્તે અભાવનો પ્રતિષેધ છે.

○ (૨) જો વિધિકલ્પના જ સત્ય છે, તો તે વિધિદ્વારા એક જ વાક્ય થશે ને ? આવી આશંકા હટાવવા માટે કહે છે કે- 'स्यान्नास्त्येव घटः' વિધિના એકાન્તનું નિરાકરણ હોઈ, પ્રતિષેધની કલ્પના પણ સત્ય હોઈ એક જ વાક્ય નથી.

ધર્માન્તરનું અપ્રતિષેધક, પ્રધાનપણે પ્રતિષેધવિષયક બોધજનક આ વાક્ય છે.

શંકા – સદ્રૂપ અર્થના પ્રતિપાદન માટે વિધિવાક્ય છે-અસદ્ અર્થ પ્રતિપાદન માટે નિષેધવાક્ય છે, માટે બે જ વાક્ય રહો ! કેમ કે-બીજા પ્રમેયમાં શબ્દના વિષયનો અસંભવ છે ને ? આવી શંકાના સમાધાન માટે કહે છે કે-

સમાધાન – (૩) 'स्याद् अस्ति नास्ति च घटः ।' તથાચ પ્રધાનભાવથી અર્પિત (વિવક્ષિત) સદ્-અસદ્ આત્મક વસ્તુના પ્રધાનભૂત એક એક ધર્મરૂપ અર્થથી, અર્થાન્તરપણાની સિદ્ધિ હોઈ, એક સત્ત્વવાચક વચનવડે કે અસત્ત્વવાચક વચનવડે ક્રમથી અર્પિત, પ્રધાનભૂત સત્ત્વ અને અસત્ત્વનું પ્રતિપાદન અશક્ય હોઈ ક્રમિક પ્રધાનભૂત સત્ત્વ-અસત્ત્વબોધક ત્રીજું વાક્ય આવશ્યક છે. 'स्यादस्तिनास्ति च घटः' इति । આ પદ, પ્રધાનપણાએ ક્રમથી અર્પિત વિધિનિષેધબોધક છે.

શંકા – ભલે ! ત્યારે પૂર્વકથિત ત્રણ વાક્યો જ હો ! પૂર્વોક્ત ત્રણ ધર્મથી અધિક કોઈનો પણ અભાવ છે ને ?

આવી શંકા દૂર કરવા માટે ચોથું વાક્ય 'स्याद् अवक्तव्य ज' તરીકે કહેલ છે.

(૪) ક્રમથી અર્પિત તે સત્ત્વ-અસત્ત્વની જેમ વક્તવ્યતા છે, તેમ સહ અર્પિત તે બન્નેની કેવી રીતે વક્તવ્યતા ? આવો સ્વાભાવિક પ્રશ્ન સ્ફૂરિત થયે છતે, એકીસાથે સર્વથા કહેવાની અશક્તિ હોઈ અવક્તવ્યત્વરૂપ ધર્માન્તર પ્રતિપાદક વાક્યની આવશ્યકતા છે.

તથાચ ચોથું વાક્ય અવક્તવ્યત્વબોધક છે.

(૫) તો પણ ચાર જ વાક્યો થશે ને ? આના જવાબમાં કહે છે કે-'स्याद् अस्ति च अवक्तव्यश्च ।' આ પ્રમાણે પાંચમું વાક્ય છે. સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વ હોયે છતે યૌગપદ્યથી કહેવાને અશક્ય સર્વ વસ્તુ છે, માટે 'स्याद् अस्तित्वविशिष्ट स्याद् अवक्तव्यभंग' કહેવાય છે. તથાચ સદ્ અવક્તવ્યત્વ નામક ધર્માન્તરનો પણ સંભવ હોઈ સત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વબોધક આ વાક્ય છે.

(૬) અસદ્ અવક્તવ્યત્વમાં પણ ધર્માન્તરપણાની સિદ્ધિથી તત્પ્રતિપાદક વાક્ય પણ કહે છે કે 'स्याद् नास्ति च अवक्तव्यश्च ।' નાસ્તિત્વવિશિષ્ટ અવક્તવ્યબોધક આ વાક્યો છે. પરદ્રવ્ય આદિ ચતુષ્ટયની

અપેક્ષાએ નાસ્તિત્વ હોયે છતે અસ્તિત્વ-નાસ્તિત્વવડે એકીસાથે કહેવાને અશક્ય સર્વ વસ્તુ છે, માટે સ્યાદ્ નાસ્તિત્વવિશિષ્ટ સ્યાદ્ અવક્તવ્યત્વરૂપ છઠ્ઠો ભંગ છે.

(૭) સદ્-અસદ્ અવક્તવ્યત્વ ધર્મ પણ પ્રતીતિનો વિષય હોઈ તેના બોધકવાક્યને કહે છે કે-'स्याद् अस्ति नास्ति च अवक्तव्यश्च ।' સત્ત્વ-અસત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વબોધક આ વાક્ય છે.

ક્રમથી સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિત્વ હોયે છતે, પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિત્વ હોયે છતે, યૌગપદ્યથી અસ્તિત્વ-નાસ્તિત્વવડે કહેવાને અશક્ય સર્વ વસ્તુ છે, એમ સાતમો ભંગ.

અહીં ઇતિ શબ્દ બીજા વાક્યના અભાવનો સૂચક છે, કેમ કે-તાદૃશ વિલક્ષણ બીજા ધર્મનો અભાવ છે.

શંકા – જેમ અવક્તવ્યત્વમાં ધર્માન્તરપણું છે, તેમ વક્તવ્યત્વમાં પણ ધર્માન્તરપણાનો સંભવ હોઈ, તેના બોધક અષ્ટમવાક્યનું વિદ્યમાનપણું હોઈ કેવી રીતે સાત વાક્યો ?

સમાધાન – સત્ત્વ આદિથી કહેવાતા વક્તવ્યત્વની પ્રસિદ્ધિ હોઈ સાત વાક્યો જ છે.

શંકા – એકધર્મીમાં વિધિવિષયભૂત-નિષેધવિષયભૂત અનંતધર્મોનો સદ્ભાવ હોઈ અનંતભંગી થશે જ ને ?

સમાધાન – ભલે, અનંત પણ સપ્તભંગીઓ ઇષ્ટ છે, કેમ કે-સત્ત્વ-અસત્ત્વ આદિ ધર્મકલ્પનાથી, જેમ નિત્યત્વ-અનિત્યત્વ આદિ કલ્પનાથી પણ સાત જ ભંગોના અવતારથી તેટલા જ પ્રતિપાદ્યના પ્રશ્નોનો સંભવ હોવાથી, પ્રશ્નના વશે કરીને જ સપ્તભંગી છે, આવો નિયમ છે. આવા આશયથી કહે છે.

नन्वेकत्र धर्मिणि विधीयमाननिषिध्यमानानन्तधर्मसद्भावेनानन्तभङ्गी स्यात्, मैवम्, अनन्तानामपि सप्तभङ्गीनामिष्टत्वात्सत्त्वासत्त्वादिधर्मकल्पनयेव नित्यत्वानित्यत्वादिकल्पनयापि सप्तानामेव भङ्गानामवतारात् तावतामेव प्रतिपाद्यप्रश्नानां सम्भवात् प्रश्नवशादेव सप्तभङ्गीति नियमादित्याशयेनाह –

सप्तविधप्रष्टृप्रश्नवशात्सप्तवाक्यप्रवृत्तिः, प्रश्नानां सप्तविधत्वं तज्जिज्ञासाया-स्सप्तधात्वात्, सप्तधात्वं जिसासायाः सप्तधा संशयोदयात्, संशयानां सप्तधात्वन्तु तद्विषयधर्माणां सप्तधात्वाद्विज्ञेयम् ॥ १२ ॥

सप्तविधेति । यावन्तः प्रश्नास्तदुत्तरत्वेन तावतामेव वाक्यानां प्रवृत्तिरिति भावः । कुतः प्रश्नस्सप्तविध एवेत्यत्राह प्रश्नानामिति जिज्ञासानुगुणमेव प्रश्नप्रवृत्तेरिति भावः, जिज्ञासायास्सप्तविधत्वं कुत इत्यत्राह सप्तधात्वमिति, संशयानन्तरं हि तद्विधूनाय जिज्ञासा समुदेति संशयानाञ्च सप्तविधत्वे जिज्ञासापि तावत्येवेति भावः । सोऽपि सप्तप्रकार एवेत्यत्र किं नियामकमिति प्रश्ने त्वाह संशयानामिति, विषयनिबन्धनो हि संशयः, विषयस्य सप्तत्वे कथं संशया अधिका भवेयुः, तथा च विषयाणां सप्तधात्वेन प्रमाणसिद्धत्वात्तावन्त एव संशया इति भावः ॥

સપ્તવિધપણું

ભાવાર્થ – "પ્રશ્નકારના સાત પ્રકારના પ્રશ્નોના વિશે સાત વાક્યોની પ્રવૃત્તિ છે. પ્રશ્નોનું સપ્તવિધપણું છે, કેમ કે-તેની જિજ્ઞાસા સાત પ્રકારની છે. જિજ્ઞાસાનું સપ્તવિધપણું છે, કેમ કે-સાત પ્રકારના સંશયોનો ઉદય છે. સંશયોનું સપ્તવિધપણું છે, કેમ કે-તે સંશયોના વિષયભૂત ધર્મોનું સપ્તવિધપણું છે, એમ જાણવું."

વિવેચન – જેટલા પ્રશ્નો છે, તેટલા જ ઉત્તરવાક્યોની પ્રવૃત્તિ છે. જિજ્ઞાસાના અનુસારે પ્રશ્નની પ્રવૃત્તિ છે. જેટલા સંશયો છે, તેટલી જિજ્ઞાસા છે. જેટલા સંશયવિષયભૂત ધર્મો છે, તેટલા સંશયો છે.

તથાચ સાત પ્રકારે વિષયો પ્રમાણસિદ્ધ હોવાથી સંશયો તેટલા જ છે. સાત સંશયના વિષયભૂત ધર્મો છે, માટે સાત સંશયો છે. સાત સંશયો છે, માટે સાત જિજ્ઞાસા છે. સાત જિજ્ઞાસા છે, માટે સાત પ્રશ્નો છે. સાત પ્રશ્નો છે, માટે સાત ઉત્તરવાક્યો છે.

धर्माः क इत्यत्राह –

ते च धर्माः कथञ्चित्सत्त्वं, कथञ्चिदसत्त्वं, क्रमार्पितोभयम्, कथञ्चिदवक्तव्यत्वं, कथञ्चित्सत्त्वविशिष्टावक्तव्यत्वं, कथञ्चिदसत्त्वविशिष्टावक्तव्यत्वं, क्रमार्पितोभयविशिष्टावक्तव्यत्वञ्च ॥ १३ ॥

ते चेति । संशयविषयीभूताश्चेत्यर्थः । कथञ्चित् सत्त्वमिति, वस्तुधर्मोऽयं, तदनभ्युपगमे वस्तुनो वस्तुत्वमेव न स्यात् खरविषाणादिवत्, स्वद्रव्यक्षेत्रकालभावापेक्षया सर्वं वस्तु सदेव, परद्रव्यादेरिव स्वद्रव्यादेरपि वस्तुनोऽसत्त्वे शून्यताप्रसङ्गः स्यात्, सर्वं सदेवेत्यपि न, सर्वपदार्थानां परस्परमसांकर्यप्रतिपत्तेरसत्त्वस्यापि सिद्धेः, अत एव कथञ्चिदसत्त्वमपि वस्तुधर्म इत्याह कथञ्चिदसत्त्वमिति, स्वरूपादिव पररूपादपि वस्तुनस्सत्त्वे प्रतिनियतस्वरूपाभावाद् वस्तुप्रतिनियमविरोधो दुर्वार इति भावः । क्रमार्पितोभयमिति, क्रमार्पितसदसदुभयत्वमित्यर्थः, तदभावे हि क्रमेण सदसत्त्वविकल्पशब्दव्यवहारस्य विरोधः स्यादिति भावः । न चायं व्यवहारो निर्विषयः क्रमार्पितोभयज्ञानतद्व्यवहारतत्प्राप्तीनामविसंवादात् तथाविधरूपादिव्यवहारवत्, तस्यापि निर्विषयत्वे सकलप्रत्यक्षादिव्यवहारोच्छेदान्न कस्यचिदिष्टतत्त्वव्यवस्था स्यात्, एवमग्रेऽपि भाव्यम् । ननु स्यादस्ति नास्ति च घट इति वाक्यादस्तिनास्ति पदाभ्यां सदसत्त्वयोश्चकारेणोभयस्य चोपस्थित्या सदसदुभयत्वं तादृशव्यवहारस्य विषयः, तच्च केवलसत्त्वासत्त्वाभ्यां भिन्नं भवतु उभयत्वस्यैकविशिष्टापरत्व-[१]

१. सदसदुभयत्वं न सत्त्वविशिष्टासत्त्वत्वरूपं, अत्र हि वैशिष्ट्यं सामानाधिकरण्येन वाच्यं तथा च गोत्वाश्वत्वयोः परस्परं सामानाधिकरण्याभावेन वैशिष्ट्यविरहेऽपि गोत्वाश्वतोभयमित्युभयत्वावगाहिप्रतीत्युत्पत्तेस्तथा चोभयत्वं वैशिष्ट्याद्भिन्नमिति स्वीकार्यं, तस्य भेदादेव च सत्त्वासत्त्वाभ्यां सत्त्वासत्त्वोभयमपि कथञ्चिद्भिन्नमिति भावः ॥

रूपत्वाभावात् अविशिष्टयोरपि गोत्वाश्वत्वयोरुभयत्वप्रत्ययात् तत उभयत्वं भिन्नं, तद्भेदे च कथञ्चिदुभयभेदोऽप्यर्थसिद्ध एव । परन्त्वेतद्वाक्यस्य क्रमादुभयमुख्यविशेष्यताकबोधजनकत्वेन क्रमार्पितत्वं कथमत्र धर्मेऽन्वेति, क्रमिकशाब्दबोधद्वयेच्छाविषयविषयत्वरूपस्य[1] तस्य पदानुपस्थितत्वेन वस्तुधर्मतया तद्बोधासम्भवादिति चेन्न, स्यात्पदेन क्रमार्पितत्वस्य द्योतनात् अनुभूयते हि स्यादस्ति स्यान्नास्ति च घट इति वाक्यात्क्रमार्पितसत्त्वासत्त्वोभयधर्मवन्तममुं घटं जानामीति, तत्र चैकत्वेन गृहीते सदसत्त्वे उभयत्वप्रत्ययस्य भाक्तोभयावगाहित्वेन तत्र च क्रमार्पितत्वस्यावच्छेदकत्वात् न च क्रमबलादेवात्र ज्ञानद्वयस्य[2] सिद्धयाऽस्य प्रथमभङ्गद्वयाभेदः स्यादिति वाच्यम्, क्रमगर्भोभयप्राधान्यबोधकत्वाभिप्रायेणास्तिनास्ति-पदप्रयोगेणैकत्र द्वयमिति रीत्या विलक्षणविषयताशालिबोधान्तरस्यानुभवसिद्धत्वात् । न च क्रमो हि शब्दव्यापारः, अर्थस्तु विशिष्टः क्रमाघटित एवेति तत्र क्रमादिकमनतिप्रयोजनमिति वाच्यम्, शब्दगतस्यापि क्रमस्यार्थेऽध्यारोपेण तत्सम्भवादिति । एवं सहावक्तव्यत्वादिष्वपि चिन्तनीयम् । कथञ्चिदवक्तव्यत्वमिति, युगपद्विधिनिषेधात्मनाऽवक्तव्यत्वमित्यर्थः, सहार्पितावक्तव्यत्वमिति यावत् । ननु सहार्पितत्वं एकदैकपदादुभयबोधो जायतामितीच्छाविषयत्वं सा चेच्छा बाधिते नोदेतीति न तदवक्तव्यस्यावच्छेदकम् न चोभयपदेन युगपदुभयप्राधान्येन बोधसम्भवादवक्तव्यत्वमेवासिद्धं दृष्टं हि पुष्पदन्तपदाच्चन्द्रत्वसूर्यत्वाभ्यां चन्द्रसूर्ययोर्युगपदेव बोध इति वाच्यम्, पुष्पदन्तपदवदुभयपदस्यासाधारणत्वाभावात्, बुद्धिविषयतावच्छेदकत्वेनास्तित्वनास्तित्वधर्मद्वयावच्छिन्नस्य[3] बोधकत्वेऽपि प्राधान्येन सहार्पितोभयाकारबोधासिद्धेरिति चेन्न, पुत्रनाशे सत्यपि पुत्रदिदृक्षाया आनुभविकत्वेन क्वचिद्बाधितेऽपीच्छोदयतोऽवक्तव्यस्यावच्छेदकत्वे बाधाभावात् । अथ पञ्चमं धर्ममाह कथञ्चित्सत्त्वेति । अथ षष्ठं धर्ममाह कथञ्चिदसत्त्वेति । सप्तममाह क्रमार्पितेति ॥

---

१. क्रमेण सत्त्वासत्त्वोभयविषयकशाब्दबोधद्वयं जायतामितीच्छाविषयं बोधद्वयं तद्विषयं सत्त्वासत्त्वोभयमित्यर्थः । पदानुपस्थितत्वेनेति, शब्दोपस्थितस्यैव शाब्दबोधे भाननियमादिति भावः ॥ २. तृतीयभङ्गे हि क्रमेण शाब्दबोधो जायतामितीच्छाप्रयुक्तस्तथा च सत्त्वप्रकारकघटविशेष्यकमसत्त्वप्रकारकघटविशेष्यकं बोधद्वयमेव जायत इति भङ्गद्वयसंयोगरूप एवायं भङ्गः प्रसक्त इति शङ्काशयः, समाधानञ्च प्रकारताद्वयनिरूपितैकविशेष्यताशालिबोधस्याऽप्यनुभवसिद्धत्वेन तादृशो बोधोऽस्य भङ्गस्य फलमिति ॥ ३. पुष्पदन्तपदस्य चन्द्रत्वेन चन्द्रे सूर्यत्वेन सूर्ये व्यासज्यवृत्तिरेका शक्तिरिति तेनोभयधर्मनिष्ठप्रकारताद्वयनिरूपितो बोधो भवेत् परन्तूभयपदस्य बुद्धिविषयतावच्छेदकत्वेन यत्किञ्चिद्धर्मद्वये शक्तिसंभवेऽपि प्रातिस्विकधर्मावच्छिन्नप्रकारताद्वयनिरूपितमुख्यविशेष्यताशालिबोधस्तस्मान्न भवेदेवेति भावः ।

ધર્મોના નામો

ભાવાર્થ – "તે ધર્મો-(૧) કથંચિત્ સત્ત્વ, (૨) કથંચિત્ અસત્ત્વ, (૩) કથંચિત્ ક્રમ અર્પિત ઉભય, (૪) કથંચિદ્ અવક્તવ્યત્વ, (૫) કથંચિત્ સત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વ, (૬) કથંચિદ્ અસત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વ અને (૭) કથંચિત્ ક્રમાર્પિત-ઉભયવિશિષ્ટ અવક્તવ્યત્વ."

વિવેચન – આ સાત ધર્મો સંશયવિષયભૂત સમજવાનાં છે.

(૧) કથંચિત્ સત્ત્વ=આ વસ્તુનો ધર્મ છે. જો આ ધર્મને નહીં સ્વીકારવામાં આવે, તો વસ્તુનું વસ્તુત્વ જ ન થાય ! જેમ કે-ગધેડાના શીંગડાં.

સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ સર્વ વસ્તુ સદ્ જ છે. પરદ્રવ્ય આદિની અપેક્ષાએ જેમ નાસ્તિત્વ છે, તેમ સ્વદ્રવ્ય આદિની અપેક્ષાએ પણ વસ્તુના નાસ્તિપણામાં શૂન્યતાનો પ્રસંગ આવે !

સઘળુંય સદ્રૂપ જ છે-એમ પણ નહીં, કેમ કે-સર્વ પદાર્થો પરસ્પર સાંકર્ય વગરના છે. આવી પ્રતિપત્તિ હોઈ અસત્ત્વની પણ સિદ્ધિ છે. એથી જ કથંચિત્ અસત્ત્વ પણ વસ્તુધર્મ છે.

(૨) તેથી કહે છે કે-'કથંચિદ્ અસત્ત્વ'=સ્વરૂપથી જેમ છે, તેમ પરરૂપથી પણ વસ્તુની સત્તામાં, પ્રતિનિયત સ્વરૂપના અભાવથી વસ્તુના પ્રતિનિયમનો અભાવ જ થઈ જશે !

(૩) 'ક્રમાર્પિત ઉભયમ્'=ક્રમથી અર્પિત, સદ્-અસદ્ ઉભયત્વ=ક્રમ અર્પિત ઉભયના અભાવમાં ખરેખર, ક્રમથી સદ્ અસત્ત્વના વિકલ્પજન્ય શબ્દવ્યવહારનો અભાવ થઈ જાય !

વળી આ વ્યવહાર વિષય વગરનો નથી, કેમ કે-ક્રમથી અર્પિત ઉભયનું જ્ઞાન-વ્યવહાર અને પ્રાપ્તિમાં વિસંવાદ નથી. જેમ કે-તથાવિધ રૂપ આદિ વ્યવહાર.

તથાવિધ રૂપ આદિ વ્યવહારમાં પણ વિષયશૂન્યત્વ માનવામાં સકળ પ્રત્યક્ષ આદિ વ્યવહારનો ઉચ્છેદ થવાથી, કોઈની પણ ઈષ્ટ તત્ત્વની વ્યવસ્થા પણ નહીં થાય ! એ પ્રમાણે આગળ પણ વિચારવું.

શંકા – 'स्याद् अस्ति नास्ति च घटः' એવા વાક્યથી આસ્તિ-નાસ્તિ, એ પદોથી સત્ત્વ અને અસત્ત્વની તથા ચકારથી તથા ઉભયની ઉપસ્થિતિથી સદ્-અસદ્ ઉભયત્વ, તે શબ્દપ્રયોગનો વિષય છે. વળી તે કેવળ સત્ત્વ અને અસત્ત્વથી ભિન્ન હો ! ઉભયત્વમાં (સદ્-અસદ્ ઉભયત્વ, સત્ત્વવિશિષ્ટ અસત્ત્વરૂપ નથી. ખરેખર, અહીં વૈશિષ્ટ્ય સામાનાધિકરણ્યથી કહેવું જોઈએ. તથાચ ગોત્વ અને અશ્વત્વમાં પરસ્પર સામાનાધિકરણ્યનો અભાવ હોઈ, વૈશિષ્ટ્યનો અભાવ છતાં, **'गोत्व अश्वत्वो भय'** એમ ઉભયત્વ અવગાહિ પ્રતીતિની ઉત્પત્તિ હોઈ, તે ઉભયત્વ વૈશિષ્ટ્યથી ભિન્ન છે, એમ સ્વીકાર કરવા યોગ્ય છે. તે વૈશિષ્ટ્યના ભેદથી જ સત્ત્વ-અસત્ત્વ કરતાં સત્ત્વ-અસત્ત્વ ઉભય પણ કથંચિત્ ભિન્ન છે.)

એક વિશિષ્ટ અપરત્વરૂપપણાનો અભાવ હોવાથી, અવિશિષ્ટ પણ ગોત્વ અશ્વત્વમાં ઉભયત્વની પ્રતીતિ હોવાથી કેવળ તે બંનેથી ઉભયત્વ ભિન્ન છે. વળી તેના ભેદમાં કથંચિદ્ ઉભયનો વિભાગ પણ સિદ્ધ જ છે.

પરંતુ આ વાક્યમાં ક્રમથી ઉભય, મુખ્ય વિશેષ્યતાવાળા બોધનું જનકપણું હોઈ, ક્રમથી અર્પિતપણું કેવી રીતે ધર્મમાં અન્વિત થાય ? કેમ કે-ક્રમિક શાબ્દબોધદ્વયની ઇચ્છાના વિષયરૂપ બે બોધ અને તેના વિષયભૂત સત્ત્વ-અસત્ત્વ ઉભય છે. તેમાં રહેલ તાદેશ વિષયત્વરૂપ તે ક્રમાર્પિતની પદરૂપે અનુપસ્થિતિ હોવાથી (શબ્દથી ઉપસ્થિતના જ શાબ્દબોધમાં ભાનનો નિયમ છે.) વસ્તુધર્મરૂપે તેના બોધનો અસંભવ જ છે ને ?

સમાધાન – ભલા ભાઈ ! સ્યાત્ પદ, ક્રમાર્પિતપણાનો દ્યોતક છે જ ને ? ખરેખર, અનુભવાય છે કે-'स्याद् अस्तिस्यान्नास्ति च घटः'- આ વાક્યથી 'ક્રમાર્પિત સત્ત્વ-અસત્ત્વ ધર્મવાળા આ ઘટને હું જાણું છું.' આ વાક્યમાં ક્રમથી એકપણાએ ગ્રહણ કરેલા સદ્અસત્ત્વમાં ઉભયપણાની પ્રતીતિ ભાક્ત (ઔપચારિક, भक्ते गौण्यो वृत्तेः आगतः) ગૌણરૂપે ઉભયની અવગાહી હોઈ અને ક્રમાર્પિતત્વ અવચ્છેદક (અપેક્ષારૂપ) હોઈ, ક્રમાર્પિત સદ્-અસદ્ ઉભયનો અનુભવ થાય છે.

શંકા – ક્રમના બળથી જ આ ત્રીજા ભાંગામાં બે જ્ઞાનની (ખરેખર, ત્રીજા ભંગનો ક્રમથી શાબ્દબોધ થાઓ ! આવી ઇચ્છાથી પ્રયોગ કરાયેલો છે. તથાચ સત્ત્વરૂપી પ્રકારવાળો અને ઘટરૂપી વિશેષ્યવાળો એક બોધ તથા અસત્ત્વરૂપી પ્રકારવાળો અને ઘટરૂપી વિશેષ્યતાવાળો બીજો બોધ-એમ બે બોધ થાય છે, માટે બે ભાંગાના સંયોગરૂપ જ આ ત્રીજો ભાંગો છે.) સિદ્ધિ હોઈ, આ ત્રીજો ભાંગો બે ભાંગાથી અભિન્ન હોઈ ત્રીજો ભિન્ન કેવી રીતે ?

સમાધાન – ક્રમગર્ભિત ઉભયની પ્રધાનતા બોધકતાના અભિપ્રાયથી અસ્તિ-નાસ્તિપદના પ્રયોગથી 'एकत्रद्वयं' 'એક જગ્યામાં બે' આવા ન્યાયથી, જેમ કે-ચૈત્ર, દંડી અને કુંડલી છે. આવા વાક્યમાં દંડકુંડલરૂપ ઉભય પ્રકારવાળો ચૈત્રરૂપ વિશેષ્યવાળો બોધ થાય છે. તેવી રીતે પ્રકૃતમાં ક્રમ અર્પિત સત્ત્વ-અસત્ત્વનિષ્ઠ બે પ્રકારવાળો અને ઘટ આદિરૂપ એક વિશેષ્યતાવાળો બોધ થાય છે. (અથવા નરસિંહરૂપ અખંડ વ્યક્તિ નર અને સિંહથી ભિન્ન હોવા છતાં, વિભિન્ન ભાગરૂપે કલ્પિત નર સિંહરૂપે કહેવાતી વ્યક્તિ અખંડ નરસિંહનો જેમ બોધ કરે છે, તેમ અસ્તિત્વ-નાસ્તિત્વ વિલક્ષણ ધર્મવિશેષ, અસ્તિત્વ પર્યાયને અપેક્ષી ઘટ આદિ ધર્મીમાં છે તે જ ધર્મ, ક્રમિક પ્રધાન ભાવવિવક્ષિત કથંચિત્ અસ્તિત્વ-નાસ્તિત્વથી નિરૂપણ કરાતો તાત્પર્યના વશે ત્રીજા ભંગજન્ય બોધમાં ભાસે છે. તેવા ધર્મરૂપ વિષયભેદથી જ પહેલા-બીજા ભંગ કરતાં, તેનાથી થતા બે બોધ કરતાં, ત્રીજો ભંગ અને તેનાથી થતો બોધ ભિન્ન છે.) અર્થાત્ વિલક્ષણ વિષયતાશાલી બોધાન્તર અનુભવસિદ્ધ છે, માટે પ્રકરતાદ્વય નિરૂપિત એક વિશેષ્યતાશાલીબોધ આ ત્રીજા ભાંગાનું ફળ છે.

શંકા – ખરેખર, ક્રમ શબ્દના વ્યાપારરૂપ છે અને અર્થ તો વિશિષ્ટ ક્રમથી અઘટિત જ છે. તે અર્થમાં ક્રમ આદિના અતિ પ્રયોજનનો અભાવ જ છે ને ?

સમાધાન – શબ્દગત પણ ક્રમનો અર્થમાં અધ્યારોપ દ્વારા તે અર્થમાં તે ક્રમનો સંભવ હોઈ, અર્થ ક્રમથી ઘટિત છે. એ પ્રમાણે સહ અવક્તવ્યત્વ આદિમાં પણ વિચારવું.

(४) કથંચિદ્ અવક્તવ્યત્વ=એકીસાથે વિધિનિષેધરૂપે અવક્તવ્યત્વ-સહ અર્પિત અવક્તવ્યત્વ, એમ જાણવું.

शंका – સહ અર્પિતત્વ, એક કાળમાં એક પદથી ઉભયનો બોધ થાઓ ! આવી ઇચ્છાના વિષયત્વરૂપ છે અને તે ઇચ્છા બાધવિષયમાં ઉદય પામતી નથી, માટે તે સહાર્પિતત્વ અવક્તવ્યનું અવચ્છેદક નથી. વળી ઉભયપદથી યુગપદ્ ઉભયની પ્રધાનતાએ બોધનો સંભવ હોઈ અવક્તવ્યત્વ જ અસિદ્ધ છે. ખરેખર, પ્રત્યક્ષથી દૃષ્ટ છે કે-પુષ્યદંત નામના પદથી ચંદ્રત્વ અને સૂર્યત્વથી ચંદ્ર-સૂર્યનો એકીસાથે બોધ થાય છે જ ને ?

समाधान – પુષ્યદંતપદની માફક ઉભયપદ અસાધારણપણાના અભાવવાળું-સાધારણ છે.

शंका – બુદ્ધિનિષ્ઠ વિષયતાનો અવચ્છેદક (પુષ્યદંતપદની ચંદ્રપણાએ ચંદ્રમાં-સૂર્યપણાએ સૂર્યમાં વ્યાસજ્યવૃત્તિ (બે આદિમાં રહેનાર) એક શક્તિ છે, તેથી તે પદવડે ઉભય ધર્મનિષ્ઠ પ્રકારતાદ્વયથી નિરૂપિત બોધ હોઈ શકે છે. પરંતુ ઉભયપદ, બુદ્ધિનિષ્ઠ વિષયતાનો અવચ્છેદક હોઈ, યત્કિંચિત્ બે ધર્મમાં શક્તિનો સંભવ છતાં, વિશેષધર્મથી વિશિષ્ટ બે પ્રકારતાથી નિરૂપિત મુખ્ય વિશેષ્યતાશાલી બોધ તે ઉભયપદથી ન થઈ શકે !) હોઈ, અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ બે ધર્મોથી વિશિષ્ટનો બોધક છતાં, પ્રધાનતાએ સહ અર્પિત ઉભય આકારવાળા બોધની અસિદ્ધિ છે ને ?

समाधान – પુત્રનો નાશ હોવા છતાં પુત્રને જોવાની ઇચ્છા અનુભવસિદ્ધ હોઈ, ક્વચિત્ બાધવિષયમાં પણ ઇચ્છાનો ઉદય થવાથી અવક્તવ્યના સહાર્પિતપણામાં અવચ્છેદકપણાનો બાધ નથી.

એ પ્રમાણે (૫) કથંચિત્ સત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વ, (૬) કથંચિત્ અસત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વ, (૭) ક્રમાર્પિત ઉભયવિશિષ્ટ અવક્તવ્યત્વ-એમ સાત ધર્મો જાણવાં.

शंका – પ્રથમ દ્વિતીય ધર્મની માફક પ્રથમ (કથંચિત્ સત્ત્વ) અને તૃતીય(ક્રમાર્પિત ઉભયથી)યુક્ત ધર્માન્તરની સિદ્ધિ થવાથી કેવી રીતે સાત પ્રકારના ધર્મનો નિયમ ટકી શકે ?

समाधान – અક્રમથી અર્પિત (કથંચિત્ સત્ત્વ)-ક્રમ અર્પિત ઉભયરૂપ પ્રથમ તૃતીય ધર્મમાં ધર્માન્તર(ક્રમ અર્પિત અસ્તિ-નાસ્તિત્વરૂપ ઉભયમાં અસ્તિત્વરૂપ ધર્માન્તર)પણાએ અપ્રતીતિ છે, કેમ કે-બે સત્ત્વનો અસંભવ છે. વિવક્ષિત સ્વરૂપ આદિથી સત્ત્વ એક છે. એ પ્રમાણે બીજા-ત્રીજા ધર્મમાં ક્રમ-અક્રમ અર્પિતમાં (ક્રમ અર્પિત અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ ઉભયમાં નાસ્તિત્વરૂપ ધર્માન્તર) ધર્માન્તરપણાએ પ્રતીતિ નથી, કેમ કે-બે અસત્ત્વનો અસંભવ છે. પરરૂપ આદિથી અસત્ત્વ એક છે.

शंका – તે પ્રકારે હોયે છતે, પ્રથમ સહિત ચોથામાં (કથંચિત્ સત્ત્વસહિત-કથંચિત્ અવક્તવ્યત્વમાં), બીજા સહિત ચોથામાં (કથંચિત્ અસત્ત્વ સહિત-કથંચિત્ અવક્તવ્યત્વમાં) અને ત્રીજા સહિત ચોથામાં (ક્રમાર્પિત ઉભય સહિત-કથંચિત્ અવક્તવ્યત્વમાં) કેવી રીતે ધર્માન્તરપણું છે ? કેમ કે-ચોથા ધર્મમાં સહ અર્પિત સત્ત્વ-અસત્ત્વનું ભાન છે જ ને ?

समाधान – ચોથા ધર્મમાં તે સત્ત્વ અને અસત્ત્વનો પરામર્શ નથી. પરંતુ તે પ્રકારે સહ અર્પિત તે સત્ત્વ-અસત્ત્વ (સહ અર્પિત સત્ત્વ-અસત્ત્વ ઉભયની અવચ્છેદ અપેક્ષાથી તૃતીય ભંગજન્ય શાબ્દબોધવિષયતાનો અભાવ જ સ્યાદ્ અવક્તવ્ય પદાર્થ હોઈ) સર્વથા કહેવા માટે અશક્તિ હોવાથી અવક્તવ્યત્વરૂપ ધર્માન્તરનું તે ચોથા વાક્યથી પ્રતિપાદન છે. તે અવક્તવ્યત્વથી સહિત સત્ત્વ-અસત્ત્વ કે સત્ત્વાસત્ત્વ ઉભયની અપ્રતીતિ નથી અથવા ધર્માન્તરપણાની અસિદ્ધિ નથી, માટે ભંગોના વિષયના નિયમને કહે છે.

ननु प्रथमद्वीतीयधर्मवत्प्रथमतृतीययुक्तधर्मान्तरस्य सिद्धेः कथं सप्तविधधर्मनियम इति चेन्न क्रमार्पितयोः[१] प्रथमतृतीयधर्मयोर्धर्मान्तरत्वेनाप्रतीतेः सत्त्वद्वयस्यासम्भवात् विवक्षित-स्वरूपादिना सत्त्वस्यैकत्वात्, एवमेव द्वितीयतृतीयधर्मयोः क्रमार्पितयोर्[२] न धर्मान्तरत्वेन प्रतीतिरसत्त्वद्वयस्यासम्भवात् पररूपादिनाऽसत्त्वस्यैकत्वात् । ननु तथा सति प्रथमचतुर्थ-योर्द्वितीयचतुर्थयोस्तृतीयचतुर्थयोश्च सहितयोः कथं धर्मान्तरत्वं, चतुर्थे सहार्पितसत्त्वासत्त्व-भानादिति चेन्न चतुर्थे तयोरपरामर्शात् किन्तु तथार्पितयोस्तयोस्[३] सर्वथा वक्तुमशक्तेरवक्तव्य-त्वरूपधर्मान्तरस्यैव तेन प्रतिपादनात्, न च तेन सहितस्य सत्त्वस्यासत्त्वस्योभयस्य वाऽप्रतीतिर्धर्मान्तरत्वासिद्धिर्वेति भङ्गानां विषयनियममाह –

तत्र प्रथमे भङ्गे सत्त्वस्य प्रधानतया भानं, द्वितीयेऽसत्त्वस्य प्राधान्येन, तृतीये क्रमार्पितसत्त्वासत्त्वयोश्चतुर्थेऽवक्तव्यत्वस्य पञ्चमे सत्त्वविशिष्टावक्तव्यत्वस्य षष्ठेऽसत्त्व-विशिष्टावक्तव्यत्वस्य सप्तमे तु क्रमार्पितसत्त्वासत्त्वविशिष्टावक्तव्यत्वस्य । असत्त्वादी-नान्तु गुणभावेन प्रतीतिः ॥ १४ ॥

तत्रेति । सप्तभङ्गीवाक्य इत्यर्थः, प्रथमे भङ्ग इति, स्यादस्त्येव घट इति भङ्ग इत्यर्थः, प्रधानतया भानमिति नेतरधर्मभाननिरसनपरमिति भावः । भानमित्यग्रेतनवाक्येष्वपि सम्बद्ध्यते । कथं तर्ह्यसत्त्वादीनां प्रतीतिरित्यत्राहासत्त्वादीनान्त्विति ॥

સપ્તભંગીનું ભાન

ભાવાર્થ – "પહેલા ભંગમાં સત્ત્વનું પ્રધાનપણાએ ભાન છે, બીજા ભંગમાં અસત્ત્વનું પ્રધાનપણે ભાન છે, ત્રીજા ભંગમાં ક્રમથી અર્પિત સત્ત્વ અને અસત્ત્વનું પ્રધાનતયા ભાન છે, ચોથા ભંગમાં અવક્તવ્યત્વનું મુખ્યતયા ભાન છે, પાંચમા ભંગમાં સત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વનું મુખ્યત્વે ભાન છે, છઠ્ઠા ભંગમાં અસત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વનું પ્રાધાન્યતઃ ભાન છે અને સાતમા ભંગમાં ક્રમ અર્પિત સત્ત્વ-અસત્ત્વવિશિષ્ટ અવક્તવ્યત્વનું પ્રધાનતયા ભાન છે. પ્રથમ ભંગ આદિમાં અસત્ત્વ આદિની ગૌણભાવથી પ્રતીતિ છે."

વિવેચન – 'स्याद् अस्ति एव घटः'-આવા પ્રથમ ભંગમાં પ્રધાનતયા ભાન છે, એવું વાક્ય બીજા ધર્મોના ભાનનું ખંડન કરનારું નથી.

શંકા – તો અસત્ત્વ આદિની પ્રતીતિ કેવી રીતે થશે ?

સમાધાન – અસત્ત્વ આદિની પ્રતીતિ ગૌણભાવથી છે.

---

१. क्रमार्पितास्तित्वनास्तित्वोभयस्मिन्नास्तित्वरूपधर्मान्तरस्येति भावः ॥ २. क्रमार्पितास्तित्वनास्तित्वो-भयस्मिन्नास्तित्वरूपधर्मान्तरस्येति भावः ॥ ३. सहार्पितसत्त्वासत्त्वोभयावच्छेदेन तृतीयभङ्गजन्यशाब्दबोध-विषयत्वाभावस्यैव स्यादवक्तव्यपदार्थत्वादिति भावः ॥

प्रथमद्वितीयधर्मापेक्षया तृतीयचतुर्थधर्मयोरतिरिक्तत्वं समर्थयति —

क्रमार्पितसत्त्वासत्त्वरूपो धर्मः कथञ्चित्सत्त्वाद्यपेक्षया भिन्नः, प्रत्येकघकारादिवर्णापेक्षया घटपदवत् । अवक्तव्यत्वञ्च सहार्पितास्तित्वनास्तित्वयोस्सर्वथा वक्तुमशक्यत्वम् ॥ १५ ॥

क्रमार्पितेति, सत्त्वासत्त्वोभयत्वस्य भिन्नत्वेन तदाश्रयसत्त्वासत्त्वोभयस्यापि कथञ्चिद्भेदस्यावश्यंकत्वादिति भावः[१] । तत्र दृष्टान्तमाह प्रत्येकेति । अन्यथा घकाराद्युच्चारणेनैव घटपदज्ञानसम्भवाद्घटपदार्थोपस्थितौ शेषवैयर्थ्यापत्तेः, अत एव हि प्रत्येककुसुमापेक्षया मालायाः कथञ्चिद्भेदस्सर्वानुभवसिद्ध इति भावः । चतुर्थधर्मस्य भेदमाहावक्तव्यत्वञ्चेति, तथा च सत्त्वासत्त्वतदुभयापेक्षया सहार्पितावक्तव्यत्वधर्मो भिन्न इति भावः, नात्र सहार्पितसत्त्वासत्त्वमस्य भङ्गस्य विषय इति सूचनाय षष्ठ्यन्तत्वेनोपन्यासः कृतः । प्रथमद्वितीयतृतीयचतुर्थभेदानां विलक्षणधर्मवत्त्वं पञ्चमषष्ठसप्तमानां प्रोक्तधर्मयोजनात्मकत्वमित्यतस्तेषां पार्थक्यं न दर्शितम्, प्रथमद्वितीययोस्तु पृथक्त्वं सुस्पष्टमेवेति तदपि नोक्तमिति ॥

પહેલા-બીજા ધર્મની અપેક્ષાએ ત્રીજા-ચોથા ધર્મની ભિન્નતાનું સમર્થન

ભાવાર્થ – "ક્રમાર્પિત સત્ત્વ-અસત્ત્વરૂપ ધર્મ, કથંચિત્ સત્ત્વ આદિની અપેક્ષાએ ભિન્ન છે. જેમ કે- દરેક ઘટત્વ આદિ વર્ણની અપેક્ષાએ ઘટપદ. અવક્તવ્યત્વ=સહ અર્પિત અસ્તિ-નાસ્તિત્વ સર્વથા કહેવાને અશક્યપણું."

વિવેચન – સત્ત્વાસત્ત્વોભયત્વના આશ્રયભૂત સત્ત્વાસત્ત્વોભયનો પણ કથંચિદ્ ભેદ આવશ્યક છે. (ખરેખર, સકલજન સાક્ષીવાળું સ્વરૂપ આદિ ચારની અપેક્ષાએ સત્ત્વનું અને પરરૂપ આદિ ચારની અપેક્ષાએ અસત્ત્વનું દર્શન. તેનાથી વિપરીત પ્રકારે વસ્તુનું અદર્શન. આ પ્રમાણે તેને પ્રમાણભૂત માનનારે તે પ્રકારે જ વસ્તુ માનવી જોઈએ. અન્યથા, પ્રમાણપ્રમેય વ્યવસ્થાની ઉપપત્તિ નથી. વળી એ પ્રમાણે પ્રત્યક્ષ અથવા પરોક્ષરૂપ છે. સ્વ અર્થના અનુભવરૂપે અને પદાર્થ અનુભવરૂપે ક્રમાર્પિતથી સદ્-અસદ્રૂપ છે.) જેમ કે- પ્રત્યેક ઘકાર આદિ વર્ણની અપેક્ષાએ ઘટપદ. અન્યથા, ઘકાર આદિનો ઉચ્ચારણથી જ ઘટપદના જ્ઞાનનો સંભવ હોવાથી, ઘટપદાર્થની ઉપસ્થિતિ થતાં શેષ વર્ણની વ્યર્થતાની આપત્તિ આવશે જ ! ખરેખર, એથી જ પ્રત્યેક કુસુમની અપેક્ષાએ માળાનો કથંચિદ્ ભેદ સર્વાનુભવસિદ્ધ જ છે.

ચોથા ધર્મના ભેદને કહે છે કે- 'अवक्तव्यत्वमिति.' તથાચ સત્ત્વ-અસત્ત્વ તદ્ ઉભયની અપેક્ષાએ સહ અર્પિત અવક્તવ્યત્વ ધર્મ ભિન્ન છે. અહીં સહ અર્પિત સત્ત્વ-અસત્ત્વ વિષય નથી પરંતુ અવક્તવ્યત્વ વિષય

---

१. सकलजनसाक्षिकं हि स्वरूपादिचतुष्टयापेक्षया सत्त्वस्य पररूपादिचतुष्टयापेक्षया चासत्त्वस्य दर्शनं तद्विपरीतप्रकारेण चादर्शनं वस्तुन इति तत्प्रमाणयता तथैव वस्तु प्रतिपत्तव्यमन्यथा प्रमाणप्रमेयव्यवस्थानुपपत्तेः, एवञ्च प्रमाणं प्रत्यक्षमन्यद्वा स्वार्थोपलम्भात्मना परार्थानुपलम्भात्मना च क्रमार्पितेन सदसदात्मकमिति भावः ॥

છે. આ સૂચન માટે ષષ્ઠી વિભક્તિ અંતરૂપે ઉપન્યાસ કરેલ છે. પ્રથમ-દ્વિતીય-તૃતીય-ચતુર્થ ભેદોનો વિલક્ષણ ધર્મ, પંચમ-ષષ્ઠ-સપ્તમ ભેદોનું કથિત ધર્મનું યોજનાત્મકપણું છે, માટે તેઓનું પૃથક્પણું અહીં દર્શાવ્યું નથી. પ્રથમ-દ્વિતીય ભેદોનું પૃથક્પણું સુસ્પષ્ટ જ છે, માટે તે પણ કહ્યું નથી.

तदेवं सामान्यतस्सप्तभङ्गीस्वरूपं प्रदर्श्य विशेषबुबोधयिषया तां विभजते –

इयं सप्तभङ्गी सकलादेशविकलादेशाभ्यां द्विधा । तत्रैकधर्मविषयकबोधजनकं सद्यौगपद्येनाभेदवृत्त्याऽभेदोपचारेण वा तत्तद्धर्माभिन्नानेकयावद्धर्मात्मकपदार्थबोधजनकवाक्यं सकलादेशः ॥ १६ ॥

इयमिति, प्रोक्तस्वरूपेत्यर्थः । एकैको भङ्गः सकलादेशस्वभावो विकलादेशस्वभावश्चेत्यर्थः, एतत्तत्वमग्रे वक्ष्यते, सकलादेशं लक्षयति तत्रेति, एकधर्मविषयकबोधजनकत्वे सति तत्तद्धर्माभिन्नानेकयावद्धर्मात्मकपदार्थबोधजनकत्वस्य प्रत्येकं प्रमाणनयसप्तभङ्गीवाक्येषु सत्त्वेन न नयवाक्येष्वतिव्याप्तिः, स्यात्पदं हि प्रकृतेतरयावद्धर्मात्मकत्वं द्योतयति[१] गुणभावेन, तथा च सर्वमेव वाक्यं गुणभावेन प्रकृतेतरयावद्धर्मात्मकपदार्थबोधजनकं, प्रधानतया चोपस्थितधर्मबोधजनकञ्चेति । अतो यौगपद्येनाभेदवृत्त्याऽभेदोपचारेण वेत्युक्तम्, एवञ्च प्रमाणवाक्यानां सर्वैः पदैर्मिलित्वा प्राधान्येनानन्तधर्मात्मकवस्तुबोधन एव तात्पर्यम्, स्यादस्त्येव घट इति वाक्यात् स्वेतरसकलधर्मात्मकत्वसम्बन्धेनास्तित्ववानेव घट इति प्राथमिकबोधानन्तरं तस्मादनन्तधर्मात्मकमेव सर्वमित्यौपादानिकबोधस्सकलादेशजन्यः स्वीक्रियते, स च द्रव्यार्थिकार्पणयाऽनुपचरितैकविशेष्यताकः, पर्यायार्थिकार्पणया चोपचरितैकविशेष्यताक इति तात्पर्यार्थमादाय न प्रधानैकार्थत्वव्याघातः, सकलादेशान्यार्थ एव गुणप्रधानभावेन बोधकत्वनियमस्य चरितार्थत्वात् । अत एव सकलादेशेऽनन्तत्वान्यधर्मानवच्छिन्नानन्तधर्मप्रकारतानिरूपितसकलवस्तुविषयताशालिज्ञानत्वेन केवलज्ञानतुल्यत्वोक्तिः सङ्गच्छत इति भावः । तथा चैकधर्मात्मकवस्तुविषयबोधस्याभेदवृत्तेरभेदोपचारस्य वाऽनाश्रयणे विकलादेशत्वापत्त्या कालादिभिरष्टाभिर्धर्मधर्मिणोस्तद्भिन्नधर्माणाञ्चाभेदस्य प्राधान्यतः कालादिभिर्भिन्नानां वा धर्माणामभेदस्यारोपात्समकालं तादृशाशेषधर्मात्मकधर्मिबोधकं वाक्यं सकलादेश इति तात्पर्यार्थः । अस्तित्वनास्तित्वादिधर्माणां कालादिभिरभेदेन वृत्तमात्मरूपं यदोच्यते तदैकेना-

---

१. ननु स्याच्छब्दस्य द्योतकत्वं तदा युज्यते यदाऽनेकान्तः केनापि शब्देन वाच्यस्स्यात्तदेवेह नास्तीतिकथं द्योतकत्वमिति चेन्न, अस्त्येव घट इत्यादिवाक्येन तत्प्रतिपादनात् सकलादेशस्वरूपं हीदं वाक्यं कालादिभिरभेदवृत्त्याऽभेदोपचारेण वा तद्बोधनसमर्थमिति ॥

प्यस्त्यादिपदेनास्तित्वादिरूपैकधर्मबोधनद्वारा तदात्मकतामापन्नस्य निखिलधर्मस्वरूपस्य प्रतिपादनं सम्भवतीति सूचयितुमेकधर्मबोधजनकं सद्यौगपद्येन तदात्मकयावद्धर्मात्मकपदार्थ-बोधजनकवाक्यत्वमित्यनुक्त्वा तथोपन्यासः कृतः, एतेन धर्मविषयकधर्मिबोधकवाक्यत्वं सकलादेशत्वं प्रत्युक्तं, तादृशबोधाप्रसिद्धेः, येन केनापि धर्मेण विशेषितस्यैव धर्मिण-श्शाब्दबोधविषयत्वात् । अभेदवृत्तिश्च द्रव्यार्थिकनयाश्रयणेन, द्रव्यत्वाव्यतिरेकात् । अभेदोपचारश्च पर्यायार्थिकनयाश्रयणेन परस्परभिन्नानामप्येकत्वाध्यारोपादिति ॥

આ પ્રમાણે સામાન્યથી સપ્તભંગીનું સ્વરૂપ દર્શાવ્યા બાદ વિશેષ જણાવવાની ઇચ્છાથી તે સપ્તભંગીનો વિભાગ કરે છે.

सप्तभंगीनो विभाग

ભાવાર્થ – "આ સપ્તભંગી સકલ આદેશ અને વિકલાદેશના ભેદથી બે પ્રકારવાળી છે. ત્યાં એકધર્મવિષયવાળા બોધનું જનક હોતું, યૌગપદ્યથી અભેદવૃત્તિદ્વારા કે અભેદ ઉપચારથી તે તે ધર્મથી અભિન્ન અનેક સકલધર્મરૂપ પદાર્થબોધજનક વાક્ય 'સકલાદેશ' કહેવાય છે."

વિવેચન – આ કથિત સ્વરૂપવાળી સપ્તભંગી, સપ્તભંગીના એક એક ભંગ, સકલ આદેશ સ્વભાવવાળો અને વિકલ આદેશ સ્વભાવવાળો છે. આ તત્ત્વ આગળ કહેવાશે.

સકલાદેશનું લક્ષણ – એકધર્મવિષયક બોધજનક હોયે છતે, તે તે ધર્મથી અભિન્ન અનેક સકલધર્મ આત્મક પદાર્થબોધજનકપણું લક્ષણ છે. આ લક્ષણ, પ્રત્યેક પ્રમાણનયરૂપ સપ્તભંગી વાક્યોમાં વિદ્યમાન હોઈ નયવાક્યોમાં અતિવ્યાપ્તિ નથી. ખરેખર, સ્યાત્પદ પ્રકૃત અને અપ્રકૃત સમસ્ત ધર્માત્મકપણાનું ગૌણભાવથી દ્યોતન કરે છે. તથાચ સર્વવાક્ય, ગૌણભાવથી પ્રકૃત અને સમસ્ત અપ્રકૃત ધર્મ આત્મક બોધજનક છે અને પ્રધાનતાથી ઉપસ્થિત ધર્મબોધજનક હોય છે. એથી યૌગપદ્યથી અભેદવૃત્તિથી અથવા અભેદ ઉપચારથી, એમ કહેલું છે.

○ વળી આ પ્રમાણે પ્રમાણવાક્યોનું સઘળા પદો મળીને પ્રધાનતયા અનંતધર્માત્મક વસ્તુના બોધનમાં જ તાત્પર્ય છે.

'स्याद्अस्त्येव घटः' એ વાક્યથી પ્રકૃત-અપ્રકૃત સકલધર્માત્મકપણાના સંબંધથી 'अस्तित्ववान् एव घटः' આ પ્રાથમિક બોધ પછીથી 'અનંતધર્માત્મક જ સર્વ છે'– આવો ઔપાદાનિક (મુખ્ય) બોધ સકલાદેશથી જન્ય સ્વીકારાય છે.

○ તે સકલાદેશ, દ્રવ્યાર્થિક અર્પણાદ્વારા અનુપચરિત એકવિશેષ્યતાવાળો અને પર્યાયાર્થિક અર્પણાદ્વારા ઉપચરિત એકવિશેષ્યતાવાળો છે. આવા તાત્પર્ય અર્થને લઈને પ્રધાન એક અર્થતાનો વ્યાઘાત નથી. સકલ આદેશથી ભિન્ન વિકલ આદેશના અર્થમાં જ ગૌણમુખ્યભાવથી બોધકતાનો નિયમ ચરિતાર્થ થાય છે.

○ એથી જ સકલાદેશમાં જ અનંતત્વ ભિન્ન ધર્મથી અવિશિષ્ટ અનન્ત ધર્મનિષ્ઠ પ્રકારતા નિરૂપિત સકલવસ્તુનિષ્ઠ વિષયતાશાલિજ્ઞાનત્વ હોઈ, કેવલજ્ઞાનની તુલ્યતાની ઉક્તિ સંગત થાય છે.

० तथाच એકધર્માત્મક વસ્તુવિષયકબોધમાં અભેદવૃત્તિના કે અભેદ ઉપચારના અનાશ્રયથી વિકલ આદેશપણાની આપત્તિથી આઠ કાળ આદિથી, ધર્મ-ધર્મીના અને તેનાથી ભિન્ન ધર્મોના અભેદની પ્રધાનતાથી અથવા કાળ આદિથી ભિન્ન ધર્મોમાં અભેદનો આરોપ થવાથી સમાનકાળમાં તેવા અશેષ ધર્માત્મક ધર્મીબોધક વાક્ય 'સકલ આદેશ છે' એવો તાત્પર્ય અર્થ છે.

० અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ ધર્મોનું કાળ આદિ દ્વારા અભેદથી વૃત્તિવાળું આત્મરૂપ જ્યારે કહેવાય છે, ત્યારે એક પણ અસ્તિ આદિપદથી અસ્તિત્વ આદિરૂપ એકધર્મના બોધનદ્વારા તે અસ્તિત્વ આત્મકતાને પ્રાપ્ત સકલધર્મસ્વરૂપનું પ્રતિપાદન સંભવે છે. આવું સૂચન કરવા માટે એકધર્મબોધજનક હોતું યૌગપદ્યથી તે એકધર્માત્મક સકલધર્માત્મક પદાર્થ બોધજનક વાક્યત્વરૂપ લક્ષણ નહીં કહીને પૂર્વોક્ત-તથાપ્રકારના લક્ષણનો ઉપન્યાસ કરેલ છે.

० આવું લક્ષણ કરવાથી 'ધર્મને વિષય નહીં કરનારું ધર્મીબોધક વાક્ય સકલાદેશ'—આવા કથનનું ખંડન થાય છે, કેમ કે-તેવા બોધની અપ્રસિદ્ધિ છે. એટલું જ નહીં પણ કોઈ એકધર્મરૂપ વિશેષણથી યુક્ત જ ધર્મી જ શાબ્દબોધમાં વિષય થઈ શકે છે.

० વળી અભેદવૃત્તિ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ છે, કેમ કે-દ્રવ્યત્વનો અભેદ છે.

० અભેદનો ઉપચાર તો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ છે, કેમ કે-પરસ્પર ભિન્ન ધર્મોમાં પણ એકતાનો અધ્યારોપ છે.

अथ विकलादेशस्वरूपमाह –

क्रमेण भेदप्राधान्येन भेदोपचारेण वा एकधर्मात्मकपदार्थविषयकबोधजनकवाक्यं विकलादेशः ॥ १७ ॥

क्रमेणेति । भेदप्राधान्येनेति, पर्यायार्थिकनयस्य प्राधान्येन परस्परं भिन्नत्वाद्धर्माणामिति भावः, भेदोपचारेण वेति, प्राधान्येन द्रव्यार्थिकाश्रयतोऽभिन्नेऽपि भेदाध्यारोपेणेत्यर्थः, क्रमश्चास्त्यादिरूपैकशब्दस्य कालादिभिर्भिन्ननास्तित्वाद्यनेकधर्मबोधने शक्तयभावाद्बोध्यः ॥

વિકલાદેશનું સ્વરૂપવર્ણન

ભાવાર્થ – "ક્રમથી ભેદની પ્રધાનતાથી કે ભેદના ઉપચારથી એકધર્માત્મક પદાર્થવિષયક બોધજનક વાક્ય 'વિકલાદેશ' કહેવાય છે.

વિવેચન – ભેદની પ્રધાનતાથી એમ કહેવાનું કારણ એ છે કે-પર્યાયાર્થિકનયની પ્રધાનતાએ ધર્મોની પરસ્પર ભિન્નતા છે.

० ભેદના ઉપચારથી એમ કહેવાનું કારણ એ છે કે-દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાની અપેક્ષાએ અભિન્ન હોવા છતાં, ભેદના અધ્યારોપથી એમ કહેલ છે.

० ક્રમ કહેવાનું કારણ કહે છે કે-અસ્તિ આદિરૂપ એક શબ્દમાં, કાળ આદિથી ભેદવાળા નાસ્તિત્વ આદિ અનેક ધર્મના બોધનમાં સામર્થ્ય નહીં હોવાથી, ક્રમથી એમ સમજવું.

સારાંશ – નયના વિષયરૂપે કરેલ વસ્તુધર્મની જ્યારે કાળ આદિ દ્વારા ભેદની વિવક્ષા કરાય છે, ત્યારે એક શબ્દમાં અનેકાર્થના પ્રતિપાદનમાં સામર્થ્યનો અભાવ હોવાથી, ભેદવૃત્તિથી કે ભેદ ઉપચારના ક્રમથી જે વાક્યવાચક છે, તે વિકલાદેશ તરીકે કહેવાય છે.

अभेदवृत्त्यभेदोपचारप्रयोजकान् दर्शयितुमाह –

अभेदवृत्त्यभेदोपचारौ कालस्वरूपार्थसम्बन्धोपकारगुणिदेशसंसर्गशब्दैरष्टाभिर्ग्राह्यौ ॥ १८ ॥

अभेदेति । समानकालीनत्वं, एकगुणिगुणत्वं, एकाधिकरणत्वं, एकसम्बन्धप्रतियोगित्वं, एकोपकारकत्वं, एकदेशावच्छिन्नवृत्तित्वं, एकसंसर्गप्रतियोगित्वं, एकशब्दवाच्यत्वञ्चाभेदवृत्तावभेदोपचारे वा प्रयोजकमिति भावः ॥

અભેદવૃત્તિ-અભેદ ઉપચારના પ્રયોજકનું સ્થાન

ભાવાર્થ – "અભેદવૃત્તિ અને અભેદ ઉપચાર, ૧-કાળ, ૨-સ્વરૂપ, ૩-અર્થ, ૪-સંબંધ, ૫-ઉપકાર, ૬-ગુણિદેશ, ૭-સંસર્ગ અને ૮-શબ્દ, એમ આઠ પ્રયોજકોથી ગ્રહણ કરવા યોગ્ય છે.

વિવેચન – કાળ=સમાન કાલીનતા, સ્વરૂપ=એક ગુણિગુણત્વ, અર્થ=એક અધિકરણત્વ, સંબંધ=એક સંબંધ પ્રતિયોગિત્વ, ઉપકાર=એક ઉપકારત્વ, ગુણિદેશ=એક દેશાવચ્છિન્નવૃત્તિત્વ, સંસર્ગ=એક સંસર્ગ પ્રતિયોગિત્વ અને શબ્દ=એક શબ્દવાચ્યત્વ, અભેદવૃત્તિમાં કે અભેદ ઉપચારમાં પ્રયોજક છે.

एकस्मिन् भङ्गे घटयति –

तथाहि स्यादस्त्येव घट इत्यादावस्तित्वाद्यात्मकैकधर्मबोधजनकत्वं वर्त्तते तथा एककालावच्छिन्नैकाधिकरणनिरूपितवृत्तित्वैकगुणिगुणत्वैकाधिकरणवृत्तित्वैकसम्बन्धप्रतियोगित्वैकोपकारकत्वैकदेशावच्छिन्नवृत्तित्वैकसंसर्गप्रतियोगित्वैकशब्दवाच्यत्वधर्मैरस्तित्वेनाभिन्ना अनेके ये धर्मास्तदात्मकपदार्थबोधजनकत्वमपीति ॥ १९ ॥

तथाहीति । इत्यादाविति, अस्तित्वाद्यात्मकैकधर्मबोधजनकत्वं वर्त्तत इत्यनेनैकधर्मविषयकबोधजनकत्वमिति सकलादेशलक्षणांशस्सङ्कटितः, वाक्य इति शेषः, इत्यादावित्यस्येत्यादिवाक्य इति वाऽर्थः । कालादिभिर्धर्माणामभेदवृत्तिं घटयति तथेति, एककालाच्छिन्नैकाधिकरणनिरूपितवृत्तित्वेति, यादृशकालावच्छेदेन यत्र घटादावस्तित्वं वर्तते तत्कालावच्छेदेन तत्रानन्ता अपि धर्मा वर्तन्त इत्यस्तित्वेन सह शेषधर्माणामेककाला-

वच्छिन्नैकाधिकरणवृत्तित्वं वर्त्तत इति कृत्वा तेषां कालेनाभेद इति भावः । एकगुणिगुणत्वेति, अस्तित्वं हि घटस्य गुणस्तस्मादस्तित्वस्य घटगुणत्वं स्वरूपं तथा तद्वृत्तिशेषधर्माणामपीति सर्वेषां धर्माणामेकगुणिगुणत्वस्वरूपतया स्वरूपेणाभेदवृत्तिरिति भावः । एकाधिकरणवृत्तित्वेति, यथा ह्यस्तित्वस्याधिकरणं घटस्तथैव निखिलधर्माणामपीत्येकाधिकरणवृत्तित्वादेषामर्थेनाभेदवृत्तिरिति भावः । एकसम्बन्धप्रतियोगित्वेति, यो ह्यस्तित्वस्य घटेन कथञ्चित्तादात्म्यरूपस्सम्बन्ध स एवाशेषाणामपीति[१] सर्वे धर्माः कथञ्चित्तादात्म्यलक्षणसम्बन्धस्य प्रतियोगिनस्तस्मादेकसम्बन्धप्रतियोगित्वादेषां सम्बन्धेनाभेदवृत्तिरिति भावः । एकोपकारकत्वेति, अस्तित्वस्य योऽयमुपकारः स्वप्रकारकधर्मिविशेष्यकज्ञानजनकत्वं स एवोपकारस्स्वान्याखिलधर्माणामिति सर्वेषामेकोपकारकत्वेनोपकारेणाभेदवृत्तिः । एकदेशावच्छिन्नवृत्तित्वेति, अस्तित्वं हि यद्देशावच्छेदेनास्ति तद्देशावच्छेदेनैव स्वेतरेऽखिलधर्मास्सन्तीत्येकदेशावच्छिन्नवर्तिन एते, न ह्यस्तित्वं कण्ठावच्छेदेन पृष्ठदेशावच्छेदेन नास्तित्वमिति देशभेदो वर्त्तत इति गुणिदेशेनैतेषामभेदवृत्तिरिति भावः । एकसंसर्गप्रतियोगित्वेति, य एव हि घटे नास्तित्वस्यैकवस्त्वात्मना संसर्गस्स एवान्येषामपीति तेषामेकसंसर्गप्रतियोगित्वात्संसर्गेणाभेदवृत्तिः, एकशब्दवाच्यत्वधर्मैरिति, अस्तित्वधर्मात्मकस्य च एवास्तिशब्दो वाचकस्स एव तद्भिन्नानन्तधर्मात्मकस्यापि वस्तुनो वाचक इति एकशब्दवाच्यत्वाच्छब्देनाभेदवृत्तिरिति भावः । धर्मान्तं पदमस्तिनाऽभिन्नत्वे प्रयोजकप्रदर्शनपरम् । जनकत्वमपीतीति सकलादेशलक्षणसमन्वय इति शेषः । अत्र मलयगिरिचरणास्सप्तभङ्ग्यां प्रतिभङ्गं प्रमाणवाक्यमेव, नतु नयः, स्याच्छब्देन विवक्षितधर्मोपरागेण कालादिभिरभेदवृत्त्याऽभेदोपचारेण वाऽनन्तधर्मात्मकवस्तुप्रतिपादने प्रमाणवाक्यस्यैव व्यवस्थितेः, अत एव स्याच्छब्दलाञ्छिततयैव सर्वत्र साधूनां भाषाविनयो विहितः, अवधारणी भाषा च निषिद्धा तस्या नयरूपत्वात्, नयानां च सर्वेषां मिथ्यादृष्टित्वात् तथा चानुस्मरन्ति "सव्वेणया मिच्छावायिणो" त्ति, न च सप्तभङ्गात्मकं प्रमाणवाक्यं एकभङ्गात्मकञ्च नयवाक्यमित्यपि नियन्तुं शक्यम्, सप्तभङ्गानां सप्तविधजिज्ञासोपाधिनिमित्तत्वेनासार्वत्रिकत्वात् को जीव इति प्रश्ने लक्षणमात्रजिज्ञासया स्याज्ज्ञानादिलक्षणो जीव इत्येकवाक्यस्य प्रमाणवाक्यरूपस्योत्तरस्य सिद्धान्तसिद्धत्वात्

१. तादात्म्यातिरिक्तसम्बन्धासिद्धेरिति भावः, यद्यपि कार्यकारणभावदैशिककालिकाधाराधेयभावादीनामतादात्म्येऽपि तत्तत्सम्बद्धव्यवहारकारित्वं दृश्यते तथापि तत्रापि तत्तद्व्यवहारप्रयोजकशक्त्यात्मना कथञ्चित्तादात्म्याभ्युपगमादोषः, तथा च यत्राभेदव्यवहारस्तत्राभेद उद्भूतोऽनुद्भूतो भेदः, पृथक्सम्बन्धिस्थले तु वैपरीत्येनेति बोध्यम् ॥

स्याच्छब्दस्य चात्रानन्तधर्मात्मकत्वद्योतनेन प्रमाणाङ्गत्वादिति वदन्ति तन्मतेनात्र प्रत्येक-वाक्यस्य प्रमाणरूपत्वं दर्शितम्, एतन्मते नयदुर्नयविभागो नास्ति अर्थाविशेषात् । केचित्तु 'सदेव सत्स्यात्सदिति त्रिधार्थो मीयेत दुर्नीतिनयप्रमाणै' रिति हेमसूरिभिरपि प्रमाण-नयदुर्नयरूपेण विभज्याभिधानात् आकरे नयतदाभासानामपि स्पष्टं बोधितत्वाच्चास्ति नयदुर्नयभेदः, अवधारणीभाषैकान्तवादात्मिकैव निषिद्धा न तु नयरूपापि, तस्याः प्रमाण-परिकरत्वात् प्रमाणात्मकमहावाक्यजन्यशाब्दबोधजनकावान्तरवाक्यार्थज्ञानजनकत्वेन तदनु-कूलाकांक्षोत्थापकत्वेन वा नयवाक्यस्य शिष्यमतिविस्फारकत्वाच्च, अत एव नयो-ऽप्यादरणीय एव । प्रमाणवाक्यमपि हि अनेकान्तरुचिशालिनं पुरुषविशेषमधिकृत्यैव प्रयुज्यते, तस्मात् स्याज्ज्ञानादिलक्षणो जीव इत्यपि सुनयवाक्यमेव, एकभङ्गरूपत्वात् । तत्रापि प्रमाणवाक्यत्वमुत्थाप्याकांक्षाक्रमेण भङ्गषट्कसंयोजनयैव । सकलादेशत्वञ्च प्रतिभङ्गमनन्त-धर्मात्मकत्वद्योतनेन, अन्यथा च विकलादेशत्वमेवेत्याहुः । अपरे तु अखण्डवस्तुविषयत्वेन त्रिष्वाद्यभङ्गेषु[1] सकलादेशत्वं चतुर्षु चोपरितनेष्वेकदेशविषयत्वेन विकलादेशत्वमित्यूचुः ॥

એક ભંગમાં કાળ આદિની ઘટના

ભાવાર્થ – "તે આ પ્રમાણે-'स्याद् अस्ति एव घटः' ઇત્યાદિમાં અસ્તિત્વ આદિ આત્મક એક ધર્મબોધજનકપણું વર્તે છે. તેવી રીતે એક કાળથી અવચ્છિન્ન એક અધિકરણનિરૂપિતવૃત્તિત્વ, એક ગુણિગુણત્વ, એક અધિકરણવૃત્તિત્વ, એક સંબંધ પ્રતિયોગિત્વ, એક ઉપકારત્વ, એક દેશથી અવચ્છિન્નવૃત્તિત્વ, એક સંસર્ગ પ્રતિયોગિત્વ અને એક શબ્દવાચ્યત્વ ધર્મોદ્વારા અસ્તિત્વની સાથે અનેક જે ધર્મો છે. તદાત્મક પદાર્થબોધજનકપણું પણ વર્તે છે."

વિવેચન – 'स्याद् अस्ति एव घटः' ઇત્યાદિ વાક્યમાં 'અસ્તિત્વ આદિ આત્મક એક ધર્મબોધજનકત્વ વર્તે છે.' આવા કથનથી 'એક ધર્મવિષયક બોધજનકત્વ'-આ પ્રમાણેનો સકલાદેશના લક્ષણનો અંશ સંઘટિત થયેલો છે.

(૧) કાળ આદિ પ્રયોજકદ્વારા ધર્મોની અભેદવૃત્તિને ઘટાવે છે. 'तथेति'-એક કાળથી અવચ્છિન્ન એક અધિકરણનિરૂપતિવૃત્તિત્વ=જે કાળની અપેક્ષાએ જે ઘટ આદિમાં અસ્તિત્વ છે, તે કાળની અપેક્ષાએ તે ઘટ આદિમાં અનંત પણ ધર્મો વર્તે છે. આ પ્રમાણે અસ્તિત્વની સાથે સકળ શેષધર્મોનું એક કાળથી અવચ્છિન્ન એક અધિકરણવૃત્તિત્વ વર્તે છે. એમ કરીને તે ધર્મોનો કાળપ્રયોજકની અપેક્ષાએ અભેદ છે.

[કાળની અપેક્ષાએ ઘટાદિ વસ્તુમાં અસ્તિત્વ આદિ ધર્મની પ્રતીતિ હોવાથી વસ્તુ-નિરૂપિત અસ્તિત્વનિષ્ઠવૃત્તિતામાં કાળ અવચ્છેદક છે, કેમ કે-'तत्संबंधी न एव सन्निष्ठधर्मावच्छेदकत्वम्'—આવો નિયમ હોવાથી કાળમાં અસ્તિત્વ આદિ ધર્મનું સંબંધીપણું આવશ્યક છે. કાળની સાથે અસ્તિત્વ આદિ ધર્મનો સંબંધ

१. स्यादस्त्येव, स्यान्नास्त्येव, स्यादवक्तव्यमेवेति भङ्गत्रय इत्यर्थः ॥

કાલિક છે. તે કાલિક સંબંધ પણ સર્વસંબંધવ્યાપક કથંચિત્ તાદાત્મ્યવ્યાપ્ય છે, માટે કથંચિત્ તાદાત્મ્ય પણ કાળમાં અસ્તિત્વ આદિનો સંબંધ છે. વળી એ પ્રમાણે 'तद् अभिन्नाभिन्नस्य तद् अभिन्नत्वम्'—આવા નિયમથી કથંચિત્ અસ્તિત્વથી અભિન્નકાળથી અભિન્ન-કથંચિત્ નાસ્તિત્વ આદિ ધર્મોનું કથંચિદ્ અસ્તિત્વથી અભિન્નપણું છે. આ પ્રમાણે કાળથી અભેદવૃત્તિ જાણવી.]

(૨) સ્વરૂપ=એક ગુણિગુણત્વ=ખરેખર, અસ્તિત્વ ઘટનો ગુણ (ધર્મ) છે. તેથી અસ્તિત્વનું ઘટગુણત્વ સ્વરૂપ છે. તે પ્રકારે ઘટમાં રહેલ બાકીના સર્વધર્મરૂપ ગુણોનું એક ગુણિ(ધર્મ) ગુણત્વરૂપ આત્મરૂપપણું હોઈ સ્વરૂપથી અભેદવૃત્તિ છે.

[અસ્તિત્વનિષ્ઠ ગુણિગુણત્વથી અભિન્ન ઘટથી અભિન્ન નાસ્તિત્વ આદિ શેષ-અશેષધર્મોમાં રહેલ ગુણિગુણત્વની અપેક્ષાએ અસ્તિત્વની સાથે સકળ ધર્મોનો અભેદ છે.]

(૩) એક અધિકરણવૃત્તિત્વ=ખરેખર, જેમ અસ્તિત્વનો ઘટ આધાર છે, તેમ સમસ્ત ધર્મોનો પણ આધાર છે. આ પ્રમાણે એક અધિકરણવૃત્તિત્વની અપેક્ષાએ અર્થની સામે સમસ્ત ધર્મોની અભેદથી વૃત્તિ છે.

(૪) એક સંબંધપ્રતિયોગિત્વ=ખરેખર, અસ્તિત્વનો ઘટની સાથે કથંચિત્તાદાત્મ્યરૂપ (અવિનાભાવ-અવિષ્વગ્ભાવ) સંબંધ છે. તે જ સંબંધ (તાદાત્મ્યથી ભિન્ન સંબંધની અસિદ્ધિ છે. જો કે કાર્યકારણભાવ-દૈશિક-કાલિક-આધાર-આધેયભાવ આદિમાં તાદાત્મ્યરૂપ નહીં હોવા છતાં, તે તે સંબંધયુક્તના વ્યવહારકારિપણું દેખાય છે. તો પણ તે કાર્યકારણભાવ આદિ સંબંધોમાં પણ તે તે વ્યવહારપ્રયોજક શક્તિરૂપે કથંચિત્ તાદાત્મ્યનો સ્વીકાર હોઈ દોષનો અભાવ છે. તથાચ જ્યાં અભેદવ્યવહાર છે, ત્યાં અભેદ ઉદ્ભૂત-પ્રકટિતરૂપ છે, ભેદ અનુદ્ભૂત છે. પૃથક્ સંબંધીના સ્થળમાં ભેદ ઉદ્ભૂત છે અને અભેદ અનુદ્ભૂત છે, એમ વિપરીત રૂપથી જાણવું.) સમસ્ત ધર્મોનો પણ છે, માટે સઘળા ધર્મો કથંચિત્ તાદાત્મ્ય લક્ષણસંબંધના પ્રતિયોગી (આધેયભૂત-રહેનાર) છે. તેથી એક સંબંધના પ્રતિયોગિતાની અપેક્ષાએ સમસ્ત ધર્મોની ઘટરૂપ અનુયોગીમાં કથંચિત્ તાદાત્મ્ય સંબંધથી અભેદથી વૃત્તિ છે.

(૫) એક ઉપકારકત્વ=જે અસ્તિત્વનો ઉપકાર (સ્વ અનુરક્તત્વકરણ-સ્વ વૈશિષ્ટ્ય સંપાદન) સ્વપ્રકારક ધર્મિવિશેષ્યક જ્ઞાનજનકત્વ=અસ્તિત્વ પ્રકારવાળા, ઘટરૂપ ધર્મીવિશેષ્યવાળા બોધનું જનકપણું છે.

તે જ ઉપકાર અસ્તિત્વરૂપ સ્વભિન્ન અન્યરૂપ નાસ્તિત્વ આદિ સકળ ધર્મોનો પણ છે, માટે સકળ ધર્મોની એક ઉપકારકારકપણાની અપેક્ષાએ અભેદથી વૃત્તિ છે.

(૬) એક દેશાવચ્છિન્નવૃત્તિત્વ=ખરેખર, અસ્તિત્વ જે દેશ(ઘટરૂપ ગુણિ સંબંધી ક્ષેત્ર)ને આશ્રયીને છે, તે દેશની અપેક્ષાએ જ અસ્તિત્વથી ભિન્ન સકળ ધર્મો છે; માટે એક દેશથી અવચ્છિન્ન ઘટવર્તી આ ધર્મો છે, કેમ કે-કંઠના ભાગમાં અસ્તિત્વ અને પૃષ્ઠના ભાગમાં નાસ્તિત્વ, એવો દેશભેદ નથી વર્તતો.

(૭) એક સંસર્ગપ્રતિયોગિત્વ=ખરેખર, જે અસ્તિત્વનો એક વસ્તુરૂપે ઘટની સાક્ષે અસ્તિત્વનો સંસર્ગ છે, તે બીજા ધર્મોનો પણ સંસર્ગ છે. સમસ્ત તે ધર્મોનો એક સંસર્ગ. પ્રતિયોગિત્વની અપેક્ષાએ સંસર્ગથી અભેદવૃત્તિ.

(८) એક શબ્દવાચ્યત્વ=જે અસ્તિ શબ્દ અસ્તિત્વધર્મ આત્મક વસ્તુનો વાચક છે, તે જ શબ્દ અસ્તિત્વભિન્ન અનંતધર્માત્મક વસ્તુનો પણ વાચક છે, માટે એક શબ્દરૂપ વાચકથી વાચ્યત્વની અપેક્ષાએ સઘળા ધર્મોની શબ્દની સાથે અભેદથી વૃત્તિ છે.

○ ધર્મ સુધીનું પદ અસ્તિની સાથે અભિન્નતામાં પ્રયોજક બતાવનારું છે.

○ 'जनकत्वमपीति'-આ પ્રમાણે સકલાદેશસમન્વય છે, એમ અધ્યાહારથી સમજવું. અહીં પૂજ્યપાદ મલયગિરિસૂરીશ્વરજી મહારાજ "સપ્તભંગીના દરેક ભંગા, પ્રમાણવાક્ય જ છે-નયરૂપ નથી, કેમ કે-સ્યાત્ શબ્દથી વિવક્ષિત ધર્મના ગ્રહણથી કાળ આદિ દ્વારા, અભેદવૃત્તિ કે અભેદ ઉપચારથી અનંતધર્માત્મક વસ્તુના પ્રતિપાદનમાં પ્રમાણવાક્યની વ્યવસ્થા છે. એથી જ સ્યાત્ શબ્દના ચિહ્નથી જ સર્વત્ર સાધુઓનો ભાષારૂપ વિનય વિહિત કરેલ છે અને નિશ્ચયાત્મક ભાષાનો નિષેધ કરેલ છે : કેમ કે-તે અવધારણી ભાષા નયરૂપ છે, કેમ કે-સઘળાય નયો મિથ્યાદૃષ્ટિ છે. 'सर्व नयो मिथ्यावादी छे'-એવા પ્રમાણની ત્યાં સાક્ષી છે."

शंका – સપ્તભંગાત્મક પ્રમાણવાક્ય છે અને એક ભંગાત્મકવાક્ય નયવાક્ય છે. આવો નિયમ થાય તો શો વાંધો ?

समाधान – સાત ભંગો, સાત પ્રકારની જિજ્ઞાસારૂપ ઉપાધિ-નિમિત્તથી જન્ય હોઈ અસાર્વત્રિક છે, કેમ કે-જીવ કોને કહી શકાય ? આવા પ્રશ્નમાં લક્ષણ માત્રની જિજ્ઞાસાથી 'स्यात् ज्ञानादि लक्षणो जीवः'-આ પ્રમાણેના ઉત્તરરૂપ પ્રમાણવાક્યરૂપ એક વાક્ય સિદ્ધાન્તસિદ્ધ છે, કેમ કે-સ્યાત્ શબ્દ અહીં અનંતધર્માત્મકપણાના દ્યોતનદ્વારા પ્રમાણના અંગભૂત છે, આમ બોલે છે. તે મતની અપેક્ષાએ અહીં પ્રત્યેક વાક્યનું પ્રમાણરૂપપણું દર્શાવેલ છે. વળી આ મતમાં નય અને દુર્નયનો વિભાગ નથી, કેમ કે-અર્થની દૃષ્ટિએ કોઈ જાતનો વિશેષ નથી.

કેટલાક આચાર્યો, જેમ કે-કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે, "अन्य यो-वा-द्वा-श्लोक २८માં, 'પદાર્થ સર્વથા સત્ છે, એ દુર્નયવાક્ય છે : 'सत् छे'-એ વાક્ય નયવાક્ય છે : 'કથંચિત્ સત્ છે'-એ પ્રમાણવાક્ય છે : આ ત્રણ પ્રકારે અર્થનિર્ણય કરેલ છે." આ પ્રમાણે પ્રમાણ-નય-દુર્નયરૂપે વિભાગ કરીને કથન કરેલ છે. આકરમાં (મૂળ ગ્રંથમાં) નય અને નયાભાસો પણ સ્પષ્ટ જણાવેલ છે, માટે નય અને દુર્નયનો ભેદ છે.

એકાન્તવાદરૂપ જ અવધારણી ભાષાનો નિષેધ કરેલ છે પરંતુ નયરૂપ અવધારણી ભાષાનો નિષેધ કરેલ નથી, કેમ કે-નયરૂપ ભાષા-તો પ્રમાણના પરિકર-અંગરૂપ છે : કેમ કે-પ્રમાણ આત્મક મહાવાક્યજન્ય શાબ્દબોધજનક અવાન્તર (તદંતર્ગત અંગભૂત) વાક્યાર્થ જ્ઞાનજનક હોઈ અથવા તાદૃશ જ્ઞાનની અનુકૂળ આકાંક્ષાનું ઉત્થાપક હોઈ, નયવાક્ય શિષ્યમતિનું વિકાસક-વિસ્તારક છે. એથી જ નય પણ આદરયોગ્ય જ છે.

ખરેખર, પ્રમાણવાક્યનો પણ અનેકાન્તની રૂચિથી શોભતા વિશિષ્ટ પુરુષને ઉદ્દેશીને પ્રયોગ કરાય છે. તેથી 'स्यात् ज्ञानादि लक्षणवाळो जीव' આવું પણ વાક્ય સુનયવાક્ય જ છે, કેમ કે-એક ભંગરૂપ છે.

० त्यां-सप्तभंगीमां पण प्रमाणवाक्यत्व, उत्थाप्य आकांक्षाना क्रमथी छ भांगानी संयोजनाद्वारा જ છે.

वणी सकल आदेशपणुं प्रत्येक भंगमां अनंतधर्मात्मकपणाना द्योतनथी छे, अन्यथा विकल आदेशपणुं જ છે, એમ કેટલાક આચાર્યો કહે છે.

બીજા આચાર્યો કહે છે કે-'प्रारंभिक त्रण भांगाओमां अखंड वस्तुनुं विषयपणुं होई सकलादेशपणुं छे, अंतिम चार भांगाओमां એક દેશનું વિષયપણું હોઈ વિકલાદેશપણું છે."

नन्वभिन्नताप्रयोजककालाद्यष्टासु मध्ये सम्बन्धसंसर्गौ द्विधा कथमुपात्तौ तयोर्भेदादर्शनादित्यत्राह –

सम्बन्धे कथञ्चित्तादात्म्यलक्षणेऽभेदः प्रधानं भेदो गौणः, संसर्गे त्वभेदो गौणो भेदः प्रधानम् । तथा च भेदविशिष्टाभेदस्सम्बन्धः, अभेदविशिष्टभेदस्संसर्ग इति विवेकः । अयञ्च पर्यायार्थिकनयस्य गुणभावे द्रव्यार्थिकनयस्य प्रधानभावे युज्यते ॥ २० ॥

सम्बन्ध इति । कथञ्चित्तादात्म्यं हि सम्बन्धः, स च भेदाभेदघटितमूर्त्तिकः, तत्र यदाऽभेदस्य प्राधान्यं भेदस्य च गौणत्वं क्रियते तदा स सम्बन्धशब्दव्यवहारभाग्भवति, यदा तु भेदस्य प्रधानतयाऽभेदस्य च गौणतया विवक्ष्यते तदा स संसर्ग इति व्यवह्रियत इति भावः । फलितार्थमुभयोराह तथाचेति । भेदविशिष्टाभेद इति, अत्र भेदो गौणो विशेषणत्वात्, अभेदस्य विशेष्यत्वेन प्रधानता बोध्या । अभेदविशिष्टेति, अत्रापि विशेषणत्वादभेदस्य गौणत्वं विशेष्यत्वाच्च भेदस्य प्राधान्यमवसेयम् । ननु कथमत्र कालादिभिरभेदवृत्तिरभेदोपचारो वेत्यत्राहायञ्चेति, पूर्वसंघटितस्सकलादेशबोध इत्यर्थः । पर्यायार्थिकनयस्य गुणभाव इति, तस्य प्राधान्ये त्वभेदवृत्त्यसम्भव इति भावः । अस्य गौणत्व एव द्रव्यार्थिकनयस्य प्राधान्यं संभवति, एकदा नयद्वयस्य प्राधान्यासम्भवादित्याशयेनाह द्रव्यार्थिकनयस्येति, तत्र पर्यायार्थिकनयो गौणीकृत्य धर्मिणं धर्मात्मकपर्यायप्राधान्यप्रख्यापकः, द्रव्यार्थिकनयः पर्यायोपेक्षया धर्मिमात्रप्राधान्यप्रख्यापक[१] इति ॥

અભિન્નતાના પ્રયોજક કાળ આદિ આઠમાં સંબંધ અને સંસર્ગ-એમ બે પ્રકારે કેમ ગ્રહણ કરેલા છે ? કારણ કે-તે બંનેમાં ભેદ તો દેખાતો નથી. આવી શંકાના સમાધાનમાં કહે છે કે-

१. द्रव्यपर्यायात्मकं हि वस्तु, तत्र द्रव्यनयार्पणायां तदभिन्नपर्यायाणामभानेऽपि ते सन्त्येव परन्तु पर्यायनयस्य गौणीकृतत्वात्ते गुणभूताः एकदोभयनयस्य प्राधान्यासम्भवात् न तावता तेषां नास्तित्वं दुर्नयप्रवेशापत्तेः, पर्यायार्पणया द्रव्यनयस्य गुणभावेन च पर्यायाः प्राधान्येन भासन्ते द्रव्यन्तु तदभिन्नं गुणतयेति ॥

ભેદાભેદ સંબંધ

ભાવાર્થ – 'કથંચિત્ તાદાત્મ્યરૂપ સંબંધમાં અભેદ પ્રધાન છે અને ભેદ ગૌણ છે. સંસર્ગમાં તો અભેદ ગૌણ છે અને ભેદ પ્રધાન છે. તથાચ ભેદવિશિષ્ટ અભેદ સંબંધ છે અને અભેદવિશિષ્ટ ભેદ સંસર્ગ છે-એમ વિવેક છે. વળી આ પર્યાર્થિકનયના ગુણભાવમાં-દ્રવ્યાર્થિકનયના પ્રધાનભાવમાં યુક્તિયુક્ત થાય છે."

વિવેચન – ખરેખર, (કથંચિત્ ભિન્નાભિન્નત્વરૂપ) કથંચિત્ તાદાત્મ્ય સંબંધ છે. તે ભેદ અભેદથી ઘટિત આકારવાળો છે. ત્યાં જ્યારે અભેદનું પ્રધાનપણું અને ભેદનું ગૌણપણું કરાય છે, ત્યારે તે સંબંધશબ્દના વ્યવહારને ભજનારો થાય છે. પરંતુ જ્યારે ભેદની પ્રધાનપણે અને અભેદની ગૌણપણે વિવક્ષા કરાય છે, ત્યારે તે સંસર્ગશબ્દથી વ્યવહારવિષય થાય છે.

તે બંનેનો ફલિતાર્થ-ભેદવિશિષ્ટ અભેદઃ સંબંધ=સંબંધમાં ભેદ ગૌણ છે, કેમ કે-વિશેષણ છે. અભેદની વિશેષ્યતા હોઈ પ્રધાનતા છે, એમ જાણવું.

○ અભેદવિશિષ્ટ ભેદઃ સંસર્ગઃ=સંસર્ગમાં પણ વિશેષણ હોઈ અભેદ ગોણ છે, વિશેષ્યતા હોઈ ભેદની પ્રધાનતા જાણવી.

○ અહીં પ્રકૃતમાં કાળ આદિ આઠથી અભેદવૃત્તિ કે અભેદોપચાર કેવી રીતે જાણવો ? આના જવાબમાં કહે છે કે-આ પૂર્વસંઘટિત સકલાદેશબોધ પર્યાયાર્થિકનયના ગૌણભાવમાં છે, કેમ કે-તે પર્યાયાર્થિકનયના પ્રધાનભાવમાં તો અભેદવૃત્તિનો અસંભવ છે. આ-પર્યાયાર્થિકના ગૌણપણામાં જ દ્રવ્યાર્થિકનયનું પ્રધાનપણું સંભવ છે.

વળી દ્રવ્યાર્થિકના પ્રધાનભાવમાં પૂર્વોક્ત સકલાદેશબોધ ઘટી શકે છે, કેમ કે-એક સમયમાં બે નયની પ્રધાનતાનો અસંભવ છે.

○ અહીં પર્યાયાર્થિકનય, દ્રવ્યનય ધર્મીને ગૌણ કરીને ધર્મરૂપ પર્યાયની પ્રધાનતાને જણાવનારો છે.

○ દ્રવ્યાર્થિકનય, પર્યાયની ઉપેક્ષા કરીને દ્રવ્યરૂપ ધર્મી માત્રની પ્રધાનતાને દર્શાવે છે. પર્યાયોનું ભાન નહીં હોવા છતાં તે પર્યાયો છે જ. પરંતુ પર્યાયનયને ગૌણ કરેલ હોવાથી તે પર્યાયો ગૌણભૂત છે, કેમ કે-એક સમયમાં બે નયોની પ્રધાનતાનો અસંભવ છે. એટલા માત્રથી તે પર્યાયોનું નાસ્તિત્વ સમજવાનું નથી, કેમ કે-દુર્નયમાં પ્રવેશની આપત્તિ આવે છે. પર્યાયની અર્પણાથી દ્રવ્યનયના ગુણભાવથી પર્યાયો પ્રધાનપણાએ ભાસે છે, કેમ કે-દ્રવ્ય તો તે પર્યાયોથી અભિન્ન હોઈ ગૌણપણે છે.

द्रव्यार्थिकनयस्य तु गौणत्वे पर्यायार्थिकस्य च प्राधान्येऽभेदोपचारं कृत्वा लक्षण-समन्वयःकार्य इत्याशयेनाह.

द्रव्यार्थिकनयस्य गौणत्वे पर्यायार्थिकस्य प्राधान्ये त्वभेदोपचारः कार्यो-ऽभेदासम्भवात् ॥ २१ ॥

द्रव्यार्थिकनयस्येति । मुख्याभेदवृत्तिसमर्थकस्येत्यर्थः । पर्यायार्थिकस्येति, मुख्यभेद-समर्थकस्येत्यर्थः हेतुमाहाभेदासम्भवादिति, अभेदवृत्त्यसम्भवादित्यर्थः ॥

અભેદનો અસંભવ

ભાવાર્થ – "દ્રવ્યાર્થિકનયના ગૌણપણામાં, પર્યાયાર્થિકની પ્રધાનતામાં તો અભેદ ઉપચાર કરવો જોઈએ, કેમ કે-અભેદનો અસંભવ છે."

વિવેચન –દ્રવ્યાર્થિકનય મુખ્ય અભેદવૃત્તિનો સમર્થક છે, પર્યાયાર્થિક મુખ્ય ભેદ સમર્થક છે.

અભેદ ઉપચાર કરવો જોઈએ, કેમ કે-અભેદનો અસંભવ છે. એટલે અભેદવૃત્તિનો અસંભવ છે.

कथमभेदासम्भव इत्यत्राह –

तथाहि नैकत्रैकदा विरुद्धनानागुणानामभेदसम्भवो धर्मिभेदात् । नापि स्वरूपेण, प्रतिगुणं स्वरूपभेदात्, नाप्यर्थेन, स्वाधारस्यापि भेदात्, नवा सम्बन्धेन सम्बन्धिभेदेन सम्बन्धभेदात्, नाप्युपकारेण, तत्तज्जन्यज्ञानानां भेदात्, नापि गुणिदेशेन तस्यापि प्रतिगुणमनेकत्वात्, नापि संसर्गेण, संसर्गिभेदेन भेदात्, नापि शब्देन, अर्थभेदेन तस्य भेदादिति । तस्मादभेदमुपचर्य तद्धर्माभिन्नानेकयावद्धर्मात्मकवस्तुबोधजनकत्वं वाक्यानामिति ॥ २२ ॥

तथाहीति । कालेन भेदमाह नैकत्रेति, एकाधिकरण इत्यर्थः, एकदेति एककालावच्छेदेनेत्यर्थः, विरुद्धनानागुणानामिति, परस्परं विरुद्धानां विविधानां गुणानामित्यर्थः । असम्भवेनेति शेषः, तथा च परस्परं विरुद्धानामनेकगुणानामेककालावच्छिन्नैकाधिकरणवृत्तित्वस्यासम्भवेनेत्यर्थः । अभेदसम्भव इति, पूर्वस्थितनञोऽत्र सम्बन्धः, मुख्यतयेत्यादिः तथा च मुख्यतया नाभेदस्य सम्भव इति भावः, तेन गौणतयाऽभेदसम्भवेऽपि न क्षतिः । एकत्रैकदा विरुद्धगुणानां सत्त्वे गुणभेदेन गुणिभेदस्यावश्यकत्वान्न धर्म्यैक्यं स्यादित्याह धर्मिभेदादिति, तावदाश्रयस्य तावत्प्रकारेण भेदात्, पर्यायभेदेन पर्यायिभेदस्यावश्यकत्वादिति भावः । स्वरूपेण भेदासम्भवमाह नापि स्वरूपेणेति, विरुद्धनानागुणानामभेदसम्भव इत्यनुषज्यते, एवमुत्तरत्रापि । हेतुमाह प्रतिगुणमिति, तत्तद्गुणानां स्वस्वरूपस्य भिन्नत्वादिति भावः, न च घटादिगुणत्वं हि स्वरूपशब्देन विवक्षितं तच्च घटादिवृत्तिसकलगुणेषु समानमेवेति कथं स्वरूपभेद इति वाच्यम्, गुणभेदेन गुणिभेदस्यावश्यकतया प्रतिगुणं वस्तुभेदेन तद्गुणत्वस्यापि भेदादित्यत्र तात्पर्यात् । नापि गुणत्वधर्मत्वादिस्वरूपाणामभेद इति वाच्यम्, तथा सति तेन रूपेण जगद्वृत्तिगुणानां धर्माणाञ्चाभेदप्रसङ्गेन परस्परभेदस्य विरोधप्रसङ्गादिति । अर्थेनाभेदवृत्त्यसम्भवमाह नाप्यर्थेनेति, हेतुमाह स्वाधारस्यापीति

भेदादिति, नानात्वादित्यर्थः, अन्यथाऽनेकगुणाश्रयस्यैकत्वं विरुध्येतेति भावः, सम्बंधेनाभेदवृत्त्यसम्भवमाह नवासम्बन्धेनेति, कारणमाह सम्बन्धिभेदेनेति, प्रतियोग्यनुयोगिभेदेनेत्यर्थः, घटभूतलसंयोगात्पटभूतलसंयोगस्य भेददर्शनादिति भावः । उपकारभेदेनाभेदवृत्त्यसम्भवमाह नाप्युपकारेणेति, बीजमाह तत्तज्जन्येति, तत्तद्गुणजन्येत्यर्थः, न केवलं ज्ञानमुपकारः किन्तु तत्तद्गुणविषयकं ज्ञानं तथा च विषयभेदेन ज्ञानभेदावश्यकतया तत्तद्गुणविषयकज्ञानानां भेदेन नैकोपकारकत्वं गुणानां, अन्यथा नानागुणजन्योपकारस्यैकत्वमविरुद्धं स्यादिति भावः । देशेनाभेदवृत्त्यनुपपत्तिमाह नापि गुणिदेशेनेति, निदानमाह तस्यापीति, गुणिदेशस्यापीत्यर्थः । अन्यथा भिन्नपदार्थवृत्तिगुणानां गुणिदेशानामप्यभेदप्रसङ्गात्, गुणिदेशत्वसाम्यात्, घटात्मकगुणिदेशानामेवाभेद इत्यत्र विनिगमनाविरहादिति भावः । संसर्गेणाभेदवृत्त्यसम्भवमाह नापि संसर्गेणेति, हेतुमाह संसर्गीति, तदभेदे संसर्गिभेदविरोधादिति भावः । शब्देना भेदासम्भवमाह नापि शब्देनेति, हेतुमाहार्थभेदेनेति, वाच्यभेदेनेत्यर्थः, अन्यथा सर्वेषां गुणानामेकशब्दवाच्यत्वे तत एव सर्वार्थवाच्यतापत्त्या शब्दान्तरवैफल्यापत्तिप्रसङ्गस्स्यादिति भावः, इति शब्दः कालाद्यष्टावलम्ब्य भेदासम्भवनिरूपणसमाप्तिद्योतकः । तथा चेत्थं प्राधान्यतः पर्यायार्थिकनयचक्रवर्त्तिसाम्राज्येनाभेदवृत्त्यसम्भवादभेदमप्यारोप्यास्तित्वधर्माभिन्नत्वमनेकाशेषधर्मेषु सम्पादनीयं ततश्च तादृशधर्मात्मकवस्तुबोधजनकवाक्यमपि सकलादेशः परिपूर्णार्थप्रकाशकत्वादित्याशयेनाह तस्मादिति, यस्मात्कालादिना भिन्नानां धर्माणामभेदवृत्तिर्न सम्भवति तस्मादित्यर्थः । इति पदं सकलादेश-समाप्तिद्योतकम् ॥

અભેદનો કેમ અસંભવ છે ? તેના જવાબમાં કહે છે કે-

અભેદવૃત્તિનો અસંભવ

ભાવાર્થ – "તે આ પ્રમાણે-એક સ્થળમાં-એક કાળમાં વિરૂદ્ધ નાના ગુણોનો અભેદનો સંભવ નથી, કેમ કે-ધર્મીનો ભેદ છે. સ્વરૂપથી અભેદનો સંભવ નથી, કેમ કે-દરેક ગુણમાં સ્વરૂપનો ભેદ છે. અર્થથી પણ અભેદનો સંભવ નથી, કેમ કે-પોતાના આધારનો પણ ભેદ છે. સંબંધથી અભેદનો સંભવ નથી, કેમ કે-સંબંધીના ભેદથી સંબંધનો ભેદ છે. ઉપકારથી પણ અભેદનો સંભવ નથી, કેમ કે-તે તે ગુણજન્ય જ્ઞાનોનો ભેદ છે. ગુણિદેશથી અભેદનો સંભવ નથી, કેમ કે-તે ગુણિદેશ ગુણે ગુણે અનેક છે. સંસર્ગથી પણ અભેદનો સંભવ નથી, કેમ કે-સંસર્ગીઓના ભેદથી સંસર્ગનો ભેદ છે. શબ્દથી અભેદનો સંબંધ નથી, કેમ કે-અર્થભેદથી શબ્દનો ભેદ છે. તેથી અભેદનો ઉપચાર કરી તે અસ્તિત્વરૂપ ધર્મથી અભિન્ન સકલધર્માત્મક વસ્તુબોધજનકત્વ વાક્યોનું છે."

---

१. यदनेकगुणाश्रयं तदनेकमिति व्याप्तेः । अन्यथा सकलगुणाश्रयस्यैकाधारत्वं प्रसज्येतेति तु परमार्थः ॥

વિવેચન – (૧) કાળની અપેક્ષાએ અભેદવૃત્તિનો અસંભવ=એક અધિકરણમાં એક કાળની અપેક્ષાએ પરસ્પરવિરુદ્ધ અનેક ગુણોનો મુખ્યપણે અભેદનો સંભવ નથી, તેથી ગૌણપણે અભેદનો સંભવ છતાં ક્ષતિ નથી.

જો એક ઠેકાણે એક કાળમાં વિરુદ્ધ ગુણોની સત્તા માનવામાં આવે, તો ગુણભેદથી ગુણિભેદની આવશ્યકતા હોઈ ધર્મીની એકતા નહિ થશે, માટે પર્યાયનયમાં ગુણોના ભેદમાં વિભિન્ન ગુણનો આધાર ભિન્ન છે. જેટલા ગુણોનો આધાર છે, તેટલા ગુણોના આધારનો તેટલા પ્રકારથી ભેદ છે, કેમ કે-પર્યાયના ભેદથી પર્યાયવાળા-ધર્મીદ્રવ્યનો ભેદ આવશ્યક છે.

(૨) સ્વરૂપની અપેક્ષાએ અભેદનો અસંભવ=સ્વરૂપથી વિરુદ્ધ નાના ગુણોના અભેદનો સંભવ નથી, કેમ કે-પ્રત્યેક ગુણનું પોતાનું સ્વરૂપ અલગ અલગ છે. 'ખરેખર, ઘટાદિ ગુણત્વ સ્વરૂપશબ્દથી જે વિવક્ષિત છે, તે ઘટાદિમાં વર્તમાન સઘળા ગુણોમાં સરખું જ છે, તો સ્વરૂપભેદ કેવી રીતે ?'-એવું નહીં બોલવું કેમ કે-ગુણના ભેદથી ગુણિભેદની આવશ્યકતા હોઈ, ગુણદીઠ વસ્તુના ભેદથી તન્નિષ્ઠ ગુણત્વનો પણ ભેદ છે. (નાના ગુણ સંબંધી તદ્‌ગુણત્વરૂપ સ્વરૂપના અભેદમાં, ગુણોનું તદ્‌ગુણત્વનું સર્વત્ર અવિશિષ્ટ હોવાથી જો ભિન્નત્વ ન થાય, તો અનંતધર્મોના અભાવમાં અનંતધર્માત્મકપણું પણ વસ્તુનું કહી નહિ શકાય !)

શંકા – ગુણત્વ-ધર્મત્વ આદિ સ્વરૂપોનો અભેદ છે ને ?

સમાધાન – જો આ પ્રમાણે છે, તો તે ગુણત્વ આદિ રૂપથી જગતમાં વર્તમાન ગુણોનો અને ધર્મોનો અભેદનો પ્રસંગ આવતો હોઈ પરસ્પર ભેદના અભાવનો પ્રસંગ છે.

(૩) અર્થની અપેક્ષાએ અભેદવૃત્તિનો અસંભવ=ભિન્ન ગુણોનો આધાર પણ વિભિન્ન જ માટે આધારરૂપ અર્થથી અભેદવૃત્તિ ઘટતી નથી. અન્યથા, અનેક ગુણાશ્રયમાં એકતાના વિરોધનો પ્રસંગ આવશે. (ગુણાધારની ભિન્નતાના અભાવમાં, 'એક આધારમાં એક જ ગુણ છે' આવો ત્યાં નિયમ હોવાથી, નાના ગુણાશ્રયત્વ ભેદ સિવાય ન થાય ! અથવા જે અનેક ગુણાધાર છે, તે અનેક છે. આવી વ્યાપ્તિ છે. અન્યથા, સકલ ગુણાશ્રયમાં એક આધારતાનો પ્રસંગ આવશે.)

(૪) સંબંધથી અભેદવૃત્તિનો અસંભવ=સંબંધીભેદ એટલે પ્રતિયોગી (આધેય)-અનુયોગિ(આધાર)ના ભેદથી, સંબંધના ભેદથી અભેદવૃત્તિનો અસંભવ છે, કેમ કે-ઘટભૂતલના સંયોગ કરતાં પટભૂતલના સંયોગમાં ભેદ દેખાય છે. (અનેક ધર્મોની સાથે ઘટાદિ ધર્મી છતાં ઘટ આદિમાં એક સંબંધ નથી, પરંતુ તત્તદ્‌ધર્મપ્રતિયોગિક, ઘટાદિ અનુયોગિક ભિન્ન જ સંબંધ છે.

અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ નાના ધર્મરૂપી સંબંધીઓની સાથે ઘટ આદિ આત્મક એકધર્મીમાં, ભેદવિશિષ્ટ અભેદાત્મક અવિષ્વગ્ ભાવસંબંધનો અસંભવ હોવાથી, સંબંધથી અભેદવૃત્તિનો અસંભવ છે.)

(૫) ઉપકારના ભેદથી અભેદવૃત્તિનો અસંભવ=તે તે ગુણજન્ય જ્ઞાનોના ભેદથી ઉપકારની અપેક્ષાએ અભેદનો અસંભવ છે. અહીં કેવળ જ્ઞાનરૂપ ઉપકાર નથી, પરંતુ તે તે ગુણવિષયવાળું જ્ઞાન, તથાચ વિષયના ભેદથી જ્ઞાનભેદની આવશ્યકતા હોઈ, તે તે ગુણવિષયક જ્ઞાનોના ભેદથી ગુણોનું એક ઉપકારકારકપણું નથી. અન્યથા, નાના ગુણજન્ય ઉપકારનું એકત્વ અવિરુદ્ધ થઈ જાય !

(૬) ગુણિદેશથી અભેદવૃત્તિનો અસંભવ=પ્રતિગુણ-અસ્તિત્વ આદિ પ્રત્યેક ધર્મને આશ્રીને ગુણિદેશનો ભેદ હોઈ અભેદનો અસંભવ છે. અન્યથા, ગુણોનો ભેદ છતાં ગુણિદેશને જો એક માનવામાં આવે, તો ભિન્ન પદાર્થમાં વર્તમાન ગુણોનો-ગુણિદેશોનો પણ અભેદનો પ્રસંગ આવશે ! કેમ કે-ગુણિદેશત્વનું સામ્ય છે, ઘટાત્મક ગુણિદેશોનો જ અભેદ છે. આમ માનવામાં વિનિગમના-એકતરપક્ષસાધિકા યુક્તિનો અભાવ છે. (જેમ ઘટનિષ્ઠ અસ્તિત્વ આદિ ગુણો ભિન્ન હોવા છતાં, ઘટાત્મક ગુણિનો ક્ષેત્રરૂપ પ્રદેશ જો અભિન્ન માનવામાં આવે, તો તે જ ઘટાત્મક ગુણિદેશ ભિન્ન પદાર્થગત અસ્તિત્વ ગુણોનો પણ અભિન્ન થઈ જશે !)

(૭) સંસર્ગથી અભેદવૃત્તિનો અસંભવ=અભેદસહિષ્ણુ ભેદરૂપ સંસર્ગનો દરેક સંસર્ગી ધર્મોના ભેદથી ભેદ હોઈ સંસર્ગથી અભેદવૃત્તિનો અભાવ છે, કેમ કે-સંસર્ગના અભેદમાં સંસર્ગીના ભેદનો અભાવ છે.

(૮) શબ્દથી અભેદવૃત્તિનો અસંભવ=અર્થરૂપ વિષયના ભેદથી શબ્દનો ભેદ છે, માટે શબ્દથી અભેદવૃત્તિનો અસંભવ છે. અસ્તિત્વાદિ ગુણવાચક અસ્તિ આદિ શબ્દનો, અસ્તિત્વ આદિ ગુણરૂપ વાચ્યની-વિષયની અપેક્ષાએ, વાચ્યભેદે વાચકભેદ આવશ્યક હોઈ શબ્દથી અભેદવૃત્તિનો અસંભવ છે. અન્યથા, સઘળા ગુણો જો એકશબ્દવાચ્ય માનવામાં આવે, તો તે એક શબ્દથી સર્વાર્થવાચ્યતાની આપત્તિથી બીજા બધા શબ્દોની નિષ્ફળતાની આપત્તિનો પ્રસંગ થઈ જશે.

○ અહીં ઇતિ શબ્દ, કાળ આદિ આઠનું આલંબન લઈ અભેદના અસંભવના નિરૂપણની સમાપ્તિનો દ્યોતક છે.

○ તથાચ આ પ્રમાણે પર્યાયાર્થિકનયરૂપી ચક્રવર્તીના સામ્રાજ્યથી અભેદવૃત્તિનો અસંભવ હોઈ, અભેદનો અધ્યારોપ કરીને અસ્તિત્વ ધર્મની અભિન્નતા અનેક સમસ્ત ધર્મોમાં કરવી. વળી તેથી જ તાદેશ ધર્માત્મક વસ્તુ બોધજનક વાક્ય પણ સકલાદેશ છે, કેમ કે-પરિપૂર્ણ અર્થપ્રકાશક છે.

तदित्थं प्रकाशिताभ्यामभेदवृत्त्यभेदोपचाराभ्यामेकेनास्तिनास्त्यादिशब्देनैकधर्मप्रतिपादनमुखेन तद्भिन्नयावदनन्तधर्मात्मकवस्तुबोधस्सम्भवतीति निरूप्य सम्प्रति प्रत्येकं वाक्यानामर्थं निरूपयितुमुपक्रमते –

घटस्स्यादस्त्येवेति प्रथमं वाक्यमितरधर्माप्रतिषेधमुखेन विधिविषयकं बोधं जनयति । अत्र स्याच्छब्दोऽभेदप्राधान्येनाभेदोपचारेण वा सामान्यतोऽनन्तधर्मवन्तमाह, अस्तिशब्दोऽस्तित्वधर्मवन्तमाह, एवकारोऽयोगव्यवच्छेदमाह, तथा चाभेदप्राधान्येनाभेदोपचारेण वा सामान्यतोऽनन्तधर्मात्मको घटः प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिस्वद्रव्याद्यवच्छिन्नास्तित्ववानितिबोधः ॥ २३ ॥

घट इति । इतरधर्माप्रतिषेधमुखेनेति, तथाबोधकशब्दाभावादिति भावः । विधिविषयकमिति, अस्तित्वस्य विधिरूपत्वादिति भावः, मुख्यतयेति शेषः, तेन नास्तित्वस्यात्र बोधेऽपि न क्षतिः, न च नास्तित्वस्यात्र कथं बोध इति वाच्यम्, अस्तित्वस्य प्रतिषेध्येन

नास्तित्वेनाविनाभावित्वात्, प्रयोगश्चास्तित्वं नास्तित्वेनैकधर्मिण्यविनाभावि, अस्तित्वनास्तित्वोभयघटितधर्मिविशेषणत्वात्, यस्त्वस्वेतरयदुभयघटितयद्धर्मिविशेषणं तत्तत्र तेनाविनाभावि, यथान्वयव्यतिरेकव्याप्तिद्वयघटितव्याप्यविशेषणभूताऽन्वयव्याप्तिः व्यतिरेकव्याप्त्यविनाभाविनीति । उक्तप्राया अपि पदार्था वाक्यार्थबोधजननशक्तेर्वाक्यनिष्ठाया उद्बोधकविधया हेतवोऽतः वाक्यार्थनिरूपणप्रस्तावेऽस्मिन् पदार्थानुपस्थापयति कण्ठतोऽत्रेति, अस्मिन् वाक्य इत्यर्थः, अनन्तधर्मवन्तमिति, अनन्तधर्मात्मकमित्यर्थः, सामान्यत इत्युक्तत्वेनानन्तधर्मान्तर्गततयाऽस्तित्वस्यापि बोधात्तब्दोधकास्तिपदं निरर्थकमित्याशङ्का गता, तस्य तथा सामान्यतो बोधेऽपि प्रातिस्विकरूपेण तब्दोधनाय विशेषपदस्यावश्यकत्वात्, यथा सर्वेषां वृक्षाणां वृक्षत्वेन बोधेऽपि विशेषवृक्षबोधार्थं पनसादिपदप्रयोगः । एकान्तबुद्धिविलक्षणबुद्धिविशेषविषयतावच्छेदकत्वेनेति तदर्थः । कथमनन्तधर्माणामेकशब्देन बोध इत्यत्राहाभेदप्राधान्येनेति, द्रव्यार्थिकनयेनाभेदस्य प्राधान्येनेति भावः । प्राधान्यञ्च शब्देन विवक्षितत्वाच्छब्दाधीनं बोध्यं, अभेदोपचारेण वेति, पर्यायार्थिकनयस्य प्राधान्ये मुक्यतयाऽभेदासम्भवेन तदुपचारादिति भावः, शब्दानुपात्तस्यार्थतो गम्यमानस्याप्रधानता बोध्या । स्यादित्यादिपदानां द्योतकत्ववाचकत्वयोरनेकान्तत्वेनानन्तधर्मात्मकस्य द्योतकं वाचकं वेत्यनुक्त्वाऽनन्तधर्मवन्तमाहेत्युक्तं द्योतकतया वाचकतया वा स्याच्छब्दोऽनन्तधर्मात्मकं वस्तु प्रकाशयतीति भावः, एवमग्रेऽपि । अस्तित्वधर्मवन्तमिति, असूधातोस्सत्त्वपर्यवसन्नमस्तित्वं, आख्यातस्याश्रयत्वमर्थ इति मत्वाऽस्तित्वधर्मवन्तमित्युक्तं, आहेति, द्योतकतयेति शेषः, वाक्यार्थे पदमात्रस्य द्योतकत्वादिति भावः । अस्तित्वञ्च स्वद्रव्यक्षेत्रकालभावापेक्षया विवक्षितं, सत्पदमनुक्त्वाऽस्तिपदोपादानं विवक्षितस्वरूपावच्छिन्नसत्त्वाद्यपेक्षायै नैयायिकादिमतसिद्धसामान्यात्मकसत्त्वस्य लोकाप्रतीतस्याविवक्षितत्वसूचनाय च । तथा च स्वद्रव्याद्य-

---

१. एकस्मिन् काले तयोरविनाभावित्वेन सिद्धत्वात्सिद्धसाधनवारणायैकधर्मिणीति, विशेषणत्वमात्रोक्तौ नीलोत्पलमित्यादौ विशेषणे नीले चेतनो जीव इत्यादौ च जीवविशेषणे चैतन्ये लोकदृष्ट्याऽनीलाविनाभावित्वस्याचैतन्याविनाभावित्वस्य चासत्त्वात् पररूपेणाविनाभावित्वस्य साध्यसमत्वाद्वाऽस्तित्वनास्तित्वोभयघटितधर्मीति पदम् । तत्र सामान्यमुखीं व्याप्तिं दर्शयति यदिति । एवञ्च साधर्म्यस्य वैधर्म्येणाविनाभावित्वेनैतत्रये केवलान्वयी नास्त्येव ॥ २. सामान्यतइत्यस्यार्थः । ३. ननु सर्वं वाक्यं सावधारणमिति न्यायेनाप्रयुक्तोऽपि यथैवकारो लभ्यते तथा वस्तुनोऽनेकान्तस्वरूपत्वादेवाप्रयुक्तोऽपि स्याच्छब्दो लभ्यत एवेति व्यर्थस्तत्प्रयोग इति मैवम्, विशिष्टविषयत्वे तात्पर्यास्फोरणेऽवच्छेदकास्फुरणात्सर्वथैकान्तशङ्काया अव्यवच्छेदेनाधिकृताया अनेकान्तप्रतिपत्तेरयोगात् एवमेवशब्दाप्रयोगेऽपि विवक्षितार्थस्य सदाद्ययोगव्यवच्छेदादिरूपस्याप्रतिपत्तिर्बोध्या ॥

वच्छिन्नसत्त्वस्यैव प्रतीतेस्सर्वथा निरवच्छिन्नसत्त्वं अप्रामाणिकमेव, इदमपि सत्त्वमर्पितानर्पितदृष्टया सावच्छिन्नं निरवच्छिन्नमपीति बोध्यम् । अयोगव्यवच्छेदमिति, अयम्भावः, एवकारस्त्रिविधः, अयोगव्यवच्छेदबोधकोऽन्ययोगव्यवच्छेदबोधकोऽत्यन्तायोगव्यवच्छेदबोधकश्चेति, विशेषणान्वितैवकारोऽयोगव्यवच्छेदबोधकः, यथा शंख, पाण्डुर एवेति, विशेष्ये विशेषणस्य योऽयोगः सम्बन्धाभावस्तस्य यो व्यवच्छेदस्सोऽयोगव्यवच्छेदः उद्देश्यतावच्छेदकसमानाधिकरणाभावाप्रतियोगित्वमिति यावत्, शंखः पाण्डुर एवेत्यत्रोद्देश्यश्शंखो विधेयं पाण्डुरत्वं तथा चोद्देश्यतावच्छेदकं यच्छंखत्वं तद्वति वृत्तियोऽभावो घटाद्यभाव एव न पाण्डुरत्वाभावस्तत्र पाण्डुरत्वस्य सत्त्वात् तथा च तदप्रतियोगित्वं पाण्डुरत्व इति शंखत्वसमानाधिकरणाभावाप्रतियोगिपाण्डुरत्ववानयं शंख इत्येवकारमहिम्ना तादृशवाक्याद्बोधो भवति, विशेष्यसङ्गतैवकारेणान्ययोगव्यवच्छेदस्य बोधो जायते, यथा पार्थ एव धनुर्धर इत्यादौ, अन्यस्मिन् विशेष्यभिन्ने योऽयं योगस्सम्बन्धो विशेषणस्य तस्य व्यवच्छेदः, उद्देश्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिकभेदसमानाधिकरणाभावप्रतियोगित्वमिति यावत् पार्थत्वावच्छिन्नप्रतियोगिकभेदः पुरुषान्तरे तत्र धनुर्धरत्वाभावोऽस्ति, तस्मात्पार्थत्वाच्छिन्नप्रतियोगिकभेदसमानाधिकरणाभावप्रतियोगिधनुर्धरत्ववान् पार्थ इति बोधस्ततो जायते । क्रियासङ्गतादेवकाराच्चात्यन्तायोगव्यवच्छेदस्य बोध उदेति, यथा नीलं सरोजं भवत्येवेत्यादौ, उद्देश्ये विशेषणस्य योऽयमत्यन्तमयोगोऽसम्बन्धस्तस्य व्यवच्छेद इत्यर्थः, उद्देश्यतावच्छेदकव्यापकाभावाप्रतियोगित्वमिति यावत् । अत्रोद्देश्यं सरोजं तदवच्छेदकं सरोजत्वं तच्च यत्र यत्र तत्र सर्वत्र नीलवत्त्वाभावो न वर्त्तते, क्वचिन्नीलस्यापि सत्त्वात् तथा चोद्देश्यतावच्छेदकव्यापकोदासीनाभावाप्रतियोगित्वस्य नीलवत्त्वे सत्त्वेन सरोजत्वव्यापकाभावाप्रतियोगिनीलरूपवत्सरोजमिति बोधस्तादृशवाक्याद्भवति । स्यादस्त्येव घट इत्यत्रापि घटत्वसमानाधिकरणाभावाप्रतियोगित्वस्य स्वरूपाद्यवच्छिन्नसत्त्वे सत्त्वेनायोगव्यवच्छेदक एवकारः, न चात्रैवकारस्यास्तीति क्रियासङ्गतत्वेन तस्मादत्यन्तायोगव्यवच्छेदस्यैव बोधो भवेदिति कथमयोगव्यवच्छेदस्तदर्थः प्रकृत इति वाच्यम्, ज्ञानमर्थं गृह्णात्येवेत्यादौ ज्ञानत्वसमानाधिकरणाभावाप्रतियोगित्वस्यार्थग्राहकत्वे धात्वर्थे बोधात्क्रियासङ्गतस्याप्येवकारस्य क्वचिदयोगव्यवच्छेदबोधकत्वात्, न च तत्राप्यत्यन्तायोगव्यवच्छेदक एवैवकारो वाच्य इति वाच्यम्, तथा सत्येकस्मिन्नपि ज्ञाने रजतत्वग्राहकत्वसत्त्वेऽत्यन्तायोगव्यवच्छेदसम्भवेन ज्ञानं

रजतं गृह्णात्येवेति प्रयोगप्रसङ्गात्, तस्मात्प्रकृते क्रियासङ्गतोऽप्येवकारोऽयोगव्यवच्छेदबोधक[१] इति न कापि क्षतिः, अस्तीति विभक्तिप्रतिरूपकाव्ययाश्रयणात् सत्त्वबोधेन विशेषणे सत्त्वे एवकारान्वयेनायोगव्यवच्छेदबोधाद्वा न कोऽपि दोषः । तदेवं पदशक्तिग्रहे जाते वाक्यशक्तेरुद्बुद्धतया वाक्यार्थं प्रदर्शयति तथा चेति, वाक्यादस्मात् प्रधानतयाऽस्तित्वधर्मात्मकत्वस्य गौणतया च तदितरसकलधर्मात्मकत्वस्य बोधेन द्रव्यार्थिकनयार्पणया घटेऽनुपचरितैकविशेष्यतायाः पर्यायार्थिकनयार्पणयोपचरितैकविशेष्यताया वा भानेन एव कारार्थाभावाप्रतियोगित्वघटकाभावे विशेष्यतावच्छेदकसामानाधिकरण्यस्य विशेष्यवाचक पदसमभिव्याहारेण लाभाच्च प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिस्वद्रव्याद्यवच्छिन्नास्तित्वनिष्ठस्वेतरसकलधर्मात्मकत्व-सम्बन्धावच्छिन्नप्रकारतानिरूपिताभेदप्राधान्याभेदोपचारप्रयुक्तैकविशेष्याताको घट इति बोधः फलित इति भावः । घटत्वसमानाधिकरणऽभावे प्रतियोगिवैयधिकरण्यञ्चास्तित्वाभावरूपस्य नास्तित्वस्य घटे सत्त्वे नास्तित्वेऽप्रतियोगित्वरक्षायै । तथा चास्तित्वाभावो न प्रतियोग्यसमानाधिकरणस्तत्रास्तित्वस्यापि सत्त्वादिति । अयञ्च बोधः केवलं घटस्यैव विशेष्यत्वमङ्गीकृत्योक्तः, यदि स्यात्पदार्थोऽपि विशेष्यकोटौ प्रवेश्यते तदा प्रकृतेतरसकलधर्मात्मको घटो घटत्वसमानाधिकरण-प्रतियोगिव्यधिकरणाभावाप्रतियोगिस्वद्रव्याद्यवच्छिन्नास्तित्वनिष्ठकथञ्चित्तादात्म्यसम्बन्धावच्छिन्नप्रकारतानिरूपितैकविशेष्यतावानिति बोधो भाव्य इति । अत्र च प्रधानभावेनास्तित्वधर्मात्मकत्वं गुणभावेन च तदितरसकलधर्मात्मकत्वं बोध्यते ततो गुणप्रधानभावापन्नं वाक्यं जातं तथा सति प्रधानभावेनाशेषधर्मात्मकवस्तुबोधकस्सकलादेश इति नियमो व्याहत इत्युच्यते तर्हि एतद्वाक्यबोधानन्तरमनन्तधर्मात्मकं सर्वमित्यौपादानिकबोधोऽङ्गीकार्यः । अत एवास्य सकलादेशरूपत्वमिति ॥

આ પ્રમાણે પ્રકાશિત અભેદવૃત્તિ-અભેદ ઉપચારથી એક અસ્તિ-નાસ્તિ આદિ શબ્દથી એક ધર્મપ્રતિપાદન મુખથી, તેનાથી ભિન્ન સમસ્ત અનંતધર્માત્મક વસ્તુનો બોધ સંભવે છે. આ પ્રમાણે નિરૂપણ કરીને હવે દરેક વાક્યના અર્થનિરૂપણનો પ્રારંભ કરાય છે.

વિધિવિધેયક બોધ (૧)

ભાવાર્થ – "घटःस्यादस्त्येव" આવું પહેલું વાક્ય ઇતર ધર્મના અપ્રતિષેધદ્વારા વિધિવિષયક બોધનું જનક છે. અહીં 'સ્યાત્' શબ્દ, અભેદ પ્રધાનતાથી કે અભેદ ઉપચારથી અનંત ધર્મવાળાને કહે છે. 'અસ્તિ'

१. ननु क्रियासङ्गतैवकारस्यात्यन्तायोगव्यवच्छेदकत्वे प्रयोगोऽयं भवत्येव, न ह्यत्रायोगव्यवच्छेदो भासते येन सर्वेषां ज्ञानानां रजतं न विषय इति कृत्वोक्तप्रयोगो न भवेत्, किन्तु ज्ञानं कदाचिदपि रजतं न गृह्णातीत्येवंविधात्यन्तायोगस्यैवात्र व्यवच्छेदत्वेनेष्टत्वादित्यस्वरसादाहास्तीतिविभक्तिप्रतिरूपकाव्ययाश्रयणादिति ॥

શબ્દ અસ્તિત્વ ધર્મવાળાને કહે છે; 'એવ'કાર અયોગ વ્યવચ્છેદને કહે છે. તથાચ અભેદ પ્રધાનતાથી કે અભેદ ઉપચારથી સામાન્યતઃ અનંતધર્માત્મક ઘટ, પ્રતિયોગિ અસમાનાધિકરણ ઘટત્વ સમાનાધિકરણ અત્યંતાભાવના અપ્રતિયોગિ સ્વદ્રવ્ય આદિથી અવચ્છિન્ન અસ્તિત્વવાન, એવો બોધ થાય છે."

વિવેચન – તથાબોધક શબ્દનો અભાવ હોવાથી 'ઇતર ધર્મના અપ્રતિષેધ મુખથી' એમ કહેલ છે.

○ મુખ્યતયા અસ્તિત્વ વિધિરૂપ છે, એમ 'વિધિવિષયક' કથનથી સમજવાનું છે, જેથી અહીં નાસ્તિત્વના બોધમાં પણ ક્ષતિ નથી.

શંકા – અહીં નાસ્તિત્વનો બોધ કેવી રીતે ?

સમાધાન – અસ્તિત્વનો પ્રતિષેધયોગ્ય નાસ્તિત્વની સાથે અવિનાભાવ છે. પ્રયોગ આ પ્રમાણે છે - 'અસ્તિત્વ-નાસ્તિત્વની સાથે એકધર્મીમાં અવિનાભાવી છે, કેમ કે-અસ્તિત્વ-નાસ્તિત્વ ઉભય ઘટિત ધર્મીનું વિશેષણ છે.

જે જે સ્વ-સ્વ ઇતર-જે ઉભય ઘટિત જે ધર્મીવિશેષણ છે, તે ત્યાં તેની સાથે અવિનાભાવી છે. જેમ કે-અન્વયવ્યતિરેક બે વ્યાપ્તિથી ઘટિત વ્યાપ્યવિશેષણભૂત અન્વયવ્યાપ્તિ વ્યતિરેકવ્યાપ્તિની અવિનાભાવિની છે.

(એક કાળમાં તે બન્ને અસ્તિત્વ-નાસ્તિત્વમાં અવિનાભાવસિદ્ધ હોઈ સિદ્ધસાધનના વારણ માટે 'એકધર્મીમાં' એમ કહેલ છે. વિશેષણત્વના માત્ર કથનમાં 'નીલોત્પલમ્' ઇત્યાદિમાં વિશેષણભૂત નીલમાં, અને 'ચેતનો જીવ' ઇત્યાદિમાં વિશેષણભૂત ચૈતન્યમાં લોકદૃષ્ટિથી અનીલના અવિનાભાવનું અને અચૈતન્ય અવિનાભાવનું અસત્ત્વ હોવાથી, અથવા પરરૂપથી અવિનાભાવ સાધ્યસમ હોવાથી, 'અસ્તિત્વ-નાસ્તિત્વોભય ઘટિત ધર્મી' એવું પદ કહેલ છે. ત્યાં સામાન્યમુખી વ્યાપ્તિને દર્શાવે છે કે-'यद्' ઇતિ. વળી આ પ્રમાણે સાધર્મ્યનો વૈધર્મ્યની સાથે અવિનાભાવ હોઈ આ નયમાં કેવલાન્વયી નથી, અત્ર અસિદ્ધહેતુ-પક્ષાવૃત્તિહેતુ-અસિદ્ધહેતુ, જે હેતુ સિદ્ધ કરવાનો હોવાથી, સાધ્ય સાથે જો તેનો કોઈ અવિશેષ હોય નહિ, તો તે સાધ્યસમ કહેવાય છે. દ્રવ્ય, છાયા છે. ગતિમત્ હોવાથી અહીં ગતિમત્વહેતુ છે, પણ છાયા ગતિમતી છે કે નહિ, તે તો સિદ્ધ કરવાનું છે. માટે જે હેતુ પોતે અસિદ્ધ હોય અને તેથી સાધ્ય જેવો હોય, તે સાધ્યસમ હેત્વાભાસ કહેવાય છે. 'साध्याविशिष्टः साध्यत्वात् साध्यसमः' ગૌ. સૂ. ૧-૨-૮.

'અન્વય માત્ર વ્યાપ્તિ કે કેવલાન્વયિ' આ વાક્યમાં 'સ્યાત્ શબ્દ' સામાન્યથી અનંતધર્મવંતને કહે છે.

અહીં 'સામાન્ય'થી એમ કહેવાથી, અનંત ધર્માન્તર્ગત હોઈ અસ્તિત્વનો પણ બોધ હોવાથી, તે અસ્તિત્વબોધક અસ્તિપદ નિરર્થક છે ને ? આવી શંકા નિરસ્ત થાય છે, કેમ કે-તે પ્રકારે સામાન્યથી તે અસ્તિત્વનો બોધ છતાં વ્યક્તિરૂપથી તે જણાવવા માટે વિશેષપદની આવશ્યકતા છે. જેમ સઘળા વૃક્ષોનો વૃક્ષત્વથી બોધ છતાં, વિશેષવૃક્ષના બોધ માટે પનસ આદિ વૃક્ષવિશેષનો પદપ્રયોગ આવશ્યક છે, તેમ અહીં પણ સમજવું.

શંકા – કેવી રીતે અનંતધર્મોનો એક શબ્દથી બોધ ?

સમાધાન – દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ અભેદની પ્રધાનતાથી, અહીં પ્રધાનતા શબ્દથી વિવક્ષિત હોઈ શબ્દને આધીન સમજવાની છે. અથવા અભેદ ઉપચારથી અર્થાત્ પર્યાયનયની પ્રધાનતામાં મુખ્યત્વે અભેદનો અસંભવ હોઈ, અભેદના ઉપચારથી-શબ્દથી નહીં ગ્રહણ કરેલની અર્થથી ગમ્યમાનતાની અપેક્ષાએ ઉપચારથી ગૌણતાથી, એમ સમજવું.

'સ્યાદ્' ઇત્યાદિ પદોના દ્યોતકત્વવાચકપણામાં અનેકાન્તપણું હોઈ, અનંતધર્માત્મક પદાર્થનું દ્યોતક કે વાચક એમ નહીં કહીને, 'સ્યાત્ શબ્દ અનંતધર્મવાળાને કહે છે'-એમ કહેલું છે.

'અસ્તિત્વ ધર્મવન્તં' અહીં અસ્ ધાતુનો અર્થ સત્ત્વપર્યવસિત અસ્તિત્વ છે. આખ્યાત ક્રિયાપદનો અર્થ આશ્રયત્વ અર્થ છે. આમ માનીને દ્યોતકપણાએ અસ્તિત્વધર્મવાળાને કહે છે. અહીં દ્યોતકપણું એટલા માટે કહ્યું છે કે-'વાક્યના અર્થમાં પદ માત્રનું દ્યોતકપણું છે' એવો નિયમ છે.

○ 'અસ્તિત્વ' સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ વિવક્ષિત છે. 'સત્' એવું પદ નહીં કહીને, અસ્તિત્વપદનું ઉપાદાન વિવક્ષિત સ્વરૂપથી અવચ્છિન્ન સત્ત્વ આદિની અપેક્ષા માટે છે અને નૈયાયિક આદિ મતથી સિદ્ધસામાન્યરૂપ સત્ત્વ છે. જે લોકમાં અપ્રતીત છે, તેની અવિવક્ષાના સૂચન માટે છે.

○ તથાચ સ્વદ્રવ્ય આદિ રૂપ સ્વરૂપથી અવચ્છિન્ન સત્ત્વની પ્રતીતિ હોવાથી સર્વથા નિરવચ્છિન્ન (નિરપેક્ષ) સત્ત્વ અપ્રમાણિક જ છે. આ પણ સત્ત્વ અર્પિત (સ્વરૂપની અપેક્ષાએ અપેક્ષિત) અને અનર્પિત(પરરૂપની અપેક્ષાએ અનપેક્ષિત)ની દૃષ્ટિથી સાવચ્છિન્ન-નિરવચ્છિન્ન પણ હોય છે, એમ સમજવું.

○ એવકાર, અયોગવ્યવચ્છેદને કહે છે. અહીં (૧) અયોગવ્યવચ્છેદબોધક, (૨) અન્ય યોગવ્યવચ્છેદબોધક અને (૩) અત્યંત અયોગવ્યવચ્છેદબોધક-એમ ત્રણ પ્રકારનો એવકાર છે.

(૧) વિશેષણસંગત એવકાર અયોગવ્યવચ્છેદબોધક છે. જેમ કે 'શંખ પાંડુર જ છે.' વિશેષ્યમાં વિશેષણનો જે અયોગ-સંબંધનો અભાવ, તેનો જે વ્યવચ્છેદ, તે અયોગવ્યવચ્છેદ કહેવાય છે. અર્થાત્ 'ઉદ્દેશ્યતાવચ્છેદકસમાનાધિકરણાભાવાપ્રતિયોગિત્વં'-'શંખ પાંડુર જ છે.' અહીં વાક્યમાં ઉદ્દેશ્ય (વિશેષ્ય) શંખ છે, વિધેય (વિશેષણ) પાંડુરત્વ છે. તથાચ ઉદ્દેશ્યતાવચ્છેદક જે શંખત્વ છે, તે શંખત્વવાળા શંખમાં વૃત્તિ જે અભાવ-ઘટ આદિનો અભાવ કે પીતત્વ આદિનો અભાવ જ, પરંતુ પાંડુરત્વનો અભાવ નહીં; કેમ કે-પાંડુરત્વની અહીં વિદ્યમાનતા છે. તથાચ તે અભાવનું પ્રતિયોગિત્વ પીતત્વ આદિમાં છે અને અપ્રતિયોગિત્વ પાંડુરત્વમાં વર્તે છે : માટે જ 'શંખત્વસમાનાધિકરણાભાવાપ્રતિયોગિપાંડુરત્વવાળો' આ શંખ છે, આવો એવકારથી બોધ થાય છે.

(૨) વિશેષ્યસંગત એવકારથી અન્યયોગવ્યવચ્છેદનો બોધ થાય છે. જેમ કે-'પાર્થ જ ધનુર્ધર છે' ઇત્યાદિ. અહીં અન્યમાં એટલે વિશેષ્યથી ભિન્નમાં જે આ યોગ એટલે વિશેષણનો સંબંધ, તેનો વ્યવચ્છેદ, અર્થાત્ 'ઉદ્દેશ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિકભેદસમાનાધિકરણાભાવપ્રતિયોગિત્વપાર્થત્વાવચ્છિન્નપ્રતિયોગિક ભેદઃ' (પાર્થોન એવો ભેદ) વિશેષ્યભિન્ન પાર્થભિન્ન બીજા પુરુષમાં ધનુર્ધરપણાનો અભાવ છે. તેથી

'पार्थत्वावच्छिन्नप्रतियोगिकभेदसमानाधिकरणाभावप्रतियोगिधनुर्धरत्ववाळो-पार्थ છે, આવો બોધ તેનાથી થાય છે.

(૩) ક્રિયાસંગત એવકારથી અત્યંત અયોગવ્યવચ્છેદનો બોધ થાય છે. જેમ કે-'નીલકમલ હોય છે જ' ઇત્યાદિ.

ઉદ્દેશ્યમાં વિશેષણનો જે આ અત્યંત અયોગ-અસંબંધ છે, તેનો વ્યવચ્છેદ એવો અર્થ છે. અર્થાત્ 'ઉદ્દેશ્યતાવચ્છેદકવ્યાપક અભાવ અપ્રતિયોગિત્વ' અહીં ઉદ્દેશ્ય, સરોજ છે. તેનું અવચ્છેદક સરોજત્વ છે. તે સરોજત્વ જ્યાં-જ્યાં છે, ત્યાં ત્યાં નીલવત્તાનો અભાવ વર્તતો નથી. ક્વચિત્ નીલનું પણ સત્ત્વ છે. તથાચ-'ઉદ્દેશ્યતાવચ્છેદવ્યાપકઉદાસીન અભાવ અપ્રતિયોગિત્વ' નીલવત્વમાં હોવાથી 'સરોજત્વવ્યાપક અભાવાપ્રતિયોગિનીલરૂપવાળું' સરોજ છે.

(નીલ સરોજ હોય છે જ. અહીં ઉદ્દેશ્યતાવચ્છેદક સરોજત્વ છે. તેનો વ્યાપક અત્યંત અભાવ, નીલાભેદાભાવ નહીં લઈ શકાય પરંતુ પટાભેદાભાવ લઈ શકાય છે. તેનું પ્રતિયોગિત્વ પટાભેદમાં છે. અપ્રતિયોગિત્વ નીલાભેદમાં વર્તે છે. ઇતિ લક્ષણસમન્વય.)

'स्याद् अस्ति एव घटः' આ વાક્યમાં પણ ઘટત્વસમાનાધિકરણાભાવાપ્રતિયોગિત્વનું, સ્વરૂપ આદિ અવચ્છિન્ન સત્ત્વમાં વિદ્યમાનપણું હોઈ અયોગવ્યવચ્છેદક એવકાર છે.

શંકા – અહીં એવકાર, 'અસ્તિ' એવી ક્રિયાની સાથે સંગત હોઈ તેથી અત્યંત અયોગવ્યવચ્છેદનો બોધ થશે જ, તો કેવી રીતે અસ્તિસંગત એવકારનો અર્થ અયોગવ્યવચ્છેદરૂપે રજૂ કરેલ છે ?

સમાધાન – 'ज्ञानं अर्थं गृह्णाति एव' ઇત્યાદિ સ્થળમાં જ્ઞાનત્વસમાનાધિકરણ અભાવાપ્રતિયોગિત્વનો, અર્થગ્રાહકત્વરૂપ ધાત્વર્થમાં બોધ હોવાથી ક્રિયાસંગત પણ એવકારમાં ક્વચિત્ અયોગવ્યવચ્છેદબોધકપણું છે. એ પ્રમાણે 'स्याद् अस्ति एव घटः' ઇત્યાદિ સ્થળમાં પણ અયોગવ્યવચ્છેદક જ એવકાર જાણવો.

શંકા – 'ज्ञानं अर्थं गृह्णाति एव' અહીં પણ અત્યંતાયોગવ્યવચ્છેદક જ એવકાર માનો તો શો વાંધો ?

સમાધાન – જો આમ માનવામાં આવે, તો એક પણ જ્ઞાનમાં રજતત્વગ્રાહકત્વની સત્તામાં અત્યંત અયોગવ્યવચ્છેદના સંભવથી 'ज्ञानं रजतं गृह्णाति एव' આ પ્રમાણેના પ્રયોગનો પ્રસંગ આવશે !

(આમ માનવામાં વિવક્ષિત અર્થની અસિદ્ધિ છે. કોઈ એક ઘટમાં અસ્તિત્વના અભાવમાં પણ ઇતિ આકારવાળા પ્રયોગનો પ્રસંગ આવશે ! જેમ કે-કોઈ એક સરોજમાં નીલના અભાવમાં પણ 'नीलं सरोजं भवति एव' એવા આકારવાળો પ્રસંગ.)

તેથી પ્રકૃતમાં ક્રિયાસંગત પણ એવકાર અયોગવ્યવચ્છેદબોધક છે, માટે કોઈ હાનિ નથી.

અથવા (ક્રિયાસંગત એવકારના અત્યંત અયોગવ્યવચ્છેકપણામાં 'ज्ञानं अर्थं गृह्णाति एव' આવો પ્રયોગ થાય છે જ. ખરેખર, અહીં અયોગવ્યવચ્છેદ ભાસતો નથી, જેથી સર્વજ્ઞાનોનો વિષય રજત ન થાય. એમ કરીને કથિતપ્રયોગ 'ज्ञानं रजतं गृह्णाति एव' ન થાય ! કેમ કે-જ્ઞાન કદાચિત્ પણ રજતને ગ્રહણ કરતું નથી. આવા પ્રકારના અત્યંત અયોગનો જ અહીં વ્યવચ્છેદ ઇષ્ટ છે. આવા અસ્વરસથી કહે છે.)

'अस्ति' આવું વિભક્તિસમાન અવ્યયનો આશ્રય કરવાથી, સત્ત્વનો બોધ થવાથી, વિશેષણભૂત સત્ત્વમાં એવકારનો અન્વય થવાથી અયોગવ્યવચ્છેદનો બોધ થાય છે, માટે કોઈ પણ દોષ નથી.

તેથી આ પ્રમાણે પદની શક્તિનું જ્ઞાન થવાથી, વાક્યશક્તિનું સ્ફોરણ થવાથી વાક્યાર્થને બતાવે છે.

તથાચેતિ મહાવાક્યથી પ્રધાનપણે અસ્તિત્વધર્મ આત્મકનો અને ગૌણપણે અસ્તિત્વ ભિન્ન સકલ ધર્માત્મકપણાનો બોધ હોવાથી, દ્રવ્યાર્થિકનય અર્પણા(વિવક્ષા)થી ઘટમાં અનુપચરિત એકવિશેષ્યતાનું અથવા પર્યાયાર્થિકનયની અર્પણાથી ઉપચરિત એકવિશેષ્યતાનું ભાન થવાથી, એવકારના અર્થમાં અભાવાપ્રતિયોગત્વઘટક અભાવમાં વિશેષ્યતાવચ્છેદક સામાનાધિકરણ્યનો વિશેષ્યવાચકપદના કથનથી લાભ થવાથી, પ્રતિયોગિના અસમાનાધિકરણઘટત્વ સમાનાધિકરણ અત્યંતાભાવ (ઉદાસીન અભાવ), તેના પ્રતિયોગિ સ્વદ્રવ્યાદિથી અવચ્છિન્ન અસ્તિત્વનિષ્ઠ, સ્વેતર સકલ ધર્મ આત્મકત્વ સંબંધથી અવચ્છિન્નપ્રકારતાનિરૂપિત અભેદપ્રાધાન્ય-અભેદ ઉપચારપ્રયુક્ત એકવિશેષ્યતાક ઘટ છે, એવો બોધ ફલિત થાય છે.

ઘટત્વના સમાનાધિકરણભૂત અભાવમાં પ્રતિયોગિની જે વ્યધિકરણતા છે, તે અસ્તિત્વાભાવરૂપ નાસ્તિત્વનું ઘટમાં સત્ત્વ હોઈ અસ્તિત્વમાં અપ્રતિયોગિત્વની રક્ષા માટે છે. તથાચ અસ્તિત્વનો અભાવ પ્રતિયોગિનો અસમાનાધિકરણ નથી, કેમ કે-ત્યાં અસ્તિત્વની પણ વિદ્યમાનતા છે.

૦ આ બોધ, કેવળ ઘટની જ વિશેષ્યતાનો સ્વીકાર કરીને કહેલ છે. જ્યારે સ્યાત્ પદાર્થ પણ વિશેષ્યની કોટિમાં પ્રવિષ્ટ કરાવાય, ત્યારે પ્રકૃતેતર સકલધર્માત્મક ઘટ, ઘટત્વ સમાનાધિકરણ, પ્રતિયોગિવ્યધિકરણ જે અભાવ (ઉદાસીન-પટાદિ અભાવ) છે, તેના અપ્રતિયોગિ સ્વદ્રવ્યાદિથી અવચ્છિન્ન અસ્તિત્વનિષ્ઠ કથંચિત્ તાદાત્મ્ય સંબંધથી અવચ્છિન્ન પ્રકારતાનિરૂપિત એકવિશેષ્યતાવાળો 'स्याद् घटः' એ વાક્યથી બોધ સમજવો. અહીં પ્રધાનભાવથી અસ્તિત્વ ધર્માત્મકત્વ અને ગુણભાવથી તેનાથી ભિન્ન સકલધર્માત્મકત્વ દર્શાવાય છે, તેથી ગુણપ્રધાનભાવપ્રાપ્ત વાક્ય થયું.

આ પ્રકારે થયે છતે, 'પ્રધાનભાવથી સમસ્તધર્માત્મક વસ્તુબોધક સકલાદેશ છે' આવો નિયમ હતપ્રહત થઈ જાય છે. એમ જો કહેવામાં આવે, તો આ વાક્યના બોધ પછી 'અનંતધર્મ આત્મક સર્વ છે' આવો ઔપાદાનિક (મૌલિક-સાર્વભૌમ) બોધ સ્વીકારવો જોઈએ. એથી જ આ વાક્યનું સકલ આદેશરૂપપણું છે.

अथ सत्त्वोपसर्जनासत्त्वप्रधानप्रतिपादकवाक्यार्थं विवेचयति –

घटस्स्यान्नास्त्येवेति द्वितीयं वाक्यमन्यधर्माप्रतिषेधमुखेन निषेधविषयकं बोधं जनयति, अत्रापि तादृशो घटः प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिपरद्रव्याद्यवच्छिन्ननास्तित्ववानिति बोधः ॥ २४ ॥

घट इति । अन्यधर्माप्रतिषेधमुखेनेति, धर्मान्तरप्रतिषेधे हि दुर्नयत्वं स्यात्तथा च धर्मान्तरप्रतिषेधाकरणात्स्यात्पदमहिम्नाऽनन्तधर्मविषयो गृहीतधर्मप्रतिपादको यो बोधविशेषस्तं जनयतीति भावः । पूर्ववदेवात्रापि शाब्दबोधो विज्ञेय इत्याशयेनाहात्रापीति, स्पष्टमन्यत् ॥

હવે સત્ત્વને ગૌણ કરીને અસત્ત્વની પ્રધાનતાનું પ્રતિપાદક બીજા વાક્યના અર્થનું વિવેચન કરે છે.

નિષેધવિષયક બોધ (૨)

ભાવાર્થ – "घटःस्याद् नास्ति एव' આવું બીજું વાક્ય અન્ય ધર્મના અપ્રતિષેધપૂર્વક નિષેધવિષયવાળા બોધનું જનક છે. અહીં પણ તાદૃશ ઘટ, પ્રતિયોગિઅસમાનાધિકરણ, ઘટત્વસમાનાધિકરણ જે અત્યંત અભાવ (ઉદાસીન અભાવ), તેના અપ્રતિયોગિ પરદ્રવ્ય આદિથી અવચ્છિન્ન નાસ્તિવાળો છે, આવો બોધ છે."

વિવેચન – 'અન્ય ધર્મના અપ્રતિષેધપૂર્વક' ઇત્યાદિ કથનથી એ ફલિત થાય છે કે-ખરેખર, બીજા ધર્મના પ્રતિષેધમાં દુર્નયપણું થઈ જાય ! તથાચ બીજા ધર્મનો પ્રતિષેધ નહિ કરવાથી, સ્યાત્પદના મહિમાથી અનંતધર્મવિષયવાળો ગ્રહણ કરેલ ધર્મનો પ્રતિપાદક જે વિશિષ્ટ બોધ છે, તેનું જનક આ વાક્ય છે. પૂર્વની માફક અહીં શાબ્દબોધ જાણવો.

तृतीयवाक्यार्थमाह –

स्यादस्ति नास्ति च घट इति तृतीयं वाक्यं तादृशे घटे क्रमार्पितस्वपररूपाद्यवच्छिन्नास्तित्वनास्तित्वावच्छिन्नत्वं बोधयति, तथा च तादृशो घटः प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिक्रमार्पितस्वपररूपाद्यवच्छिन्नास्तित्वनास्तित्वोभयधर्मवानिति बोधः ॥ २५ ॥

स्यादस्तीति । मलयगिरिपादाभ्युपगमापेक्षयात्र शाब्दबोध उक्तो व्याख्यातप्रायश्च । प्रथमद्वितीयचतुर्थवाक्यानामेव सकलादेशत्वं निरवयवद्रव्यविषयत्वाच्छेषाणान्तु सावयवद्रव्यविषयत्वाद्विकलादेशरूपत्वं[१] देशभेदं विनैकत्र क्रमेणापि सदसत्त्वविवक्षायास्सम्प्रदाय-

१. तत्र देशो नाम सकलस्य वस्तुनो बुद्धिच्छेदविभक्तोऽवयवः । विकलादेश इत्यादेश वस्तुनो वैकल्यञ्च स्वेन तत्त्वेनाप्रविभक्तस्यापि विविक्तं गुणादिरूपं स्वरूपेणोपरञ्जकमपेक्ष्य परिकल्पितमंशभेदं कृत्वाऽनेकान्तात्मकैकत्वव्यवस्थायां समुदायात्मकमात्मरूपमभ्युपगम्याभिधानम् । अनेकधर्मस्वभावमेकं हि वस्तु, दृष्टश्चाभिन्नस्याप्यात्मनो भिन्नो गुणो भेदकः, यथा परुद्धवान् पटुरासीत् ऐषमस्तु पटुतरोऽन्य एवाभिसंवृत्त इति, अत्र हि पटुत्वातिशयस्सामान्यपाटवादुणादन्यः, स च वस्तुनो भेदं कल्पयति, प्रयोजनार्थिना तथाऽऽश्रितत्वात्, तस्मात्ते गुणास्तस्यारम्भकत्वाद् भागा वस्त्वंशमनुभवन्ति, अनेकानेकस्वरूपत्वादात्मादिवस्तुनः, पुरुषस्येव पाण्यादयः, ते च क्रमेण वृत्ताः ! क्रमयौगपद्याभ्याञ्च, तत्र तृतीयेऽस्मिन् भङ्गे क्रमेण वृत्ताः, द्रव्यार्थसामान्येन तद्विशेषेण वा पर्यायसामान्येन तद्विशेषेण वा वस्तूच्यते यथा आत्मा चैतन्यसामान्येनास्ति चैतन्यविशेषविवक्षायां वा एकोपयोगत्वादस्ति, पर्यायसामान्यात् अचैतन्येन नास्ति घटोपयोगकाले वा पटोपयोगेन नास्ति, चैतन्येन तद्विशेषेण वर्त्तमान एव तदभावेन तद्विशेषाभावेन वा न वर्त्तत इत्युभयाधीन आत्मेति तृतीयवाक्यतात्पर्यम् । एवञ्च सङ्ग्रहव्यवहाराभिप्रायात् त्रयस्सकलादेशाः चत्वारस्तु ऋजुसूत्रशब्दसमभिरूढैवंभूतनयाभिप्रायादिति तत्त्वार्थभाष्यटीकाकाराः ॥

विरुद्धत्वादिति सम्मत्याद्यनुसारेण तु घटस्यैकदेशः अस्तित्वेऽवच्छेदकतयाऽपरश्च देशो नास्तित्वस्यावच्छेदकत्वेन विवक्षितस्तदा देशाभेदद्वारा घटोऽप्यस्ति नास्ति च भवति, अक्षिपाणिगतकाणत्वकुण्टत्वापेक्षया यथा देवदत्तः काणः कुण्टः । अन्यथा क्रमेणाप्येकत्र सदसत्त्वविवक्षाया अनुदयेन भङ्गविलोपः प्रसज्येत । देशोऽप्यवयवो धर्मो वा, अवयवावयविनोर्धर्मधर्मिणोश्च कथञ्चिदभेदेनावयवादिधर्मैरपि अवयव्यादीनां तथा व्यपदेशस्सुघट एव, उभयप्रधानावयवाभेदेनास्तित्वं नास्तित्वञ्चात्रार्प्यते, तथा चास्माद्वाक्यात्स्वाश्रयसमवायित्वरूपपरम्परासम्बन्धावच्छिन्नास्तित्वनास्तित्वरूपधर्मद्वयप्रकारतानिरूपितैकविशेष्यताशालिबोधो भवति । इदञ्चौपादानिकबोधापेक्षया, अन्यथा घटपदस्य देशपरस्याऽऽवृत्त्या प्रकारताद्वयनिरूपितविशेष्यताद्वयशाल्ये व बोधस्स्यात् । न च प्रकारभेदेन सप्तभङ्गीभेदश्शास्त्रसिद्धः प्रकारश्च विधेयधर्म उद्देश्यतावच्छेदकधर्मो वेत्यत्र न कश्चिद्विशेषः, अत एव शुद्धघटादिधर्मिकसप्तभङ्ग्यपेक्षया नीलघटादिधर्मिकसप्तभङ्ग्या अविगानेन भेदस्तथा च प्रकृते धर्मितावच्छेदकस्यावयवस्य धर्मान्तरस्य वा भेदात्सप्तभङ्गीभेदप्रसङ्ग एकधर्मावच्छिन्नत्वघटितत्वात्सप्तभङ्ग्या इति वाच्यम्, तत्तद्धर्मितावच्छेदकसमनियतधर्मावच्छिन्नविशेष्यतास्थले सप्तभङ्गीभेदाभावात्, अन्यथा कम्बुग्रीवादिमान् स्यादस्तीत्यादितोऽपि घटविशेष्यकसप्तभङ्गीभेदापत्तेरिति । तादृशे घट इति, प्रकृतेतरसकलधर्मात्मके घट इत्यर्थः । क्रमार्पितेति, क्रमिकशाब्दबोधद्वयेच्छाविषयेत्यर्थः । न च क्रमबलादुभयमुख्य विशेष्यताकबोधस्यार्थसिद्धत्वेनाद्यभङ्गद्वयानतिरेक इति वाच्यं क्रमगर्भोभयप्राधान्यबोधकत्वाभिप्रायेणोभयपदप्रयोगात्, तत्रैकत्र द्वयमिति विषयताशालिनो धर्मद्वयप्रकारतानिरूपितैकविशेष्यतानिरूपकस्य बोधान्तरस्यानुभविकत्वात्, वस्तुत इच्छाविशेषरूपस्य क्रमार्पितत्वस्य भङ्गप्रयोजकत्वान्न भङ्गे सत्त्वासत्त्वोभयनिष्ठविषयतावच्छेदकत्वं स्वपरद्रव्यादीनामेव तत्रावच्छेदकत्वात् तथा च चालनीन्यायेन स्वद्रव्यपरद्रव्यादि चतुष्टयावच्छिन्नं सत्त्वासत्त्वोभयमस्य भङ्गस्य विषय इत्याशयेन स्वपररूपाद्यवच्छिन्नेत्युक्तम् । वाक्यार्थं निगमयति, तथा चेति, तादृशो घट इति प्रकृतेतरसकलधर्मात्मको घट इत्यर्थः, क्रमार्पितत्वस्योभयधर्मावच्छेदकत्वं यथाश्रुताभिप्रायेण, जिज्ञासाया भङ्गीयविषयतानवच्छेदकत्वाभिप्रायेण तु स्वरूपादीति, शिष्टं पूर्ववद्भाव्यम् ॥

હવે ત્રીજા વાક્યનો અર્થ કરે છે.

અવચ્છિન્નત્વનો બોધ (૩)

ભાવાર્થ - "स्यात् अस्ति नास्ति च घटः' આવું ત્રીજું વાક્ય, તાદશ ઘટમાં ક્રમથી અર્પિત સ્વ-પરરૂપ આદિથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વથી અવચ્છિન્નત્વ(વિશિષ્ટત્વ)નો બોધ કરાવે છે.

તથાચ તાદેશ ઘટ, પ્રતિયોગિનો અસમાનાધિકરણ, ઘટત્વનો સમાનાધિકરણ જે અત્યંત અભાવ (ઉદાસીન અભાવ), તેના પ્રતિયોગિ ક્રમાર્પિત સ્વ-પરરૂપ આદિથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વોભય ધર્મવાળો છે''-આવો બોધ થાય છે.

વિવેચન – પૂજ્યપાદ મલયગિરિસૂરીશ્વરજીના પક્ષની અપેક્ષાએ અહીં શાબ્દબોધ વ્યાખ્યાનની સાથે પૂર્વે કહેલો છે.

○ પ્રથમ-દ્વિતીય-ચતુર્થ (સ્યાદ્ અસ્તિ-નાસ્તિ-અવક્તવ્યમ્) વાક્યોનું જ સકલ આદેશપણું છે, કેમ કે-નિરવયવ એવ સકલ (ટૂકડાને ભેગા કર્યા સિવાય) દ્રવ્યનો વિષય છે. બાકી ચારેયનું વિકલ આદેશરૂપપણું છે.

(અહીં દેશ એટલે બુદ્ધિવિશેષથી વિભાગવિષય અવયવ 'દેશ' છે. દેશમાં આદેશ; દેશાદેશ-વિકલાદેશ કહેવાય છે. વિકલાદેશમાં રહેલ વસ્તુની વિકલતા એટલે સ્વતત્ત્વથી અભિન્નનું પણ ભિન્ન ગુણાદિ રૂપની સ્વરૂપની સાથે ઉપરંજકની અપેક્ષા કરીને પ્રતિકલ્પિત, અંશના ભેદને કરીને અનેકાન્ત આત્મક એકત્વની વ્યવસ્થામાં નરસિંહ, નરસિંહત્વની માફક સમુદાય આત્મક સ્વરૂપનો સ્વીકાર કરીને કથન, વિકલાદેશ છે. પરંતુ કેવલસિંહ, સિંહત્વની માફક એક આત્મક એકત્વનું ગ્રહણ નથી.

જેમ પ્રતિપાદન ઉપાયાર્થ પરિકલ્પિત અનેક નીલ-પીત આદિ ભાગો, નિર્વિભાગ અનેક આત્મક એક ચિત્ર સામાન્યરૂપ તરીકે કહેવાય છે, તેમ વસ્તુ અનેક ધર્મસ્વભાવવાળી એમ કહેવાય છે. વળી પ્રત્યક્ષ દૃષ્ટ છે કે-અભિન્ન પણ આત્મરૂપ અર્થનો ભિન્ન ગુણ ભેદક છે. ગઈ સાલમાં આપ પટુ હતા, ચાલુ સાલમાં પટુતર (વધારે પટુ) બીજો જ થયેલો છે. પટુત્વાતિશય ગુણ સામાન્ય પાટવરૂપ ગુણ કરતાં ભિન્ન છે. તે ગુણ વસ્તુના ભેદને કલ્પે છે-જણાવે છે, કેમ કે-ભિન્ન કાર્યના અર્થીએ તે પ્રકારે આશ્રય કરેલો છે. તેથી તે ગુણો વસ્તુભેદના આરંભક હોવાથી ભાગો, વસ્તુના અંશનો અનુભવ કરે છે, કેમ કે-આત્માદિ વસ્તુ અનેકાત્મક એકત્વથી યુક્ત છે. જેમ કે-પુરુષના હાથ-પગ વગેરે વસ્તુના અંશનો અનુભવ કરે છે. તે અંશો ક્રમથી કે ક્રમયૌગપદ્યથી રહેલા છે. ત્યાં ત્રીજા ભંગમાં (સ્યાત્ અસ્તિ નાસ્તિ ચ ઘટઃ એ ભંગમાં) ક્રમથી રહેલા છે.

○ દ્રવ્યાર્થ સામાન્યથી કે દ્રવ્યાર્થ વિશેષથી, પર્યાયસામાન્યથી કે પર્યાયવિશેષથી વસ્તુ કહેવાય છે, જેમ કે-આત્મા ચૈતન્યસામાન્યથી છે અથવા ચૈતન્યવિશેષ વિવક્ષામાં આત્મા છે, કેમ કે-એક ઉપયોગ છે.

○ પર્યાયસામાન્યથી અચૈતન્યથી આત્મા નથી, અથવા ઘટના ઉપયોગકાળમાં પટ આદિ ઉપયોગની અપેક્ષાએ આત્મા નથી. ચૈતન્યથી ચૈતન્યવિશેષથી વર્તમાન જ આત્મા, ચૈતન્યના અભાવથી કે ચૈતન્યવિશેષના અભાવથી એટલે નાસ્તિત્વરૂપે વર્તે છે. અર્થાત્ દ્રવ્યાર્થપર્યાયથી અસ્તિત્વ-નાસ્તિત્વરૂપે ઉભયાધીન આત્મા છે.

○ આ પ્રમાણે સંગ્રહવ્યવહારના અભિપ્રાયથી ત્રણ સકલાદેશો છે. ચાર તો ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂતનયના અભિપ્રાયથી છે. આ પ્રમાણે તત્વાર્થભાષ્યટીકાકાર કહે છે.)

આ પ્રમાણે 'સમ્મતિ'ગ્રંથ આદિ અનુસારે તો ઘટનો એક દેશ અસ્તિત્વમાં સ્વરૂપાદિ અવચ્છેદકપણાએ છે અને બીજો દેશ નાસ્તિત્વનો પરરૂપ આદિ અવચ્છેદકપણાએ વિવક્ષિત છે. ત્યારે દેશના અભેદદ્વારા ઘટ

પણ છે અને નથી. જેમ કે-આંખમાં રહેલ કાણત્વની અપેક્ષાએ દેવદત્ત કાણો અને હાથમાં રહેલ કુંટત્વની અપેક્ષાએ દેવદત્ત ઠુંઠો.

○ અન્યથા-ક્રમથી પણ એક ઠેકાણે સદ્ અસત્ત્વની વિવક્ષાના ઉદયના અભાવથી ભંગવિલોપનો પ્રસંગ આવશે જ !

○ દેશ પણ અવયવ કે ધર્મ કહેવાય છે. અવયવ અવયવીનો અને ધર્મ-ધર્મીનો કથંચિત્ અભેદ હોવાથી, અવયવ આદિ ધર્મોની સાથે પણ અવયવી આદિનો તે પ્રકારનો વ્યપદેશ સુઘટ જ છે. અહીં પણ ઉભયપ્રધાન અવયવના અભેદથી અસ્તિત્વ અને નાસ્તિત્વ વિવક્ષિત કરાય છે.

○ (સ્વપદથી ગ્રાહ્ય 'સ્યાદ્ અસ્તિ નાસ્તિ ચ ઘટઃ' ઈતિ વાક્યનો વિષયતાસંબંધથી આ વાક્યથી સ્વાશ્રય સમવાયિત્વરૂપ સ્વ-વાક્યાશ્રય ઘટ છે. તેના અવયવભૂત અસ્તિત્વ-નાસ્તિત્વધર્મ સમવાયિ છે. તેમાં સમવાયિત્વ છે. તન્નામક.)

પરંપરાસંબંધથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ ધર્મદ્વયમાં રહેલ પ્રકારતાથી નિરૂપિત એક વિશેષ્યતાશાળી બોધ થાય છે.

આ ઔપાદાનિક બોધની અપેક્ષાએ છે. અન્યથા-અવયવવાચક ઘટપદની આવૃત્તિદ્વારા બે પ્રકારતાથી નિરૂપિત બે વિશેષ્યતાશાળી બોધની આપત્તિ આવશે.

શંકા – પ્રકારના ભેદથી સપ્તભંગીનો ભેદ શાસ્ત્રસિદ્ધ છે અને પ્રકાર એટલે વિધેયધર્મ કે ઉદ્દેશ્યતાવચ્છેદકધર્મ એમાં કોઈ વિશેષ નથી. એથી જ શુદ્ધ ઘટ આદિ ધર્મીવાળી સપ્તભંગીની અપેક્ષાએ નીલઘટ આદિ ધર્મીવાળી સપ્તભંગીનો વિરોધ વગર ભેદ છે. પ્રકૃતમાં ધર્મિતાવચ્છેદક અવયવ કે ધર્માન્તરનો ભેદ હોવાથી સપ્તભંગીના ભેદનો પ્રસંગ આવશે જ, કેમ કે-સપ્તભંગી એક ધર્માવચ્છિન્નત્વથી ઘટિત છે ને ?

સમાધાન – તે તે ધર્મિતાવચ્છેદકની સાથે સમનિયત (સમવ્યાપક) ધર્મથી અવચ્છિન્ન વિશેષ્યતાસ્થળમાં સપ્તભંગીના ભેદનો અભાવ છે. અન્યથા, એટલે તે તે ધર્મિતાવચ્છેદકની સાથે સમનિયત ધર્મથી અવચ્છિન્નવિશેષ્યતા જો ન માનવામાં આવે, તો 'કંબુગ્રીવાદિમાન્ સ્યાદ્ અસ્તિ' ઇત્યાદિ વાક્યથી પણ ઘટવિશેષ્યક સપ્તભંગીના ભેદની આપત્તિ આવશે !

'તાદૃશે ઘટે' તાદૃશ ઘટ એટલે પ્રકૃત-અપ્રકૃત સકલધર્માત્મક ઘટમાં, 'ક્રમાર્પિત'-ક્રમિક શાબ્દબોધદ્વયની ઇચ્છાનો વિષય.

શંકા – ક્રમના બળથી ઉભય મુખ્ય વિશેષ્યતાક બોધ અર્થથી સિદ્ધ હોઈ, પહેલાના બે ભાંગા કરતાં ત્રીજાનો ભેદ કેવી રીતે ?

સમાધાન – ક્રમગર્ભિત ઉભયની પ્રધાનતાના બોધકત્વના અભિપ્રાયથી ઉભય પદનો પ્રયોગ છે. અહીં 'એકત્રદ્વયં' એવા નિયમથી વિષયતાવાળા, ધર્મદ્વયમાં રહેલ પ્રકારતા નિરૂપિત એકવિશેષ્યતાના નિરૂપક બીજા બોધનો અનુભવ સિદ્ધ છે. વસ્તુતઃ ઇચ્છાવિશેષરૂપ ક્રમાર્પિતત્વ (ક્રમથી અર્પણા) ભંગનો પ્રયોજક હોઈ ભંગમાં સત્ત્વાસત્ત્વ ઉભયનિષ્ઠ વિષયતાવચ્છેદકપણું નથી, પરંતુ અહીં સ્વ-પરદ્રવ્ય આદિનું જ

અવચ્છેદકપણું છે. તથાચ ચાલની-ન્યાયથી સ્વદ્રવ્ય-પરદ્રવ્યાદિ ચતુષ્ટયથી અવચ્છિન્ન, સત્ત્વ-અસત્ત્વોભય આ ભંગનો વિષય છે. આવા આશયથી 'સ્વ-પરરૂપ આદિથી અવચ્છિન્ન' એવું કહેલું છે, અર્થાત્ પ્રકૃત-અપ્રકૃત પરદ્રવ્યાદિ ચતુષ્ટયથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વના અવચ્છિન્નત્વનો બોધ, ત્રીજો ભંગ કરાવે છે. ઉપસંહાર-તથાચેતિ-'તાદશો ઘટઃ' એટલે પ્રકૃત-અપ્રકૃત ધર્માત્મક ઘટ. અહીં ક્રમાર્પિતપણાનું ઉભય ધર્માવચ્છેદકપણું યથાશ્રુતના અભિપ્રાયથી છે. વળી જિજ્ઞાસામાં ભંગનિરૂપિત વિષયતાના અનવચ્છેદકપણાના અભિપ્રાયથી 'સ્વ-પરરૂપ આદિ' છે. બાકીનું બધું પૂર્વની માફક જાણવું.

चतुर्थभङ्गवाक्यार्थमाह –

स्यादवक्तव्य एव घट इति चतुर्थं वाक्यं युगपत्स्वपररूपादीनामपेक्षणे वस्तु न केनापि शब्देन वाच्यमिति बोधयति, तथा च तादृशो घटः सत्त्वादिरूपेण वक्तव्य एव सन् युगपत्प्रधानभूतसत्त्वासत्त्वोभयरूपेण प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणाभावाप्रतियोग्यवक्तव्यत्वानिति बोधः ॥ २६ ॥

स्यादिति । निरवयवद्रव्यविषयकमिदम् । प्राधान्यतो गुणभावतो वा सत्त्वासत्त्वधर्मयोर्युगपत्प्रतिपादने कस्यापि वचसः सामर्थ्याभावेन घटादिकं वस्तु ताभ्यामवक्तव्यं भवतीत्याशयेनाह युगपदिति । एकदैकपदादुभयबोधो जायतामितीच्छाविषयत्वेनेत्यर्थः । स्वपररूपादीनामित्यनेन स्वरूपाद्यवच्छिन्नसत्त्वपररूपाद्यवच्छिन्नासत्त्वे विवक्षिते, समुदितन्यायेन स्वरूपपररूपादीनां सत्त्वासत्त्वनिष्ठविषयतावच्छेदकतया विवक्षण इति वाऽपेक्षण इति पदान्तस्यार्थः, आदिना द्रव्यक्षेत्रकालानां ग्रहणम् । न केनापि शब्देन वाच्यमिति, कस्यापि पदस्य समस्तपदस्य वाक्यस्य वा तथाविधवाच्यवाचकभावाविषयीभूतत्वादिति भावः, एकं हि पदमेकया शक्त्याऽर्थमेकमेव बोधयति शब्दशक्तिस्वाभाव्यात् सदिति पदस्यासदविषयत्वादसदिति पदस्य सदविषयत्वात्, अन्यथा तदन्यतरप्रयोगसंशयप्रसङ्गात्, नानार्थविषयस्यापि गवादिपदस्य वस्तुतोऽनेकत्वात् सादृश्योपचारादेव हि तस्यैकत्वेन व्यवहारः, इतरथा सर्वस्यैकशब्दवाच्यत्वं स्यात्, प्रत्येकमप्यनेकशब्दप्रयोगवैफल्यमपि प्रसज्येत, तथा च यथा शब्दभेदेनार्थभेदो ध्रुवस्तथाऽर्थशब्दभेदादपिभेदस्सिद्ध एव, अन्यथा वाच्यवाचकनियमव्यवहारो विलीयेत, एवं वाक्यमप्येकं न युगपदनेकार्थविषयं वेदितव्यम् । ननु शाब्दबोधस्य सङ्केताधीनत्वेन कस्यचिच्छब्दस्य सदसत्त्वयोस्संकेतकरणेन व्याकरणे सदिति संज्ञाशब्देन संकेतबलात् शतृशानचोर्बोधादिव सह सदसत्त्वयोः कथं ततो न बोधो भवेदिति चेन्न तत्रापि प्रत्ययद्वयस्य क्रमेणैवोत्पत्तेर्वाच्यवाचकभेदेन वाचकतारूपशक्तेरपि भेदादनेकार्थशब्दस्थल इव बोध्यभेदे शब्दभेदेकल्पनात्, उपचारेण चैकत्वाभिमानात् । सेनादिशब्दानामपि

करितुरगपदातिप्रत्यासत्तिविशेषरूपैकार्थस्यैव बोधकत्वं, एवमेव वनयूथपङ्क्तिमालादिशब्दा अपि । न च वृक्षाविति पदं वृक्षद्वयस्य वृक्षा इति पदञ्च बहूनां वृक्षाणां कथं बोधकमिति वाच्यं द्वन्द्वापवादैकशेषसमासाभ्युपगन्तृमतेन द्वाभ्यां वृक्षपदाभ्यां वृक्षद्वयस्य बहुभिश्च बहूनां वृक्षाणां बोधात् न तु सकृदेकेन, शिष्टलुप्तशब्दयोस्सारूप्याद्वाच्यसादृश्याच्चैकत्वोपचारेणैकशब्दप्रयोगोपपत्तेः । तत्रैकशेषसमासानभ्युपगन्तृमतेन तु द्विबहुवचनान्तो वृक्षशब्दस्स्वभावत एव स्वाभिधेयमर्थं द्वित्वबहुत्वविशिष्टमाचष्टे तथासामर्थ्यात्, अन्यथा शब्दव्यवहारानुपपत्तेः, अनेकनयमयेऽस्मन्मते तु वृक्षौ वृक्षा इत्यतः प्रत्ययवत्या प्रकृत्या वृक्षत्वतदाश्रयलिङ्गसंख्यादिविषयकक्रमिकोपस्थितिपरिणत एव लिङ्गसंख्यादिप्रकारको वृक्षविशेष्यकशाब्दबोधो जायते तत्र विशेष्यतया वृक्षस्य प्राधान्यं द्वित्वबहुत्वसंख्यादीनान्तु विशेषणतया गौणत्वमिति प्राधान्येनैकार्थवाचकत्वमेवैकपदस्याभिमतम् । न च पुष्पदन्तादिपदवदत्रापि केनचित्पदेन सदसतोरपि प्राधान्येनोपस्थितिः स्यादितिवाच्यम्, "एकयोक्त्या पुष्पदन्तौ दिवाकरनिशाकरा" विति कोशस्वरसादेकोच्चारणान्तर्भावेण गृहीतनानाशक्तिकपुष्पदन्तादिपदे व्युत्पत्तिवैचित्र्यात्, अत्र पुष्पदन्तपदं चन्द्रे सूर्ये च शक्तमित्याकारशक्तिग्रहः तत्कार्यतावच्छेदकञ्च चन्द्रत्वप्रकारकत्वे सति सूर्यत्वप्रकारकस्मृतिजननद्वारा तादृशशाब्दत्वम्, चन्द्रत्वसूर्यत्वोभयस्मिन् व्यासज्यवृत्तिरूपमेकं शक्यतावच्छेदकत्वं, एकत्र चान्यताग्रहे न शक्त्या बोधोऽपि तु लक्षणयेति नैयायिकाः । तथाविधस्यात्र सहार्पितसत्त्वासत्त्वोभयाश्रयबोधकस्य कस्यापि पदस्याभावादवक्तव्यत्वमेव साधु, तथा जिज्ञासाया बाधितत्वज्ञाने च तथा ज्ञानस्य विपरीतव्युत्पत्त्या जायमानस्याप्यनिष्टत्वप्रतिसन्धानान्न तदर्थं कश्चित्प्रामाणिकः पदप्रयोग इति तदाऽवक्तव्यत्वेन ज्ञानस्यैवेष्टत्वात्, अत एवैकक्षणे बोधद्वयं जायतामित्यादिस्थलेऽप्यवक्तव्यत्वाभिधानसाम्राज्यं, बाधितेच्छाविषयत्वावच्छेदेनावक्तव्यत्वव्यवस्थापनादिति ।

सत्त्वादिरूपेणेति, आदिनाऽसत्त्वस्य ग्रहः, अवक्तव्य एव घट इत्युक्तौ घटस्य सर्वथाऽवाच्यत्वं प्राप्नोति तथा चास्तित्वादिमुखेनापि घटस्याभिधानं न स्यादेवञ्च प्रथमद्वितीयादिभङ्गभङ्गप्रसङ्ग इति स्यात्पदप्रयोगः क्रियते, तेन च सत्त्वाद्येकैकधर्ममुखेन

---

१. द्वन्द्वस्य प्रवृत्तिस्त्वेकपदप्रतिपाद्यत्वसामानाधिकरण्येनापरपदप्रतिपाद्यत्वावच्छिन्नभेदे, एकपदजन्यप्रतिपत्तिविषयितात्वसामानाधिकरण्येनापरपदजन्यप्रतिपत्तिविषयितात्वावच्छिन्नभेदे वा भवति, घटावित्यादावेकपदप्रतिपाद्येऽपरपदप्रतिपाद्यपाद्यत्वावच्छिन्नभेदाद्विशेष्यताभेदेन विषयिताभेदाद्वा तदुपपत्तिः ॥ २. सकृदुच्चरितशब्दस्सकृदेव प्रधानतयाऽर्थं बोधयतीत्येव नियमात् ।

वाच्यमेव सर्वं वस्तु, युगपत्प्रधानभूतसत्त्वासत्त्वोभयधर्मावच्छिन्नत्वेनावाच्यत्वमित्याशयेन सत्त्वादिरूपेण वक्तव्य एव सन्नित्युक्तम् ॥

હવે ચોથા વાક્યનો અર્થ કરે છે.

ચોથા ભંગનો વાક્યાર્થ

ભાવાર્થ – "स्याद् अवक्तव्य एव घटः' આવું ચોથું વાક્ય, એકીસાથે સ્વ-પરરૂપ આદિની અપેક્ષામાં, વસ્તુ, કોઈ પણ શબ્દથી વાચ્ય નથી, એવો બોધ કરે છે. તથાચ તાદેશ ઘટ, સત્ત્વાદિ રૂપથી વક્તવ્ય જ હોતો, એકીસાથે પ્રધાનભૂત સત્ત્વ-અસત્ત્વ ઉભય રૂપથી પ્રતિયોગિનો અસમાનાધિકરણ, ઘટત્વસમાનાધિકરણ અભાવના અપ્રતિયોગિ અવક્તવ્યત્વવાળો છે, એવો શાબ્દબોધ છે."

વિવેચન – આ ચોથો ભંગ નિરંશદ્રવ્યના વિષયવાળો છે. પ્રધાનતાથી કે ગુણભાવથી સત્ત્વ-અસત્ત્વ ધર્મના એકીસાથેના પ્રતિપાદનમાં કોઈ પણ વચનની શક્તિનો અભાવ હોવાથી ઘટ વગેરે વસ્તુ તે સત્ત્વ-અસત્ત્વથી અવક્તવ્ય થાય છે. એવા આશયથી કહે છે કે-'युगपद्.' ઈતિ.

યુગપત્ એટલે એક કાળમાં એક પદથી ઉભયનો બોધ થાઓ ! આવી ઇચ્છાના વિષયરૂપે, એવો અર્થ છે.

○ 'स्वपररूपादीनां' આ પદથી સ્વરૂપ આદિથી અવચ્છિન્ન સત્ત્વ અને પરરૂપ આદિથી અવચ્છિન્ન અસત્ત્વ વિવક્ષિત છે. સમુદિતન્યાયથી સ્વરૂપ-પરરૂપ આદિની સત્ત્વ-અસત્ત્વનિષ્ઠ વિષયતાના અવચ્છેદકપણાએ વિવક્ષામાં કે અપેક્ષામાં, એવો અર્થ છે. અહીં આદિપદથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળોનું ગ્રહણ છે.

○ 'न के नापि शब्देन वाच्यम्'=કોઈ પણ પદ, સમાસવાળું પદ કે વાક્ય તથાવિધ વાચ્યવાચકના ભાવથી અવિષય છે. ઈતિ.

○ ખરેખર, એક પદ, એક શક્તિથી એક જ અર્થને જણાવે છે, કેમ કે-શબ્દની શક્તિનો સ્વભાવ છે. 'सद्' એવા પદમાં असद्નો વિષય નથી. 'असद्' એવા પદમાં सद्નો વિષય નથી. અન્યથા, એક પદ, એક શક્તિથી એક જ અર્થનું બોધક છે. એમ જો ન માનવામાં આવે, તો તે सद् કે असत् બેમાંથી કોઈ એક પ્રયોગના સંશયનો પ્રસંગ આવશે !

○ અનેક અર્થના વિષયવાળું પણ ગો આદિ પદ વસ્તુતઃ અનેક છે. ખરેખર, સાદશ્યના ઉપચારથી જ તે ગો આદિ પદનો એકપણાએ વ્યવહાર છે. અન્યથા, એમ જો ન માનવામાં આવે, તો સર્વ, એક શબ્દથી વાચ્ય બની જાય ! પ્રત્યેક અર્થને માટે પણ પ્રયુક્ત અનેક શબ્દના પ્રયોગની નિષ્ફળતાનો પ્રસંગ આવશે ! તથાચ જેમ શબ્દના ભેદથી અર્થનો ભેદ ધ્રુવ છે, તેમ અર્થના ભેદથી પણ શબ્દભેદ સિદ્ધ જ છે. અન્યથા, એમ જો ન માનો, તો વાચ્યવાચકના નિયમનો વ્યવહાર વિલીન થઈ જાય ! આ પ્રમાણે એક પણ વાક્ય એકીસાથે અનેક અર્થના વિષયવાળું નથી એમ જાણો !

શંકા – શાબ્દબોધ સંકેતને આધીન હોવાથી, કોઈ એક શબ્દમાં सद् असत्त्वનો સંકેત કરવાથી, જેમ વ્યાકરણમાં 'शतृशानचौ सत्' એવા સંજ્ઞાશબ્દથી સંકેતના બળથી અર્થાત્ શતૃશાન ચૂ પ્રત્યયોમાં સંકેતિત

'सत्' પદથી शतृशान ચૂની પ્રતીતિ થાય છે, તેમ વિધિનિષેધ ઉભય સંકેતિત એક પદથી તે વિધિનિષેધની પ્રતીતિ કેમ ન થાય ?

समाधान — ત્યાં સંકેતિતપદમાં બેનો બોધ ક્રમથી ઉત્પન્ન થાય છે, કેમ કે-વાચ્યવાચકના ભેદથી વાચકતારૂપ શક્તિનો પણ ભેદ છે. (જો કે તદ્ઉભય સંકેતિત 'सत्'પદ છે, તો પણ તે પદથી તે બન્નેનો બોધ ક્રમથી જ છે પરંતુ એકીસાથે નથી.) તેવી રીતે વિધિનિષેધ ઉભયમાં સંકેતિત એકપદવિશેષથી પણ ક્રમિક તદ્ ઉભયનો બોધ જ થાય. એવી જ રીતે વિધિનિષેધ અન્યતરત્વ રૂપથી તદ્ ઉભય સંકેતિતપદથી એકીસાથે તદુભયનો બોધ નથી, કેમ કે-પ્રત્યેક અસાધારણ અસ્તિત્વ-નાસ્તિત્વ આદિ રૂપથી યુગપત્ પ્રધાનતાથી વિધિનિષેધ વિવક્ષિત છે. (અહીં સમાસનું વચન પ્રધાનતાથી યુગપત્ તદુભયનું પ્રતિપાદક સંભવતું નથી. સમાસોમાં બહુવ્રીહિમાં અન્ય પદાર્થની પ્રધાનતા છે. અહીં તો ઉભયની પ્રધાનતા વિવક્ષા છે. અવ્યયીભાવ તો આવા અર્થમાં પ્રવર્તતો નથી. દ્વંદ્વ તો દ્રવ્યવૃત્તિ હોઈ અહીં ઉપયોગી નથી. કદાચ ગુણવૃત્તિ પણ દ્રવ્યાશ્રિત ગુણપ્રતિપાદક હોઈ પ્રધાનતાથી ગુણપ્રતિપાદનમાં નિપુણ નથી. ઉત્તર પદાર્થપ્રધાન તત્પુરુષનો પણ અહીં અવકાશ નથી. સંખ્યાવાચી પૂર્વપદવાળા દ્વિગુ તો આ અર્થવિષય જ નથી. કર્મધારય પણ ગુણાધાર દ્રવ્યવિષયવાળો અહીં આક્રમણ કરી શકતો નથી. બીજો સમાસ તો નથી જ. વૃત્તિથી અમિશ્રિત અર્થવાળા કોઈ પણ વાક્યનું તથાભૂત બે ધર્મનું પ્રતિપાદકપણું નથી.)

અનેક અર્થવાળા શબ્દના સ્થળની માફક વાચ્યના ભેદમાં શબ્દભેદની માન્યતા છે. વળી ઉપચારથી એકતાનું અભિમાન છે.

ઃ સેના વગેરે શબ્દો પણ હાથી-ઘોડા-પાયદળની પ્રત્યાસત્તિવિશેષરૂપ એક અર્થના બોધક છે. આ પ્રમાણે જ યૂથ-પંક્તિ-માલા આદિ શબ્દો પણ સમજવા.

शंका — 'वृक्षौ' આ પદ બે વૃક્ષનું અને 'वृक्षाः' આ પદ ઘણા વૃક્ષોનું બોધક કેવી રીતે ?

समाधान — દ્વંદ્વસમાસના અપવાદભૂત એક શેષસમાસના સ્વીકાર કરનારના મતથી 'वृक्षश्च वृक्षश्च वृक्षौ' આવા બે વૃક્ષપદથી બે વૃક્ષનો અને 'वृक्षश्च वृक्षश्च वृक्षश्च वृक्षाः' આવા ઘણા વૃક્ષપદથી ઘણા વૃક્ષોનો બોધ થાય છે, પરંતુ એકવાર એક પદથી નહિ. ('सकृदुच्चरितः शब्दः सकृदेव प्रधानतया अर्थं बोधयति' આવા નિયમથી એક વાર બોલાયેલો શબ્દ એકવાર પ્રધાનતાથી એક અર્થને જણાવે છે.) અવશિષ્ટ લુપ્ત શબ્દોનું સદશપણું હોવાથી અને અર્થનું સદશપણું હોવાથી, એકત્વના ઉપચારથી એક શબ્દના પ્રયોગની ઉપપત્તિ છે.

અહીં એક શેષસમાસને નહીં સ્વીકારનારના મતે તો, દ્વિવચન-બહુવચન અંતવાળો વૃક્ષ શબ્દ, સ્વભાવથી જ પોતાના વાચ્ય અર્થને એટલે કે-દ્વિત્વવિશિષ્ટ-બહુત્વવિશિષ્ટ અર્થને કહે છે. કેમ કે-તથાસામર્થ્ય છે. અન્યથા, જો તથાસામર્થ્ય ન માનવામાં આવે, તો શબ્દના વ્યવહારની ઉપપત્તિનો અભાવ છે.

ઃ અનેક નયમય, અમારા જૈનમતમાં તો 'वृक्षौ' બે 'वृक्षौ'-'वृक्षाः' ઘણા વૃક્ષો આવા વિભક્તિ અંતવાળા પદથી, પ્રત્યયવાળી પ્રકૃતિથી વૃક્ષત્વ-વૃક્ષત્વાશ્રય-લિંગસંખ્યા આદિ વિષયવાળી ક્રમિક

ઉપસ્થિતિમાં પરિણત જ લિંગસંખ્યા આદિ પ્રકારવાળો, વૃક્ષવિશેષ્યવાળો શાબ્દબોધ થાય છે. અહીં વિશેષ્યપણાએ વૃક્ષનું પ્રધાનપણું છે.

દ્વિત્વ-બહુત્વ-સંખ્યા આદિનું વિશેષણ હોવાથી ગૌણત્વ છે, માટે પ્રધાનતાએ એક પદનું એક અર્થવાચકપણું અભિમત છે.

શંકા – પુષ્પદંત આદિ પદની માફક અહીં પણ કોઈ એક પદથી સદ્-અસત્ની પણ પ્રધાનતયા ઉપસ્થિતિ થશે જ ને ?

સમાધાન – એક વાર બોલાયેલો શબ્દ પ્રધાનતયા એક અર્થ જણાવે છે. એવો નિયમ હોઈ 'એક ઉક્તિથી પુષ્પદંત સૂર્ય-ચંદ્રને કહે છે. આવા શબ્દકોશના સ્વરસથી એક ઉચ્ચારણમાં અંતર્ભાવ કરી, ગ્રહણ કરેલ નાના શક્તિવાળા પુષ્પદંત આદિ પદમાં વ્યુત્પત્તિનું વૈચિત્ર્ય છે. અહીં 'પુષ્પદંત'પદ ચંદ્ર અને સૂર્યમાં શક્તિવાળું છે. આવા આકારવાળો શક્તિગ્રહ છે. અને તે શક્તિગ્રહનો કાર્યતાવચ્છેદક ચંદ્રપ્રકારકપણું હોયે છતે, સૂર્યત્વપ્રકારક સ્મૃતિજનન દ્વારા તાદેશ શબ્દબોધત્વ છે. ચંદ્રત્વ-સૂર્યત્વરૂપ ઉભયમાં વ્યાસજ્યવૃત્તિરૂપ એક (સૂર્યત્વ-ચંદ્રત્વરૂપ ઉભય) શક્યતાવચ્છેદક છે. તેમાં શક્યતાવચ્છેદપણું છે.

○ એકમાં અન્યતાના જ્ઞાનમાં શક્તિથી બોધ નથી પરંતુ લક્ષણથી છે. (શક્ય સંબંધ લક્ષણા કહેવાય છે. તે જહત્-અજહત્-જહત્અજહત્ના ભેદથી ત્રણ પ્રકારની છે. 'ગંગામાં ઘોષ છે.' અહીં ગંગાપદ શક્ય પ્રવાહસંબંધ તીરમાં છે. લક્ષણાનું બીજ તાત્પર્યની અનુપપત્તિ છે. એથી જ પ્રવાહમાં ઘોષતાત્પર્યની અનુપપત્તિ છે. એથી જ પ્રવાહમાં ઘોષતાત્પર્યની અનુપપત્તિથી તીરમાં લક્ષણા સિદ્ધ થશે. લક્ષ્યતાવચ્છેદકરૂપતી લક્ષ્યશક્ય ઉભયના બોધમાં પ્રયોજિકાલક્ષણા, એ 'અજહત્લક્ષણા.' જેમ કે- 'કાગડાઓથી દહીંની રક્ષા કરો.' અહીં કાકપદની દધિઉપઘાતકમાં લક્ષણા લક્ષ્યતાવચ્છેદક દધિઉપઘાતકપણું છે. તે રૂપે દધિઉપઘાતક, કાક-બિડાલ-કુકકુટ-કુતરા આદિ સર્વ શક્ય લક્ષ્યોનો સંગ્રહ છે. જહત્અજહત્લક્ષણા, 'તે આ ઘોડો છે' ઇત્યાદિમાં વર્તે છે.) તેથી બોધ થાય છે, એમ નૈયાયિકોનું કથન છે.

○ અહીં તથાવિધ સહ અર્પિત સત્ત્વ-અસત્ત્વ ઉભય આશ્રયબોધક કોઈ પણ પદનો અભાવ હોવાથી, તથાવિધ સહાર્પિત સત્ત્વાસત્ત્વ ઉભયનું અવક્તવ્યપણું સુંદર છે.

○ એકીસાથે એક પદથી સત્ત્વાસત્ત્વનો બોધ થાઓ ! આવી જિજ્ઞાસા બાધિત છે. આમ જિજ્ઞાસામાં, બાધિતપણાના જ્ઞાનમાં અને વિપરીત વ્યુત્પત્તિથી પેદા થતા તથાજ્ઞાનમાં પણ અનિષ્ટપણાનું અનુસંધાન હોવાથી, તેના માટે કોઈ પ્રામાણિક પદપ્રયોગ નથી. જો આ પ્રમાણે છે, તો અવક્તવ્યપણાએ જ્ઞાનનું ઇષ્ટપણું છે. એથી જ એક ક્ષણમાં બે જ્ઞાન થાઓ ! ઇત્યાદિ સ્થળમાં પણ અવક્તવ્યત્વના કથનનું સામ્રાજ્ય છે, કેમ કે-બાધિત ઇચ્છાના વિષયંત્વની અપેક્ષાએ અવક્તવ્યપણાનું વ્યવસ્થાપન છે.

○ 'સત્ત્વાદિરૂપેણ' અહીં આદિપદથી અસત્ત્વનું ગ્રહણ છે.

'અવક્તવ્ય એવ ઘટઃ' આવા એકલા કથનમાં ઘટનું સર્વથા અવાચ્યપણું પ્રાપ્ત થાય છે. તથાચ અસ્તિત્વ આદિ મુખથી પણ ઘટનું કથન ન થાય ! અને આ પ્રમાણે પ્રથમ-દ્વિતીય આદિ ભંગના વિનાશનો પ્રસંગ આવી જાય છે, માટે 'સ્યાદ્'પદનો પ્રયોગ કરાય છે. તેથી જ સત્ત્વ આદિ એક એક ધર્મદ્વારા વાચ્ય જ

સર્વ વસ્તુ, એકીસાથે પ્રધાનભૂત સત્ત્વ-અસત્ત્વ ઉભય ધર્મથી અવચ્છિન્નપણાએ અવાચ્ય છે. આવા આશયથી કહે છે કે- 'સત્ત્વ આદિ રૂપથી વક્તવ્ય જ હો તો' ઇત્યાદિ.

अथ पञ्चमभङ्गवाक्यार्थमाह –

स्यादस्ति चावक्तव्यश्च घट इति पञ्चमवाक्येन स्वद्रव्याद्यपेक्षयाऽस्तित्वविशिष्टो युगपत्स्वपरद्रव्याद्यपेक्षयाऽवक्तव्यत्वविशिष्टो घटो बोध्यते, तथा चाभेदप्राधान्येनाभेदोपचारेण वा सामान्यतोऽनन्तधर्मात्मको घटः प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिस्वद्रव्याद्यवच्छिन्नास्तित्वविशिष्टयुगपत्स्वपरद्रव्याद्यवच्छिन्नसत्त्वासत्त्वोभयविषयकावक्तव्यत्ववानिति बोधः ॥ २७ ॥

स्यादस्ति चेति, विध्यात्मना मुख्यविषयतावच्छिन्ना योभयात्मना युगपदवक्तव्यत्वमुख्यविषयता तद्वतो बोधोऽस्य भङ्गस्य फलमित्याशयेनाह–स्वद्रव्याद्यपेक्षयेति, मतान्तरेण तु एको देशो घटस्य धर्मिणोऽस्तित्वे आदिष्टोऽपरश्च देशोऽस्तित्वनास्तित्वप्रकाराभ्यामेकदैव विवक्षितः, तदा स घटोऽस्ति चावक्तव्यश्च भवति, उक्तोभयधर्माक्रान्तदेशद्वारेण धर्मिणो विवक्षितत्वात्[१] । अत एव प्रथमचतुर्थभङ्गसंयोगेनान्यथासिद्धिव्युदासः, तत्र हि केवलं धर्मविवक्षा, सा च देशाविशेषितद्रव्य एव सम्भवति, अत्र तु देशद्वारा द्रव्य उभयधर्मविवक्षा, एवमग्रेऽपि भाव्यम् । फलितार्थमाह तथा चेति, स्पष्टमन्यत् ॥

પાંચમા ભંગનો વાક્યાર્થ

ભાવાર્થ – "स्याद् अस्ति च अवक्तव्यश्च घटः' આ પંચમવાક્યથી સ્વદ્રવ્ય આદિની અપેક્ષાએ અસ્તિત્વવિશિષ્ટ, એકીસાથે સ્વ-પરદ્રવ્ય આદિની અપેક્ષાએ અવક્તવ્યત્વથી વિશિષ્ટ ઘટ જણાવાય છે. તથાચ અભેદની પ્રધાનતાથી કે અભેદ ઉપચારથી સામાન્યથી અનંતધર્માત્મક ઘટ, પ્રતિયોગીનો અસમાનાધિકરણ, ઘટત્વ સમાનાધિકરણ જે અત્યંત અભાવ(ઉદાસીન અભાવ)ના અપ્રતિયોગી સ્વદ્રવ્ય આદિથી અવચ્છિન્ન અસ્તિત્વવિશિષ્ટ, એકીસાથે સ્વ-પરદ્રવ્યાદિથી અવચ્છિન્ન સત્ત્વ-અસત્ત્વ ઉભય વિષયવાળા અવક્તવ્યત્વવાળો છે, એવો બોધ છે."

વિવેચન – વિધિરૂપે મુખ્યવિષયતાથી અવચ્છિન્ન, જે ઉભયરૂપે એકીસાથે અવક્તવ્યત્વ મુખ્યવિષયતા, તે વિષયતાવાન્ ઘટનો બોધ, આ ભંગનું ફળ છે. એવા આશયથી કહે છે કે-'સ્વદ્રવ્યાદિ અપેક્ષયા' ઇત્યાદિ.

---

१. अनेकद्रव्यपर्यायात्मकत्वद्घटस्य सतः कञ्चिद् द्रव्यार्थविशेषमाश्रित्यास्तीति घटस्य व्यपदेशः, तस्यैवान्यघटद्रव्यसामान्यं तद्विशेषं द्वयं वाङ्गीकृत्य युगपद्विवक्षायामवक्तव्यता, घटत्वेन घटविशेषण कथञ्चिद्वर्त्तमानो घटः घटत्वाघटत्वादिना तदेकविशेषापरविशेषादिना वा युगपद्विवक्षायां स्यादस्ति चावक्तव्यश्च घट इति पञ्चमवाक्यबोधः ॥

० મતાન્તરથી એકદેશ ઘટરૂપ ધર્મીનો અસ્તિત્વમાં વિવક્ષિત છે અને બીજો દેશ અસ્તિત્વ-નાસ્તિત્વરૂપ બે પ્રકારથી એક કાળમાં જ વિવક્ષિત છે.

ત્યારે તે ઘટ 'अस्ति च अवक्तव्यश्च' થાય છે. કથિત ઉભય ધર્મથી સહિત દેશદ્વારા ધર્મીની વિવક્ષા છે.

[અનેક દ્રવ્ય, પર્યાયાત્મક હોવાથી વિદ્યમાન ઘટના કોઈ એક દ્રવ્યાર્થવિશેષને આશ્રિ'अस्ति' આ પ્રમાણે ઘટનો વ્યપદેશ છે, તેનું જ અન્ય ઘટ દ્રવ્ય સામાન્ય, તેના વિશેષને અથવા બંનેનો સ્વીકાર કરી એકીસાથેની વિવક્ષામાં અવક્તવ્યતા, ઘટત્વથી ઘટવિશેષથી કથંચિત્ વર્તમાન ઘટ, ઘટત્વ-અઘટત્વ આદિથી અથવા તેના એકવિશેષ-અપરવિશેષ આદિથી એકીસાથેની વિવક્ષામાં 'स्याद् अस्ति च अवक्तव्यश्च घटः' આવા પંચમવાક્યનો બોધ છે.]

એથી જ પ્રથમ-ચતુર્થ ભંગના સંયોગથી અન્યથા સિદ્ધિનું ખંડન છે. ખરેખર, ત્યાં કેવળ ધર્મવિવક્ષા છે. વળી તે ધર્મવિવક્ષા દેશથી અવિશેષિત દ્રવ્યમાં જ સંભવે છે. અહીં તો દેશદ્વારા દ્રવ્યમાં ઉભયધર્મની વિવક્ષા છે. આ પ્રમાણે આગળ ઉપર પણ સમજવું.

ફલિત અર્થને કહે છે કે-'तथाचे'ति બીજું સ્પષ્ટ છે.

षष्ठभङ्गवाक्यार्थमाह –

स्यान्नास्ति चावक्तव्यश्चेति षष्ठं वाक्यं परद्रव्याद्यपेक्षया नास्तित्वविशिष्टं युगपत्प्राधान्येन स्वपरद्रव्याद्यपेक्षयाऽवक्तव्यत्वविशिष्टं घटं प्रतिपादयति । तथा च तादृशो घटः प्रतियोग्यसमानाधिकरणघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगिपरद्रव्याद्यवच्छिन्नानास्तित्वविशिष्टयुगपत्स्वपरद्रव्याद्यवच्छिन्नसत्त्वासत्त्वविषयकावक्तव्यत्ववानिति बोधः ॥ २८ ॥

स्यान्नास्ति चेति, निषेधात्मना मुख्यविषयतावच्छिन्ना योभयात्मना युगपदवक्तव्यत्वविषयता तद्वतो बोधोऽस्माद्भवतीत्याशयेनाह-परद्रव्याद्यपेक्षयेति । मतान्तरेण तु घटस्यैको देशो नास्तित्वे नियतोऽपरश्च सत्त्वासत्त्वाभ्यां युगपदादिष्टस्स घटस्तथाविधविकल्पवशात् नास्ति चावक्तव्यश्च भवति, तात्पर्यार्थमाह तथा चेति, शिष्टं स्पष्टम् ॥

છટ્ઠા ભંગનો વાક્યાર્થ

ભાવાર્થ – "स्यान्नास्ति च अवक्तव्यश्च' આવું છટ્ઠું વાક્ય, પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિત્વવિશિષ્ટ, એકીસાથે પ્રધાનતાથી સ્વ-પરદ્રવ્ય આદિની અવક્તવ્યત્વવિશિષ્ટ ઘટને કહે છે.

તથાચ તાદેશ ઘટ, પ્રતિયોગીનો અસમાનાધિકરણ ઘટત્વ સમાનાધિકરણ જે અત્યંત અભાવ(ઉદાસીન અભાવ)ના અપ્રતિયોગી પરદ્રવ્ય આદિથી અવચ્છિન્ન નાસ્તિત્વવિશિષ્ટ, એકીસાથે સ્વ-પરદ્રવ્યાદિથી અવચ્છિન્ન સત્ત્વ-અસત્ત્વવિષયક અવક્તવ્યત્વવાળો છે, એવો બોધ છે.

विवेचन – निषेधરૂપે મુખ્યવિષયતાથી અવચ્છિન્ન, જે ઉભયરૂપે એકીસાથે અવક્તવ્યત્વની વિષયતા, તે વિષયતાવાળાનો બોધ આ વાક્યથી થાય છે. મતાન્તરથી તો ઘટનો એકદેશ નાસ્તિત્વમાં નિયત છે અને બીજો એકીસાથે સત્ત્વ-અસત્ત્વથી વિવક્ષિત તે ઘટ, તથાવિધ વિકલ્પના વશે 'નાસ્તિ ચ અવક્તવ્યશ્ચ' થાય છે. તાત્પર્યને કહે છે કે-'તથાચ' ઈતિ, બાકીનું સ્પષ્ટ છે.

अथ सप्तमभङ्गवाक्यार्थमाह –

स्यादस्ति नास्ति चावक्तव्यश्च घट इति सप्तमं वाक्यन्तु क्रमार्पितस्वपरद्रव्यादीन् सहार्पितस्वपरद्रव्यादीनाश्रित्यास्तित्वनास्तित्वविशिष्टावक्तव्यत्ववद्घटमाह । तथा च तादृशो घटः प्रतियोग्यसमानाधिकरण्यघटत्वसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगि-क्रमार्पितस्वपरद्रव्याद्यवच्छिन्नास्तित्वोभयविशिष्टसहार्पितस्वपरद्रव्याद्यवच्छिन्नास्तित्वना-स्तित्वोभयधर्मविषयकावक्तव्यत्ववान् घट इति बोधः ॥ २९ ॥

स्यादिति, क्रमादुभयमुख्यविषयताद्वयावच्छिन्नावक्तव्यत्वमुखविषयाताको बोधोऽस्य फलमित्याशयेनाह-क्रमार्पितेति, मतान्तरेण तु यस्यैको देशोऽस्तित्वेऽपरो नास्तित्वेऽन्यश्चोभयथा नियतस्तादृशो घटो विकल्पवशादस्तिनास्त्यवक्तव्यश्च भवतीति । भावार्थमाह तथा चेति स्पष्टम् । वाक्येष्वेषु सप्तसु नयविभागस्तु सामान्यग्राहिणि सङ्ग्रहे प्रथमो भङ्गः, विशेषग्राहिणि व्यवहारे द्वितीयः सङ्ग्रहव्यवहारयोस्तृतीयः, सूक्ष्मवर्त्तमानक्षणग्राहिणि ऋजुसूत्रे चतुर्थः एकदोभयार्पणाया वर्त्तमानक्षणनियतत्वात्, पञ्चमस्सङ्ग्रहर्जुसूत्रयोः, षष्ठो व्यवहारर्जुसूत्रयोः, सप्तमस्तु सङ्ग्रहव्यवहारर्जुसूत्रेष्विति । एते त्रयो नया वक्रभिप्रायरूपत्वादर्थनयाः, प्रथमद्वितीयावेव भङ्गौ शब्दादिषु त्रिषु नयेष्वपीति केचित् ॥

સાતમા ભંગનો વાક્યાર્થ

ભાવાર્થ – "स्याद् अस्ति नास्ति च अवक्तव्यश्च घटः' આ સાતમું વાક્ય તો ક્રમથી અર્પિત સ્વ-પરદ્રવ્યાદિની, સહ અર્પિત સ્વ-પરદ્રવ્યાદિની અપેક્ષા કરીને અસ્તિત્વ-નાસ્તિત્વવિશિષ્ટ અવક્તવ્યત્વવાળા

१. अयम्भावः अर्थप्रधानो वक्रभिप्रायोऽर्थनयः सङ्ग्रहादिः व्यञ्जनस्य परार्थत्वात्तच्छ्रवणसम्भूतः शब्दादिश्रोत्रभिप्रायस्तु शब्दप्रभवमर्थमुपसर्जनतया व्यवस्थापयति, अतस्स शब्दनयश्शब्दसमभिरूढेवम्भूत-भेदभिन्नः । तत्र वचनमार्गश्च सविकल्पनिर्विकल्पकभेदेन द्विविधः, सविकल्पं सामान्यं निर्विकल्पः पर्यायः, तत्प्रतिपादकत्वाद्वचनमपि तथा संज्ञाक्रियाभेदेनाभिन्नार्थप्रतिपादकावपि शब्दसमभिरूढौ भेदजिज्ञासारूप-विकल्पसाहित्यात्तदभिप्रायेण सविकल्पको वचनमार्गः प्रथमभङ्गरूपः, एवम्भूतस्तु क्रियाभेदाद्भिन्नमेवार्थं तत्क्षणे प्रतिपादयतीति तदुत्तरं भेदजिज्ञासारूपविकल्पविरहान्निर्विकल्पो द्वितीयभङ्गरूपो वचनमार्गः । अवक्तव्यत्वभङ्गस्तु व्यञ्जननये न सम्भवत्येव व्यञ्जननयस्य श्रोत्रभिप्रायत्वेन तत्र शब्दाभावात् तथा चैतन्नये प्रथमद्वितीयावेव भङ्गाविति ॥

ઘટને કહે છે. તથાચ તાદૃશ ઘટ, પ્રતિયોગિનો અસમાનાધિકરણ, ઘટત્વનો સમાનાધિકરણ, જે અત્યંત અભાવ(ઉદાસીન અભાવ)ના અપ્રતિયોગિ ક્રમાર્પિત સ્વપરદ્રવ્યાદિથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વ ઉભયવિશિષ્ટ, સહ અર્પિત સ્વ-પરદ્રવ્યાદિથી અવચ્છિન્ન અસ્તિત્વ-નાસ્તિત્વ ઉભય ધર્મ વિષયવાળા અવક્તવ્યત્વવાળો ઘટ છે, એવો બોધ થાય છે."

વિવેચન – ક્રમથી ઉભય મુખ્ય વિષય દ્વયતાથી અવચ્છિન્ન-અવક્તવ્યત્વ મુખ્ય વિષયતાવાળો બોધ, આ ભંગનું ફળ છે. આવા આશયથી કહે છે કે-'ક્રમથી અર્પિત' ઇત્યાદિ.

મતાન્તરથી તો જેનો એક દેશ અસ્તિત્વમાં, બીજો નાસ્તિત્વમાં અને ત્રીજો ઉભય પ્રકારે નિયત છે. તાદૃશ ઘટ વિકલ્પના થશે 'अस्ति नास्ति च अवक्तव्यश्च' થાય છે.

○ આ સાત વાક્યોમાં નયવિભાગ તો સામાન્યગ્રાહક સંગ્રહનયની અપેક્ષાએ પ્રથમ ભંગ છે.

વિશેષગ્રાહક વ્યવહારનયની અપેક્ષાએ બીજો ભંગ છે.

સંગ્રહ-વ્યવહારરૂપ બંને નયોની અપેક્ષાએ ત્રીજો ભંગ છે.

સૂક્ષ્મ વર્તમાન ક્ષણગ્રાહક ઋજુસૂત્રનયની અપેક્ષાએ ચોથો ભંગ છે, કેમ કે-એક સમયમાં ઉભયની વિવક્ષા વર્તમાન ક્ષણનિયત છે.

સંગ્રહ-ઋજુસૂત્રની અપેક્ષાએ પાંચમો ભંગ છે.

વ્યવહાર-ઋજુસૂત્રની અપેક્ષાએ છઠ્ઠો ભંગ છે.

સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર, એમ ત્રણની અપેક્ષાએ સાતમો ભંગ છે.

આ ત્રણ નયો વક્તાના અભિપ્રાયરૂપ હોઈ અર્થનયો છે.

○ પ્રથમ-દ્વિતીયરૂપ બે ભંગો શબ્દ આદિ ત્રણ નયોમાં છે, એમ પણ કેટલાક કહે છે.

ननु पूर्वादितेषु भङ्गेषु सत्त्वाद्यवच्छेदकतया स्वद्रव्यक्षेत्रकालभावा उक्ताः तेषां स्वत्वपरत्वविवेकाय प्रथमं भावपदवाच्यं स्वरूपं दर्शयत्यसाधारणत्वादादौ –

अत्र सर्वत्र घटस्य स्वरूपमयं घट इति ज्ञानीयप्रकारताश्रयान्यूनानतिप्रसक्तं घटत्वमेव, तादृशप्रकारत्वानाश्रयं विशेष्यावृत्ति च घटत्वादिकं पररूपं, ननु तद्भिन्नत्वमात्रं, द्रव्यत्वादीनां पररूपत्वापत्तेः । घटादीनाञ्च पररूपादिनापि सत्त्वे पदार्थत्वव्याघातप्रसङ्गः, स्वपररूपग्रहणाव्यवच्छेदाभ्यां हि पदार्थत्वं व्यवस्थाप्यम् ॥ ३० ॥

अत्र सर्वत्रेति । पूर्वोदितेषु सप्तसु भङ्गेष्वित्यर्थः, अयं घट इति ज्ञानीयप्रकारतेति, तादृशज्ञाननिरूपितप्रकारताश्रयत्वे सति अन्यूनानतिप्रसक्तत्वं घटत्वस्यैव घटमात्रवृत्तित्वे सति घटेतरावृत्तित्वात्, तस्मात्सदृशपरिणामलक्षणो घटत्वरूपो धर्मो घटस्य स्वरूपमिति भावः । पररूपमाह तादृशेति, अयं घट इति ज्ञाननिरूपितेत्यर्थः, तथा च तादृशप्रकारत्वानाश्रयत्वं

पटत्वादावेव, ते च पटत्वादयः विशेष्ये घटे न वर्त्तन्त इति पररूपा भवन्तीति भावः । तादृशप्रकारत्वाश्रयभिन्नत्वमात्रं तु न पररूपत्वं तस्य द्रव्यत्वादावपि सत्त्वेन पररूपत्वापत्तेरित्याह न तु तद्भिन्नत्वमात्रमिति, हेतुमाह द्रव्यत्वादीनामिति, ननु घटादिकमस्ति नास्तीति वदताऽस्तित्वं नास्तित्वञ्च वस्तुधर्मतयाऽभ्युपगतं भवेत् तत्कथमेकमेव घटादिकं वस्तु सच्चासच्चस्यात् सत्त्वस्यासत्त्वपरिहारेणासत्त्वस्य च सत्त्वपरिहारेण व्यवस्थितत्वात्, अन्यथा तयोरविशेषः स्यात्, तथा च घटादिकं यदि सत्तर्हि कथमसत्, यदि चासत् कथं सदेकत्र सदसत्त्वयोर्विरोधादित्याशंकायामाह घटादिनाश्चेति, निरवच्छिन्नसत्त्वासत्त्वासत्त्वयोरप्रामाणिकत्वेन स्वरूपादिघटितमूर्त्तेरेव सत्त्वादेः प्रतीतेः घटादिकं वस्तु स्वरूपेणास्ति पररूपेण नास्तीत्येव वस्तुतत्त्वं, स्वरूपेणेव पररूपेणापि सत्त्वे घटोऽप्यघटः स्यात्, अघटस्वरूपपटादिवत्, पररूपेणेव स्वरूपेणाप्यसत्त्वे घटादिकं घटवस्त्वेव न स्यात् स्वस्वभावादिनाप्यसत्त्वात् खरविषाणवदिति इतरेतररूपापत्त्या पदार्थस्वरूपहानिप्रसङ्ग इति भावः, घटाद्यात्मकत्वञ्च स्वस्वभावादिरूपेण ग्रहणात्परस्वभावादिना व्यवच्छेदाच्च सम्भवति नान्यथेत्याशयेनाह स्वपरेति, न चैकत्र वस्तुनि सत्त्वमसत्त्वञ्च परस्परविरुद्धधर्मयोस्सामानाधिकरण्यायोगाद्युक्तिविरुद्धमिति वाच्यम्, स्वरूपपररूपाभ्यां विवक्षितयोस्तयोश्शीतोष्णस्पर्शवद्भिन्नाधिकरणत्वाप्रतीत्या विरोधासिद्धेः, तादृशयोस्तयोरेकाधिकरणत्वधीसद्भावात्, न च दृष्टेऽनुपपन्नं नाम, स्पष्टास्पष्टविषयतया भिन्नस्वभावत्वेन सिद्धयोः प्रत्यक्षशाब्दबोधयोरेकविषयत्वस्य एकद्रव्याश्रयत्वस्य चेव सत्त्वासत्त्वयोरेकाश्रयत्वस्याविरुद्धत्वात्[1] । न च स्वस्वभावादिना सत्त्वमेव परस्वभावादिनाऽसत्त्वं स्यान्न ततो भिन्नमिति वाच्यम्, तस्यैकस्वभावात्वेऽवस्तुत्वप्रसङ्गात्, यदि हि घटत्वादिना सत्त्वमेव पटत्वाद्यवच्छिन्नासत्त्वं स्यात् तदा पटत्वादिनापि सन् स्यात् पटत्वाद्यवच्छिन्नासत्त्वस्य घटत्वावच्छिन्नसत्त्वा-व्यतिरिक्तत्वात्, तथा घटत्वेनाप्यसन् स्यात् पटत्वाद्यवच्छिन्नासत्त्वाभिन्नत्वाद्घटत्वा-वच्छिन्नसत्त्वस्य, तथा च तदितररूपापत्त्यादिनाऽपदार्थत्वप्रसङ्गो दुर्वार एव स्यात् । ननु निरुपाख्यं[2] किञ्चित् पररूपाद्यसत्त्वं नास्त्येव

---

१. न चैकस्मिन्नपि द्रव्ये प्रत्यक्षविषयता भिन्नकाले भिन्नकाले च शाब्दीविषयेति यत्कालभेदान्न तयोर्विरोध इति वाच्यमेककालावच्छेदेन चित्रज्ञाने नीलतदितरविषयत्वयोर्विरोधेनाभानापत्तेः, न च तत्र तथाप्रतीतिरेवाविरोधसाधिका तयोरिति वाच्यं प्रकृतेऽपि तुल्यत्वात् । किञ्च भावाभावयोर्विरोधस्यापि तत्तत्प्रतियोगिघटितत्वेन विशेष एव विश्रान्ततया जात्यन्तरभूते वस्तुनि तदेकदेशसत्त्वासत्त्वयोरविरोधकल्पन एव लाघवमिति ॥

२. निरुपाख्यं-निःस्वभावम् पररूपाद्यसत्त्वं-पररूपाद्यवच्छिन्नः सत्त्वाभावः बौद्धमतेनायं पूर्वपक्षः । विशिष्टमेकस्वभावं-स्वेतरसकलव्यावृत्तिरूपं सदेकस्वभावम् ॥

येनाव्यतिरिक्तत्वविकल्पकल्पनयाऽवस्तुत्वापत्तिस्स्यात्, किन्तु स्वरूपादिसत्त्वमेव विशिष्टमेकस्वभावं पररूपाद्यसत्त्वमुच्यते, अतो नोक्तदोष इति चेन्मैवम्, स्ववाचैवानेकान्तत्वप्रतिपादनात्, विशिष्टं स्वरूपावच्छिन्नसत्त्वमेव पररूपाद्यवच्छिन्नासत्त्वमुच्यते सदसद्रूपत्वञ्च वस्तुनो न प्रतिपद्यत इति चित्रम्, स्वपररूपाद्यच्छिन्नसत्त्वासत्त्वोभयरूपतामन्तरा वस्तुनो विशिष्टताया असम्भवात् । नन्वेवमपि सदसद्रूपं वस्तु न सम्भवति, तथाहि असदिति प्रसज्यप्रतिषेधो वा स्यात्पर्युदासो वा, किञ्चातः, उभयत्र दोषात् सन्न भवतीत्यसदिति प्रसज्यप्रतिषेधे सन्निवृत्तिरूपनिरुपाख्यस्यासत्त्वेन प्रमाणागोचरत्वाद्वस्तुधर्मत्वानुपपत्तेः, तत्त्वेऽभ्युपगम्यमाने वा निरुपाख्यधर्मवतस्सोपाख्यत्वासम्भवेन वस्त्वपि निरुपाख्यं स्यात्, सतोऽन्यदसदिति पर्युदासाश्रयणे सदन्तरमसद्भवति, एवमपि वस्तुनस्सदात्मकत्वेन सतोऽन्यत्वाभावान्न सदसदात्मकं, नहि सत् सदन्तरात्मकमिति चेन्न उभयपक्षाश्रयणेऽपि वस्तुनस्सदसदात्मकत्वात्, सत्त्वाननुविद्धस्यासत्त्वस्याभावेन सन्न भवतीत्यत्रापि परद्रव्यादिरूपेण सत एव प्रतिषेधात्[१] तस्य च तत्रासत्त्वात्तत्स्वरूपस्य च सत्त्वानुवेधान्न निरुपाख्यमेव तदसत्त्वमिति न तत्पक्षोपक्षिप्तदोषप्रसक्तिः, पर्युदासपक्षदोषस्तु अनभ्युपगमादेव निरस्तः । तथा च सदसदात्मकं वस्तु, तत्र[२] न स्वरूपसत्त्वासम्पृक्तं पररूपासत्त्वं नवा पररूपासत्त्वासम्पृक्तं स्वरूपसत्त्वं, न चानयोरेकत्वमेव, अविगानेन सम्यगुभयोपलब्धेः, न च नानात्वमेव, तद्व्यवस्थाऽयोगात् तथानुपलब्धेश्चेत्यन्योऽन्यानुविद्धं भेदाभेदवृत्तितत्स्वभावं विशिष्टमुभयमेव तत् अन्यथा वस्तूनां वैशिष्ट्यानुपपत्तेरिति । ननु भवतु सत्त्वमसत्त्वञ्च वस्तुधर्मो वस्तुस्वरूपत्वं तयोः कथम्, तथाहि धर्मधर्मिणोः किन्तावद्भेद उताभेद आहोस्विद्भेदाभेदो वा, नाद्यः, वस्तुनस्सदसदात्मकत्वासम्भवात् न द्वितीयः एकधर्म्यभिन्नत्वात्तयोरैक्यापत्तेस्तत्स्वरूपवत्[३], धर्मिणो वा भेदस्स्यात् सदसत्त्वयोर्भेदात् नापि तृतीयः, येनाकारेण भेदस्तेन भेदैकान्त्यात् येन चाकारेणाभेदस्तेनाभेदैकान्त्यात्, तथाप्येकस्योभयरूपत्वासम्भवात्, न च येनैवाकारेण भेदस्तेनैवाभेदो येन चाभेदस्तेन भेद इति वक्तुं युज्यते विरोधादिति चेन्मैवम्, प्राथमिकविकल्पद्वयोक्तदोषस्यानभ्युपगमतिरस्कृतत्वात् भेदाभेदपक्षस्यैवाभ्युपगमात् । न चात्रापि दोष उक्त एवेति वाच्यम्,

---

१. परद्रव्यादिरूपेण सतः पटादेस्स्वद्रव्यादिरूपेण सति घटे प्रतिषेधः क्रियते पररूपाद्यवच्छिन्नसत्त्वस्य च घटेऽभावात् तदप्यसत्त्वं न निरुपाख्यं तत्स्वरूपसत्त्वस्यानुवेधात् सत्त्वाभावो हि घटात्मकः तस्मात्तत्सत्त्वेन सोऽनुविद्ध इति न निरुपाख्य इति भावः ॥ २. घटो हि स्वरूपेणास्ति, पररूपाद्यवच्छिन्नपटाद्यात्मकस्तु न भवति एवञ्च सत्त्वं तत्प्रतिषेधश्च घटस्वरूपमतस्सत्त्वमसत्त्वानुविद्धमसत्त्वञ्च सत्त्वानुविद्धमिति भावः ॥ ३. सत्त्वासत्त्वयोर्भिन्नत्वादिति भावः । ऐक्यापत्तेरिति, तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वनियमादिति ॥

अन्योऽन्यव्याप्तिभावेनास्य जात्यन्तरात्मकत्वेन केवलभेदाभेदप्रत्युक्तदोषस्यात्रानवतारात् । तस्माद्येनाकारेण भेदस्तेन भेद एव, येन चाभेदस्तेनाभेद एवेत्यत्यन्तपरित्यक्तानेकान्तवादविषयमेतत् । अभेदाननुविद्धस्य केवलभेदस्य भेदाव्याप्यस्याभेदस्य चाप्रसिद्धेः, न च येनाकारेण भेदस्तेनैवाभेदे इत्याद्यपि साम्प्रतम्, सर्वथैकनिमित्तत्वे भेदाभेदद्वयानुपपत्तेः, तर्हि कथं धर्मधर्मिणोर्भेदाभेद इति चेत्कथञ्चिद्भेदः कथञ्चिदभेद इति गृहाण, धर्माणां मिथो भेदात्प्रतिनियतधर्म्याश्रितत्वाच्च कथञ्चिद्भेदः, धर्माणां धर्मिणा सर्वथैकत्वे धर्मतयापि भेदासम्भवात्, तथा धर्माणामेवाभ्यन्तरीकृतधर्मिस्वरूपत्वात् धर्मिणोऽपि चाभ्यन्तरीकृतधर्मस्वरूपत्वात्कथञ्चिदभेदः, अत्यन्तभेदे धर्मधर्मिकल्पनाऽसम्भवात्, अतिप्रसङ्गात्[१], अनुवृत्तव्यावृत्तस्य च वस्तुनोऽध्यक्षसिद्धत्वेन न भेदाभेदस्योत्प्रेक्षितत्वमपि, अनुभवो[२] हि पुरोऽवस्थिते घटादौ तदतद्रूप एवोपजायते, अन्यथा वस्त्वभावप्रसङ्गादिति । ननु जीवादीनां द्रव्यत्वावच्छिन्नानां सत्त्वासत्त्वादिसप्तभङ्गीसाधने किं स्वद्रव्यं किं वा परद्रव्यं, तदवच्छिन्नभेदाप्रसिद्ध्या परत्वस्य तदभावे च स्वत्वस्य दुर्वचत्वादिति चेदुच्यते शुद्धं द्रव्यं स्वं सत्त्वावच्छेदकं, अशुद्धञ्च परमसद्द्रव्यं असत्त्वावच्छेदकं, शुद्धत्वाशुद्धत्वे च भेदाभेदप्रधानव्यवहारनिश्चयसाक्षिकाखण्डोपाधिरूपे, न च शुद्धद्रव्यस्य स्वपरद्रव्यव्यवस्था कथं, तस्य द्रव्यक्षेत्रकालभावात्मकत्वादिति[३] वाच्यम्, सकलद्रव्यक्षेत्रकालभावरूपं व्यापकं स्वद्रव्यं विकलद्रव्यादिकं परद्रव्यमित्यङ्गीकारादेवमन्यत्रापि भाव्यं ॥

પૂર્વે કહેલ ભંગોમાં સત્ત્વ આદિના અવચ્છેદકપણાએ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો કહેલ છે. તેઓના સ્વત્ત્વ-પરત્વના વિવેક માટે પહેલાં ભાવપદથી વાચ્ય સ્વરૂપને અસાધારણ હોવાથી આદિમાં દર્શાવે છે.

ઘટનું સ્વરૂપ

ભાવાર્થ – "અહીં સઘળે ઠેકાણે ઘટનું સ્વરૂપ, 'આ ઘટ છે' આ પ્રમાણે જ્ઞાનનિરૂપિત પ્રકારતાશ્રય, અન્યૂન અનધિક ઘટત્વરૂપ જ છે. તાદૃશ પ્રકારતાનો અનાશ્રય, વિશેષ્યમાં અવૃત્તિ, પરત્વ આદિક પરરૂપ છે; પરંતુ તદ્ભિન્નત્વ માત્ર નહિ, કેમ કે-દ્રવ્યત્વ આદિમાં પરરૂપપણાની આપત્તિ આવે છે. વળી ઘટ

१. स्वभावस्य धर्मत्वेन धर्मधर्मिणोरेकान्तभेदे धर्मिणो निस्स्वभावत्वं स्यात् तथा च ज्ञेयत्वादिधर्मानुवेधाद्धर्मिणोऽभावप्रसङ्गः, तदभावादेव च धर्माणां निराश्रयत्वादाश्रयं विना ग्रहणासम्भवादभावप्रसङ्ग इत्यतिप्रसङ्गपदार्थः ॥ २. ज्ञानवेद्या हि वस्तुव्यवस्थितिः नहि भेदाभेदात्मकत्वं संवेद्यते, उभयरूपस्य संवेदनस्याभावादित्याशंकायामाहानुभवो हीति ॥ ३. भाव एव हि द्रवति द्रोष्यति अदुद्रुवदिति द्रव्यं, क्षीयन्ते क्षेष्यन्ति क्षिताश्चास्मिन् पदार्था इति क्षेत्रं, कल्यन्ते कलयिष्यन्ते कलिताश्चास्मादिति कालः, भवति भविष्यत्वभूदिति भावः पर्याय इति सत्तैव द्रव्यक्षेत्रकालभावात्मना विशेष्यते तस्या एव तथा व्यवहारविषयत्वघटनादिति ॥

આદિમાં પરરૂપ આદિની અપેક્ષાએ સત્ત્વની માન્યતામાં પદાર્થપણાના વ્યાઘાતનો પ્રસંગ આવે છે. ખરેખર, સ્વરૂપના ગ્રહણથી અને પરરૂપના વ્યવચ્છેદથી પદાર્થપણું વ્યવસ્થાપનયોગ્ય છે."

વિવેચન – પૂર્વકથિત સાત ભંગોમાં, 'अयं घट इति ज्ञानीयप्रकार तेति' તાદૃશ જ્ઞાનનિરૂપિત-પ્રકારતાનો આશ્રય હોયે છતે, અન્યૂન-અનતિપ્રસક્ત ઘટત્વ જ ઘટનું સ્વરૂપ છે, કેમ કે-ઘટત્વ જ ઘટ માત્રમાં વર્તમાન હોયે છતે ઘટથી ઇતરમાં અવર્તમાન છે. તેથી સદૃશ પરિણામ લક્ષણવાળો ઘટત્વરૂપ ધર્મ ઘટનું સ્વરૂપ છે.

પરરૂપને કહે છે કે-'તાદૃશે' તિ, જ્ઞાનનિરૂપિત-પ્રકારતાનું અનાશ્રયપણું પટત્વ આદિમાં જ છે અને તે પટત્વ વગેરે વિશેષ્યભૂત ઘટમાં નથી વર્તતા, માટે પરરૂપ થાય છે.

○ તાદૃશ પ્રકારતાશ્રય ભિન્નત્વ માત્ર પરરૂપપણું નથી, કેમ કે-તાદૃશ ભિન્નપણું દ્રવ્યત્વ આદિમાં વિદ્યમાન હોઈ પરરૂપપણાની આપત્તિ આવે છે.

શંકા – ઘટ વગેરે વસ્તુ છે-નથી, એમ વદનારે અસ્તિત્વ અને નાસ્તિત્વ વસ્તુના ધર્મરૂપે માનેલ છે, તો કેવી રીતે એક જ ઘટ આદિ વસ્તુ સત્ અને અસત્ થાય ? કેમ કે-સત્ત્વની અસત્ત્વના પરિહારપૂર્વક અને અસત્ત્વની સત્ત્વના પરિહારપૂર્વકની વ્યવસ્થા છે. અન્યથા, જો આવી વ્યવસ્થા ન માનવામાં આવે, તો તે બન્નેનો વિશેષ્ય ઉડી જાય છે. તથાચ જો ઘટ આદિક સત્ છે, તો અસત્ કેવી રીતે ? જો અસત્ છે, તો સત્ કેવી રીતે ? કેમ કે-એક ઠેકાણે સત્ત્વ અને અસત્ત્વનો વિરોધ છે ને ?

સમાધાન – નિરવચ્છિન્ન (નિરપેક્ષ) સત્ત્વ અને અસત્ત્વ અપ્રમાણિક છે, કેમ કે-સ્વરૂપ આદિ ઘટિત આકારવાળા જ સત્ત્વ આદિની પ્રતીતિ છે. ઘટ આદિક વસ્તુ સ્વરૂપથી છે-પરરૂપથી નથી. આવું જ વસ્તુનું સ્વરૂપ છે. જેમ સ્વરૂપથી છે, તેમ પરરૂપથી પણ છે. એ માનતાં ઘટ પણ અઘટ થશે ! જેમ કે-અઘટસ્વરૂપ ઘટાદિ પરરૂપથી નથી, તેમ સ્વરૂપથી પણ નથી. એ માનતાં ઘટ આદિક ઘટ વસ્તુ જ નહીં થાય ! કેમ કે-સ્વભાવ આદિની અપેક્ષાએ પણ અસત્ માનતાં ગધેડાના શીંગડાની જેમ અસત્ થશે ! આવી રીતે સત્ અસત્ થશે ! અસત્ સત્ થશે ! એટલે પરસ્પર રૂપની આપત્તિ થવાથી પદાર્થસ્વરૂપની હાનિનો પ્રસંગ આવશે જ.

શંકા – એક વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વ યુક્તિવિરૂદ્ધ છે, જેમ કે-પરસ્પરવિરોધી બે ધર્મોનું સામાનાધિકરણ્ય કેવી રીતે સંભવી શકે ?

સમાધાન – સ્વરૂપ અને પરરૂપથી વિવક્ષિત સત્ત્વ અને અસત્ત્વમાં, શીત અને ઉષ્ણસ્પર્શની માફક ભિન્ન અધિકરણતાની અપ્રતીતિ હોવાથી, વિરોધની અસિદ્ધ હોઈ સામાનાધિકરણ્ય સંભવી શકે છે, કેમ કે-સ્વરૂપ-પરરૂપથી વિવક્ષિત તે બંનેમાં એકાધિકરણતાની બુદ્ધિનો સદ્ભાવ છે. પ્રત્યક્ષ પ્રમાણથી દૃષ્ટપદાર્થ અનુપપન્ન મનાતો નથી પરંતુ યુક્તિ યુક્ત મનાય છે. જેમ કે-સ્પષ્ટ અને અસ્પષ્ટ વિષયપણાએ ભિન્ન સ્વભાવરૂપે સિદ્ધ પ્રત્યક્ષજ્ઞાન અને શાબ્દબોધની એકવિષયતા એકદ્રવ્યતાધિકરણતા છે, તેમ સત્ત્વ અને અસત્ત્વની એકઅધિકરણતા અવિરૂદ્ધ છે.

[આવું નહીં બોલવું કે-'એક પણ દ્રવ્યમાં પ્રત્યક્ષવિષયતા ભિન્ન કાળમાં અને શાબ્દવિષયતા ભિન્ન કાળમાં છે, કેમ કે-કાળના ભેદથી તે બન્નેમાં વિરોધ નથી.' જેમ કે-એક કાળની અપેક્ષાએ નીલ તથા

તેનાથી ભિન્ન સકલ વર્ણોની વિષયતામાં વિરોધથી ભાનની પ્રાપ્તિ નથી. એમ પણ નહીં કહેવું કે- 'ત્યાં તથાપ્રતીતિ જ તે નીલતદિતરવિષયતામાં અવિરોધસાધિકા છે.' તો પછી પ્રકૃતમાં પણ તુલ્યતા જ છે. વળી ભાવ અને અભાવના વિરોધ પણ તે પ્રતિયોગિના ઘટિતપણાએ કરી વિશેષમાં જ વિશ્રાન્ત હોઈ, જાત્યંતરભૂત વસ્તુમાં તે વસ્તુના એકદેશ (અવયવ) સત્ત્વ અને અસત્ત્વમાં અવરોધની કલ્પનામાં લઘુતા છે.]

શંકા – સ્વસ્વભાવ આદિથી સત્ત્વ જ પરસ્વભાવ આદિથી અસત્ત્વ છે. તેનાથી ભિન્ન નથી, એમ માનીએ તો શો વાંધો ?

સમાધાન – તે બન્ને એકસ્વભાવવાળા માનવામાં વસ્તુત્વનો અભાવ થાય એ જ મોટો વાંધો છે. ખરેખર, જો ઘટત્વ આદિથી સત્ત્વ જ, પટત્વ આદિથી અવચ્છિન્ન અસત્ત્વ છે એમ કહો-તો પટત્વ આદિથી ઘટ સત્ થઈ જાય ! કેમ કે-ઘટત્વથી અવચ્છિન્ન સત્ત્વની સાથે પટત્વ આદિથી અવચ્છિન્ન-અસત્ત્વ અભિન્ન છે. તેવી જ રીતે ઘટત્વથી પણ 'ઘડો અસત્' થશે ! કેમ કે-ઘટત્વથી અવચ્છિન્ન સત્ત્વ, પટત્વ આદિથી અવચ્છિન્ન અસત્ત્વની સાથે અભિન્ન છે. તથાચ તેનાથી ઇતર રૂપની આપત્તિ આદિથી અપદાર્થપણાનો પ્રસંગ દુર્વાર જ થશે !

શંકા – નિરૂપાખ્ય (નિરૂપાખ્ય એટલે સ્વભાવ વગરનું, પરરૂપાદ્ય સત્ત્વ એટલે પરરૂપ આદિથી અવચ્છિન્ન સત્ત્વનો અભાવ, આ બૌદ્ધમતની અપેક્ષાએ પૂર્વપક્ષ, વિશિષ્ટ એકસ્વભાવવાળું એટલે સ્વથી ઇતર સકલવ્યાવૃત્તિરૂપ હોતું એકસ્વભાવવાળું) કાંઈ પરરૂપ આદિથી અસત્ત્વ નથી જ, જેથી અભિન્નત્વ વિકલ્પ કલ્પનાથી અવસ્તુત્વની આપત્તિ થઈ શકે ! પરંતુ સ્વરૂપ આદિથી સત્ત્વ જ, વિશિષ્ટ એકસ્વભાવવાળું પરરૂપાદિથી અસત્ત્વ કહેવાય છે, માટે ઉક્ત દોષ કેવી રીતે ?

સમાધાન – પોતાના વચનથી જ અનેકાન્તપણાનું પ્રતિપાદન કરો છો તો ઠીક છે. તમો એક બાજુથી વિશિષ્ટ સ્વરૂપ આદિથી અવચ્છિન્ન સત્ત્વને જ પરરૂપ આદિથી અવચ્છિન્ન અસત્ત્વ તરીકે કહો છો અને બીજી બાજુથી વસ્તુનું સદ્-અસદ્રૂપપણું માનતાં નથી એ મોટું આશ્ચર્ય છે, કેમ કે-સ્વ-પરરૂપ આદિથી અવચ્છિન્ન સત્ત્વ-અસત્ત્વોભયરૂપતા સિવાય વસ્તુની વિશિષ્ટતાનો અસંભવ છે.

શંકા – આ પ્રમાણે પણ સદ્-અસદ્રૂપ વસ્તુ સંભવતી નથી. તે આ પ્રમાણે-'અસદ્' અહીં પ્રસજ્યરૂપ પ્રતિષેધ લો કે પર્યુદાસરૂપ પ્રતિષેધ લો, આ બન્ને પ્રતિષેધના સ્વીકારમાં દોષ છે. પ્રસજ્યપ્રતિષેધ=સત્ નહીં તે અસત્, આવા પ્રસજ્યપ્રતિષેધમાં સત્ની નિવૃત્તિરૂપ નિરૂપાખ્યની અવિદ્યમાનતા છે, કેમ કે-પ્રમાણના અવિષયભૂત હોઈ વસ્તુધર્મ તરીકે યુક્તિયુક્ત નથી. અથવા સત્ના અભાવરૂપ નિરૂપાખ્યની વિદ્યમાનતાનો જો સ્વીકાર કરવામાં આવે, તો નિરૂપાખ્ય ધર્મવાળામાં સોપાખ્ય(સ્વભાવત્વ)પણાનો સસંભવ હોઈ, વસ્તુ પણ નિરૂપાખ્ય (નિઃસ્વભાવ) થઈ જાય !

પર્યુદાસરૂપ નઞ્ના સ્વીકારમાં=સત્થી (સદંશ) અલગ તે અસત્. આ પ્રમાણે પર્યુદાસના પક્ષમાં સત્થી બીજું અથવા બીજું સત્ (સત્સમાન) અસત્ થાય છે. આ પ્રમાણે પણ વસ્તુનું સદ્ આત્મકપણું હોવાથી સત્થી અન્યતાનો અભાવ હોવાથી સદ્, અસદ્ આત્મક વસ્તુ નથી, કેમ કે-સત્ સદન્યાત્મક નથી જ ને ?

समाधान – નિષેધના બે પક્ષની અપેક્ષાએ પણ વસ્તુ, સદ્-અસદ્ આત્મક છે, કેમ કે-સત્ત્વથી અનનુવિદ્ધ (અનનુસ્યૂત) અસત્ત્વનો અભાવ હોઈ, 'સત્ નહીં તે અસત્' આવા પ્રસજ્યપ્રતિષેધમાં પણ પરદ્રવ્યાદિરૂપે સત્નો જ નિષેધ છે. વળી તેનો (પરદ્રવ્ય આદિરૂપે વિદ્યમાન પટ આદિનો સ્વદ્રવ્યાદિરૂપે વિદ્યમાન ઘટમાં પ્રતિષેધ કરાય છે. પરરૂપ આદિથી અવચ્છિન્ન વિદ્યમાનતાનો ઘટમાં અભાવ હોવાથી તે પણ અસત્ત્વ, નિરૂપાખ્ય-નિઃસ્વભાવ નથી, કેમ કે-તેના સ્વરૂપ સત્ત્વનો અનુવેધવ્યાપ્તિ છે. ખરેખર, સત્ત્વાભાવ ઘટાત્મક છે, તેથી તેના સત્ત્વથી તે અનુવિદ્ધ છે, માટે નિરૂપાખ્ય ઘટ નથી.) પટ આદિનું તે ઘટમાં અસત્ત્વ હોઈ, તે પટ આદિ સ્વરૂપમાં સત્ત્વનો અનુવેધ હોવાથી, તે અસત્ત્વ નિરૂપાખ્ય નથી જ, માટે તે પક્ષમાં ફેંકેલ દોષનો પ્રસંગ નથી. પર્યુદાસપક્ષનો દોષ તો અસ્વીકારથી જ ખંડિત થઈ જાય છે. તથાચ સદ્-અસદ્ આત્મક વસ્તુ છે. ત્યાં (ખરેખર, ઘટ સ્વરૂપથી છે. પરરૂપ આદિથી અવચ્છિન્ન પટ આદિ આત્મક તો થતો નથી. વળી આ પ્રમાણે સત્ત્વ અને તેનો પ્રતિષેધ ઘટ સ્વરૂપ છે. એથી સત્ત્વ અસત્ત્વથી અનુવિદ્ધ છે અને અસત્ત્વથી અનુવિદ્ધ છે.) સ્વરૂપ સત્ત્વની સાથે અસંબદ્ધ પરરૂપથી અસત્ત્વ નથી, અથવા પરરૂપ અસત્ત્વની સાથે અસંબદ્ધ સ્વરૂપથી સત્ત્વ નથી. વળી આ બન્નેનું એકત્વ જ સમજવાનું નથી, કેમ કે-વિરોધ વગર સારી રીતે ઉભયની ઉપલબ્ધિ (અનુભવ) છે. વળી નાના(અનેક)પણું જ સમજવાનું નથી, કેમ કે-તથાપ્રકારની ઉપલબ્ધિ નહીં હોવાથી તેની વ્યવસ્થાનો અભાવ છે; માટે પરસ્પર અનુવિદ્ધ, ભેદ-અભેદવૃત્તિ તે સ્વભાવવાળું તે વિશિષ્ટ ઉભય જ છે. અન્યથા, જો એમ ન માનો, તો વસ્તુગત વિશિષ્ટતા ઉપપન્ન થતી નથી.

શંકા – ભલે ! સત્ત્વ અને અસત્ત્વ વસ્તુ ધર્મ હો ! પરંતુ તે સત્ત્વ અને અસત્ત્વમાં વસ્તુનું સ્વરૂપપણું કેવી રીતે ? તે આ પ્રમાણે :-

(૧) શું ધર્મ અને ધર્મીનો ભેદ છે ? અથવા (૨) અભેદ છે ? કે (૩) ભેદાભેદ છે ?

(૧) પહેલો પક્ષ નથી ઘટતો, કેમ કે-સત્ત્વ અને અસત્ત્વમાં ભેદ હોઈ વસ્તુમાં સદ્-અસદ્ આત્મકપણાનો અસંભવ છે.

(૨) બીજો પક્ષ પણ સંભવતો નથી, કેમ કે-એકધર્મીની સાથે અભિન્ન હોવાથી તે સત્ત્વ અને અસત્ત્વમાં એકતાની આપત્તિ છે, કેમ કે-'તદભિન્નસ્ય તદભિન્નત્વ'ના નિયમથી સત્ત્વથી અભિન્ન ધર્મીથી અસત્ત્વ હોઈ સત્ત્વ-અસત્ત્વ એક થઈ જાય છે. જેમ કે-તે ધર્મીનું સ્વરૂપ. અથવા ધર્મીનો ભેદ થઈ જાય ! કેમ કે-સત્ત્વ અને અસત્ત્વનો ભેદ છે.

(૩) ત્રીજો પક્ષ પણ બરોબર નથી, કેમ કે-જે આકારથી ભેદ છે, તે આકારથી સર્વથા ભેદ છે જે આકારથી અભેદ છે, તે આકારથી સર્વથા અભેદ છે. તે પ્રકારે પણ એકમાં ભેદાભેદરૂપ ઉભયરૂપતાનો અસંભવ છે.

વળી જે આકારવડે જ ભેદ છે, તે આકારવડે જ અભેદ છે : જે આકારથી અભેદ છે, તે આકારથી ભેદ છે-એમ કહેવું વ્યાજબી નથી, કેમ કે-વિરોધ છે ને ?

સમાધાન – પહેલાના બે પક્ષમાં કહેલા દોષો અસ્વીકાર માત્રથી તિરસ્કૃત છે, કેમ કે-ભેદાભેદપક્ષનો જ માત્ર સ્વીકાર છે. આ વિશિષ્ટ ભેદાભેદનો પરસ્પર વ્યાપ્તિભાવ હોઈ આનું જાત્યંતર આત્મકપણું છે, માટે કેવળ ભેદાભેદપક્ષના ખંડનમાં કહેલ દોષનો અવતાર અહીં નથી. તેથી જે આકારથી ભેદ, તે આકારથી ભેદ જ અને જે આકારથી અભેદ, તેથી અભેદ જ છે.

આ વિષય અનેકાન્તવાદના અત્યંત પરિત્યાગનો સૂચક છે, કેમ કે-અભેદના અનુવેધ વગરનો કેવળ ભેદ અને ભેદથી અવ્યાપ્ત કેવળ અભેદની અપ્રસિદ્ધિ છે.

વળી 'જે આકારથી ભેદ, તેથી અભેદ' ઇત્યાદિ વચન વ્યાજબી નથી, કેમ કે-સર્વથા એકનિમિત્તજન્યત્વમાં બે ભેદાભેદ ઉપપન્ન થઈ શકતા નથી.

શંકા – તો પછી ધર્મ-ધર્મીનો ભેદાભેદ કેવી રીતે ?

સમાધાન – ધર્મ-ધર્મીનો ભેદાભેદ એટલે કથંચિદ્ ભેદ, કથંચિત્ અભેદ. આ પ્રમાણે ગ્રહણ કરો !

(૧) કથંચિત્ ભેદ=ધર્મોનો પરસ્પર ભેદ હોવાથી અને પ્રતિનિયત ધર્મીને આશ્રિત હોવાથી કથંચિત્ ભેદ છે, કેમ કે-ધર્મોના ધર્મી સાથે સર્વથા એકત્વમાં ધર્મપણાએ પણ ભેદનો અસંભવ છે.

(૨) કથંચિત્ અભેદ=ધર્મો જ અભ્યંતરમાં કરેલ (ગૌણરૂપે) ધર્મીસ્વરૂપવાળા હોઈ, ધર્મીઓ પણ અભ્યંતરમાં કરેલ (ગૌણરૂપે) ધર્મસ્વરૂપવાળા હોઈ કથંચિત્ અભેદ છે, કેમ કે-અત્યંત ભેદમાં ધર્મ-ધર્મીની કલ્પનાનો અસંભવ છે-અતિપ્રસંગ છે.

(સ્વભાવ, ધર્મ હોવાથી ધર્મ-ધર્મીના એકાન્ત ભેદમાં ધર્મી નિઃસ્વભાવ થઈ જાય ! તથાચ જ્ઞેયત્વ આદિ ધર્મનો અનુવેષ નહીં હોવાથી ધર્મીનો અભાવનો પ્રસંગ, તે ધર્મીના અભાવથી જ ધર્મો નિરાશ્રય હોવાથી, આશ્રય વગર ગ્રહણનો અસંભવ હોઈ, અભાવનો પ્રસંગ, એ અતિપ્રસંગપદનો અર્થ છે.)

અનુવૃત્તિવાળી, વ્યાવૃત્તિવાળી વસ્તુ પ્રત્યક્ષ સિદ્ધ હોઈ ભેદાભેદ કલ્પનારૂપ નથી પણ કથંચિદ્ ભેદાભેદરૂપ સત્ય છે. જ્ઞાનથી વસ્તુ વ્યવસ્થા છે. ભેદાભેદાત્મકપણું સંવેદન વિષય થતું નથી, કેમ કે-ઉભયરૂપ સંવેદનનો અભાવ છે ને ? આવી આશંકામાં કહે છે કે-અનુભવ તો સામે રહેલ ઘટાદિમાં તદ્-અતદ્રૂપે જ પેદા થાય છે. અન્યથા, તદ્-અતદ્રૂપ અનુભવની જો ઉત્પત્તિ ન માનવામાં આવે, તો વસ્તુના અભાવનો પ્રસંગ છે.

શંકા – દ્રવ્યત્વથી અવચ્છિન્ન જીવ આદિના સત્ત્વ-અસત્ત્વ આદિ રૂપ સપ્તભંગીના સાધનમાં શું સ્વદ્રવ્ય છે ? શું પરદ્રવ્ય છે ? કેમ કે-સ્વદ્રવ્યાદિથી અવચ્છિન્ન ભેદની અપ્રસિદ્ધિ હોવાથી પરત્વ અને તેના અભાવમાં સ્વત્વ વાણીથી અવાચ્ય છે ને ?

સમાધાન – સ્વદ્રવ્ય અને પરદ્રવ્યનો વાણીથી વિવેક કરી શકાય છે. તે આ પ્રમાણે-શુદ્ધ દ્રવ્ય સ્વ છે, જે સત્ત્વનું અવચ્છેદક છે અને અશુદ્ધ પર-અસત્ દ્રવ્ય છે, જે અસત્ત્વનું અવચ્છેદક છે.

○ વળી ભેદપ્રધાન વ્યવહાર સાક્ષિક, અભેદપ્રધાન નિશ્ચય સાક્ષિક અખંડ ઉપાધિ (ધર્મ)રૂપ અશુદ્ધત્વ અને શુદ્ધત્વ છે.

શંકા – શુદ્ધ દ્રવ્ય(વસ્તુ)માં સ્વ-પરદ્રવ્યની વ્યવસ્થા કેવી રીતે ? કેમ કે-તે શુદ્ધ દ્રવ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આત્મક છે ને ?

(ત્રૈકાલિક પર્યાયગમનરૂપ દ્રવ્યત્વ, ત્રૈકાલિક આધેયના આધારત્વ, ત્રૈકાલિક સ્થિતિજ્ઞાપકત્વ, ત્રૈકાલિક પર્યાયવત્વ હોઈ, દ્રવ્યાદિ આત્મક સત્તા જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપે જ વિશેષિત કરાય છે.)

સમાધાન – સકળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ વ્યાપક 'સ્વદ્રવ્ય' (વસ્તુ) છે. વિકલ-દેશરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અવ્યાપક 'પરદ્રવ્ય' છે. આમ સ્વીકારવાથી શુદ્ધ (સકળ) વસ્તુમાં સ્વ-પરવ્યવસ્થા છે. આ પ્રમાણે બીજે ઠેકાણે પણ સમજવું.

अथ स्ववृत्त्यसाधारणधर्म एव स्वरूपमित्युक्त्वा पुनरिदानीमन्येऽपि घटस्य स्वरूपाः पररूपाश्च भवन्तीत्यभिप्रायेणाह –

एवं तन्निष्ठाः स्थौल्यादिधर्मवर्त्तमानकालीनपर्यायपृथुबुध्नोदराद्याकाररूपादिगुण-घटनक्रियाकर्तृत्वादयस्स्वरूपा अन्ये पररूपा बोध्याः ॥ ३१ ॥

एवमिति । तन्निष्ठा इति, घटनिष्ठा इत्यर्थः । स्थौल्यादिधर्मेति, स्थौल्यादयो धर्माः, वर्त्तमानकालीनपर्यायविशेषाः, पृथुबुध्नोदराद्याकाराः, रूपादिगुणाः, घटनक्रियाकर्तृत्व-मित्यादयस्स्वरूपास्तद्भिन्नाः पररूपा इत्यर्थः । घटमात्रस्य पूर्वं स्वपररूपमुपदर्श्य घटविशेषस्य तद्दर्शयितुं वा प्राहैवमिति । तन्निष्ठा इति, तत्तद्घटनिष्ठा इत्यर्थः, अयं भावः, घटत्वाक्रान्ते हि घटविशेषे योऽयं स्थौल्यादिधर्मस्स तस्य स्वरूपं घटान्तरनिष्ठो धर्मविशेषः पररूपम्, घटोऽयं स्थौल्यादिस्वरूपेणास्ति, अन्यघटनिष्ठधर्मेण नास्ति, स्वरूपेणाप्यसत्त्वे घटोऽयमसन् स्यात्, पररूपेणास्तित्वोपगमे सर्वघटानामैक्यप्रसङ्गेन सामान्याश्रयव्यवहार-विलोपप्रसङ्गः । अनेकघटवृत्तिसामान्याभावात् । प्रतिक्षणं घटादौ सजातीयपरिणामोत्पत्ते-स्सिद्धान्तसिद्धतया ऋजुसूत्रनयतो वर्त्तमानक्षणवृत्तिघटपर्यायो घटस्य स्वरूपं, अतीता-नागतक्षणनिष्ठघटपर्यायाः पररूपं, तथा च वर्त्तमानकालीनपर्यायेण घटोऽस्ति, क्षणान्तर-वृत्तिपर्यायेण च नास्ति, तेन रूपेणापि सत्त्वे घटस्यैकक्षणावृत्तित्वं स्यात् स्वीयरूपेणाप्यसत्त्वे घटव्यवहारस्यैव विलोपापत्तिः, विनष्टानुत्पन्नघटव्यवहाराभाव इव । अथवा पूर्वोत्तरकुसूल-कपालाद्यवस्थाकलापो मध्यवर्त्तिघटस्य पररूपं मध्यवर्त्तिघटपर्यायः स्वरूपं तथा च यदि तादृशपररूपेणापि स्यात्तदा कुसूलाद्यवस्थायां तदुपलब्धिप्रसङ्गो घटपर्यायोत्पत्तिविनाशार्थं प्रयत्नवैफल्यप्रसङ्गश्च स्यात् । यदि च स्वरूपेणापि न स्यात्तर्हि तत्कार्यजलाहरणादिकमपि नोपलभ्येत । कालविशेषावस्थायिनि क्षणमात्रवर्त्तिनि वा घटे वर्त्तमानो यः पृथुबुध्नो-दराद्याकारस्स तस्य स्वरूपं, इतराकारः पररूपम्, स्वरूपेण सोऽस्ति पररूपेण च नास्ति,

उभयथापि सत्त्वे तद्धट इतरेषां व्यवहारप्रसङ्गः, आकारविशेषसत्त्वाधीनत्वाद्व्यवहाराणाम् । उभयथापि नास्तित्वे घटासत्त्वप्रसङ्गः । रूपविशिष्टो घटश्चक्षुर्ग्राह्य इति व्यवहारे रूपद्वारा घटो गृह्यत इति रूपं घटस्य स्वरूपं, न रसादिमुखेन चक्षुर्ग्राह्य इति रसादिकं पररूपं, तथा च स स्वरूपेणास्ति पररूपेण च नास्ति, उभयथापि सत्त्वे रसस्यापि चक्षुर्जन्यज्ञानविषयत्वापत्त्या रसनादीन्द्रियकल्पना व्यर्था स्यात् । उभयथापि नास्तित्वे घटस्याग्रहणप्रसङ्गः रूपादिज्ञाननियतत्वाद्घटादिज्ञानस्य । समभिरूढनयार्पणतः शब्दभेदेऽप्यर्थभेदघ्रौव्येण घटकुटादिशब्दानामर्थभेदोऽस्ति तथा च घटत इति व्युत्पत्त्या घटनक्रियाकर्तृत्वं घटस्य स्वरूपं भवति, इतरच्च पररूपं भवति, घटश्च तेन रूपेणास्ति पररूपेण च नास्ति, उभयथापि सत्त्वे भिन्नप्रवृत्तिनिमित्ताभावेन शब्दभेदो न स्यात्, उभयथाप्यसत्त्वे घटादिशब्दानां निरर्थकत्वापत्तेः । एवं सम्मत्याद्यनुसारेण नामस्थापनाद्रव्यभावभिन्नेषु विधित्सितविधित्सितप्रकारेण सत्त्वासत्त्वे ताभ्याञ्च युगपदवाच्यत्वं भाव्यं, व्यतिरेके च प्रतिनियतव्यवहारोच्छेदो बाधकः[१] । अत्रायं क्रमोऽवसेयः नामस्थापनाद्रव्यभावभिन्नेषु घटादिषु विधित्सितविधित्सितप्रकारेण सत्त्वासत्त्वे, स्वीकृतप्रतिनियताकारे नामादिके घटादौ संस्थानमादाय, स्वीकृतप्रतिनियत-संस्थानादिके मध्यमावस्थारूपवर्त्तमानकालीनपर्यायमादाय,ततो मध्यमावस्थारूपे तस्मिन् वर्त्तमानवर्त्तमानक्षणपर्यायमादाय, क्षणपरिणतिरूपे च चक्षुर्जन्यज्ञानविषयत्वाविषयत्वाभ्यां, लोचनप्रतिपत्तिविषये तत्रैव घटतदितरशब्दवाच्यत्वाभ्यां, घटशब्दाभिधेये च हेयोपादेयान्तरङ्गबहिरङ्गोपयोगानुपयोगरूपतया, उपयुक्ते त्वभिमतार्थबोधकत्वानभिमतार्थबोधकत्वाभ्यां विज्ञेये इति ॥

ઘટના સ્વરૂપો અને પરરૂપો

હવે સ્વમાં વર્તમાન અસાધારણ ધર્મ જ સ્વરૂપ છે-એમ કહીને, બીજા પણ ઘટના સ્વરૂપો અને પરરૂપો હોય છે. એવા અભિપ્રાયથી કહે છે કે-

ભાવાર્થ – "ઘટમાં રહેનારા સ્થૂલતા આદિ ધર્મો, વર્તમાનકાલીન પર્યાયવિશેષો, પૃથુબુધ્ન ઉદર આદિ આકારો, રૂપ આદિ ગુણો, ઘટનક્રિયાકર્તૃત્વ ઇત્યાદિ સ્વરૂપો છે. તેનાથી ભિન્ન પરરૂપો સમજવાં."

વિવેચન – પહેલાં ઘટ માત્રનું સ્વ-પરરૂપ દર્શાવી ઘટવિશેષના સ્વ-પરરૂપ દર્શાવે છે.

---

१. घटादिषु विधित्सितरूपेण सत्त्वमविधित्सितरूपेणासत्त्वं ताभ्यां युगपदवाच्यं विज्ञेयं विपर्यये प्रतिनियतव्यवहारोच्छेदो बाधकः, विधित्सते घटादौ स्वसंस्थानापेक्षया सत्त्वं परसंस्थानापेक्षया चासत्त्वं ताभ्यां युगपदवाच्यत्वमित्येवंरीत्या भङ्गत्रयं प्रमाणात्मकं विज्ञेयमिति भावार्थः । संस्थानमादायेति, तद्वृत्तिस्थौल्यादिधर्ममादायेत्यर्थः । मध्यमावस्थारूपेति, पूर्वोत्तरकुसूलकपालाद्यन्तरालवर्त्तिपर्यायेत्यर्थः स्पष्टमन्यत् ॥

તે તે ઘટમાં વર્તમાન અર્થાત્ ઘટત્વથી આક્રાન્ત ઘટવિશેષમાં જે સ્થૂલતા આદિ ધર્મો છે, તે તેનું સ્વરૂપ છે. બીજા ઘટમાં રહેલો ધર્મવિશેષ પરરૂપ છે. આ ઘડો સ્થૂલતા આદિ સ્વરૂપ થઈ છે, અન્ય ઘટમાં રહેલ ધર્મથી નથી. સ્વરૂપથી પણ અસત્ત્વ માનતાં, આ ઘડો અસત્ થઈ જાય ! પરરૂપથી અસ્તિત્વના સ્વીકારમાં, સઘળા ઘડાઓની એકતાના પ્રસંગથી સામાન્યાશ્રય વ્યવહારના વિલોપનો પ્રસંગ છે, કેમ કે-અનેક ઘટમાં વર્તમાન સામાન્યનો અભાવ છે.

○ ક્ષણે ક્ષણે ઘટ આદિમાં સજાતીય પરિણામની ઉત્પત્તિ સિદ્ધાન્તસિદ્ધ હોઈ, ઋજુસૂત્રનયની અપેક્ષાએ વર્તમાન ક્ષણવૃત્તિ ઘટપર્યાય ઘટનું સ્વરૂપ છે. અતીત-અનાગત ક્ષણનિષ્ઠ ઘટપર્યાયો પરરૂપ છે. તથાચ વર્તમાનકાલીન પર્યાયથી ઘટ છે, બીજા ક્ષણમાં રહેનાર પર્યાયની અપેક્ષાએ નથી.

જો પરરૂપ કાળની અપેક્ષાએ ઘટનું અસ્તિત્વ સ્વીકારો, તો ઘટ એક ક્ષણવૃત્તિ ન થાય !

જો સ્વરૂપ કાળની અપેક્ષાએ ઘટનું નાસ્તિત્વ માનો, તો ઘટના વ્યવહારના વિલોપની આપત્તિ થાય ! જેમ વિનષ્ટ-અનુત્પન્ન ઘટવ્યવહારનો અભાવ છે તેમ થાય !

○ અથવા પૂર્વ-ઉત્તર કુસૂલ-કપાલ આદિ અવસ્થાકલાપ મધ્યવર્તી ઘટનું પરરૂપ છે, મધ્યવર્તી ઘટપર્યાય સ્વરૂપ છે. તથાચ જો તાદૃશ પરરૂપથી પણ અસ્તિત્વ હોય, તો કુસૂલ આદિ અવસ્થામાં ઘટની ઉપલબ્ધિનો પ્રસંગ થાય ! અને ઘટપર્યાયની ઉત્પત્તિ અને વિનાશ માટે પ્રયત્નની નિષ્ફળતાનો પ્રસંગ થઈ જાય !

જો સ્વરૂપથી પણ અસ્તિત્વ ન થાય, તો ઘટકાર્ય-જલાનયન આદિ પણ ઉપલબ્ધ ન થાય !

○ કાલવિશેષ સુધી રહેનાર કે ક્ષણ માત્ર રહેનાર ઘટમાં વર્તતો જે પૃથુબુધ્નોદર (સાંકડા મુખવાળો, વચ્ચેથી પહોળો-ગોળ) આકાર આદિ આકાર છે તે, તે ઘટનું સ્વરૂપ છે, બીજો આકાર પરરૂપ છે. સ્વરૂપ આકારની અપેક્ષાએ તે ઘડો છે, પરરૂપ આકારથી તે ઘડો નથી.

જો ઉભય પ્રકારે સત્ત્વ માનવામાં આવે, તો 'તે ઘડો' આવો બીજા ઘડાઓમાં વ્યવહારનો પ્રસંગ આવી જાય ! કેમ કે-વ્યવહારો, આકાર વિશેષ સત્તાને આધીન છે. ઉભય પ્રકારે નાસ્તિત્વ માનવામાં ઘટ માત્રના અસત્ત્વનો પ્રસંગ આવી જાય !

○ રૂપથી વિશિષ્ટ ઘડો આંખથી જોઈ શકાય છે. આવા વ્યવહારમાં રૂપદ્વારા ઘડો ગ્રહણયોગ્ય બને છે, માટે ઘટનિષ્ઠરૂપ ઘટનું સ્વરૂપ છે. રસ આદિ દ્વારા ઘટ ચક્ષુગ્રાહ્ય નથી, માટે રસ આદિ ઘટનું પરરૂપ છે. તે ઘડો સ્વરૂપ રૂપથી છે, પરરૂપ રસાદિથી નથી. ઉભય પ્રકારે પણ અસ્તિત્વ માનતાં રસમાં પણ ચક્ષુજન્યજ્ઞાનવિષયતાની આપત્તિ થવાથી રસના આદિ ઇન્દ્રિયની કલ્પના નિરર્થક થઈ જાય !

ઉભય પ્રકારે પણ નાસ્તિત્વમાં ઘટના અગ્રહણનો પ્રસંગ થઈ જાય, કેમ કે-ઘટાદિ જ્ઞાન રૂપાદિ જ્ઞાનની સાથે નિયત છે.

○ સમભિરૂઢનયની અપેક્ષાએ શબ્દના ભેદમાં પણ અર્થભેદ ધ્રુવ હોઈ, ઘટ કુટ આદિ શબ્દોનો અર્થભેદ છે. તથાચ 'ઘટતે' ઇતિ. આવી વ્યુત્પત્તિથી જલ આહરણ આદિ ક્રિયાનું કર્તાપણું ઘટનું સ્વરૂપ છે, બીજું પરરૂપ છે.

ઘટનક્રિયાકર્તૃત્વરૂપ સ્વરૂપથી ઘડો છે, પરરૂપથી નથી. ઉભય પ્રકારે પણ અસ્તિત્વમાં ભિન્ન પ્રવૃત્તિના નિમિત્તનો અભાવ હોઈ શબ્દભેદ ન થાય ! ઉભય પ્રકારે પણ નાસ્તિત્વમાં ઘટાદિ શબ્દોમાં નિરર્થકતાની આપત્તિ આવી જાય !

આ પ્રમાણે સમ્મતિતર્ક ગ્રંથ આદિ અનુસારે નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવથી ભેદવાળા ઘટાદિમાં ચિકીર્ષિત-અચિકીર્ષિત (કરવાની ઇચ્છાના વિષયભૂત અને અવિષયભૂત)ના પ્રકારથી સત્ત્વ અને અસત્ત્વ તથા તે બેથી એકીસાથે અવાચ્યત્વ વિચારવું.

વળી વિપર્યયમાં પ્રતિનિયત (ચોક્કસ) વ્યવહારનો ઉચ્છેદ બાધક-પ્રતિબંધક છે.

[ઘટ આદિમાં ચિકીર્ષિતરૂપે સત્ત્વ, અચિકીર્ષિતરૂપે અસત્ત્વ, તે બંનેથી એકીસાથે અવાચ્ય જાણવું. વિપર્યયમાં પ્રતિનિયત વ્યવહારનો ઉચ્છેદ બાધક છે. ચિકીર્ષિત ઘટ આદિમાં સ્વસંસ્થાનની અપેક્ષાએ સત્ત્વ અને પરસંસ્થાનની અપેક્ષાએ અસત્ત્વ, તે બેથી એકીસાથે અવાચ્યત્વ. આવી રીતથી ત્રણ ભંગો પ્રમાણ આત્મક જાણવાં.]

અહીં આ ક્રમ સમજવાનો છે.

(૧) નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદવાળા ઘટાદિ પદાર્થોમાં ચિકીર્ષિત-અચિકીર્ષિત પ્રકારથી સત્ત્વ અને અસત્ત્વ છે.

(૨) ત્યારબાદ તેમાં રહેનાર સ્થૂલતા આદિ ધર્મરૂપ સંસ્થાનની અપેક્ષાએ જેઓએ સ્વીકાર કર્યો છે પ્રતિનિયત આકાર, એવા નામાદિ ભેદ ભિન્ન ઘટાદિમાં ચિકીર્ષિત-અચિકીર્ષિત પ્રકારથી સત્ત્વ-અસત્ત્વ છે.

(૩) ત્યારબાદ પૂર્વ-ઉત્તર કુસૂલ-કપાલ આદિ મધ્યવર્તી પર્યાયરૂપ મધ્યમ અવસ્થારૂપ વર્તમાનકાલીન પર્યાયને લઈને, સ્વીકૃત પ્રતિનિયત સંસ્થાન આદિ વિશિષ્ટ નામાદિ ભેદ ભિન્ન ઘટાદિમાં ચિકીર્ષિત-અચિકીર્ષિત પ્રકારથી સત્ત્વ-અસત્ત્વ છે.

(૪) ત્યારબાદ વર્તમાન-અવર્તમાન ક્ષણપર્યાયને લઈને મધ્યમ અવસ્થારૂપ તે ઘટાદિમાં સત્ત્વ-અસત્ત્વ છે.

(૫) ત્યારબાદ ચક્ષુર્જન્યજ્ઞાન વિષયત્વ અને અવિષયત્વની અપેક્ષાએ ક્ષણપરિણતિરૂપ ઘટાદિમાં સત્ત્વ અને અસત્ત્વ છે.

(૬) ઘટ શબ્દથી અને તેનાથી અન્ય શબ્દથી વાચ્યત્વ-અવાચ્યત્વની અપેક્ષાએ ચક્ષુર્જન્યજ્ઞાનવિષય તે ઘટાદિમાં સત્ત્વ અને અસત્ત્વ છે.

(૭) હેય અને ઉપાદેયની અપેક્ષાએ, અંતરંગ અને બહિરંગની અપેક્ષાએ, ઉપયોગ અને અનુપયોગી અપેક્ષાએ ઘટ શબ્દથી વાચ્ય ઘટાદિમાં સત્ત્વ અને અસત્ત્વ છે.

(૮) અભિમત અર્થબોધકત્વ અને અનભિમત અર્થબોધકત્વની અપેક્ષાએ ઉપયોગના વિષયભૂત ઘટમાં સત્ત્વ અને અસત્ત્વ જાણવાં.

तदेवं स्वरूपपररूपाभ्यां सदसत्त्वं व्यवस्थाप्य द्रव्यावलम्बेनन तदाह –

एवं शुद्धं मृद्द्व्यं घटस्य स्वरूपं, तद्भिन्नं स्वर्णादि परद्रव्यम्, तद्रूपेणापि घटादीनां सत्त्वे द्रव्यस्य प्रतिनियमो न स्यात् ॥ ३२ ॥

एवमिति, पूर्वोपदर्शितस्वपररूपप्रकारेणेत्यर्थः, शुद्धं मृद्द्व्यमिति मृत्त्वेन लोकप्रसिद्धमित्यर्थः, तेन मृत्तिकामात्रस्य न ग्रहः सुवर्णादीनामपि मृद्द्रव्यत्वेन पररूपत्वासम्भवात् एवञ्च पार्थिवत्वेनेत्यस्यापि लाभः । स्वर्णादीत्यानाऽबादिनां ग्रहः । एवञ्च घटः स्वद्रव्येण मृदात्मना पार्थिवत्वेन वाऽस्ति परद्रव्येण स्वर्णादीत्यादिनाऽबादित्वेन वा नास्तीति भावः । अन्यथेतरेतररूपापत्त्याऽयं मृदात्मकोऽयं स्वर्णात्मक इत्यादिद्रव्यप्रतिनियमो न स्यादित्याशयेनाह तद्रूपेणापीति, स्वर्णादिरूपेणापीत्यर्थः, तथोभयथाप्यसत्त्वे घटादिव्यवहारविलोप इत्यपि बोध्यम् । न चोभयथापि सत्त्वे न द्रव्यप्रतिनियमव्याघातः तथाहि अनेकद्रव्यनिष्ठस्यापि संयोगविभागादेर्न द्रव्यप्रतिनियमव्याघातो घटपटसंयोगस्य घटात्मना पटात्मनापिसत्त्वादथ च तयोरेव संयोग इति नियमाच्चेति वाच्यम्, तस्यानेकद्रव्यगुणत्वेनानेकद्रव्यस्यैव स्वद्रव्यत्वात् स्वानधिकरणद्रव्यान्तरस्य च परद्रव्यत्वात् तथा च स्वद्रव्यापेक्षयाऽस्तित्वाभावेऽयं संयोगोऽनयोरेवेति प्रतिनियमो व्याहन्यत एव । अत्रायन्तु विशेषः, अव्यासज्यवृत्तिधर्माणामस्तित्वे स्वसमवायिद्रव्यमात्रापेक्षा, व्यासज्यवृत्तिधर्माणान्तु स्वपर्याप्तिमद्द्रव्यापेक्षेति ॥

ઘટનું સ્વરૂપ : તેનાથી ભિન્ન પરદ્રવ્ય

ઘટવૃત્તિ-અવૃત્તિરૂપ સ્વરૂપ અને પરરૂપથી સત્ત્વ-અસત્ત્વની વ્યવસ્થા કરી, દ્રવ્યની અપેક્ષાએ સ્વરૂપ અને પરરૂપનું વર્ણન.

ભાવાર્થ – "શુદ્ધ માટી ઘટનું સ્વરૂપ છે. માટી ભિન્ન સોનું વગેરે પરદ્રવ્ય છે. પરદ્રવ્યરૂપથી પણ ઘટ આદિના સત્ત્વમાં દ્રવ્યનો પ્રતિનિયમ ન થાય !"

વિવેચન – અહીં 'મૃદ્' એટલે લોકપ્રસિદ્ધ માટી એમ સમજવું. તેથી મૃત્તિકા માત્રનું ગ્રહણ નહીં થાય. સુવર્ણ આદિ પણ મૃદ્દ્રવ્ય હોઈ પરરૂપ નહીં થઈ શકે. એમ કરવાથી 'પાર્થિવત્વેન' એવો લાભ થશે. અર્થાત્ પાર્થિવત્વેન મૃદ્દ્રવ્યસ્વરૂપ છે. 'સ્વર્ણ આદિ' અહીં આદિપદથી જળ વગેરેનું ગ્રહણ કરવું. એવંચ ઘટ સ્વદ્રવ્ય મૃદ્રૂપે કે પાર્થિવરૂપે છે, પરદ્રવ્યરૂપ સુવર્ણ અથવા જળ આદિ રૂપે નથી. જો સ્વદ્રવ્ય પરદ્રવ્યરૂપે અસ્તિત્વ-નાસ્તિત્વ ન માનવામાં આવે, તો પરસ્પર રૂપની આપત્તિ થવાથી 'આ માટીરૂપ છે'-'આ સુવર્ણરૂપ છે' ઇત્યાદિ દ્રવ્યનો પ્રતિનિયમ ન થાય !! તેમ જ ઉભય પ્રકારે પણ અસત્ત્વ માનતાં ઘટ આદિ વ્યવહારનો વિલોપ થાય ! એમ પણ સમજવું.

શંકા – સ્વદ્રવ્ય-પરદ્રવ્યરૂપ ઉભય પ્રકારે પણ સત્ત્વ માનવામાં દ્રવ્યના પ્રતિનિયમનો વ્યાઘાત નહીં થાય. તે આ પ્રમાણે :-

અનેક દ્રવ્યમાં રહેલ સંયોગ-વિભાગ આદિમાં દ્રવ્યના પ્રતિનિયમનો વ્યાઘાત નથી. ઘટ-પટ સંયોગમાં ઘટરૂપે-પટરૂપે પણ સત્ત્વ હોવાથી 'તે ઘટ-પટનો જ સંયોગ' આ પ્રમાણેનો નિયમ છે ને ?

સમાધાન – તે ઘટ-પટસંયોગમાં અનેક દ્રવ્યનું ગુણપણું હોઈ, અનેક દ્રવ્ય જ સ્વદ્રવ્યરૂપ હોઈ અને પોતાના અનધિકરણ દ્રવ્યાન્તરમાં પરદ્રવ્યપણું છે. અહીં સ્વદ્રવ્યની અપેક્ષાએ અસ્તિત્વના અભાવમાં 'આ બંનેનો જ સંયોગ' છે. આવો નિયમ વ્યાઘાતવિષય બને જ છે. અહીં આ વિશેષ છે. અવ્યાસજય(એક)વૃત્તિ ધર્મોના અસ્તિત્વમાં સ્વસમવાયિ દ્રવ્ય માત્રની અપેક્ષા છે.

વ્યાસજય(દ્વિ આદિ અનેક)વૃત્તિ ધર્મોના અસ્તિત્વમાં સ્વપર્યાપ્તિવાળા દ્રવ્યની અપેક્ષા છે.

ક્ષેત્રાવલમ્બનેન તે ઘટયતિ –

एवं घटस्य निजं क्षेत्रं भूतलादि परक्षेत्रं तद्भिन्नं कुड्यादि स्वक्षेत्र इव परक्षेत्रेऽपि सत्त्वे क्षेत्रनियमानुपपत्तिप्रसङ्गः ॥ ३३ ॥

एवमिति । क्षेत्रमिति, अधिकरणमित्यर्थः, इहत्यत्वं घटस्य क्षेत्रं तेन रूपेणास्ति तद्भिन्नमिति भूतलादिभिन्नमित्यर्थः स्वानधिकरणदेश इति भावः, स्वानधिकरणदेशाऽवच्छेदेन च नास्तीति तात्पर्यार्थः । उभयथा सत्त्वे इतरेतररूपापत्तिमाह--स्वक्षेत्र इवेति, क्षेत्रनियमानुपपत्तिप्रसङ्ग इति, अस्मिन्नेव क्षेत्रे घटोऽस्ति न तत्क्षेत्र इति नियमभङ्ग इत्यर्थः, उभयथाप्यसत्त्वे तु निराश्रयत्वापत्तिरिति भावः ॥

ક્ષેત્રના અવલંબનથી સ્વરૂપ-પરરૂપ

ભાવાર્થ – "આ પ્રમાણે ઘટનું પોતાનું ક્ષણ ભૂતલ આદિ છે. તેનાથી ભિન્ન ભીંત આદિ પરક્ષેત્ર છે. સ્વક્ષેત્રમાં સત્ત્વની માફક પરક્ષેત્રમાં પણ સત્ત્વ માનવામાં ક્ષેત્રનિયમની ઉપપત્તિના અભાવનો પ્રસંગ થાય !"

વિવેચન – અહીં ક્ષેત્ર એટલે અધિકરણ સમજવાનું છે. 'ઇહત્યત્વ' ઘટનું ક્ષેત્ર છે. તે રૂપથી છે. ભૂતલ આદિથી ભિન્ન સ્વાનધિકરણ દેશના અવચ્છેદથી નથી. ઉભય પ્રકારે સત્ત્વમાં ઇતરેતર રૂપની આપત્તિને કહે છે. આ ક્ષેત્રમાં જ ઘડો છે, તે ક્ષેત્રમાં ઘડો નથી. આવા નિયમનો ભંગ થઈ જાય !

ઉભય પ્રકારે પણ અસત્ત્વમાં તો નિરાધારતાની આપત્તિ છે.

અથ કાલમાશ્રિત્ય તે નિરૂપયતિ –

एवं वर्त्तमानकाल एव घटस्य कालः, तद्भिन्नातीतादिः परकालः स्वकालवत्परकालेऽपि घटस्य सत्त्वे प्रतिकालनियमानुपपत्तिः प्रसज्येत । इति सप्तभङ्गीनिरूपणम् ॥ ३४ ॥

एवमिति । घटादिकरणीभूतः, कालो घटस्य स्वकालः, तदनधिकरणः भूतकालो ध्वंसकालो वा परकालः, उभयथा घटस्य सत्त्वे दोषमाह स्वकालवदिति, प्रतिकालेति,

अस्मिन्नेव काले घटोऽस्ति नातीतादिकाल इति नियतकालव्यवहारो न भवेदेव इष्टापत्तौ तु नित्यत्वापत्तिप्रसङ्गः, उभयथाऽसत्त्वे तस्य सर्वकालासम्बन्धित्वेनावस्तुत्वापत्तिः स्यादिति भावः । ननु घटस्य सत्त्वे यथा स्वरूपादिरवच्छेदकः तथा स्वरूपादौ स्वरूपाद्यन्तरमस्ति न वा ? यदि नास्ति कथं तर्हि तस्य सत्त्वं यद्यस्ति तर्हि कथं नानवस्था ? यदि सुदूरमपि गत्वा गत्यन्तराभावेन कस्यचित्सत्त्वे स्वरूपाद्यनपेक्षयाऽनवस्था वार्यते तर्हि घटादीनां सत्त्वेऽपि तथा भवतु किमनया स्वगृहप्रक्रिययेति मैवम्, वस्तुनो हि यथैवाबाधिता प्रतीतिस्तथैव तद्व्यवस्था, प्रतीतिश्च स्वरूपादिघटितमूर्त्तेरेव सत्त्वादेर्ग्राहिका, अन्यथा नानानिरंकुशविप्रतिपत्तीनां वारयितुमशक्यत्वात् । न च तस्यां स्वरूपादिकमन्यदेव प्रतीयते येन स्वरूपान्तरापेक्षा स्यात् । न च जिज्ञासाधीना हि स्वरूपाद्यपेक्षा तथा च तत्रापि प्रकृत इव जिज्ञासा स्यादेव तथा चास्त्यनवस्थेति वाच्यम्, यत्रैव न सा तत्रैव विश्रान्त्या तदभावात् केनचिन्नयेन स्वरूपादेः स्वरूपत एवावच्छेदकत्वं निर्णीयैवास्तित्वादिप्रवृत्तेरनवस्थाया अभावादिति । एतेनैकस्मिन् धर्मिणि सत्त्वासत्त्वरूपौ विधिनिषेधात्मकौ धर्मौ न सम्भवतो विधिमुखप्रत्ययविषयत्वन-ञुल्लिखितप्रत्ययविषयत्वरूपत्वेन शीतोष्णयोरिव तयोः परस्परं विरोधात्, यत्रास्तित्वं तत्र नास्तित्वस्य यत्र च नास्तित्वं तत्रास्तित्वस्य विरोधात् । तथाऽस्तित्वाधिकरणस्य नास्तित्वाधिकरणस्य च भिन्नत्वेनैकत्र तयोस्सत्त्वे विभिन्नाधिकरणवृत्तित्वरूपवैयधिकरण्यं दोषः स्यात्, तथा येन रूपेणास्तित्वं येन च नास्तित्वं तादृशरूपयोरस्तित्वनास्तित्व-नियामकस्वपररूपाद्यन्तरापेक्षायामनवस्थादौस्थ्यम्, तथा येन रूपेण सत्त्वं तेनैवासत्त्वस्य येनासत्त्वं तेनैव सत्त्वस्य च प्रसङ्गेन सङ्करः, येन रूपेण सत्त्वं तेनासत्त्वमेव स्यान्न तु सत्त्वं येन रूपेण चासत्त्वं तेन सत्त्वमेव स्यान्न त्वसत्त्वमिति व्यतिकरो दोषः, तथा सत्त्वासत्त्व-स्वरूपत्व इदमित्थमिति निश्चेतुमशक्तेस्संशयो दोषः, ततश्चानिश्चयरूपाप्रतिपत्तिर्दोषः, ततश्च सत्त्वासत्त्वात्मनो वस्तुनोऽभावो दोष इत्यष्टौ दोषास्सम्भवन्तीति प्रत्युक्तम्, स्वपररूपाद्यपेक्षया विवक्षितयोस्सत्त्वासत्त्वयोः प्रतीयमानयोर्वस्तुन्यविरोधात् स्वरूपादिना सत्त्वस्येव पररूपादिना-ऽसत्त्वस्यापि प्रतीतिसिद्धत्वेनानुपलम्भप्रयुक्तस्य विरोधस्याभावात् । न च विरोधादेकत्र तयोः प्रतीतिर्मिथ्येति वाच्यम्, परस्पराश्रयात्, विरोधे सति तेन बाध्यमानत्वान्मिथ्यात्वसिद्धिः, सिद्धे च तस्मिन् सत्त्वासत्त्वयोर्विरोधसिद्धिरिति । न च बूध्यघातकभावरूपोऽप्यहिनकुलादिव-द्विरोधः, तस्यैकस्मिन् काले वर्त्तमानयोस्सम्बन्धे सत्येव भावात्, न ह्यसंयुक्तमहिं नकुलो नाशयति, तथा सति सर्वत्राहेरभावप्रसङ्गात् तथाप्रकृते सति सम्बन्धे बलीयसाऽपरो बाध्यत-

इति वाच्यं नहि तथा सदसत्त्वयोः क्षणमात्रमपि परेण सत्त्वमेकत्राभ्युपगम्यते तथा च कथं वध्यघातकरूपो विरोधः, अभ्युपगमे वा तुल्यबलत्वेन तयोर्न वध्यघातकभावः । नापि सहानवस्थानलक्षणो विरोधः, कालभेदेनैकत्र वर्तमानयोः श्यामत्वपीतत्वयोरेव तत्सम्भवात्, उत्पद्यमानो हि पीतं श्यामो विनाशयति, नहि तथास्तित्वं नास्तित्वञ्च पूर्वोत्तरकालभावि, अस्तित्वकाले नास्तित्वाभावे सत्तामात्रं सर्वं प्राप्नुयात्, नास्तित्वकालेऽस्तित्वाभावे तु सत्त्वाश्रयबन्धमोक्षव्यवहारो विरुद्धयेत, सर्वथाऽसत आत्मलाभासम्भवात् सर्वथा च सतो विनाशासम्भवात् । न चापि प्रतिबध्यप्रतिबन्धकभावरूपो विरोधः, अस्तित्वकाले नास्तित्वस्य प्रतिबन्धकाभावात् । स्वरूपेणास्तित्वकालेऽपि पररूपादिना नास्तित्वस्य प्रतीतिसिद्धत्वात् । सत्त्वासत्त्वयोरेकाधिकरणवृत्तित्वेन प्रतीतत्वाच्च न वैयधिकरण्यं दोषः, नाप्यनवस्थादोषः, अनन्तधर्मात्मकस्य वस्तुनः प्रमाणप्रतिपन्नत्वेनापदार्थपरम्पराकल्पनाविरहेण तस्या अभ्युपगमात् नापि संकरव्यतिकरौ प्रतीतिसिद्धेऽर्थे कस्यापि दोषस्याभावात्, दोषाणां प्रतीत्यसिद्धपदार्थविषयकत्वात्, परस्परानुविद्धत्वासत्त्वयोर्जात्यन्तरात्मकत्वेनैकान्तसत्त्वावलम्बिदोषासम्भवाच्च, नवा संशयो दोषः, स हि सामान्यप्रत्यक्षाद्विशेषाप्रत्यक्षाद्विशेषस्मृतेश्च जायते स्थाणुत्वपुरुषत्वोचिते हि देशे नातिप्रकाशान्धकारकलुषितायां वेलायामूर्ध्वतामात्रं सामान्यं विलोकयतो वक्रकोटरपक्षिनीडादीन् स्थाणुगतान् पुरुषगतांश्च वस्त्रसंयमनशिरःकण्डूयनशिखाबन्धादीन् विशेषाननुपलभमानस्य तेषाञ्च स्मरतः पुरुषस्यायं स्थाणुर्वा पुरुषो वेति संशय उदेति, अनेकान्तवादे च विशेषोपलब्धिरप्रतिहतैव, स्वरूपपररूपादिविशेषाणां प्रत्यर्थमुपलम्भात् तथा च विशेषोपलब्धेः कथं संशयः अवच्छेदकभेदेनार्प्यमाणयोस्सत्त्वासत्त्वयोरेकत्र विरोधाभावेन संशयलक्षणानाक्रान्तत्वात्, एवञ्च संशयमूलकावप्रतिपत्तिवस्त्वभावरूपौ दोषौ दूरापास्ताविति न कोऽपि दोष इति । तदेवं स्वसमयसर्वस्वरूपा सप्तभङ्गी समासतो निरूपितेत्याहेतीति ॥

કાળની અપેક્ષાએ સ્વરૂપ-પરરૂપનું નિરૂપણ

ભાવાર્થ – "વર્તમાનકાળ જ ઘટનો કાળ છે.' તેનાથી ભિન્ન અતીત આદિ પરકાળ છે. સ્વકાળની માફક પરકાળમાં પણ ઘટના સત્ત્વમાં કાળનો-પ્રતિનિયમની અનુપપત્તિનો પ્રસંગ આવે ! સપ્તભંગીના નિરૂપણની સમાપ્તિ થાય છે."

વિવેચન – ઘટનો અધિકરણરૂપ કાળ ઘટનો સ્વકાળ છે. તે ઘટનો અનધિકરણ ભૂતકાળ અથવા ધ્વંસકાળ પરકાળ છે. ઉભય પ્રકારે ઘટના સત્ત્વમાં દોષ કહે છે કે-'આ કાળમાં જ ઘડો છે, અતીત આદિ

કાળમાં નથી.' આવા નિયતકાળનો વ્યવહાર થાય નહિ. ઇષ્ટાપત્તિમાં તો નિત્યત્વની આપત્તિનો પ્રસંગ. ઉભય પ્રકારે અસત્ત્વમાં તેના સર્વ કાળના અસંબંધથી અવસ્તુપણાની આપત્તિ થાય !

શંકા – ઘટના સત્ત્વમાં જેમ સ્વરૂપ આદિ અવચ્છેદક છે, તેમ સ્વરૂપ આદિમાં બીજા સ્વરૂપ આદિ છે કે નહીં ? જો નથી. તો કેવી રીતે તેનું સત્ત્વ છે ? જો છે, તો કેમ અનવસ્થા નહિ ?

જો સુદુર પણ જઈને બીજી કોઈ ગતિ નહીં હોવાથી, કોઈ એકના સત્ત્વમાં સ્વરૂપાદિની અપેક્ષા વગર અનવસ્થા વારણ થાય છે, તો ઘટ આદિના સત્ત્વમાં પણ તેમ થાઓ ! આ પોતાના ઘરની પ્રક્રિયાથી સર્યું ને ?

સમાધાન – ખરેખર, વસ્તુની જે પ્રકારે જ અબાધિત પ્રતીતિ છે, તે પ્રકારે જ તેની વ્યવસ્થા છે. વળી પ્રતીતિ, સ્વરૂપ આદિથી ઘટિત મૂર્તિવાળા જ સત્ત્વ આદિની ગ્રહણ કરાવનારી છે.

જો એમ ન માનવામાં આવે, તો અનેક નિરંકુશ વિપ્રતિપત્તિ(વિસંગતિ)ઓનું વારણ અશક્ય બની જાય છે.

તે પ્રતીતિમાં બીજા જ સ્વરૂપ આદિ પ્રતીયમાન થતા નથી, કે જેથી બીજા સ્વરૂપની અપેક્ષા હોઈ શકે !

શંકા – ખરેખર, સ્વરૂપ આદિની અપેક્ષા જિજ્ઞાસાને આધીન છે. તથાચ ત્યાં પણ પ્રકૃતમાં જેમ જિજ્ઞાસા થાય છે, તેમ થશે જ. તથાચ અનવસ્થા છે જ ને ?

સમાધાન – જ્યાં તે જિજ્ઞાસા નથી, ત્યાં વિશ્રાન્તિ હોવાથી, તે જિજ્ઞાસાના અભાવથી કોઈ એક નયદ્વારા સ્વરૂપ આદિના સ્વરૂપથી જ (સ્વત એવ) અવચ્છેદકપણાનો નિર્ણય કરી, અસ્તિત્વ આદિની પ્રવૃત્તિ હોઈ અનવસ્થાનો અભાવ છે.

આઠ દોષોનું વર્ણન તથા નિવારણ

(૧) **પૂર્વપક્ષ**=(વિરોધ) આ નિરૂપણથી એકધર્મીમાં વિધિનિષેધાત્મક સત્ત્વ અને અસત્ત્વરૂપ બે ધર્મો સંભવતા નથી, કેમ કે-વિધિમુખી પ્રતીતિની વિષયતા નિષેધમુખી પ્રતીતિની વિષયતારૂપ હોઈ, શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શની માફક તે સત્ત્વમાં અને અસત્ત્વમાં પરસ્પર વિરોધ છે. જ્યાં અસ્તિત્વ છે, ત્યાં નાસ્તિત્વનો અને જ્યાં નાસ્તિત્વ છે, ત્યાં અસ્તિત્વનો વિરોધ છે. એથી જ એક જ પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વનો સ્વીકાર કરવાથી સપ્તભંગીમાં વિરોધ આવે છે.

(૨) વૈયધિકરણ=અસ્તિત્વ અને નાસ્તિત્વ પરસ્પર વિરૂદ્ધ હોવાથી, અસ્તિત્વના અધિકરણની અને નાસ્તિત્વના અધિકરણની ભિન્નતા હોવાથી, એક જગ્યાએ તે અસ્તિત્વ અને નાસ્તિત્વના સત્ત્વમાં વિભિન્ન અધિકરણવૃત્તિત્વરૂપ વૈયધિકરણ નામક દોષ થાય છે.

(૩) અનવસ્થા=જેમ પ્રત્યેક પદાર્થમાં અસ્તિત્વ અને નાસ્તિત્વ ધર્મ રહે છે, તેમ અસ્તિત્વમાં અને નાસ્તિત્વમાં પણ અસ્તિત્વ અને નાસ્તિત્વ માનવા જોઈએ. માટે અસ્તિત્વ અને નાસ્તિત્વમાં અનંત અસ્તિત્વ અને નાસ્તિત્વ માનવાથી અનવસ્થાદોષ આવે છે, કેમ કે-જે રૂપે અસ્તિત્વ અને જે રૂપે નાસ્તિત્વ

છે, તેવા બે રૂપમાં અસ્તિત્વ-નાસ્તિત્વ નિયામક બીજા સ્વરૂપ અને પરરૂપ આદિની અનંત કલ્પનામાં અનવસ્થાદોષ છે.

(૪) સંકર=જે રૂપ સત્ત્વ છે, તે જ રૂપથી અસત્ત્વનો પ્રસંગ અને જે રૂપથી અસત્ત્વ છે, તે જ રૂપથી સત્ત્વનો પ્રસંગ હોઈ સંકરદોષ છે, કેમ કે-'सर्वेषां युगपत् प्राप्तिःसंकरः' આવું કથન છે.

અસ્તિત્વના અધિકરણમાં અસ્તિત્વ-નાસ્તિત્વ બંને રહેવાથી અને નાસ્તિત્વના અધિકરણમાં નાસ્તિત્વ-અસ્તિત્વ રહેવાનું માનવાથી સંકરદોષ છે. (ખીચડો-શંભુમેળો)

(૫) વ્યતિરેકદોષ=જે રૂપથી સત્ત્વ છે, તે રૂપથી અસત્ત્વ જ થાય પરંતુ સત્ત્વ નહીં ! જે રૂપથી અસત્ત્વ છે, તે રૂપથી સત્ત્વ જ થાય પરંતુ અસત્ત્વ નહીં ! આવો વ્યતિકર નામનો દોષ આવે છે. અસ્તિત્વ અને નાસ્તિત્વ એકીસાથે રહેવાથી, અસ્તિત્વરૂપથી નાસ્તિત્વ અને નાસ્તિત્વરૂપથી અસ્તિત્વ માનવાથી વ્યતિકરદોષ છે, કેમ કે-'परस्पर विषय गमनं व्यतिकरः' એવું કથન છે.

(૬) સંશય=સત્ત્વ-અસત્ત્વરૂપપણામાં 'આ પ્રમાણે જ છે' આવો નિશ્ચય કરવાની અશક્તિ હોવાથી સંશય આવે છે. વસ્તુમાં અસ્તિત્વ-નાસ્તિત્વમાં કોઈ એક ધર્મનો અસાધારણરૂપે બરોબર નિશ્ચય ન થઈ શકવાથી સંશયદોષ છે. જેમ વસ્તુમાં છીપ-ચાંદીનું નિશ્ચયજ્ઞાન નહીં હોવાથી સંશય છે, તેમ અહીં સમજવું.

(૭) અપ્રતિપત્તિ=સંશય થવાથી વસ્તુનું સાચું જ્ઞાન થઈ શકતું નથી, માટે અનિશ્ચયરૂપ અપ્રતિપત્તિદોષ છે.

(૮) અભાવ=સત્ત્વ-અસત્ત્વ આત્મક વસ્તુનો અભાવરૂપ દોષ છે. વસ્તુનું યથાર્થજ્ઞાન નહીં હોવાથી સ્યાદ્વાદમાં પ્રમાણવિષય-પ્રમેયની વ્યવસ્થાની હાનિરૂપ અભાવદોષ થાય છે.

આ આઠ દોષો સંભવે છે, એમ પ્રતિપક્ષીઓએ કહેલ છે. તેનું ક્રમસર ખંડન શરૂ થાય છે.

ઉત્તરપક્ષ=સ્વરૂપ-પરરૂપ આદિની અપેક્ષાએ વિવક્ષિત, પ્રતીતિવિષયભૂત સત્ત્વ અને અસત્ત્વનો વસ્તુમાં અવિરોધ છે, કેમ કે-સ્વરૂપ આદિ દ્વારા સત્ત્વની માફક, પરરૂપ આદિથી અસત્ત્વ પણ, પ્રતીતિસિદ્ધ હોઈ અનુપલબ્ધિજન્ય વિરોધનો અભાવ છે. (૧)

શંકા – એક સ્થાનમાં તે બંનેની પ્રતીતિ મિથ્યા છે, કેમ કે-વિરોધ છે ને ?

સમાધાન – અન્યોન્યાશ્રય છે. વિરોધ હોયે છતે, તેનાથી બાધિત થવાથી મિથ્યાત્વસિદ્ધિ. તે મિથ્યાત્વસિદ્ધિ થયે છતે, સત્ત્વ-અસત્ત્વની વિરોધની સિદ્ધિ. આમ પરસ્પરાશ્રયદોષ હોઈ પ્રતીતિ મિથ્યા નથી.

(અ) વધ્યઘાતક ભાવરૂપ પણ સાપ-નોળિયા આદિની માફક વિરોધ નથી. તે વિરોધનો એક કાળમાં વર્તમાન બંનેનો સંબંધ (સંયોગ) હોયે છતે સંભવ છે. ખરેખર, અસંયુક્ત સાપને નોળિયો મારી શકતો નથી. જો સંયોગ વગર નોળિયો સાપને મારે છે એમ માનો, તો સઘળે ઠેકાણે સાપના અભાવનો પ્રસંગ આવશે ! તથા પ્રકૃતમાં સંબંધ હોયે છતે અતિ બળવાનથી બીજો બાધિત થાય છે, એમ બોલી શકાય. પરંતુ તેવી રીતે સત્ત્વ-અસત્ત્વમાં ક્ષણ માત્ર પણ 'પરથી સત્ત્વ છે' એમ એક ઠેકાણે સ્વીકાર કરતો નથી, તો કેવી

રીતે વધ્યઘાતકલક્ષણ વિરોધ છે ? અપેક્ષાદ્વારા એક ઠેકાણે સત્ત્વ-અસત્ત્વના સ્વીકારમાં તુલ્ય બળવાળા હોઈ, તે સત્ત્વ-અસત્ત્વમાં વધ્યઘાતકભાવ નથી.

(ब) સહ અનવસ્થાનરૂપ વિરોધ નથી. કાળભેદથી એક સ્થાનમાં વર્તમાન શ્યામત્વ અને પીતત્વમાં જ સહાનવસ્થાનરૂપ વિરોધનો સંભવ છે. ખરેખર, ઉત્પન્ન થતો શ્યામ પીતપણાનો વિનાશ કરે છે. તેવી રીતે અહીં અસ્તિત્વ અને નાસ્તિત્વ પૂર્વ-ઉત્તરકાળમાં થનાર નથી. જો અસ્તિત્વના કાળમાં નાસ્તિત્વનો અભાવ સ્વીકારવામાં આવે, તો સઘળું સત્ થઈ જાય ! જો નાસ્તિત્વના કાળમાં અસ્તિત્વ માત્રનો અભાવ સ્વીકારવામાં આવે, તો સત્ત્વના આધારભૂત બંધ અને મોક્ષનો વ્યવહાર વિરૂદ્ધ થશે ! સર્વથા અસત્માં આત્મલાભ(સ્વરૂપલાભ)નો અસંભવ છે, સર્વથા સત્માં વિનાશનો અસંભવ છે.

(क) પ્રતિબધ્ય પ્રતિબંધક ભાવરૂપ વિરોધ પણ નથી. ચંદ્રકાન્તમણિ અને દાહમાં પરસ્પર પ્રતિબધ્ય પ્રતિબંધક વિરોધ છે, કેમ કે-દાહ પ્રત્યે પ્રતિબંધક ચંદ્રકાન્તમણિ રહેતે છતે અગ્નિથી દાહ ઉત્પન્ન થતો નથી. દાહ અને ચન્દ્રકાન્તમણિની માફક અસ્તિત્વ અને નાસ્તિત્વમાં પ્રતિબધ્ય પ્રતિબંધકરૂપ વિરોધ નથી, કેમ કે-જે સમયે પદાર્થમાં અસ્તિત્વધર્મ છે, તે જ સમયમાં પરદ્રવ્ય આદિની અપેક્ષાએ નાસ્તિત્વધર્મ હાજર છે. તેવી રીતે જે સમયે પરદ્રવ્ય આદિની અપેક્ષા નાસ્તિત્વધર્મ છે, તે સમયે સ્વદ્રવ્ય આદિની અપેક્ષા અસ્તિત્વધર્મ હાજર છે; કેમ કે-સ્વરૂપથી અસ્તિત્વના કાળમાં પણ પરરૂપ આદિથી નાસ્તિત્વ પ્રતીતિસિદ્ધ છે.

(२) એથી જ અસ્તિત્વ અને નાસ્તિત્વમાં વિરોધ નહીં રહેવાથી, અસ્તિત્વ અને નાસ્તિત્વ એક અધિકરણવૃત્તિ હોવાથી વૈયધિકરણ નામક દોષ નથી.

(૩) અનવસ્થા નામક દોષ નથી આવતો, કેમ કે-અનંતધર્માત્મક વસ્તુ પ્રમાણથી પ્રતિપન્ન હોઈ અપદાર્થ પરંપરાની કલ્પનાનો અભાવ છે, (પ્રત્યેક વસ્તુમાં અનેક ધર્મ પ્રમાણથી સિદ્ધ છે. જેમ માતા-પિતાની પરંપરા પ્રમાણસિદ્ધ છે, તેમ સપ્તભંગી પ્રમાણસિદ્ધ છે. એથી જ કેવળ કલ્પના અનંત હોવાથી સ્યાદ્વાદમાં અનવસ્થાદોષ આવી શકતો નથી. જેમ ઘટત્વ ધર્મમાં ઘટત્વ ધર્મની કલ્પના કરાતી નથી, તેમ અસ્તિત્વ આદિમાં પણ બીજા અસ્તિત્વ આદિની કલ્પના કરી શકાતી નથી.) પણ સાચી અનવસ્થાનો સ્વીકાર છે, માટે દુષ્ટ અનવસ્થાનો સ્વીકાર નથી.

(૪-૫) સંકર અને વ્યતિકર નામનો દોષ નથી, કેમ કે-પ્રતીતિસિદ્ધ અર્થમાં કોઈપણ દોષનો સંભવ નથી. દોષો પ્રતીતિથી અસિદ્ધ પદાર્થવિષયવાળા હોય છે. પરસ્પર અનુવિદ્ધ સત્ત્વ-અસત્ત્વ, જાત્યંતર આત્મક હોઈ એકાન્ત સત્ત્વના આલંબનવાળા દોષનો અસંભવ છે.

(અસ્તિત્વ-નાસ્તિત્વ અવિરોધી સિદ્ધ હોવાથી અસ્તિરૂપને નાસ્તિ કહેવાતું નથી, માટે સંકર નથી. અસ્તિને નાસ્તિ અને નાસ્તિને અસ્તિ કહેવાતું નથી, માટે વ્યતિકરદોષ નથી; કેમ કે-વસ્તુ સ્વચતુષ્ટયથી અસ્તિરૂપ અને પરચતુષ્ટયથી નાસ્તિરૂપ છે.)

(૭-૮) સંશયદોષ લાગુ પડતો નથી. ખરેખર, તે સંશય સામાન્યના પ્રત્યક્ષથી, વિશેષના અપ્રત્યક્ષથી અને વિશેષના સ્મરણથી પેદા થાય છે.

સ્થાણુપણાને અને પુરુષપણાને ઉચિત દેશમાં અતિ પ્રકાશથી રહિત-અંધકારથી કલુષિતકાળમાં ઉંચાઈ માત્રરૂપ સામાન્યને જોતાં, સ્થાણુગત વક્ત્ર-કોટર (મુખરૂપ બખોલ)-પક્ષીનો માળો વગેરેને અને પુરુષગત વસ્ત્રનું આચ્છાદન, માથું ખંજવાળવું, ચોટલીબંધન વગેરે વિશેષોને નહિ મેળવનાર કે જાણનાર પુરુષને તથા તે બંનેના વિશેષોને સ્મરણ કરનાર પુરુષને, આ સ્થાણુ છે કે પુરુષ છે ?-આવો સંશય ઉગે છે.

સાધકપ્રમાણના અભાવથી અને બાધકપ્રમાણના અભાવથી અનિશ્ચિત અનેક અંશોનું અવગાહિજ્ઞાન સંશય છે.

૦ અનેકાન્તવાદમાં વિશેષની ઉપલબ્ધિ (સાક્ષાત્કાર) અપ્રતિહત જ છે, કેમ કે-સ્વરૂપ-પરરૂપ આદિ વિશેષોની પ્રત્યેક પદાર્થમાં ઉપલબ્ધિ છે. તથાચ વિશેષોની ઉપલબ્ધિમાં કેમ સંશય સંભવે ? કેમ કે-અવચ્છેદકના ભેદથી વિવક્ષાના વિષયભૂત સત્ત્વ-અસત્ત્વનો એક ઠેકાણે વિરોધ નહીં હોવાથી સંશયના લક્ષણનું આક્રમણ નથી. વળી આ પ્રમાણે સંશયના મૂળવાળા અપ્રતિપત્તિદોષનો અને વસ્તુવ્યવસ્થાના અભાવરૂપ દોષનો અભાવ છે.

(એથી જ સાધર્મ્યની માફક અસ્તિત્વધર્મનો નાસ્તિત્વધર્મની સાથે અવિનાભાવ સંબંધ છે, કેમ કે-વિશેષણ છે. જેમ સાધર્મ્ય વૈધર્મ્યનો અવિનાભાવી છે, તેમ અસ્તિત્વ-નાસ્તિત્વધર્મ અસ્તિત્વ સિવાય રહી શકતો નથી. એથી જ અસ્તિત્વ અને નાસ્તિત્વનો અવિનાભાવી સંબંધ હોવાથી સ્યાદ્વાદમાં ઉક્ત વિરોધ આદિ દોષ આવી શકતા નથી. જે એકાન્તવાદી લોક અસ્તિત્વ-નાસ્તિત્વ, સામાન્ય-વિશેષને પરસ્પર નિરપેક્ષ માને છે, તેઓના મતમાં વિરોધ આદિ દોષો આવે છે.)

[ઘટ વગેરે દ્રવ્યથી જે છે, તે પાર્થિવ આદિ દ્રવ્યની અપેક્ષાએ ઘટ માટીનો વિકાર હોઈ પાર્થિવરૂપે છે, કરા વગેરે જળનો વિકાર હોઈ જળરૂપે છે. એવી રીતે બીજાઓ પોતાના ઉપાદાનભૂત દ્રવ્યરૂપે છે, પરંતુ ઘટ જળરૂપે, કરા વગેરે માટીરૂપે એટલે પરદ્રવ્યરૂપે નથી. જો પરરૂપે છે-એમ માનો, તો ઘટ જળની બનાવટ, કરા વગેરે માટીની બનાવટ થતાં સઘળી વસ્તુ સર્વ આત્મક બની જશે, એવી આપત્તિ આવશે.

પાટલિપુત્ર આદિ ગામમાં રહેલ ઘટાદિનું, તે તે ક્ષેત્રની સાથે આધાર-આધેયભાવના અનુરોધથી કથંચિત્ તે તે ક્ષેત્રની સાથે તાદાત્મ્ય સ્વીકારવું જોઈએ, કેમ કે-કથંચિત્ તાદાત્મ્ય કથંચિત્ સર્વસંબંધવ્યાપક છે, જેથી વિશિષ્ટ બુદ્ધિનિયામક સંબંધ છે. વળી જેથી વિશિષ્ટ બુદ્ધિ થતી નથી, તે સંબંધ જ થતો નથી : અને વિશિષ્ટ બુદ્ધિ વિશિષ્ટરૂપ વિષયે હોયે છતે જ થઈ શકે છે તથા વિશિષ્ટ વિષય વિશેષણ વિશેષ્યની સાથે કથંચિત્ અભિન્ન જ છે. ભિન્નત્વમાં, વિશિષ્ટ રૂપ-દંડવિશિષ્ટ પુરુષ-ક્ષેત્રવિશિષ્ટ પુરુષ આદિમાં વિશેષણ વિશેષ્યથી ભિન્નત્વના અવિશેષથી અન્ય વિશેષકનો અભાવ હોવાથી વિલક્ષણતાનો અસંભવ છે, માટે 'તદ્ભિન્નાભિન્નસ્ય તદ્ અભિન્નત્વ' આવા નિયમથી વિશેષણથી અભિન્ન વિશિષ્ટ સ્વરૂપથી અભિન્ન વિશેષ્યમાં વિશેષણાભિન્નત્વ થાય છે, માટે સંબંધ માત્ર વ્યાપક કથંચિત્ તાદાત્મ્ય છે.

તથાચ પાટલિપુત્ર ગ્રામસ્થિત ઘટ આદિમાં આધાર-આધેયભાવરૂપ સંબંધના બળથી કથંચિત્ અભેદ વ્યવસ્થિત થયે છતે ક્ષેત્રથી પાટલિપુત્ર આદિ રૂપે ઘટાદિનું અસ્તિત્વ છે. એવી રીતે તે તે ગ્રામ-દેશ આદિમાં રહેલનું તે તે ગ્રામ-દેશ આદિરૂપે અસ્તિત્વ છે, પોતાના અનાધાર ક્ષેત્રકાન્યકુબ્જ આદિ રૂપે અસ્તિત્વ

સંભવતુ નથી. તે રૂપથી પણ અસ્તિત્વ માનતાં સર્વ ઘટાદિનું સર્વદેશવ્યાપિપણાનો પ્રસંગ આવશે, માટે પ્રતિનિયત ક્ષેત્ર આધારતાનો ભંગ થશે.

જે કાળમાં જે થાય છે, તેનો તે કાળની સાથે જન્યજનકભાવરૂપ સંબંધ વિશેષના બળથી, કે જે વિશિષ્ટ બુદ્ધિના કરણમાં સમર્થ છે. તેથી કથંચિત્ તાદાત્મ્ય છે માટે શિશિરઋતુમાં જન્ય ઘટાદિનું શૈશિર આદિ રૂપે અસ્તિત્વ છે, પરંતુ વસંતજન્ય-વાસિન્તિક આદિ રૂપે નહિ. તે રૂપેથી પણ અસ્તિત્વ માનતાં, ઘટાદિ સર્વમાં સર્વકાળરૂપે થવાથી સનાતનપણાનો પ્રસંગ આવશે, પ્રતિનિયત કાલત્વના કારણજન્ય કાદાચિત્કપણાનો ભંગ થઈ જશે !

શ્યામ આદિ ભાવને પામનારો પદાર્થ, તે કાળમાં તેનો શ્યામ આદિ ભાવની સાથે સંબંધવિશેષના બળથી કથંચિત્ તાદાત્મ્ય છે, માટે શ્યામ આદિ રૂપે ઘટ આદિનું અસ્તિત્વ છે, પરંતુ રક્તત્વાદિ રૂપે નહીં. તે રૂપથી પણ અસ્તિત્વ માનતાં, ઘટ આદિ સર્વમાં સર્વસ્વભાવતાની આપત્તિ આવે છે. માટે પ્રતિનિયત સ્વભાવતાના ભંગથી પ્રતિનિયત સ્વભાવરૂપ નિમિત્તજન્ય ભિન્ન ભિન્ન પ્રતિનિયત સ્વભાવવ્યવહારનો ભંગ થાય છે.]

તેથી આ પ્રમાણે સ્વસિદ્ધાન્તના સર્વસ્વરૂપ સપ્તભંગીનું સંક્ષેપથી નિરૂપણ સમાપ્ત થાય છે.

इत्थमागमं निरूप्यं तदाभासमाह –

अनाप्तपुरुषप्रमीतवचनसम्भूतमयथार्थशाब्दज्ञानमागमाभासः, तद्वचनमप्यागमाभासः । समाप्तमागमनिरूपणम् ॥ ३५ ॥

अनाप्तेति । अयथार्थवक्तृवचनेन समुद्भूतं यदयथार्थं शाब्दज्ञानं स आगमाभास इत्यर्थः । निजविनोदाद्यर्थं क्रीडापरवशो रागाक्रान्तः पुरुषः किञ्चन वस्त्वन्तरमलभमानो बालैस्साकं क्रीडाभिलाषेण सोमोद्भवाया रोधसि तालहिन्तालयोर्मूले सुलभाः पिण्डखर्जूरास्सन्ति त्वरितं गच्छत गच्छत शावकाः ? इति वाक्यमुच्चारयति, तज्जन्यं च यच्छाब्दज्ञानं तद्विसंवादित्वादागमाभासरूपमिति भावः । तादृशज्ञानजनकवाक्यमपि कारणे कार्योपचारादागमाभासात्मकमेवेत्याह तद्वचनमपीति । तदेवं परोक्षप्रमाणस्य पञ्चमभेद आगमस्संग्रहेण निरूपित इत्याशयेन निगमयति समाप्तमिति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-
विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**
व्याख्यायां आगमनिरूपणनामा
षष्ठः किरणः समाप्तः

આગમાભાસનું નિરૂપણ

ભાવાર્થ – "અનાપ્તપુરુષે રચેલ વચનથી જન્ય અયથાર્થ શાબ્દજ્ઞાન, એ 'આગમાભાસ' છે. તેનું વચન પણ આગમાભાસ છે. આગમનું નિરૂપણ સમાપ્ત થાય છે."

વિવેચન – અયથાર્થ વક્તાના વચનથી પેદા થયેલું જે અયથાર્થ શાબ્દજ્ઞાન, તે આગમાભાસ છે. 'પોતાના વિનોદ આદિ માટે ક્રીડાપરાયણ, રાગથી આક્રાન્ત પુરુષ' કોઈ એક બીજી વસ્તુને નહીં મેળવનારો, બાળકોની સાથે ક્રીડાની અભિલાષાથી, 'નર્મદા નદીના કિનારે તાલ અને હિંતાલ વૃક્ષની નીચે એકઠા થયેલા, ખજૂર સુલભ છે, માટે હે બાળકો ! જલ્દી જાઓ જાઓ'-આવું વાક્યનું ઉચ્ચારણ કરે છે. તે વાક્યજન્ય જે શાબ્દબોધ છે, તે વિસંવાદી હોવાથી આગમાભાસરૂપ છે. તાદશ જ્ઞાનજનક વાક્ય પણ કારણમાં કાર્યોપચારથી આગમાભાસરૂપ જ છે. તેથી આ પ્રમાણે પરોક્ષ પ્રમાણના પાંચમા ભેદરૂપ આગમપ્રમાણ સંક્ષેપથી નિરૂપિત કરેલ છે, જે સમાપ્ત થાય છે.

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વર પટ્ટાલંકાર શ્રીમદ્‌વિજયકમલસૂરીશ્વરના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં 'આગમ નિરૂપણ' નામનું છઠ્ઠું કિરણ સમાપ્ત થયેલ છે.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજયભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્‌-વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **છઠ્ઠા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

अथ सप्तमः किरणः

एवं प्रमाणे निरूपिते तस्य प्रामाण्ये वादिनां विप्रतिपत्तेस्तद्विवेचयितुमाह –

ज्ञानस्य प्रामाण्यं प्रमेयाव्यभिचारित्वमेव । स्वातिरिक्तग्राह्यापेक्षया प्रमेयव्यभिचारित्वं ज्ञानस्याप्रामाण्यम्, सर्वन्तु स्वापेक्षया प्रमाणमेव बाह्यार्थापेक्षया तु किञ्चित्प्रमाणं किञ्चिच्चाप्रमाणम् ॥ १ ॥

ज्ञानस्येति । प्रमेयेति, प्रमीयमाणो योऽर्थस्तदव्यभिचरणशीलत्वं ज्ञाननिष्ठं प्रामाण्यमित्यर्थः । अप्रामाण्यपदार्थमाह स्वातिरिक्तेति, सर्वसंवित्तेस्स्वसंवेदनस्य कथञ्चित्प्रमाणत्वोपपत्तेर्बहिःपदार्थापेक्षयैव किञ्चिज्ज्ञानं प्रमाणं किञ्चिच्च प्रमाणाभासमित्यभिप्रायेणाह सर्वन्त्विति, न चैवं विरोधः प्रसज्यत इति वाच्यम्, जीवस्यैकस्यावरणविगमविशेषात्सत्येतरसंवेदनपरिणामसिद्धेः श्वेतघटे पीतघटज्ञानवत् । तथा च सर्वत्र ज्ञाने स्वरूपे प्रामाण्यमनावृतमेव, बहिरर्थे त्वनियतस्तत्क्षयोपशम इति स्वभावकल्पनान्न विरोध इति भावः । एतेन ज्ञानमात्रं स्वापेक्षया प्रत्यक्षप्रमाणम्, न चैवमनुमितित्वादिना प्रत्यक्षत्वस्य साङ्कर्यमिति वाच्यम्, क्वचित्संकीर्णजातेरप्यदुष्टत्वोपगमात्, एवञ्च ज्ञानस्यार्थोन्मुखतयेव स्वोन्मुखतयापि प्रतिभासनं भवतीति सूचितम् । न च यस्यानुभाव्यत्वं तस्याननुभूतित्वं दृष्टं यथा घटादिः, ज्ञानस्यानुभाव्यत्वेऽननुभूतित्वप्रसङ्ग इति वाच्यमनुभूतित्वेनैव ज्ञानस्यानुभवात्, न पुनरनुभाव्यत्वेन, ज्ञातुर्ज्ञातृत्वेनानुभववत्, नापि ज्ञानस्यानुभाव्यत्वं दोषः पदार्थापेक्षयाऽनुभूतित्वात्, स्वापेक्षया त्वनुभाव्यत्वात् । न च विरोधः, अपेक्षाभेदात्, एकस्य पितृत्वपुत्रत्ववत् । न च स्वात्मनि क्रियाविरोधः अनुभवसिद्धेऽर्थे विरोधासिद्धेः । किञ्च का नाम क्रियाऽऽत्मनि विरुद्धा, न तावत्परिस्पन्दस्वरूपा, तस्या द्रव्यवृत्तित्वेनाद्रव्ये ज्ञानेऽसम्भवात् । न धात्वर्थात्मिका, सापि न

तावदकर्मिका, वृक्षस्तिष्ठतीत्यादौ तस्या वृक्षादिरूपे स्वात्मन्येव प्रतीत्याऽप्यविरोधवत् ज्ञानं प्रकाशत इत्यादावपि अकर्मकक्रियाया ज्ञानस्वरूपत्वेऽविरोधात्, प्रतीतेरुभयत्रापि तुल्यत्वात् । अथ ज्ञानमात्मानं जानातीति सकर्मिका क्रिया स्वात्मनि विरुद्धा स्वरूपादपरत्रैव कर्मत्व-प्रतीतेरित्युच्यते तदपि न चारु, आत्माऽऽत्मानं हन्ति प्रदीपस्स्वात्मानं प्रकाशयतीत्यादिकायाः क्रियाया अपि विरोधापत्तेः । न च नात्र पारमार्थिकं कर्मत्वं किन्त्वात्मादौ कर्त्तर्युपचरितमेवेति वाच्यम्, कर्त्तरि ज्ञानेऽपि स्वरूपस्यैव ज्ञानक्रियानिरूपितकर्मत्वेनोपचारात्, न च ज्ञाने कर्मत्वं तात्त्विकं प्रमेयत्वादिति वाच्यम्, सर्वथा कर्मत्वस्य कर्तुर्ज्ञानादभिन्नत्वे स्याद्विरोधः यदि कर्तृ कथं कर्म यदि कर्म कथं कर्त्रिति, अथ सर्वथा भिन्नं कर्मत्वं, तर्हि कथं तत्र ज्ञानस्य जानातीति क्रिया स्वात्मनि स्याद्येन विरुध्येत, तथात्वे कथं घटं करोतीति क्रियाऽपि कटकारस्य स्वात्मनि न स्याद्यदि न विरुध्यते । कर्तुः कर्मत्वं कथञ्चिद्भिन्नमित्येतस्मिंस्तु दर्शने ज्ञानस्यात्मनो वा सर्वथा स्वात्मनि क्रिया दूरोत्सारितैवेति न विरुद्धतामधिवसतीति । न च ज्ञानक्रियायाः कर्त्तृसमवायिन्याः कर्मतया स्वात्मनि विरोधस्ततोऽन्यत्रैव कर्मत्वदर्शनादिति वाच्यम्, तर्हि करणत्वमपि तत्र न स्यात् दृश्यते हि ज्ञानेनार्थमहं जानामीति करणत्वम्, न च[१] ज्ञानेनेत्यनेन विशेषणज्ञानं करणत्वेन विवक्षितमर्थं जानामीत्यनेन विशेष्यज्ञानं कर्मत्वेन विवक्षितं तस्मात्करणमन्यत् कर्मान्यदिति वाच्यम्, कस्यापि विशेषणज्ञानेन विशेष्यं जानामीति प्रतीतेरनुदयात् । किन्तु विशेषणज्ञानेन विशेषणं विशेष्यज्ञानेन च विशेष्यं जानामीत्यनुभवात् । न चादौ दण्डाग्रहे दण्डिनमहं वेद्मीति कतं न दण्डविशिष्टपुरुषबुद्धिरन्यथा[२] दण्डरहितेऽपि पुरुषे तथा प्रत्ययप्रसङ्गादिति वाच्यम्, दण्डविशिष्टे पुरुषे प्रवर्त्तमानया बुद्ध्या सकृदेव दण्डविशिष्टपुरुषग्रहणात् दण्डरहिते च तद्वैशिष्ट्याभावादेव तथा प्रतीत्यनुदयात् । ततो[३] विशेष्यज्ञानं सकृदेव विशेषणविशेष्योभयालम्बनमेव न तु विशेषणज्ञानेन जन्यत्वात्केवलं विशेष्यविषयम् । विशेषणज्ञानस्य करणत्वे विशेष्यज्ञानस्य च ज्ञानकार्य्यत्वे विशेषणज्ञानं प्रत्यपि करणान्तरापत्तिश्च स्यात् तत्रापि दण्डत्वादिजातिज्ञानस्य करणत्वाभ्युपगमे तत्राप्यन्यस्य वक्तव्यत्वापत्तेः, तस्माद्विशेषणविशेष्यज्ञानयोर्न करणत्वक्रियात्वे अपि तु ते एकज्ञानस्वरूपे

---

१. ज्ञानक्रियायाः करणज्ञानस्य च भिन्नत्वान्नास्ति विरोध इति चेत्किं करणज्ञानं का वा ज्ञानक्रियेत्यत्राह न चेति ॥ २. दण्डाग्रहेऽपि दण्डविशिष्टपुरुषबुद्ध्यभ्युपगम इत्यर्थः ॥ ३. तुल्यदेशावस्थायिनि तुल्येन्द्रियग्राह्येऽर्थे घटपटादौ एकस्यापि ज्ञानस्य व्यापारेऽविरोधः, न च तत्रापि विषयभेदेन ज्ञानभेदो भाव्यः, ज्ञानानां युगपद्भावानभ्युपगमात् नापि क्रमेण, तथाऽप्रतीतेः, युगपद्भावे च कार्यकारणभावोऽपि न स्यादेव सव्येतरगोविषाणवत् तस्माद्विशेष्यज्ञानं विशेषणविशेष्योभयावलम्बनमेवेत्याशयेनाह ततो विशेष्यज्ञानमिति ॥

अत एव च तयोर्यथा न विरोधस्तथा कर्मत्वेनापि, तस्मात्[१] प्रमातुरात्मनो वस्तुपरिच्छित्तौ साधकतमत्वेन व्यापृतं रूपं करणं निर्व्यापारं तु क्रिया स्वातंत्र्येण पुनर्व्यापृियमाणः कर्त्ता आत्मेति ज्ञानात्मक एवात्मा ज्ञानात्मनार्थं जानातीति कर्तृकरणक्रियाविकल्पेन प्रतीतिसिद्धः, एवं कर्मव्यवहारोऽपि ज्ञानात्माऽऽत्मनाऽऽत्मानं जानातीति घटते सर्वथा कर्तृकरण-कर्मक्रियाणामभेदानभ्युपगमात् तासां कर्तृत्वादिशक्तिनिमित्तत्वात्कथञ्चिद्भेदसिद्धेः । ततश्च ज्ञानं स्वप्रकाशमेवेति संक्षेपः ॥

પ્રમાણનિરૂપણ નામક સપ્તમ કિરણ

પ્રમાણનું નિરૂપણ કર્યા બાદ, તે પ્રમાણના પ્રામાણ્યમાં વાદીઓનો વિવાદ હોવાથી તેનું વિવેચન કહે છે.

ભાવાર્થ – "જ્ઞાનનું પ્રામાણ્ય એટલે પ્રમેયનું અવ્યભિચારિપણું જ છે. સ્વભિન્નગ્રાહ્યની અપેક્ષાએ પ્રમેયનું વ્યભિચારિપણું જ્ઞાનનું અપ્રમાણ્ય, સર્વજ્ઞાન સ્વની અપેક્ષાએ પ્રમાણ જ છે. બાહ્ય અર્થની અપેક્ષાએ તો કિંચિત્ પ્રમાણ છે-કિંચિત્ અપ્રમાણ છે."

વિવેચન – પ્રામાણ્યપદનો અર્થ=પ્રમિતિ વિષયભૂત જે અર્થ છે, તેની સાથે અવ્યભિચરણશીલત્વ જ્ઞાનનિષ્ઠ પ્રામાણ્ય છે.

[જેવો અર્થ પ્રત્યક્ષ આદિ જ્ઞાનથી જાણ્યો, તેવો જ અર્થ જ્ઞાનમાં જ્યારે પ્રાપ્ત કરાય, ત્યારે તે જ્ઞાન પ્રમાણ છે. જેમ કે-સત્ય રજતનું જ્ઞાન.]

અપ્રમાણપદનો અર્થ=પ્રમેયાવિનાભાવિથી ભિન્ન પ્રમેયવ્યભિચારિત્વ 'અપ્રામાણ્ય' છે. જેવો અર્થ જ્ઞાનવિષયતામાં આવ્યો, તેવો જ અર્થ જો જ્ઞાનમાં ન પ્રાપ્ત થાય, તો તે જ્ઞાન અપ્રમાણ છે. જેમ કે-'છીપમાં આ ચાંદી' એવું જ્ઞાન.

○ સર્વ જ્ઞાનોનું સ્વસંવેદન કથંચિત્ પ્રમાણ છે-એવી ઉપપત્તિ હોઈ, બાહ્ય પદાર્થની અપેક્ષાએ કોઈ એક જ્ઞાન પ્રમાણભૂત છે અને કોઈ એક જ્ઞાન પ્રમાણાભાસ છે.

શંકા – એ પ્રમાણેના કથનથી શું વિરોધનો પ્રસંગ નહિ આવે ?

સમાધાન – એક જીવના આવરણના વિગમવિશેષથી સત્યેતર (અસત્ય) સંવેદનના પરિણામની સિદ્ધિ છે. જેમ કે-શ્વેતઘટમાં પીતઘટજ્ઞાન. તથાચ સર્વત્ર જ્ઞાનસ્વરૂપમાં પ્રામાણ્ય આવરણશૂન્ય છે. બાહ્ય પદાર્થમાં

---

१. ननु चक्षुरादिकं हि करणं ज्ञानक्रियातो भिन्नमेव, न च ज्ञानेनार्थं जानामीति प्रतीत्या ज्ञानस्यापि करणत्वमिति वाच्यम् तत्र ज्ञायतेऽनेनेति व्युत्पत्त्या ज्ञानपदस्य चक्षुषो बोधकत्वादिति चेन्न तस्य साधकतमत्वासम्भवात् व्यवधानात् ज्ञानस्यैव साधकतमत्वात् न च यदेव ज्ञानं पदार्थस्य ज्ञानक्रियायां करणं तदेव ज्ञानक्रियेति कथं तत्र क्रियाकरणव्यवहारः प्रातीतिकः स्याद्विरोधादिति वाच्यम् कथञ्चिद्भेदादित्याशयेनाह तस्मात्प्रमातुरिति ॥

તો તે આવરણનો ક્ષયોપશમ અનિયત છે, માટે સ્વભાવની કલ્પનાથી વિરોધ નથી. આ કથનથી જ્ઞાન માત્ર સ્વ અપેક્ષાથી પ્રત્યક્ષ-પ્રમાણ છે.

શંકા – અનુમિતિત્વ આદિની સાથે પ્રત્યક્ષત્વનું શું સાંકર્ય નહીં થાય ને ?

સમાધાન – ક્વચિત્ સંકીર્ણજાતિમાં પણ અદુષ્ટપણાનો સ્વીકાર છે. આ પ્રમાણે જ્ઞાન, પદાર્થસંવેદકની માફક સ્વસંવેદકપણાએ પણ ભાસિત થાય છે.

શંકા – જે અનુભાવ્ય (વિષય-જ્ઞેય) છે, તે અનુભૂતિ(જ્ઞાન)રૂપ નથી એમ જોયેલ છે. જેમ કે-ઘટ વગેરે. જેમ ઘટ વિષય છે પણ અનુભૂતિ(જ્ઞાન)રૂપ નથી. જો જ્ઞાનને અનુભાવ્ય-વિષય તરીકે માનવામાં આવે, તો ઘટ-પટ આદિ વિષયની માફક જ્ઞાન પણ અજ્ઞાનરૂપ થઈ જાય ! એવી આપત્તિ આવે ને ?

સમાધાન – જેમ જ્ઞાતાનો જ્ઞાતારૂપથી અનુભવ થાય છે, તેમ અનુભૂતિનો પણ અનુભૂતિરૂપથી અનુભવ થાય છે, પરંતુ અનુભાવ્યરૂપથી નહીં. વળી જ્ઞાનને અનુભાવ્ય માનવામાં દોષ નથી, કેમ કે-પદાર્થની અપેક્ષાએ જ્ઞાન અનુભૂતિરૂપ છે, પરંતુ સ્વજ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન અનુભાવ્ય છે. વળી અપેક્ષાના ભેદથી વિરોધ નથી. જેમ કે-એક જ પુરુષમાં પોતાના પિતાની અપેક્ષાએ પુત્રત્વ અને પોતાના પુત્રોની અપેક્ષાએ પિતાપણું છે. તેવી રીતે એક જ અનુભૂતિ ભિન્ન ભિન્ન અપેક્ષાઓથી અનુભૂતિ અને અનુભાવ્ય કહેવાય છે, માટે કોઈ દોષ નથી. વળી 'સ્વ આત્મામાં (જ્ઞાનસ્વરૂપમાં) ક્રિયાનો વિરોધ છે' એમ નથી, કેમ કે-અનુભવથી સિદ્ધ અર્થમાં વિરોધનો અભાવ છે.

હવે એ પ્રશ્ન થાય છે કે-એવી કયી ક્રિયા છે, કે જે આત્મામાં (જ્ઞાનમાં) વિરૂદ્ધ છે ? જુઓ, પરિસ્પંદસ્વરૂપાક્રિયા જ્ઞાનમાં નથી, કેમ કે-તે પરિસ્પંદરૂપ ક્રિયા દ્રવ્યવૃત્તિ હોઈ અદ્રવ્યભૂત જ્ઞાનમાં સંભવિત નથી. ધાતુના અર્થરૂપ ક્રિયા, જ્ઞાનમાં અકર્મિકા નથી એમ નહીં પણ છે. 'વૃક્ષ ઉભું છે.' અહીં સ્થિતિરૂપ અકર્મિકાક્રિયાની વૃક્ષાદિ રૂપમાં સ્વાત્મામાં જ પ્રતીતિથી પણ વિરોધની માફક 'જ્ઞાન સ્વયં પ્રકાશે છે' ઇત્યાદિમાં પણ અકર્મકક્રિયાનો જ્ઞાનસ્વરૂપપણામાં અવિરોધ છે, કેમ કે-બંને ઠેકાણે પણ પ્રતીતિની તુલ્યતા છે.

શંકા – હવે 'જ્ઞાન પોતાને જાણે છે' આવી સકર્મકક્રિયા સ્વાત્મામાં (જ્ઞાનસ્વરૂપમાં) વિરૂદ્ધ છે, કેમ કે-સ્વરૂપથી બીજે ઠેકાણે જ કર્મપણાની પ્રતીતિ છે ને ?

સમાધાન – જો સકર્મકક્રિયા સ્વાત્મામાં ન માનવામાં આવે, તો 'આત્મા આત્માને હણે છે'-પ્રદીપ આત્માને પ્રકાશે છે' ઇત્યાદિ ક્રિયામાં વિરોધની આપત્તિ આવે છે. ઇષ્ટાપત્તિ પણ નથી. માટે 'હું ઘટને જાણું છું' ઇત્યાદિ વાક્યમાં જેમ કર્તા અને કર્મનું જ્ઞાન થાય છે, તેમ હું જ્ઞાનને જાણું છું' ઇત્યાદિ પ્રયોગમાં કર્તા અને કર્મનું જ્ઞાન થાય છે.

શંકા – અહીં પારમાર્થિક કર્મત્વ નથી, પરંતુ આત્માદિરૂપ કર્તામાં ઉપચરિત જ છે ને ?

સમાધાન – કર્તારૂપ જ્ઞાનમાં પણ સ્વરૂપમાં જ જ્ઞાનક્રિયાનિરૂપિત કર્મપણાએ ઉપચાર છે.

શંકા – જ્ઞાનમાં કર્મત્વ તાત્ત્વિક છે, કેમ કે-પ્રમેય તો છે ને ?

સમાધાન – સર્વથા કર્મત્વના કર્તારૂપ જ્ઞાનથી અભિન્નપણામાં વિરોધ સંભવી શકે ! જેમ કે-જો કર્તા

છે, તો કર્મ કેવી રીતે ? જો કર્મ છે, તો કર્ત્તા કેવી રીતે ?

○ જો કર્ત્તાથી વિરૂદ્ધ કર્મત્વ છે, તો કેવી રીતે ત્યાં જ્ઞાનની 'जानाति' એવી ક્રિયા સ્વાત્મામાં થઈ શકે ? જો સર્વથા ભિન્ન કર્મત્વ માનવામાં આવે, તો કેવી રીતે 'ઘટને તે કરે છે' એવી ક્રિયા પણ ઘટકારના સ્વાત્મામા ન થઈ શકે ? જો વિરૂદ્ધ ન થાય તો !

○ કર્ત્તાથી કર્મત્વ કથંચિત્ ભિન્ન છે. આવી માન્યતામાં આ દર્શનમાં જ્ઞાનની અથવા આત્માની સર્વથા સ્વાત્મામાં ક્રિયા દૂરથી ફેંકી દીધી જ છે, માટે વિરૂદ્ધતાને સ્પર્શતી નથી.

શંકા – કર્ત્તામાં સમવાયસંબંધથી રહેનારી જ્ઞાનક્રિયામાં કર્મપણાએ સ્વાત્મામા વિરોધ છે, તેથી બીજે ઠેકાણે જ કર્મત્વનું દર્શન છે ને ?

સમાધાન – તો તે જ્ઞાનક્રિયામાં કરણપણું પણ ન સંભવી શકે ને ? ખરેખર, દેખાય છે કે-'જ્ઞાનથી હું અર્થને જાણું છું' આવું કરણપણું સિદ્ધ છે. (જ્ઞાનક્રિયા અને કરણનું જ્ઞાન ભિન્ન હોવાથી વિરોધ નથી, તો કરણજ્ઞાન શું ? અથવા જ્ઞાનક્રિયા શું ? માટે અહીં કહે છે કે-'न च' ઇતિ.).

શંકા – 'ज्ञानेन' આ વાક્યથી વિશેષણજ્ઞાન કરણપણાએ વિવક્ષિત છે. 'अर्थं जानामि' આ વાક્યથી વિશેષ્યજ્ઞાન કર્મપણાએ વિવક્ષિત છે. તેથી કરણ અલગ છે અને કર્મ અલગ છે ને ?

સમાધાન – આ કથન બરાબર નથી, કેમ કે-કોઈમાં પણ 'વિશેષણજ્ઞાનથી હું વિશેષ્યને જાણું છું' એવી પ્રતીતિનો ઉદય નથી, પરંતુ વિશેષણના જ્ઞાનથી વિશેષણને અને વિશેષ્યના જ્ઞાનથી વિશેષ્યને હું જાણું છું એવો અનુભવ છે.

શંકા – આદિમાં દંડના અગ્રહણમાં 'દંડીને હું જાણું છું' આવી દંડવિશિષ્ટ પુરુષબુદ્ધિ કેમ નથી થતી ? અન્યથા, દંડરહિત પુરુષમાં પણ દંડવિશિષ્ટ પુરુષની પ્રતીતિનો પ્રસંગ આવશે ને ?

સમાધાન – દંડવિશિષ્ટ પુરુષમાં પ્રવર્તતી બુદ્ધિથી એકવાર જ દંડવિશિષ્ટ પુરુષના ગ્રહણથી અને દંડરહિતમાં તે દંડવૈશિષ્ટ્ય(વિશેષણ)ના અભાવથી જ, દંડવિશિષ્ટ પુરુષની પ્રતીતિનો અનુદય છે, માટે તથાપ્રસંગ નહીં આવે.

(તુલ્ય દેશમાં અવસ્થાયી, સમાન ઇન્દ્રિયગ્રાહ્ય અર્થમાં-ઘટ-પદાદિમાં એક પણ જ્ઞાનના વ્યાપારમાં અવિરોધ છે. ત્યાં પણ વિષયના ભેદથી જ્ઞાનભેદ સમજવાનો નથી, કેમ કે-જ્ઞાનોમાં યુગપદ્ભાવનો સ્વીકાર નથી, ક્રમથી પણ નથી; કેમ કે-તેવી પ્રતીતિ થતી નથી. વળી યુગપદ્ભાવમાં સવ્યેતર ગાયના શૃંગની માફક કાર્ય-કારણભાવ પણ થઈ શકે નહિ ! તેથી વિશેષ્યજ્ઞાન વિશેષણ-વિશેષ્ય ઉભયના અવલંબનવાળું જ છે.) તેથી વિશેષ્યજ્ઞાન એકવાર જ વિશેષણ-વિશેષ્ય ઉભય અવલંબનવાળું જ હોય છે, પરંતુ વિશેષણજ્ઞાનથી જન્ય હોવાથી કેવળ વિશેષ્ય વિષયવાળું નથી.

○ વિશેષણજ્ઞાનના કરણપણામાં અને વિશેષ્યજ્ઞાનના જ્ઞાનકાર્યપણામાં વિશેષણજ્ઞાન પ્રત્યે પણ બીજા કરણની આપત્તિ થશે ! ત્યાં પણ દંડત્વ આદિ જાતિજ્ઞાનના કરણપણાના સ્વીકારમાં ત્યાં પણ બીજા કરણની વક્તવ્યતાની આપત્તિ આવશે !

તેથી વિશેષણજ્ઞાન અને વિશેષ્યજ્ઞાનમાં કરણપણું અને ક્રિયાપણું નથી, પરંતુ તે વિશેષણજ્ઞાન અને

વિશેષ્યજ્ઞાન બંને એક જ્ઞાનના સ્વરૂપવાળા છે. એથી જ તે બંનેમાં જેમ વિરોધ ન થાય, તેમ કર્મપણાએ પણ સમજવું.

(ખરેખર, ચક્ષુ આદિ કરણ જ્ઞાનક્રિયાથી ભિન્ન જ છે. એમ નહીં કહેવું કે-'જ્ઞાનવડે અર્થને હું જાણું છું.' આવી પ્રતીતિથી જ્ઞાનનું પણ કરણપણું છે, કેમ કે-ત્યાં જેનાવડે જણાય છે, તે જ્ઞાન આવી વ્યુત્પત્તિથી જ્ઞાનપદ ચક્ષુનો બોધક છે ને ? આવી શંકાનું સમાધાન એ છે કે-ચક્ષુમાં સાધકતમપણાનો અસંભવ હોઈ, વ્યવધાનરૂપ હોઈ જ્ઞાનમાં જ સાધકતમપણું છે.

વળી 'જે જ્ઞાન જ છે, તે પદાર્થની જ્ઞાનક્રિયામાં કરણ છે અને તે જ જ્ઞાનક્રિયા છે, માટે ત્યાં-જ્ઞાનમાં ક્રિયાકરણવ્યવહાર કેવી રીતે પ્રતીતિસિદ્ધ થાય ? કેમ કે-વિરોધ છે.' આવું નહીં બોલવું, કેમ કે-કથંચિદ્ ભેદ છે.)

તેથી પ્રમાતારૂપ આત્માનું વસ્તુના પરિચ્છેદમાં સાધકતમપણાએ વ્યાપારવાળું રૂપ (સ્વરૂપ) કરણ છે. જેમ વ્યાપાર વગરનું સ્વરૂપ-ક્રિયા. વળી સ્વતંત્રપણાએ વ્યાપારવાળો કર્ત્તા આત્મા, 'જ્ઞાન આત્મક જ આત્મા જ્ઞાનરૂપે અર્થને જાણે છે.' આ કર્ત્તા-કરણ-ક્રિયાના વિકલ્પથી પ્રતીતિસિદ્ધ છે. આ પ્રમાણે કર્મનો વ્યવહાર પણ છે. જેમ કે-'જ્ઞાન આત્મા, આત્માવડે આત્માને તે જાણે છે' આવી પ્રતીતિથી ઘટી શકે છે. સર્વથા કર્ત્તા-કરણ-કર્મ-ક્રિયાઓના અભેદના અસ્વીકારથી તે કર્ત્તા-કરણ-કર્મ-ક્રિયાઓ, કર્તૃત્વ આદિ શક્તિ નિમિત્તજન્ય હોવાથી કથંચિદ્ ભેદની સિદ્ધિ છે અને તેથી 'ज्ञानं स्वप्रकाशरुपज' એવો સાર છે.

આશંકા – જ્ઞાનમાં રહેલ પ્રામાણ્યનો નિશ્ચય સ્વથી કે પરથી થઈ શકે ! પરંતુ સ્વથી પ્રામાણ્ય સંભવી શકતું નથી, કેમ કે-સ્વસંવિદિત હોવા છતાં જ્ઞાનરૂપે જ જ્ઞાનનું ગ્રહણ છે પરંતુ જ્ઞાનનિષ્ઠ પ્રામાણ્યથી ગ્રહણ નથી. કેમ કે-જ્ઞાનત્વ આભાસ સાધારણ (વ્યાપક) છે. જ્ઞાનવિષયક જ્ઞાનથી પ્રામાણ્યના પણ ગ્રહણમાં સર્વ વાદિઓની વિપ્રતિપત્તિના અભાવનો પ્રસંગ થાય ! અને ખરેખર, સ્વસ્વ જ્ઞાનના સ્વતઃ પ્રામાણ્યના ગ્રહણમાં સઘળા પ્રવાદો (મતો) સાચા થઈ જાય !

○ જ્ઞાનદ્વારા સ્વતઃ પ્રામાણ્યના ગ્રહણમાં પ્રામાણ્યનો નિશ્ચય હોવાથી, પ્રામાણ્યના સંશયના ઉચ્છેદનો પ્રસંગ આવી જશે ! અથવા જો જ્ઞાનનું પ્રામાણ્ય સ્વતઃ ગ્રાહ્ય માનો, તો અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં પ્રામાણ્યનો સંશય ન થાય ! ખરેખર, જો જ્ઞાન ગ્રહણ કરેલું નથી, તો ધર્મીના (વિષયના) જ્ઞાનના અભાવથી જ તે પ્રામાણ્યનો સંશય નથી, કારણ કે-સમાનધર્મદ્વારા ધર્મીનું જ્ઞાન સંશયનો હેતુ છે : અને જો જ્ઞાન ગ્રહણ કરેલું છે, તો તે જ્ઞાનનું પ્રામાણ્ય નિશ્ચિત જ છે, માટે ત્યારે પણ સંશય ન થાય ! વાસ્તે સ્વતઃ પ્રામાણ્ય સિદ્ધ થતું નથી. તેથી જ્ઞાનમાં પ્રામાણ્ય અનુમેય છે. વળી પરતઃ પ્રામાણ્ય પણ સંભવતું નથી.

ખરેખર, પર એટલે-(૧) બીજું જ્ઞાન, (૨) અર્થક્રિયાનિર્ભાસ (જ્ઞાન), (૩) તદ્ (જ્ઞાન) વિષયનાન્તરિયક અર્થદર્શન-એમ પરના ત્રણ અર્થો થાય છે. આ ત્રણેય અર્થો સ્વતઃ અગૃહિત પ્રામાણ્યવાળા હોઈ અવ્યવસ્થિત છે. તે અવ્યવસ્થિતોને પૂર્વ પ્રવર્ત્તકજ્ઞાન કેવી રીતે વ્યવસ્થિત બનાવી શકે ? અથવા એના સ્વતઃ પ્રામાણ્યમાં પ્રવર્ત્તકજ્ઞાન પણ તથૈવ-સ્વતઃ પ્રમાણવાળું જ થશે ! પરંતુ બીજાથી પ્રામાણ્યમાં તો અનવસ્થાનો પ્રસંગ આવશે જ. આવી આશંકામાં કહે છે કે-

ननु तत्प्रामाण्यनिश्चयस्स्वतो वा परतो वा स्यात् न स्वतः, स्वसंविदितत्वेऽपि ज्ञानत्वेनैव ज्ञानस्य ग्रहणात् न तु तन्निष्ठप्रामाण्येन, ज्ञानत्वस्य त्वाभाससाधारणत्वात् प्रामाण्यस्यापि ग्रहे सर्वेषां विप्रतिपत्त्यभावप्रसङ्गाय स्वस्वज्ञानस्य हि प्रामाण्यग्रहे सर्वे प्रवादास्सत्याः स्युः । ज्ञानेन स्वतः प्रामाण्यग्रहे प्रामाण्यनिश्चयात्संशयोच्छेदप्रसङ्गश्च यदि हि ज्ञानं न गृहीतं तदा धर्मिज्ञानाभावादेव न तत्संशयः, समानधर्मवत्तया धर्मिज्ञानस्य संशयहेतुत्वात् गृहीते च ज्ञाने तत्प्रामाण्यमपि गृहीतमेवेति तदापि संशयो न स्यादिति । नापि परतः, परो हि ज्ञानान्तरं वा अर्थक्रियानिर्भासो वा, तद्गोचरनान्तरीयकार्थदर्शनं वा तच्च सर्वं स्वतोऽगृहीतप्रामाण्यमव्यवस्थितं कथं पूर्वप्रवर्त्तकज्ञानं व्यवस्थापयेत् स्वतो वाऽस्य प्रामाण्ये प्रवर्त्तकज्ञानमपि तथैव स्यात् परस्याप्यन्यतः प्रामाण्ये त्वनवस्था प्रसज्येतेत्याशङ्कायामाह –

प्रामाण्याप्रामाण्ये च स्वकारणवृत्तिगुणदोषापेक्षयोत्पत्तौ परत एव ॥ २ ॥

प्रामाण्याप्रामाण्ये चेति । स्वकारणेति, स्वस्य ज्ञानस्य यत्कारणं चक्षुरादिकारणकलापः तन्निष्ठौ यौ गुणदोषौ तावपेक्ष्य प्रामाण्याप्रामाण्ये भवत इति परमपेक्ष्योत्पद्यमानत्वादुत्पत्तिविषये ते परत एव भवत इति भावः, तेनार्थतथाभावप्रकाशकत्वरूपस्य प्रामाण्यस्य स्वज्ञानकारणातिरिक्तगुणानपेक्षत्वात्स्वत एवोत्पत्तिः, तथाहि कारणगता न ते गुणा उपलभ्यन्ते चक्षुरादीनां ज्ञानकरणानामतीन्द्रियत्वेन तद्गुणानां प्रत्यक्षतः प्रतिपत्त्यसम्भवात् नाप्यनुमानेन, इन्द्रियनिष्ठगुणैस्साकं कस्यापि लिङ्गस्य प्रत्यक्षतः प्रतिबन्धाग्रहेण प्रत्यक्षतो गृहीतव्याप्तिकलिङ्गाभावात् । अनवस्थाप्रसरेणानुमानतो गृहीतव्याप्तिकलिङ्गाभावाच्च, लिङ्गनिष्ठव्याप्तिग्राहकानुमानस्याप्यनुमानान्तरतो गृहीतव्याप्तिकत्वात् अनुमानान्तरस्यापि तथात्वादिति । किञ्चार्थतथात्वपरिच्छेदकशक्तिरूपं हि प्रामाण्यं, शक्तयश्च सर्वास्स्वत एव भवन्ति, नोत्पादककारणकलापाधीनाः, यथाहि मृत्पिण्डे वर्त्तमाना रूपादयो मृत्पिण्डादुपजायमाने घटेऽपि कार्ये तत एवोत्पद्यन्ते, न तु कारणेष्वविद्यमानाः कार्यधर्माः कारणेभ्यः कार्ये उदयमासादयन्ति किन्तु स्वत एव, घटस्यैवोदकाहरणशक्तिवत्, तथा ज्ञानेऽप्यर्थतथात्वपरिच्छेदशक्तिश्चक्षुरादिष्वविद्यमाना न तस्मादुपजायते किन्तु स्वत एवेति मतमपास्तम्, अर्थतथाभावप्रकाशकत्वरूपप्रामाण्यस्य स्वत एवोत्पत्तौ निर्हेतुकत्वेन देशकालस्वभावप्रतिनियमानुपपत्तेः गुणवच्चक्षुरादिसत्त्वे यथावस्थितार्थप्रतिपत्तेस्तदभावे च तदभावस्य दृष्टत्वेन तद्धेतुकत्व-व्यवस्थापनात्,

कार्यकारणभावस्यान्वयव्यतिरेकनिबन्धनत्वात्, अन्यथा दोषवच्चक्षुराद्यन्वयव्यतिरेकसत्त्वेऽप्यप्रमाणत्वस्यापि स्वत एवोत्पत्तिः प्रसज्येत, न चेष्टापत्तिरपसिद्धान्तताप्रसङ्गात् । प्रत्यक्षादितोऽनुपलभ्यमानानामपि स्वकारणचक्षुरादिगतदोषाणामप्रामाण्योत्पत्तौ कारणत्वमिव गुणानामपि चक्षुरादिनिष्ठानां प्रामाण्योत्पत्तिकारणत्वे बाधकाभावाच्च, शक्तिरूपप्रामाण्यमपि न स्वत उत्पत्तुमर्हति, तथा सत्यप्रामाण्यस्यापि अयथार्थपरिच्छेदकशक्तिरूपस्य केनचित्कर्तुमशक्तेस्तत्स्वत एव स्यात् तत्कारणेषु तिमिरादिदोषवत्सु चक्षुरादिषु तस्या अविद्यमानत्वात् । इन्द्रियादीनां स्वेष्वविद्यमानाया अपि ज्ञानरूपताया इव तादृशशक्तेरप्याविर्भावकत्वे बाधकाभावात् ज्ञानविशेषाणां स्वतोऽनुत्पत्त्या तन्निष्ठशक्तीनां स्वत एवोत्पत्त्यसम्भवाच्च, न च शक्तयो ज्ञानव्यतिरिक्ताः, स्वाधाराभिमतभावकारणेभ्यो भावस्योत्पत्तावपि स्वाश्रयैस्ततोऽभवन्तीनां सम्बन्धासम्भवात् । भिन्नानां कार्यकारणभावातिरिक्तसम्बन्धासम्भवात् आश्रयाश्रयिभावस्यापि जन्यजनकभावनियतत्वात्, नापि धर्मधर्मिभावस्सम्बन्धः शक्तेरपारतन्त्र्ये धर्मत्वासम्भवात्, न चार्थतथाभावप्रकाशनरूपप्रामाण्यस्य स्वसामग्रीतो ज्ञानोत्पत्तावप्यनभ्युपगमे तद्विज्ञानस्य किं स्वरूपं ? नहि तद्व्यतिरेकेण विज्ञानस्वरूपं भवन्मते सम्भवति, किञ्च तदुत्पत्तावपि तन्नोत्पद्यते पश्चाच्च तद्व्यतिरिक्तसामग्रीत उत्पद्यत इत्यभ्युपगमे विरुद्धधर्माध्यासात्कारणभेदाच्च भेदः स्यात्, तयोरेव भेदहेतुत्वेनाभ्युपगमादिति वाच्यम्, विज्ञानस्य चक्षुरादिसामग्रीजन्यत्वेऽपि नैर्मल्यादिसामग्र्यन्तरात्प्रामाण्यस्य पश्चादुत्पत्तेरनभ्युपगमात्, किन्तु गुणवच्चक्षुरादिसामग्रीत आगृहीतप्रामाण्यस्वरूपस्यैव विज्ञानस्योत्पत्त्यभ्युपगमात्, तस्मादेव च ज्ञानमिव तदव्यतिरिक्तस्वभावं प्रामाण्यमपि परत उच्यते, तथा च प्रामाण्यं स्वोत्पत्तौ ज्ञानोत्पादककारणव्यतिरिक्तकारणान्तरापेक्षं तदन्वयव्यतिरेकानुविधायित्वात्, यच्चक्षुरादिव्यतिरिक्तस्यान्वयव्यतिरेकानुविधायि तत्तत्सापेक्षम्, यथाऽप्रामाण्यमिति प्रयोगेणोत्पत्तौ तस्य परापेक्षत्वं सिद्धम् । ननु भवतु प्रामाण्यमुत्पत्तौ परतः परञ्च दोषाभाव एव स्यान्न गुणः, दोषसत्त्वे प्रामाण्यानुदयेन तदुदये तदभावस्यैव हेतुत्वौचित्यात्, तथा च ज्ञानहेत्वतिरिक्तभावानपेक्षत्वेनोत्पत्तौ तत्स्वत इत्युच्यत इत्याशंकायामुक्तं स्वकारणवृत्तिगुणदोषेति, ज्ञानकारणातिरिक्तगुणदोषापेक्षयेति तदर्थः, तथा प्रामाण्ये गुणोऽप्रामाण्ये दोषो हेतुः, न तु प्रामाण्ये दोषाभावोऽन्यथा गुणसत्त्वेऽप्रामाण्यानुदयेन तदुदये गुणाभावस्यैव हेतुत्वौचित्यात्तस्यैव स्वतस्त्वापत्तिः स्यात्, न चाप्रामाण्यं प्रति दोषाणामन्वयव्यतिरेकौ स्त इति वाच्यम्, गुणानामप्यन्वयव्यतिरेकसम्भवात् । न च प्रामाण्ये

गुणा दोषोत्सारणमात्रप्रयुक्तसन्निधिका न तु प्रामाण्ये निमित्ता इति वाच्यम्, दोषा गुणोत्सारणमात्रप्रयुक्तसन्निधिका नत्वप्रामाण्ये निमित्ता इत्यपि तुल्यत्वात् दोषाभावस्य[१] तुच्छस्य गुणनिष्पाद्यत्वासम्भवाच्च, सस्वभावत्वे वा व्यतिरिक्तत्वे कारकव्यापारस्यासम्भवः स्यादपसिद्धान्तश्च प्रसज्येत, तथा च पर्युदासवृत्त्या गुणात्मक एव दोषाभावोऽभ्युपगन्तव्यः तथा गुणाभावोऽपि दोषात्मकः, इति युक्तं गुणदोषाभ्यां प्रामाण्याप्रामाण्ये इति भावः ॥

ननु प्रमाणं प्रामाण्यनिश्चये नान्यापेक्षं यदि ह्यपेक्षेत तत्तदा किं गुणान् संवादं वाऽपेक्षेत, नाद्यः, स्वकारणगुणानां प्रत्यक्षादिप्रमाणाग्राह्यत्वात् यदि यो यः कार्यविशेषः स गुणवत्कारणपूर्वको यथा प्रासादादिविशेषः, कार्यविशेषश्च यथावस्थितपरिच्छेद इति स्वभावहेतुना गुणवत्कारणपूर्वकत्वं सिद्ध्यतीत्युच्यते तदपि न युक्तम्, परिच्छेदे यथावस्थितार्थपरिच्छेदत्वासिद्धेः, तथा हि शुद्धकारकजन्यत्वेन संवादित्वेन बाधारहितत्वेनार्थतथात्वेन वा तत्सिद्धिर्वाच्या, तच्च न सम्भवति, परिच्छेदस्य यथावस्थितार्थपरिच्छेदत्वे गुणवत्कारणजन्यत्वस्य गुणवत्कारणजन्यत्वे च यथावस्थितार्थपरिच्छेदत्वस्यापेक्षितत्वेन प्रथमेऽन्योऽन्याश्रयात् संवादार्थिनां विज्ञाने यथावस्थितार्थपरिच्छेदत्वसिद्धमन्तरेण तत्पूर्वकप्रवृत्तेः प्रवृत्तिमन्तराऽऽर्थक्रियासंवादस्य तं विना यथावस्थितार्थपरिच्छेदत्वसिद्धेश्चासम्भवेन द्वितीये चक्रकापत्तेः, न तृतीयः, तुच्छस्वभावस्य बाधाविरहस्य सत्त्वेन ज्ञापकत्वेन वाऽनङ्गीकारात् पर्युदासवृत्त्या तदन्यज्ञानलक्षणस्य विज्ञानपरिच्छेदविशेषाविषयत्वेन तद्व्यवस्थापकत्वानुपपत्तेश्च । नापि चतुर्थः, अन्योन्याश्रयात्, अर्थतथाभावे सिद्धे तद्विज्ञानस्यार्थतथाभावपरिच्छेदत्वसिद्धिः, तत्सिद्धेश्चार्थतथाभावसिद्धिरिति । नापि संवादापेक्षया तज्ज्ञप्तिसिद्धिः, संवादकं समानजातीयं भिन्नजातीयं वा, यदि समानजातीयं तर्हि एकसन्तानप्रभवं भिन्नसन्तानप्रभवं वा, तत्र भिन्नसन्तानप्रभवस्य समानजातीयस्य संवादकत्वे देवदत्तघटविज्ञानं प्रति यज्ञदत्तघटान्तरविज्ञानस्यापि संवादकत्वं स्यात्, समानसन्तानप्रभवसमानजातीयज्ञानान्तरस्य संवादकत्वे च तस्यैकार्थविषयकत्वे संवाद्यसंवादकयोरविशेषः, एकविषयत्वेऽपि यथा प्राक्तनं विज्ञानं स्वसमानजातीयस्यैकसन्तानप्रभवस्योत्तरकालभाविनो विज्ञानस्य न संवादकं तथोत्तरमपि

---

१. ननु नैर्मल्यादयो गुणाः प्रामाण्येऽनुपयोगिनः किन्तु तेभ्यो दोषाणामभावः समुन्मिषतीत्यत्राह दोषाभावस्येति, तस्य तुच्छस्वभावतया कार्यत्वधर्माधारत्वं न भवेदिति भावः, अवश्यमनुभूयते दोषाभावस्य कार्यत्वाधारत्वम्, अञ्जनादेश्चक्षुरादौ क्रियमाणस्य प्रतीतेः, तथा च दोषाभावस्य दोषप्रतियोगिगुणस्वरूपत्वं वाच्यं, व्यतिरिक्तत्वेऽनुभवबाधापत्तेः, अनुभूयते च पुरा चक्षुषी सदोषे समभूतामधुना लब्धिसम्पन्ने इति । यदि दोषाभावो निःस्वभावः स्यात्तर्हि भावान्तरविनिर्मुक्तस्य भावस्यैवाभावत्वप्रतिपादकत्वसिद्धान्तविरोध इत्याशयेनाह सस्वभावत्वे वेति ॥

पूर्वस्येति, किञ्चोत्तरज्ञानं प्रमाणमिति कुतस्सिद्धं येन प्रथमस्य प्रामाण्यनिश्चायकं भवेत्, न चान्यस्मात्तथाविधात्, अनवस्थापत्तेः । न चोत्तरज्ञानस्य कारणशुद्धिपरिज्ञानानन्तरभावित्वेन विशेषात्सम्भवति संवादकत्वमिति वाच्यम्, कारणशुद्धिपरिज्ञानस्यार्थक्रियापरिज्ञानं विनाऽसम्भवेन तत्र चक्रकदोषस्य दुर्वारत्वात् सम्भवे वा तस्यैव निश्चायकत्वेनोत्तरकालभाविनः कारणशुद्धिज्ञानसमन्वितस्य प्रामाण्यहेतुत्ववर्णनं व्यर्थं स्यात् । अथ भिन्नजातीयज्ञानान्तरस्य संवादकत्वे घटज्ञानस्यापि पटज्ञानप्रामाण्यनिश्चायकत्वापत्तिः स्यात्, स्वस्मिंश्च प्रामाण्यनिश्चयाभावे प्रवृत्त्यभावेन तन्निश्चयस्यावश्यकत्वे चक्रकप्रसङ्गेनार्थक्रियाकारिरूपं भिन्नजातीयमपि न तन्निश्चायकम्, न च प्रामाण्यसंशयादपि प्रवृत्तिसम्भवेनार्थक्रियाज्ञानसम्भव इति वाच्यम्, प्रामाण्यनिश्चयस्य निष्फलत्वापत्तेस्तदन्तरेणैव प्रवृत्तेः । प्रामाण्यनिश्चयमन्तरेण प्रवृत्तो विसंवादभाङ् मा भूवमिति ह्यर्थक्रियार्थी प्रामाण्यनिश्चयाय कुरुते प्रवृत्तिं सा च तदन्तरेणापि संजातेति, अर्थक्रियाज्ञाने च प्रामाण्यायान्यस्यापेक्षायामनवस्था भवेदित्याशंकायामाह –

પ્રામાણ્ય અને અપ્રામાણ્યની ઉત્પત્તિ

ભાવાર્થ – "પ્રામાણ્ય અને અપ્રામાણ્ય, સ્વ(જ્ઞાન)ના કારણમાં વર્તમાન ગુણ અને દોષની અપેક્ષાએ ઉત્પત્તિમાં પરતઃ જ છે."

વિવેચન – સ્વ એટલે જ્ઞાનનું જે કારણ, ચક્ષુ આદિ કારણ સમુદાય છે, તેમાં રહેલા જે ગુણ અને દોષ છે, તે બંનેની અપેક્ષાએ પ્રામાણ્ય અને અપ્રામાણ્ય થાય છે; માટે પરની (જ્ઞાનભિન્નની) અપેક્ષા રાખીને ઉત્પન્ન થતા હોવાથી ઉત્પત્તિના વિષયમાં તે પ્રામાણ્ય અને અપ્રામાણ્ય પરથી જ થાય છે.

પૂર્વપક્ષ – તેથી અર્થતથાભાવપ્રકાશકત્વરૂપ પ્રામાણ્ય, સ્વજ્ઞાનરૂપ કારણથી ભિન્ન ગુણની અપેક્ષા નહીં હોવાથી સ્વતઃ જ ઉત્પત્તિ છે. તે આ પ્રમાણે-કારણમાં રહેલા તે ગુણો ઉપલબ્ધ-પ્રત્યક્ષ થતા નથી, કેમ કે-જ્ઞાનના કારણભૂત ચક્ષુ આદિ અતીન્દ્રિય હોઈ ચક્ષુ આદિગત ગુણોની પ્રત્યક્ષથી પ્રતિપત્તિનો અસંભવ છે.

વળી કારણગત ગુણો અનુમાનથી પણ અનુમેય થતા નથી, કેમ કે-ઇન્દ્રિયમાં રહેલા ગુણોની સાથે કોઈ પણ હેતુની પ્રત્યક્ષથી વ્યાપ્તિનું ગ્રહણ નહીં હોવાથી પ્રત્યક્ષથી વ્યાપ્તિ ગ્રાહકહેતુનો અભાવ છે. અનવસ્થાના પ્રસરણ થવાથી અનુમાનથી વ્યાપ્તિના ગ્રહણવાળા લિંગનો અભાવ છે. જેમ કે-હેતુનિષ્ઠ વ્યાપ્તિગ્રાહક અનુમાનમાં પણ બીજા અનુમાનથી ગૃહિત વ્યાપ્તિકત્વ છે અને બીજા અનુમાનમાં ત્રીજા અનુમાનથી ગૃહિત વ્યાપ્તિકત્વ છે. આવી રીતે અનવસ્થાનું પ્રસરણ હોઈ અનુમાનથી કારણગત ગુણો જણાતાં નથી.

○ વળી ખરેખર, અર્થતથાત્વપરિચ્છેદ શક્તિરૂપ પ્રામાણ્ય છે અને સઘળી શક્તિઓ સ્વતઃ જ થાય છે, પરંતુ ઉત્પાદક કારણકલાપને આધીન નથી. તે આ પ્રમાણે-માટીના પિંડમાં વર્તમાન રૂપ આદિ, માટીના

પિંડથી ઉત્પન્ન થતા ઘટકાર્યમાં પણ રૂપ આદિ, તે માટીના પિંડમાંથી ઉત્પન્ન થાય છે, પરંતુ કારણોમાં અવિદ્યમાન એવા કાર્ય ધર્મો (ગુણો) કારણોથી કાર્યમાં ઉદયમાં આવતા નથી પણ સ્વતઃ એવ ઉદયને પામે છે. જેમ કે-ઘટની જ પાણી લાવવાની શક્તિ. તેવી રીતે જ્ઞાનમાં પણ અર્થતથાત્વપરિચ્છેદ શક્તિ, ચક્ષુ આદિ કારણોમાં અવિદ્યમાન, ચક્ષુ આદિ કારણકલાપથી ઉત્પન્ન થતી નથી પરંતુ સ્વતઃ એવ ઉત્પન્ન થાય છે.

ઉત્તરપક્ષ – અર્થતથાભાવપ્રકાશકત્વરૂપ પ્રામાણ્યની સ્વતઃ એવ ઉત્પત્તિમાં હેતુજન્ય નહીં હોવાથી દેશ-કાળ-સ્વભાવના પ્રતિનિયમની અનુપપત્તિ છે. તે આ પ્રમાણે-ગુણવાળા ચક્ષુ આદિ કારણ હોયે છતે યથાવસ્થિત અર્થની પ્રતિપત્તિ અને ગુણવાળા ચક્ષુ આદિ કારણનો અભાવ હોયે છતે યથાવસ્થિત અર્થની પ્રતિપત્તિનો અભાવ છે. આવું દર્શન હોવાથી તે હેતુથી જન્યત્વની વ્યવસ્થા બરોબર છે, કેમ કે-કાર્ય-કારણભાવ અન્વયવ્યતિરેકના નિબંધનવાળો છે. જો આમ ન માનવામાં આવે, તો દોષવાળા ચક્ષુ આદિના અન્વયવ્યતિરેકની સત્તામાં પણ અપ્રમાણપણાની પણ સ્વતઃ એવ ઉત્પત્તિનો પ્રસંગ આવશે ! વળી ઈષ્ટાપત્તિ પણ ન થઈ શકે, કેમ કે-અપસિદ્ધાન્તતાનો પ્રસંગ આવે !

○ પ્રત્યક્ષ આદિથી નહીં ઉપલબ્ધ થતા પણ સ્વકારણ ચક્ષુ આદિ ગત દોષોમાં અપ્રામાણ્યની ઉત્પત્તિમાં, કારણતાની માફક ચક્ષુ આદિમાં રહેલ ગુણોમાં પણ પ્રામાણ્યની ઉત્પત્તિમાં કારણતામાં બાધકનો અભાવ હોવાથી શક્તિરૂપ પ્રામાણ્ય પણ સ્વતઃ એવ ઉત્પન્ન થવાને યોગ્ય નથી.

જો સ્વતઃ એવ ઉત્પત્તિ માનવામાં આવે, તો અયથાર્થપરિચ્છેદમાં શક્તિરૂપ અપ્રામાણ્યની કોઈનાથી પણ કરવાની તાકાત નહીં હોવાથી, તે અપ્રામાણ્ય સ્વતઃ એવ ઉત્પન્ન થઈ જશે ! કેમ કે-તે અપ્રામાણ્યના કારણભૂત તિમિરાદિ દોષવાળા ચક્ષુ આદિમાં તે શક્તિનું અવિદ્યમાનપણું છે.

○ ઈન્દ્રિય આદિના પોતાનામાં અવિદ્યમાન પણ જ્ઞાનરૂપતાની માફક તાદૃશ શક્તિના આવિર્ભાવકપણામાં બાધકનો અભાવ હોઈ જ્ઞાનવિશેષોની સ્વતઃ ઉત્પત્તિ નહીં હોવાથી, તે જ્ઞાનવિશેષનિષ્ઠ શક્તિઓની સ્વતઃ એવ ઉત્પત્તિનો અસંભવ છે.

○ વળી શક્તિઓ જ્ઞાનથી અલગ નથી, કેમ કે-સ્વ(શક્તિ)ના આધારરૂપે અભિમત ભાવરૂપ કારણોથી ભાવની ઉત્પત્તિમાં પણ સ્વનો આશ્રય (ભાવજ્ઞાન) એક છે. તેથી ભાવજ્ઞાનથી નહિ થતી (સ્વતઃ એવ થતી) શક્તિઓના સંબંધનો અસંભવ છે.

○ જ્ઞાનથી ભિન્ન શક્તિઓમાં કાર્ય-કારણભાવથી ભિન્ન સંબંધનો અસંભવ છે, કેમ કે-આધાર-આધેયભાવમાં પણ કાર્ય-કારણભાવનો નિયમ છે.

○ ધર્મ-ધર્મીભાવ સંબંધ પણ નથી, કેમ કે-શક્તિમાં અપારતંત્ર્યપણામાં ધર્મપણાનો અસંભવ છે.

શંકા – અર્થતથાભાવપ્રકાશનરૂપ પ્રામાણ્યના સ્વસામગ્રીથી જ્ઞાનોત્પત્તિમાં પણ અસ્વીકારમાં તે વિજ્ઞાનનું શું સ્વરૂપ છે ? સ્વસામગ્રીથી જ્ઞાનોત્પત્તિ સિવાય વિજ્ઞાનનું સ્વરૂપ આપના મતે સંભવતું નથી. વળી સ્વસામગ્રીથી જ્ઞાનોત્પત્તિ થયે છતે પણ વિજ્ઞાનસ્વરૂપ પેદા થતું નથી અને પછીથી તેનાથી ભિન્ન સામગ્રીથી ઉત્પન્ન થાય છે. આવી માન્યતામાં વિરૂદ્ધ ધર્મના અધ્યાસથી અને કારણના ભેદથી ભેદ થઈ જાય ! કેમ કે-તે વિરૂદ્ધ ધર્માધ્યાસ અને કારણભેદમાં ભેદના હેતુપણાનો સ્વીકાર છે ને ?

સમાધાન – વિજ્ઞાન, ચક્ષુ આદિ સામગ્રીથી જન્ય હોવા છતાં નિર્મળતા આદિ રૂપ બીજી સામગ્રીથી વિજ્ઞાનનિષ્ઠ પ્રામાણ્યની પછીથી ઉત્પત્તિનો અસ્વીકાર છે.

○ પરંતુ ગુણવાળા ચક્ષુ આદિ સામગ્રીથી ગ્રહણ કરેલા પ્રામાણ્યના સ્વરૂપવાળા જ વિજ્ઞાનની ઉત્પત્તિનો સ્વીકાર છે. તેથી જ જ્ઞાનની માફક તે જ્ઞાનથી અભિન્ન સ્વભાવવાળું પ્રામાણ્ય પણ પરતઃ કહેવાય છે. તથાચ પ્રામાણ્ય, સ્વની ઉત્પત્તિમાં જ્ઞાનના ઉત્પાદક કારણથી ભિન્ન-બીજા કારણોની અપેક્ષાવાળું છે, કેમ કે-તે કારણોની સાથે અન્વયવ્યતિરેકને અનુસરનારું પ્રામાણ્ય છે. જે ચક્ષુ આદિથી ભિન્ન કારણના અન્વયવ્યતિરેકનો અનુવિધાયી (પ્રામાણ્ય) છે, તે સાપેક્ષ છે. જેમ અપ્રામાણ્ય. આ પ્રમાણે અનુમાનપ્રયોગદ્વારા ઉત્પત્તિમાં પ્રામાણ્ય પરની અપેક્ષાવાળું છે, એમ સિદ્ધ છે.

શંકા – ભલે, ઉત્પત્તિમાં પ્રામાણ્ય પરતઃ હો ! પરંતુ પર એટલે દોષનો અભાવ જ થશે પણ ગુણ નહીં, કેમ કે-દોષની હાજરીમાં પ્રામાણ્યના ઉદયનો અભાવ હોઈ, તે પ્રામાણ્યના ઉદયમાં તે દોષનો અભાવ જ હેતુપણાએ ઉચિત છે. તથાચ જ્ઞાનના હેતુથી ભિન્ન ભાવની અપેક્ષા વગર ઉત્પત્તિમાં તે પ્રામાણ્ય સ્વતઃ છે, એમ કહેવાય છે ને ? માટે આવી આશંકા થયે છતે કહ્યું છે કે-જ્ઞાનકારણથી ભિન્ન ગુણ-દોષની અપેક્ષાથી પ્રામાણ્યમાં ગુણહેતુ છે, અપ્રામાણ્યમાં દોષહેતુ છે, પરંતુ પ્રામાણ્યમાં દોષનો અભાવહેતુ નથી.

[જ્ઞાનના સાધનભૂત ઇન્દ્રિય વગેરે જો નિર્મળતા આદિ ગુણવિશિષ્ટ છે, તો તે પ્રમાણભૂત જ્ઞાન પેદા કરે છે. જો તે જ ઇન્દ્રિય આદિ કાચ-કમલ આદિ દોષવિશિષ્ટ છે, તો અપ્રમાણભૂત જ્ઞાનને પેદા કરે છે. ત્યાં જ્ઞાનની ઉત્પત્તિ ઇન્દ્રિયોનું કારણત્વ છે. જ્ઞાનગત પ્રામાણ્ય-અપ્રામાણ્યના ઉત્પાદકપણામાં ગુણ અને દોષનું કારણત્વ છે, આવો વિવેક છે.]

જો પ્રામાણ્યમાં દોષાભાવને હેતુ માનવામાં આવે, તો ગુણની હાજરીમાં અપ્રામાણ્યના અનુદયથી તે અપ્રામાણ્યના ઉદયમાં ગુણાભાવનું જ હેતુપણું ઉચિત હોઈ તે અપ્રામાણ્યમાં સ્વતઃપણાની આપત્તિ આવી જાય !

શંકા – અપ્રામાણ્ય પ્રત્યે દોષોનો અન્વયવ્યતિરેક છે જ ને ? તો પૂર્વોક્ત આપત્તિ કેવી રીતે ?

સમાધાન – તો પછી ગુણોનો પણ અન્વયવ્યતિરેક છે જ, માટે પ્રામાણ્ય પ્રત્યે ગુણો કારણ છે, દોષાભાવ નહીં.

શંકા – પ્રામાણ્યમાં ગુણોનું સાન્નિધ્ય દોષોને દૂર કરવાના માત્ર પ્રયોજનવાળું છે, પરંતુ પ્રામાણ્યમાં કારણરૂપે કેવી રીતે ?

સમાધાન – તો દોષોનું સાન્નિધ્ય ગુણોને દૂર કરવાના માત્ર પ્રયોજનવાળું જ છે, પરંતુ અપ્રામાણ્યમાં કારણરૂપે નથી. એમ પણ તુલ્યપણું છે અને તુચ્છભૂત દોષાભાવમાં ગુણજન્યપણાનો અસંભવ છે.

[નિર્મળતા આદિ ગુણો પ્રામાણ્યમાં અનુપયોગિ છે, પરંતુ તે ગુણોથી દોષોનો અભાવ વિકસે છે. તે દોષાભાવ તુચ્છ સ્વભાવવાળો હોઈ કાર્યત્વધર્મનો આધારભૂત ન થઈ શકે ! અવશ્ય અનુભવાય છે કે-'દોષનો અભાવ કાર્યત્વનો આધાર છે, કેમ કે-ચક્ષુ આદિમાં કરાતા અંજન આદિની પ્રતીતિ છે.' તથાચ દોષાભાવ દોષપ્રતિયોગિ ગુણસ્વરૂપવાળો કહેવો જોઈએ. અન્યથા અનુભવની બાધાની આપત્તિ આવે છે.

વળી અનુભવાય છે કે-'પહેલાં બે આંખો દોષવાળી હતી, હમણાં તે શક્તિશાળી થઈ છે.' જો દોષાભાવ સ્વભાવ વગરનો હોય, તો અન્ય ભાવથી રહિત ભાવમાં જ અભાવત્વ પ્રતિપાદકત્વના સિદ્ધાન્તનો વિરોધ છે. આવા આશયથી કહે છે કે-'सस्वभावत्वेवा' ઇતિ.]

દોષાભાવના સ્વભાવસહિતપણામાં કે અભાવમાં કારકવ્યાપારનો અસંભવ થઈ જાય ! અને અપસિદ્ધાન્તનો પ્રસંગ આવી જાય !

તથાચ પર્યુદાસ(સદંશગ્રાહક નઞ્) વૃત્તિથી ગુણ આત્મક જ દોષાભાવ સ્વીકારવો જોઈએ. તેવી રીતે ગુણાભાવ પણ દોષાત્મક સ્વીકારવો જોઈએ. માટે બરોબર વ્યાજબી છે કે-'ગુણ અને દોષથી પ્રામાણ્ય અને અપ્રામાણ્ય છે.'

પૂર્વપક્ષ – પ્રમાણ, પ્રામાણ્યના નિશ્ચયમાં અન્યની અપેક્ષા વગરનું છે. જો ખરેખર, અપેક્ષા રાખે છે એમ કહો, તો શું ગુણોની કે સંવાદની અપેક્ષા રાખે છે ?

(૧) ગુણોની અપેક્ષા રાખે છે-એવો પહેલો પક્ષ પણ ઠીક નથી, કેમ કે-સ્વ(જ્ઞાન)ના કારણભૂત ગુણો પ્રત્યક્ષ આદિ પ્રમાણથી અગ્રાહ્ય છે. જો જે જે કાર્યવિશેષ છે, તો તે તે ગુણવાળા કારણપૂર્વક (જન્ય) છે. જેમ કે-પ્રાસાદ આદિ કાર્યવિશેષ. વળી કાર્યવિશેષ યથાર્થ પરિચ્છેદ છે. આ પ્રમાણે સ્વભાવહેતુવડે ગુણવાળા કારણપૂર્વકપણું (જન્યત્વ) સિદ્ધ થાય છે.

ઉત્તરપક્ષ – આપનું ઉપરોક્ત કથન વ્યાજબી નથી, કેમ કે-પરિચ્છેદમાં યથાવસ્થિત પરિચ્છેદપણાની અસિદ્ધિ છે. તે આ પ્રમાણેઃ-(૧) શુદ્ધકારક (ણ) જન્યત્વથી, (૨) સંવાદિપણાથી, (૩) બાધારહિતપણાથી અને (૪) અર્થના તથાત્વથી યથાવસ્થિતાર્થ પરિચ્છેદત્વની સિદ્ધિ કહેવી જોઈએ તે સંભવતું નથી.

(૧) પરિચ્છેદના યથાવસ્થિત અર્થના પરિચ્છેદપણામાં ગુણવાળા કારણજન્યત્વની અપેક્ષા છે અને ગુણવાળા કારણજન્યત્વમાં યથાવસ્થિત અર્થપરિચ્છેદપણાની અપેક્ષા હોઈ પ્રથમ પક્ષમાં અન્યોન્યાશ્રયદોષ છે.

(૨) સંવાદના અર્થીઓના વિજ્ઞાનમાં યથાવસ્થિત અર્થપરિચ્છેદત્વની સિદ્ધિ સિવાય યથાવસ્થિત અર્થપરિચ્છેદત્વપૂર્વક પ્રવૃત્તિનો અસંભવ છે. પ્રવૃત્તિ સિવાય અર્થક્રિયા સંવાદનો અસંભવ છે, તે અર્થક્રિયા સંવાદ સિવાય યથાવસ્થિત અર્થપરિચ્છેદત્વ સિદ્ધિનો અસંભવ છે. તેથી બીજામાં (સંવાદિપણામાં) ચક્રકદોષની આપત્તિ છે. [तदपेक्षापेक्ष्यपेक्षितत्व निबन्धनोऽनिष्टप्रसङ्गरूपश्चक्रकदोषः ।]

(૩) તુચ્છ સ્વભાવવાળા બાધાના અભાવનો સત્ત્વરૂપે કે જ્ઞાપકરૂપે અસ્વીકાર હોવાથી, પર્યુદાસવૃત્તિથી યથાર્થપરિચ્છેદત્વથી અન્ય જ્ઞાનરૂપ બાધાવિરહમાં વિજ્ઞાનપરિચ્છેદ વિશેષનું અવિષયપણું હોઈ, તે યથાર્થ પરિચ્છેદત્વ વ્યવસ્થાપકપણાની અનુપપત્તિ છે.

(૪) પરિચ્છેદમાં યથાર્થપરિચ્છેદત્વની સિદ્ધિમાં ચોથો અર્થતથાત્વ સાધક નથી. કેમ કે-અન્યોન્યાશ્રયદોષ છે. જેમ કે-અર્થતથાભાવ સિદ્ધ થયે છતે તે અર્થવિજ્ઞાનમાં અર્થતથાભાવ પરિચ્છેદપણાની સિદ્ધિ છે અને અર્થતથાભાવ પરિચ્છેદપણાની સિદ્ધિથી અર્થતથાભાવની સિદ્ધિ છે.

સંવાદની અપેક્ષાએ તે પ્રામાણ્યની જ્ઞપ્તિની સિદ્ધિ સંભવતી નથી. સંવાદક (કારણગુણજ્ઞાન અને બાધકાભાવજ્ઞાનમાં સંવાદકજ્ઞાન રૂપત્વ છે. જેવો અર્થ પૂર્વજ્ઞાનમાં પ્રથાપથમાં અવતીર્ણ છે, તેવો જ આ અર્થ જે વિજ્ઞાનથી વ્યવસ્થાપિત કરાય છે, તે વિજ્ઞાન સંવાદક છે.) વિજ્ઞાન સમાનજાતીય છે કે ભિન્નજાતીય છે ? જો સમાનજાતીય છે, તો તે એક સંતાનજન્ય છે કે ભિન્ન સંતાનજન્ય છે ? ત્યાં જો ભિન્ન સંતાનજન્ય-સમાનજાતીય વિજ્ઞાનને સંવાદક માનવામાં આવે, તો દેવદત્ત ઘટના વિજ્ઞાન પ્રત્યે યજ્ઞદત્તના બીજા ઘટના વિજ્ઞાનમાં સંવાદકપણું થઈ જાય ! અને જો સમાનજન્ય-સમાનજાતીય જ્ઞાનાન્તરમાં સંવાદકપણું માનવામાં આવે, તો તે જ્ઞાનનું એક અર્થના વિષયકપણામાં સંવાદ્ય (સંવાદવિષય) અને સંવાદકમાં વિશેષનો અભાવ થાય છે.

○ એકવિષયતામાં પણ જેમ પૂર્વનું વિજ્ઞાન સ્વસમાનજાતીય-એકસંતાનજન્ય ઉત્તરકાળમાં થનાર વિજ્ઞાનનું સંવાદક નથી, તેમ ઉત્તર પણ પૂર્વનું સંવાદક નથી.

વળી 'ઉત્તરજ્ઞાન પ્રમાણ છે' આવું ક્યાંથી સિદ્ધ થાય ? કે જેથી પ્રથમનું પ્રામાણ્ય નિશ્ચાયક થઈ શકે !

વળી બીજા તથાપ્રકારના જ્ઞાનથી પ્રામાણ્યનિશ્ચાયક થશે ! એમ ન કહો, કેમ કે-અનવસ્થાની આપત્તિ આવશે.

શંકા – કારણશુદ્ધિના પરિજ્ઞાન પછી થનાર હોઈ વિશેષથી ઉત્તરજ્ઞાન સંવાદક થશે જ ને ?

સમાધાન – અર્થક્રિયાના પરિજ્ઞાન વિષય કારણશુદ્ધિના પરિજ્ઞાનનો અસંભવ હોઈ ત્યાં ચક્રકદોષનું નિવારણ બની જાયછે, અથવા કારણશુદ્ધિના પરિજ્ઞાનના સંભવમાં તે કારણશુદ્ધિનું પરિજ્ઞાનનું નિશ્ચાયકપણું હોઈ, ઉત્તરકાળભાવિ કારણશુદ્ધિજ્ઞાન સમન્વિતજ્ઞાન(ઉત્તરજ્ઞાન)ના પ્રામાણ્યહેતુપણાનું વર્ણન નિરર્થક થઈ જાય !

હવે ભિન્નજાતિય જ્ઞાનાન્તરનું સંવાદકપણું માનવામાં ઘટના જ્ઞાનમાં પણ પટના જ્ઞાનના પ્રામાણ્યનિશ્ચાયકપણાની આપત્તિ થાય ! અને સ્વમાં (જ્ઞાનમાં) પ્રામાણ્યના નિશ્ચયના અભાવમાં પ્રવૃત્તિનો અભાવ હોઈ, તે પ્રામાણ્યનિશ્ચયના આવશ્યકપણામાં ચક્રકદોષના પ્રસંગથી અર્થક્રિયાકારીરૂપ ભિન્નજાતીય પણ પ્રામાણ્યનો નિશ્ચાયક નથી.

શંકા – પ્રામાણ્યના સંશયથી પણ પ્રવૃત્તિનો સંભવ હોઈ અર્થક્રિયાજ્ઞાનનો સંભવ છે જ ને ?

સમાધાન – જો આમ છે, તો પ્રામાણ્યના નિશ્ચયની નિષ્ફળતાની આપત્તિ છે, કેમ કે-તે પ્રામાણ્યના નિશ્ચય સિવાય પ્રવૃત્તિ છે. ખરેખર, પ્રામાણ્યના નિશ્ચય સિવાય પ્રવૃત્તિવાળો, 'વિસંવાદવાળો હું ન થાઉં' માટે અર્થક્રિયાનો અર્થી પ્રામાણ્યના નિશ્ચય માટે પ્રવૃત્તિ કરે છે અને તે પ્રવૃત્તિ પ્રામાણ્યના નિશ્ચય સિવાય પણ થયેલી છે. અર્થક્રિયાના જ્ઞાનમાં પ્રામાણ્ય માટે બીજા જ્ઞાનની અપેક્ષામાં અનવસ્થા થાય ! આવી આશંકામાં કહે છે કે-

ज्ञप्तौ त्वनभ्यासदशापन्ने परतोऽभ्यासदशापन्ने च स्वत एवेति ॥ ३ ॥

ज्ञप्ताविति । तुशब्दः पूर्वस्माद्वैलक्षण्यप्रकाशकः, तदेवाहानभ्यासेति, ज्ञप्ताविति विषय-सप्तमी, ज्ञप्तिविषये तावदभ्यासदशापन्ने स्वमपेक्ष्य, अनभ्यासदशापन्ने च ज्ञाने परमपेक्ष्य

प्रामाण्याप्रामाण्ये भवत इत्यर्थः, एवशब्देनोभयस्यापेक्षाविशेषेण स्वापेक्षत्वं परापेक्षत्वञ्च व्यावर्त्तितम् । तथा च प्रामाण्याप्रामाण्ये अभ्यासदशापन्नज्ञाने स्वाश्रयग्राह्ये, अनभ्यासदशापन्ने तु परतो[1] ग्राह्ये, अभ्यासानभ्यासौ ज्ञानावरणक्षयोपशमविशेषप्रयोज्यौ जातिविशेषावेव ज्ञानगतौ, विषयगतत्वन्तु तयोरुपचारात्, आत्मनः परिणामित्वेनोभयस्वभावात्, तेन सर्वथा क्षणिकस्य नित्यस्य वाऽऽत्मनोऽभ्यासानभ्यासस्वभावत्वं कथमिति शङ्का परास्ता । द्रव्यत्वस्य परिणामित्व-व्याप्यत्वात् । प्रामाण्यग्राहकञ्च परं स्वाश्रयातिरिक्तं संवादज्ञानमेव, कारणगुणबाधकज्ञानयोर-प्येतन्मुखापेक्षित्वात् । कारणगुणानां संवादप्रत्ययमन्तरेण ज्ञातुमशक्यत्वात् संवादप्रत्ययतः[2] कारणगुणपरिज्ञानाभ्युपगमे च तत एव प्रमाण्यनिश्चयस्यापि सिद्धत्वेन कारणगुणपरिकल्पना-नर्थक्यात् । न चैकदा संवादप्रत्ययेन निश्चित्य कारणगुणानन्यदा तन्निश्चयादेव तज्जन्यज्ञानस्य निश्चयो न तत्र पुनस्संवादापेक्षेति वाच्यम्, अतीन्द्रियेषु चक्षुरादिषु कालान्तरेऽपि संवादक-ज्ञानमन्तरा गुणानुवृत्तेर्निश्चेतुमशक्यत्वात्, न च संवादप्रत्ययात्प्रामाण्याभ्युपगमे संवादप्रत्यय-स्याप्यपरसंवादप्रत्ययात्प्रामाण्यावगमेनानवस्थेति वाच्यम्, संवादप्रत्ययस्य संवादरूपत्वेना-परसंवादापेक्षाभावादनवस्थानवतारात् । न च प्रथमस्यापि संवादापेक्षा मा भूदिति वाच्यम्, संवादजनकत्वस्यैव प्रामाण्यत्वेन तदभावे प्रामाण्यासम्भवात् अर्थक्रियाज्ञानरूपं संवादज्ञानन्तु साक्षादविसंवादि, अर्थक्रियालम्बनत्वात्, तस्य स्वविषयसंवेदनमेव प्रामाण्यं, तच्च स्वतस्सिद्धमिति नान्यापेक्षा । न चार्थक्रियाज्ञानस्याप्यवस्तुवृत्तिशङ्कायामन्यप्रमाणापेक्षया-ऽनवस्था स्यादिति वाच्यम्, अर्थक्रियाज्ञानस्यार्थक्रियानुभवस्वभावत्वेनार्थक्रियामात्रार्थिनां भिन्नार्थक्रियात एतज्ज्ञानमुत्पन्नं किं वा तद्व्यतिरेकेणेत्वेवंभूतायाश्चिन्ताया निष्प्रयोजनत्वात् निष्पन्नत्वाद्वाञ्छितफलस्य । एवञ्च संवादकज्ञानस्य परत्वे समानजातीयभिन्नजातीयैकसन्तान-भिन्नसन्तानविकल्पकृतदोषाणां नोपनिपातः, उभयस्वीकारात्, देवदत्तघटज्ञाने समानजातीय-यज्ञदत्तघटज्ञानस्य, प्रथमप्रवृत्तजलज्ञाने भिन्नजातीयस्योत्तरकालभाविस्नानपानावगाहनाद्यर्थ-क्रियाज्ञानस्य, एकसन्तानगतेऽन्धकारकलुषितालोकप्रभवकुम्भज्ञाने निस्तिमिरालोकप्रभवकुम्भ-

१. अनभ्यासदशायामपि स्वगतं प्रामाण्यं यदि स्वयमेव ज्ञायेत यथार्थपरिच्छेदकमहमस्मीति तदेदं ज्ञानं प्रमाणं नवेति प्रामाण्यसंशयो न स्यादेव, ज्ञानत्वे संशयाभाववत्, न च निश्चितेऽपि प्रामाण्ये प्रमाणाप्रमाणसाधारण-ज्ञानत्वधर्मदर्शनेन विशेषादर्शनेन च संशयो भवतीति वाच्यम्, साधकबाधकप्रमाणतिरस्कारेण साधारण-धर्मदर्शनस्य संशयं प्रत्यकारणत्वादन्यथा संशयानुच्छेदप्रसङ्गः स्यात् प्रकृते च स्वतः प्रामाण्यज्ञप्तिरूपस्य प्रामाण्यसाधकस्याप्रामाण्यबाधकस्य सत्त्वात् तस्मात्संशयानुरोधेन तत्र न स्वतो ग्राह्यं प्रामाण्यमिति भावः ।

२. संवादकज्ञानञ्च यादृशोऽर्थः पूर्वस्मिन् विज्ञानेऽवगतस्स तादृश एवेति येन विज्ञानेन व्यवस्थाप्यते तत्, अत्र पक्षे कारणगुणज्ञानस्य बाधकाभावज्ञानस्य च संवादकज्ञानत्वेन प्रामाण्यनिश्चायकत्वेन क्षतिः ॥

ज्ञानस्य, भिन्नसन्ताने च समानजातीयकुम्भज्ञानस्योक्तस्य संवादकत्वस्वीकारात्, एकसन्ताने-ऽभिन्नविषये संवाद्यसंवादकभावाविशेषस्य मन्दप्रबलसामग्रीसमुत्पाद्यतयैव निरासात्। तथा न संवादकज्ञानात्प्रामाण्यनिश्चये चक्रको दोषः, संवादज्ञानेन प्रथमं प्रामाण्यं निश्चित्यैव प्रवर्त्तत इत्यनभ्युपगमात्, वह्निस्वरूपदर्शनेऽसत्येकदा शीतपीडितोन्यकार्यार्थं वह्निमद्देशमुपसर्पंस्त-त्स्पर्शमनुभवति, कृपालुना वा केनचित्तद्देशं वह्नेरानयने तत्स्पर्शमनुभवति, तदाऽसौ, वह्नि-स्वरूपदर्शनस्पर्शनज्ञानयोस्संबन्धमवगच्छति 'एवम्भूतो भाव एवम्भूतप्रयोजननिर्वर्त्तक' इति, एवमवगतसम्बन्धोऽन्यदाऽनभ्यासदशायामनुमानात् 'ममाऽयं स्वरूपप्रतिभासोऽभिमतार्थ-क्रियासाधनः, एवंरूपप्रतिभासत्वात्पूर्वोत्पन्नैवंरूपप्रतिभासवदि' त्येवंरूपात्पूर्वदर्शनस्य प्रामाण्यं निश्चित्य प्रवर्त्तत इति चक्रकाभावात्। न च संशयात्प्रवृत्तौ तत्रार्थक्रियाज्ञानात्प्रामाण्यनिश्चयो विफल इति वाच्यम्, तत्रार्थक्रियाज्ञानजन्यप्रामाण्यनिश्चयस्य संशयापनयनफलत्वात्। संशयापगमस्यत्वभ्यासः प्रयोजनम्। एकदाऽर्थक्रियाज्ञानात् प्रामाण्यनिश्चयेऽन्यदा प्रतिपत्तृणां सुखेनैवाभ्यासात् स्वतः प्रामाण्यनिश्चयपूर्वकप्रवृत्तिसम्भवात्। न च संशयात्प्रवर्त्तमानस्य कथं प्रेक्षावत्त्वमिति वाच्यम्, अप्रेक्षावत्त्वस्यैवेष्टत्वात्, नहि कश्चिज्ज्ञात्या प्रेक्षावान् तदन्यो वा, प्रेक्षावरणक्षयोपशमविशेषस्य सर्वत्र सर्वदा सर्वेषामसम्भवात्, प्रक्षीणाशेषावरणादशेष-वेदिनोऽन्यत्र क्वचित्कदाचित्कस्यचिदेव प्रेक्षावत्त्वादित्यलं पल्लवितेन ॥

भावार्थ – "ज्ञप्तिमां तो अनभ्यासदशापन्नमां परतः प्रामाण्य छे अने अभ्यासदशापन्नमां स्वतः एव प्रामाण्य छे."

विवेचन – पहेलां ज्ञानની उत्पत्तिना विषयमां प्रामाण्य अने अप्रामाण्य બંને परतः કહેલ છે. 'तु' शब्द અહીં પહેલાંના કરતાં વિલક્ષણતાનો બોધક હોઈ, જ્ઞાનની જ્ઞપ્તિ(જ્ઞાન-અનુવ્યવસાય)ના વિષયમાં અભ્યાસદશાપન્ન જ્ઞાનમાં સ્વની અપેક્ષાએ જ્ઞાનગત પ્રામાણ્યનો અને અપ્રામાણ્યનો નિશ્ચય થાય છે. અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં परतः પ્રામાણ્યનો અને અપ્રામાણ્યનો નિશ્ચય થાય છે. એવ શબ્દથી ઉભયમાં અનભ્યાસદશાપન્ન જ્ઞાનની અપેક્ષાએ परतः કહેવાથી સ્વાપેક્ષાનો વ્યવચ્છેદ છે. અભ્યાસદશાપન્ન જ્ઞાન અપેક્ષાએ સ્વત એવ કહેવાથી પરાપેક્ષાનો વ્યવચ્છેદ સમજવો.

[જ્ઞાનની અભ્યાસદશામાં પ્રામાણ્ય અને અપ્રામાણ્યનો નિશ્ચય, સંવાદક, બાધકજ્ઞાનની અપેક્ષા વગર પ્રગટ થતો સ્વતઃ થાય છે અને અનભ્યાસદશામાં સંવાદક, બાધકજ્ઞાનની અપેક્ષા રાખીને થતો નિશ્ચય હોઈ 'परतः' એમ કહેવાય છે.]

તથાચ પ્રમાણ્ય અને અપ્રામાણ્ય, અભ્યાસદશાપન્ન જ્ઞાનમાં સ્વના (પ્રામાણ્ય-અપ્રામાણ્યના) આશ્રયભૂત જ્ઞાનથી ગ્રાહ્ય છે, પરંતુ અનભ્યાસદશાપન્ન જ્ઞાનમાં પ્રામાણ્ય અને અપ્રામાણ્ય परतः ગ્રાહ્ય છે. [અનભ્યાસદશામાં પણ સ્વ(જ્ઞાન)ગત પ્રામાણ્ય, જ્યારે સ્વયમેવ 'હું છું' આવું યથાર્થ પરિચ્છેદક જણાય,

ત્યારે આ જ્ઞાન પ્રમાણભૂત છે કે નથી ? આવો પ્રામાણ્યનો સંશય થઈ શકે જ નહિ. જેમ કે-જ્ઞાનત્વમાં સંશયનો અભાવ. વળી 'નિશ્ચિત પણ પ્રામાણ્યમાં પ્રમાણ-અપ્રમાણ સાધારણ, જ્ઞાનત્વરૂપ ધર્મના દર્શનથી અને વિશેષના અદર્શનથી સંશય થાય છે.' એમ પણ ન કહેવું, કેમ કે-સાધક-બાધક પ્રમાણના તિરસ્કારપૂર્વક સાધારણ ધર્મનું દર્શન સંશય પ્રત્યે અકારણ છે. અન્યથા, સંશયના અનુચ્છેદનો પ્રસંગ થઈ જાય ! વળી પ્રકૃતમાં પ્રામાણ્યસાધક-અપ્રામાણ્યબાધક પ્રામાણ્યજ્ઞપ્તિરૂપની સત્તા હોઈ, તેથી સંશયના અનુરોધથી ત્યાં સ્વતો ગ્રાહ્ય પ્રામાણ્ય નથી.]

અભ્યાસ અને અનભ્યાસ જ્ઞાનાવરણીયના ક્ષયોપશમરૂપ વિશેષરૂપ પ્રયોજકથી પ્રયોજ્ય (જન્ય) હોઈ, જ્ઞાનગત જાતિવિશેષ જ સમજવાના છે.

તે અભ્યાસ અને અનભ્યાસમાં વિષયગતપણું તો ઉપચારથી સમજવાનું છે, કેમ કે-આત્મા પરિણામી હોઈ અભ્યાસસ્વભાવી અને અનભ્યાસસ્વભાવી છે. તેથી આ નિરૂપણથી સર્વથા ક્ષણિક કે નિત્ય આત્મામાં અભ્યાસ-અનભ્યાસસ્વભાવપણું કેવી રીતે ? આવી શંકાનું ખંડન થઈ જાય છે, કેમ કે-દ્રવ્યત્વ પરિણામીત્વ વ્યાપ્ય છે, પરિણામિત્વ વ્યાપક છે અને દ્રવ્યત્વ વ્યાપ્ય છે. જે જે પરિણામી છે, તે તે દ્રવ્ય છે. વળી પ્રામાણ્યગ્રાહક, સ્વ(પ્રામાણ્ય)ના આશ્રયજ્ઞાનથી ભિન્ન સંવાદકજ્ઞાન છે, કારણ કે-ગુણજ્ઞાન અને બાધકાભાવજ્ઞાન સંવાદકજ્ઞાનની અપેક્ષાવાળું છે અર્થાત્ સંવાદકજ્ઞાનરૂપ છે.

○ કારણગુણો સંવાદકજ્ઞાન સિવાય જાણી શકાતાં નથી. સંવાદ(સંવાદજ્ઞાન એટલે જેવો અર્થ પૂર્વવિજ્ઞાનમાં જાણ્યો હતો, તે તેવો જ છે, આમ જે વિજ્ઞાનથી વ્યવસ્થાપિત કરાય છે. આ પક્ષમાં કારણગુણજ્ઞાન અને બાધકાભાવજ્ઞાન સંવાદજ્ઞાનપણાએ પ્રામાણ્ય નિશ્ચાયક છે, એમ માનવામાં કોઈ ક્ષતિ નથી.)ના જ્ઞાનથી કારણગુણ પરિજ્ઞાનના સ્વીકારમાં તે સંવાદજ્ઞાનથી પ્રામાણ્યનો નિશ્ચય પણ સિદ્ધ હોઈ કારણગુણની પરિકલ્પના નિરર્થક છે.

શંકા – એક કાળમાં સંવાદના જ્ઞાનથી કારણગુણોનો નિશ્ચય કરીને, બીજા કાળમાં તે કારણગુણોના નિશ્ચયથી જ તે કારણગુણજન્ય જ્ઞાનનો નિશ્ચય થાય છે. ત્યાં ફરીથી સંવાદની અપેક્ષા નથી જ ને ?

સમાધાન – અતીન્દ્રિય ચક્ષુ આદિમાં કાલાન્તરમાં પણ સંવાદકજ્ઞાન સિવાય ગુણોની અનુવૃત્તિનો નિશ્ચય કરી શકાતો નથી.

શંકા – સંવાદજ્ઞાનથી પ્રામાણ્યના સ્વીકારમાં એક સંવાદપ્રત્યયના પણ બીજા સંવાદપ્રત્યયથી પ્રામાણ્યના સ્વીકારથી અનવસ્થા ઊભી જ છે ને ?

સમાધાન – સંવાદપ્રત્યયનું સંવાદરૂપપણું હોઈ, અપરસંવાદની અપેક્ષાનો અભાવ હોવાથી અનવસ્થાનું અવતરણ નથી.

શંકા – પ્રથમ સંવાદપ્રત્યયને પણ સંવાદની અપેક્ષા ન હો ! પરંતુ બીજાને તો અપેક્ષા ખરી ને ?

સમાધાન – સંવાદજનકતાને જ પ્રામાણ્ય તરીકે માનવામાં આવે છે, કેમ કે-સંવાદજનકતાના અભાવમાં પ્રામાણ્યનો અસંભવ છે. અર્થક્રિયાજ્ઞાનરૂપ સંવાદજ્ઞાનનો સાક્ષાત્ અવિસંવાદી છે, કેમ કે-તે અર્થક્રિયાના આલંબનવાળું છે. તે અર્થક્રિયાજ્ઞાનરૂપ સંવાદજ્ઞાનનું સ્વવિષયસંવેદન જે પ્રામાણ્ય છે અને તે સ્વતઃ સિદ્ધ છે, માટે અન્યની અપેક્ષા નથી.

शंका – અર્થક્રિયાજ્ઞાનમાં પણ અવસ્તુવૃત્તિશંકા થયે છતે અન્ય પ્રમાણની અપેક્ષાથી અનવસ્થા થશે જ ને ?

समाधान – અર્થક્રિયાજ્ઞાન, અર્થક્રિયાના અનુભવના સ્વભાવપણાએ અર્થક્રિયા માત્રના અર્થીઓને 'ભિન્ન અર્થક્રિયાથી આ જ્ઞાન ઉત્પન્ન થયું છે કે શું તેના સિવાય ઉત્પન્ન થયું છે ?' આવી ચિંતા પ્રયોજન વગરની છે, કેમ કે-વાંછિત ફળ સિદ્ધ થઈ ગયું છે.

○ આ પ્રમાણે સંવાદકજ્ઞાનના પરત્વમાં સમાનજાતીય-ભિન્નજાતીય-એકસંતાન-ભિન્નસંતાનના વિકલ્પથી કરેલ દોષોનો ઉપનિપાત નથી, કેમ કે-ઉભયનો સ્વીકાર છે : કેમ કે-દેવદત્તના ઘટજ્ઞાનમાં સમાનજાતીય યજ્ઞદત્ત ઘટજ્ઞાનના સંવાદકત્વનો, પ્રથમ પ્રવૃત્ત જલજ્ઞાનમાં ભિન્નજાતીય ઉત્તરકાળભાવી સ્નાનપાન-અવગાહન આદિ અર્થક્રિયાજ્ઞાનના સંવાદકત્વનો, એક સંતાનગત અંધકારથી મલિન આલોકજન્ય કુંભજ્ઞાનમાં તિમિર વગરના આલોકજન્ય કુંભજ્ઞાનના સંવાદકત્વનો અને ભિન્નસંતાન સમાનજાતીય કુંભજ્ઞાનના કથિત સંવાદકત્વનો સ્વીકાર છે. અભિન્ન વિષયવાળા એકસંતાનમાં સંવાદ્ય-સંવાદકભાવના અવિશેષનો મંદ-પ્રબળ સામગ્રીજન્યપણાએ જ નિરાશ છે, તેવી રીતે સંવાદકજ્ઞાનથી પ્રામાણ્યના નિશ્ચયમાં ચક્રકદોષ નથી, કેમ કે-સંવાદજ્ઞાનથી પ્રથમ પ્રામાણ્ય નિશ્ચય કરીને પ્રવૃત્તિ કરે છે, એવો સ્વીકાર કરેલો નથી. અગ્નિના સ્વરૂપનું દર્શન નહિ હોયે છતે, એક વખત ઠંડીથી પીડિત થયેલો અને બીજા કાર્ય માટે વહ્નિવાળા પ્રદેશની નજીક જનારો માનવ વહ્નિના સ્પર્શનો અનુભવ કરે છે. અથવા કોઈ કૃપાળુએ તે દેશમાં આણેલ અગ્નિ હોયે છતે, તે અગ્નિના સ્પર્શનો જ્યારે અનુભવ કરે છે, ત્યારે આ માનવ વહ્નિસ્વરૂપના દર્શન-સ્પર્શનના જ્ઞાનના સંબંધને જાણે છે. જેમ કે-'આવો ભાવ (પદાર્થ) આવા કાર્યનો સર્જક છે.' આ પ્રમાણે સંબંધના જ્ઞાનવાળો, બીજી વખતે અનભ્યાસદશામાં અનુમાનથી 'મારું આ સ્વરૂપનું જ્ઞાન ઈષ્ટ અર્થની ક્રિયાનું સાધનવાળું છે, કેમ કે-એવુંરૂપ જ્ઞાન છે'-એમ માને છે. જેમ કે-પૂર્વમાં ઉત્પન્ન તથારૂપ પ્રતિભાસ, આવા અનુમાનથી પૂર્વદર્શનનું પ્રામાણ્ય નિશ્ચિત કરીને તે પ્રવૃત્તિ કરે છે, માટે ચક્રકદોષનો અભાવ છે.

शंका – જો સંશયની પ્રવૃત્તિ માનવામાં આવે છે, તો ત્યાં અર્થક્રિયાજ્ઞાનથી પ્રામાણ્યનો નિશ્ચય નિષ્ફળ થશે ને ?

समाधान – ત્યાં અર્થક્રિયાજ્ઞાનજન્ય પ્રામાણ્યનો નિશ્ચય સંશયને દૂર કરવાના ફળવાળો છે, કેમ કે-અભ્યાસ સંશયના અપગમનું ફળ છે.

○ એક વખત અર્થક્રિયાના જ્ઞાનથી પ્રામાણ્યનો નિશ્ચય થયે છતે, બીજી વખતે પ્રમાતાઓને સુખપૂર્વક અભ્યાસ થવાથી, સ્વતઃ પ્રામાણ્યના નિશ્ચયપૂર્વકની પ્રવૃત્તિનો સંભવ છે.

शंका – સંશયથી પ્રવૃત્તિ કરનારમાં કેવી રીતે પ્રેક્ષાવત્ત્વ (જ્ઞાન) માની શકાય ?

समाधान – ત્યાં અપેક્ષાવત્ત્વ (અજ્ઞાન) જ ઈષ્ટ છે. ખરેખર, કોઈ જન્મથી બુદ્ધિશાળી કે અજ્ઞાની હોઈ શકતો નથી. જ્ઞાનાવરણ ક્ષયોપશમવિશેષનો સઘળે ઠેકાણે, સર્વકાળે, સઘળા જીવોમાં અસંભવ છે. સમસ્ત આવરણના (ઘાતિકર્મના) ક્ષયથી સર્વજ્ઞભગવંતને છોડીને, કોઈ ઠેકાણે, કોઈ કાળમાં, કોઈ જીવમાં પ્રેક્ષાવત્ત્વ (વિશેષજ્ઞાન) હોય છે, માટે આ ચર્ચા વિસ્તારથી સરો !

तदेवं मत्यादिपञ्चविधं प्रत्यक्षपरोक्षरूपं सलक्षणं सभेदञ्च संक्षेपत आख्याय प्रमाणविषयफलप्रमातृरूपेषु चतुर्विधेषु तत्त्वस्य परिसमाप्तेस्तद्विषयमभिधातुकाम आह –

परिच्छेद्यमस्य प्रमाणस्य सामान्यविशेषाद्यनेकान्तात्मकं वस्तु ॥ ४ ॥

परिच्छेद्यमिति । परिच्छेत्तुं योग्यो विषय इत्यर्थः, परिच्छेद्यमस्यानेकान्तात्मकं वस्त्विति योजना, अनेकान्तः कीदृश इत्यत्राह सामान्यविशेषादीति, सामान्यञ्च विशेषश्च सामान्यविशेषौ वक्ष्यमाणस्वरूपौ तावादिर्यस्य सः, सचासावनेकान्तश्च, स एवात्मा स्वरूपं यस्य तदिति विग्रहः, वस्तुपदेन बाह्योऽभ्यन्तरश्च भावराशिर्ग्राह्यः, नित्यानित्यभेदाभेदाभिलाप्यानभिलाप्यादीनामादिना ग्रहणम् । ननु सत्त्वासत्त्वाद्यनेकान्तात्मकमिति कुतो नोक्तमितरेषां तदधीनत्वादिति चेन्न, सत्त्वासत्त्वात्मकत्वस्य सप्तभङ्गीनिरूपणेनावगतप्रायत्वात्, सामान्यशब्देन द्रव्यबोधकेन नित्यत्वस्य पर्यायवाचिविशेषशब्देनोत्पादव्ययययोश्च लाभेनोत्पादव्ययध्रौव्यात्मकत्वस्यापि वस्तुनि लाभाच्च तथोपन्यासः । ननु कथं सामान्य विशेषात्मकत्वं वस्तुनस्सम्भवति, सामान्यं ह्येकं, अनेके विशेषाः, नित्यं सामान्यं, अनित्या विशेषाः, निरवयवं सामान्यं, सावयवा विशेषाः, अक्रियं सामान्यं, सक्रिया विशेषाः, सर्वगतं सामान्यं, असर्वगता विशेषाः, तथा च वस्तु यदि सामान्यरूपं कथं विशेषरूपम्, अथ विशेषरूपं कथं सामान्यरूपम्, तदुभयरूपत्वे च वस्तुनस्सकललोकप्रसिद्धव्यवहारनियमोच्छेदप्रसङ्गः, तथाहि विषमोदकक्षीरादिव्यक्त्यभिन्नमेकं सामान्यं यदि वर्त्तते तर्हि विषं विषमेव, मोदको मोदक एवेति न स्यात्, मोदकाभिन्नसामान्याभिन्नत्वात् विषस्य, विषाभिन्नसामान्याभेदात् मोदकस्य, अपि तूभयमुभयरूपं स्यात् ततश्च विषे मोदके च विषार्थी प्रवर्त्तेत, मोदके विषे च मोदकार्थी, लोके च विषार्थी विष एव प्रवर्त्तते, मोदकार्थी मोदक एवेत्यस्य नियमस्योच्छेदः, तथा विषे भक्षिते मोदकोऽपि भक्षितस्स्यात् मोदके भक्षिते विषमपि, तथा च सति प्रतीतिविरोध इति चेन्नैवम्, सामान्यविशेषात्मकवस्तुनोऽनुभवसिद्धत्वात्, घटेषु घटो घट इत्यनुवृत्तप्रत्ययस्य ताम्रो

---

१. तथा च प्रयोगो जीवादिधर्मो अनन्तधर्मात्मकः प्रमेयत्वान्यथानुपपत्तेरिति, न च धर्मे व्यभिचारः, तस्याप्यनन्तधर्मात्मकत्वे धर्मित्वप्रसक्तेः इष्टापत्तौ न धर्मी स्यात्कोऽपि, धर्माभावादिति वाच्यम्, सर्वथा धर्मस्यैव कस्यचिदसम्भवात्, विवक्षितधर्म्यपेक्षया हि सत्त्वादिर्धर्मः, स स्वधर्मान्तरापेक्षया धर्म्यपि, न चानवस्था, अनाद्यनन्तत्वाद्धर्मधर्मिस्वभावभेदव्यवहारस्य । न च साधनस्य प्रमेयत्वस्यानन्तधर्मशून्यत्वे तेनैवानेकान्तः, तस्यानन्तधर्मात्मकत्वे धर्मित्वेन पक्षान्तर्गतत्वान्न हेतुत्वमिति वाच्यम्, धर्मिणो जीवादेरपोद्धियमाणस्य प्रमेयत्वादेर्धर्मस्य नयविषयस्य नयत्वेनाप्रमेयत्वाद्व्यभिचाराभावात् व्यभिचारलक्षणे साध्याभावतद्वृत्तित्वयोरेकावच्छेदेन प्रवेशादिति बोध्यम् ॥

मार्त्तिकस्सौवर्णइत्येवं व्यावृत्तप्रत्ययस्याबाध्यमानस्य प्रतिप्राणि प्रतीतत्वात् न चायं भ्रान्तः प्रत्ययः, अर्थसामर्थ्यजन्यत्वात्, अर्थविज्ञानसद्भावाद्धि तन्निश्चयो नार्थसद्भावमात्रात् सर्वार्थानामपि सद्भावस्याविशेषेण सर्वेषां सर्वज्ञत्वप्रसङ्गात्, उपजायते च ज्ञानं सामान्यविशेषाकारमेव, एकादिस्वभावं सामान्यमनेकादिस्वरूपो विशेष इति तु युक्तिविरहान्नाभ्युपगम्यते, एकादिस्वभावं हि सामान्यं किमनेकेषु विशेषेषु सर्वात्मना देशेन वा वर्त्तेत, न तावत्सर्वात्मना, आनन्त्यप्रसङ्गात् विशेषाणामनन्तत्वात् एकत्रैव सर्वात्मना वृत्तौ तद्भिन्नविशेषाणां सामान्यशून्यत्वापत्तेः, अनन्तत्वे चैकत्वविरोधात् नापि देशेन, सदेशत्वप्रसङ्गात्, नापि गगनवद्व्यापित्वाद्वर्त्तत इति साम्प्रतं कात्स्न्यदेशव्यतिरेकेण वृत्त्यदर्शनात् नभसस्सप्रदेशत्वेन न तद्वृत्तिरुभयव्यतिरिक्ता, अनेकत्र वृत्तेरनेकत्वं व्यापकं तद्विरुद्धं सर्वथैक्यं सामान्ये त्वयाभ्युपगम्यते ततो नानेकवृत्ति स्यात् विरोध्येकत्वसद्भावे तु व्यापकस्यानेकत्वस्य निवृत्त्या व्याप्यस्यानेकवृत्तित्वस्यावश्यं निवृत्तिः स्यात् न च यदि नित्यं व्याप्येकं निरवयवं सामान्यवस्तु न स्यान्न तदा देशकालस्वभावभेदभिन्नेषु घटशरावादिषु विशेषेषु सर्वत्र मृन्मृदित्यभिन्नौ बुद्धिशब्दो स्याताम्, न ह्यत्यन्तभिन्नेषु जलादिषु मृन्मृदित्येकाकारा बुद्धिर्भवति नाप्येकाकारः शब्दः प्रवर्त्तते, ततोऽभिन्नबुद्धिशब्दप्रवृत्तिनिमित्तस्य सामान्यस्य तादृशस्य सत्त्वमवश्यमाश्रयितव्यमिति वाच्यम्, तन्निबन्धनस्यास्माभिरनिषेधात् किन्त्वेकत्वादिधर्मयुक्तपरपरिकल्पितसामान्यस्यैव निषेधात् । अनेकान्तधर्मात्मकवस्तुनस्समानपरिणामस्यैव तादृशबुद्धिशब्दनिबन्धनत्वात् तुल्यज्ञानपरिच्छेद्यवस्तुरूपस्य समानपरिणामस्य विलक्षणत्वेन न वृत्तिविकल्पप्रयुक्तदोषसम्भवः, अस्यैव समानभावत्वोपपत्तेः, समानानां भावस्सामान्यमिति, समानैस्तथा भवनमित्यन्वर्थयोगात्, अर्थान्तरभूतभावस्य तद्व्यतिरेकेणापि तत्समानत्वेऽनुपयोगात्, अन्यथा समानानामित्यभिधानाभावादयुक्तैव तत्कल्पना । समानत्वञ्च भेदाविनाभाव्येव तदभावे च सर्वथैकत्वतस्समानत्वानुपपत्तिरिति समानपरिणाम एव समानबुद्धिशब्दद्वयप्रवृत्तिनिमित्तम्, अत एव य एवासावेकस्मिन् विशेषे स एव विशेषान्तर इति न, किन्तु समान इति, न चैवं

---

१. अनुभवसिद्धत्वमेव विशदयति अर्थविज्ञानसद्भावाद्धीति ॥ २. नार्थसद्भावोऽर्थसद्भावादेव कारणान्निश्चीयत इति भावः ॥ ३. आकाशस्य निष्प्रदेशत्वेऽयं दोषः तथाहि येन देशेन तद्विन्ध्येन संयुक्तं तेनैव देशेन हिमवदादिभिस्संयोगे विन्ध्यहिमवदादीनामेकत्रैवावस्थानं स्यात् अन्यथा निष्प्रदेशैकाकाशसंयोग एव न स्यात् । अन्येन देशेन संयोगे तु सप्रदेशत्वमेव । किञ्च यत्र विन्ध्यस्य सत्त्वं यत्र वा तस्याभावस्तयोराकाशभागयोस्सर्वथाऽनन्यत्वे यत्र विन्ध्यस्य भावस्तत्राप्यभावः स्यात् विन्ध्यवन्नभोभागस्य विन्ध्याभाववन्नभोभागानतिरिक्तत्वात् कथञ्चिदभेदेऽनेकान्तवादप्रवेशः सर्वथा भेदेऽन्यतरस्यानभोभागत्वप्रसङ्गः । अथ कथञ्चित्तर्हि स्वदर्शनपरित्यागो दोष इति ॥

सति विशेषाणां परस्परविलक्षणत्वान्न स्यात्समानबुद्धिशब्दद्वयप्रवृत्तिरिति वाच्यम्, वैलक्षण्ये सत्यपि समानपरिणामसामर्थ्यात्प्रवृत्तेः । असमानपरिणामनिबन्धना चेह विशेषबुद्धिः । समानपरिणामस्यासमानपरिणामाविनाभूतत्वेन यत एव वस्तु सामान्यरूपं तत एव विशेषरूपम् । यत एव च विशेषरूपमत एव च सामान्यरूपम्, न चानयोर्विरोधः, समानासमानपरिणामयोरुभयोरपि संवेदनस्योभयरूपत्वात् सोऽयं समानपरिणामो न विशेषादर्थान्तरं सर्वथैकस्वभावं वा, येन सकललोकप्रसिद्धसंव्यवहारनियमोच्छेदप्रसङ्गस्स्यात् । किन्तु भेदाविनाभूतत्वाद्य एव विषादभिन्नो न स एव मोदकादिभ्योऽपि, सर्वथा तदेकत्वे समानत्वायोगात् । न च समानपरिणामस्यापि प्रतिविशेषमन्यत्वेऽसमानपरिणामवत्तद्भावानुपपत्तिरिति वाच्यम्, परिणामस्यान्यत्वे सत्यपि समानासमानपरिणामयोर्भिन्नस्वभावत्वात् समानबुद्धिशब्दप्रवृत्तिनिमित्तस्वभावो हि समानपरिणामः, विशिष्टबुद्धिशब्दजननस्वभावो विशेष[1] इति । तस्माद्वस्तु सामान्यविशेषोभयात्मकमेवेति सिद्धम् । एवं नित्यानित्यात्मकत्वमप्यध्यक्षेणावगम्यते, अन्यथा वस्त्ववगमाभावः प्रसज्येत, तथाहि-अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावं सर्वथा नित्यमभ्युपगम्यते यदि तर्हि तद्वस्तु विज्ञानजननस्वभावं वा स्यादजननस्वभावं वा, यदि प्रथमः, तदा सर्वत्र सर्वदा सर्वेषां तद्विज्ञानप्रसङ्गः, तस्यैकस्वभावत्वात्, न ह्येवं दृश्यते, क्वचित्कदाचित्कस्यचिदेव तद्विज्ञानस्योदयात् । न च तस्य सर्वथैकस्वभावत्वेऽपि देशादिकृतविशेषात्तथेति वाच्यम्, प्राक्स्वभावविवृत्तिं विना विशेषासम्भवेन तद्भावेऽनित्यत्वप्रसङ्गात् । नापि सहकारिणमपेक्ष्य तज्जनयतीति वाच्यम्, एकान्तनित्यस्यापेक्षाऽयोगात् । सहकारिणा क्रियमाणस्य विशेषस्य ततोऽर्थान्तरत्वे नित्यस्य वस्तुनस्तेन प्रयोजनाभावात् वस्तुनस्तदवस्थत्वात्, वस्तुनि तस्य किञ्चित्कारित्वाभावात् किञ्चित्कारित्वे च तदिदं भिन्नमभिन्नं वेत्यावृत्त्यानवस्थापातात् । विशेषस्यानर्थान्तरभूतत्वे स विशेषो विद्यमानः क्रियमाणो भवत्यविद्यमानो वा, नाद्यो विद्यमानः कथं क्रियते, करणे वा भूयो भूयः करणं स्यात् विद्यमानत्वाविशेषात्, नाप्यविद्यमानः क्रियते व्याहतत्वात्, स तस्मादभिन्नोऽविद्यमानश्चेति, करणे वाऽनित्यत्वापत्तिः क्रियमाणे च तस्मिन् पदार्थस्यैव क्रियमाणत्वात् तस्य तदभिन्नत्वात् । विशेषस्याकरणे च स न तत्सहकारी स्यात् अकिञ्चित्करत्वात् । अकिञ्चित्करस्यापि सहकारित्वे सर्वभावानामेव तत्सहकारित्वप्रसङ्गः स्यात्, न च वस्तुन एव तथास्वभावो

१. एवञ्च विषार्थी विष एव प्रवर्त्तते, तद्विशेषपरिणामस्यैव तत्समानपरिणामाविनाभूतत्वात्, न तु मोदके तद्विशेषपरिणामस्य, तत्समानपरिणामाविनाभावाभावादिति बोध्यम् ॥

अन्ये तु शुक्तिकायां रजतं यच्चकास्ति तस्य बाह्यतया प्रतिभानं न संभवति, बाधकप्रत्ययेन तब्दाह्यतायाः प्रतिषेधात्[१] ततो ज्ञानात्मन एवायमाकारोऽनादिवासनामाहात्म्यात् बहिरिव परिस्फुरतीत्यात्मख्यातिरेवेयमित्याहुः, तेऽपि न प्रेक्षावन्तः, नेदमिति बाधकेनान्यत्र वर्त्तमानस्य रजतादेशशुक्तिकादेशस्थत्वस्यैव बाधनेन तद्बाह्यतामात्रस्याबाधनात् । नाप्यात्मा वासनया बहिरिव परिस्फुरतीति युक्तम्, तथाहि सा वस्तुस्वरूपा, अवस्तुस्वरूपा वा, नान्त्यो गगनकुसुमायिततया तस्या रजतव्यवस्थापकत्वासम्भवात् न प्रथमो ज्ञानाद्भिन्नत्वे तस्यास्त्वदभ्युपगतज्ञानाद्वैतक्षतेः ज्ञानाभिन्नत्वे ज्ञानाकारो ज्ञानाकारमाहात्म्याद्बहिरिव प्रतिभासत इत्युक्तं स्यात्, तथा च सति तदेव साध्यं साधनमित्यविशेषप्रसङ्गः, ततो न वासना युक्तिमती । ज्ञानाकारस्यैव रजतस्य संवेदने चाहं रजतमित्यन्तर्मुखतया प्रतीतिः स्यात् । न त्विदं रजतमिति बहिर्मुखतया, ज्ञाननिष्ठोऽपि रजताकारोऽनादिवासनामाहात्म्याच्छुक्तिनिष्ठतया प्रतिभासत इत्यभ्युपगमे चान्यथाख्यात्यङ्गीकारापत्तिः स्यात्, न च भ्रान्तयः स्वाकारमेव रजतादिकं बहीरूपतया प्रकाशयन्तीति वाच्यम्, प्रमाणाभावात्, अनुभवस्य[२] रजतज्ञानाकारासाक्षित्वात्, इदन्तया कलधौतस्यैव भासकत्वात्, शुक्तिकायां रजताकारताप्रतिषेधकत्वेन च बाधकज्ञानस्यापि तत्राप्रमाणत्वात् । न च रजते पुरोवर्त्तिशक्त्याकारत्वस्य प्रतिषेधेऽर्थतो बोधाकारत्वस्य सिद्धिरिति वाच्यम्, तत्प्रतिषेधेऽर्थतो देशान्तरसत्त्वस्यैव सिद्धेः, दृष्टातिक्रमेणादृष्टज्ञानाकारत्वकल्पने बीजाभावात्, नेदं रजतमपि तु शक्तिकाशकलमित्युल्लेखेन निषेधानुपपत्तेः, तव मते शुक्तिकायां रजतस्याप्रसक्तत्वात् शुक्तिरियं मया रजतत्वेन ज्ञातेति प्रत्यभिज्ञानुपपत्तेः, आन्तरं कलधौतं बहीरूपतया ज्ञातमिति प्रत्यभिज्ञाया एवापत्तेः । ज्ञानस्य बाह्यार्थाविषयकत्वे रजताकारोल्लेखेनेव नीलाद्याकारोल्लेखेनापि प्रवृत्त्यापत्तेर्नियामकाभावात्, वासनाया एव रजतदेशकालादीनामसतामवभासे नियामकत्वे चासत्ख्यात्यापत्तेश्चेति ॥

वेदान्तिनस्तु अनिर्वचनीयख्यातिमाहुस्तथाहि नात्र शुक्तौ भासमानं रजतं सत्, तथात्वे तद्बुद्धेर्वास्तवरजतबुद्धिवदभ्रान्तत्वं स्यात्, असत्त्वे तु तस्य गगनारविन्दवत्प्रतिभासप्रवृत्त्योरविषयत्वप्रसङ्गः, सदसद्रूपत्वे तूभयपक्षोपक्षिप्तदोषानुषङ्ग इत्यनिर्वचनीयमेवेदमिति, तदपि न सुन्दरम्, शुक्तौ रजतभ्रमे विषयभूतशुक्तिशकलस्य स्वपररूपाभ्यां सदसद्रूपस्याव्याहतत्वात्, न

---

१. नहि तत्प्रकारतया प्रतिभासमात्रेण तस्य तत्प्रकारकत्वमेव स्वीकर्तुं युज्यते, भ्रान्त्युच्छेदापत्तेरिति भावः ॥
२. रजतानुभवस्येत्यर्थः, स हि रजतमिदन्त्वेनैव बोधयति, न तु ज्ञानाकारत्वेन, येन प्रमाणं भवेदिति भावः । तत्र बाधकप्रत्ययोऽपि न प्रमाणमित्याह शुक्तिकायामिति ॥

च तस्य रजतप्रकारिताकत्वे किं नियामकमिति वाच्यम्, विशेषणज्ञानस्य तादात्विकशुक्ति-परिणामविशेषस्यैव[१] वा नियामकत्वात्, अर्थेनैव धियां विशेषात्, न च कुतो न विलक्षण-रजतोत्पाद इति वाच्यं तदुत्पादककारणाभावात् नहि परिणामिकारणादिसामग्रीं विना कार्योत्पत्तिः क्वचिदपि दृष्टा । न च शुक्तेरज्ञानमेव प्रतीयमानरजतस्य कारणमिति वाच्यं तस्य परिणामिकारणत्वायोगात् तत्त्[२]त्पर्यायपरिकरितद्रव्यस्यैव परिणामिकारणत्वात्, अज्ञानपर्याया-विष्टमात्मद्रव्यमेव तत्परिणामिकारणमस्त्विवत्यपि न चारु, चेतनस्याचेतनं प्रति कथमपि परिणामिकारणत्वानुपपत्तेः । न च सम्यग्ज्ञानप्रागभावमिथ्याज्ञानान्यतरभिन्नं मायाऽविद्यादि-शब्दवाच्यं वस्त्वन्तरमेवाज्ञानमनिर्वचनीयरजतहेतुरिति वाच्यं तादृशे मानाभावात् । नापि शुक्त्यज्ञानं रजतहेतुः, तस्य पाषाणादावपि सत्त्वेन देशनियमाभावात् । न चेन्दत्वावच्छेदेन शुक्त्यज्ञानमिदन्त्वावच्छेदेन रजतहेतुरिति वाच्यम्, दोषाभावकालेऽपि तस्मात्तत्प्रसङ्गात् दोषस्याप्यपेक्षणे चेदमंशावच्छेदेनाज्ञानान्तरस्योदासीनस्य च हेतुत्वं दुर्निवारमिति यत्किञ्चिदेतत् ॥

આરોપ તે શું છે, કે જે આરોપવિરોધિપણું પ્રમાણમાં હોય છે. આ વિષયને કહે છે.

પ્રકારવત્વ જ્ઞાનમાં આરોપ, વિરોધ અને પ્રમાણ

ભાવાર્થ – "તે પ્રકાર વગરની વસ્તુમાં તે પ્રકારત્વનું જ્ઞાન, એ આરોપ છે. તે આરોપ વિપર્યય, સંશય અને અનધ્યવસાયના ભેદથી ત્રણ પ્રકારનો છે. અન્યથાસ્થિત વસ્તુના એક કોટિ માત્ર પ્રકારવાળો નિશ્ચય વિપર્યય છે. જેમ કે-છીપમાં 'આ ચાંદી છે-આવું જ્ઞાન."

વિવેચન – જે પ્રકારવાળું જ્ઞાન કરાય છે, તે પ્રકારના અભાવવાળી વસ્તુમાં તે પ્રકારનું જ્ઞાન 'આરોપ' છે. તે આરોપનો વિભાગ કરે છે કે-'स' इति ।

હવે વિપર્યયનું લક્ષણ તે આકાર વગરની વસ્તુમાં તે માત્ર આકારના પ્રકારવાળો નિશ્ચય 'વિપર્યય' કહેવાય છે. અહીં નિશ્ચયપણું એટલે સંશયભિન્ન જ્ઞાનપણું જ સમજવાનું છે. તેથી અનધ્યવસાય સંશયથી ભિન્ન હોવા છતાં, એક કોટિ માત્ર પ્રકારવાળા નિશ્ચયપણાનો અભાવ હોવાથી અનધ્યવસાયમાં અતિવ્યાપ્તિ નથી, કેમ કે-તે અનધ્યવસાય વિશિષ્ટ વિશેષસ્પર્શી નથી. દૃષ્ટાન્ત કહે છે કે-'यथे'ति । જેમ કે-શુક્તિમાં આ રજત છે-એવું જ્ઞાન. રજતના આકાર વગરની છીપમાં રજતના આકારરૂપે 'આ ચાંદી છે' આવું જ્ઞાન વિપર્યાસરૂપ હોઈ વિપર્યયરૂપ 'विपरीतख्याति' એમ પણ કહેવાય છે. (અન્યથાસ્થિત શુક્તિ આદિરૂપ હોઈ વિપર્યયરૂપ આદિરૂપે પ્રતિભાસન, એમ 'અન્યથાખ્યાતિ' વિપરીતખ્યાતિ એમ કહેવાય છે.)

---

१. संवृतस्वाकारसमुपात्तरजतरूपापत्तिपरिणामविशेषस्येत्यर्थः ॥ २. सम्यग्ज्ञानप्रागभावो वा मिथ्याज्ञानं वा कारणमस्त्विवत्यत्राह तत्तत्पर्यायेति ॥

પૂર્વપક્ષ – અહીં આ ધ્યાન રાખવાનું છે કે-મીમાંસકો, ભ્રમના સ્થળમાં વિવેક અખ્યાતિ કહે છે. (શુક્તિમાં 'આ રજત છે.') અહીં પ્રત્યક્ષ અને સ્મરણરૂપ બે પ્રતીતિ ઉત્પન્ન થાય છે. તેમાં 'इदं अंश' પ્રત્યક્ષનો વિષય છે, હટ્ટસ્થ આદિ રજત તો સ્મરણનો વિષય છે. તે પ્રત્યક્ષ અને સ્મરણમાં, શુક્તિ અને રજતમાં ઇન્દ્રિયના દોષવશે ભેદનું ગ્રહણ થતું નથી. ભેદ વિવેકની અખ્યાતિ છે, એમ મીમાંસકો કહે છે. તે આ પ્રમાણે:-'આ ચાંદી છે' ઇત્યાદિ. ભ્રાન્તપણાએ અભિમત પ્રતીતિની ઉત્પત્તિમાં કયો હેતુ છે ? ઇન્દ્રિય હેતુ નથી, કેમ કે-તે ઇન્દ્રિય આગળ વર્તમાન શુક્તિ આદિમાં જ સંબંધવાળી હોઈ અસંબંધવાળા રજત આદિના જ્ઞાનના જનનમાં સામર્થ્યનો અભાવ છે. સંબંધવાળા વર્તમાનનું જ તે ઇન્દ્રિયથી ગ્રાહ્યપણું છે.

શંકા – દોષથી સહકૃત-અસંબંધવાળી પણ તે ઇન્દ્રિય, રજતજ્ઞાનજનનમાં સમર્થ થશે જ ને ?

સમાધાન – સ્વાભાવિક કાર્યજનનના સામર્થ્યના વિઘાતદ્વારા, પ્રતિહત શક્તિવાળા દોષમાં વિપરીત કાર્યની ઉત્પત્તિમાં તે ઇન્દ્રિયના સહકારિપણાનો અસંભવ છે. ખરેખર, કલુષિત ઘઉંના બીજ વગેરે, ડાંગરના અંકુર આદિના જનનમાં સમર્થ દેખાતાં નથી. વળી બીજું કાંઈ કારણ નથી, કેમ કે-વિનિવૃત્ત ઇન્દ્રિયવ્યાપારમાં પણ તથાવિધ બોધની ઉત્પત્તિનો પ્રસંગ થાય ! તેથી 'આ ચાંદી છે' આવા પ્રત્યક્ષ અને સ્મરણરૂપ બે જ્ઞાનો જ છે, કેમ કે-'इदं अंश'માં પ્રત્યક્ષરૂપ હેતુભૂત ઇન્દ્રિયસંનિકર્ષની અને રજતાંશમાં સાધારણ રૂપ આદિના દર્શનથી જાગૃત સંસ્કારવાળા પૂર્વના અનુભવથી જન્ય સ્મરણરૂપ હેતુની સત્તા છે. ત્યાં 'इदं' આ પ્રમાણેનું જ્ઞાન આગળ વર્તમાન શુક્તિકાના વિષયવાળું છે. 'रजतं' એવું જ્ઞાન પરોક્ષ રજતનું અવગાહી છે. ('પરોક્ષ' એવા પદથી રજતમાં ઇન્દ્રિયસંનિકર્ષનો અભાવ સૂચિત છે. રજતમાં અતિ દૂર હોવાથી, લિંગ આદિની અનુપલબ્ધિથી અનુમાન આદિ વિષયત્વનો અસંભવ હોવાથી રજતજ્ઞાન સ્મરણરૂપ જાણવું.) રજતજ્ઞાનની શુક્તિકાનો ટૂકડો વિષય નથી, કેમ કે-અન્ય આકારનો અતિપ્રસંગ છે. (તે તે જ્ઞાનમાં સકલવિષયના પ્રતિભાસનો પ્રસંગ હોઈ, સર્વ જ્ઞાનોમાં સકલવિષયકપણું અને સર્વ જીવોમાં સર્વજ્ઞપણું થઈ જાય. આવો અતિપ્રસંગ આવે છે. તેમજ અન્ય આકારજ્ઞાનના અન્ય વિષયકપણામાં સ્વવિષયનું વ્યભિચારિપણું (વ્યભિચાર) હોઈ, સર્વ જ્ઞાનોમાં વિશ્વાસનો અસંભવ હોવાથી ક્યાંય કોઈની પણ પ્રવૃત્તિ-નિવૃત્તિ નહિ થાય, એવો પણ અતિપ્રસંગ આવશે, આવો ભાવ છે.)

શંકા – 'તે રજત છે' એવા તત્ત્વનું અવભાસન નહિ હોવાથી રજતજ્ઞાન સ્મરણરૂપ નથી ને ?

સમાધાન – તત્તાના અંશથી રહિત પણ ઘણા જ્ઞાનોમાં સ્મરણની ઉપલબ્ધિ છે.

શંકા – તો 'આ ચાંદી છે' એવું એક જ્ઞાનપણાએ કેવી રીતે ભાન છે ? બે જ્ઞાનરૂપે કેમ નથી ? અને રજતમાં અતીતતાનો અવભાસ નથી ને ?

સમાધાન – આ તો દોષનો મહિમા છે. તેથી 'इदं' આવા જ્ઞાનનું શુક્તિકારૂપે શુક્તિકાને વિષય કરવામાં અસમર્થપણું હોઈ અને ઉભયના સાધારણ ધર્મના દર્શનથી રજતશક્તિમાં તથા બે જ્ઞાનોમાં ભેદના અગ્રહણથી દ્વિત્વનો અને અતીતતાનો અવભાસ નથી.

શંકા – બધા જ્ઞાનોમાં જ યથાર્થ જ્ઞાનપણું હોઈ, 'આ ચાંદી છે' ઇત્યાદિ બાધક પ્રતીતિઓ કોને બાધ કરનારી થાય છે ?

સમાધાન – તે બાધકજ્ઞાનોમાં 'આ' અલગ છે-રજત અલગ છે, એવા વિવેકનું પ્રકાશકપણું હોઈ બાધકજ્ઞાનપણું છે, પરંતુ રજતજ્ઞાનના અસત્યપ્રકાશકપણાએ નહિ.

○ સ્વપ્નજ્ઞાનનું એકપણું હોવા છતાં (એકત્વપણું એટલે સ્મૃતિરૂપપણું હોયે છતે સ્વપ્ન પ્રત્યક્ષરૂપ નથી, કેમ કે-ઇન્દ્રિયવ્યાપારનો અભાવ છે.) તે સ્વપ્નજ્ઞાનનું સ્મૃતિરૂપે અગ્રહણ જ વિવેકનો અગ્રહ છે.

શંકા – સદશના દર્શન વગર તે સ્વપ્નજ્ઞાનનું સ્મૃતિપણું કેવી રીતે ?

સમાધાન – નિદ્રાના ઉપદ્રવવાળા મનનું જ તે સ્વપ્ન-જ્ઞાનમાં નિમિત્તપણું છે. એ પ્રમાણે બે ચંદ્રોના જ્ઞાનમાં, બે પ્રકારે કરેલ નયનની વૃત્તિથી ચંદ્રની એકતાનું અગ્રહણ દોષથી (તિમિર આદિ દોષથી) છે. 'સાકર કડવી છે' ઇત્યાદિ જ્ઞાનમાં પિત્તદ્રવ્યગત કટુકનો ગ્રહણ-શર્કરાના અગ્રહણમાં, ભેદના અગ્રહણથી વિવેકની અખ્યાતિ છે. સઘળે ઠેકાણે આ પ્રમાણે સમ્યગ્ અગ્રહણ જ વિવેક અખ્યાતિનો અર્થ છે પરંતુ શુક્તિમાં રજતની પ્રતીતિ નથી. જ્ઞાનાન્તરમાં પણ મિથ્યાત્વની સંભાવનાથી સર્વત્ર અવિશ્વાસ થવાથી પ્રવૃત્તિ આદિ વ્યવહારના ઉચ્છેદનો પ્રસંગ થઈ જાય ! આવો મીમાંસકનો મત છે.

ઉત્તરપક્ષ – શુક્તિમાં 'આ ચાંદી છે' આવી પ્રતીતિનું, પોતાના આકારના સંવરણ (છૂપાવવું) દ્વારા રજતરૂપના આપાદનરૂપ પરિણામવિશેષવાળી શુક્તિ જ આલંબન છે, કેમ કે-દુષ્ટ (દોષવાળી) ઇન્દ્રિય આદિ જ તાદશ જ્ઞાનનો હેતુ છે. ખરેખર, કાર્યની પ્રતીતિમાં કારણના અભાવની શંકા યુક્તિવાળી નથી. વળી અહીં પ્રતીત થાય છે કે-એકજ્ઞાન આત્મક આ રજત છે, આવું કાર્ય છે. તેના અનુરોધથી કારણની કલ્પના ઉચિત છે, કારણ કે-દાવાનળથી દગ્ધ નેતરના બીજથી કેળના પ્રકાંડ(મોટી શાખા-વૃક્ષ)ની ઉત્પત્તિનું દર્શન છે અને દુષ્ટ કારણમાં સ્વકાર્યનું અનુત્પાદકપણું હોયે છતે વિપરીત કાર્યનું પણ ઉત્પાદકપણું છે.

શંકા – દાવાનળ, વેત્રના અંકુર પ્રત્યે દોષરૂપ હોવા છતાં કદલીના અંકુર પ્રત્યે અનુકૂળ છે ને ?

સમાધાન – તો અહીં પ્રકૃતમાં પણ દોષનું સમ્યગ્જ્ઞાન પ્રત્યે દોષરૂપપણું હોવા છતાં મિથ્યાજ્ઞાન પ્રત્યે અનુકૂળપણું ન્યાયયુક્ત જ છે.

○ વળી 'આ ચાંદી છે' આવું જ્ઞાન વિશિષ્ટ જ્ઞાન નથી પરંતુ ગ્રહણ (પ્રત્યક્ષ)-સ્મરણરૂપ બે જ્ઞાનરૂપ છે. આવું કથન યુક્તિયુક્ત નથી, કારણ કે-રજતના અર્થીની પ્રવૃત્તિ સામાન્યમાં, રજતત્વરૂપ પ્રકારવાળા જ્ઞાનમાં સંવાદિ પ્રવૃત્તિના સ્થળમાં સમાન વિશેષ્યતા પ્રત્યાસત્તિદ્વારા હેતુપણું છે. (વિશેષ્યતા નામક સંબંધથી રજતપ્રવૃત્તિત્વથી અવચ્છિન્ન (રજતપ્રવૃત્તિ) પ્રત્યે વિશેષ્યતા નામક સંબંધથી રજતત્વરૂપ પ્રકારવાળું જ્ઞાન, કારણ છે. અહીં કાર્ય અને કારણ રજતમાં છે. આવી સમાન વિશેષ્યતા પ્રત્યાસત્તિથી કાર્ય-કારણભાવ છે. કારણતાવચ્છેદકથી આક્રાન્ત રજતત્વ વિશિષ્ટ રજત પ્રમાજ્ઞાન અને રજતત્વ પ્રકારકયત્ કિંચિત્ વિશેષ્યવાળું જ્ઞાન થાય છે. તેથી એક જ કાર્ય-કારણભાવથી બંને ઠેકાણે નિર્વાહ છે. આ પ્રમાણે ભ્રમ આત્મક એકજ્ઞાનના સ્વીકારમાં લાઘવ છે.) વિસંવાદી પ્રવૃત્તિ હેતુરૂપ પણ મિથ્યાજ્ઞાનમાં એકતાની સિદ્ધિ છે.

○ સંવાદિ પ્રવૃત્તિમાં વિશિષ્ટ જ્ઞાન અને વિસંવાદિ પ્રવૃત્તિમાં ઉપસ્થિત ઇષ્ટના ભેદનું અગ્રહણ, આવી કલ્પનામાં બીજનો અભાવ છે અને ગૌરવ છે.

शंका – ઇન્દ્રિયસંસ્કારરૂપ કારણભેદથી કાર્યનો ભેદ છે જ ને ?

समाधान – આ બરોબર નથી, કેમ કે-રૂપ-આલોક-લોચન આદિ અનેક કારણોથી ઉત્પન્ન થતા ઘટ આદિ સંવેદનમાં પણ અનેકપણાનો પ્રસંગ આવશે !

शंका – વિભિન્ન એવી જ્ઞાનસામગ્રીના ભેદથી કાર્યનો ભેદ કેમ નહિ ?

समाधान – 'આ ચાંદી છે' ઇત્યાદિ જ્ઞાનમાં સામગ્રીના ભેદનો અભાવ છે, કેમ કે-ચક્ષુ વગેરે રૂપ કારણોનો સમુદાય જ કારણ છે.

शंका – 'આ ચાંદી છે' આવા જ્ઞાનમાં પ્રત્યક્ષ અને સ્મરણરૂપ બે જ્ઞાનરૂપપણું હોવાથી સામગ્રીનો ભેદ અનુમાનથી ગમ્ય કેમ નહિ ?

समाधान – અન્યોઽન્યાશ્રયદોષ હોવાથી અનુમેય નથી. જ્યારે જ્ઞાનનો ભેદ સિદ્ધ થાય, ત્યારે કારણભેદ સિદ્ધ થાય ! જ્યારે કારણભેદની સિદ્ધિ થાય, ત્યારે જ્ઞાનના ભેદની સિદ્ધિ થાય. આવો અન્યોઽન્યાશ્રયદોષ હોવાથી અનુમેય નથી.

૦ વળી 'ભેદનો અગ્રહ છે.' અહીં ભેદ એટલે શું ? એની વિગતવાર ચર્ચા ચાલે છે.

(૧) શું આ ભેદ વસ્તુનું માત્ર સ્વરૂપ છે ? (૨) શું આ ભેદ પરસ્પર અભાવરૂપ છે ? (૩) શું આ ભેદ વ્યાવર્ત્તક ધર્મના યોગરૂપ છે ?

(૧) પહેલો પક્ષ બરોબર નથી, કેમ કે-વિદ્યમાન એવા પદાર્થનો ગ્રાહક પ્રત્યક્ષ અને પૂર્વકાળમાં અનુભવેલ પદાર્થનો ગ્રાહક સ્મરણવડે ભેદનું ગ્રહણ હોઈ સ્વરૂપરૂપ ભેદ વસ્તુથી અભિન્ન છે. જો વિપરીતપણાએ ભેદરૂપ સ્વરૂપનું ગ્રહણ કરેલું છે એમ માનો, તો વિપરીતખ્યાતિનો પ્રસંગ છે.

(૨) બીજો પરસ્પર અભાવરૂપ ભેદરૂપ પક્ષ યુક્તિયુક્ત નથી, કેમ કે-તમોએ અભાવનો અસ્વીકાર કરેલો છે. જો અભાવનો સ્વીકાર કરો, તો સ્મરણવિષયીભૂત રજતનું અહીં અભાવવિષયક જ્ઞાન કેમ નથી ?

शंका – નિયત દેશપણાએ જાણેલનું દોષના મહિમાથી અનિયત દેશપણાએ અહીં અવગમ (જ્ઞાન) હોઈ અભાવજ્ઞાન નથી, એમ કહેવામાં શો વાંધો ?

समाधान – નિયત દેશના અનિયત દેશપણાએ ભાનના સ્વીકારથી વિપરીતખ્યાતિનો પ્રસંગ ઉભો જ છે.

शंका – અહીં દેશવિનિર્મુક્તનું જ સ્મરણ હોવાથી અન્યથાખ્યાતિનો પ્રસંગ કેવી રીતે ?

समाधान - પૂર્વે અનુભવેલ રજતનું સ્મરણ હોયે છતે, કેવળ અધિકરણનું ગ્રહણ જ તમારા મતમાં તેના અભાવની ઉપલબ્ધિરૂપ છે, માટે વિપરીતખ્યાતિનો પ્રસંગ છે.

शंका – શુક્તિમાં રજતનો અભાવ છે એમ નહિ, પરંતુ દોષના મહિમાથી તે રજતના અભાવને જાણ્યો નથી એટલું જ સમજવાનુ છે ?

સમાધાન – એ બરાબર નથી, કેમ કે-દોષમાં, શુક્તિમાં રહેલ ભેદના ગ્રહણના પ્રતિબંધકપણાની કલ્પનાની અપેક્ષાએ રજતતાદાત્મ્યગ્રહણના હેતુપણાની કલ્પના જ ન્યાયયુક્ત છે.

(૩) ત્રીજો વ્યાવર્ત્તક ધર્મયોગરૂપ ભેદનો પક્ષ વ્યાજબી નથી, કેમ કે-સ્મરણવિષયભૂત રજતમાં વ્યાવર્ત્તક ધર્મરૂપ રજતત્વનું જ ભાન છે. તે વ્યાવર્ત્તક ધર્મરૂપ રજતત્વનું વ્યાવર્ત્તકપણું એટલે આગળ વર્તમાન(શુક્તિકા)માં અવિદ્યમાનપણું તે વ્યાવર્ત્તક ધર્મરૂપ રજતત્વનું તે શુક્તિકામાં ભાન માનવામાં વિપરીતખ્યાતિનો પ્રસંગ છે.

પૂર્વપક્ષ – હવે ગ્રહણ પ્રત્યક્ષ વિષયથી (કરતાં) સ્મરણવિષયભૂત રજતનો વ્યાવર્ત્તક ધર્મરૂપ રજતત્વ જાણેલ હોવા છતાં, સ્મરણવિષય રજતથી (કરતાં) ગ્રહણવિષયનો તે વ્યાવર્ત્તક ધર્મ જાણ્યો નથી. ખરેખર, શુક્તિકામાં પ્રતિભાસતા શુકલત્વ આદિ ધર્મોથી તે શુક્તિકાનું વ્યાવર્તન કરવું શક્ય નથી, કેમ કે-તે શુક્લત્વ આદિ ધર્મો રજતમાં પણ વિદ્યમાન છે.

ઉત્તરપક્ષ – દેશ-કાળ-અવસ્થાના શૂન્યપણાએ સ્મરણવિષયભૂતથી (કરતાં) અનુભવ પ્રત્યક્ષ વિષયભૂત પુરોવર્તીના દેશ-કાળ-અવસ્થાવિશેષરૂપ વ્યાવર્ત્તકો, પ્રતીતિના વિષયભૂત થાય છે.

૦ બાધક પ્રતીતિ, આ અલગ છે-રજત અલગ છે, એવા વિવેકને પ્રકાશિત કરે છે એમ પણ નથી, કેમ કે-બાધકપ્રત્યય પ્રસંગપ્રાપ્ત રજતત્વના અભાવનો અવગાહી છે. ખરેખર, તે બાધક પ્રતીતિ અપ્રસક્ત(અવિવેકયુક્ત)પણાના અપ્રતિષેધદ્વારા વિવેકને જણાવે છે એમ નહિ માનવું. અન્યથા, જો આમ માનવામાં આવે, તો સોના વગેરેનો પણ તે બાધક પ્રત્યય પ્રતિષેધ કરશે !

૦ રજત આદિ વિષયક સ્વપ્નમાં, સ્મરણરૂપે અગ્રહણ થયે છતે અને રૂપાન્તરપણાએ ગ્રહણમાં વિપરીતખ્યાતિની આપત્તિ છે. (અહીં આમ સમજવાનું છે કે-રજત આદિ વિષયવાળા સ્વપ્નના સ્મૃતિરૂપે અગ્રહણમાં તમોને પણ સંવેદન, સ્વપ્રકાશરૂપે સ્વીકૃત હોવાથી કયા રૂપથી ભાન છે ? જો સ્મૃતિરૂપે ભાન છે, તો કયા રૂપથી અગ્રહણ છે ? જો અનુભવત્વરૂપે ગ્રહણ કહેવાય છે, તો અન્યથાખ્યાતિ છે, કેમ કે-સ્મૃતિમાં અનુભવરૂપપણાનો અભાવ છે. હવે જો જ્ઞાનત્વરૂપે ગ્રહણ કહો, તો તે પણ સંભવતું નથી, કેમ કે-જ્ઞાનત્વવ્યાપ્ય સ્મરણત્વ અનુભવત્વથી શૂન્ય જ્ઞાનત્વવાળા કોઈ પણ જ્ઞાનનો અભાવ છે.)

૦ બે ચંદ્રનું સંવેદન પણ દોષથી ચંદ્રના એકત્વના અગ્રહણરૂપ નથી, કેમ કે-ચંદ્રના એકત્વનું અગ્રહણ હોવા છતાંય દ્વિત્વના અનુભવની અનુપપત્તિ છે. નયનના આશ્રયે રહેલ દ્વિત્વના અસંસર્ગના અગ્રહણરૂપ (સંબંધગ્રહણ) જ ચંદ્રમાં દ્વિત્વગ્રહણ છે એ પણ વ્યાજબી નથી, કારણ કે- તે પરોક્ષની ઉપસ્થિતિનો અભાવ છે. અજ્ઞાત ઇન્દ્રિયની વૃત્તિદ્વારા જ સઘળે ઠેકાણે રૂપ આદિનો બોધ છે.

૦ આ કથનથી 'સાકર કડવી છે' ઇત્યાદિ વ્યવહારનું પિત્તદ્રવ્યગત કટુત્વ અને શર્કરાના અગ્રહણરૂપ ભેદના અગ્રહણનું નિમિત્તપણું છે એ પણ ખંડિત થઈ જાય છે, કેમ કે- નહિ ગ્રહણ કરાતા કટુત્વવાળા જ શરીરમાં રહેલ પિત્તનું જ્વરના ઉત્પાદકપણાની માફક રસનેન્દ્રિયગત પિત્તનું વિપરીત પ્રતીતિનું ઉત્પાદકપણું છે અને સર્વથી અનુભવાતા સામાનાધિકરણ્યની અનુપપત્તિ છે. (તિક્તત્વનું અને શર્કરાત્વનું એક અધિકરણ છે. તિક્તત્વાભિન્ન શર્કરાત્વાભિન્ન શર્કરા છે. એથી જ સમાન વિભક્તિ છે.)

○ વળી 'આ ચાંદી છે' આ સ્થળમાં જો બે જ્ઞાન છે, તો (૧) તે બંને જ્ઞાનોની એકીસાથે ઉત્પત્તિ છે ? (૨) તે બંને જ્ઞાનોની ક્રમથી ઉત્પત્તિ છે ?

(૧) પહેલો પક્ષ બરાબર નથી, કેમ કે-એકીસાથે બે જ્ઞાનોની ઉત્પત્તિનો અસ્વીકાર છે. (૨) બીજો પક્ષ વ્યાજબી નથી, કેમ કે-પ્રત્યક્ષથી પહેલાં સંસ્કારનો ઉદ્‌બોધ નહિ હોવાથી-સ્મરણનો અસંભવ છે. અને પ્રત્યક્ષ પછીથી રજતના સ્મરણની માન્યતામાં પ્રત્યક્ષ થયા બાદ તરત જ વિપરીત વ્યાપારવાળી પણ ચક્ષુમાં તે સ્મરણની આપત્તિ આવશે ! તેથી (પુરોવર્તી પદાર્થનું ગ્રહણ કરીને પછીથી હું રજતનું સ્મરણ કરું છું, અથવા પહેલાં રજતનું સ્મરણ કરીને પછીથી આ પદાર્થનું હું ગ્રહણ કરું છું. આવા ક્રમથી આપને અભિમત બે જ્ઞાનોનો પ્રાદુર્ભાવ અનુભવથી વિરુદ્ધ હોવાથી) સકલ લોકમાં પ્રસિદ્ધ રજતરૂપે પુરોવર્તી પદાર્થરૂપ શુક્તિમાં થતું ભાન છૂપાવી શકાય તેવું નથી.

પૂર્વપક્ષ – કેટલાક વાદીઓ કહે છે કે-'આ ચાંદી છે.' આ સ્થળમાં કોઈ પદાર્થ વિષયપણાએ ભાસિત થતો નથી, કેમ કે-રજતની સત્તાના ભાનમાં અભ્રાન્તપણાનો પ્રસંગ છે. 'આ ચાંદી છે' આવા જ્ઞાનની વિધિમુખપણાએ પ્રવૃત્તિ હોવાથી રજતાભાવ વિષય નથી અને તેનું આકારરહિતપણું જ હોઈ શુક્તિકા વિષય પણ નથી, અથવા રજતના આકારપણાએ શુક્તિ વિષય નથી, કેમ કે-અન્યનું અન્ય આકારે ગ્રહણ થઈ શકતું નથી. તેથી આ ચાલુ પ્રત્યય અખ્યાતિરૂપ જ છે. ઇતિ.

ઉત્તરપક્ષ – ભ્રમ આત્મકજ્ઞાન વિષય વગરનું છે. જો એમ માનવામાં આવે, તો ભ્રાન્તિ અને સુષુપ્ત અવસ્થામાં અભેદનો પ્રસંગ આવશે. ખરેખર, અર્થનું ભાન અને અભાનથી તે ભ્રાન્તિ અને સુષુપ્ત અવસ્થામાં વિશેષથી ભેદ કહેવો. તો અર્થભાનરૂપી ભેદ જ તારાવડે સ્વીકારાતો નથી. માટે તે જ્ઞાનના નિર્વિષયપણામાં અખ્યાતિરૂપપણાનો પણ અસંભવ છે. તેથી સ્વરૂપથી કે પરરૂપથી કોઈના પણ અપ્રતિભાસમાં 'રજતજ્ઞાન' એવા વ્યાપદેશનો અસંભવ છે. (જ્ઞાનથી ભિન્ન બાહ્ય પદાર્થની અનુપપત્તિમાં, તે જ્ઞાનના અંશમાં સત્‌ખ્યાતિ જ થાય ! માટે જ્ઞાનવાદીએ સ્વીકારેલ અસત્‌ખ્યાતિ જ ભ્રમસ્થળમાં થાય ! પરંતુ 'અખ્યાતિ' તો નહિ જ ! આ પ્રમાણે સ્વસિદ્ધાન્તનો ભંગ પણ થાય ! એમ પણ જાણવું.)

પૂર્વપક્ષ – માધ્યમિક અપર પર્યાયવાળા શૂન્યવાદી બૌદ્ધો તો તે અખ્યાતિને અસત્ ખ્યાતિરૂપે કહે છે. (અસત્ એવા રજત આદિની ખ્યાતિ એટલે પ્રતીતિ તે અસત્‌ખ્યાતિ કહેવાય છે. તે આ પ્રમાણે:-શુક્તિમાં આ ચાંદી છે.' આ પ્રતિભાસમાન વસ્તુ જ્ઞાનરૂપ થવાને યોગ્ય નથી, કેમ કે-હું રજત છું' આવું અંતર્મુખપણાએ પ્રતિભાસમાન થતું અર્થરૂપ પણ નથી, કેમ કે-રજતથી સાધ્ય અર્થક્રિયાનો અભાવ છે. તેથી અસદ્‌રૂપે જ રજત ત્યાં પ્રતિભાસે છે, માટે અસત્‌ખ્યાતિ છે.) તે આ પ્રમાણે:-'આ ચાંદી છે' એમ પ્રતીતિવિષયરૂપ વસ્તુ જ્ઞાનરૂપ હોય કે અર્થરૂપ હોય છે.

(૧) જ્ઞાનરૂપ વસ્તુ પ્રતીયમાનરૂપ પહેલો પક્ષ નથી, કેમ કે-'હું રજત છું' આવી અહંપણાના સામાનાધિકરણ્યરૂપે પ્રતીતિ થતી નતી, કેમ કે-જ્ઞાન અંતર્મુખ આકારવાળું છે. (૨) અર્થરૂપે પ્રતીયમાન વસ્તુરૂપ બીજો પક્ષ નથી, કેમ કે-તે રજતસાધ્ય અર્થક્રિયાનો અભાવ છે : અને અસત્યજ્ઞાનની વિષયભૂત વસ્તુમાં અર્થતા બાધકજ્ઞાનથી બાધના વિષયવાળી છે. તેથી અસત્ જ તે રજત તે જ્ઞાનમાં પ્રતિભાસિત છે, માટે અસત્‌ખ્યાતિ બરાબર છે.

ઉત્તરપક્ષ – તે કથન પણ યુક્તિયુક્ત નથી, કેમ કે-રજતપણાના વ્યવહારનો અસંભવ છે : કેમ કે-બીજા દેશમાં વિદ્યમાન આ રજતની પ્રસિદ્ધિરૂપપણામાં જો અસત્ખ્યાતિપણું માનો, તો વિપરીતખ્યાતિપણાનો પ્રસંગ આવે છે. વળી સર્વથા અસત્ (અવિદ્યમાન) અર્થના પ્રસિદ્ધિપણામાં શશવિષાણની પણ પ્રતીતિનો પ્રસંગ આવશે ! અસત્ની સદ્રૂપે પ્રસિદ્ધિપણામાં પણ વિપરીતખ્યાતિનું ઉલ્લંઘન થતું નથી.

શંકા – રજત સત્ (વિદ્યમાન) છે, પરંતુ તેનો જે સંબંધ અસત્ય છે, તે ભ્રાન્તિમાં સત્ના ઉપરાગથી (પાસે રહેવાવડે પોતાના ગુણ બીજામાં સ્થાપવાથી, આરોપિત સંબંધથી સંબંધ પામેલ એક વિશેષણથી વાસનારૂપ એક સંસ્કારથી) ભાસે છે ને ?

સમાધાન – વિષયતા સત્માં વૃત્તિત્વવ્યાપ્ય હોઈ (વિષયતા વિદ્યમાનમાં વર્તમાન હોય છે, અવિદ્યમાનમાં વિષયતા હોતી નથી. સત્ વૃત્તિત્વવ્યાપક છે અને વિષયતા વ્યાપ્ય છે.) અસત્રૂપ રજત કદી વિષય બની શકે નહિ. જો વિષય છે, તો સત્ હોવો જોઈએ. અસત્ વિષય નથી હોતો. અન્યથા, અસત્માં જો વિષયતા માનો, તો ગોપદાર્થમાં અસત્ એવા શશશૃંગીયત્વ વિશિષ્ટ સંબંધથી શૃંગના ભાનની આપત્તિ છે. (પરંતુ ગોપદાર્થમાં સત્ ગોશૃંગીયત્વ વિશિષ્ટ સંબંધથી શૃંગનું ભાન છે.) વળી 'આ ચાંદી છે' આવી ભાસમાન વસ્તુમાં જ્ઞાનરૂપ-અર્થરૂપ બે વિકલ્પો પણ વ્યાજબી નથી, કેમ કે-પહેલા વિકલ્પનો અસ્વીકાર છે અને બીજો વિકલ્પ ઇષ્ટ છે : કેમ કે-અર્થવિશેષથી જન્ય અર્થક્રિયાવિશેષનો અભાવ હોવા છતાં, અર્થસામાન્યરૂપ નિબંધનથી જન્ય શબ્દ-પ્રવૃત્તિ આદિરૂપ અર્થક્રિયાનો તે અર્થરૂપે પ્રતીયમાન વસ્તુમાં અખંડિતતા છે.

શંકા – જો આ પ્રમાણે છે, તો અર્થનો નિશ્ચય કેમ નથી ?

સમાધાન – અર્થવિશેષજન્ય અર્થક્રિયાકારી જ અર્થનિશ્ચયાત્મક છે. (અર્થસામાન્યજન્ય અર્થક્રિયાકારી પદાર્થ અર્થનિશ્ચયાત્મક નથી.)

○ વળી બાધકજ્ઞાનથી પણ વિપરીત જ્ઞાનના વિષયની વિવિધતા બાધિત થતી નથી, પરંતુ બાધકજ્ઞાનથી મિથ્યાજ્ઞાનનું મિથ્યાત્વ જ પ્રકાશિત થાય છે. તેથી અસત્ખ્યાતિ પ્રમાણરૂપ નથી.

પૂર્વપક્ષ – કેટલાક વાદીઓ શુક્તિમાં 'આ ચાંદી છે' આવા જ્ઞાનમાં પ્રસિદ્ધાર્થ ખ્યાતિને કહે છે. ખરેખર, વિપર્યયજ્ઞાનમાં પ્રસિદ્ધ જ અર્થનું ભાન છે. (સત્ખ્યાતિ એટલે વિદ્યમાન વિષયની ખ્યાતિ-પ્રતીતિ, તે આ પ્રમાણે શુક્તિમાં ચાંદી છે, આવા સ્થળમાં શુક્તિમાં વિદ્યમાન રજતાંશની પ્રતીતિ છે. 'તે જ તેનું સદૃશ છે, કે જે તે દ્રવ્યના એક દેશને ભજનાર છે.' આવા નિયમથી અને પંચીકરણ પ્રક્રિયાથી ત્યાં રજતના અંશોનું વિદ્યમાનપણું છે. અદૃષ્ટવશે તો ઘણા પણ શુક્તિના અંશોની પ્રતીતિ નથી થતી, પરંતુ સ્વલ્પ એવા પણ રજતના અંશોની પ્રતીતિ થાય છે. એથી શુક્તિમાં 'આ ચાંદી છે' આવું જ્ઞાન યથાર્થ જ છે, કેમ કે-ત્યાં જ્ઞાનવિષયની વિદ્યમાનતા છે. વિષયવ્યવહારના બાધથી તો ભ્રમપણાએ વ્યવહાર છે, એમ વિશિષ્ટ અદ્વૈતવેદાન્તીઓ કહે છે.

શંકા – તે વિપર્યયજ્ઞાનના વિષયનું અવિદ્યમાનપણું છે, કેમ કે-વિચારને સહન કરી શકતું નથી. જે વિચારને સહન કરી શકે, તેનું વિદ્યમાનપણું છે ને ?

સમાધાન – પ્રતીતિ સિવાય બીજા વિચારની અનુપપત્તિ છે. ખરેખર, પ્રતીતિના બળથી જ હસ્તમાં રહેલ મોતી વગેરેની વ્યવસ્થા થાય છે. અહીં પ્રસ્તુતમાં પણ પ્રવર્ત્તમાન તે પ્રતીતિનો કોણ નિરોધ કરી શકે એમ છે ?

શંકા – ઉત્તરકાળમાં તે પ્રતિભાસનો અભાવ હોવાથી, તે પ્રતિભાસના વિષયનું અવિદ્યમાનપણું છે ને ?

સમાધાન – તે વખતે તે પ્રતિભાસના વિષયનું ભાન નહિ હોવા છતાં, પૂર્વના પ્રતિભાસના કાળમાં તો વિષયનું વિદ્યમાનપણું છે જ. અન્યથા, પૂર્વપ્રતિભાસના કાળમાં તે વિષયનું વિદ્યમાનપણું જો ન માનવામાં આવે, તો ઉત્તરકાળમાં પાણીના પરપોટા વગેરેનું પ્રતિભાસન નહિ હોવાથી પૂર્વપ્રતિભાસના સમયમાં પણ અવિદ્યમાનપણાનો પ્રસંગ આવશે. (જો એકની અવિદ્યમાનતામાં બીજાની અવિદ્યમાનતા માનો, તો આ દોષ આવે છે.)

ઉત્તરપક્ષ – આ આપનું કથન મનોહર નથી, કેમ કે-પ્રમાણની સિદ્ધિ સિવાય જો અર્થની પ્રસિદ્ધિ માનો, તો ભ્રાન્ત-અભ્રાન્તની વ્યવસ્થાનો સર્વથા ઉચ્છેદનો પ્રસંગ આવશે ! ખરેખર, 'આ સંવેદન (જ્ઞાન) ભ્રાન્તિવાળું છે-'આ સંવેદન અભ્રાન્ત છે'-આવો નિર્ણય નિમિત્ત સિવાય કરી શકાતો નથી, કેમ કે-સર્વ જ્ઞાનોમાં જ યથાર્થ વસ્તુનું નિશ્ચાયકપણું છે.

○ પ્રતિભાસના સમયમાં વસ્તુની વિદ્યમાનતા (૧) શું બીજા દેશમાં છે કે (૨) શુક્તિકાના દેશમાં છે ?

(૧) પહેલા પક્ષમાં અન્યથાખ્યાતિ જ બીજા નામવાળી થાય છે. એવી આપત્તિ આવે છે, કેમ કે-દોષના મહિમાથી દેશાન્તરમાં રહેલનો શુક્તિના દેશમાં ભાનનો સ્વીકાર છે. અન્યથા, જો દોષના મહિમાથી દેશાન્તરમાં રહેલ રજતનો શુક્તિના દેશમાં ભાનનો સ્વીકાર ન કરો, તો ત્યાં જ-દેશાન્તરમાં જ પ્રતિભાસ થવો જોઈએ ! અર્થાત્ તે થતો નથી. તે માટે પૂર્વોક્તનો સ્વીકાર કરવો જોઈએ.

(૨) શુક્તિકાના દેશમાં પ્રતિભાસસમયમાં વસ્તુની વિદ્યમાનતા છે. એવો બીજો પણ પક્ષ વ્યાજબી નથી, કેમ કે-પૂર્વકાળની માફક ઉત્તરકાળમાં તે રજતના પ્રતિભાસની આપત્તિ આવશે. વળી પાણીના પરપોટાની માફક આ પ્રતિભાસનું ક્ષણિકપણું નથી, કેમ કે-કિંચિત્ કાળ સુધી સ્થિર છે. વળી 'આ ચાંદી નથી' આવું બાધકજ્ઞાનનું શુક્તિના દેશમાં રજત નિષેધકરૂપે પ્રવર્ત્તમાનપણું છે. પરંતુ અહીં એટલે 'આ ચાંદી છે' આવા સ્થળમાં તો બાધકજ્ઞાનના વિદ્યમાનપણાનો અભાવ છે.

પૂર્વપક્ષ – કેટલાક વાદીઓ તો શુક્તિકામાં જે ચાંદી ભાસે છે, તે રજતનું બાહ્યરૂપે ભાન સંભવતું નથી એમ જણાવે છે, કેમ કે-બાધકજ્ઞાનથી તેની બાહ્યતાનો અભાવ છે. (રજતત્વપ્રકારરૂપે પ્રતિભાસ માત્રથી તે રજતમાં રજતત્વ પ્રકારવત્વનો સ્વીકાર યુક્ત નથી, કેમ કે-ભ્રાન્તિના ઉચ્છેદની આપત્તિ છે.) તેથી જ્ઞાનસ્વરૂપનો જ આ આકાર છે. તે અનાદિની વાસનાના માહાત્મ્યથી બાહ્યની માફક પરિસ્ફુરિત થાય છે, માટે આ આત્મખ્યાતિ જ છે એમ કહે છે. (આત્મખ્યાતિ એટલે આત્માની-જ્ઞાનની જ ખ્યાતિ, વિષયરૂપપણાએ ભાન. આ અર્થ છે કે-શુક્તિમાં 'આ ચાંદી છે' આવા સ્થળમાં જ્ઞાનનું જ રજતરૂપપણાએ ભાન છે, કેમ કે-અહીં કોઈ બાહ્ય પદાર્થ વિદ્યમાન નથી : કેમ કે-'આ ઘટ છે' ઇત્યાદિ સઘળે ઠેકાણે જ્ઞાનનું

જ વિષયરૂપપણાએ પ્રતિભાસમાનપણું છે, એમ યોગાચારના બીજા નામવાળા વિજ્ઞાનવાદી-બૌદ્ધો કહે છે.) તે બૌદ્ધો પણ સમીચીન બુદ્ધિસંપન્ન નથી.

ઉત્તરપક્ષ – કેમ કે-'આ ચાંદી નથી' આવા બાધકજ્ઞાનથી, અન્યત્ર આદિરૂપ બીજે ઠેકાણે) વર્તમાન રજત આદિનું શુક્તિકા દેશસ્થપણારૂપે જ બાધન થવાથી, તે રજત આદિ નિષ્ઠ બાહ્યતા માત્રનું બાધન થતું નથી. વળી આત્મા એટલે વિજ્ઞાન-વાસનાના મહિમાથી બાહ્યની માફક પરિસ્ફુરિત થાય છે. આ પણ યુક્તિ વગરનું છે, કેમ કે-તે વાસના (૧) વસ્તુરૂપ છે કે (૨) અવસ્તુરૂપ છે ?

(૨) અવસ્તુરૂપ બીજો પક્ષ નથી, કેમ કે-આકાશકુસુમની માફક અસત્ હોઈ, તે વાસનામાં રજતવ્યવસ્થાપકપણાનો અસંભવ છે. (૧) પહેલો પક્ષ પણ નથી. જો તે વાસનાની જ્ઞાનથી ભિન્નતા માનવામાં આવે, તો તમોએ સ્વીકારેલ જ્ઞાનની અદ્વૈતતાનો ભંગ થાય છે અને જો જ્ઞાનથી તે વાસનાની અભિન્નતા માનવામાં આવે, તો જ્ઞાનાકાર, જ્ઞાનાકારના માહાત્મ્યથી બાહ્યની માફક પ્રતિભાસે છે, એવું કહેલું હોવું જોઈએ. જો અભિન્ન છે, તો તે જ સાધ્ય અને તે જ સાધન થવાથી અવિશેષ(સાધ્ય-સાધનના અભેદ)નો પ્રસંગ આવશે ! માટે વાસનાની માન્યતા યુક્તિવાળી નથી. વળી જ્ઞાનાકારરૂપે જ રજતના સંવેદનમાં 'હું રજત છું' આવી અન્તર્મુખરૂપે પ્રતીતિ થવી જોઈએ ! 'આ ચાંદી છે' આ પ્રતીતિ બહિર્મુખ નથી, પરંતુ જ્ઞાનમાં રહેલ પણ રજતનો આકાર અનાદિ વાસનાના માહાત્મ્યથી શુક્તિનિષ્ઠાપણાએ પ્રતિભાસે છે. આવા સ્વીકારમાં તો અન્યથાખ્યાતિના અંગીકારની આપત્તિ થાય !

શંકા – ભ્રાન્તિઓ, સ્વ આકારને જ બાહ્યરૂપપણાએ રજતાદિક રૂપે પ્રકાશે છે ને ?

સમાધાન – આ બાબતમાં પ્રમાણનો અભાવ છે, કેમ કે-(રજતનો અનુભવ. ખરેખર, તે અનુભવ ઇદંત્વરૂપે જ રજતને જણાવે છે પરંતુ જ્ઞાનાકારરૂપે નહીં, જેથી પ્રમાણભૂત થાય !) રજતનો અનુભવ રજતજ્ઞાનાકારનો સાક્ષી નથી થતો. ઇદંપણાએ ચાંદીનો જ ભાસક (બોધક) હોવાથી, શુક્તિકામાં રજત આકારતાના પ્રતિષેધકરૂપે બાધકજ્ઞાનનું પણ ત્યાં પ્રમાણપણું નથી.

શંકા – રજતમાં પુરોવર્તી શુક્તિ આકારપણાના પ્રતિષેધમાં અર્થની અપેક્ષાએ જ્ઞાનાકારપણાની સિદ્ધિ છે ને ?

સમાધાન – રજતમાં પુરોવર્તી શક્તિ આકારપણાના પ્રતિષેધમાં અર્થથી દેશાન્તરની સત્તાની જ સિદ્ધિ છે, કેમ કે-પ્રત્યક્ષ દૃષ્ટનું અતિક્રમણ કરી અદૃષ્ટ જ્ઞાનાકારપણાની કલ્પનામાં બીજ નથી : કેમ કે-'આ રજત નથી પરંતુ શુક્તિકાનો ટૂકડો છે' આવા ઉલ્લેખથી નિષેધની અનુપપત્તિ છે. તમારા મતમાં, શુક્તિકામાં રજતનો પ્રસંગ (આરોપ) નહિ હોવાથી, 'આ શુક્તિ મેં રજતપણાએ જાણેલી છે' આવા પ્રત્યભિજ્ઞાનની અનુપપત્તિ છે. વળી 'આંતરિક ચાંદી બાહ્યરૂપે જાણેલ છે' આવા પ્રત્યભિજ્ઞાનની જ આપત્તિ છે.

○ જ્ઞાન બાહ્ય પદાર્થના વિષયવાળું નથી. આવી માન્યતામાં રજત આકારના ઉલ્લેખની માફક નીલ આદિ આકારના ઉલ્લેખથી પ્રવૃત્તિની આપત્તિ છે, કેમ કે-નિયામકનો અભાવ છે અને અસત્ એવા રજત દેશ-કાળ આદિનો અવભાસમાં વાસનાનું નિયામકપણું છે. જો એમ કહો, તો અસત્ખ્યાતિની આપત્તિ છે-આત્મખ્યાતિની માન્યતા ઉડી જાય છે.

પૂર્વપક્ષ – વેદાન્તીઓ તો અનિર્વચનીયખ્યાતિને કહે છે. (અનિર્વચનીયખ્યાતિ એટલે સત્ત્વથી અને અસત્ત્વથી અનિર્વચનીય રજત આદિની ખ્યાતિ-પ્રતીતિ. તે આ પ્રમાણેઃ-શુક્તિમાં 'આ ચાંદી છે' આવા સ્થળમાં 'રજત સત્ નથી,' કેમ કે-બાધનો વિષય થાય છે. સત્માં બાધ્યમાનપણું નથી. જેમ કે-સાચી ચાંદી. 'અસત્ નથી,' કેમ કે-પ્રતીતિનો વિષય થાય છે. અસત્ પદાર્થ પ્રતીતિનો વિષય થતો નથી. જેમ કે-વાંઝણીનો પુત્ર. તેથી અહીં અનિર્વચનીય રજતની ઉત્પત્તિ માનવી જોઈએ, એમ અદ્વૈતવેદાન્તીઓ કહે છે.) તે આ પ્રમાણેઃ- અહીં શુક્તિમાં ભાસમાન રજત સત્ નથી. જો સત્ માનવામાં આવે, તો વાસ્તવિક રજતની બુદ્ધિની માફક શુક્તિમાં 'આ ચાંદી છે' આવી બુદ્ધિમાં અભ્રાન્તપણું થઈ જાય ! જો અસત્ માનવામાં આવે, તો આકાશકુસુમની માફક શુક્તિમાં 'આ ચાંદી છે' આવી પ્રતીતિના પ્રતિભાસનો અને પ્રવૃત્તિમાં અવિષયપણાનો પ્રસંગ છે. જો સદ્-અસદ્રૂપપણું માનવામાં આવે, તો ઉભય પક્ષમાં કહેલ દોષનું અનુસંધાન છે. માટે આ અનિર્વચનીય જ છે, એમ માનવું ઉચિત છે.

ઉત્તરપક્ષ – આ અદ્વૈતવેદાન્તીઓનો મત સુંદર નથી, કેમ કે-શુક્તિમાં રજતભ્રમમાં વિષયભૂત શુક્તિશકલમાં સ્વરૂપ-પરરૂપની અપેક્ષાએ સદ્-અસદ્ રૂપનું અખંડિતપણું છે.

શંકા – શુક્તિમાં 'આ ચાંદી છે' આવા તે જ્ઞાનના રજતપ્રકારકપણામાં શું નિયામક છે ?

સમાધાન – વિશેષણજ્ઞાનમાં અથવા તાત્કાલિક શુક્તિપરિણામવિશેષમાં (સંવૃત સ્વ આકારદ્વારા ગૃહિત રજતના આપાદનવાળા પરિણામવિશેષમાં) નિયામકપણું છે, કેમ કે-અર્થથી જ જ્ઞાનોનો વિશેષ (ભેદ) છે.

શંકા – વિલક્ષણ રજતની ઉત્પત્તિ શાથી નથી ?

સમાધાન – તે વિલક્ષણ રજતના ઉત્પાદકકારણનો અભાવ હોવાથી વિલક્ષણ રજતની ઉત્પત્તિ નથી. પરિણામી (ઉપાદાન) કારણ આદિ સામગ્રી સિવાય કાર્યની ઉત્પત્તિ ક્યાંય પણ દેખેલી નથી.

શંકા – શુક્તિનું અજ્ઞાન જ પ્રતીતિવિષયભૂત રજતનું કારણ છે ને ?

સમાધાન – તે અજ્ઞાનરૂપ કારણમાં પરિણામીકારણપણાનો અભાવ છે, કેમ કે-સમ્યગ્જ્ઞાનનો પ્રાગભાવ અથવા મિથ્યાજ્ઞાન કારણ હો ! માટે તે તે પર્યાયથી પરિકરિત દ્રવ્યમાં જ પરિણામીકારણપણું છે.

ઃ અજ્ઞાનપર્યાયથી આક્રાન્ત આત્મદ્રવ્ય જ તે પ્રતીયમાન રજતનું કારણ હો ! આવું કથન પણ સુંદર નથી, કેમ કે-ચેતનનું અચેતન પ્રત્યે કોઈપણ રીતે પરિણામીકારણપણું સંભવિત નથી.

શંકા – સમ્યગ્જ્ઞાન પ્રાગ્ભાવથી યુક્ત કે મિથ્યાજ્ઞાનથી યુક્ત, માયા-અવિદ્યા આદિ શબ્દથી વાચ્ય, બીજી વસ્તુરૂપ અજ્ઞાન, અનિર્વચનીય એવા રજત પ્રત્યે હેતુ છે એમ કહીએ તો શો વાંધો ?

સમાધાન – તાદૃશમાં પ્રમાણનો અભાવ છે, કેમ કે-શુક્તિનું અજ્ઞાન રજત પ્રત્યે હેતુ નથી; કેમ કે-શુક્તિના અજ્ઞાનનું પાષાણ આદિમાં પણ સત્ત્વ હોઈ દેશના નિયમનો અભાવ છે.

શંકા – ઇદંત્વાવચ્છેદથી શુક્તિનું અજ્ઞાન, ઇદંત્વાવચ્છેદથી રજતનો હેતુ છે એમ કહીએ તો તે બરાબર છે ને ?

समाधान – દોષના અભાવકાળમાં પણ તેથી શુક્તિમાં 'આ ચાંદી છે' આવો પ્રસંગ આવશે ! અને દોષની પણ અપેક્ષામાં ઇદંઅંશાવચ્છેદથી બીજું અજ્ઞાન અને ઉદાસીન(ઘટાદિ)નું હેતુપણું નિવારી શકાય તેવું નથી. માટે આ બધું વજૂદ વગરનું છે.

ननु तर्हि रजतमिदमिति भ्रान्तेरालम्बनं किम् ? रजतं वा स्याच्छुक्तिकाशकलं वा, नाद्यः, असत्ख्यातेरेव प्रसङ्गात् विषयभूतं हि रजतं तत्रासत् । न चान्यत्र सत एव तत्र भानान्नासत्ख्यातिरिति वाच्यम्, तथा सतीदं रजतमित्युल्लेखेन ज्ञानानुदयप्रसङ्गात् विप्रकृष्टे रजते चाक्षुषज्ञानासम्भवात् अन्यथा सर्वत्र चाक्षुषज्ञानोत्पादप्रसङ्गेन चक्षुषो जगन्मात्रग्राहकत्वापत्तेः । न द्वितीयः, रजताकारतयोत्पद्यमानत्वासम्भवात् । अन्याकारज्ञानस्यान्यविषयकत्वासम्भवात् । प्रतीतेश्शुक्तिकाविषयकत्वे भ्रान्तित्वासम्भवाच्च । न च रजतस्य प्रतिभासेऽप्यालम्बनमन्यदेवेति वाच्यम् शुक्तिकाया अप्रतिभासमानत्वेनालम्बनत्वायोगात्, न च सन्निहितत्वाद्धवत्यालम्बनमिति वाच्यम्, सन्निहितानामन्येषामप्यालम्बनत्वापत्तेः । तथा च यदेव प्रतीतावभासते तदेव रजतमालम्बनतया वाच्यं रजतञ्च तत्रासदेवेत्यसत्ख्यातिरेवाऽऽयाता न विपरीतख्यातिरित्याशङ्कायामाह –

अत्र हि स्मरणोपढौकितं रजतं तद्देशतत्कालयोरविद्यमानमपि दोषमहिम्ना सन्निहितत्वेन भासत इति विपरीतख्यातिरूपमिदम् । स्मरणञ्च चाकचिक्यादिसमानधर्माणां शुक्तौ दर्शनाद्भवति ॥ ३ ॥

अत्रेति । इदं रजतमिति भ्रान्ताविति्यर्थः, रजतं भासत इति योजना, तेन रजतमेवालम्बनमित्युक्तम्, ननु तदानीमसत्ख्यातित्वं स्यादित्याशङ्क्याह तद्देशतत्कालयोरविद्यमानमपीति, यदा यस्मिन् तज्ज्ञानं भवति तद्देशतत्कालयोरविद्यमानमपीत्यर्थः, एतद्देशकालावच्छेदेनैव तस्याविद्यमानत्वं न तु देशान्तरे कालान्तरेऽपीति यावत् । तथा च देशान्तरादौ रजतस्य विद्यमानत्वं फलितम्, असत्ख्यातिवादो हि सर्वथाऽसतोऽर्थस्य प्रथने स्यान्न चात्र तथेति नासत्ख्यातिप्रसक्तिरिति भावः । ननु तत्राविद्यमानस्य रजतस्य नयनासन्निकृष्टत्वेन कथं भानं भवेदित्यत्राह दोषमहिम्नेति, तथा चातद्देशकालस्यापि रजतस्य दोषमहिम्ना सन्निहितत्वेन प्रतिभासनं नानुपपन्नमिति भावः । दोषमहिम्ना तथाभासमानत्वादेव प्रतीतेरस्या विपरीतख्यातिरूपतेत्याशयेनाह इति विपरीतख्यातिरूपमिदमिति, अस्मादेव हेतोरिदं ज्ञानं विपरीतख्यातिरूपमित्यर्थः । ननु दोषमहिम्ना यद्यतद्देशकालयोरपि भानं तर्हि जगतोऽपि ग्रहणं स्यादित्यत्राह स्मरणोपढौकितमिति, स्मरणेनोपस्थितं रजतमेव न तु विश्वं, चेतसि परिस्फुरितः

पदार्थस्य बहिरवभासनं हि उपस्थानं, चेतसि च न सर्वं परिस्फुरतीति भावः । कथं न विश्वस्य स्मरणमित्यत्राह स्मरणञ्चेति, सादृश्यविशिष्टार्थदर्शनेन हि स्मरणं भवति सादृश्यञ्च चाकचिक्यादिकं शुक्तिकारजतयोरेव न विश्वस्य, अतस्समानधर्मदर्शनेन स्मरणं रजतस्य, तेन च रजतमेवोपस्थापितं न विश्वमिति भावः, एवञ्च संवेदनात्पृथग्भूतस्य पदार्थस्यात्र परिस्फुरणान्नात्मख्यातिरत्यन्तासतः प्रतिभासाभावाच्च नासत्ख्यातिरिति ज्ञेयम् । ननु रजतमिदमित्यादिज्ञानस्य प्रत्यक्षरूपत्वेन स्मरणानपेक्षत्वात्कुतस्तदुपस्थापितार्थावभासित्वमिति चेन्न, अस्य प्रत्यक्षाभासत्वेनैवंविधपर्युनुयोगानास्पदत्वात् ॥

अत्र वृद्धाः, संवृतस्वाकारा समुपात्तकलधौताकारा शुक्तिकैवालम्बनं तज्ज्ञानस्य, त्रिकोणत्वादिस्वविशेषग्रहणाभावात्, चाकचिक्यादिसमानधर्मदर्शनजन्यरूप्यस्मरणारोपितरूप्याकारत्वाच्च । न च रजताकारज्ञानस्य कथं शुक्तिका विषय इति वाच्यम्, अङ्गुल्यादिना निर्दिश्यमानस्य कर्मतया ज्ञानजनकस्यैवालम्बनत्वात्, अन्यथा प्रकृतज्ञानेन साऽनपेक्षणीया भवेत् । अपेक्षणीया च सा, अन्यथा तदसन्निधानेऽपि प्रकृतज्ञानोत्पादापत्तेः, उत्तरकालं तद्विषयकप्रत्यभिज्ञानस्य[१] बाध्यबाधकभावस्य चानुपपत्तेश्च भिन्नविषययोस्तदसम्भवात् । ननु ज्ञानानां कोऽयं बाध्यबाधकभावः, सहानवस्थानं वा वध्यघातकभावो वा विषयापहारो वा फलापहारो वा, नाद्यः, सम्यक्प्रत्ययेनेव मिथ्याप्रत्ययेनापि सम्यक्प्रत्ययस्य बाधापत्तेः सहानवस्थानाविशेषात् । अत एव न द्वितीयः, उभयोर्वध्यघातकभावाविशेषात् । नापि तृतीयो विषयस्य प्रतिपन्नत्वेनापहारासम्भवात् । प्रतिपन्नस्याप्रतिपन्नत्वबोधकतया बाधकज्ञानस्यानुत्पादाच्च । नापि चरमः, उपादानादिज्ञानस्य प्रमाणफलस्योत्पन्नत्वेनापहरणासम्भवात्, नहि यदुत्पन्नं तदनुत्पन्नमित्यभिदधाति बाधकः । किञ्च तुल्यविषयोर्बाध्यबाधकभावो भिन्नविषययोर्वा स्यात् । नाद्यः धारावाहिज्ञानानां बाध्यबाधकभावप्रसङ्गात् । नान्त्यः, घटपटज्ञानयोरपि बाध्यबाधकभावापत्तेरिति चेदुच्यते प्रतिपन्नविषयस्यासत्त्वप्रतिपादकत्वेन विषयापहारकस्यैव बाधकत्वमिति । तत्रापीदानीमुपनतस्यैवासत्त्वं न ख्याप्यते किन्तु तदैव तस्यासत्त्वम्, न च प्रथमज्ञानेन तदानीं तस्य सत्त्वस्य गृहीतत्वेन तदैव तत्र बाधकेनासत्त्वस्य ख्यापने स्वरूपेणैव तस्य सदसत्त्वापत्तिर्विरुद्धा प्रसज्यत इति वाच्यम्, पूर्वप्रतिपन्नाकारोपमर्दद्वारेण बाधकप्रत्ययोत्पत्तेः, यन्मया तदा रजतमिति प्रतिपन्नं तद्रजतं न भवत्यन्यदेव तद्वस्त्विति, न च

१. यन्मया पूर्वं रजतत्वेन ज्ञातं तदेवेदं शुक्तिकाशकलमिति प्रत्यभिज्ञानं, नेदं रजतमपितु शुक्तिकेति ज्ञानस्य भिन्नविषयकत्वेन बाधकत्वमपि न स्यादिति भावः ॥

ज्ञानानां स्वस्वकालनियतत्वेनोत्तरज्ञानं पूर्वज्ञानोत्पादकालावच्छिन्नतद्विषया-भावप्रतिपत्तौ कथं समर्थमिति वाच्यम्, स्वसामग्रीतस्तथैवोत्तरस्य बाधकप्रत्ययस्योत्पद्यमानस्य प्रतीतेरित्यल-मधिकेन ॥

તો 'આ ચાંદી છે' આવી ભ્રાન્તિનું આલંબન શું છે ? (૧) રજત થાય, કાં તો (૨) શુક્તિ શકલ થઈ શકે !

(૧) રજતરૂપ પહેલો પક્ષ નથી, કેમ કે-અસત્ખ્યાતિનો પ્રસંગ છે. ખરેખર, વિષયભૂત રજત ત્યાં અસત્ છે.

શંકા – બીજે ઠેકાણે વિદ્યમાન રજતનું ભાન છે, માટે અસત્ખ્યાતિ કેવી રીતે ?

સમાધાન – જો એમ છે, તો 'આ ચાંદી છે' આવા ઉલ્લેખથી જ્ઞાનના ઉદયના અભાવનો પ્રસંગ છે, કેમ કે-દૂર-સુદૂર રજતમાં ચાક્ષુષ(ચક્ષુઈન્દ્રિયજન્ય)જ્ઞાનનો અસંભવ છે. અન્યથા, ચક્ષુઈન્દ્રિયજન્ય ન હોઈ જો ચાક્ષુષજ્ઞાન માનો, તો સર્વ ઠેકાણે ચાક્ષુષજ્ઞાનના ઉત્પાદના પ્રસંગથી ચક્ષુમાં સર્વ જગત્ના ગ્રાહકપણાની આપત્તિ છે.

(૨) શુક્તિશકલરૂપ બીજો પણ નથી, કેમ કે-રજત આકારપણાએ શુક્તિશકલ(જ્ઞાન)ની ઉત્પત્તિનો અભાવ છે, કેમ કે-અન્ય આકારવાળા જ્ઞાનમાં અન્ય વિષયકરૂપપણાનો અસંભવ છે. વળી પ્રતીતિના શુક્તિકાવિષયપણામાં ભ્રાન્તિપણાનો અસંભવ છે.

શંકા – રજતના પ્રતિભાસમાં પણ આલંબન બીજું જ છે ને ?

સમાધાન – શુક્તિકામાં અપ્રતિભાસમાનપણું હોઈ આલંબનપણાનો અભાવ છે.

શંકા – શુક્તિકા, સંનિધાનના કારણે આલંબન કેમ નહિ ?

સમાધાન – સંનિધાનરૂપે રહેલા બીજાઓમાં પણ આલંબનપણાની આપત્તિ આવશે જ. તથાચ જે વસ્તુ જ પ્રતીતિમાં પ્રતિભાસે છે, તે રજત જ આલંબનપણાએ વાચ્ય છે : અને રજત ત્યાં અસત્ જ છે, માટે અસત્ખ્યાતિ જ આવીને ઉભી'રહી. વિપરીતખ્યાતિ નહિ આવી ને ? આશંકામાં કહે છે કે-

વિપરીત ખ્યાતિનું સ્વરૂપ

ભાવાર્થ – "ખરેખર, અહીં સ્મરણથી પ્રેરિત રજત, તે દેશ-તે કાળમાં અવિદ્યમાન પણ દોષના મહિમાથી સંનિધાનથી ભાસે છે, માટે આ વિપરીતખ્યાતિરૂપ છે : અને સ્મરણ, ચાકચિક્ય આદિ સમાનધર્મોના દર્શનથી શુક્તિમાં થાય છે."

વિવેચન – 'આ ચાંદી છે' આવી ભ્રાન્તિમાં રજત ભાસે છે ત્યાં સુધી યોજના કરવી. તેથી રજત જ આલંબન છે, આવું કહેલું જાણવું. જો આમ છે, તો તે વખતે અસત્ખ્યાતિપણું જ થાય ને ? માટે કહે છે કે-તે દેશ-તે કાળમાં અવિદ્યમાન હોવા છતાં આ દેશ-કાળની અપેક્ષાએ જ તે રજતનું અવિદ્યમાનપણું છે, પરંતુ દેશાન્તરમાં-કાલાન્તરમાં પણ નહિ એમ જાણવું. તથાચ દેશાન્તર આદિમાં રજતનું અવિદ્યમાનપણું છે

એમ ફલિત થાય છે. ખરેખર, અસત્ખ્યાતિવાદ સર્વથા અસત્ એવા અર્થની પ્રસિદ્ધિમાં થઈ શકે, પરંતુ અહીં તે પ્રમાણે નથી માટે અસત્ખ્યાતિનો પ્રસંગ નથી. જો આમ છે, તો ત્યાં અવિદ્યમાન રજતનું નયનની સાથે સંનિકર્ષ નહિ હોવાથી ભાન કેવી રીતે થાય છે ? 'દોષના મહિમાથી ત્યાં રજત સંનિહિતપણાએ ભાસે છે.' તથાચ તે દેશ-કાળ વગરના પણ રજતનું દોષના મહિમાથી સંનિધાનનું પ્રતિભાસન ઉપપન્ન છે એમ જાણવું. દોષના મહિમાથી તે પ્રકારે ભાસમાનપણું હોવાથી જ આ પ્રતીતિની વિપરીતખ્યાતિરૂપતા છે. આ હેતુથી જ આ જ્ઞાન વિપરીતખ્યાતિરૂપ છે.

શંકા – જો દોષના મહિમાથી તે દેશ-તે કાળ વગરનાનું પણ ભાન થાય છે, તો જગતનું પણ ભાન કેમ નહિ થાય ?

સમાધાન – સ્મરણદ્વારા ઉપસ્થિત રજતનું જ ભાન અહીં છે, જગતનું ભાન નથી. ઉપસ્થાન-ચિત્તમાં સ્ફુરાયમાન પદાર્થનો બાહ્ય અવભાસ, ખરેખર ઉપસ્થાન કહેવાય છે. વળી ચિત્તમાં સઘળું જગત સ્ફુરાયમાન થતું નથી.

શંકા – આખા જગતનું સ્મરણ કેમ નહિ ? માત્ર રજતનું સ્મરણ કેમ ?

સમાધાન – ખરેખર, સમાનતા વિશિષ્ટ અર્થના દર્શનથી સ્મરણ થાય છે અને સદૃશપણું ચાકચિક્ય (ચક્યચકિતપણું ભ્રમનો ઉત્પાદકદોષવિશેષ છે. જેમ શુક્તિમાં ચાકચિક્ય. અહીં ચાકચિક્યદોષના વશે 'આ ચાંદી છે' એવું જ્ઞાન ઉત્પન્ન થાય છે.) વગેરે રૂપ છે, તે શુક્તિકા અને રજતનું જ સમજવું પરંતુ વિશ્વનું નહિ. એવી ચાકચિક્ય આદિ રૂપ સમાનધર્મના દર્શનથી સ્મરણ રજતનું થાય છે અને તે સ્મરણવડે રજત જ ઉપસ્થાપિત છે, જગત નહિ.

○ વળી આ પ્રમાણે સંવેદનથી (જ્ઞાનથી) અલગ થયેલ પદાર્થની અહીં પરિસ્ફુરણા હોવાથી 'આત્મખ્યાતિ' નથી અને અત્યંત અસત્ના પ્રતિભાસનો અભાવ હોવાથી 'અસત્ખ્યાતિ' નથી એમ જાણવું.

શંકા – 'આ ચાંદી છે' ઇત્યાદિ જ્ઞાન પ્રત્યક્ષરૂપ હોઈ સ્મરણની અપેક્ષા વગરનું છે, તો પછી ક્યાંથી તે સ્મરણથી ઉપસ્થાપિત અર્થના અવભાસનો સંભવ હોઈ શકે ?

સમાધાન – 'આ ચાંદી છે' ઇત્યાદિ જ્ઞાન પ્રત્યક્ષાભાસરૂપ હોઈ આવા પ્રકારના શંકાના સ્થાનરૂપ થતું નથી. અહીં વૃદ્ધપુરુષોનું કથન છે કે-સ્વ આકારનું સંવરણ કરનારી, ચાંદીના આકારને ગ્રહણ કરનારી શુક્તિકા જ તે જ્ઞાનનું આલંબન છે, કેમ કે-ત્રિકોણપણા આદિ રૂપ સ્વવિશેષના ગ્રહણનો અભાવ છે : અને ચાકચિક્ય આદિ સમાનધર્મના દર્શનથી ઉપજનિત ચાંદીના સ્મરણથી આરોપિત ચાંદીના આકારવાળી છે.

શંકા – રજતના આકારવાળા જ્ઞાનની વિષય તરીકે શુક્તિકા કેવી રીતે ?

સમાધાન – ચોક્કસ જે જ્યાં કર્મરૂપે ચકાસે છે, તે ત્યાં આલંબન છે, કેમ કે-અંગુલિ આદિથી (શૃંગગ્રાહિકયા અર્થાત્ આ શુક્તિકા છે-એમ નામ દઈને) નિર્દેશ કરાતા કર્મપણાએ જ્ઞાનજનક શુક્તિકારૂપ વિષયનું આલંબનપણું છે. અન્યથા, જો કર્મપણાએ વિષયરૂપ શુક્તિકા ન માનવામાં આવે, તો પ્રકૃતજ્ઞાનવડે તે શુક્તિકા અપેક્ષાનો વિષય ન બને ! વળી તે પ્રકૃતજ્ઞાનવડે તે શુક્તિકા અપેક્ષણીય છે. અન્યથા, જો શુક્તિકાની અપેક્ષા ન રાખવામાં આવે, તો તે શુક્તિકાના અસંનિધાનમાં પણ પ્રકૃતજ્ઞાનની ઉત્પત્તિની આપત્તિ છે : અને

ઉત્તરકાળમાં તે વિષયક પ્રત્યભિજ્ઞાનની (જે મેં પહેલાં રજતપણાએ જાણેલ છે, તે જ આ શુક્તિકાશકલ છે, આવું પ્રત્યભિજ્ઞાન : અને 'આ રજત નથી' પરંતુ શુક્તિકા છે, આવા જ્ઞાનનું ભિન્નવિષયકપણું હોઈ બાધકપણું ન થાય !) અને બાધ્યબાધકભાવની અનુપપત્તિ છે, કેમ કે-ભિન્ન વિષયવાળા પ્રત્યભિજ્ઞાન અને બાધ્યબાધકભાવમાં તે શુક્તિકાનો અસંભવ છે, માટે શુક્તિકા આલંબનરૂપે અપેક્ષણીય છે.

પૂર્વપક્ષ – પ્રશ્ન એ થાય છે કે-જ્ઞાનનો બાધ્યબાધકભાવ કયી જાતિનો છે ? (૧) શું સહ અનવસ્થાનરૂપે છે ? (૨) શું વધ્યઘાતક ભાવરૂપ છે ? (૩) શું વિષયાપહારરૂપ છે ? (૪) શું ફલાપહારરૂપ છે ?

[જે ઉત્તરજ્ઞાન જ બાધકપણાએ ઉલ્લસિત હોયે છતે પૂર્વજ્ઞાનનું અન્યથાત્વબોધક છે, બીજું ઉત્તરજ્ઞાન નહિ.]

(૧) સહાનવસ્થાનરૂપ પક્ષ બરાબર નથી, કેમ કે-સમ્યક્ પ્રત્યયની માફક મિથ્યા પ્રત્યયથી પણ સમ્યક્ પ્રત્યયની બાધની આપત્તિ છે. (સમ્યગ્જ્ઞાન પ્રત્યે મિથ્યાજ્ઞાન પણ બાધક બની જાય !) કેમ કે-સહ અનવસ્થાનમાં વિશેષ નથી.

(૨) એથી બીજો વધ્યઘાતકભાવરૂપ પક્ષ નથી, કેમ કે-બંનેમાં વધ્યઘાતકભાવનો વિશેષ નથી.

(૩) વિષયાપહારરૂપ ત્રીજો પક્ષ નથી, કેમ કે-વિષયની પ્રતિપત્તિ હોઈ અપહારનો અસંભવ છે અને પ્રતિપત્તિવાળા વિષયમાં અપ્રતિપન્નત્વના બોધકપણાએ બાધકજ્ઞાનની ઉત્પત્તિ નથી.

(૪) ફલાપહારરૂપ ચોથો પણ વ્યાજબી નથી, કેમ કે-પ્રમાણફલરૂપ ઉપાદાન આદિ જ્ઞાનની પહેલાં જ ઉત્પત્તિ હોવાથી અપહરણનો અસંભવ છે. જે ઉત્પન્ન છે, તે ઉત્પન્ન નથી—એમ બાધક કહેતો નથી.

○ વળી પ્રશ્ન થાય છે કે-(૧) શું તુલ્ય વિષયવાળા બંનેનો બાધ્યબાધકભાવ છે ? (૨) કે શું ભિન્ન વિષયવાળા બંનેનો બાધ્યબાધકભાવ છે ?

(૧) પહેલો તુલ્ય વિષયવાળા બંનેનો બાધ્યબાધકરૂપ પક્ષ નથી, કેમ કે-ધારાવાહિક (ધારાપૂર્વક એકીસાથે વહેતા-ક્રમે ક્રમે એકીસાથે પેદા થતા-ગૃહિતને ગ્રહણ કરનાર-અવિચ્છિન્ન પ્રવાહ બંધ વહેતા) જ્ઞાનોમાં બાધ્યબાધકભાવનો પ્રસંગ આવશે. (૨) ભિન્ન વિષયવાળા બંનેના બાધ્યબાધકભાવરૂપ બીજો પક્ષ બરાબર નથી, કેમ કે-ઘટજ્ઞાન અને પટજ્ઞાનમાં પણ બાધ્યબાધકભાવની આપત્તિ આવે છે.

ઉત્તરપક્ષ – જો આમ છે, તો કહેવાય છે કે-પ્રતિપન્ન વિષયવાળામાં અસત્ત્વનું પ્રતિપાદકપણું હોઈ વિષયના અપહારકનું જ બાધકપણું છે. ત્યાં પણ હમણાં ઉપનતનું જ અસત્ત્વ કહેવાતું નથી, પરંતુ તે કાળમાં જ તેનું અસત્ત્વ છે.

શંકા – પ્રથમ જ્ઞાનથી તે વખતે તે-સત્ત્વનું ગ્રહણ હોઈ, તે વખતે ત્યાં બાધકથી અસત્ત્વના જ્ઞાપનમાં સ્વરૂપથી જ તેમાં વિરુદ્ધ સદ્ અસત્ત્વની આપત્તિનો પ્રસંગ આવશે જ ને ?

સમાધાન – પૂર્વપ્રતિપન્ન (પ્રતિભાત) આકારના ઉપમર્દ દ્વારા (તત્પ્રતિભાવ વસ્તુના અસત્ત્વ વ્યાખ્યાનદ્વારા) બાધક પ્રત્યયની ઉત્પત્તિ છે. જેમ કે-જે મેં તે વખતે રજતરૂપે પ્રતિપન્ન કરેલ અર્થાત્ તે જે મારા વેદનમાં રજતરૂપે ભાસેલ, તે રજત નથી જ પરંતુ બીજી જ વસ્તુ છે. આવી બાધક પ્રતીતિની ઉત્પત્તિ સમજવી.

શંકા – જ્ઞાનોનું સ્વસ્વ કાળનું નિયતપણું હોઈ, ઉત્તરજ્ઞાન, પૂર્વજ્ઞાનમાં ઉત્પાદકાળથી વિશિષ્ટ તે વિષયના અભાવની પ્રતિપત્તિમાં કેવી રીતે સમર્થ થાય ?

સમાધાન – સ્વસામગ્રીથી જ સમર્થ થાય છે, કેમ કે-તે પ્રકારે જ ઉત્પન્ન થતા ઉત્તરબાધક પ્રત્યયની પ્રતીતિ છે. બસ, અધિક ચર્ચાથી સર્યું.

नन्विदं रजतमिति ज्ञानमित्यत्रेतिशब्दः प्रकारार्थोऽभिमतः । तथा चैवं प्रकारं ज्ञानं विपर्यय इति तद्भावार्थः, प्रकारता च प्रत्यक्षादिरूपेण, तत्र पूर्वोदितमुदाहरणन्तु प्रत्यक्षविषयमनुमानादिविषयको विपर्ययः कीदृक्ष इत्यनुयोगे त्वाह –

एवं बाष्पधूलीपटलादौ धूमभ्रमाद्वह्निविरहिते देशे वह्न्यनुमानमयं देशो वह्निमानिति । क्षणिकाक्षणिके वस्तुनि बौद्धागमात्सर्वथा क्षणिकत्वज्ञानं, भिन्नाभिन्नयोर्द्रव्यपर्याययोर्नैयायिकवैशेषिकशास्त्रत एकान्तभेदज्ञानं, नित्यानित्यात्मके शब्दे मीमांसकशास्त्रत एकान्तनित्यत्वज्ञानमित्यादीनि विपरीतोदाहरणानि ॥ ४ ॥

एवमिति । न केवलं प्रत्यक्षविषय एव विपर्ययोऽनुमानादिविषयोऽपि स इत्येवंशब्दतात्पर्यार्थः । अनुमानविषयविपर्ययमाह बाष्पधूलीपटलादाविति, आदिना नीहारादिग्रहणम् । अधूम इति शेषः, धूमभ्रमादिति, कुतोऽपि कारणात् भ्रान्त्या धूमत्वेन ज्ञाते सतीति भावः । वह्निविरहिते देश इति, अन्यथास्थितवस्तूपदर्शकं पदमिदम् । वह्न्यनुमानमिति, एककोटिमात्रप्रकारकनिश्चयत्वप्रदर्शनपरम् । तदुल्लेखप्रकारमाहायं देश इति । इतीति, लौकिकविपर्ययाणामुपदर्शकमिदम् । अथ परीक्षकविपर्ययमाह–क्षणिकेति, क्षणिकाक्षणिकत्वं भिन्नाभिन्नत्वं नित्यानित्यत्वञ्च वस्तुनः परीक्षया निर्णीतं तथाभूते वस्तुनि तत्तच्छास्त्रबलेन भ्रान्तिसहकृतेनैकान्तक्षणिकत्वादिज्ञाने सति विपर्ययत्वमिति भावार्थः, स्पष्टं सर्वम् ॥

વિપર્યયનું વર્ણન

અહીં પ્રશ્ન થાય છે કે-'આ ચાંદી છે ઇતિ જ્ઞાન છે. અહીં ઇતિ શબ્દ પ્રકાર અર્થવાળો અભિમત છે. તથાચ આવા પ્રકારવાળું જ્ઞાન વિપર્યયરૂપ છે એવો ભાવાર્થ છે : અને પ્રકારતા પ્રત્યક્ષ આદિ રૂપથી છે. ત્યાં પૂર્વકથિત ઉદાહરણ પ્રત્યક્ષ વિષયવાળું છે, તો અનુમાન આદિ વિષયવાળો વિપર્યય કેવોક હોય છે ? આવા પ્રશ્નના જવાબમાં કહે છે કે-

ભાવાર્થ – "આ પ્રમાણે બાષ્પધૂલીપટલ આદિ હોયે છતે, ધૂમના ભ્રમથી અગ્નિ વગરના દેશમાં અગ્નિનું અનુમાન છે કે-'આ દેશ અગ્નિવાળો છે' ઇતિ. ક્ષણિક-અક્ષણિક વસ્તુમાં બૌદ્ધના આગમથી સર્વથા ક્ષણિકપણાનું જ્ઞાન, ભિન્ન-અભિન્ન એવા દ્રવ્ય અને પર્યાયમાં નૈયાયિક-વૈશેષિકના શાસ્ત્રથી

એકાન્ત ભેદનું જ્ઞાન, નિત્ય-અનિત્ય આત્મક શબ્દમાં મીમાંસકના શાસ્ત્રથી એકાન્ત નિત્યત્વનું જ્ઞાન, ઇત્યાદિ વિપરીત ઉદાહરણો છે."

વિવેચન – ફક્ત પ્રત્યક્ષ વિષયવાળો જ વિપર્યય નથી, પરંતુ અનુમાન આદિ વિષયવાળો પણ તે વિપર્યય છે, એમ એવં શબ્દનો તાત્પર્યાર્થ છે. અનુમાનવિષયક વિપર્યયને કહે છે કે-'બાષ્પ (આંસુ-ગરમી-બાફ) ધૂળનો ઉઠતો સમુદાય આદિ પદથી નીહાર (બરફ-હિમ-ઝાકળ) આદિ હોયે છતે, ધૂમ નહિ હોવા છતાં કોઈ પણ કારણથી ભ્રાન્તિથી ધૂમપણાએ જ્ઞાન કર્યે છતે, 'વહ્નિ વગરના દેશમાં' આવું પદ અન્યથાસ્થિત વસ્તુનું ઉપદર્શક છે. 'વહ્નિનું અનુમાન' આવું પદ એક કોટિ માત્ર પ્રકારવાળા નિશ્ચયપણાનું પ્રદર્શક છે. તે અનુમાનના ઉલ્લેખ પ્રકારને કહે છે કે-'આ દેશ અગ્નિવાળો છે.' ઇતિ એવું પદ લૌકિક વિપર્યયોનું ઉપદર્શક છે. હવે પરીક્ષક(વાદી)ના વિપર્યયને કહે છે કે-ક્ષણિકાક્ષણિકત્વ, ભિન્નાભિન્નત્વ, નિત્યાનિત્યત્વ વસ્તુનું પરીક્ષાથી નિર્ણીત છે. એટલે ક્ષણિકાક્ષણિક-ભિન્નાભિન્ન-નિત્યાનિત્યરૂપે નિર્ણીત તથાભૂત વસ્તુનું ભ્રાન્તિથી સહકૃત તે, તે શાસ્ત્રના બળથી એકાન્ત ક્ષણિકત્વ આદિ જ્ઞાન હોયે છતે વિપર્યયપણું છે. સઘળું સ્પષ્ટ છે.

अथ संशयस्वरूपमाह –

अनिश्चितनानांशविषयकं ज्ञानं संशयः । यथा स्थाणुर्वा पुरुषो वेति ज्ञानम् । इदञ्च स्थाणुत्वपुरुषत्वान्यतरनिश्चायकप्रतिषेधकप्रमाणाभावादारोहपरिणाहात्मकसाधारणधर्मदर्शनात्कोटिद्वयविषयकस्मरणाच्च समुन्मिषति । अयं प्रत्यक्षधर्मिकः संशयः । परोक्षधर्मिविषयको यथा क्वचिद्वनप्रदेशे शृङ्गमात्रदर्शनेन किं गौरयं गवयो वेति संशयः ॥५॥

अनिश्चितनानांशविषयकमिति । यतो विधौ प्रतिषेधे वा कस्यचिदसमर्थं अत एव तज्ज्ञानं अनिश्चितनानांशविषयकमित्यर्थः, ज्ञानमिति, बोधविशेष इत्यर्थः, संशय इति, यत्सर्वप्रकारैश्शेत इवातस्संशय इत्यर्थः । एकस्मिन् धर्मिणीत्यादिः, तथा चैकस्मिन् धर्मिणि अनिश्चितनानांशविषयकं ज्ञानं संशय इति भावः । अनिश्चितेति विशेषणात् स्वपररूपेण सदसदात्मकं वस्त्विति ज्ञानानां व्युदासः । दृष्टान्तमाह यथेति, अयमिति शेषः, सामान्यतस्संशयं प्रति धर्मिज्ञानं साधारणधर्मदर्शनं विशेषादर्शनमनेकविशेषस्मरणञ्च कारणमिति लक्ष्ये तत्सङ्गमयति इदञ्चेति, संशयात्मकमिदं ज्ञानञ्चेत्यर्थः । स्थाणुत्वेति, स्थाणुत्वपुरुषत्वयोर्विशेषयोरन्यतरस्य निश्चयजनकं प्रतिषेधकं वा यत्प्रमाणं तदभावादित्यर्थः । एतेन विशेषादर्शनरूपकारणसम्पत्तिर्दर्शिता, आरोहपरिणाहात्मकेति, स्थाणुपुरुषयोरारोहपरिणाहात्मकसाधारणधर्मस्य दर्शनादित्यर्थः, अनेन साधारणधर्मदर्शनरूपकारणसम्पत्तिर्दर्शिता, कोटिद्वयविषयकस्मरणाच्चेति, स्थाणुत्वपुरुषत्वरूपकोटिद्वयविषयकस्मरणादित्यर्थः, अनेनानेकविशेषस्मरणं दर्शितम्, दूरात्प्रत्यक्षगोचरः पुरोवर्ती धर्मी संशयस्यातो धर्मिज्ञानं कारणमायातम्, ततश्चायं स्थाणुर्वा

पुरुषो वेति संशयः समुन्मिषति । साधकबाधकप्रमाणाभावाद्धि पुरोवर्त्तिनि यदा स्थाणुरयमिति निर्णेतुमभिलषति तदा पुरुषविशेषानुस्मरणबलेन पुरुषे समाकृष्यते, यदा च पुरुषोऽयमिति निश्चेतुमिच्छति तदा स्थाणुविशेषानुस्मरणमहिम्ना स्थाणावाकृष्यत इत्यनेकार्थे समाकृष्यमाणस्य प्रतिपत्तुरनवस्थितरूपतया दोलायमानः स्थाणुर्वायं पुरुषो वेति प्रत्ययः प्रादुर्भवतीति भावः । ननु कोट्योर्विरोधज्ञानमपि संशयकारणमस्ति तत्कुतो नोक्तमिति चेत्सत्यं, संशये[1] तदधिकरणावृत्तित्वरूपविरोधस्य प्रकारत्वे तस्य तदभावव्याप्तिपर्यवसायित्वेन तदभावव्याप्यवत्ता-निश्चयरूपसंशयप्रतिबन्धकसत्त्वात्तदभावस्य च कार्यसहभावेन हेतुत्वात्संशयमात्रस्य दुर्लभत्वापत्तेः किन्तु संशये तद्विरोधस्संसर्गतया भासते तस्य च पूर्वमुपस्थितिर्नापेक्षितेति[2] विरोधज्ञानं न संशयहेतुत्वेनोक्तम् । एवं गृहे स्थितस्य वाप्यामापस्सन्तीति ज्ञानं साधकबाधकप्रमाणाभावापेक्षया संशयात्मकं, तस्यानेकांशानुल्लेखित्वेऽपि न सन्तीत्यंशोऽन्तर्निगीर्णः स्फुरत्येवेति बोध्यम् । ननु किमयं संशयः प्रत्यक्ष एव भवति परोक्षेऽपि वेत्यत्राहायमिति, स्थाणुर्वा पुरुषो वेत्याकारकस्संशय इत्यर्थः, प्रत्यक्षधर्मिक इति, सांव्यवहारिकप्रत्यक्षधर्मिक इत्यर्थः । परोक्षधर्मिविषयकमाह परोक्षेति, अत्र गोत्वगवयत्वविषयकसाधकबाधकप्रमाणाभावाद्विशेषदर्शनेन शृङ्गेणानुमिते धर्मिणि परोक्षे संशय इति परोक्षधर्मिविषयक इति भावः ॥

संशयस्वरूपनुं वर्णन

ભાવાર્થ – "અનિશ્ચિત અનેક અંશરૂપ જ્ઞાન સંશય છે. જેમ કે-'સ્થાણુ છે કે પુરુષ છે ?' આ જ્ઞાન, સ્થાણુત્વ-પુરુષત્વમાંથી કોઈ એકનું નિશ્ચાયક અને પ્રતિષેધક પ્રમાણના અભાવથી ઉંચાઈ-લંબાઈ-પહોળાઈરૂપ સાધારણ ધર્મના દર્શનથી અને બે કોટિના વિષયક સ્મરણથી પ્રગટે છે. આ પ્રત્યક્ષ ધર્મીવાળો સંશય છે, પરોક્ષ ધર્મીવિષયવાળો. જેમ કે- કોઈ એક વનપ્રદેશમાં શીંગડા માત્રના દર્શનથી 'આ બળદ છે કે રોઝ છે' આવો સંશય છે."

---

१. यथा पर्वतो वह्निमान्नवेत्यत्र वह्निः वह्न्यभावश्च प्रकारः, तत्र तदधिकरणावृत्तित्वरूपो विरोधोऽपि भासेत यदि तदा वह्नौ वह्न्यभावाधिकरणावृत्तित्वस्य भाने तस्य वह्निव्याप्तिरूपत्वेन पर्वते वह्निव्याप्यवत्ताज्ञानेन वह्न्यभाववत्ताज्ञानं, वह्न्यधिकरणावृत्तित्वस्य वह्न्यभावे भाने च तस्य वह्न्यभावाभावाधिकरणावृत्तित्वलक्षणवह्न्यभावव्याप्तिरूपत्वेन पर्वते वह्न्यभावव्याप्यवत्ताज्ञानात् वह्निमत्ताज्ञानं न स्यात् तद्वत्ताबुद्धिं प्रति तदभावकारणस्य कार्याव्यवहित पूर्वक्षणे सत्त्वेन न संशयोत्पत्तौ बाधकः कश्चिदिति वाच्यम्, प्रतिबन्धकभावस्य कार्यव्याप्यवत्ताज्ञानस्य प्रतिबन्धकस्य सत्त्वात्, न च संशयोत्पत्तिकाले प्रतिबन्धकसत्त्वेऽपि प्रतिबन्धकाभावरूपकारणस्य कार्याव्यवहित पूर्वक्षणे सत्त्वेन न संशयोत्पत्तौ बाधकः कश्चिदिति, वाच्यम्, प्रतिबन्धकभावस्य कार्यकालवृत्तित्वेन हेतुत्वादित्याशयेनाह संशय इति ॥ २. तत्प्रकारकज्ञान एव तज्ज्ञानस्य हेतुत्वेन विरोधस्य संसर्गतया भाने न तज्ज्ञानापेक्षेति भावः ॥

विवेचन – જે કારણથી કોઈ એકના વિધિમાં કે પ્રતિષેધમાં અસમર્થ છે. એથી તે જ્ઞાન અનિશ્ચિત અનેક અંશોના વિષયવાળું છે. સંશય એટલે વ્યુત્પત્તિથી-(સમ્ એટલે) ચારયે બાજુથી-સર્વ પ્રકારોથી શયન કરે છે-સુવે છે તે સંશય, જ્ઞાન એટલે જ્ઞાનવિશેષ છે. તથાચ એકધર્મીમાં અનિશ્ચિત નાના અંશના વિષયવાળું જ્ઞાન, સંશય એમ લક્ષણાર્થ છે.

પદકૃત્ય – 'અનિશ્ચિત' એવા વિશેષણથી 'સ્વ-પરરૂપથી સદ્-અસદ્ આત્મક વસ્તુ છે.' આવા જ્ઞાનોનો વ્યવચ્છેદ થાય છે.

○ દૃષ્ટાન્તને કહે છે કે-'આ સ્થાણુ છે કે પુરુષ છે ?'

○ સામાન્યથી સંશય પ્રત્યે ધર્મીનું જ્ઞાન, સાધારણ ધર્મનું જ્ઞાન, વિશેષનું અદર્શન અને અનેક વિશેષોનું સ્મરણ કારણ છે, માટે લક્ષ્યમાં તે ઘટાવે છે.

(૧) સ્થાણુત્વ અને પુરુષત્વરૂપ વિશેષમાંથી કોઈ એકના નિશ્ચયજનક (સાધક) કે પ્રતિષેધક (બાધક) જે પ્રમાણ છે, તેનો અભાવ છે. આ કથનથી વિશેષના અદર્શનરૂપ કારણ સંપત્તિ દર્શાવેલ છે.

(૨) 'आरोहणपरिणाहेति'-સ્થાણુ અને પુરુષમાં આરોહ (ઉંચાઈ), પરિણાહ (પહોળાઈ) આત્મક સાધારણ ધર્મનું દર્શન છે. આ હેતુના કથનથી સાધારણ ધર્મના દર્શનરૂપ કારણ સંપદા દર્શાવેલ છે.

(૩) 'कोटिद्वयविषयकस्मरणाच्चेति'-સ્થાણુત્વ અને પુરુષત્વરૂપ બે કોટિરૂપ વિષયવાળું સ્મરણ છે. આ હેતુના કથનથી અનેક વિશેષનું સ્મરણ દર્શાવેલ છે.

(૪) દૂરથી પ્રત્યક્ષના વિષયરૂપ જે પુરોવર્તી છે, તે સંશયનો ધર્મી છે. એથી ધર્મીજ્ઞાન કારણ આવ્યું. આ ચાર હેતુઓથી 'આ સ્થાણુ છે કે પુરુષ છે ? એવો સંશય પ્રગટે છે.

○ ખરેખર, સાધક અને બાધકપ્રમાણના અભાવથી પુરોવર્તી પદાર્થમાં જ્યારે 'આ સ્થાણુ છે' આવો નિર્ણય કરવા માટે અભિલાષા કરે છે, ત્યારે પુરુષવિશેષના અનુસ્મરણના બળથી પુરુષમાં તે ખેંચાય છે. અને જ્યારે 'આ પુરુષ છે' આવો નિશ્ચય કરવા માટે ઇચ્છા કરે છે, ત્યારે સ્થાણુવિશેષના અનુસ્મરણના મહિમાથી સ્થાણુમાં ખેંચાય છે. આવી રીતે અનેક અર્થમાં ખેંચાતા પ્રમાતાનો દોલાયમાન (હીંચકા જેવો) 'આ સ્થાણુ છે કે પુરુષ છે ?' આવો સંશયાકાર પ્રત્યય પ્રગટ થાય છે.

શંકા – બે કોટિના વિરોધનું જ્ઞાન પણ સંશય પ્રત્યે કારણ છે તે શાથી કહેલ નથી ?

સમાધાન – જો કે તમારું સાચું છે. પરંતુ સંશયમાં (જેમ પર્વત વહ્નિવાળો છે કે નહિ ? આવા સ્થળમાં અગ્નિ અને અગ્નિનો અભાવ પ્રકાર છે. ત્યાં જો તેના અધિકરણમાં અવૃત્તિત્વરૂપ વિરોધ પણ ભાસે ! તો વહ્નિમાં વહ્નિના અભાવના અધિકરણમાં અવૃત્તિત્વનું ભાન થયે છતે, वह्न्यभावाधिकरणावृत्तित्वनुं વહ્નિવ્યાપ્તિરૂપપણું હોઈ, પર્વતમાં વહ્નિવ્યાપ્યવત્તાના જ્ઞાનથી વહ્નિના અભાવવત્તાનું જ્ઞાન અને વહ્નિઅધિકરણાવૃત્તિત્વનું વહ્નિના અભાવમાં ભાન થયે છતે, તે વહ્નિઅધિકરણાવૃત્તિત્વનું વહ્નિના અભાવાભાવ(વહ્નિ)ના અધિકરણાવૃત્તિત્વ લક્ષણ વહ્નિના અભાવવ્યાપ્તિરૂપપણું હોઈ, પર્વતમાં વહ્નિના અભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનથી વહ્નિમત્તાનું જ્ઞાન ન થાય ! કેમ કે-તદ્વત્તાની બુદ્ધિ પ્રત્યે તદ્ અભાવ-વ્યાપ્યવત્તા જ્ઞાનરૂપ પ્રતિબંધકની સત્તા છે.

શંકા – સંશયની ઉત્પત્તિના કાળમાં પ્રતિબંધકની સત્તા હોવા છતાં, પ્રતિબંધકના અભાવરૂપ કારણની કાર્યના અવ્યવહિત પૂર્વના ક્ષણમાં સત્તા હોઈ સંશયની ઉત્પત્તિમાં કોઈ બાધક નથી ને ?

સમાધાન – પ્રતિબંધકનો અભાવ કાર્યના કાળમાં વૃત્તિ હોઈ હેતુ છે. આવા આશયથી કહે છે કે- 'સંશયે' ઇતિ. તે સ્થાણુત્વના અધિકરણમાં અવૃત્તિત્વરૂપ વિરોધ(સ્થાણુત્વાભાવ)ના પ્રકારપ્રણામાં તે વિરોધનું તે સ્થાણુત્વાભાવાભાવની વ્યાપ્તિમાં પર્યવસાયિપણું હોવાથી તે સ્થાણુત્વાભાવાભાવ વ્યાપ્યવત્તાનો નિશ્ચય, સંશય પ્રત્યે પ્રતિબંધકરૂપે વિદ્યમાન હોઈ અને તે પ્રતિબંધકાભાવ કાર્યનો સહજભાવથી હેતુ હોઈ સંશય માત્રની દુર્લભતાની આપત્તિ છે. પરંતુ સંશયમાં તેનો વિરોધ (સ્થાણુત્વાભાવ) સંસર્ગપણાએ ભાસિત થાય છે. તે વિરોધની પૂર્વકાળમાં (તે પ્રકારવાળા જ્ઞાનમાં-સ્થાણુત્વપ્રકારજ્ઞાનમાં જ તે પ્રકારના જ્ઞાનનું હેતુપણું હોઈ, વિરોધનું સંસર્ગપણાએ ભાન હોયે છતે, તે વિરોધજ્ઞાનની અપેક્ષા નથી એવો ભાવ છે.) ઉપસ્થિતિ અપેક્ષાવાળી નથી, માટે વિરોધનું (અભાવનું) જ્ઞાન સંશયહેતુપણાએ કહેલ નથી. આ પ્રમાણે ઘરમાં રહેલાને 'વાવડીમાં પાણી છે' આવું જ્ઞાન સાધક-બાધકપ્રમાણના અભાવની અપેક્ષાએ સંશય આત્મક છે. તે સંશયમાં અનેક અંશોનો ઉલ્લેખ નહિ હોવા છતાં (કે નથી !) 'न सन्ति !' એવો અંશ, 'અંતનિગીર્ણ' (અંદર રહેલા)રૂપે સ્ફુરાયમાન થાય છે જ એમ જાણવું.

શંકા – શું આ સંશય પ્રત્યક્ષમાં જ થાય છે કે પરોક્ષમાં પણ થાય છે ?

સમાધાન – આ 'સ્થાણુ છે કે પુરુષ છે ?' આવા આકારવાળો સંશય, સાંવ્યવહારિક પ્રત્યક્ષરૂપ ધર્મીવાળો છે.

○ પરોક્ષ ધર્મીવિષયક સંશયને કહે છે કે-અહીં ગોત્વ-ગવયત્વવિષયક સાધક-બાધકપ્રમાણના અભાવથી, કોઈ એક વનપ્રદેશમાં શૃંગ માત્રના વિશેષ દર્શનથી, અનુમાનવિષયભૂત પરોક્ષ ધર્મીમાં 'આ બળદ છે કે રોઝ ?' આવા આકારવાળો સંશય, પરોક્ષ ધર્મીવિષયક છે.

अथ क्रमायातमनध्यवसायं निरूपयति –

विशिष्टविशेषास्पर्शिज्ञानमनध्यवसायः । यथा गच्छता मार्गे किमपि मया स्पृष्टमिति ज्ञानम् । अयमनध्यवसायः प्रत्यक्षविषयः ॥ ६ ॥

विशिष्टेति । विशिष्टरूपेण-स्पष्टतया विशेषं यत्र स्पृशति तादृशं ज्ञानमित्यर्थः, दूरान्धकारादिवशादसाधारणधर्मावमर्शरहितः[१] प्रत्ययोऽनिश्चयरूपत्वादनध्यवसाय इति भावः । उदाहरति यथेति, अन्यत्रासक्तचित्तत्वात् पथि व्रजता मया किमपि स्पृष्टं परं किं वस्त्विति न ज्ञातमिति यो बोधस्स वस्तुविशेषाध्यवसायाभावात्किमपि स्पृष्टमित्यनिर्णयात्मकमनध्यवसाय-

१. आदिनाऽन्यासक्तचित्तत्वादीनां ग्रहणम् ॥

ज्ञानमिति भावः । अत्रापीतिशब्देनेदृशदिशा प्रत्यक्षयोग्यविषया अनध्यवसाया विज्ञेया इति सूचितं, तदेवाहायमिति, ईदृग्जातीय इत्यर्थः ॥

ક્રમથી આવેલ અનધ્યવસાયનું નિરૂપણ

ભાવાર્થ – "સ્પષ્ટરૂપે વિશેષને નહિ સ્પર્શ કરનારું જ્ઞાન 'અનધ્યવસાય' કહેવાય છે. જેમ કે- ચાલનારને એમ ભાન થાય કે-'ચાલતાં ચાલતાં મને કોઈ ચીજનો સ્પર્શ થયો છે.' આ અનધ્યવસાય પ્રત્યક્ષ વિષયનો છે."

વિવેચન – વિશિષ્ટરૂપથી જે જ્ઞાન વિશેષને સ્પર્શ નથી કરતું, તે જ્ઞાન 'અનધ્યવસાય' છે. દૂર-અંધકાર આદિ વશથી અન્યમાં આસક્ત ચિત્તપણું વગેરે કારણોના વશે, અસાધારણ ધર્મના વિચાર વગરનો પ્રત્યક્ષ અનિશ્ચયરૂપ હોવાથી 'અનધ્યવસાય' છે. જેમ કે-બીજી જગ્યાએ આસક્ત ચિત્ત હોવાના કારણે 'માર્ગમાં ચાલતાં મને કોઈ ચીજનો (ઘાસ વગેરે ચીજનો) સ્પર્શ થયો હતો, પરંતુ તે કઈ વસ્તુ હતી તે મેં જાણ્યું નહિ. આવો જે બોધ, તે વસ્તુવિશેષના અધ્યવસાય(નિશ્ચય)નો અભાવ હોવાથી, 'કોઈ ચીજનો સ્પર્શ થયો છે' આવું અનિર્ણય આત્મક અનધ્યવસાય જ્ઞાન છે. અહીં પણ 'ઇતિ' શબ્દથી પ્રત્યક્ષયોગ્ય અનધ્યવસાયો જાણવા, એમ સૂચિત કરેલ છે. તે જ કહે છે કે-'આ' એટલે આવી જાતિનો અનધ્યવસાય પ્રત્યક્ષ વિષયવાળો છે.

परोक्षविषयमनध्यवसायमाह –

परोक्षविषयस्तु गोजातीयपरिज्ञानविधुरस्य विपिननिकुञ्जे सास्नामात्रदर्शनेन सामान्यतः पिण्डमात्रमनुमाय प्रदेशेऽस्मिन् कोऽयं प्राणीति विशेषानुल्लेखि ज्ञानम् । अनिश्चितानेककोटिविषयकस्संशयः । सर्वथा कोट्यविषयकोऽनध्यवसाय इत्यनयोर्भेदः । तथाऽनवस्थितानेकांशाप्रकारके वस्तुन्यनवस्थितानेकांशप्रकारकत्वावगाहनात्संशय आरोपरूपः । अनध्यवसायस्य संशयविपर्ययात्मकारोपेण सहायथार्थपरिच्छेदकत्वसाम्यादारोपरूपत्वमुपचारवृत्त्या भाव्यम् ॥ इत्यारोपनिरूपणम् ॥ ७ ॥

परोक्षेति । गोजातीयपरिज्ञानविधुरस्येति, गोज्ञानविधुरस्य द्वीपान्तरवासिन इत्यर्थः । विपिननिकुञ्ज इति, देशान्तरमायातस्य कस्मिंश्चिदरण्यलतासमूह इत्यर्थः, सास्नामात्रदर्शनेनेति, प्राण्यविनाभूतसास्नामात्रावलोकनेनेत्यर्थः, पिण्डमात्रमनुमायेति, प्राणिमात्रमनध्यवसायधर्मिणमनुमायेत्यर्थः । मात्रपदेन प्राणिविशेषनिर्णयाभावः प्रकाशितः, अनध्यवसायज्ञानाकारमाह प्रदेशेऽस्मिन्नित्यादिना । विशेषानुल्लेखीति, जातिविशेषाविषयकमित्यर्थः । ननु संशये यथा विशेषानवधारकस्तथानध्यवसायोऽपीति कथं संशयतोऽस्य भेदो येन त्रैविध्यमारोपस्य स्यादित्यत्राहनिश्चितेति, अस्ति तयोर्लक्षणभेदोऽनवधारितानेककोटीविषयको हि संशयः,

अनध्यवसायस्तु सर्वथा विशेषोल्लेखविधुर इति भावः । सर्वथा कोट्यविषयक इति, सर्वथा विशेषकोट्यविषयक इत्यर्थः । तेन प्राणित्वस्योल्लेखेऽपि न क्षतिः । नन्वतत्प्रकारके वस्तुनि तत्प्रकारकत्वज्ञानमारोप इति लक्षणं विपर्ययेऽन्यथास्थितवस्त्वेककोटिप्रकारकनिश्चयरूपे सङ्गतमेव, किन्त्वारोपविलक्षणयोस्संशयानध्यवसाययोः कथमारोपरूपतेत्याशङ्कायामाह तथेति, एवञ्च संशये आरोपविलक्षणत्वमेवासिद्धं, वस्तुतोऽनेककोट्यप्रकारके वस्तुनि स्थाण्वादावनेककोटिगोचरत्वादित्याशयेनाहानवस्थितेति, तथा चारोपरूपत्वेऽपि विपर्ययस्यैककोटिविषयकत्वात्संशयस्य च नानाकोटिविषयकत्वाद्भेदेनोल्लेख इति भावः । नन्वेवं तर्हि कोटिविशेषविधुरस्यानध्यवसायस्य कथमारोपता, कथमपि तल्लक्षणाननुवृत्तेरित्यत्राहानध्यवसायस्येति, यथा हि सिंहनिष्ठशौर्यादिगुणसदृशशौर्यादिगुणयोगतो माणवके सिंहत्वं सिंहशब्दश्चोपचर्यते सिंहो माणवक इति, तथैव विपर्ययसंशयात्मकारोपनिष्ठायथार्थपरिच्छेदकत्वरूपगुणसदृशायथार्थपरिच्छेदकत्वगुणयोगेनारोपत्वमारोपशब्दश्चोपचर्यतेऽनध्यवसाय आरोप इतीति भावः । एतेन संशयविपर्ययोरेव वस्तुत्वं नत्वनध्यवसायस्येति मतमपास्तम्, तस्याकिञ्चित्करवेदनरूपत्वात् । सम्यग्ज्ञानानुत्पादकत्वेनावस्तुत्वे संशयविपर्ययोरपि तथात्वापत्तेः, न चारोपलक्षणाभावादवस्तुत्वमिति वाच्यम्, मुख्यवृत्त्या तथात्वेऽप्युपचारवृत्त्याऽऽरोपरूपत्वादित्याशयेनोपचारवृत्त्या भाव्यमित्युक्तम् । इत्येवं प्रमाणपरिपन्थ्यारोपनिरूपणमवसितमित्याहेतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-
चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-
विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश**
व्याख्यायां आरोपनिरूपणं
नामाष्टमः किरणः

પરોક્ષ વિષયવાળા અનધ્યવસાયનું વર્ણન

ભાવાર્થ – "પરોક્ષ વિષયવાળો અનધ્યવસાય તો, ગોજાતિના પરિજ્ઞાન વગરના પુરુષનું વનનિકુંજમાં સાસ્ના(ગલકંબલ)ના માત્ર દર્શનથી સામાન્યથી પિંડ માત્રનું અનુમાન કરીને, આ પ્રદેશમાં કયો પ્રાણી છે ? કયી જાતિવાળું છે ? અને કયા નામવાળું છે ? આવા વિશેષનાં ઉલ્લેખ વગરનું જ્ઞાન 'પરોક્ષ વિષય

१. संशयस्यानेकांशानवस्थितप्रतिभासरूपत्वात् विपर्ययस्य च विपरीताकाराध्यवसायस्वरूपत्वाद्वस्तुत्वं, अनध्यवसायस्य तु निस्स्वरूपत्वादवस्तुत्वमिति शङ्काकर्तुराशयः अकिञ्चित्करवेदनत्वं तस्य स्वरूपं सकलस्वभावशून्यत्वे तस्याप्रमाणत्वमपि वक्तुं न शक्यते, अप्रमाणत्वरूपस्वरूपस्य तत्र सत्त्वापत्त्या वस्तुत्वापत्तेरित्याशयेनोत्तरमाह तस्येति ॥

અનધ્યવસાય' છે. અનિશ્ચિત અનેક કોટિના વિષયવાળો સંશય છે. સર્વથા કોટિના વિષય વગરનો અનધ્યવસાય છે. આવો આ બંનેમાં ભેદ જાણવો. તેવી રીતે અનવસ્થિત અનેક અંશના પ્રકાર વગરની વસ્તુમાં, અનિશ્ચિત અનેક અંશ પ્રકારકપણાના અવગાહનથી સંશય, આરોપરૂપ છે. અનધ્યવસાયમાં સંશય વિપર્યયાત્મક આરોપની સાથે અયથાર્થ-પરિચ્છેદકપણાના સામ્યથી આરોપરૂપપણું ઉપચારવૃત્તિથી ભાવવું.' ઇતિ આરોપનિરૂપણ."

વિવેચન – ગોના જ્ઞાનથી રહિત, દેશાન્તરમાં આવેલા દ્વીપાન્તરવાસીને કોઈ એક અરણ્યના લતાસમૂહમાં પ્રાણીની સાથે અવિનાભૂત સાસ્ના માત્રના દર્શનથી અનધ્યવસાય ધર્મીરૂપે પ્રાણી માત્રનું અનુમાન કરી, 'આ પ્રદેશમાં કોઈ એક આ પ્રાણી છે.' (આ અનધ્યવસાયજ્ઞાનનો આકાર છે.) (અહીં 'પિંડ માત્રમાં' માત્ર પદથી પ્રાણીવિશેષ નિર્ણયનો અભાવ પ્રકાશિત કરેલ છે.) આવું જાતિવિશેષના ઉલ્લેખ વગરનું-વિષય વગરનું જ્ઞાન, પરોક્ષ વિષયવાળો અનધ્યવસાય છે.

શંકા – જેમ સંશય, વિશેષનો નિર્ણય કરનાર નથી, તેમ અનધ્યવસાય પણ તેવો છે. તો સંશયથી આ અનધ્યવસાયનો ભેદ કેવી રીતે ? જેથી આરોપ ત્રણ પ્રકારવાળો બની શકે ?

સમાધાન – આ બંનેમાં લક્ષણકૃતભેદ છે. ખરેખર, અનિશ્ચિત-અનેક કોટિરૂપ વિષયવાળો સંશય છે. અનધ્યવસાય તો સર્વથા વિશેષ કોટિના ઉલ્લેખ વગરનો છે. તેથી પ્રાણિત્વના ઉલ્લેખમાં કોઈ ક્ષતિ નથી.

શંકા – તે પ્રકાર વગરની વસ્તુમાં તે પ્રકારકત્વનું જ્ઞાન આરોપ કહેવાય છે. આવું આરોપનું લક્ષણ અન્યથાસ્થિત વસ્તુમાં એક કોટિ પ્રકારના નિશ્ચયરૂપ વિપર્યયમાં સંગત છે જ. પરંતુ આરોપથી વિલક્ષણ સંશય અને અનધ્યવસાયમાં કેવી રીતે આરોપરૂપપણું છે ?

સમાધાન – આ પ્રમાણે સંશયમાં આરોપથી વિલક્ષણતા જ અસિદ્ધ છે, કેમ કે-વસ્તુતઃ અનેક કોટિના પ્રકાર વગરની વસ્તુમાં સ્થાણુ આદિમાં અનેક કોટિની વિષયતા છે. આવા આશયથી કહે છે કે-અનિશ્ચિત અનેક અંશના પ્રકાર વગરની વસ્તુમાં અનિશ્ચિત અનેક અંશના પ્રકારકપણાના અવગાહનથી સંશય આરોપરૂપ છે. તથાચ આરોપપણું હોવા છતાંય, વિપર્યયમાં એક કોટિ વિષયકપણું હોઈ અને સંશયમાં અનેક કોટિ વિષયકપણું હોઈ ભેદથી ઉલ્લેખ છે.

શંકા – જો આમ છે, તો કોટિના વિશેષ વગરના અનધ્યવસાયમાં કેવી રીતે આરોપરૂપતા છે ? કેમ કે-કોઈ પણ રીતે આરોપલક્ષણની અનુવૃત્તિ નથી ને ?

સમાધાન – ખરેખર, જેમ સિંહમાં રહેલ શૌર્ય આદિ ગુણસમાન શૌર્ય આદિ ગુણોના યોગથી માણવકમાં સિંહપણું અને સિંહ શબ્દ આરોપિત કરીને 'સિંહમાણવક' એમ કહેવાય છે, તેમ વિપર્યય સંશય આત્મક આરોપમાં રહેલ અયથાર્થ પરિચ્છેદકત્વરૂપ ગુણના સમાન અયથાર્થ પરિચ્છેદકત્વ ગુણના યોગથી આરોપપણું અને આરોપ શબ્દનો ઉપચાર કરીને કહેવાય છે કે - 'અનધ્યવસાય આરોપ છે. આ કથનથી 'સંશય અને વિપર્યયમાં જ વસ્તુત્વ છે, (સંશયનું અનેક અંશોનું અનવસ્થિત પ્રતિભાસપણું હોઈ અને વિપર્યયનું વિપરીત આકારવાળા અધ્યવસાયરૂપપણું હોઈ વસ્તુત્વ છે, અનધ્યવસાયનું તો સ્વરૂપરહિતપણું હોઈ અવસ્તુત્વ છે. એમ શંકા કરનારનો આશય છે. અકિંચિત્કર વેદનપણું તે અનધ્યવસાયનું સ્વરૂપ છે. સકલ સ્વભાવથી શૂન્યપણામાં 'તે અનધ્યવસાયનું અપ્રમાણપણું પણ કહી શકાતું નથી, કેમ કે-

અપ્રમાણત્વરૂપ સ્વરૂપની ત્યાં સત્ત્વની આપત્તિથી વસ્તુત્વની આપત્તિ છે. આવા આશયથી ઉત્તરને કહે છે કે 'तस्येति ।') પરંતુ અનધ્યવસાયનું વસ્તુત્વ નથી.' આવા મતનું ખંડન થઈ ગયું છે, કેમ કે-તે અનધ્યવસાય અકિંચિત્કર વેદનરૂપપણું હોઈ, સમગ્જ્ઞાનનું અનુત્પાદકપણું હોઈ, જો અવસ્તુત્વ માનવામાં આવે, તો સંશય અને વિપર્યયમાં પણ અવસ્તુપણાની આપત્તિ છે.

શંકા – આરોપલક્ષણનો અભાવ હોઈ અનધ્યવસાયનું અવસ્તુત્વ કેમ નહિ ?

સમાધાન – મુખ્ય વૃત્તિથી અવસ્તુત્વ હોવા છતાં પણ ઉપચારવૃત્તિથી આરોપરૂપપણું છે. આવા આશયથી 'ઉપચારવૃત્તિથી ભાવવું' એમ કહેલું છે. આ પ્રમાણે પ્રમાણના પરિપંથીરૂપ આરોપનું નિરૂપણ જાણેલ છે. 'ઇતિ.'

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર **શ્રીમદ્‌વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર **શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં 'આરોપનિરૂપણ' નામનું આઠમું કિરણ સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો **આઠમા કિરણ**નો સરળ ભાષામાં ગુજરાતી ભાવાનુવાદ કર્યો.



अथ नवमः किरणः

नन्वस्मिन्प्रवचने सर्वं वस्त्वनन्तधर्मात्मकतया सङ्कीर्णस्वभावं, अतस्तत्परिच्छेदकतया प्रमाणमपि तादृशमेव, व्यवहारस्त्वसंकीर्णप्रतिनियतधर्मप्रकारकोऽतस्तादृशव्यवहारसिद्धये समर्थः कश्चिदपेक्षणीय एव, यस्तादृशः स एवं नय उच्यत इति तत्प्रबोधनार्थमाह —

श्रुताख्यप्रमाणबोधितांशग्राहकोऽनिराकृतेतरांशो वक्तुरभिप्रायविशेषो नयः ॥ १ ॥

श्रुतेति । श्रुतमार्हतप्रवचनं तद्रूपं यत्प्रमाणं तेन बोधितमनेकान्तात्मकं वस्तु तस्यांश एकदेशो नित्यत्वादिस्तद्ग्राहकः अनिराकृतेतरांशः, अप्रतिषिद्धानित्यत्वाद्येकदेशो यो वक्तुरभिप्रायविशेषस्स नय इत्यर्थः । नय इति, अनन्तधर्माध्यासितं वस्तु स्वाभिप्रेतैकधर्मविशिष्टं नयति प्रापयति संवेदनमारोहयतीति नयः, प्रमाणप्रवृत्तेरुत्तरकालभावी परामर्श इत्यर्थः तदेवोक्तं श्रुताख्यप्रमाणबोधितांशेति । इतरांशप्रतिक्षेपे तु नयत्वव्याहतेराहानिराकृतेतरांशं[1] इति, वक्तुरभिप्रायविशेष इत्यनेन ज्ञानरूपस्य नयस्यापेक्षात्मशाब्दबोधत्वं प्रदर्शितं तथा चानन्तधर्मात्मकवस्त्वंशभूतप्रतिनियतधर्मप्रकारकापेक्षात्मकशाब्दबोधत्वं ज्ञानरूपस्य नयस्य स्वरूपम्, नयवाक्यस्य तु तादृशापेक्षात्मकशाब्दबोधजनकवाक्यत्वं स्वरूपं बोध्यम् । अपेक्षात्वञ्च क्षयोपशमजन्यतावच्छेदकजातिविशेषो विलक्षणविषयिता वा । तत्र मानञ्च तद्धर्मप्रतिपक्षधर्मवत्तया[2] ज्ञातेऽपि तद्धर्मवत्तया जायमानस्यानुभवस्यान्यथानुपपत्तिरेव । ननु लोकैः कुम्भोऽस्तीत्यादि-

---

१. दुर्नयस्याप्यधिकृतांशाप्रतिक्षेपकवक्त्रभिप्रायत्वात्तत्रातिव्याप्तिवारणाय श्रुताख्यप्रमाणबोधितांशग्राहकेति । रूपादिग्राहकस्याद्यप्रतिक्षेपकापायादिवारणाय विशेषपदम् ॥ २. असत्त्वप्रतिपक्षसत्त्ववत्तया ज्ञातेऽपि घटेऽसत्त्ववत्तायां अनुभवो जायते स चापेक्षां विना न सम्भवति, निरपेक्षसत्त्वासत्त्वयोरेकत्र परस्परं विरोधात् अनुभूयमानस्य त्वपलापो न सम्भवत्यतिप्रसङ्गादतः अपेक्षावलम्बनेनैव तयोर्व्यवस्था कार्येति सिद्धयत्यपेक्षेति भावः । अनुभवस्यैवासिद्धत्वमाशङ्क्ते नन्विति ॥

वाक्यश्रवणसमनन्तरं कुम्भविषयकशाब्दज्ञानस्यैव स्वात्मन्यनुभवनात्कुम्भविषयकापेक्षात्मकशाब्दबोधस्याननुभवनादपेक्षात्मकनयज्ञानसत्त्वे मानाभाव इति चेन्न, विरुद्धतया भासमानैरनेकैर्धर्मैर्मिश्रितस्य वस्तुनोऽपेक्षां विना विवक्षितैकधर्मप्रकारकनिश्चयविषयीकरणासम्भवात् । अनपेक्षात्मकस्य[1] तद्विरुद्धर्मप्रकारकज्ञानस्य तत्रानुपपत्तेः । न चापेक्षां विना लौकिकोऽपि व्यवहारस्सङ्गच्छते, अग्रावच्छेदेन कपिसंयोगाभाववति वृक्षे शाखापेक्षयैव कपिसंयोगवत्त्वव्यवहारात् । ननु धर्माणामप्यनन्तानां धर्म्यभिन्नत्वेन धर्मिग्राहकप्रत्यक्षादेव निखिलधर्माकलितवस्तुनो विवक्षितधर्मप्रकारेणापि निश्चितत्वात्किमपेक्षयेति चेत्सत्यं, यद्यप्येकस्मिन् घटादौ गृह्यमाणे तद्धर्मद्वारा[2] द्रव्यार्थादेशेन भूतभविष्यद्वर्त्तमानानां तद्वृत्तियावद्धर्माणां ग्रहो जायत एव, यथा परेषां सामान्यलक्षणाप्रत्यासत्तेस्स्थानेऽभिषिक्तस्य घटविषयकतिर्यक्सामान्योपयोगस्य घटत्वव्यापकविषयताकप्रत्यक्षत्वं तादृशज्ञानत्वं वा कार्यतावच्छेदकं तथा घटविषयकोर्ध्वतासामान्योपयोगस्यापि तादात्म्यसम्बन्धेन तादृशप्रत्यक्षत्वस्य तादृशज्ञानत्वस्य वा न्यायसिद्धत्वात्, न चैवं सति सर्वस्य सर्वज्ञत्वापत्तिर्दोषः, द्रव्यार्थिकतया तस्या इष्टत्वात् तथापि स्फुटतया प्रतिनियतधर्मप्रकारकबोधस्सापेक्षः, शाब्दस्थले नयापेक्षः, प्रत्यक्षादिस्थलेऽवध्यवच्छेदकादिज्ञानापेक्षः । यथाहि दण्डादिग्रहकाले तत्परिमाणग्रहेऽपि दीर्घत्वप्रकारकमयमस्माद्दीर्घ इति ज्ञानं नियतावध्यपेक्षं तथा सदसदात्मकवस्तुग्रहेऽपि सत्त्वादिप्रकारकं ज्ञानं स्वद्रव्याद्यपेक्षं, अयमस्माद्दीर्घ इतिवत्सद्रव्याद्यपेक्षयाऽयं सन् परद्रव्याद्यपेक्षया चासन्नित्येव व्यवहारात् । न च व्यवहार एव सापेक्षो न तु बोध इति वाच्यम्, व्यवहारस्य व्यवहर्त्तव्यज्ञानादधिकानपेक्षत्वेन व्यवहर्त्तव्यज्ञानेऽपेक्षाया अविषयत्वे व्यवहारस्य सापेक्षत्वासम्भवात् । सेयं नयप्रवृत्तिहेतुरपेक्षा वास्तविकी, क्वचिद्वैज्ञानिक्यपि यथा बौद्धोपनिषदादिदर्शनभेदः स्वेच्छानिवेशितत्वेनानेकनयविकाररूपोऽपेक्षया व्यक्तः, शुद्धपर्यायविशुद्धद्रव्याद्यपेक्षयैव तत्तदर्थव्यवस्थितेः । नयविशेषतात्पर्यमेतत्र त्वपेक्षेति चेन्न तत्तात्पर्यस्यापि वस्तुसम्बन्धनरूपापेक्षा-

१. तथा चानपेक्षात्मकतद्धर्मवत्ताबुद्धि प्रति, अनपेक्षात्मकतदभाववत्तानिश्चयस्यैव प्रतिबन्धकतयाऽपेक्षाया अभावे तद्धर्मवत्तया ज्ञातेऽनपेक्षात्मकतद्विरुद्धर्मप्रकारकज्ञानं न स्यादिति भावः ॥ २. येन धर्मेण धर्मी गृहीतस्तद्धर्मद्वारेत्यर्थः । न्यायनये हि घट एकस्मिन् दृष्टे घटत्वरूपसामान्यलक्षणाप्रत्यासत्त्या सकलघटप्रत्यक्षमङ्गीक्रियते सामान्यलक्षणायाश्च कार्यतावच्छेदकं घटत्वव्यापकविषयिताकप्रत्यक्षत्वं, इदमेवास्मन्मते सामान्यलक्षणास्थानाभिषिक्तस्य तिर्यक्सामान्योपयोगस्य घटविषयकस्य कार्यतावच्छेदकं भवति तथैकधर्ममुखेन घटे ज्ञाते सति तदाश्रयाणां तदभिन्नानां यावतां धर्माणां ज्ञानमूर्ध्वतासामान्येन भवति, अत ऊर्ध्वतासामान्योपयोगस्य कार्यतावच्छेदकं तादात्म्यसम्बन्धेन घटव्यापकविषयताकप्रत्यक्षत्वं भवति, घटस्य तादात्म्येन व्यापकीभूता विषयता घटाभिन्नयावद्धर्मेष्विति तादृशविषयताकप्रत्यक्षत्वमिति तदर्थ इति भावः ॥

मालम्ब्य प्रवृत्तेरसति सम्बन्धे तात्पर्यस्य प्रामाण्यासंभवात् सा चेयमपेक्षा वैज्ञानिकस्सम्बन्धः । अत एव साम्प्रदायिका विकल्पसिद्धस्य धर्मिणः प्रतिषेधादिसाधनमामनन्ति, ईश्वरो नास्ति प्रकृतिर्नास्तीत्यादौ विशिष्टज्ञानाकारविषयत्वेन तत्र धर्मिणो विकल्पसिद्धत्वात् । न च विशिष्टाप्रसिद्धौ कथं विशिष्टाकारज्ञानमिति वाच्यम्, परेषां विशिष्टशुद्धयोरनतिरेकेऽपि प्रतीतिबलाद्विशिष्टाभावस्यातिरिक्तत्ववत् विशिष्टाभावेऽपि विशिष्टाकारज्ञानसम्भवात् । न चासत्ख्यातिप्रसङ्गोऽत्यन्तासतो विशिष्टाकारस्य भानादिति वाच्यम्, खण्डशः प्रसिद्धधर्मधर्मिरूपसदुपरागेणासदाकारोत्पत्तेः । यद्वाऽनित्यत्वभावनोद्देशेन बौद्धदर्शनस्यैकत्वभावनोद्देशेन वेदान्तिकदर्शनस्य प्रवृत्त्या तत्तद्दर्शनार्थज्ञानेषु तत्तद्भावनोद्देशप्रयुक्तत्वमेवापेक्षात्वम्, तेनैव तस्य सुनयत्वव्यवस्थितेः, अन्यथा बौद्धसिद्धान्ते बाह्यार्थज्ञानादिवादानां वेदान्तिसिद्धान्ते च प्रतिबिम्बाभासावच्छेदकदृष्टिसृष्टिवादादीनामन्योऽन्यप्रतिषिद्धत्वेन जात्या दुर्नयत्वस्य सम्यग्दृष्टिपरिग्रहेणापि निराकर्तुमशक्यत्वात् । नहि जात्या हालाहलं सद्वैद्यहस्तोपादानमात्रेणामृतायते, रसायनीकरणन्तु तस्योक्तापेक्षयैवेति दृढतरमवधेयम् । ननूक्तापेक्षयापि शुद्धर्जुसूत्रादीनामितरनयार्थप्रतिषेधप्रवृत्तौ कथं न दुर्नयत्वं, अनिराकृतेतरांशत्व एव सुनयत्वात् दृश्यन्ते च स्वपरसमयेषु स्वेतरनयार्थबाधेनैव प्रगल्भमाना इति चेन्न तत्रेतरार्थनिषेधस्य प्रकृतकोटेरुत्कटत्वकारित्वात् द्वेषबुद्ध्या क्रियमाण इतरनयनिषेध एव दुर्नयत्वात् पूर्वोक्तभावनादाढर्ढ्यानुकूलस्वविषयोत्कर्षाधानाय क्रियमाणेऽपि प्रतिषेधे सुनयत्वात् जात्या दुर्नयस्यापि चिन्ताज्ञानेन सुनयीकरणात् भावनाज्ञानेनैदम्पर्यार्थप्रधानकप्रमाणवाक्यैकदेशत्वापादनाच्चेत्यधिकमन्यत्र ॥

નયનિરૂપણ નામક નવમું કિરણ

પ્રશ્ન થાય છે કે-આ પ્રવચનમાં સમસ્ત વસ્તુ અનંતધર્મ આત્મકપણાએ સંકીર્ણ સ્વભાવવાળી છે. એથી તેના પરિચ્છેદપણાએ પ્રમાણ પણ તેવું જ છે. વ્યવહાર તો અસંકીર્ણ પ્રતિનિયત ધર્મપ્રકારવાળો છે. એથી તેવા વ્યવહારની સિદ્ધિ માટે સમર્થ હોઈ અપેક્ષણીય જ છે. તે જ નય કહેવાય છે, માટે તે નયના પ્રબોધનના માટે કહે છે કે-

ભાવાર્થ – "શ્રુતનામક પ્રમાણથી બોધિત વસ્તુના અંશને ગ્રહણ કરનારો બીજા અંશોનું નિરાકરણ નહિ કરનારો વક્તાનો વિશિષ્ટ અભિપ્રાય 'નય' કહેવાય છે."

વિવેચન – શ્રુત એટલે જૈન પ્રવચન. તે રૂપ જે પ્રમાણ, તેથી બોધિત અનેકાન્ત આત્મક વસ્તુ. તેનો અંશ એટલે નિત્યત્વ આદિરૂપ એક ભાગ, તેને ગ્રહણ કરનારો, બીજા અંશોનું નિરાકરણ નહિ કરનારો એટલે અનિત્યત્વાદી અંશોનો નિષેધ નહિ કરનારો, જે વક્તાનો અભિપ્રાય તે નય કહેવાય છે. વ્યુત્પત્તિજન્ય એવો અર્થ છે કે-અનંતધર્મ આત્મક વસ્તુને પોતાના ઈષ્ટ એકધર્મ વિશિષ્ટ પ્રત્યે લઈ જાય છે-

પ્રાપ્ત કરાવે છે-જ્ઞાનારૂઢ કરાવે છે, એમ નયનો અર્થ છે. અર્થાત્ પ્રમાણની પ્રવૃત્તિ પછીના કાળમાં થનારો વિશિષ્ટ વિચાર 'નય' કહેવાય છે. તેથી જ કહેલું છે કે 'श्रुताख्यप्रमाणबोधितांशेति ।'' પદકૃત્ય- ઇતર અંશના નિરાકરણમાં તો નયપણાનો વ્યાઘાત થતો હોવાથી કહે છે કે- 'अनिराकृतेतरांश' (દુર્નયમાં પણ અધિકૃત અંશના અપ્રતિક્ષેપક વક્તાનો અભિપ્રાય પણ હોવાથી, ત્યાં-દુર્નયમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'श्रुताख्यप्रमाणबोधितांशग्राहके'ति રૂપ આદિના ગ્રાહક અને રસ આદિના અપ્રતિક્ષેપક અપાય આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે વિશેષ્યપદ 'वक्तुरभिप्रायविशेषो नयः' એવું વિશેષ્યપદ છે.) 'वक्तुरभिप्रायविशेषः' આ પદથી જ્ઞાનરૂપ નયનું અપેક્ષારૂપ શાબ્દબોધપણું દર્શાવેલ છે.

○ તથાચ અનંતધર્મ આત્મક વસ્તુના અંશભૂત પ્રતિનિયત ધર્મના પ્રકારવાળા અપેક્ષારૂપ શાબ્દબોધપણું જ્ઞાનરૂપ નયનું સ્વરૂપ છે.

○ નયવાક્યનું તો અનંતધર્માત્મક વસ્તુના અંશભૂત પ્રતિનિયત ધર્મપ્રકારક અપેક્ષાત્મક શાબ્દબોધજનક વાક્યપણું સ્વરૂપ જાણવું.

○ વળી અપેક્ષાત્વ એટલે ક્ષયોપશમજન્યતાવચ્છેદક વિશિષ્ટ જાતિ (જ્ઞાનત્વ) અથવા વિલક્ષણ વિષયિતા (વિલક્ષણ જ્ઞાનત્વ). ત્યાં પ્રમાણ છે કે-તે ધર્મના પ્રતિપક્ષરૂપ ધર્મવત્તાથી (અસત્ત્વના પ્રતિપક્ષ સત્ત્વવત્તાથી જ્ઞાત પણ ઘટમાં અસત્ત્વવત્તાનો અનુભવ થાય છે. અને તે અનુભવ અપેક્ષા વગર સંભવતો નથી, કેમ કે-નિરપેક્ષ સત્ત્વ અને અસત્ત્વનો એક ઠેકાણે પરસ્પર વિરોધ છે. અનુભવાતાનો અપલાપ સંભવતો નથી, કેમ કે-અતિપ્રસંગ છે. એથી અપેક્ષાના અવલંબનથી જ તે સત્ત્વાસત્ત્વની વ્યવસ્થા કરવી જોઈએ. માટે અપેક્ષા સિદ્ધ થાય છે એવો ભાવ છે.) જ્ઞાતપદાર્થમાં પણ તે ધર્મવત્તાથી પેદા થતા અનુભવની અન્યથા અનુપપત્તિ જ છે.

શંકા – લોકોને, 'ઘડો છે' ઇત્યાદિ વાક્યના શ્રવણ બાદ કુંભવિષયવાળા શાબ્દબોધનો જ પોતાના આત્મામાં અનુભવ થવાથી, કુંભવિષયક અપેક્ષાઆત્મક શાબ્દબોધનો અનુભવ નહિ થતો હોવાથી અપેક્ષાઆત્મક નયજ્ઞાનની સત્તામાં માનનો અભાવ છે ને ?

સમાધાન – વિરુદ્ધપણાએ ભાસમાન અનેક ધર્મોથી મિશ્રિત વસ્તુનું અપેક્ષા સિવાય વિવક્ષિત એક ધર્મપ્રકારક નિશ્ચયના વિષયીકરણનો અસંભવ છે, માટે અપેક્ષાત્મક નયજ્ઞાનની સત્તા માનવી જ જોઈએ.

○ અનપેક્ષાત્મક (તથાચ અનપેક્ષાત્મક તદ્ધર્મવત્તા (સત્ત્વ) બુદ્ધિ પ્રત્યે અનપેક્ષાત્મક તદ્ભાવવત્તા(અસત્ત્વ)ના નિશ્ચયનું પ્રતિબંધકપણું હોઈ, અપેક્ષાના અભાવમાં તદ્ધર્મવત્તા(સત્ત્વ)થી જ્ઞાતપદાર્થમાં અનપેક્ષાત્મક તદ્વિરુદ્ધ ધર્મ(અસત્ત્વ) પ્રકારક જ્ઞાન ન થાય !) તે સત્ત્વ વિરુદ્ધ અસત્ત્વ પ્રકારજ્ઞાનની નયજ્ઞાનમાં અનુપપત્તિ છે.

○ વળી અપેક્ષા સિવાય લૌકિક પણ વ્યવહાર સંગત થતો નથી, કે-અગ્રભાગની અપેક્ષાએ કપિના સંયોગના અભાવવાળા વૃક્ષમાં શાખાની અપેક્ષાએ જ કપિના સંયોગનો વ્યવહાર છે.

શંકા – અનંત પણ ધર્મોની ધર્મીની સાથે અભિન્નતા હોવાથી, ધર્મિગ્રાહક પ્રત્યક્ષ પ્રમાણથી જ સમસ્ત ધર્મોથી અન્વિત વસ્તુ વિવક્ષિત ધર્મપ્રકારથી પણ નિશ્ચિત છે, તો અપેક્ષાથી સર્યું ને ?

સમાધાન – તમારું કથન સત્ય છે. જો કે એક ઘટ આદિના ગ્રહણમાં તે ધર્મદ્વારા (જે ધર્મથી ધર્મી ગૃહિત થયો તે ધર્મદ્વારા) દ્રવ્યાર્થની અપેક્ષાએ ભૂત-ભવિષ્ય-વર્તમાન તે દ્રવ્યવર્તી જેટલા ધર્મો છે, તે બધા ધર્મોનું ગ્રહણ થાય છે જ. (ખરેખર, ન્યાયનયમાં એક ઘટનું દર્શન થયે છતે ઘટત્વરૂપ સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિ(અલૌકિક સંનિકર્ષ)થી સકળ ઘટ પ્રત્યક્ષનો સ્વીકાર કરાય છે અને સામાન્ય લક્ષણાનું કાર્યતાવચ્છેદક ઘટત્વવ્યાપક વિષયિતાનું પ્રત્યક્ષત્વ છે. આ જ અમારા મતમાં સામાન્ય લક્ષણના સ્થાનમાં અભિષિક્ત તિર્યક્ સામાન્યોપયોગ જે ઘટવિષયક છે, તે તેનું સામાન્ય લક્ષણાનું કાર્યતાવચ્છેદક થાય છે. તેવી રીતે એક ધર્મ દ્વારા ઘટનું જ્ઞાન થયે છતે, તે દ્રવ્યના આશ્રયવાળા-તે દ્રવ્યથી અભિન્ન જેટલા ધર્મો છે, તે બધા ધર્મોનું જ્ઞાન ઊર્ધ્વતા સામાન્યથી થાય છે. એથી ઊર્ધ્વતા સામાન્યોપયોગનું કાર્યતાવચ્છેદક તાદાત્મ્ય સંબંધથી ઘટવ્યાપક વિષયતાક પ્રત્યક્ષત્વ થાય છે. ઘટની તાદાત્મ્યથી વ્યાપકીભૂત વિષયતા ઘટથી અભિન્ન સમસ્ત ધર્મોમાં છે, માટે તાદૃશ વિષયતાક પ્રત્યક્ષત્વ એવો તેનો અર્થ છે.) જેમ નૈયાયિકોએ સ્વીકારેલ અલૌકિક પ્રત્યક્ષમાં કારણભૂત અલૌકિક સંનિકર્ષરૂપ સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિ (સામાન્ય, જે સંબંધથી જણાય છે, તે સંબંધથી અધિકરણોની પ્રત્યાસત્તિ, સામાન્યવિષયક જ્ઞાનરૂપ પ્રત્યાસત્તિ અને સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિ સામાન્યના આશ્રયનું જ્ઞાન પેદા કરે છે.)ના સ્થાનમાં જૈનધર્માભિમત, ઘટવિષયક તિર્યક્ સામાન્યોપયોગનું ઘટત્વવ્યાપક વિષયતાક પ્રત્યક્ષત્વ અથવા ઘટત્વવ્યાપક વિષયતાક જ્ઞાનત્વ કાર્યતાવચ્છેદક છે. તેવી રીતે ઘટવિષયક ઊર્ધ્વતા સામાન્યોપયોગનું પણ તાદાત્મ્ય સંબંધથી ઘટવ્યાપક વિષયતાક પ્રત્યક્ષત્વ અથવા તાદૃશ જ્ઞાનત્વ કાર્યતાવચ્છેદક ન્યાયસિદ્ધ છે. સામાન્ય લક્ષણા સ્થાનીય તિર્યક્ સામાન્યોપયોગના સ્વીકારમાં પ્રમેયત્વથી સકળ પ્રમેયનું જ્ઞાન થયે છતે સર્વને સર્વજ્ઞપણાની આપત્તિરૂપ દોષ નથી, કેમ કે-દ્રવ્યાર્થિકપણાની અપેક્ષાએ ઈષ્ટાપત્તિ છે. (પ્રમેયપણાએ સકળ પ્રમેયનું જ્ઞાન ઉત્પન્ન હોવા છતાં) તો પણ (વિશિષ્ટ સકળ પદાર્થોનું જ્ઞાન નહિ હોવાથી-સર્વજ્ઞપણાનો અભાવ હોવાથી) સ્પષ્ટપણાએ પ્રતિનિયત ધર્મપ્રકારક બોધ સાપેક્ષ છે. શાબ્દસ્થળમાં નયની અપેક્ષાવાળો અને પ્રત્યક્ષ આદિ સ્થળમાં અવધિ અવચ્છેદક આદિ જ્ઞાનની અપેક્ષાવાળો બોધ હોય છે. તે આ પ્રમાણે:-જેમ દંડ આદિના ગ્રહણકાળમાં તેના પરિમાણનું ગ્રહણ હોવા છતાં દીર્ઘત્વપ્રકારક. 'આ આની અપેક્ષાએ દીર્ઘ છે' આવું જ્ઞાન નિયત અવધિની અપેક્ષાવાળું છે. તેવી રીતે સદ્-અસદ્ આત્મક વસ્તુના ગ્રહણમાં પણ સત્ત્વ આદિ પ્રકારક જ્ઞાન સ્વદ્રવ્યાદિની અપેક્ષાવાળું છે. 'આ આનાથી દીર્ઘ છે' આની માફક સ્વદ્રવ્ય આદિની અપેક્ષાથી 'આ સત્ છે' અને પરદ્રવ્ય આદિની અપેક્ષાએ 'અસત્' છે, આવો જ વ્યવહાર છે.

શંકા – આવી રીતે તો વ્યવહાર જ અપેક્ષાવાળો થયો. બોધ કેવી રીતે સાપેક્ષ ગણાય ?

સમાધાન – વ્યવહાર, વ્યવહર્તવ્ય જ્ઞાનથી અધિક અપેક્ષા વગરનો છે. જો વ્યવહર્તવ્ય જ્ઞાનમાં અપેક્ષાની અવિષયતા માનવામાં આવે, તો વ્યવહારમાં સાપેક્ષતા(અપેક્ષા)નો અસંભવ થાય છે.

○ તે આ, નયની પ્રવૃત્તિમાં હેતુભૂત અપેક્ષા વાસ્તવિક છે. કોઈ સ્થળમાં વૈજ્ઞાનિક પણ અપેક્ષા છે. જેમ બૌદ્ધ-ઔપનિષદ્ આદિ દર્શનભેદ સ્વેચ્છાથી નિવેશિત હોઈ અનેક નયવિકારરૂપ જે છે, તે અપેક્ષાથી વ્યક્ત થાય છે, કેમ કે-શુદ્ધ પર્યાય વિશુદ્ધ દ્રવ્યાદિની અપેક્ષાથી જ તે તે અર્થની વ્યવસ્થા છે.

શંકા – આ તો નયવિશેષનું તાત્પર્ય છે, પરંતુ અપેક્ષા કેવી રીતે ?

સમાધાન – તે નયવિશેષના તાત્પર્યની પણ વસ્તુ સંબંધરૂપ અપેક્ષાનું આલંબન કરીને પ્રવૃત્તિ છે. જો સંબંધના અવિદ્યમાનપણામાં, તો તાત્પર્યમાં પ્રમાણપણાનો અસંભવ છે અને તે આ અપેક્ષા જ વૈજ્ઞાનિક સંબંધ છે.

○ એથી જ સાંપ્રદાયિકો (જૈન આદિ વાદીઓ) વિકલ્પથી સિદ્ધ ધર્મીને (પક્ષ અનુમિતિનું ઉદ્દેશ્યને પ્રતિષેધ આદિ(વિધિ આદિ)ના સાધનરૂપે (વિશેષ્યતા સંબંધથી સાધ્યપ્રકારક જ્ઞાનવાળારૂપે) સ્વીકારે છે. જેમ કે-'ઈશ્વર નથી'-પ્રકૃતિ નથી' ઇત્યાદિમાં વિશિષ્ટ જ્ઞાનના આકારના વિષયરૂપે ત્યાં ઈશ્વરાદિ ધર્મી (અનુમિતિનો વિશેષ્ય) વિકલ્પથી સિદ્ધ છે. (અહીં ધર્મીમાં વિકલ્પ પ્રસિદ્ધત્વ એટલે અનિશ્ચિત પ્રામાણ્ય અને અપ્રામાણ્યવાળા જ્ઞાનની વિષયતા સમજવી.)

શંકા – વિશિષ્ટની (પક્ષની) અપ્રસિદ્ધિમાં વિશિષ્ટના આકારનું જ્ઞાન કેવી રીતે ?

સમાધાન – બીજા વાદીઓએ માનેલ **'विशिष्टशुद्धयोरैक्यं'** આવા ન્યાયથી વિશિષ્ટ અને શુદ્ધ(અવિશિષ્ટ)ના અભેદમાં પણ પ્રતીતિના બળથી વિશિષ્ટના અભાવમાં પણ વિશિષ્ટ આકારના જ્ઞાનનો સંભવ છે.

શંકા – જો આમ છે, તો (જૈનોને અનિષ્ટ એવી) અસત્ખ્યાતિનો પ્રસંગ આવશે ! કેમ કે-અત્યંત અસત્ એવા વિશિષ્ટ આકારનું ભાન છે ને ?

સમાધાન – જ્યારે વિકલ્પસિદ્ધ ધર્મી અખંડ છે-એવું ભાન માનવામાં આવે, ત્યારે અસત્ખ્યાતિનો પ્રસંગ આવે છે. પરંતુ વસ્તુતઃ ખંડશઃપ્રસિદ્ધ પદાર્થ અસ્તિત્વ-નાસ્તિત્વ સાધનનું ઉચિતપણું હોઈ ખંડશઃપ્રસિદ્ધ ધર્મ-ધર્મીરૂપ સદ્ના ઉપરાગથી (ઉપાધિ-આરોપથી) અસદ્ આકારની ઉત્પત્તિ છે.

○ અથવા અનિત્યત્વ ભાવનાના ઉદ્દેશથી બૌદ્ધદર્શનની અને એકત્વભાવનાના ઉદ્દેશથી વેદાન્તિકદર્શનની પ્રવૃત્તિ હોવાથી, તે તે દર્શનના અર્થજ્ઞાનોમાં તે તે ભાવનાના ઉદ્દેશથી પ્રયુક્તપણું જ અપેક્ષાપણું છે. તેથી જ તે દર્શનની સુનયપણાની વ્યવસ્થા છે. અન્યથા, અપેક્ષા સિવાય તો બૌદ્ધસિદ્ધાન્તમાં બાહ્યાર્થ જ્ઞાન આદિ વાદો અને વેદાન્તીઓના સિદ્ધાન્તમાં પ્રતિબિંબ આભાસની અવચ્છેદક દૃષ્ટિ-સૃષ્ટિવાદો પરસ્પર પ્રતિષિદ્ધ હોઈ, જાતિથી દુર્નયપણાનું સમ્યગ્દૃષ્ટિદ્વારા પરિગૃહિત હોવા છતાં નિરાકરણ અશક્ય છે. બરોબર છે કે-જાતિથી ઝેર, સદ્વૈદ્યના હાથથી ગૃહિત થવા માત્રથી અમૃત બનતું નથી, પરંતુ રસાયણીકરણ તો તેની કથિત અપેક્ષાથી જ બને છે એમ મજબૂત સમજવું.

શંકા – કથિત અપેક્ષાથી પણ શુદ્ધ ઋજુસૂત્ર આદિની, ઇતરનયના અર્થના પ્રતિષેધમાં પ્રવૃત્તિ હોયે છતે કેમ દુર્નયપણું નથી ? કેમ કે-ઇતરાંશના અપ્રતિષેધમાં જ સુનયપણું છે. વળી સ્વ-પર સમયો પોતાનાથી બીજા નયના અર્થના બાધથી જ ગાજતાં દેખાય છે ને ?

સમાધાન – ત્યાં ઇતર અર્થનો નિષેધ પ્રકૃત કોટિમાં ઉત્કટપણું કરનાર છે, દ્વેષબુદ્ધિથી કરાતા ઇતરનયના નિષેધમાં દુર્નયપણું છે. પૂર્વકથિત ભાવનાની દૃઢતાને અનુકૂળ પોતાના વિષયમાં ઉત્કર્ષના સંપાદન માટે કરાતા પણ પ્રતિષેધમાં સુનયપણું છે. જાતિથી દુર્નયનું પણ ભાવનાત્મક ચિંતાજ્ઞાનથી સુનયીકરણ છે. ભાવનાજ્ઞાનથી તાત્પર્યભૂત અર્થ જેમાં પ્રધાન છે, એવા પ્રમાણવાક્યના એકદેશપણાનું સર્જન છે. આ પ્રમાણે વિશેષ તો બીજે ઠેકાણેથી જાણવું.

પ્રશ્ન એ થાય છે કે-નયની પ્રમાણથી ભેદપૂર્વક લક્ષણની રચના અયુક્ત છે, કેમ કે-સ્વાર્થવ્યવસાયી છે અને પહેલાં અપ્રતિજ્ઞાત છે. જો સ્વાર્થના એકદેશનો પરિચ્છેદક હોઈ નય સ્વાર્થનિશ્ચાયક નથી એમ કહેવાય છે, તો સ્વાર્થનો એકદેશ વસ્તુરૂપ છે ત્યારે વસ્તુ પરિચ્છેદક હોઈ નય પ્રમાણ જ છે. જો વસ્તુરૂપ નથી, તો અવસ્તુ વિષયરૂપ નયનું મિથ્યાજ્ઞાનપણું થાય ! આવી શંકાના સમાધાનરૂપે કહે છે કે-

ननु नयस्य प्रमाणाद्भेदेन लक्षणप्रणयनमयुक्तं, स्वार्थव्यवसायकत्वात्पूर्वमप्रतिज्ञातत्वाच्च, यदि स्वार्थैकदेशव्यवच्छेदकत्वान्नयस्य न स्वार्थव्यवसायकत्वमुच्यते तदा यदि स्वार्थैकदेशो वस्तुरूपस्तदा वस्तुपरिच्छेदकत्वान्नयः प्रमाणमेव, न चेद्वस्तुरूपस्स तर्हि तद्विषयस्य नयस्य मिथ्याज्ञानत्वं स्यादित्यत्राह —

यथार्थवस्त्वेकदेशग्राहकत्वान्नयस्य यथार्थनिर्णयत्वरूपप्रमाणत्वं नास्त्येव । अत एव च नाप्रमाणत्वं, अपि तु प्रमाणाप्रमाणाभ्यां भिन्नं ज्ञानान्तरमेव ॥ २ ॥

यथार्थेति । यथार्थं हि वस्त्वनन्तधर्मात्मकं, तदेकदेशः प्रतिनियतधर्मवान् तत्परिच्छेदकत्वान्नयो न यथार्थपरिच्छेदकः, अतो न प्रमाणं, स्वार्थैकदेशो हि न वस्तु, अन्यस्वार्थैकदेशानामवस्तुत्वप्रसङ्गाद् वस्तुबहुत्वानुषङ्गाद्वा, तथा च वस्त्वेकदेशपरिच्छेदको नयः कथं प्रमाणं स्यात्, कथञ्चिद्वस्तुभिन्नत्वादिवैकदेशस्य कथञ्चित्प्रमाणभिन्नत्वान्नयस्येति भावः । तर्हि मिथ्याज्ञानं स्यादित्यत्राहात एवेति, यथा वस्त्वेकदेशो नावस्तु, इतरैकदेशानामप्यवस्तुत्वप्रसङ्गेन क्वचिदपि वस्तुव्यवस्थानुपपत्तेः, तथा प्रमाणैकदेशो नयोऽपि नाप्रमाणं, किन्तर्हीत्यत्राहापित्विति, प्रमाणैकदेशो नयो राश्यन्तर एवेति भावः, न खलु नयः प्रमाणमेव, एकान्तेन प्रमाणाभिन्नतयाऽनिष्टत्वात् नाप्यप्रमाणमेकान्ततस्ततो भेदस्यानभ्युपगमात्, नापि संशयः, प्रकारस्यैक्यात्, एकत्र विरुद्धोभयप्रकारकज्ञानरूपत्वात्संशयस्य, नापि विपर्ययः, द्रव्यार्थिकादीनां नयानामस्तित्वादिमति कथञ्चिदस्तित्वाद्यवगाहनात्, नवाऽनध्यवसायो विशेषकोट्यल्लेखित्वात् । सप्तभङ्गपरिकरितवस्त्वगाहितात्पर्याभावादेव चालौकिकप्रामाण्याभाववत्त्वं तस्य, तद्वति तत्प्रकारकत्वरूपं लौकिकं प्रामाण्यन्तु न तस्य बाधितमतो न व्यवहारविरोधः, तथा च नयसमुदायसम्पाद्यत्वात्प्रमाणस्य तत्प्रतिज्ञाने तददूरवर्त्तिनो नयस्य 'तन्मध्यपतितस्तद्ग्रहणेन गृह्यत' इति न्यायेन प्रतिज्ञातत्वमेवेति लक्षणप्रणयनं नाप्रस्तुतमिति भावः ॥ ननु प्रमाणस्य नयसमुदायात्मकत्वात्प्रत्येकं नयानामप्रमाणत्वे तत्समुदायस्य कथमलौकिकप्रमाणता, प्रत्येकं हि सिकतासु तैलमभवत्तासां समुदाये न तद्दृश्यते इति चेन्न यतः प्रत्येकमनर्घ्येषु मणिषु रत्नावलीत्वव्यवहाराभावेऽपि गुणविशेषपरिपाट्या प्रतिबद्धास्त एवासादयन्ति यथा रत्नावली-

व्यपदेशं तथैव नयाः स्वविषयपरिच्छेदकत्वेन सुनिश्चिता अपि नान्यपक्षनिरपेक्षाः प्रमाणसंज्ञां[1] प्राप्नुवन्ति त एव द्रव्यध्रौव्यादिषु मिलिताः प्रमाणसंज्ञां लभन्त इति न कोऽपि दोषः ॥

नयनुं प्रमाण-अप्रमाणपणुं

भावार्थ – "यथार्थ वस्तुना એક અંશનો ગ્રાહક હોઈ નયનું યથાર્થ નિર્ણયત્વરૂપ પ્રમાણપણું નથી જ. વળી એથી જ અપ્રમાણપણું નથી, પરંતુ પ્રમાણ-અપ્રમાણથી ભિન્ન જ્ઞાનાન્તર જ છે."

विवेचन – ખરેખર, અનંતધર્માત્મક વસ્તુ યથાર્થ કહેવાય છે. તે વસ્તુનો એક અંશ પ્રતિનિયત (એક) ધર્મવાળો છે. તે એક અંશનો પરિચ્છેદક હોઈ, નય યથાર્થ પરિચ્છેદક નથી એથી પ્રમાણ નથી. ખરેખર, સ્વ અર્થનો એકદેશ વસ્તુ (પૂર્ણ વસ્તુ) નથી. જો સ્વાર્થના એકદેશને વસ્તુ (પૂર્ણ વસ્તુ) માનવામાં આવે, તો બીજા સ્વાર્થના એક દેશોમાં અવસ્તુત્વનો પ્રસંગ આવે છે અથવા વસ્તુના બહુત્વનો પ્રસંગ આવે છે. તથાચ વસ્તુના એકદેશનો વ્યવસાયી નય કેવી રીતે પ્રમાણ થઈ શકે ! કેમ કે-નય, જેમ કથંચિદ્ વસ્તુથી ભિન્ન છે, તેમ કથંચિત્ પ્રમાણથી ભિન્ન છે. તો વસ્તુભિન્ન-અવસ્તુના વિષયભૂત નય મિથ્યાજ્ઞાનરૂપે જ થશે ને ? આના જવાબમાં કહે છે કે- 'अतएवे' ति । જેમ વસ્તુનો એક અંશ અવસ્તુ નથી, કેમ કે-બીજા એક દેશોમાં પણ અવસ્તુત્વના પ્રસંગથી ક્વચિદ્ પણ વસ્તુવ્યવસ્થાની ઉપપત્તિ નહીં થાય ! તેવી રીતે પ્રમાણનો એક દેશ, નય પણ અપ્રમાણ નથી. તો શું છે ? આ શંકાના સમાધાનમાં કહે છે કે-પ્રમાણનો એકદેશભૂત નય જ્ઞાનાન્તરરૂપ જ છે.

ચોક્કસ, નય પ્રમાણ જ નથી, કારણ કે-એકાન્તથી પ્રમાણથી અભિન્નપણે અનિષ્ટ છે.

○ નય અપ્રમાણભૂત પણ નથી, કેમ કે-એકાન્તથી તે અપ્રમાણથી અભેદનો અસ્વીકાર છે.

○ નય સંશયરૂપ નથી, કેમ કે-નયમાં એક પ્રકાર છે અને સંશય એકમાં વિરુદ્ધ ઉભયપ્રકારક જ્ઞાનરૂપ છે.

○ નય વિપર્યયરૂપ નથી કેમ કે-દ્રવ્યાર્થિક આદિ નયોનું અસ્તિત્વ આદિવાળા પદાર્થમાં કથંચિદ્ અસ્તિત્વ આદિનું અવગાહન છે.

○ નય અનધ્યવસાયરૂપ નથી, કેમ કે-નય વિશેષ કોટિના ઉલ્લેખવાળો છે.

○ જો કે તે નયમાં સપ્તભંગીથી પરિવૃત્ત વસ્તુના અવગાહી તાત્પર્યના અભાવથી અલૌકિક પ્રામાણ્યનો અભાવ છે પરંતુ तद्वति तत् प्रकारकत्वरूप (તે પ્રકારવાળા પદાર્થમાં તે પ્રકારવાળું જ્ઞાનત્વ) લૌકિક પ્રામાણ્ય

---

१. ननु नया न समुदायतामासादयन्ति, नापि समेताः प्रमाणतां भजन्ते प्रत्येकावस्थायां मिथ्यादृष्टित्वात्, तत्समुदाये महामिथ्यात्वप्रसङ्गात्, विषबिन्दूनां प्रचुराणां समुदाये महाविषवत्, नापि समेता वस्तुनो गमकाः प्रत्येकावस्थायां तदगमकत्वात् समुदिताश्च ते विवदमाना वस्तुविघातायैव भवन्ति, मैवम् परस्परविरुद्धानामपि आर्हतमतिवशवर्त्तित्वे प्रमाणभावप्रतिपत्तेः राजवशवर्त्तिनानाभिप्रायभृत्यवर्गवत् । प्रत्येकं सावधारणत्वेऽपि समुदितानां निरवधारणानां स्याच्छब्दलाञ्छितत्वेन प्रमाणत्वात् । प्रचुरविषलवानामपि प्रौढमंत्रवादादिभिर्निर्विषीकृत्यामृतरूपताकरणात् । सामान्यतो देशग्राहकाणां नयानां समुदितानां मिथ्यात्वापगमेन सम्यक्त्वसद्भावे क्रमेण विशुद्ध्यमानानां सर्वावरणप्रतिबन्धाभावेन समस्तवस्तुग्राहकत्वात्केवलज्ञानवदिति ॥

તે નયમાં બાધિત નથી, માટે વ્યવહારની સાથે વિરોધ નથી. તથાચ નયસમુદાયથી સંપાદનીય (જન્ય) પ્રમાણ હોઈ, તે પ્રમાણની પ્રતિજ્ઞામાં તે પ્રમાણથી નજીકમાં રહેનાર નયનું 'તેના મધ્યમાં રહેલો તેના ગ્રહણથી ગૃહિત થાય છે.' આવા ન્યાયથી પ્રતિજ્ઞાવિષયપણું જ છે, માટે લક્ષણનું પ્રણયન અપ્રસ્તુત નથી.

શંકા – જો નયસમુદાય આત્મક પ્રમાણ છે, તો દરેક નયનું અપ્રમાણપણું હોયે છતે તે નયોના સમુદાયમાં અલૌકિક પ્રમાણતા કેવી રીતે ? દરેક સિકતામાં (વેળુમાં) તેલ નથી હોતું, તેથી તે સિકતાઓના સમુદાયમાં તે તેલ દેખાતું નથી ને ?

સમાધાન – દરેક અણમોલ મણિઓમાં મોતીની માળાપણાના વ્યવહારનો અભાવ હોવા છતાંય, ગુણવિશેષ(વિશિષ્ટ સૂત્ર)ના ક્રમથી બંધાયેલા તે જ મણિઓ, જેમ રત્નાવલીના વ્યવહારને પામે છે, તેમ સ્વવિષયના નિર્ણાયકપણે સુનિશ્ચિત હોવા છતાં અન્ય પક્ષ સાપેક્ષ નયો પ્રમાણસંજ્ઞાને પામે છે.

[**શંકા** – નયો સમુદાયતાને પામતાં નથી. સમુદિત થયેલા નયો પ્રમાણતાને ભજતા નથી, કેમ કે-પ્રત્યેક અવસ્થામાં મિથ્યાદૃષ્ટિપણું છે. તો તેના સમુદાયમાં મહામિથ્યાત્વનો પ્રસંગ છે. જેમ કે-પ્રચૂર વિષબિંદુઓના સમુદાયમાં મહાવિષ. વળી સમુદિત નયો વસ્તુના ગમક નથી, કેમ કે-પ્રત્યેક અવસ્થામાં તે વસ્તુના અગમક છે અને ભેગા થયેલા તે નયો, વિવાદ કરનારાઓ વસ્તુના વિઘાત માટે જ થાય છે ને ?

સમાધાન – પરસ્પર વિરુદ્ધ પણ નયો જૈનશાસનરૂપ આર્હતમતના વશવર્તીપણામાં પ્રમાણપણાને પામે છે. જેમ રાજાના વશમાં રહેનાર અનેક મતવાળા નોકરોનો વર્ગ. દરેક નય સાવધારણ (જકારવાળા) હોવા છતાં, સમુદિત થયા બાદ, નિરવધારણ (પણવાળા) બનેલા નયો સ્યાત્ (કથંચિત્) શબ્દથી ચિહ્નિત હોઈ પ્રમાણરૂપ થાય છે. જેમ પ્રચૂર વિષબિંદુઓમાં પણ પ્રૌઢ મંત્રવાદ આદિ દ્વારા નિર્વિષતા બાદ અમૃતરૂપતા કરાય છે, તેમ અહીં સમજવું. સામાન્યથી દેશગ્રાહક નયો સમુદિત થયા બાદ, મિથ્યાત્વના અપગમથી સમ્યક્ત્વનો સદ્ભાવ થયે છતે, ક્રમથી વિશુદ્ધ થતા સર્વ આવરણરૂપ પ્રતિબંધકનો અભાવ થયે છતે, કેવલજ્ઞાનની માફક સમસ્ત વસ્તુ ગ્રાહક બને છે.] તે જ નયો દ્રવ્ય આદિથી દ્રૌવ્ય આદિમાં મિલિત થયે છતે (સમુદિત થયે છતે) પ્રમાણસંજ્ઞાને પામે છે, માટે કોઈ પણ દોષ નથી.

अत्र यद्यपि वस्तुन्यनन्तधर्मात्मके एकांशविषयकप्रतिपत्राभिप्रायविशेषस्य नयरूपतया वस्त्वंशानामनन्तत्वेनाभिप्रायरूपनया अप्यनन्तप्रकारा एव तथापि चिरन्तनाचार्यैस्सर्वसङ्ग्राहिसप्ताभिप्रायपरिकल्पनाद्वारेण सप्त नयाः प्रतिपादिता इति तथैव विभजते –

स च नैगमसङ्ग्रहव्यवहारर्जुसूत्रशब्दसमभिरूढैवम्भूतभेदात्सप्तविधः ॥ ३ ॥

स चेति । एते सर्वाभिप्रायसङ्ग्राहकाः कथमिति चेदुच्यते, अभिप्रायास्तावदर्थद्वारेण शब्दद्वारेण वा प्रवर्त्तन्ते, गत्यन्तराभावात्, अर्थश्च सामान्यरूपो विशेषरूपो वा, शब्दोऽपि रूढ्यात्मको यौगिको वा, व्युत्पत्तिरपि सामान्यनिमित्तप्रयुक्ता वा स्यात्तत्कालभाविनिमित्तप्रयुक्ता वा स्यात् तत्र ये केचनार्थनिरूपणप्रवणाः प्रमात्रभिप्रायास्ते सर्वेऽप्याद्ये नयचतुष्टयेऽन्तर्भवन्ति, तत्रापि परस्परं विशकलितौ सामान्यविशेषाविच्छन्ति ये तत्समूहसम्पाद्यो नैगमः ।

ये पुनः केवलं सामान्यं वाञ्छन्ति तत्समूहजन्यस्सङ्ग्रहः, ये पुनरनपेक्षितशास्त्रीयसामान्यविशेषं लोकव्यवहारमवतरन्तं घटादिकं पदार्थमभिप्रयन्ति तन्निचयजन्यो व्यवहारः । ये सौगतास्तु क्षणक्षयिणः परमाणुलक्षणा विशेषास्सत्या इति मन्यन्ते तत्संघातघटित ऋजुसूत्रः । तथा ये मीमांसका रूढितश्शब्दानां प्रवृत्तिं वाञ्छन्ति नान्यथा तद्द्वारा जन्यः शब्दः । ये तु व्युत्पत्तितो ध्वनीनां प्रवृत्तिं वाञ्छन्ति तन्निवहसाध्यस्समभिरूढः । ये च वर्त्तमानकालभाविव्युत्पत्तिनिमित्तमधिकृत्य शब्दाः प्रवर्त्तन्ते नान्यथेति मन्यन्ते तत्संघटित एवम्भूतः । तदेवं न स कश्चन विकल्पोऽस्ति वस्तुगोचरो योऽत्र नयसप्तके नान्तर्यातीति सर्वाभिप्रायसङ्ग्राहका एत इति ध्येयम् ॥

અહીં જો કે અનંતધર્માત્મક વસ્તુમાં એક અંશવિષયક પ્રતિપત્તાના અભિપ્રાયવિશેષનું નયરૂપપણું હોઈ, વસ્તુના અંશો અનંત હોઈ અભિપ્રાયરૂપ નયો પણ અનંત પ્રકારવાળા જ છે. તો પણ ચિરંતન આચાર્યોએ સર્વ સંગ્રાહક સાત અભિપ્રાયની પરિકલ્પનાદ્વારા સાત નયો પ્રતિપાદિત કરેલા છે, માટે તે પ્રકારે જ નયોનો વિભાગ કરે છે.

સાત પ્રકારવાળો નય

ભાવાર્થ – "તે નય,-નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂતના ભેદથી સાત પ્રકારવાળો છે."

વિવેચન–શંકા – આ સાત નયો સર્વ અભિપ્રાયોના સંગ્રાહક (સંગ્રહ કરનારા) કેવી રીતે ?

સમાધાન – અભિપ્રાયો તો ખરેખર, (૧) અર્થદ્વારા કે (૨) શબ્દદ્વારા પ્રવર્ત્તે છે, કેમ કે-બીજો કોઈ ઉપાય નથી.

વળી અર્થ તો-(૧) સામાન્યરૂપ કે (૨) વિશેષરૂપ છે.

શબ્દ પણ (૧)-રૂઢિઆત્મક એટલે રૂઢ (જે શબ્દોની વ્યુત્પત્તિ ન થઈ શકે), એવા આખંડલ વગેરે શબ્દો 'રૂઢ' જાણવા. (૨) યૌગિક. (વ્યુત્પત્તિજન્ય-ગુણ-ક્રિયા કે સંબંધથી જેનો અર્થ નીકળી શકે, તેને યૌગિક કહેવા. ગુણથી 'નીલકંઠ' વગેરે શબ્દો ક્રિયાથી 'સ્રષ્ટા' વગેરે શબ્દો, તેમજ સ્વસ્વામિત્વ આદિ સંબંધથી 'ભૂપાલ' વગેરે શબ્દો યૌગિક છે.)

વ્યુત્પત્તિ પણ સામાન્ય નિમિત્તથી જન્ય છે અથવા તત્કાળ ભાવિ નિમિત્તથી જન્ય છે. ત્યાં જે કોઈ અર્થનિરૂપણમાં પ્રવણપ્રમાતાના અભિપ્રાયો છે, તે બધા પહેલાંના ચાર નયોમાં અંતર્ભૂત થાય છે. ત્યાં પણ જે પરસ્પર અભિન્ન સામાન્ય અને વિશેષને ઇચ્છે છે, તેના સમૂહથી સંપાદનીય 'નૈગમ' છે. વળી જેઓ કેવળ સામાન્યને ઇચ્છે છે, તેના સમૂહજન્ય 'સંગ્રહ' છે. વળી જેઓ શાસ્ત્રીય સામાન્ય અને વિશેષની અપેક્ષા વગરના છે અને લોકવ્યવહારમાં આવતા ઘટ આદિ પદાર્થને માને છે, તેના સમૂહથી જન્ય 'વ્યવહાર' છે.

જે બૌદ્ધો, ક્ષણક્ષયી, પરમાણુરૂપ વિશેષો સત્ય છે એમ માને છે, તેના સમુદાયથી ઘટિત 'ઋજુસૂત્ર' છે. વળી જેઓ શબ્દવિચાર ચતુર છે, તેઓ શબ્દ આદિ નયત્રયમાં અંતર્ભૂત થાય છે તથા જે મીમાંસકો રૂઢિથી શબ્દોની પ્રવૃત્તિને ઇચ્છે છે, બીજા પ્રકારે નહિ, તેનાથી જન્ય 'શબ્દ' છે. વળી જેઓ વ્યુત્પત્તિથી શબ્દોની પ્રવૃત્તિને ઇચ્છે છે, તેના સમૂહથી સાધ્ય 'સમભિરૂઢ' છે. વળી જેઓ વર્તમાનકાળ ભાવિ વ્યુત્પત્તિજન્ય નિમિત્તનો અધિકાર કરીને શબ્દો પ્રવર્ત્તે છે, બીજા પ્રકારે નહિ-આમ માને છે, તેનાથી સંઘટિત 'એવંભૂત' છે.

○ તેથી આ પ્રમાણે વસ્તુવિષયવાળો તે કોઈ વિકલ્પ નથી, કે જે આ નયસપ્તકમાં અંતર્ભૂત ન થાય. માટે સર્વ અભિપ્રાય સંગ્રાહકો આ સાત નયો છે એમ સમજવું.

उक्ताभिप्रायविशेषान् द्विधा सङ्गृह्य दर्शयति --

आद्यास्त्रयो द्रव्यार्थिकनयाः, परे चत्वारः पर्यायार्थिकनयाः, द्रव्यमात्रविषयकत्वात् पर्यायमात्रविषयकत्वाच्च । गुणानां पर्यायेऽन्तर्भावः, ऊर्ध्वतासामान्यस्य द्रव्येऽन्तर्भावः, तिर्यक्सामान्यस्य तु व्यञ्जनपर्यायरूपस्य पर्यायेऽन्तर्भावः । स्थूलाः-कालान्तरस्थायिनः शब्दानां सङ्केतविषया व्यञ्जनपर्याया इति प्रावचनिकप्रसिद्धिः । अतो नाधिकनयशङ्का ॥ ४ ॥

आद्या इति । नैगमसङ्ग्रहव्यवहारा इत्यर्थः । द्रव्यार्थिकनया इति । येष्वभिप्रायेषु द्रव्यमेवार्थो विषयतयाऽस्ति न पर्यायास्ते द्रव्यार्थिकनयाः द्रव्यार्थिकमते हि द्रव्यमेव परमार्थतया सत्, अतो द्रव्याद्भिन्नं विकल्पसिद्धं गुणपर्यायरूपं तत्त्वं नेष्टं, संवृतिसतोऽपि तस्य परमार्थतोऽसत्त्वात् यथा शुक्तौ रजतभ्रान्तौ सत्यां बाधावतारानन्तरं रजताभावभानेऽपि तत्र शुक्तेर्भासमानत्वाच्छुक्तेस्सत्यत्वं रजतस्य चासत्यत्वं तथा सुवर्णादिषु परस्परसमानाधिकरणानां रूपादिपर्यायाणां परस्परभिन्नकालीनानाञ्च कुण्डलादिपर्यायाणामसत्यत्वं, तदभावभानेऽपि हेम्नः प्रतिभासनाद्धेमद्रव्यस्य सत्यत्वं तथैव परस्परसमानाधिकरणानां परस्परसमानकालीनानां रूपरसादीनामसत्यत्वं तदाधारद्रव्यस्यैव सत्यत्वं, कुण्डलादयो रूपादयश्च वासनाविशेष-प्रभवविकल्पसिद्धत्वेनापारमार्थिका इत्येवमभिप्रायो द्रव्यार्थिकनय इति बोध्यम् । परे चत्वार इति, ऋजुसूत्रशब्दसमभिरूढैवम्भूताश्चत्वार इत्यर्थः, पर्यायार्थिकनया इति, उत्पादविनाशवदर्थ एव विषयो येषां तादृशा नया इत्यर्थः, एते हि पर्यायलक्षणविषयव्यवस्थापनपराः द्रव्यार्थिक-नयाभिप्रेतवस्तुव्यवस्थापनयुक्तिप्रतिक्षेपपराः, पर्यायार्थिकमते हि द्रव्यपदार्थस्सदृशक्षण-

१. एतन्मते कालनिष्ठात्यन्ताभावाप्रतियोगित्वमेव सत्यत्वम्, द्रव्यस्य हि कदापि नास्त्यत्यन्ताभाव इति तत्सत्यम्, पर्यायाणान्तु तत्प्रतीयमानकाल एव तत्सत्ताभानेनेतरकाले तदभावसत्त्वादसत्यत्वमिति बोध्यम् ॥

सन्ततिरेव न तु पर्यायेभ्यः पृथगस्ति पर्यायेभ्य एवार्थक्रियासम्भवात्, अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावस्य वस्तुनोऽर्थक्रियाऽसम्भवेनासत्त्वमेव यतस्सत्त्वमर्थक्रियाकारित्वं, तच्च क्रमयौगपद्याभ्यां व्याप्तं, नहि क्रमाक्रमाभ्यामन्यः प्रकारः सम्भवति व्याघातात्, तौ च स्थिरेऽसम्भवन्तावर्थक्रियामपि ततो व्यावर्त्तयतः, सा च व्यावर्त्तमानाऽर्थक्रिया सत्त्वं स्वव्याप्यमपि व्यावर्त्तयतीत्यसन्नेव स्थिरो भाव इत्येवमभिप्रायाः पर्यायार्थिकनया इति भावः । एतदभिप्रायेणैवोभयस्य क्रमेण हेतुमाह द्रव्यमात्रेति, मात्रपदेन पर्यायव्यवच्छेदः, पर्यायमात्रेत्यत्र मात्रपदेन द्रव्यव्यवच्छेदः । एतेन सप्तनयाधिकत्वादनयोर्नयस्य नवविधत्वमिति प्रत्युक्तम्, ननु गुणविषयस्तृतीयो गुणार्थिक इति कुतो नोक्त इत्यत्राह गुणानामिति, तथा च पर्यायार्थिक इति पर्यायशब्देन सहक्रमभाविविशेषमात्रस्य परिग्रहेण तत्रैव सहभाविगुणानामन्तर्भावान्नाधिक्यप्रसङ्गः । ननु द्रव्यपर्यायव्यतिरेक्तौ सामान्यविशेषौ विद्येते ततस्तद्विषयकं नयद्वयं स्यादित्याशङ्कायामाहोर्ध्वतेति, तिर्यगूर्ध्वताभेदेन द्विविधं हि सामान्यं तत्रोर्ध्वतासामान्यस्य द्रव्यात्मकत्वेन द्रव्ये, प्रतिव्यक्ति सदृशपरिणामलक्षणस्य व्यञ्जनापरपर्यायस्य तिर्यक्सामान्यस्य पर्याय एवान्तर्भाव इति भावः । तिर्यक्सामान्यस्य व्यञ्जनापरपर्यायत्वं कथमित्यत्राह स्थूला इति, प्रवृत्तिनिवृत्तिनिबन्धनार्थक्रियाकारित्वोपलक्षितो व्यञ्जनपर्याय इति भावः, स्थूलाः कालान्तरस्थायिन इत्यनेन भूतभविष्यत्त्वसंस्पर्शरहितवर्त्तमानकालावच्छिन्नवस्तुस्वरूपार्थपर्यायस्य व्यवच्छेदः । शब्दानां संकेतविषया इति, शब्दप्रवृत्तिनिमित्तभूता इत्यर्थः वैसादृश्यविवर्त्तलक्षणविशेषस्य पर्यायरूपत्वस्य स्पष्टतया पृथक्पर्यायान्तर्भूतत्वेन स नोक्तः । निगमयति अत इति । अत्र द्रव्यार्थिकनयस्य त्रैविध्योक्तिर्वादिसिद्धसेनदेवसूरिमतानुसार्य्यभिप्रायेण, जिनभद्रगणिक्षमाश्रमणवचनानुसारिणामभिप्रायेणत्वाद्याश्चत्वारो द्रव्यार्थिकनया बोध्याः, तत्र द्रव्यमृजुसूत्रो यदि नाभ्युपेयात्तदा "उजुसुयस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ" इति सूत्रं विरुध्येतेति क्षमाश्रमणानुयायिनामभिप्रायः । तार्किकानुसारिणस्तु अतीतानागतपरकीय-

१. तथा च परस्परविविक्तसामान्यविशेषविषयत्वाद् द्रव्यपर्यायार्थिकावेव नयौ न च तृतीयं प्रकारान्तरमस्ति यद्विषयोऽन्यस्ताभ्यां व्यतिरिक्तो नयः स्यात् तद्भेदा एव नैगमादयः । न च द्रव्यपर्याययोस्सम्बन्धरूपोऽन्यो विषयोऽस्ति तस्मात्तद्विषयेण केनचिन्नयेन भाव्यमिति वाच्यम्, भेदाभेदविनिर्मुक्तस्यान्यस्य सम्बन्धस्याभावात् भावे वा द्रव्यपर्यायविकल्पानतिवृत्तेः, तत्स्वभावातिक्रमे वा नभस्सरोजसदृशत्वप्रसक्तेः, ताभ्यां सर्वथाऽर्थान्तरस्य सम्बन्धस्य प्रतिपादनोपायासम्भवात् सम्बन्धस्य ताभ्यामसम्बन्धे च तयोरेव स इति व्यपदेशासम्भवात् सम्बन्धान्तरकल्पनायामनवस्थापत्तेश्च न कोऽपि सम्बन्धस्सिद्धयतीति न कोऽप्येतन्नयद्वयबहिर्भाविविषयस्सिद्धयतीति भावः ॥

भेदपृथक्त्वपरित्यागादृजुसूत्रेण स्वकार्यसाधकत्वेन स्वकीयवर्त्तमानवस्तुन एवोपगमान्नास्य तुल्यांशग्रौव्यांशलक्षणद्रव्याभ्युपगमः, अत एव नास्यासद्घटितभूतभाविपर्यायकारणत्वरूप-द्रव्यत्वाभ्युपगमोऽपि, अध्रुवधर्माधारांशद्रव्यमपि नास्य विषयः, शब्दनयेष्वतिप्रसङ्गात्, उक्त-सूत्रन्तु अनुपयोगांशमादाय वर्त्तमानावश्यकपर्याये द्रव्यपदोपचारात्समाधेयम्, पर्यायार्थिकेन मुख्यद्रव्यपदार्थस्यैव प्रतिक्षेपादिति वदन्ति । अत्र द्रव्यास्तिको द्विविधः शुद्धाशुद्धभेदात्, सङ्ग्रहनयाभिमतविषयप्ररूपकश्शुद्धो द्रव्यार्थिकः, सङ्ग्रहनयाभिप्रायतः प्ररूपणाविषयस्य सर्वत्र भावमात्रत्वात् भेदप्रतिभासस्तु भेदप्रतिपादकागमोपहतान्तःकरणानां तिमिरोपप्लुतदृशा-मेकशशलाञ्छनमण्डलस्यानेकत्वावभासवदसन्नेवेति । व्यवहारनयमतावलम्बी द्रव्यार्थिकोऽशुद्धो हेयोपादेयोपेक्षणीयवस्तुविषयनिवृत्तिप्रवृत्त्युपेक्षालक्षणा हि व्यवहाराः, तत्र परस्परं विभिन्न-स्वभावा भावास्सद्रूपतया समुल्लसन्ति, असद्रूपत्वे तादृशव्यवहारा एव न भवेयुः, न ह्येकान्ततः सन्मात्राविशिष्टेषु सङ्ग्रहाभिमतेषु पृथक्स्वरूपतया परिच्छेदो बाधितरूपो व्यवहारनिबन्धन-स्सम्भवतीत्यतो व्यवहारो नानारूपतया सत्तां व्यवस्थापयतीत्यशुद्धा द्रव्यार्थिकप्रकृतिः । नैगम-नयाभिप्रायस्तु शुद्धाशुद्धरूपराश्यन्तरेण न वाच्यः क्वचिदपि तथानभिधानात्, सामान्यग्राहिणो नैगमस्य सङ्ग्रहे विशेषग्राहिणश्च व्यवहारेऽन्तर्भूतत्वात् पर्यायस्याद्या प्रकृतिः ऋजुसूत्रो नित्या-शुद्धः, शब्दश्शुद्धः, समभिरूढः शुद्धतरः, एवम्भूतस्तु शुद्धतम इति ॥

સપ્તનયનું સ્વરૂપ

ભાવાર્થ – "પ્રારંભિક ત્રણ નયો દ્રવ્યાર્થિક છે. બીજા ચાર નયો પર્યાયાર્થિક છે, કેમ કે-દ્રવ્ય માત્રના વિષયવાળા છે અને પર્યાય માત્રના વિષયવાળા છે. ગુણોનો પર્યાયમાં સમાવેશ છે. ઊર્ધ્વતાસામાન્યનો દ્રવ્યમાં અંતર્ભાવ છે. તિર્યક્સામાન્યનો તો વ્યંજનપર્યાયરૂપ પર્યાયમાં અંતર્ભાવ છે. સ્થૂલ-કાલાન્તરસ્થાયી શબ્દોના સંકેતવિષયવાળા વ્યંજનપર્યાયો છે, એમ પ્રાવચનિક પ્રસિદ્ધિ છે. એથી અધિક નયની શંકા નથી."

વિવેચન – આદ્ય એટલે નૈગમ-સંગ્રહ-વ્યવહારનયો સમજવા. દ્રવ્યાર્થિક એટલે દ્રવ્યાર્થિક નયો, જે અભિપ્રાયોમાં માત્ર દ્રવ્યરૂપ અર્થવિષયરૂપ છે. પર્યાયો નહિ, તે દ્રવ્યાર્થિક નયો કહેવાય છે. ખરેખર, દ્રવ્યાર્થિક મતમાં દ્રવ્ય જ પરમાર્થરૂપે સત્ છે. એથી દ્રવ્યથી ભિન્ન વિકલ્પસિદ્ધ ગુણપર્યાયરૂપ તત્ત્વ ઇષ્ટ નથી, કેમ કે-સંવૃત્તિ(કલ્પના)થી સત્ પણ તે ગુણપર્યાયરૂપ તત્ત્વનું પરમાર્થથી અસત્ત્વ છે. જેમ શુક્તિમાં રજતની ભ્રાન્તિ છતે, બાધના આગમન પછી રજતના અભાવના ભાનમાં પણ ત્યાં શુક્તિની ભાસમાનતા હોવાથી શુક્તિનું સત્યપણું અને રજતનું અસત્યપણું છે, તેમ સુવર્ણ આદિમાં પરસ્પર સમાન અધિકરણવાળા રૂપ આદિ પર્યાયોની, પરસ્પર ભિન્નકાળવર્ત્તી કુંડલ આદિ પર્યાયોની અસત્યતા છે. તેના અભાવના ભાનમાં પણ સુવર્ણનું પ્રતિભાસન હોવાથી હેમદ્રવ્યની સત્યતા છે. તેવી રીતે જ પરસ્પર સમાન અધિકરણવાળા, પરસ્પર સમાનકાળવર્ત્તી રૂપ-રસ આદિનું અસત્યપણું તેના આધારભૂત દ્રવ્યનું જ સત્યપણું

(આ મતમાં કાળનિષ્ઠ અત્યંતાભાવા પ્રતિયોગિત્વ સત્યત્વ કૂટસ્થ નિત્યત્વ છે, કેમ કે-દ્રવ્યનો કોઈ કાળમાં પણ અત્યંત અભાવ નથી, માટે તે દ્રવ્ય સત્ય છે. પર્યાયો તો તેના પ્રતીયમાન કાળમાં જ તેની સત્તાનું ભાન હોવાથી, ઇતર કાળમાં તેના અભાવનું સત્ત્વ હોવાથી પર્યાયોનું અસત્યત્વ છે એમ જાણવું.) કુંડલ વગેરે અને રૂપ આદિ પર્યાયો, વાસનાવિશેષ(વિશિષ્ટ વાસના)થી જન્ય વિકલ્પથી સિદ્ધ હોવાથી અપારમાર્થિક છે. આ પ્રમાણેના અભિપ્રાયરૂપ દ્રવ્યાર્થિક નય છે એમ જાણવું. 'परेचत्वारः' ऋजुसूत्र-शब्द-समभिरूढ-एवंभूतरूप ચાર નયો પર્યાયાર્થિક નયો કહેવાય છે. અર્થાત્ ઉત્પાદ-વિનાશવાળો પદાર્થ જ જેઓનો વિષય છે, તેવા નયો પર્યાયાર્થિક નયો કહેવાય છે. ખરેખર, આ ચાર નયો પર્યાયરૂપ વિષયની વ્યવસ્થાકરણમાં પરાયણ છે. દ્રવ્યાર્થિક નયને ઇષ્ટ વસ્તુ વ્યવસ્થાપક યુક્તિના ખંડનમાં પરાયણ છે. ખરેખર, પર્યાયાર્થિક મતમાં દ્રવ્યપદનો અર્થ સમાન ક્ષણ(પદાર્થ)ની સંતતિ જ છે પરંતુ પર્યાયોથી અલગ નથી, કેમ કે-પર્યાયોથી જ અર્થક્રિયાનો સંભવ છે. અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એકસ્વભાવવાળી (કૂટસ્થ નિત્ય) વસ્તુમાં અર્થક્રિયાનો અસંભવ હોઈ દ્રવ્યવસ્તુનું અસત્ત્વ જ છે, કેમ કે-સત્ત્વ એટલે અર્થક્રિયાકારિત્વ : અને તે અર્થક્રિયાકારિત્વ ક્રમ અને યૌગપદ્યથી વ્યાપ્ત છે. ખરેખર, ક્રમ અને અક્રમ સિવાય બીજો પ્રકાર સંભવતો નથી, કેમ કે-વ્યાઘાત છે. તે ક્રમ અને અક્રમ સ્થિરભૂત દ્રવ્યમાં સંભવિત નહિ હોવાથી તે બંને અર્થક્રિયાનું પણ તે સ્થિરદ્રવ્યથી વ્યાવર્તન કરે છે. તે અટકતી અર્થક્રિયા સ્વવ્યાપ્ય સત્ત્વનું પણ વ્યાવર્તન કરે છે, માટે સ્થિર, ભાવ (પદાર્થ) અસત્ જ છે. બસ, આ પ્રમાણેના અભિપ્રાયવાળા પર્યાયાર્થિક નયો છે. આ અભિપ્રાયથી જ બંનેના ક્રમથી હેતુને કહે છે કે-'द्रव्यमात्रे'ति । અહીં માત્ર પદથી પર્યાયનો વ્યવચ્છેદ 'पर्यायमात्रेति' । અહીં માત્ર પદથી દ્રવ્યનો વ્યવચ્છેદ છે. આ કથનથી આ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકરૂપ બે નયો સાત નયોથી અધિક છે, માટે નયનું નવવિધપણું છે. આવા વિષયનું ખંડન કરેલું છે.

શંકા – ગુણોના વિષયવાળો ત્રીજો (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક બંનેની માફક) ગુણાર્થિકરૂપે નયનો ભેદ શા કારણથી કહ્યો નથી ?

સમાધાન – આના જવાબમાં કહે છે કે -'गुणाना'मिति । તથાચ પૂર્વોક્ત 'પર્યાયાર્થિક' વાક્યમાં પર્યાયશબ્દથી સહ (યુગપત્) અને ક્રમથી ભાવિ વિશેષ માત્રનો પરિગ્રહ હોવાથી, તે પર્યાયમાં જ સહભાવી ગુણોનો અંતર્ભાવ હોવાથી અધિકપણાનો પ્રસંગ નથી.

શંકા – દ્રવ્ય અને પર્યાયથી ભિન્ન સામાન્ય અને વિશેષ વિદ્યમાન છે, તેથી સામાન્ય-વિશેષવિષયક બે નયો અલગ થશે જ ને ?

સમાધાન – આ શંકાના જવાબમાં કહે છે કે-'ऊर्ध्वते'ति । ખરેખર, તિર્યક્ અને ઊર્ધ્વતાના ભેદથી બે પ્રકારવાળું સામાન્ય છે. ત્યાં ઊર્ધ્વતાસામાન્યનો દ્રવ્ય આત્મક હોઈ દ્રવ્યમાં અંતર્ભાવ છે. પ્રત્યેક વ્યક્તિમાં સમાન પરિણામરૂપ વ્યંજનનામક તિર્યક્સામાન્યનો પર્યાયમાં જ અંતર્ભાવ છે.

શંકા – તિર્યક્સામાન્યનું વ્યંજનરૂપ બીજું નામ કેવી રીતે ?

સમાધાન – આ શંકાના જવાબમાં કહે છે કે-'स्थूलाः' इति । પ્રવૃત્તિ અને નિવૃત્તિના મૂળ કારણભૂત અર્થક્રિયાકારિત્વથી ઉપલક્ષિત વ્યંજનપર્યાય, એવો તિર્યક્સામાન્યનો અર્થ છે. 'स्थूलाःकालान्तरस्थायिनः' આ કથનથી ભૂત-ભવિષ્યત્વના સંસ્પર્શથી રહિત વર્તમાનકાળ વિશિષ્ટ વસ્તુરૂપવાળા અર્થપર્યાયનો

વ્યવચ્છેદ થાય છે. 'शब्दानासङ्केत विषयाः' શબ્દોના સંકેતના વિષયભૂત, એટલે શબ્દની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત, એવો અર્થ છે.

○ વિસદૃશતા (અસમાનતા) અને વિવર્ત(વિકાર) લક્ષણવિશેષ પર્યાયરૂપપણાનો સ્પષ્ટપણે પૃથક્ત્વનામક પર્યાયમાં અંતર્ભાવ હોઈ તે વિશેષ અલગ નયરૂપે કહેલો નથી. હવે નિગમન (ઉપસંહાર) કરતાં કહે છે કે-'अतः' इति । (તથાચ પરસ્પર ભિન્ન સામાન્ય અને વિશેષના વિષયવાળા હોઈ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકરૂપ બે જ નયો છે અને ત્રીજો પ્રકાર નથી, કેમ કે-વિષય જો ભિન્ન હોય, તો તે બે નયોથી ભિન્ન નય સંભવે ! તે બેના ભેદરૂપે જ નૈગમાદિ સાત નયો છે.

શંકા – દ્રવ્યપર્યાયના સંબંધરૂપ બીજો વિષય છે, તેથી તે સંબંધરૂપ વિષયવાળો કોઈ એક નવો નય માનવો જોઈએ ને ?

સમાધાન – ભેદ અને અભેદથી રહિત બીજા સંબંધનો અભાવ છે. જો ભેદાભેદ સિવાયનો સંબંધ માનો, તો તે શું દ્રવ્યરૂપ છે કે પર્યાયરૂપ છે ? આવા વિકલ્પોનું અતિક્રમણ તે નહિ કરી શકે ! અને દ્રવ્યપર્યાયરૂપ સ્વભાવનું જો અતિક્રમણ કરે છે એમ માનો, તો આકાશકુસુમની સદૃશતાનો પ્રસંગ છે : કેમ કે-તે દ્રવ્યપર્યાયથી સર્વથા અર્થાન્તરભૂત સંબંધના પ્રતિપાદનના ઉપાયનો અસંભવ છે. વળી જો સંબંધ તે દ્રવ્યપર્યાયની સાથે અસંબંધવાળો છે-એમ માનવામાં આવે, તો તે દ્રવ્ય અને પર્યાયનો આ સંબંધ છે-આવા વ્યવહારનો અસંભવ થાય છે. તે સંબંધાન્તરની કલ્પનામાં અનવસ્થાની આપત્તિ છે, તો કોઈપણ સંબંધ સિદ્ધ થતો નથી; માટે કોઈ પણ આ દ્રવ્ય અને પર્યાયરૂપ બે નયોથી બાહ્યભાવી (થનારો કે રહેનારો) વિષય સિદ્ધ થતો નથી.

○ અહીં દ્રવ્યાર્થિક નયના ત્રણ પ્રકારોનું કથન, વાદી સિદ્ધસેન-દેવસૂરિમતના અનુસારીઓના અભિપ્રાયથી છે. તાર્કિકોના મત છે.

○ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના વચનના અનુસારીઓના અભિપ્રાયથી તો આદિના ચાર નયો દ્રવ્યાર્થિક નયો છે, એમ સમજવું. સૈદ્ધાન્તિકોનો મત કહેવાય છે. ત્યાં જો દ્રવ્યને ઋજુસૂત્રનય ન સ્વીકારે, તો "उजुसुयस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ ।" ઋજુસૂત્રનય, એક અનુપયુક્ત જે છે, તે એક દ્રવ્યાવશ્યક છે એમ ઇચ્છે છે, પૃથક્પણાને ઇચ્છતો નથી. (ऋजुसूत्रः, एको देवदत्तादिः अनुपयुक्तः अस्यमते आगमतएकं द्रव्यावश्यकमस्ति, अतीतानागतभेदतः परकीयभेदतः पार्थक्यं नेच्छति । (अनु.सू. १४) ઋજુસૂત્ર, દ્રવ્યને માને છે, ઘણા અનુપયોગી વક્તાઓમાં પણ જુદાપણું ઇચ્છતો નથી.) આ પ્રમાણેના સૂત્રની સાથે વિરોધ આવે ! આવો ક્ષમાશ્રમણના અનુયાયીઓનો અભિપ્રાય છે. તાર્કિકોના અનુસારીઓ તો 'અતીત-અનાગત-પરકીય-ભેદ-પૃથક્ત્વના પરિત્યાગથી ઋજુસૂત્રનયે, સ્વકાર્યનું સાધક હોઈ સ્વકીય વર્તમાન વસ્તુનો જ સ્વીકાર કરેલો છે, પરંતુ આ વસ્તુના તુલ્ય અંશ-ધ્રૌવ્ય અંશ લક્ષણવાળા દ્રવ્યનો સ્વીકાર કરેલો નથી. એથી જ આ દ્રવ્યરૂપ વસ્તુના અસદ્ ઘટિતભૂત-ભાવિ પર્યાયના કારણત્વરૂપ દ્રવ્યત્વનો સ્વીકાર પણ નથી. અધ્રુવ ધર્મના આધાર અંશરૂપ દ્રવ્ય આ ઋજુસૂત્રનો વિષય નથી, કેમ કે-શબ્દનયોમાં અતિપ્રસંગ આવે છે. પૂર્વકથિત સૂત્રનું તો અનુપયોગ અંશને લઈને, વર્તમાન આવશ્યક પર્યાયમાં દ્રવ્યપદનો ઉપચાર કરીને સમાધાન કરવું, કેમ કે-પર્યાયાર્થિકનય, મુખ્ય દ્રવ્યપદાર્થનો જ પ્રતિક્ષેપ કરે છે' એમ બોલે છે.

० અહીં દ્રવ્યાસ્તિકનય શુદ્ધ અને અશુદ્ધના ભેદથી બે પ્રકારવાળો છે. (૧) સંગ્રહનયને અભિમત વિષયનો પ્રરૂપક 'શુદ્ધ દ્રવ્યાર્થિક' કહેવાય છે, કેમ કે-સંગ્રહનયના અભિપ્રાયથી પ્રરૂપણાનો વિષય સઘળે ઠેકાણે ભાવ માત્ર હોય છે. ભેદનો પ્રતિભાસ તો, ભેદન પ્રતિપાદક આગમથી ઉપહત અંતઃકરણવાળા, તિમિરરોગથી ઉપપ્લુત નયનવાળાના એક સસલાના ચિહ્નવાળા ચંદ્રમંડળમાં અનેકપણાના અવભાસની માફક અસત્ જ છે, એમ જાણવું.

० (૨) વ્યવહારનયમતાવલંબી 'અશુદ્ધ દ્રવ્યાર્થિક' કહેવાય છે. ખરેખર, હેય-ઉપાદેય-ઉપેક્ષણીય વસ્તુવિષયભૂત નિવૃત્તિ-પ્રવૃત્તિ-ઉપેક્ષા લક્ષણવાળા વ્યવહારો છે. ત્યાં પરસ્પર વિભિન્ન સ્વભાવવાળા ભાવો સદ્રૂપપણાએ સમુલ્લસિત થાય છે, અસદ્રૂપપણામાં તેવા વ્યવહારો જ ન થાય. એકાન્તથી સન્માત્રથી અવિશિષ્ટ, સંગ્રહથી અભિમતોમાં પૃથક્ સ્વરૂપપણાએ પરિચ્છેદ બાધિતરૂપ વ્યવહાર નિબંધનવાળો સંભવતો નથી. આથી વ્યવહાર નાના રૂપપણાએ સત્તાનો વ્યવસ્થાપક થાય છે, માટે અશુદ્ધ દ્રવ્યાર્થિક પ્રકૃતિ છે.

० નૈગમનયનો અભિપ્રાય તો શુદ્ધ-અશુદ્ધરૂપ રાશિઅંતર(વિભાગાન્તર)થી કહેવો નહિ, કેમ કે-ક્યાંય પણ તેવા પ્રકારનું કથન નથી. સબબ કે-સામાન્યગ્રાહક નૈગમનો સંગ્રહમાં અને વિશેષગ્રાહક નૈગમનો વ્યવહારમાં અંતર્ભાવ થયેલો છે. પર્યાયની પ્રથમ પ્રકૃતિરૂપ ઋજુસૂત્ર નિત્ય અશુદ્ધ છે-શબ્દ શુદ્ધ છે-સમભિરૂઢ શુદ્ધતર છે-એવંભૂત શુદ્ધતમ છે.

सम्प्रति नैगमस्वरूपमाह –

तत्र गौणमुख्यभावेन धर्मद्वयधर्मिद्वयधर्मधर्म्युभयान्यतमविषयकं विवक्षणं नैगमनयः । यथा पर्वते पर्वतीयवह्निरिति । अत्र वह्न्यात्मको धर्मः प्रधानं विशेष्यत्वात्, पर्वतीयत्वरूपव्यञ्जनपर्यायो गौणो वह्निविशेषणत्वात्, एवमनित्यज्ञानमात्मनः, घटे नीलं रूपमित्यादयो धर्मद्वयविषयकदृष्टान्ता भाव्याः ॥ ५ ॥

तत्रेति । सप्तसु नयेषु मध्य इत्यर्थः । निगम्यन्ते परिच्छिद्यन्तेऽर्था इति निगमाः, तत्र भवो योऽभिप्रायो नियतपरिच्छेदरूपस्स नैगमः, अर्थाश्रयेणोत्पत्तिमत्त्वमिति भावः । अर्थश्च लोकप्रसिद्धः व्यवहाराश्च सामान्याश्रया अन्यथाऽनुगतबुद्ध्यभावः स्यात् विशेषाश्रयाः, तदभावे व्यावृत्तिबुद्ध्यभावप्रसङ्गादित्येवंविधाः, तथा च तल्लक्षणमाह गौणेति, मुख्यामुख्यतया धर्मद्वयस्य पर्याययोः, धर्मिद्वयस्य द्रव्ययोर्धर्मधर्म्युभयस्य पर्यायद्रव्ययोश्च विवक्षणमित्यर्थः, ननु स्वतंत्रतया सामान्यविशेषोपगमे दुर्नयत्वं काणादवत्स्यात् । शबलतया तदभ्युपगमे च प्रमाणत्वमेव यथास्थानं प्रत्येकं गौणमुख्यभावेन मूलोक्तरीत्याऽभ्युपगमे च सङ्ग्रहव्यवहारान्यतरप्रवेशः स्यादिति चेन्न, तृतीयपक्षाश्रयणे दोषाभावात् क्वचित्सङ्ग्रहव्यवहारविषयत्वेऽपि क्वचिदेकस्य सत उभयग्रहणोपयोगव्यावृत्तत्वेन तदतिरेकात्, अत एव नयद्वयसंयोगेन

नान्यथासिद्धिः प्रत्येकविषयताद्वयातिरिक्तस्वतंत्रविषयताकत्वादस्य, तथा च गौणमुख्यभावेन सामान्यविशेषोभयस्वीकर्त्तृजातीयैकदेशबोधत्वं नैगमस्य लक्षणम् । अयञ्च नयः सत्तालक्षणं महासामान्यं द्रव्यत्वादीन्यवान्तरसामान्यानि तथाऽन्त्यान् विशेषान् सकलासाधारणरूपलक्षणानवान्तरविशेषानपेक्षया परस्परव्यावर्त्तनक्षमान् सामान्यादत्यन्तविनिर्लुठितस्वरूपानभिप्रैति । क्रमेणामुमुदाहरति यथेति, व्यञ्जनपर्याययोर्मुख्यामुख्यतया विवक्षणे उदाहरणमिदम्, तदेव सङ्गमयति अत्रेति, उदाहरणेऽस्मिन्नित्यर्थः, दृष्टान्तान्तराण्याहैवमिति, अत्र ज्ञानं प्रधानं विशेष्यत्वात्, अनित्यत्वमप्रधानं विशेषणत्वात् । रूपं प्रधानं विशेष्यत्वात् नैल्यमप्रधानं विशेषणत्वादिति क्रमेण मुख्यामुख्यभावो विज्ञेयः ॥

નૈગમનયના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "ત્યાં ગૌણ-મુખ્યભાવથી ધર્મદ્વય, ધર્મીદ્વય કે ધર્મ-ધર્મી ઉભયના વિષયવાળી વિવક્ષા 'નૈગમનય' છે. જેમ કે-પર્વતમાં પર્વતીયવહ્નિ. અહીં વહ્નિ આત્મક ધર્મ પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. પર્વતીયત્વરૂપ વ્યંજનપર્યાય ગૌણ છે, કેમ કે-વહ્નિનું વિશેષણ છે. એ પ્રમાણે અનિત્યજ્ઞાન, આત્માનું, ઘટમાં નીલરૂપ, ઇત્યાદિ ધર્મદ્વયવિષયક દૃષ્ટાન્તો વિચારવા."

વિવેચન – ત્યાં એટલે સાત નયો પૈકી જ્ઞાનવિષય પદાર્થો નિગમો કહેવાય છે. તે પદાર્થજન્ય અભિપ્રાય જે નિયત પરિચ્છેદરૂપ છે, તે નૈગમ. અર્થાત્ અર્થના આશ્રયે ઉત્પત્તિમત્વ નૈગમનું લક્ષણ છે. વળી અર્થ લોકપ્રસિદ્ધ છે અને વ્યવહારો સામાન્યના આશ્રયવાળા છે. જો એમ ન માનવામાં આવે, તો અનુગતબુદ્ધિનો અભાવ થઈ જાય ! વિશેષના આશ્રયવાળા વ્યવહારો છે-એમ જો ન માનો, તો વ્યાવૃત્તિ (વ્યતિરેક) બુદ્ધિના અભાવનો પ્રસંગ આવે. માટે વ્યવહારો સામાન્ય આશ્રયવાળા છે અને વિશેષ આશ્રયવાળા છે. તથાચ નૈગમનું લક્ષણ કહે છે કે- 'गौणे'ति । ગૌણ-મુખ્યભાવથી ધર્મદ્વયની એટલે બે પર્યાયોની, ધર્મીદ્વય એટલે બે દ્રવ્યોની, ધર્મ-ધર્મી ઉભય એટલે પર્યાય અને દ્રવ્યની વિવક્ષા નૈગમનય કહેવાય છે.

શંકા-(૧) સ્વતંત્રપણે સામાન્ય-વિશેષના સ્વીકારમાં કાણાદ(વૈશેષકમતાનુયાયી)ની માફક દુર્નયપણું થાય ! (૨) મિશ્રપણાએ તે બંનેના સ્વીકારમાં પ્રમાણપણું જ છે. (૩) સ્થાન પ્રમાણે દરેકના ગૌણ-મુખ્યભાવથી મૂળમાં કહેલ રીતિથી સ્વીકારમાં સંગ્રહ કે વ્યવહારમાં પ્રવેશ થશે ને ?

સમાધાન – ત્રીજા પક્ષના સ્વીકારમાં દોષનો અભાવ છે. ક્વચિત્ સંગ્રહ-વ્યવહાર વિષયપણું હોવા છતાં, ક્વચિત્ વિદ્યમાન એકમાં ઉભયગ્રહણના ઉપયોગના અભાવથી તે ઉભયનો અભાવ છે. એથી જ બે નયના સંયોગથી અન્યથાસિદ્ધિ નથી, કેમ કે-પ્રત્યેક વિષયતાદ્વયથી ભિન્ન સ્વતંત્ર વિષયતાક આ નયદ્વયસંયોગ છે. તથાચ ગૌણ-મુખ્યભાવથી સામાન્ય-વિશેષ ઉભયના સ્વીકાર કરનાર (પ્રકાર) જાતિના એકદેશવિષયક બોધપણું નૈગમનું લક્ષણ છે.

○ વળી આ નૈગમનય, સત્તાલક્ષણવાળા મહાસામાન્યને, (પરસામાન્યને) દ્રવ્યત્વ વગેરે અવાન્તરસામાન્યને, (અપરસામાન્યને) સકળ અસાધારણરૂપ લક્ષણવાળા અન્ત્ય(અંતિમ) વિશેષોને, અપેક્ષાથી પરરૂપથી વ્યાવૃત્તિમાં સમર્થ, સામાન્યથી અત્યંત તિરસ્કૃત સ્વરૂપવાળા અવાન્તરવિશેષોને માને છે. (સત્તારૂપ સામાન્ય, ગૌત્વ આદિ સામાન્ય-વિશેષ ઉભયસ્વરૂપી અવાન્તરસામાન્ય, નિત્ય દ્રવ્યવૃત્તિ અંત્યસ્વરૂપવાળા, વ્યાવૃત્તિ આકારબુદ્ધિના કારણરૂપ વિશેષો (કે જે પણ અપેક્ષાનુસાર સામાન્ય છે), તેને ગ્રહણ કરનારા અનેક જ્ઞાનોવડે જે વસ્તુને સ્વીકારે છે, તે નૈગમનય છે.)

○ ક્રમથી આનું ઉદાહરણ. વ્યંજન-પર્યાયરૂપ બંનેની ગૌણ-મુખ્યભાવથી વિવક્ષામાં આ ઉદાહરણ છે. જેમ પર્વતમાં પર્વતીયવહ્નિ. બીજા ઉદાહરણોને કહે છે કે- 'एव'मिति। અહીં જ્ઞાન પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. અનિત્યત્વ અપ્રધાન છે, કેમ કે-વિશેષણ છે, રૂપ પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. નીલતા અપ્રધાન છે, કેમ કે-વિશેષણ છે. આવી રીતે ક્રમથી ગૌણ-મુખ્યભાવ જાણવો.

धर्मिद्वयविषयकमुदाहरति –

काठिन्यवद्द्रव्यं पृथिवीत्यादौ पृथिवीरूपधर्मिणो विशेष्यत्वान्मुख्यत्वं काठिन्यवद्द्रव्यस्य विशेषणत्वाद्गौणत्वम् यद्वा काठिन्यवद्द्रव्यस्य विशेष्यत्वान्मुख्यता, पृथिव्या विशेषणत्वाद्गौणता । एवं रूपवद्द्रव्यं मूर्त्तं, पर्यायवद्द्रव्यं वस्त्वित्यादीनि धर्मिद्वयविषयकविवक्षणे उदाहरणानि ॥ ६ ॥

काठिन्यवदिति । द्रव्ययोर्मुख्यामुख्यभावेन[1] विवक्षणे उदाहरणमिदम्, तत्सङ्गमयति, पृथिवीति, विशेष्यविशेषणभावे विनिगमनाविरहेण काठिन्यवद्द्रव्यं पृथिव्यास्त इति विवक्षायां गौणमुख्यभावः प्रतिपादितः, यदा तु पृथिवी काठिन्यवद्द्रव्यं वर्त्तत इति विवक्ष्यते तदाह यद्वेति, अपरमुदाहरणमाहैवमिति, रूपवद्द्रव्यं मूर्त्तं वर्त्तत इति विवक्षणे मूर्त्तं प्रधानं विशेष्यत्वात् रूपवद्द्रव्यं गौणः विशेषणत्वात् मूर्त्तं रूपवद्द्रव्यं वर्त्तत इति विवक्षायान्तु रूपवद्द्रव्यं विशेष्यत्वात्प्रधानं, मूर्त्तमप्रधानं विशेषणत्वादिति, पर्यायवद्द्रव्यं वस्त्विति विवक्षायां वस्तुनो विशेष्यत्वान्मुख्यता, पर्यायवद्द्रव्यस्य विशेषणत्वाद्गौणता, वस्तु पर्यायवद्द्रव्यमित्यत्र तु वस्तुनो विशेषणत्वाद्गौणता, पर्यायवद्द्रव्यस्य च विशेष्यत्वात्प्रधानता बोध्येति भावः ॥

१. नयेऽत्र हि प्रधानोपसर्जनभावस्य विशेष्यविशेषणभावप्रयुक्तत्वं न तु कल्पनाप्रयुक्तत्वं, न चैतावता प्रामाण्यप्रसङ्गः, धर्मधर्मिणोः प्राधान्येनाबोधकत्वात्, नैगमो हि तयोरन्यतरस्यैव प्रधानत्वमभ्युपैति । प्रधानतया तु तदुभयात्मकं वस्त्वनुभवद्विज्ञानं प्रमाणमेव, न चात्र नये विशेषणं कल्पितमेवेति वाच्यम्, पर्यायार्थिक एव द्रव्यस्य कल्पितस्य विशेषणत्वात् द्रव्यार्थिके तु पर्यायस्याकल्पितस्यापि विशेषणत्वात्, उभयविषयकेण नैगमेनोभयविषयस्य सत्यताया एवाभिमानादिति ॥

ધર્મીદ્વયવિષયક ઉદાહરણો

ભાવાર્થ – "કાઠિન્યવાળું દ્રવ્ય પૃથિવી છે. ઇત્યાદિમાં પૃથિવીરૂપ ધર્મીનું વિશેષ્યપણું હોઈ મુખ્યત્વ છે. કાઠિન્યવાળા દ્રવ્યનું વિશેષણપણું હોઈ ગૌણત્વ છે અથવા કાઠિન્યવાળા દ્રવ્યનું વિશેષ્યપણું હોઈ મુખ્યત્વ છે. પૃથિવીનું વિશેષણ હોઈ ગૌણત્વ છે. એ પ્રમાણે 'રૂપવાળું દ્રવ્ય મૂર્ત્ત છે'-'પર્યાયવાળું દ્રવ્ય વસ્તુ છે.' ઇત્યાદિ બે ધર્મીના દ્રવ્યોના વિષયવાળાની વિવક્ષામાં ઉદાહરણો છે."

વિવેચન – બે દ્રવ્યોનું ગૌણ-મુખ્યભાવથી વિવક્ષણમાં આ ઉદાહરણ છે. (ખરેખર, આ નૈગમનયમાં ગૌણ-મુખ્યભાવ વિશેષ્ય-વિશેષણભાવથી જન્ય છે પરંતુ કલ્પનાજન્ય નથી. એટલા માત્રથી પ્રામાણ્યનો પ્રસંગ નથી, કેમ કે-ધર્મ અને ધર્મીનો પ્રધાનપણાએ બોધક નથી. ખરેખર, નૈગમનય તે બંનેમાંથી કોઈ એકનું જ પ્રધાનપણું સ્વીકારે છે, પરંતુ પ્રધાનપણાએ તે ધર્મ-ધર્મીઆત્મક-ઉભયાત્મક વસ્તુ અનુભવાતું વિજ્ઞાન પ્રમાણ જ છે. 'આ નયમાં વિશેષણ કલ્પિત જ છે' એમ નહિ કહેવું, કેમ કે-પર્યાયાર્થિકમાં જ કલ્પિત દ્રવ્યનું વિશેષણપણું છે. દ્રવ્યાર્થિકમાં તો અકલ્પિત પણ પર્યાયનું વિશેષણપણું છે. ઉભય વિષયવાળા નૈગમે ઉભય વિષયની સત્યતા જ માનેલ છે.)

○ તેને ઘટાવે છે કે-'पृथिवी'ति । વિશેષ્ય-વિશેષણભાવમાં, વિનિગમના-એકતરપક્ષસાધિકા યુક્તિના અભાવથી 'કાઠિન્યવાળું દ્રવ્ય પૃથિવી છે.' આવી વિવક્ષામાં ગૌણ-મુખ્યભાવ પ્રતિપાદિત કર્યો છે. જ્યારે 'પૃથિવી કાઠિન્યવાળું દ્રવ્ય છે' આવી વિવક્ષા જ્યારે કરાય છે, ત્યારે કહે છે કે 'यद्वे'ति ।

બીજા ઉદાહરણો. 'રૂપવાળું દ્રવ્ય મૂર્ત્ત છે' આવી વિવક્ષામાં મૂર્ત્ત પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. રૂપવાળું દ્રવ્ય ગૌણ છે, કેમ કે-વિશેષણ છે. 'મૂર્ત્ત રૂપવાળું દ્રવ્ય છે' એવી વિવક્ષામાં તો રૂપવાળું દ્રવ્ય પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. મૂર્ત્ત અપ્રધાન છે, કેમ કે-વિશેષણ છે.

○ 'પર્યાયવાળું દ્રવ્ય વસ્તુ છે' આવી વિવક્ષામાં વસ્તુ પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. પર્યાયવાળું દ્રવ્ય ગૌણ છે, કેમ કે-વિશેષણ છે. 'વસ્તુ પર્યાયવાળું દ્રવ્ય છે' આવી વિવક્ષામાં વસ્તુ ગૌણ છે, કેમ કે-વિશેષણ છે. પર્યાયવાળું દ્રવ્ય પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. એ રીતે જાણવું.

ધર્મધર્મ્યુભયવિષયકવિવક્ષણે દૃષ્ટાન્તયતિ –

रूपवान् घट इत्यत्र तु घटस्य धर्मिणो विशेष्यत्वात्प्रधानता, रूपस्य धर्मस्य तद्विशेषणत्वाद्गौणता । इत्थं ज्ञानवानात्मा, नित्यसुखी मुक्तः क्षणिकसुखी विषयासक्तजीव इत्यादीनि धर्मधर्म्युभयविषयकविवक्षणे निदर्शनानि ॥ ७ ॥

रूपवानिति । सङ्गमयति घटस्येति । दृष्टान्तान्तराण्याहेत्थमिति, आत्मनो धर्मिणो विशेष्यत्वात् ज्ञानस्य धर्मस्य विशेषणत्वात् मुक्तस्य धर्मिणो विशेष्यत्वान्नित्यसुखस्य धर्मस्य विशेषणत्वात् धर्मिणो विषयासक्तजीवस्य विशेष्यत्वाद्धर्मस्य क्षणिकसुखस्य विशेषणत्वात्प्रधानत्वं गौणत्वञ्च भाव्यम् । न चास्य तृतीयप्रकारस्य प्रमाणत्वं शङ्क्यम्, धर्मधर्मिणोः

प्राधान्येनात्र ज्ञप्तेरभावात् तयोरन्यतर एव हि नैगमनयेन प्रधानतयाऽनुभूयते प्राधान्येन तदुभयावगाहिन एव ज्ञानस्य प्रमाणत्वात् । स पुनर्नैगमोऽनेकधा व्यवस्थितः प्रतिपत्राभिप्राय-वशान्नयव्यवस्थानात्, यथा पुरुष एवेदं सर्वमिति, पुरुषोऽप्येकत्वनानात्वभेदात्कैश्चिदभ्युपगतो द्वेधा, नानात्वेऽपि तस्य कर्तृत्वाकर्तृत्वभेदो परैराश्रितः, कर्तृत्वेऽपि सर्वगतेतरभेदः, असर्वग-तत्वेऽपि शरीरव्याप्यव्यापिभ्यां भेदः अव्यापित्वेऽपि मूर्त्तेतरभेदः, अपरैस्तु प्रधानकारणिकं जगदभ्युपगतम् तत्रापि सेश्वरनिरीश्वरभेदोऽभ्युपगतः, अन्यैस्तु परमाणुप्रभवत्वमभ्युपगतं जगतः, तत्रापि सेश्वरनिरीश्वरभेदोऽभ्युपगतः, सेश्वरपक्षेऽपि कर्मसापेक्षत्वानपेक्षत्वाभ्यां भेदाभ्युपगमः, कैश्चित्स्वभावकालयादृच्छिकवादाः समाश्रिताः, तेष्वपि सापेक्षत्वानपेक्षत्वा-भ्युपगमाद्भेदव्यवस्थाऽभ्युपगतैव । तथा कारणं नित्यं कार्यमनित्यमित्यपि द्वैतं कैश्चिदभ्युपगतं तत्रापि कार्यं स्वरूपं नियमेन त्यजति नवेत्ययमपि भेदाभ्युपगमः, एवम्भूतैरेव मूर्त्तमारभ्यते, मूर्त्तैरमूर्त्तं, अमूर्त्तैर्मूर्त्तमित्याद्यनेकधा प्रतिपत्राभिप्रायतो निगमनान्नैगमोऽनेकभेद इति ॥

ધર્મ-ધર્મી ઉભયવિષયકની વિવક્ષામાં દૃષ્ટાન્તો

ભાવાર્થ – "રૂપવાળો ઘડો છે.' અહીં તો ઘટરૂપ ધર્મી પ્રધાન છે, કેમ કે-વિશેષ્ય છે. રૂપરૂપી ધર્મ ગૌણ છે, કેમ કે-તે ઘટનું વિશેષણ છે. આ પ્રમાણે 'જ્ઞાનવાળો આત્મા છે'-'નિત્ય સુખી મુક્ત છે'-'ક્ષણિક વિષયાસક્ત જીવ છે,' ઇત્યાદિ ધર્મ-ધર્મી ઉભયવિષયકની વિવક્ષામાં ઉદાહરણો છે."

વિવેચન – પહેલાં દૃષ્ટાન્તને ઘટાવે છે કે 'घटस्ये'ति । બીજા દૃષ્ટાન્તોને કહે છે કે- 'इत्थं' इति । આત્મારૂપી ધર્મીની વિશેષ્યતા હોવાથી, જ્ઞાનરૂપી ધર્મની વિશેષણતા હોવાથી; મુક્તરૂપી ધર્મીની વિશેષ્યતા હોવાથી, નિત્ય સુખરૂપી ધર્મની વિશેષણતા હોવાથી, ધર્મી વિષયાસક્ત જીવની વિશેષ્યતા હોવાથી અને ક્ષણિક સુખરૂપી ધર્મની વિશેષણતા હોવાથી પ્રધાનતા અને ગૌણતા વિચારવી.

શંકા – આ ત્રીજા પ્રકારનું પ્રમાણપણું કેવી રીતે ?

સમાધાન – ધર્મ-ધર્મીની પ્રધાનતાથી અહીં જ્ઞાનનો અભાવ હોવાથી, બેમાંથી કોઈ એક જ, ખરેખર, નૈગમનયથી પ્રધાનતાથી અનુભવાતો છે. નૈગમવિશેષથી પ્રધાનતાએ તે ધર્મ-ધર્મી ઉભયના અવગાહી જ જ્ઞાનનું પ્રમાણપણું છે.

○ વળી તે નૈગમ અનેક પ્રકારે વ્યવસ્થિત છે, કેમ કે-પ્રતિપત્તા-પ્રમાતાના અભિપ્રાયના વશે નયની વ્યવસ્થા છે. જેમ કે-'આ બધું પુરુષ જ છે.' પુરુષ પણ એકત્વ-નાનાત્વના ભેદથી કેટલાકોએ બે પ્રકારે સ્વીકારેલો છે. નાનાપણામાં પણ કર્ત્તા અને અકર્ત્તાનો ભેદ બીજાઓએ માનેલો છે. કર્ત્તાપણામાં પણ સર્વગત (વ્યાપક) અને અસર્વગત ભેદ છે. અસર્વગતપણામાં પણ શરીરવ્યાપક અને અવ્યાપકથી ભેદ છે. અવ્યાપીપણામાં પણ મૂર્ત્ત અને અમૂર્ત્તનો ભેદ છે. બીજા વાદીઓએ પ્રધાનકારણજન્ય રૂપે જગત માનેલ છે. ત્યાં પણ સેશ્વર-અનીશ્વરનો ભેદ માનેલો છે. કેટલાકોએ તો જગતનું પરમાણુથી જન્યત્વ માનેલું છે. ત્યાં

પણ સેશ્વર અને અનીશ્વરનો ભેદ માનેલો છે. સેશ્વરપક્ષમાં પણ કર્મસાપેક્ષત્વ-અનપેક્ષપણાથી ભેદનો સ્વીકાર છે. કેટલાકોએ સ્વભાવ-કાળ-યાદચ્છિક વાદો માનેલા છે. તેઓમાં પણ સાપેક્ષત્વ-અનપેક્ષત્વના સ્વીકારથી ભેદની વ્યવસ્થા સ્વીકારેલી જ છે તથા કારણ નિત્ય છે-કાર્ય અનિત્ય છે, એમ બે વસ્તુ કેટલાકોએ માનેલ છે. ત્યાં પણ 'કાર્ય સ્વરૂપને નિયમા છોડે છે અથવા નથી છોડતું' આવા ભેદનો સ્વીકાર છે. એ પ્રમાણે મૂર્ત્તોથી જ મૂર્ત્ત આરંભાય છે. મૂર્ત્તોથી અમૂર્ત્ત, અમૂર્ત્તોથી મૂર્ત્ત, ઇત્યાદિ અનેક પ્રકારે પ્રતિપત્તાના અભિપ્રાયથી અનેક પ્રકારે નિગમન હોવાથી નૈગમ અનેક ભેદવાળો છે.

अथ सङ्ग्रहं लक्षयति —

स्वव्याप्ययावद्विशेषेष्वौदासीन्यपूर्वकं सामान्यविषयकाभिप्रायविशेषस्सङ्ग्रहः । स द्विविधः परापरभेदात् । परसामान्यमवलम्ब्य विधायौदासीन्यं तद्विशेषेषु अर्थानामेकतया ग्रहणाभिप्रायः परसङ्ग्रहः । यथा विश्वमेकं सदविशेषादिति । अनेन वक्रभिप्रायेण सत्त्वरूपसामान्येन विश्वस्यैकत्वं गृह्यते, एवं शब्दानामप्रयोगाच्च विशेषेषूदासीनता प्रतीयते । अपरसामान्यमवलम्ब्य तथाभिप्रायोऽपरसङ्ग्रहः । यथा धर्माधर्माकाशपुद्गलजीवानामैक्यं, द्रव्यत्वाविशेषादिति । अनेनाप्यभिप्राय विशेषेण द्रव्यत्वरूपापरसामान्येन धर्मादीनामेकत्वं तद्विशेषेषूदासीनत्वञ्च गृह्यते ॥ ८ ॥

स्वव्याप्येति । स्वं महासामान्यं सत्त्वं तद्व्याप्या यावन्तो विशेषाः द्रव्यत्वादयः तेष्वौदासीन्यपूर्वकं परस्परं तानिराकुर्वन् सत्तारूपसामान्यविषयको द्रव्यत्वादिरूपसामान्यविषयको वाऽभिप्रायविशेषस्स सङ्ग्रह इत्यर्थः । सामान्यमात्राभ्युपगमप्रवणैकदेशबोधत्वं लक्षणम् । परापरसामान्योभयग्राहित्वन्तु न लक्षणं प्रत्येकग्राहिण्यव्याप्तेः प्रत्येकग्राहित्वमपि न लक्षणमननुगमात्, अयं हि सङ्ग्रहो मन्यते ननु भावलक्षणसामान्याद्व्यतिरिच्यमानमूर्त्तयो[१] विशेषा अव्यतिरिच्यमाना वा, नाद्यः पक्षो निःस्वभावतापत्तेः, भावव्यतिरेकित्वात्[२], गगनारविन्दवत् । न द्वितीयो भावमात्रत्वापत्तेः, तथा हि भावमात्रं विशेषास्तदभिन्नत्वात् यद्यतोऽभिन्नं तत्तदेव, यथा भावस्यैव स्वरूपम्, अभिन्नाश्च विशेषा अतस्तद्रूपा एव । ननु च यदि भावमात्रमेव तत्त्वं तदा तस्य सर्वत्राविशेषाद्य एते प्रतिप्राणि प्रसिद्धा स्तम्भेभकुम्भाम्भोरुहादिविशिष्टवस्तुसाध्यव्यवहारास्ते सर्वेऽपि प्रलयमापद्येरन् अतो विशेषा अपि विविक्तव्यवहारहेतवोऽभ्युपगन्तव्याः मैवम्, व्यवहारस्याप्यनाद्यविद्याबलप्रवर्त्तितत्वात् तेन पारमार्थिकप्रमाण-

१. सङ्ग्रहमतेनाशेषविशेषतिरोधानप्रकारमादर्शयति नन्विति । २. भिन्नत्वे भावलक्षणतो विशेषाणां स तस्यैवेत्यत्र नियामकाभावेन भावस्वभावशून्यत्वान्निःस्वभावत्वं स्यादित्याशयेनाह भावव्यतिरेकित्वादिति ॥

प्रतिष्ठिततत्त्वप्रतिबन्धाभावात् किञ्च[१] विशेषाग्रहो विशेषेण त्याज्यः, विशेषव्यवस्थापकप्रमाणाभावात् तथाहि भेदरूपा विशेषाः, न च किञ्चित्प्रमाणं भेदमवगाहते, प्रत्यक्षं हि तावद्भावसम्पादितसत्ताकं तमेव साक्षात्कर्तुं युक्तम् नाभावम्, तस्य सकलशक्तिविरहरूपतया तदुत्पादने व्यापाराभावात्[२], अनुत्पादकस्य साक्षात्कारकरणे सर्वसाक्षात्करणप्रसङ्गात् तथा च विशेषाभावात्सर्वो द्रष्टा सर्वदर्शी स्यात् अनिष्टञ्चैतत् तस्माद्भावग्राहकमेव तदिष्टम्, स च भावस्सर्वत्राविशिष्ट इति तथैव तेन ग्राह्यः, तदुत्तरकालभाविविकल्पो घटोऽयं पदादिर्न भवतीत्येवमाकारं रचयन्नविद्यामूलत्वान्न प्रमाणं तन्न प्रत्यक्षाद्विशेषावगतिः, नाप्यनुमानादिभ्यः, प्रत्यक्षमूलकत्वाच्छेषप्रमाणवर्गस्य, तस्मात्सामान्यमेव परमार्थो न विशेषा इति सङ्ग्रहः । तं विभजते स इति, परसङ्ग्रहमाह परसामान्यमिति सन्मात्रमित्यर्थः, तद्विशेषेष्विति सत्त्वावान्तरप्रभेदेष्वित्यर्थः, उदाहरति यथेति, एवमुक्ते हि सदिति ज्ञानाभिधानानुवृत्तिलिङ्गानुमितसत्ताकत्वेनैकत्वमशेषार्थानां सङ्गृह्यत इत्यभिप्रायमाहानेनेति, सन्ति विशेषा इत्यनुक्त्वाद्विशेषेषूदासीनता व्यज्यत इत्याहैवं शब्दानामिति, उदासीनतेति, प्रत्यनीकधर्मेषूपेक्षेत्यर्थः, धर्मान्तरादानोपेक्षाहानिलक्षणत्वात्प्रमाणनयदुर्नयानां, प्रमाणात्तदतत्स्वभावप्रतिपत्तेर्नयात्तत्प्रतिपत्तेर्दुर्नयादन्यनिराकृतेश्चेति भावः । अथ द्वितीयभेदामाहापरेति, द्रव्यत्वादीन्यपरसामान्यानीति भावः, सत्तापेक्षया कतिपयव्यक्तिनिष्ठत्वाद्द्रव्यत्वस्यापरसामान्यत्वं बोध्यम्, तथाभिप्राय इति, स्वव्याप्यावान्तरविषयकोपेक्षासहकृततदर्थैकत्वग्रहणाभिप्राय इत्यर्थः, अवान्तरविषयप्रतिक्षेपाभिप्रायत्वे दुर्नयत्वप्रसक्तेः । दृष्टान्तमस्याह यथेति, द्रव्यं द्रव्यमित्यभिन्नज्ञानाभिधानलक्षणलिङ्गानुमितद्रव्यत्वात्मकत्वेन धर्मादीनां षण्णामैक्यं सङ्गृह्यत इत्यभिप्रायेणाहानेनेति, गौणव्यवहारास्तत्तद्व्यावृत्तिरूपविशेषाश्च नैगमव्यवहारयोरिष्टाः, एतदुभयापेक्षया स्वविषयोत्कर्षाभिमानिना सङ्ग्रहेण तु ते नेष्यन्ते तथा च नैगमव्यवहारसम्मतोपचारविशेषानवलम्बित्वादस्य शुद्धत्वं, स्वसमयोचितोपचारविशेषयोः क्वचिदवलम्बनेनापि तत्रापोद्यत इति ध्येयम् ॥

---

१. ननु सामान्यमेव प्रमाणप्रतिष्ठं न विशेषा इति न युक्तं विनिगमनाविरहेण वैपरीत्यस्यापि वक्तुं शक्यत्वादित्याशङ्क्याह किञ्चेति ॥ २. भावेन सहैव योग्यत्वादिन्द्रियस्य सम्बन्धादिति भावः । भेदस्याभावात्मकस्यायोग्यत्वेन विषयमुद्रया कारणात्वासम्भवेनानुत्पादकत्वं तथापि तस्येन्द्रियेण प्रत्यक्षत्वाभ्युपगमे सर्वेषामपीन्द्रियेण ग्रहणं स्यात्, यद्वा वस्तुतोऽभावग्रहणेऽयोग्यतयाऽनुत्पादकेनेन्द्रियेण तज्ज्ञानं जायत इत्यभ्युपगमे सर्वेषामपि तेन ग्रहणं स्यादित्याशयेनाहानुत्पादकस्येति ॥

संग्रहनुं लक्षण

ભાવાર્થ – "સ્વથી વ્યાપ્ય જેટલા વિશેષો છે, તેટલા વિશેષોમાં ઉદાસીનતાપૂર્વક સામાન્યવિષયવાળો વિશિષ્ટ અભિપ્રાય, એ 'સંગ્રહ' કહેવાય છે. તે પર-અપરના ભેદથી બે પ્રકારવાળો છે. પરસામાન્યનું અવલંબન લઈ તેના વિશેષોમાં ઔદાસીન્ય કરીને અર્થોના એકપણાએ ગ્રહણનો અભિપ્રાય, એ 'પરસંગ્રહ' કહેવાય છે. જેમ જગત્ એક છે, કેમ કે-સત્થી અવિશેષ છે. ઇતિ. આ વક્તાના અભિપ્રાયથી સત્તારૂપ સામાન્યથી વિશ્વનું એકપણું ગ્રહણ કરાય છે અને એ પ્રમાણે શબ્દોના અપ્રયોગથી વિશેષોમાં ઉદાસીનતા પ્રતીત થાય છે. અપરસામાન્યનું આલંબન લઈ તથા અભિપ્રાય 'અપરસંગ્રહ' કહેવાય છે. જેમ ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલ-જીવોનું ઐક્ય છે, કેમ કે-દ્રવ્યત્વનો અવિશેષ છે આ વિશિષ્ટ અભિપ્રાયથી દ્રવ્યત્વરૂપ અપરસામાન્યથી ધર્મ આદિનું એકત્વ છે. તેના વિશેષોમાં ઉદાસીનતાનું ગ્રહણ કરાય છે."

વિવેચન – સ્વ એટલે મહાસામાન્ય સત્ત્વ છે. તેનાથી વ્યાપ્ય જેટલા વિશેષો દ્રવ્યત્વ વગેરે છે, તેઓમાં ઉદાસીનતાપૂર્વક પરસ્પર તેઓના નિરાકરણને નહિ કરનારો, સત્તારૂપ મહાસામાન્ય વિષયવાળો કે દ્રવ્યત્વ આદિરૂપ અપરસામાન્ય વિષયવાળો વિશિષ્ટ અભિપ્રાય, તે 'સંગ્રહનય' કહેવાય છે. સામાન્ય માત્રના સ્વીકારમાં પરાયણ એકદેશબોધપણું સંગ્રહનયનું લક્ષણ છે, પરંતુ પરસ્પર સામાન્યરૂપ ઉભય ગ્રાહકપણું લક્ષણ નથી, કેમ કે-પ્રત્યેકના ગ્રાહકમાં અવ્યાપ્તિ છે. પ્રત્યેક ગ્રાહકપણું પણ લક્ષણ નથી, કેમ કે-અનુગમ(વ્યાપકતા)નો અભાવ છે.

○ ખરેખર, આ સંગ્રહનય માને છે કે-(સંગ્રહમતથી અશેષ-વિશેષના તિરોધાનના પ્રકારને દર્શાવે છે કે- 'ननु' इति । પ્રશ્ન એ થાય છે કે-ભાવલક્ષણ સામાન્યથી (૧) ભિન્ન સ્વરૂપવાળા વિશેષો છે કે (૨) અભિન્ન સ્વરૂપવાળા વિશેષો છે ?

પહેલો પક્ષ બરાબર નથી, કેમ કે-નિઃસ્વભાવતાની આપત્તિ છે. (ભિન્નપણાની માન્યતામાં ભાવલક્ષણથી વિશેષોના 'તે વિશેષ તેનો છે' આવા સ્થળમાં નિયામકનો અભાવ હોવાથી, ભાવસ્વભાવની શૂન્યતા હોવાથી નિઃસ્વભાવત્વ થાય ! એવા આશયથી કહે છે કે-'भावव्यतिरेकित्वादि'ति । કેમ કે-ભાવથી ભિન્ન છે. ગગનકુસુમની માફક શૂન્ય-અસત્ છે.)

બીજો પક્ષ બરાબર નથી, કેમ કે-ભાવ માત્રતાની આપત્તિ છે. તે આ પ્રમાણે:-ભાવ માત્ર વિશેષો છે, કેમ કે-તે સામાન્યથી-ભાવ માત્રથી અભિન્ન છે. જે જેનાથી અભિન્ન છે, તે તે જ કહેવાય છે. જેમ ભાવનું જ સ્વરૂપ અને અભિન્ન વિશેષો છે, એથી તે ભાવરૂપ તે સામાન્યરૂપ જ છે.

શંકા – જો ભાવ માત્ર જ તત્ત્વ છે, તો તે ભાવનો સર્વત્ર અવિશેષ છે. જે આ પ્રત્યેક પ્રાણીમાં પ્રસિદ્ધ, સ્તંભ-કુંભ-કમલ વગેરેરૂપ વિશિષ્ટ વસ્તુ સાધ્યવ્યવહારો છે, તે તમામ વ્યવહારો પણ વિનાશને પામે ! એથી વિશેષો પણ ભિન્ન વ્યવહારના હેતુરૂપે સ્વીકારવા જ પડશે ને ?

સમાધાન - વ્યવહાર પણ અનાદિની અવિદ્યાથી પ્રવર્ત્તિત છે, તેથી પારમાર્થિક પ્રમાણરૂપે પ્રતિષ્ઠિત તત્ત્વના પ્રતિબંધ(વ્યાપ્તિ)નો અભાવ છે.

(પ્રશ્ન એ થાય છે કે-પ્રમાણની પ્રતિષ્ઠાવાળું સામાન્ય જ છે, વિશેષો નથી. આવું કથન વ્યાજબી નથી, કેમ કે-વિનિગમનના વિરહથી વિપરીત પણ કહી શકાય છે. આવી આશંકામાં બીજા દોષને કહે છે કે 'किञ्चे'ति ।)

○ વળી વિશેષનો આગ્રહ વિશેષથી છોડવો જોઈએ, કેમ કે-વિશેષવ્યવસ્થાપક પ્રમાણનો અભાવ છે. તે આ પ્રમાણે:-ભેદરૂપ વિશેષો છે અને કોઈ પ્રમાણ ભેદને અવગાહન કરતું નથી. ખરેખર, પ્રત્યક્ષ પ્રમાણ તો ભાવથી સંપાદિત સત્તાવાળું છે. તે ભાવનો જ સાક્ષાત્કાર કરવા માટે યુક્ત છે, અભાવનો નહિ. તે પ્રત્યક્ષનો સકલ શક્તિ(યોગ્યતા)ના વિરહરૂપ હોઈ, તે અભાવના સાક્ષાત્કારના ઉત્પાદનમાં વ્યાપારનો અભાવ છે. (ભાવની સાથે જ યોગ્યતા હોવાથી-ઇન્દ્રિયનો સંબંધ હોવાથી વ્યાપારનો અભાવ છે, એવો ભાવ છે. અભાવ આત્મક ભેદમાં અયોગ્યતા હોવાથી વિષયમુદ્રાથી કારણપણાનો અસંભવ હોઈ અનુત્પાદકપણું છે, તો પણ તે ભેદનું ઇન્દ્રિયથી પ્રત્યક્ષપણાના સ્વીકારમાં તમામનું ઇન્દ્રિયથી ગ્રહણ થશે ! વસ્તુતઃ અભાવના ગ્રહણમાં અયોગ્યતા હોવાથી અનુત્પાદક ઇન્દ્રિયથી તે અભાવનું જ્ઞાન થાય છે. એવા સ્વીકારમાં તમામનું પણ તેથી જ્ઞાનરૂપ ગ્રહણ થશે ! આવા આશયથી કહે છે કે-'अनुत्पादकस्ये'ति ।) અનુત્પાદકના સાક્ષાત્કાર કરવામાં સર્વના સાક્ષાત્કારનો પ્રસંગ આવે છે. તથાચ સર્વ દેખનારો સર્વદર્શી થઈ જશે ! આ બાબત અનિષ્ટ છે, તેથી ભાવગ્રાહક જ તે પ્રત્યક્ષ પ્રમાણ ઇષ્ટ છે. વળી તે ભાવ સઘળે ઠેકાણે અવિશિષ્ટ છે, માટે તે પ્રત્યક્ષથી તે પ્રકારે જ ભાવ ગ્રાહ્ય છે. તે પ્રત્યક્ષના ઉત્તરકાળમાં થનારો વિકલ્પ, 'આ ઘડો છે-પટ આદિ નથી' એવા આકારને રચનારો અવિદ્યારૂપ મૂળથી જન્ય હોવાથી પ્રમાણ નથી. તે પ્રમાણ પ્રત્યક્ષથી વિશેષના જ્ઞાનરૂપ નથી. અનુમાન આદિ પ્રમાણોથી વિશેષનું જ્ઞાન નથી, કેમ કે-શેષ પ્રમાણવર્ગ પ્રત્યક્ષરૂપ મૂળથી જન્ય છે. તેથી 'સામાન્ય જ પરમાર્થ છે, વિશેષો નહિ'-એમ સંગ્રહનય માને છે. તે સંગ્રહનો વિભાગ કરે છે. સત્ માત્ર જ પરસામાન્ય કહેવાય છે. સત્ત્વના અવાન્તર પ્રભેદોમાં ઉદાસીનતા પરસંગ્રહની હોય છે. ઉદાહરણ-'વિશ્વ એક છે-સત્ અવિશેષ હોવાથી. 'ખરેખર, આ પ્રમાણે કહ્યે છતે, 'સત્' આ પ્રમાણેના જ્ઞાનશબ્દથી અનુવૃત્તિરૂપ હેતુથી અનુમિત સત્તાવાળા હોઈ સમસ્ત પદાર્થોનું એકત્વ સંગૃહિત કરાય છે. 'વિશેષો છે' એમ નહિ કહેલું હોવાથી વિશેષોમાં ઉદાસીનતા વ્યક્ત થાય છે. 'उदासीनते'ति । પ્રત્યનિક ધર્મોમાં ઉપેક્ષા એવો અર્થ જાણવો, કેમ કે-ધર્માન્તર ગ્રહણલક્ષણવાળું પ્રમાણ, ધર્માન્તર ઉપેક્ષાલક્ષણવાળો નય, ધર્માન્તર હાનિલક્ષણવાળો દુર્નય હોય છે : કેમ કે-પ્રમાણથી તદ્-અતત્ સ્વભાવની પ્રતિપત્તિ છે, નયથી તત્ પ્રતિપત્તિ છે, દુર્નયથી અન્યનું નિરાકરણ છે, એવો ભાવ છે. હવે બીજા ભેદને કહે છે કે-દ્રવ્યત્વ વગેરે અપરસામાન્ય છે, એવો ભાવ છે. સત્તાની અપેક્ષાએ કતિપય (કેટલીક) વ્યક્તિમાં રહેલ હોવાથી દ્રવ્યત્વ અપરસામાન્ય જાણવું. 'तथाभिप्राय' इति । સ્વ(દ્રવ્યત્વ)વ્યાપ્ય અવાન્તરવિષયક ઉપેક્ષા સહકૃત તે દ્રવ્યભૂત અર્થની એકતાના ગ્રહણનો અભિપ્રાય, એવો અર્થ છે. અવાન્તરવિષયના પ્રતિક્ષેપના અભિપ્રાયપણામાં દુર્નયપણાનો પ્રસંગ આવે છે. આના દૃષ્ટાન્તને કહે છે કે-'यथे'ति-'द्रव्य-द्रव्य' । એવા અભિન્ન જ્ઞાનશબ્દરૂપ લિંગથી અનુમિત (અનુમાનવિષય) દ્રવ્યત્વ આત્મકપણાની અપેક્ષાએ ધર્મ આદિ છ દ્રવ્યોનું ઐક્ય સંગૃહિત કરાય છે.

○ गौणभूत व्यवहारो अने ते ते व्यावृत्तिरूप विशेषो नैगम अने व्यवहारनयने ईष्ट छे. आ नैगम-व्यवहाररूप उभय नयनी अपेक्षाओ स्वविषयना उत्कर्षना अभिमानवाळा संग्रहथी तो ते व्यवहारो अने विशेषो ईष्ट नथी. तथाच नैगम अने व्यवहारनयने संमत उपचार अने विशेषना अवलंबन वगरना होवाथी आ संग्रहनयनुं शुद्धपणुं छे. स्वसमय (सिद्धान्त)मां उचित उपचार(व्यवहार) अने विशेषनुं क्वचित् अवलंबननी अपेक्षाओ पण ते संग्रहनयनुं शुद्धपणुं खंडित थतुं नथी, एम विचारवुं.

श्रीवादिदेवसूरिसूत्रावलम्बनेन व्यवहारनयस्य लक्षणमाह –

प्रतिषेधपरिहारेण सङ्ग्रहविषयीभूतार्थविषयकविभागप्रयोजकाभिप्रायो व्यवहारनयः । यथा सत्त्वधर्मेणैकतया सङ्गृहीतस्य सतो द्रव्यपर्यायाभ्यां विभागकरणाभिप्रायो यत्सत्तद्द्विधा, द्रव्यं पर्यायश्चेति । एवं द्रव्यत्वेन सङ्गृहीतस्य द्रव्यस्य धर्मादिरूपेण षोढा विभागकरणाभिप्रायो यद्द्रव्यं तद्धर्मादिरूपेण षोढेति ॥ ९ ॥

प्रतिषेधपरिहारेणेति, सुनयीकरणायैतत् । सङ्ग्रहगृहीतान् सत्त्वाद्यर्थानुपेक्ष्य तद्विभजनाविषयो योऽभिप्रायस्स व्यवहारनय इत्यर्थः, परसामान्यमवलम्ब्य तद्विभागाभिप्रायं निदर्शयति यथेति, अपरसामान्यमवलम्ब्य तमाहैवमिति । "वञ्चइ विणिच्छिअत्थं ववहारो सव्वदव्वेसु"-ति निर्युक्तिप्रतीकानुसाराद्विनिश्चितार्थप्रापकत्वं व्यवहारस्य लक्षणं लभ्यते, विशेषेणावह्रियते निराक्रियते सामान्यमनेनेति निरुक्त्यनुसारात् । विनिश्चितार्थप्राप्तिश्चास्य सामान्यानभ्युपगमे सति विशेषाभ्युपगमात् जलाहरणाद्युपयोगिनो घटादिविशेषानेवायमङ्गीकरोति नतु सामान्यम्, गां बधानेत्याद्युक्ते गोत्वबन्धनाद्यध्यवसायस्य कस्याप्यनुदयात् । न च कथं गोष्वनुगतव्यवहार इति वाच्यमन्यापोहादिनापि तदुपपत्तेः शब्दानुगमादेवानुगतव्यवहारोपपत्तेश्च । "लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहार" इति तत्त्वार्थभाष्यानुरोधात्तु शब्दतदुपजीविप्रमाणातिरिक्तप्रमाणपक्षपाती गौणीवृत्त्याऽतिशयेन व्यवहारकरः नानाव्यक्तिकशब्दसङ्केतग्रहणप्रवणो यो बोधस्स व्यवहार इति तदर्थः, उपचारबहुलाध्यवसायवृत्तिनयत्वव्याप्यजातिमत्त्वन्तु लक्षणम् । उपचाराधिक्यं यथा गिरिर्दह्यते, अध्वा याति, कुण्डिका स्रवति, इत्यादौ प्रथमे गिरिपदस्य

---

१. यथा सत्यपि पञ्चवर्णादौ भ्रमरे कृष्णवर्ण एव लोकस्य निश्चयो भवति तस्माद्विनिश्चितार्थप्रापको व्यवहारनयः तस्यैव गमकत्वात्प्ररूपकत्वाच्च, स एव हि लोकव्यवहारनुकूलतया स्पष्टतमः, तस्माच्छेषवर्णादीनयं नयो मुञ्चतीति विनिश्चितार्थप्रापकत्वमस्य बोध्यम् ॥ २. उपचारबहुलाध्यवसायत्वमात्रस्य लक्षणत्वेऽनुपचरितव्यवहारेऽव्याप्तिरिति नयत्वव्याप्यजातिमत्त्वमुक्तं, तावन्मात्रस्य नैगमसङ्ग्रहादावपि सत्त्वाद्वृत्त्यन्तम्, अत एव नयत्ववत्त्वमुपेक्ष्य नयत्वव्याप्यजातिमत्त्वमुक्तं, क्वाचित्कोपचाराध्यवसायमादाय नैगमाद्यतिव्याप्तिवारणाय बहुलेति ॥

गिरिस्थतृणादौ लक्षणा, अतिशयदग्धत्वप्रतीतिः फलं द्वितीये मार्गगन्तृपुरुषसमुदाये लक्षणा नैरन्तर्यप्रतीतिः फलं, तृतीये कुण्डिकास्थोदके लक्षणाऽनिबिडत्वप्रतीतिः प्रयोजनमित्येवं भाव्यम् । लक्ष्यार्थे[१] मुख्यार्थप्रतीतिश्चाभेदाध्यवसायात् । विशेषप्राधान्यादेवायं विस्तृतार्थः, प्रधानता च व्यक्तिष्वेवोपयुक्ततया सङ्केताद्याश्रयणात्[२] । वस्तुतः पञ्चवर्णद्विगन्धपञ्चरसाष्टस्पर्श-शरीरवतो भ्रमरादेश्श्यामत्वादिनैव निश्चयनादसौ लौकिकः, लोकैः कृष्णवर्णत्वेनैवास्याङ्गी-कारात्, उद्भूतवर्णविवक्षयैवाभिलापादिव्यवहारप्रवृत्तेः कृष्णो भ्रमर इत्यादेरनुद्भूतत्वेनेतरवर्णा-विवक्षणान्न भ्रान्तत्वम्, तात्पर्यज्ञं प्रति प्रामाण्याल्लोकव्यवहारानुकूलविवक्षाप्रयुक्तत्वाच्चास्य भावसत्यत्वं, पीतो भ्रमर इत्यादीनान्तु न तथा, लोकव्यवहारानुकूलत्वात्, नापि निश्चयतोऽस्य भावसत्यत्वं पञ्चवर्णपर्याप्तिमति पञ्चवर्णप्रकारकत्वाभावेनावधारणाक्षमत्वात् । ननु पञ्चवर्णो भ्रमर इत्यादिवाक्यानां कथं न व्यवहारनयानुरोधित्वं तस्यापि व्यवहारानुगुण्यात्, आगमप्रति-पादितार्थेऽपि व्युत्पन्नानां व्यवहारोपलब्धेः, न च लोकेनास्य वाक्यस्य बाधितार्थविषयकत्वेन न व्यवहारानुरोधित्वमिति वाच्यम् आत्मा न रूपवानित्यादिवाक्यस्यापि अव्यवहारकत्वापत्तेः, आत्मगौरत्वादिबोधकलोकप्रमाणबाधितार्थबोधकत्वात्, अभ्रान्तलोकस्य विवक्षणे चोभयत्र साम्यमेवेति चेन्न पञ्चवर्णो भ्रमर इत्यादौ कृष्णेतरवर्णांशे[३] व्यावहारिकविषयताया अभावात्, तत्तन्नयाभिप्रायप्रयुक्तो हि शब्दः, तत्र तन्नयीयविषयतैव शाब्दबोधिका, ततो नोक्तव्यवहार इति ॥

શ્રી વાદિદેવસૂરિસૂત્રના અવલંબને વ્યવહારનયનું લક્ષણ

ભાવાર્થ – "प्रतिषेधना परिहारपूर्वक संग्रहना विषयीभूत अर्थना विषयवाळा विभागनो प्रयोजक अभिप्राय, ए 'व्यवहारनय' छे. जेम के-सत्त्वधर्मद्वारा एकपणाए संगृहित सत्नो द्रव्य अने पर्यायथी विभाग करनारो अभिप्राय जे सत् छे, ते द्रव्य अने पर्यायरूप बे प्रकारे छे. आ प्रमाणे द्रव्यपणाए संगृहित द्रव्यनो धर्म आदि रूपे छ प्रकारना विभाग करनारो अभिप्राय जे द्रव्य छे, ते धर्मादिरूपे छ प्रकारनुं छे. इति.

---

१. ननु गिरिस्थतृणादिमार्गगन्तृपुरुषसमुदायकुण्डिकास्थजलादौ गिरिमार्गकुण्डिकादिमुख्यार्थप्रतीतिः कथमित्यत्राह लक्ष्यार्थ इति ॥ २. एवशब्देन सामान्यस्य संकेतजप्रतीत्यविषयत्वं सूचितम् शब्दानां हि सामान्ये संकेतोऽनुपयुक्तः, घटमानयेत्यादिवाक्यात् शाब्दबोधानुत्पत्तिप्रसङ्गात् नहि घटत्वस्यानयनं सम्भवति, अमूर्त्तत्वादिति भावः ॥ ३. तत्तन्नयाभिप्रायप्रयुक्तो हि शब्दः, तथा च पञ्चवर्णो भ्रमर इति शब्दाभिलापो निश्चयनयेन, अतः प्रोक्ताभिलापजन्यशाब्दबोधे कृष्णेतररूपांशे न व्यावहारिकी विषयताऽस्ति लोकव्यवहाराननुगुणत्वात् किन्तु तत्र नैश्चयिकी विषयतैव कृष्णांशे तूभयविषयतेति भावः ॥

વિવેચન – 'प्रतिषेधपरिहारेणे'ति । આ પદ સુનયીકરણ માટે છે. સંગ્રહથી ગૃહિત સત્ત્વ આદિ અર્થોની ઉપેક્ષા કરી, તે સંબંધી વિભાગના વિષયવાળો જે અભિપ્રાય, તે વ્યવહારનય છે. પરસામાન્યનું આલંબન લઈ તેના વિભાગના અભિપ્રાયને દર્શાવે છે કે-'यथे'ति । અપરસામાન્યનું આલંબન લઈ તેના વિભાગને કહે છે કે-'एव'मिति । - 'वच्चइ विणिच्छिअत्थं ववहारो सव्वदव्वेसु'इति । નિર્યુક્તિના પ્રતીક અનુસારે વિનિશ્ચિતાર્થ પ્રાપકત્વ, એ વ્યવહારનું લક્ષણ લબ્ધ થાય છે. (જેમ પંચવર્ણ આદિ હોવા છતાં ભ્રમરમાં કાળો વર્ણ જ લોકમાં નિશ્ચિત પ્રસિદ્ધ થાય છે. તેથી વિનિશ્ચિત અર્થપ્રાપક વ્યવહારનય છે, કેમ કે-તે વ્યવહારનય નિશ્ચિત અર્થનો ગમકને પ્રરૂપક છે. ખરેખર, તે જ લોકવ્યવહારને અનુકૂળ હોઈ સ્પષ્ટતમ છે. તેથી શેષ વર્ણ આદિને આ નય મૂકી દે છે. આ પ્રમાણે વિનિશ્ચિતાર્થ પ્રાપકપણું જાણવું.)

○ નિરૂક્તિ અનુસારે વિશેષથી સામાન્યનું નિરાકરણ જેનાવડે કરાય, તે વ્યવહાર છે. આ વ્યવહારની વિનિશ્ચિત અર્થની પ્રાપ્તિ, સામાન્યનો અસ્વીકાર હોયે છતે વિશેષના સ્વીકારથી છે. જલ આહરણ આદિમાં ઉપયોગી ઘટ આદિ વિશેષોને જ આ વ્યવહારનય સ્વીકારે છે, પરંતુ સામાન્યને નહિ; કેમ કે-'ગાયને તું બાંધી લે' ઇત્યાદિ વચન કહ્યે છતે, ગોત્વનું બંધન આદિ અધ્યવસાય કોઈને પણ ઉદયમાં આવતો નથી.

શંકા – તો ગો માત્રમાં અનુગત (વ્યાપક) વ્યવહાર કેવી રીતે ?

સમાધાન – અન્ય અપોહ (ગોભિન્નના અપોહ) આદિથી પણ તે અનુગત વ્યવહારની ઉપપત્તિ છે અને શબ્દના અનુગમથી જ અનુગત વ્યવહારની ઉપપત્તિ છે. (જેમ લૌકિક પુરુષો વિશેષ જ ઘટ આદિથી વ્યવહાર કરે છે, તેમ આ નય પણ કરે છે, માટે લૌકિક સમ કહેવાય છે. ઉપચારપ્રાય-ઉપચાર એટલે અન્યત્ર સિદ્ધ અર્થનો અન્યત્ર અધ્યારોપ જે છે તે. અર્થાત્ ઉપચારબહુલ, જેનો વિસ્તીર્ણ-અનેક અર્થ જ્ઞેય છે, તે વિસ્તૃતાર્થ અધ્યવસાયવિશેષ વ્યવહાર કહેવાય છે.)

○ "લૌકિકસમ ઉપચારપ્રાય વિસ્તૃત અર્થવાળો વ્યવહાર છે. આવી રીતે તત્ત્વાર્થભાષ્યના અનુરોધથી તો શબ્દ અને તે શબ્દોપજીવી પ્રમાણથી ભિન્ન પ્રમાણ પક્ષપાતી, ગૌણીવૃત્તિદ્વારા અતિશે વ્યવહાર કરનારો, અનેક વ્યક્તિવાળા શબ્દના સંકેતના ગ્રહણમાં પરાયણ જે બોધ, તે વ્યવહારનય.

○ ઉપચારબહુલ અધ્યવસાયવૃત્તિ નયત્વવ્યાપ્ય જાતિમત્વ, એ વ્યવહારનયનું લક્ષણ છે. (ઉપચારબહુલ અધ્યવસાયત્વ માત્રને જો લક્ષણ કરવામાં આવે, તો અનુપચરિત વ્યવહારમાં અવ્યાપ્તિ આવે છે, માટે નયત્વવ્યાપ્ય જાતિમત્વનો નિવેશ છે. નયત્વવ્યાપ્ય જાતિમત્વ, એવું વ્યવહારનયનું જો લક્ષણ માનવામાં આવે, તો નૈગમ-સંગ્રહ આદિમાં પણ સત્ત્વ હોઈ અતિવ્યાપ્તિના વારણ માટે 'उपचारबहुलाध्यवसायवृत्ति' । એમ કહેલ છે. એથી જ નયત્વવત્વની ઉપેક્ષા કરીને નયત્વવ્યાપ્ય જાતિમત્વ કહેલ છે. કવાચિત્ક (કોઈ જગ્યાએ રહેલ) ઉપચારના અધ્યવસાયનું ગ્રહણ કરી નૈગમ આદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'बहुले'ति । કહેલ છે.) ઉપચારનું આધિક્ય (બહુલતા) જેમ 'પહાડ જળે છે'-'માર્ગ જાય છે'-'કુંડી ઝરે છે,' ઇત્યાદિમાં પ્રથમમાં ગિરિપદની ગિરિસ્થ તૃણ આદિમાં લક્ષણા, અતિશય દાહની પ્રતીતિરૂપ ફળ છે. બીજામાં માર્ગમાં ચાલનાર પુરુષોના સમુદાયમાં લક્ષણા, નિરંતરતાની પ્રતીતિરૂપ ફળ છે. ત્રીજામાં કુંડીમાં રહેલ પાણીમાં લક્ષણા, અનિબિડતાની પ્રતીતિ એ ફળ છે, એમ વિચારવું.

○ (પ્રશ્ન એ થાય છે કે-ગિરિસ્થ તૃણ આદિ, માર્ગે ચાલનાર પુરુષનો સમુદાય, કુંડીમાં રહેલ પાણી આદિમાં ગિરિ-માર્ગ-કુંડિકાના મુખ્ય અર્થની પ્રતીતિ કેવી રીતે ? આવી શંકાના સમાધાનમાં કહે છે કે 'लक्ष्यार्थे' इति ।) લક્ષ્ય અર્થમાં જે મુખ્ય અર્થની પ્રતીતિ છે, તે અભેદના અધ્યવસાયથી છે.

○ વિશેષની પ્રધાનતાથી જ આ વિસ્તૃતાર્થ છે અને પ્રધાનતા વ્યક્તિઓમાં જ (એવ શબ્દથી સામાન્ય, સંકેતજન્ય પ્રતીતિનો વિષય નથી એમ સૂચિત થાય છે. ખરેખર, સામાન્યમાં શબ્દોનો સંકેત અનુપયોગી છે. 'ઘડો લાવ' ઇત્યાદિ વાક્યથી શાબ્દબોધની અનુત્પત્તિનો પ્રસંગ છે, કેમ કે-ઘટત્વરૂપ સામાન્યનું લાવવું સંભવતું નથી. તે સામાન્ય અરૂપી છે.) ઉપયોગ હોવાથી સંકેત આદિનો આધાર છે. વસ્તુતઃ પંચવર્ણી, દ્વિગંધી, પંચરસી અને આઠસ્પર્શી શરીરવાળા ભ્રમર આદિનો શ્યામપણા આદિથી જ નિશ્ચય થવાથી આ લૌકિક છે. 'ભ્રમર કાળો છે' એ વાક્ય લૌકિક છે, કેમ કે-લોકોથી કૃષ્ણવર્ણના બહુલપણાએ આ ભ્રમરનો કૃષ્ણરૂપે સ્વીકાર કરેલ છે : કેમ કે-ઉદ્‌ભૂત (પ્રકટિત) વર્ણની વિવક્ષાથી જ શબ્દ આદિ વ્યવહારની પ્રવૃત્તિ છે. 'ભમરો કાળો છે' ઇત્યાદિમાં અનુદ્‌ભૂતપણાએ (અપ્રાદુર્ભાવથી) બીજા વર્ણોની અવિવક્ષાથી ભ્રાન્તપણું (ભ્રાન્તિ) નથી.

○ તાત્પર્યના જ્ઞાનકાર પ્રત્યે પ્રમાણપણું હોવાથી અને લોકવ્યવહારને અનુકૂળ વિવક્ષાજન્ય હોવાથી, આનું 'ભમરો કાળો છે' આવા વાક્યજન્ય શાબ્દબોધનું ભાવસત્યપણું છે. 'પીળો ભ્રમર' ઇત્યાદિમાં તો તે પ્રકારે નથી, કેમ કે-લોકવ્યવહારને અનુકૂળ નથી. વળી નિશ્ચયથી આનું ભાવસત્યપણું નથી, કેમ કે-પંચવર્ણની પર્યાપ્તિવાળામાં પંચવર્ણના પ્રકારકપણાનો અભાવ હોવાથી નિશ્ચયમાં અસમર્થ છે.

પૂર્વપક્ષ – 'પંચવર્ણી ભમરો' ઇત્યાદિ વાક્યોનું વ્યવહારનયનું અનુસરણ કેમ નહિ ? કેમ કે-તે વાક્યનું પણ વ્યવહારને અનુરૂપપણું છે. આગમથી પ્રતિપાદિત અર્થમાં પણ વ્યુત્પન્ન (પંડિત પુરુષો) જનોને વ્યવહારની ઉપલબ્ધિ છે. 'લોકથી આ વાક્યનું બાધિત અર્થનું વિષયકપણું હોવાથી વ્યવહારનું અનુસારિપણું નથી' એવું નહીં કહેવું, કેમ કે-'આત્મારૂપી નથી' ઇત્યાદિ વાક્યમાં પણ અવ્યવહારકપણાની આપત્તિ થશે ! કેમ કે-આત્માના ગૌરપણા આદિ બોધક લોકપ્રમાણથી બાધિત અર્થનો બોધક છે અને અભ્રાન્ત લોકની વિવક્ષામાં બંને ઠેકાણે સમપણું છે જ ને ?

ઉત્તરપક્ષ – 'પંચવર્ણી ભમરો' ઇત્યાદિમાં (તે તે નયના અભિપ્રાયથી જન્ય ખરેખર શબ્દ છે. તથાચ 'પંચવર્ણી ભમરો' આ પ્રમાણેનો શબ્દરૂપ અભિલાપ નિશ્ચયનયથી છે. એથી કથિત શબ્દજન્ય શાબ્દબોધમાં કૃષ્ણ અને બીજા વર્ણના અંશમાં વ્યાવહારિક વિષયતા નથી, કેમ કે-લોકવ્યવહારને અનુરૂપ નથી, પરંતુ ત્યાં નૈશ્ચયિક વિષયતા જ છે. કૃષ્ણના અંશમાં તો નિશ્ચય-વ્યવહાર ઉભયની વિષયતા છે.) કૃષ્ણ અને બીજા વર્ણના અંશમાં વ્યાવહારિક વિષયતાનો અભાવ છે. ખરેખર, તે તે નયના અભિપ્રાયથી જન્ય શબ્દ છે. ત્યાં તે નય સંબંધી (નયનિરૂપિત) વિષયતા જ શાબ્દબોધજનિકા છે, તેથી કથિત વ્યવહાર નથી.

अथर्जुसूत्रं स्वरूपयति –

द्रव्यं गौणीकृत्य प्राधान्यतया वर्त्तमानक्षणवृत्तिपर्यायमात्रप्रदर्शनाभिप्रायविशेष ऋजुसूत्रः । यथा सम्प्रति सुखपर्यायोऽस्ति दुःखपर्यायोऽस्ति द्वेषपर्यायो वास्तीत्यभिप्रायाः । अत्र हि सदप्यात्मद्रव्यं नार्प्यते सुखादिपर्यायास्तु प्रधानेन प्रकाश्यन्ते ॥ १० ॥

द्रव्यमिति, ऋजु--अवक्रं सूत्रयति गमयत्यभ्युपगच्छतीति ऋजुसूत्रः अतीतानागतयोः पर्याययोर्विनाशानुत्पत्तिभ्यामभावेन तदभ्युपगमे कुटिलत्वं ततस्तत्परिहारेण परोपकारप्रवण-वार्त्तमानिकपर्यायप्ररूपणमेवाकुटिलं प्ररूपणमिति ऋजुसूत्रशब्दभावः, तदेवाह द्रव्यं गौणीकृत्येति नयत्वरक्षायै विशेषणमिदम्, अस्य मते भावत्वं वर्त्तमानत्वव्याप्यम्, तथाहि विनष्टत्वाद-तीतस्यानागतस्यालब्धात्मलाभत्वात् अविशिष्यमाणतया च सकलशक्तिविकलरूपत्वात् अर्थ-क्रियानिर्वर्त्तनाक्षमत्वेनावस्तुत्वाच्च, वर्त्तमानक्षणालिङ्गितस्यैव सकलार्थक्रियासु व्याप्रिय-माणत्वेन तदेव पारमार्थिकं[1] वस्त्विति, तथा च शब्दाद्यभिमतविशेषापक्षपातिवर्त्तमानत्वमात्र-व्याप्तभावविषयकाभिप्रायः ऋजुसूत्र इति भावार्थः । शब्दादिनयेषु व्यभिचारवारणाय शब्दाद्य-भिमतविशेषापक्षपातीति पदम् । अत्र द्रव्यस्य गौणत्वं वर्त्तमानपर्यायस्य प्राधान्यञ्च, तत्रैव संकेतार्थक्रियादिसंभवात्, एकावस्थापन्ने द्रव्ये भिन्नावस्थासम्बन्धासम्भवात्, विभिन्नकालिक-पर्यायद्वयाधारपदार्थाभावाच्च, सिद्धावस्थासाध्यावस्थयोरेकत्र विरोधात्, यथा पलालं न दहति वह्निः, घटो न भिद्यते, असंयतो न प्रव्रजति, असिद्धो भव्यो न सिद्ध्यतीत्यादौ दहनादि-क्रियाकाल एव तन्निष्ठाकालः, अतस्तदवस्थाविलक्षणपलालाद्यवस्थावता समं दहनादि-क्रियान्वयो न युज्यते दह्यमानादेर्दग्धत्वद्यव्यभिचारात् । अत एवैते निषेधात्मका व्यवहारा उपपद्यन्ते, विधिरूपास्तु अपलालं दह्यते, अघटो भिद्यते, संयतः प्रव्रजति, सिद्धस्सिद्ध्यती-त्येवंरूपाः । न चात्र नये कृतकरणापरिसमाप्तिर्दोषः स्यात् सिद्धस्यापि साध्यमानत्वेन करण-व्यापारानुपरमादिति वाच्यम्, उत्पाद्य कार्यं क्रियोपरमेण तत्समाप्तेः । न च यादृशव्यापारा-वच्छिन्नदण्डादेर्घटोत्पत्त्यव्यवहितपूर्ववृत्तित्वं तादृशव्यापारावच्छिन्नस्य तस्य तदुत्पत्त्यनन्तरमपि सत्त्वे तदुत्पत्तिप्रसङ्ग इति वाच्यम्, तदानीं सूक्ष्मक्रियाविरहकल्पनात्[2], न च घटोत्पत्तेः पूर्वं तत्क्रियायाः सत्त्वे तदापि तदुत्पत्तिप्रसङ्गः असत्त्वे च कार्याव्यवहितपूर्ववृत्तित्वाभावेन कारणत्वाभावप्रसङ्ग इति वाच्यम्, कार्यव्याप्यतावच्छेदकपरिणामविशेषरूपायाः कारणतायाः कार्यसहवृत्तितानियमात्, ननु यदि क्रियमाणः कृत एव चक्रभ्रम्याद्युपलक्षितदीर्घक्रियाकाले कुतो न घटो दृश्यत इति चेन्न, घटानुकूलव्यापारलक्षणक्रियाया दीर्घकालत्वासिद्धेः चरमसमय एव तदभ्युपगमात्, घटविषयकोत्कृष्टाभिलाषेणैव मृन्मर्दनाद्यान्तरालिककार्यकरणवेलायां घटं

१. यथा हि व्यवहारनयो व्यवहाराननुकूलत्वान्न सहते सामान्यं तथा ऋजुसूत्रनयोऽपि अतीतमनागतञ्च पर्यायं परकीयत्वान्न सहते, अभिधानमपि तथाविधार्थवाचकं ज्ञानमपि तथाविधार्थविषयं न सहते स्वदेशकालयोरेव सत्ता-विश्रामात् तथा च यद्वर्त्तमानकालीनं वस्तु यच्च तस्यात्मीयं रूपं तदेतदुभयमेवास्य नयस्याभिमतमिति भावः ॥

२. घटोत्पत्त्यनुकूलसूक्ष्मक्रियाविरहकल्पनादित्यर्थः ॥

करोमीति व्यवहारात्, कृतस्यैव करणे न क्रियावैफल्यमपि, क्रिययैव निष्ठां जनयित्वा कार्यस्य कृतत्वोपपादनात् । न चान्योऽन्याश्रयः, कृतस्यैव क्रियाजन्यत्वात् कृतमेव च क्रियां जनयति नाकृतमसत्त्वादिति वाच्यम्, घटत्वादिनैव क्रियायाः कार्यकारणभावात्, अर्थादेव[१] तस्य कृतत्वोपपत्तेः । क्रियमाणस्य कृतत्वाभावे च क्रियासमये कार्याभावे ततः पूर्वं पश्चाच्च तन्न स्यादेव, कारणाभावात् । सामग्र्याः स्वसमये कार्यव्याप्यत्वाभावेऽपि अव्यवहितोत्तरसमयावच्छेदेन तद्व्याप्यत्वोपगमान्न दोष इति चेन्नाव्यवहितोत्तरत्वप्रवेशे गौरवेणोत्तरत्वमात्रप्रवेशे व्यवहितोत्तरकालावच्छेदेन कार्योत्पत्तिप्रसङ्गेन च स्वसमयावच्छेदे नैव सामग्र्याः कार्यव्याप्यत्वोपगमस्योचितत्वात् । कारणाभावस्य कार्याभावव्याप्यत्वेन कारणोत्तरकाले कार्यासिद्धेश्चेति दिक् । सङ्ग्रहसम्मतं सामान्यमनुपयोगादनुपलम्भाच्च व्यवहारनयेन यथा नेष्यते तथैव स्वप्रयोजनासाधकत्वेन परधनवन्निष्फलमतीतिमनागतं वस्तु ऋजुसूत्रेण नेष्यते किन्तु साम्प्रतकालीनमेव लिङ्गवचनभिन्नमपि वस्तु स्वीक्रियते तत्रैकमपि त्रिलिङ्गं यथा तटस्तटी तटमित्यादि । तथैकमप्येकवचनबहुवचनवाच्यं यथा गुरुर्गुरवः, आपो जलं, दाराः कलत्रमित्यादि, एवमिन्द्रादेर्नामस्थापनाद्रव्यभावरूपचतुर्भेदमपीष्यते, सोऽयं नयो द्विभेदस्सूक्ष्मस्थूलभेदात् सूक्ष्मस्तु क्षणिकपर्यायं मनुते पर्यायाणां स्ववर्त्तमानतायां क्षणावस्थायित्वस्यैवोचितत्वात् परतोऽवस्थान्तरभेदादिति, स्थूलस्तु मनुष्यादिपर्यायं वर्त्तमानं मनुते, न त्वतीतानागतादिनारकादिपर्यायम् । व्यवहारेण तत्स्वीकारादेतदपेक्षया स्थूलत्वमिति । अथर्जुसूत्रस्य दृष्टान्तमाह यथेति, वाक्येन ह्यनेन क्षणास्थायिसुखाख्यं पर्यायमात्रं प्राधान्येन प्रदर्श्यते तदधिकरणभूतमात्मद्रव्यन्तु गौणतया नार्प्यत इत्याशयमाहात्र हीति आदिना दुःखादिपरिग्रहः ॥

ऋजुसूत्रनयना स्वरूपनुं वर्णन

ભાવાર્થ – "द्रव्यने गौण करी प्राधान्यरूपे वर्तमान क्षणवृत्ति पर्याय मात्रना प्रदर्शननो विशिष्ट अभिप्राय, ए 'ऋजुसूत्रनय' कहेवाय छे. जेम हमणां सुखपर्याय छे, दुःखपर्याय छे अथवा द्वेषपर्याय छे. इति. अभिप्रायो गौणपणे=खरेखर, अहीं विद्यमान पण आत्मद्रव्य प्रधानतया विवक्षित करातुं नथी, गौणपणे अनर्पित थाय छे, परंतु सुख आदि पर्यायो प्रधानथी प्रकाशित थाय छे."

---

१. घटं प्रति क्रिया कारणं नतु कृतघटं प्रति, येनान्योऽन्याश्रयः स्यात् तथा च कार्यतावच्छेदके कृतत्वं न प्रवेश्यते, तत्र कृतत्वस्य लाभश्च कारणसमाजाधीनः, यथा नीलघटत्वं न कपालादिकार्यतावच्छेदकं किन्तु नैल्यसामग्र्याः घटसामग्र्याश्च समाजात् नीलघटो भवति तथेति भावः ॥

विवेचन – ऋजु એટલે સરળ અને સૂત્ર એટલે કરે છે-જણાવે છે-સ્વીકારે છે. આ પ્રમાણે ઋજુસૂત્રની વ્યુત્પત્તિ છે. અતીત અને અનાગતપર્યાયનો વિનાશ અને અનુત્પત્તિથી, અભાવથી, તે અતીત-અનાગતપર્યાયના સ્વીકારમાં કુટિલતા છે, તેથી તે કુટિલતાના પરિહારથી પરોપકારપરાયણ વર્તમાનકાલીન પર્યાયનું પ્રરૂપણ જ અકુટિલ પ્રરૂપણ છે. આવો ઋજુસત્ર શબ્દનો ભાવ છે. એ જ વસ્તુને કહે છે કે-'द्रव्यं गौणीकृत्ये'ति । આ વિશેષણ નયપણાની રક્ષા માટે છે. આ ઋજુસૂત્રના મતમાં ભાવત્વ, વર્તમાનત્વ વ્યાપ્ય છે. તે આ પ્રમાણેઃ-અતીત વિનષ્ટ હોવાથી, અનાગત અલબ્ધ આત્મલાભવાળો હોવાથી, ખરવિષાણ આદિ અસત્થી વિશિષ્ટ નહિ હોવાથી, સકળ શક્તિથી વિકલરૂપ હોઈ, અર્થક્રિયા કરવામાં અસમર્થ હોઈ અતીત-અનાગતપર્યાય અવસ્તુ છે. વર્તમાન ક્ષણકાલીન પર્યાયનું સકળ અર્થક્રિયામાં ઉપયોગીપણું હોઈ તે વર્તમાન પર્યાય જ પારમાર્થિક (સત્) વસ્તુ છે. (ખરેખર, જેમ વ્યવહારનય વ્યવહારને અનુકૂળ નહિ હોવાથી સામાન્યને સહન કરતો નથી, તેમ ઋજુસૂત્રનય પણ અતીત અને અનાગતપર્યાયને પરકીય હોવાથી સહન કરતો નથી. તથાવિધ અર્થવાચક શબ્દને તથાવિધ અર્થવિષયક જ્ઞાનને સહન કરતો નથી. સ્વદેશ-કાળમાં જ સત્તાનો વિશ્રામ છે. તથાચ વર્તમાનકાલીન વસ્તુ અને તે વસ્તુનું આત્મીયરૂપ જે છે, તે બંને જ ઋજુસૂત્રનયને અભિમત છે.) તથાચ શબ્દ આદિથી અભિમત વિશેષના અપક્ષપાતી વર્તમાનત્વ માત્ર વ્યાપ્ત ભાવવિષયક અભિપ્રાય ઋજુસૂત્ર કહેવાય છે, એવો ભાવાર્થ છે. શબ્દ આદિ નયોમાં વ્યભિચાર અતિવ્યાપ્તિના વારણ માટે 'शब्द आदि अभिमत विशेषा पक्षपाति' આવું પદ છે. આ ઋજુસૂત્રનયમાં દ્રવ્યનું ગૌણપણું અને વર્તમાન પર્યાયનું પ્રધાનપણું છે. વર્તમાન પર્યાયમાં જ સંકેત, અર્થક્રિયા આદિનો સંભવ છે.

○ એક અવસ્થાવાળા દ્રવ્યમાં ભિન્ન અવસ્થાના સંબંધનો અભાવ છે, કેમ કે-ભિન્ન કાળવર્તી બે પર્યાયોના આધારભૂત પદાર્થનો અભાવ છે : કેમ કે-સિદ્ધ અવસ્થા અને સાધ્ય અવસ્થાનો એક આધારમાં વિરોધ છે. (અભાવ છે.) જેમ 'ઘાસને અગ્નિ બાળતો નથી'-ઘડો ભેદાતો નથી-'અસંયત સાધુ બનતો નથી'-'અસિદ્ધ ભવ્ય સિદ્ધ થતો નથી,' ઇત્યાદિમાં દહન આદિ ક્રિયાના કાળમાં જ દહન આદિનો સમાપ્તિકાળ છે. એથી તે વહ્નિઅવસ્થાથી વિલક્ષણ એવી પલાલ આદિ અવસ્થાવાળાની સાથે દહન આદિ ક્રિયાનો અન્વય (સંબંધ) યુક્ત નથી : કેમ કે-દહ્યમાન (બળતા) આદિમાં દગ્ધ(બળવા)પણા આદિનો અવ્યભિચાર છે. એથી જ આ નિષેધ આત્મક વ્યવહારો ઉપપત્તિવાળા થાય છે. વિધિરૂપ વ્યવહારો તો 'પલાલ વગરનો બળે છે'-ઘટથી જુદો ભેદાય છે'-'સંયત સાધુ બને છે'-'સિદ્ધ સિદ્ધ થાય છે,' એવા પ્રકારના વિધિરૂપ વ્યવહારો છે.

शंका – આ ઋજુસૂત્રનયમાં કરેલાને કરવાની અસમાપ્તિ નામક દોષ લાગશે જ ને ? કેમ કે-સિદ્ધમાં પણ સાધ્યમાનપણાના સ્વીકારમાં કરવાના વ્યાપારના વિરામનો અભાવ છે ને ?

समाधान – કાર્યનું ઉત્પાદન કરી ક્રિયાના વિરામથી તે કૃતકરણની સમાપ્તિ છે.

शंका – જેવા વ્યાપારથી વિશિષ્ટ દંડ આદિનું ઘટની ઉત્પત્તિથી અવ્યવહિત પૂર્વવૃત્તિત્વ છે, તેવા વ્યાપારથી વિશિષ્ટ તેનું ઉત્પત્તિ પછી પણ સત્ત્વ હોયે છતે તે ઘટની ઉત્પત્તિનો પ્રસંગ આવશે ને ?

समाधान – તે વખતે-ઘટોત્પત્તિના કાળમાં ઘટોત્પત્તિને અનુકૂળ સૂક્ષ્મ ક્રિયાના અભાવની કલ્પનાથી ઘટોત્પત્તિના પ્રસંગનું નિવારણ છે.

શંકા – ઘટની ઉત્પત્તિ પહેલાં તે સૂક્ષ્મ ક્રિયાનું સત્ત્વ હોયે છતે, તે વખતે પણ તે ઘટોત્પત્તિનો પ્રસંગ આવશે ને ? અને જો અસત્ત્વ હોય, તો કાર્યના અવ્યવહિત પૂર્વવૃત્તિત્વના અભાવથી કારણતાના અભાવનો પ્રસંગ આવશે ને ?

સમાધાન – કાર્યના વ્યાપ્યતાવચ્છેદક પરિણામવિશેષરૂપ કારણતામાં કાર્યસહવૃત્તિત્વનો નિયમ છે.

શંકા – જો કરાતો ઘટ કરાયેલો જ છે, તો ચક્રભ્રમણ આદિથી ઉપલક્ષિત દીર્ઘ ક્રિયાકાળમાં શાથી ઘડો દેખાતો નથી ?

સમાધાન – ઘટના અનુકૂળ વ્યાપારરૂપ ક્રિયામાં દીર્ઘકાળપણાનો અભાવ હોઈ ચરમ સમયમાં જ ઘટના અનુકૂળ વ્યાપારરૂપ ક્રિયાનો સ્વીકાર છે.

○ પરંતુ ઘટના વિષયવાળી ઉત્કૃષ્ટ અભિલાષાથી જ માટીના મર્દન આદિ રૂપ આંતરાલિક (વચ્ચે થનાર) કાર્યના કરણના સમયમાં 'હું ઘટને કરું છું' આવો વ્યવહાર છે.

○ કરેલાને જ કરવામાં ક્રિયાની નિષ્ફળતા પણ નથી, કેમ કે-ક્રિયાદ્વારા જ સમાપ્તિ પેદા કરીને કાર્યમાં કૃતત્વની ઉપપત્તિ છે.

શંકા – જો એમ છે, તો અન્યોઽન્યાશ્રયદોષ છે, કરેલાનું ક્રિયાજન્યપણું છે અને કૃત જ ક્રિયાને પેદા કરે છે પરંતુ અકૃત નહિ, કેમ કે-અસત્ છે ને ?

સમાધાન – ઘટત્વ આદિ દ્વારા જ ક્રિયામાં કાર્ય-કારણભાવ છે. (ઘટ પ્રત્યે ક્રિયા કારણ છે પરંતુ કૃતઘટ પ્રત્યે નહિ, કે જેથી અન્યોઽન્યાશ્રયદોષ થાય ! તથાચ કાર્યતાવચ્છેદકમાં કૃતત્વનો પ્રવેશ કરાતો નથી અને ત્યાં કૃતત્વનો લાભ-કારણ સમાજ(સમુદાય)ને આધીન છે. જેમ નીલ ઘટત્વ, કપાલ આદિ કાર્યતાવચ્છેદક નથી પરંતુ નીલતાની સામગ્રીના અને ઘટસામગ્રીના સમાજથી નીલ ઘડો થાય છે. તેમ અહીં પ્રકૃતમાં સમજવું.) અથદિવ તે ઘટમાં કૃતત્વની ઉપપત્તિ છે.

○ વળી જો કરાતામાં કૃતપણાનો અભાવ માનવામાં આવે અને ક્રિયાના સમયમાં કાર્યનો અભાવ માનવામાં આવે, તો તેનાથી પહેલાં અને પછીથી તે (કાર્ય) થઈ શકે નહિ, કેમ કે-કારણનો અભાવ છે.

શંકા – સામગ્રીમાં સ્વ(ક્રિયા)ના સમયમાં કાર્યવ્યાપ્યત્વનો અભાવ હોવા છતાં, અવ્યવહિત ઉત્તર સમયાવચ્છેદથી (અપેક્ષાથી) તે કાર્યવ્યાપ્યત્વના સ્વીકારથી દોષ નથી ને ?

સમાધાન – અવ્યવહિત ઉત્તરત્વના પ્રવેશમાં ગૌરવ હોવાથી, ઉત્તરત્વ માત્રના પ્રવેશમાં વ્યવહિત ઉત્તરકાલાવચ્છેદથી કાર્યોત્પત્તિનો પ્રસંગ આવવાથી સ્વ(ક્રિયા-કાર્ય)સમયના અવચ્છેદથી સામગ્રીમાં કાર્યવ્યાપ્યત્વ(વ્યાપ્તિ)નો સ્વીકાર ઉચિત છે. કારણાભાવમાં કાર્યાભાવનું વ્યાપ્યત્વ (વ્યાપ્તિ) હોવાથી કારણના ઉત્તરકાળમાં (માત્ર ઉત્તરકાળમાં) કાર્યનો અભાવ છે.

○ સંગ્રહનયને સંમત સામાન્ય, ઉપયોગ નહિ હોવાથી અને અનુભવ નહિ હોવાથી, જેમ વ્યવહારનય તે સામાન્યને માનતો નથી, તેમ સ્વપ્રયોજન(કાર્ય)નો અસાધક હોવાથી પારકા ધનની માફક નિષ્ફળ એવી ભૂતકાળની અને ભવિષ્યકાળની વસ્તુને ઋજુસૂત્રનય માનતો નથી, પરંતુ વર્તમાનકાળમાં વર્તી જ લિંગ-વચનના ભેદવાળી પણ વસ્તુ સ્વીકારે છે. ત્યાં એક પણ ત્રણ લિંગવાળી વસ્તુ, જેમ કે-'तटः, तटी, तटं'

લિંગનો ભેદ હોવા છતાં વસ્તુનો ભેદ નથી. ત્યાં એક વસ્તુ પણ એકવચન-બહુવચનથી વાચ્ય થાય છે. જેમ કે 'गुरुर्गुरुवः' અહીં વચનનો ભેદ હોવા છતાં ગુરુરૂપ વસ્તુમાં ભેદ નથી. 'आपो जलं'-'दाराः कलत्रं'-ઇત્યાદિમાં વચનભેદમાં પણ વસ્તુનો ભેદ નથી.

○ આ પ્રમાણે ઇન્દ્ર આદિમાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ ચાર નિક્ષેપાઓનો સ્વીકાર કરે છે.

○ તે આ નય, સૂક્ષ્મ અને સ્થૂલના ભેદથી બે પ્રકારવાળો છે. સૂક્ષ્મ તો ક્ષણિક પર્યાયને માને છે, કેમ કે-પર્યાયોની સ્વવર્તમાનતામાં ક્ષણપર્યન્ત અસ્થાયીપણું જ ઉચિત છે, ક્ષણ પછીથી બીજી અવસ્થાનો ભેદ છે. ઇતિ.

○ સ્થૂલ ઋજુસૂત્રનય તો વર્તમાન મનુષ્ય આદિ પર્યાયને માને છે, પરંતુ અતીત-અનાગત આદિ નારક આદિ પર્યાયને માનતો નથી. વ્યવહારે તેનો સ્વીકાર કરેલો હોવાથી એની અપેક્ષાએ સ્થૂલપણું સમજવું. હવે ઋજુસૂત્રના દૃષ્ટાન્તને કહે છે કે- 'यथेति ।' ખરેખર, આ વાક્યથી ક્ષણસ્થાયી સુખ નામક પર્યાય માત્ર પ્રધાનતાથી દેખાડાય છે. પર્યાય માત્રના પ્રદર્શનમાં તો ઋજુસૂત્રનયાભાસમાં પણ પર્યાય માત્રનું પ્રદર્શન છે, માટે 'પ્રધાનતાથી પર્યાય માત્ર' એમ કહેલ છે. પ્રધાનતાથી પર્યાય માત્રનું પ્રદર્શન ત્યારે જ થાય, કે જ્યારે તે પર્યાયના આધારભૂત આત્મદ્રવ્યનું ગૌણપણાએ અવગાહનરૂપ અનર્પિતત્વ હોય. માટે કહે છે કે-તે ક્ષણસ્થાયી સુખપર્યાયના આધારભૂત દ્રવ્ય તો ગૌણપણાએ અવગાહનરૂપ અનર્પિતત્વ વિશિષ્ટ છે. (પરિભાષા=પ્રધાનપણાએ અવગાહન-વિવક્ષા 'અર્પણા-અર્પિતત્વ' કહેવાય છે, ગૌણપણાએ અવગાહન-વિવક્ષા 'અનર્પણા-અનર્પિતત્વ' કહેવાય છે.) એવા આશયને કહે છે કે-'अत्र ही'ति । આદિ પદથી દુઃખ આદિનું ગ્રહણ છે.

अथ शब्दनयमुपदर्शयन्नाह —

कालकारकलिङ्गसंख्यापुरुषोपसर्गाणां भेदेन सन्तमप्यभेदमुपेक्ष्यार्थभेदस्य शब्दप्राधान्यात्प्रदर्शकाभिप्रायविशेषश्शब्दनयः ॥ ११ ॥

कालेति । कालादीनां भेदेन द्रव्यरूपतया विद्यमानमप्यभेदमुपेक्ष्य गौणीकृत्य शब्दभेदप्राधान्यप्रयुक्तार्थभेदप्रज्ञापकाभिप्रायविशेषश्शब्दनय इत्यर्थः । अयमत्र भावः, ऋजुसूत्रापेक्षयायं विशेषिततरः, अयं हि पृथुबुध्नोदराद्याकारविशिष्टं मृन्मयं जलाहरणादिक्रियासमर्थं प्रसिद्धं भावघटमेवेच्छति न शेषान्नामस्थापनद्रव्यरूपांस्त्रीन् घटान् नवा विभिन्नकालकारकादिविशिष्टशब्दवाच्यानामेकत्वम्, शब्दप्रधानो ह्येष नयः, चेष्टालक्षणश्च घटशब्दार्थः घटत इति घटो घटचेष्टायामिति धातुना व्युत्पन्नत्वात् । ततश्च य एव जलाहरणाक्रियार्थं प्रसिद्धो घटस्तमेव भावरूपं घटमिच्छत्यसौ तत्रैव शब्दार्थोपपत्तेः, न तु नामादिघटान् घटशब्दोऽभिधत्ते शब्दार्थानुपपत्तेः, तथा घटं घटेनेत्यादीनामपि भिन्नार्थत्वं द्वितीयाविशिष्टघटशब्दस्य तृतीयादिविशिष्टघटशब्दस्यान्यत्वात् तथा च नामस्थापनाद्रव्यरूपा घटा न भवन्ति, जलाहरणादितत्कार्या-

करणात् पटादिवत्, तथा प्रत्यक्षविरोधात् घटलिङ्गादर्शनाच्च, अघटरूपास्ते प्रत्यक्षेणैव दृश्यन्ते इति प्रत्यक्षविरोधः, जलाहरणादिकं घटलिङ्गञ्च तेषु न दृश्यत इत्यनुमानविरोधोऽपि, न च कथं ते नामादिघटव्यपदेशभाज इति वाच्यम्, अनिष्टत्वात् यथाहि ऋजुसूत्रस्यातीतानागताः कुम्भा नेष्टाः प्रयोजनाभावात्तथानामादयोऽपि तुल्यत्वादिति ॥

शब्दनयनुं उपदर्शन

ભાવાર્થ – "કાલ-કારક-લિંગ-સંખ્યા-પુરુષ-ઉપસર્ગોના ભેદથી વિદ્યમાન પણ અભેદની ઉપેક્ષા કરીને, શબ્દની પ્રધાનતાથી અર્થભેદનો પ્રદર્શક વિશિષ્ટ અભિપ્રાય, એ 'શબ્દનય' કહેવાય છે."

વિવેચન – કાલ આદિના ભેદથી દ્રવ્યરૂપપણાએ વિદ્યમાન પણ અભેદને ગૌણ કરીને શબ્દભેદની પ્રધાનતાજન્ય અર્થભેદનો પ્રજ્ઞાપક વિશિષ્ટ અભિપ્રાય, એ 'શબ્દનય' છે. આ અહીં ભાવ છે કે-ઋજુસૂત્રની અપેક્ષાએ આ શબ્દનય વિશેષિતતર છે. ખરેખર, આ પ્રસ્તુત નય પૃથુબુધ્નોદર આદિ આકારવિશિષ્ટ, જલ આહરણ આદિ ક્રિયામાં સમર્થ, મૃન્મય તરીકે પ્રસિદ્ધ ભાવઘટને જ માને છે; બાકીના નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ત્રણ ઘટોને માનતો નથી, અથવા વિભિન્ન કાલ-કારક આદિ વિશિષ્ટ શબ્દવાચ્ય ઘટોના એકત્વને માનતો નથી.

ખરેખર, આ શબ્દપ્રધાનતાવાળો નય છે : અને ઘટ શબ્દનો અર્થ ચેષ્ટારૂપ છે, કેમ કે–'घटत इति घटः'–'घटचेष्टायां ।' આ ધાતુથી ઘટ શબ્દ સિદ્ધ થયેલો છે. વળી તેથી જલ આહરણ આદિ ક્રિયા માટે પ્રસિદ્ધ ઘટ છે. તે ભાવરૂપ ઘટને આ નય માને છે, કેમ કે-ત્યાં જ શબ્દના અર્થની ઉપપત્તિ છે. પરંતુ નામાદિ ઘટોને ઘટ શબ્દ કહેતો નથી, કેમ કે-ત્યાં શબ્દના અર્થની અનુપપત્તિ છે. તેમ જ 'ઘટને ઘટવડે' ઇત્યાદિ ભિન્ન વિભક્તિ વિશિષ્ટ ઘટોનો અર્થભેદ છે કેમ કે દ્વિતીય વિભક્તિ વિશિષ્ટ શબ્દ, તૃતીયાદિ વિભક્તિ વિશિષ્ટ શબ્દથી અલગ છે. તથાચ નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ઘટો વાસ્તવિક ઘટો નથી, કેમ કે-જલ આહરણ આદિ રૂપ તે ઘટના કાર્યો કરતાં નથી. જેમ કે-પટ વગેરે. તેમ જ પ્રત્યક્ષ વિરોધ છે : અને ઘટના લિંગો(ચિહ્નો)નું અદર્શન છે. અઘટરૂપે તે નામાદિ ઘટો પ્રત્યક્ષથી દેખાય છે, માટે પ્રત્યક્ષનો વિરોધ છે. જલ આહરણ આદિ રૂપ ઘટનું લિંગ તે નામાદિ ઘટોમાં દેખાતું નથી, માટે અનુમાનનો વિરોધ (અભાવ) પણ છે. 'તે નામાદિ ઘટો નામાદિ ઘટના વ્યવહારવાળા કેવી રીતે થાય છે ?' આમ ન કહેવું, કેમ કે-અનિષ્ટ છે. જેમ ઋજુસૂત્રને 'અતીત-અનાગત ઘડાઓ' અનિષ્ટ છે, કેમ કે-પ્રયોજન નથી; તેમ નામાદિ ઘટો પણ આ શબ્દનયને અનિષ્ટ છે, કેમ કે-અનિષ્ટત્વથી સમાનતા છે; અથવા પ્રયોજનના અભાવના કારણે અનિષ્ટતાની સમાનતા છે.

अथ क्रमेण कालादीनां दृष्टान्तानुपदर्शयति –

यथा बभूव भवति भविष्यति सुमेरुरिति कालभेदेन सुमेरुभेदं, करोति कुम्भं क्रियते कुम्भ इत्यादौ कर्तृत्वकर्मत्वरूपकारकभेदात्कुम्भभेदं, पुष्यस्तारका इत्यादौ लिङ्गभेदेनार्थभेदं, आपोऽम्भ इत्यादौ संख्याभेदेन जलस्य भेदं, एहि मन्ये रथेन यास्यसि नहि यास्यसि यातस्ते पितेत्यादौ मध्यमोत्तमरूपपुरुषभेदेनार्थभेदं, सन्तिष्ठतेऽवतिष्ठत

इत्यादावुपसर्गभेदेन चार्थभेदं प्रतिपादयति शब्दनयः, कालादिप्राधान्यात्, अभेदं पुनर्न तिरस्करोति, अपि तु गौणीकरोति । पर्यायभेदे तु नार्थभेदमभ्युपैति नयोऽयम् ॥ १२ ॥

यथेति । सुमेरुभेदमिति, प्रतिपादयतीत्यग्रेतनेन सम्बद्ध्यते एवमग्रेऽपि । भूतभविष्यद्वर्त्तमानरूपकालत्रयभेदेन सुमेरोर्भेदं शब्दनयः प्रतिपद्यते, कालभेदादप्यर्थस्याभेदप्रतिज्ञाने रावणशंखचक्रवर्त्तिनोरप्यतीतानागतकालयोरेकत्वापत्तेरिति भावः । कारकभेदप्रयुक्तार्थभेदस्य दृष्टान्तमाह करोतीति, अत्र कारकयोः कर्तृकर्मणोभेदाद् घटस्य भेदः, जलाहरणाद्यर्थक्रियानिरूपितकर्तृत्वस्य कुम्भकारनिरूपितकर्मत्वस्य च भानात् । न च यः कर्त्ता स एव कर्मातिप्रसङ्गात् तस्मात्कर्तृकर्मस्वभावौ घटस्य भिन्नावभ्युपगमनीयाविति भावः । लिङ्गभेदप्रयुक्तार्थभेदमुदाहरति पुष्यस्तारका इति, पुंस्त्रीलिङ्गयोर्भेदेनार्थभेदः, अन्यलिङ्गवृत्तेश्शब्दस्यान्यलिङ्गभेदलक्षणेन वैधर्म्येणार्थभेदस्य कान्तः कान्तेत्यादिषु स्पष्टमनुभवादिति भावः । संख्याभेदप्रयुक्तार्थभेदं निदर्शयति आपोऽम्भ इति अत्र बहुत्वैकत्वसंख्ययोर्भेदेन जलस्य भेदं शब्दनयः प्रतिजानीतेऽन्यथा पटस्तन्तव इत्येत्राप्येकत्वप्रतीत्यापत्तेः संख्याभेदाविशेषात् । पुरुषभेदनिबन्धनार्थभेदनिदर्शनमादर्शयति एहि मन्य इति, अत्र युष्मदस्मदाख्ययोः पुरुषयोर्भेदादर्थस्य भेदं शब्दनयः स्वीकुरुते अन्यथाऽहं पचामि त्वं पचसीत्यादावपि पुरुषभेदेऽपि एकार्थत्वप्रसङ्गात् । उपसर्गभेदनिदानार्थभेददृष्टान्तमाविष्करोति सन्तिष्ठत इति, अत्राप्युपसर्गभेदादर्थभेदं मनुते शब्दनयो विहरत्याहरतीत्यादाविव । अन्यथा तिष्ठति प्रतिष्ठत इत्यादावपि स्थितिगतिक्रिययोरभेदप्रसङ्गः स्यादिति भावः । अयं तत्र तत्र तेषां प्राधान्यमेव कालादिकमाश्रित्य स्वीकरोति न तु द्रव्यरूपतयाऽनुगामिनमभेदं न्यक्कुरुते, अन्यथा दुर्नयत्वापत्तेरित्याह कालादिप्राधान्यादिति । लिङ्गादिभेदेनार्थभेदाभ्युपगमादेवर्जुसूत्रादस्य विशेषता ख्यापिता तथापि समभिरूढाद्विशेषं द्योतयितुमाह पर्यायभेदे त्विति, घटकुम्भादिपर्यायशब्दभेदे तु नार्थभेदोऽस्य सम्मतः[१], तमभिरूढस्य तु स इष्ट इत्यनयोर्वैलक्षण्यमिति भावः ॥

ક્રમથી કાળ આદિના દૃષ્ટાન્તોનું ઉપદર્શન

ભાવાર્થ – "જેમ સુમેરૂપર્વત હતો, છે અને હશે. આવી રીતે કાળના ભેદથી સુમેરૂના ભેદને શબ્દનય માને છે. કુંભ, જલ આહરણ આદિ ચેષ્ટાને કરે છે, કુંભારવડે કુંભ કરાય છે, ઇત્યાદિમાં કર્ત્તા-કર્મરૂપ

१. ~~रूढ्या~~ हि यावन्तश्शब्दाः कस्मिंश्चिदर्थे प्रवर्त्तन्ते तेषां सर्वेषामपि शब्दानामयं नय एकमर्थमभिप्रैति, यथा घटकुटकलशकुम्भादयः एभिर्हि एक एवार्थः प्रतीयते, यथा शब्दाव्यतिरेकोऽर्थस्य तथैव तस्यैकत्वं वा शब्दभेदेन नैकत्वं वा प्रतिपादनीयं, न च घटकुटकलशादयः पर्यायशब्दा विभिन्नार्थवाचितया कदाचन प्रतीयन्ते, तेभ्यस्सर्वदा एकाकारपरामर्शोत्पत्तेः, अस्खलद्वृत्तितया तथैव व्यवहारदर्शनात् । तस्मादेक एव पर्यायशब्दानामर्थ इति भावः ॥

કારકના ભેદથી કુંભના ભેદને આ નય માને છે. 'पुष्पः-तारकाः' ઇત્યાદિમાં લિંગના ભેદથી અર્થભેદને આ નય માને છે. 'आपः-अंभः' ઇત્યાદિમાં સંખ્યાના ભેદથી જળરૂપ અર્થના ભેદને આ નય માને છે. 'તું આવ'-'હું માનું છું'-'રથવડે તું જઈશ'-'તું જઈશ નહીં'-'તારો પિતા ગયેલો છે,' ઇત્યાદિમાં 'તું' મધ્યમ પુરુષ 'હું' ઉત્તમ પુરુષના ભેદથી અર્થના ભેદને આ નય માને છે. 'संतिष्ठते'-'अवतिष्ठते' ઇત્યાદિમાં 'સં'-'અવ' આદિ રૂપ ઉપસર્ગના ભેદથી અર્થભેદને શબ્દનય માને છે, કેમ કે- કાળ આદિની પ્રધાનતા છે. વળી અભેદનો આ તિરસ્કાર કરતો નથી પરંતુ ગૌણ કરીને સ્વીકાર કરે છે. પર્યાયવાચક શબ્દના ભેદમાં તો અર્થના ભેદને આ નય માનતો નથી."

વિવેચન – ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ રૂપ ત્રણ કાળના ભેદથી સુમેરૂના ભેદને શબ્દનય માને છે. જો કાળના ભેદથી પણ અર્થનો અભેદ માનવામાં આવે, તો 'રાવણ થયો'-'શંખ ચક્રવર્તી થશે.' એમાં પણ અતીત-અનાગતકાળની એકતાની આપત્તિ આવશે.

○ કારકભેદજન્ય અર્થભેદના દૃષ્ટાન્તને કહે છે કે- 'करोती'ति । અહીં કારકભૂત કર્તા અને કર્મના ભેદથી ઘટનો ભેદ છે, કેમ કે-જલ આહરણ આદિ અર્થક્રિયાનિરૂપિત કર્ત્તાપણાનું અને કુંભકારનિરૂપિત કર્મપણાનું ભાન છે. વળી જે કર્ત્તા છે; તે જ કર્મ છે એમ નથી. જો જે કર્ત્તા છે, તે જ કર્મ છે એમ માનવામાં આવે, તો અતિપ્રસંગનો દોષ આવે છે. માટે કર્તૃસ્વભાવ અને કર્મસ્વભાવ ઘટના ભિન્ન છે એમ માનવું જોઈએ એવો ભાવ છે.

○ લિંગભેદજન્ય અર્થભેદનું દૃષ્ટાન્ત આપે છે-'पुष्प-तारका ।' અહીં પુલિંગ અને સ્ત્રીલિંગના ભેદથી અર્થનો ભેદ છે, (तटः तटी-तटम् એમ પણ ઉદાહરણ છે.) કેમ કે-અન્ય લિંગમાં વર્તમાન શબ્દના અન્ય લિંગભેદરૂપ વૈધર્મ્યથી અર્થના ભેદનો 'कान्तः-कान्ता' ઇત્યાદિમાં સ્પષ્ટ અનુભવ છે.

○ સંખ્યાભેદજન્ય અર્થભેદનું નિદર્શન=आपः'-'अम्भः' ('दारा, कलत्रं' એવું પણ ઉદાહરણ છે.) અહીં બહુત્વવાચક બહુવચન, એકત્વવાચક એકવચનના અથવા બહુત્વ-એકત્વ સંખ્યાના ભેદથી જળના ભેદને શબ્દનય માને છે. જો એમ ન માનવામાં આવે, તો पटः तन्तवः એવી જગ્યામાં પણ એકત્વની પ્રતીતિની આપત્તિ આવે !

○ પુરુષભેદ જેમાં કારણ છે, એવા અર્થભેદનું નિદર્શન 'તું આવ'-'હું માનું છું.' અહીં 'युष्मद्' (તું આદિ વાચકશબ્દ), अस्मद् (હુંઆદિ વાચકશબ્દ), 'હું. પહેલો (ઉત્તમ પુરુષ), 'તું' બીજો (મધ્યમ પુરુષ), 'તે' ત્રીજો (અન્ય પુરુષ), નામવાળા પુરુષના ભેદથી અર્થના ભેદને શબ્દનય સ્વીકારે છે. (તું આવ, હું માનું છું, રથવડે તું જઈશ, તું નહિ જઈ શકીશ, તારો પિતા ગયેલો છે. અહીં પુરષના ભેદથી અંતર છે કે ભવિષ્યકાળમાં પ્રયાણ કરનાર એકમાં પણ અર્થના ભેદની પ્રતિપત્તિ છે. 'प्रहासेच मन्योपपदे मन्यतेरुत्तम एकवच्च' એ સૂત્રથી જો પ્રહાસમાં અને मन्य ઉપપદમાં હોય, તો 'मन्ये' એમ ઉત્તમ પુરુષ એકવચનમાં પ્રયુક્ત થાય છે. પુરુષવ્યવસ્થાસૂચક આ સૂત્ર છે. જો પુરુષના ભેદથી અર્થનો ભેદ ન માનવામાં આવે, તો 'હું પકાવું છું'-'તું પકાવે છે,' ઇત્યાદિમાં પણ એક અર્થપણાનો પ્રસંગ આવશે.

○ ઉપસર્ગભેદ જેમાં કારણ છે, એવા અર્થભેદનો આવિષ્કાર કરે છે. 'सन्तिष्ठते' इति । જેમ વિહરતિ (વિહાર કરે છે)-આહરતિ (આહાર કરે છે), તેમ અહીં संतिष्ठते (સારી રીતે સ્થિતિ કરે છે)-अवतिष्ठते

(અવસ્થામાં રહે છે) પણ શબ્દનય ઉપસર્ગના ભેદથી અર્થભેદને માને છે. જો એમ ન માનવામાં આવે, તો તિષ્ઠતિ (ઉભો રહે છે)-પ્રતિષ્ઠતે (પ્રસ્થાન કરે છે), ઇત્યાદિમાં પણ સ્થિતિ અને ગતિક્રિયાનો અભેદનો પ્રસંગ થઈ જાય ! આ નય, ત્યાં ત્યાં તેઓના પ્રાધાન્યને જ કાળ આદિની અપેક્ષા રાખીને સ્વીકારે છે, પરંતુ દ્રવ્યરૂપપણાએ અનુગામી અભેદનો તિરસ્કાર કરતો નથી. અન્યથા, દુર્નયતાની આપત્તિ આવે છે.

○ લિંગ આદિના ભેદથી અર્થના ભેદના સ્વીકારથી જ ઋજુસૂત્રનય કરતાં આ શબ્દનયની વિશેષતા જણાવેલી છે. તો પણ સમભિરૂઢનય કરતાં વિશેષના દ્યોતન માટે, ઘટ-કુંભ આદિ પર્યાયવાચક શબ્દના ભેદમાં તો અર્થનો ભેદ આ શબ્દનયને સંમત નથી. (ખરેખર, રૂઢિથી જેટલા શબ્દો કોઈ એક અર્થમાં પ્રવર્તે છે, તે તમામ શબ્દોના એક અર્થને આ શબ્દનય માને છે. જેમ ઘટ-કુટ-કલશ-કુંભ વગેરે. ખરેખર, આ પર્યાયશબ્દોથી એક જ અર્થપ્રતીતિનો વિષય થાય છે. જેમ શબ્દની સાથે અર્થનો અભેદ છે એમ પ્રતિપાદન કરાય છે, તેમ તે શબ્દનું એકત્વ છે. ઘટ-કુટ-કલશ વગેરે પર્યાયશબ્દો વિભિન્ન અર્થના વાચીપણાએ કદાચ પ્રતીત થતા નથી, કેમ કે-તે પર્યાયશબ્દોથી હંમેશાં એક આકારના પરામર્શની ઉત્પત્તિ છે : કેમ કે-અસ્ખલિત વૃત્તિપણાએ તે પ્રકારે જ વ્યવહારનું દર્શન છે. તેથી એક જ પર્યાયશબ્દનો અર્થ છે, એવો ભાવ છે.) સમભિરૂઢનયને તો પર્યાયવાચક શબ્દોના ભેદમાં અર્થનો ભેદ ઇષ્ટ છે. આ પ્રમાણે આ બંનેમાં વિલક્ષણતા છે.

अथ समभिरूढस्वभावभाविर्भावयति –

निर्वचनभेदेन पर्यायशब्दानां विभिन्नार्थताभ्युपगमाभिप्रायः समभिरूढः । यथेन्दनादिन्द्रः, शकनाच्छक्रः, पूर्दारणात्पुरन्दर इत्यादयः । अत्र हि परमैश्वर्यवत्त्वसमर्थत्वासुरपुरविभेदकत्वरूपप्रवृत्तिनिमित्तमाश्रित्यैषां शब्दानां विभिन्नार्थत्वाभ्युपगमोऽस्य नयस्य विषयः । अत्राप्यभेदस्य न निरासः ॥ १३ ॥

निर्वचनेति । वाचकं वाचकं प्रति वाच्यभेदं समभिरोहयत्याश्रयति यः स समभिरूढः । निरुक्तिभेदेन पर्यायशब्दानामिन्द्रशक्रपुरन्दरादिशब्दानामर्थगताभेदोपेक्षया भिन्नार्थाभ्युपगमाभिप्राय इत्यर्थः । तथा चैवंभूतभिन्नत्वे सति संज्ञाभेदनियतार्थभेदाभ्युपगन्तृत्वं समभिरूढस्य लक्षणम् । अत्र[१] व्याप्तेर्विवक्षणाद् घटपटसंज्ञाभेदेनार्थभेदाभ्युपगन्तरि नैगमादौ नातिव्याप्तिः । कालादिभिर्भिन्नानामर्थानां भवति भविष्यतीत्यादिध्वनिभेदाच्छब्दनयस्य भेदोऽभिमतस्तर्हि घटकुम्भादिशब्दवाच्यानामपि कथं भेदो नेष्टो ध्वनिभेदस्यात्रापि तुल्यत्वात्, विभिन्नलिङ्गवचनादिशब्दवाच्यत्वस्यार्थभेदप्रयोजकत्वापेक्षया तत्र विभिन्नशब्दवाच्यत्वस्य प्रयोजकत्वे

१. यत्र यत्र संज्ञाभेदस्य तत्र तत्रार्थभेद इति नियमः, अयञ्च नियम एवम्भूतेऽप्यस्तीति तद्भिन्नत्वे सतीत्युक्तं, तथा च यथा घटः घटान्यपटशब्दावाच्यः तथैव घटान्यकुटादिशब्दावाच्योऽपि, एवं कुटः कुटान्यघटशब्दावाच्य इत्येवं शब्दभेदार्थभेद इति भावः ॥

लाघवाच्च, नहि शब्दान्तरवाच्यं वस्तु शब्दान्तरवाच्यार्थरूपतामेति, अन्यथा घटादौ पटाद्यर्थसंक्रमे किमयं घटः पटादिर्वा इति संशयो विपर्ययो वा भवेत् घटादावपि पटादिनिश्चयात् पटादौ वा घटाध्यवसायादेकत्वं घटपटाद्यर्थानां प्राप्नुयात् मेचकमणिवत्सङ्कीर्णरूपता वा घटपटाद्यर्थानां भवेत्, तथा च घटकुम्भकलशादिशब्दवाच्यानामर्थानां परस्परं भेद उचितः, वाचकध्वनिभेदात्, घटपटस्तम्भादिशब्दवाच्यार्थवदिति प्रयोगः । न च नानार्थैकशब्दवाच्यानामर्थानां भेद इव भिन्नशब्दवाच्यानामपि भेदो न भवेदिति वाच्यम्, भिन्नशब्दवाच्यत्वस्यार्थभेदव्याप्यत्वात्, नहि व्याप्यस्याभावात्क्वचिदपि व्यापकस्याभाव इष्टः, तस्मान्नानार्थस्थले शब्दभेदादर्थभेदाभावेऽपि लक्षणस्वरूपादिभेदाद्भेदो भविष्यति, न ह्यर्थभेदे प्रतिनियतमेकमेव[1] प्रयोजकं, भिन्नशब्दवाच्यतया तु भिन्नकालवृत्तितयेवार्थभेदो ध्रुव एव । यदि भिन्नशब्दवाच्यत्वमर्थभेदव्यापकं भवेत्तदा व्यापकाभावाद्व्याप्याभावो भवदुक्तस्सङ्गच्छेत तदेव नेष्टमिति। न चास्य मते शब्दभेदादेव यद्यर्थभेदस्तदा व्युत्पत्तिनिमित्तमेव प्रवृत्तिनिमित्तमित्यायातं तथा च डित्थडवित्थादिपारिभाषिकसंज्ञा न भवेयुः, तेषामिच्छामात्रनिमित्तत्वेन यथास्थितव्युत्पत्तिनिमित्ताभावादिति वाच्यम्, इष्टापत्तेः, शब्दार्थस्य स्वाभाविकधर्मनिबन्धनत्वात् तत्रेच्छाया अनिबन्धनत्वात् तस्मादिच्छाविशिष्टशक्त्यभावात्तेषामबोधकत्वमेवेति, एवं घटादेः कुम्भकलशादिकमेतन्मते पर्यायवचनं नास्त्येव, एकस्मिन्नर्थेऽनेकशब्दप्रवृत्त्यनभ्युपगमादिति । अथ समभिरूढनयं दृष्टान्तयति यथेति, तथा च परमैश्वर्यशालित्वमिन्द्रशब्दस्य, सामर्थ्यं शक्रशब्दस्य, असुरपुरविभेदनं पुरन्दरशब्दस्य प्रवृत्तौ निमित्तं स्फुटमिति निरुक्तिभेदतः पर्यायवाचिशब्दानां भिन्नार्थत्वम्, प्रयोगश्च पर्यायशब्दा विभिन्नार्थाः प्रविभक्तव्युत्पत्तिनिमित्तकत्वात्, इह ये ये प्रविभक्तव्युत्पत्तिनिमित्तकाः नैतेऽभिन्नार्था यथा इन्द्रघटपुरुषादिशब्दाः विभिन्नव्युत्पत्तिनिमित्तकाश्च पर्यायशब्दा अपि, अतो भिन्नार्था इति । यत् पुनरविचारितप्रतीतिबलादेकार्थाभिधायकत्वं तत्त्वतिप्रसङ्गेन न युक्तम्, युक्तिरिक्तप्रतीतिशरणीकरणे हि मन्दप्रकाशे दवीयसि देशे सन्निविष्टविभिन्नशरीराणामपि निम्बकदम्बाश्वत्थकपित्थादीनामेकतर्वाकारतया प्रतीयमानानामेकत्वाभ्युपगमप्रसङ्गः स्यादिति पर्यायशब्दानां भिन्नार्थत्वमेवेत्याशयेनाहात्र हीति। तेभ्यः सर्वदैवेकाकारपरामर्शोत्पत्त्याऽस्खलद्वृत्तितया तथैव व्यवहाराच्च पर्यायशब्दार्थानामभेदं गौणीकरोति नयोऽयमित्याशयेनाहात्रापीति ॥

१. न ह्यर्थभेदे शब्दभेद एक एव प्रयोजको येन नानार्थस्थले शब्दभेदाभावादर्थाभेद आपद्येतेति भावः ॥

સમભિરૂઢનયના સ્વભાવનો આવિર્ભાવ

ભાવાર્થ – "વ્યુત્પત્તિના ભેદથી પર્યાયવાચક શબ્દોના અર્થના ભેદના સ્વીકારનો અભિપ્રાય, એ 'સમભિરૂઢ' કહેવાય છે. જેમ 'ઇન્દનથી ઇન્દ્ર, શકનથી શક્ર, પૂર્દારણથી પુરંદર' ઇત્યાદિ. ખરેખર, અહીં પરમ ઐશ્વર્યવત્વ, સમર્થત્વ, અસુરપુર વિભેદકત્વરૂપ પ્રવૃત્તિનિમિત્તિનો આશ્રય કરી આ શબ્દોના અર્થના ભેદનો સ્વીકાર, આ નયનો વિષય છે. અહીં પણ અભેદનું ખંડન નથી."

વિવેચન – પ્રત્યેક શબ્દ પ્રત્યે અર્થભેદને જે ગ્રહણ કરે છે, તે 'સમભિરૂઢ' કહેવાય છે. વ્યુત્પત્તિના ભેદથી પર્યાયવાચક શબ્દરૂપ ઇન્દ્ર-શક્ર-પુરંદર આદિ શબ્દોના અર્થગત અભેદની ઉપેક્ષાપૂર્વક અર્થભેદના સ્વીકારનો અભિપ્રાય, એ 'સમભિરૂઢનય કહેવાય છે. તથાચ એવંભૂતનયથી ભિન્ન હોયે છતે સંજ્ઞા(શબ્દ)ભેદની સાથે વ્યાપક અર્થભેદનો અભ્યુપગમ, એ સમભિરૂઢનયનું લક્ષણ છે. અહીં વ્યાપ્તિની વિવક્ષાથી ('જ્યાં જ્યાં સંજ્ઞાભેદ છે, ત્યાં ત્યાં અર્થભેદ છે' એવો નિયમ છે. વળી આ નિયમ એવંભૂતમાં પણ છે, માટે 'એવંભૂતથી ભિન્ન હોયે છતે' એમ કહેલું છે. તથાચ જેમ ઘટ, ઘટથી ભિન્ન પટશબ્દથી આ વાચ્ય છે, તેમ ઘટથી ભિન્ન કુટ આદિ શબ્દથી અવાચ્ય પણ છે. એ પ્રમાણે કુટ, કુટથી ભિન્ન ઘટશબ્દથી અવાચ્ય છે. આ પ્રમાણે શબ્દભેદથી જન્ય અર્થભેદ છે એવો ભાવ છે.) ઘટ-પટરૂપ સંજ્ઞાભેદથી અર્થભેદને સ્વીકારનાર નૈગમ આદિમાં અતિવ્યાપ્તિ નથી.

○ કાળ આદિથી ભિન્ન અર્થોનો 'भवति'-'भविष्यति' ઇત્યાદિ શબ્દોના ભેદથી શબ્દનયને ભેદ ઇષ્ટ છે, તો ઘટ-કુંભ આદિ શબ્દવાચ્યોનો પણ કેમ ભેદ ઇષ્ટ નથી ? કેમ કે-શબ્દભેદની અહીં પણ તુલ્યતા છે : અને વિભિન્ન લિંગ-વચન આદિથી શબ્દવાચ્યત્વના અર્થભેદ પ્રયોજકત્વની અપેક્ષાએ ત્યાં વિભિન્ન શબ્દવાચ્યત્વના પ્રયોજકપણાં લાઘવ છે. શબ્દાન્તરથી વાચ્ય વસ્તુ શબ્દાન્તરવાચ્ય અર્થરૂપતાને પામતી નથી. (ઘટશબ્દથી વાચ્ય વસ્તુ પટરૂપ શબ્દાન્તરવાચ્ય અર્થરૂપતાને ભજતી નથી.) અન્યથા, જો એમ ન માનો, તો ઘટ આદિમાં પટ આદિ અર્થના સંક્રમણમાં 'શું આ ઘટ છે કે પટ વગેરે છે ?' આવો સંશય કે ઘટને પટ માનવારૂપ વિપર્યય થઈ જાય ! ઘટ આદિમાં પટ આદિના નિશ્ચયથી અથવા પટ આદિમાં ઘટના નિશ્ચયથી ઘટ-પટ આદિ પદાર્થોની એકતા(અભેદ) પ્રાપ્ત થઈ જાય ! અથવા મેચક(વર્ણાન્તરથી મિશ્રિત)મણિની માફક સંકીર્ણરૂપતા ઘટ-પટ આદિ પદાર્થોની થઈ જાય !

○ તથાચ ઘટ-કુંભ-કલશ આદિ શબ્દવાચ્યભૂત અર્થોનો પરસ્પર ભેદ છે, કેમ કે-વાચકશબ્દનો ભેદ છે. જેમ કે-ઘટ-પટ-સ્તંભ આદિ શબ્દવાચ્ય અર્થ. આવો અનુમાન-પ્રયોગ સમજવો. ('घटे-चेष्टते इति घटः ।' જે જલઆહરણ આદિ ક્રિયા કરે છે, તે 'ઘટ.' 'कुटतिकौटिल्यं अनुभवति इति कुटः ।' જે કુટિલતાનો અનુભવ કરે છે, તે 'કુટ.' 'कुः-पृथिवी, तां भासयतीति कुम्भः ।' જે પૃથ્વીને ભાસિત કરે છે, તે 'કુંભ.' 'कंजलं लसति यत्र स कलसः ।' જેમાં પાણી શોભે છે, તે 'કલસ.' આવી વ્યુત્પત્તિના ભેદથી અર્થભેદ શબ્દમાં છે.)

શંકા – અનેક અર્થવાચક એક શબ્દથી વાચ્યભૂત અર્થોના ભેદની માફક શબ્દભેદ નથી પરંતુ અર્થભેદ છે. તો પછી શબ્દોના ભેદથી અર્થોનો ભેદ તો નહિ જ થાય ને ? કેમ કે-અર્થભેદ પ્રયોજક શબ્દભેદ નથી.

સમાધાન – ભિન્ન શબ્દોનું વાચ્યત્વ અર્થભેદની સાથે વ્યાપ્ય છે. (જ્યાં જ્યાં ભિન્ન શબ્દ છે, ત્યાં ત્યાં અર્થભેદ છે; જ્યાં જ્યાં અર્થભેદ છે, ત્યાં ત્યાં ભિન્ન શબ્દ છે એમ નહિ સમજવું.)

○ વ્યાપ્યના અભાવથી (એક શબ્દથી) ક્વચિત્ પણ વ્યાપકનો અભાવ (એક અર્થ) ઇષ્ટ નથી. તેથી અનેક અર્થવાળા શબ્દના સ્થળમાં અનેક અર્થ છે અને એક શબ્દ છે. શબ્દભેદથી અર્થભેદના અભાવમાં પણ લક્ષણસ્વરૂપ આદિના ભેદથી ભેદ થશે.

○ અર્થના ભેદમાં પ્રતિનિયત એક જ (શબ્દભેદ) પ્રયોજક નથી. (ખરેખર, અર્થના ભેદમાં શબ્દભેદ એક પ્રયોજક નથી, કે જેથી નાનાર્થ સ્થળમાં શબ્દભેદના અભાવથી અર્થના અભેદની આપત્તિ આવે.) ભિન્ન શબ્દવાચ્યપણાએ તો ભિન્ન કાળવૃત્તિપણાની માફક અર્થભેદ ધ્રુવ છે.

○ જો ભિન્ન શબ્દવાચ્યત્વ અર્થભેદવ્યાપક હોય, તો વ્યાપકના અભાવથી વ્યાપ્યનો અભાવ આપ લોકોએ કહેલ સંગત થાય ! તે જ ઇષ્ટ નથી.

શંકા – જો આ નયના મતમાં શબ્દના ભેદથી જ અર્થભેદ છે, તો વ્યુત્પત્તિનું નિમિત્ત જ પ્રવૃત્તિનું નિમિત્ત છે, એમ આવેલું જાણવું. તથાચ 'डित्थडवित्थ' આદિ પારિભાષિક સંજ્ઞાઓ નહિ થશે ! કેમ કે-તે પારિભાષિક શબ્દોમાં ઇચ્છાનું જ માત્ર નિમિત્ત હોઈ યથાસ્થિત વ્યુત્પત્તિ નિમિત્તનો અભાવ છે ને ?

સમાધાન – ઇષ્ટ આપત્તિ છે, કેમ કે-શબ્દનો અર્થ સ્વાભાવિક ધર્મરૂપ કારણજન્ય છે. ત્યાં ઇચ્છારૂપ કારણ જન્યપણું નથી. તેથી ઇચ્છાવિશિષ્ટ શક્તિના અભાવથી તે 'डित्थ' આદિ પારિભાષિક શબ્દો અબોધક જ છે. (સંજ્ઞા બે પ્રકારની છે. ૧-પારિભાષિકી અને ૨-નૈમિત્તિકી છે. ત્યાં પારિભાષિકી અર્થતત્ત્વને કહેતી નથી, કેમ કે-યદૃચ્છા માત્રથી પ્રવૃત્ત છે. નૈમિત્તિકી સંજ્ઞા સઘળી સંજ્ઞાયુક્ત છે. આ પ્રમાણે સર્વ ક્રિયાનિમિત્તજન્ય શબ્દો ધાતુથી જન્ય હોવાથી નિમિત્તભેદથી અર્થભેદ જોયેલો છે.)

○ આ પ્રમાણે ઘટ આદિના કુંભ-કલસ વગેરે આ મતમાં પર્યાયવાચક નથી જ, કેમ કે-એક અર્થમાં અનેક શબ્દોની પ્રવૃત્તિનો અસ્વીકાર છે. ઈતિ. સમભિરૂઢનું દૃષ્ટાન્ત આપે છે કે-તથાચ ઇન્દ્ર શબ્દનું પરમ ઐશ્વર્ય શાલિત્વ, શક્રશબ્દનું સામર્થ્ય અને પુરંદરશબ્દનું અસુરપુરનું ભેદન પ્રવૃત્તિનું નિમિત્ત સ્પષ્ટ છે. એમ વ્યુત્પત્તિના ભેદથી પર્યાયવાચક શબ્દોનો અર્થભેદ છે. અનુમાનનો પ્રયોગ=પર્યાયશબ્દો ભિન્ન અર્થવાળા છે, કેમ કે-ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિના નિમિત્તવાળાઓ છે. અહીં જે જે ભિન્ન વ્યુત્પત્તિનિમિત્તવાળાઓ છે, તે તે અભિન્ન (એક) અર્થવાળા નથી. જેમ કે-ઇન્દ્ર-ઘટ-પુરુષ આદિ શબ્દો અને ભિન્ન ભિન્ન વ્યુત્પત્તિ નિમિત્તવાળા પર્યાયશબ્દો પણ ભિન્ન વ્યુત્પત્તિ હોવાના કારણે ભિન્ન અર્થવાળાઓ છે.

○ વળી જે અવિચારિત પ્રતીતિના બળથી એક અર્થવાચકપણું છે, તે તો અતિપ્રસંગ થવાથી યુક્ત નથી; કેમ કે-ખરેખર, યુક્તિશૂન્ય પ્રતીતિના શરણકરણમાં મંદ પ્રકાશવાળા અતિ દૂર દેશમાં સંનિવિષ્ટ-વિભિન્ન શરીરવાળાઓના પણ, એક વૃક્ષના આકારપણાએ પ્રતીયમાન લીંબડો-કદમ્બ-પીપળો-કોંઠી વગેરેના એકત્વના સ્વીકારનો પ્રસંગ થાય ! માટે પર્યાયશબ્દોનું ભિન્નાર્થપણું જ છે. તે ઘટ-કુટ-કલસ આદિ પર્યાયશબ્દોથી સર્વદા એક આકારના પરામર્શની ઉત્પત્તિ હોઈ અને અસ્ખલિત વૃત્તિપણાએ તે પ્રકારે જ વ્યવહારથી પર્યાયશબ્દાર્થોના અભેદને આ નય ગૌણ કરે છે.

अथैवम्भूतनयमुपपादयितुमाह –

तत्तत्क्रियाविधुरस्यार्थस्य तत्तच्छब्दवाच्यत्वमप्रतिक्षिपन् स्वस्वप्रवृत्तिनिमित्तक्रिया-

विशिष्टार्थाभिधायित्वाभ्युपगमः एवम्भूतनयः । यथा परमैश्वर्यप्रवृत्तिविशिष्ट इन्द्रशब्दवाच्यः, सामर्थ्यक्रियाविशिष्टश्शक्रपदबोध्यः, असुरपुरभेदनक्रियाविशिष्टः पुरन्दरशब्दवाच्य इत्येवंरूपाभिप्रायाः ॥ १४ ॥

तत्तत्क्रियेति । जलाहरणादिक्रियाविधुरस्यार्थस्य घटादेस्तत्तच्छब्दवाच्यत्वं घटादिशब्दवाच्यत्वमप्रतिक्षिपन् द्वेषबुद्ध्याऽनिराकुर्वन् जलाहरणादिक्रियाविशिष्टमेव घटादिकं घटादिशब्दो वक्तीत्येवंरूपोऽभिप्राय एवम्भूतनय इति भावः । तथा च पदानां व्युत्पत्त्यर्थान्वयनियतार्थबोधकत्वाभ्युपगन्तृत्वमिति निष्कर्षः[1] । नियमश्च देशतः कालतश्चातो न समभिरूढादावतिव्याप्तिः । या क्रिया विशिष्टशब्देनोच्यते तामेव क्रियां कुर्वद्वस्तु एवंभूतशब्देनोच्यते तत्प्रतिपादको नयोऽप्युपचारादेवम्भूतः, अयं व्यञ्जनार्थोभयं स्थापयति, शब्दं अर्थेनार्थञ्च शब्देनेति, यथा घटचेष्टायां घटते योषिन्मस्तकाद्यारूढश्चेष्टत इति घट इत्यत्र तदैवासौ घटो यदा तादृशचेष्टावान् नान्यदा, घटशब्दोऽपि तादृशचेष्टाकारिण एव वाचको नान्यदेत्येवं चेष्टावस्थातोऽन्यत्र घटस्य घटत्वं घटशब्देन निवर्त्यते घटशब्दस्यापि तदवस्थातोऽन्यत्र घटेन स्ववाचकत्वं निवर्त्यते, तथा च प्रयोगो यथाऽभिधायकशब्दस्तथैवाभिधेयं प्रतिपत्तव्यं, तथाभूतार्थस्यैव प्रत्ययसम्भूतेः प्रदीपवत्कुम्भवद्वा, प्रदीपशब्देन हि प्रकाशवानेवार्थोऽभिधीयते, अन्यथा संशयादयः प्रसज्येरन् तथाहि यदि दीपनक्रियाविकलोऽपि दीपस्तर्हि दीपशब्दे समुच्चरिते किमनेन प्रदीपेन प्रकाशवानर्थोऽभिहितः किंवाऽप्रकाशकोऽप्यन्धोपलादिरिति संशयः, अन्धोपलादिरेवानेनाभिहितो न दीप इति विपर्ययः, तथा दीप इत्युक्तेऽन्धोपलादौ चोक्ते दीपे प्रत्ययात्पदार्थानामेकत्वं साङ्कर्यं वा स्यात्तस्माच्छब्दवशादेवाभिधेयमभिधेयवशाच्च शब्द इति । एवञ्च संज्ञाभेदाद्वस्तुभेदवत् क्रियाभेदादपि, सा च क्रिया तद्भेत्री यदेव तामाविशति तदैतन्निमित्तं तत्तद्व्यपदेशमासादयति नान्यदाऽतिप्रसङ्गात् । यदा घटते तदैवासौ घटो न पुनर्घटितवान् घटिष्यते वा घट इति व्यपदेष्टुं युक्तः, सर्ववस्तूनां घटतापत्तिप्रसङ्गात् किञ्च चेष्टासमये एव वस्तु चक्षुरादिव्यापारसमुद्भूतशब्दानुविद्धप्रत्ययमास्कन्दति, चेष्टावन्तः पदार्था इति, यथावस्थितार्थप्रतिभास एव च वस्तूनां व्यवस्थापको नान्यथाभूतोऽन्यथा चेष्टावत्तया

१. योऽर्थो यद्देशे यत्काले व्युत्पत्त्यर्थेन सम्बद्धः सोऽर्थस्तत्र तदानीं तच्छब्दबोध्यः, तथा चायं नयो यस्मिन्नर्थे शब्दो व्युत्पाद्यते स व्युत्पत्तिनिमित्तभूतोऽर्थो यदैव वर्तते तदैव तं शब्दं प्रवर्त्तमानमभिप्रैति, नातीतां भाविनीं वा चेष्टामधिकृत्य सामान्येनैवोच्यते शब्दः, तयोर्विनष्टानुत्पन्नत्वेन कूर्मरोमकल्पत्वात् यद्यतीतभाविचेष्टापेक्षयां घटादिशब्दोऽचेष्टावत्यपि प्रयुज्येत तर्हि कपालमृत्पिण्डादावपि प्रयुज्यतां विशेषाभावात्तस्माद्यत्र क्षणे व्युत्पत्तिनिमित्तमविकलमस्ति तदैव सोऽर्थस्तच्छब्देन वाच्य इति निर्गलितार्थः ॥

शब्दानुविद्धाध्यक्षप्रत्यये प्रतिभासस्याभ्युपगमे तत्प्रत्ययस्य निर्विषयतया भ्रान्तस्यापि वस्तुव्यवस्थापकत्वे सर्वः प्रत्ययः सर्वस्यार्थस्य व्यवस्थापकः स्यादित्यतिप्रसङ्गः, तत्र घटनसमयात्प्राक् पश्चाद्वा घटस्तद्व्यपदेशमासादयतीत्येवम्भूतनयमतम् । नन्वेतन्मते व्युत्पत्तिनिमित्तस्यैव प्रवृत्तिनिमित्तत्वेन केनचिद्रूपेणास्यानतिप्रसक्तत्वं वाच्यम्, इतरथा गच्छतीति गौरिति व्युत्पत्त्या गच्छन्नश्वादिरपि गौः स्यात्, मैवम् प्रसिद्धार्थपुरस्कारेण प्रवृत्तस्यैवंभूतनयस्य स्वार्थातिप्रसङ्गो न दूषणं किन्तु तन्निवारकनयान्तरोपायकत्वेन भूषणमेव, एतदुपजीवी व्यवहारस्तु यथावृत्ति, एतेन राजन्शब्दस्य छत्रचामरादिशोभाविरहकाले राजपदव्युत्पत्तिनिमित्ताभावेऽपि इतरातिशयपुण्यादिप्रयुक्तराजनस्यानतिप्रसक्तस्य सत्त्वेन राजा वाच्य एवेति व्युदस्तम् । एवम्भूतनयस्योदाहरणमाह यथेति, समभिरूढो हि सत्यामसत्याञ्चेन्दनक्रियायां वासवादेरर्थस्येन्द्रादिव्यपदेशमभिग्रैति क्रियोपलक्षितसामान्यस्यैव प्रवृत्तिनिमित्तत्वात्, पशुविशेषस्य गमनक्रियायां सत्यामसत्याञ्च गोव्यपदेशवत् तथारूढेस्सद्भावात् । एवम्भूतः पुनरिन्दनादिक्रियापरिगतमर्थं तत्तत्क्रियाकाले इन्द्रादिव्यपदेशभाजमभिमन्यते, नहि कश्चिदक्रियशब्दोऽस्यास्ति, गौरश्व इत्यादिजातिशब्दाभिमतानामपि क्रियाशब्दत्वात् गच्छतीति गौराशुगामित्वादश्व इति, शुक्लो नील इत्यादिगुणशब्दाभिमता अपि क्रियाशब्दा एव, शुचीभवनाच्छुक्लो नीलनान्नील इति, देवदत्तो यज्ञदत्त इत्यादियादृच्छिकशब्दाभिमता अपि क्रियाशब्दा एव देव एनं देयाद्यज्ञ एनं देयादिति । संयोगिद्रव्यवाचकशब्दास्समवायिद्रव्यवाचकशब्दा अपि क्रियाशब्दा एव दण्डोऽस्यास्तीति दण्डी विषाणमस्यास्तीति विषाणीत्यादिक्रियाप्रधानत्वादिति । एवमेतन्मते सत्त्वादियोगात्सदादिसंज्ञ्यपि तत्तत्पर्यायभाक्त्वेनात्मादिसंज्ञाधार्यपि सिद्धो न जीवः, जीवप्राणधारण इति धात्वर्थानन्वयात् । एतेन सिद्धो निश्चयतो जीव इति मतमपास्तम्, शुद्धनिश्चयो ह्येवम्भूतनय एव, तन्मतेन तु सिद्धोऽजीव इत्येव प्रसिद्धिः, औदयिकं भावं व्युत्पत्तिनिमित्तमेव[१] प्रवृत्तिनिमित्ततया गृह्णता संसारिण एव जीवशब्दव्यपदेश्यत्वप्रतिपादनात् सिद्धस्य पुद्गलादिद्रव्यस्य वाऽजीवपदार्थत्वस्येष्यमाणत्वादिति ॥

---

१. औदयिकक्षायिकक्षायोपशमिकौपशमिकपारिणामिकलक्षणैः पञ्चभिर्भावैः पञ्चस्वपि गतिषु जीव इष्टः, व्युत्पत्तिनिमित्तजीवनलक्षणौदयिकभावोपलक्षितात्मत्वरूपपारिणामिकभावविशिष्टस्य जीवस्य भावपञ्चकात्मनो जीवपदार्थत्वात् प्रसिद्धनैगम ईदृशपारिणामिकभावमेव जीवपदप्रवृत्तिनिमित्तमभ्युपगच्छति, एवम्भूतस्तु व्युत्पत्तिनिमित्तमेव प्रवृत्तिनिमित्तं गृह्णाति इति भावः ॥

એવંભૂતનયનું ઉપપાદન

ભાવાર્થ – "તે તે ક્રિયાથી રહિત અર્થનું તે તે શબ્દથી વાચ્યપણાના તિરસ્કારને નહિ કરનારો, પોતપોતાની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત ક્રિયાવિશિષ્ટ અર્થના અભિધાયિત્વ(કથન)નો સ્વીકાર, એ 'એવંભૂતનય' કહેવાય છે. જેમ પરમ ઐશ્વર્યપ્રવૃત્તિવિશિષ્ટ ઇન્દ્ર શબ્દથી વાચ્ય છે, સામર્થ્યક્રિયાવિશિષ્ટ શક્રપદવાચ્ય છે અને અસુરપુરભેદનક્રિયાવિશિષ્ટ પુરંદરશબ્દવાચ્ય છે. એવા રૂપવાળા અભિપ્રાયો."

વિવેચન – જલ આહરણ આદિ ક્રિયાથી રહિત, ઘટ આદિ પદાર્થનું તે તે શબ્દથી વાચ્યત્વ એટલે ઘટ આદિ શબ્દથી વાચ્યત્વનો દ્વેષબુદ્ધિપૂર્વક તિરસ્કાર નહિ કરનારો, જલ આહરણ આદિ ક્રિયાવિશિષ્ટ જ ઘટ આદિને ઘટ આદિ શબ્દ કહે છે. આવા પ્રકારના રૂપવાળા અભિપ્રાય 'એવંભૂતનય' કહેવાય છે. તથાચ પદોની વ્યુત્પત્તિના અર્થના અન્વયની સાથે નિયત અર્થના બોધકપણાનો સ્વીકાર 'એવંભૂતનય' છે, આવો નિષ્કર્ષ છે. (જે અર્થ જે દેશમાં, જે કાળમાં વ્યુત્પત્તિના અર્થની સાથે સંબંધવાળો છે, તે અર્થ ત્યાં, તે વખતે તે શબ્દથી વાચ્ય છે. તથાચ આ નય જે અર્થમાં શબ્દવ્યુત્પત્તિનો વિષય થાય છે, તે વ્યુત્પત્તિના નિમિત્તભૂત અર્થ જ્યારે વર્તે છે, ત્યારે જ પ્રવર્ત્તમાન તે શબ્દને માને છે. અતીત કે ભાવિની ચેષ્ટાનો અધિકાર કરીને સામાન્યથી જ શબ્દ કહેવાતો નથી, કેમ કે-તે અતીત વિનષ્ટ હોવાથી અને અનાગત અનુત્પન્ન હોવાથી કાચબાના રોમની સમાન અસત્ છે. જો અતીત કે ભાવિ ચેષ્ટાની અપેક્ષાથી ઘટ આદિ શબ્દ અચેષ્ટાવાળામાં પણ પ્રયોગવાળો બને, તો કપાલ-માટીના પિંડ આદિમાં પણ ઘટાદિ શબ્દનો પ્રયોગ થાય ! કેમ કે-વિશેષનો અભાવ છે. તેથી જે ક્ષણમાં વ્યુત્પત્તિનું નિમિત્ત સંપૂર્ણ છે, ત્યારે જ તે અર્થ તે શબ્દથી વાચ્ય છે.) વળી નિયમ દેશથી અને કાળથી છે, જેથી સમભિરૂઢ આદિમાં અતિવ્યાપ્તિ નથી.

○ જે ક્રિયા વિશિષ્ટ શબ્દથી કહેવાય છે, તે જ ક્રિયાને કરતી વસ્તુ એવંભૂત શબ્દથી કહેવાય છે. તેનું પ્રતિપાદન કરનારો નય પણ ઉપચારથી 'એવંભૂત' કહેવાય છે. આ નય, શબ્દ અને અર્થરૂપ ઉભયને સ્થાપિત કરે છે-શબ્દને અર્થની સાથે અને અર્થને શબ્દની સાથે સ્થાપિત કરે છે. જેમ 'घटचेष्टायां ।' આવા ધાતુથી 'घटते ।' સ્ત્રીના મસ્તક આદિમાં રહેલો ચેષ્ટા કરે છે, માટે ઘટ આવા સ્થળમાં, તે વખતે જ આ 'ઘટ' છે કે જ્યારે તેવી ચેષ્ટાવાળો છે, બીજે વખતે નહિ. ઘટશબ્દ પણ તેવી ચેષ્ટા કરનારાનો જ વાચક છે, બીજે વખતે નહિ. આમ આ પ્રમાણે ચેષ્ટારૂપ અવસ્થા કરતાં બીજી અવસ્થામાં ઘટનું ઘટત્વ ઘટશબ્દથી નિવૃત્ત થાય છે. તથાચ પ્રયોગ (અનુમાનપ્રયોગ) છે કે-જેમ વાચકશબ્દ છે, તેમ અભિધેય (વાચ્યભૂત અર્થ) સ્વીકારવો જોઈએ, કેમ કે-તથાભૂત અર્થના જ પ્રત્યયનો સંભવ છે. જેમ કે-પ્રદીપ કે કુંભ. ખરેખર, પ્રદીપશબ્દથી પ્રકાશવાળો જ અર્થ કહેવાય છે. અન્યથા, સંશય આદિનો પ્રસંગ આવી જાય ! તે આ પ્રમાણે:-જો દીપનક્રિયા વગરનો પણ દીપ છે, તો દીપશબ્દનું ઉચ્ચારણ કર્યે છતે શું આ પ્રદીપથી પ્રકાશવાળો અર્થ કહેલો છે કે, પ્રકાશ વગરનો પણ અંધ-ઉપલ (તેજ વગરનું રત્ન) આદિ છે ? આવો સંશય અંધ-ઉપલ આદિ જ કહેલો છે, દીપ નહિ. આ પ્રમાણે વિપર્યય. તેવી રીતે 'દીપ' આમ કહ્યે છતે અને અંધ-ઉપલ આદિ કહ્યે છતે, દીપમાં પ્રત્યય થવાથી પદાર્થોનું એકત્વ કે સાંકર્ય થઈ જાય ! તેથી શબ્દવશે કરીને જ અભિધેય અને અભિધેયના વશે કરીને શબ્દ. ઇતિ.

○ વળી આ પ્રમાણે સંજ્ઞાભેદથી વસ્તુના ભેદની માફક ક્રિયાના ભેદથી પણ વસ્તુનો ભેદ જાણવો. વળી તે ક્રિયા તે વસ્તુની ભેદ કરનારી છે કે જ્યારે તે ક્રિયામાં પ્રવેશ કરે છે, ત્યારે આ નિમિત્ત (વાળા) તે તે વ્યવહારને પામે છે, બીજા કોઈ વખતે નહિ; કેમ કે-અતિપ્રસંગ છે. જ્યારે ઘટતે (ચેષ્ટા કરે છે), ત્યારે જ આ ઘટ છે. ભૂતકાળની ચેષ્ટાવાળો નહિ અને ભવિષ્યકાળની ચેષ્ટાવાળો ઘટ, 'ઘટ' એવા વ્યવહારને યોગ્ય તરીકે યુક્ત નથી, કેમ કે-સર્વ વસ્તુઓમાં ઘટપણાની આપત્તિનો પ્રસંગ છે. વળી ચેષ્ટાના કાળમાં જ વસ્તુ, ચક્ષુ આદિ વ્યાપારથી પેદા થયેલ શબ્દથી અનુવિદ્ધ પ્રત્યયને પામે છે, કેમ કે-ચેષ્ટાવાળા પદાર્થો હોય છે.

પૂર્વપક્ષ – યથાર્થ અર્થનો પ્રતિભાસ જ વસ્તુઓનો વ્યવસ્થાપક હોય છે. અન્યથા, ભૂતપ્રતિભાસ નહિ. અન્યથા, જો એમ ન માનવામાં આવે, તો ચેષ્ટાવાનરૂપે (ચેષ્ટાથી) શબ્દથી અનુવિદ્ધ પ્રત્યક્ષ પ્રત્યયમાં પ્રતિભાસના સ્વીકારમાં તે શબ્દાનુવિદ્ધ પ્રત્યક્ષ પ્રત્યય નિર્વિષ હોઈ, ભ્રાન્તમાં પણ વસ્તુવ્યવસ્થાપકપણું માનવા જતાં, સર્વ પ્રત્યય સર્વ અર્થનો વ્યવસ્થાપક થઈ જશે ! આ પ્રમાણેનો અતિપ્રસંગ આવશે ને ?

ઉત્તરપક્ષ – ઘટનક્રિયાના સમયથી પહેલાં કે પછીથી ઘટ તેના (ઘટના) વ્યવહારને પામે છે. આ પ્રમાણે એવંભૂતનયનો મત છે. (ચેષ્ટાના સમયથી પહેલાં કે પછીથી ઘટ ઘટના વ્યવહારને પામે છે, માટે પૂર્વોક્ત અતિપ્રસંગ આદિ દોષોનો અભાવ છે.)

શંકા – આ એવંભૂતનયમાં વ્યુત્પત્તિનિમિત્ત(ક્રિયા)નું જ પ્રવૃત્તિનિમિત્તપણું હોઈ, કોઈ એક રૂપથી આ નયના અતિપ્રસંગનો અભાવ કહેવો જોઈએ. અન્યથા, 'गच्छती'ति । (ગમન કર્યે છતે) गौः (ગાય વગેરે) છે, તો ગમન કરનાર ઘોડા વગેરે છે તે પણ ગૌરૂપ થશે ને ?

સમાધાન – પ્રસિદ્ધ અર્થના પુરસ્કારથી પ્રવૃત્ત એવંભૂતનય માટે સ્વાર્થનો (વ્યુત્પત્તિનિમિત્ત ક્રિયાનો) અતિપ્રસંગ દૂષણરૂપ નથી, પરંતુ તે દોષના નિવારક નયાન્તરના ઉપાયવાળો હોઈ ભૂષણરૂપ છે. આનો આશ્રય લઈને જીવનાર, વ્યવહાર તો વૃત્તિ પ્રમાણે જાણવો.

○ પૂર્વોક્ત આ કથન પ્રમાણે 'राजन' શબ્દનાં છત્ર, ચામર વગેરેની શોભાના અભાવકાળમાં રાજપદની વ્યુત્પત્તિના નિમિત્તનો અભાવ હોવા છતાં, બીજા કરતાં અતિશય પુણ્ય આદિથી જન્ય 'राजन्' શબ્દ જે અનતિપ્રસક્ત છે, તેની સત્તાથી રાજન્ શબ્દને રાજા તરીકે કહેવો જોઈએ જ. આવું કથન ખંડિત થાય છે.

○ એવંભૂતનયના ઉદાહરણને કહે છે કે-'यथे'ति । (ઇન્દન આદિ ક્રિયાના અભાવકાળમાં વ્યુત્પત્તિમાં નિમિત્તભૂત ઇન્દન આદિ ક્રિયાના અભાવથી કેવી રીતે ત્યાં ઇન્દ્ર આદિ શબ્દની પ્રવૃત્તિ ? આવી આશંકામાં કહે છે કે - 'समभिरुढ नयमतम् ।' ખરેખર, સમભિરૂઢનય ઇન્દનક્રિયાની વિદ્યમાનતામાં અને અવિદ્યમાનતામાં વાસવ આદિ અર્થમાં ઇન્દ્ર આદિના વ્યવહારને ઇચ્છે છે, (જ્યારે વાસવ વગેરે ઐશ્વર્ય આદિનો અનુભવ કરે છે અને જ્યારે અનુભવ નથી કરતા, એમ ઉભયકાળમાં પણ ત્યાં ઇન્દ્રાદિ શબ્દવ્યપદેશનું યોગ્યપણું સમભિરૂઢનય સ્વીકારે છે.) કારણ કે-'વ્યુત્પત્તિનિમિત્ત ક્રિયાની અભાવદશામાં પણ તે ક્રિયાના સમાનાધિકરણ સામાન્ય-વિશેષરૂપ પ્રવૃત્તિનિમિત્તના બળથી ત્યાં તે વાસવાદિ શબ્દવ્યપદેશ્યપણું છે.' આવો નિયમ હોઈ કહે છે કે-'ક્રિયાથી ઉપલક્ષિત સામાન્ય જ પ્રવૃત્તિમાં નિમિત્ત છે.' અર્થાત્ જ્યારે કદાચિત્ ઇન્દન આદિ ક્રિયાના અધિકરણમાં વર્તમાન, જે વાસવત્વ આદિ રૂપ સામાન્ય છે, તે

સામાન્યનું જ ઇન્દ્ર આદિ શબ્દોની પ્રવૃત્તિમાં નિમિત્તપણું હોઈ, તે સામાન્યનું ઇન્દન આદિ ક્રિયાથી શૂન્યકાળમાં પણ વાસવ આદિમાં સત્ત્વ હોઈ તેના બળથી વાસવ આદિના વ્યવહારનો સંભવ છે.

○ જેમ ગોરૂપ પશુવિશેષની ગમનક્રિયા ચાલુ હોય કે ન હોય તો પણ ગોશબ્દનો વ્યવહાર છે, તેમ અહીં સમજવું; કેમ કે-તથારૂઢિ છે. ગોશબ્દની ગોત્વથી અવચ્છિન્ન(વિશિષ્ટ)માં શક્તિ જ 'રૂઢિ' છે, કેમ કે-અવયવમાં શક્તિ તે 'યોગ' કહેવાય છે. સમુદાયની શક્તિ 'રૂઢ' કહેવાય છે. તે પ્રકારની રૂઢિનો સદ્ભાવ છે. 'एवंभूतनयमतम् ।' એવંભૂતનય તો ઇન્દન આદિ ક્રિયામાં પરિણત અર્થને, તે તે ક્રિયાના કાળમાં-ઐશ્વર્ય આદિના અનુભવના કાળમાં જ ઇન્દ્ર આદિના વ્યવહારને ભજનાર તરીકે માને છે. અર્થાત્ જ્યારે જે નામની વ્યુત્પત્તિમાં નિમિત્તક્રિયા જ્યાં વર્ત્તે છે, ત્યારે જ ત્યાં તે નામવડે વ્યપદેશ છે, બીજા વખતે નહિ. આ પ્રમાણે એવંભૂતનય સ્વીકાર કરે છે.

શંકા – જો આ પ્રમાણે વ્યુત્પત્તિમાં નિમિત્તક્રિયાનો જ પ્રવૃત્તિનિમિત્તપણાના સ્વીકારમાં જાતિશબ્દ-ગુણશબ્દ-ક્રિયાશબ્દ-યાદચ્છિકશબ્દ-દ્રવ્યશબ્દ, આ પ્રમાણે પાંચ પ્રકારોના નામોનો ભંગ થઈ જાય ! કેમ કે-સર્વ શબ્દોમાં ક્રિયાવાચક શબ્દપણાની પ્રાપ્તિ છે.

સમાધાન – આ વિષયમાં અમારા માટે ઇષ્ટાપત્તિ જ છે. એ વાતને કહે છે કે- 'કોઈ પણ શબ્દ, ક્રિયા ભિન્ન શબ્દ નથી. આ વિષય આ એવંભૂયનયના મતમાં છે.

○ તે એવંભૂતનયના મતમાં ગોત્વ-અશ્વત્વ આદિ રૂપ જાતિપ્રવૃત્તિનિમિત્તકપણાએ જાતિશબ્દરૂપે અભિમત ગો આદિ શબ્દોમાં ક્રિયાપ્રવૃત્તિનિમિત્તકપણાએ ક્રિયાવાચક શબ્દપણાનો નિશ્ચય કરાવે છે કે-ગાય (બળદ), ઘોડો વગેરે જાતિશબ્દરૂપે અભિમત ગો આદિ શબ્દોમાં પણ ક્રિયાશબ્દપણું હોવાથી, 'गच्छती'ति (ગમન કર્યે છતે) ગાય આશુ(જલ્દી)ગામી હોવાથી અશ્વ એમ વ્યુત્પત્તિ કરાય છે.

○ ગુણપ્રવૃત્તિનિમિત્તકપણાએ, અભિમત શુકલ આદિ શબ્દોમાં ક્રિયાપ્રવૃત્તિનિમિત્તકપણાના ઉપદર્શનમાં ક્રિયાશબ્દપણું દર્શાવે છે કે-શુકલ-નીલ વગેરે ગુણશબ્દરૂપે અભિમત પણ ક્રિયાવાચક શબ્દો જ છે. શુચીભવન(પહેલાં પવિત્ર ન હોય અને પછીથી પવિત્ર થનારપણું હોવાથી)થી શુકલ છે. નીલનથી (રંગવાથી) નીલ આ પ્રમાણે વ્યુત્પત્તિ છે.

○ પ્રતિનિયત તે તે શબ્દવાચ્યતારૂપ ઉપાધિવિશિષ્ટ વાચ્યપણું હોઈ, પુરુષવિશેષથી સંકેતિત હોઈ વાચ્યતા શબ્દથી દેવદત્ત આદિ શબ્દવિશિષ્ટમાં દેવદત્ત આદિ શબ્દોની શક્તિ છે. આમ તે તે શબ્દરૂપ ઉપાધિ પ્રવૃત્તિનિમિત્તકપણાએ યદચ્છાશબ્દપણાએ અભિમત દેવદત્ત આદિ શબ્દોમાં વ્યુત્પત્તિનિમિત્ત ક્રિયા પ્રવૃત્તિનિમિત્તકપણાના ઉપદર્શનદ્વારા ક્રિયાશબ્દપણું ઘટાવે છે. 'દેવદત્ત, યજ્ઞદત્ત વગેરે રૂપ યાદચ્છિક શબ્દરૂપે અભિમત શબ્દો પણ ક્રિયાશબ્દો છે.' જેમ કે-'દેવ (જેને) એને આપે'-'યજ્ઞ એને આપે !'

○ સંયોગસંબંધથી દ્રવ્યવિશેષ વિશિષ્ટ વાચકપણાએ અભિમત, સંયોગિ દ્રવ્યશબ્દ સમવાયસંબંધથી દ્રવ્યવિશેષ વિશિષ્ટ વાચકપણાએ અભિમત, સમવાયિ દ્રવ્યશબ્દ. આ પ્રમાણે બંને પ્રકારના પણ દ્રવ્યશબ્દમાં ક્રિયાવિશેષ પ્રવૃત્તિનિમિત્તકપણાએ ક્રિયાશબ્દપણું સિદ્ધ કરે છે કે-સંયોગિ દ્રવ્યવાચક શબ્દો, સમવાયિ દ્રવ્યવાચક શબ્દો પણ ક્રિયાશબ્દો જ. જેમ કે-સંયોગિ દ્રવ્યશબ્દ=દંડિનશબ્દ સંયોગિ દ્રવ્યશબ્દ છે, કેમ કે-દંડપુરુષરૂપ બે દ્રવ્યોમાં સંયોગસંબંધ છે. 'विषाणिन्' શબ્દ સમવાયિ દ્રવ્યશબ્દ છે, કેમ કે-વિષાણનું

અવયવપણું હોઈ, ગાય આદિનું અવયવીપણું હોઈ અવયવ અને અવયવીનો સમવાયસંબંધ છે. જો કે અવયવી અવયવમાં વર્ત્તે છે, પરંતુ અવયવ અવયવીમાં નહિ : અને આ પ્રમાણે વિષાણમાં સમવાયથી ગાય આદિનું સત્ત્વ છે, પરંતુ ગાય આદિમાં વિષાણનું સત્ત્વ નહિ; તો પણ સમવાયથી આધેયપણું પણ સમવાયમાં જ છે, આવો અભિપ્રાય છે. જાતિશબ્દ આદિ ભેદથી શબ્દમાં પંચવિધપણાની માન્યતા વ્યવહારનયની અપેક્ષાએ છે અને તેથી કલ્પિત જ છે, પરંતુ વાસ્તવિક મતથી આદરણીય નથી.

○ આ પ્રમાણે આ એવંભૂતનયના મતમાં સત્ત્વ આદિના યોગથી સત્ આદિ સંજ્ઞાવાળો પણ તે તે પર્યાયને ભજનારો હોઈ, આત્મા સંજ્ઞાધારી પણ સિદ્ધ જીવ નથી, કેમ કે-જીવધાતુ પ્રાણોના ધારણરૂપ અર્થમાં છે અને તે ધાતુના અર્થનો અન્વય સિદ્ધમાં નથી. આ કથનથી 'નિશ્ચયનયથી સિદ્ધ જીવ છે' આવા મતનું ખંડન થાય છે.

○ ખરેખર, શુદ્ધ નિશ્ચય એવંભૂતનય જ છે. આ એવંભૂતનયના મતે તો 'સિદ્ધ અજીવ છે.' આવી જ પ્રસિદ્ધિ છે, કેમ કે-વ્યુત્પત્તિના નિમિત્તભૂત જ ઔદયિકભાવને (ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-ઔપશમિક-પારિણામિકરૂપ પાંચ ભાવોથી પાંચ પણ ગતિઓમાં જીવ માનેલ છે. વ્યુત્પત્તિના નિમિત્તભૂત જીવનરૂપી ભાવથી ઉપલક્ષિત, આત્મત્વ (જીવત્વ)રૂપ પારિણામિક ભાવથી વિશિષ્ટ જીવમાં ભાવપંચક સ્વરૂપવાળા જીવમાં જીવપદાર્થપણું હોવાથી, પ્રસિદ્ધ નૈગમ, આવા પારિણામિકભાવને જ જીવપદના પ્રવૃત્તિના નિમિત્તરૂપે સ્વીકાર કરે છે. એવંભૂતનય તો વ્યુત્પત્તિનિમિત્તને પ્રવૃત્તિનિમિત્તરૂપે માને છે.) પ્રવૃત્તિના નિમિત્તપણાએ સ્વીકાર કરનારે, એવંભૂતનયે સંસારીમાં જ જીવશબ્દથી વ્યપદેશયોગ્યપણાનું પ્રતિપાદન કરેલું હોવાથી, સિદ્ધ અજીવ (ઔદયિકભાવરૂપ જીવનવિશિષ્ટ જીવપદથી ભિન્ન અજીવશબ્દથી વ્યપદેશ્યપણું હોઈ) પદાર્થ છે, એમ માનેલ છે. (ભાવપ્રાણવત્વરૂપ ક્ષાયિકભાવવિશિષ્ટ સિદ્ધમાં વ્યાવહારિક જીવપણું નહિ હોવા છતાં, પારમાર્થિક-શાશ્વાતિક ભાવજીવપણાની અપેક્ષાએ ભાવજીવ છે, એમ કહેવામાં કોઈ ક્ષતિ નથી.)

नयानाममीषां सप्तविधानां मध्ये के पुनरर्थप्राधानाः के च शब्दप्रधाना इत्याशङ्कायामाह—

तत्राद्याश्चत्वारो नया अर्थनया अर्थप्रधानत्वात् । अन्त्यास्तु शब्दनयाः शब्दवाच्यार्थविषयत्वात् ॥ १५ ॥

तत्राद्याश्चत्वार इति । अर्थतंत्रत्वान्नैगमसंग्रहव्यवहारर्जुसूत्रा अर्थनया उच्यन्ते, ऋजुसूत्रान्ता हि नया प्रधानभूतमर्थं शब्दज्ञाप्रधानं ब्रुवते । अन्त्यास्त्रयस्त्विति, शब्दसमभिरूढैवम्भूतास्त्रयस्त्वित्यर्थः, अर्थोपसर्जनाश्शब्दप्रधानाः अतश्शब्दनया उच्यन्त इति भावः । अत्रैवमर्थनयतात्पर्यमवसेयम्-यद्यपि प्रमाणप्रमेययोर्निबन्धनं सामान्यतश्शब्दार्थो भवतः तथापि साक्षात्परम्परया वा प्रमाणस्य कारणमेव स्वाकारार्पको विषयः, न शब्दः, 'नाननुकृतान्वयव्यतिरेकं कारणं नाकारणं विषय' इत्यादिवचनात्, तदाकारानुपविधायिनी तदध्यवसायेन च तत्राविसंवादात् संवित्प्रमाणत्वेन गीयते, अध्यक्षधीश्चाशब्दमर्थमात्मन्याधत्ते, अन्यथाऽर्थदर्शन-

प्रच्युतिप्रसङ्गात्, न ह्यध्यक्षगोचरेऽर्थे शब्दास्सन्ति, तदात्मानो वा, येन तस्मिन् प्रतिभासमानेऽपि नियमेन ते प्रतिभासेरन् इति कथं शब्दसंस्पृष्टाऽक्षधीर्भवेत् किञ्च वस्तुसन्निधानेऽपि तन्नामानुस्मृतिं विना तदर्थस्यानुपलब्धाविष्यमाणायामर्थसन्निधिरक्षदृग्जननं प्रत्यसमर्थ इत्यभिधानस्मृतावुपक्षीणशक्तिकत्वान्न कदाचनापीन्द्रियबुद्धिं जनयेत् सन्निधानाविशेषात्, यदि चायं भवतां निर्बन्धस्स्वाभिधानविशेषणापेक्षमेव चक्षुरादिस्स्वार्थमवगमयतीति तदाऽस्तङ्गतेयमिन्द्रियप्रभवाऽर्थाधिगतिः, तन्नामस्मृत्यादेरसंभवात्, तथाहि यत्रार्थे प्राक् शब्दप्रतिपत्तिरभूत् पुनस्तदर्थवीक्षणे तत्सङ्केतितशब्दस्मृतिर्भवेदिति युक्तियुक्तमन्यथाऽतिप्रसङ्गः स्यात्, न चेदनभिलापमर्थं प्रतिपत्ता पश्यति तदा तत्र दृष्टमभिलापमपि न स्मरेत्, अस्मरंश्च शब्दविशेषं न तत्र योजयेत्, अयोजयंश्च न तेन विशिष्टमर्थं प्रत्येतीत्यायातमान्ध्यमशेषस्य जगतः । ततः स्वाभिधानरहितस्य विषयस्य विषयिणं चक्षुरादिप्रत्ययं प्रति स्वत एवोपयोगित्वं सिद्धम्, न तु तदभिधानानां तदर्थसम्बन्धरहितानां, पारम्पर्येणापि सामर्थ्यासम्भवादिति । शब्दनयस्तु मनुते कारणस्यापि विषयस्य प्रतिपत्तिं प्रति नैव प्रमेयत्वं युक्तम् यावदध्यवसायो न भवेत्, सोऽप्यध्यवसायो विकल्पश्चेत् तदभिधानस्मृतिं विना नोत्पुत्तुं युक्त इति सर्वव्यवहारेषु शब्दसम्बन्धः प्रधानं निबन्धनम् । प्रत्यक्षस्यापि तत्कृताध्यवसायलक्षणविकलस्य बहिरन्तर्वा प्रतिक्षणपरिणामप्रति पत्ताविव प्रमाणतानुपपत्तेः अविसंवादलक्षणत्वात्प्रमाणानाम् । प्रतिक्षणपरिणामग्रहणेऽपि तस्य प्रामाण्याभ्युपगमे प्रमाणान्तरप्रवृत्तौ यत्नः क्रियमाणोऽपार्थकः स्यात् । ततः प्रमाणव्यवस्थानिबन्धनं तन्नामस्मृतिव्यवसाययोजनमर्थप्राधान्यमपहस्तयतीति शब्द एव सर्वत्र प्रमाणादिव्यवहारे प्रधानं कारणमिति । ननु नैगमादिनयसप्तकस्यैव प्ररूपणमयुक्तं तदतिरिक्तयोरर्पितानर्पितयोर्निश्चयव्यवहारयोर्ज्ञानक्रिययोश्च सत्त्वादिति चेन्मैवम्, अर्पितनयस्य विशेषग्राहित्वेनानर्पितनयस्य च सामान्यग्राहित्वेनोक्तेष्वेवान्तर्भावात्, तत्रानर्पितनयमते तुल्यमेव रूपं सर्वेषां सिद्धानाम् । अर्पितनयमते त्वेकद्वित्र्यादिसमयसिद्धाः स्वसमानकालसिद्धैरेव तुल्या इति। तथा लोकप्रसिद्धार्थानुवादपरस्य व्यवहारनयस्य तात्त्विकार्थाभ्युपगमपरस्य निश्चयनयस्यापि उक्तेष्वेवान्तर्भावः । यथा पञ्चस्वपि वर्णेषु भ्रमरे सत्सु श्यामो भ्रमर इति व्यवहारः, पञ्चवर्णो भ्रमर इति निश्चयः, तच्छरीरस्य बादरस्कन्धत्वेन पञ्चवर्णपुद्गलैर्निष्पन्नत्वात्, शुक्लादीनाञ्च तन्मूतत्वेनानुपलक्षणात् । अथवैकनयमतार्थग्राही व्यवहारः सर्वनयमतार्थग्राही च निश्चयः । न चैवं निश्चयस्य प्रमाणत्वेन नयत्वव्याघातः, सर्वनयमतस्यापि स्वार्थस्य तेन प्राधान्याभ्युपगमात् । तथा ज्ञानमात्रप्राधान्याभ्युपगमपरा ज्ञाननयाः, क्रियामात्रप्राधान्याभ्युप-

गमपराः क्रियानयाः, तत्रर्जुसूत्रादयश्चत्वारो नयाश्चारित्रलक्षणायाः क्रियाया एव प्राधान्यमभ्युपगच्छन्ति, तस्या एव मोक्षं प्रत्यव्यवहितकारणत्वात् । नैगमसङ्ग्रहव्यवहारास्तु यद्यपि चारित्रश्रुतसम्यक्त्वानां त्रयाणामपि मोक्षकारणत्वमिच्छन्ति तथापि व्यस्तानामेव नतु समस्तानाम्, एतन्मते ज्ञानादित्रयादेव मोक्ष इत्यनियमात्, अन्यथा नयत्वहानिप्रसङ्गात् समुदायवादस्य स्थितपक्षत्वादिति द्रष्टव्यम् ॥

આ સાત પ્રકારવાળા નયોમાં કોણ કોણ અર્થપ્રધાન નયો છે અને કોણ કોણ શબ્દપ્રધાન નયો છે ? આવી આશંકામાં કહે છે કે-

અર્થપ્રધાન અને શબ્દપ્રધાન નયોનું સ્વરૂપ

ભાવાર્થ – "તે સાત નયોમાં પહેલાંના ચાર નયો અર્થનયો છે, કેમ કે-અર્થની પ્રધાનતાવાળા છે. છેલ્લાના ત્રણ નયો શબ્દનયો છે, કેમ કે-શબ્દથી વાચ્ય અર્થના વિષયવાળા છે."

વિવેચન – અર્થને તંત્ર (આધીન) હોવાથી નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્રરૂપ ચાર નયો 'અર્થનયો' કહેવાય છે.

○ ખરેખર, ઋજુસૂત્ર સુધીના નયો પ્રધાનરૂપે અર્થને અને શબ્દને ગૌણરૂપે માન છે. છેલ્લા એટલે શબ્દ-સમભિરૂઢ-એવંભૂતરૂપ ત્રણ નયો અર્થને ગૌણરૂપે અને શબ્દને મુખ્યરૂપે માનનારા હોવાથી 'શબ્દનય' કહેવાય છે.

○ અહીં આ પ્રમાણે અર્થનયનું તાત્પર્ય સમજવાનું છે કે-જો કે પ્રમાણ અને પ્રમેયનું (જ્ઞાન અને જ્ઞેયનું) મૂળ કારણ સામાન્ય નથી, શબ્દ અને અર્થ હોય છે. તો પણ સાક્ષાત્ (અવ્યવહિત) કે પરંપરાથી (વ્યવહિતરૂપે) પ્રમાણનું કારણ જ પોતાના આકારનું અર્પણ કરનારો વિષય (જ્ઞેય) છે, શબ્દ નથી. કહ્યું છે કે-'અનુકૃત અન્વય અને વ્યતિરેક વગરનું કારણ નથી, અકારણ વિષય નથી.' તે આકારના અનુસંધાનવાળી અને તે આકારના નિશ્ચયદ્વારા ત્યાં અવિસંવાદ હોવાથી સંવિત્ (જ્ઞાન) પ્રમાણપણાએ કહેવાય છે.

○ અને પ્રત્યક્ષજ્ઞાન શબ્દ વગરના અર્થને આત્મામાં ધારણ કરે છે (જાણે છે), કેમ કે-અન્યથા, અર્થદર્શન(પ્રત્યક્ષ)ની પ્રચ્યુતિ(ભંગ)નો પ્રસંગ આવે છે.

○ ખરેખર, પ્રત્યક્ષના વિષયભૂત અર્થમાં શબ્દો નથી. અથવા તે શબ્દ આત્મક અર્થો નથી, કે જેથી તે અર્થ પ્રતિભા સમાન થયે છતે તે શબ્દો પ્રતિજ્ઞા સમાન થાય ! માટે કેવી રીતે શબ્દસંસ્પર્શી પ્રત્યક્ષજ્ઞાન થઈ શકે ?

○ વળી વસ્તુનું સંનિધાન હોવા છતાં, તેના નામના (શબ્દના) સ્મરણ વગર તેના અર્થની અનુપલબ્ધિ માન્યે છતે, 'અર્થનું સંનિધાન ઇન્દ્રિય પ્રત્યક્ષની ઉત્પત્તિ પ્રત્યે અસમર્થ છે.' આ પ્રમાણે અભિધાન(શબ્દ)ની સ્મૃતિમાં ક્ષીણ શક્તિવાળું હોવાથી કદાચિત્ પણ ઇન્દ્રિયજન્ય બુદ્ધિને પેદા કરી શકતું નથી, કેમ કે-સન્નિધાનમાં વિશેષ નથી. જો આપનો આ આગ્રહ છે કે-પોતાના શબ્દના વિશેષણની અપેક્ષા રાખીને જ

ચક્ષુ વગેરે પોતાના અર્થને જણાવે છે, તો આ ઇન્દ્રિયજન્ય અર્થજ્ઞાન અસ્તને પામે છે. કેમ કે-તેના નામસ્મરણ આદિનો અસંભવ છે. તે આ પ્રમાણે:-જે અર્થમાં પહેલાં શબ્દજ્ઞાન હતું. ફરીથી તે અર્થના દર્શનમાં તેમાં સંકેતિત શબ્દનું સ્મરણ થાય ! આ પ્રમાણે યુક્તિયુક્ત છે. અન્યથા, અતિપ્રસંગ થાય !

○ જો શબ્દ વગરના અર્થને પ્રમાતા જોતો નથી, તો ત્યાં જોયેલાને, શબ્દને પણ યાદ ન કરે ! અને શબ્દવિશેષનું સ્મરણ નહિ કરતો, ત્યાં શબ્દવિશેષનું યોજન કરે નહિ અને ત્યાં શબ્દવિશેષનું યોજન નહિ કરતો, તેથી વિશિષ્ટ અર્થની પ્રતીતિ કરી શકતો નથી. માટે આખા જગતનું અંધપણું આવેલું જાણવું.

○ તેથી સ્વના અભિધાનશબ્દથી રહિત વિષયનું વિષયીભૂત ચક્ષુ આદિ પ્રત્યય પ્રત્યે સ્વત એવ (વિષયરૂપે જ) ઉપયોગીપણું સિદ્ધ છે, પરંતુ તેના અર્થના સંબંધથી રહિત તે વિષયના શબ્દોનું ઉપયોગીપણું નથી, કેમ કે-પરંપરાએ પણ સામર્થ્યનો અસંભવ છે.

○ શબ્દનય તો માને છે કે-કારણભૂત પણ વિષયનું પ્રતિપત્તિ પ્રત્યે પ્રમેયપણું યુક્ત નથી જ, કે જ્યાં સુધી અધ્યવસાય ન થાય ત્યાં સુધી. તે પણ અધ્યવસાય જો વિકલ્પરૂપ છે, તો તે વિકલ્પ તેના નામની સ્મૃતિ સિવાય ઉત્પન્ન થઈ શકતો નથી. આમ સર્વ વ્યવહારોમાં શબ્દનો સંબંધ પ્રધાન કારણ છે.

○ તે શબ્દ સંબંધકૃત અધ્યવસાયરૂપ લક્ષણથી રહિત પ્રત્યક્ષમાં પણ બાહ્ય કે અંદર પ્રતિક્ષણ પરિણામની પ્રતિપત્તિમાં જેમ પ્રમાણતાની અનુપપત્તિ છે, કેમ કે-પ્રમાણો અવિસંવાદરૂપ લક્ષણવાળા છે. પ્રતિક્ષણ પરિણામના ગ્રહણમાં પણ તેના (પ્રતિક્ષણ પરિણામ પ્રતિપત્તિના) પ્રામાણ્યના સ્વીકારમાં બીજા પ્રમાણની પ્રવૃત્તિમાં કરાતો પ્રયત્ન નિરર્થક થાય !

○ તેથી પ્રમાણની વ્યવસ્થાનું કારણ તેના નામના સ્મરણના વ્યવસાય(નિશ્ચય)ના યોજનવાળા અર્થના પ્રાધાન્યનું ખંડન થાય છે, માટે શબ્દ જ સઘળા પ્રમાણ આદિના વ્યવહારમાં પ્રધાન કારણ છે.

શંકા – નૈગમ આદિ સાત નયોનું પ્રરૂપણ યુક્ત નથી, કેમ કે-તે સાય નયોથી અધિક અર્પિતનય અને અનર્પિતનય, નિશ્ચયનય અને વ્યવહારનય તેમજ જ્ઞાનનય અને ક્રિયાનયની વિદ્યમાનતા છે ને ?

સમાધાન – અર્પિતનય વિશેષગ્રાહી છે. (અર્પિત એટલે વિશેષ અને તેને ગ્રહણ કરનારા, સામાન્ય-વિશેષ આત્મક વસ્તુમાં કહેલા નયોમાં જે વિશેષગ્રાહી છે, તે અર્પિતનયો કહેવાય છે.) અર્થાત્ વિશેષના ગ્રહણની અપેક્ષાએ અર્પિતનય છે. અનર્પિતનય સામાન્યગ્રાહી છે. અનર્પિત વિશેષિત સામાન્યને ગ્રહણ કરનારા, જેઓ સામાન્યને જ પ્રધાનપણે ગ્રહણ કરે છે, તે નયો 'અનર્પિતનયો' તરીકે કહેવાય છે, અર્થાત્ સામાન્યના ગ્રહણની અપેક્ષાએ 'અનર્પિતનય' કહેવાય છે. આ બંને નયોનો અંતર્ભાવ કહેલા સાત નયોમાં થાય છે. (આ કથનથી સામાન્ય માત્ર ગ્રાહી સંગ્રહનય 'અનર્પિતનય છે અને નૈગમનય, સામાન્ય અંશને ગ્રહણ કરનારો 'અનર્પિતનય' વિશેષને અવગાહતો 'અર્પિતનય' છે. વ્યવહાર વગેરે તો વિશેષ માત્ર ગ્રાહી હોઈ 'અર્પિતનય' જ છે. અર્પિતનય અને અનર્પિતનય સમય (સિદ્ધાન્ત) પ્રસિદ્ધ જ સમજવાનાં છે, એમ વિવેક કરવો.) અર્પિત-અનર્પિતનયના વિભાગનું ફળ દર્શાવે છે કે-

'ત્યાં અનર્પિતનયમતમાં સર્વ સિદ્ધભગવંતોનું તુલ્ય જ રૂપ છે.' (આમ તેમાં સિદ્ધત્વ સાધારણ ધર્મ છે. તે સઘળાય સિદ્ધોમાં અવિશિષ્ટ છે, માટે સર્વ સિદ્ધોનું તુલ્ય રૂપપણું છે.)

○ અર્પિતનયમતમાં તો એક-બે-ત્રણ આદિ સમયસિદ્ધો પોતાના સમાનકાલીન સિદ્ધોની સાથે તુલ્ય છે. (વિશેષગ્રાહી અર્પિતનયમાં તો જેટલા એક સમય સિદ્ધભગવંતો છે, તેઓનું એક સમય સિદ્ધત્વ જો કે સામાન્યમાં છે, તો પણ તે સામાન્ય દ્વિસમય સિદ્ધોમાં, ત્રિસમય આદિ સિદ્ધોમાં વર્તતું નથી, માટે વિશેષ થાય છે. તે એક સમય સિદ્ધત્વની અપેક્ષાએ તુલ્યતા એક સમય સિદ્ધભગવંતોની જ, પરંતુ એક સમય સિદ્ધત્વના અભાવથી જ દ્વિસમય આદિ સિદ્ધોની સાથે તુલ્યતા નથી. જેટલા દ્વિસમય સિદ્ધભગવંતો છે, તેઓની એક સમય આદિ સિદ્ધ-વ્યાવૃત્ત-દ્વિસમય સિદ્ધત્વરૂપ ધર્મથી તુલ્યતા છે, પરંતુ સ્વથી અસમાન સમયવાળા સિદ્ધોની સાથે તુલ્યતા નથી. આ પ્રમાણે ત્રિસમય આદિ સિદ્ધોમાં પણ સમજવું.)

વ્યવહારનય-નિશ્ચયનય=લોકપ્રસિદ્ધ અર્થના અનુવાદમાં પરાયણ વ્યવહારનયનો અને તાત્ત્વિક શાસ્ત્રમાં સિદ્ધાન્તિત જ અર્થ તાત્ત્વિક હોય છે. અર્થના સ્વીકારમાં પરાયણ નિશ્ચયનયનો પણ પૂર્વોક્ત સાત નયોમાં જ અંતર્ભાવ થાય છે. જેમ ભ્રમરમાં પાંચેય વર્ણો હોવા છતાં 'ભ્રમર કાળો છે' એમ વ્યવહારનય માને છે. (જેમ ભ્રમરમાં પાંચેય વર્ણો શાસ્ત્રમાં પ્રતિપાદિત કરે છે, તો પણ લોકો ભ્રમરને શ્યામ તરીકે કહે છે. તે અનુસારે લોકવ્યવહારપરાયણ વ્યવહારનયથી પણ 'ભ્રમર કાળો' છે એમ કહેવાય છે.) 'પંચવર્ણી ભ્રમર છે' એમ નિશ્ચયનય કહે છે, કેમ કે-શાસ્ત્રપ્રતિપાદિત તાત્ત્વિક અર્થરૂપ પંચવર્ણને સ્વીકાર કરનાર છે.

શંકા – જો પંચવર્ણી ભ્રમર છે, તો શુકલ રૂપ વગેરે પણ શ્યામ રૂપની માફક ભ્રમરના શરીરમાં ઉપલબ્ધ થવા જોઈએ ! જો ઉપલબ્ધ થતાં નથી, તો શ્યામ જ વર્ણ કેમ ન માનવો જોઈએ ?

સમાધાન – ત્યાં શુકલ આદિ રૂપો છે જ, પરંતુ શ્યામ રૂપથી તિરોભૂત થયેલા શુકલ આદિ રૂપો છે તેથી પ્રત્યક્ષથી દેખાતાં નથી. અનુપલબ્ધિ માત્રથી (નહિ દેખાતાં હોવા માત્રથી) તે શુક્લ આદિ રૂપોનું અવિદ્યમાનપણું નથી, કેમ કે-બાદર સ્કંધપણું હોવાથી તે ભ્રમરના શરીરમાં તે શુકલ આદિ રૂપોનો (પંચવર્ણોનો) સદ્ભાવ (વિદ્યમાનપણું) પ્રમાણથી સિદ્ધ છે. જો તિરોભાવના પ્રભાવથી અનુપલબ્ધિ માત્રથી પણ તે શુકલ આદિ રૂપોનું અસત્ત્વ માનવામાં આવે, તો દિવસમાં સૂર્યના કિરણોના સંબંધથી અભિભૂત થયેલા હોવાથી નક્ષત્ર, ગ્રહ આદિનું પણ અસત્ત્વ માનવું પડશે ! એવી આપત્તિ આવશે.

○ તિરોભાવ અવિદ્યમાનતા પ્રત્યે કારણ નથી. પ્રત્યુત, પ્રચ્છન્ન વિદ્યમાન તત્ત્વનું સૂચક બને છે.

○ અથવા વિશેષ આવશ્યક ઉપદર્શિત વ્યવહારનય અને નિશ્ચયનયના વિભાગને કરે છે. એક નયમતના અર્થને ગ્રહણ કરનાર વ્યવહારનય છે. (અથવા જે કોઈ પણ દરેક નયનો મત છે, તેને વ્યવહાર સ્વીકારે છે; બીજા કોઈને સ્વીકારતો નથી. શાથી ? કે જે કારણથી સઘળાય પ્રકારોથી વિશિષ્ટ સર્વનયમત સમૂહમય વસ્તુને આ સ્વીકારી શકતો નથી, કેમ કે-સ્થૂલદર્શી છે.) (સર્વનયમતના અર્થને ગ્રહણ કરનારો નિશ્ચયનય હોય છે. નિશ્ચયનય તો, જે યથાભૂત, પરમાર્થથી જે વસ્તુ છે, તે વસ્તુને તે પ્રકારે જ સ્વીકારે છે.) નિશ્ચયનય સર્વમતના અર્થના ગ્રહણની અપેક્ષાએ પ્રમાણરૂપ હોવાથી નયપણાના વ્યાઘાતને નહિ પામે, કેમ કે-સર્વનયમત હોવા છતાં સ્વાર્થનો પ્રાધાન્યરૂપે નિશ્ચયનયે સ્વીકાર કરેલો છે. (જે સ્વ અભિમત જ પણ છે, તેને પ્રાધાન્યથી આ સ્વીકારે છે અને જે આ નયનો સ્વાર્થ નથી, તે સર્વનયમત પણ આ નયના સ્વીકારનો વિષય નથી. માટે આ નયનું પ્રમાણપણું નથી, કેમ કે-આ નયે સર્વનયમત પણ સ્વાર્થનો પ્રાધાન્યથી સ્વીકાર કરેલો છે.)

○ તેમજ જ્ઞાન માત્રના પ્રાધાન્યના સ્વીકારમાં પરાયણ જ્ઞાનનયો છે. (મુક્તિ પ્રત્યે પ્રધાનતાથી જ્ઞાન જ કારણ છે. આવા સ્વીકારમાં પરાયણ, વિશિષ્ટ અભિપ્રાયરૂપ જ્ઞાનનયો છે. જ્ઞાનનયપણાએ અભિમત નૈગમ-સંગ્રહ-વ્યવહાર એમ ત્રણ જ્ઞાનનયો છે.) ક્રિયા માત્રના પ્રાધાન્યના સ્વીકારમાં પરાયણ ક્રિયાનયો છે. (મુક્તિ પ્રત્યે પ્રધાનપણાએ ક્રિયાનું જ કારણપણું છે. આવા સ્વીકારમાં પરાયણ અભિપ્રાયવિશેષો ક્રિયાનયો છે. અહીં પણ ક્રિયાનયપણાએ અભિમત ऋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ-એવંભૂતરૂપ ચાર નયો ક્રિયાનયો છે. જે નયો જ્ઞાનનયપણાએ અભિમત છે, તેઓના મતમાં ક્રિયાના કારણપણાનો સ્વીકાર છે જ. તો પણ પ્રધાનતાએ જ્ઞાનનો જ સ્વીકાર છે, કેમ કે-'જ્ઞાન સિવાય મુક્તિ નથી' આવા વાક્યનું પ્રધાનતાથી અવલંબન છે. એક ચક્રવાળો રથ ખરેખર ચાલતો નથી, માટે સહકારિપણાએ વિશુદ્ધ ક્રિયાના આચરણથી મનની વિશુદ્ધિ છે અને તેથી સમ્યગ્જ્ઞાનનો ઉદય છે. આ હિસાબે ક્રિયાનું પૃથગ્ભાવથી કારણપણું છે. 'અજ્ઞાનથી બંધ છે,' માટે અજ્ઞાન નિવૃત્તિરૂપ મુક્તિ છે. જેઓ ક્રિયાવાદીઓ છે, તેઓ પણ મુક્તિ પ્રત્યે જ્ઞાન કારણ છે એમ માને છે, પરંતુ પ્રધાન કારણ ક્રિયા જ છે : કેમ કે-અમુક ઔષધથી અમુક વ્યાધિની ઉપશાન્તિ થાય છે-એમ જાણનાર રોગી, જો વિધિસર ઔષધનું સેવન ન કરે, તો રોગની નિવૃત્તિને પામતો નથી, માટે ક્રિયાની જ પ્રધાનતા છે એમ કહે છે.) ત્યાં ऋજુસૂત્ર આદિ ચાર નયો ચારિત્રલક્ષણવાળી ક્રિયાના પ્રધાનપણાને માને છે, કેમ કે-તે ક્રિયાનું જ મોક્ષપ્રતિ અવ્યવહિત (સાક્ષાત્) કારણપણું છે.

○ નૈગમ-સંગ્રહ-વ્યવહારરૂપ જ્ઞાનનયો તો, જો કે ચારિત્ર (ચારિત્રરૂપ ક્રિયા), શ્રુત (જ્ઞાન) અને સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન)-એમ ત્રણેયમાં મોક્ષનું કારણપણું માને છે.

શંકા – જો આ જ્ઞાનનયો ચારિત્ર આદિ ત્રણેયનું પ્રમાણપણું માને છે, તો તેઓનું જ્ઞાનનયત્વ ક્યાંથી રહે ?

સમાધાન – તો પણ ચારિત્ર આદિ કારણોને વ્યસ્તરૂપે માને છે. સમસ્ત-સમુદિતરૂપે જ્ઞાનનયો માનતાં નથી. (મોક્ષત્વથી અવચ્છિન્ન કાર્યતા નિરૂપિત કારણતાવચ્છેદ વિભિન્ન ધર્મથી વિશિષ્ટ એટલે વ્યસ્તભૂત ચારિત્રાદિની જ કારણતા છે. આ પ્રમાણે હોયે છતે જ્ઞાનનું પ્રધાન તથા કારણપણું છે. તેનાથી ભિન્ન ચારિત્ર અને જ્ઞાનનું ગૌણરૂપે કારણપણું સ્વીકારે છે. જો સમુદિત ચારિત્ર આદિનું કારણપણું માને, તો તમામ ચારિત્ર આદિનું પ્રધાન કારણપણું થાય, માટે કહે છે કે-સમસ્તોનું કારણપણું જ્ઞાનનયો માનતાં નથી. સમુદિત કારણપણાનો સ્વીકાર હોયે છતે જ તેઓનું પ્રમાણપણું થાય ! તે તો તેઓમાં નથી, માટે પ્રમાણપણું નથી.)

શંકા – નૈગમ આદિ નયો શાથી સમસ્તોનું કારણપણું માનતાં નથી ?

સમાધાન – આ નૈગમાદિ જ્ઞાનનયોના મતમાં જ્ઞાન આદિ ત્રણથી જ (એવકારથી) એક એક જ્ઞાનાદિનો વ્યવચ્છેદ સમજવો. મોક્ષ છે, એવા નિયમ(વ્યવસ્થા)નો અભાવ છે. અન્યથા, જો 'જ્ઞાનાદિ ત્રણથી જ મોક્ષ છે' આવા નિયમનો સ્વીકાર કરવામાં આવે, તો નયપણાની હાનિનો પ્રસંગ છે (નયરૂપે તે ટકી શકતાં નથી), જેથી નયો છે માટે વ્યસ્તરૂપે માને છે એમ જોવું.

○ બીજો સબળ હેતુ એવો છે કે-સમુદિત જ્ઞાન આદિ ત્રણથી જ મોક્ષ છે, પરંતુ વ્યસ્ત પ્રત્યેક જ્ઞાનાદિથી મોક્ષ નથી. આવો સમુદાયવાદ સ્થિતપક્ષ હોવાથી પ્રમાણવાદરૂપ છે. (સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન-

સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયીથી જ મોક્ષ છે, આવા જૈનીય સિદ્ધાન્ત. પક્ષમાં સમુદિત પૂર્વોક્ત રત્નત્રયીનું જ મોક્ષ પ્રત્યે એક હેતુત્વ પર્યાપ્ત છે.)

नन्वेषु नयेषु सर्वेषां समानविषयत्वमुत न्यूनाधिकविषयत्वं वेत्यत्र शुद्धाशुद्धत्वाभिप्रायत आह —

नैगमो भावाभावविषयकः सङ्ग्रहस्सर्वभावविषयकः, व्यवहारः कालत्रयवृत्तिकतिपयभावप्रकारप्रख्यापकः, वर्त्तमानक्षणमात्रस्थायिपदार्थविषय ऋजुसूत्रः, कालादिभेदेन भिन्नार्थविषयश्शब्दनयः, व्युत्पत्तिभेदेन पर्यायशब्दानां भिन्नार्थतासमर्थनपरस्समभिरूढः, क्रियाभेदेन विभिन्नार्थतानिरूपणपर एवम्भूतनय इत्युत्तरोत्तरनयापेक्षया पूर्वपूर्वनयस्य महाविषयत्वं बोध्यम् ॥ १६ ॥

नैगम इति । भावाभावभूमिकत्वात्सङ्ग्रहापेक्षया नैगमो बहुविषय इति भावः, सद्विशेषप्रकाशकव्यवहारापेक्षया समस्तसत्समूहोपदर्शकस्य सङ्ग्रहस्य बहुविषयत्वमित्याह सङ्ग्रह इति । वर्त्तमानविषयावलम्बिन ऋजुसूत्रात्कालत्रयवत्त्यर्थजातावलम्बिनो व्यवहारस्य बहुविषयत्वमित्याह व्यवहार इति, कालादिभेदेन भिन्नार्थोपदेशकशब्दापेक्षया तद्विपरीतवेदकः ऋजुसूत्रो भूमविषय इत्यत्राह वर्त्तमानेति, न केवलं कालादिभेदेनैवर्जुसूत्रादल्पार्थता शब्दस्य, किन्तु नामादितोऽपि, शब्दो हि नामस्थापनाद्रव्यभावरूपचतुर्विधनिक्षेपेषु भावघटमेव व्यवहर्त्तव्यं मन्यते शब्दार्थप्रधानतया तस्यैव जलाहरणादिक्रियाक्षमत्वात्, यद्वा सप्तधर्मार्पणादस्य विशेषः, ऋजुसूत्रस्य हि प्रत्युत्पन्नोऽविशेषित एव घटोऽभिप्रेतः, शब्दनयस्तु सद्भावासद्भावादिभिरर्पितस्य[१] स्याद्घटः स्यादघटः, स्यादवक्तव्यः स्यात् संश्चासंश्चोभयं, स्यात्सन्न वक्तव्यः, स्यादसन्नवक्तव्यः, स्यात्सन्नसन्नवक्तव्य इति स्याद्वादद्दष्टभेदं घटादिकमर्थं यथाविवक्षितमेकेन केनापि भङ्गकेन विशेषिततरं प्रतिपद्यते नयत्वादिति विशेषः । प्रतिपर्यायशब्दमर्थभेदमभीप्सतस्समभिरूढाच्छब्दो बहुविषय इत्याह कालादीति, आदिना कारकलिङ्गादीनां परिग्रहः । प्रतिक्रियं विभिन्नमर्थं प्रतिजानानादेवम्भूतात्समभिरूढस्तदन्यथार्थस्थापकत्वाद् बहुविषय इत्याह व्युत्पत्तिभेदेनेति, एवम्भूतविषयं दर्शयन्निगमयति क्रियाभेदेनेति ॥

१. ऊर्ध्वग्रीवकपालकुक्षिबुध्नादिभिः स्वपर्यायैस्सद्भावेनार्पितश्चेत् स्याद्घटः, पटादिगतैः परपर्यायैरसद्भावेनार्पितः स्यादघटो भवति । स्वपरोभयपर्यायैः सदसद्भावाभ्यामर्पितो युगपद्वक्तुमिष्टश्चेदवक्तव्यो भवतीत्येवं बोध्यः ॥

શું આ નયોમાં સઘળા નયો સમાન વિષયવાળા છે કે ન્યૂન કે અધિક વિષયવાળા છે ? આવી શંકાના સમાધાનમાં શુદ્ધત્વ અને અશુદ્ધત્વના અભિપ્રાયથી કહે છે કે-

ભાવાભાવ વિષયક નયો

ભાવાર્થ – "નૈગમનય ભાવ અને અભાવના વિષયવાળો છે, સંગ્રહનય સર્વભાવવિષયવાળો છે, વ્યવહારનય ત્રણ કાળમાં વર્તમાન કેટલાક ભાવપ્રકારને જણાવનારો છે, ઋજુસૂત્રનય વર્તમાન પણ ક્ષણ માત્રમાં રહેનાર પદાર્થના વિષયવાળો છે, શબ્દનય કાળ આદિના ભેદથી ભિન્ન અર્થના વિષયવાળો છે, સમભિરૂઢનય વ્યુત્પત્તિના ભેદથી પર્યાયશબ્દોના અર્થભેદના સમર્થનમાં પરાયણ છે, એવંભૂતનય ક્રિયાના ભેદથી અર્થભેદના નિરૂપણમાં પરાયણ છે. એમ ઉત્તર ઉત્તરનયની અપેક્ષાએ પૂર્વપૂર્વ નયનું મહા (બહુ) વિષયપણું જાણવું.'

વિવેચન – નૈગમનય ભાવ અને અભાવના વિષયવાળો હોઈ સંગ્રહનયની અપેક્ષાએ બહુવિષયવાળો છે.

○ સદ્‌વિશેષનો (કેટલાક સત્ પ્રકારોનો) પ્રકાશ કરનાર વ્યવહારનયની અપેક્ષાએ સમસ્ત સત્‌ના સમૂહના ઉપદર્શક સંગ્રહનું બહુવિષયપણું છે. માટે કહે છે કે-'सङ्ग्रह' इति । અર્થાત્ સંગ્રહ સર્વભાવના વિષયવાળો છે.

○ વર્તમાન વિષયના અવલંબી ઋજુસૂત્ર કરતાં ત્રણ કાળમાં વર્તમાન પદાર્થના સમૂહનો અવલંબી વ્યવહારનય બહુવિષયવાળો છે. માટે કહે છે કે- 'व्यवहार' इति । અર્થાત્ વ્યવહારનય ત્રણ કાળવર્તી કેટલાક ભાવપ્રકારોનો પ્રકાશક છે.

○ કાળ આદિના ભેદથી અર્થભેદના ઉપદેશક શબ્દનયની અપેક્ષાએ તદ્ વિપરીત વેદક (કાળ આદિના ભેદથી અભિન્ન અર્થનો બોધક) ઋજુસૂત્રનય બહુવિષયવાળો છે. માટે કહે છે કે- 'वर्त्तमान' इति । અર્થાત્ વર્તમાન ક્ષણ માત્ર સ્થાયી પદાર્થના વિષયવાળો ઋજુસૂત્રનય છે.

○ કેવળ કાળ આદિના ભેદથી જ ઋજુસૂત્રનય કરતાં શબ્દનયની અલ્પવિષયતા નથી, પરંતુ નામ આદિથી પણ અલ્પવિષયતા છે.

ખરેખર, શબ્દનય, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ ચાર પ્રકારના નિક્ષેપાઓમાં માત્ર ભાવઘટને જ વ્યવહારના વિષય તરીકે માને છે, કેમ કે-શબ્દાર્થ પ્રધાનપણાએ તે ભાવઘટ જ જલ આહરણ આદિ ક્રિયામાં સમર્થ છે. અથવા વિશેષાવશ્યક કથનની અપેક્ષાએ સપ્તધર્મરૂપ સપ્તભંગીના અર્પણથી (માન્યતાથી) આ શબ્દનયમાં વિશેષ છે. ખરેખર, ઋજુસૂત્રનય વર્તમાનકાલીન અવિશેષિત ઘટને જ માને છે. પરંતુ શબ્દનય તો સદ્‌ભાવ-અસદ્‌ભાવ આદિથી અર્પિત-વિવક્ષિત ભાવઘટ, (ઉર્ધ્વગ્રીવા-કપાલ-કુક્ષિ-બુધ્ન આદિ રૂપ સ્વપર્યાયોથી-સદ્‌ભાવથી વિશેષિત-વિવક્ષિત જો છે, તો સ્યાદ્ ઘટ-પટ આદિગત પરપર્યાયોથી-અસદ્‌ભાવથી સ્યાદ્ અઘટ થાય છે. સ્વ-પર ઉભય પર્યાયોથી, સદ્-અસદ્‌ભાવથી અર્પિત એકીસાથે કહેવાને ઇષ્ટ જો છે, તો અવક્તવ્ય થાય છે એમ જાણવું.) સ્વપર્યાયોથી-સદ્‌ભાવથી, પરપર્યાયોથી-અસદ્‌ભાવથી, ઉભય પર્યાયોથી-ઉભયથી, અર્પિત-વિશેષિત ઘટ, स्याद् घटः, स्याद् अघटः, स्याद् घटाघटावक्तव्यः, स्याद्

सत्घटः-असत्घटः (घटाघटोभयं), स्याद् सन्घटः अवक्तव्य, स्याद् असन्घटः अवक्तव्यः, स्याद् सन्-असन् घटाघटोभयं अव्यक्तव्य ईत्यादि રૂપ સપ્તભંગીને સ્વીકારે છે. તેથી આ પ્રમાણે સ્યાદ્વાદથી દૃષ્ટ (પ્રત્યક્ષભૂત) સાત ભેદવાળા ઘટ આદિ પદાર્થોને વિવક્ષા અનુસારે કોઈ એક પણ ભંગથી વિશેષિતતર ઘટાદિરૂપ પદાર્થને આ શબ્દનય સ્વીકારે છે, કેમ કે-આ નય છે, માટે વિશેષ છે. અર્થાત્ ઋજુસૂત્રનય કરતાં વિશેષિતતર વસ્તુગ્રાહી હોવાથી વિશેષ છે. સ્યાદ્વાદીઓ તો સંપૂર્ણ સપ્તભંગીઆત્મક પણ પદાર્થને સ્વીકારે છે.

શંકા – સપ્તભંગીના સ્વીકારમાં ઋજુસૂત્રનું સ્યાદ્ વાદીપણું જ થાય ! નયપણું ન થાય ! કેમ કે-સંપૂર્ણ અર્થનો ઉપદર્શક હોઈ તેના એકદેશ માત્રના ઉપદર્શકપણાનો અભાવ છે ને ?

સમાધાન – જો કે આવા સંપૂર્ણ સપ્તભંગોથી પરિકરિત વસ્તુને સ્યાદ્વાદીઓ જ સ્વીકારે છે, તો પણ ઋજુસૂત્રે કરેલ આ ઘટાદિના સ્વીકારની અપેક્ષાએ અન્યતર (કોઈ એક) ભંગથી વિશેષિતતર ઘટાદિ પદાર્થનો સ્વીકાર (પ્રતીતિ) આ શબ્દનયમાં અદુષ્ટ છે. માટે કોઈ દોષ નથી. આ પ્રમાણે વિશેષાવશ્યકકાર આદિ બોલે છે.

○ પ્રત્યેક પર્યાયશબ્દના અર્થભેદને માનનાર સમભિરૂઢનય કરતાં શબ્દનય બહુવિષયવાળો છે. માટે કહે છે કે-'कालादी'ति । અર્થાત્ કાળ આદિના (અહીં આદિ પદથી કારકલિંગ આદિનું ગ્રહણ છે.) ભેદથી અર્થભેદના વિષયવાળો શબ્દનય છે.

○ ક્રિયાએ ક્રિયાએ અર્થભેદને માનનારા એવંભૂતનય કરતાં સમભિરૂઢનય તેનાથી અન્યથા અર્થ(તે ક્રિયાના ભેદથી પણ અભિન્ન ભાવ-અર્થ)નો સ્થાપક હોવાથી બહુવિષયવાળો છે. માટે કહે છે કે-'व्युत्पत्ति भेदेने'ति । અર્થાત્ વ્યુત્પત્તિના ભેદથી પર્યાય શબ્દોના અર્થભેદનો સમર્થક સમભિરૂઢનય છે. એવંભૂતનયના વિષયને દર્શાવતા ઉપસંહાર કરે છે કે 'क्रियाभेदेने'ति । અર્થાત્ ક્રિયાના ભેદથી અર્થભેદના નિરૂપણમાં પરાયણ એવંભૂતનય છે.

एवं नयस्वरूपे निरूपितेऽर्थतस्स्फुटमपि सुलभतया दुर्नयस्वरूपं बुबोधयिषया नयाभासान् क्रमेणाह –

धर्मद्वयधर्मिद्वयधर्मधर्मिद्वयानां सर्वथा पार्थक्याभिप्रायो नैगमाभासः, यथा वह्निपर्वतवृत्तित्वयोरनित्यज्ञानयो रूपनैल्ययोरात्मवृत्तिसत्त्वचैतन्ययोः काठिन्यवद्द्रव्य-पृथिव्यो रूपवद्द्रव्यमूर्त्तयोः पर्यायवद्द्रव्यवस्त्वोर्ज्ञानात्मनोर्नित्यसुखमुक्तयोः क्षणिक-सुखविषयासक्तजीवयोश्च सर्वथा भेदाभिप्रायः । वैशेषिकनैयायिकयोर्दर्शनमेतदाभास एव ॥ १७ ॥

धर्मद्वयेति । पूर्वोक्तैतद्दृष्टान्तेष्वेवैकान्तिकपार्थक्याभिसन्धिश्चेन्नैगमाभासस्स्यादित्याशयेन तमेव दर्शयति यथेति, वह्निपर्वतवृत्तित्वयोरिति सर्वथा भेदाभिप्राय इत्यग्रेतनेन सम्बध्यते, एवमग्रेऽपि । पर्वते पर्वतीयवह्निरित्यत्र तयोस्सर्वथा भेदाभिप्रायश्चेत्तदा धर्मद्वयविषयको नैगमाभास इति भावः । अनित्यज्ञानमात्मन इत्यत्रानित्यज्ञानयोस्सर्वथा पार्थक्याभिसन्धौ

धर्मद्वयविषयकनैगमाभास इत्याहानित्येति । घटे नीलं रूपमित्यादौ नैल्यरूपयोरेकान्तभेदाभिप्राये धर्मद्वयविषयकनैगमाभास इत्याह रूपेति । सच्चैतन्यमात्मनीत्यादौ प्रधानोपसर्जनभावेन चैतन्याख्यसत्त्वाख्यव्यञ्जनपर्याययोर्धर्मद्वययोर्विवक्षणे नैगमत्वेऽपि तयोरेकान्तभेदेनोक्तिर्नयाभासरूपा स्यादित्याह-आत्मवृत्तीति । काठिन्यवद्द्रव्यं पृथिवीत्यादौ धर्मिद्वययोः काठिन्यवद्द्रव्यपृथिव्योस्सर्वथा पार्थक्येन कथने नैगमाभास इत्याह काठिन्येति । रूपवद्द्रव्यं मूर्त्तमित्यादौ धर्मिद्वययो रूपद्रव्यमूर्त्तयोस्सर्वथा भेदाभिप्राये तथेत्याह रूपवदिति । पर्यायवद्द्रव्यमित्यत्रापि तथेत्याह पर्यायवदिति । ज्ञानवानात्मा, नित्यसुखी मुक्तः, क्षणिकसुखी विषयासक्तजीव इत्यादि धर्मधर्म्युभयविषयके सर्वथा भेदाभिप्राये नैगमाभासत्वं स्यादित्याह ज्ञानेति । कस्य दर्शनमेतन्नयाभासरूपमित्यत्राह वैशेषिकेति ॥

આ પ્રમાણે નયના સ્વરૂપનું નિરૂપણ થયે છતે, અર્થથી સ્પષ્ટ છતાં સુલભપણાએ દુર્નયના સ્વરૂપને જણાવવાની ઇચ્છાથી નયાભાસોને ક્રમથી કહે છે કે-

नयाभास

ભાવાર્થ – "બે ધર્મોનો, બે ધર્મીનો અને બે ધર્મ-ધર્મીનો સર્વથા પૃથક્પણાનો અભિપ્રાય, એ 'નૈગમાભાસ' કહેવાય છે. જેમ વહ્નિ અને પર્વતવૃત્તિત્વનો, અનિત્યજ્ઞાનનો, રૂપ અને નીલતાનો, આત્મવૃત્તિ સત્ત્વ અને ચૈતન્યનો, કાઠિન્યવદ્ દ્રવ્ય અને પૃથિવીનો, રૂપવદ્ દ્રવ્ય અને મૂર્તનો, પર્યાયવદ્ દ્રવ્ય અને વસ્તુનો, જ્ઞાન અને આત્માનો, નિત્ય સુખ અને મુક્તનો, તેમજ ક્ષણિક સુખ અને વિષયાસક્ત જીવનો સર્વથા ભેદનો અભિપ્રાય. વૈશેષિક અને નૈયાયિકનું દર્શન આ નૈગમાભાસરૂપ જ છે."

વિવેચન – પૂર્વકથિત આ દૃષ્ટાન્તોમાં જ ઐકાન્તિક પૃથક્પણાનો અભિપ્રાય જો છે, તો નૈગમાભાસ થાય. એવા આશયથી તેને જ દર્શાવે છે કે-'यथे'ति-'वह्निपर्वतवृत्तित्वयो' इति । 'सर्वथा भेदाभिप्राय'– આવા આગળના વાક્યની સાથે સંબંધિત કરાય છે. એ પ્રમાણે આગળ ઉપર પણ સમજવું.

○ 'પર્વતમાં પર્વતીય વહ્નિ'-આ સ્થળમાં તે બંનેનો સર્વથા ભેદનો અભિપ્રાય જ્યારે છે, ત્યારે ધર્મદ્વયના વિષયવાળો નૈગમાભાસ છે એમ જાણવું.

○ 'અનિત્યજ્ઞાન આત્માનું છે'-આ સ્થળમાં અનિત્ય અને જ્ઞાનનો સર્વથા ભેદનો અભિપ્રાયમાં બે ધર્મના વિષયવાળો નૈગમાભાસ છે. માટે કહે છે કે -'अनित्ये'ति ।

○ 'ઘટમાં નીલરૂપ છે,' ઇત્યાદિ સ્થળમાં નીલતા અને રૂપમાં એકાન્તે ભેદનો અભિપ્રાય હોયે છતે બે ધર્મના વિષયવાળો નૈગમાભાસ છે. માટે કહે છે કે-'रूपे'ति ।

○ 'સત્ અને ચૈતન્ય આત્મામાં છે,' ઇત્યાદિ સ્થળમાં ગૌણ-મુખ્યભાવથી ચૈતન્યનામક અને સત્ત્વનામક વ્યંજન-પર્યાયરૂપ બે ધર્મોની વિવક્ષામાં નૈગમપણું હોવા છતાં, તે બંનેનું એકાન્તે ભેદથી કથન નયાભાસરૂપ થાય. માટે કહે છે કે- 'आत्मवृत्ति'ति ।

○ 'કાઠિન્યવાળું દ્રવ્ય પૃથિવી છે,' ઇત્યાદિ સ્થળમાં કાઠિન્યવાળુ દ્રવ્ય અને પૃથિવીરૂપ બંને ધર્મીના સર્વથા પૃથક્પણાના કથનમાં નૈગમાભાસ છે. માટે કહે છે-'काठिन्ये'ति ।

○ 'રૂપવાળું દ્રવ્ય મૂર્ત્ત છે,' ઇત્યાદિ સ્થળમાં રૂપવાળું દ્રવ્ય અને મૂર્તરૂપ બંને ધર્મીના સર્વથા ભેદના અભિપ્રાયમાં નૈગમાભાસ છે. માટે કહે છે કે-'रूपवदि'ति ।

○ 'પર્યાયવાળું દ્રવ્ય વસ્તુ છે'-આવા સ્થળમાં તે પ્રમાણે-પૂર્વની માફક સમજવું. માટે કહે છે કે-'पर्यायवदि'ति ।

○ 'જ્ઞાનવાળો આત્મા છે'-'નિત્ય સુખી મુક્ત છે'-'ક્ષણિક સુખી વિષયાસક્ત જીવ છે,' ઇત્યાદિ ધર્મ અને ધર્મીના ઉભય વિષયવાળા સ્થળમાં સર્વથા ભેદના અભિપ્રાયમાં નૈગમાભાસપણું છે. માટે કહે છે કે-'ज्ञाने'ति ।

○ કોનું દર્શન આ નયાભાસરૂપ છે ? આના જવાબમાં કહે છે કે-'वैशेषिके'ति ।

सङ्ग्रहाभासमाचष्टे –

परसामान्यमपरसामान्यं वाभ्युपगम्य तद्विशेषनिराकरणाभिप्रायस्सङ्ग्रहनयाभासः । यथा जगदिदं सदेव तद्व्याप्यधर्मानुपलम्भादिति । अद्वैतसांख्यदर्शने एतदाभासरूपे । एवं द्रव्यमेव तत्त्वं तद्विशेषाणामदर्शनादित्यादयोऽभिप्रायविशेषाः ॥ १८ ॥

परसामान्यमिति । स्पष्टम्, दृष्टान्तमाह यथेति, तद्व्याप्येति, ततः पृथग्भूतानां तद्व्याप्यानां विशेषधर्माणामदर्शनादिति हेतुना विशेषधर्मनिराकरणाभिप्रायस्य व्यक्ततया परसङ्ग्रहाभासत्वमिति भावः, अखिलान्यद्वैतदर्शनानि सांख्यदर्शनञ्चात्रान्तर्भवन्तीत्याहाद्वैतेति । अपरसङ्ग्रहाभासमाहैवमिति ॥

संग्रहाभास

ભાવાર્થ – "પરસામાન્ય કે અપરસામાન્યને સ્વીકારી તેના વિશેષના નિરાકરણનો અભિપ્રાય, એ 'સંગ્રહનયાભાસ. કહેવાય છે. જેમ આ જગત્ સત્ જ છે, કેમ કે-તેના વ્યાપ્યભૂત ધર્મોનું અદર્શન છે. અદ્વૈતદર્શન અને સાંખ્યદર્શન અપરસંગ્રહાભાસરૂપ છે. આ પ્રમાણે દ્રવ્યત્વ જ તત્ત્વ છે, કેમ કે-તેના વિશેષભૂત ધર્મ આદિ દ્રવ્યોનું અદર્શન છે. ઇત્યાદિ અપરસંગ્રહાભાસ આદિ અભિપ્રાયવિશેષ છે."

વિવેચન – સ્પષ્ટ છે. દૃષ્ટાન્તને કહે છે કે-'यथे'ति, 'तद्व्याप्ये'ति । તે સત્તાનામક તત્ત્વથી પૃથગ્ભૂત તેના વ્યાપ્યભૂત વિશેષોનું અદર્શન છે. એવા હેતુથી વિશેષધર્મ નિરાકરણના અભિપ્રાયનું વ્યક્તરૂપે પરસંગ્રહાભાસપણું છે એવો ભાવ છે. આ પરસંગ્રહાભાસમાં સમસ્ત અદ્વૈતદર્શનો અને સાંખ્યદર્શન અંતર્ભૂત થાય છે. માટે કહે છે કે-'अद्वैते'ति । અપરસંગ્રહાભાસને કહે છે કે 'एवमि'ति ।

व्यवहाराभासमाचष्टे —

काल्पनिकद्रव्यपर्यायाभिमन्ता व्यवहाराभासः । यथा चार्वाकदर्शनम्, तत्र हि काल्पनिकभूतचतुष्टयविभागो दृश्यते, प्रमाणसम्पन्नजीव द्रव्यपर्यायादिविभागस्तिरस्क्रियते ॥ १९ ॥

काल्पनिकेति । अपारमार्थिकद्रव्यपर्यायविभागाभिप्राय इत्यर्थः । उदाहरति यथेति, चार्वाको हि प्रमाणप्रतिपन्नं जीवद्रव्यपर्यायादिप्रविभागं कल्पनारोपितत्वेनापह्नुत्याविचारितरमणीयं भूतचतुष्टयप्रविभागमात्रं स्थूललोकव्यवहारानुयायितया समर्थयतीत्याशयमाह तत्र हीति चार्वाकदर्शने हीत्यर्थः ॥

व्यवहाराभास

भावार्थ – "काल्पनिक द्रव्य अने पर्यायने माननारो 'व्यवहाराभास' कहेवाय छे. जेम के- चार्वाकदर्शन. खरेखर, ते चार्वाकदर्शनमां काल्पनिक चार भूतोनो विभाग देखाय छे. प्रमाणसंपन्न जीवना द्रव्यपर्यायादिना विभागनो तिरस्कार कराय छे."

विवेचन – अपारमार्थिक (अप्रमाणिक) द्रव्यपर्यायना विभागना अभिप्रायवाळो 'व्यवहारनयाभास' कहेवाय छे. ઉ.त. खरेखर, चार्वाक, प्रमाणप्रतिपन्ना (प्रामाणिक) जीवना द्रव्यपर्याय आदि विभागनो कल्पनाथी आरोपित होई अपह्नव करी नथी विचार्युं. त्यां सुधी रमणीयभासता चार भूतोना प्रविभाग मात्रने स्थूल लोकव्यवहारनो अनुयायी होई समर्थन करे छे. आवा आशयथी कहे छे के-'तत्रही'ति । खरेखर, ते चार्वाकदर्शनमां ईत्यादि.

ऋजुसूत्रनयाभासमाह —

कालत्रयस्थायिपदार्थव्युदसनपूर्वकं वर्त्तमानक्षणमात्रवृत्तिपर्यायावलम्बनाभिप्राय ऋजुसूत्रनयाभासः । यथा बौद्धदर्शनम्, बुद्धो हि क्षणमात्रस्थायिनमेव पदार्थं प्रमाणतया स्वीकरोति, तदनुगामिप्रत्यभिज्ञाप्रमाणसिद्धमेकं स्थिरभूतं द्रव्यं नाभ्युपैति ॥ २० ॥

कालत्रयेति । उदाहरति यथेति, तथागतो हि प्रतिक्षणविनश्वरपर्यायानेव पारमार्थिकतया समर्थयते तदनुगामि तु प्रत्यभिज्ञादिप्रमाणसिद्धं नित्यं द्रव्यं तिरस्कुरुतेऽतस्तन्मतमृजुसूत्राभास इत्याह बुद्धो हीति ॥

ऋजुसूत्रनयाभास

भावार्थ – "त्रणेय कालमां रहेनार द्रव्यरूप पदार्थना खंडनपूर्वक, वर्तमान क्षण मात्र वृत्ति पर्यायना अवलंबनना अभिप्रायवाळो 'ऋजुसूत्रनयाभास' कहेवाय छे. जेम के-बौद्धदर्शन. खरेखर, बुद्ध क्षण मात्र

સ્થાયી જ પદાર્થને પ્રમાણરૂપે સ્વીકારે છે. તેને અનુસરનાર પ્રત્યભિજ્ઞાનરૂપ પ્રમાણથી સિદ્ધ એક સ્થિરભૂત દ્રવ્યને સ્વીકારતો નથી."

વિવેચન – ઋજુસૂત્રનયાભાસનું ઉદાહરણ આપે છે કે-'यथे'ति । ખરેખર, બુદ્ધ ક્ષણે ક્ષણે વિનાશી પર્યાયોને જ પારમાર્થિકરૂપે માને છે. તે પર્યાયાનુગામી (તે પર્યાયોના આધારભૂત) પ્રત્યભિજ્ઞાન આદિ પ્રમાણથી પ્રસિદ્ધ નિત્ય (ત્રિકાળસ્થાયી) દ્રવ્યનો તિરસ્કાર કરે છે, માટે આ મત ઋજુસૂત્રનયાભાસરૂપ છે. એટલે કહે છે કે-बुद्धोही'ति ।

शब्दानयाभासमाह –

कालादिभेदेन शब्दस्य भिन्नार्थवाचित्वमेवेत्यभेदव्युदसनाभिप्रायः शब्दनयाभासः । यथा बभूव भवति भविष्यति सुमेरुरित्यादौ भूतवर्त्तमानभविष्यत्कालीनान् भिन्नभिन्नानेव प्रमाणविरुद्धान् रत्नसानून भिदधति तत्तच्छब्दा इत्याद्यभिप्रायः ॥ २१ ॥

कालादिभेदेनेति । दृष्टान्तमाह यथेति, भिन्नकालशब्दात्तादृक्सिद्धान्यशब्दवद्बभूव भवति भविष्यति सुमेरुरित्यादयः शब्दा भिन्नार्थमेवाभिदधति इत्येवं प्रमाणविरुद्धाभिप्रायत्वाच्छब्दाभास इति भावः ॥

शब्दनयाभास

ભાવાર્થ – "કાળ આદિના ભેદથી શબ્દોનો અર્થભેદ જ છે, એમ અભેદના ખંડનનો અભિપ્રાય, એ 'શબ્દનયાભાસ' કહેવાય છે. જેમ કે-સુમેરૂ થયો છે અને થશે. ઇત્યાદિમાં ભૂત-ભવિષ્ય-વર્ત્તમાનકાળવર્તી અલગ અલગ પ્રમાણથી વિરુદ્ધ તે તે શબ્દો મેરૂપર્વતને કહે છે. ઇત્યાદિ અભિપ્રાય."

વિવેચન – દૃષ્ટાન્તને કહે છે કે-'यथे'ति । ભિન્ન કાળવાળો શબ્દ હોઈ, તેવા સિદ્ધ શબ્દની માફક 'થયો છે, હશે મેરૂ' ઇત્યાદિ શબ્દો અર્થના ભેદને કહે છે. માટે આ પ્રમાણે પ્રમાણથી વિરૂદ્ધ અભિપ્રાય હોવાથી 'શબ્દાભાસ' કહેવાય છે.

समभिरूढनयाभासमाह –

पर्यायशब्दानां निरुक्तिभेदेन भिन्नार्थत्वमेव न त्वर्थगतोऽभेदोऽपीति योऽभिप्रायः स समभिरूढनयाभासः । यथा शक्रपुरन्दरेन्द्रशब्दानां भिन्नाभिधेयत्वमेव भिन्नशब्दत्वादित्यभिप्रायः ॥ २२ ॥

पर्यायशब्दानामिति । दृष्टान्तमाह यथेति, करिकुरङ्गशब्दवद्भिन्नशब्दत्वाच्छक्रादिशब्दानां भिन्नार्थत्वमेव न त्वेकार्थतेत्यभिप्रायः समभिरूढनयाभास इति भावः ॥

સમભિરૂઢનયાભાસ

ભાવાર્થ – "પર્યાયવાચક શબ્દોનો વ્યુત્પત્તિના ભેદથી અર્થનો ભેદ જ છે, અર્થગત અભેદ પણ નથી. આવો જે અભિપ્રાય, તે 'સમભિરૂઢનયાભાસ' છે. જેમ શક્ર-પુરન્દર-ઈન્દ્ર આદિ શબ્દોનો અર્થભેદ જ, કેમ કે-ભિન્ન શબ્દ છે. એવો એવો અભિપ્રાય."

વિવેચન – દૃષ્ટાન્તને કહે છે કે-'યથે'તિ કરી-કુરંગ-તુરંગ શબ્દની માફક ભિન્ન શબ્દ હોવાથી શક્ર આદિ પર્યાયશબ્દોનો અર્થભેદ જ છે, પરંતુ એક અર્થ નહિ. આવો અભિપ્રાય, એ 'સમભિરૂઢનયાભાસ' કહેવાય છે.

एवम्भूतनयाभासमाह –

प्रवृत्तिनिमित्तक्रियाविरहितमर्थं शब्दवाच्यतया सर्वथाऽनभ्युपगच्छन्नभिप्रायविशेष एवम्भूतनयाभासः । यथा घटनक्रियाविरहितघटादेर्घटादिशब्दवाच्यत्वव्युदासाभिप्राय इति ॥ २३ ॥

प्रवृत्तिनिमित्तेति । स्वव्युत्पत्तिनिमित्तक्रियाविशिष्टं वस्तु ध्वनिवाच्यतया प्रतिजानानोऽपि यः परामर्शस्तदनाविष्टं तदवाच्यतया प्रतिक्षिपति न तूपेक्षते स एवम्भूतनयाभास इति भावः, व्युत्पत्तिनिमित्तस्यैव प्रवृत्तिनिमित्तत्वमस्य मतमिति द्योतयितुं प्रवृत्तिनिमित्तेत्युक्तम् । निदर्शनमस्याह यथेति, एवमेव द्रव्यमात्रग्राही पर्यायप्रतिक्षेपी द्रव्यार्थिकाभासः, पर्यायमात्रग्राही द्रव्यप्रतिक्षेपी पर्यायार्थिकाभासः, अर्थाभिधायी शब्दप्रतिक्षेपी अर्थनयाभासः, शब्दाभिधाय्यर्थप्रतिक्षेपी शब्दनयाभासः, अर्पितमभिदधानोऽनर्पितं प्रतिक्षिपन्नर्पितनयाभासः, अनर्पितमभिप्रायन्नर्पितं प्रतिक्षिपन्नर्पितनयाभासः, एवमेव निश्चयनयाभासादिकं भाव्यम् ॥

ननु यद्येकैकधर्मसमर्थनपरायणाश्शेषधर्मतिरस्कारिणोऽभिप्राया दुर्नयतां[1] प्रतिपद्यन्ते तदा वचनमप्येकधर्मकथनद्वारेण प्रवर्त्तमानं सावधारणत्वाच्छेषधर्मप्रतिक्षेपकार्य्यलीकमापद्यते[2], ततश्चानन्तधर्माध्यासितवस्तुसन्दर्शकमेव वचनं यथावस्थितार्थप्रतिपादकत्वात्सत्यम् न चैवं वचनप्रवृत्तिः, घटोऽयं शुक्लो मूर्त्त इत्याद्येकैकधर्मप्रतिपादननिष्ठतया व्यवहारे शब्दप्रयोगदर्शनात्, सर्वधर्माणां यौगपद्येन वक्तुमशक्यत्वात्, तदभिधायकानामप्यानन्त्यात् । न चैकैकधर्मसन्दर्शकत्वेऽप्यमूनि वचनान्यलीकानि वक्तुं पार्यन्ते, समस्तशाब्दव्यवहारोच्छेदप्रसङ्गात् । तदलीकत्वे ततः प्रवृत्त्यसिद्धेश्चेति चेदत्रोच्यते, द्विविधा वस्तुप्रतिपादकाः लौकिकास्तत्त्वचिन्तकाश्चेति, अर्थित्वेन प्रत्यक्षादिप्रसिद्धमर्थं लौकिकास्तावन्मध्यस्थभावेन व्यवहारकाले

१. तादृशपदार्थाप्रसिद्धया निरालम्बनत्वादिति भावः ॥ २. सर्वं वाक्यं सावधारणमिति न्यायादिति ॥

व्यपदिशन्ति, नीलमुत्पलं सुगन्धि कोमलमिति, न तु तद्धर्मिगतधर्मान्तरग्रहणनिराकरणयोरादियन्ते, अनर्थित्वात्, तावतैव विवक्षितव्यवहारपरिसमाप्तेः । न च तद्वचनानामलीकता, शेषधर्मान्तरानिराकरणात् तथात्व एवालीकत्वात् । न च सर्वं वचनं सावधारणमिति न्यायेन तेषामपि वचनानामितरधर्मतिरस्कारत्वसिद्धेरलीकत्वमेव स्यादिति वाच्यम्, अवधारणस्य तदसंभवमात्रव्यवच्छेदे व्यापारात्, अनेकपुरुषसम्पूर्णे सदसि द्वारादौ स्थितस्य किमत्र देवदत्तस्समस्ति नास्तीति वा दोलायमानबुद्धेः केनचिदभिधीयते यथा देवदत्तोऽस्तीति । अत्र यद्यप्युपन्यस्तत्पदद्वयस्य सावधारणता गम्यते, अन्यथा तदुच्चारणवैयर्थ्यप्रसङ्गात्, तथाप्यवधारणं तदसंभवमात्रं व्यवच्छिनत्ति न शेषपुरुषान्तरान् । नापि पररूपेण नास्तित्वं, तद्व्यवच्छेदाभिप्रायेण प्रस्तुतवाक्याप्रयोगात्, प्रयोक्तुरभिप्रायादिसापेक्षतयैव शब्दस्य स्वार्थप्रतिपादनसामर्थ्यात् । न च वाच्यवाचकभावसम्बन्धानर्थक्यम्, तदभावे प्रयोक्त्रभिप्रायादिमात्रेण नियोक्तुमशक्यत्वात् । न च समस्तधर्मयुक्तमेव वस्तु प्रतिपादयद्वचनं सत्यमभिदध्महे, येनैकैकधर्मालिङ्गितवस्तुसन्दर्शकानामलीकता स्यात्, किन्तु सम्भवदर्थप्रतिपादकं सत्यमिति, सम्भवन्ति च शेषधर्माप्रतिक्षेपे वचनगोचरापन्ना धर्माः, तस्मात्तत्प्रतिपादकं सत्यमेव । यदा तु दुर्नयमताभिनिविष्टबुद्धिभिस्तीर्थान्तरीयैस्तद्धर्मिगतधर्मान्तर निराकरणाभिप्रायेणैव सावधारणं तत्प्रयुज्यते यथा नित्यमेव वस्तु अनित्यमेव वेत्यादि, तदा निरालम्बनत्वादलीकतां प्राप्नुवत्केन वार्येत । तत्त्वचिन्तकाः पुनः प्रत्यक्षादिप्रमाणसिद्धमनेकान्तात्मकं वस्तु दर्शयन्तो द्वेधा दर्शयेयुः सकलादेशेन विकलादेशेन वा, तत्र विकलादेशो नयाधीनः, सकलादेशः प्रमाणाधीनः । मध्यस्थभावेन ह्यर्थित्ववशात्कञ्चिद्धर्मं प्रतिपिपादयिषवश्शेषधर्मस्वीकारनिराकरणविमुखया धिया वाचं प्रयुञ्जते तदा तत्त्वचिन्तका अपि लौकिकवत्संमुग्धाकारतयाऽऽचक्षते जीवोऽस्ति कर्त्ता भोक्ता प्रमातेत्यादि । अतस्सम्पूर्णवस्तुप्रतिपादनाभावद्विकलादेशोऽभिधीयते । यदा तु प्रमाणव्यापारमविकलं परामृश्य प्रतिपादयितुमभिप्रयन्ति तदाऽङ्गीकृतगुणप्रधानभावा अशेषधर्मसूचककथञ्चित्पर्यायस्याच्छब्दभूषितया सावधारणया वाचा दर्शयन्ति स्यादस्त्येव जीव इत्यादिकया । अतोऽयं स्याच्छब्दसंसूचिताभ्यन्तरीभूतानन्तधर्मकस्य साक्षादुपन्यस्तजीवशब्दक्रियाभ्यां प्रधानीकृतात्मभावस्यावधारणव्यवच्छिन्नतदसम्भवस्य वस्तुनस्सन्दर्शकत्वात्सकलादेश उच्यते । तस्मान्नयप्रमाणाभिज्ञः स्याद्वादी सकलादेशविकलादेशावधिकृत्य यद्यद् ब्रूते तत्तत्सत्यं दुर्नयमतावलम्बिनो यद्यदाचक्षते तत्तदलीकमिति ॥

એવંભૂતનયાભાસ

ભાવાર્થ – "પ્રવૃત્તિના નિમિત્તભૂત ક્રિયાથી વિરહિત અર્થને શબ્દવાચ્યરૂપે સર્વથા નહિ સ્વીકાર કરનાર, વિશિષ્ટ અભિપ્રાય 'એવંભૂતનયાભાસ' કહે છે. જેમ ઘટનરૂપ ક્રિયાથી વિરહિત ઘટ આદિમાં ઘટ આદિ શબ્દવાચ્યત્વના ખંડનનો અભિપ્રાય."

વિવેચન – સ્વ(શબ્દ)ની વ્યુત્પત્તિમાં નિમિત્તભૂત ક્રિયાથી વિશિષ્ટ વસ્તુ, શબ્દથી વાચ્યરૂપે માનનારો પણ પરામર્શ, તેનાથી વિરહિત તે વસ્તુને અવાચ્યરૂપે તિરસ્કાર કરે છે પરંતુ ઉપેક્ષા કરતો નથી. તે 'એવંભૂતનયાભાસ' છે.

○ વ્યુત્પત્તિનિમિત્તમાં જ પ્રવૃત્તિનિમિત્તપણું છે, આવો આ નયનો મત છે. એમ બતાવવા માટે 'પ્રવૃત્તિનિમિત્ત' એમ કહેલ છે. દૃષ્ટાન્તને કહે છે કે-'यथे'ति ।

○ એ પ્રમાણે દ્રવ્ય માત્રનું ગ્રહણ કરનારો, પર્યાયનો તિરસ્કાર કરનારો 'દ્રવ્યાર્થિકનયાભાસ.'

○ પર્યાય માત્રને ગ્રહણ કરનારો, દ્રવ્યનો તિરસ્કાર કરનારો 'પર્યાયાર્થિકાભાસ.'

○ અર્થને કહેનારો, શબ્દનો તિરસ્કર્તા 'અર્થનયાભાસ.'

○ શબ્દને કહેનારો, અર્થનો તિરસ્કર્તા 'શબ્દનયાભાસ.'

○ અર્પિતને કહેનારો, અનર્પિતનો તિરસ્કર્તા 'અર્પિતનયાભાસ.'

○ અનર્પિતને કહેનારો, અર્પિતનો તિરસ્કર્તા 'અનર્પિતનયાભાસ.'

○ લોકવ્યવહારને સ્વીકારનારો, તત્ત્વનો તિરસ્કર્તા 'વ્યવહારાભાસ.'

○ તત્ત્વને સ્વીકારનારો, વ્યવહારનો તિરસ્કર્તા 'નિશ્ચયાભાસ.'

○ જ્ઞાનને સ્વીકારનારો, ક્રિયાનો તિરસ્કર્તા 'જ્ઞાનનયાભાસ.'

○ ક્રિયાને સ્વીકારનારો, જ્ઞાનનો તિરસ્કર્તા 'ક્રિયાનયાભાસ.'

પૂર્વપક્ષ – જ્યારે એક એક ધર્મના સમર્થનમાં પરાયણ, બાકીના ધર્મનો તિરસ્કાર કરનારા અભિપ્રાયો દુર્નયતાને (નયાભાસપણાને) પામે છે, ત્યારે વચન પણ એક ધર્મના કથનદ્વારા પ્રવર્તતું સાવધારણ (સઘળું વાક્ય સાવધારણ-જકાર આત્મક છે, એવો ન્યાય હોવાથી નિશ્ચય આત્મક છે.) હોઈ શેષ ધર્મનો તિરસ્કારકારી અસત્ય થાય છે અને તેથી અનન્ત ધર્મોથી વિશિષ્ટ વસ્તુ સંદર્શક જ વચન યથાવસ્થિત અર્થનું પ્રતિપાદક હોઈ સત્ય છે. પરંતુ આવી રીતે વચનની પ્રવૃત્તિ નથી, કેમ કે-આ ઘટ શુકલ છે, મૂર્ત્ત છે, ઇત્યાદિ એક એક ધર્મના પ્રતિપાદનમાં પરાયણ હોઈ વ્યવહારમાં શબ્દના પ્રયોગનું દર્શન છે. સર્વ ધર્મોનું એકીસાથે કથન અશક્ય છે. તે સર્વ ધર્મોના વાચકશબ્દો અનન્ત છે. વળી એક ધર્મનું સંદર્શકપણું હોવા છતાં આ વચનો અસત્યરૂપે કહેવા માટે પાર પામી શકશે નહિ, કેમ કે-સમસ્ત શાબ્દિક વ્યવહારના ઉચ્છેદનો પ્રસંગ છે અને શાબ્દિક વ્યવહારનું અસત્યપણું થતાં પ્રવૃત્તિની અસિદ્ધિ છે.

ઉત્તરપક્ષ – વસ્તુના પ્રતિપાદકો-(૧) લૌકિક અને (૨) તત્ત્વચિંતકરૂપે બે પ્રકારના છે.

(૧) લૌકિક-અર્થિપણાની અપેક્ષાએ પ્રત્યક્ષ આદિથી પ્રસિદ્ધ અર્થને લૌકિકો મધ્યસ્થભાવથી વ્યવહારકાળમાં વ્યવહારવિષય કરે છે. જેમ કે-ઉત્પલ, નીલ છે. સુગંધવાળું કોમળ છે. ઇતિ. પરંતુ તે ઉત્પલ આદિ ધર્મીમાં રહેલ બીજા ધર્મોનું ગ્રહણ અને નિરાકરણમાં આદરવાળા થતાં નથી, કેમ કે-તેના અર્થી નથી. તેટલા માત્રથી વિવક્ષિત વ્યવહારની પૂર્ણતા છે.

૦ તેના વચનોની અસત્યતા નથી, કેમ કે-શેષ ધર્માન્તરોનું નિરાકરણ નથી. તથાપણામાં જ શેષ ધર્માન્તરોના નિરાકરણમાં જ અસત્યપણું છે.

શંકા – સઘળાંય વચનો જકારરૂપ છે. આવો ન્યાય હોવાથી તે વચનમાં પણ ઇતર ધર્મોનું તિરસ્કારપણાની સિદ્ધિથી અલીકપણું જ થશે ને ?

સમાધાન – અવધારણનો (જકારનો) તેના અસંભવ માત્રના વ્યવચ્છેદમાં વ્યાપાર (ઉપયોગ) છે. જેમ અનેક પુરુષોથી ભરાયેલી સભામાં બારણા આદિમાં ઉભેલાને કોઈ પૂછે છે કે-'દેવદત્ત છે કે નથી ?' આવી દોલાયમાન બુદ્ધિવાળાને કોઈએ કહ્યું કે-'દેવદત્ત છે.' જો કે અહીં ઉપન્યસ્ત પ્રશ્ન અને ઉત્તરરૂપ બે પદમાં સાવધારણતા ગમ્યમાન છે. અન્યથા, તેના ઉચ્ચારણની નિરર્થકતાના પ્રસંગ છે. તો પણ અવધારણ તેના અસંભવ માત્રનો વ્યવચ્છેદ કરે છે, પરંતુ ત્યાં રહેલા બીજા પુરુષોનો વ્યવચ્છેદ કરતો નથી.

૦ અહીં એવકાર 'પરરૂપથી નાસ્તિત્વ છે'-એમ જણાવતો નથી, કેમ કે-તેના વ્યવચ્છેદના અભિપ્રાયથી પ્રસ્તુત વાક્યનો પ્રયોગ નથી. પ્રયોગ કરનારની અભિપ્રાય આદિની અપેક્ષાથી જ શબ્દમાં સ્વાર્થપ્રતિપાદનનું સામર્થ્ય છે.

૦ વળી વાચ્યવાચકભાવના સંબંધનું નિરર્થકપણું નથી, કેમ કે-તે વાચ્યવાચકભાવ સંબંધના અભાવમાં પ્રયોક્તાના અભિપ્રાય આદિ માત્રથી નિયોગ (પ્રયોગ) કરી શકાતો નથી.

૦ સમસ્ત ધર્મયુક્ત જ વસ્તુને પ્રતિપાદન કરતા વચનને અમે સત્ય કહેતા નથી, કે જેથી એક ધર્મવિશિષ્ટ વસ્તુના સંદર્શક વચનોની અસત્યતા થાય ! પરંતુ સંભવત્ (વિદ્યમાન) અર્થનું પ્રતિપાદક વચન સત્ય છે ઇતિ.

૦ વળી શેષ ધર્મોના તિરસ્કાર વગર વચનના વિષયમાં આવેલા ધર્મો હોય છે, તેથી વિદ્યમાન અર્થનું પ્રતિપાદક વચન સત્ય જ છે, જ્યારે દુર્નયમતમાં આગ્રહી બુદ્ધિવાળા જૈનેતરોવડે તે તે ધર્મીમાં રહેલ ધર્માન્તરના ખંડનના અભિપ્રાયથી જ સાવધારણ (જકારવાળું) તે વચન પ્રયોગવાળું કરાય છે. જેમ કે-'નિત્ય જ વસ્તુ' અથવા 'અનિત્ય જ વસ્તુ' ઇત્યાદિ. ત્યારે તેવા પદાર્થની અપ્રસિદ્ધિ હોવાથી નિરાધાર હોઈ અસત્યતાને પ્રાપ્ત થતું તે એકાન્ત વચન કોણ વારી શકે એમ છે ?

(૨) તત્ત્વચિંતક-વળી તત્ત્વચિંતકો તો, પ્રત્યક્ષ આદિ પ્રમાણથી સિદ્ધ અનેકાન્ત આત્મક વસ્તુને દર્શાવતાં, સકલ આદેશથી કે વિકલ આદેશથી-એમ બે પ્રકારે દર્શાવી શકે છે. ત્યાં વિકલ આદેશ નયને આધીન છે, સકલ આદેશ પ્રમાણને આધીન છે. ખરેખર, મધ્યસ્થભાવથી અર્થિપણાની અપેક્ષાએ જ્યારે કોઈ એક ધર્મને પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળાઓ શેષ ધર્મના સ્વીકાર અને નિરાકરણથી વિમુખ બુદ્ધિથી વાણીનો પ્રયોગ કરે છે, ત્યારે તત્ત્વચિંતકો પણ લૌકિકની માફક સંમુગ્ધ આકારપણાએ કહે છે કે-'જીવ છે,

કર્ત્તા છે, ભોક્તા છે અને પ્રમાતા છે.' ઇત્યાદિ. એથી સંપૂર્ણ વસ્તુના પ્રતિપાદનનો અભાવ હોવાથી વિકલાદેશ કહેવાય છે. જ્યારે સંપૂર્ણ (અવિકલ) પ્રમાણના વ્યાપારનો પરામર્શ કરી પ્રતિપાદન કરવાનો અભિપ્રાય કરે છે, ત્યારે ગુણપ્રધાનભાવનો અંગીકાર કરનારી, સમસ્ત ધર્મસૂચક કથંચિત્ એવા બીજા પર્યાયવાળા શબ્દથી ભૂષિત સાવધારણ (જકારવાળી) 'स्यात् अस्त्येवः जीवः' ઇત્યાદિ આકારવાળી વાણીવડે દર્શાવે છે.

○ એથી આ स्यात् શબ્દથી સંસૂચિત, અભ્યંતરીભૂત (અંદરમાં રહેલ) અનંતધર્મવાળી, સાક્ષાત્ ઉપન્યસ્ત (ઉલ્લેખિત) જીવ શબ્દ અને ક્રિયાથી પ્રધાનરૂપે કરેલ આત્મભાવવાળી તથા તેના અસંભવનો અવધારણથી (જકારથી) વ્યવચ્છેદ કરનારી વસ્તુનો સંદર્શક હોવાથી 'સકલાદેશ' કહેવાય છે.

○ તેથી નય અને પ્રમાણનો જાણકાર સ્યાદ્વાદી સકલ આદેશ અને વિકલ આદેશને ઉદ્દેશીને જે જે બોલે છે, તે તે સત્ય છે. દુર્નયમતના અવલંબીઓ જે જે બોલે છે, તે તે અસત્ય છે એમ જાણવું.

तदेवं नयस्य लक्षणान्यभिधायाधुना तस्य फलं स्फुटयति –

नयस्येदृशस्य वस्त्वेकदेशस्याज्ञाननिवृत्तिरनन्तरफलम् । परम्परफलन्तु वस्त्वेकदेशविषयकहानोपादानोपेक्षाबुद्धयः । उभयविधमपि फलं नयात्कथञ्चिद्भिन्नाभिन्नं विज्ञेयम् । इति नयनिरूपणम् ॥ २४ ॥

नयस्येदृशस्येति । प्रोक्तस्वरूपनयस्येत्यर्थः । नयस्य प्रमाणैकदेशत्वाद्वस्त्वंशग्राहित्वाच्च वस्त्वंशस्य यदज्ञानं तन्निवृत्तिरव्यवहितं फलमिति भावः । पारम्पर्यं फलमादर्शयति परम्परेति, यथा प्रमाणस्य सर्ववस्तुविषयकहानोपादानोपेक्षाबुद्धयः परम्परं फलं तथा नयस्यापि वस्त्वंशविषयकहानोपादानोपेक्षा बुद्धयः परम्परफलत्वेनावधारणीया इति भावः । तदिदं नयस्य द्विविधमपि फलं ततः कथञ्चिद्भिन्नमभिन्नञ्च नयफलत्वान्यथानुपपत्तेरित्याहोभयविधमपि फलमिति, साक्षात्परम्परं फलञ्चेत्यर्थः । नयविचारविशेषफलन्तु यो निक्षेपनयप्रमाणतोऽर्थं सूक्ष्मेक्षिकया न परिभावयति तस्याविचारितरमणीयतयाऽयुक्तं युक्तं युक्तं वाऽयुक्तं प्रतिभात्यतस्तदपनोदनाय तद्विचारः कर्त्तव्यः, तथा सर्वथाऽनित्यत्वादिप्रतिपादकबौद्धादिपरसमयस्य ऋजुसूत्रनयविधिज्ञेन तत्प्रतिपक्षभूतनित्यत्वादिप्रतिपादकद्रव्यास्तिकनयतो निराकरणाय, स्वसमये वाऽज्ञानद्वेषादिदोषकलुषितेन परेण दोषबुद्ध्या किमपि जीवादिकं वस्तु परिगृहीतं तदपि नयविधिज्ञेन नयोक्तिभिर्गुणरूपतया स्थापनाय नयविचारः कर्त्तव्यः तथा दृष्टिवादे सर्वार्थप्ररूपणा सूत्रार्थवर्णना च सर्वनयैः क्रियत इति ॥

पदार्थानां प्रतिविशिष्टज्ञानोत्पत्त्यर्थं शास्त्रे निक्षेपा नामादिनयरूपा उक्तास्तान् सप्तनयेष्वन्तर्भावयितुं संक्षेपेण ते निरूप्यन्ते । निक्षिप्यते शास्त्रमध्ययनोद्देशादिकञ्च नामस्थापना-

द्रव्यादिभेदैर्व्यवस्थाप्यतेऽनेनास्मिन्नस्माद्वेति निक्षेपः, प्रकरणादिवशेनाप्रतिपत्त्यादिव्यवच्छेदक-यथास्थानविनियोगाय शब्दार्थरचनाविशेषो निक्षेपः । मङ्गलादिपदार्थनिक्षेपान्नाममङ्गलादिवि-नियोगोपपत्तेश्च निक्षेपाणां फलवत्त्वम्, अप्रस्तुतार्थापाकरणात्प्रस्तुतार्थव्याकरणाच्च निक्षेपः फलवानित्यभियुक्तोक्तेः[1] । स जघन्यतोऽपि चतुर्विधः नामस्थापनाद्रव्यभावभेदात् । अन्यार्थे स्थितोऽपि स्वार्थनिरपेक्षस्समानार्थकशब्दानभिधेयो विवक्षितार्थसङ्केतवान् नामनिक्षेपः । यथा सङ्केतितमात्रेणान्यार्थस्थितेनेन्द्रादिशब्देन गोपालदारकोऽभिधीयते, स च गोपालदारको नेन्द्र-समानार्थकशक्रादिपर्यायशब्दाभिधेयोऽतो गोपालदारकादौ इन्द्राद्यभिधानं यत् क्रियते तन्नाम भण्यते । यद्यपि समानार्थकशब्दानभिधेयत्वं गोपालदारकगतधर्म एव तथापि नाम्न्युपचरितो-ऽवसेयः ॥ अन्यत्रावर्त्तमानमपि यदृच्छयैवमेव गोपालदारकादेर्डित्थोडवित्थ इत्याद्यभिधानं क्रियते तदपि नामेति सूचयितुमन्यार्थे स्थितोऽपीत्यत्रापिशब्दः । तदिदं नाम द्विविधं यावद्-द्रव्यभाव्ययावद्द्रव्यभावि चेति, मेरुद्वीपसमुद्रादिनाम यावद्द्रव्यभावि यावत्तच्छब्दवाच्य-द्रव्यावस्थानं तावत्तत्तन्नाम्नो वृत्तेः । देवदत्तादिनाम तु न यावत्तद्वाच्यद्रव्यावस्थानमवतिष्ठते, अपरापरनामपरावर्त्तस्य लोके दर्शनात्, ततस्तन्नामायावद्द्रव्यभाव्युच्यते । अपिशब्दो-ऽन्यस्यापि समुच्चायकस्तेन पुस्तकपत्रचित्रादिलिखितस्य वस्त्वभिधानभूतेन्द्रादिवर्णावली-मात्रस्य सङ्ग्रहः[2] ॥ सद्भूतार्थाध्यवसायेन सद्भूतार्थशून्यं सद्भूतार्थसमानाकारं निराकारं वा-ऽल्पकालीनं यावत्कथिकं वा यद्वस्तु स्थाप्यते सा स्थापना । यथा सद्भूतेन्द्रसमानाकारं चित्रलेप्यकाष्ठपाषाणादिषु, अक्षादिषु निराकारमिन्द्रस्थापनम्, एतच्चेत्वरकालम् । नन्दीश्वर-चैत्यप्रतिमादि तु यावत्कथिकम् । अत्र केचित्स्थापनामत्यन्तानुपयोगिनी मन्वते तदतीव तुच्छम् । नामादिवत्स्थापनाया अप्युपकारित्वात्[3] । यदि भगवदादीनां स्थापनाऽनुपकारिणी स्यान्नाम-

१. निक्षेपणं शास्त्रादेर्नामस्थापनादिभेदैर्न्यसनं स्थापनमिति वा निक्षेपः, सोऽयं जघन्यतोऽपि चतुर्विधो दर्शनीयः, यत्र तावन्नामस्थापनाद्रव्यक्षेत्रकालभवभावादिलक्षणा भेदा ज्ञाप्यन्ते तत्र तैस्सर्वैरपि वस्तु निक्षिप्यते, यत्र तु सर्वे भेदा न ज्ञायन्ते तत्रापि नामादिचतुष्टयेन वस्तु चिन्तनीयमेव, सर्वव्यापकत्वात्तस्य, नहि किमपि तादृशं वस्त्वस्ति यन्नामादिचतुष्टयं व्यभिचरतीति भावः ॥ २. ननु गङ्गायां घोष इत्यादौ गङ्गादिपदेन गङ्गातीराद्यभिधीयते, तत्र किं नामनिक्षेपस्य प्रवृत्तिर्निक्षेपान्तरस्य वा, नाद्यः, जाह्नव्यादिपर्यायशब्दाभिधेयत्वेन नामनिक्षेपाप्रवृत्तेः, न द्वितीयः प्रसिद्धनिक्षेपान्तराविषयेऽप्रसिद्धनिक्षेपकल्पने तदियत्ताक्षतिप्रसङ्गादिति चेन्न, यथापरिज्ञानं निक्षेपान्तर-कल्पनाया अप्यनुमतत्वेन दोषाभावात् । आभिप्रायिक्यास्थापनाया वैज्ञानिकस्य भावनिक्षेपस्य च स्वीकारे दोषा-भावात् । गङ्गापदेन तीरे गङ्गाभेदाभिव्यक्तिं विना गङ्गागतशैत्यपावनत्वादिधर्मयोगस्याभिव्यञ्जयितुमशक्यत्वात् । भाव-निक्षेपविषयाभेदव्यवहारौपयिकरूपरहितत्वविशेषणेनातिव्याप्तिविरहादिति ॥ ३. स्थापनाबुद्धेः स्थाप्यस्मृतिद्वारा स्थाप्यगतगुणप्रणिधानोद्रेकस्य तज्जन्यनिर्जरातिशयस्य वा फलत्वम् । स्थापनाविषये उत्कटदोषे प्रतिसन्धीयमाने तु न सा फलवतीति बोध्यम् ॥

स्मरणमप्युनुपकारि स्यात्, नाम्नः पुद्गलात्मकत्वेनात्मानुपकारित्वात् । न च नाम्नः स्मरणेन नामिस्मरणे तदुणसमापत्त्याऽस्ति फलमिति वाच्यम्, भगवत्प्रतिमादर्शनादपि सकलातिशायि-भगवद्गुणध्यानस्य सुतरां सम्भवात् । सिद्ध एव च बहूनां प्रतिमादर्शनाद्बोध्युदयोऽपि । न च नाम्नो नामिना सह वाच्यवाचकभावसम्बन्धोऽस्ति न स्थापनाया इति विशेष इति वाच्यम्, इतरनिक्षेपानिरूपकेण भावनिक्षेपेण सह नामस्थापनयोस्सम्बन्धाविशेषात् । वाच्यवाचक-भावसम्बन्ध एव ग्राह्यो न स्थाप्यस्थापकभाव इत्यत्र विनिगमकाभावात्, तस्मात्त्वया नाम-स्थापनाद्वयमेव भगवदध्यात्मोपनायकत्वाविशेषण वन्द्यं स्यात् द्वयमेव वा त्याज्यं स्यात्, अन्तरङ्गप्रत्त्यासत्त्यभावस्य तुल्यत्वात्, न चैतदिष्टम्, परेणापि नाम्नोऽङ्गीकारात् । तथा च स्थापना यद्यवन्द्या स्यात्तदा नामाप्यवन्द्यं स्यादिति विपर्यपर्यवसायकस्तर्कः, भावनिक्षेपो यद्यवन्द्य-स्थापनानिक्षेपप्रतियोगी स्यादवन्द्यनामनिक्षेपप्रतियोग्यपि स्यादित्य-निष्टप्रसञ्जकस्तर्को बोध्यः । तथा च निक्षेप्यमाणभावार्हतोऽभेदबुद्धेर्नामादित्रयमेव कारण-मागमप्रामाण्यात्स्वानुभवाच्च । एतेन भावनिक्षेपाध्यात्मोपनायकत्वेन नामादिनिक्षेपत्रयस्यार्हत्प्रतिमास्थापनानिक्षेपस्वरूपत्वे-नानादृतवतां भावनिक्षेपं पुरस्कुर्वतां मतं व्युदस्तम् । निक्षेपत्रयानादरे भावोल्लासस्यैव कर्तुम-शक्यत्वात्, शास्त्र इव नामादित्रये हृदयस्थिते सति भगवान् पुर इव परिस्फुरति, हृदयमिवानु-प्रविशति, तन्मयीभावमिवापद्यते, तेन सर्वकल्याणसिद्धिस्तस्माद्भावोल्लासस्तदधीनो नहि नैसर्गिक एव भावोल्लास इत्यस्ति जैनमत एकान्तः, सर्वव्यवहारविच्छेदप्रसङ्गात् । न च भावार्हदर्शनं भव्यानां यथा स्वगतफलं प्रत्यव्यभिचारि न तथा निक्षेपत्रयप्रतिपत्तिरिति तदनादर इति वाच्यम्, स्वगतफले स्वव्यतिरिक्तभावनिक्षेपस्याप्यव्यभिचारित्वाभावात्, नहि भावार्हन्तं दृष्ट्वा भव्या अभव्या वा प्रतिबुद्ध्यन्त इति । स्वगतभावोल्लासनिमित्तत्वन्तु समानं निक्षेप-चतुष्टयेऽपि एतेन स्वगताध्यात्मोपनायकतागुणेन वन्द्यत्वमपि चतुष्टयाविशिष्टमेव । शिरश्चरण-संयोगरूपवन्दनस्य भावभगवतोऽपि शरीर एव सम्भवात्, न त्वरूपे भावभगवति, आकाश इव तदसम्भवात् । भावसम्बन्धाच्छरीरसम्बद्धं वन्दनं भावस्यैवाऽऽयातीति तु नामादिष्वपि तुल्यमेव । न च महानिशीथे भावाचार्यस्य तीर्थकृत्तुल्यत्वमुक्तमतो निक्षेपत्रयस्या-किञ्चित्करत्वमिति भावनिक्षेपं पुरस्कुर्वतां कोऽपराध इति वाच्यम्, तद्वचनस्य परमशुद्ध-भावग्राहिनिश्चयनयविषयत्वात्, यन्मते ह्येकस्यापि गुणस्य त्यागे मिथ्यादृष्टित्वमिष्यते तन्मते निक्षेपान्तरानादरेऽपि नैगमादिनयवृन्देन नामादिनिक्षेपाणां प्रामाण्याभ्युपगमात्क इव व्यामोहो भवतः, सर्वनयसम्मतस्यैव शास्त्रार्थत्वात्, अन्यथा सम्यक्त्वचारित्रैक्यग्राहिणा निश्चयनयेना-

प्रमत्तसंयत एव सम्यक्त्वस्वाम्युक्तो न प्रमत्तान्त इति श्रेणिकादीनां बहूनां प्रसिद्धं सम्यकत्वं न स्वीकरणीयं स्यात्। एवञ्च 'जो जिणदिट्ठे भावे चउव्विहे सद्दहाइ सयमेव। सयमेव न णिहत्ति य स निओगरुईत्ति णायव्वो' इत्युत्तराध्ययनवचनाञ्चतुर्विधशब्दस्य नामस्थापनाद्रव्यभावभेदभिन्नत्वेन व्याख्यानिक्षेपचतुष्टयस्यापि यथौचित्येनाराध्यत्वमविरुद्धमिति ॥ अनुभूतस्यानुभविष्यमाणस्य वा पर्यायस्य योग्यं[१] यन्निक्षिप्यते स द्रव्यनिक्षेपः। यथाऽनुभूतेन्द्रपर्यायोऽनुभविष्यमाणेन्द्रपर्यायो वेन्द्रः, अनुभूतघृताधारत्वपर्यायेऽनुभविष्यमाणघृताधारत्वपर्याये वा घृतघटव्यप्रदेशवत्तत्रेन्द्रशब्दव्यपदेशोपपत्तेः। क्वचिदप्राधान्येऽपि द्रव्यनिक्षेपः प्रवर्त्तते यथाङ्गारमर्दको द्रव्याचार्यः, आचार्यगुणरहितत्वादप्रधानाचार्य इत्यर्थः। क्वचिदनुपयोगेऽपि, यथाऽनाभोगेनेहपरलोकाद्याशंसालक्षणेनाविधिना च भक्त्यापि क्रियमाणा जिनपूजादिका द्रव्यक्रिया एव, अनुपयुक्तक्रियायास्साक्षान्मोक्षाङ्गत्वाभावात्। भक्त्याऽविधिनापि सा क्रियमाणा पारम्पर्येण मोक्षाङ्गत्वापेक्षया द्रव्यतामश्नुते भक्तिगुणेनाविधिदोषस्य निरनुबन्धीकृतत्वात्॥ वक्तृविवक्षितक्रियानुभवयुक्तो भावो यो निक्षिप्यते स भावनिक्षेपः, यथेन्दनक्रियापरिणतो भावेन्द्र इति। ननु भावभिन्ननामादिषु त्रिषु नाम्नो भावार्थशून्यत्वेन स्थापनाया द्रव्यस्य चाविशेषेण वृत्तेर्विरुद्धधर्माध्यासाभावाच्च न कोऽपि भेद इति चेन्न, रूपान्तरेण विरुद्धधर्माध्याससम्भवेन भेदोपपत्तेः। स्थापनायां परिदृश्यमानानामाकाराभिप्रायबुद्धिक्रियाफलानां नाम्नि द्रव्ये चाभावात्, तथाहि स्थापनेन्द्रे लोचनसहस्रकुण्डलकिरीटशचीसन्निधानकरकुलिशधारणसिंहासनाध्यासनादिजनितातिशयो देहसौन्दर्यादिराकारो दृश्यते, स्थापनाकर्तुश्च सद्भूतेन्द्राभिप्रायो विलोक्यते, द्रष्टुश्च तदाकारदर्शनादिन्द्रबुद्धिरुपजायते, एनमुपसेवमानानां तद्भक्तिपरिणतबुद्धीनां नमस्करणादिक्रिया संवीक्ष्यते। प्रायेण पुत्रोत्पत्त्यादिकं फलञ्चोपलभ्यते, न च तथा नामेन्द्रे द्रव्येन्द्रे वा, तस्मात्ताभ्यां स्थापना[२]भेदः। द्रव्यमपि भावस्य कारणत्वात्ताभ्यां

१. लक्षणे योग्यता चैकभविकबद्धायुष्काभिमुखनामगोत्रभेदेन त्रिविधा, अतीतानागतौ च वर्त्तमानभवभावेन क्वचिदन्तररहितौ ग्राह्यौ, अन्यथाऽतीतानागतानन्तभवेष्वपि द्रव्यपदव्यपदेश्यप्रसङ्गस्स्यात्, वर्त्तमानभवस्थितो हि पुरस्कृतभवं पश्चात्कृतभवञ्चायुष्कर्म सद्द्रव्यतया स्पृशति, यथा प्रत्यूषसन्ध्यायामादित्यः पूर्वविदेहं भरतञ्च प्रदोषसन्ध्यायान्तु भरतमपरविदेहञ्चावभासयति। तीर्थङ्करनामकर्मघटितयोग्यतया तु नानाभवव्यवधानेनापि भवति, मरीचेर्द्रव्यतीर्थकरत्वप्रतिपादनात्। सुदूरव्यवहितानामपि द्रव्यतीर्थकृतां वन्द्यत्वप्रतिपादनस्य नानाभवसम्बन्धघटितयोग्यतां विनाऽनुपपत्तेश्चेति ॥ २. सूत्रबोधितबलवदनिष्टाननुबन्धीष्टसाधनताकतद्गतगुणस्मृतिजनकसंस्कारोद्बोधकाभिप्रायाकारान्यतरसंबंधवत्त्वं तत्स्थापनात्वम्। एवञ्च सादृश्यसम्बन्धस्य न स्थापनानिक्षेपनियामकत्वम्, असद्भावस्थापनोच्छेदप्रसङ्गात्। नाभिप्रायसम्बन्धस्यापि, नाम्न्यपि तस्य सुवचत्वेनातिप्रसङ्गादिति। अत एव द्रव्यलिङ्गिनि स्थापनाय न भावसाधुबुद्धिः, उत्कटदोषवत्त्वेन प्रतिसन्धीयमानस्य सादृश्याद्गुणवदनुस्मृतेः सूत्रबोधितबलवदनिष्टानुबन्धिनीत्वात्॥

भिन्नम्, यथाऽनुपयुक्तो वक्ता द्रव्यं कदाचिदुपयुक्तकाले भावस्योपयोगलक्षणस्य भवति कारणम्, सोऽपि वोपयोगलक्षणो भावस्तस्यानुपयुक्तवक्तृरूपस्य द्रव्यस्य पर्यायो भवति, यथा वा साधुजीवो द्रव्येन्द्रस्सन् भावेन्द्ररूपायाः परिणतेः कारणं भवति न तथा नामस्थापने । नामापि च स्थापनाद्रव्याभ्यां प्रोक्तवैधर्म्यादेव भिद्यते । यद्यपि पूर्वोदितप्रकारेणैषामभेदस्तथापि निरुक्तप्रकारेण भेदोऽपि सिद्ध एव । नहि दुग्धतक्रादीनां श्वेतत्वादिनाऽभेदेऽपि माधुर्याविनापि न भेदोऽनन्तधर्माध्यासितत्वाद्वस्तुन इति । ननु नामादि विचारे प्रक्रान्ते भाव एव वस्तु विवक्षितार्थक्रियासाधकत्वादुभयसम्मतवस्तुवत्, नहि भावेन्द्रवद्विवक्षितार्थसाधनसमर्था गोपाल-दारकाद्या नामेन्द्रादयोऽतः किमत्र भावार्थशून्यैर्नामादिभिरिति चेन्न, नामादीनामपि वस्तु-पर्यायत्वेन सामान्यतो भावत्वानतिक्रमात्ततः सिद्धसाधनम् । अविशिष्ट इन्द्रादिवस्तुन्युच्चरिते नामादिकं भेदचतुष्टयमपि प्रतीयत एव, किमनेन नामेन्द्रो विवक्षित आहोस्वित्स्थापनेन्द्र उत द्रव्येन्द्रो भावेन्द्रो वेति । अतस्सामान्येनेन्द्रवस्तुनश्चत्वारोऽप्यमी पर्याया भावविशेषा एव । अथ विशिष्टार्थक्रियासाधकं भावेन्द्रादिकं भावमाश्रित्य वस्तुत्वसाधनेऽपि न काचित्क्षतिः, भावेन्द्रा-देर्भावस्य विशिष्टक्रियानिर्वर्त्तकत्वे नामेन्द्रादिपर्यायाणामपि तद्रष्टव्यमेव । द्रव्यरूपतया पर्यायाणां परस्परमभेदात् । भावपरिणामनिमित्तभावाद्वा नामस्थापनाद्रव्याणां भावाङ्गतयोपयोगः, जिन-नामजिनस्थापनामुक्तिगतमुनिदेहदर्शनाद्भावोल्लासात् । केनचिदुच्चरितं हि जिननाम श्रुत्वा जिनप्रतिमास्वस्तिकादीनि प्रेक्ष्य परिनिर्वृतमुनिदेहं भविष्यद्यतिपर्यायं जनं वाऽवलोक्य च प्रायशस्सम्यग्दर्शनादिभावपरिणामो दृश्यते । अयन्त्वत्र विशेषो नामादित्रयमनैकान्तिकं समीहितसाधने निश्चयाभावादनात्यन्तिकञ्च कारणमात्यन्तिकप्रकर्षप्राप्ततथाविधविशिष्टफल-साधकत्वाभावात् । भावस्त्वैकान्तिकः, आत्यन्तिककारणञ्चातोऽभ्यर्हिततम इति । अयञ्च नामादीनां प्रधानेतरभावो भिन्नवस्तुगतापेक्षया, अभिन्नवस्तुगतानान्तु नामादीनां भावाविना-भूतत्वादेव वस्तुत्वम् । सर्वस्य हि वस्तुनस्स्वाभिधायकं नामरूपम्, यथाऽऽतानविताना-भूततन्तुसन्तानः पट इति, ऊर्ध्वकुण्डलेष्वायतवृत्तग्रीवो घट इत्यादि । स्वाकारः स्थापनारूपः, यथा सर्ववस्तुनः स्वस्वाकारः । अतीतानागतभावकारणं द्रव्यम्, कार्यापन्नञ्च स्वं भावरूपम्, यथा मृत्पिण्डादिवस्तुनो जन्यत्वापन्नं घटादिकम् । इत्थं सर्वं वस्तु चतूरूपाविनाभूतं दृष्टमेवमेव

१. अनेन यद्यद्वस्तु तत्तन्निक्षेपचतुष्टयवदिति व्यापितर्लभ्यते 'जत्थ य जं जाणिज्जा णिक्खेवं णिक्खेवे णिरवसेसं । जत्थवि य ण जाणिज्जा चउक्कयं णिक्खेवे तत्थ' इत्यनुयोगद्वारसूत्राच्च । तथापि प्रायिकीयं व्यापितरप्रज्ञाप्ये वस्तुनि नाम्नोऽप्रयोगात्, जीवत्वेन द्रव्यत्वेन च भूतभविष्यत्पर्यायभावेन तत्कारणत्वाभावाज्जीवे द्रव्यनिक्षेपस्यायोगाच्च । उक्तं तत्वार्थटीकाकृता 'यद्येकस्मिन्न सम्भवति नैतावता भवत्यव्यापिते' ति । अप्रज्ञाप्यजीवद्रव्यभिन्नं यद्यद्वस्तु तत्तन्निक्षेपचतुष्टयवदिति व्याप्तेर्वा विवक्षणादिति ॥

सम्यग्दर्शनव्यवस्थानाज्जिनमतस्य सर्वनयसमूहात्मकत्वात् । न ह्येकस्मिन्नेवं[1] वस्तुन्येककालं विद्यमानानां पर्यायाणां मध्य इदं वस्त्वपरन्त्ववस्त्विति वक्तुं शक्यते, द्रव्यरूपतया सर्वेषामपि तेषामेकत्वात् । तथा वस्तुप्रत्ययहेतुत्वान्नाम वस्तुधर्मः, यद्यस्य प्रत्ययहेतुस्तत्तस्य धर्मो यथा घटस्य स्वधर्मा रूपादयः, यच्च यस्य धर्मो न भवति न तत्तस्य प्रत्ययहेतुर्यथा घटस्य धर्माः पटस्य, भवति च घटाभिधानाद्घटस्य सम्प्रत्ययः । सर्वेषां वस्तूनाञ्च नामरूपत्वाव्यभिचारान्नानैकान्तिकत्वम् । यद्ध्यभिधानरहितं तद्वस्त्वेव न भवति, यथाऽभिधानरहितत्वेनावाच्यष्षष्ठभूतलक्षणो भावः । अवस्तुत्वे तु कुतस्तत्प्रत्ययहेतुत्वस्य हेतोर्वृत्तिः स्यात्, तत्र तद्वृत्तौ वा तस्यापि वस्तुत्वमेव भवेत्, स्वप्रत्ययजनकत्वाद्घटादिवदिति । न च नद्यास्तीरे पञ्च फलानि सन्तीति शब्दश्रवणसमनन्तरं प्रवृत्तस्य कस्यचिद्वस्त्वप्राप्तेरवस्तुधर्मता तस्येति वाच्यम्, प्रत्यक्षादिप्रमाणानामपि तत्प्रसङ्गात्, तेभ्योऽपि प्रवृत्तस्य कदाचिद्वस्त्वप्राप्तेः । नचाबाधितप्रमाणेभ्यः प्रवृत्तावस्त्येवार्थप्राप्तिरिति वाच्यम् । सुविवेचितादाप्तशब्दादपि वस्तुप्राप्तेरवश्यम्भावादिति[2] । एवं यदस्ति तत्सर्वमाकारमयमेव, यथा मतिशब्दवस्तुक्रियाफलाभिधानानि । यत्त्वनाकारं तन्नास्त्येव, यथा वन्ध्यापुत्रादिः, मतिर्हि ज्ञेयाकारग्रहणपरिणतत्वादाकारवती, अन्यथा नीलस्येदं संवेदनं न पीतस्येति नैयत्यं न स्यात्, नियामकाभावात् । नीलाद्याकारो हि नियामको यदा स नेष्यते तदा नीलग्राहिणी मतिर्न पीतग्राहिणीति कथं व्यवस्थाप्येताविशेषात् । शब्दोऽपि पौद्गलिकत्वादाकारवानेव । क्रियाऽप्युत्क्षेपणादिरूपा क्रियावतोऽनन्यत्वादाकारवत्येव, फलमपि कुलालादिक्रियासाध्यं घटादिकं मृत्पिंडादिवस्तुपर्यायरूपत्वादाकारवदेव; अभिधानमपि शब्दस्तस्याकारवत्त्वमुक्तमेव । तथा द्रव्यात्मकञ्च सर्वमुत्फणविफणकुण्डलिताकारसमन्वितसर्पवद्विकाररहितस्याविर्भावमात्रपरिमाणस्य द्रव्यस्यैव सर्वत्र सर्वदाऽनुभवात्, न ह्यपूर्वं किञ्चिदुत्पद्यते, छन्नरूपतया विद्यमानस्यैवाविर्भावात्, नाप्याविर्भूतं सद्विनश्यति, छन्नरूपतया तिरोभावस्यैवाऽऽसादनात् । तथा चाविर्भावतिरोभावरूपपरिणाम एव कार्योपचाराद्द्रव्यस्य चोपचरितकारणत्वेनोत्पादव्ययरहितं[3]

---

१. भिन्नवस्तुनि भिन्नकाले विद्यमानानां पर्यायाणां तथा वक्तुं शक्यत्वादेकस्मिन्नेव वस्तुन्येककालमिति । शक्यत इति, विनिगमनाविरहात्सर्वस्यैव वस्तुत्वं सर्वस्यैवावस्तुत्वं वा भवेदिति भावः । चतूरूपाविनाभूतत्वे च विनिगमकमाह द्रव्यरूपतयेति । ननु वस्तुधर्मत्वमेव तेषां न सम्भवति कुतो द्रव्यरूपतयैकरूपत्वमित्यत्राह तथेति ॥ २. यदि नाम वस्तुधर्मो न स्यात्तदा घटशब्दे प्रोक्ते श्रोतुः किमयमाहेति संशय एव स्यान्न तु घटप्रतिपत्तिः घटप्रतिपत्तिरूपो वा विपर्ययः स्यात्, न जाने किमप्यनेनोक्तमितिचित्तव्यामोहेन वस्त्वप्रतिपत्तिरूपो वाऽनध्यवसायो भवेत्, कदाचिद्घटस्य कदाचित्पटस्य कदाचिच्च स्तम्भादेर्वा बोधः स्यादित्यपि बोध्यम् ॥ ३. एवञ्चोत्पादव्ययध्रौव्ययुक्तं सत्, गुणपर्याययवद्द्रव्यमित्यनयोर्न पौनरुक्त्यम् । अत एव चात्र न विरोधोऽन्यथा द्रव्यस्योत्पादव्ययात्मकत्वे तद्रहितत्वोक्तिर्विरुद्धयेतेति ॥

निर्विकारं द्रव्यमुच्यते । न च द्रव्यस्यैकस्वभावत्वे निर्विकारत्वे चानन्तकालभाविनामनन्ता-विर्भावतिरोभावानामेकहेलयैव कारणत्वं स्यादिति वाच्यम्, अचिन्त्यस्वभावत्वाद्द्रव्यस्य, सर्पादिद्रव्येष्वेकस्वभावेष्वपि उत्फणविफणादिपर्यायाणां क्रमप्रवृत्तेरनुभवसिद्धत्वात् । न चोत्फणविफणादिबहुरूपत्वात्पूर्वावस्थापरित्यागेनोत्तरावस्थाधिष्ठानादनित्यता द्रव्यस्य स्यादिति वाच्यम्, वेषान्तरापन्ननटवद्बहुरूपस्यापि द्रव्यस्य नित्यत्वात् । यथाहि नायकविदूषककपि राक्षसादिपात्रावसरेषु वेषान्तराण्यापन्नो नटो बहुरूप एवमुत्फणविफणादिभिर्भावैर्द्रव्यमपि-बहुरूपं तथापि नित्यमेव, स्वयमविकारित्वादाकाशवत् । तथा सर्वं भावात्मकम्, परापर-कार्यक्षणसन्तानात्मकस्यैव तस्यानुभवात्, प्रतिक्षणं भवनमेव ह्यनुभूयते, पूर्वक्षणस्य निवृत्तिर-परस्योत्पत्तिरिति । न चोत्पत्तिनिवृत्ती कारणापेक्षिण्यौ, यच्च कारणं तदेव द्रव्यमिति वाच्यम्, निरपेक्षस्यैवोत्पादात् । अपेक्षा हि विद्यमानस्यैव, न च मृत्पिण्डादिकारणकाले घटादि-कार्यमस्ति, अविद्यमानस्य चापेक्षायां खरविषाणस्यापि तथाभावप्रसङ्गात् । यदि चोत्पत्तिक्षणा-त्प्रागपि घटादिस्स्यात्तदा किं मृत्पिण्डापेक्षया, स्वत एव तस्य विद्यमानत्वात् । न चोत्पन्नस्सन् घटादिर्मृत्पिण्डादिकमपेक्षत इति वाच्यम् । मुण्डितशिरसो दिनशुद्धिपर्यालोचनवद-पेक्षावैयर्थ्यात् । ननूत्पद्यमानतावस्थायामसावपेक्षत इति चेन्न, विचारासहत्वात्, उत्पद्यमानता हि किमनिष्पन्नावयवता, उत निष्पन्नावयवता, आहोस्विदर्धनिष्पन्नावयवता स्यात् । नाद्यो-ऽनुत्पन्नस्यापेक्षाऽयोगाद्गगनारविन्दवत् । न द्वितीयो निष्पन्नस्य परापेक्षावैयर्थ्यात्, नान्त्यो वस्तुनस्सांशतापप्रसङ्गात् । सांशतायामप्यनिष्पन्नांशः किं कारणमपेक्षते निष्पन्नो वोभयं वा, नाद्यौ निष्पन्नानिष्पन्नयोरपेक्षाऽसम्भवस्योक्तत्वात्, नान्त्य उभयपक्षोदीरितदोषसङ्क्रमात् । तस्मान्मृत्पिण्डाद्युत्तरकालं भवनमेव घटादेस्तदपेक्षा, कार्यत्वाभिमतघटादिप्राग्भावित्वमेव मृत्पिडादेः कारणत्वं, न पुनस्तत्र व्याप्रियमाणत्वात्, व्यापारस्य व्यापारवद्भिन्नत्वे तस्य निर्व्यापारत्वप्रसङ्गात्, अभिन्नत्वे व्यापाराभावप्रसङ्गात् । कारणव्यापारजन्याया अप्युत्पत्ते-रुत्पत्तिमतो भेदे उत्पत्तिमतोऽजन्मप्रसङ्गः, तस्मात्पूर्वोत्तरकालभावित्वमात्रेणैवायं कार्यकारण-भावो वस्तूनां लोके प्रसिद्धो न पुनः किञ्चित्केनचिन्निर्वर्त्तितमिति न कस्यचिद्भावस्य सम्बन्ध्य-पेक्षा, ततो हेत्वन्तरनिरपेक्ष एव सर्वो भावस्समुत्पद्यत इति स्थितम्, एवं विनाशोऽप्यहेतुक एव । न च मुद्गरादिसव्यपेक्ष एव घटादयो विनाशमाविशन्तो दृश्यन्ते न निर्हेतुका इति वाच्यम्, विनाशहेतोरयोगात्, विनाशकाले मुद्गरादिना किं घटादिरेव क्रियते कपालादयो वा तुच्छरूपाभावो वा, नाद्यः कुलालादिसामग्रीत एव तस्योत्पत्तेः । न द्वितीयो घटादीनां

तादवस्थ्यप्रसङ्गात् । न तृतीयो नीरूपस्य तस्य खरशृङ्गस्येव कर्त्तुमशक्यत्वात् । न च तेन घटादिसम्बद्धेनाभावो विहितस्तेन घटादेर्निवृत्तिरिति वाच्यम्, सम्बन्धानुपपत्तेः, किं पूर्वं घटः पश्चादभावो वैपरीत्यं वा, उत समकालं वा घटाभावौ, नाद्यौ द्विनिष्ठसम्बन्धस्य भिन्नकालयोरसम्भवात् । अन्त्ये घटाभावयोर्यदि क्षणमात्रमपि सहावस्थितिरभ्युपगम्यते तर्ह्यासंसारमसौ स्याद्विशेषाभावात्, तथा च सति घटतादवस्थ्यप्रसङ्गः । न च घटोपमर्देनाभावो जायतेऽतो घटादिनिवृत्तिरिति वाच्यम्, उपमर्दस्य घटादिरूपत्वे तस्य स्वहेतुत एवोत्पत्तेः, कपालादिरूपत्वे तद्भावेऽपि घटतादवस्थ्यप्रसङ्गात् । तुच्छाभावरूपत्वे च घटाद्यभावेन घटाद्यभावो जायत इत्युक्तं स्यात्तथा च सत्यात्मनैवात्मभवनानुपपत्तिस्स्यात् । तस्मान्मुद्गरादिसहकारिकारणवैसादृश्याद्विसदृशः कपालादिक्षण उत्पद्यते घटादिस्तु क्षणिकत्वेन निर्हेतुकस्स्वरसत एव निवर्त्तत इत्येतावन्मात्रमेव शोभनमतो हेतुव्यापारनिरपेक्षा एव समुत्पन्ना भावाः क्षणिकत्वेन स्वरसत एव विनश्यन्ति न हेतुव्यापारादिति स्थितम् । तस्माज्जन्मविनाशयोर्न किञ्चित्केनचिदपेक्ष्यते, अपेक्षणीयाभावाच्च न किञ्चित्कस्यचित्कारणं तथा च सति न किञ्चिद्द्रव्यं, किन्तु पूर्वापरीभूतापरापरक्षणरूपाः पर्याया एव सन्तीति । एते हि स्वतन्त्रा नामादिनया मिथ्यादृष्टयोऽसम्पूर्णार्थग्राहित्वाद्गजगात्रभिन्नदेशसंस्पर्शनेन बहुविधविवादमुखरजात्यन्धवृन्दवत् । अनुभवप्रत्यक्षसिद्धन्तु जैनाभ्युपगमरूपं निःशेषसमूहाभ्युपगमनिर्वृत्तमनवद्यं, नामादिनयपरस्परोद्भावितावितथमाननिःशेषदोषत्वेन सम्पूर्णार्थग्राहित्वात्, चक्षुष्मतां समन्तात्समस्तहस्तिदर्शनजोल्लापवत् । तथा च यत्र शब्दोल्लापबुद्धिपरिणामसद्भावस्तत्सर्वं नामादिचतुष्पर्यायम्, चतुष्पर्यायत्वाभावे शशशृङ्गादौ शब्दादिपरिणामाभावदर्शनात्, तस्माच्छब्दादिपरिणामसद्भावे सर्वत्र चतुष्पर्यायत्वं निश्चित्वमेवतोऽन्यसंवलितनामादिचतुष्टयात्मन्येव वस्तुनि घटादिशब्दस्य तदभिधायकत्वेन पृथुबुध्नोदराद्याकारस्य नामादिचतुष्ट्यात्मकतया बुद्धेस्तदाकारग्रहणरूपतया परिणतिस्तदात्मन्येव वस्तुनि समुपलब्धा । न चेदं दर्शनं भ्रान्तं बाधकाभावात् । नाप्यदृष्टाशंकयाऽनिष्टकल्पनाऽतिप्रसङ्गात् । नहि दिनकरास्तमयोदयोपलब्धरात्रिदिवादिवस्तूनां बाधकसम्भावनयाऽन्यथात्वकल्पना सङ्गतिमङ्गति । तस्मादेकत्वपरिणत्यापन्ननामादिभेदेष्वेव शब्दादिपरिणतिदर्शनात्सर्वं चतुष्पर्यायं वस्त्विति स्थितम् । भिन्नस्वरूपतया च नामादयः स्वाश्रयभूतवस्तुनः कथञ्चिद्भेदकारिणः, एकस्मिन्नपि वस्तुनि चतुर्णां प्रतीयमानत्वात्कथञ्चिदभेदकारिणश्च । यथाहि केनचिदिन्द्र इत्युच्चरितेऽन्यः प्राह किमनेन नामेन्द्रो विवक्षितस्स्थापनेन्द्रो द्रव्येन्द्रो भावेन्द्रो वा, नामेन्द्रोऽपि द्रव्यतः किं गोपालदारको

हालिकदारकः क्षत्रियदारको वैश्यदारको ब्राह्मणदारकश्शूद्रदारको वा, क्षेत्रतोऽपि नामेन्द्रः किं भरत ऐरावतो महाविदेहजो वा, कालतोऽपि किमतीतकालसम्भवी वार्त्तमानिको भविष्यन् वा, अतीतकालसम्भव्यपि किमितोऽनन्तसमयभावी, असंख्याततमसमयभावी, संख्याततमसमयभावी वेति । भावतोऽपि किं कृष्णवर्णो गौरवर्णो दीर्घो मन्थरो वेत्यादि । तदेवमेकोऽपि नामेन्द्रस्याश्रयभूतोऽर्थस्तावद्द्रव्यक्षेत्रकालभावाधिष्ठितोऽनन्तरभेदत्वं प्रतिपद्यते । तथा स्थापनाद्रव्यभावाश्रयस्याप्युक्तानुसारेण प्रत्येकमनन्तभेदत्वमनुसरणीयम् । एते च नामादयो भेदकारिणः । एवमेकस्मिन्नपि शचीपत्यादाविन्द्र इति नाम्नस्तदाकारस्थापनाया उत्तरावस्थाकारणरूपद्रव्यस्य दिव्यरूपसम्पत्तिकुलिशधारणपारमैश्वर्यादिसम्पन्नत्वलक्षणभावस्य च प्रतीयमानत्वान्नामादिचतुष्टयस्याभेदकारित्वमपि । अत एते नामादयो धर्मा उत्पादव्ययध्रौव्यत्रिकवत्प्रतिवस्तु परस्पराविनाभाविन इत्यलं चर्चया । अथ नामादिनिक्षेपाणां नयैस्सह योजने शब्दनयैर्भावनिक्षेप एवेष्टः परैरर्थनयैर्नामादयश्चत्वारोऽपीष्टाः । यद्यपि नामादिचतुष्टयस्याप्यभ्युपगमे नैगमादीनां द्रव्यार्थिकत्वक्षतिः द्रव्यार्थिकेन द्रव्यस्यैवाभ्युपगमात् पर्यायस्य प्रतिक्षेपाच्च । द्रव्यपर्याययोर्गुणप्रधानभावेन तेनाभ्युपगमाद्भावनिक्षेपसह एवेति चेत्तदा शब्दनयानामपि द्रव्यनिक्षेपसहत्वं स्यात्तथापि नैगमभेदानामविशुद्धानां नामाद्यभ्युपगमप्रवणत्वेऽपि विशुद्धनैगमभेदस्य द्रव्यविशेषणतया पर्यायाभ्युपगन्तृत्वान्न भावनिक्षेपानुपपत्तिर्न चैतावता तस्य पर्यायार्थिकत्वप्रसक्तिरितराविशेषणत्वरूपप्राधान्येन पर्यायनभ्युपगमात् । शब्दादीनां पर्यायार्थिकानान्तु नैगमवदविशुद्धभावान्न नामाद्यभ्युपगन्तृत्वमिति । सङ्ग्रहर्जुसूत्रयोरपि विषयविशेषे शुद्धपर्यायविशिष्टद्रव्यविषयीकरणात् भावनिक्षेपसहत्वम् । ऋजुसूत्रो नामभावनिक्षेपावेवेच्छतीत्यन्ये, तन्न, तेन द्रव्याभ्युपगमस्य सूत्राभिहितत्वात् । पृथक्त्वाभ्युपगमस्यैव निषेधात्। सङ्ग्रहव्यवहारौ स्थापनावर्जांस्त्रीन्निक्षेपानिच्छत इति केचित्तदपि न, नैगमो हि सङ्ग्रहाभिमतसामान्यवादी व्यवहाराभिमतविशेषवादी, तदुभयवादी, च, तथा च सङ्ग्रहस्य स्थापनास्वीकर्त्तृनैगमसमानत्वेन कथं स्थापनानभ्युपगन्तृत्वम् । न च व्यवहाराभिमतस्वीकर्त्तृनैगम एव स्थापनाभ्युपगन्ता न सामान्यवादी नैगमोऽतस्सङ्ग्रहो न स्थापनामिच्छतीति वाच्यम्, तथा सति व्यवहारस्य स्थापनाभ्युपगन्तृत्वं स्यात् । अथोभयविषयक एव नैगम-

१. पाश्चात्यनयाद्विशेषोपयोगेन विशेषमनुभवताऽन्त्यनैगमेन शुद्धपर्यायविशिष्टं द्रव्यं विषयीक्रियत इति भावः । न तु स्वविषयविशुद्धिकृतपर्यायविषयताशालित्वाद्भावनिक्षेपसहत्वमेषाम्, सङ्ग्रहर्जुसूत्रयोरव्याप्तेः, तज्जातीयेऽविशुद्धयभावेनोपसर्जनीकृतपर्यायविषयतया तच्छेधनस्य दुस्साध्यत्वादिति ॥

स्स्थापनाविषयको नातस्सङ्गहव्यवहारयोत्स्थापनाविषयकत्वमिति चेत्सुतरां तत्प्राप्तिरेव, एकतरनिक्षेपयोस्सङ्ग्रहव्यवहारयोः प्रत्येकं स्थापनानभ्युपगमेऽपि समुदितयोर्नैगमरूपत्वेन तेन तदभ्युपगमे तयोरप्यभ्युपगमस्य दुर्वारत्वात् । स्थापनासामान्यं सङ्ग्रह इच्छति, स्थापनाविशेषांस्तु व्यवहार इत्येतदेव युक्तम्, अनिच्छा-तु सर्वथा नैव युक्तेति । न च सङ्ग्रहनये स्थापना नेष्टा, नामनिक्षेपेणैव स्थापनायास्सङ्ग्रहात्, व्यापकं हि नाम व्याप्यभूतां स्थापनां सङ्गृह्णात्येव, इन्द्रचित्रस्येन्द्रनामकपिण्डवत्नामेन्द्रत्वं स्यादविशेषात् पदप्रतिकृतिभ्यां नाम्नो द्वैविध्यादिति वाच्यम्, द्रव्यनिक्षेपस्यापि नाम्ना सङ्ग्रहप्रसक्तेः । न च भावप्रवृत्ति-प्रयोजकसम्बन्धभेदेन तयोर्भेदः, द्रव्यं हि परिणामितया भावे सम्बद्धं नाम च वाचकत्वेनेति वाच्यम्, गोपालदारके नामेन्द्रे नियामकस्य दुर्वचत्वाद्भावावाचकत्वादिति । ततश्च सिद्धमृजु-सूत्रान्तास्सर्वे नयाश्चतुरो निक्षेपानभिलषन्तीति सिद्धान्तवादिनः । सङ्ग्रहव्यवहारौ नामादित्रयं ऋजुसूत्रादयश्चत्वारो भावमिच्छन्ति, नैगमस्तु सङ्ग्रहे व्यवहारेऽन्तर्गत इति सिद्धसेनदिवाकर-सूरयः ॥ अवसितं नयनिरूपणमित्याहेतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टालङ्कार**श्रीमद्विजयकमलसूरीश्वर**-चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा**-विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाश व्याख्यायां** नयनिरूपणनामा

नवमः किरणः

નયનું ફળ

ઉપર મુજબ નયના લક્ષણો કહીને હવે તે નયના ફળને કહે છે.

ભાવાર્થ – "નયનું વસ્તુના એકદેશ સંબંધી અજ્ઞાનની નિવૃત્તિ, એ અનંતરફળ છે. પરંપરફળ તો વસ્તુના એકદેશવિષયક હાન-ઉપાદાન-ઉપેક્ષા-બુદ્ધિઓ છે. બંને પ્રકારનું પણ ફળ નયથી કથંચિદ્ ભિન્ન-અભિન્ન જાણવું. આ પ્રમાણે નયનું નિરૂપણ સમાપ્ત થાય છે."

વિવેચન – પૂર્વકથિત સ્વરૂપવાળા નયનું નય, પ્રમાણના એકદેશરૂપ છે અને વસ્તુના અંશનો ગ્રાહી છે, માટે વસ્તુના અંશનું જે અજ્ઞાન છે તેની નિવૃત્તિ એ અવ્યવહિતફળ છે. પરંપરાગતફળને દર્શાવે છે કે-જેમ પ્રમાણનું ફળ સર્વવસ્તુવિષયક, હેયહાન, ઉપાદેય, ઉપાદાન, ઉપેક્ષણીય ઉપેક્ષાબુદ્ધિઓ પરંપરફળ છે, તેમ નયનું પણ વસ્તુના એકઅંશવિષયક-હેયહાન-ઉપાદેય-ઉપાદાન-ઉપેક્ષણીય ઉપેક્ષાબુદ્ધિઓ પરંપરફળરૂપે અવધારવી જોઈએ.

○ તે આ, નયનું બે પ્રકારનું પણ ફળ તે નયથી કથંચિદ્ ભિન્ન અને અભિન્ન છે, કેમ કે-નયફળપણાની અન્યથા અનુપપત્તિ છે. માટે કહે છે કે-સાક્ષાત્ ફળ અને પરંપર ફળ છે.

○ નયવિચારનું વિશેષ ફળ તો, નિક્ષેપ-નયપ્રમાણથી જે વ્યક્તિ અર્થને સૂક્ષ્મેક્ષિકાથી વિચારતો નથી, તે વ્યક્તિને અવિચારિત રમણિયતાના કારણે અયુક્ત-યુક્તરૂપે ભાસે છે અથવા યુક્ત-અયુક્તરૂપે ભાસે છે. તે અનર્થને દૂર કરવા માટે નિક્ષેપ-નયપ્રમાણનો, પદાર્થનો વિચાર કરવો જોઈએ.

○ તેમજ સર્વથા અનિત્યપણા આદિના પ્રતિપાદક બૌદ્ધ આદિ પરદર્શનના ઋજુસૂત્રનયની વિધિના જાણકારે, તે ઋજુસૂત્રના પ્રતિપક્ષભૂત નિત્યત્વ આદિ પ્રતિપાદક દ્રવ્યાસ્તિકનયથી નિરાકરણ કરવા માટે, અથવા સ્વશાસ્ત્રમાં અજ્ઞાન-દ્વેષ આદિ દોષથી કલુષિત એવાપરે, દોષબુદ્ધિથી કોઈ પણ જીવ આદિ વસ્તુ ગ્રહણ કરેલી છે, તેને પણ નયની વિધિના જાણકારે નયના વચનોદ્વારા, ગુણરૂપે સ્થાપન કરવા માટે નયનો વિચાર કરવો જોઈએ. તથા દૃષ્ટિવાદમાં સર્વ અર્થની પ્રરૂપણા સૂત્ર અને તેના અર્થનું વર્ણન સર્વ નયોથી કરાય છે.

○ **નિક્ષેપનિરૂપણ**–પદાર્થોને વિશિષ્ટ જ્ઞાનની ઉત્પત્તિ માટે શાસ્ત્રમાં નામ આદિ નયરૂપ નિક્ષેપાઓ કહેલા છે. તે નિક્ષેપાઓને સાત નયોમાં શમાવવા માટે સંક્ષેપથી તે નિક્ષેપાઓનું નિરૂપણ કરાય છે.

○ જેના વડે, જેમાં, કે જેનાથી શાસ્ત્ર અને અધ્યયન-ઉદ્દેશ આદિ, નામ-સ્થાપના-દ્રવ્ય આદિ ભેદોથી વ્યવસ્થિત કરાય છે, તે 'નિક્ષેપ' કહેવાય છે. નિક્ષેપલક્ષણ=અનુયોગદ્વારરૂપ હોઈ શબ્દાર્થરચના વિશેષ જ નિક્ષેપનું લક્ષણ છે.

(જેમ સૈન્ધવપદની શક્તિ લવણમાં અને ઘોડામાં વ્યુત્પાદિત છે. ત્યાં 'સૈન્ધવ લાવો' આવા વાક્યના કથનમાં ભોજનપ્રકરણના સહકારથી લવણરૂપ અર્થનું જ્ઞાન થાય છે. યાત્રાપ્રકરણના સહકારથી ઘોડારૂપ અર્થનું જ્ઞાન થાય છે. કોશદ્વારા વિશેષ કરી બે અર્થમાં સૈન્ધવપદની શક્તિ વ્યુત્પાદિત હોયે છતે, ત્યાં પ્રકરણ આદિથી અપ્રત્તિપત્તિ આદિનો નિરાસ કરી અર્થવિશેષનું જ્ઞાન થાય છે. તેમ પ્રકૃતમાં પણ નામ આદિ નિક્ષેપાઓ હોયે છતે, પ્રકરણ આદિના વશે કરી, અપ્રતિપત્તિ આદિનો નિરાસ કરી, નામમંગલના ઉપયોગમાં મંગલપદથી નામમંગલનો, એ પ્રમાણે સ્થાપનામંગલ આદિના ઉપયોગમાં સ્થાપનામંગલ આદિની પ્રતિપત્તિ છે. એમ તે રૂપ, યથાસ્થાન વિનિયોગરૂપ ફળવડે ફળવાળા નિક્ષેપાઓ છે. એવા આશયથી કહે છે.) પ્રકરણ આદિના વશે કરી અપ્રત્તિપત્તિ આદિના વ્યવચ્છેદક, યથાસ્થાન વિનિયોગ માટે શબ્દાર્થરચના વિશેષ નિક્ષેપ કહેવાય છે. વળી મંગલ આદિ પદાર્થના નિક્ષેપથી નામમંગલ આદિ વિનિયોગની ઉપપત્તિ થવાથી નિક્ષેપાઓ ફળવંતા થાય છે.

○ અપ્રસ્તુત અર્થના નિરાકરણથી અને પ્રસ્તુત અર્થના પ્રકાશનથી નિક્ષેપ ફળવાળો છે, એમ ગીતાર્થપુરુષોનું વચન છે.

[અપ્રસ્તુત અર્થના નિરાકરણમાં-પ્રસ્તુત અર્થના પ્રકાશનમાં નિક્ષેપાને પ્રકરણ આદિ સહકારી થાય છે એમ જાણવું. જો કે 'સત્સંખ્યા વગેરે પણ અનુયોગનું અંગ છે, તો પણ વિશેષણ વિશેષ્યભાવથી વિશિષ્ટ અર્થના જ્ઞાનમાં તે કારણ છે. નિક્ષેપાઓ તો અખંડ વિશેષ્યસ્વરૂપ વિશેષના જ જ્ઞાનમાં કારણ છે, જેથી નામઘટ એટલે નામવિશિષ્ટ ઘટ નહિ પરંતુ જે કોઈ પદાર્થની 'ઘટ' એવું નામ (સંજ્ઞા) કરાય છે, તે વિશિષ્ટ વસ્તુ અખંડ જ નામઘટ છે. એમ પ્રમાણે સ્થાપનાઘટ વગેરે પણ જાણવા. વળી અહીં શબ્દાર્થની રચના કર્મધારયના સમાસલક્ષણવાળી જ છે. બીજે ઠેકાણે કર્મધારયનું વિશેષ્યપદાર્થમાં વિશેષણપદાર્થનું અભેદ

બોધકપણું છે. પ્રકૃત કર્મધારયનું તો વિશેષણ-વિશેષ્ય બે પદો ભેગા થઈને વિશેષ્યસ્વરૂપ વિશેષનું બોધકપણું છે. તેવી રીતે અહીં વિશેષણવાચકપદ કેવલાન્વયિતા ધર્માનવચ્છેદક પ્રવૃત્તિનિમિત્તક જ છે. એથી 'જ્ઞેયઘટ' ઇત્યાદિમાં નિક્ષેપપણું નથી. તેથી અખંડની વિશેષ્યરૂપ વિશેષની પ્રતીતિ નથી. તેથી જ્ઞેયત્વવિશિષ્ટ ઘટાદિમાં જ વિશેષણ વિશેષ્યભાવથી પ્રતીતિ છે. એથી જ મૃદ્ઘટ-સુવર્ણઘટ ઇત્યાદિમાં જ નિક્ષેપપણું નથી એમ પણ જાણવું.] તે નિક્ષેપ જઘન્યથી પણ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી ચાર પ્રકારવાળો છે. (શાસ્ત્ર આદિનું નામ-સ્થાપના આદિ ભેદોથી નિક્ષેપણ, ન્યસન કે સ્થાપન 'નિક્ષેપ' કહેવાય છે. તે, આ નિક્ષેપ જઘન્યથી પણ (સંક્ષેપથી) ચાર પ્રકારનો દર્શાવવો. જ્યાં નામ-સ્થાપના-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ આદિ લક્ષણવાળા ભેદો જણાવાય છે, ત્યાં સર્વ ભેદોથી પણ વસ્તુ નિક્ષેપનો વિષય બનાવવો. જ્યાં સર્વ ભેદો જણાતાં નથી, ત્યાં પણ નામ આદિ ચારથી વસ્તુ વિચારવી જ, કેમ કે-ચાર નિક્ષેપાઓ સર્વવ્યાપક છે. ખરેખર, તેવી કોઈ પણ વસ્તુ નથી, કે જે ચાર નિક્ષેપાઓથી વેગળી પડે.]

નામનિક્ષેપનું નિરૂપણ – નામનિક્ષેપનું લક્ષણ અન્ય અર્થમાં રહેલ પણ (અનાદિ તાત્પર્યથી ગ્રહણ કરેલ સંકેતબળથી ગોપાલદારકથી ભિન્ન વાસવ-ઇન્દ્રરૂપ અર્થ રહેલ પણ) સ્વ અર્થ (ઇન્દ્રશબ્દનો પ્રકૃત અર્થ સ્વર્ગના આધિપત્ય આદિ ગુણવિશિષ્ટ-સહસ્રાક્ષ-શચી, પતિ કે જે વાસવ છે તેની અપેક્ષા નહિ કરનાર) સમાન અર્થવાળા શબ્દો (વાસવની માફક શક્ર આદિ શબ્દોથી) અકથનીય, વિવક્ષિત અર્થમાં (ગોપાલદારકરૂપ અર્થમાં-નામાર્થમાં) સંકેતવાળો નામનિક્ષેપ (ગોપાલદારકનું ઇન્દ્ર એવું નામ) કરાય છે, અર્થાત્ 'નામેન્દ્ર' કહેવાય છે.

પદકૃત્ય – જેમ સંકેતિત માત્રથી (આધુનિક પિતા આદિથી સંકેતિતત્વ માત્રથી અહીં માત્ર પદથી વૃદ્ધપરંપરાગત સંકેતિતત્વનો વ્યવચ્છેદ થાય છે. 'सर्वेसर्वार्थवाचकाः' આવા ન્યાયથી ઇન્દ્રપદનો ગોપાલદારકની પણ સાથે વાચ્યવાચકભાવસંબંધ છે જ.) અન્ય અર્થમાં રહેલ (ગોપલાદારકથી ભિન્ન અર્થમાં રહેલ) ઇન્દ્ર આદિ શબ્દથી ગોપાલદારક વાચ્ય બને છે અને ગોપાલદારક ઇન્દ્રસમાન અર્થવાળા શક્ર આદિ રૂપ પર્યાયશબ્દોથી વાચ્ય નથી. એથી ગોપાલદારક આદિમાં ઇન્દ્ર આદિનું જે કથન કરાય છે, તે નામ (ઇન્દ્ર) કહેવાય છે.

o જો કે સમાન અર્થવાળા શબ્દોથી અવાચ્યત્વ એટલે ગોપાલદારક ગતધર્મ જ (તે આત્માની કાર્યપરિણતિ જ) નામ-નામવાનનો અભેદ ઉપચાર હોવાથી નામેન્દ્ર છે, તો પણ તેનો વાચક હોઈ તેના નામમાં પણ તે ધર્મ (પરિણતિ) ઉપચારથી જાણવો. માટે વિવક્ષિતાર્થ સંકેતરૂપ શબ્દાર્થાન્યિતર પરિણતિ નામનિક્ષેપ કહેવાય છે.

o અન્યત્ર અવર્તમાન (ગોપાલદારક ભિન્ન અર્થમાં સંકેતસંબંધથી અવર્તમાન) પણ યદચ્છાપૂર્વક (અભિનવ સંકેતકર્તા પુરુષની ઇચ્છાપૂર્વક) ગોપાલદારક આદિમાં ડિત્થ, ડવિત્થ ઇત્યાદિ અભિધાન કરાય છે તે પણ નામ (નામડિત્થ, નામડવિત્થ) છે. આમ સૂચન કરવા માટે 'अन्यार्थेस्थितोऽपि' ઇતિ. આ સ્થળમાં અપિ શબ્દ મૂકેલ છે. તેથી આ નામ યાવદ્ દ્રવ્યભાવી અને અયાવદ્ દ્રવ્યભાવીના ભેદથી બે પ્રકારવાળું છે.

(૧) મેરૂ-દ્વીપ-સમુદ્ર આદિ નામો યાવદ્ દ્રવ્યભાવી છે, કેમ કે જ્યાં સુધી તે શબ્દથી વાચ્યદ્રવ્યનું અવસ્થાન છે, ત્યાં સુધી તે નામની વૃત્તિ (વિદ્યમાન) છે.

(२) દેવદત્ત આદિ નામો તો અયાવદ્ દ્રવ્યભાવી છે, કેમ કે-તે દેવદત્ત આદિ નામવાચ્ય વિદ્યમાન પણ દ્રવ્યોના બીજા બીજા નામના પરાવર્તનું લોકમાં દર્શન છે. અર્થાત્ જ્યાં સુધી તે નામવાચ્ય દ્રવ્યનું અવસ્થાન છે, ત્યાં સુધી નહિ રહેનારું નામ 'અયાવદ્ દ્રવ્યભાવી છે.

○ અપિ શબ્દ બીજા પ્રકારનો સંગ્રાહક છે. તેથી પુસ્તક-પત્ર-ચિત્ર આદિમાં લખેલ, વસ્તુના નામભૂત ઇન્દ્ર આદિમાં વર્ણાવલી અક્ષરરૂપ નામનો સંગ્રહ છે.

○ (૧) વિવક્ષિતાર્થ સંકેતથી નામનિક્ષેપ. જેમ કે-ઇન્દ્રાદિ. (૨) યદૃચ્છાથી સંકેતથી નામનિક્ષેપ. જેમ કે-ડિત્થાદિ. (૩) યાવદ્ દ્રવ્ય ભાવિરૂપે નામનિક્ષેપ. જેમ કે-સમુદ્રાદિ. (૪) અયાવદ્. દ્રવ્ય ભાવિરૂપે નામનિક્ષેપ. જેમ કે-દેવદત્તાદિ. (૫) લખેલ નામના વર્ણોથી નામનિક્ષેપ. જેમ કે-પત્રસ્થેન્દ્રાદિ. એમ પાંચ પ્રકારોથી નામનિક્ષેપ થાય છે.

(ગંગામાં ઘોષ છે. ઇત્યાદિમાં ગંગા આદિ પદથી ગંગા તીર આદિ કહેવાય છે. ત્યાં શું નામનિક્ષેપાની પ્રવૃત્તિ છે કે નિક્ષેપાન્તરની પ્રવૃત્તિ છે ? (૧) પહેલો પક્ષ નથી, કેમ કે-જાહ્નવી આદિ પર્યાયશબ્દથી વાચ્ય હોઈ નામનિક્ષેપાની પ્રવૃત્તિ નથી. (૨) બીજો પક્ષ નથી, કેમ કે-પ્રસિદ્ધ નિક્ષેપાન્તરોના અવિષયમાં અપ્રસિદ્ધ નિક્ષેપાની કલ્પનામાં નિક્ષેપાની સંખ્યાની ક્ષતિનો પ્રસંગ આવશે ને ? આવી શંકાના સમાધાનમાં કહે છે કે-પરિજ્ઞાન પ્રમાણે નિક્ષેપાન્તરની કલ્પના પણ અનુમત હોઈ દોષનો અભાવ છે, કેમ કે-આભિપ્રાયિકી સ્થાપના અને વૈજ્ઞાનિક ભાવનિક્ષેપના સ્વીકારમાં દોષ નથી.)

स्थापनानिक्षेपनिरूपण – સદ્ભૂત અર્થના અધ્યવસાય(અભિપ્રાય)થી સદ્ભૂત અર્થથી રહિત, સદ્ભૂત અર્થના સમાન આકારવાળી અથવા આકાર વગરની, અલ્પકાળવાળી કે યાવત્કથિક જે વસ્તુ સ્થાપનાવિષય કરાય છે, તે 'સ્થાપનાનિક્ષેપ' કહેવાય છે. [જેમ કે-જિનપ્રતિમા, જિનશબ્દવાચ્ય રાગ-દ્વેષ આદિ રહિત કેવલજ્ઞાન આદિ ગુણોથી અલંકૃત પુરુષોત્તમરૂપ અર્થરૂપ જે સ્થાપનાજિન નથી, પરંતુ તથાવિધ પુરુષોત્તમ બોધકપણાની ઇચ્છાથી (અભિપ્રાય કે અધ્યવસાયથી) 'આ જિન છે'-એમ નિક્ષેપ કરાય છે, તે જિન પ્રતિમાદિ વસ્તુ 'સ્થાપનાજિન'રૂપ સ્થાપનાનિક્ષેપ કહેવાય છે.] જેમ કે-સદ્ભૂત સમાન આકારવાળી વસ્તુ. સત્ય ઇન્દ્રના સમાન આકારની રચનારૂપ સ્થાપના, ચિત્ર, લેપ્ય (માટી વગેરેની બનાવટો) કાષ્ઠ-પાષાણ વગેરેમાં જે છે, તે 'સદ્ભૂત સ્થાપનાનિક્ષેપ.' [ભીંત વગેરમાં રહેલ રેખા-ઉપરેખા આદિ વિરચનાથી થયેલ જિનશરીર આદિ આકારનિર્મિત વિશેષ આદિ રૂપ ચિત્ર આદિમાં, તાદૃશ આકાર-વસ્તુભૂત જિનશરીરની આકૃતિ સમાન આકૃતિવાળી તેના અર્થથી રહિત, તેની બુદ્ધિથી સ્થાપનાવિષયક જિનપ્રતિમાદિ કરાય છે, તે 'સદ્ભૂત સ્થાપનાનિક્ષેપ.']

○ એ પ્રમાણે અક્ષ વગેરેમાં તાદૃશ આકારનો અભાવ હોવા છતાં, તેના અર્થનો અભાવ હોવા છતાં તેની (જિન ઇન્દ્ર આદિની) બુદ્ધિથી સ્થાપના કરાય છે, તે 'असद्भूत स्थापना' કહેવાય છે. આ સ્થાપનાનિક્ષેપ ચિત્ર આદિની અપેક્ષાએ ઇત્વર-કેટલાક કાળ પછી અપગમન સ્વભાવવાળી છે.

○ નંદીશ્વર ચૈત્યપ્રતિમા આદિની અપેક્ષાએ સદ્ભૂત-યાવત્કથિત સ્થાપનાનિક્ષેપ છે. (યાવત્કથિક-જ્યાં સુધી પૂજ્ય-પૂજક આદિ વ્યવહારકાળ અનુગામી-અનંતકાલિક.) (सद्भाव सद्भूत) સાકાર સ્થાપનાનિક્ષેપ. (असद्भाव असद्भूत) નિરાકાર સ્થાપનાનિક્ષેપ. (અલ્પકાલિક) ઇત્વર સાકાર-નિરાકાર

સ્થાપનાનિક્ષેપ. (સદ્‌ભાવ સાકાર) યાવત્‌કથિક અનંતકાલિક સ્થાપનાનિક્ષેપ. (અહીં અક્ષ આદિમાં નિરાકાર સ્થાપનાનો અર્થ સર્વથા આકારનો અભાવ એમ નહિ પરંતુ જે અપેક્ષાએ આકાર છે, તે આવી રીતે છે. 'જો કે બાહ્યરૂપે અક્ષના નિક્ષેપમાં આ આકાર નથી, તો પણ બુદ્ધિ દ્વારા તે આકારને તે રચનારો ત્યાં રચે છે. આકાર માત્ર જે છે ત્યાં, તે સ્થાપના વિવક્ષિત છે.)

અહીં કેટલાક, સ્થાપનાને અત્યંત અનુપયોગી માને છે તે અત્યંત અયુક્ત છે, કારણ કે-નામ આદિની માફક સ્થાપના પણ ઉપકારી છે. (સ્થાપનાબુદ્ધિથી સ્થાપનાવિષયની સ્મૃતિદ્વારા સ્થાપ્યગત ગુણોના પ્રણિધાનનો ઉદ્‌રેક-આવિર્ભાવનું અથવા સ્થાપ્યગત ગુણપ્રતિધાનજન્ય નિર્જરાના અતિશયનું ફળપણું છે. પરંતુ સ્થાપનાવિષયમાં જો ઉત્કટ દોષનું પ્રતિસંધાન કરવામાં આવે, તો તે સ્થાપના ફળવતી (ફળદાયી) થતી નથી એમ જાણવું.)

જો ભગવંત આદિની સ્થાપના અનુપકારી થાય, તો નામનું સ્મરણ પણ અનુપકારી થશે ને ? કેમ કે-નામ પુદ્‌ગલ આત્મક હોઈ અનુપકારી છે.

શંકા – નામના સ્મરણથી નામી(નામવાળા)નું સ્મરણ થતાં, તે નામીના ગુણોની સમાપત્તિદ્વારા ફળ છે ને ?

સમાધાન – ભગવંતની પ્રતિમાના દર્શનથી પણ અતિશયવંત પરમાત્માના સકળ ગુણોના ધ્યાનનો બિલકુલ સંભવ હોવાથી મહાફળ છે. વળી આ વાત સિદ્ધ છે કે-ઘણા જીવોમાં જિનપ્રતિમાના દર્શનથી બોધિરૂપ સમ્યગ્‌દર્શનનો ઉદય થયેલો છે.

શંકા – નામીની સાથે નામનો વાચ્યવાચક ભાવસંબંધ છે, સ્થાપનાનો નહિ. કેમ બરોબર છે ને ?

સમાધાન – બીજા નિક્ષેપાઓના અનિરૂપક ભાવનિક્ષેપની સાથે નામ અને સ્થાપનના સંબંધમાં વિશેષ નહિ હોવાથી, એ અપેક્ષાએ નામ અને સ્થાપના સમાન છે. વળી વાચ્યવાચક ભાવસંબંધ લેવો, સ્થાપ્યસ્થાપક ભાવસંબંધ નહિ લેવો. એમાં વિનિગમક (એકતર પક્ષસાધક યુક્તિવાળા)નો અભાવ છે. તેથી તમારે નામ અને સ્થાપના એમ બંનેય, ભગવંતના અધ્યાત્મના (આત્માના ગુણસ્વરૂપ ઐશ્વર્ય આદિના) ઉપનાયક(સંસ્કાર-સહાયક-ઉપસ્થિતિકારક)પણાના અવિશેષથી વંદ્ય થાય, કાં તો બંને ત્યાજ્ય થાય ! કેમ કે-અંતરંગની પ્રત્યાસત્તિ(સંબંધ માત્ર)ના અભાવની તુલ્યતા છે. વળી આ ઈષ્ટ નથી, કેમ કે-પરેપણ (બીજાઓ વડે) નામનો સ્વીકાર કરેલ છે.

○ તથાચ જો સ્થાપના અવંદ્ય હોય, તો નામ પણ અવંદ્ય થાય ! આવો વિપર્યય પર્યવસાયક (વિપર્યયમાં તાત્પર્યના અંતવાળો) તર્ક સમજવો.

○ જો ભાવનિક્ષેપ અવંદ્ય સ્થાપનાનિક્ષેપનો પ્રતિયોગી (વિરોધી) હોય, તો અવંદ્ય નામનિક્ષેપનો પ્રતિયોગી પણ થાય. આવો અનિષ્ટ પ્રસંજક (પ્રસંગવાળો) તર્ક જાણવો.

○ તથાચ નિક્ષેપના વિષયભૂત થતા ભાવ અરિહંતની અભેદબુદ્ધિ પ્રત્યે નામ આદિ ત્રણ આગમના પ્રામાણ્યથી અને સ્વાનુભવથી કારણ છે.

○ નામ આદિ નિક્ષેપરૂપ ત્રણ નિક્ષેપાઓ, આ ભાવનિક્ષેપ સંબંધી અધ્યાત્મના ઉપનાયક હોવાથી, અરિહંતપ્રતિમારૂપ સ્થાપનાનિક્ષેપ સ્વરૂપ રૂપે અનાદર કરનારા, ભાવનિક્ષેપને જ માત્ર અગ્રેસર કરનારાઓનો મત ખંડિત થાય છે, કેમ કે-નામ આદિ ત્રણ નિક્ષેપાઓના અનાદરમાં ભાવોલ્લાસ જ કરવો અશક્ય થાય છે.

○ શાસ્ત્રની માફક નામ આદિ ત્રણ નિક્ષેપાઓ હૃદયમાં વિરાજમાન હોયે છતે, ભગવાન આગળ જ સ્ફુરાયમાન થાય છે. હૃદયમાં જ જાણે પ્રવિષ્ટ કરેલ છે એમ થાય છે. તન્મયી ભાવની માફક ભગવાનમાં તન્મય જીવ બને છે, તેથી સર્વકલ્યાણની સિદ્ધિ છે. ભાવોલ્લાસ તે નામાદિ ત્રણ નિક્ષેપાઓને આધીન છે. 'સ્વાભાવિક જ ભાવોલ્લાસ છે. આ પ્રમાણે જૈન મતમાં એકાન્ત નથી, કેમ કે-સર્વ વ્યવહારોના વિચ્છેદનો પ્રસંગ થાય છે.

શંકા – ભાવ અરિહંતનું દર્શન, ભવ્યોને જેમ સ્વગત ફળ પ્રત્યે અવ્યભિચારી (વિરુદ્ધ નથી) છે, તેમ ત્રણ નિક્ષેપાઓની પ્રતિપત્તિ (સ્વીકાર) નથી. માટે નામાદિ ત્રણ નિક્ષેપાઓ પ્રત્યે આદર કેવી રીતે થાય ?

સમાધાન – સ્વગત ફળમાં, સ્વથી ભિન્ન ભાવનિક્ષેપમાં પણ વ્યભિચારનો અભાવ નથી એમ નથી પરંતુ વ્યભિચાર જ છે, કેમ કે-ભાવ અરિહંતને જોઈ ભવ્ય માત્ર કે અભવ્યો પ્રતિબોધને પામતાં નથી. ઇતિ.

○ સ્વગત ભાવોલ્લાસનું નિમિત્તપણું તો ચારેય નિક્ષેપાઓમાં પણ સમાન છે. આ કથનથી સ્વગત અધ્યાત્મના ઉપનાયકતા ગુણથી વંદ્યપણું પણ ચાર નિક્ષેપાઓમાં અવિશિષ્ટ છે.

○ મસ્તક-ચરણ-સંયોગરૂપ વંદન ભાવભગવંતના પણ શરીરમાં જ સંભવ છે, અરૂપી એવા ભાવભગવંતમાં તો નહિ; કેમ કે-આકાશમાં જેમ, તો વંદનનો અસંભવ છે.

ભાવ અરિહંતના સંબંધથી શરીરની સાથે સંબંધવાળું વંદન ભાવ અરિહંતમાં જ આવે છે. આ પ્રમાણે તો નામ આદિમાં પણ સમાન જ છે. (જેનો ભાવનિક્ષેપ પૂજ્ય છે, તેના નામાદિ ત્રણ નિક્ષેપાઓ યથાયોગ્ય પૂજ્ય જ છે.)

શંકા – મહાનિશીથસૂત્રમાં ભાવાચાર્યને તીર્થંકરભગવાન તુલ્ય કહેલ છે. એથી નામ આદિ ત્રણ નિક્ષેપાઓનું અકિંચિત્કરપણું છે, માટે ભાવનિક્ષેપ માત્રને આગળ કરનારાઓનો કયો અપરાધ છે ?

સમાધાન – મહાનિશીથસૂત્રમાં ભાવાચાર્યમાં તીર્થંકરની તુલ્યતાને જણાવનારું વચન, પરમશુદ્ધ ભાવગ્રાહી નિશ્ચયનયના વિષયભૂત છે.

○ ખરેખર, જે મતમાં એક પણ ગુણના ત્યાગમાં મિથ્યાદૃષ્ટિપણું મનાય છે, તે મતમાં બીજા નિક્ષેપાઓનો અનાદર હોવા છતાં, નૈગમ આદિ નયોના સમુદાયે નામ આદિ નિક્ષેપાઓનું પ્રામાણ્ય સ્વીકૃત કરેલ હોવાથી આપને કયો વ્યામોહ હોઈ શકે ? કેમ કે-સર્વનયસંમત જ શાસ્ત્રના અર્થરૂપ છે. અન્યથા, જો સર્વનયસંમતને ન માનો, તો સમ્યક્ત્વ અને ચારિત્રને એક માનનાર નિશ્ચયનયે, અપ્રમત્ત સંયત(સાધુ)ને જ સમ્યક્ત્વના સ્વામી તરીકે કહેલ છે, પ્રમત્તગુણસ્થાનક સુધીનાને સમ્યક્ત્વસ્વામી તરીકે કહેલ નથી. તો શ્રેણિક આદિ ઘણા જીવોમાં પ્રસિદ્ધ સમ્યક્ત્વ અસ્વીકરણીય થશે ને ?

○ આ રીતે 'जो जिणदिट्ठे भावे चउव्विहे सद्दहाइ सयमेव ।' ઇત્યાદિ ઉત્તરાધ્યયન. સૂત્રના વચનથી ચતુર્વિધ શબ્દ, નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના ભેદથી યુક્ત હોવાથી, વ્યાખ્યાના ચાર નિક્ષેપાઓનું ઔચિત્ય મુજબ આરાધ્યપણું અવિરૂદ્ધ છે. ઇતિ.

દ્રવ્યનિક્ષેપનિરૂપણ – અનુભૂત (ભૂતકાલીન) અનુભવિષ્યમાણ (ભવિષ્યત્કાલીન) પર્યાયને યોગ્ય (લક્ષણમાં યોગ્યતા, એક ભવિકબદ્ધ આયુષ્ક અભિમુખ નામગોત્રના ભેદથી ત્રણ પ્રકારની છે : અને અતીત-અનાગત-વર્તમાન ભવભાવની સાથે ક્વચિત્ અંતર વગરના લેવા. અન્યથા, અતીત-અનાગત અનંત ભવોમાં પણ દ્રવ્યપદ વ્યપદેશનો પ્રસંગ થાય ! ખરેખર, વર્તમાન ભવમાં રહેલો પુરસ્કૃત ભવીય-પશ્ચાત્કૃત ભવીય આયુષ્કર્મને સદ્દ્રવ્યપણાએ સ્પર્શ કરે છે. જેમ સવારની સંધ્યામાં સૂર્ય, પૂર્વવિદેહ અને ભરતને તથા પ્રદોષસંધ્યામાં તો ભરતને અને પશ્ચિમવિદેહને પ્રકાશિત કરે છે. તીર્થંકરનામકર્મ ઘટિત યોગ્યતાવડે તો નાના ભવના વ્યવધાનવડે પણ હોય છે, કેમ કે-મરીચિમાં દ્રવ્યતીર્થંકરપણાનું પ્રતિપાદન છે. સુદૂર વ્યવહિત પણ દ્રવ્યતીર્થંકરોનું વંદ્યત્વનું પ્રતિપાદન, નાના ભવસંબંધ ઘટિત યોગ્યતા સિવાય અનુપપન્ન થાય છે.) (કારણ) જે નિક્ષેપવિષય થાય છે, તે 'દ્રવ્યનિક્ષેપ' કહેવાય છે. જેમ અનુભૂત ઇન્દ્રપર્યાયવાળો (જે જીવદ્રવ્ય પહેલાં ઇન્દ્રરૂપે હતું) કે અનુભવિષ્યમાણ ઇન્દ્રપર્યાયવાળો (ઉત્તરકાળમાં ઇન્દ્ર થશે)-બંને ઇન્દ્ર કહેવાય છે, અર્થાત્ તે જીવ દ્રવ્યનિક્ષેપે દ્રવ્યેન્દ્ર કહેવાય છે. (ખરેખર, જે વિશિષ્ટ જીવ દેવેન્દ્ર થઈને તેના યોગજનક કર્મની પરિસમાપ્તિ થતાં, તે શરીરને છોડીને મનુષ્ય આદિ યોનિમાં ઉત્પન્ન થયો. તે વખતે મનુષ્ય પણ હોવા છતાં, પૂર્વે પ્રાપ્ત કરેલ ઇન્દ્રપર્યાયવાળો હોવાથી 'આ ઇન્દ્ર છે' આવો વ્યવહાર કરાય છે (થાય છે). અથવા જે હમણાં મનુષ્યગતિમાં વર્તતો જીવ, ઉત્તરકાળમાં મનુષ્ય ઉપભોગ્ય સમસ્ત કર્મની પરિસમાપ્તિ થતાં, મનુષ્યનું શરીર છોડીને દેવેન્દ્રત્વપદ ઉપભોગ્ય કર્મોદયકાળમાં દેવગતિમાં દેવેન્દ્ર ભવિષ્યકાળમાં થશે. તે જીવ, અનુભવિષ્યમાણ ઇન્દ્રપર્યાયવાળો 'આ ઇન્દ્ર છે' આવો વ્યવહાર થાય છે. તે બંને દ્રવ્યેન્દ્ર છે.) આ બંનેમાં ઇન્દ્રપર્યાયના અભાવકાળમાં ઇન્દ્રપદનો વ્યવહાર કેવી રીતે ? આવી શંકામાં દૃષ્ટાન્તનો આધાર લઈને તેની વ્યવસ્થા કરે છે કે-

○ અનુભૂત ઘૃતના આધારતાના પર્યાયવાળા અથવા અનુભવિષ્યમાણ ઘૃતના આધારપણાના પર્યાયવાળા ઘડાઓમાં (જે ઘડાએ પૂર્વકાળમાં ઘીનું ધારણ કરેલું છે તે ઘડામાં અને જે ઘડો ઉત્તરકાળમાં ઘીનું ધારણ કરશે, તે બંને ઘડાઓમાં) ઘીના ઘડાના વ્યવહારની માફક (લોકમાં આ ઘીનો ઘડો છે-એમ વ્યવહાર થાય છે તેમ) ત્યાં અનુભૂત ઇન્દ્રપર્યાયવાળા અને અનુભવિષ્યમાણ ઇન્દ્રપર્યાયવાળા જીવમાં ઇન્દ્રશબ્દના વ્યપદેશની ઉપપત્તિ છે. (આ ઇન્દ્ર છે, આ પ્રમાણે ઇન્દ્રશબ્દનો પ્રયોગ યુક્તિયુક્ત છે.)

○ હવે બીજા પ્રકારથી દ્રવ્યનિક્ષેપને કહે છે કે-ક્વચિત્ કોઈ એક સ્થળમાં અપ્રધાનપણામાં પણ દ્રવ્યનિક્ષેપ પ્રવર્તે છે. જેમ અંગારમર્દક સંજ્ઞાવાળા આચાર્યના ગુણોથી રહિત હોવાથી અપ્રધાન આચાર્ય 'દ્રવ્યાચાર્ય' કહેવાય છે.

વળી ક્વચિત્ અનુપયોગમાં દ્રવ્યનિક્ષેપ પણ પ્રવર્તે છે. જેમ કે-અનાભોગથી-અન્યમાં રહેલ ચિત્તપણા વગેરેથી યથાર્થ ઉપયોગના અભાવથી, અથવા આલોક અને પરલોક આદિની આશંસાલક્ષણવાળા (જો પૂજાવિધાયક આગમ અર્થનો ઉપયોગ હોય, તો ત્યાં ઇહલોક આદિ આશંસા પ્રતિષિદ્ધ છે. આમ 'તેની

આશંસાથી પૂજા કરવી નહિ.' આવી રીતે તેની આશંસાલક્ષણ આગમ અર્થના અનુપયોગથી) અનાભોગથી અને અવિધિપૂર્વક, ભક્તિપૂર્વક પણ કરાતી જિનપૂજા આદિ દ્રવ્યક્રિયા જ કહેવાય છે, કેમ કે ઉપયોગ વગરની ક્રિયામાં સાક્ષાત્ (ઉપાદાનથી) મોક્ષના અંગ(સાધન)પણાનો અભાવ છે. (પરંપરાથી મોક્ષનું અંગપણું અનુપયુક્ત ક્રિયાનું પણ છે, એમ લબ્ધ જ છે. તેની સ્પષ્ટ પ્રતિપત્તિ માટે કહે છે કે-)

○ તે જિનપૂજા આદિ રૂપ ક્રિયા, ભક્તિથી અને અવિધિથી પણ કરાતી, પરંપરાએ મોક્ષના અંગપણાની અપેક્ષાએ દ્રવ્યપણાએ પામે છે. (વિધિનો અભાવ છતાં પરંપરાથી તે દ્રવ્યક્રિયાથી કેવી રીતે મોક્ષફળ મળે ? માટે આગળ કહે છે કે-) ભક્તિનામક ગુણથી અવિધિ નામક દોષને અનુબંધ વગરનો કરેલ હોઈ, પરંપરાએ દ્રવ્યક્રિયા મોક્ષફળ આવી રીતે આપે છે. (ભક્તિના અભાવથી વિશિષ્ટ અવિધિ જ મોક્ષાદિ કાર્યપ્રતિબંધક છે. તેના અભાવમાં કારણ છે એવો અભિપ્રાય છે, કેમ કે-નિરનુબંધ કરેલ હોઈ, અંગના અભાવથી જન્ય જિનપૂજાગત સ્વસ્વ કાર્યના અનર્જકપણાની આપત્તિરૂપ કાર્યના સંમુખપણાનો અભાવ, અર્થાત્ અંગના સદ્ભાવથી જન્ય જિનપૂજાગત સ્વસ્વ કાર્યના અર્જકપણાની પ્રાપ્તિકાર્યના સંમુખપણાનો સદ્ભાવ થાય છે.)

ભૂતકાલીન પર્યાયની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ જેમ દ્રવ્યેન્દ્રને ઇન્દ્ર, ભવિષ્યકાલીન કારણની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ જેમ દ્રવ્યેન્દ્રને ઇન્દ્ર, અપ્રધાનતાની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ દ્રવ્યાચાર્ય અને અનુપયોગની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ દ્રવ્યક્રિયા. અવિધિથી પણ ભક્તિથી કરાતી ક્રિયા દ્રવ્યક્રિયા. આલોક-પરલોક આદિ આશંસાથી કરાતી ક્રિયા દ્રવ્યક્રિયા. (અહીં ઉપયોગનો અર્થ જ્ઞાન કે વિધિનો ઉપયોગ-વ્યાપાર છે.)

ભાવનિક્ષેપનું નિરૂપણ-લક્ષણ – વક્તાની વિવક્ષિત જે ઇન્દન આદિ રૂપ ક્રિયા છે, તેના અનુભવથી વિશિષ્ટ જે સ્વતત્ત્વરૂપ ભાવ છે, તે 'ભાવનિક્ષેપ' કહેવાય છે. (ઇન્દ્ર આદિ શબ્દથી સ્વર્ગના આધિપત્ય આદિ રૂપ ઐશ્વર્ય આદિના કથનથી તે ત્યાં ઘટતો હોવાથી, તે જ ઇન્દ્ર આદિ શબ્દનું વાચ્યતત્ત્વ પારમાર્થિક પદાર્થ છે. એવંભૂત જે નિક્ષેપનો વિષય થાય છે. જેમ કે-'આ ઇન્દ્ર છે' આવા રૂપે ઇન્દ્ર આદિ શબ્દ વાચ્યરૂપે સ્થાપિત કરાય છે. તે ઇન્દ્ર આદિ ભાવનિક્ષેપ અર્થાત્ ભાવેન્દ્ર કહેવાય છે.)

જેમ ઇન્દન ક્રિયાપરિણત ભાવેન્દ્ર 'ભાવનિક્ષેપ'રૂપ ઇન્દ્ર કહેવાય છે.

શંકા – ભાવથી વર્જિત નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ત્રણ નિક્ષેપાઓમાં, ભાવરૂપ અર્થની શૂન્યતાની અપેક્ષાએ નામમાં-સ્થાપનામાં અને દ્રવ્યમાં વૃત્તિનો (સંકેતવિશેષણવૃત્તિના પ્રવર્તનનો) વિશેષ નહિ હોવાથી (સાધારણપણું હોવાથી) અને વિરુદ્ધ ધર્મના અધ્યાસનો અભાવ હોવાથી કોઈ પણ જાતનો ભેદ નથી, માટે નિક્ષેપાઓના ચાર પ્રકારો કેવી રીતે વ્યાજબી છે ?

(નામ, નામવાળા પદાર્થમાં-સ્થાપનામાં અને દ્રવ્યમાં સાધારણરૂપ વર્તે છે, સ્થાપનારૂપ પણ ભાવાર્થ શૂન્યત્વ, નામાદિ ત્રણમાં પણ સમાન છે, કેમ કે-નામાદિ ત્રણેયમાં પણ ભાવનો અભાવ છે. દ્રવ્ય પણ નામ-સ્થાપના-દ્રવ્યોમાં વર્તે છે જ, કેમ કે-દ્રવ્યમાં જ નામ-સ્થાપના કરવાની હોય છે : અને દ્રવ્યમાં અત્યંત સારી રીતે વર્તવું છે, માટે વિરુદ્ધ ધર્મના અધ્યાસનો અભાવ હોવાથી આ ત્રણેયનાં ભેદ કેવી રીતે વ્યાજબી છે ?)

समाधान – પૂર્વોક્ત અપેક્ષાથી વિરુદ્ધ ધર્મના અધ્યાસનો અભાવ હોવા છતાં રૂપાન્તરથી (બીજી બીજી અપેક્ષાથી) તે નામાદિ ત્રણમાં પરસ્પર ભેદની ઉપપત્તિ છે. તે આ પ્રમાણે:-નામ અને દ્રવ્યથી સ્થાપના, આકાર-અભિપ્રાય-બુદ્ધિ-ક્રિયા-ફળના દર્શનથી જુદી પડે છે. જેમ કે-સ્થાપનભૂત ઈન્દ્રમાં હજાર લોચન, કુંડલ, મુકુટ, શચી(ઈન્દ્રાણી)નું સન્નિધાન, હાથમાં વજ્રનું ધારણ, સિંહાસનમાં અધ્યાસન આદિ જનિત અતિશયવાળો, દેહના સૌન્દર્ય આદિરૂપ રૂપ (આકાર) દેખાય છે.

(૧) સ્થાપના કરનારમાં સદ્‌ભૂત (સત્ય) ઈન્દ્રનો અભિપ્રાય જણાય છે.

(૨) સ્થાપનાના દર્શન કરનારમાં તે ઈન્દ્ર આદિના આકારને જોવાથી ઈન્દ્રબુદ્ધિ પેદા થાય છે.

(૩) આ સ્થાપનાભૂત ઈન્દ્રની સેવા કરનારાઓમાં અને તેની ભક્તિમાં પરિણત બુદ્ધિવાળાઓમાં નમસ્કાર આદિ ક્રિયા દેખાય છે. અને–

(૪) તે નમસ્કાર આદિ ક્રિયાનું ફળ પુત્ર ઉત્પત્તિ આદિ દેખાય છે.

(જિનપ્રતિમાના નમસ્કારરૂપ ક્રિયાનું ફળ અને જિનપ્રતિબિમ્બ પૂજનફળ તો, 'અરિહંતોની અભ્યર્ચનાથી મનની પ્રસન્નતા, તેથી સમાધિ અને તેથી નિઃશ્રેયસ, ખરેખર, એથી જ જિનપૂજન યુક્તિયુક્ત છે'-એમ તત્ત્વાર્થાધિગમ ભાષ્યકારિકામાં પરંપરાથી મુક્તિફળ ઉપદિષ્ટ છે.) આકાર આદિ નામેન્દ્રમાં અને દ્રવ્યેન્દ્રમાં દેખાતાં નથી, તેથી તે નામ-દ્રવ્યથી સ્થાપનાનો ભેદ છે. (સૂત્રબોધિત બળવાન અનિષ્ટના અનનુબંધી ઈષ્ટ સાધનતાવાળા, તેમાં રહેલ ગુણના સ્મરણના જનક સંસ્કારના ઉદ્‌બોધકારક અભિપ્રાય કે આકારનું સંબંધવત્વ, તે સ્થાપનાનું લક્ષણ છે : અને આ પ્રમાણે સાદૃશ્યસંબંધ સ્થાપનાનિક્ષેપ નિયામક નથી, કેમ કે-અસદ્‌ભાવ સ્થાપનાના ઉચ્છેદનો પ્રસંગ છે. અભિપ્રાયસંબંધ પણ સ્થાપનાનિક્ષેપ નિયામક નથી, કેમ કે-નામમાં પણ તે અભિપ્રાયસંબંધ સારી રીતે કહી શકાતો હોઈ અતિપ્રસંગ છે. અતએવ દ્રવ્યલિંગમાં સ્થાપનાથી ભાવસાધુની બુદ્ધિ નથી, કેમ કે-ઉત્કટ દોષવાળો હોઈ પ્રતિસંધાનવિષયના સદૃશપણાથી ગુણવંતના અનુસ્મરણથી સૂત્રબોધિત બળવાન અનિષ્ટના અનુબંધી દ્રવ્યલિંગી થાય છે.)

દ્રવ્ય, નામ અને સ્થાપનાથી ભિન્ન છે, કેમ કે-ભાવનું પરિણામી(ઉપાદાન)કારણ છે. આમ અનુમાનપ્રયોગ પણ અહીં સ્પષ્ટ ભાસે છે. કથિત હેતુની સત્તા દ્રવ્યમાં છે, નામ-સ્થાપનામાં અસત્તા છે. એથી નામ-સ્થાપનાથી દ્રવ્ય નિયમા ભિન્ન છે.

○ જેમ ખરેખર, અનુપયુક્ત વક્તા દ્રવ્ય ઉપયુક્તપણાના કાળમાં ઉપયોગલક્ષણવાળા ભાવનું કારણ થાય છે. [પહેલા અનુપયુક્ત વક્તા તે જ ઉત્તરકાળમાં ઉપયોગરૂપે પરિણત થાય છે, માટે ઉપયોગપરિણામરૂપ ભાવનું કારણ હોઈ તે દ્રવ્ય છે.] અથવા તે ઉપયોગલક્ષણવાળો ભાવ, તે અનુપયુક્ત વક્તારૂપ દ્રવ્યનો પર્યાય થાય છે. અથવા સાધુ જીવરૂપ દ્રવ્યેન્દ્ર હોતો ભાવેન્દ્રરૂપ પરિણતિનું કારણ થાય છે. (જે હમણાં જીવ સાધુપર્યાયનો અનુભવ કરે છે, તે પરલોકમાં દેવેન્દ્ર થશે. તેથી સદ્‌ભાવ દેવેન્દ્ર પરિણતિરૂપ ઉત્તરકાલીન ભાવેન્દ્રનું કારણ હોવાથી દ્રવ્યેન્દ્ર કહેવાય છે.) તે નામેન્દ્ર અને સ્થાપનેન્દ્ર નથી. તે બંનેમાં ભાવપરિણતિનું કારણપણું નથી. આ પ્રમાણે વૈધર્મ્યથી દ્રવ્ય, નામ-સ્થાપનાથી ભિન્ન છે.

○ નામ પણ સ્થાપના અને દ્રવ્યથી કથિત વૈધર્મ્યથી જ (આકાર આદિ ભાવપરિણામી કારણત્વથી) ભિન્ન થાય છે.

જો કે પૂર્વોદિત શંકાવિભાગમાં કહેલ પ્રકારથી આ નામાદિનો અભેદ છે, તો પણ સમાધાનવિભાગમાં કહેલ પ્રકારથી નામ આદિનો પરસ્પર ભેદ સિદ્ધ જ છે. (તથાચ અહીં પણ સ્યાદ્વાદ, સ્થાન બરોબર જમાવે છે.) દૃષ્ટાન્તનું આલંબન લઈને નામ-સ્થાપના-દ્રવ્યોનો ભેદ અને અભેદ દર્શવે છે કે-

○ દૂધ-તક્ર દહીં વગેરે ગોરસનો શ્વેતત્વ આદિ રૂપથી પરસ્પર અભેદ હોવા છતાં, મધુરતા આદિ સ્વાદરૂપે ભેદ નથી એમ નહિ પરંતુ ભેદ છે જ, કેમ કે-વસ્તુ અનંતધર્મોથી અધ્યાસિત છે. તેવી રીતે નામાદિમાં કોઈ અપેક્ષાએ અભેદ હોવા છતાં, બીજી અપેક્ષાએ ભેદ છે જ એમ જાણવું.

શંકા – નામ આદિ વિચાર, આરબ્ધ કર્યે છતે ભાવ એ જ વસ્તુ છે, કેમ કે-વિવક્ષિત અર્થક્રિયાસાધક છે. જેમ કે-ઉભયસંમત વસ્તુ ભાવેન્દ્રની માફક વિવક્ષિત અર્થસાધનમાં સમર્થ, ગોપાલદારક વગેરે નામેન્દ્ર આદિ નથી, તો ભાવ અર્થશૂન્ય નામ આદિથી સર્યું ને ?

(ભાવેન્દ્રનું સ્વર્ગપાલન આદિ જે કાર્ય છે, તે ગોપાલદારક આદિ રૂપ નામેન્દ્ર, ઇન્દ્રપ્રતિમાદિરૂપ સ્થાપનેન્દ્ર, દ્રવ્યેન્દ્ર અથવા સાધુ જીવ આદિ રૂપ દ્રવ્યેન્દ્ર કરવા માટે સમર્થ નથી. આથી પ્રતિનિયત અર્થક્રિયાકારી હોવાથી ભાવેન્દ્ર જ વસ્તુ છે, નામેન્દ્ર આદિ નથી, તો તે ભાવાર્થ શૂન્ય એવા નામાદિનું શું પ્રયોજન છે ?)

સમાધાન – નામ આદિ પણ વસ્તુના પર્યાય હોઈ, સામાન્યથી ભાવત્વનું ઉલ્લંઘન કરતા નથી તેવા સિદ્ધસાધન છે. (ખરેખર, ઇન્દ્રશબ્દનો અર્થ, ઇન્દ્રની માફક નામ અને તેનો આકાર તેના કારણરૂપ ચતુષ્ટયાત્મક વસ્તુ જ છે, માટે ભાવેન્દ્રની માફક નામાદિમાં વસ્તુપર્યાયત્વ અવિશિષ્ટ જ છે. કથિત ચતુષ્ટયમાંથી કોઈ એકનું જે કાર્ય છે, તે ઇન્દ્રશબ્દાર્થનું કાર્ય હોય છે જ. સામાન્યથી ઇન્દ્ર-કાર્ય-કારિત્વ સર્વેનું અવિશિષ્ટ જ છે. જેમ અનંતધર્માત્મક વસ્તુમાં પ્રત્યેક ધર્મનું જે કાર્ય છે, તે પણ વસ્તુ કાર્ય હોય છે જ. અન્યથા અનંતધર્માત્મકપણું વસ્તુનું સંભવે નહિ જ.)

○ અવિશિષ્ટ (સામાન્યથી) ઇન્દ્ર આદિ વસ્તુનું ઉચ્ચારણ કર્યે છતે, નામ આદિ રૂપ ચાર ભેદો પ્રતીત થાય છે જ. 'ઇન્દ્ર છે' આવી રીતે નામ આદિ રહિત કેવળ ઇન્દ્રશબ્દનું ઉચ્ચારણ થયે છતે, વિશેષ વગર નામેન્દ્ર આદિ ચારેયનું પણ જ્ઞાન થાય છે.

શું આણે નામેન્દ્ર વિવક્ષિત કરેલ છે કે સ્થાપનેન્દ્ર કે દ્રવ્યેન્દ્ર કે ભાવેન્દ્ર ?-એમ વિશેષ કથન નહિ હોવાથી સામાન્યથી ચારેયનું કથન છે. એથી સામાન્યથી ઇન્દ્રવસ્તુના ચાર પણ આ પર્યાયો ભાવવિશેષ જ છે.

○ હવે વિશિષ્ટ અર્થક્રિયાસાધક, ભાવેન્દ્ર, આદિરૂપ ભાવની અપેક્ષા કરીને વસ્તુત્વના સાધનમાં કોઈ પણ ક્ષતિ નથી. ભાવેન્દ્ર આદિના ભાવમાં વિશિષ્ટ ક્રિયાકારકપણામાં, નામેન્દ્ર આદિ પર્યાયોમાં પણ તે વિશિષ્ટ ક્રિયાસાધકપણું જોવું જોઈએ, કેમ કે-દ્રવ્યરૂપે પર્યાયોને પરસ્પર અભેદ છે. વસ્તુના પર્યાયપણાની અપેક્ષાએ જેમ ભાવ છે, તેમ નામ આદિ ત્રણ છે એમ અત્યાર સુધી સાબિત કર્યું.

હવે પ્રકારાન્તરથી નામાદિના ભાવાંગપણાએ ઉપયોગને કહે છે. અથવા ભાવપરિણામના નિમિત્તભાવની અપેક્ષાએ નામ-સ્થાપના-દ્રવ્યોનો ભાવના અંગપણાએ ઉપયોગ (સફળતા) છે. ભાવાંગપણું જ એકલું કેવી રીતે ? આવી શંકામાં કહે છે કે-

(૧) કોઈ એક પુરુષ આદિમાં સંકેતિત 'જિનનામ' સાંભળીને પણ રાગ-દ્વેષ આદિ આંતર-સંપૂર્ણ શત્રુશૂન્ય ભાવજિન સ્મૃતિમાં આરૂઢ થયે છતે, શ્રોતામાં રહેલા ભાવના ઉલ્લાસનો અનુભવ થવાથી ભાવાંગ છે.

(૨) એ પ્રમાણે સર્વથા રાગ-દ્વેષ આદિના રહિતપણાના અનુમાપક લિંગવિશેષથી વિભૂષિત જિનપ્રતિમાને (સ્વસ્તિક આદિને) આગળ સાક્ષાત્ જોનાર ભવ્યને ઇચ્છા થાય છે કે-'આવો વીતરાગ હું ક્યારે થઈશ ?' આવી ઇચ્છા-લક્ષણ તેઓના ગુણોમાં એકતાનતાસ્વભાવ આત્મક ભાવોલ્લાસનો આવિર્ભાવ અનુભવાતો છે માટે ભાવાંગ છે.

(૩) નિર્વાણને પામેલા કે કાળધર્મને પામેલા, તેમજ બે-ત્રણ આદિ ભવોમાં જ જિન આદિ ભાવને ભવિષ્યમાં પામનાર (દ્રવ્યમુનિ કે) દ્રવ્યજિનરૂપ સમ્યક્ચારિત્રવાળા મુનિના દેહના દર્શનથી દેખનાર ભવ્ય જીવમાં સમ્યગ્દર્શનાદિ ભાવવિશેષનો ઉલ્લાસ અનુભવાતો છે, માટે નામ આદિ ત્રણનો ભાવના અંગપણાએ ઉપયોગ જ છે, નિરૂપયોગપણું નથી.

(મુક્તિગત મુનિ કે જિનના દેહને, અથવા ભવિષ્યમાં મુનિ કે જિનના ભાવને પામનાર મુનિ કે જિનના દેહને દેખી, અર્થાત્ દ્રવ્યમુનિ દ્રવ્યજિનને દેખી ભાવોલ્લાસ ભવ્ય જીવને પેદા થાય છે.) અહીં આ વિશેષ છે કે-ભાવોલ્લાસરૂપી સમીહિત સાધન કાર્ય પ્રત્યે કેવળ નામ-સ્થાપના-દ્રવ્યરૂપ ત્રણ અનૈકાન્તિક કારણ છે, કેમ કે-નિશ્ચયનો અભાવ છે. અનાત્યન્તિક કારણ છે, કેમ કે-આત્યન્તિક પ્રકર્ષ પ્રાપ્ત તથાવિધ ફળસાધકપણાનો અભાવ છે. (એકાન્ત એટલે નિયમ. તે જ ઐકાન્તિક-નઐકાન્તિક-અનૈકાન્તિક. નામ આદિ ત્રણમાંથી કોઈ એક હોયે છતે કદાચિત્ ભાવોલ્લાસ થાય છે, કદાચિત્ થતો પણ નથી, માટે વ્યભિચારી છે. અનાત્યન્તિક=અત્યંત-અતિશયથી-અતિ પ્રકૃષ્ટ-અન્યાતિશાયી કાર્ય કરે છે, તે આત્યન્તિક. તે પ્રકારે જે નથી, તે અનાત્યન્તિક. ભાવ જિનથી જેવો પ્રકૃષ્ટતમ ભાવોલ્લાસ થાય છે, તેવો ભાવોલ્લાસ જિનનામાદિથી થતો નથી, માટે નામાદિ ભાવોલ્લાસ પ્રત્યે અનૈકાન્તિક-અનાત્યન્તિક કારણ છે.) ભાવ તો (ભાવજિન તો) ઐકાન્તિક-આત્યન્તિક કારણ છે. (ભાવોલ્લાસ સમીહિત સાધન પ્રત્યે ભાવજિન ઐકાન્તિક (અવ્યભિચારી) આત્યન્તિક કારણ છે. માટે તે નામ આદિ ત્રણ કરતાં ભાવ અભ્યર્હિતતમ છે, આવો વિશેષ છે. આ પ્રમાણે ભાવથી ભિન્નમાં રહેલ નામ આદિ ત્રણનો પૂર્વોક્ત રીતે ઉપયોગ છે, કેમ કે-વસ્તુના પર્યાયો છે અને ભાવના અંગો છે.

o અર્થાત્ (પ્રધાનેતરભાવનું કથન) નામ આદિનું કથન ભિન્ન વસ્તુગતની અપેક્ષાએ છે.

o અભિન્ન વસ્તુગત નામ આદિનું તો ભાવની સાથે અવિનાભૂત (વ્યાપ્ત) હોવાથી જ વસ્તુપણું છે. ખરેખર, સર્વ વસ્તુનું પોતાને કહેનાર નામરૂપ સ્વરૂપ છે.

o જેમ કે-આતાન (લાંબો વિસ્તાર) વિતાનીભૂત (વિસ્તાર-ફેલાવભૂત) તંતુના સંતાનવાળો પટ કહેવાય છે. ઉર્ધ્વ કુંડલોમાં (ઉંચા વર્તુલવાળાઓમાં) લાંબો-ગોળ-ગ્રીવાવાળો ઘટ કહેવાય છે ઇત્યાદિ.

o પોતાનો આકાર સ્થાપનારૂપ છે. જેમ સર્વ વસ્તુનો પોતપોતાનો આકાર.

o અતીત-અનાગતભાવનું કારણ દ્રવ્ય છે અને કાર્યાપન્ન સ્વ(પોતે) ભાવરૂપ છે. જેમ મૃત્પિંડ આદિ વસ્તુનું જન્યત્વ (કાર્યત્વ)ને પ્રાપ્ત થયેલ ઘટ આદિ.

(જો ઘટનું નામ ઘટનો ધર્મ ન હોય, તો તે ઘટ નામથી તે ઘટનું જ્ઞાન ન થાય ! કેમ કે-ઘટ નામથી ઘટજ્ઞાનનું ઘટ નામ ઘટરૂપ અર્થથી અભિન્ન વાચ્યવાચકભાવરૂપ સંબંધથી જન્યપણું છે, માટે સર્વ વસ્તુ નામાત્મક છે. વળી સર્વ વસ્તુ સાકાર છે. ખરેખર, મતિ, આ ઘટ છે, આ પટ છે, ઇત્યાદિ રૂપથી જ વ્યવહારમાર્ગમાં અવતરે છે, માટે તે મતિનું ઘટ આદિ આકારવત્વ છે : અને ઘટ આદિ શબ્દ, ઘકાર પછી ટકાર અને ટકાર પછી અત્વરૂપ આનુપૂર્વીસ્વરૂપ આકારયુક્ત જ ભાસે છે, માટે સાકાર છે. ઘટ વગેરે પણ પૃથુબુધ્નોદર આદિ આકારવાળા જ અનુભવ થાય છે, માટે સાકાર છે. આ પ્રમાણે સર્વ વસ્તુનું સાકારપણું જાણવું. અર્થાત્ મતિમાં નીલ આકાર, પીત આકાર છે. એ પ્રમાણે આકારની અનુભૂતિ છે. શબ્દમાં તે તે વર્ણથી અવ્યવહિત ઉત્તર તે તે વર્ણત્વરૂપ આનુપૂર્વીસ્વરૂપ આકારની અનુભૂતિ છે અને ઘટાદિમાં કંબુગ્રીવા આદિ અવયવ સંનિવેશરૂપ સંસ્થાનવિશેષરૂપ આકારની અનુભૂતિ છે. સર્વત્ર અનુભવાતા આકારનો અપલાપ અશક્ય છે. સર્વ વસ્તુ દ્રવ્યાત્મક છે. અનેક અવસ્થાઓમાં અનુગામિત્વ-દ્રવ્યત્વ છે. અનુગામિત્વરૂપ દ્રવ્ય આત્મક સર્વ વસ્તુ છે. જેમ કે-ઉત્ફણ પણ સાપ જ છે. એ પ્રમાણે વિફણ કુંડલિત આકારવાળો સાપ જ છે. આમ અવસ્થાઓના ભેદમાં પણ જેમ એક જ સાપ સર્વદા અનુગત છે, તેમ દ્રવ્ય પણ. જેમ તત્ત્વથી ઉત્ફણ-વિફણ આદિ અવસ્થાઓ સાપથી જુદું તત્ત્વ નથી, તેમ પર્યાયો પણ દ્રવ્ય જ છે. તે તે પર્યાયરૂપે આવિર્ભૂત સ્વભાવવાળું તે તે પરિણામ આત્મક હોતું, તે તે રૂપે વ્યવહારવિષય થાય છે. તે તે પર્યાયરૂપ તિરોભાવમાં સ્વસ્વરૂપ વ્યવસ્થિત દ્રવ્ય છે એમ કહેવાય છે. વિકાર નામથી બીજું તત્ત્વ નથી.)

સર્વ વસ્તુ ભાવાત્મક છે, કેમ કે-અન્યોઽન્ય કાર્ય-ક્ષણ સંતાન આત્મક તે ભાવનો અનુભવ છે. આ પ્રમાણે સર્વ વસ્તુ નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપ ચાર રૂપોથી અવિનાભૂત છે. (આ કથનથી જે જે વસ્તુ છે, તે તે ચાર નિક્ષેપાવાળી છે. આવી વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે, કેમ કે-અનુયોગદ્વારસૂત્રનું પ્રમાણ છે. તો પણ આ વ્યાપ્તિ પ્રાયિક (સાપેક્ષ) છે, કેમ કે-અપ્રજ્ઞાપનીય વસ્તુમાં નામનો પ્રયોગ નથી. વળી જીવત્વેન દ્રવ્યત્વેન ભૂત-ભવિષ્યત્ પર્યાયભાવથી તે જીવદ્રવ્યના કારણપણાનો અભાવ હોવાથી જીવમાં દ્રવ્યનિક્ષેપનો અભાવ છે. વળી તત્ત્વાર્થટીકાકારે કહ્યું છે કે-'જો એકમાં અસંભવ છે, તો એટલા માત્રથી અવ્યાપકતા નથી,' માટે અપ્રજ્ઞાપનીય અને જીવદ્રવ્યભિન્ન જે જે વસ્તુ છે, તે તે ચાર નિક્ષેપાવાળી છે. આવી વ્યાપ્તિની વિવક્ષા છે.) આ પ્રમાણે જ દેખેલું છે, કેમ કે-સમ્યગ્દર્શનની વ્યવસ્થા છે. જિનમત સર્વ નયોના સમૂહ આત્મક છે. ખરેખર, એક જ વસ્તુમાં વિદ્યમાન પર્યાયોના મધ્યમાં આ વસ્તુ છે. બીજી તો અવસ્તુ છે, એમ કહી શકાતું નથી. (ભિન્ન વસ્તુમાં ભિન્ન કાળમાં વિદ્યમાન પર્યાયોને તે પ્રકારે કહી શકાય છે. માટે કહ્યું છે કે-'એક જ વસ્તુમાં એકીસાથે' 'शक्यत' इति । વિનિગમનાના વિરહથી સર્વનું વસ્તુત્વ અથવા સર્વનું અવસ્તુત્વ થાય ! એવો ભાવ છે. ચાર રૂપોના અવિનાભૂતપણામાં વિનિગમકને છે કે-'द्रव्यरुपतये'ति । કેમ કે-દ્રવ્યરૂપપણાએ તે સર્વેનું એકપણું છે. તથા વસ્તુના પ્રત્યય(જ્ઞાન)નો હેતુ હોવાથી 'નામ' વસ્તુનો ધર્મ છે. જે જેના પ્રત્યયમાં હેતુ છે, તે તેનો ધર્મ છે. જેમ ઘટના સ્વધર્મો રૂપ આદિ છે. જે જેનો ધર્મ નથી, તે તેનો પ્રત્યયનો હેતુ નથી. જેમ ઘટના ધર્મો પટના હોતા નથી. ઘટના નામથી ઘટનું જ્ઞાન થાય છે અને સર્વ વસ્તુઓના નામરૂપપણાની સાથે વ્યભિચારનો અભાવ હોવાથી અનૈકાન્તિકપણું નથી. ખરેખર, જે નામરહિત છે, તે વસ્તુ જ નથી. યથા નામથી રહિત હોઈ અવાચ્ય છઠ્ઠા ભૂતરૂપ ભાવ અવસ્તુપણામાં તો ક્યાંથી તેના પ્રત્યયના હેતુત્વરૂપ

હેતુની વૃત્તિ થાય ? અથવા ત્યાં તેની વૃત્તિમાં તેનું પણ વસ્તુત્વ જ થાય ! કેમ કે-ઘટાદિની માફક સ્વપ્રત્યયજનકપણું છે.

શંકા – 'નદીના કાંઠે પાંચ ફળો છે' આવા શબ્દને સાંભળ્યા પછી, પ્રવૃત્તિવાળા કોઈ એકને વસ્તુની પ્રાપ્તિનો અભાવ હોવાથી અવસ્તુધર્મતા તેની કેમ નહિ ?

સમાધાન – પ્રત્યક્ષ આદિ પ્રમાણોમાં પણ તેનો પ્રસંગ છે, કેમ કે-તે પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી પ્રવૃત્તિ કરનારમાં કદાચિત્ વસ્તુની અપ્રાપ્તિ છે.

શંકા – અબાધિત પ્રમાણોથી પ્રવૃત્તિમાં અર્થની પ્રાપ્તિ છે ને ?

સમાધાન – સુવિવેચિત આપ્ત શબ્દથી પણ વસ્તુની પ્રાપ્તિ અવશ્ય થાય છે. (જો નામ, વસ્તુનો ધર્મ ન થાય, તો ઘટ શબ્દ કહ્યે છતે, શ્રોતાને 'શું આ કહે છે ?' આમ સંશય જ થાય ! પરંતુ ઘટ પ્રતિપત્તિ ન થાય ! અથવા પટપ્રતિપત્તિરૂપ વિપર્યય થાય ! અથવા આણે કાંઈ પણ જે કહ્યું, તે હું જાણતો નથી. આવા ચિત્તના વ્યામોહથી વસ્તુની અપ્રતિપત્તિરૂપ અનધ્યવસાય થાય ! કદાચિત્ ઘટનો, કદાચિત્ પટનો અથવા કદાચિત્ સ્તંભ આદિનો બોધ થાય ! એમ પણ જાણવું.)

○ આ પ્રમાણે જે છે, તે સઘળું આકારમય જ છે. યથામતિ-શબ્દ-વસ્તુ-ક્રિયા-ફળ-અભિધાનો. જે આકારવાળી નથી, તે વસ્તુ નથી. જેમ કે-વંધ્યાપુત્ર આદિ.

(૧) ખરેખર, મતિ જ્ઞેયના આકારના ગ્રહણમાં પરિણત હોવાથી આકારવાળી છે. અન્યથા, 'નીલનું આ સંવેદન છે, પીતનું નહિ. આવો નિયમ ન થાય ! કેમ કે-નિયામકનો અભાવ છે. ખરેખર, નીલ આદિ આકાર નિયામકરૂપે જ્યારે ન મનાય, ત્યારે 'નીલગ્રાહી મતિ છે, પીતગ્રાહી નથી.' આમ કેવી રીતે વ્યવસ્થા કરી શકાય ? કેમ કે-વિશેષનો અભાવ છે.

(૨) શબ્દ પણ, પૌદ્ગલિક હોવાથી આકારવાળો જ છે.

(૩) ઉત્ક્ષેપણ આદિ રૂપ ક્રિયા પણ ક્રિયાવાનથી અભિન્ન હોવાથી આકારવાળી છે.

(૪) ફળ પણ, કુંભાર આદિની ક્રિયાથી સાધ્ય ઘટ આદિ, મૃત્પિંડ આદિ વસ્તુના પર્યાયરૂપ હોવાથી આકારવાળું છે.

(૫) અભિધાન પણ, શબ્દરૂપ નામ પણ આકારવાળું કહેલું છે.

○ સર્વ દ્રવ્ય આત્મક છે. જેમ ઉત્ફણ (પ્રસારિત ફણાવાળો), વિફણ (સંકુચિત ફણાવાળો), કુંડલિત આકાર(કુંડલસ્વરૂપતા-ગોલકતાને પ્રાપ્ત આકારવાળા)વાળો સાપ : કેમ કે-દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ વિકાર વગરના આવિર્ભાવ માત્ર પરિણામવાળા દ્રવ્યનો જ સઘળે ઠેકાણે સર્વદા અનુભવ છે.

○ ખરેખર, અપૂર્વ કાંઈ પણ ઉત્પન્ન થતું નથી, કેમ કે-પ્રચ્છન્નરૂપે વિદ્યમાનનો જ આવિર્ભાવ થાય છે.

○ આવિર્ભૂત હોતું વિનષ્ટ થતું નથી (આવિર્ભાવરૂપે વિદ્યમાનનો વિનાશ થતો નથી), કેમ કે-પ્રચ્છન્નતારૂપ તિરોભાવનો જ વિનાશ છે.

○ તથાચ આવિર્ભાવ-તિરોભાવ પરિણામમાં જ કાર્યના ઉપચારથી અને દ્રવ્યનું ઉપચરિત કારણપણું હોઈ, ઉત્પાદ-વ્યયરહિત (આ પ્રમાણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્ ગુણપર્યાયવદ્ દ્રવ્ય આ બંનેમાં પુનઃ ઉક્તિ નથી. એથી જ અહીં વિરોધ નથી. અન્યથા, દ્રવ્યના ઉત્પાદ-વ્યય આત્મકપણામાં તેનાથી રહિતપણાનું વચન વિરુદ્ધ થાય.) વિકાર વગરનું દ્રવ્ય કહેવાય છે.

શંકા – દ્રવ્યની એકસ્વભાવતામાં અને નિર્વિકારતામાં અનંતકાળમાં થનારા-અનંત આવિર્ભાવ-તિરોભાવનું એ કહેલાથી જ કેવી રીતે કારણપણું સંભવે ?

સમાધાન – દ્રવ્ય અચિંત્ય સ્વભાવવાળું છે, કેમ કે-એકસ્વભાવવાળા સર્પ આદિ દ્રવ્યોમાં પણ ઉત્ફણ-વિફણ આદિ પર્યાયોની ક્રમથી પ્રવૃત્તિ અનુભવસિદ્ધ છે.

શંકા – ઉત્ફણ-વિફણ આદિ બહુરૂપવાળું હોઈ, પૂર્વદશાના ત્યાગપૂર્વક ઉત્તર અવસ્થામાં સ્થિતિ હોવાથી દ્રવ્યની અનિત્યતા કેમ નહિ ?

સમાધાન – બીજા બીજા વેષને પામનાર નટની માફક બહુરૂપવાળા પણ દ્રવ્યની નિત્યતા છે ? જેમ નાયક-વિદૂષક-વાંદરો-રાક્ષસ આદિ ભૂમિકારૂપ પાત્રોના અવસરોમાં બીજા બીજા વેષોને ભજવનારો નટ બહુરૂપી છે, તેમ ઉત્ફણ-વિફણ આદિ ભાવરૂપ અવસ્થાઓથી દ્રવ્ય પણ બહુરૂપવાળું છતાં નિત્ય જ છે, કેમ કે-સ્વયં (દ્રવ્ય) અવિકારી છે. જેમ આકાશ.

○ તથા સર્વ ભાવાત્મક છે, કારણ કે-અન્યાઽન્ય પર્યાયરૂપ કાર્યક્ષણના સંતાન આત્મક જ તે ભાવનો અનુભવ છે. ખરેખર, ક્ષણે ક્ષણે પર્યાયોનું ભવન જ અનુભવાય છે, કેમ કે-પૂર્વપર્યાયરૂપ ક્ષણની નિવૃત્તિ અને ઉત્તરપર્યાયરૂપ ક્ષણની ઉત્પત્તિ છે.

શંકા – ઉત્પત્તિ અને નિવૃત્તિ કારણની અપેક્ષાવાળી છે અને જે કારણ છે, તે જ દ્રવ્ય છે ને ?

સમાધાન – નિરપેક્ષની જ ઉત્પત્તિ છે. ખરેખર, અપેક્ષા વિદ્યમાનની જ છે.

મૃત્પિંડ આદિ કારણના કાળમાં ઘટ આદિ કાર્ય નથી, કેમ કે-અવિદ્યમાનની અપેક્ષામાં તો ગધેડાના શીંગડાની પણ તથાભાવ(અપેક્ષા)નો પ્રસંગ છે. વળી જો ઉત્પત્તિના ક્ષણની પહેલાં પણ ઘટ આદિ હોય, તો મૃત્પિંડની અપેક્ષાથી સર્યું, કેમ કે-સ્વતએવ તે ઘટાદિ વિદ્યમાન છે.

શંકા – ઉત્પન્ન થયા બાદ ઘટ આદિ મૃત્પિંડ આદિની અપેક્ષા રાખે છે ને ?

સમાધાન – માથું મુંડાયા પછી દિનશુદ્ધિના વિચારની માફક અપેક્ષાની નિરર્થકતા છે.

શંકા – ઉત્પદ્યમાનતાની અવસ્થામાં આ ઘટાદિ અપેક્ષા રાખે છે ને ?

સમાધાન – આ તમારી વાત વિચારને સહી શકતી નથી. ખરેખર, ઉત્પદ્યમાનતા શું અનિષ્પન્ન અવયવવાળી છે કે નિષ્પન્ન અવયવવાળી છે ? અથવા શું અર્ધનિષ્પન્ન અવયવવાળી છે ?

(૧) પહેલો પક્ષ બરોબર નથી, કેમ કે-અનુત્પન્નને અપેક્ષાનો અભાવ છે. જેમ આકાશકમલ.

(૨) બીજો પક્ષ ઠીક નથી, કેમ કે-નિષ્પન્નને પરની અપેક્ષાની નિરર્થકતા છે.

(૩) છેલ્લો ત્રીજો પક્ષ વ્યાજબી નથી, કેમ કે-વસ્તુમાં અંશસહિતતાનો પ્રસંગ છે.

અંશસહિતતામાં પણ અનિષ્પન્ન અંશ શું કારણની અપેક્ષા રાખે છે ?

(૧-૨) પહેલા બે પક્ષો વ્યાજબી નથી, કેમ કે-નિષ્પન્ન અને અનિષ્પન્નમાં અપેક્ષાનો અસંભવ કહેલ છે.

(૩) છેલ્લો પક્ષ બરાબર નથી, કેમ કે-ઉભય પક્ષમાં કહેલ દોષોનું સંક્રમણ છે. તેથી મૃત્પિંડ આદિથી ઉત્તરકાળમાં પર્યાયરૂપે ભવન (થવું) જ ઘટાદિને તે મૃત્પિંડ આદિની અપેક્ષા છે. કાર્યત્વથી અભિમત ઘટ આદિનો પ્રાગ્ભાવ જ મૃત્પિંડ આદિ નિષ્ઠ કારણપણું છે, પરંતુ ત્યાં વ્યાપારવિષયભૂત મૃત્પિંડ આદિમાં કારણતા નથી : કેમ કે-વ્યાપાર વ્યાપારવાનથી ભિન્ન હોયે છતે તે મૃત્પિંડ આદિમાં નિર્વ્યાપારતાનો પ્રસંગ છે, અભિન્નપણામાં વ્યાપારના અભાવનો પ્રસંગ છે. કારણના વ્યાપારથી જન્ય પણ ઉત્પત્તિના, ઉત્પત્તિમાનથી ભેદમાં ઉત્પત્તિમાનમાં ઉત્પત્તિના અભાવનો પ્રસંગ થાય છે. તેથી પૂર્વ-ઉત્તરકાળ ભાવિત્વ માત્રથી જ આ કાર્ય-કારણભાવ વસ્તુઓ લોકમાં પ્રસિદ્ધ છે. પરંતુ કોઈએ કાંઈ કરેલું નથી, માટે કોઈ એક ભાવને સંબંધીની આકાંક્ષા નથી. તેથી બીજા હેતુની અપેક્ષા વગરનો જ સઘળો ભાવ ઉત્પન્ન થાય છે. આમ સ્થિર થયું.

○ આ પ્રમાણે (ઉત્પત્તિની માફક) વિનાશ પણ હેતુ વગરનો જ છે.

શંકા – મુદ્ગર વગેરેની અપેક્ષાવાળા જ ઘટ આદિ વિનાશને પામતાં દેખાય છે, તો નિર્હેતુક કેવી રીતે ?

સમાધાન – વિનાશના હેતુનો અભાવ હોવાથી નિર્હેતુક છે. શું વિનાશના કાળમાં મુદ્ગર આદિથી ઘટ આદિ જ કરાય છે ? કપાલ આદિ કરાય છે ? કે તુચ્છરૂપ અભાવ છે ?

(૧) પહેલો પક્ષ ઠીક નથી, કેમ કે-કુંભાર આદિ સામગ્રીથી જ તે ઘટ આદિની ઉત્પત્તિ છે.

(૨) બીજો પક્ષ વ્યાજબી નથી, કેમ કે-તે જ અવસ્થાનો પ્રસંગ છે.

(૩) ત્રીજો પક્ષ પણ વ્યાજબી નથી, કેમ કે-અરૂપી તે અભાવને ગધેડાના શીંગડાની માફક કરી શકતો નથી.

શંકા – ઘટ આદિની સાથે સંબંધવાળા તે મુદ્ગર આદિએ અભાવ કરેલો છે, તેથી ઘટાદિની નિવૃત્તિ કહેવાય છે ને ?

સમાધાન – સંબંધની અનુપપત્તિ હોવાથી તમારું કથન ઠીક નથી. શું પહેલાં ઘટ, પછીથી અભાવ કે વૈપરીત્ય કે સમાનકાળમાં ઘટ અને અભાવ છે ?

(૧-૨) પહેલાંના બે પક્ષ ઠીક નથી, કેમ કે-બેમાં રહેનાર સંબંધનો ભિન્ન કાળવાળામાં અસંભવ છે.

(૩) છેલ્લા પક્ષમાં ઘટ અને અભાવમાં જો ક્ષણ માત્ર પણ સાથેની અવસ્થિતિ સ્વીકારાય, તો સંસાર પર્યન્ત આ થાય ! કેમ કે-વિશેષનો અભાવ છે. વળી તે પ્રકારે છતે ઘટની તે અવસ્થાનો પ્રસંગ છે.

શંકા – ઘટના ઉપમર્દથી (પૂર્વધર્મીનો નાશ કરી બીજો ધર્મી ઉત્પન્ન કરવાથી-મર્દન કરવાથી) અભાવ થાય છે. એથી ઘટ આદિની નિવૃત્તિ છે ને ?

સમાધાન – ઉપમર્દના, ઘટ આદિ રૂપપણામાં તે ઘટાદિની પોતાના હેતુથી જ ઉત્પત્તિ છે. કપાલ આદિ રૂપપણામાં, તેના ભાવમાં પણ (ઉપમર્દભાવમાં પણ) ઘટની તે અવસ્થાનો પ્રસંગ છે. વળી તુચ્છ

અભાવરૂપપણામાં 'ઘટ આદિના અભાવથી ઘટ આદિનો અભાવ થાય છે' એવું કહેલું થાય ! એમ થયે છતે પોતે જ પોતાના થવાની અનુપપત્તિ થાય ! તેથી મુદ્ગર આદિ સહકારી કારણની વિસદશતાથી વિસદશ કપાલ આદિ ક્ષણ ઉત્પન્ન થાય છે. ઘટ આદિ તો ક્ષણિક હોઈ નિર્હેતુક છે. સ્વરસથી જ નિવૃત્ત થાય છે. એટલું જ માત્ર શોભન (સારું) છે. એથી હેતુવ્યાપારની અપેક્ષા વગર જ ઉત્પન્ન ભાવો ક્ષણિક હોઈ સ્વરસથી જ વિનાશ પામે છે, હેતુના વ્યાપારથી નહિ. આવું સ્થિર થયું. તેથી ઉત્પત્તિ અને વિનાશમાં કાંઈ કોઈથી અપેક્ષિત થતું નથી અને અપેક્ષણીયનો અભાવ હોવાથી કોઈ કોઈનું કારણ નથી. તેમ થયે છતે દ્રવ્ય જેવું કાંઈ નથી. (પર્યાયાર્થિકનયની અપેક્ષાએ) પરંતુ પૂર્વ અપરીભૂત પર-અપર ક્ષણરૂપ પર્યાયો જ છે.

○ ખરેખર, આ સ્વતંત્ર નામ આદિ નયો મિથ્યાદૃષ્ટિરૂપ છે, કેમ કે-અસંપૂર્ણ અર્થના ગ્રાહી હોવાથી હાથીના શરીરના ભિન્ન ભિન્ન અવયવોના સંસ્પર્શથી ઘણા પ્રકારના વિવાદમાં વાચાળ બનેલા જાતિથી અંધોના સમુદાયની માફક છે.

○ અનુભવ-પ્રત્યક્ષ-સિદ્ધ તો જૈનમતરૂપ સમસ્ત સમૂહના સ્વીકારથી બનેલ નિરવદ્ય છે, કેમ કે-નામ આદિ નયોએ પરસ્પર પ્રગટ કરેલ સમસ્ત દોષોનો અભાવ હોવાથી સંપૂર્ણ અર્થનો ગ્રાહક છે. જેમ ચક્ષુવાળાઓના ચારેય બાજુ સમસ્ત હાથીના દર્શનથી જન્ય વચન. તથાચ જ્યાં શબ્દ-ઉચ્ચારણ બુદ્ધિપરિણામનો સદ્ભાવ છે, ત્યાં સઘળુંય નામ આદિ ચાર પર્યાયવાળું છે એમ નિશ્ચિત છે; કેમ કે-ચતુષ્પર્યાયત્વના અભાવ હોયે છતે સસલાના શીંગડા આદિમાં શબ્દ આદિ પરિણામના અભાવનું દર્શન છે. તેથી શબ્દ આદિ પરિણામના સદ્ભાવમાં સઘળે ઠેકાણે ચાર પર્યાયો નિશ્ચિત જ છે. એથી અન્યોથી સંવલિત (મળેલ) નામ આદિ ચતુષ્ટય આત્મક જ વસ્તુમાં ઘટ આદિ શબ્દની અને ઘટાદિની વાચક હોઈ, પૃથુબુધ્નોદર આદિ આકારની નામ આદિ ચતુષ્ટય આત્મક હોઈ, બુદ્ધિની તેના આકારના ગ્રહણરૂપ હોઈ, પરિણતિ, તે નામ આદિ ચતુષ્ટય આત્મક જ વસ્તુમાં સારી રીતે ઉપલબ્ધ છે.

○ વળી આ દર્શન ભ્રાન્ત નથી, કેમ કે-બાધકનો અભાવ છે. અદૃષ્ટની આ શંકાથી અનિષ્ટ કલ્પના પણ નથી, કેમ કે-અતિપ્રસંગ છે.

○ સૂર્યના અસ્તભાવ અને ઉદયભાવથી ઉપલબ્ધ રાત્રિ-દિવસ આદિ વસ્તુઓમાં બાધકની સંભાવનાથી અન્યથાપણાની કલ્પના સંગત નથી. તેથી એકત્વપરિણતિને પામેલ નામ આદિ ભેદોમાં જ શબ્દ આદિની પરિણતિના દર્શનથી સઘળી વસ્તુ, નામાદિ ચાર પર્યાયોવાળી છે એમ સ્થિર થયું.

○ વળી નામ આદિ ચાર પર્યાયો ભિન્ન સ્વરૂપની અપેક્ષાએ પોતાના આધારભૂત વસ્તુથી કથંચિદ્ ભેદકારી છે અને એક પણ વસ્તુમાં નામ આદિ ચાર પર્યાયોની પ્રતીતિ થતી હોવાથી કથંચિદ્ અભેદકારી છે. તે આ પ્રમાણે:-કોઈ એ 'ઇન્દ્ર છે' આવા શબ્દનો ઉચ્ચાર કર્યે છતે, બીજો પૂછે છે કે-શું આને નામેન્દ્ર વિવક્ષિત છે કે સ્થાપનેન્દ્ર, દ્રવ્યેન્દ્ર કે ભાવેન્દ્ર છે ? નામેન્દ્ર પણ દ્રવ્યથી શું ગોપાલપુત્ર કે ખેડુતનો પુત્ર છે કે, ક્ષત્રિયપુત્ર, વૈશ્યપુત્ર, બ્રાહ્મણપુત્ર કે શુદ્રપુત્ર છે ? ક્ષેત્રથી પણ નામેન્દ્ર, ભરતનો, ઐરવતનો કે મહાવિદેહનો છે ? તેમજ કાળથી પણ શું અતીતકાળનો કે ભવિષ્યકાળનો છે ? અતીતકાળનો પણ શું, અતીતકાળમાંથી શું અનંત સમયભાવી કે અસંખ્યાત સમયભાવી કે સંખ્યાત સમયભાવી ? ભાવથી પણ કૃષ્ણવર્ણવાળો, ગૌરવર્ણવાળો દીર્ઘ, કે મંથરહ્રસ્વ તેથી આ પ્રમાણે એક પણ નામેન્દ્રના આશ્રયભૂત પદાર્થ,

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અધિષ્ઠિત (અપેક્ષિત) અનંતભેદપણાને પામે છે. તેવી રીતે સ્થાપના-દ્રવ્ય-ભાવના આશ્રયભૂત પદાર્થનું પણ કથિતના અનુસાર દરેકનું અનંતભેદપણું જાણવું. વળી આ નામ આદિ ભેદકારી છે. એ પ્રમાણે એક પણ શચીપતિ આદિમાં 'ઇન્દ્ર' એવા નામનું, તેના આકારરૂપ સ્થાપનાનું, ઉત્તર અવસ્થાના કારણરૂપ દ્રવ્યનું, દિવ્ય રૂપ-સંપત્તિ-વજ્રનું ધારણ-પારમૈશ્વર્ય આદિ સંપન્નત્વ લક્ષણવાળા ભાવનું પ્રતીયમાનપણું હોવાથી નામ આદિ ચારેયનું અભેદકારિપણું પણ જાણવું. એથી આ નામ આદિ ધર્મો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યત્રયીની માફક પ્રત્યેક વસ્તુમાં પરસ્પર અવિનાભાવરૂપે રહેલા છે. આવી ચર્ચાથી સર્યું.

○ હવે નામ આદિ નિક્ષેપાઓને નયોની સાથે જોડવામાં શબ્દનયોએ (પર્યાયાસ્તિક નયોએ) ભાવનિક્ષેપો જ માનેલો છે. બીજા અર્થનયોએ (દ્રવ્યાસ્તિક નયોએ નામ આદિ ચાર (ત્રણ) પણ માનેલા છે. જો કે નામ આદિ ચાર નિક્ષેપાઓના પણ સ્વીકારમાં નૈગમ આદિ નયોમાં દ્રવ્યાર્થિકપણાની ક્ષતિ છે, કેમ કે-દ્રવ્યાર્થિકનયે દ્રવ્યનો જ સ્વીકાર કરેલો છે અને પર્યાયનો તિરસ્કાર છે. જો દ્રવ્ય-પર્યાયનો ગુણપ્રધાનભાવથી તે દ્રવ્યાર્થિકનયે સ્વીકાર કરેલો હોઈ ભાવનિક્ષેપને સહન કરનાર (માનનાર) છે, તો શબ્દનયોમાં પણ તે રીતે દ્રવ્યનિક્ષેપસહપણું થાય ! તો પણ અવિશુદ્ધ નૈગમભેદોનું નામ આદિના સ્વીકારમાં પરાયણપણું હોવા છતાં વિશુદ્ધ નૈગમભેદ, (પાશ્ચાત્યનય કરતાં વિશેષ ઉપયોગથી વિશેષનો અનુભવ કરનાર અંત્ય નૈગમથી શુદ્ધ પર્યાયથી વિશિષ્ટ દ્રવ્યનો વિષય કરાય છે.) દ્રવ્યના વિશેષણરૂપે પર્યાયનો સ્વીકારનાર હોઈ ભાવનિક્ષેપની અનુપપત્તિ નથી. એટલા માત્રથી તે અંત્ય નૈગમભેદમાં પર્યાયાર્થિકપણાનો પ્રસંગ નથી, કેમ કે-દ્રવ્યના અવિશેષપણારૂપ પ્રધાનતાની અપેક્ષાએ પર્યાયનો સ્વીકાર નથી.

○ શબ્દ આદિ પર્યાયાર્થિકો તો નૈગમની માફક અવિશુદ્ધિના અભાવથી નામાદિના સ્વીકારનારા નથી.

○ સંગ્રહ અને ઋજુસૂત્રનયો, વિષયવિશેષમાં શુદ્ધ પર્યાયવિશિષ્ટ દ્રવ્યનો વિષય કરવાની અપેક્ષાએ ભાવનિક્ષેપસહ છે.

'ઋજુસૂત્ર, નામ અને ભાવનિક્ષેપને જ માને છે' એમ સૂત્રાનુયાયિ-ભિન્ન કેટલાક બીજાઓનું માનવું છે. આ મત ઇષ્ટ નથી, કેમ કે-અનુયોગદ્વારસૂત્રકથનના અનુસારે આ ઋજુસૂત્રે દ્રવ્યનો સ્વીકાર કરેલો છે, ફક્ત પૃથક્ત્વ(અનેકત્વ)ના સ્વીકારનો નિષેધ કરેલ છે. (આ ઋજુસૂત્રનય વર્તમાન જ વસ્તુને માને છે, અતીત-અનાગત કે પરકીયને માનતો નથી પરંતુ સ્વગતને જ માને છે. અતીત-અનાગતભેદની અપેક્ષાએ અને પરકીયભેદની અપેક્ષાએ પાર્થક્યના સ્વીકારનો કેવળ નિષેધ માનેલ છે, તેવું જ સૂત્રમાં પ્રતિપાદન છે.)

○ સંગ્રહનય અને વ્યવહારનય સ્થાપનાને છોડી નામ-દ્રવ્ય-ભાવરૂપ ત્રણ નિક્ષેપાઓને માને છે.' આવી કેટલાકોની માન્યતા છે તે વાસ્તવિક નથી, કેમ કે-ખરેખર, નૈગમ, સંગ્રહ મતાવલંબી સામાન્ય માત્ર ગ્રાહી (સંગ્રાહિક), વ્યવહાર અભિમત વિશેષ માત્ર ગ્રાહી (અસંગ્રાહિક) અને સામાન્ય-વિશેષરૂપ ઉભયગ્રાહી (સર્વ-અનર્પિતભેદ-પરિપૂર્ણ)-એમ ત્રણ પ્રકારનો નૈગમ છે. તથાચ સંગ્રહ, સ્થાપનાના સ્વીકારનાર નૈગમસમાન હોઈ કેવી રીતે સ્થાપનાનો સ્વીકારનાર નથી ? (નૈગમ સ્થાપનાને માને છે, એ આપને સંમત છે. સંગ્રહ-વ્યવહારમાં જ સ્થાપનાનું વર્જન આપે કહેલ છે એમ છે. જો સામાન્ય માત્ર ગ્રાહી નૈગમ સ્થાપનાને માને છે, તો સામાન્ય માત્ર ગ્રહણની અપેક્ષાએ સમાન (અવિશિષ્ટ) સંગ્રહ કેમ સ્થાપનાને

સ્વીકારે નહિ ? એ પ્રમાણે વિશેષ માત્ર ગ્રાહી નૈગમ જો સ્થાપનાને સ્વીકારે છે, તો વિશેષ માત્ર ગ્રહણની અપેક્ષાએ અવિશિષ્ટ વ્યવહાર કેમ સ્થાપનાને સ્વીકારે નહિ ? તેવી રીતે સામાન્ય-વિશેષ ઉભયગ્રાહી નૈગમ જો સ્થાપનાને માને છે, તો પરસ્પર સાપેક્ષ-સમુદિતરૂપ-સંગ્રહ-વ્યવહારમાં પરિપૂર્ણ નૈગમરૂપત્વના સંભવથી સ્થાપનાનો સ્વીકાર હોય જ.)

હવે ઉભય (સામાન્ય-વિશેષરૂપ ઉભય) વિષયવાળો જ નૈગમ સ્થાપનાવિષયવાળો છે. એથી સંગ્રહ-વ્યવહારમાં સ્થાપનાવિષયકપણું નથી. એમ જો છે, તો સુતરાં તે સ્થાપનાવિષયકપણાની પ્રાપ્તિ છે; કેમ કે-કોઈ એક નિક્ષેપવાળા સંગ્રહ-વ્યવહારમાં પ્રત્યેકમાં સ્થાપનાનો અસ્વીકાર હોવા છતાં, સમુદિત સંગ્રહ-વ્યવહારમાં પરિપૂર્ણ નૈગમરૂપપણું હોઈ, તે પરિપૂર્ણ નૈગમે તે સ્થાપનાનો સ્વીકાર કર્યે છતે તે સંગ્રહ-વ્યવહારમાં પણ સ્થાપનાનો સ્વીકાર દુર્નિવાર છે.

○ સ્થાપના સામાન્યને સંગ્રહનય ઇચ્છે છે, સ્થાપનાવિશેષોને તો વ્યવહારનય ઇચ્છે છે. આમ આ જ યુક્ત છે. ઇચ્છાનો અભાવ તો સર્વથા યુક્ત નથી જ.

શંકા – સંગ્રહનયમાં સ્થાપના ઇચ્છેલ નથી, કેમ કે-નામનિક્ષેપથી જ સ્થાપનાનો સંગ્રહ કરેલ છે. ખરેખર, વ્યાપક એવું નામ વ્યાપ્યભૂત સ્થાપનાનો સંગ્રહ કરે છે જ. ઇન્દ્રચિત્રમાં ઇન્દ્રનામક પિંડની માફક નામેન્દ્રપણું થાય (હોય), કેમ કે-વિશેષનો અભાવ છે. પદ અને પ્રતિકૃતિ(શબ્દ અને આકાર)થી નામના બે પ્રકારો છે ને ?

સમાધાન – આમ જો છે, તો નામથી દ્રવ્યનિક્ષેપના પણ સંગ્રહનો પ્રસંગ છે.

શંકા – ભાવપ્રવૃત્તિપ્રયોજક સંબંધના ભેદથી તે નામ અને દ્રવ્યનો ભેદ છે. ખરેખર, દ્રવ્ય પરિણામીરૂપે ભાવમાં સંબંધવાળું છે, તો નામ વાચકપણાએ સંબંધવાળું છે ને ?

સમાધાન – ગોપાલદારકરૂપ નામેન્દ્રમાં નિયામક દુર્વચ છે, ભાવનો વાચક નથી, વળી તેથી સિદ્ધ થયું કે-ઋજુસૂત્રનય સુધીના સઘળા નયો (ચાર નયો) નામ આદિ ચાર નિક્ષેપાઓને ઇચ્છે છે. આમ સિદ્ધાન્તવાદીઓ (સૂત્રાનુયાયીઓ) માને છે.

○ સંગ્રહ અને વ્યવહારરૂપ બે નયો નામ આદિ ત્રણ નિક્ષેપાઓને ઇચ્છે છે અને ઋજુસૂત્ર આદિ ચાર નયો ભાવને ઇચ્છે છે. નૈગમ તો સંગ્રહમાં-વ્યવહારમાં અંતર્ગત છે, એમ સિદ્ધસેનદિવાકરસૂરિજી (તાર્કિક પક્ષવાળા) માને છે. આમ નયનિરૂપણ સમાપ્ત થાય છે.

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર **શ્રીમદ્‌વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર **શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં 'નયનિરૂપણ' નામનું નવમું કિરણ સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજયભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિએ** તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **નવમા કિરણનો** ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

●●●

अथ दशमः किरणः

ननु व्यवस्थापितं प्रमाणनयतत्त्वं, परन्त्वनयोः प्रयोगः क्व कार्य इत्याशङ्कायां वस्तुनिर्णयायोपक्रान्ते वाद एवेति विभावयन् वादस्वरूपमाविष्करोति –

स्वपरपक्षसाधनदूषणविषयं तत्त्वनिर्णयविजयान्यतरप्रयोजनं वचनं वादः ॥ १ ॥

स्वपरेति । वादिनः प्रतिवादिनो वा स्वपक्षसिद्धये यत्साधनं परपक्षविषयकञ्च यद्दूषणं तद्विषयकं वचनं वादिप्रतिवादिनोर्वाद उच्यते । तस्य किं प्रयोजनमित्यत्राह तत्त्वनिर्णयविजयान्यतरप्रयोजनमिति । साधुजनहृदयपयोजविराजमानतत्त्वानां निश्चयस्तद्द्वारा विजयो वा प्रयोजनं यस्य तादृशमित्यर्थः । वादिनः प्रतिवादिनो वा स्वपक्षस्य सिद्धिर्जयः, तदसिद्धिश्च पराजयः । विज्ञातप्रमाणतदाभासस्वरूपेण वादिना सम्यक्प्रमाणे स्वपक्षसाधनायोपन्यस्तेऽविज्ञाततत्स्वरूपेण वा वादिना प्रमाणाभास उपन्यस्ते प्रतिवादिनाऽनिश्चिततत्स्वरूपेण दुष्टतया सम्यक्प्रमाणेऽपि तदाभासतायां निश्चिततत्स्वरूपेण वा प्रमाणाभासे तदाभासतायामुद्भावितायां वादिनः प्रतिवादिनो वा प्रमाणतदाभासौ परिहृतापरिहृतदोषौ साधनदूषणे भवतः, ते च जयेतरव्यवस्थाया निबन्धने स्यातामिति जयपराजयावपि वादस्य फले । तथा स्वपक्षे साधनमब्रुवन्नपि प्रतिवादी वादिसाधनस्याभासतामुद्भावयन् वादिनो जयति । आभासतोद्भावनयैव स्वपक्षे साधनस्योक्तत्वात्, पराजयोऽपि सम्यक्साधने परोक्तदूषणानुद्धरणादपि भवतीति भावः ॥

વાદનિરૂપણ નામક દશમું કિરણ

ખરેખર, પ્રમાણ અને નયનું તત્ત્વ વ્યવસ્થાપિત કરી દીધું, પરંતુ આ પ્રમાણ અને નયનો પ્રયોગ ક્યાં કરવો ? આવી આશંકામાં વસ્તુના નિર્ણય માટે પ્રારંભેલ વાદમાં જ પ્રયોગ છે, એમ વિચારતાં વાદસ્વરૂપને પ્રગટ કરે છે.

ભાવાર્થ – "સ્વપક્ષસાધન-પરપક્ષદૂષણરૂપ વિષયવાળું તત્ત્વનિર્ણય કે વિજયરૂપ પ્રયોજનવાળું વચન, એ 'વાદ' કહેવાય છે."

વિવેચન – વાદીનું કે પ્રતિવાદીનું પોતાના પક્ષની સિદ્ધિ માટે જે સાધન છે અને જે પરપક્ષવિષયક દૂષણ છે, તેના વિષયવાળું વચન વાદી અને પ્રતિવાદીનો 'વાદ' કહેવાય છે. તે વાદનું શું પ્રયોજન છે ? માટે અહીં કહે છે કે-'તત્ત્વનિર્ણય કે વિજયરૂપ પ્રયોજનવાળું વચન છે.' ઇતિ.

○ સાધુજનના હૃદયકમળમાં વિરાજમાન તત્ત્વોનો નિશ્ચયરૂપ અથવા તે નિશ્ચયદ્વારા વિજયરૂપ પ્રયોજનવાળું વચન.

○ વાદી કે પ્રતિવાદીને સ્વપક્ષની સિદ્ધિ 'જય,' તે સ્વપક્ષની અસિદ્ધિ 'પરાજય' કહેવાય છે.

○ (૧) જાણેલ પ્રમાણ અને પ્રમાણાભાસના સ્વરૂપવાળા વાદીએ સ્વપક્ષના સાધન માટે સમ્યક્ પ્રમાણ ઉપન્યસ્ત કર્યે છતે, (૨) પ્રમાણ અને પ્રમાણાભાસના સ્વરૂપને નહિ જાણનાર વાદીએ પ્રમાણાભાસ ઉપન્યસ્ત કર્યે છતે, (૩) અનિશ્ચિત પ્રમાણ અને પ્રમાણાભાસના સ્વરૂપવાળા પ્રતિવાદીએ દુષ્ટપણાએ સમ્યક્ પ્રમાણમાં પણ તે પ્રમાણાભાસતા ઉદ્ભાવિત (પ્રકટિત) કર્યે છતે, અને (૪) નિશ્ચિત પ્રમાણ-પ્રમાણાભાસ સ્વરૂપવાળા પ્રતિવાદીએ પ્રમાણાભાસતા ઉદ્ભાવિત કર્યે છતે, વાદી કે પ્રતિવાદીના પ્રમાણ અને પ્રમાણાભાસ, પરિહૃત દોષવાળા સાધન, અપરિહૃત દોષવાળા દૂષણ થાય છે. તે સાધન અને દૂષણ જય-પરાજયની વ્યવસ્થાના મૂળ કારણ થાય ! માટે જય અને પરાજય પણ વાદના બે ફળો છે. તથા સ્વપક્ષમાં સાધનને નહિ કહેનાર પ્રતિવાદી, વાદીના સાધનમાં આભાસતાનું ઉદ્ભાવન કરતાં વાદીને જીતે છે, કેમ કે-આભાસતાની ઉદ્ભાવનાથી જ સ્વપક્ષમાં સાધનનું કથન છે. પરાજય પણ સમ્યક્ સાધનમાં પરે (બીજાએ) કહેલ દૂષણના અનુદ્ધારથી થાય છે. ઇતિ ભાવ.

साधनदूषणात्मकं वचनं कीदृक् स्यादित्यत्राह –

साधनात्मकं दूषणात्मकञ्च वचनं स्वस्वाभिप्रेतप्रमाणरूपमेव स्यात् । तदन्यस्य प्रमाणाभासत्वान्निर्णायकत्वानुपपत्तेः ॥ २ ॥

साधनात्मकमिति । स्वपक्षविषयसाधनपरपक्षविषयदूषणवचने प्रमाणरूपे एव स्यातामिति भावः । अन्यथात्वे दोषमाह तदन्यस्येति, प्रमाणान्यस्य वचनस्येत्यर्थः । निर्णायकत्वानुपपत्तेरिति, प्रमाणस्यैव वस्तुनिर्णायकत्वादिति भावः । ननु यस्मिन्नेव धर्मिण्येकतरधर्मनिरासेन तदन्यधर्मव्यवस्थापनाय वादिनस्साधनवचनं भवति तत्रैव प्रतिवादिनस्तद्विपरीतं कथं दूषणवचनं स्याद्व्याघातादित्याशङ्क्यायामुक्तं स्वस्वाभिप्रेतेति विशेषणं प्रमाणस्य, तथा च स्वस्वाभिप्रायानुसारेण प्ररूपिते साधनदूषणवचने विरोधाभावः । वादी हि पूर्वं स्वाभिप्रायेण साधनं वक्ति ततः प्रतिवाद्यपि स्वाभिप्रायेण दूषणमुद्भावयति, न खल्वत्र साधनं दूषणञ्चैक धर्मिणि तात्त्विकमस्तीति विवक्षितमपि तु निजाभिप्रायानुसारेण वादिप्रतिवादिनौ प्रयुञ्जाते इति भावः ॥

સાધનદૂષણ આત્મક વચન કેવું હોય છે ?

ભાવાર્થ – "સાધનરૂપ અને દૂષણ રૂપ વચન પોતપોતાના અભિપ્રેત પ્રમાણરૂપ જ થાય ! કેમ કે-અન્યથા, તેનાથી ભિન્ન પ્રમાણાભાસ હોઈ નિર્ણયકારપણાની અનુપપત્તિ છે."

વિવેચન – સ્વપક્ષવિષયવાળા સાધન-પરપક્ષવિષયવાળા દૂષણ વચનો પ્રમાણરૂપ હોવા જોઈએ. જો એમ ન માનવામાં આવે, તો દોષને કહે છે. પ્રમાણથી અન્ય વચન પ્રમાણાભાસ હોઈ નિર્ણાયકપણાની અનુપપત્તિ છે, કેમ કે-પ્રમાણ જ વસ્તુનિર્ણાયક હોય છે.

શંકા – જે ધર્મીમાં જ કોઈ એક ધર્મના નિરાસથી તેનાથી અન્ય ધર્મની વ્યવસ્થાપના માટે વાદીનું સાધન વચન થાય છે, ત્યાં જ પ્રતિવાદીનું તેનાથી વિપરીત દૂષણ વચન કેવી રીતે ઉચિત થાય ? કેમ કે-વ્યાઘાત છે ને ?

સમાધાન – તથાચ પોતપોતાના અભિપ્રાય અનુસારે પ્રરૂપિત સાધન-દૂષણ વચનમાં વિરોધનો અભાવ છે.

○ ખરેખર, વાદી પહેલાં સ્વના અભિપ્રાયથી સાધનને કહે છે, ત્યારબાદ પ્રતિવાદી પણ પોતાના અભિપ્રાયથી દૂષણને પ્રગટ કરે છે. ચોક્કસ, અહીં સાધન અને દૂષણ એકધર્મીમાં તાત્ત્વિક છે એમ વિવક્ષિત નથી, પરંતુ પોતપોતાના અભિપ્રાય અનુસારે તે બંનેનો તે પ્રકારે વાદી-પ્રતિવાદીઓ પ્રયોગ કરે છે.

ननु दर्शनान्तरे वादजल्पवितण्डारूपेण कथायास्त्रैविध्योक्तेः कथं वाद एव एवोक्त इत्यत्राह –

जल्पवितण्डयोस्तु न कथान्तरत्वं वादेनैव चरितार्थत्वात् ॥ ३ ॥

जल्पेति । दर्शनान्तरे हि प्रमाणतर्कसाधनोपालम्भस्सिद्धान्ताविरुद्धः पञ्चावयवोपपन्नः पक्षप्रतिपक्षपरिग्रहो वादः, यथोक्तोपपन्नच्छलजातिनिग्रहस्थानसाधनोपालम्भो जल्पः, स प्रतिपक्षस्थापनाहीनो वितण्डेति तल्लक्षणान्यभिहितानि । तत्र जल्पस्य न कथान्तरत्वं वादेनैव चरितार्थत्वात् । न च जल्पे छलजातिप्रयोगस्यानुज्ञानात् वादे चासदुत्तरत्वेन तस्याभावान्न तेन चरितार्थत्वं जल्पस्येति वाच्यम् । असदुत्तरैः परप्रतिक्षेपस्य कर्तुमशक्यत्वात्, नह्यन्यायेन जयं यशोधनं वा महात्मानस्समीहन्ते । अथ प्रबलप्रतिवादिदर्शनात्तज्जये धर्मध्वंससम्भावनातः प्रतिभाक्षयेण सम्यगुत्तरस्याप्रतिभासादरादुत्तराण्यप्यवाकिरन्नेकान्तपराजयाद्वरं सन्देह इति धिया न दोषमावहतीति चेन्न, अस्यापवादिकस्य जात्याद्युत्तरप्रयोगस्य कथान्तरसमर्थनसामर्थ्याभावद्वादतोऽविशेषात् । द्रव्यक्षेत्रकालभावानुसारेण हि यद्यसदुत्तरं कथञ्चन प्रयुञ्जीत किमेतावता कथान्तरं प्रसज्येत । न च निग्रहस्थानानामप्यत्र प्रयोगाद्विशेष इति वाच्यम् । वादेऽपि तदभ्युपगमात्, वादलक्षणे हि सिद्धान्ताविरुद्ध इत्यनेनापसिद्धान्तस्य पञ्चावयवोपपन्न इत्यनेन

न्यूनाधिकत्वयोर्हेत्वाभासपञ्चकस्य निग्रहस्थानाष्टकस्य तदुपलक्षणेनापरनिग्रहस्थानानाञ्च परेण स्वीकारात् । प्रतिपक्षस्थापनाहीनाया वितण्डायास्तु कथात्वमयुक्तमेव । वैतण्डिको हि स्वपक्षमभ्युपगम्यास्थापयन् यत्किञ्चिद्वादेन परपक्षमेव दूषयन् कथमवधेयवचनो भवेदिति । तस्माज्जल्पवितण्डानिराकरणेन वाद एवैककथात्वं लभत इति स्थितम् ॥

પ્રશ્ન એ થાય છે કે-બીજા દર્શનમાં વાદ જલ્પ-વિતંડારૂપે કથાના ત્રણ પ્રકારો કહેલા છે, તો કેવી રીતે એકલો વાદ જ કહેલો છે ? આના જવાબમાં કહે છે કે-

વાદથી ચરિતાર્થતા

ભાવાર્થ – "જલ્પ અને વિતંડામાં તો કથાન્તરપણું નથી, કેમ કે-વાદથી જ ચરિતાર્થતા છે."

વિવેચન – ખરેખર, દર્શનાન્તરમાં પ્રમાણ-તર્ક-સાધન-ઉપાલંભ-સિદ્ધાન્તાવિરુદ્ધ પંચ અવયવોથી ઉપપન્ન પક્ષ અને પ્રતિપક્ષનો પરિગ્રહ, એ 'વાદ' કહેવાય છે. પૂર્વોક્ત અવયવોથી ઉપપન્ન છલ-જાતિ-નિગ્રહસ્થાન-સાધનોપાલંભ-જલ્પ (પારકા મતનું ખંડન કરી પોતાના મતને સ્થાપવારૂપ વિજીગીષુની વાતચીત) કહેવાય છે. તે (જલ્પ કે વાદ) પ્રતિપક્ષની સ્થાપનાથી હીન (બીજા પક્ષની સ્થાપના વગર પોતાના પક્ષનું મંડન અથવા પોતાના પક્ષનું મંડન કર્યા વગર બીજાના પક્ષનું ખંડન જેમાં કરાય છે.) 'વિતંડા' કહેવાય છે. આવા તે લક્ષણો કહેલા છે. ત્યાં જલ્પનું કથાન્તરપણું નથી, કેમ કે-વાદથી જ ચારિતાર્થતા છે.

શંકા – જલ્પમાં છલ-જાતિ-નિગ્રહસ્થાન આદિની અનુજ્ઞા હોવાથી અને વાદમાં અસત્ ઉત્તરવાળા હોઈ, તે છલ આદિનો અભાવ હોવાથી વાદથી કેવી રીતે જલ્પની ચરિતાર્થતા સંભવે ?

સમાધાન – અસત્ય ઉત્તરોથી પરપક્ષનું ખંડન કરવું અશક્ય છે. ખરેખર, અન્યાયથી જયને યશરૂપી ધનને મહાત્માઓ ઇચ્છતા નથી.

શંકા – હવે પ્રબળ પ્રતિવાદીના દર્શનથી, તેના જયમાં ધર્મધ્વંસની સંભાવનાથી, પ્રતિભાના ક્ષયથી અને સમ્યગ્ ઉત્તર નહિ ભાસવાથી અસત્ય ઉત્તરોને પણ ફેંકનારો, 'એકાન્ત પરાજય કરતાં ઉત્તમ સંદેહ છે' આવી બુદ્ધિ હોવાથી દોષવાળો નથી બનતો, એમ માનવામાં શો વાંધો ?

સમાધાન – આ જાતિ આદિ રૂપ ઉત્તરપ્રયોગ આપવાદિક (અપવાદજનિત) હોઈ, કથાન્તરના સમર્થનના સામર્થ્યનો અભાવ હોવાથી વાદથી વિશેષ નથી.

○ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુસારે, ખરેખર, જો અસત્ય ઉત્તરનો કોઈ પણ રીતે પ્રયોગ કર્યો હોય (કે કરવો હોય), તો એટલા માત્રથી શું કથાન્તરનો પ્રસંગ હોઈ શકે ?

શંકા – નિગ્રહસ્થાનોનો પણ જલ્પમાં પ્રયોગ હોવાથી વિશેષ છે ને ?

સમાધાન – વાદમાં પણ તે નિગ્રહસ્થાનોનો સ્વીકાર હોવાથી અલગ કથારૂપે જલ્પની જરૂરત નથી. ખરેખર, વાદના લક્ષણમાં 'सिद्धान्ताविरुद्ध' આવા પદથી અપસિદ્ધાન્તનો, 'पंचावयवोपपन्न' આવા પદથી ન્યૂનત્વ-અધિકત્વનો, હેત્વાભાસ પંચકનો અને નિગ્રહસ્થાનોનો પરદર્શનવાળાએ સ્વીકાર કરેલો છે.

० प्रतिपक्ष स्थापनाहीन वितंडानुं तो कथापणुं अयुक्त ज छे. खरेखर, वैतंडिक, स्वपक्षने स्वीकारी मंडन नहि करनारो अने जे यद्वातद्वा वादथी परपक्षनुं ज खंडन करनारो, ते केवी रीते अवधानयोग्य वचनवाळो थाय ! तेथी जल्प-वितंडाना निराकरणथी वाद ज एक कथापणाने पामे छे. आम स्थिर थयुं.

अङ्गनियमभेदप्रदर्शनार्थं वादे प्रारम्भकविशेषमाह —

कथारम्भकस्तु जिगीषुस्तत्त्वनिर्णिनीषुश्च ॥ ४ ॥

कथारम्भकस्त्विति । क्वचिज्जिगीषुः प्रथमं वादमारभते, क्वचिच्च तत्त्वनिर्णिनीषुः । तथा प्रतिवादिन्येकस्मिन्नपि प्रौढे बहवोऽपि सम्भूय विवदेरन् जिगीषवः, पर्यनुयुञ्जीरंश्च तत्त्वनिर्णिनीषवः । स च प्रौढतयैव तान् तावतोऽप्यभ्युपैति प्रत्याख्याति तत्त्वज्ञाचष्टे । क्वचिदेकमपि तत्त्वनिर्णिनीषुं बहवोऽपि प्रतिबोधयेयुः । अत एव तत्त्वनिश्चयसंरक्षणं जल्पवितण्डयोरेव फलं, वादस्य तु तत्त्वनिर्णय एव, तत्र जिगीषोरनधिकारादिति प्रयुक्तम् । वादस्याविजिगीषुविषयत्वासिद्धेः, वादो नाविजिगीषुविषयो निग्रहस्थानवत्त्वात् जल्पवितण्डावदित्यनुमानाच्च । न च वादे सतामप्येषां निग्रहबुद्धयाऽनुद्भावनान्न विजिगीषाऽस्ति, किन्तु तत्र निवारणबुद्धयैवोद्भावनमिति वाच्यम् जल्पवितण्डयोरपि तथोद्भावननियमप्रसङ्गात् । तत्त्वाध्यवसायसंरक्षणस्य छलजातिनिग्रहस्थानैर्वस्तुतः कर्तुमशक्यत्वाच्चेति[१] ॥

અંગના નિયમના ભેદ દર્શાવવા માટે વાદમાં પ્રારંભકના બે ભેદને કહે છે.

વાદમાં પ્રારંભકપણું

ભાવાર્થ – "કથાનો આરંભક તો જિગીષુ અને તત્ત્વનિર્ણિનીષુ છે."

વિવેચન – ક્વચિત્ જિગીષુ પહેલાં વાદનો આરંભ કરે છે અને ક્વચિત્ તત્ત્વનિર્ણિનીષુ પહેલાં વાદનો આરંભ કરે છે, માટે આ બંને પ્રારંભક થાય છે.

---

१. वक्त्राऽभिप्रायेण प्रयुक्तस्य शब्दस्याभिप्रायान्तरकल्पनया तन्निषेधनं छलम् । यथा नवकम्बलोऽयमिति नूतनकम्बलाभिप्रायेणोक्ते परः कुतोऽस्य नव कम्बलाः दृश्यते ह्येक एवेति प्रत्यक्षविरोधमुद्भावयति, एवमेवान्यत्रापि भाव्यम् । वादिना सम्यग्धेतौ हेत्वाभासे वा प्रयुक्ते झटिति तद्दोषतत्त्वाप्रतिभासे हेतुप्रतिबिम्बनप्रायं साधर्म्यतो वैधर्म्यतो वा यदि प्रयुंक्ते किमपि स जातिः, यथाऽनित्यश्शब्दः कृतकत्वाद्घटवदिति प्रयोगे कृते साधर्म्येणैव प्रत्यवस्थानं यथा नित्यश्शब्दो निरवयवत्वादाकाशवदिति, न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात्कृतकत्वादनित्यश्शब्दो न पुनराकाशसाधर्म्यान्निरवयवत्वात्स नित्य इति । तत्रैव वैधर्म्येण प्रत्यवस्थानं यथा तत्रैव प्रतिहेतुर्वैधर्म्येण प्रयुज्यते अनित्यं हि सावयवं दृष्टं यथा घटादीति, न चास्ति विशेषहेतुर्घटसाधर्म्यात् कृतकत्वादनित्यश्शब्दो न पुनस्तद्वैधर्म्यान्निरवयवत्वान्नित्यमितीति । वादकाले वादी प्रतिवादी वा येन निगृह्यते तन्निग्रहस्थानं, हेत्वाभासादिबहुविधं, गौरवात्तन्नात्र प्रदर्श्यते, अन्यत्र विलोकनीयमिति ॥

○ તથા એક પણ પ્રૌઢ પ્રતિવાદી હોયે છતે, ઘણા પણ જિગીષુઓ ભેગા થઈને વિવાદ કરી શકે છે અને તત્ત્વનિર્ણિનીષુઓ પ્રશ્ન કરી શકે છે, તેમજ તે (પ્રૌઢ પ્રતિવાદી) પ્રૌઢપણાથી જ તેટલા તેઓને સ્વીકારે છે, ખંડન કરે છે અને તત્ત્વનું ધ્યાન કરે છે.

○ ક્વચિત્ એક પણ તત્ત્વનિર્ણિનીષુને ઘણા પણ તથાપ્રકારના પ્રતિબોધ આપી શકે છે. (આમ અનેક વાદિકૃત અને સ્વીકૃત વાદારંભનો સંગ્રહ થાય છે.)

○ એથી જ 'તત્ત્વનિશ્ચયનું સંરક્ષણ જલ્પ અને વિતંડાનું જ ફળ છે.' વાદનું ફળ તો તત્ત્વનિર્ણય જ છે, કેમ કે-ત્યાં 'જિગીષુનો અધિકાર નથી' એવું ખંડિત થાય છે : કેમ કે-વાદમાં અવિજિગીષુ વિષયત્વની અસિદ્ધિ છે-વિજિગીષુ વિષયતાની સિદ્ધિ છે. વાદ વિજિગીષુનો વિષય નથી એમ નહિ પરંતુ વિષય છે જ, કેમ કે-વાદ નિગ્રહસ્થાનવાળો છે. જેમ જલ્પ અને વિતંડા. આવા અનુમાનથી વાદ વિજિગીષુવિષય છે.

શંકા – વાદમાં સંતોમાં નિગ્રહબુદ્ધિથી ઉદ્ભાવનનો અભાવ હોવાથી વિજિગીષુ નથી, પરંતુ ત્યાં નિવારણબુદ્ધિથી જ ઉદ્ભાવન છે ને ?

સમાધાન – જો આમ માનો છો, તો જલ્પ અને વિતંડામાં પણ ઉદ્ભાવના નિયમનો પ્રસંગ છે.

○ તત્ત્વનિર્ણયનું સંરક્ષણ છલ-જાતિ-નિગ્રહસ્થાનોથી વસ્તુતઃ કરી શકાતું નથી. (વક્તાએ પોતાના અભિપ્રાયથી પ્રયોગ કરેલ શબ્દનો, બીજા અભિપ્રાયની કલ્પના કરીને, તે અભિપ્રાયનો નિષેધ કરવો, એ 'છલ' કહેવાય છે. જેમ કે-'આ નવ કંબલવાળો છે.' આ પ્રમાણે નવીન કંબલના અભિપ્રાયથી પ્રયોગ કર્યે છતે, પરવાદી કહે છે-'આની પાસે નવ સંખ્યાવાળી કંબલો ક્યાંથી ?' એક જ કંબલ આની પાસે દેખાય છે. આવી રીતે પ્રત્યક્ષથી વિરોધનું ઉદ્ભાવન કરે છે. આ પ્રમાણે બીજી જગ્યાએ પણ વિચારવું. વાદીએ સમ્યક્ હેતુ કે હેત્વાભાસનો પ્રયોગ કર્યે છતે, જલ્દીથી હેતુની સદોષતાની પરીક્ષા કર્યા વગર અને હેતુસમાન માલુમ હોય તેવી રીતે સાધર્મ્યથી કે વૈધર્મ્યથી કાંઈ પણ જો પ્રયોગ કરે છે, તો તે 'જાતિ' કહેવાય છે. જેમ કે-'શબ્દ અનિત્ય છે, કેમ કે-કૃતક છે. જેમ કે-ઘટ. આમ પ્રયોગ કર્યે છતે સાધર્મ્યથી જ પ્રત્યવસ્થાન (પ્રતિવાદી કથન) છે કે-જેમ કૃતકત્વરૂપ ધર્મથી શબ્દ અને ઘડામાં સમાનતા છે, તેમ શબ્દ નિત્ય છે, કેમ કે-નિરવયવ છે. જેમ કે-'આકાશ.' નિરવયવત્વરૂપ ધર્મથી શબ્દ અને આકાશમાં સમાનતા છે, માટે શબ્દ આકાશની માફક નિત્ય હોવો જોઈએ. વળી વિશેષ હેતુ નથી, કે જેથી ઘટસાધર્મ્યથી કૃતકત્વ હેતુથી અનિત્ય શબ્દ સિદ્ધ થાય. વળી આકાશના સાધર્મ્યથી નિરવયત્વ હેતુથી તે શબ્દ નિત્ય સિદ્ધ થાય ! ત્યાં જ વૈધર્મ્યથી પ્રત્યવસ્થાનની જેમ ત્યાં જ પ્રતિહેતુ વૈધર્મ્યથી પ્રયુક્ત કરાય છે. ખરેખર, અનિત્ય સાવયવ દેખેલ છે. જેમ ઘટ આદિ વિશેષ હેતુ નથી, કે જેથી ઘટસાધર્મ્યથી કૃતકત્વથી અનિત્ય શબ્દ સિદ્ધ થાય ! વળી તેના વૈધર્મ્યથી નિરવયવત્વથી નિત્ય શબ્દ સિદ્ધ નથી. વાદકાળમાં વાદી કે પ્રતિવાદી નિગ્રહયોગ્ય થાય છે તે નિગ્રહસ્થાન છે. તે હેત્વાભાસ આદિ બહુ પ્રકારનું છે. ગૌરવથી તે અહીં દેખાડાતું નથી, બીજે ઠેકાણે જોવું.)

अथ कोऽसौ जिगीषुस्तत्त्वनिर्णिनीषुश्चेत्यत्राह–

अङ्गीकृतधर्मसाधनाय साधनदूषणवचनैर्विजयमिच्छुर्जिगीषुः । स्वीकृतधर्मस्थापनाय साधनदूषणवचनैस्तत्त्वसंस्थापनेच्छुस्तत्त्वनिर्णिनीषुः ॥ ५ ॥

अङ्गीकृतेति । अङ्गीकृतो यो धर्मः कथञ्चिन्नित्यत्वादिस्तस्य साधनाय व्यवस्थापयितुं तत्साधनं कर्त्तुं परपक्षं दूषयितुञ्च प्रवृत्तः स्वविजयं परपराजयञ्चेच्छुर्जिगीषुरित्यर्थः । परपराजयमन्तरेण स्वविजयासम्भवादिति भावः । तत्त्वनिर्णिनीषुमाह स्वीकृतेति, शास्त्रेणेति शेषः, परस्मिन् स्वस्मिन् वा कथञ्चिन्नित्यत्वादिव्यवस्थापनार्थं साधनदूषणवचननिचयैः कथञ्चिन्नित्यत्वादिलक्षणतत्त्वप्रतिष्ठाकाम इत्यर्थः ॥

જિગીષુનું અને તત્ત્વનિર્ણિનીષુનું સ્વરૂપ

ભાવાર્થ – "અંગીકૃત ધર્મની વ્યવસ્થા કરવા માટે સાધન-દૂષણ વચનોથી વિજયની ઇચ્છાવાળો 'જિગીષુ' કહેવાય છે. સ્વીકૃત ધર્મની સ્થાપના માટે સાધન-દૂષણ વચનોથી તત્ત્વના સંસ્થાપનની ઇચ્છાવાળો 'તત્ત્વનિર્ણિનીષુ' કહેવાય છે."

વિવેચન – સ્વીકારેલો જે કથંચિત્ નિત્યત્વ આદિ ધર્મ છે તેની વ્યવસ્થાપના માટે, તે અંગીકૃત ધર્મની સિદ્ધિ માટે અને પરપક્ષને દૂષિત કરવા માટે પ્રવૃત્તિવાળો સ્વવિજય અને પરના પરાજયની ઇચ્છાવાળો 'જિગીષુ' છે; કેમ કે-પરના પરાજય સિવાય સ્વવિજયનો અસંભવ છે.

○ શાસ્ત્રદ્વારા, સ્વમાં કે પરમાં કથંચિત્ નિત્યત્વ આદિ ધર્મની વ્યવસ્થાપના માટે સાધન-દૂષણના વચનોના સમુદાયથી કથંચિત્ નિત્યત્વ આદિરૂપ તત્ત્વપ્રતિષ્ઠાની કામનાવાળો 'તત્ત્વનિર્ણિનીષુ. છે.

अस्य प्रकारान् प्रकाशयति –

अयं स्वस्य सन्देहादिसम्भवे स्वात्मनि तत्त्वनिर्णयं यदेच्छति तदा स्वात्मनि तत्त्वनिर्णिनीषुर्भवति । परानुग्रहार्थं परस्मिन् तत्त्वनिर्णयं यदेच्छति तदा परात्मनि तत्त्वनिर्णिनीषुर्भवति ॥ ६ ॥

अयमिति । तत्त्वनिर्णिनीषुरित्यर्थः, तत्त्वनिर्णयः स्वस्य परस्य च भवति, यदा स्वस्य सन्देहादिसम्भवस्तत्परिहारेच्छा च भवति तदा स स्वात्मनि तत्त्वनिर्णयाभिलाषुकत्वात्स्वात्मनि तत्त्वनिर्णिनीषुरित्युच्यते । यस्तु परानुग्रहैकप्रवणः परस्य तत्त्वं ग्राहयितुमिच्छति तदासौ परात्मनि तत्त्वनिर्णिनीषुपरित्युच्यते इत्याशयेनाह स्वस्येत्यादिना, स्पष्टमन्यत् । ननु परत्र तत्त्वनिर्णिनीषुणा परस्मिन् निर्णय उत्पादिते सभ्यैस्तस्य जयघोषस्य क्रियमाणत्वात्तस्य जिगीषुता प्राप्तेति जिगीषोरस्य कथं भेद इति चेन्न, तदनिच्छतस्तस्य परोद्घोषमात्रेण तदभिलाषुकत्वासम्भवात् । न च तर्ह्यसौ नाश्नुते जयमिति वाच्यम्, जयिनोऽपि तदभिलाषाभावात् । अनिष्टानामप्यनुकूलप्रतिकूलदैवोपकल्पितानां फलानां जनैरुपभुज्यमानतयाऽवलोकनात् । तथा च परत्र तत्त्वनिर्णिनीषोः परस्य तत्त्वावबोधनं मुख्यं फलमानुषङ्गिकन्तु जय इति ॥

तत्त्वनिर्णिनीषुना प्रकारोनो प्रकाश

भावार्थ – "आ तत्त्वनिर्णिनीषु, पोताने संदेह आदि थये छते, स्व आत्मामां तत्त्वनिर्णयनी ज्यारे ईच्छा करे छे, त्यारे 'स्वात्मनि तत्त्वनिर्णिनीषु' थाय छे. परोपकार माटे परमां तत्त्वनिर्णयनी ज्यारे ईच्छा करे छे, त्यारे 'परात्मनि तत्त्वनिर्णिनीषु' थाय छे."

विवेचन – तत्त्वनो निर्णय पोताने अने परने थाय छे. ज्यारे पोताने संदेह आदिनो संभव अने ते संदेह आदिना परिहारनी ईच्छा थाय छे, त्यारे ते स्वात्मामां तत्त्वनिर्णयनो अभिलाषी होवाथी 'स्वात्मनि तत्त्वनिर्णिनीषु' एम कहेवाय छे.

○ वळी जे परना उपर अनुग्रह करवामां परायण बीजो, ज्यारे तत्त्व समजावा ईच्छे छे, त्यारे आ 'परात्मनि तत्त्वनिर्णनीषु' एम कहेवाय छे.

शंका – 'परत्र तत्त्वनिर्णिनीषु' ए बीजामां निर्णय उत्पादित कर्ये छते, सभ्योए तेनो जयघोष करेलो होवाथी, तेने जो जिगीषुता प्राप्त थई, तो जिगीषु अने आ तत्त्वनिर्णिनीषुमां केवी रीते भेद छे ?

समाधान – तेनी ईच्छाना अभावथी, परे करेल जयघोष मात्रथी तेमां तेनी जयाभिलाषानो असंभव छे.

शंका – तो आ जयने शुं मेळवतो नथी ?

समाधान – बराबर जयने मेळवे छे पण तेने ईच्छतो नथी. अर्थात् जयवाळो छे पण जयनो अभिलाषी नथी. कर्मे आपेला ईष्ट नहि एवा सेंकडो फळो जनताथी भोगवाय छे. सारांश ए छे के- परोपकारपरायण कोई एक 'परत्र तत्त्वनिर्णिनीषु' वादीवर्यने आनुषंगिक फळ जय छे. मुख्य फळ तो परने तत्त्व आपवुं ते छे. जिगीषुने एनाथी विपरीत छे.

स्वात्मनि तत्त्वनिर्णिनीषुश्शिष्यसब्रह्मचारिसुहृदादयः । परस्मिन् तत्त्वनिर्णिनीषुश्च गुर्वादिः । अयं ज्ञानावरणीयकर्मणः क्षयोपशमात्समुत्पन्नमत्यादिज्ञानवान् केवलज्ञानवान् वा भवति । स्वात्मनि तत्त्वनिर्णिनीषुस्तु क्षायोपशमिकज्ञानवानेव, जिगीषुरप्येवमेव ॥ ७ ॥

स्वात्मनीति । शिष्यः शिक्षणायोपाध्यायस्योपासको ग्रहणधारणपटुः, सदाऽऽज्ञाविधायी सम्यग्विनयपरिपालकः । सब्रह्मचारी सतीर्थ्यः, सुहृन्मित्रम् । परस्मिन् तत्त्वनिर्णिनीषुमाह परस्मिन्निति, गुर्वादिरिति, सम्यग्ज्ञानक्रियायुक्तस्सम्यग्धर्मशास्त्रार्थदेशकः 'धर्मज्ञोधर्मकर्त्ता च सदा धर्मपरायणः । सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते' इतिलक्षणलक्षितः, आदिना सब्रह्मचारिसुहृदादीनां ग्रहणम्, यथाक्रमेण वादिप्रतिवादिनावत्रावसेयौ । परत्र तत्त्वनिर्णिनीषोर्भेदमाहायमिति, परत्र तत्त्वनिर्णिनीषुरित्यर्थः । ज्ञानावरणीयेति, ज्ञानावरणीयकर्मविशेषप्रतियोगिकक्षयोपशमाविर्भूतव्यस्तसमस्तान्यतरमतिश्रुतावधिमनःपर्यवरूपज्ञानवानेकः,

ज्ञानावरणकर्मसामान्यप्रतियोगिकक्षयाविर्भूतकेवलज्ञानवानपर इति द्विभेदो भाव्यः । समस्त-पदार्थतत्त्वज्ञानशालिनः केवलिनस्स्वात्मनि तत्त्वनिर्णयेच्छाया जयेच्छाया वा सुतरामसम्भवेन परिशेषात् स्वात्मनि तत्त्वनिर्णिनीषुर्विजिगीषुश्च क्षायोपशमिकज्ञानवानेव भवतीत्याशयेनाह स्वात्मनीति, एवमेव क्षायोपशमिकज्ञानवानेव, वीतरागत्वेन केवलिनो जयेच्छाया अभावादिति भावः ॥

ઉદાહરણો

ભાવાર્થ – "स्वात्मनि तत्त्वनिर्णिनीषु' શિષ્ય-સબ્રહ્મચારી-મિત્ર વગેરે અને 'परत्र तत्त्वनिर्णिनीषु' ગુરુ આદિ છે. આ પરત્ર તત્ત્વનિર્ણિનીષુ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી સમુત્પન્ન મતિ આદિ જ્ઞાનવાળો અથવા કેવલજ્ઞાનવાળો થાય છે. 'स्वात्मनि तत्त्वनिर्णिनीषु' તો ક્ષાયોપશમિક જ્ઞાનવાળો જ હોય છે. જિગીષુ પણ આ પ્રમાણે જ."

વિવેચન – શિક્ષણ માટે ઉપાધ્યાયનો ઉપાસક, ગ્રહણ અને ધારણામાં પટુ, હંમેશાં આજ્ઞાકારી અને સમ્યગ્ વિનયનો પરિપાલક 'શિષ્ય' કહેવાય છે. સબ્રહ્મચારી એટલે સતીર્થ્ય (એક ગુરુવાળા કે સમાન વ્રત-આચારવાળા સાધર્મિક) અને સુહૃત્ એટલે મિત્ર વગેરે. પરત્ર તત્ત્વનિર્ણિનીષુને કહે છે કે- 'परस्मिन्नि'ति, 'गुर्वादिरि'ति, સમ્યગ્જ્ઞાનક્રિયાયુક્ત, ધર્મશાસ્ત્રાર્થદેશક, ધર્મના જાણકાર, ધર્મના આચરનાર, હંમેશાં ધર્મપરાયણ અને પ્રાણિઓને ધર્મશાસ્ત્રાર્થદેશક 'ગુરુ' કહેવાય છે. આવા લક્ષણસંપન્ન ગુરુ આદિ પદથી સબ્રહ્મચારી-મિત્ર આદિનું ગ્રહણ છે. યથાક્રમ વાદી અને પ્રતિવાદી અહીં જાણવાં.

પરત્ર તત્ત્વનિર્ણિનીષુના ભેદને કહે છે કે-

○ આ તત્ત્વનિર્ણિનીષુ જ્ઞાનાવરણીયકર્મવિશેષરૂપ પ્રતિયોગિવાળા (જેનો અભાવ, તે પ્રતિયોગિ કહેવાય છે.) ક્ષયોપશમથી પ્રગટ થયેલ વ્યસ્ત (પ્રત્યેક) કે સમસ્ત(સમુદિત)માંથી કોઈ એક મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યાયરૂપ જ્ઞાનવાળો એક 'तत्त्वनिर्णिनीषु.'

○ જ્ઞાનાવરણકર્મ સામાન્ય(સકળ જ્ઞાનાવરણીય)રૂપ પ્રતિયોગિવાળા ક્ષયથી પ્રગટ થયેલ કેવલજ્ઞાનવાળો બીજો 'तत्त्वनिर्णिनीषु' એમ બે ભેદવાળો તત્ત્વનિર્ણિનીષુ વિચારવો.

○ સમસ્ત પદાર્થ તત્ત્વજ્ઞાનશાળી કેવલી, સ્વાત્મનિ તત્ત્વનિર્ણયેચ્છાનો અથવા જયેચ્છાનો સર્વથા અસંભવ હોવાથી, પરિશેષ (પારિશેષ્યથી) સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ અને વિજિગીષુ ક્ષાયોપશમિક જ્ઞાનવાળો જ હોય છે. એવા આશયથી કહે છે કે-'स्वात्मनी'ति, एवमेव । આ પ્રમાણે જ એટલે ક્ષાયોપશમિક જ્ઞાનવાળો જ, કેમ કે-વીતરાગપણું હોઈ કેવલીને જયની ઇચ્છાનો અભાવ છે.

नन्वेवं सत्यारम्भकः कतिविधस्सम्पन्न इत्यत्राह –

तथा चारम्भको जिगीषुः, स्वात्मनि तत्त्वनिर्णिनीषुः क्षायोपशमिकज्ञानवान् केवली चेति चतुर्विधस्सम्पन्नः । एवं प्रत्यारम्भकोऽपि ॥ ८ ॥

तथा चेति । क्षायोपशमिकज्ञानवानित्यनेन परत्र तत्त्वनिर्णिनीषुः केवलिभिन्नो ग्राह्यः, स्पष्टमन्यत् । आरम्भकप्रत्यारम्भकयोर्हस्तिप्रतिहस्तिन्यायेन प्रसिद्धेर्यावन्त आरम्भकास्तावन्त एव प्रत्यारम्भका इत्यशयेनाहैवमिति, आरम्भकवदेवेत्यर्थः, तथा चायमपि चतुर्विध इति भावः ॥

આરંભકના પ્રકારો

ભાવાર્થ – "આરંભક-(૧) જિગીષુ, (૨) સ્વાત્મનિ તત્ત્વનિર્ણિનીષુ, (૩) ક્ષાયોપશમિક જ્ઞાનવાળો, અને (૪) કેવલી, એમ ચાર પ્રકારનો આરંભક સમજવો. આ પ્રમાણે પ્રત્યારંભક પણ જાણવો."

વિવેચન – અહીં ક્ષાયોપશમિક જ્ઞાનવાળો-એ પદથી 'પરત્ર તત્ત્વનિર્ણિનીષુ' કેવલિથી ભિન્ન જાણવો. બીજું સ્પષ્ટ છે. આરંભક અને પ્રત્યારંભકની હસ્તિ-પ્રતિહસ્તિના ન્યાયથી પ્રસિદ્ધિ હોવાથી જેટલા આરંભકો છે, તેટલા જ પ્રત્યારંભકો હોય છે. આવા આશયથી કહે છે કે-આરંભકની માફક આ પ્રત્યારંભક પણ ચાર પ્રકારનો છે એમ જાણવું.

वादोऽयं चतुरङ्गोऽपि भवति, तत्रैकस्याप्यङ्गस्य वैधुर्ये कथात्वानुपपत्तेः वादिप्रतिवाद्यपेक्षयाऽङ्गनैयत्यात्, न हि वर्णाश्रमपालनक्षमं न्यायान्यायव्यवस्थापकं पक्षप्रतिपक्षरहितत्वेन समदृष्टि सभापतिं वक्ष्यमाणलक्षणान् प्राश्निकांश्च विना वादिप्रतिवादिनौ स्वाभिमतसाधनदूषणसरणिमाराधयितुं क्षमौ, नापि दुःशिक्षितकुतर्कलेशबालिशजनविप्लावितो गतानुगतिको जनस्सन्मार्गं प्रतिपद्येत, तस्मात्कयोः कयोर्वादे वादिप्रतिवादिसभ्यसभापतिरूपेषु वक्ष्यमाणलक्षणेषु चतुरङ्गेषु कत्यङ्गान्यवश्यमपेक्षितानीत्येतदर्शयति –

यदोभावपि जिगीषू, जिगीषुक्षायोपशमिकज्ञानिनौ, जिगीषुकेवलिनौ वा वादिप्रतिवादिनौ भवतस्तदा वादिप्रतिवादिसभ्यसभापतिरूपाणि चत्वार्यङ्गान्यपेक्षितानि ॥ ९ ॥

यदेति । उभावपीति, आरम्भकप्रत्यारम्भकावुभावपीत्यर्थः, जिगीषू इति, वादिप्रतिवादिनौ भवत इत्यग्रेतनेन सम्बद्ध्यते । जिगीषुक्षायोपशमिकेति, क्षायोपशमिकज्ञानी हि जिगीषुः, स्वात्मनि तत्त्वनिर्णिनीषुः, परत्र तत्त्वनिर्णिनीषुश्च । तत्र जिगीषोः प्रत्यारम्भकतया यदोभावपि जिगीषू इत्यनेनोक्तत्वात्, जिगीषोः स्वात्मनि तत्त्वनिर्णिनीषोश्च वादिप्रतिवादित्वासम्भवेन च परत्र तत्त्वनिर्णइनीषुरेवात्र क्षायोपशमिकज्ञानिपदेन विवक्षितः । चत्त्वार्यङ्गान्यपेक्षितानीति, वादिप्रतिवाद्यभावे हि वाद एवानुत्थानोपहतो जयपराजयौ तु दूर इति तावश्यं सिद्धावेव, उभावपि यदि जिगीषू स्यातां तदा परस्परं जयपराजयव्यवस्थाविलोपकारि-

शाठ्यकलहादिसम्भवात्पराङ्गद्वयं विवक्षितमेव, क्षायोपशमिकज्ञानी केवली वा यदा प्रत्यारम्भकस्तदापि जिगीषोर्वादिनश्शाठ्यकलहाद्यपोहनाय लाभादिहेतवे तदपेक्ष्यत एवेति भावः ॥

આ વાદ ચાર અંગવાળો પણ થાય છે. ત્યાં એક પણ અંગના અભાવમાં કથાપણાની અનુપપત્તિ છે. વાદી-પ્રતિવાદીની અપેક્ષાએ અંગોનો નિયમ છે. વર્ણાશ્રમના પાલનમાં સમર્થ, ન્યાય-અન્યાયની વ્યવસ્થાને કરનાર અને પક્ષ-પ્રતિપક્ષથી રહિત હોઈ, સમદૃષ્ટિવાળા સભાપતિ વગર અને પ્રાશ્નિકો (प्रश्नाय तदुत्तरदानायसाधुक्) એટલે સભ્યો વગર વાદી અને પ્રતિવાદી સ્વ અભિમત સાધન-દૂષણ પદ્ધતિને સાધી શકતા નથી. અને બીજું દુઃશિક્ષિત-કુતર્કલેશવાળા બાલિશ જનથી. વિપ્લાવિત, ગતાનુગતિક લોક સન્માર્ગને સ્વીકારી શકતા નથી. તેથી કયા કયા, બંનેના વાદમાં, વાદિ-પ્રતવાદી-સભ્ય-સભાપતિરૂપ, જેના લક્ષણો આગળ ઉપર કહેવાતા છે, એવા ચાર અંગો પૈકી કેટલાં અવશ્ય અપેક્ષિત છે. માટે એ વસ્તુને દર્શાવે છે કે-

ચાર અંગો

ભાવાર્થ – "જ્યારે બંને પણ જિગીષુ અને જિગીષુ ક્ષાયોપશમિક જ્ઞાની-એમ બંને, અથવા જિગીષુ અને કેવલી-એમ બંને વાદી અને પ્રતિવાદી થાય છે, ત્યારે વાદી-પ્રતિવાદી-સભ્ય-સભાપતિરૂપ ચાર અંગો અપેક્ષિત છે."

વિવેચન – બંને પણ એટલે આરંભક અને પ્રત્યારંભક, વાદી અને પ્રતિવાદી જ્યારે જિગીષુ હોય છે. (ખરેખર, ક્ષાયોપશમિક જ્ઞાની જિગીષુ, स्वात्मनि तत्त्वनिर्णिनीषु परत्र तत्त्वनिर्णिनीषु ત્યાં જિગીષુ પ્રત્યારંભક હોય. જ્યારે ત્યારે બંને પણ જિગીષુ. આ પ્રમાણે આ વાક્યે કહેલ છે.) જિગીષુ અને स्वात्मनि तत्त्वनिर्णिनीषुમાં પરસ્પર બંનેમાં વાદી-પ્રતિવાદીપણાનો અસંભવ હોઈ 'परत्र तत्त्वनिर्णिनीषु' જ અહીં ક્ષાયોપશમિક જ્ઞાની પદથી વિવક્ષિત છે. 'चत्वार्यङ्गान्यपेक्षितानीति' ચાર અંગો અપેક્ષિત છે. ખરેખર, વાદી અને પ્રતિવાદીરૂપ બે અંગોના અભાવમાં વાદ જ અનુત્થાન ઉપહત-હણાયેલ છે. જય અને પરાજય તો દૂર જ, માટે તે વાદી અને પ્રતિવાદી અવશ્ય સિદ્ધ જ છે. જો બંને પણ જિગીષુ હોય, તો જય-પરાજયની વ્યવસ્થાનો વિલોપકારી, શઠતા, કજિયા વગેરેનો સંભવ હોવાથી બીજા બે અંગો વિવક્ષિત છે.

○ ક્ષાયોપશમિક જ્ઞાની અથવા કેવલી જ્યારે પ્રત્યારંભક છે, ત્યારે પણ જિગીષુ-વાદીના શઠતા-કજિયા આદિને દૂર કરવા માટે, લાભાદિ હેતુમાટે તે બે અંગોની અપેક્ષા રહે છે જ.

અહિંસાના પાલનરૂપ પ્રયોજનવાળા બીજા વ્રતોને કહે છે.

બીજા વ્રતોનું વર્ણન

ભાવાર્થ – "જે પ્રકાર વગરનામાં તે પ્રકારવાળું, અપ્રિય-અહિત વચન, એ 'અનૃત' અસત્ય છે. તેથી તે પ્રકારની વિરતિ 'બીજું વ્રત' કહેવાય છે. ભૂતનિહ્નવ-અભૂતોદ્ભાવન-અર્થાન્તર-ગર્હાના ભેદથી અસત્ય ચાર પ્રકારનું છે. ૧-આત્મા, પુણ્ય કે પાપ નથી વગેરે, ૨-આત્મા સર્વવ્યાપી છે, ૩-ગાયને ઘોડો કહેવો, અને ૪-ખેતર, ખેડ, કાણાને કાણો કહેવો, ઇત્યાદિ વચન."

विवेचन – चोर नहि होवा छतां ते अचौरने चोररूपे कहेवो, ते असत्य छे. व्यवहारथी साचुं होवा छतां अप्रीतिकारी के भविष्यमां अहितकारी वचन परमार्थथी असत्य छे. एवा असत्य वचनथी-सर्वथा ज्ञान-श्रद्धापूर्वक अटकी जवुं, ते बीजुं 'सत्यव्रत' कहेवाय छे. अनृतनी व्याख्या=ऋतशब्द सत्य अर्थमां वर्ते छे. 'सत्सु साधुस्सत्यं' सत्पदार्थमां सारुं ते सत्य छे, केम के-प्रत्यवाय(अहित-हानि)नुं साधक नथी. 'न ऋतंम्अनृतं ।' साचुं-सारुं नहि ते अनृत छे.

शंका – तथाच जो मिथ्यावचनने ज लाघवथी असत्य कहो, तो शो वांधो ?

समाधान – आ आशंकाना समाधान माटे कहे छे के- 'असत्य'मिति । आं भाव छे के-मिथ्याशब्द विपरीत अर्थमां वर्ते छे, तेथी भूतनिह्नव-अभूतनुं उद्भावन-अर्थान्तरोनुं असत्यपणुं थाय ! जेम के- 'आत्मा नथी'-'आत्मा सर्वव्यापी' छे, इत्यादि वचनो. वळी जे विद्यमान अर्थना विषयवाळुं, व्यवहारथी सत्य पण, प्राणीने पीडा करनारुं, परमार्थथी असत्यरूप-गर्हारूप वचन असत्य न ठरे, माटे असत्य चार प्रकारनुं छे.

उदाहरणोने कहे छे के-(१) भूत-विद्यमान(सत्पदार्थ)ना अपलाप आत्मक असत्य 'भूतनिह्नव' कहेवाय छे. केटलाक, कर्ता-विद्यमान-अनुभवगम्य, शुभ-अशुभ कर्मना आधारभूत(पुण्य-पाप पण बुद्धि आदिनी माफक आत्मानो गुण नथी, केम के-जो कर्मनुं आत्मगुणपणुं मानवामां आवे, तो तेना (आत्माना) परतंत्रपणामां निमित्त न थई शके ! खरेखर, जे जेनो गुण होय, ते तेनो गुण तेना परतंत्रपणामां निमित्त थतो नथी. जेम पृथ्वी आदिना रूप आदि गुण. वळी परवादीओए कर्म आत्मगुण छे, एम स्वीकारेल छे. वळी आत्मानुं परतंत्रपणुं असिद्ध नथी. हीनस्थान परिग्रहवत्वरूप हेतुथी तेनी सिद्धि छे. जेम के-मद्यना आविर्भावनी परतंत्रताथी पुरुषने अशुचिस्थाननो परिग्रह. खरेखर, शरीर आत्मानुं हीनस्थान छे, केम के-दुःखनो हेतु छे.

शंका – गुणपणुं होवा छतां क्रोध आदिमां परतंत्रतानुं निमित्तपणुं देखेलुं छे ने ?

समाधान – ते क्रोध आदि पौद्गलिक (मोहनीयकर्मरूप पुद्गलजनित) होई गुणरूप युक्तियुक्त नथी भाव क्रोधादिनुं तो परतंत्रतानुं निमित्तपणुं नथी माटे पुण्यपाप द्रव्यरूप ज छे.) अनुभव-स्मरण आदिना आधारभूत आत्मानुं मोहथी नास्तिपणुं माने छे. तेओनुं कथन भूतनिह्नवरूप छे.

(२) अभूतना उद्भावनना दृष्टान्तने कहे छे के-केटलाक, स्वरुचिथी यथा अवस्थित-असंख्येय प्रदेशपरिमाणवाळा, आश्रयना वशे संकोच-विकासरूप स्वभाववाळा, रूप-रस-गंध-स्पर्श वगरना, अनेक प्रकारनी क्रियावाळा आत्मानी अवगणना करी अज्ञानना बळे सर्वव्यापक, निष्क्रिय, अंगुष्ठना पर्वना जेवडो, आदित्य जेवा भास्वरस्वरूपवाळो आत्मा छे. एम प्रमाणशून्य आत्मानुं उद्भावन करे छे, तेथी ए लोकोनुं अभूतनुं उद्भावन असत्य छे. अर्थान्तरनुं दृष्टान्त-जे गायने घोडो कहे छे अने घोडाने गाय कहे छे, एम मूढताथी के शठताथी विपरीतरूपे ते वचन अर्थान्तररूप असत्य छे. शास्त्रप्रतिषिद्ध, कुत्सित वचनरूप क्रिया 'गर्हा.'

० तेनुं उदाहरण-खेतरने खेडो ! हिंसानी निवृत्तिनुं प्रतिबंधक (हिंसाकारक) होवाथी आ वचननुं असत्यपणुं छे, हिंसानिवृत्ति(अहिंसा)ना परिरक्षण माटे मृषावाद आदि निवृत्तिनो उपदेश छे.

○ કાણાને કાણો કહેવો, આવું વચન નિષ્ઠુર વચન છે. તે પણ પરની પીડાના ઉત્પાદમાં હેતુ હોવાથી સાચું પણ નિંદાપાત્ર છે. આ પ્રમાણે છળવાળું, દંભવાળું, કટુક વગેરે વચનોનું અસત્યપણું વિચારવું.

○ આ વ્રતમાં બેંતાલીશ ભેદવાળી ચાર ભાષાઓ સારી રીતે જાણવી જોઈએ. ત્યાં વ્યવહારનયની અપેક્ષાએ સત્યા-મૃષા-સત્યામૃષા-અસત્યામૃષા, એમ ચાર પ્રકારની ભાષા છે. નિશ્ચયનયની અપેક્ષાએ તો સત્ય અને અસત્યના ભેદથી ભાષા, આરાધકત્વ અને વિરાધકત્વરૂપ ભેદના આનુગુણ્યથી બે પ્રકારની છે. શુદ્ધનયથી દેશ અને સર્વભેદથી બે પ્રકારના આરાધકત્વ-વિરાધકત્વના ભેદનો અભાવ છે : અને એક કાળમાં બે ઉપયોગનો અસ્વીકાર છે. અન્યથા, શબલકર્મના બંધનો પ્રસંગ આવે છે.

○ ત્યાં સત્ય, જનપદ-સંમત-સ્થાપના-નામ-રૂપ-પ્રતીત્ય-વ્યવહાર-ભાવ-યોગ-ઔપમ્યરૂપ સત્યના ભેદથી દશ પ્રકારવાળું છે.

(૧) જનપદસત્ય-નાના-વિવિધ દેશની ભાષારૂપ છે. એક દેશમાં જે અર્થના વાચકપણાએ રૂઢ જે વચન છે, તે બીજા દેશમાં તેના અવાચકપણાએ છોડાતું પણ વ્યવહારની પ્રવૃત્તિનો હેતુ હોઈ સત્ય છે. જેમ કોંકણ આદિ દેશોમાં પય(દૂધને) 'પિજ્જ' તરીકે કહેવાય છે ઇત્યાદિ.

(૨) સમ્મતસત્ય-સકળ લોકની સંમતિથી સત્યપણાએ પ્રસિદ્ધ. જેમ પંકથી જન્યત્વ કુમુદ-કુવલય આદિમાં તુલ્ય હોવા છતાં અરવિન્દને જ પંકજ તરીકે કહેવાય છે, તે આબાલગોપાલ પ્રસિદ્ધ છે માટે સત્ય છે. બીજે ઠેકાણે તો અસંમત હોવાથી અસત્ય છે.

(૩) સ્થાપનાસત્ય-જેમ અક્ષરવિન્યાસ (રચના) આદિમાં આ માસો છે, આ કાર્ષાપણ (સોળ માસાપ્રમાણ એક માપ, એંશી રતિભારનું એક વજન) આ સો છે, આ હજાર છે. ઇત્યાદિ.

(૪) નામસત્ય-કુળને કે ધનને નહિ વધારનારો પણ આ કુળવર્ધન છે, આ ધનવર્ધન છે, આવું વચન.

(૫) રૂપસત્ય-જેમ તેના ગુણરહિતનું તથા રૂપ(વેષ)નું ધારણ. દંભથી યતિના વેષને ગ્રહણ કરનારને, આ યતિ છે-એમ કહેવું.

(૬) પ્રતીત્યસત્ય-બીજી વસ્તુનો આશ્રય કરી બીજી વસ્તુમાં દીર્ઘપણું-હ્રસ્વપણું વગેરે કહેવું. જેમ કનિષ્ઠા નામની અંગુલિની અપેક્ષાએ અનામિકા દીર્ઘ છે, મધ્યમાની અપેક્ષાએ હ્રસ્વા કહેવાય છે. અનંતપરિણામવાળી વસ્તુના તાદેશ તાદેશ (તેવા તેવા) સહકારિના સંનિધાનમાં તે તે રૂપ(પરિણામ)ની અભિવ્યક્તિનું સત્યત્વ છે.

(૭) વ્યવહારસત્ય-ગિરિમાં રહેલ ઘાસ વગેરે બળતા હોવા છતાં 'ગિરિ બળે છે,' ઇત્યાદિ વચન.

(૮) ભાવસત્ય-જેમ પાંચ વર્ણોના સંભવ છતાં પણ ધોળી બગલી. ઇત્યાદિ.

(૯) યોગસત્ય-જેમ છત્રના યોગથી કે દંડના યોગથી કદાચિત્ છત્ર-દંડનો અભાવ છતાં છત્રી, દંડી, ઇત્યાદિ વચન.

(૧૦) ઔપમ્યસત્ય-જેમ સમુદ્ર જેવું તળાવ છે.

○ અસત્ય પણ, ક્રોધ-માન-માયા-લોભ-પ્રેમ-દ્વેષ-હાસ્ય-ભય-આખ્યાયિકા-ઉપઘાતથી નિઃસૃત, દશ પ્રકારનું છે.

(૧) ક્રોધનિઃસૃત-જેમ ક્રોધવાળો બાપ પુત્ર પ્રત્યે કહે છે કે-'તું મારો છોકરો નથી,' ઇત્યાદિ વચન.

(૨) માનનિઃસૃત-અભિમાનથી કોઈ એક થોડા ધનવાળો પણ કહે છે કે-'હું મહા ધની છું,' ઇત્યાદિ વચન.

(૩) માયાનિઃસૃત-જેમ માયાકાર (જાદુગર) વગેરે બોલે છે કે-'ઓળો નાઠો' ઇત્યાદિ.

(૪) લોભનિઃસૃત-જેમ વણિક વગેરે, 'અન્ય પ્રકારે ખરીદ કરેલી વસ્તુને આ પ્રકારે ખરીદ કરેલ છે' એવું વચન બોલે.

(૫) પ્રેમનિઃસૃત-જેમ અતિરિક્તોનું (પ્રેમથી અધિકોનું) સ્ત્રી આદિ પ્રત્યે બોલવું થાય છે કે-'હું તારો દાસ છું.'

(૬) દ્વેષનિઃસૃત-જેમ ગુણવાળામાં પણ 'આ ગુણ વગરનો છે,' ઇત્યાદિ કથન.

(૭) હાસ્યનિઃસૃત-જેમ ઘરમાં રહેલા પિતા હોવા છતાં હાસ્યથી બોલે કે-'મારો બાપ અહીં નથી.' ઇત્યાદિ.

(૮) ભયનિઃસૃત-જેમ ચોર આદિના ભયમાં અસમંજસ કથન.

(૯) આખ્યાયિકાનિઃસૃત-જેમ કાલ્પનિક કથા આદિનું કથન.

(૧૦) ઉપઘાતનિઃસૃત-જે ચોર નથી, તેને 'તું ચોર છે' એવું અસભ્ય વચન.

○ સત્યામુષા પણ ઉત્પન્નમિશ્રિત-વિગતમિશ્રિત-મિશ્રકમિશ્રિત-જીવમિશ્રિત-અજીવમિશ્રિત-જીવાજીવમિશ્રિત-અનંતમિશ્રિત-પ્રત્યેક-મિશ્રિત-અદ્ધામિશ્રિત અને અદ્ધાદ્ધામિશ્રિતના ભેદથી સત્યામૃષારૂપ વચન દશ પ્રકારનું છે.

(૧) ઉત્પન્નમિશ્રિત-જેમ દશથી ઓછા કે વધારે છોકરાઓને જન્મ કોઈ એક ગામમાં થયે છતે, 'આજે આ ગામમાં દશ છોકરાઓ જન્મ્યા છે' આવું વચન. તેમજ 'આવતીકાલે તેને સો આપીશ' આમ કહીને પચાસનું દાન. આ લોકમાં મૃષાપણાના અદર્શનથી અને અનુત્પન્ન અંશમાં મૃષાપણાના વ્યવહારથી સત્યામૃષા વચન છે.

(૨) વિગતમિશ્રિત-જેમ તે પ્રકારે જ પૂર્વવત્ મરણનું કથન.

(૩) મિશ્રકમિશ્રિત-જેમ આજે નગરમાં દશ છોકરાઓ જન્મ્યા અને દશ વૃદ્ધો મર્યા, એવું વચંન.

(૪) જીવમિશ્રિત-જેમ જીવતા અને મરેલા કરમિયાઓની રાશિમાં જીવરાશિ.

(૫) અજીવમિશ્રિત-જેમ ઘણા મરેલા કૃમિની રાશિમાં થોડા જીવતાઓ હોયે છતે આ 'અજીવરાશિ' છે, એવું વચન.

(૬) જીવાજીવમિશ્રિત-જેમ તે જ રાશિમાં આટલા જીવે છે અને આટલા મરેલા છે, એવું વચન.

(૭) અનંતમિશ્રિત-જેમ પરીતપત્ર આદિવાળા મૂલ-કંદ આદિમાં સઘળો પણ આ અનંતકાય છે, એવું કથન.

(૮) પ્રત્યેકમિશ્રિત-અનંતની સાથે પ્રત્યેકને જોઈ સઘળો પણ પ્રત્યેક છે, એવું કથન.

(૯) અદ્ધામિશ્રિત-જેમ કોઈ એક, કોઈ એકને જલ્દી ચલાવતો દિવસમાં પણ પૂર્ણપ્રાય દિવસ થયે છતે 'રાત્રિ થઈ ગઈ,' એમ બોલે છે.

(૧૦) અદ્ધાદ્ધામિશ્રિત-અદ્ધાદ્ધા એટલે દિવસનો અને રાત્રિનો એક ભાગ. જેમ પહેલી પોરસીમાં (પ્રહરમાં) જ ઉતાવળ કરતો કોઈને કહે છે કે-'જલ્દી તૈયાર થાઓ-બપોર થઈ ગયો છે.'

○ અસત્યામૃષારૂપ વચન તો આમંત્રણ-આજ્ઞાપન-યાચન-પ્રચ્છન-પ્રજ્ઞાપન-પ્રત્યાખ્યાન-ઇચ્છાનુલોમ-અનભિગૃહિત-અભિગૃહીત-સંશયકરણ-વ્યાકૃત-અવ્યાકૃતના ભેદથી બાર પ્રકારનું છે.

(૧) આમંત્રણ-જેમ હે દેવદત્ત ! ઇત્યાદિ વચન. આ પૂર્વકથિત સત્ય આદિ ત્રણ ભેદોથી વિલક્ષણ હોવાથી સત્યાદિરૂપ નથી, પરંતુ વ્યવહારપ્રવૃત્તિમાં હેતુ હોઈ અસત્યામૃષારૂપ છે.

(૨) આજ્ઞાપન-જેમ 'આ કરો !' ઇત્યાદિ. આ પણ વચન તેના કરણ-અકરણભાવથી પરમાર્થથી એક ઠેકાણે પણ અનિયમ હોઈ તથા પ્રતીતિથી-અદુષ્ટ વિવક્ષાથી જન્ય હોઈ અસત્યામૃષારૂપ જ છે. એ પ્રમાણે બીજે ઠેકાણે પણ વિચારવું.

(૩) યાચન-જેમ 'ભિક્ષાને તમે આપો !'

(૪) પ્રચ્છન-નહિ જાણેલા કે જાણેલા કે સંદેહવિષયભૂત અર્થને જાણવા માટે 'તેના જાણકારને કેવી રીતે આ છે ?' એમ પૂછવું.

(૫) પ્રજ્ઞાપન-જેમ 'હિંસામાં પ્રવૃત્તિ કરનારો દુઃખી આદિ થાય છે' એવું કથન.

(૬) પ્રત્યાખ્યાન-જેમ 'યાચના કરનારને નિષેધ કરવો' એવું કથન.

(૭) ઇચ્છાનુલોમ-કોઈએ કોઈને કહ્યું કે-'અમે સાધુની પાસે જઈએ છીએ, ત્યારે તે બોલ્યો કે-'સારું' છે એવું વચન.

(૮) અનભિગૃહીત-ચોક્કસ અર્થના અનિશ્ચયને અનુકૂળ વચન. જેમ ઘણા કાર્યો ઉપસ્થિત થયે છતે, 'જે કાર્ય તને પ્રતિભાસે છે; તે કાર્ય તું કર !' એવું વચન.

(૯) અભિગૃહીત-જેમ ત્યાં જ 'આ હમણાં જ કરવું જોઈએ' એવું વચન. અથવા જે અર્થના ગ્રહણ વગરનું ડિત્થ આદિ વચન અનભિગૃહિત, ઘટ આદિની માફક વચન અભિગૃહીત.

(૧૦) સંશયકરણ-જેમ અનેક અર્થમાં સાધારણ 'સૈન્ધવમાનય' સૈન્ધવ લાવો ! ઇત્યાદિ વચન.

(૧૧) વ્યાકૃત-પ્રકટ અર્થવાળું વચન. જેમ 'દેવદત્તનો આ ભાઈ છે' ઇત્યાદિ રૂપ.

(૧૨) અવ્યાકૃત-અપ્રકટ અર્થવાળું બાળક આદિની થપનિકા ઇત્યાદિ વચન. આ પ્રમાણે ચાર પ્રકારના વચનો સારી રીતે જાણ્યે છતે, પહેલો અને ચોથો સત્ય અને અસત્યામૃષારૂપ બે ભેદ વાણીના વિષય કરવા જોઈએ, બીજા અને ત્રીજા એમ બે ભેદ અવાચ્ય છે.

क्रमप्राप्तं तृतीयं व्रतमाख्याति—

स्वाम्याद्यदत्तवस्तुपरिग्रहणं स्तेयं तस्मात्तथा विरतिस्तृतीयं व्रतम् ॥ ६ ॥

स्वाम्यादीति । स्वामिजीवतीर्थकरगुरुभिरदत्तस्यं वस्तुन आदानं प्रमत्तयोगात्स्तेयमुच्यते, सर्वप्रकारेण यावज्जीवं तस्माद्विनिवृत्तिस्तृतीयमस्तेयव्रतमित्यर्थः । तृणोपलकाष्ठादिकं तत्स्वामिनाऽदत्तं, यत्स्वामिना दत्तमपि जीवेनादत्तं यथा प्रव्रज्यापरिणामविकलो मातापितृभ्यां पुत्रादिर्गुरुभ्यो दीयते । यत्तीर्थकरैः प्रतिषिद्धमाधाकर्मादि गृह्यते तत्तीर्थकरादत्तम् । आधाकर्मादिदोषरहितं स्वामिना दत्तं गुरूननुज्ञाप्य गृहीतं तद्गुर्वदत्तमिति तदेतत्सर्वं स्तेयमुच्यते तदवञ्चतुर्विधस्य ग्रहणपरिणामाभावोऽस्तेयमिति भावः । अत्राष्टविधकर्मादानस्य स्तेयत्वव्युदासाय स्वाम्यादीत्युक्तम् । न च शब्दादिविषयरथ्याद्वारादिन्यादानस्य साधोस्स्तेयत्वप्रसङ्ग इति वाच्यम् प्रमत्तयोगादिति पूरणात्, यत्नवतो ह्यप्रमत्तस्य ज्ञानिनश्शास्त्रदृष्ट्या शब्दादीनामादानेऽपि विरतस्यास्तेयत्वप्रसिद्धेः, सामान्यतस्तेषां मुक्तत्वेन दत्तमेव वा सर्वं न ह्यसौ पिहितादिद्वारादीन् प्रविशतीति भावः ॥

ક્રમપ્રાપ્ત ત્રીજા વ્રતનું વર્ણન

ભાવાર્થ – "સ્વામી આદિએ નહિ આપેલ વસ્તુનું પરિગ્રહણ સ્તેય (ચોરી) છે તેથી તે પ્રકારની વિરતિ 'ત્રીજું વ્રત' કહેવાય છે."

વિવેચન – સ્વામીએ, જીવે, તીર્થંકર, ગુરુએ (આજ્ઞાદ્વારા) નહિ આપેલ વસ્તુનું પ્રમત્તયોગથી ગ્રહણ, એ ચોરી કહેવાય છે. સર્વ પ્રકારથી જાવજ્જીવ સુધી તે સ્તેયથી વિનિવૃત્તિ, એ ત્રીજું 'અસ્તેયવ્રત' કહેવાય છે.

○ સ્વામીઅદત્ત-તૃણ-પત્થર-કાષ્ઠ વગેરે, તે સ્વામીએ નહિ આપેલ, તે સ્વામીઅદત્ત.

○ જે સ્વામીએ આપેલ છતાં જીવે નહિ આપેલ. જેમ દીક્ષાના ભાવ વગરના પુત્ર વગેરે મા-બાપથી ગુરુઓને અપાય છે, તે જીવાદત્ત.

○ જે તીર્થંકરભગવંતોએ નિષેધ કરેલ આધાકર્મ-અનંતકાય-અભક્ષ્યાદિ ગ્રહણ કરાય છે, તે તીર્થંકરાદત્ત કહેવાય છે.

○ આધાકર્મ આદિ દોષોથી રહિત, સ્વામીએ આપેલ પણ ગુરુની આજ્ઞા પ્રાપ્ત થયા વગર જે ગ્રહણ કરેલું, તે ગુરુઅદત્ત છે. આ સઘળું ચોરી તરીકે કહેવાય છે. તેથી આ ચાર પ્રકારના અદત્તના ગ્રહણના પરિણામનો અભાવ 'અસ્તેય' છે, એવો ભાવ છે.

○ અહીં આઠ પ્રકારના કર્મના ગ્રહણમાં સ્તેયત્વના ખંડન માટે 'સ્વામ્યાદિ'તિ કહેલ છે.

શંકા – શબ્દ આદિ વિષયોને અને રથ્યા(શેરી-મહોલ્લા)ના દ્વાર વગેરેને ગ્રહણ કરનાર સાધુમાં સ્તેયત્વનો પ્રસંગ લાગે ખરો ?

समाधान – પ્રમત્તયોગપૂર્વક, એમ કહેવાથી દોષ નહિ આવે, કેમ કે-ખરેખર, જયણા(ઉપયોગ)વંત અપ્રમાદી જ્ઞાનીને શાસ્ત્રની દૃષ્ટિથી શબ્દ વગેરેના ગ્રહણમાં પણ વિરતમાં અસ્તેયપણાની પ્રસિદ્ધિ છે. અથવા સામાન્યથી તે શબ્દ આદિ વિષય આદિનું મુક્તપણું હોવાથી સઘળું આપેલું જ છે. ખરેખર, આ વિરત આત્મા, પિહિત આદિમાં-બંધ આદિ દ્વારો આદિમાં પ્રવેશ કરતો નથી.

अथ चतुर्थं व्रतमभिदधाति ॥

औदारिकवैक्रियशरीरविलक्षणसंयोगादिजन्यविषयानुभवनमब्रह्म तस्मात्तथा विरतिस्तुर्यं व्रतम् ॥ ७ ॥

औदारिकेति । तिर्यङ्मनुष्याणां देवानां यच्छरीरद्वयं तस्य योऽयं विलक्षणसंयोगः स्त्रीपुंसंसर्गविशेषस्सम्पर्कः, आदिना संकल्पनामग्रहणदर्शनादीनां ग्रहणम्, तज्जन्यं यद्विषयानुभवनं तद्ब्रह्म, पञ्चशरीरेषु औदारिकवैक्रियशरीरावच्छेदेनैवाब्रह्मसम्भवो नान्यशरीरावच्छेदेनेति सूचनाय तदुक्तिः । तदिदमब्रह्म द्रव्यादितो निर्जीवप्रतिमादिद्रव्येषु सजीवपुरुषाङ्गनाशरीरेषुर्ध्वाधस्तिर्यग्लोकेषु दिवा वा रात्रौ वा क्रोधमानमायालोभेभ्यः सम्भवति, न च चेतनस्याचेतनेन सह विलक्षणसंयोगो न मुख्यतया मैथुनसुखानुभवनहेतुरपि तूपचारत इति वाच्यम्, मुख्यफलाभावप्रसङ्गात्, मुख्यसिंहगतक्रौर्यशौर्यादेर्माणवकेऽप्रवृत्तिवत्, दृश्यते च तत्र मुख्यं फलमतो नोपचारः । आसन्नदेशस्थितभ्रातृभगिन्योः शरीरसंयोगस्याब्रह्मानुकूलत्वाभावेन तद्व्यावृत्त्यै विलक्षणसंयोगेत्युक्तम्, तथा च वेदोदयप्रयुक्तविलक्षणसंयोगश्चित्तपरिणामविशेषद्वारको येन विषयसुखमनुभूयते तदब्रह्मेति फलितार्थः । ईदृशाब्रह्मणोऽब्रह्मचर्यं रौद्रं प्रमादोऽनन्तसंसारो लोकानादरोऽधर्म इहपरलोकापायो दर्शनचारित्रमोहनीयबन्धोऽनन्तप्राणिघातश्च फलम् । तथा चैवंविधादब्रह्मणो योगकरणत्रयेणाष्टादशधा ज्ञानश्रद्धानपूर्वकं विरमणं चतुर्थं व्रतमित्यर्थः । औदारिकापेक्षया स्वयं न करोति मनसा वाचा कायेन वा, नान्येन कारयति मनसा वाचा कायेन वा कुर्वन्तं वा नानुमोदते मनसा वाचा कायेन वेति नवविधः, एवं वैक्रियापेक्षयापीति ॥

---

१. मूलतोऽब्रह्म द्विविदमौदारिकं दिव्यञ्च, आद्यं तिर्यङ्मनुष्याणामपरं भवनवास्यादीनाम् । तद्द्विविधमपि मनोवाक्कायैः करणकारणानुमोदनैश्च यथायथमष्टादशविधं विज्ञेयम् । तच्च देवमनुजासुरैरखिलषणीयं कलङ्कनिमित्तत्वेन दुर्मोचनत्वेन च पङ्कपनकपाशजालसन्निभं स्त्रीपुंनपुंसकवेदचिह्नं तपस्संयमब्रह्मचर्यविघ्नकरं बहुप्रमादमूलं कुपुरुषैरासेव्यं जन्मजरामरणशोकहेतुकं दर्शनचारित्रमोहस्य निमित्तमवसेयम् । ब्रह्मचर्यन्तु उत्तमतपोनियमज्ञानदर्शनचारित्रसम्यक्त्वविनयमूलं यमनियमगुणप्रधानयुक्तं व्रतेषु प्रभाववत् प्रशस्तगम्भीरस्थिरान्तःकरणं सुखहेतुः सिद्धगतिनिलयं मुनिवरप्रतिपालितं पञ्चमहाव्रतमध्ये सुष्ठु रक्षितं प्रधानमिति ॥

ચતુર્થ વ્રતનું વર્ણન

ભાવાર્થ – "ઔદારિક-વૈક્રિયશરીરના વિલક્ષણ સંયોગ આદિ જન્ય વિષયનો અનુભવ, એ 'અબ્રહ્મ' કહેવાય છે. તેથી તે પ્રકારની વિરતિ, એ 'ચતુર્થવ્રત' કહેવાય છે."

વિવેચન – તિર્યંચોના, મનુષ્યોના અને દેવોના બે શરીર, તેનો વિલક્ષણ સંયોગ=સ્ત્રી-પુરુષનો વિશિષ્ટ સંયોગ આદિથી સંકલ્પ અને નામનું ગ્રહણ, દર્શનનું ગ્રહણ. તેનાથી જન્ય જે વિષયનો અનુભવ, તે 'અબ્રહ્મ' કહેવાય છે. પાંચેય શરીરોમાં ઔદારિક-વૈક્રિયશરીરના આલંબને અબ્રહ્મનો સંભવ છે, બીજા શરીરોના નિમિત્તે નહિ, એમ સૂચન કરવા માટે 'ઔદારિક' ઇત્યાદિનું કથન છે.

○ તે આ અબ્રહ્મ, દ્રવ્ય આદિની અપેક્ષાએ નિર્જીવ પ્રતિમાદિ દ્રવ્યોમાં, સજીવ પુરુષ-સ્ત્રીના શરીરોમાં, ઊર્ધ્વ-અધો-તિર્છાલોકોમાં, દિવસમાં કે રાત્રિમાં, ક્રોધ-માન-માયા-લોભોથી થાય છે.

શંકા – ચેતનનો અચેતનની સાથે વિલક્ષણ સંયોગ મુખ્યપણાએ મૈથુનસુખના અનુભવનના હેતુરૂપ નથી; પરંતુ ઉપચારથી છે ને ?

સમાધાન – મુખ્ય ફળના અભાવના પ્રસંગથી મુખ્ય સિંહગત ક્રૂરતા, શૂરતા આદિની માણવકમાં અપ્રવૃત્તિની માફક અહીં અપ્રવૃત્તિ નથી. અહીં મુખ્ય ફળ દેખાય છે, માટે ઉપચાર નથી.

○ નજીકના દેશમાં રહેલ ભાઈ-બહેનના શરીરના સંબંધમાં અબ્રહ્મની અનુકૂળતાનો અભાવ હોવાથી, તેના વ્યવચ્છેદ માટે 'विलक्षणसंयोगः' એમ કહેલ છે. તથાચ વેદના ઉદયથી જન્ય વિલક્ષણ સંયોગ ચિત્તના વિશિષ્ટ પરિણામ દ્વારવાળો છે, કે જેનાથી વિષયસુખનો અનુભવ થાય છે. તે અબ્રહ્મ કહેવાય છે, એમ ફલિતાર્થ છે.

○ આવા અબ્રહ્મનું અવ્રતા, પ્રમાદ, અનંત સંસાર, લોકનો અનાદર, અધર્મ, ઇહલોક અને પરલોકનો અપાય (હાનિ), દર્શનમોહનીય-ચારિત્રમોહનીયકર્મનો બંધ અને અનંત પ્રાણીઓની હિંસા, એ ફળ છે.

○ તથાચ આવા પ્રકારના અબ્રહ્મથી ત્રણ યોગ અને ત્રણ કરણથી અઢાર પ્રકારે જ્ઞાન-શ્રદ્ધાનપૂર્વક વિરમણ, એ 'ચતુર્થવ્રત' કહેવાય છે.

○ ઔદારિકશરીરની અપેક્ષાએ (મૂળથી અબ્રહ્મ ઔદારિક અને દિવ્યના ભેદથી બે પ્રકારનું છે. પહેલું અબ્રહ્મ તિર્યંચ અને મનુષ્યોને હોય છે. બીજું અબ્રહ્મ ભવનવાસી આદિ દેવોને હોય છે. તે બે પ્રકારનું અબ્રહ્મ મન-વચન-કાયારૂપ ત્રણ યોગોથી તથા કરવું-કરાવવું અને અનુમોદવું એ રૂપ ત્રણ કરણોથી, તેમ અઢાર પ્રકારનું જાણવું. વળી તે અબ્રહ્મ, દેવ-મનુષ્ય-અસુરોથી અભિલાષાનો વિષય, કલંકનું નિમિત્ત હોઈ, દુઃખે કરી છોડી શકાય એવું હોઈ, પંકપનકપાશ જાલસમાન, સ્ત્રી-પુરુષ-નપુંસકવેદરૂપ ચિહ્નવાળું, તપ-સંયમ અને બ્રહ્મચર્યમાં વિઘ્ન કરનારું, બહુ પ્રમાદનું મૂળ, કુત્સિત પુરુષોથી આસેવનયોગ્ય અને જન્મ-જરા-મરણ-શોકના હેતુરૂપ દર્શનમોહ-ચારિત્રમોહનું નિમિત્ત જાણવું. બ્રહ્મચર્ય તો ઉત્તમ તપ, નિયમ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, સમ્યક્ત્વ અને વિનયનું મૂળ છે. યમ, નિયમ, ગુણપ્રધાનથી યુક્ત વ્રતોમાં પ્રભાવવાળું, પ્રશસ્ત-ગંભીર-સ્થિર અંતઃકરણ કરનારું, સુખનો હેતુ, સિદ્ધિગતિનું સ્થાન, મુનિવરોથી પ્રતિપાલિત અને પાંચ મહાવ્રતોમાં પ્રધાન છે.) પોતે મનથી-વચનથી કે કાયાથી કરતો નથી, બીજા પાસે મનથી-વચનથી કે

કાયાથી કરાવતો નથી, કરનાર બીજાને મનથી-વચનથી કે કાયાથી અનુમોદતો નથી. આમ નવ પ્રકારનું બ્રહ્મચર્ય છે. આવી રીતે વૈક્રિયની અપેક્ષાએ નવ પ્રકારનું, એમ અઢાર પ્રકારનું છે.

अथ पञ्चमं व्रतमाचष्टे –

सचित्ताचित्तमिश्रेषु द्रव्येषु मूर्च्छा परिग्रहस्ततश्च तथा विरतिः पञ्चमं व्रतम् ॥८॥

सचित्तेति । मूर्च्छा लोभपरिणतिभेदः, ययाऽऽत्मा मोहमुपनीयते विवेकात्प्रच्याव्यते च, प्रच्युतविवेकश्च प्रतिविशिष्टलोभकषायोपरागादयुक्तप्रवृत्तिर्न किञ्चित्कार्यमकार्यं वा जानाति, मूर्च्छेयं सर्वदोषप्रसूः, ममेदमिति सति संकल्पे हि रक्षणादयस्तस्य संजायन्ते, तत्र च हिंसाऽवश्यंभाविनी तदर्थमनृतं जल्पति चौर्यञ्चाचरति क्वचिन्मैथुने कर्मण्यपि प्रवर्त्तते तत्प्रभवाश्च नरकादिषु दुःखप्रकारा अनुभवाः, सा च मूर्च्छा एकद्वित्रिचतुःपञ्चेन्द्रियेषु चेतनावत्सु, आभ्यन्तरेषु क्रोधमानमायालोभमिथ्यादर्शनहास्यरत्यरतिभयशोकजुगुप्सावेदाख्येषु, बाह्येषु वास्तुक्षेत्रधनधान्यशय्यासनयानकुप्यद्विचतुष्पादभाण्डाख्येषु द्रव्येषु भवति क्रोधादिषु परिग्रहहेतुत्वात्तत्प्रयुक्तस्वगौरवरक्षणाय तत्रानुरागाद्वा परेषु च ममेदमित्यज्ञानविषयत्वान्मूर्च्छा भवति । तथा च सचित्ता योषिदादयोऽचित्ता आहारादयो मिश्रा भूषणविभूषितभामिनीप्रभृतयः, एवम्भूतेषु द्रव्येषु या मूर्च्छा परिणामविशेषः स परिग्रहः । यद्यपि वातपित्तश्लेष्मणामन्यतमस्य दोषस्य प्रकोपादुपजायमानपरिणामविशेषोऽपि मूर्च्छा तथाप्यत्र सचित्तादिविषयिणी परिणतिर्ग्राह्या । प्रमादसहकारेणेत्यस्यानुवृत्त्या च रागद्वेषमोहमूला हिंसावन्मूर्च्छेति लभ्यते, तेन तद्रहितस्याप्रमत्तकायमनोवाग्व्यापारस्य संयमोप्रकरणादिषूपधिशय्याहारशरीरेष्वागमानुज्ञातेषु न मूर्च्छेति विज्ञेयम्, अन्यथा शरीराहारशिष्यादिपरिग्रहस्यापि मूर्च्छात्वापत्तेः धर्मोपष्टम्भकत्वस्य त्वत्रापि समानत्वात् । न च यथाऽऽध्यात्मिकेऽपि रागादावात्मपरिणामे सङ्गो मूर्च्छा तथा ज्ञानदर्शनचारित्रेषु सङ्गो मूर्च्छा स्यादिति वाच्यम्, आत्मस्वभावानतिवृत्तेः, रागादयो हि कर्मोदयतंत्रा इत्यनात्मस्वभावा न ज्ञानादयस्तथा, आत्मस्वभावभूतत्वात् । ततश्चेति, निरुक्तपरिग्रहादित्यर्थः, तथा विरतिरिति, सर्वप्रकारेण यावज्जीवं ज्ञानश्रद्धानपूर्विका विरतिरित्यर्थः । पञ्चविधस्यास्य महाव्रतस्य दार्ढ्यापादनार्थमेकैकस्य पञ्च पञ्च भावना भवन्ति, भावनाभिर्ह्यनभ्यस्यमानानि महाव्रतान्यभ्यस्यमानविद्यावन्मलीमसानि भवन्ति । तत्राहिंसायास्तावदीर्यासमितिर्मनस्समितिर्वचनसमितिरादानसमितिरालोकितपानभोजनमिति पञ्च भावनाः । स्वपरबाधापरिहारफलिका पुरतो युगमात्रनिरीक्षणपूर्विका सोपयोगिनो गमनविषयिणी प्रवृत्तिरीर्यासमितिः । गमनक्रियायामसमितो हि प्राणिनः पादेन ताडयेत्,

अन्यत्र पातयेत्तथा परितापयेत् । तस्मादीर्यासमितेनावश्यंभवितव्यम्[१] । आर्त्तरौद्रध्यानपरिहारेण धर्मध्यान उपयोगो मनस्समितिः, वधेन बन्धेन परितापेन नृशंसं न किञ्चन कर्म कदापि मनसाऽल्पमपि ध्यातव्यमनेन प्रकारेण मनस्समितियोगेन जीवश्चित्तसत्प्रवृत्तिलक्षणव्यापारेण वासितो भवति । एवं वचसापि प्राणिनां परितापादिकारिणा न भणितव्यम् । किन्तु साधुना तत्र समितेन भवितव्यम् । उपधिप्रभृतीनामागमानुसारेण निरीक्षणप्रमार्जनरूपाऽऽदानसमितिः । संयतेन हि सदा प्रत्युपेक्षणप्रस्फोटनाभ्यां प्रमार्जनया च भाजनवस्त्रादिकं निक्षेप्तव्यं ग्रहीतव्यञ्च । सनियममाहारादीनां प्रत्यवेक्षणरूपा पञ्चमी भावना, एभिः पञ्चभिर्भावनाविशेषैरहिंसापालनहेतुभिस्सदा स्वस्थचित्तेनासेवितमहिंसालक्षणं व्रतमनाश्रवस्योपायः । द्वितीयव्रतस्य क्रोधलोभभीरुत्वहास्यप्रत्याख्यानानि आलोच्यभाषणमिति पञ्च भावनाः । क्रुद्धः क्रोधतरलितमनस्कतया मिथ्या ब्रूयात्, लोभपरवशश्चार्थाकांक्षया, भयार्त्तः प्राणादिरक्षणेच्छया, हसन् कौतुकेनेति तत्प्रत्याख्यानानि चतस्रो भावनाः, सम्यग्ज्ञानपूर्वकं[२] पर्यालोच्य मिथ्या मा भूदिति मोहतिरस्कारद्वारेण भाषणं पञ्चमी भावना । तृतीयव्रतस्य विचिन्त्यावग्रहयाचना, पुनः पुनरवग्रहयाचना, अवग्रहधारणम्, साधर्मिकेभ्योऽवग्रहयाचनमनुज्ञापितपानान्नग्रहणमिति पञ्च भावनाः, तत्र देवेन्द्रराजगृहपतिशय्यातरसाधर्मिकभेदभिन्नावग्रहेषु पूर्वः पूर्वो बाध्य उत्तर उत्तरो बाधक इति सञ्चिन्त्य यः स्वामी स एव याच्योऽस्वामियाचने तु दोषबाहुल्यक्तमित्येवं विचिन्त्यावग्रहयाचनं प्रथमा । सकृद्दत्तेऽप्यवग्रहे स्वामिना भूयोऽवग्रहयाचनं कार्यं, पूर्वलब्धेऽवग्रहे ग्लानाद्यवस्थासु मूत्रपुरीषोत्सर्गपात्रकर चरणप्रक्षालनस्थानानि दातृचित्तपीडापरिहार्थं याचनीयानि, एवं याञ्चामाचरन्नादत्तादानजनितेनागसा स्पृश्यत इति द्वितीया । एतावन्मात्रपरिमाणमेव क्षेत्रादि ममोपयोगि नाधिकमित्यवग्रहस्य धारणमिति तृतीया । एवमवग्रहधारणे हि तदभ्यन्तरवर्त्तिनीमूर्ध्वस्थानादि क्रियामासेवमानो न दातुरुपरोधकारी

---

१. ईर्यायामकृतेऽवधाने प्राणिनोऽभिहन्यात् पादेन ताडयेदन्यत्र प्राणिनः पातयेत् पीडामुत्पादयेज्जीविताद्व्यपरोपयेत् तथा च कर्मोपादानत्वात्तत्र समितेन भाव्यम्, तथा चेर्यासमित्या भावितान्तरात्मा जीवो मालिन्यमात्ररहितत्वात् विशुद्धयमानपरिणामत्वादक्षतचारित्रत्वान्मृषावादाद्युपरमान्मोक्षसाधको भवतीत्येवं सर्वत्र भावनीयम् ॥

२. मृषावादविरतिलक्षणस्य संवरस्य गुरुसमीपे प्रयोजनमाकर्ण्य हेयोपादेयवचनैदम्पर्यं सम्यग्ज्ञात्वा विकल्पव्याकुलतारहितो वचन चापल्यं विहायार्थतः कटु शब्दतः पुरुषं साहसमतर्कितं परस्य जन्तोः पीडाकरं सावद्यं वचनं न भाषेत । किन्तु सद्भूतार्थं पथ्यं परिमिताक्षरं प्रतिपाद्यविवक्षितार्थप्रतीतिजनकं वचनदोषरहितं उपपत्तिभिरबाधितं पूर्वं बुद्ध्या पर्यालोचितमवसरे भाषेत । एवं सति संयतकरचरणनयनवदनशूरः सत्यार्जवसम्पन्नो भवति ॥

भवति, याञ्चाकाल एवावग्रहानवधारणे विपरिणतिरपि दातुश्चेतसि स्यात्, आत्मनोऽपि चादत्तपरिभोगजनितः कर्मबन्धः स्यादिति । साधुभ्यः पूर्वपरिगृहीतक्षेत्रेभ्योऽवग्रहो मासादिकालमानेन पञ्चकोशादिक्षेत्ररूपो याच्यः, तदनुज्ञानाद्धि तत्रासितव्यम्, तदनुज्ञातं हि तत्रोपाश्रयादि समस्तं गृह्णीयात्, अन्यथा स्तेयं स्यादिति चतुर्थी । अनुज्ञया स्वीकृतान्नपानयोरभ्यवहारः, सूत्रोक्तप्रकारेण प्रासुकमेषणीयं कल्पनीयञ्च पानान्नमानीयालोचनापूर्वं गुरवे निवेद्यानुज्ञातो गुरुणा मण्डल्यामेकको वाऽश्नीयात्, उपलक्षणमेतत्, यत्किञ्चिदौधिकौपग्रहिकभेदभिन्नमुपकरणं धर्मसाधनं तत्सर्वं गुरुणाऽनुज्ञातं परिभोक्तव्यम् । एवं विदधानो नातिक्रामत्यस्तेयव्रतमिति पञ्चमी । चतुर्थव्रतस्य स्त्रीपण्डपशुमद्वेश्मासनकुड्यान्तरोज्झनं, सरागस्त्रीकथात्यागः प्राग्रतस्मृतिवर्जनम्, स्त्रीणां मनोहराङ्गावलोकनस्वाङ्गसंस्कारपरिवर्जनं, प्रणीतात्यशनत्याग इति पञ्च भावनाः । देवमानुषभेदास्सचित्ताः स्त्रियः प्रस्तरलेप्यचित्रकर्मादिनिमित्ताश्चाचित्ताः नपुंसकवेदवर्त्तिनो महामोहकर्माणः पुंस्त्रीसेवनाभिरताः पण्डाः पशवः प्रसिद्धास्तत्संसक्तवसत्यासने, अन्तरस्थेऽपि कुड्यादौ यत्र मोहनादिशब्दः श्रूयते तादृशं स्थानञ्च ब्रह्मचर्यभङ्गभयेन त्याज्यमिति प्रथमा । मोहोदयानुकूलवनिताकथात्यागः, तादृशी हि रागानुबन्धिनी शृङ्गारानुविद्धा कथा चित्तविक्षेपकारिणीति तामवश्यं त्यजेदिति द्वितीया । प्रव्रज्याग्रहणात्पूर्वं गृहस्थावस्थानुभूतकामिनीनिधुवस्मरणस्य कामाग्निसन्दीपकत्वात्तद्वर्जनं तृतीया । अपूर्वविस्मयरसनिर्भरतयाऽऽपातरमणीयानि स्त्रियो मुखनयनस्तनजघनादीनि सप्रेम विलोकयतो निजाङ्गसंस्कारानुष्ठानपरायणस्य च ब्रह्मचर्यविघातोऽवश्यम्भावीति तत्परित्यजनं चतुर्थी । स्निग्धमधुरादिरसवत्पदार्थान् रूक्षभैक्ष्यानप्याकण्ठमभ्यवहरतो ब्रह्मक्षतिः शरीरपीडा च भवतीति तद्वर्जनं पञ्चमी । पञ्चमव्रतस्य तु पञ्चानामिन्द्रियार्थानां मनोज्ञानां स्पर्शरसगन्धवर्णशब्दानां प्राप्तौ स्नेहवर्जनं, अमनोज्ञानां प्राप्तौ च द्वेषवर्जनमिति पञ्च भावनाः । अभिष्वङ्गी हि मनोज्ञानभिलषेदमनोज्ञांश्च विद्विष्यात् । मध्यस्थस्तु मूर्च्छारहितत्वान्न क्वचित्प्रीतिमप्रीतिं वा करोति । एतान्येव महाव्रतानि शेषधर्माणां मूलभूतत्वात् मूलगुणाभिधेयानि, चरणसप्ततेरपि मूलगुणभूतानि, रात्रिभोजनविरमणन्तु व्रतं न तु महाव्रतमिति न तस्यात्र निरूपणमिति ॥

१. चतुर्विधस्याशनपानखादिमस्वादिमभेदभिन्नस्याहारस्य सर्वथा परिवर्जनं रात्राविति रात्रिभोजनविरमणम् । स मूलगुणः संयतस्यैव देशविरतस्य तूत्तरगुणस्तपोवदाहारविमणरूपत्वात्, तप एव वा तत्, चतुर्थादिवदाहारत्यागरूपत्वात्, समित्यादिवन्महाव्रतसंरक्षणात्मकत्वादुत्तरगुणः । न चैवं व्रतधारिणोऽपि न तन्मूलगुणरूपं भवतीति वाच्यम् । समस्तव्रतसंरक्षणेनात्यन्तोपकारित्वेन व्रतिनो मूलगुणत्वात्, अन्यथा हि मूलगुणा महाव्रतादयो न परिपूरिमतामासादयन्ति, रात्रौ भिक्षार्थमचक्षुर्विषये पर्यटनप्रसङ्गेन वह्निप्रदीपादिसंस्पर्शनात्, दुष्टाहारग्रहणादेश्च

પંચમવ્રતનું વર્ણન

ભાવાર્થ – "સચિત્ત-અચિત્ત-મિશ્રદ્રવ્યોમાં મૂર્ચ્છા, એ 'પરિગ્રહ' કહેવાય છે અને તે પરિગ્રહથી તથા વિરતિ 'પંચમવ્રત' કહેવાય છે."

વિવેચન – મૂર્ચ્છા વિશિષ્ટ લોભની પરિણતિ છે. જે પરિણતિથી આત્મા મોહારૂઢ કરાય છે અને વિવેકથી ભ્રષ્ટ કરાવાય છે. ભ્રષ્ટ વિવેકવાળો પ્રતિવિશિષ્ટ લોભનામક કષાયના ગ્રહણથી અયુક્ત પ્રવૃત્તિવાળો કાર્ય કે અકાર્ય કાંઈ જાણતો નથી. આ મૂર્ચ્છા સઘળા દોષોની જનની છે. ખરેખર, આ મારું છે-એમ સંકલ્પ થયે છતે, તે ધન આદિના રક્ષણ વગેરે થાય છે અને તે રક્ષણાદિમાં હિંસા અવશ્યંભાવિ છે. તેના માટે અસત્ય બોલે છે અને ચોરી કરે છે. ક્વચિત્ મૈથુનકાર્યમાં પણ પ્રવર્ત્તે છે અને તેનાથી જન્ય નરક આદિમાં દુઃખપ્રકારવાળા અનુભવો થાય છે.

o એકેન્દ્રિય-દ્વિન્દ્રિય-ત્રિન્દ્રિય-ચતુરિન્દ્રીય-પંચેન્દ્રિયરૂપ ચેતનવાળા દ્રવ્યોમાં, અચેતન વાસ્તુ આદિમાં, સચેતન-અચેતનરૂપ વાસ્તુ-ક્ષેત્ર-ધન-ધાન્ય-શય્યા-આસન-યાન-ઘટિતાઘટિત સ્વર્ણ-રૂપું વગેરે દ્વિપદ-ચતુષ્પદ-ભાંડ વગેરે બાહ્ય દ્રવ્યોમાં, આભ્યંતરરૂપ ક્રોધ-માન-માયા-લોભ-મિથ્યાદર્શન-હાસ્ય-રતિ-અરતિ-ભય-શોક-જુગુપ્સા-વેદનામક ઔદયિકભાવોમાં, પુદ્ગલદ્રવ્યમાં, પરિગ્રહનું હેતુપણું હોવાથી તે પરિગ્રહપ્રયુક્ત પોતાનું ગૌરવનું રક્ષણ કરવા માટે ત્યાં અનુરાગ થવાથી, પરદ્રવ્યોમાં મારું આ છે-આવા અજ્ઞાનનો વિષય હોવાથી મૂર્ચ્છા થાય છે. તથાચ સચિત્ત-સ્ત્રી વગેરે, અચિત્ત આહાર વગેરે, મિશ્રભૂષણોથી ભૂષિત સ્ત્રી વગેરે, આવા દ્રવ્યોમાં જે મૂર્ચ્છા પરિણામવિશેષ છે, તે 'પરિગ્રહ' કહેવાય છે. જો કે વાત-પિત્ત-કફ પ્રકૃતિઓમાંથી કોઈ એક પ્રકૃતિના પ્રકોપથી પેદા થતી પરિસ્થિતિ પણ મૂર્ચ્છા (બેભાન દશા) કહેવાય છે. તો પણ સચિત્ત આદિ દ્રવ્યવિષયવાળી આસક્તિ મૂર્ચ્છા શબ્દથી લેવાની છે. 'પ્રમોદના સહકારપૂર્વક' આ વિશેષણની અનુવૃત્તિ કરવાથી રાગ-દ્વેષ-મોહરૂપી મૂળવાળી હિંસાની માફક મૂર્ચ્છા એમ પ્રાપ્ત થાય છે. તેથી પ્રમાદરહિત અર્થાત્ અપ્રમત્ત કાય-મન-વચનના વ્યાપારવાળાને આગમથી અનુજ્ઞાત, સંયમના ઉપકરણ આદિભૂત ઉપધિ-શય્યા-આહાર-શરીર આદિમાં મૂર્ચ્છા-આસક્તિ નથી, એમ જાણવું. અન્યથા, શરીર-આહાર-પુસ્તક-શિષ્ય આદિ પરિગ્રહમાં પણ મૂર્ચ્છાપણાની આપત્તિ આવશે, કેમ કે-ધર્મના ઉપષ્ટંભક(આલંબન)પણાનું અહીં પણ સમાનપણું છે.

શંકા – આધ્યાત્મિકમાં પણ એટલે રાગ આદિ રૂપ આત્માના પરિણામમાં સંગ, મૂર્ચ્છા જેમ છે, તેમ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં સંગ, મૂર્ચ્છા કેમ નહિ ?

સમાધાન – આત્મસ્વભાવની અતિવૃત્તિ (ઉલ્લંઘન) નથી, માટે જ્ઞાનાદિ સ્વસ્વભાવ છે. રાગાદિ એ વિભાવ-પરભાવરૂપ છે. ખરેખર, રાગ આદિ કર્મના ઉદયને આધીન હોઈ અનાત્મ(પરપુદ્ગલ)

प्राणातिपातप्रसङ्गात्, अन्धकारवशेन च पतितहिरण्यादिद्रविणग्रहणादिप्रसङ्गात्, योषित्परिभोगसम्भवाच्च । न चैवं तपःप्रभृतीनामपि मूलगुणत्वप्रसङ्गो मूलगुणोपकारित्वाविशेषादिति वाच्यम् रात्रिभोजनविरमणवदस्यात्यन्तोपकारित्वाभावात् । यथाहि प्राणातिपातादीनां पञ्चानामेकतराभावे शेषाणामभावान्मूलगुणत्वं तथा रात्रिभोजनविरमणस्याप्यभावे सर्वव्रताभावादत्यन्तोपकारित्वान्मूलगुणत्वम् । देशविरतस्य तु उत्तरगुणत्वमारम्भजप्राणातिपातादस्यानिवृत्तित्वादिति भाव्यम् ॥

સ્વભાવવાળા છે. જ્ઞાનાદિ કર્મના ઉદયથી જન્ય નહિ હોવાથી, ક્ષયોપશમ ક્ષયથી જન્ય હોવાથી, પરસ્વભાવી નથી પરંતુ આત્મસ્વભાવભૂત છે. માટે રાગાદિમાં સંગ મૂર્ચ્છા છે અને જ્ઞાનાદિમાં સંગ, તેના સાધનોમાં સંગ મૂર્ચ્છા નથી, નિષ્પરિગ્રહતા છે.

○ પૂર્વકથિત પરિગ્રહથી, સર્વ પ્રકારથી જાવજજીવ સુધી જ્ઞાન, શ્રદ્ધાનપૂર્વક વિરતિ, એ 'પંચમ મહાવ્રત' કહેવાય છે.

○ આ પાંચ પ્રકારના મહાવ્રતની દૃઢતા સંપાદન કાજે પ્રત્યેક મહાવ્રતની પાંચ પાંચ ભાવનાઓ છે. ખરેખર, ભાવનાઓ દ્વારા અભ્યાસના અવિષયભૂત મહાવ્રતો, અભ્યાસના અવિષયભૂત વિદ્યાની માફક મલિન થાય છે. ત્યાં અહિંસાનામક મહાવ્રતની, (૧) ઈર્યાસમિતિ, (૨) મનઃસમિતિ, (૩) વચનસમિતિ, (૪) આદાનસમિતિ, અને (૫) આલોકિત પાન-ભોજન, એમ પાંચ ભાવનાઓ છે.

(૧) ઈર્યાસમિતિ=સ્વ-પર જીવની બાધાના પરિહારરૂપ ફળવાળી, આગળ યુગ માત્ર (ગાડી કે રથની ધોંસરીપ્રમાણ) નિરીક્ષણપૂર્વક, ઉપયોગવાળાની, ગમનના વિષયવાળી પ્રવૃત્તિ, એ 'ઈર્યાસમિતિ.' ખરેખર, ગમનક્રિયામાં અનુપયોગી, જીવોને પગથી મારે, બીજે ઠેકાણે પાડે, તેમજ પરિતાપ પેદા કરે ! તેથી ઈર્યામાં ઉપયોગી અવશ્ય થવું જોઈએ. (ઈર્યામાં ઉપયોગ નહિ રાખવાથી જીવોને હણે, પગથી મારે, બીજે સ્થાને પાડે, પીડા ઉપજાવે ! જીવનથી રહિત બનાવે ! તથાચ કર્મનું ગ્રહણ હોવાથી તે ઈર્યામાં ઉપયોગી થવું જોઈએ. એવંચ ઈર્યાસમિતિદ્વારા ભાવિત અંતરાત્મા જીવ, મલિનતા માત્રથી રહિત થવાથી, વિશુદ્ધ થતા પરિણામી થવાથી, અખંડચારિત્રી બનવાથી અને મૃષાવાદ આદિથી વિરતિ થવાથી મોક્ષસાધક થાય છે, એમ સર્વત્ર ભાવવું.)

(૨) મનઃસમિતિ=મનોગુપ્તિ-આર્તધ્યાન-રૌદ્રધ્યાનના પરિહારપૂર્વક ધર્મધ્યાનમાં ઉપયોગ, એ 'મનઃસમિતિ.' (મનનું રક્ષણ) વધ-બંધન-પરિતાપદ્વારા કોઈ પણ જાતનું ક્રૂર કર્મ કદાચિત્ પણ મનથી થોડુંક પણ વિચારવું નહિ. આ પ્રકારે મનોગુપ્તિ યોગથી જીવ ચિત્તની સત્પ્રવૃત્તિરૂપ વ્યાપારથી ભાવિત થાય છે.

(૩) વચનસમિતિ-એવી રીતે પરિતાપ આદિકારી વચન પણ નહિ બોલવું, પરંતુ વચનસમિતિયુક્ત સાધુએ રહેવું જોઈએ.

(૪) આદાનસમિતિ-આગમના અનુસારે ઉપધિ વગેરેનું નિરીક્ષણ-પ્રમાર્જનરૂપ આદાનસમિતિ. ખરેખર, સાધુએ હંમેશાં પ્રતિલેખન, પફોડા અને પ્રમાર્જના કરી પાત્રાં, વસ્ત્ર વગેરે લેવાં અને મૂકવાં.

(૫) આલોકિત પાનભોજન-નિયમપૂર્વક યથાયોગ્ય વહોરતાં, વાપરતાં સર્વત્ર આહારપાણી વગેરેને ઉપયોગપૂર્વક જોવારૂપ પાંચમી ભાવના છે. આ અહિંસાપાલનમાં હેતુભૂત વિશિષ્ટ પાંચ ભાવનાઓથી હંમેશાં સ્વસ્થ ચિત્તથી આરાધેલ અહિંસારૂપ-વ્રત અનાશ્રવ(સંવર)નો ઉપાય છે.

○ બીજા મહાવ્રતની ક્રોધપ્રત્યાખ્યાન-લોભપ્રત્યાખ્યાન-ભીરૂત્વપ્રત્યાખ્યાન(અભીરૂત્વ)હાસ્યપ્રત્યાખ્યાન અને આલોચ્યભાષણ, એમ પાંચ ભાવનાઓ છે.

(૧) ક્રોધવાળો ક્રોધથી અસ્થિર મનવાળો હોઈ અસત્ય બોલે, માટે ક્રોધની નિવૃત્તિ.

(૨) લોભને પરતંત્ર બનેલો અર્થની ઇચ્છાથી અસત્ય બોલે, માટે લોભનો ત્યાગ.

(૩) ભયભીત બનેલો પ્રાણાદિની રક્ષણની ઇચ્છાથી અસત્ય બોલે, માટે ભયપ્રત્યાખ્યાન.

(૪) હસતો કુતૂહલથી અસત્ય બોલે, માટે હાસ્યપ્રત્યાખ્યાન. (૫) સમ્યગ્જ્ઞાનપૂર્વક વિચારીને, (મૃષાવાદવિરતિરૂપ સંવરનું ગુરુની પાસે પ્રયોજન સાંભળીને, હેય-ઉપાદેયવચનના તાત્પર્યને જાણી, વિકલ્પથી વ્યાકુળતા વગરનો, વચનની ચપળતાને છોડી, અર્થથી કડવું, શબ્દથી કઠોર, સાહસ-વિચાર વગરનું અને પરજંતુને પીડા કરનારું સાવદ્ય વચન બોલે નહિ, કિન્તુ સત્ય અર્થવાળું, હિતકારી, પરિમિત અક્ષરવાળું, પ્રતિપાદનયોગ્ય વિવક્ષિત અર્થની પ્રતીતિજનક, વચનના દોષ વગરનું, ઉપપત્તિઓથી અબાધિત અને પહેલાં બુદ્ધિથી વિચારેલું અવસરમાં બોલે ! આમ હોયે છતે, સંયતકર-ચરણ-નયનવદનવાળો શૂરવીર, સત્ય-સરળતાસંપન્ન થાય છે.) અસત્ય મા થાઓ ! આવો મોહના તિરસ્કારદ્વારા બોલવું, એ પાંચમી ભાવના છે.

૦ ત્રીજા મહાવ્રતની, આલોચના કરીને અવગ્રહ(જગ્યા)ની યાચના, ફરી ફરી અવગ્રહની યાચના, અવગ્રહનું અવધારણ, સાધર્મિકો પાસેથી અવગ્રહની યાચના અને અનુજ્ઞાપિત પાન-ભોજનગ્રહણ એમ પાંચ ભાવનાઓ છે.

(૧) આલોચ્ય અવગ્રહયાચના-અહીં દેવેન્દ્ર-રાજા-ગૃહપતિ-શય્યાતર-સાધર્મિકભેદવાળા અવગ્રહોમાં પૂર્વ પૂર્વ બાધ્યા (પ્રતિબધ્ય) છે, ઉત્તર ઉત્તર બાધક (પ્રતિબંધક) છે-એમ વિચારી, જે સ્વામી છે, તેની પાસે જ યાચના કરવી જોઈએ. જે સ્વામી નથી, તેની પાસે યાચના કરવામાં ઘણો દોષ કહેલ છે. આ પ્રમાણે સારી રીતે વિચારીને અવગ્રહની યાચના પ્રથમ છે.

(૨) અભીક્ષ્ણ-અવગ્રહની યાચના=એકવાર પણ સ્વામીએ અવગ્રહ આપ્યા છતાં નિત્ય ફરી ફરી અવગ્રહનું યાચન કરવું જોઈએ. પહેલાં મેળવેલા (મળેલ) અવગ્રહ છતાં, ગ્લાન (બીમાર)આદિ અવસ્થાઓમાં મૂત્ર-પુરીષોત્સર્ગના ભાજનો, હાથ-પગ ધોવાના સ્થાનોની દાતાના ચિત્તની પીડાના પરિહાર માટે યાચના કરવી જોઈએ. આ પ્રમાણે યાચનાને કરનારો અદત્તાદાનથી જનિત અપરાધથી લેપાતો નથી.

(૩) 'આટલો જ'-આમ અવગ્રહનો નિર્ણય=આટલા પરિમાણવાળું ચારેય બાજુનું ક્ષેત્ર અવગ્રહનો વિષય છે. અર્થાત્ આટલા પરિમાણવાળું ક્ષેત્ર મારે ઉપયોગી છે-વધારે નહિ, આવા અવગ્રહનો નિર્ધાર કરવો, એવી ત્રીજી ભાવના છે. આ પ્રમાણે અવગ્રહના ધારણમાં તેના અંદર રહેનારી ઉર્ધ્વસ્થાન (ઉભા રહેવું) વગેરે ક્રિયાને કરતો, દાતાને ઉપરોધકારી થતો નથી. યાચનાના કાળમાં જ અવગ્રહના અનવધારણમાં ચિત્તમાં વિપરીત પરિણતિ પણ દાતાને થાય ! પોતાને પણ અદત્તના પરિભોગથી થયેલ કર્મબંધ થાય !

(૪) સાધર્મિકો પાસેથી અવગ્રહયાચન-પૂર્વે ગ્રહણ કરેલ ક્ષેત્રવાળા સાધુઓ પાસે, માસાદિ કાળના માનપૂર્વક પાંચ કોશ આદિ ક્ષેત્રરૂપ અવગ્રહ માગવો જોઈએ. તેઓની રજાથી ત્યાં બેસે ! ખરેખર, ત્યાં તેઓની અનુજ્ઞાવિષયભૂત ઉપાશ્રય આદિ સઘળું ગ્રહણ કરે ! અન્યથા, સ્તેય (ચોરી) લાગે ! આમ ચોથી ભાવના.

(५) અનુજ્ઞાપિત પાન-ભોજન-અનુજ્ઞાથી સ્વીકાર કરેલ પાન-ભોજન કરે ! અર્થાત્ સૂત્રે કહેલ પ્રકારથી પ્રાસુક-એષણીય અને કલ્પનીય પાન-ભોજન લાવી ,આલોચનાપૂર્વક ગુરુને જણાવી, ગુરુની અનુજ્ઞાથી માંડલીમાં કે એકલો ભોજન કરે ! આ ઉપલક્ષણ છે કે-જે કાંઈ ઔધિક-ઔપગ્રહિક ભેદવાળા ઉપકરણ-ધર્મસાધન છે, તે ગુરુની અનુજ્ઞા બાદ વાપરવું. આ પ્રમાણે કરનારો ત્રીજા વ્રતનું બરાબર પાલન કરે છે.

○ ચતુર્થ વ્રતની, સ્ત્રી-નપુંસક-પશુવાળા વેશ્મ-આસન-કુડ્યાન્તરત્યાગ, સરાગ સ્ત્રીકથાત્યાગ, પૂર્વના સ્મરણનું વર્જન, સ્ત્રીઓના મનોહર અંગનું અવલોકન અને સ્વ અંગના સંસ્કારવર્જન, પ્રણીત અતિ આહારત્યાગ, એમ પાંચ ભાવનાઓ છે.

(૧) સ્ત્રી-પશુ-પંડક-સંસક્તશયન-આસનવર્જન-દેવ અને મનુષ્યના ભેદવાળી સચિત્ત સ્ત્રીઓ, પ્રસ્તરલેપ્ય ચિત્રકર્મ આદિ નિમિત્તવાળી અચિત્ત સ્ત્રીઓ, નપુંસક વેદવાળા, મહામોહકર્મવાળા અને પુરુષ-સ્ત્રીના સેવનમાં પરાયણ નપુંસકો-પશુઓ તો પ્રસિદ્ધ છે. તે સ્ત્રી-પશુ-પંડકોથી આકુલ ઘર-આસન-શયનનો ત્યાગ કરવો જોઈએ : અને ભીંત આદિના અંતરમાં રહેલ દંપતિના મોહની ક્રિડા આદિના શબ્દ સંભળાય છે, માટે તેવા કુડ્યાન્તરના સ્થાનનો ત્યાગ બ્રહ્મચર્યભંગના ભયથી કરવો જોઈએ, એમ પહેલી ભાવના.

(૨) સરાગ સ્ત્રીકથાત્યાગ-મોહના ઉદયને અનુકૂળ સ્ત્રીની કથાનો ત્યાગ, ખરેખર, તેવી સ્ત્રીકથા રાગની પરંપરાની જનક, શૃંગારરસથી ભરચક કથા ચિત્તમાં વિક્ષેપ કરનારી થાય છે, માટે તે કથાને અવશ્ય છોડી દેવી જોઈએ. એમ બીજી ભાવના.

(૩) દીક્ષાગ્રહણ પહેલાં ગૃહસ્થાવસ્થામાં અનુભવેલ સ્ત્રીસેવનનું સ્મરણ કામના અગ્નિનો સંદીપક હોઈ, તેના સ્મરણનું વર્જન. એમ ત્રીજી ભાવના.

(૪) અપૂર્વ વિસ્મય રસનિર્ભરરૂપે આપાતરમણીય સ્ત્રીના વદન-નયન-સ્તન-જઘન વગેરેને સપ્રેમ જોનારને અને પોતાના અંગના સંસ્કારના અનુષ્ઠાનમાં પરાયણને બ્રહ્મચર્યનો વિઘાત અવશ્યંભાવી છે, માટે તેનો પરિત્યાગ કરવો. એમ ચોથી ભાવના.

(૫) સ્નિગ્ધ-મધુર આદિ રસવાળા પદાર્થોનાં આહાર કરનારને, લુખા આહારને પણ આકંઠ કરનારને બ્રહ્મચર્યની ક્ષતિ અને શરીરની પીડા થાય છે, માટે તેનું વર્જન, એ પાંચમી ભાવના છે.

○ પંચમવ્રતની તો, પાંચ ઇન્દ્રિયોના વિષયભૂત મનોહર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દોની પ્રાપ્તિમાં સ્નેહનું વર્જન અને અમનોહર સ્પર્શ આદિની પ્રાપ્તિમાં દ્વેષનું વર્જન, એમ પાંચ ભાવનાઓ છે. ખરેખર, વિષયાસક્ત જીવ મનોહર વિષયોને ઇચ્છે અને અમનોહર વિષયોનો દ્વેષ કરે ! મધ્યસ્થ તો, મૂર્ચ્છારહિત હોવાથી ક્વચિત્ પ્રીતિને કે અપ્રીતિને કરતો નથી. આ જ મહાવ્રતો, બાકીના ધર્મોના મૂળભૂત હોવાથી મૂળગુણના અર્થવાળા છે અને ચરણસિત્તરીના પણ મૂળગુણભૂત છે. રાત્રિભોજનવિરમણ તો વ્રત છે, મહાવ્રત નથી, માટે તેનું અહીં નિરૂપણ નથી.

अथ संवरापादनसामर्थ्यनिमित्तमुत्तमगुणप्रकर्षमनगाराणां धर्ममाह —

क्षमामार्दवार्जवशौचसत्यसंयमतपस्त्यागाऽऽकिञ्चन्यब्रह्मचर्याणिश्रमणधर्माः ॥९॥

क्षमेति । अनगारा हि सर्वावस्थां क्षमन्ते सकलमदस्थाननिग्रहिणः शाठ्यरहितास्सन्तोषामृततृप्तास्सत्यवादिनस्संयमिनस्तपस्विनो यथावत्त्यागिनः कनकादिकिञ्चनरहितास्सर्वप्रकारं ब्रह्म बिभ्रति न गृहिणोऽत एते क्षमादयः श्रमणधर्माः कथ्यन्ते । यो हि सर्पसमः परकृताश्रयनिवासात्, गिरिसमः परीषहोपसर्गनिष्प्रकम्पत्वात्, ज्वलनसमस्तपस्तेजोमयत्वात्, सागरसमो गम्भीरत्वात्, ज्ञानादिरत्नाकरत्वात्स्वमर्यादानतिक्रमाच्च, नभस्तलसमः सर्वत्र निरालम्बनत्वात्, तरुगणसमः सुखदुःखयोरदर्शितविकारत्वात्, भ्रमरसमोऽनियतवृत्तित्वात्, मृगसमस्संसारभयोद्विग्नत्वात्, धरणिसमः सर्वखेदसहिष्णुत्वात्, जलरुहसमः कामभोगोद्भवत्वेऽपि पङ्कजलाभ्यामिव तदूर्ध्वं वृत्तेः, रविसमः धर्मास्तिकायादिलोकमधिकृत्याविशेषेण प्रकाशकत्वात् पवनसमश्च सर्वत्राप्रतिबद्धत्वात्, एवंभूतस्य श्रमणस्यैते धर्मा इति भावः ॥

હવે સંવર કરવામાં સામર્થ્યના નિમિત્ત, ઉત્તમ ગુણમાં ઉત્કૃષ્ટ અનગારોના ધર્મને કહે છે.

ભાવાર્થ – "क्षमा-मार्दव-आर्जव-शौच-सत्य-संयम-तप-त्याग-आकिंचन्य-ब्रह्मचर्य એ શ્રમણોના ધર્મો છે."

વિવેચન – ખરેખર, અનગારો સર્વ અવસ્થાને સહન કરે છે. સકળ મદોના સ્થાનને નિગ્રહ કરનારા, શઠતાથી રહિત, સંતોષના અમૃતથી સંતુષ્ટ, સત્યવાદીઓ, સંયમીઓ, તપસ્વીઓ, યથાર્થ ત્યાગીઓ, કનક આદિ રૂપ કિંચનથી રહિત અને સર્વ પ્રકારના બ્રહ્મને ધારણ કરનારા ગૃહસ્થો બની શકતા નથી. એથી આ ક્ષમા વગેરે શ્રમણોના ધર્મો કહેવાય છે.

૦ ખરેખર, જે સાપની માફક બીજાએ કરેલ આશ્રયમાં નિવાસ હોવાથી, પર્વતની માફક પરીષહો અને ઉપસર્ગોથી અકંપ હોવાથી, અગ્નિની માફક તપતેજરૂપ હોવાથી, સાગરની માફક ગંભીર હોવાથી, જ્ઞાન આદિના રત્નાકર હોવાથી, પોતાની મર્યાદાનું ઉલ્લંઘન નહિ હોવાથી, આકાશતળની માફક સઘળે ઠેકાણે આલંબનરહિત હોવાથી, વૃક્ષોના સમૂહની માફક સુખ-દુઃખમાં અદર્શિત વિકારવાળા હોવાથી, ભ્રમરની માફક અનિયત વૃત્તિવાળા હોવાથી, હરણની માફક સંસારના ભયથી ઉદ્વેગવાળા હોવાથી, પૃથ્વીની માફક સર્વ ખેદ-કષ્ટને સહનાર હોવાથી, કમળની માફક કામ-ભોગથી પેદા થયેલ છતાં પંકજલની જેમ, કામભોગથી પરવૃત્તિ હોવાથી, સૂર્યની માફક ધર્માસ્તિકાય આદિ લોકનો અધિકાર (અપેક્ષા) કરી સામાન્યથી પ્રકાશક હોવાથી અને હવાની માફક સર્વત્ર પ્રતિબદ્ધ (વ્યાપ્ત) નહિ હોવાથી સાચા સાધુઓ કહેવાય છે. અર્થાત્ આ વિશેષણોથી વિશિષ્ટ શ્રમણના આ ક્ષમાદિ ધર્મો કહેવાય છે.

तत्र क्षमास्वरूपमाह –

सति सामर्थ्ये सहनशीलता क्षमा । सापराधिन्यप्युपकारबुद्धिरवश्यम्भावित्वमतिरापायेषु, क्रोधादिषु दुष्टफलकत्वज्ञानमात्मनिन्दाश्रवणेऽप्यविकृतमनस्कत्वं क्षमैवात्मधर्म इति बुद्धिश्च क्षमायामुपकारिका ॥ १० ॥

सतीति । प्रतीकारानुष्ठानेऽशक्तस्य दुर्मेधसो या सहिष्णुता तद्व्यावर्त्तनाय सति सामर्थ्य इति, सहनशीलतेति, क्रोधोत्पत्तिनिमित्तानां सन्निधाने कालुष्याभावः उदितस्य वा क्रोधस्य नैष्फल्यापादनं विवेकादिभिः सा क्षमेति भावः । तथा च प्रतीकारानुष्ठाने शक्तस्यापि सहनपरिणामविशेषः क्षमेति भावः । तस्या उत्तेजकानाह सापराधिनीति, आत्मनि परप्रयुक्तं क्रोधनिमित्तं पश्यन्नपि निर्विवेकोऽयमेष एवास्य स्वभावो मूढत्वाद्यदेवं प्रयुङ्क्ते प्रत्यक्षं परोक्षं वाऽऽक्रोशवचनादिकम्, यद्वाऽयं मयि क्रोधनिमित्तं नोद्भावयेत्तदा मे कथं सहनशीलता-जनितकर्मक्षयात्मको लाभः स्यादतोऽत्रायं महानुपकारीत्येवं विचिन्तयता क्षमितव्यमेवेति भावः । निरपराधिन्युपकारबुद्धिर्न क्षमाया महत्त्वापादिका किन्तु सापराधिनीति सूचयितुमपि शब्दः । अवश्यम्भावित्वेति, अपायेषु परप्रयुक्तप्रत्यक्षपरोक्षाक्रोशताडनमारणधर्मादिषु अवश्यम्भावित्वमतिः जन्मान्तरोपात्तस्य कर्मणो विपाकोऽयमवश्यम्भावी, यदाक्रोशताडनादिकं विदधाति केवलं निमित्तमात्रमेव परः कर्मोदयस्य । आख्यातो हि भगवता द्रव्यक्षेत्रकाल-भवभावापेक्षः कर्मणामुदयः स्वकृतञ्च कर्मानुभवितव्यमवश्यन्तया निकाचितं तपसा वा क्षपणीयमिति भावः । क्रोधादिष्विति, कषायपरिणतो विद्वेषी कर्म बध्नाति परं वा निहन्ति, अतः प्राणातिपातनिवृत्त्यात्मकव्रतभङ्गः स्यात्, तथा गुरूनधिक्षिपेत्, अतो ज्ञानादिनिर्वाण-साधनप्रहाणमवश्यम्भावि, क्रुद्धो वा प्रभ्रष्टस्मृतिर्मृषाऽपि भाषेत विस्मृतप्रव्रज्याप्रतिपत्तिः परेणादत्तमप्याददीत, द्वेषात्परपाखण्डिनीषु ब्रह्मव्रतभङ्गमप्यासेवेत, तथा प्रद्विष्टस्सहायबुद्ध्या गृहस्थेष्वविरतेषु मूर्च्छामपि कुर्यात् उत्तरगुणभङ्गमप्याचरेदिति भावः । आत्मनिन्देति, आत्मनो निजस्य या निन्दा परप्रयुक्ता क्रोधादिनिमित्ता तस्याः श्रवणेऽपि स्वस्मिन् सदसत्त्वचिन्तया-ऽविकृतमनस्कत्वं क्रोधादीनामुदयनिरोध उदितस्य वा विवेकबलेन नैष्फल्यापादनं क्षमोपकारीत्यर्थः । क्रोधादिनिमित्तानां स्वस्मिन् भावे हि किमत्रासौ मिथ्या ब्रवीति ? विद्यन्त एव मय्येते दोषा इति क्षमितव्यम्, अभावे च न सन्त्येव मयि दोषा अज्ञात्वैवैतान् दोषानयमुपक्षिपति, एवञ्चात्मानं निरपराधिनमवेत्य सुतरां क्षमितव्यमिति भावः । क्षमैवेति, आत्मनः क्षमैव मूलोत्तरगुणप्रवर्धकोऽसाधारणो धर्म इति बुद्ध्या प्राप्तेऽपि क्रोधादिनिमित्ते क्षमितव्यमिति भावः । ईदृशीनां भावनानां सत्त्वेऽवश्यम्भाविनी क्षमेत्याह क्षमाया-मुपकारिकेति, उपकारेण क्षान्तिरपकारेण क्षान्तिर्विपाकक्षान्तिर्वचनात्क्षान्तिर्धर्मात्क्षान्तिरिति पञ्चधा क्षान्तिर्भाव्या ॥

क्षमाधर्मनुं निरूपण

भावार्थ – "शक्ति होवा छतां सहवाने, स्वभाव, ए 'क्षमा' कहेवाय छे. अपराधी प्रत्ये उपकारबुद्धि, अपायो प्रत्ये अवश्यंभावीपणानी बुद्धि, क्रोध आदि प्रत्ये दुष्ट फळदायिपणानुं ज्ञान, पोतानी निंदाना श्रवण प्रत्ये मनना विकारनो अभाव अने क्षमा ए ज आत्मानो धर्म छे, एवी बुद्धि क्षमाधर्ममां उपकार करनारी छे."

विवेचन – प्रतीकार करवामां असमर्थ, दुष्ट बुद्धिवाळानी जे सहनशीलता छे, तेना व्यवच्छेद माटे ईति सामर्थ्य होये छते एम कह्युं छे. क्रोधनी उत्पत्तिमां निमित्तोना संनिधानमां कलुषितताનો अभाव अथवा उदय पामेल क्रोधनी निष्फळता विवेक आदि द्वारा करवी, ते 'क्षमा' कहेवाय छे. अर्थात् प्रतीकार करवाने समर्थनो पण सहननो विशिष्ट परिणाम, ए 'क्षमा' छे. ते क्षमाना उत्तेजकोने कहे छे के-

(१) अपराधी प्रत्ये उपकारबुद्धि-आत्मा उपर बीजाए करेल क्रोधना निमित्तने जोतो छतां, 'आ विवेक वगरनो छे'-'आनो आ स्वभाव छे'-'अज्ञानताना कारणे प्रत्यक्ष के परोक्ष आक्रोशभर्या वचन आदिनो आ प्रमाणे आ प्रयोग करे छे,' अथवा 'जो आ मारा उपर क्रोधनुं निमित्त प्रगट न करते, तो मारी सहनशीलताथी जन्य कर्मक्षयरूप लाभ मने प्राप्त न थाय.' एथी अहीं आ मोटो उपकारी छे, एम विचारीने क्षमा धारण करवी जोईए. अपराध वगरना उपर उपकारबुद्धि क्षमाना महत्त्वने करनारी नथी, परंतु 'अपराधी प्रत्ये' एम सूचववा माटे 'अपि' शब्द छे. 'अवश्यम्भावित्वेति' अपायोमां (विघ्न-उपसर्ग आदिमां) परजन्य प्रत्यक्ष के परोक्ष आक्रोश-ताडन-मारण वगेरेमां अवश्य थनार छे, एवी बुद्धि : केम के- जन्मान्तरमां उपार्जित कर्मनो आ विपाक छे, जे आक्रोश-ताडन वगेरे करे छे. केवळ निमित्त मात्र ज बीजो छे. कर्मनो उदय मुख्य छे. खरेखर, भगवंते द्रव्य-क्षेत्र-काळ-भव-भावनी अपेक्षावाळो कर्मोनो उदय कहेलो छे. पोते करेलुं कर्म अवश्यमेव भोगववुं जोईए, निकाचित भोगववुं जोईए के तपद्वारा क्षीण करवुं जोईए. 'क्रोधादिष्विति' कषायमां परिणमेलो द्वेषी कर्म बांधे छे के बीजाने हणे छे. एथी प्राणातिपातविरमण आत्मक व्रतनो भंग थाय ! तेमज गुरुजननो तिरस्कार करे ! एथी ज्ञानादि रूप मोक्षना साधननो विनाश अवश्यंभावी छे. अथवा क्रोधवाळो-भ्रष्ट स्मरणवाळो असत्य पण बोले ! प्रव्रज्याना स्वीकारना विस्मरणवाळो, बीजाए नहीं आपेलुं पण ग्रहण करे ! द्वेषथी परपाखंडिनीओमां ब्रह्मचर्यनो भंग पण करे ! तेमज प्रद्वेषी, सहायक बुद्धिथी अविरत गृहस्थोमां मूर्च्छा पण करे ! उत्तरगुणनो भंग पण करे !

'आत्मनिन्देति ।'-क्रोध आदिना निमित्तवाळी, बीजाए करेल पोतानी निंदानुं श्रवण छतां पोतानामां सद्-असद्नी चिंताथी मनना विकारनो अभाव, क्रोध वगेरेना उदयनो निरोध अथवा उदय पामेल क्रोधनी विवेकना बळथी निष्फळता करवी, ए क्षमामां उपकारी छे.

० खरेखर, पोतानामां क्रोध आदि निमित्तो उभां थये छते, 'शुं अहीं आ असत्य बोले छे ?' आ दोषो जो मारामां विद्यमान ज छे, तो क्षमा राखवी जोईए. जो दोषो मारामां विद्यमान ज नथी, तो अज्ञानदशामां आ दोषोने आ मूके छे. आ प्रमाणे आत्माने निरपराधी जाणीने बिलकुल क्षमा राखवी जोईए.

○ 'क्षमैवेति ।'-આત્માની ક્ષમા જ મૂલ-ઉત્તરગુણનો વર્ધક અસાધારણ ધર્મ છે. આવી બુદ્ધિથી ક્રોધ આદિનું નિમિત્ત પ્રાપ્ત હોવા છતાં ક્ષમા રાખવી જોઈએ.

○ આવી ભાવનાઓની સત્તામાં અવશ્યંભાવી ક્ષમા છે. માટે કહે છે કે- 'क्षमायामुपकारिकेति ।'

○ ઉપકારથી ક્ષમા, અપકારથી ક્ષમા, વિપાકથી ક્ષમા, વચનથી ક્ષમા અને ધર્મથી ક્ષમા એમ પાંચ પ્રકારની ક્ષમા ભાવવી.

अथ मार्दवं स्वरूपयति –

गर्वपराङ्मुखस्य श्रेष्ठेष्वभ्युत्थानादिभिर्विनयाचरणं मार्दवम् । जातिरूपैश्वर्य-कुलतपःश्रुतलाभवीर्येष्वहम्भावो मार्दवविरोधी अतस्ततो निवर्त्तेत ॥ ११ ॥

गर्वेति । चित्तपरिणामविशेषो गर्वस्तस्मात्पराङ्मुखस्य तद्विधुरस्य श्रेष्ठेष्वाचार्यादिषु यथायोग्यमभ्युत्थानासनादिभिर्विनयाचरणं नीचैर्वर्त्तनं मार्दवं मदनिग्रह इत्यर्थः । मदो हि जात्यादिप्रयुक्तोऽहम्भावो यद्विजृम्भणादेते जात्यादिमदाः प्रादुर्भवन्ति यस्य निग्रह उदयनिरोध उदितस्य वा निष्फलत्वापादनम्, तद्घाते चावश्यम्भावी मदविनाश इति भावः । मार्दवे सति हि जीवोऽनहङ्कारित्वं प्राप्नोति तेन सकलभव्यजनमनस्सन्तोषहेतुत्वात्कोमलो द्रव्यतो भावतश्च सरलो भवति तादृशस्सन्नष्टौ मदस्थानानि क्षपयतीति, तत्र मार्दवविरोधभूतान्यष्टौ मदस्थानान्याह जातीति, पितुरन्वयो जातिस्ततो विख्याततमवंशतया गर्वमुद्वहति जन्तुः, विशिष्टजात्युद्भवोऽहमिति । विदितकर्मपरिणामस्तु जातिमदं स्वकृतकर्मफलभाक्त्वाज्जीव उच्चावचनानाजातीः प्राप्नोतीश्रेयस्कारतया निरुणद्धि । लावण्ययुक्तः कायावयवानां विशिष्टसन्निवेशो रूपम्, कश्चित्तेनापि माद्यति, कारणादिपर्यालोचनया च तेनापि मदो न कार्यः । ऐश्वर्यं धनधान्यादिकम्, तेनापि कर्मानुभावादप्राप्तेन प्राप्तेन वा संरक्ष्यमाणेन क्लेशकारिणाऽकाण्डभङ्गुरेणाऽऽयतावायासबहुलेन को मद इत्येवं प्रत्याचक्षीत । मातुरन्वयः कुलम्, तेनापि जातिमदवन्न कार्यः । तपो बाह्यान्तरभेदभिन्नम्, तेन चाहमेव तपस्वीति मन्यमानः परान् परिभवति, तस्माच्चाशुभं कर्म बन्धमेति यदनेकभवपरम्परासु परिनिष्ठास्यतीति सापायमवगम्य तन्मदं प्रत्याचक्षीत । श्रुतमाप्तप्रणीत आगमः, तद्विज्ञानेनाहमेवैको विज्ञो नापर इति माद्यति तस्माच्चान्यं बालिशमेव मन्यते तच्च निजिघृक्षुरेवं विचिन्तयेत्, क्षयोपशमो हि प्रकर्षाप्रकर्षरूपो मत्तोऽन्येऽपि बहुश्रुताः सन्त्येव, अहं कदाचिदन्येभ्योऽल्पश्रुतः, आगमानामतिगहनार्थत्वात्, अधिगतश्रुतोऽपि दुरधिगततदर्थः स्यामिति श्रुतमदत्यागः श्रेयान् । लाभः प्राप्तिः, विज्ञानतपोऽभिजनशौर्याद्याधिकान्नृपतिसन्मित्रभृत्यस्वजनेभ्यो विशिष्टफलं सत्कार-

सन्मानादिकमहमेव लभेयं नापरः प्रयत्नवानपि, इति स्वलाभेन माद्यन्ति सकलजनवल्लभतां प्राप्तोऽहमयमपरो न कस्मैचिद्रोचते वचनमप्यस्य नाद्रियन्ते इति सर्वोऽप्यय लाभमदो निग्रहीतव्य एव, लाभान्तरायकर्मोदयादलाभस्तत्क्षयोपशमाच्च सत्कारादिलाभः, संसारे परिभ्रमतो जीवस्य कादाचित्को न शाश्वतः कर्मतन्त्रत्वात्संसारानुबन्ध्येवेति लाभमदत्यागः श्रेयस्करः । वीर्यं पराक्रमः, तन्मदोऽपि विचारात्त्याज्यः, वीर्यान्तरायक्षयोपशमाद्वीर्यस्य[१] प्रादुर्भावः, संसारानुबन्धिस्तस्य कषायरूपत्वेनाशाश्वतत्वान्न तन्मदः कार्यः, बलिनोऽपि हि पुरुषा नैर्बल्यमुपन्यतो दृश्यन्ते निर्बलाश्च बलवन्तस्तथा व्याधिजराप्रभृतिषूद्भूतबलेषु चक्रवर्त्तिहरिसीरिणोऽपि सीदन्ति ससुरासुराः किमुतान्ये जना इति वीर्यमदाद्व्युपरमः श्रेयानिति। अहम्भाव इति, मद इत्यर्थः । मार्दवविरोधीति, मदस्थानैरेभिरष्टभिर्मत्तः परात्मनिन्दाप्रशंसाभिरतस्तीव्रतराहङ्कारोपहतमना इहामुत्राशुभफलं कर्मोपचिनोति, उपदिश्यमानमपि च श्रेयो न प्रतिपद्यते तस्मादेते श्रमणधर्मस्य मार्दवस्य विघातका इति भावः । अत इति, यत एते मार्दवविरोधिनोऽत एवेत्यर्थः, ततो निवर्त्तेतेति, एषां मदस्थानानां निग्रहो विधेय इत्यर्थः ॥

માર્દવના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "ગર્વથી રહિતનું, શ્રેષ્ઠો પ્રત્યે અભ્યુત્થાન આદિ દ્વારા વિનયનું આચરણ, એ 'માર્દવ' કહેવાય છે. જાતિ-રૂપ-ઐશ્વર્ય-કુલ-તપ-શ્રુત-લાભ-બળવિષયોમાં અહંકાર માર્દવવિરોધી છે. એથી તેનાથી અટકવું જોઈએ."

વિવેચન – ચિત્તનો વિશિષ્ટ પરિણામ ગર્વ કહેવાય છે. તે ગર્વથી રહિતનું, આચાર્ય આદિ શ્રેષ્ઠો પ્રત્યે યથાયોગ્ય અભ્યુત્થાન-આસન આદિથી શિસ્તનું પાલન, એ 'માર્દવ' મદનો નિગ્રહ (નમ્રતા) કહેવાય છે. ખરેખર, મદ, જાતિ આદિ જન્ય અહંકાર કહેવાય છે. જે અહંકારના આવિર્ભાવથી આ જાતિ આદિ મદો પ્રગટ થાય છે અને જે મદનો નિગ્રહ એટલે મદના ઉદયનો નિરોધ અથવા ઉદય પામેલ મદનું નિષ્ફળપણું કરવું છે, તે મદના ઉદયના ઘાતમાં મદનો વિનાશ અવશ્યંભાવી છે.

○ ખરેખર, માર્દવ હોયે છતે જીવ અહંકારના અભાવને પામે છે. તેથી સકળ ભવ્ય જનના મનના સંતોષનો હેતુ હોવાથી કોમળ અર્થાત્ દ્રવ્યથી અને ભાવથી સરળ થાય છે. તેવો હોતો આઠ મદના સ્થાનોને

---

१. वीर्यं द्विविधं औदयिकभावनिष्पन्नस्य कर्म, औदयिकोऽपि भावः कर्मोदयनिष्पन्न एव बालवीर्यम् वीर्यान्तरायक्षयजनितं जीवस्य सहजं वीर्यं, चारित्रमोहनीयोपशमक्षयोपशमजनितञ्च पण्डितवीर्यमिति । आभ्यां नानाविधक्रियासु प्रवर्त्तमानमुत्साहबलसम्पन्नपुरुषं दृष्ट्वा वीर्यवानयमिति व्यपदिश्यते तथा तदावारककर्मणः क्षयादनन्तबलयुक्तोऽयमिति च व्यपदिश्यत इति ॥

ખપાવે છે. માર્દવના વિરોધિભૂત આઠ મદના સ્થાનોને કહે છે. 'जातीति ।' પિતાનો અન્વય (વંશ) જાતિ, તેથી પ્રખ્યાતતમ વંશપણું હોઈ જીવ ગર્વને કરે છે-'હું વિશિષ્ટ જાતિમાં જન્મવાળો છું.'

○ કર્મના પરિણામને જાણનારો, જાતિમદને 'પોતે કરેલ કર્મના ફળનો ભોક્તા હોઈ, જીવ ઊંચ-નીચ વિવિધ જાતિઓને પામે છે.' આમ અશ્રેયસ્કરપણાનો વિચાર કરી શકે છે.

○ લાવણ્યના યોગવાળો, શરીરના અવયવોની વિશિષ્ટ રચના 'રૂપ' કહેવાય છે. કોઈ તે રૂપથી પણ મત્ત બને છે. કારણ આદિની પર્યાલોચનાથી તે રૂપથી પણ મદ કરવો જોઈએ નહિ.

○ ધન-ધાન્ય વગેરે પરિગ્રહ 'ઐશ્વર્ય' કહેવાય છે. કર્મના પ્રભાવથી પ્રાપ્ત કે અપ્રાપ્ત, સંરક્ષણ કરાતા, ક્લેશકારી, અકાળમાં વિનાશી અને ભવિષ્યમાં આયાસ (શ્રમ) બહુલવાળા તે ઐશ્વર્યથી શો મદ ? આમ વિચારી ઐશ્વર્યના મદનો ત્યાગ કરવો.

○ માતાનો અન્વય (વંશ) કુળ કહેવાય છે. તે કુળથી પણ જાતિના મદની માફક મદ કરવો નહિ.

○ તપ, બાહ્ય અને અભ્યંતરના ભેદથી બાર પ્રકારનો છે. તે તપથી 'હું જ તપસ્વી છું'-આમ માનતો, બીજાઓનો તિરસ્કાર કરે છે. તે તપના મદથી અશુભ કર્મનો બંધ થાય છે. તે પાપકર્મ અનેક ભવોની પરંપરાઓમાં વર્તશે. આમ અપાયવાળો તપમદ છે, એમ જાણીને તપ મદનો ત્યાગ કરવો જોઈએ.

○ શ્રુતમદ-શ્રુત એટલે આપ્તપુરુષે રચેલ આગમ કહેવાય છે. તે શ્રુતના વિજ્ઞાનથી 'હું જ એકલો જ્ઞાની છું, બીજો નહિ'-આમ મદનિષ્ઠ બને છે, તેથી બીજાને મૂર્ખ જ માને છે. તે શ્રુતમદનો નિગ્રહ કરવાને ઇચ્છુક આ પ્રમાણે વિચારે કે-'ખરેખર, ક્ષયોપશમ ચડતો-ઉતરતો હોય છે. મારાથી બીજાઓ પણ ગીતાર્થો-બહુશ્રુતો છે જ. હું કદાચિત્ બીજાઓ કરતાં અલ્પ શ્રુતવાળો હોઈ શકું, કેમ કે-આગમો અતિ ગહન અર્થવાળા હોય છે. શ્રુતને પામનારો છતાં તેનો અર્થ-વિશિષ્ટ અર્થ ન મેળવી શકનારો થઈ શક્યો હોઉં'-એમ વિચારી શ્રુતમદનો ત્યાગ શ્રેયસ્કર છે.

○ લાભ-પ્રાપ્તિ, અધિક વિજ્ઞાની-અધિક જાતિમાન-અધિક શૌર્યશાળી આદિએ કરેલ, રાજા-સન્મિત્ર-ભૃત્ય-સ્વજનો કરતાં સત્કાર-સન્માન આદિ રૂપ વિશિષ્ટ ફળને હું જ પામું છું ! બીજો પ્રયત્નવાળો પણ ન મેળવી શક્યો ! આ પ્રમાણે પોતાને લાભ થવાથી મદિષ્ઠ થાય છે. સકળ જનની વલ્લભતાને પામેલો હું છું, આ બીજો કોઈને ગમતો નથી અને આના વચનનો પણ કોઈ આદર કરતો નથી. આથી સઘળો પણ આ લાભમદ, નિગ્રહનો વિષય કરવો જ જોઈએ. લાભાન્તરાયકર્મના ઉદયથી અલાભ અને તે લાભાન્તરાયકર્મના ક્ષયોપશમથી સત્કાર આદિનો લાભ, સંસારમાં ભટકતા જીવને કદાચિત્ થનારો હોઈ ક્ષણિક લાભ છે, શાશ્વત નથી, કેમ કે-કર્મને આધીન હોઈ સંસારનો અનુબંધી જ છે. માટે લાભના મદનો ત્યાગ શ્રેયસ્કર છે.

○ વીર્ય એટલે પરાક્રમ. તે બળનો મદ પણ વિચાર કરીને ત્યાગ કરવા યોગ્ય છે. વીર્યાન્તરાયના ક્ષયોપશમથી વીર્યનો પ્રાદુર્ભાવ છે. (વીર્ય બે પ્રકારનું છે. ઔદયિકભાવથી નિષ્પન્નની ક્રિયા કર્મના ઉદયથી નિષ્પન્ન જ 'બાલવીર્ય કહેવાય છે. વીર્યાન્તરાયના ક્ષયથી જનિત જીવનું સહજ વીર્ય છે. ચારિત્રમોહનીયના ઉપશમ કે ક્ષયોપશમથી જનિત વીર્ય 'પંડિતવીર્ય' કહેવાય છે. આ બાલપંડિત વીર્યથી નાના પ્રકારની

ક્રિયાઓમાં પ્રવર્ત્તતા, ઉત્સાહ-બળસંપન્ન પુરુષને જોઈ, 'આ વીર્યવાન છે' એમ વ્યવહાર કરાય છે અને તે વીર્યના આવારક કર્મના ક્ષયથી 'અનંત બળવાળો આ છે' એમ વ્યવહાર કરાય છે.) સંસારના અનુબંધી તે વીર્ય કષાયરૂપ હોઈ અશાશ્વત હોવાથી તે વીર્યનો મદ નહિ કરવો. ખરેખર, બળવંત પુરુષો પણ નિર્બળતાને પામતા દેખાય છે અને નિર્બળો બળવંતો દેખાય છે. તેમજ વ્યાધિ-જરા વગેરેમાં ઉત્પન્ન બળવાળા દેવ-દાનવવાળા ચક્રવર્ત્તી-વાસુદેવ-બળદેવો પણ સીદાતા હોય છે, તો બીજા જનોની તો વાત શી કરવી ? માટે વીર્યના મદથી વિરામ કરવો શ્રેયસ્કર છે. માર્દવવિરોધી અહંભાવ છે. આ આઠ મદના સ્થાનોથી મત્ત બનેલો, પરની નિંદા અને પોતાની પ્રશંસામાં પરાયણ થયેલો તથા તીવ્રતર અહંકારથી ઘાયલ મનવાળો આલોકમાં અને પરલોકમાં અશુભ ફળદાતા કર્મને ભેગું કરે છે, ઉપદેશાતી શ્રેયસ્કર બાબતને સ્વીકારતો નથી. તેથી આ મદસ્થાનો શ્રમણધર્મરૂપ માર્દવના વિઘાતકો છે. તે કારણથી આ મદસ્થાનો માર્દવવિરોધી છે. એથી જ તે મદસ્થાનોનો નિગ્રહ કરવો જોઈએ.

अथ मायाप्रतिपक्षिभूतमार्जवमाह –

कायवाङ्मनसां शाठ्यराहित्यमार्जवम् । भावदोषयुक्तो हि इहामुत्र चाकुशलाशुभफलं कर्मोपचिनोति ॥ १२ ॥

कायेति । अन्यनिमित्तं कुब्जादिवेषभ्रूविकारादीनामकरणादुपहासादिहेतोरन्यदेशादिभाषया भाषणपरित्यागात् परविप्रतारणाद्यचिन्तनाच्च जीवो धर्मस्याराधको भवति, विशुद्धाध्यवसायत्वेन जन्मान्तरेऽपि तदवाप्तेः, तस्मान्मायावक्रतापरित्याग आर्जवमिति भावः। मायावी हि सर्वाभिसन्धानपरतया सर्वाभिशङ्कनीयः कपटपटप्रच्छादितकायादिक्रियस्सुहृदेऽपि द्रुह्यति । शाठ्यकृत्यमाह अकुशलेति, अकुशलं पापं तदपि बद्धं कदाचित्कुशलफलतया परिणमत इत्यशुभफलमित्युक्तम् ॥

માયાના પ્રતિપક્ષીભૂત આર્જવનું નિરૂપણ

ભાવાર્થ – "કાય-વચન-મનની શઠતાથી રહિતપણું, એ 'આર્જવ' કહેવાય છે. ખરેખર, ભાવદોષથી સહિત આલોકમાં અને પરલોકમાં અશુભ ફળજનક કર્મ સંચિત કરે છે."

વિવેચન – અન્યના નિમિત્તે કુબડા આદિના વેષ, ભવાંના વિકાર આદિ નહિ કરવાથી, તેમજ ઉપહાસ આદિના હેતુથી બીજા દેશ વગેરેની ભાષાથી, ભાષણના પરિત્યાગથી અને બીજાને ઠગવા આદિના ચિંતનના અભાવથી જીવ ધર્મનો આરાધક થાય છે; કેમ કે- વિશુદ્ધ અધ્યવસાયથી જન્માન્તરમાં પણ તે ધર્મની પ્રાપ્તિ થાય છે. તેથી માયાવક્રતાનો પરિત્યાગ આર્જવ છે.

○ ખરેખર, સઘળી ઠગબાજીમાં પરાયણ હોઈ, સર્વની શંકાના પાત્ર અને કપટરૂપી પટથી આચ્છાદિત કાય આદિની ક્રિયાવાળો મિત્રદ્રોહી બને છે. શઠતાના કૃત્યથી અકુશલ પાપ છે. તે બંધાયેલું કરણદ્વારા કુશળ ફળપણાએ નથી પરિણમતું, તેવા અશુભ ફળવાળા કર્મને ભેગું કરે છે-એમ કહેલું છે.

अथ लोभप्रतिद्वन्द्वि शौचं स्वरूपयति –

कालुष्यविरहः शौचम् । तद् द्रव्यभावभेदाद् द्विधा, शास्त्रीयविधिना यतिजनशरीरगतमहाव्रणादिक्षालनमाद्यम् । रजोहरणादिष्वपि ममताविरहो द्वितीयम् । ममत्वमत्र मनःकालुष्यम् ॥ १३ ॥

कालुष्येति । कालुष्यमशुचिर्लोभरूपा, सचिताचित्तमिश्रवस्तुविषयाभिष्वङ्गलक्षणलोभाद्धि क्रोधमानमायाहिंसानृतस्तेयाब्रह्मपरिग्रहार्जनमलजालेनोपचीयमान आत्मा भवत्यशुचिः, ततस्तद्विरहः शौचमित्यर्थः । तद्विभजते तदिति, शौचमित्यर्थः । शास्त्रीयविधिनेति, प्रासुकैषणीयेन जलादिनेति भावः । क्षालनमिति, निर्लेपनिर्गन्धतापादनमित्यर्थः । द्वितीयं भेदमाह रजोहरणादिष्वपीति, आदिना मुखवस्त्रिकाचोलपट्टकपात्रादयो ग्राह्याः, अत्र कल्मषरूपममत्वस्य लोभरूपतया मनोविषयत्वादाह ममत्वमिति, ननु मनोगुप्तौ शौचस्यान्तर्भावात्पृथग्ग्रहणमनर्थकमिति चेन्न मनोगुप्तौ मानसपरिस्पन्दप्रतिषेधादत्र तु परकीयेषु वस्तुष्वनिष्टप्रणिधानोपरमस्य विधानात् । न चाकिञ्चन्येऽन्तर्भाव इति वाच्यम्, तस्य निर्ममत्वप्रधानत्वात्, स्वशरीरादिषु संस्काराद्यपोहार्थमाकिञ्चन्यमिष्यते तेन द्रव्यशौचासङ्ग्रहोऽपि स्यादिति ॥

લોભના પ્રતિપક્ષી શૌચના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "કલુષિતતાનો અભાવ 'શૌચ' કહેવાય છે. તે શૌચ દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનું છે. શાસ્ત્રીય વિધિથી સાધુજનના શરીરગત મહાવ્રણ આદિનું ધોવું દ્રવ્યશૌચ છે, રજોહરણ આદિમાં પણ મમતાનો અભાવ ભાવશૌચ છે. અહીં મમત્વ એટલે મનની મલિનતા."

વિવેચન – કલુષિતતા-અશુચિ અહીં લોભરૂપ છે. અર્થાત્ સચિત્ત-અચિત્ત-મિશ્રવસ્તુવિષયક આસક્તિરૂપ લોભથી ખરેખર, ક્રોધ-માન-માયા-હિંસા-અસત્ય-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહનું અર્જનરૂપ મળની જાળથી વધતો (પુષ્ટ થતો) આત્મા અપવિત્ર બને છે. તેથી તે કાલુષ્યનો અભાવ 'શૌચ' છે. પ્રાસુક-એષણીય જળ આદિ દ્વારા વ્રણાદિનું લેપ-ગંધરહિતપણું કરવું. બીજા ભેદને કહે છે કે- 'रजोहरणादिष्वपीति ।' અહીં આદિ પદથી મુહપત્તિ-ચોળપટ્ટો-પટ્ટક-પાત્રા વગેરે સંયમના ઉપકરણો ઉપર કલ્મષરૂપ મમતા લોભરૂપ હોઈ, મનનો વિષય હોવાથી મમત્વનો-મનની કલુષિતતાનો ત્યાગ, એ ભાવશૌચ છે.

શંકા – મનની ગુપ્તિમાં શૌચનો અંતર્ભાવ થતો હોઈ જુદું ગ્રહણ નિરર્થક છે ને ?

સમાધાન – મનોગુપ્તિમાં તો માનસિક પરિસ્પંદ(કંપન)નો પ્રતિષેધ છે. અહીં તો પારકી વસ્તુઓમાં અનિષ્ટ પ્રણિધાન(મનની એકાગ્રતા)ના વિરામનું વિધાન છે.

શંકા – તો અકિંચન્યમાં અંતર્ભાવ માનો તો શો વાંધો ?

સમાધાન – તે આકિંચન્યમાં નિર્મમતાની પ્રધાનતા છે. પોતાના શરીર આદિમાં સંસ્કાર આદિના નિષેધ માટે આકિંચન્ય મનાય છે. દ્રવ્યશૌચનો અસંગ્રહ પણ થાય ! માટે આકિંચન્યમાં શૌચનો અંતર્ભાવ ન થઈ શકે.

अथ सत्यं निरूपयति –

यथावस्थितार्थप्रतिपत्तिकरं स्वपरहितं वचः सत्यम् ॥ १४ ॥

यथावस्थितेति । यथावस्थितस्यानन्तधर्मात्मकस्यार्थजातस्य तथैव प्रतिपत्तिकरं बोधकं स्वस्मै परस्मै च हितं वचनं सत्यमित्यर्थः । अनेकपर्यायकलापभाजामर्थानां हि यथावस्थितविवक्षितपर्यायप्रतिपादनं सत्यम्, एतदेव जीवाजीवेभ्यो हितं यद्यथार्थप्रतिपादनमिति भावः । तच्च भूतनिह्नवाभूतोद्भावनविपरीतकटुकसावद्यादिपूर्वोदितस्वरूपभिन्नं, न परपीडाकारि, सत्यासत्यदोषाख्यानप्रीतिविच्छेदकारिवचनभिन्नत्वात् । सभासु यत्र विगर्हितं नानालोचितवचनं प्रसन्नवचनं, श्रोतुरनादरवाक्यप्रयोगाच्छ्रवणवैरस्यकारिभाषणभिन्नमव्यक्तवर्णपदलोपत्वादप्रत्ययकारित्वरितवचनभिन्नं प्रसन्नपदघटितं श्रुतिसुखं विनयसहितं निराकांक्षं निश्चितार्थमनौद्धत्यप्रदीपकमुदारार्थं विद्वज्जनमनोरमं मायालोभाभ्यां क्रोधमानाभ्याञ्चायुक्तं वचनं सूत्रमार्गानुसारि, अर्थिजनचित्तग्रहणसमर्थमात्मपरानुग्राहकं देशकालोपपन्नं प्रश्नव्याकरणमिति सत्यात्मको धर्मः । ननु भाषासमितावस्यान्तर्भाव इति चेन्न भाषासमितौ साध्वसाधुभाषाव्यवहारे हितमितार्थत्वात्, संयतो हि साध्वसाधुषु च भाषाव्यवहारं कुर्वन् हितं मितञ्च ब्रूयात्, अन्यथा रागानर्थदण्डादिदोषानुषङ्गः स्यादिति समितिलक्षणमुक्तम्, अत्र तु सन्तः प्रव्रजितास्तद्भक्ता वा तेषु साधु सत्यं ज्ञानचारित्रशिक्षणादिषु धर्मोपबृंहणार्थं बह्वपि वक्तव्यमित्यनुज्ञायत इति विशेषः ॥

सत्यनुं निरूपण

ભાવાર્થ – "યથાવસ્થિત અર્થનું બોધક સ્વ-પરહિતકારી વચન 'સત્ય' કહેવાય છે."

વિવેચન – યથાવસ્થિત-અનંત ધર્મ આત્મક અર્થ સમુદાયનું જે પ્રકારે રહેવું છે, તે પ્રકારે પ્રતિપત્તિકર એટલે બોધક, સ્વને અને પરને હિતકારી વચન 'સત્ય' કહેવાય છે.

○ ખરેખર, અનેક પર્યાયોના સમુદાયને ભજનારા પદાર્થોનું યથાવસ્થિત-વિવક્ષિત પર્યાયોનું પ્રતિપાદન 'સત્ય' છે. આ જ જે યથાર્થ પ્રતિપાદન જીવ અને અજીવો પ્રત્યે હિતકારી છે. વળી તે ભૂતનિહ્નવ-અભૂતોદ્ભાવન, વિપરીત, કટુક, સાવદ્ય આદિ પૂર્વકથિત સ્વરૂપના ભેદવાળું અને પરને પીડાકારી નથી; કેમ કે-સત્યાસત્ય દોષના કથનથી પ્રીતિવિચ્છેદકારી વચનથી ભિન્ન છે, સભાઓમાં જે નિંદિત નથી. વિવિધ આલોચિત વચન, પ્રસન્ન (પ્રસાદકારી) વચન શ્રોતાને અનાદર(તિરસ્કાર)ના વાક્ય

બોલવાથી શ્રવણને વિરસતા કરે છે. માટે તેવા ભાષણથી રહિત, અસ્પષ્ટ વર્ણ પદનો લોપ હોવાથી અવિશ્વાસકારિત્વવિરત વચન છે. તેનાથી ભિન્ન પ્રસન્ન પદથી ઘટિત, શ્રવણને સુખકારી, વિનયથી સહિત, આકાંક્ષા વિચ્છેદકારી, નિશ્ચિત અર્થવાળું (સ્ફુટ) ઉદાર અર્થવાળું, વિદ્વાન જનના મનનું રંજનકારી, માયા-લોભ-ક્રોધ અને માનથી રહિત વચન, સૂત્રમાર્ગને અનુસારી, અર્થી (શુશ્રૂષુ) જનના ચિત્તને ખેંચવામાં સમર્થ, સ્વ અને પરના અનુગ્રહમાં સમર્થ, દેશમાં ઉપપન્ન (અવિરુદ્ધ) કાળમાં ઉપપન્ન (પ્રસ્તાવની અપેક્ષાવાળુ) અને પ્રશ્નવ્યાકરણ(પ્રશ્નના પ્રત્યુત્તર૩૫) રૂપ, આવો સત્ય આત્મક ધર્મ છે.

શંકા – ભાષાસમિતિમાં આ સત્ય વચનનો અંતર્ભાવ કેમ નહિ ?

સમાધાન – ભાષાસમિતિમાં સાધુ (પ્રશસ્ત)-અસાધુ (અપ્રશસ્ત) ભાષાના વ્યવહારમાં હિત અને મિત અર્થ છે. ખરેખર, સંયમી પ્રશસ્ત-અપ્રશસ્તમાં ભાષાનો વ્યવહાર કરતો હિતકારી-મિતને બોલે ! અન્યથા, રાગ અને અનર્થદંડ આદિનો સંબંધ થાય ! આ પ્રમાણે સમિતિનું લક્ષણ કહેલું છે. અહીં તો સંત એટલે દીક્ષિત થયેલા અથવા તે સંતના ભક્તો. તેઓમાં પ્રશસ્ત એટલે સત્ય-જ્ઞાન-ચારિત્રના શિક્ષણ આદિમાં ધર્મના ઉપબૃંહણ (વૃદ્ધિ-ઉત્તેજન) માટે ઘણું પણ કહેવું જોઈએ, એવી અનુજ્ઞા કરાય છે એવો વિશેષ છે.

ચરણમાં ભિન્ન કહેલ પણ સંયમમાં શ્રમણોનું અસાધારણ ધર્મપણું જણાવવા માટે ચરણના અંગપણાએ તે સંયમને કહે છે.

चरणे पृथगुक्तस्यापि संयमस्य श्रमणानामसाधारणधर्मत्वप्रज्ञापनाय तदङ्गतया तद्व्याख्याति –

इन्द्रियदमनं संयमः । तपस्तु पूर्वमेवोक्तम् ॥ १५ ॥

इन्द्रियेति । इन्द्रियानिन्द्रियनियम इत्यर्थः । पञ्चेन्द्रियाणां स्वस्वविषयेषु स्पर्शादिषु लाम्पट्यपरिहारेण वर्त्तनं, प्राणातिपातमृषावादादत्तादानमैथुनपरिग्रहात्मकपञ्चाभिनवकर्म-बन्धहेतुभ्यो विनिवर्तनं क्रोधमानमायालोभानां जयो मनोवाक्कायानामशुभप्रवृत्तिनिरोध इति सप्तदशविधानां संयमानामत्र ग्रहणार्थं वोपलक्षणतयेन्द्रियदमनमित्युक्तम् । इन्द्रियाणां पञ्चानां दमनं स्वस्वविषयेभ्यो लोलुपत्वाभावापादनं संयम इत्यर्थः । उपलक्षकमिदमुपर्युक्तानां सर्वेषाम् । अत एव भाषादिनिवृत्तिर्विशिष्टा कायादिप्रवृत्तिरात्यन्तिकत्रसस्थावरवधप्रतिषेध इति लक्षणान्युक्तानि, प्रथमस्य निवृत्तिप्रधानायां गुप्तौ द्वितीयस्य च समितावन्तर्भावापत्तेः, अन्त्यस्य च यथाख्यातविशुद्धचारित्रान्तर्भावापत्तेः पृथक्संयमग्रहणानर्थक्यं स्यात् । किन्त्वीर्यासमित्यादिषु वर्त्तमानस्य मुनेस्तत्पालनार्थमिन्द्रियादिनिवृत्तिरेव संयम इति भावः । रसादिधातूनां कर्मणां वा सन्तपनहेतुस्तपो निर्जराव्याख्यायां व्याख्यातमेवेति नात्र पुनरुच्यत इत्याह तपस्त्विति, चरणमध्ये पठितमपि श्रमणधर्मत्वप्रख्यापनायात्र पुनरुक्तमपि न पौनरुक्त्व भाक् । पूर्वमेवेति, निर्जरानिरूपणावसर एवेत्यर्थः ।

संयमनुं निरूपण

भावार्थ – "ઇન્દ્રિયનું દમન સંયમ કહેવાય છે. તપ તો પહેલાં જ કહેલો છે."

विवेचन – ઇન્દ્રિય-અનિન્દ્રિયનિયમ સંયમ કહેવાય છે. અર્થાત્ પાંચેય ઇન્દ્રિયોનું પોતપોતાના વિષયભૂત સ્પર્શ આદિમાં લંપટતાના પરિહારથી વર્તવું, પ્રાણાતિપાત-મૃષાવાદ-અદત્તાદાન-મૈથુન-પરિગ્રહરૂપ પાંચ નવીન કર્મના બંધના હેતુઓથી પાછા વળવું, ક્રોધ-માન-માયા-લોભોનો જય, મન-વચન-કાયાની અશુભ પ્રવૃત્તિનો નિરોધ,-આવી રીતે સત્તર પ્રકારના સંયમોનું અહીં ગ્રહણ કરવા માટે 'ઇન્દ્રિયદમન,' એ ઉપલક્ષણપણાએ કહેલ છે. ઇન્દ્રિયોનું પાંચેયનું દમન એટલે પોતપોતાના વિષયોથી લોલુપપણાના અભાવનું કરવું, એ 'સંયમ' છે. આ પદ, ઉપર કહેલા સર્વેનું ઉપલક્ષણ છે. એથી જ 'ભાષાદિનિવૃત્તિ'-'વિશિષ્ટ કાયાદિ પ્રવૃત્તિ'-'આત્યંતિક ત્રસ-સ્થાવરવધનો પ્રતિષેધ' એવા લક્ષણો કહેલાં છે. પ્રથમ લક્ષણનો નિવૃત્તિ પ્રધાનવાળી ગુપ્તિમાં, બીજા લક્ષણનો સમિતિમાં અંતર્ભાવથી આપત્તિ થવાથી અને અંતિમ લક્ષણનો યથાખ્યાત વિશુદ્ધ ચારિત્રમાં અંતર્ભાવની આપત્તિ થવાથી પૃથક્ સંયમના ગ્રહણનું નિરર્થકપણું થાય ! કિન્તુ ઇર્યાસમિતિ આદિમાં વર્તમાન મુનિના તેના પાલન માટે ઇન્દ્રિય આદિ નિવૃત્તિ જ 'સંયમ' કહેવાય છે. રસ આદિ ધાતુઓના કે કર્મોના સંતાપનો હેતુ તપ, નિર્જરાની વ્યાખ્યામાં કહેલ જ છે. ફરીથી અહીં કહેવાતું નથી, માટે કહે છે કે-'तपस्त्विति ।' ચરણના મધ્યમાં કહેલું હોવા છતાં પણ પુનરુક્તિદોષને ભજનારું નથી. 'पूर्वमेवेति' નિર્જરાનિરૂપણના અવસરમાં જ કહેલ છે.

अथ मुक्त्यपरपर्यायं त्यागमभिदधाति –

बाह्याभ्यन्तरोपधिशरीरान्नपानादिविषयकभावदोषपरित्यजनं त्यागः ॥ १६ ॥

बाह्येति । भावदोषो मूर्च्छा तृष्णा स्नेहो वा तत्परित्यजनं परिहारस्त्याग इत्यर्थः, तत्र विषयनियममाह बाह्येति, बाह्यो रजोहरणपात्रादिः स्थविरजिनकल्पयोग्य उपधिः, आभ्यन्तरः क्रोधादिरतिदुस्त्यजः, शरीरमाभ्यन्तरमन्नपानादि बाह्यमेतद्विषया ये बाह्यदोषास्तत्परित्यजनं त्याग इत्यर्थः, रजोहरणादीनि धर्मसाधनानीत्येवं बुद्ध्या धारयेन्न तु रागादिप्रयुक्तः शोभाद्यर्थम्। तथाचायं त्यागो बाह्याभ्यन्तरवस्तुविषय आस्रवद्वाराणि संवृणोति, अतस्सर्वात्मना त्यागिना भवितव्यमित्येष श्रमणधर्मः । ननु तपोऽन्तर्गतेऽनेषणीयस्य संसक्तस्य वाऽन्नादेः कायकषायाणाञ्च परित्यजनरूप उत्सर्गे त्यागस्यास्य ग्रहणादत्र तदुपादानमनर्थकमिति चेन्न तस्य नियतकालं सर्वोत्सर्गरूपत्वात् अस्य तु यथाशक्त्यनियतकालत्वेन विशेषात् । न च शौचेऽन्तर्भावसम्भव इति वाच्यमसन्निहिते कर्मोदयवशादुदितस्य गार्द्ध्यस्य निवृत्त्यात्मकत्वाच्छौचस्य, त्यागस्य तु सन्निहितेऽपि तन्निवृत्तिरूपत्वात्, संयतस्य स्वयोग्यज्ञानादिदानस्य वा त्यागरूपत्वादिति ॥

જેનું બીજું નામ મુક્તિ છે, એવા ત્યાગધર્મને કહે છે.

ત્યાગધર્મનું નિરૂપણ

ભાવાર્થ – "બાહ્ય અને અભ્યંતર ઉપધિરૂપ શરીર-અન્ન-પાન આદિ વિષયક ભાવદોષરૂપ તૃષ્ણાનો પરિત્યાગ, એ 'ત્યાગધર્મ' કહેવાય છે."

વિવેચન – ભાવદોષ એટલે મૂર્ચ્છા, તૃષ્ણા કે સ્નેહ કહેવાય છે. તેનું પરિત્યજન એટલે ત્યાગ. એ વિષયના નિયમને કહે છે કે- 'बाह्ये'ति । બાહ્ય એટલે રજોહરણ-પાત્રાં વગેરે સ્થવિરકલ્પ કે જિનકલ્પને યોગ્ય ઉપધિ, આભ્યંતર એટલે અત્યંત દુઃખે છોડી શકાય એવા ક્રોધ વગેરે. શરીર આભ્યંતર છે, તો અન્ન-પાન આદિ બાહ્ય છે. આના વિષયવાળા જે બાહ્ય દોષો છે, તેનું પરિત્યજન, એ 'ત્યાગ' છે. તથાચ આ બાહ્ય-આભ્યંતર વિષયવાળો ત્યાગ આશ્રવદ્વારોનો સંવર કરે છે. એથી સર્વથા ત્યાગી બનવું જોઈએ. આવો આ શ્રમણધર્મ છે.

શંકા – તપમાં અંતર્ગત, અનેષણીય કે સંસક્ત અન્ન આદિના અને કાયકષાયોના પરિત્યજનરૂપ ઉત્સર્ગમાં આ ત્યાગનું ગ્રહણ હોવાથી અહીં તેનું ઉપાદાન નિરર્થક છે ને ?

સમાધાન – તપમાં અંતર્ગત ઉત્સર્ગનું નિયત કાળ સુધી સર્વ ઉત્સર્ગરૂપપણું હોઈ, આ ઉત્સર્ગનું યથાશક્તિ અનિયતકાળપણું હોઈ વિશેષ છે.

શંકા – શૌચમાં અંતર્ભાવનો સંભવ ખરો કે નહિ ?

સમાધાન – શૌચ, અસંનિહિતમાં કર્મના ઉદયના વશે ઉદય પામેલ આસક્તિની નિવૃત્તિ આત્મક છે. ત્યાગ સંનિહિત વસ્તુમાં પણ તે આસક્તિની નિવૃત્તિરૂપ છે. અથવા સંયતને તો સ્વયોગ્ય જ્ઞાન આદિનું દાન ત્યાગરૂપ છે.

अथ त्यागोत्तरकालभाविनमाकिञ्चन्यमाह –

शरीरधर्मोपकरणादिषु मूर्च्छाराहित्यमाकिञ्चन्यम् ॥ १७ ॥

शरीरेति । नास्ति किञ्चन द्रव्यमस्येत्यकिञ्चनस्तस्य भाव आकिञ्चन्यमुपलक्षणत्वाच्छरीर-धर्मोपकरणादिष्वपि निर्ममत्वमित्यर्थः । मूर्च्छा हि ममेदमित्यभिसन्धिस्तत्सत्त्वे च शरीरादीनवयवसन्निवेशशोभार्थं परिपालयेत्, ततश्चास्रवे पतेत्, अतो नश्वरा एते शरीरादयोऽशुचित्वङ्मांसादिपरिपूर्णा धर्मसाधनार्थमेवाहारादिनोपग्राह्या इति मूर्छातो निवर्त्तेत, तथा चोपात्तेष्वपि शरीरधर्मोपकरणादिषु ममेदमित्यभिसन्धिनिवृत्तिराकिञ्चन्यमिति भावः ॥

હવે ત્યાગના ઉત્તરકાળમાં થનાર આકિંચન્યને કહે છે.

આકિંચન્યનું સ્વરૂપ

ભાવાર્થ – "શરીર અને ધર્મના ઉપકરણ આદિમાં મૂર્ચ્છાના રહિતપણાને 'આકિંચન્ય' કહે છે."

વિવેચન – જેની પાસે કાંઈ દ્રવ્ય નથી, તે અકિંચન' કહેવાય છે. તેનો ભાવ 'આકિંચન્ય' ઉપલક્ષણ હોવાથી શરીર અને ધર્મના ઉપકરણ આદિમાં પણ નિર્મમત્વ એવો અર્થ છે. ખરેખર મૂર્ચ્છા એટલે 'આ મારું

છે'-આવો વિચાર, અને મૂર્છાની હાજરીમાં અવયવોની રચનાની શોભા માટે શરીર આદિનું પાલન કરે ! ત્યારબાદ આશ્રવમાં પડે ! આથી આ અપવિત્ર ચામડી-માંસ આદિથી ભરપૂર-ક્ષણભંગુર શરીર આદિ છે. તે ધર્મના સાધન માટે જ આહાર આદિથી ઉપગ્રહ(સહાય-ઉપકાર-પોષણ)થી યોગ્ય છે, માટે મૂર્છાથી નિવૃત્તિ કરવી જોઈએ. તથાચ ગ્રહણ કરેલા પણ શરીર-ધર્મોપકરણ આદિમાં 'આ મારું છે'-આવા વિચારથી નિવૃત્તિ, એ 'આકિંચન્ય' કહેવાય છે.

अथाऽऽकिञ्चन्येऽवस्थितस्य ब्रह्मचर्यपरिपालनमावश्यकमिति तत्स्वरूपमाविष्करोति –

व्रतपरिपालनाय ज्ञानाभिवृद्धये कषायपरिपाकाय च गुरुकुलवासो ब्रह्मचर्यम् ।१८।

व्रतेति । व्रतमब्रह्मनिवृत्तिरूपं मैथुनवर्जनं तत्परिपालनाय गुरुकुले वासो ब्रह्मचर्यमुच्यते, एतेन स्वातंत्र्येणावस्थानं प्रतिक्षिप्तम्, सदा गुर्वधीनेन गुरुनिर्देशावस्थायिना च भवितव्यम् । गुरुकुलवासात्मकब्रह्मचर्यस्य फलान्तरमप्याह – ज्ञानाभिवृद्धये कषायपरिपाकाय चेति, तत्र वासे ज्ञानवृद्धिर्भवति दर्शने चारित्रे च स्थैर्यं भवति तथा क्रोधादीनां परिणतेरुपशमः क्षयोपशमः क्षयो वा भवति । गुरुरहितस्य हि परिणामवैचित्र्याद्विकथादिदोषादसज्जनसम्पर्कादसत्क्रियासङ्गादनुस्रोतोगामित्वदोषात्सद्य एव मोक्षमार्गाद्भ्रंशः स्यात् । तस्मादाप्राणितादुरुकुलवासः श्रेयानिति भावः । गुरुकुले वसतां ह्याप्तोपदेशपालनाद्यथाशक्ति ज्ञानाभिवृद्धिद्वारा चरणं परिपूर्णं सम्पद्यते । ननु गुरुकुले वसतोऽपि कदाचित्तदविकलं न दृश्यत इति चेन्न ग्लानाद्यवस्थासु प्रत्युपेक्षणादिबाह्यसदनुष्ठानासद्भावेऽपि सद्गुरूपदेशश्रवणसञ्जनितसंवेगेन तद्भावात् । ननु श्रमणधर्मे प्रक्रान्ते क्षमादीनामेवोत्कर्षणं युक्तं तद्रूपत्वात्तस्य, किं गुरुकुलवासोत्कर्षणेन, आश्रयमात्रत्वात्तस्येति चेन्न गुरुकुल एव सम्यग्विनीततया स्थितानां यतीनां साधुधर्मतया सम्मतानां क्षमादीनां प्रकर्षतो निष्पत्तेः, तद्वासत्यागे चैतेषां सुष्ठु विशुद्धिर्न भवेदेव, इतरेतरस्नेहरोषविषादादीनां भावादेषणायाश्च बाधसम्भवादपरिशुद्धिरेव स्यात्, तथा न केवलं क्षमादीनामविशुद्धिरपि तु गुरुकुलवासत्यागिनो नियमेन क्षान्त्याद्यभाव एव, कषायोदयात् । ततो ब्रह्मचर्यं न भवति तत्त्वत्यागे तदुप्तिरपि न भवति, यतिजनसहायतायामेव ब्रह्मचर्यगुप्तित्वात्, ततः शेषाण्यपि नेति समस्तव्रतभङ्गः स्यात् । अत एवैकाकित्वे बहुतमदोषाः शास्त्रे श्रूयन्ते 'एगस्स कओ धम्मो' इत्यादि । गुरुविषयकवैयावृत्त्येन जिनप्रवचनार्थप्रकाशनगच्छपालनादौ सहायकरणतः कर्मक्षयलक्षणं महाफलं गुरुकुलवासिनो भवति, अन्यथा सर्वदा वैयावृत्त्यतपोज्ञानचारित्रविशुद्ध्यादीनां गुरुसंसर्गसाध्यगुणानां व्याघातादिप्राप्तेः । शोभनगुणान्तरायान्महान् दोषोऽपि स्यात्, तथा च तत्र वसन् गुर्वादेशं प्रतीक्षमाणस्समीपवर्त्त्येव स्यात् । इत्थंभूत एव ज्ञानदर्शनचरणेषु स्थिरतरो भवति यतोऽष्टादश-

शीलाङ्गसहस्ररूपनिखिलगुणमूलभूतो गुरुकुलवासः, अतश्चरणकामी गुरुकुलेऽवश्यं सेत् । नन्वागमे यतेराहारशुद्धिरेव मुख्यतश्चारित्रशुद्धिहेतुरुक्ता, पिण्डविशुद्धिश्च बहूनां मध्ये वसतां दुष्करैव प्रतिभासते, इत्येकाकिनापि भूत्वा सैव विधेया, किं ज्ञानादिलाभेन, मूलभूतस्य चारित्रस्यैव मुख्यतया पालनीयत्वादिति चेन्न तस्य गुरुपारतंत्र्यस्यार्वाजितत्वात्, द्वितीयसाध्व पेक्षाभावे लोभस्यातिदुर्जयत्वात्, प्रतिक्षणं परिवर्त्तमानपरिणामेनैकाकिना पिण्डविशुद्धेरपि पालयितुमशक्यत्वात्, अत एव गुरुवासपरित्यागच्छुद्धोञ्छशुद्धोपाश्रयवस्त्रपात्रादिपरिग्रह-स्याप्यशोभनत्वमागमे प्रोक्तमिति[१] । क्षमया क्रोधं निहन्यात्, निहतक्रोधो मार्दवं धारयेत्, परित्यक्तमदस्थान आर्जवं, भावदोषवर्जनेन निगूढदोषां मायामार्जवेन दूरीकृत्या-लोभसंश्रयेण शौचमाचरेत्, लोभाशौचमलोभशौचेन संशोध्य विशुद्धात्म सत्यं ब्रूयात्, सत्यभाषी सप्तदशविधं संयममनुतिष्ठेत्, संयतात्मा शेषाशयविशोधनार्थं तपश्चरेत् ततः कायवाङ्मानसेषु धर्मोपकरणेषु च निःस्पृहत्वान्निर्ममत्वाख्यमाकिञ्चन्यं भावयेत्, सत्याकिञ्चन्ये परिपूर्णं ब्रह्मचर्यं भवतीति पूर्वपूर्वस्य कारणत्वमुत्तरोत्तरस्य कार्यत्वं भाव्यम् ॥

હવે આકિંચન્યમાં રહેલને બ્રહ્મચર્યનું પાલન આવશ્યક છે, માટે તે અંગે જણાવે છે.

બ્રહ્મચર્યના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "વ્રતના પરિપાલન માટે, જ્ઞાનની અભિવૃદ્ધિ માટે અને કષાયના પરિપાક માટે ગુરુકુલવાસ, એ 'બ્રહ્મચર્ય' કહેવાય છે."

વિવેચન – અબ્રહ્મની નિવૃત્તિરૂપ મૈથુનનું વર્જન, એ 'વ્રત' છે. તે વ્રતના પરિપાલન માટે ગુરુકુલમાં વાસ, એ 'બ્રહ્મચર્ય' કહેવાય છે. આ કથનથી સ્વતંત્રપણાએ રહેવું એ વાત ખંડિત થાય છે. હંમેશાં ગુરુની આજ્ઞામાં રહેનારે ગુરુને આધીન બનવું જોઈએ. ગુરુકુલવાસરૂપ બ્રહ્મચર્યના બીજા ફળને પણ કહે છે. 'ज्ञानाभिवृद्धये कषायपरिपाकयेति ।' તે ગુરુકુલવાસમાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે, દર્શનમાં અને ચારિત્રમાં સ્થિરતા થાય છે તથા ક્રોધ આદિની પરિણતિનો ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષય થાય છે. ખરેખર, ગુરુરહિતને પરિણામની વિચિત્રતા હોવાથી વિકથા આદિના દોષથી, અસજ્જનના સંબંધથી, અસત્ક્રિયાના સંગથી, અનુસ્રોતોગામિપણાના દોષથી તત્કાળ જ મોક્ષના માર્ગથી ધ્વંસ થાય ! તેથી જીવનપર્યંત ગુરુકુલવાસ શ્રેયસ્કર છે. સાચે જ ગુરુકુલમાં વસનારા આપ્તના ઉપદેશના પાલનથી યથાશક્તિ જ્ઞાનની અભિવૃદ્ધિ દ્વારા ચારિત્ર પરિપૂર્ણ-સંપન્ન થાય છે.

---

१. यदि तु गच्छे गुरुश्च सर्वथा निजगुणविकलो भवेत्तदाऽऽगमोक्तेन विधिना त्यजनीयः, परं कालापेक्षया योऽन्यो विशिष्टतरस्तस्योपसम्पद् ग्राह्या न पुनः स्वतंत्रैः स्थातव्यम्, तस्माद्यावज्जीवं गुरोरन्तिकं सन्मार्गानुष्ठान-मिच्छेत् । स एव हि परमार्थतो मनुष्यो यो यथाप्रतिज्ञातं निर्वाहयति तच्च सदा गुरोरन्तिके व्यवस्थितेन सदनुष्ठानरूपं समाधिमनुपालयता निर्वाह्यते तस्मात्सदा गुरुकुलवासोऽनुसर्त्तव्य इति बोध्यम् ॥

શંકા - ગુરુકુલમાં વસનારને પણ કદાચ તે પરિપૂર્ણ નથી દેખાતું તેનું શું ?

સમાધાન – ગ્લાન (બીમાર) આદિની અવસ્થાઓમાં પડિલેહણ આદિ બાહ્ય સદ્ અનુષ્ઠાનનો અસદ્ભાવ છતાં, સદ્ગુરુના ઉપદેશના શ્રવણથી સારી રીતે પેદા થયેલ સંવેગથી તે ચારિત્રની પૂર્ણતાનો સદ્ભાવ છે.

શંકા – શ્રમણધર્મના પ્રકરણમાં ક્ષમા આદિની જ અભિવૃદ્ધિ વ્યાજબી છે, કેમ કે-તે ક્ષમા આદિમાં જ શ્રમણધર્મરૂપપણું છે. ગુરુકુલવાસની મહત્તાથી સર્યું, કેમ કે-તે ગુરુકુલવાસ આશ્રય માત્ર છે ને ?

સમાધાન – ગુરુકુલમાં જ સારી રીતે વિનીતપણાએ રહેલ સાધુઓમાં સાધુધર્મપણાએ સંમત ક્ષમા આદિની પ્રકર્ષથી સિદ્ધિ છે. તે ગુરુકુલવાસના ત્યાગમાં સારી રીતે વિશુદ્ધિ થાય જ નહિ. પરસ્પર સ્નેહ-રોષ-ખેદ આદિનો સદ્ભાવ થવાથી, એષણાના બાધનો સંભવ હોવાથી અશુદ્ધિ જ થાય ! તથા કેવળ ક્ષમા આદિની અશુદ્ધિ માત્ર નથી, પરંતુ ગુરુકુલવાસના ત્યાગીમાં નિયમા ક્ષમા આદિનો અભાવ જ છે, કેમ કે-કષાયનો ઉદય છે. તેથી તે ગુરુકુલવાસના ત્યાગમાં બ્રહ્મચર્ય રહેતું નથી અને બ્રહ્મચર્યની ગુપ્તિ (વાડ) પણ રહેતી નથી, કેમ કે-સાધુજનની સહાયતામાં જ બ્રહ્મચર્યની ગુપ્તિ છે. તેથી શેષ ધર્મો પણ નથી. એમ સઘળા વ્રતોનો ભંગ થાય ! એથી જ એકાકીપણામાં ઘણા ઘણા દોષો શાસ્ત્રમાં સંભળાય છે. જેમ કે-'એકલામાં ક્યાંથી ધર્મ ?' ઇત્યાદિ.

૦ ગુરુના વિષયવાળી વૈયાવચ્ચથી, જિનપ્રવચનના અર્થના પ્રકાશન, ગચ્છપાલન આદિમાં સહાય કરવાથી ધર્મના ક્ષયરૂપ મહાન્ ફળ ગુરુકુલવાસીને થાય છે. અન્યથા, (નહિ તો) સર્વદા વૈયાવચ્ચ, તપ, જ્ઞાન, ચારિત્રવિશુદ્ધિ આદિ, કે જે ગુરુના સંસર્ગથી સાધ્ય ગુણો છે, તે આમાં વ્યાઘાત આદિની પ્રાપ્તિ થાય છે. શોભનગુણમાં અંતરાય થવાથી મોટો દોષ પણ થાય ! તથાચ તે ગુરુકુલમાં વસનારો, ગુરુના આદેશની પ્રતીક્ષા કરનારો અને ગુરુના સમીપમાં જ વર્તનારો થાય ! આવો ગુરુકુલવાસી જ જ્ઞાન-દર્શન-ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે. તેથી અઢાર હજારથી શીલના અંગરૂપ સમસ્ત ગુણોનો મૂળભૂત ગુરુકુલવાસ છે. એથી ચારિત્રકામી ગુરુકુલમાં અવશ્ય વસે !

શંકા – આગમમાં સાધુને આહારશુદ્ધિ જ મુખ્યપણે ચારિત્રશુદ્ધિનો હેતુ કહેલો છે : અને પિંડવિશુદ્ધિ ઘણાઓની વચ્ચે વસનારાઓને દુષ્કર (દુર્લભ) જ પ્રતિભાસે છે, માટે એકલા થઈને પણ તે આહારશુદ્ધિ જ કરવી જોઈએ ! જ્ઞાનાદિના લાભથી શું ? મૂળભૂત ચારિત્રનું જ મુખ્યપણે પાલન કરવું જોઈએ ને ?

સમાધાન – તે ચારિત્રનું પાલન ગુરુપરતંત્રતાની અપેક્ષાવાળું છે. બીજા સાધુની અપેક્ષાના અભાવમાં લોભ અતિ દુર્જય થાય છે. ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા પરિણામવાળા એકલાથી પિંડવિશુદ્ધિ પણ પાળવી અશક્ય બની જાય છે. એથી જ ગુરુકુલવાસના પરિત્યાગથી શુદ્ધ આહાર, શુદ્ધ ઉપાશ્રય-વસ્ત્ર-પાત્ર આદિ પરિગ્રહનું અશોભનપણું આગમમાં કહેલું છે. (જ્યારે ગચ્છ અને ગુરુ સર્વથા પોતાના ગુણથી રહિત થાય, ત્યારે આગમમાં કહેલ વિધિથી ત્યાગ કરવા યોગ્ય બને છે. પરંતુ કાળની અપેક્ષાએ જ બીજો વિશિષ્ટતર છે, તેની ઉપસંપદા લેવી, પરંતુ સ્વતંત્ર બની રહેવું નહિ. તેથી જાવજજીવ સુધી ગુરુની પાસે સન્માર્ગનું અનુષ્ઠાન ઇચ્છે ! ખરેખર, તે જ પરમાર્થથી મનુષ્ય છે, કે જે પ્રતિજ્ઞાત પ્રમાણે નિર્વાહ કરે છે (કરાવે છે)

અને તે હંમેશાં ગુરુની પાસે વ્યવસ્થિત (રહેલા) સદ્ અનુષ્ઠાનરૂપ સમાધિનું પાલન કરનારવડે નિર્વાહ યોગ્ય બને છે. તેથી હંમેશાં ગુરુકુલવાસ અનુસરવો.)

○ ક્ષમાથી ક્રોધને હણો ! ક્રોધને હણનારો માર્દવને ધારણ કરે ! મદના સ્થાનનો ત્યાગ કરનારો આર્જવની ભાવના કરે ! ભાવદોષ(લોભ)ના વર્જનથી નિગૂઢ દોષવાળી માયાને આર્જવથી દૂર કરી લોભાભાવ(સંતોષ)ના આશ્રયથી શૌચનું આચરણ કરે ! લોભરૂપી અશૌચને અલોભરૂપી શૌચથી સાફ કરી વિશુદ્ધ આત્મા સત્યનું કથન કરે ! સત્યવાદી સત્તર પ્રકારના સંયમને આચરે ! સંયત આત્મા બાકીની મનની શુદ્ધિ માટે તપ કરે ! તેથી મન-વચન-કાયામાં અને ધર્મના ઉપકરણોમાં સ્પૃહાનો અભાવ હોવાથી નિર્મમતા નામક આકિંચન્યની ભાવના કરે ! સાચું આકિંચન્ય હોયે છતે પરિપૂર્ણ બ્રહ્મચર્ય થાય છે. આ પ્રમાણે પૂર્વ પૂર્વનું કારણપણું છે અને ઉત્તર ઉત્તરનું કાર્યપણું ભાવવું.

अथ चरणमूलभेदं तृतीयं संयममाह —

सनियमं शरीरवाङ्मनोनिग्रहः संयमः । स च सप्तदशविधः, पृथिव्यप्तेजोवायुवनस्पतिकायद्वित्रिचतुः पञ्चेन्द्रियप्रेक्ष्योपेक्ष्यापहृत्यप्रमृज्यकायवाङ्मनउपकरणसंयमभेदात् ॥ १९ ॥

सनियममिति । क्रियाविशेषणमिदम्, शरीरवाङ्मनसां प्रवचनोक्तेन एवमेवगन्तव्यं स्थातव्यं चिन्तयितव्यं भाषितव्यमिति नियमानुगुणं निग्रहः स्वाभाविकप्रवृत्तिनिरोधः संयम इत्यर्थः । तस्य प्रभेदमाह स चेति, संयमश्चेत्यर्थः, सप्तदशविधत्वं दर्शयति पृथिवीति, वनस्पत्यन्तं द्वन्द्वं विधाय कायपदेन बहुव्रीहिः, तथा द्वयादिपञ्चान्तं द्वन्द्वं विधायेन्द्रियपदेन बहुव्रीहिस्ततः सर्वेषामुपकरणान्तानां द्वन्द्वं कृत्वा संयमपदेन तत्पुरुषः, तथा च पृथिवीकायसंयमोऽप्कायसंयम इत्यादिरर्थो लभ्यते, ये जीवाः पृथिव्यादिकायाः द्वीन्द्रियादयश्च तेषां संयम इत्यर्थः ॥

હવે ચરણના મૂલભેદરૂપ ત્રીજા સંયમને કહે છે.

संयमनुं स्वरूप

भावार्थ – "નિયમપૂર્વક મન-વચન-કાયાનો નિગ્રહ, એ 'સંયમ' કહેવાય છે : અને તે સંયમ, પૃથિવીકાયસંયમ, અપ્કાયસંયમ, તેજસ્કાયસંયમ, વાયુકાયસંયમ, વનસ્પતિકાયસંયમ, દ્વીન્દ્રિયસંયમ, ત્રીન્દ્રિયસંયમ, ચતુરિન્દ્રિયસંમય, પંચેન્દ્રિયસંયમ, પ્રેક્ષ્યસંયમ, ઉપેક્ષ્યસંયમ, અપહૃત્યસંયમ, પ્રમૃજ્યસંયમ, કાયસંયમ, વચનસંયમ, મનઃસંયમ અને ઉપકરણસંયમના ભેદથી સત્તર પ્રકારનો છે."

विवेचन – 'सनियममिति' આ ક્રિયાવિશેષણ છે. મન-વચન-કાયાનો શાસ્ત્રકથિત વિધિદ્વારા અર્થાત્ આ પ્રમાણે જ ચાલવું, બોલવું, ઉભા રહેવું, વિચારવું વગેરે નિયમને અનુકૂળ નિગ્રહ એટલે સ્વાભાવિક

પ્રવૃત્તિના નિરોધરૂપ સંયમ એવો અર્થ છે. તેના પ્રભેદને કહે છે કે-'सचेति ।' તે સંયમ ઉપરોક્ત સત્તર પ્રકારનો સમજવો.

तान् दर्शयति –

तत्र पृथिवीकायिकादारभ्य पञ्चेन्द्रियं यावद्ये नवविद्या जीवास्तेषां करणत्रयैः कृतकारितानुमतिभिः संघट्टपरितापव्यापत्तिपरिहारः पृथिवीकायिकादिसंयमो नवविधो ज्ञेयः ॥ २० ॥

तत्रेति । सप्तदशविधसंयमेषु मध्य इत्यर्थः, पृथिवीकायिकादारभ्येति, ये जीवाः पृथिव्यादिशरीरा द्वीन्द्रियादयश्च नवविधानां तेषामित्यर्थः, करणत्रयैरिति, कायवाङ्मनोभिरित्यर्थः, कृतकारितानुमतिभिरिति, करणकारणानुज्ञानैरित्यर्थः । संघट्टपरितापव्यापत्तिपरिहार इति, संघट्टः संरम्भः प्राणातिपातकरणसङ्कल्पः, प्राणिवधानुकूलान्योऽन्यगात्रसंहतीकरणं वा पाराञ्चिकादिप्रायश्चित्तयोग्यम् । परितापस्समारम्भो मानसिकवाचिककायिकभेदः, तत्राद्यः परपीडाकरोच्चाटनादिनिबन्धनमंत्रादिध्यानरूपः, द्वितीयः परपरितापकरक्षुद्रविद्यादिपरावर्त्तनासंकल्पसूचकध्वनिरूपः, तृतीयोऽभिघाताय यष्टिमुष्ट्यादिकरणं तद्वर्जनमितिभावः, व्यापत्तिर्विनाशः प्राणवियोग इति यावत् तस्या अपि वर्जनमित्यर्थः । एतेन नवविधस्संयम उक्त इत्याह नवविध इति ॥

નવ પ્રકારના જીવોનું સંયમ

ભાવાર્થ – "ત્યાં પૃથિવીકાય જીવથી માંડી પંચેન્દ્રિય જીવ સુધીના જેઓ નવ પ્રકારના જીવો છે, તેઓના મન-વચન-કાયારૂપ ત્રણ કરણોદ્વારા કરવા-કરાવવા-અનુમોદવાથી સંઘટ્ટો, પરિતાપ અને વ્યાપાદનના પરિહારરૂપ પૃથિવીકાયિક આદિનો સંયમ નવ પ્રકારનો જાણવો."

વિવેચન – સત્તર પ્રકારના સંયમોમાં 'पृथिवीकायिकादारभ्येति ।' જે જીવો પૃથિવ્યાદિ શરીરવાળાઓ અને દ્વીન્દ્રિયાદિ છે, તે નવ પ્રકારના જીવોનો 'करणत्रयै'रिति । મન-વચન-કાયરૂપ ત્રણ કરણોથી, 'कृतकारितानुमतिभिरिति ।' કરવા-કરાવવા-અનુજ્ઞાદ્વારા સંઘટ્ટ, પરિતાપ અને વ્યાપત્તિનો પરિહાર.

(૧) સંઘટ્ટ એટલે સંરંભ-હિંસા કરવાનો સંકલ્પ કે પ્રાણીહિંસાને અનુકૂળ પરસ્પરના શરીરોને ભેગાં કરવાં, કે જેથી પારાંચિક આદિ પ્રાયશ્ચિત્તયોગ્ય થાય છે. (૨) પરિતાપ એટલે સમારંભ, કે જે માનસિક-વાચિક-કાયિક ભેદવાળો છે. (૧) પરને પીડા કરનાર ઉચ્ચાટન આદિના કરણ, મંત્ર આદિના ધ્યાનરૂપ, (૨) પરને પરિતાપ કરનાર ક્ષુદ્ર વિદ્યા આદિના પરાવર્તનના સંકલ્પસૂચક ધ્વનિરૂપ, (૩) અભિઘાત માટે યષ્ટિમુષ્ટિ આદિનું કરણ, તેનું વર્જન, એવો ભાવ છે. (૪) વ્યાપત્તિ એટલે વિનાશ, પ્રાણોનો વિયોગ અર્થાત્ તેનું પણ વર્જન. આ કથનવડે નવ પ્રકારનો સંયમ કહેલો છે.

प्रेक्ष्योपेक्ष्यसंयमे आह –

स्थानादीन् विलोक्य क्रियाचरणं प्रेक्ष्यसंयमः । साधुप्रभृतीन् प्रवचनोदितक्रियासु व्यापारयतः स्वस्वक्रियासु व्यापारवतो वा गृहस्थादीनुपेक्षमाणस्य संयम उपेक्ष्यसंयमः ॥ २१ ॥

स्थानादीनिति । स्थानं शयनासनचङ्क्रमणयोग्यं, आदिना स्थण्डिलादेः परिग्रहः, विलोक्य चक्षुषा सम्यक्तया दृष्ट्वा यथा बीजहरितजन्तुसंसक्तादिरहितं भवेदित्यर्थः । क्रियाचरणं शयनादिविधानं प्रेक्ष्यसंयमः प्रेक्षासंयम इत्यर्थः । उपेक्ष्यसंयममाह साधुप्रभृतीनिति, उपेक्षाशब्दोऽत्रं चित्तव्यापारविशेषेऽव्यापारे च वर्त्तते व्याख्यानात्, तत्र क व्यापारः क वाऽव्यापार इत्यत्राह प्रवचनेति, तथा च संयमं प्रति सीदतां साधूनां प्रवचनविहितानुष्ठानेषु प्रेरणं, पापव्यापारमाचरतो गृहस्तस्याप्रेरणमिदं ग्रामचिन्तनादिकं सोपयोगं कुर्वित्यादिरूपेणाशनञ्च कुर्वत उपेक्ष्यसंयम उपेक्षासंयमापरनामा[1] भवतीति भावः ॥

प्रेक्ष्य अने उपेक्ष्यसंयमनुं वर्णन

भावार्थ – "स्थान आदिने जोई क्रियानुं आचरण, ए प्रेक्ष्यसंयम' कहेवाय छे. प्रवचनमां कहेल क्रियाओमां साधु वगेरेने व्यापार करावनारने अथवा पोतपोतानी क्रियाओमां व्यापारवाळा गृहस्थादिनी उपेक्षा-प्रेरणा नहि करनारने उपेक्ष्यसंयम' कहेवाय छे."

विवेचन – स्थान एटले शयन-आसन-गमनने योग्य स्थान, आदि पदथी स्थंडिल (भूमि) वगेरेनुं ग्रहण छे. विलोक्य एटले आंखथी बराबर जोईने. जेम के-बीज-लीली वनस्पति-जंतुथी संसक्त आदिथी रहित स्थान होवुं जोईए. क्रियानुं आचरण एटले शयन आदि क्रियानुं करवुं प्रेक्ष्यसंयम (प्रेक्षासंयम), एवो अर्थ छे. उपेक्ष्यसंयमने कहे छे के-साधुप्रभृतीनिति ।' अहीं उपेक्षा शब्द चित्तना व्यापारविशेषमां अने अव्यापारमां वर्ते छे, केम के-तेनुं व्याख्यान छे. त्यां क्यां व्यापार अथवा क्यां अव्यापार ? एना जवाबमां कहे छे के-'प्रवचनेति ।' तथाच संयम प्रत्ये सीदाता साधुओने प्रवचनमां विहित अनुष्ठानोमां प्रेरणा करवी. पापना व्यापारने आचरनार गृहस्थने, 'आ ग्रामचिंतन आदि उपयोगपुर्वक करो !' इत्यादि रूपे प्रेरणानो अभाव अने भोजन करनार गृहस्थादि विषयक उपेक्ष्यसंयम. उपेक्षासंयम जेनुं बीजुं नाम छे. (खरेखर, यतिव्यापारनी-उपेक्षा-गृहस्थव्यापारनी उपेक्षाना भेदथी उपेक्षासंयम बे प्रकारनो छे. बंने क्रमसर प्रेरणा अने अप्रेरणाविषयवाळा छे. सीदाता साधुने जोई संयमना व्यापारोमां प्रेरणा करनारने 'संयमव्यापारो-

---

१. **द्विविधो ह्युपेक्षासंयमः, यतिव्यापारोपेक्षा गृहस्थव्यापारोपेक्षा चेति, उभौ यथाक्रमं चोदनाचोदनविषयौ, विषीदन्तं साधुं दृष्ट्वा संयमव्यापारेषु चोदयतः संयमव्यापारोपेक्षा प्रथमः, गृहस्थमधिकरणव्यापारेषु प्रवृत्तं दृष्ट्वा तत्र प्रवृत्तमचोदयतो गृहस्थव्यापारोपेक्षारूपो द्वितीय इति तात्पर्यार्थः ॥**

पेक्षा' प्रथम, अधिकरण आत्मक व्यापारोमां प्रवृत्तिवाळा गृहस्थने जोई त्यां प्रवृत्तने नहि प्रेरणा करनारने 'गृहस्थव्यापारोपेक्षा'रूप बीजो छे, एम तात्पर्यार्थ छे.)

अपहृत्यादिसंयमं वक्ति –

चरणानुपकारकवस्तुनिग्रहो विधिना च प्राणिसंसक्तभक्तपानादिपरित्यजनमपहृत्यसंयमः । दृष्टिदृष्टस्थण्डिलवस्त्रादीनां विशिष्टप्रदेशगमने रजोऽवगुण्ठितपादादीनाञ्च रजोहरणादिना प्रमार्जनं प्रमृज्यसंयमः ॥ २२ ॥

चरणेति । अपहृत्यापुनर्ग्रहणतया त्यक्त्वा संयमं लभते, तत्र त्यागः संयमानुपयोगिनां वस्त्रपात्राद्यतिरिक्तानाम्, तदुपयोगिनां प्राणिसंसक्तानामन्नपानादीनां जन्तुरहिते स्थाने समयभणितेन विधिना परिष्ठापनं, तथाकुर्वतश्च परिष्ठापनासंयमापरपर्यायोऽपहृत्यसंयमो भवतीत्याशयेनाह चरणेति । वक्त्यथ प्रमृज्यसंयमं दृष्टीति, प्रमार्जनं कुर्वतः संयमो भवति तच्च द्विविधं यथा प्रेक्षितेऽपि स्थण्डिले वस्त्रपात्रादौ च रजोहरणादिना प्रमार्जनमेकम्, अपरञ्च कृष्णभूप्रदेशात्पथि पाण्डुभूप्रदेशं गच्छतः स्थण्डिलादस्थण्डिलाद्वा स्थण्डिलं संक्रामतः सचित्ताचित्तमिश्ररजोऽवगुण्ठितपादादीनां सागारिकाद्यनिरीक्षणे सति रजोहरणादिना प्रमार्जनं सागारिकादिनिरीक्षणे त्वप्रमार्जनमप्यन्तर्गर्भितं बोध्यम् । एवं विदधतः प्रमार्जनासंयमो भवतीत्याशयेनाह दृष्टिदृष्टेत्यादिना ॥

अपहृत्य आदि संयमनुं वर्णन

भावार्थ – 'चारित्रमां नहि उपकारक वस्तुनो निग्रह अने विधिपूर्वक जीवसंसक्त भक्त-पान आदिनो परित्याग, ए 'अपहृत्यसंयम' कहेवाय छे. नजरथी जोयेल भूमि-वस्त्र आदिनुं, विशिष्ट प्रदेशना गमनमां रजथी खरडायेल पाद आदिनुं रजोहरण आदिथी प्रमार्जवुं, ए 'प्रमृज्यसंयम' कहेवाय छे."

विवेचन – फरीथी ग्रहण करवुं न पडे एवी रीते त्याग करवापूर्वक संयमने मेळवे छे. त्यां संयमने अनुपयोगी, जे वस्त्र-पात्र आदि (भिन्न) अधिक होय, तेनो त्याग. ते संयमने उपयोगी जीवसंसक्त अन्न-पान आदिनुं जंतु वगरना स्थानमां शास्त्रकथित विधिथी परठववुं अने ते प्रमाणे करनारने परिष्ठापना, संयमरूप बीजा नामवाळो अपहृत्यसंयम थाय छे. एवा आशयथी कहे छे के- 'चरणे'ति ।' हवे प्रमृज्यसंयमने कहे छे के- 'दृष्टी'ति । प्रमार्जन करनारने संयम थाय छे अने ते प्रमार्जन बे प्रकारनुं छे. जेम जोयेल पण स्थंडिलमां अने वस्त्र-पात्र आदिमां रजोहरण आदिथी प्रमार्जन, ए एक छे. कृष्ण (काळी) भूप्रदेशमांथी मार्गमां-पांडुभूप्रदेशमां जनारने, स्थंडिल के अस्थंडिलमांथी स्थंडिलमां संक्रमण करनारने, सचित्त-अचित्त-मिश्र रजथी खरडायेल पग वगेरेनुं श्रावक वगेरेना अदर्शन होये छते रजोहरण आदिथी प्रमार्जवुं, ए बीजुं छे. जैन श्रावक आदिनुं दर्शन थये छते तो अप्रमार्जन पण अंतर्गर्भित जाणवुं. आ प्रमाणे करनारने प्रमार्जनासंयम थाय छे. एवा आशयथी कहे छे के-'दृष्टि दृष्टे'त्यादि ।

अथ कायादिसंयममाख्याति —

धावनादिदुष्टक्रियानिवृत्तिशुभक्रियाप्रवृत्त्युभयरूपः कायसंयमः । हिंस्रपरुषादिनिवृत्तिशुभवाक्प्रवृत्त्युभयरूपो वाक्यसंयमः । अभिद्रोहादिनिवृत्तिपूर्वकधर्मध्यानादिप्रवृत्तिर्मनस्संयमः । पुस्तकाद्यजीवकायसंयम उपकरणसंयमः ॥ २३ ॥

धावनादीति । संयमोऽयं न केवलं शरीरस्य सर्वात्मनोपरमरूपोऽशक्यत्वादपि तु यथाशास्त्र प्रवृत्तिनिवृत्तिरूपः, केभ्यः कायस्य निवृत्तिरित्यत्राह धावनेति, आदिना वल्गनप्लवनादीनां परिग्रहः । गमनागमनादिष्ववश्यकरणीयेषु धर्मसाधनभूतेषु च सोपयोगं कायव्यापारः प्रवृत्तिरूप इत्याशयेनोक्तं शुभक्रियाप्रवृत्तीति । वाक्संयममाचष्टे हिंस्रेति, प्राणव्यपरोपणे जातशक्तिर्हिंस्रः परुषं रूक्षं स्नेहरहितं परोद्वेगकारि, आदिना पिशुनासभ्यादीनामुपग्रहः, ईदृशवचसो निवृत्तिः, शुभवचसि सूत्रमार्गानुसारप्रवृत्तार्थे निजपरार्थानुग्राहकेऽरागद्वेषयुक्ते प्रवृत्तिश्च वाक्संयम इत्यर्थः । तथा च पृथिवीकायिकारम्भादिप्रेरणरहिता परुषनिष्ठुरादिपरपीडाकरप्रयोगनिरुत्सुका व्रतशीलदेशनादिप्रधानफला हितमितमधुरमनोहरा संयतस्य योग्या वाक्, तदधिष्ठानाश्च सर्वसम्पद इति भावः । मनस्संयममाचष्टेऽभिद्रोहेति, स्पष्टम् । उपकरणसंयममाह पुस्तकादीति, अजीवरूपाण्यपि पुस्तकादीनि दुष्षमादिदोषात्तथाविधप्रज्ञाऽऽयुष्कश्रद्धासंवेगोद्यमबलादिहीनाद्यकालीनविनेयजनानुग्रहाय प्रतिलेखनाप्रमार्जनापूर्वं यतनया धारयतोऽजीवसंयमापरपर्याय उपकरणसंयम इति भावः ॥

કાય આદિ સંયમનું સ્વરૂપ

ભાવાર્થ – "ધાવન (દોડવું) આદિ દુષ્ટ ક્રિયાથી નિવૃત્તિ અને શુભ ક્રિયાપ્રવૃત્તિ ઉભયરૂપ 'કાયસંયમ' કહેવાય છે. હિંસનશીલ પુરુષ આદિથી નિવૃત્તિ અને શુભ વચનમાં પ્રવૃત્તિ ઉભયરૂપ 'વચનસંયમ' કહેવાય છે. અભિદ્રોહ આદિથી નિવૃત્તિપૂર્વક ધર્મધ્યાન આદિમાં પ્રવૃત્તિ 'મનઃસંયમ' કહેવાય છે. પુસ્તક આદિ અજીવસંયમ 'ઉપકરણસંયમ' કહેવાય છે."

વિવેચન – આ સંયમ કેવળ શરીરના સર્વથા ઉપરમરૂપ નથી, કેમ કે-અશક્ય છે. પરંતુ શાસ્ત્ર પ્રમાણે પ્રવૃત્તિ નિવૃત્તિરૂપ છે. કાયની નિવૃત્તિ કયી ક્રિયાઓથી છે ? આના જવાબમાં કહે છે કે- 'धावने'ति । આદિ પદથી વળગવું, કૂદવું વગેરે ક્રિયાઓનો સંગ્રહ થાય છે. ગમન-આગમન આદિમાં અને અવશ્ય કરણીય ધર્મના સાધનોમાં ઉપયોગપૂર્વકનો કાયાનો વ્યાપાર પ્રવૃત્તિરૂપ છે. એવા આશયથી કહેલું છે કે- 'शुभक्रियाप्रवृत्ति'ति । વચનસંયમને કહે છે કે-'हिंसे'ति । હિંસામાં ઉત્પન્ન શક્તિવાળો હિંસ્ર, પરુષ એટલે કર્કશ, રૂક્ષ-સ્નેહશૂન્ય પરને ઉદ્વેગ કરનાર, આદિથી પિશુન-અસભ્ય આદિનો સંગ્રહ છે. આવા વચનથી નિવૃત્તિ અને સૂત્રમાર્ગના અનુસારે પ્રવૃત્તિ અર્થવાળા, સ્વ અને પરાર્થના ઉપકારક રાગ-દ્વેષથી રહિત શુભ

વચનમાં પ્રવૃત્તિ 'વચનસંયમ' કહેવાય છે. તથાચ પૃથિવીકાયિક આરંભ આદિ પ્રેરણારહિત, પરુષ-નિષ્ઠુર આદિ પરપીડાકાર પ્રયોગમાં ઉત્સુકતા વગરના, વ્રત-શીલ-દેશના આદિ પ્રધાન ફળવાળી, હિત-મિત-મધુર-મનોહર, સંયતને યોગ્ય વાણી છે. તેના આધારે સર્વ સંપદાઓ છે.

○ મનના સંયમને કહે છે કે- 'अभिद्रोहेति ।' સઘળું સ્પષ્ટ છે.

○ ઉપકરણસંયમને કહે છે કે- 'पुस्तकादीति ।' અજીવરૂપ પણ પુસ્તક વગેરેને, દુઃષમા આદિ કાળના દોષથી, તથાવિધ, બુદ્ધિ-આયુષ્ય-શ્રદ્ધા-સંવેગ-ઉદ્યમ-બળ આદિથી હીન એવા આધુનિક શિષ્યજન ઉપર ઉપકાર માટે, પડિલેહણ-પ્રમાર્જનપૂર્વક-જયણાથી ધારણ કરનારને અજીવસંયમરૂપી બીજા નામવાળો ઉપકરણસંયમ થાય છે.

अथ वैयावृत्त्यमाख्याति –

शास्त्रोदितविधिना गौरवजनकक्रियानुष्ठानप्रवृत्तिर्वैयावृत्त्यम् । तच्चाचार्योपाध्याय-तपस्विशैक्षकग्लानगणकुलसङ्घसाधुसमनोज्ञसम्बन्धित्वाद्दशविधम् ॥ २४ ॥

शास्त्रोदितिविधिनेति । आगमोक्तप्रकारेण न तु यथालोकमिति भावः, सामायिकादिक्रियानुष्ठानप्रवृत्तेर्वैयावृत्त्यरूपत्वाभावादाह गौरवजनकेति, भावतीर्थंकरनामकर्म-बन्धजनकक्रियानुष्ठानप्रवृत्तिरित्यर्थः, आहारादिसाहाय्येन वैयावृत्त्येन हि तीर्थंकरनामगोत्रं कर्म बध्नाति, ताश्च क्रियाः क्षेत्रवसतिप्रत्यवेक्षणं शुश्रूषणं भेषजक्रियाः कान्तारविषमदुर्गोपसर्गेषु अन्नपानादिभिः परिरक्षणमित्यादिरूपाः, तदनुष्ठाने प्रवृत्तिः परिणामविशेषः परितः सर्वतो भावेन वृत्तिः प्रवृत्तिरिति व्युत्पत्ता तल्लाभात्, न ह्यपरिणतः सर्वतो भावेन वर्तितुं शक्यः । शास्त्रोदितविधिनेत्युक्त्वात्प्रवचनवात्सल्यमपि वैयावृत्त्यस्य फलम्, तथा च महानिर्जरा-सनाथत्वप्रवचनवात्सल्यविचिकित्साऽभावतीर्थंकरनामकर्मबन्धादयोऽस्य फलमिति सिद्धम् । आचार्यादीनां दशानां भक्तपानशय्यासनक्षेत्रोपधिप्रत्युपेक्षणभेषजदानाध्वोपग्रहशरीरोपधिस्तेन-संरक्षणदण्डग्रहग्लानशुश्रूषणमूत्रिकत्रिकढौकनरूपत्रयोदशभिः पदैर्वैयावृत्त्यं कर्त्तव्यम्, तत्राचार्यादीनाह तच्चेति, वैयावृत्त्यञ्चेत्यर्थः, दशस्वामिकत्वाद्दशविधत्वं वैयावृत्त्यस्येति भावः । अत्राचार्यपदेन तीर्थंकरोऽपि गृहीतस्तेन तीर्थंकरवैयावृत्त्याकथनप्रयुक्ता न न्यूनता, न च तीर्थंकरस्त्रिलोकाधिपतिराचार्यस्तु सामान्य इति कथमाचार्यग्रहणेन स गृहीत इति वाच्यम्, पञ्चविधाचारोपदेशकत्वे सति स्वयमप्यनुष्ठातृत्वस्यैवाचार्यपदप्रवृत्तिनिमित्तत्वेन तस्य तीर्थंकर-साधारण्यात् । तीर्थंकरस्य धर्माचार्यत्वप्रसिद्धेश्च । एतेषां दशानां प्रत्येकं त्रयोदशभिः पदै-र्वैयावृत्त्यं कर्त्तव्यमिति भावः ॥

વૈયાવૃત્યનું વર્ણન

ભાવાર્થ – "શાસ્ત્રકથિત વિધિપૂર્વક, ગૌરવજનક ક્રિયાનુષ્ઠાનમાં પ્રવૃત્તિ, એ 'વૈયાવૃત્ત્ય' કહેવાય છે : અને તે આચાર્ય-ઉપાધ્યાય-તપસ્વી-શૈક્ષક-ગ્લાન-ગણ-કુલ-સંઘ-સાધુ-સમનોજ્ઞ સંબંધી હોવાથી દશ પ્રકારનું છે."

વિવેચન – આગમમાં કહેલ પ્રકારથી પરંતુ લોક પ્રમાણે નહીં, એવો ભાવ છે. સામાયિક આદિ ક્રિયારૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ, વૈયાવૃત્ત્યરૂપ નથી, માટે કહે છે કે-'गौरवजनकेति,' ભાવ(વિ)તીર્થંકરનામકર્મ બંધજનક ક્રિયારૂપ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ, એવો અર્થ છે. ખરેખર, આહાર આદિની સહાય જેમાં છે, એવા વૈયાવૃત્ત્યથી તીર્થંકરનામક નામકર્મ જીવ બાંધે છે : અને તે ક્રિયાઓ ક્ષેત્ર-વસતિનું નિરીક્ષણ, શુશ્રૂષા, ઔષધ ક્રિયાઓ, વિષમ જંગલ અને ભયંકર ઉપસર્ગોમાં અન્ન-પાન આદિથી રક્ષા કરવી ઇત્યાદિ રૂપ ક્રિયાઓ, તે ક્રિયાઓને કરવામાં પ્રવૃત્તિ એટલે વિશિષ્ટ પરિણામ, ચારેય બાજુથી ભાવથી વૃત્તિ(વર્તવું) પ્રવૃત્તિ, એમ વ્યુત્પત્તિથી એ અર્થનો લાભ થાય છે. ખરેખર, અપરિણત ચારેય બાજુથી ભાવથી વર્તી શકતો નથી. 'शास्त्रोक्तविधिना' એમ કહેલું હોવાથી પ્રવચનનું વાત્સલ્ય પણ વૈયાવૃત્ત્યનું ફળ છે. તથાચ મહા નિર્જરાસનાથત્વ, (સહિતત્વ) પ્રવચનવાત્સલ્ય, સંશયનો અભાવ, તીર્થંકરનામકર્મનો બંધ વગેરે, આ વૈયાવૃત્ત્યનું ફળ છે એમ સિદ્ધ છે.

○ આચાર્ય આદિ દશ સેવ્યોનું, ભક્ત, પાન, શય્યા, આસન, ક્ષેત્ર, ઉપધિનું પડિલેહણ, ઔષધનું દાન, માર્ગમાં ઉપકાર, શરીર ઉપધિ અને ચોરથી રક્ષા કરવી, દંડનું ગ્રહણ, શુશ્રૂષા, મૂત્રકત્રિક(પીઠ-ફલક-મૂત્રભાજન આદિ)નું મૂકવું, એ રૂપ તેર સ્થાનોથી વૈયાવૃત્ત્ય કરવું જોઈએ. ત્યાં આચાર્ય આદિને કહે છે કે-'तश्चेति ।' વળી તે વૈયાવૃત્ત્ય દશ સ્વામીવાળું હોવાથી દશ પ્રકારનું છે.

○ અહીં આચાર્યપદથી તીર્થંકરનું ગ્રહણ કરેલું છે. તેથી તીર્થંકરવૈયાવૃત્ત્યના અકથનથી જન્ય ન્યૂનતા નથી.

શંકા – તીર્થંકર ત્રૈલોક્યના અધિપતિ છે. આચાર્ય તો સામાન્ય છે. તો આચાર્યપદના ગ્રહણથી તે તીર્થંકરનું ગ્રહણ કેવી રીતે વ્યાજબી ગણાય ?

સમાધાન – પાંચ પ્રકારના આચારનું ઉપદેશકત્વ હોયે છતે પોતે પણ અનુષ્ઠાતા હોઈ પોતાના અનુષ્ઠાતૃત્વમાં, આચાર્યપદની પ્રવૃત્તિમાં નિમિત્તપણું હોઈ તેનું તીર્થંકરની સાથે સાધારણપણું છે અને તીર્થંકરની ધર્માચાર્યરૂપે પ્રસિદ્ધિ છે. આ સેવ્ય દશેયની-દરેકની તેર સ્થાનોથી વૈયાવૃત્ત્ય કરવી જોઈએ.

तत्राचार्य स्वरूपयति –

ज्ञानाद्याचारे प्रधान आचार्यः । स पञ्चविधः प्रव्राजको दिगाचार्यः सुतोद्देष्टा श्रुतसमुद्देष्टाऽऽम्नायार्थवाचकश्चेति ॥ २५ ॥

ज्ञानाद्याचार इति । आदिना दर्शनचारित्रतपोवीर्याणां ग्रहणम् । तत्र प्रधानः स्वयं करणात् प्रभाषणात् प्रदर्शनाच्च । अयमाचार्यः[१] सूत्रार्थतदुभयोपेतो ज्ञानदर्शनचारित्रेषु कृतोपयोगो गच्छचिन्ताविप्रमुक्तः शुभलक्षणोपेतश्च भवति, तद्गुणाश्च षट्त्रिंशत्, तत्र पञ्च गुणा ज्ञानादय उक्ता एव, इतरे गुणाश्च देशकुलजातिरूपसंहननधृतियुक्तताकांक्षाबहु भाषामाया-वैधुर्य्यसूत्राद्यनुप्रयोगपरिपाटीदार्ढ्योपादेयवचनपर्षज्जयाल्पनिद्रत्वमाध्यस्थ्यदेशकालभावज्ञत्व-प्रतिभाविविधदेशभाषाज्ञानसूत्रार्थतदुभयविधिज्ञत्व दृष्टान्त हेतूपनयनयनैपुण्यप्रतिपादनशक्ति-स्वपरसमयवेत्तृत्वगाम्भीर्यदीप्तिकल्याणकारित्वशान्तदृष्टित्वरूपा विज्ञेयाः । सम्यग्ज्ञानादि-गुणाधाराद्यस्मादाहत्य व्रतानि स्वर्गापवर्गसुखमृतबीजानि भव्या हितार्थमाचरन्ति स आचार्यः । अथवा ज्ञानादीत्यादिना दर्शनचारित्रतपसां ग्रहः, ज्ञानादीनामाचारे प्रधानः सः, तद्गुण-समन्वितत्वात् । तथाहि ज्ञानाचारस्य कालविनयादयोऽष्टौ गुणाः, दर्शनाचारस्य निःशङ्कि-तत्वादयोऽष्टौ, चारित्राचारस्येर्यासमित्यादयोऽष्टौ, बाह्याभ्यन्तरभेदभिन्नस्य तपसोऽनशनादयो द्वादशभेदास्तथा च ज्ञानाद्याचारविषयकषट्त्रिंशद्गुणयुक्त आचार्य इति फलितार्थः, अयञ्चार्थमेव केवलं भाषते नतु सूत्रमपि वाचयति । ननु कुतोऽयं सूत्रं न वाचयति, उच्यते, अर्थचिन्तायां ह्यस्यैकाग्रताऽर्थव्याख्यानार्थम्, यदि पुनस्सूत्रमपि वाचयेत्तदा बहुव्यग्रत्वादर्थचिन्तायामेकाग्रता न स्यात्, एकाग्रतया ह्यर्थं चिन्तयतः सूत्रेषु सूक्ष्मार्थोन्मीलनात्सूत्रार्थस्य वृद्धिरुपजायते, तीर्थकरानुकारित्वाच्चाचार्यस्य, तीर्थकृतो हि केवलमर्थमेव भाषन्ते नतु सूत्रं नवा गणचिन्तां कुर्वन्ति तथाऽऽचार्या अपि, सूत्रवाचनां तु प्रयच्छतामाचार्याणां लाघवमप्युपजायते तस्या उपाध्यायादिभिः क्रियमाणत्वात् । तस्य किञ्चिद्गुणप्राधान्यौपाधिकं प्रभेदमाह स इति आचार्य इत्यर्थः ॥

આચાર્યના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "જ્ઞાન આદિના આચારમાં પ્રધાન, એ 'આચાર્ય' કહેવાય છે. તે આચાર્ય, પ્રવ્રાજક-દિગાચાર્ય-શ્રુતોદ્દેષ્ટા-શ્રુતસમુદ્દેષ્ટા-આમ્નાયાર્થવાચકના ભેદથી પાંચ પ્રકારનો છે."

વિવેચન – આદિ પદથી દર્શન-ચરિત્ર-તપ-વીર્યોનું ગ્રહણ થાય છે. ત્યાં પ્રધાન એટલે પંચાચારને પોતે કરનાર, કહેનાર, દર્શાવનાર હોઈ પ્રધાન છે.

---

१. चतुर्विधः सामान्येनाचार्यः, इहलोके हितो न परलोके, परलोके हितो नेहलोके, इहलोके हितोऽपि परलोके हितः नेहलोके हितो नापि परलोके हित इति । तत्र यो भक्तवस्त्रपात्रपानादिकं समस्तमपि साधूनां पूरयति न पुनस्संयमे सीदतस्सारयति स इहलोके हितोऽपि साररहितो न परलोकहितः । यश्च संयमयोगेषु प्रमाद्यतां सारणां करोति नच वस्त्रादिकं प्रयच्छति स द्वितीयः । एवमेव तृतीयचतुर्थौ भाव्यौ ॥

○ આ આચાર્ય (સામાન્યથી ચાર પ્રકારના આચાર્ય હોય છે. (૧) આલોકમાં હિતકારી, પરલોકમાં નહિ. (૨) પરલોકમાં હિતકારી, આલોકમાં હિતકારી નહિ. (૩) આલોકમાં હિતકારી છતાં (તથા) પરલોકમાં હિતકારી. (૪) આલોકમાં હિતકારી નહિ પરંતુ (અને) પરલોકમાં હિતકારી નહિ. ત્યાં જે ભોજન-વસ્ત્ર-પાત્ર-પાન વગેરે સઘળુંય પણ સાધુઓને પૂરે છે પરંતુ સંયમમાં સીદાતા સાધુઓની સારસંભાળ કરતો નથી, તે આલોકમાં હિતકારી છતાં પરલોકહિતકારી નથી તે પહેલો, સંયમના યોગોમાં પ્રમાદી બનતા સાધુઓની સારણા (ચિંતા) કરે છે પરંતુ વસ્ત્ર આદિ આપતો નથી તે બીજો, એ પ્રમાણે ત્રીજો-ચોથો વિચારવો.) સૂત્ર અને અર્થ તથા સૂત્રાર્થરૂપ ઉભયથી સંપન્ન, જ્ઞાન-દર્શન-ચારિત્રોમાં ઉપયોગ કરનાર, ગચ્છની ચિંતાથી રહિત અને શુભ લક્ષણોથી સંપન્ન હોયે છતે આચાર્યના ગુણો છત્રીસ છે. ત્યાં પાંચ જ્ઞાન આદિ ગુણો કહેલ જ છે : અને બીજા ગુણો દેશ-કુળ-જાતિ-રૂપ-સંઘયણ-ધૈર્યયુક્તતા-કાંક્ષા-બહુભાષા-માયારહિતતા-સૂત્ર આદિના અનુયોગની પરિપાટીમાં દૃઢતા-ઉપાદેયવચનતા-સભાજ્ય-અલ્પનિદ્રતા-મધ્યસ્થતા-દેશકાળભાવજ્ઞતા-પ્રતિભા-વિવિધ દેશભાષાજ્ઞાન, સૂત્ર-અર્થ અને સૂત્રાર્થોભય વિધિજ્ઞતા-દૃષ્ટાન્તહેતુ ઉપનયનયમાં નિપુણતા-પ્રતિ પાદનશક્તિ-સ્વ-પર સમય(શાસ્ત્ર) વેત્તૃતા-ગંભીરતા-દીપ્તિ-કલ્યાણકારિતા અને શાન્તદૃષ્ટિતારૂપ ગુણો જાણવા. જે સમ્યગ્જ્ઞાન આદિ ગુણોના આધાર આચાર્યની નિશ્રામાં સ્વર્ગ-અપવર્ગના સુખરૂપ અમૃતના બીજરૂપ વ્રતોને ભવ્યો હિત માટે આચરે છે, તે આચાર્ય કહેવાય છે. અથવા જ્ઞાન આદિમાં આદિ પદથી દર્શન-ચારિત્ર-તપનું ગ્રહણ થાય છે. જ્ઞાન આદિના આચારમાં પ્રધાન, તે આચાર્ય છે, કેમ કે-તે આચાર્યના ગુણોથી સમન્વિત છે. તે આ પ્રમાણેઃ-જ્ઞાન આચારના કાળ-વિનય વગેરે આઠ ગુણો છે. દર્શનાચારના નિઃશંકિતત્વ આદિ આઠ ગુણો છે. ચારિત્રાચારના ઈર્યાસમિતિ આદિ આઠ ગુણો છે. બાહ્ય-અભ્યંતરભેદથી યુક્ત તપના અનશન આદિ બાર ભેદો છે. તથાચ જ્ઞાનાદિ આચારવિષયક છત્રીશ ગુણોથી આચાર્ય હોય છે, એવો ફલિતાર્થ છે. વળી આ આચાર્ય અર્થની જ માત્ર વાચના આપે છે પરંતુ સૂત્રની વાચના આપતાં નથી.

શંકા – આ આચાર્ય સૂત્રની વાચના શાથી આપતાં નથી ?

સમાધાન – ખરેખર, અર્થના ચિંતનમાં આ આચાર્યને અર્થના વ્યાખ્યાન માટે એકાગ્રતા જોઈએ. ખરેખર, એકાગ્રતાથી અર્થના ચિંતન કરનારને સૂત્રોમાં સૂક્ષ્મ અર્થના ઉન્મીલન(વિકાસ)થી સૂત્રાર્થની વૃદ્ધિ થાય છે, કેમ કે-આચાર્ય તીર્થંકરનું અનુકરણ કરનાર હોય છે. ખરેખર, તીર્થંકરો કેવળ અર્થને જ કહે છે પરંતુ સૂત્રને કહેતાં નથી, ગણની ચિંતાને કરતાં નથી. તેવી રીતે આચાર્યો પણ જાણવાં. વળી સૂત્રની વાચનાને આપનારા આચાર્યોની લઘુતા પણ થાય છે, કેમ કે-તે સૂત્રની વાચના ઉપાધ્યાય આદિથી કરાતી છે.

तत्र प्रव्राजकादीनां स्वरूपाण्याह –

सामायिकादिव्रतारोपयिता प्रव्राजकः । सचित्ताचित्तमिश्रवस्त्वनुज्ञायी दिगाचार्यः । प्रथमत आम्नमोपदेष्टा श्रुतोद्देष्टा । उद्दिष्टगुर्वाद्यभावे स्थिरपरिचितकारयितृत्वेन सम्यग्धारणानुप्रवचनेन च तस्यैवागमस्य समुद्देष्टा अनुज्ञाता वा श्रुतसमुद्देष्टा । आम्नायस्योत्सर्गापवादात्मकार्थप्रवक्ता आम्नायार्थवाचकः ॥ २६ ॥

सामायिकेति । आत्मार्थं परार्थं वा सामायिकादेर्व्रतस्य केवलमारोपयिता प्रव्राजकाचार्य इत्यर्थः । दिगाचार्यस्वरूपमाह सचित्तेति, स्पष्टम् गुर्वादिष्टदिग्वर्त्तिसाधूनां सारणादिकर्त्तारोऽपि दिगाचार्याः । श्रुतोद्देष्टारमाह प्रथमत इति, विशदं मूलम् । श्रुतसमुद्देष्टारमाचष्टे-उद्दिष्टेति, पूर्वोद्दिष्टगुर्वाद्यभाव इत्यर्थः उद्दिष्टं स्थिरपरिचितं कुरु, सम्यग्धारय, अन्याञ्च प्रवेदयेति समकालं भिन्नकालं वा समुद्देशकोऽनुज्ञापको वा श्रुतसमुद्देष्टेति भावः । आम्नायार्थ-वाचकमभिधत्ते-आम्नायस्येति, आम्नायस्यागमस्य, उत्सर्गः सामान्येनोक्तो विधिर्यथा त्रिविधं त्रिविधेन प्राणातिपातविरतिः, अपवादः, विशेषेणोक्तो विधिः, यथा 'पुढवाइसु आसेवा उप्पण्णे कारणम्मि जयणाए । मिगरहियस्स ठियस्स अववाओ होइ नायव्वो" इति । तदेवं उत्सर्गमपवादमुत्सर्गापवादञ्च यथावत्परिज्ञाय सूत्रार्थानामुपदेशक इत्यर्थः ॥

તે આચાર્યના કિંચિદ્ ગુણના પ્રાધાન્યની ઉપાધિકૃત પ્રભેદને કહે છે.

પ્રવ્રાજક આદિના સ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "સામાયિક આદિ વ્રતનું આરોપણ કરનાર 'પ્રવ્રાજક' કહેવાય છે. સચિત્ત-અચિત્ત-મિશ્ર વસ્તુની અનુજ્ઞાકારક 'દિગાચાર્ય' કહેવાય છે. પ્રથમથી આગમના ઉપદેશક શ્રુતોદ્દેષ્ટા' કહેવાય છે. ઉદ્દિષ્ટ ગુરુ આદિના અભાવમાં સ્થિર પરિચિત કરાવનાર હોઈ સમ્યગ્ ધારણના અનુપ્રવચનદ્વારા તે જ આગમના સમુદ્દેષ્ટા અથવા અનુજ્ઞા કરનાર 'શ્રુતસમુદ્દેષ્ટા' કહેવાય છે. આગમરૂપ આમ્નાયના ઉત્સર્ગ-અપવાદ આત્મક અર્થના પ્રવક્તા 'આમ્નાયાર્થવાચક' કહેવાય છે."

વિવેચન – પોતાના માટે કે બીજાના માટે સામાયિક આદિ વ્રતના કેવળ આરોપણ કરાવનાર 'પ્રવ્રાજક આચાર્ય' કહેવાય છે. દિગાચાર્ય સ્વરૂપને કહે છે કે- 'सचित्ते'ति સ્પષ્ટ છે. ગુરુના આદેશ પામેલ દિશામાં રહેનાર સાધુઓની સારણા આદિ કરનારાઓ પણ 'દિગાચાર્ય' કહેવાય છે. શ્રુતના ઉદ્દેષ્ટાને કહે છે કે- 'પ્રથમત' इति । મૂળ સ્પષ્ટ છે. શ્રુતના સમુદ્દેષ્ટાને કહે છે કે- 'उद्दिष्टे' ति । પૂર્વે ઉદ્દિષ્ટ ગુરુ આદિના અભાવમાં એવો અર્થ છે. 'ઉદ્દિષ્ટને સ્થિર પરિચિત કરો'-'સારી રીતે ધારણ કરો' અને 'બીજાઓને પ્રવેદન કરો.' આમ સમકાળમાં કે ભિન્નકાળમાં સમુદ્દેશ કરનાર કે અનુજ્ઞા આપનાર 'શ્રુતસમુદ્દેષ્ટા' કહેવાય છે. આમ્નાયાર્થ વાચકને કહે છે કે- 'आम्नायस्येति ।' આમ્નાય-આગમનો ઉત્સર્ગ એટલે સામાન્યથી કહેલો વિધિ. જેમ કે- ત્રિવિધ ત્રિવિધથી પ્રાણાતિપાતથી વિરતિ. અપવાદ એટલે વિશેષથી કહેલો વિધિ. જેમ 'पुढवाइसु आसेवा उप्पण्णे कारणम्मि जयणाए । मिगरहियस्स ठियस्स अववाओ होइ नायव्वो ।' (કારણ ઉત્પન્ન થયે છતે, જયણાપૂર્વક પૃથિવી આદિ વિષયક આસેવન, મૃગ ગયો છતાં મૃગ નથી ગયો, એમ કહી સ્થિર રહેલાને અપવાદ (અસત્યવાદ નહીં) થાય છે, એમ જાણવું.) તેથી આ પ્રમાણે ઉત્સર્ગને, અપવાદને અને ઉત્સર્ગ-અપવાદને યથાર્થ જાણીને સૂત્ર-અર્થોનો ઉપદેશક.

अथोपाध्यायं परिचाययति —

आचारविषयविनयस्य स्वाध्यायस्य वाऽऽचार्यानुज्ञया साधूनामुपदेशक उपाध्यायः ॥ २७ ॥

आचारेति, आचारः ज्ञानदर्शनचारित्रतपोवीर्यात्मना पञ्चविधः, तद्विषयकविनयस्य स्वाध्यायस्य वाचना प्रच्छनापरावर्त्तनानुप्रेक्षाधर्मोपदेशात्मना पञ्चविधस्याचार्यानुज्ञया साधूनामुपदेशकः उपसमीपमागत्याधीयते, आधिक्येन गम्यते स्मर्यते सूत्रतो जिनप्रवचनं येनेत्युपाध्यायः, यो द्वादशाङ्गः स्वाध्यायः प्रथमतो जिनैरागतस्ततो गणधरादिभिः कथितः तं स्वाध्यायं सूत्रतश्शिष्यानुपदिशति स उपाध्यायः, स हि सूत्रवाचनां शिष्येभ्यो यच्छन् स्वयमर्थमपि परिभावयति, तस्य तदर्थे स्थिरत्वमुपजायते, ऋणस्यापि सूत्रलक्षणस्य वाचनाप्रदानेन मोक्षः कृतो भवति, उत्तरकाले चाचार्यपदाध्यासेऽत्यन्ताभ्यस्ततया यथावस्थिततया स्वरूपस्य सूत्रस्यानुवर्त्तनं भवति, येऽन्यतो गच्छान्तरादागत्य साधवस्सूत्रोपसम्पदं गृह्णते ते प्रतीच्छका उच्यन्ते ते च सूत्रवाचनाप्रदानेनागृहीता भवन्ति, मोहस्य जयोऽपि कृतो भवति, सूत्रवाचनादानव्यग्रस्य प्रायश्चित्तविश्रोतसिकाया अभावात् । अतः उपाध्यायस्सूत्रं वाचयेदिति ॥

ઉપાધ્યાયનો પરિચય

ભાવાર્થ – "આચારરૂપ વિષયવાળા વિનયનો કે સ્વાધ્યાયનો આચાર્યની આજ્ઞાથી સાધુઓને ઉપદેશ કરનાર 'ઉપાધ્યાય' કહેવાય છે."

વિવેચન – ઉપ-સમીપમાં આવીને ભણે છે, અધિકપણાએ સૂત્રથી જિનપ્રવચનનું સ્મરણ જેનાથી કરાય છે, આવી રીતે ઉપાધ્યાયની વ્યુત્પત્તિ છે. જે દ્વાદશાંગીરૂપ સ્વાધ્યાય પ્રથમથી જિનોથી આવેલ, ત્યારબાદ ગણધર આદિથી કહેલો છે, તે સ્વાધ્યાયને સૂત્રથી શિષ્યોને ઉપદેશ કરે છે, તે 'ઉપાધ્યાય' કહેવાય છે. ખરેખર, તે ઉપાધ્યાય શિષ્યોને સૂત્રવાચના આપતાં પોતે અર્થનું ચિંતન કરે છે. આથી તે ઉપાધ્યાયનું તે સૂત્રના અર્થમાં સ્થિરપણું થાય છે, સૂત્રરૂપી ઋણથી પણ વાચનાના પ્રદાનથી છૂટકારો કરેલો થાય છે. વળી ઉત્તરકાળમાં આચાર્યપદની પ્રાપ્તિમાં અત્યંત અભ્યાસ હોવાથી યથાર્થપણે સ્વરૂપસૂત્રનું અનુવર્તન (અનુવૃત્તિ) થાય છે. જેઓ બીજા ગચ્છમાંથી આવીને સાધુઓ સૂત્રની ઉપસંપદાને ગ્રહણ કરે છે, તેઓ 'પ્રતીચ્છક' (ગ્રાહક) કહેવાય છે. વળી તેઓ સૂત્રવાચનાના દાનથી ઉપકૃત થાય છે, મોહનો જય પણ કરેલો થાય છે, કેમ કે-સૂત્રવાચનાદાનમાં પરાયણને પ્રાયશ્ચિત્ત-દોષ-અપરાધનો અભાવ છે. એથી ઉપાધ્યાય સૂત્રની વાચના આપે છે.

तपस्विनं शैक्षकञ्चाह –

किञ्चिदूनषण्मासान्तोग्रतपोऽनुष्ठाता तपस्वी । अनारोपितविविक्तव्रतश्शिक्षायोग्यश्शैक्षकः ॥ २८ ॥

किञ्चिदिति । दशमादिकिञ्चिन्न्यूनषण्मासान्तमुग्रस्य भावविशुद्धस्य अनिश्रितस्याल्पसत्त्वभयानकस्य वा तपसोऽनुष्ठातेत्यर्थः । अनिश्रितं तपो नाम शुभयोगसंग्रहाय परसाहाय्यानपेक्षं भावतपः । अथ शैक्षकमाह अनारोपितेति, अनारोपितं विविक्तं दोषरहितं व्रतं यस्य तादृशः, शिक्षायोग्यश्च शैक्षकः, अभिनवप्रव्रजितो ग्रहणासेवनाशिक्षायोग्यः तत्र शैक्षकोद्विविधः, आज्ञया परिणामको दृष्टान्तेन परिणामकश्चेति, तदेव सत्यं यज्जिनैः प्रवेदितमित्येवं यो निस्संशयं श्रद्धधाति न च कारणमपेक्षते स आज्ञापरिणामक उच्यते, यस्तु लिङ्गेन गम्यमर्थं प्रत्यक्षप्रसिद्धदृष्टान्तेनात्मबुद्धावारोपयन् वर्त्तते स दृष्टान्तपरिणामक उच्यते । सप्तरात्रिन्दिवचतुर्मासषण्मासैर्जघन्यमध्यमोत्कृष्टरूपैरुपस्थाप्यतेऽयम् ॥

तपस्वी अने शैक्षकनुं वर्णन

भावार्थ – "कांईक न्यून छ महिना सुधीना उग्र तपने करनार 'तपस्वी' कहेवाय छे अने अनारोपित विविक्त व्रतवाळो अने शिक्षायोग्य 'शैक्षिक' छे."

विवेचन – दशम (४ उ.) आदिथी मांडी कांईक न्यून छ मास सुधीना उग्र, भावविशुद्ध, अनिश्रित के अल्प सत्त्ववाळाने भयंकर एवा तपना करनार 'तपस्वी' कहेवाय छे. शैक्षकना बे प्रकारोः-(१) ते ज साचुं छे, के जे जिनेश्वरोओ दर्शावेल छे; आवी रीते निःसंदेह श्रद्धा जे करे छे अने कारणनी अपेक्षा करतो नथी, ते 'आज्ञापरिणामक' कहेवाय छे. वळी (२) जे हेतुथी गम्य अर्थने प्रत्यक्ष प्रसिद्ध दृष्टान्तथी आत्मबुद्धिमां आरोपण करतो वर्ते छे, ते 'दृष्टान्तपरिणामक' कहेवाय छे. जघन्य-मध्यम-उत्कृष्टरूप सात रात्रि-दिन, चार मास अने छ मासमां शैक्षक, उपस्थापना(वडी दीक्षा)नो विषय बने छे.

अथ ग्लानमाह –

अपटुर्व्याध्याक्रान्तो मुनिर्ग्लानः ॥ ॥ २९

अपटुरिति । भिक्षादिकं कर्त्तुमसमर्थः ज्वरादिव्याध्याक्रान्त इत्यर्थः । अस्य वैयावृत्त्यं कार्यमन्यथा प्रायश्चित्तभाक् स्यात्, तस्माद्भगवदाज्ञामनुवर्त्तमानेन कर्मनिर्जरालाभलिप्सया ग्लाने समुत्पन्ने मायाविप्रमुक्तेन यत्र कुत्रापि स्थितेन त्वरितमागन्तव्यमेवं कुर्वता साधर्मिकवात्सल्यं कृतं भवति, आत्मा च निर्जराद्वारे नियोजितो भवति, तत्राशक्तत्वमप्रशस्यभाषाऽपमानं लुब्धत्वमुद्भाव्य प्रतिबन्धयतः प्रायश्चित्तं स्यादिति ॥

ગ્લાનનું વર્ણન

ભાવાર્થ – "અસમર્થ, વ્યાધિથી ઘેરાયેલો મુનિ 'ગ્લાન' કહેવાય છે."

વિવેચન – ભિક્ષા આદિ કરવામાં અસમર્થ, જ્વર આદિ વ્યાધિથી ઘેરાયેલો મુનિ 'ગ્લાન' કહેવાય છે. આ ગ્લાન મુનિની વૈયાવૃત્ત્ય કરવી જોઈએ. અન્યથા, પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે. તેથી ભગવંતની આજ્ઞાને અનુસરનારે, કર્મનિર્જરાના લાભની મહેચ્છાથી, ગ્લાન હોયે છતે માયાથી મુક્ત બનેલા અને ગમે ત્યાં રહેલા સાધુએ જલ્દીથી આવવું જોઈએ. આ પ્રમાણે કરનાર સાધુએ સાધર્મિકનું વાત્સલ્ય કરેલું થાય છે અને આત્માને નિર્જરાના દ્વારમાં જોડેલો બને છે. તે વિષયમાં અશક્તપણાનું, અપ્રશસ્ત ભાષાદ્વારા અપમાનનું અને લુબ્ધપણાનું ઉદ્ભાવન કરીને પ્રતિબંધ (અટકાયત) કરનારને પ્રાયશ્ચિત થાય !

गणं कुलञ्चाह –

श्रुतस्थविरपरम्परानुयायी गणः । एकजातीयानेकगच्छसमूहः कुलम् ॥ ३० ॥

श्रुतेति । श्रुतेनागमेन स्थविरो वृद्धः श्रुतस्थविरस्तृतीयचतुर्थाङ्गधरस्साधुस्तत्परंपरानुगमनशीलो गण इत्यर्थः, श्रुतेति विशेषणेन वयसा पर्यायेण वा वृद्धस्य न ग्रहणम् । वयस्स्थविरस्सप्तत्यादिवर्षजीवितः, पर्यायस्थविरः यस्य दीक्षितस्य विंशत्यादीनि वर्षाणि गतानि सः, पदेन स्थविरस्तु प्रवर्तितव्यापारान् संयमयोगेषु सीदतस्साधून् ज्ञानादिष्वैहिकाऽऽमुष्मिकापायदर्शनतः स्थिरीकर्त्ता, कुलसमुदायो वा गणो भाव्यो यथा कौटिकादिः, कुलमाह एकजातीयेति, बहूनां गच्छानामेकजातीयानां समूहः कुलमित्यर्थो यथा चान्द्रादि । गच्छस्सुविहितमुनिवृन्दरूप एकाचार्यप्रणीतो जघन्यतस्त्रिपुरुषप्रमाणः साधुसमुदायरूपत्वात् चतुःपञ्चप्रभृतिपुरुषसंख्याका मध्यमा गच्छः, द्वात्रिंशत्सहस्राण्येकस्मिन् गच्छे साधूनामुत्कृष्टा संख्या यथा श्रीऋषभस्वामिप्रथमगणधरस्य भगवतो ऋषभसेनस्य । अशुभफलप्रदत्वादसदाचारगच्छसंवासपरिहारपूर्वकं परमशुभफलदत्वादिहपरलोकहितार्थं सदाचारगच्छसंवासः कार्यः । तत्र वसतां हि महती निर्जरा भवति, सारणावारणाचोदनादिभिर्दोषावाप्तेरभावात् विस्मृते क्वचित्कर्त्तव्ये भवतेदं न कृतमिति सारणा, अकर्त्तव्यानां निषेधो वारणा, संयमयोगेषु स्खलितास्याऽयुक्तमेतद्भवादृशामित्यादिस्वरमधुरवचनैः प्रेरणं चोदना । षड्विधाना जीवानां बाधा मरणान्तेऽपि यत्र करणत्रयैर्न क्रियते मुनिभिस्स गच्छ इति ॥

ગણનું અને કુલનું વર્ણન

ભાવાર્થ – "શ્રુતસ્થવિરની પરંપરાનો અનુયાયી 'ગણ' કહેવાય છે. એક જાતિના અનેક ગચ્છોનો સમુદાય 'કુલ' કહેવાય છે."

विवेचन – श्रुत એટલે આગમથી સ્થવિર-વૃદ્ધ-શ્રુતસ્થવિર, ત્રીજા અને ચોથા અંગને ધારણ કરનાર સાધુ. તેની પરંપરાનો અનુગામી 'ગણ' કહેવાય છે. 'શ્રુત' એવા વિશેષણથી વયથી કે પર્યાયથી વૃદ્ધનું ગ્રહણ નથી. સીત્તેર આદિ વર્ષના આયુષ્યવાળો 'વયસ્થવિર' કહેવાય છે. જે દીક્ષિતના વીસ આદિ વર્ષો ગયેલા છે, તે 'પર્યાયસ્થવિર' કહેવાય છે. પદની અપેક્ષાએ સ્થવિર તો પ્રવર્તિત વ્યાપારવાળા સંયમયોગોમાં સીદાતા સાધુઓને જ્ઞાન આદિમાં પરલોકના, આલોકના અપાયના દર્શનથી સ્થિર કરનાર, અથવા કુલનો સમુદાય તે ગણ. જેમ કે-કૌટિક આદિ. કુલને કહે છે કે-એક જાતિવાળા ઘણા ગચ્છોનો સમૂહ, એ 'કુલ.' જેમ કે-ચાંદ્રકુલ આદિ.

○ સુવિહિત મુનિસમુદાયરૂપ એક આચાર્યથી રચેલ ગચ્છ કહેવાય છે. જઘન્યથી ત્રણ સાધુઓના સમુદાયરૂપ છે. ચાર-પાંચ આદિ સાધુઓની સંખ્યાવાળા મધ્યમ ગચ્છો કહેવાય છે. એક ગચ્છમાં બત્રીશ હજાર સાધુઓની ઉત્કૃષ્ટ સંખ્યા. જેમ શ્રી ઋષભદેવસ્વામિના પ્રથમ ગણધરભગવાન શ્રી ઋષભસેનની બત્રીશ હજાર સાધુઓની સંખ્યા ઉત્કૃષ્ટ જાણવી.

○ અશુભ ફળને આપનાર હોઈ, અસદ્ આચારવાળા ગચ્છમાં સંવાસના પરિહારપૂર્વક પરમ શુભ ફળને આપનાર હોઈ આલોક-પરલોકના હિત માટે સદ્આચરણવાળા ગચ્છમાં સંવાસ કરવો જોઈએ. ખરેખર, શોભનગચ્છમાં વસનારાઓને મોટી કર્મનિર્જરા થાય છે. સારણા-વારણા-પ્રેરણા આદિથી દોષની પ્રાપ્તિનો અભાવ થવાથી, ભૂલાઈ ગયેલા ક્વચિત્ કર્ત્તવ્યમાં 'આપે આ કર્યું નથી,'-આ પ્રમાણેની 'સા(સ્મા)રણા' કહેવાય છે. અકર્ત્તવ્યોનો નિષેધ 'વારણા' કહેવાય છે. સંયમના યોગોમાં સ્ખલના પામેલાને આ આપ જેવાઓને અયુક્ત છે. ઇત્યાદિ સ્વરવાળા મધુર વચનોથી પ્રેરણા કરવી, એ 'ચોદના' કહેવાય છે. છ જીવનિકાયોની બાધા, મરણાન્તમાં પણ જે ગચ્છમાં કરવા-કરાવવા-અનુમોદવારૂપ ત્રણ કરણોથી મુનિઓથી કરાતી નથી, તે શોભનગચ્છ 'ગચ્છ' કહેવાય છે.

अथ संघमाह –

ज्ञानदर्शनचरणगुणवान् श्रमणादिः सङ्घः ॥ ३१ ॥

ज्ञानदर्शनेति । गुणरत्नपात्रभूतसत्त्वसमूहः सङ्घः कोऽयं समूहः तादृश इत्यत्राह श्रमणादिरिति, आदिना श्रमणीश्रावकश्राविकानां ग्रहणम् । श्राम्यन्ति तपस्यन्तीति श्रमणाः । श्रृण्वन्ति जिनवचनमिति श्रावकाः[१] । तीर्थङ्करवन्दनीयं सङ्घं ज्ञानादिगुणरूपं न तिरस्कुर्यात् सङ्घाद्बहिष्करणभयेन श्रुतकेवलिनापि सङ्घो मानितः तस्मात्सङ्घः पूज्य इति ॥

१. श्रावकत्वं न श्रवणमात्रनिबन्धनं, तथा च सति श्रोत्रेन्द्रियलब्धिमतां सर्वेषां श्रावकत्वं स्यादित्यत्रोक्तं जिनवचनमिति, जिनवचनमाप्तागमो न पुनरनाप्तागमः तस्याप्रमाणत्वेन परलोकहितत्वासम्भवाच्छ्रवणवैयर्थ्यापत्तेः, तत्रापि साक्षात्परलोकहितं ग्राह्यं, तेन ज्योतिषप्राभृतिकादेरभिप्रायविशेषेण परलोकहितत्वेऽपि न क्षतिः, श्रवणमपि न प्रत्यनीकादिभावेन, तेन तथा श्रृण्वतां न श्रावकत्वप्रसङ्गः । उपयोगपूर्वकमित्यपि विवक्षणीयम्, तेनानुपयोगेन श्रृण्वतो व्यवच्छेदः । इदञ्च श्रावकत्वमत्युत्कटज्ञानावरणमिथ्यात्वादिविनाशाल्लभ्यत इति ॥

સંઘનું સ્વરૂપ

ભાવાર્થ – "જ્ઞાન-દર્શન-ચારિત્રગુણવાળો શ્રમણાદિ 'સઙ્ઘ' કહેવાય છે."

વિવેચન – ગુણરૂપી રત્નોના પાત્રભૂત પ્રાણિસમૂહ સંઘ છે, તો તેવો આ સમૂહ કયો છે ? આના જવાબમાં કહે છે કે- 'શ્રમણાદિ ।' આદિપદથી સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓનું ગ્રહણ છે. તપસ્વીઓ શ્રમણ કહેવાય છે. જિનવચનને શ્રવણ કરનારા શ્રાવકો કહેવાય છે. (શ્રાવકપણું શ્રવણ માત્ર કારણથી જન્ય નથી. આમ હોયે છતે, જો શ્રવણ કરનાર માત્ર શ્રાવક કહેવાય, તો શ્રોત્રેન્દ્રિય લબ્ધિવાળા સઘળા જીવોમાં શ્રાવકપણાનો પ્રસંગ થઈ જાય ! માટે અહીં કહેલું છે જિનવાણીને શ્રવણ કરનાર 'શ્રાવક' કહેવાય. જિનવચન એટલે આપ્ત આગમ, પરંતુ અનાપ્ત આગમ નહિ; કેમ કે-અનાપ્તાગમનું અપ્રમાણપણું હોઈ પરલોકહિતકારીપણાનો અસંભવ હોવાથી શ્રવણની વ્યર્થતાની આપત્તિ છે. ત્યાં પણ સાક્ષાત્ પરલોકહિતકારી લેવું. તેથી જ્યોતિષ-પ્રાભૃતિક આદિમાં અભિપ્રાયવિશેષથી પરલોકહિતપણું છતાં ક્ષતિ નથી. શ્રવણ પણ પ્રત્યનિક આદિ ભાવથી નહિ, તેથી તે પ્રકારે સાંભળનારાઓને શ્રાવકપણાનો પ્રસંગ નથી. ઉપયોગપૂર્વકની વિવક્ષા કરવી, તેથી અનુપયોગથી સાંભળનારનો વ્યવચ્છેદ છે : અને આ શ્રાવકપણું અતિ ઉત્કટ જ્ઞાનાવરણ, મિથ્યાત્ત્વ આદિના વિનાશથી પ્રાપ્ત થાય છે.) તીર્થંકરથી વંદનીય, જ્ઞાનાદિ ગુણરૂપ સંઘનો તિરસ્કાર નહિ કરવો જોઈએ. સંઘથી બહિષ્કારના ભયથી શ્રુતકેવલીએ પણ સંઘ માનેલો છે, તેથી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘ પૂજ્ય જ છે.

अथ साधुस्वरूपमाचष्टे –

ज्ञानादिपौरुषेयशक्तिभिर्मोक्षसाधकः साधुः ॥ ३२ ॥

ज्ञानादीति । ज्ञानदर्शनचारित्रक्रियोपेतो मोक्षमार्गव्यवस्थितस्साधुरित्यर्थः, शास्त्रोक्तगुणी साधुर्न शेषास्तद्गुणरहितत्वात् व्यतिरेकतस्सुवर्णवत् सुवर्णं हि विषघाति रसायनं वयस्स्तम्भनं मङ्गलप्रयोजकं कटकादियोग्यतया प्रदक्षिणावर्त्तमग्नितप्तं प्रकृत्या गुरु सारतयाऽदाह्यं सारतयैवाकुथनीयमित्यसाधारणाष्टगुणविशिष्टं तथैव साधुरपि मोहविषघातकः केषांचिद् वैद्योपदेशाद्रसायनं भवति, अत एव परिणतान्मुख्यं गुणतश्च मङ्गलार्थं करोति प्रकृत्या विनीतः सर्वत्र मार्गानुसारिप्रदक्षिणावर्त्तता गम्भीरश्चेतसा गुरुः क्रोधाग्निनाऽदाह्यस्सदोचितेन शीलभावेनाकुथनीयश्च भवति तथा च यथा निखिलगुणयुक्तमेव सुवर्णं तात्त्विकं, न तु नामरूपमात्रेण गुणेन युक्तं, तथैव शास्त्रोदितमूलगुणैरेव साधुर्भवति, न पुनर्गुणरहितस्सन् यो भिक्षामटति स इति ॥

સાધુસ્વરૂપનું વર્ણન

ભાવાર્થ – "જ્ઞાન આદિ પૌરુષેય (આત્મીય) શક્તિઓથી મોક્ષસાધક 'સાધુ' કહેવાય છે."

विवेचन – જ્ઞાન-દર્શન-ચારિત્રક્રિયાથી સંયુક્ત, મોક્ષમાર્ગમાં વ્યવસ્થિત 'સાધુ', શાસ્ત્રકથિત ગુણવાળો સાધુ કહેવાય છે. વ્યતિરેકની અપેક્ષાએ તે ગુણોથી રહિત કોઈ સાધુ નથી. જેમ કે-સુવર્ણ. ખરેખર, વિષઘાતી, રસાયન, વય(જુવાની)નું સ્તંભન, મંગલનું સાધન, કટક (કંકણ) આદિ યોગ્યતાથી પ્રદક્ષિણાવર્તે અગ્નિમાં તપાવેલ, પ્રકૃતિથી ગુરુ (ભારે) સાર રૂપે અદાહ્ય (ન બાળી શકાય એવું) અને સારરૂપ હોઈ અકુથનીય (ખરાબ ગંધ નહિ આવે એવું), આવા અસાધારણ આઠ ગુણોથી વિશિષ્ટ સુવર્ણ છે. તેવી રીતે સાધુ પણ મોહના વિષનો ઘાતી હોય છે. વૈદ્યના ઉપદેશથી ધાતુવાદીઓથી કેટલીક ધાતુઓનું સુવર્ણ, અથવા સુવર્ણનું રસાયન બને છે. એથી જ પરિણત થવાથી મુખ્ય અને ગુણથી મંગલ કાર્ય કરે છે. પ્રકૃતિથી વિનીત, સઘળે ઠેકાણે માર્ગાનુસારી, અતિ સફળ આવર્તતા(વર્તન)થી ગંભીર, મનથી મોટો, ક્રોધાગ્નિથી અદાહ્ય અને સદા ઉચિત શીલભાવથી સુગંધીદાર થાય છે. તથાચ જેમ સકળ ગુણથી યુક્ત જ સુવર્ણ તાત્ત્વિક કહેવાય છે, પરંતુ નામ માત્રથી સુવર્ણ સત્ય કહેવાય નહિ. તેવી રીતે જ શાસ્ત્રકથિત મૂલગુણોથી જ સાધુ હોય છે, પરંતુ ગુણ વગરનો હોતો જે માત્ર ભિક્ષા માટે ફરે છે, તે સાધુ કહેવાતો નથી.

इदानीं समनोज्ञमाह –

एकसामाचारीसमाचरणपरस्साधुः समनोज्ञः ॥ ३३ ॥

एकेति । समाचरणं समाचारः, शिष्टाचरितक्रियाकलापः, तद्भावष्यन्तेन स्त्रीत्वविवक्षायां ङीषि सामाचारीति पदसिद्धिः, सा च त्रिधा ओधसामाचारी दशविधसामाचारी पदविभाग-सामाचारी चेति । संक्षेपतः क्रियाकलापः ओघसामाचारी, इच्छाकारादिलक्षणा दशविध-सामाचारी, पदविभागसामाचारी छेदसूत्राणीति तत्रैकस्यां सामाचार्य्यां वर्त्तमानस्साधुः समनोज्ञ इत्यर्थः ॥

समनोज्ञनुं स्वरूप

ભાવાર્થ – "એક સામાચારીના આચરણમાં પરાયણ સાધુ 'સમનોજ્ઞ' કહેવાય છે."

વિવેચન – સમ આચાર સમાચાર કહેવાય છે. અર્થાત્ શિષ્ટોએ આચરેલ ક્રિયાકલાપ, તેનો ભાવ, તે 'સમાચારી' કહેવાય છે. ઓઘસામાચારી, દશવિધસામાચારી અને પદવિભાગસામાચારીરૂપે તે સામાચારી ત્રણ પ્રકારની છે. સંક્ષેપથી ક્રિયાકલાપ 'ઓઘસામાચારી' કહેવાય છે. (ત્યાં ઓઘસામાચારી, નવમા પૂર્વના આચારનામક તૃતીય વસ્તુના પણ વીસમા પ્રાભૃતના પણ ઓઘપ્રાભૃત નિર્વૂઢા (સિદ્ધ-તૈયાર થયેલ) છે. આધુનિક દીક્ષિત-શ્રુતપરિજ્ઞાનશક્તિથી રહિત દીક્ષિતોના આયુષ્ય આદિના હ્રાસની અપેક્ષા રાખીને, અત્યંત સમીપમાં કરેલ સંક્ષેપથી ક્રિયાકલાપ 'ઓઘસામાચારી' કહેવાય છે. દશવિધસામાચારી તો છવીશમા

१. तत्रौघसामाचारी नवमात्पूर्वात् तृतीयाद्वस्तुन आचाराभिधानात्तत्रापि विंशतितमात्प्राभृतात् तत्राप्योघ-प्राभृतात् निर्व्यूढेति, एतदुक्तं, भवति साम्प्रतकालप्रव्रजितानां तावच्छ्रुतपरिज्ञानशक्तिविकलानामायुष्कादि-ह्रासमपेक्ष्य प्रत्यासन्नीकृतेति । दशविधसामाचारी पुनः षड्विंशतितमादुत्तराध्ययनात्स्वल्पतरकालप्रव्रजित-परिज्ञानार्थं निर्व्यूढेति । पदविभागसामाचार्य्यपि छेदसूत्रलक्षणान्नवमपूर्वादेव निर्व्यूढेति ॥

ઉત્તરાધ્યયનથી સ્વલ્પતર કાળપ્રવ્રજિતના પરિજ્ઞાન માટે તૈયાર કરેલ છે. પદવિભાગસામાચારી પણ છેદસૂત્રરૂપ નવમા પૂર્વમાંથી જ તૈયાર કરેલ છે.) ઇચ્છાકાર આદિ લક્ષણવાળી 'દશવિધસામાચારી' કહેવાય છે. પદવિભાગસામાચારી એટલે છેદસૂત્રો કહેવાય છે. આવી રીતે ત્યાં એક સામાચારીમાં વર્તમાન સાધુ 'સમનોજ્ઞ' કહેવાય છે.

अथ ब्रह्मचर्यगुप्तिमाह –

वसतिकथानिषद्येन्द्रियकुड्यान्तरपूर्वक्रीडितप्रणीतातिमात्राऽऽहारभूषणगुप्तिभेदेन ब्रह्मचर्यगुप्तिर्नवधा ॥ ३४ ॥

वसतीति । भूषणान्तं द्वन्द्वस्ततो गुप्त्या तत्पुरुषः । ब्रह्मचर्यगुप्तिर्मैथुनविरतिव्रतस्य रक्षाप्रकारः, नवविधगुप्तिसेवनाद्धि सर्वकालं प्रमादरहितस्सन्नप्रतिबद्धविहारितया गुप्तीर्ब्रह्मचारी चरेदिति ॥

બ્રહ્મચર્યની ગુપ્તિ(વાડ)નું વર્ણન

ભાવાર્થ – "वसतिगुप्ति-कथागुप्ति-निषद्यागुप्ति-ઇન્દ્રિયગુપ્તિ-कुड्यांतरगुप्ति-पूर्वक्रीडितगुप्ति-प्रणीतगुप्ति-आहारगुप्ति અને ભૂષણગુપ્તિના ભેદથી બ્રહ્મચર્યની ગુપ્તિ નવ પ્રકારની છે."

વિવેચન – મૈથુનવિરતિના વ્રતનો, બ્રહ્મચર્યગુપ્તિએ રક્ષાના પ્રકાર છે. ખરેખર, નવ પ્રકારની ગુપ્તિના સેવનથી સર્વકાળ પ્રમાદ વગરનો હોતો, અપ્રતિબદ્ધ વિહારી બની, બ્રહ્મચારી ગુપ્તિઓનું પાલન કરે.

अथ वसतिगुप्तिमाह –

स्त्रीषण्डादिवासस्थानवर्जनं वसतिगुप्तिः ॥ ३५ ॥

स्त्रीति । स्त्रियो दिव्या मानुष्यो वा षण्डो महामोहकर्मा स्त्रीपुंससेवनाभिरतः आदिना पशवो ग्राह्याः तदाकीर्णवसतौ शयनासनादीन्युपभुञ्जानस्य ब्रह्मचारिणोऽपि सतो ब्रह्मचर्ये स्वस्य किमेतास्सेवे उत नेति परेषां वा किमसावेवंविधशयनासनादिसेवी ब्रह्मचार्य्युत नेति संशयस्समुपजायते, स्त्र्यादिभिरत्यन्तापहृतचित्तत्वाच्च विस्मृतसकलाप्तोपदेशस्य 'अस्मिन्नसारे संसारे सारं सारङ्गलोचन' त्यादिकुविकल्पान् विकल्पयतो मिथ्यात्वोदयतः कदाचिदेतत्परिहार एव तीर्थकृद्भिर्नोक्तः, एतदासेवने वा यो दोष उक्तस्स दोष एव न भवतीत्येवंरूपा विचिकित्सा स्यात्, धर्मं प्रत्यपि किमेतावतः कष्टानुष्ठानस्य फलं भविष्यति न वेति संशयः स्यात्, ततश्च केवलिप्रज्ञप्ताद्धर्माच्छ्रुतचारित्ररूपात् समस्ताद्भ्रश्येत् तस्मात्स्त्रीषण्डाद्याकीर्णतारहितानि शयनासनस्थानादीनि यः सेवते स एव निर्ग्रन्थो द्रव्यभावग्रन्थान्निष्क्रान्तत्वादतः तादृशशयनासनस्थानादिपरिवर्जनं वसतिगुप्तिरिति भावः ॥

वसतिनामक गुप्तिनुं कथन

ભાવાર્થ – "સ્ત્રી-નપુંસક આદિ નિવાસના સ્થાનનું વર્જન, એ 'વસતિગુપ્તિ' કહેવાય છે."

વિવેચન – દેવ સંબંધી કે મનુષ્ય સંબંધી સ્ત્રીઓ, ષણ્ડ એટલે મહા મોહકર્મવાળો, સ્ત્રી-પુરુષના સેવનમાં અભિરત નપુંસક, આદિથી પશુઓ લેવા, સ્ત્રી-પશુષણ્ડથી આકીર્ણ વસતિમાં શયન-આસન આદિના ઉપભોગને કરનાર 'બ્રહ્મચારી હોવા છતાંય, બ્રહ્મચર્યમાં પોતાને 'શું આ વસતિ આદિને હું સેવું કે નહિ ?-આવો સંશય, અથવા બીજાઓને શું આ આવા પ્રકારના શયન-આસન આદિ સેવી બ્રહ્મચારી છે કે નહિ ?-આવો સંશય થાય છે. વળી સ્ત્રી આદિથી અત્યંત અપહૃત ચિત્તવાળો હોઈ, સકળ આપ્તપુરુષના ઉપદેશનું વિસ્મરણ કરનારો, 'આ અસાર સંસારમાં સારભૂત સારંગ લોચના છે, ઇત્યાદિ કુવિકલ્પોના શીલ્પીને મિથ્યાત્ત્વનો ઉદય થવાથી, 'કદાચિત્ બ્રહ્મચર્યનો પરિહાર જ તીર્થંકરોએ કહેલો નથી, અથવા આ સ્ત્રી આદિના સેવનમાં જ દોષ કહેલો છે, તે દોષ જ નથી'-આવા પ્રકારની વિચિકિત્સા (સંશયવૃત્તિ) થાય. ધર્મ પ્રત્યે પણ શું આટલા બધા કષ્ટાનુષ્ઠાનનું ફળ મળશે કે નહિ ?- આવો સંશય થાય ! વળી તે કેવલીએ કહેલ સમસ્ત શ્રુતચારિત્રરૂપ ધર્મથી ભ્રષ્ટ થાય ! તેથી સ્ત્રીષણ્ડ આદિથી આકીર્ણતાથી રહિત શયન-આસન-સ્થાનોનું જે સેવન કરે છે, તે જ નિર્ગ્રન્થ છે, કેમ કે-દ્રવ્ય-ભાવ ગ્રંથિ(ગાંઠ)થી નીકળેલો છે. એથી તાદૃશ શયન-આસન-સ્થાન આદિનું પરિવર્જન, એ 'વસતિગુપ્તિ' કહેવાય છે.

कथागुप्तिमाह –

रागानुबन्धिस्त्रीसंलापचरित्रवर्णनपरित्यागः कथागुप्तिः ॥ ३६ ॥

रागेति । एकाकिनीनां स्त्रीणां रागानुबन्धिनस्सँल्लापाः, 'कर्णाटी सुरतोपचारचतुरा लाटी विदग्धप्रिये' त्यादिरूपाः कथाश्च ब्रह्मचर्यगुप्तिकामेन सर्वथा परित्याज्याः, अन्यथा पूर्वोदितरीत्या संशयादयो भवेयुः, देशजातिकुलनेपथ्यभाषागतिविभ्रमगीतहास्यलीलाकटाक्ष-प्रणयकलहशृङ्गाररसानुविद्धाः कामिनीनां कथा हि रागानुबन्धिन्यः, ता अवश्यमिह मुनीनामपि मनोविक्रियां नयन्तीति तासामपि परित्यागः[१] कार्य इति भावः ॥

कथागुप्तिनुं कथन

ભાવાર્થ – "રાગના અનુબંધી, સ્ત્રીઓના સંલાપો અને કથાઓના વર્ણનનો પરિત્યાગ, એ 'કથાગુપ્તિ' કહેવાય છે."

---

१. **यस्संयतः कषायादिप्रमादेन रागद्वेषवशं गतो न तु मध्यस्थः परिकथयति किञ्चित्सा विकथा, सा च न कथनीया, तथाविधपरिणामविशेषकारणत्वाद्वक्तृश्रोत्रोः, शृङ्गाररसेन मन्मथदीपिकया तयोत्तेजितश्चारित्रमोहनीय-कर्मोदयप्रयुक्तात्मपरिणामरूपो मोहो जायते तस्मात्स्वपरात्मनोरुभयोर्वा पापोपादानभूतां कथां न कुर्यादिति तथा च तपस्संयमगुणधारिणश्चरणताः तां कथां कथयेयुर्या सर्वजीवहितकरा निर्जराख्यफलसाधना कर्तृणां श्रोतृणामपि चेतः कुशलपरिणामनिबन्धनेति ॥**

विवेचन – એકલી સ્ત્રીઓના રાગના અનુબંધીસંલાપો. જેમ કે-'કર્ણાટકની નારી સુરતના ઉપચારમાં ચતુર હોય છે, લાટદેશની નારી વિદગ્ધ પ્રિય હોય છે,' ઇત્યાદિરૂપ સંલાપો અને કથાઓનો બ્રહ્મચર્યગુપ્તિના ઇચ્છુકે સર્વથા પરિત્યાગ કરવો જોઈએ. અન્યથા, પૂર્વકથિત રીતિથી સંશય વગેરે થાય. દેશ-જાતિ-કુળ-વેષ-ભાષા-ગતિ-વિભ્રમ-વિલાસ-ગીત-હાસ્ય-લીલા-કટાક્ષ-પ્રણય-કલહ અને શૃંગારરસથી અનુવિદ્ધ કામિનીઓની કથાઓ ખરેખર રાગપરંપરાજનક છે. તે કથાઓ અવશ્ય અહીં મુનિઓના મનને પણ વિકારમાં લઈ જાય છે, માટે તે કથાઓનો પણ પરિત્યાગ કરવો. (જે સાધુ કષાય આદિના પ્રમાદથી રાગ-દ્વેષને વશ થયેલો, મધ્યસ્થતા વિનાનો વિકથાને કહે છે, તે વિકથા કહેવાયોગ્ય નથી; કેમ કે-તથાવિધ પરિણામવિશેષ વક્તા અને શ્રોતામાં કારણ થાય છે. શૃંગારરસથી કામદેવની દીપિકા તે વિકથાથી ઉત્તેજિત, ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જન્ય આત્માનો વિશિષ્ટ પરિણામરૂપ મોહ થાય છે. તેથી સ્વ-પર આત્મક ઉભયના પાપના ઉપાદાનભૂત કથા ન કરવી જોઈએ. તથાચ તપ-સંયમ-ગુણધારીઓ, ચારિત્રપરાયણો તેવી કથા કહે, કે જે સર્વ જીવ હિત કરનારી, નિર્જરાનામક ફળના સાધનભૂત, તેમજ કર્ત્તા અને શ્રોતાઓના પણ ચિત્તના કુશળ પરિણામના મૂળ કારણભૂત થાય !)

निषद्यागुप्तिमाह –

स्त्र्यासनपरिवर्जनं निषद्यागुप्तिः ॥ ३७ ॥

स्त्रीति । स्त्रीणां यदासनं यत्र ताभिस्सह नोपविशेदुत्थितास्वपि मुहूर्त्तं तत्र नोपवेष्टव्यमिति सम्प्रदायः, यश्चैवंविधस्स निर्ग्रन्थः, अन्यथोक्तदोषप्रसङ्गः स्यादतस्तदासनं सर्वथा परिहरणीयमिति भावः ॥

निषद्यागुप्तिनुं वर्णन

ભાવાર્થ – "સ્ત્રીના આસનનું પરિવર્જન, એ 'નિષદ્યાગુપ્તિ' કહેવાય છે."

વિવેચન – સ્ત્રીઓનું જે આસન છે, ત્યાં તે સ્ત્રીઓની સાથે બેસવું ન જોઈએ. તે સ્ત્રીઓના ઉઠ્યા બાદ પણ બે ઘડી સુધી (મુહૂર્ત્ત પર્યન્ત) ત્યાં બેસવું ન જોઈએ. આવો સંપ્રદાય છે. જે આવા પ્રકારકનો છે, તે નિર્ગ્રંથ કહેવાય છે. અન્યથા, કહેલા દોષનો પ્રસંગ થાય ! એથી તે આસન સર્વથા છોડવા જેવું છે.

इन्द्रियगुप्तिं कुड्यान्तरगुप्तिञ्चाह –

रागप्रयुक्तस्त्र्यङ्गोपाङ्गविलोकनत्यजनमिन्द्रियगुप्तिः । एककुड्यन्तरितमैथुनशब्दश्रवणस्थानपरित्यागः कुड्यन्तरगुप्तिः ॥ ३८ ॥

रागेति । अनुरागेण वनितानामङ्गोपाङ्गानां निरीक्षणत्यागः कार्यः, तासां नयननासिकादीनि निरीक्षितमात्राण्यपि चेतो हरन्ति तथा दर्शनानन्तरं विभाव्यमानानि चेतो दूषयन्ति, ततस्तेषां सम्यग्दर्शनं ततश्चाहो ! सलवणत्वं लोचनयोः, ऋजुत्वं नासावंशस्येत्येवं विचिन्तनञ्च

ब्रह्मचर्यभङ्गप्रसङ्गेन नैव कार्यमिति भावः । कुड्यान्तरगुप्तिमाह एकेति, कुड्यं कटादिरचितं पक्वेष्टकादिनिर्मिता वा भित्तिः तयाऽन्तरितेऽपि स्थाने यत्र विविधविहगादिभाषया अव्यक्त-शब्दः सुरतसमयभावी रुदितशब्दः रतिकलहादिरूपः मानिनीकृतः गीतशब्दो वा पञ्चमादिहुं-कृतिरूपो हसितशब्दो वा श्रूयते तादृशस्थानपरित्यागः कार्यं इति भावः ॥

ઈન્દ્રિય અને કુડ્યાન્તરગુપ્તિનું કથન

ભાવાર્થ – "રાગપૂર્વક સ્ત્રીના અંગ-ઉપાંગના દર્શનનો ત્યાગ, એ 'ઈન્દ્રિયગુપ્તિ' કહેવાય છે. એક ભીંતના અંતરમાં રહેલના મૈથુન શબ્દના શ્રવણના સ્થાનનો પરિત્યાગ, એ 'કુડ્યાન્તરગુપ્તિ' કહેવાય છે."

વિવેચન – "અનુરાગપૂર્વક સ્ત્રીઓના અંગ-ઉપાંગોના નિરીક્ષણનો ત્યાગ કરવો જોઈએ. તે સ્ત્રીઓના નયન-નાસિકા આદિ દર્શન માત્રથી પણ ચિત્તનું હરણ કરે છે, તેમજ દર્શન બાદ સ્મરણપટમાં આવતાવેંત ચિત્તને દૂષિત કરે છે. તેથી તે નયન આદિનું સારી પેઠે દર્શન, ત્યારબાદ અહો ! બે નયનોનું લાવણ્ય, નાસિકારૂપી વંશનું સરળપણું, આ પ્રમાણેનું વિચિંતન બ્રહ્મચર્યના ભંગનો પ્રસંગ આવવાથી નહિ કરવું જોઈએ. કુડ્યાન્તરગુપ્તિને કહે છે કે-કુડ્ય એટલે ચટાઈ વગેરેથી બનાવેલ અથવા પાકી ઈંટોથી બનાવેલ ભીંત, તે ભીંતથી અંતરિત એવા પણ સ્થાનમાં જ્યાં વિવિધ પંખી આદિની ભાષાથી અવ્યક્ત શબ્દ, સુરત સમયમાં થનાર રૂદનનો શબ્દ, રતિ-કલહ આદિ રૂપ માનિનીએ કરેલો ગીત શબ્દ, પંચમાદિ સ્વરરૂપ 'હું' કારરૂપ હસવાનો શબ્દ સંભળાય, તેવા સ્થાનનો પરિત્યાગ કરવો જોઈએ.

पूर्वक्रीडितप्रणीतगुप्ती प्राह –

प्राक्तनक्रीडास्मरणवैधुर्यं पूर्वक्रीडितगुप्तिः । अतिस्निग्धमधुराद्याहारपरिहारः प्रणीतगुप्तिः ॥ ३९ ॥

प्राक्तनेति । पूर्वं गृहस्थावस्थाकाले स्त्र्यादिभिस्सह विषयानुभवस्य कृतस्य दुरोदरादिरमणस्य चानुचिन्तना न विधेया तथाच सति ब्रह्मचर्यरक्षणं भवेदिति भावः । अथ प्रमीतगुप्तिमाह अतिस्निग्धेति, गलत्स्नेहरसमत्यन्तधातूद्रेककारिणमाहारं पानभोजनादिकं वर्जयेदित्यर्थः ॥

પૂર્વક્રિડીત અને પ્રણીતગુપ્તિનું વર્ણન

ભાવાર્થ – "પૂર્વકૃત ક્રીડાના સ્મરણનો અભાવ, એ 'પૂર્વક્રીડિતગુપ્તિ' કહેવાય છે. અતિ સ્નિગ્ધ-મીઠા વગેરે આહારનો પરિહાર, એ 'પ્રણીતગુપ્તિ' કહેવાય છે."

વિવેચન – પૂર્વે ગૃહસ્થ અવસ્થાના કાળમાં સ્ત્રી આદિની સાથે કરેલ વિષયના અનુભવનો અને સ્ત્રી આદિની સાથે કરેલ જુગટું (જુગાર) આદિના રમણનો વિચાર નહિ કરવો જોઈએ. તેથી બ્રહ્મચર્યનું રક્ષણ થાય છે. હવે પ્રણીતગુપ્તિને કહે છે કે - 'अतिस्निग्धेति' । ગળતા, ચીકણા રસવાળા, અત્યંત ધાતુની વૃદ્ધિ કરનાર અને પાન-ભોજનાદિરૂપ આહારનું વર્જન કરવું જોઈએ.

आहारगुप्तिं भूषणगुप्तिञ्चाह —

मानाधिकाऽऽहारपरिवर्जनमतिमात्राहारगुप्तिः । स्नानविलेपनादिशरीरशुश्रूषावर्जनं भूषणगुप्तिः ॥ ४० ॥

मानाधिकेति । पुरुषस्य कवलपरिमाणं द्वात्रिंशत्कवलाः स्त्रियाः पुनरष्टाविंशतिः, ततोऽप्यधिकतया पानभोजनादिसंसेवनं ब्रह्मक्षतिकारित्वाच्छरीरपीडाकरत्वाच्चावश्यं त्याज्यं, केवलं संयमनिर्वाहार्थं चित्तस्वास्थ्योपेतो भुञ्जीत न तु रागद्वेषवशगः सर्वकालमतिमात्राहारस्य दुष्टत्वात्, कदाचित्तु कारणतोऽतिमात्राहारो न दुष्ट इति । भूषणगुप्तिमाह स्नानेति, शरीरोपकरणादीनां विभूषार्थं युवतिजनमनस्तोषार्थं संस्कारो न विधेयः, अन्यथा स्त्रीजनाभिलषणीयत्वात्तस्य ब्रह्मचर्ये शंका स्यात्, उज्ज्वलवेषपुरुषदर्शनेन युवतीनां कामोद्रेकात्, किमेतास्तावदित्थं प्रार्थयमाना उपभुञ्जे, आयतौ तु यद्भावि तद्भवतु उतश्चित् कष्टानि शाल्मकीश्लेषादयो नरक एतद्विपाका इति परिहरामि वेत्येवं रूपो वितर्कः स्यात्तस्माद्भिक्षुर्धर्मारामो धृतिमान् दान्तश्शङ्कास्थानभूतानेतान् आज्ञाऽनवस्थामिथ्यात्वविराधनादोषान्विचिन्तयन् ब्रह्मचर्ये समाहितो भवेत्, तथाविधञ्च तं देवदानवगन्धर्वयक्षरक्षः किन्नरादयोऽपि नमस्यन्ति, अयञ्चाष्टादशविधो ब्रह्मचर्यधर्मः परप्रवादिभिरप्रकम्प्यतया ध्रुवः, अप्रच्युतानुत्पन्नस्थिरैकस्वभावत्वान्नित्यो द्रव्यार्थतया, शश्वदन्यान्यरूपतयोत्पादात्पर्यायार्थतयापि शाश्वतः जिनैः प्रतिपादितः, अनेन ब्रह्मचर्येण पुरा अनन्तासूत्सर्पिण्यवसर्पिणीषु महाविदेहे तत्कालापेक्षया इहापि वा सिद्धाः सिद्ध्यन्ति अनागताद्धायाञ्च सेत्स्यन्तीति सर्वोत्तमोऽयमिति ॥

આહાર અને ભૂષણગુપ્તિનું સ્વરૂપ

ભાવાર્થ – "પરિમાણથી અધિક આહારનું પરિવર્જન, એ 'અતિમાત્રાહારગુપ્તિ' કહેવાય છે. સ્નાન-વિલેપન આદિ શરીરશુશ્રૂષાનું વર્જન, એ 'ભૂષણગુપ્તિ' કહેવાય છે."

વિવેચન – પુરુષના કવલ(કોળિયા)નું પરિમાણ બત્રીશ કોળિયા છે અને સ્ત્રીના કોળિયાનું પરિમાણ અઠ્ઠાવીશ કોળિયા છે. તેનાથી અધિકપણાએ પાન-ભોજન આદિનું સંસેવન બ્રહ્મચર્યની ક્ષતિ કરનાર હોઈ અને શરીરની પીડા કરનાર હોઈ તેનો અવશ્ય ત્યાગ કરવો યોગ્ય છે. ફક્ત સંયમના નિર્વાહ માટે ચિત્તની સ્વસ્થતા સહિત ભોજન કરવું જોઈએ પરંતુ રાગ-દ્વેષને વશ બની નહિ ખાવું જોઈએ, કેમ કે-સર્વકાળમાં

---

१. 'दिव्यात्कामरतिसुखात्त्रिविधं त्रिविधेन विरतिरिति नवकम् । औदारिकादपि तथा तद्ब्रह्माष्टादशविकल्पमि' त्यष्टादशविधं ब्रह्मचर्यम् तदेतत्सर्वस्त्रीणां मनोवाक्कायैस्सर्वथा संगत्यागस्सर्वतो ब्रह्मचर्यम्, संयमिनां, एष्वेव देशतस्स्वदारसंतोषरूपं देशतो देशविरतानाम् । व्रतेषु प्रधानं, उक्तञ्च व्रतानां ब्रह्मचर्यं हि निर्दिष्टं गुरुकं व्रतं । तज्जन्यपुण्यसम्भारसंयोगादुरुरुच्यते इति । तीर्थान्तरीयैरप्युक्तं, 'एकतश्चतुरो वेदा ब्रह्मचर्यञ्च एकतः । एकतस्सर्वपापानि, मद्यं मांसञ्च एकतः' इति ॥

અતિમાત્ર આહાર દુષ્ટ છે, જ્યારે કદાચિત્ કારણવશાત્ અતિમાત્ર આહાર દુષ્ટ નથી. ભૂષણગુપ્તિને કહે છે કે- 'स्नाने'ति । શરીર-ઉપકરણ આદિની શોભા માટે યુવતિજનના મનના સંતોષ માટે સંસ્કાર કરવો જોઈએ નહિ. અન્યથા, સ્ત્રીજનના અભિલાષાનો વિષય થવાથી તેના બ્રહ્મચર્યમાં શંકા થાય ! ઉજ્જવળ વેષવાળા પુરુષના દર્શનથી યુવતિઓને કામનો આવિર્ભાવ થાય ! આ પ્રમાણે પ્રાર્થના કરતી આ સ્ત્રીઓને શું હું ભોગવું ? ભવિષ્યમાં જે થવાનું હોય તે થાય ! અથવા કષ્ટો-શાલ્મલીવૃક્ષના આશ્લેષ આદિરૂપ નરકમાં આ વિપાકો ભોગવવા પડશે, તો સ્ત્રીસંબંધને પરિહરું, આવા પ્રકારનો વિતર્ક થાય ! તેથી ધર્મરૂપ આરામવાળો, ધૈર્યવાળો, દમનવાળો અને શંકાના સ્થાનભૂત આ, આજ્ઞાભંગ-અનવસ્થા-મિથ્યાત્વ-વિરાધના વગેરે દોષોનું ચિંતન કરનારો ભિક્ષુ બ્રહ્મચર્યમાં સમાધિવાળો થાય ! વળી તથાપ્રકારના તે ભિક્ષુને દેવ-દાનવ-ગંધર્વ-યક્ષ-રાક્ષસ-કિંનર આદિ પણ નમસ્કાર કરે છે. આ અઢાર પ્રકારનો બ્રહ્મચર્યધર્મ પરપ્રવાદિઓથી અપ્રકંપ્ય હોઈ ધ્રુવ છે. (દિવ્ય કામ-રતિસુખથી ત્રિવિધ ત્રિવિધ વિરતિ. આ પ્રમાણે નવક(નવનો સમુદાય) ઔદારિકથી પણ તથા બ્રહ્મનવક-એમ અઢાર ભેદવાળું બ્રહ્મચર્ય છે. અર્થાત્ સઘળી સ્ત્રીઓનો મન-વચન-કાયાથી સર્વથા સંગનો ત્યાગ 'સર્વતો બ્રહ્મચર્ય' કહેવાય છે. આ 'સર્વતો બ્રહ્મચર્ય' સંયમીઓને હોય છે. આ અઢાર પ્રકારોમાં દેશથી સ્વસ્ત્રીસંતોષરૂપ બ્રહ્મચર્ય દેશથી દેશવિરતોને હોય છે. વ્રતોમાં પ્રધાન, ખરેખર, વ્રતોમાં બ્રહ્મચર્ય ગુરુ તરીકે નિર્દેશેલ છે. તે શુદ્ધ બ્રહ્મચર્યજન્ય પુણ્યસમુદાયના સંયોગથી 'ગુરુ' કહેવાય છે. જૈનેતરોએ પણ કહ્યું છે કે-'એક બાજુ બ્રહ્મચર્ય અને એક બાજુ ચાર વેદો સમાન છે, તેમજ એક બાજુ સર્વ પાપો તથા એક બાજુ મદ્ય અને માંસ સમાન છે.' અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિરૈક-સ્વભાવ હોવાથી દ્રવ્યાર્થની અપેક્ષાએ નિત્ય-હંમેશાં પરસ્પરરૂપપણાએ ઉત્પત્તિ હોવાથી, પર્યાયાર્થપણાએ (ગુણ-ગુણી બ્રહ્મચર્ય-આત્મામાં દ્રવ્યપર્યાયથી) પણ શાશ્વત બ્રહ્મચર્યધર્મ જિનોએ કહેલો છે. આ બ્રહ્મચર્યથી પહેલાંના કાળમાં અનંત ઉત્સર્પિણી-અવસર્પિણીઓમાં મહાવિદેહમાં વર્તમાનકાળની અપેક્ષાએ, અથવા અહીં પણ 'परब्रह्मैककारणं' એ સૂત્રથી ભૂતકાળમાં સિદ્ધ થયા છે, વર્તમાનમાં સિદ્ધ થાય છે અને ભવિષ્યકાળમાં સિદ્ધ થશે, માટે આ બ્રહ્મચર્યધર્મ સર્વશ્રેષ્ઠ છે.

अथ ज्ञानादि निरूपयति —

ज्ञानदर्शनचरणभेदतो ज्ञानादि त्रिविधम् । कर्मक्षयोपशमसमुत्थावबोधतद्धेतु द्वादशाङ्गाद्यन्यतरत् ज्ञानम् । तत्त्वश्रद्धानं दर्शनम् । पापव्यापारेभ्यो ज्ञानश्रद्धान-पूर्वकविरतिश्चरणम् ॥ ४१ ॥

ज्ञानेति । स्पष्टम्, तत्र ज्ञानमाह कर्मेति, तत्तज्ज्ञानावरणभूतकर्मेत्यर्थः, तथा च तत्तज्ज्ञानावरणक्षयोपशमरूपोपाधिसम्पादितसत्ताक आभिनिबोधिकरूपप्रकाशविशेषः, तन्निदानभूतं द्वादशाङ्गरूपं[२] श्रुतञ्च ज्ञानमित्यर्थः । दर्शनमाह तत्त्वेति, दर्शनमोहनीयक्षयाद्याविर्भूततत्त्व-

२. तथापुरुषस्य द्वादशाङ्गानि तद्वच्छ्रुतात्मकपरमपुरुषस्यापि द्वादशाङ्गानि, तानि च 'आयारो सुयगडो ठाणं, समवाओ विवाहपन्नत्ती नायाधम्मकहाओ उवासगदसाओ अनुत्तरोववाइयदसाओ पण्हावागरणाइं विवागसुयं दिट्ठिवाओ य' इति ॥ यद्यपि गणधराः प्रथमं पूर्वाण्येवोपनिबध्नन्ति तथापि दुर्मेधसां तदवधारणाद्ययोग्यानां स्त्रीणाञ्चानुग्रहार्थं शेषश्रुतस्य विरचना विज्ञेया ॥

श्रद्धानरूप आत्मपरिणामविशेषो दर्शनमित्यर्थः । तत्त्वञ्च सकलपर्यायोपेतसकलवस्तुस्वरूपम् तस्य सर्वविदुपदिष्टतया पारमार्थिकस्य जीवादेः पदार्थस्यैतदेवमेवेति प्रत्ययविशेषः श्रद्धानं, तत्त्वेन वा भावतोऽर्थानां श्रद्धानं तत्त्वश्रद्धानमिति भावः । चरणमाह-पापेति, स्पष्टम् ॥

ज्ञानादि त्रिकनुं निरूपण

भावार्थ – "ज्ञान-दर्शन-चारित्रना भेदथी ज्ञानादि त्रण प्रकारनां छे. कर्मक्षयोपशम जनित अवबोध अने तेनो हेतु बार अंगोमांथी कोई एक, ते 'ज्ञान' कहेवाय छे. तत्त्वनुं श्रद्धान 'दर्शन' छे. पापव्यापारोथी ज्ञानश्रद्धानपूर्वक विरति, ए 'चरण' कहेवाय छे."

विवेचन – तथाच ते ते ज्ञानावरणना क्षयोपशमरूप उपाधि(निमित्त)थी संपादित सत्तावाळो मतिज्ञानरूप प्रकाशविशेष, तेनाथी जन्य बार अंगरूप श्रुतरूपी ज्ञान यथा पुरुषना बार अंगो होय छे, तेनी माफक श्रुत आत्मक परमपुरुषना पण बार अंगो छे. ते अंगो आ प्रमाणे छे : (१) आचारांग, (२) सूत्रकृतांग, (३) स्थानांग, (४) समवायांग, (५) विवाहप्रज्ञप्ति, (६) ज्ञाताधर्मकथांग, (७) उपासकदशांग, (८) अंतकृतदशांग, (९) अनुत्तरौपपातिकदशांग, (१०) प्रश्नव्याकरणांग, (११) विपाकश्रुतांग, (१२) दृष्टिवादांग. जो के गणधरो पहेलां पूर्वोने ज रचे छे, तो पण अल्प बुद्धिवाळा, तेना अवधारण आदिने अयोग्य अने स्त्रीओ उपर उपकार माटे शेष श्रुतनी रचना जाणवी. दर्शनने कहे छे के - 'तत्त्वे'त्ति । दर्शनमोहनीय क्षय आदिथी आविर्भूत तत्त्वश्रद्धानरूप आत्मपरिणामविशेष, ए 'दर्शन' कहेवाय छे अने तत्त्व सकळ पर्यायथी युक्त सकळ वस्तुस्वरूप छे. ते सर्वज्ञभगवंतथी उपदिष्ट होई, पारमार्थिक जीवादि पदार्थमां 'आ आ प्रमाणे ज छे' आवुं विशिष्ट विज्ञान 'श्रद्धान' कहेवाय छे. अथवा तत्त्वथी-भावथी पदार्थोनुं श्रद्धान, ए 'तत्त्वश्रद्धान' कहेवाय छे.

अथ तपोनिरूपणायाह –

बाह्यान्तरभेदेन द्वादशविधानि तपांसि पूर्वमेवोक्तानि ॥ ४२ ॥

बाह्येति । पूर्वमेवेति, निर्जरानिरूपण इत्यर्थः ॥

तपनुं वर्णन

भावार्थ – "बाह्य अने अभ्यंतरना भेदथी बार प्रकारनां तपो पहेलां ज कहेलां छे."

विवेचन – पहेलां एटले निर्जरानिरूपणमां कहेलां छे.

क्रोधनिग्रहमाचष्टे –

उदीर्णक्रोधादिचतुष्टयनिग्रहः क्रोधनिग्रहः । इति चरणनिरूपणम् ॥ ४३ ॥

उदीर्णेति । क्रोधादिमोहनीयकर्मविपाकादुदयमागतेत्यर्थः, आदिना मानमायालोभानां

ग्रहणम् तेषां निग्रहस्तितिक्षा, क्रोधनिग्रहेण हि जीवः क्षान्तिं जनयति, क्रोधवेदनीयं कर्म पुनर्न बध्नाति, पूर्वबद्धञ्च कर्म निर्जरयति ततश्च जीवविशिष्टवीर्योल्लासो भवति, एवं मानादावपि भाव्यम् । तदेवं व्रतपञ्चकस्य श्रमणधर्मदशकस्य संयमसप्तदशकस्य वैयावृत्त्यदशकस्य ब्रह्मचर्यगुप्तिनवकस्य ज्ञानादित्रिकस्य तपोद्वादशकस्य क्रोधनिग्रहचतुष्टयस्य च मेलनेन सम्भूतं सप्ततिविधं चरणं निरूपितमित्याह इतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टधर-**श्रीमद्विजयकमलसूरीश्वर**-चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाशटीकायां** चरणनिरूपणनाम **प्रथमः किरणः** ॥

ક્રોધનિગ્રહનું નિરૂપણ

ભાવાર્થ – 'ઉદય પામેલ ક્રોધ આદિ ચારનો નિગ્રહ, એ 'ક્રોધનિગ્રહ' કહેવાય છે. આ પ્રમાણે ચરણનિરૂપણ સમાપ્ત થાય છે.''

વિવેચન – ક્રોધ આદિ (ક્રોધ-માન-માયા-લોભરૂપ ચાર કષાયોનો વિજય જે તપથી થાય છે, તે એકાશન-નીવી-આયંબીલ-ઉપવાસ, એમ એક લતા, દરેક કષાયની એક એક લતા કરાય છે. આ કષાયના વિજયવાળો તપ, વળી આ તપમાં ચાર લતા સોળ દિવસ સુધી હોય છે.) મોહનીયકર્મના વિપાકથી ઉદયમાં આવેલ, એવો અર્થ છે. આદિ પદથી માન-માયા-લોભોનું ગ્રહણ છે. તેઓનો નિગ્રહ 'તિતિક્ષા.' ખરેખર ક્રોધનિગ્રહથી જીવ ક્ષમાને પેદા કરે છે, ક્રોધ મોહનીયકર્મને ફરીથી બાંધતો નથી અને પૂર્વે બંધાયેલું કર્મ નિર્જિર્ણ થાય છે. ત્યારબાદ જીવને વિશિષ્ટ વીર્યનો ઉલ્લાસ થાય છે. એ પ્રમાણે માન આદિમાં સમજવું. આ પ્રમાણે વ્રતો પાંચ, શ્રમણના ધર્મો દશ, સંયમના ભેદો સત્તર, વૈયાવૃત્યના ભેદો દશ, બ્રહ્મચર્યની ગુપ્તિના ભેદો નવ, જ્ઞાનાદિના ભેદો ત્રણ, તપના ભેદો બાર અને ક્રોધ આદિ નિગ્રહના ભેદો ચારને મેળવવાથી કુલ સિત્તેર પ્રકારનું ચરણ નિરૂપિત કરેલું છે.

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્**વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્**વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં 'ચરણનિરૂપણ' નામનું **પ્રથમ કિરણ** સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજયભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **પ્રથમ કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

●●●

---

१. क्रोधमानमायालोभानां चतुर्णां विजयो यस्मात्तपसः तच्चैकाशनं निर्विकृतकमाचाम्लमुपवासमित्येका लता, प्रतिकषायमेकैका लता क्रियते, एतत्कषायविजयं तपः, अस्मिंश्च तपसि चतस्रो लताः षोडशदिवसानि भवन्ति ॥

द्वितीयः किरणः

मूलगुणसद्भाव एव मोक्षार्थिभिस्साधुभिर्यन्निष्पाद्यते तत्करणं सप्ततिविधमित्याह —

पिण्डविशुद्धिसमिति भावनाप्रतिमेन्द्रियनिरोधप्रतिलेखनागुप्त्यभिग्रहभेदेनाष्टविधमपि करणमवान्तर भेदात्सप्ततिविधम् ॥ १ ॥

पिण्डविशुद्धीति । सप्ततिविधमिदमुत्तरगुणरूपं बोध्यम् ॥

કરણસપ્તતિ નામક બીજું કિરણ

મૂલગુણના સદ્ભાવમાં જ મોક્ષાર્થી સાધુઓથી જે કરાય છે, તે કરણ સિત્તેર પ્રકારનું છે. તેને કહે છે કે-

ભાવાર્થ – "પિંડવિશુદ્ધિ-સમિતિ-ભાવના-પ્રતિમા-ઇન્દ્રિયનિરોધ-પ્રતિલેખન-ગુપ્તિ અને અભિગ્રહના ભેદથી આઠ પ્રકારનું કરણ, તેમજ અવાન્તરભેદથી સિત્તેર પ્રકારનું કરણ છે."

વિવેચન – ઉત્તરગુણરૂપ સપ્તતિપ્રકારનું કરણ જાણવું. હવે પ્રભેદ સહિત સિત્તેર ભેદોને કહેવાની ઇચ્છાવાળા પહેલાં પિંડવિશુદ્ધિને કહે છે.

अथैतान् सप्रभेदान् व्याख्यातुकामः प्रथमं पिण्डविशुद्धिमाह —

सर्वदोषरहिताऽऽहारोपाश्रयवस्त्रपात्रपरिग्रहात्मिकाश्चतस्रः पिण्डविशुद्धयः ॥ २ ॥

सर्वेति । पिण्डनं पिण्डः, बहूनां सजातीयानां विजातीयानां कठिनद्रव्याणां एकत्र समुदाय इत्यर्थः, तत्र च समुदायसमुदायिनोरभेदेन त एव बहवः पदार्था एकत्र संश्लिष्टाः पिण्डशब्देनोच्यन्ते, तस्य विविधमनेकैराधाकर्मादिपरिहारप्रकारैश्शुद्धिर्निर्दोषता पिण्डविशुद्धिः, तथा चात्र पिण्डशब्देन भावपिण्डोपष्टम्भकमचित्तद्रव्यरूपमाहारशय्यावस्त्रपात्ररूपवस्तुचतुष्टयं गृह्यते तस्मात्पिण्डविशुद्धेश्चतुर्विधत्वमित्याशयेनाह सर्वदोषरहितेत्यादि । तथा-

ऽऽहारशय्यावस्त्रपात्राणां सर्वदोषरहितानां ग्रहणं पिण्डविशुद्धिरित्यर्थः, तत्र दोषाश्चाहारविषया षोडशोद्गमदोषाः षोडशोपार्जनादोषाः दशैषणादोषाः पञ्च संयोजनादोषा इत्येवं मिलितास्सप्तेचत्वारिंशदेषणाया दोषा एवोच्यन्ते, एतेषां विशोधनेन पिण्डस्य विशुद्ध्या चारित्रशुद्धिद्वारा मोक्षावाप्तिः । तत्रोद्गमदोषे आधाकर्म साधुप्रणिधानेन यत्सचेतनमचेतनं क्रियते अचेतनं पच्यत गृहादिकं वा सङ्गृह्यते वयते वा वस्त्रादिकं कारयति वा पात्रादिकममुकस्मै साधवे देयमिति, तादृशपाकादिक्रिया तद्योगाद्भक्ताद्यपि आधाकर्मोच्यते, तच्चाधोगतिकारणम्, प्राणातिपाताद्याश्रवप्रवृत्तेः, तथा तत्प्रतिसेवनप्रतिश्रवणतद्भोक्त्रादिसंवासा अप्याधाकर्मात्मकाः भवंति । औद्देशिकं तावत्-दुर्भिक्षापगमे वाचा साध्वादीनुद्दिश्य यद्भिक्षावितरणं तदुद्दिष्टौद्देशिकं, यदुद्धरितमोदनादि व्यञ्जनादिना मिश्रयित्वा तस्य वितरणं तत्कृतौद्देशिकं, यच्च तप्त्वा गुडादिना मोदकचूरीबन्धवितरणं तत्कर्मौद्देशिकमिति । पूतीकर्म-पवित्रस्यापवित्रकरणं, यथा शुचिः पयोघटोऽपि मद्यबिन्दुनैकेनाशुचिः स्यात्तथा विशुद्धाहारोऽप्याधाकर्मादियोगात्पूतिकः स्यात् उद्गमादिदोषरहितं भक्तं सदपि तादृशं भुज्यमानं निरतिचारमपि चरणं पूतिं करोतीत्ययं दोषः । मिश्रजातं-गृहिसंयतोभयप्रणिधानेन पाकादिभावमुपगतं-सामान्यतो भिक्षाचरस्वकुटुम्बनिमित्तं मिलित्वा पाचितं, पाखण्डिस्वकुटुम्बनिमित्तं मिलित्वा पाचितं, केवलसाधुस्वकुटुम्बनिमित्तं सम्मील्य पाचितञ्च तद्भवति । स्थापना-साधुभ्यो देयमिदमिति चुल्लीस्थाल्यादौ स्वस्थाने सुस्थितछज्जकादौ परस्थाने चिरकालमल्पकालञ्च घृतादीनां क्षीरादीनां स्थापनम् । प्राभृतिका-कालान्तरभाविनां विवाहादीनामन्तर एव साधुसमागमे तेषामप्युपयोगो विवाहादिसम्भवमोदकादीनां भवत्विति बुद्ध्या इदानीमेव करणं सन्निकृष्टस्य वा विवाहादेः कालान्तरे साधुसमागमं विभाव्य तदानीमेव करणं तद्योगात्तादृशभक्तादिकमपि । प्रादुष्करणम्-वह्निप्रदीपमण्यादिना भित्त्यपनयनेन वा बहिर्निष्काश्य द्रव्यधारणेन वा प्रकटकरणम् । तद्द्विधा प्रकटकरणं प्रकाशकरणञ्चेति, अन्धकारादपसार्य बहिः प्रकाशे स्थापनं प्रकटकरणं, स्थानस्थितस्यैव भित्तिरन्ध्रकरणादिना प्रकटीकरणं प्रकाशकरणम् । रत्नेन पद्मरागादिना प्रदीपेन ज्योतिषा ज्वलता वैश्वानरेण तत्रैवं प्रकाशना सुविहितानां न कल्पते, प्रकाशकरणेन प्रकटकरणेन च यद्दीयते भक्तादि तत्संयमिनां न कल्पते, ज्योतिःप्रदीपाभ्यान्तु प्रकाशितमात्मार्थे कृतमपि न कल्पते, तेजस्कायदीप्तिसंस्पर्शादिति । क्रीतम्-साध्वादिनिमित्तं क्रयेण निष्पादितम् तदपि आत्मद्रव्यक्रीतमात्मभावक्रीतं परद्रव्यक्रीतं परभावक्रीतञ्चेति चतुर्विधम्, स्वयमेवोज्जयन्तभगवत्प्रतिमाशेषादिरूपेण द्रव्येण परमावर्ज्य यत्ततो भक्तादि गृह्यते तदात्म-

द्रव्यक्रीतम्, यत्पुनरात्मना भक्ताद्यर्थं धर्मकथादिना परमावर्ज्य भक्तकादि ततो गृह्यते तदात्मभावक्रीतम्, तथा यत् परेण साधुनिमित्तं द्रव्येण क्रीतं तत्परद्रव्यक्रीतं यत्पुनः परेण साध्वर्थं निजविज्ञानप्रदानेन परमावर्ज्य ततो गृहीतं तत्परभावक्रीतम् । प्रामित्यं-साध्वर्थमन्नादि वस्त्रमुच्छिन्नमानीयते तप्रामित्यं, अपमित्य-भूयोऽपि तव दास्यामीत्येवमभिधाय यत्साधुनिमित्तमुच्छिन्नं गृह्यते तत्तथा, तच्च लौकिकलोकोत्तरभेदतो द्विविधम्, साधुविषयं भगिन्यादिभिः क्रियमाणद्रव्यमाद्यम्, द्वितीयन्तु परस्परं साधूनामेव वस्त्रादिविषयम् । परिवर्त्तितम्-साधुनिमित्तं कृतपरावर्त्तरूपं तदपि लौकिकलोकोत्तर भेदाभ्यां द्विविधम्-कुथितं घृतं दत्त्वा साधुनिमित्तं सुगन्धि घृतग्रहणं, कोद्रवकूरं समर्पयित्वा साधुनिमित्तं शाल्योदनग्रहणञ्चाद्यम्, द्वितीयञ्च यत्साधुस्साधुना सह वस्त्रादिपरिवर्त्तनकरणरूपम् । अभ्याहृतं-साधुदानाय स्वग्रामात्परग्रामाद्वा समानीतम्-आचीर्णमनाचीर्णमिति तद्द्विविधम्, निशीथाभ्याहृतनोनिशीथाभ्याहृतभेदेनानाचीर्णं द्विविधम्, यदर्धरात्रावानीतं प्रच्छन्नं साधूनामपि यदभ्याहृतमित्यविदितं तदाद्यं, नोनिशीथाभ्याहृतं तु तद्विपरीतं यत्साधूनामभ्याहृतमिति विदितम्, देशे देशदेशे चाचीर्णं, हस्तशतप्रमितक्षेत्रं देशः तावन्माने आचीर्ण उपयोगपूर्वकाणि यदि त्रीणि गृहाणि भवन्ति ततः कल्पते, हस्तशतमध्ये तु देशदेशः, एतन्मध्यवर्ति मध्यमम् । यदोर्ध्वोपविष्ट कथमपि स्वयोगेन मुष्टिगृहीतेन मण्डकादिना यदि वा स्वापत्यादिपरिवेषणार्थमोदनभृतया करोटिकयोत्पाटिता, अत्रान्तरे च कथमपि साधुरागच्छति भिक्षार्थं तस्मै च यदि करस्थं ददाति तदा करपरिवर्तनमात्रं जघन्यमभ्याहृतमाचीर्णम्, हस्तशतादभ्याहृतमुत्कृष्टम् । उद्भिन्नम्-साधुभ्यो घृतादिदाननिमित्तं कुतुपादेर्मुखस्य गोमयादिस्थगितोद्घाटनम्, इदञ्च पिहितोद्भिन्नमुच्यते, यत्तु पिहितं कपाटमुद्घाट्य साधुभ्यो दीयते तत्कपाटोद्भिन्नम्, मालापहृतम्-उच्चस्थानात्साध्वर्थमुत्तार्याऽऽहारादीनां दानम्, द्विविधं जघन्यमुत्कृष्टञ्चेति तत्, भूविन्यस्ताभ्यां पादयोरग्रभागाभ्यां फलकसंज्ञाभ्यां पार्ष्णिभ्यां चोत्पाटिताभ्यामूर्ध्वविगलितोच्चसिक्कादिस्थितं दात्र्या दृष्टेरगोचरं यद्दीयते तज्जघन्यं मालापहृतम् बृहन्निःश्रेण्यादिकमारुह्य प्रासादोपरितलादानीय यद्दीयते तदुत्कृष्टमुभयमप्यकल्प्यम् । आच्छेद्यम्-आच्छिद्यापहृत्य यद्भक्तादिकं प्रभुः भृत्यादीनां कर्मकरादीनां सत्कं ददाति तत् । त्रिप्रकारं तत् प्रभ्वाश्रितं, स्वामिविषयं, स्तेनकविषयञ्च । एतत्त्रिविधमप्याच्छेद्यं तीर्थकरगणधरैः निराकृतमतः श्रमणानांतद्ग्रहीतुं न कल्पते । अनिसृष्टम् यदा द्वित्राणां पुरुषाणां साधारणे आहार एकोऽन्याननापृच्छ्य साधवे ददाति तादृशमनिसृष्टम्-अननुज्ञातं तीर्थकरगणधरैरिति यावत्, अनुज्ञातं पुनः कल्पते

सुविहितानाम् तच्चानिसृष्टमनेकधा मोदकविषयं चुल्लकविभोजनविषयम् विवाहादिविषयं दुग्धविषयं आपणादिविषयमित्यादि । अध्यवपूरकम्-अधि आधिक्येनावपूरणं स्वार्थदत्ताधिश्रयणादेस्साध्वागमनमवगम्य तद्योग्यभक्तसिद्ध्यर्थं प्राचुर्येण भरणमध्यवपूरः, स एवाध्यवपूरकस्तद्योगाद्भक्ताद्यप्यध्यवपूरकम्, तदपि स्वगृहयावदर्थिकमिश्रं स्वगृहसाधुमिश्रं स्वगृहपाषण्डमिश्रञ्चेति स्पष्टस्वरूपं त्रिविधम्, प्रथमतः पाकारम्भकाले स्वनिमित्तं पाके निष्पाद्यमानेऽन्तर एव यथासम्भवमुपस्थितयावदर्थिजननिमित्तं पुनरवतार्य विशेषेण तण्डुलादीन् प्रक्षिप्य पचति सोऽध्यवपूरक इत्युद्गमदोषाः[१] । धात्रीपिण्डः बालस्य क्षीरमज्जनमण्डनक्रीडनालङ्कारारोपणकर्मकारिण्यः पञ्च धात्र्यः, एतासां कर्मधात्रीत्वं तेन लब्धः पिण्डो धात्रीपिण्डः, रुदन्तं बालकमुद्वीक्ष्य भिक्षार्थं प्रविष्टस्साधुः प्रथमं भिक्षां दत्त्वा स्तन्यं पायय, पश्चाद्वा भिक्षां देहि, नो चेदहमस्मै क्षीरं दास्याम्यन्यस्या वा स्तन्यं पाययामीत्यादिरूपेण वदन् यं पिण्डं लभते स धात्रीपिण्डः । परस्परसन्दिष्टार्थकथिका दूती सा द्विधा स्वग्राम परग्रामे च यस्मिन् ग्रामे साधुर्वसति तस्मिन्नेव ग्रामे यदि सन्देश कथिका तर्हि स्वग्रामदूती, या तु परग्रामे गत्वा सन्देशं कथयति सा परग्रामदूती, तन्निमित्तं पिण्डः दूतीपिण्डः । निमित्तपिण्डः-अतीतानागतवर्त्तमानकालेषु लाभादिकथनं भिक्षार्थं कुर्वतोत्पादनादोषसंपर्केण गृहीतपिण्डः, लाभालाभसुखदुःखजीवितमरणरूपविषयभेदात्स षड्विधः । आजीवनपिण्डः—जातिकुलगणकर्मशिल्परूपाजीवनेनोत्पादिताऽऽहारशय्यादिकम्, मातृसमुत्था जातिर्ब्राह्मणादिर्वा, पितृसमुत्थं कुलमुग्रादि वा, गणो मल्लादिवृन्दं, कर्म कृष्यादि, शिल्पं तृणादितूण्डनसीवनप्रभृति, जात्या जीवनं पृष्टो ऽपृष्टो वाऽऽहारार्थं स्वजातिं प्रकटयति यथाऽहं ब्राह्मण इत्यादि तदा स जात्या जीवनपिण्डः एवमन्येष्वपि भावनीयम् । वनीपकः-दायकाभिमतेषु श्रमणादिष्वात्मानं भक्तं दर्शयित्वा याचनया लब्धः पिण्डः । भोजनप्रदाने क्रियमाणे सति कोऽप्याहारलम्पटः साधुराहारादिलुब्धतया तत्तद्भक्तगृहिणः पुरतश्शाक्यादिभक्तमात्मानं दर्शयति, निर्ग्रन्थशाक्यतापसगेरुकाऽऽजीवकरूपेण पञ्चधा श्रमणाः । चिकित्सापिण्डः-वमनविरेचनबस्तिकर्मादि कारयतो भैषज्यादि सूचयतो वा भिक्षार्थे यः पिण्डः स चिकित्सापिण्डः, सूक्ष्मः औषधविधिवैद्यज्ञापनेन, बादरः स्वयं चिकित्साकरणेन । अन्यस्मात्कारणाच्च भिक्षार्थं गृहे प्रविष्टेन

---

१. ज्ञानदर्शनशुद्धाविवोद्गमादिदोषपरिशुद्धाहारे गृहीते चारित्रशुद्धिर्भवति तथा च ज्ञानावरणादिकर्मणोऽपगमो भवति, तदपगमे आत्मनो यथावस्थितस्वरूपलाभात्मको मोक्षस्ततो मोक्षार्थिना चरणशुद्ध्यर्थं नियमेनोद्गमादिदोषपरिशुद्ध आहारो ग्राह्य इति ॥

साधुना निजव्याधिप्रतीकारोपाये पृष्टे ममाप्येकदैवं सञ्जातोऽमुकेनौषधेन चोपशमं गत इत्येवं वदता रोगिणो भैषज्यकरणाभिप्रायोत्पादनादौषधसूचनं कृतं भवतीति सूक्ष्मो बादरः प्रसिद्ध एव । क्रोधपिण्डः-विद्यातपःप्रभावज्ञापनं राजपूजादिख्यापनं क्रोधफल दर्शनं वा भिक्षार्थं कुर्वतोऽयं दोषः । मानपिण्डः-साधूनां समक्षं पणं कृत्वा तदाऽहं लब्धिमान् यदा भवतां सरसमाहारममुकगृहादानीय ददामीत्युक्त्वा गृहस्थं विडम्ब्य गृह्णाति तदाऽयं दोषः । मायापिंडः-वेषपरावर्त्तादिना मायया प्रतारणेन दापयत्यात्मने भक्तादिदानाय च परं प्रयोजयति यदा तदाऽयं दोषः । लोभपिण्डः-अद्याहममुकं सिंहकेसरादिकं ग्रहीष्यामीति बुद्ध्याऽन्यद्वल्लचनकादिकं लभ्यमानमपि यन्न गृह्णाति किन्तु तदेवेप्सितं स लोभपिण्डः । अथवा पूर्वं तथाविधबुद्ध्यभावेऽपि यथाभावं लभ्यमानं प्रचुरं लपनकश्रीप्रभृतिकं भद्रकरसमिति कृत्वा यद्गृह्णाति स लोभपिण्डः । संस्तवपिण्डः-पूर्वं जननीजनकादिद्वारेण पश्चाच्च श्वश्रूश्वशुरादिद्वारेणात्मपरिचयानुरूपं सम्बन्धं भिक्षार्थं घटयता ग्राह्यः पिण्डः, सम्बन्धिसंस्तवो वचनसंस्तवश्चेति स द्विविधः मातृश्वश्रादिरूपतया संस्तवस्सम्बन्धिसंस्तवः । श्लाघारूपतया संस्तवो वचनसंस्तवस्तथाकरणेन लब्धः पिण्डो दूषितः । विद्यापिण्डः-यया विद्यया सुरं साधयित्वाऽऽहारं गृह्णाति तदा विद्यापिण्डः, अथवा विद्यां पाठयित्वा भोजनादिकं गृहस्थाद्गृह्णाति तदा विद्यापिण्डः । मन्त्रपिण्डः-मंत्रेणावाप्तः पिण्डः, पादलिप्तसूरयो मुरुण्डराजानं प्रति मंत्रं प्रयुक्तवन्तः परं तत्र न कोऽपि दोषस्तेषां तं प्रत्युपकारित्वादेवं संघादिप्रयोजनेन मंत्रे प्रयुज्यमाने न दोषः किन्तु केवलं भिक्षार्थमेव मंत्रप्रयोगे क्रियमाणे दोषः । चूर्णपिण्डः-वशीकरणाद्यर्थं अञ्जनादिचूर्णप्रयोगादवाप्तः पिण्डो दुष्टः । योगपिण्डः यदा मुग्धलोकान् सौभाग्यादिविलेपनराजवशीकरणादितिलकेन जलस्थलमार्गोल्लंघनसुभगदुर्भगविधिमुपदिश्याऽऽहारं गृह्णाति तदा योगपिण्डदोषः । मूलकर्मपिण्डः-पुत्रादिजन्मदूषणनिवारणार्थं मघाज्येष्ठाऽऽश्लेषामूलादिनक्षत्रशान्त्यर्थं मूलैर्वनस्पत्यवयवैस्स्नानमुपदिश्याहारदिकं गृह्णाति तदायं दोषः । इत्युपार्जनादोषाः । शङ्कितदोषः, भक्तपानादौ या शङ्का कल्पनीयाकल्पनीयधर्मविषया, न विद्मः किमिदमुद्गमादिदोषयुक्तं किं वा नेत्याशंकास्पदीभूतं असति कल्पनीयनिश्चये ददतीं प्रत्याचक्षीत न मम कल्पते एतादृशमिति । म्रक्षितदोषः-सचित्तपृथिव्यादिना गुण्ठितं, तद्द्विविधं सचित्तेन पृथिव्यप्कायवनस्पतिकायेनावगुण्ठितं, अचित्तम्रक्षितश्चेति, अचित्तपदेन वसादिः पूतादिश्च गृह्यते । निक्षिप्तदोषः-सचित्ताद्युपरिस्थापितपिण्डादिः । पिहितदोषः-उदकुंभेन पेषण्या पीठकेन शिलापुत्रकेण मृल्लेपादिना केनचिज्जतुसिक्थादिना वा स्थगितं

लिप्तं वा सदुद्भिद्य दायकश्श्रमणार्थं यदि दद्यात्तदा तद्ग्रहणेऽयं दोषः । संहृतदोषः-दानानुचितं सचित्तेषु पृथिव्यादिष्वचित्तेषु वा केषुचित्पात्रेषु निक्षिप्य तेन रिक्तीकृतपात्रकेणैव भक्तं यदा दीयते तदायं दोषः । दायकदोषः-बालवृद्धमत्तोन्मत्तग्रहगृहीतवेपमानज्वरितान्ध-प्रगलितारूढपादुकादीनां चत्वारिंशतां दायकानां हस्ताद्भिक्षादीनां ग्रहणम् । उन्मिश्रदोषः, अशनपानखाद्यस्वाद्यादिकं जातिपाटलादिभिः पुष्पैर्बीजहरितादिभिर्वा मिश्रं संयतानामकल्पिकं ददतो न मम कल्पत इति प्रत्याचक्षीतान्यथा दोषस्स्यात् । अपरिणतदोषः, रूपान्तरानापन्नम-परिणतं यथा दुग्धं दुग्धभाव एव स्थितं दधिभावमनापन्नम्, भावोनस्तूभयोः पुरुषयोराहारो वर्त्तते तन्मध्ये एकस्य साधवे दातुं मनोऽस्ति एकस्य च नास्ति तदाहारोऽपरिणतदोषयुक्तः स्यात् । लिप्तदोषः-सर्वतः पिच्छलीकृतं, मृत्तिकया सर्वतः खरण्टितं, गर्हितद्रव्यादिना लिप्तम् । छर्दितदोषः-दीयमानस्यान्नादेः पृथ्वीकायादिसंसक्तत्वादि छर्दितम्, छर्दितमुज्झितं त्यक्तमिति पर्यायाः, तदपि कदाच्छर्द्यते सचित्तमध्ये, कदाचिदचित्ते कदाचिन्मिश्रे, ततश्छर्दितानां सचित्ताचित्तमिश्रद्रव्याणामाधारभूतानामाधेयभूतानाञ्च संयोगतश्चतुर्भङ्गी भवति, एतत्सम्बन्धि-सर्वेषु भङ्गेषु भक्तादिग्रहणं प्रतिषिद्धमिति दशैषणादोषाः । संयोजनादोषाः पञ्च, संयोजनं नाम भक्तादेर्गुणान्तरोत्पादनीयद्रव्यान्तरमीलनम्, ते च संयोजनातिबहुकाङ्गारधूमनिष्कारणरूपाः पञ्चविधाः तत्र लोभाद्रव्यस्य मण्डकादेर्द्रव्यान्तरेण खण्डघृतादिना रसविशेषोत्पादनाय वसतेर्बहिरन्तर्वा योजनं संयोजना । धृतिबलसंयमयोगा यावता न सीदन्ति तावदाहारप्रमाणं, अधिकाहारस्तु वमनाय मृत्यवे व्याधये वेति अतिबहुको दोषः । स्वादन्नं तद्दातारं वा प्रशंसयन् यद्भुङ्क्ते स रागाग्निना चारित्रेन्धनस्याङ्गारीकरणादङ्गारदोषः । निन्दन् पुनः चारित्रेन्धनं दहन् धूमकरणाद्धूमदोषः । षड्भोजनकारणाभावे भुञ्जानस्य कारणाभावो दोषः । क्षुद्वेदनाऽसहनं, क्षामवैयावृत्त्याकरणं, ईर्यासमित्यविशुद्धिः, प्रत्युपेक्षणाप्रमार्जनादिसंयमापालनं क्षुधातुरस्य प्रबलारत्युदयात्प्राणप्रहारशङ्का, आर्त्तरौद्रपरिहारेण धर्मध्यानस्थिरीकरणमिति षड् भोजन-

---

१. अपरिणतं द्विविधं द्रव्ये भावे च प्रत्येकमपि दातृग्रहीतृसम्बन्धाद्द्विधा, दुग्धत्वात्परिभ्रष्टं दधित्वमापन्नं परिणतमुच्यते, दुग्धभावे वाऽवस्थितेऽपरिणतं, भावविषयन्तु उभयोः पुरुषयोरिति टीकोक्तं वेदितव्यम् ॥ २. संयोजना द्विविधा द्रव्यविषया भावविषया च, द्रव्यसंयोजना च बहिरन्तश्च, यदा भिक्षार्थं हिण्डमानस्सन् क्षीरादिकं खण्डादिभिस्सह रसगृद्ध्या संयोजयति तदा बाह्या संयोजना, यदा तु वसतावागत्य भोजनवेलायां पात्रे कवले वदने वा संयोजयति तदाऽभ्यन्तरा । एवं कुर्वन् आत्मनि ज्ञानावरणादिकं कर्म संयोजयति, दीर्घतरभवाच्च दुःखं संयोजयति ॥

कारणानि, तदेवं नामग्राहं संक्षेपेण वर्णिता एते दोषाः, विस्तरतस्तु पिण्डविशुद्ध्यादि-ग्रन्थेभ्योऽवगन्तव्या एवं वसत्यादिनिमित्तदोषा अपि ॥

પિંડવિશુદ્ધિ

ભાવાર્થ – "સર્વ દોષોથી રહિત આહાર-ઉપાશ્રય-વસ્ત્ર-પાત્રના પરિગ્રહરૂપ ચાર 'પિંડવિશુદ્ધિ' કહેવાય છે.

વિવેચન – ભેગું કરવું 'પિંડ, અર્થાત્ ઘણા સજાતીય-વિજાતીય કઠિન દ્રવ્યોનો એક ઠેકાણે સમુદાય એવો અર્થ છે. વળી ત્યાં સમુદાય-સમુદાયીના અભેદથી તે જ ઘણા પદાર્થો એક ઠેકાણે ભેગા થયેલા પિંડ શબ્દથી કહેવાય છે. તે પિંડના વિવિધ-અનેક-આધાકર્મ આદિના પરિહારપ્રકારોથી શુદ્ધિ-નિર્દોષતા 'પિંડવિશુદ્ધિ' કહેવાય છે. તથાચ અહીં પિંડ શબ્દથી ભાવપિંડમાં સહાયક અચિત્ત દ્રવ્યરૂપ આહાર-શય્યા-વસ્ત્ર-પાત્રરૂપ ચાર વસ્તુઓ ગ્રહણ કરાય છે. તેથી પિંડવિશુદ્ધિનું ચતુર્વિધપણું છે. એવા આશયથી કહે છે કે-સર્વદોષરહિત આહાર-શય્યા-વસ્ત્ર-પાત્રોનું ગ્રહણ કરવું. 'પિંડવિશુદ્ધિદોષો, આહારવિષયના સોળ ઉદ્ગમદોષો, સોળ ઉપાર્જનાદોષો, દશ એષણાદોષો, પાંચ સંયોજનાદોષો; આવી રીતે કુલ ૪૭ એષણાના દોષો જ કહેવાય છે. આ દોષોના વિશોધનથી પિંડની વિશુદ્ધિથી ચારિત્રશુદ્ધિદ્વારા મોક્ષની પ્રાપ્તિ. ત્યાં ઉદ્ગમદોષમાં આધાકર્મ એટલે સાધુના આશયે જે સચિત્ત કરાય છે, અચિત્ત રંધાય છે, અથવા ઘર વગેરેનો સંગ્રહ કરાય છે, વસ્ત્ર આદિ વણે છે અગર બનાવડાવે છે, પાત્ર વગેરે અમુક સાધુને આપવા, તેવા આહાર બનાવવા આદિની ક્રિયા આધાકર્મ છતાં તેના યોગથી ભોજન આદિ પણ 'આધાકર્મ' કહેવાય છે અને તે નરક આદિ અધોગતિનું કારણ છે, કેમ કે-પ્રાણાતિપાત આદિ આશ્રવની પ્રવૃત્તિ છે. તથા તે આધાકર્મી આહારના ભક્ષણ કરવારૂપ પ્રતિસેવન, આધાકર્મી આહારના નિમંત્રણના સ્વીકારરૂપ પ્રતિશ્રવણ, આધાકર્મી આહારના ભોક્તાની સાથે રહેવારૂપ સંવાસ (આદિ પદથી આધાકર્મી આહારભોક્તાની પ્રશંસારૂપ અનુમોદના) આદિ પણ આધાકર્મ આત્મક સમજવા.

○ ઔદ્દેશિક એટલે દુકાળની સમાપ્તિ થયે છતે વચનદ્વારા સાધુ આદિને ઉદ્દેશીને જે ભિક્ષાદાન, તે 'ઉદ્દિષ્ટ ઔદ્દેશિક' કહેવાય છે. વધેલા ભાત વગેરે સામગ્રીને વ્યંજન આદિ દહીં, છાશ આદિમાં રાખી મૂકીને તેનું દાન, એ 'કૃત ઔદ્દેશિક કહેવાય છે. વધેલા લાડવા કે પકવાન્નના ભુક્કાને અગ્નિથી તપાવેલ ઘીમાં નાંખી ફરીથી લાડવા વગેરે બનાવીને દાન કરવું, તે 'કર્મ ઔદ્દેશિક કહેવાય છે.

○ પૂતીકર્મ-પવિત્રને અપવિત્ર કરવું તે. જેમ પવિત્ર પયનો (જળ કે દૂધનો) ઘડો પણ દારૂના એક બિંદુથી અપવિત્ર થાય છે, તેમ વિશુદ્ધ આહાર પણ આધાકર્મ આદિના યોગથી પૂતિક થાય. ઉદ્ગમ આદિ દોષરહિત ભોજન સારું છતાં તેવું (દોષિત સાથે) ખવાતું નિરતિચાર પણ ચારિત્રને પૂતી (અપવિત્ર) કરે છે, માટે આ દોષ છે.

○ મિશ્રજાત-ગૃહસ્થ અને સાધુના આશયે રસોઈ બનાવવી. સામાન્યથી ભિક્ષાચર અને પોતાના કુટુંબ નિમિત્તે મળીને પકાવેલ આહાર. પાખંડી (સામાન્ય દર્શનીઓ) અને સ્વકુટુંબ નિમિત્તે મળીને પકાવેલું માત્ર જૈનમુનિ અને સ્વકુટુંબ નિમિત્તે (મિશ્ર) મળીને પકાવેલું.

○ સ્થાપના-સાધુઓને આપવાનું છે-એમ માની, ચૂલો વગેરે રૂપ સ્વસ્થાન ઉપર અશનાદિ રાખી મૂકવા. છાજલી-શીકું આદિ રૂપ પરસ્થાન ઉપર ચિરકાળ અને અલ્પકાળ સુધી ઘી વગેરે, ક્ષીર આદિની સ્થાપના કરવી.

○ પ્રાભૃતિકા-કાળાન્તરમાં થનાર વિવાહ આદિ અંતરમાં જ સાધુઓનો સમાગમ થયે છતે તેઓનો પણ લાભ વિવાહ આદિમાં થનાર મોદક આદિ દ્વારા થાઓ !-આવી બુદ્ધિથી હમણાં કરવાં, અથવા નજીકમાં થનાર વિવાહ આદિ, કાળાન્તરમાં સાધુનો સમાગમ જાણી તે વખતે કરવાં, કેમ કે-તે સાધુના યોગથી તેવા ભોજન આદિનો પણ લાભ મળશે.

○ પ્રાદુષ્કરણ-વહ્નિ-દીપક-મણિ આદિથી, અથવા ભીંતને હટાવીને બહાર કાઢીને, અથવા દ્રવ્યધારણથી પ્રકટ કરવું. તે પ્રકટકરણ બે પ્રકારનું છે. અંધકારવાળા સ્થાનમાં અશનાદિ તૈયાર કરીને સાધુને વહોરાવવા માટે પ્રકાશમાં લાવે, અથવા છૂટો ચૂલો-સગડી વગેરેને પ્રકાશમાં લાવે અથવા પ્રકાશવાળા સ્થાનમાં નવો ચૂલો-સગડી આદિ બનાવી તૈયાર કરે, એ પ્રગટકરણ છે.

○ પ્રકાશકરણ—અંધારામાં સાધુ ભિક્ષા ન લઈ શકે, માટે ત્યાં દીવો કે મણિ રાખે, અથવા ભીંતમાં જાળી આદિ મૂકાવે, અથવા છિદ્ર પાડી પ્રકાશ કરે. આ બે દોષવાળા આહારાદિ સાધુને કલ્પે નહિ. અંધકારવાળા સ્થાનમાં ગૃહસ્થે જો પોતાને માટે દીવો કર્યો હોય, તો તેજસ્કાયના સંઘટ્ટારૂપ વિરાધના હોવાથી ગોચરી લેવી કલ્પે નહિ. ગૃહસ્થ જો પોતાને માટે જાળી મૂકાવે, પ્રકાશમાં ચૂલો બનાવે કે મણિ વગેરે મૂકે, તો સાધુને કલ્પી શકે.

○ ક્રીત—સાધુ આદિ નિમિત્તે ખરીદી કરી મેળવેલો આહાર. તે પણ-(૧) આત્મદ્રવ્યક્રીત, (૨) આત્મભાવક્રીત, (૩) પરદ્રવ્યક્રીત, અને (૪) પરભાવક્રીત—એમ ચાર પ્રકારનો છે. (૧) પોતે જ સાધુ, ઉજ્જયંત ભગવંતની પ્રતિમા-ઔષધ-વાસક્ષેપ આદિ દ્રવ્યો આપી બીજાને આકર્ષી-ભક્ત બનાવી તેની પાસેથી ભોજનાદિ મેળવે, તે આત્મદ્રવ્યક્રીત કહેવાય છે. (૨) આત્મભાવક્રીત-વળી સાધુ પોતે સુંદર ધર્મકથાઓ કહીને, લાંબી તપશ્ચર્યા કરી, તેમજ આતાપના આદિથી ગૃહસ્થને ભક્ત બનાવી આહાર પ્રાપ્ત કરે તે. (૩) પરદ્રવ્યક્રીત-સાધુને વહોરાવવા માટે ગૃહસ્થ અશનાદિ દ્રવ્ય પૈસાથી ખરીદે. (૪) પરભાવક્રીત—પોતાના નૃત્યકળાદિ વિજ્ઞાનથી બીજાઓને ખુશ કરી, સાધુને વહોરાવવા માટે લાવેલ અશનાદિ મેળવે.

○ પ્રામિત્ય-સાધુ માટે અન્ન આદિ, વસ્ત્ર ઉછીનું (ઉધાર) લવાય તે, ફરીથી પણ પાછી આપવાની કબૂલાતથી વસ્તુ જે સાધુ માટે ઉછીનું (ઉધાર) લવાય. તે લૌકિક અને લોકોત્તરના ભેદથી બે પ્રકારનું છે. (૧) સાધુના વિષયવાળું બ્હેન આદિથી કરાતું દ્રવ્ય, એ લૌકિક પ્રામિત્ય.' (૨) સાધુઓમાં જ પરસ્પર વસ્ત્રાદિ વિષયક લેવડ-દેવડ, એ 'અલૌકિક પ્રામિત્ય.'

○ પરિવર્તિત—સાધુ નિમિત્તે કરેલ પરિવર્તનરૂપ. તે પણ લૌકિક-લોકોત્તરના ભેદથી બે પ્રકારનું છે. (૧) ખરાબ ઘી વગેરે આપીને સાધુ માટે સુગંધીદાર ઘીનું ગ્રહણ, કોદરાનું ભોજન આપીને શાલિના ભોજનનું ગ્રહણ. (૨) સાધુએ સાધુની સાથે વસ્ત્ર આદિનું પરિવર્તન કરવું.

○ અભ્યાહૃત-સાધુને વહોરાવવા માટે પોતાના ગ્રામથી કે બીજા ગ્રામથી લાવેલું. તે આચીર્ણ-અનાચીર્ણના ભેદથી બે પ્રકારનું છે. અનાચીર્ણ, નિશીથ અભ્યાહૃત, નોનિશીથ અભ્યાહૃતના ભેદથી બે પ્રકારનું છે. (૧) જે અર્ધરાત્રે આણેલું ગુપ્ત, સાધુઓને પણ જે અભ્યાહૃત છે એમ અવિદિત, તે પહેલું છે. નોનિશીથાભ્યાહૃત તો તેનાથી વિપરીત છે, જે સાધુઓને અભ્યાહૃત હોઈ વિદિત છે, એ બીજું છે.

○ આચીર્ણ-દેશમાં અને દેશ દેશમાં આચીર્ણ છે. દેશ-ક્ષેત્ર આચીર્ણ-જે દેશમાં જમનારાઓની જો પંગત બેઠી હોય અને બીજીબાજુ સો હાથની અંદર ભોજનની સામગ્રી પડી હોય, તો તે કલ્પ્ય છે. સ્ત્રીસંઘટ્ટાદિના ભયથી સાધુ ત્યાં જતાં નથી. દેશ દેશ ગૃહાચીર્ણ-ગોચરી ગયેલા સંઘાટકમાંથી જો એક સાધુ ભિક્ષા લઈ રહ્યો હોય, બીજો સાધુ પાસેના બે ઘરોમાં દાતારની સાધુને ભિક્ષા આપવા માટે થઈ રહેલી તૈયારી ઉપર ધ્યાન રાખી રહ્યો હોય, તો એ ત્રણ ઘરવાળી અભ્યાહૃત ભિક્ષા સાધુને કલ્પી શકે છે. સો હાથના મધ્યમાં તો દેશ દેશ કહેવાય છે. આના મધ્યમાં રહેનાર મધ્યમ કહેવાય છે.

○ ઉદ્ભિન્ન-સાધુઓને ઘી વગેરે આપવા માટે ઘી-તેલ આદિ રાખવાનું નાનું ચર્મપાત્ર-નાનો કુંપો-નાની કુડલીરૂપ કુતુપ આદિનું છાણ વગેરેથી ઢાંકેલ મુખનું ઉઘાડવું, એ પિહિતોદ્ભિન્ન કહેવાય છે. વળી જે કબાટ-કમાડ ખોલીને સાધુઓને અપાય છે, તે કપાટોદ્ભિન્ન કહેવાય છે.

○ માલાપહૃતદોષ-ઉંચા સ્થાન પરથી સાધુ માટે ઉતારીને આહાર આદિનું દાન. તે જઘન્ય અને ઉત્કૃષ્ટભેદે બે પ્રકારનું છે. જમીન ઉપર ઉભા ઉભા પગની એડી ઉંચી કરીને શીકા-છાજલી વગેરેમાં રહેલ દાતારને દૃષ્ટિમાં નહિ આવતી વસ્તુ જે અપાય, તે જઘન્ય માલાપહૃતદોષ. મોટી નિસરણી ઉપર ચઢીને પ્રાસાદના ઉપરના ભાગથી લાવીને જે અપાય, તે ઉત્કૃષ્ટ માલાપહૃતદોષ કહેવાય છે.

○ આચ્છેદ્યદોષ—જે અશન આદિ બીજા પાસેથી બળાત્કારે છીનવી લઈને સાધુને આપવામાં આવે, તે આચ્છેદ્યદોષ કહેવાય છે. પ્રભુઆશ્રિત, સ્વામીવિષય અને સ્તેનકવિષયના ભેદથી તે ત્રણ પ્રકારનો છે. (૧) કોઈ દાનપ્રિય ઘરનો માલિક, પોતાના પુત્ર-પુત્રી-પત્ની કે દાસ-દાસીની માલિકીના અશન આદિ એની ઇચ્છા વગર બળાત્કારથી લઈને સાધુને આપે, તે પ્રભુઆશ્રિત. (૨) સાધુનો ભક્ત રાજા અથવા ગામનો મુખી વગેરે પોતાના આશ્રિતની માલિકીના અશન આદિ સાધુને આપવા માટે, સભાની ઇચ્છા ન હોવા છતાં બળાત્કારથી લઈને આપે, તે સ્વામીવિષય. (૩) સાધુનો ભક્ત કોઈ ચોર, કોઈ સાર્થવાહ વગેરેને લૂંટીને લાવેલા આહાર આદિ સાધુને આપે, તે સ્તેનકવિષય કહેવાય છે. આ ત્રણ પ્રકારનું આચ્છેદ્ય તીર્થંકર-ગણધરોએ નિષેધેલ છે, માટે સાધુઓને અકલ્પ્ય છે.

○ અનિસૃષ્ટ દોષ-જ્યારે બે-ત્રણ પુરુષોના સાધારણ આહારમાં બે-ત્રણ માલિક પુરુષોમાંથી એક પુરુષ બીજાઓની રજા વગર સાધુને આપે છે. તેવું સાધારણ અનિસૃષ્ટ જે તીર્થંકર-ગણધરોવડે અનુજ્ઞાત નથી માટે કલ્પતું નથી. જે અનુજ્ઞાત હોય, તે સુવિહિતોને કલ્પે છે : અને તે અનિસૃષ્ટ મોદકના વિષયવાળું, ચુલ્લક વિભોજન વિષયવાળું (ખેતર આદિમાં કામ કરનારા મજુરોને માટે માલિકે મોકલેલું ભોજન, એ મજુરોની અને માલિકની રજા વગર સાધુને આપવું.), વિવાહ આદિ વિષયવાળું, દૂધ વિષયવાળું, આ પણ (દુકાન) આદિ વિષયવાળું, એમ અનેક પ્રકારવાળું છે.

○ અધ્યવપૂરકદોષ—અધિ એટલે અધિકપણાએ, અવપૂરણ એટલે ગૃહસ્થે પોતાના માટે રસોઈ બનાવવાની શરૂઆત કર્યા બાદ, ગામમાં સાધુને આવ્યા જાણીને, તે સાધુને યોગ્ય ભોજનની સિદ્ધિ માટે ભાત-દાળ વગેરે રસોઈમાં વધારો-ઉમેરો કરવો, તે અધ્યવપૂરકના દોષના યોગથી ભોજન આદિ પણ અધ્યવપૂરક કહેવાય છે. તે પણ અધ્યવપૂરક, સ્વગૃહ-યાવદ્-આર્થિક મિશ્ર, સ્વગૃહ સાધુમિશ્ર, સ્વગૃહ પાષંડિમિશ્ર, એમ સ્પષ્ટ સ્વરૂપવાળો ત્રણ પ્રકારનો છે. પહેલેથી પાકના આરંભકાળમાં પોતાના પાક બનાવતી વખતે જ, સંભવ પ્રમાણે ઉપસ્થિત સમસ્ત અર્થિજન માટે ફરીથી વિશેષ રીતે ભાત વગેરે નાંખીને પકાવે, તે અધ્યવપૂરક કહેવાય છે. આ પ્રમાણે ઉદ્ગમદોષોનું કથન સમાપ્ત થાય છે. (જેમ જ્ઞાનદર્શનની શુદ્ધિ હોયે છતે ચારિત્રશુદ્ધિ થાય છે, તેમ ઉદ્ગમ આદિ દોષોથી પરિશુદ્ધ આહારનું ગ્રહણ કરવાથી ચારિત્રશુદ્ધિ થાય છે. તથાચ જ્ઞાનાવરણ આદિ કર્મનો વિનાશ થાય છે. તેના વિનાશમાં આત્માના યથાર્થ સ્વરૂપ લાભરૂપી મોક્ષ થાય છે. તેથી મોક્ષના અર્થીએ ચારિત્રની શુદ્ધિ માટે નિયમથી ઉદ્ગમ આદિ દોષોથી પરિશુદ્ધ આહાર લેવો.)

ઉત્પાદના દોષોનું વર્ણન

○ ધાત્રીદોષ-બાળકની દૂધ પીવડાવનારી, સ્નાન કરાવનારી, વસ્ત્ર-અલંકાર પહેરાવનારી, ફેરવીને રમાડનારી અને ખોળામાં બેસાડી રમાડનારી, આ પાંચ ધાવમાતામાંથી કોઈ પણ પ્રકારનું કર્મ-વર્તન ગૃહસ્થના બાળક પ્રત્યે કરીને આહાર મેળવવો, રડતા બાળકને જોઈને ભિક્ષા માટે પ્રવિષ્ટ સાધુ, 'પહેલાં ભિક્ષા આપીને દૂધ પીવડાવ અથવા પછી તું ભિક્ષા આપજે; જો આમ તું નહિ કરીશ, તો હું આ બાળકને દૂધ પીવડાવીશ અથવા બીજી બાઈની પાસે દૂધ પીવડાવીશ,' ઇત્યાદિ રૂપથી બોલનારો જે આહારને મેળવે છે, તે ધાત્રીપિંડ કહેવાય છે.

○ દૂતીદોષ-પરસ્પરના સંદેશાને લઈ જનાર કે લાવી દેનારી દૂતી કહેવાય છે. તેના બે પ્રકારો એ રીતે છે કે-જે ગામમાં સાધુ રહે છે, તે ગામમાં ગૃહસ્થનો સંદેશો લઈ જાય કે લાવે, તે સ્વગ્રામદૂતી અને બીજા ગામમાં સંદેશો પહોંચાડે, તે પરગ્રામદૂતી. તે નિમિત્તે અશન આદિ મેળવે, તે પિંડ દૂતીપિંડ છે.

○ નિમિત્તપિંડ-ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ સંબંધી લાભ આદિના કથનને ભિક્ષા કાજે કરનારે, ઉત્પાદના દોષના સંબંધથી ગ્રહણ કરેલો અશન આદિ પિંડ નિમિત્તપિંડ કહેવાય છે. તે ઈષ્ટ વસ્તુનો લાભ-અલાભ-જીવન-મરણ-સુખ-દુઃખના ભેદથી છ પ્રકારનો છે.

○ આજીવનપિંડ-જાતિ-કુળ-ગુણ-કર્મ-શિલ્પરૂપ આજીવન(આજીવિકાના ઉપાય)થી પ્રાપ્ત કરેલ આહાર-શય્યા આદિ આજીવનપિંડ કહેવાય છે. જાતિ-માતૃપક્ષ સંબંધી જાતિ અથવા બ્રાહ્મણ આદિ જાતિ. કુળ પિતૃપક્ષ સંબંધી કુળ અથવા ઉગ્ર કુળ. ગણ-મલ્લ આદિનો સમુદાય. કર્મ-ખેતી આદિ. (અનાચાર્યોપદિષ્ટ) શિલ્પ-તૃણાદિના દોરડાં બનાવવાં, તૂણવું, સીવવું, ચિત્રકામ, મૂર્તિનિર્માણાદિ (આચાર્યોપદિષ્ટ) જાતિદ્વારા જીવવું. પૂછાયેલો કે નહિ પૂછાયેલો, આહાર માટે પોતાની જાતિને પ્રકટ કરે છે. જેમ કે-'હું બ્રાહ્મણ છું' ઇત્યાદિ. ત્યારે તે જાતિથી જીવનપિંડ કહેવાય છે. એ પ્રમાણે બીજા વિભાગોમાં પણ ભાવવું.

○ વનીપકપિંડ-દાતારનો ઈષ્ટ શ્રમણ આદિ પ્રત્યે પોતાને ભક્ત તરીકે દર્શાવીને યાચનાથી મેળવેલ પિંડ વનીપકપિંડ કહેવાય છે. ભોજનના પ્રદાનની ક્રિયા ચાલુ ન થયે, કોઈ પણ આહારલંપટ સાધુ, આહાર આદિના લોભથી તે તે શ્રમણ આદિના ભક્તગૃહસ્થની આગળ તે તે શાક્યઆદિના ભક્ત તરીકે પોતાને ઓળખાવે છે, નિગ્રંન્થ, શાક્ય (બુદ્ધ) તાપસ, ગેરૂક (પરિવ્રાજક) અને આજીવક(ગોશાળાના મતના અનુયાયી)ના રૂપથી પાંચ પ્રકારના શ્રમણો છે.

○ ચિકિત્સાપિંડ-ઉલ્ટી કરાવવી-ઝાડા કરાવવા, વસ્તિકર્મ-ગુદાદ્વારા પીચકારી મારવી, વગેરે કરાવવા, અથવા ઔષધ આદિનું સૂચન કરનારને ભિક્ષા અર્થે જે પિંડ, તે 'ચિકિત્સાપિંડ.' ઔષધની વિધિ તથા વૈદ્યને જણાવવારૂપે સૂક્ષ્મ અને સ્વયં-પોતે ચિકિત્સા કરવારૂપે બાદર ચિકિત્સાપિંડ કહેવાય છે. વળી બીજા કોઈ કારણથી ભિક્ષા માટે ગૃહમાં પ્રવિષ્ટ થયા બાદ, પોતાના વ્યાધિના પ્રતિકારનો ઉપાય પૂછાયે છતે' 'મને પણ એક વખત આવો રોગ થયો હતો, જે અમુક ઔષધથી શમી ગયો હતો.' આ પ્રમાણે બોલનાર સાધુદ્વારા ઔષધ કરવાના અભિપ્રાયનું ઉત્પાદન હોવાથી ઔષધનું સૂચન કરેલું થાય છે. માટે સૂક્ષ્મ અને બાદર તો પ્રસિદ્ધ જ છે.

○ ક્રોધપિંડ-વિદ્યા અને તપના પ્રભાવને જણાવી, રાજાની પૂજા વગેરે જણાવી અને ક્રોધનું ફળ શાપ આદિ જણાવી ભિક્ષાને મેળવનારને આ દોષ લાગે છે.

○ માનપિંડ—સાધુઓની સમક્ષ પ્રતિજ્ઞા કરે કે-'ત્યારે જ હું લબ્ધિવાળો, કે જ્યારે તમોને સરસ આહાર અમુક ઘરેથી લાવીને આપું.'-આમ કહીને ગૃહસ્થને જ્યારે વિડંબનામાં મૂકીને ગ્રહણ કરે છે, ત્યારે આ દોષ લાગે છે.

○ માયાપિંડ—વેષપરિવર્તન આદિ કરીને ગૃહસ્થને ઠગવાપૂર્વક મેળવેલો આહાર, એ 'માયાપિંડ' કહેવાય છે.

○ લોભપિંડ—આજે 'હું સિંહકેસરિયા લાડુ, ઘેબર વગેરેને ગ્રહણ કરીશ.'—આવી બુદ્ધિથી બીજું જે વાલ-ચણા આદિને મળતું છે. તેને ગ્રહણ કરતો નથી પરંતુ તે જ ઈષ્ટને મેળવે છે, તે 'લોભપિંડ' કહેવાય છે. અથવા પહેલાં તથાપ્રકારની બુદ્ધિ નહિ હોવા છતાં ભાવતું મળતું ઘણું લાપસી આદિ કલ્યાણકારી છે, એમ કરીને જે ગ્રહણ કરે છે, તે 'લોભપિંડ' કહેવાય છે.

○ સંસ્તવપિંડ-પૂર્વસંબંધી સંસ્તવ (પરિચય)-માતા-પિતા-ભાઈ-બ્હેન આદિનો સંબંધ બતાવવો. પશ્ચાત્સંબંધી સંસ્તવ-પાછળથી બંધાયેલાં સાસુ-સસરા-પુત્ર-પત્ની આદિનો સંબંધ દર્શાવવો; દાતાર સ્ત્રી અને પુરુષની ઉંમર જોઈ, એને અનુરૂપ માતા-પિતા, સાસુ-સસરા, પુત્ર-પત્ની આદિનો સંબંધ બતાવીને, જેમ કે-તમારા જેવી મારી માતા હતી-તમારા જેવી મારી સાસુ હતી-એમ સંબંધ બતાવીને વાત કરે અને આહાર મેળવે. દાતારની પ્રશંસા કરીને સારા આહાર-પાણી મેળવવા તે વચનસંસ્તવથી પ્રાપ્તપિંડ, એ 'સંસ્તવપિંડ' છે.

○ વિદ્યાપિંડ—વિદ્યા વડે દેવની સાધના કરીને જ્યારે આહારનું ગ્રહણ કરે છે, ત્યારે 'વિદ્યાપિંડ' : અથવા વિદ્યા ભણાવીને ભોજન આદિ ગૃહસ્થ પાસેથી જ્યારે ગ્રહણ કરે છે, ત્યારે 'વિદ્યાપિંડ' કહેવાય છે.

○ મંત્રપિંડ–મંત્ર વડે પ્રાપ્ત કરેલ પિંડ, એ 'મંત્રપિંડ' કહેવાય છે. જો કે પાદલિપ્તસૂરિ મહારાજ મુરૂંડ રાજા પ્રત્યે મંત્રપ્રયોગના કરનારા થયા હતા, પરંતુ ત્યાં કોઈ પણ દોષ નથી, કારણ કે-તે આચાર્યમહારાજ તે રાજા પ્રત્યે ઉપકારી હતા. આ પ્રમાણે સંઘ આદિનો પ્રયોજનથી મંત્રપ્રયોગ કરવામાં દોષ નથી, પરંતુ ફક્ત ભિક્ષા માટે જ મંત્રપ્રયોગ કરવામાં દોષ છે.

○ ચૂર્ણપિંડ–વશીકરણ આદિ માટે અંજન આદિના ચૂર્ણના પ્રયોગથી પ્રાપ્ત કરેલ પિંડ, એ 'ચૂર્ણપિંડ' દુષ્ટ છે.

○ યોગપિંડ–જ્યારે મુગ્ધ લોકોની આગળ સૌભાગ્ય આદિ કારક વિલેપનપૂર્વક, રાજાને વશીકરણ આદિ નિમિત્તે તિલકદ્વારા જળ-સ્થળમાર્ગનું ઉલ્લંઘન સુભગ-દુર્ભગની વિધિનો ઉપદેશ કરીને આહારનું ગ્રહણ કરે છે, ત્યારે 'યોગપિંડદોષ' કહેવાય છે.

○ મૂળકર્મપિંડ–પુત્ર આદિના જન્મદોષના નિવારણ માટે અને મઘા-જ્યેષ્ઠા-આશ્લેષા-મૂળ આદિ નક્ષત્રની શાન્તિ માટે, મૂળ એટલે વનસ્પતિના અવયવભૂત મૂળિયાઓથી સ્નાનનો ઉપદેશ કરીને આહાર આદિ ગ્રહણ કરે છે, ત્યારે આ દોષ લાગે છે. આ પ્રમાણે ઉપાર્જના ઉત્પાદના દોષો વર્ણિત થયા.

ગ્રહણૈષણાના દશ દોષો

○ શંકિતદોષ-ભોજન-પાન આદિમાં જે કલ્પનીય-અકલ્પનીય ધર્મવિષયવાળી શંકા. જેમ કે-અમે જાણી શકતા નથી કે-'આ શું ઉદ્ગમ આદિ દોષથી યુક્ત છે કે નહિ ?' આવા આશંકાના સ્થાનભૂત કલ્પનીયના નિશ્ચય નહિ થયે, આપનારીને નિષેધ કરે કે-'મને આવું કલ્પતું નથી.'

○ પ્રક્ષિતદોષ-સચિત્ત પૃથિવી ખરડાયેલ પ્રક્ષિત કહેવાય છે. તે પૃથિવી-પાણી-વનસ્પતિકાયથી ખરડાયેલ અને અચિત્તથી ખરડાયેલના ભેદથી બે પ્રકારનું છે. અચિત્તપદથી ચરબી આદિ અને દુર્ગંધવાળી વસ્તુ ગ્રહણ કરાય છે.

○ નિક્ષિપ્તદોષ-સચિત્ત ઉપર સ્થાપન કરેલા અન્ન આદિ.

○ પિહિતદોષ-પાણીના ઘડાથી, પેષણી(ઘંટી-ખરલ-દળવાનું કોઈ પણ સાધન)થી, પીઠક (પાટિયા વગેરેથી), શિલાપુત્રક(વાટવાનો નાનો પત્થર)થી, માટીના લેપ આદિથી અથવા કોઈ એક લાખ-મીણ આદિથી ઢાંકેલ કે લીંપેલ હોતું ઉઘાડીને, દાતા શ્રમણ માટે જ્યારે આપે, ત્યારે તેના ગ્રહણમાં આ દોષ લાગે છે.

○ સંહૃતદોષ-સચિત્ત અથવા અચિત્ત વસ્તુરૂપ ભાજન હોય તેમાંથી બીજા સચિત્ત વસ્તુવાળા ભાજનમાં નાંખી, સાધુને ખપી શકે એવો અશનાદિ આપે, તે દાનાનુચિત હોઈ 'સંહૃતદોષ' લાગે.

○ દાયકદોષ-બાળ (આઠ વર્ષની અંદર ઉંમરવાળો બાળ), વૃદ્ધ (૬૦ કે ૭૦ વર્ષની ઉંમરવાળો વૃદ્ધ), મત્ત (દારૂ પીધેલો), ઉન્મત્ત (ભૂત આદિના વળગાડથી ઉન્મત્ત અથવા સંગ્રામના વિજયથી અભિમાની), ગ્રહગૃહીત (શનૈશ્ચરાદિ ગ્રહથી પકડાયેલો), વેપમાન (જેનું શરીર ધ્રુજતું હોય તે), જ્વરિત (તાવવાળો), અંધ (આંધળો), પ્રગલિત (જેને ગળતો કોઢ વગેરે ચામડીનો રોગ થયો હોય તે), આરૂઢપાદુકા (જેણે

પગમાં પાદુકા-જોડાં પહેર્યા હોય તે), વગેરે ચાલીશ પ્રકારના દાતારોના હાથથી ભિક્ષા આદિનું ગ્રહણ, એ 'દાયકદોષ' કહેવાય છે.

○ ઉન્મિશ્રદોષ-અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આદિ આહાર; જાઈ, ગુલાબ આદિ પુષ્પોથી અથવા બીજ-લીલી વનસ્પતિ આદિથી મિશ્રિત, સાધુઓને અકલ્પનિક આહારને આપનારને, 'મને કલ્પતું નથી'-એમ સાધુએ કહેવું જોઈએ, જો ન કહે તો આ દોષ લાગે છે.

○ અપરિણતદોષ—રૂપાન્તરને નહિ પામેલ (અચિત્ત ન થયેલું કે ગ્રહણયોગ્ય ન થયેલું અપરિણત બે પ્રકારનું છે. દ્રવ્ય અને ભાવમાં પ્રત્યેક દાતા અને ગ્રાહકના સંબંધથી બે પ્રકારો છે. દૂધપણામાંથી પરિભ્રષ્ટ, દધિપણાને પામેલ પરિણત કહેવાય છે; અથવા દૂધપણામાં અવસ્થિત અપરિણત કહેવાય છે. ભાવવિષયવાળું તો બંને પુરુષોને હોય છે, એમ ટીકામાં કથિત જાણો.) જેમ દૂધ દૂધપણામાં જ રહેલ, દધિપણાને નહિ પામેલ. અશનાદિ વસ્તુ બેથી અધિક માલિકની હોય, તેમાંથી એક સાધુને આપવાની ઇચ્છાવાળો હોય પણ બીજાની ઇચ્છા જો ન હોય, તો તે ગૃહસ્થદાતા ભાવ અપરિણત કહેવાય. અશનાદિ વહોરતી વખતે સંઘાટક સાધુમાંથી એક સાધુને વસ્તુ અચિત્ત-કલ્પ્ય લાગે છે, બીજા સાધુને વસ્તુ અચિત્ત-અકલ્પ્ય લાગે છે. તે સાધુ ગ્રાહકભાવ અપરિણત કહેવાય.

○ લિપ્તદોષ—જે અશનાદિથી હાથ, પાત્રું ખરડાય તે. દહીં, દૂધ આદિ લિપ્તદ્રવ્ય કહેવાય. (ખરડાયેલું ભાજન, ખરડાયેલો હાથ, સાવશેષ દ્રવ્ય) ચારેય બાજુથી ચીકણી માટીથી ખરડાયેલ, નિંદિત દ્રવ્ય આદિથી ખરડાયેલ લિપ્ત કહેવાય છે, કે જેથી સાધુને દોષ લાગે છે.

○ છર્દિતદોષ-અપાતા અન્ન આદિનું પૃથ્વીકાય આદિમાં પડવું, તે છર્દિત કહેવાય છે. સાધુને વહોરાવતી વખતે જો દાતારના હાથમાંથી જમીન ઉપર છાંટા પડે અથવા વહોરાવાની ચીજ ઢળે, તો છર્દિતદોષ લાગે. પડેલું તે દ્રવ્ય કદાચ સચિત્તમાં પડે, કદાચ અચિત્તમાં કે મિશ્રમાં પડે, તેથી પડેલા સચિત્ત-અચિત્ત-મિશ્રદ્રવ્યો કે જે આધારરૂપ અને આધેયરૂપ હોય છે, તેના સંયોગથી ચાર ભાંગાઓ થાય છે. આ સંબંધી સઘળા ભાંગાઓમાં ભોજન આદિનું ગ્રહણ પ્રતિષિદ્ધ છે. એમ એષણાનાં દશ દોષો સમાપ્ત થાય છે.

संयोजना आदिना पांच दोषो

સંયોજના એટલે ભોજન આદિનું ગુણાન્તરનું ઉત્પાદક દ્રવ્યાન્તરની સાથે ભળવું. તે સંયોજના, સંયોજના, અતિબહુક, અંગાર, ધૂમ અને નિષ્કારણરૂપે પાંચ પ્રકારનાં છે. (સંયોજના બે પ્રકારની છે. ૧-દ્રવ્યવિષયવાળી અને ૨-ભાવવિષયવાળી. દ્રવ્યસંયોજના બાહ્ય અને આંતરિક છે, જ્યારે ભિક્ષા માટે જતો, દૂધ આદિને ખાંડ વગેરેની સાથે રસની આસક્તિથી સંયુક્ત કરે છે, ત્યારે બાહ્યસંયોજના, જ્યારે ઉપાશ્રયમાં આવીને ભોજનવેળાએ પાત્રમાં, કોળિયામાં કે મુખમાં સંયુક્ત કરે છે, ત્યારે અભ્યંતરસંયોજના. આ પ્રમાણે થતાં આત્મામાં જ્ઞાનાવરણીય આદિ કર્મ સંયુક્ત કરાવે છે, દીર્ઘતર સંસારથી દુઃખનો સંયોગ કરાવે છે.)

○ સંયોજના—લોભથી મંડક (રોટલી આદિ) આદિનું બીજા દ્રવ્યરૂપ ખાંડ-ઘી આદિની સાથે રસવિશેષના ઉત્પાદન માટે વસતિની બહાર કે અંદર જોડાણ કરે, તે સંયોજના.

○ અતિબહુકદોષ—જેટલા પ્રમાણથી ધૈર્ય, શરીરાદિ બળ અને સંયમના યોગો સીદાતા ન થાય, તેટલા આહારનું પ્રમાણ જાણવું. તેનાથી અધિક આહાર તો ઉલ્ટી માટે, મૃત્યુ માટે કે વ્યાધિ માટે થાય. તે 'અતિબહુકદોષ' જાણવો.

○ અંગારદોષ—સ્વાદિષ્ટ અન્નની કે તેના દાતારની પ્રશંસા કરતો જે આરોગે છે, તે રાગરૂપી આગથી ચારિત્રરૂપી ઈંધન(લાકડાં વગેરે)ને અંગારકારી હોઈ 'અંગારદોષ' કહેવાય છે.

○ ધૂમદોષ—તે આહાર કે દાતાની નિંદા કરતો ચારિત્રરૂપી ઈંધનને બાળતો ધૂમકારી હોઈ 'ધૂમદોષ' છે.

○ કારણાભાવદોષ—ભોજનના છ કારણોના અભાવમાં ખાનારને કારણાભાવદોષ લાગે છે.

ભોજનનાં છ કારણો

(૧) વેદના-ક્ષુધાવેદનીયના ઉદયથી જો ભૂખ સહન ન થાય, તો સાધુ આહાર કરી શકે.

(૨) વૈયાવૃત્ત્ય-શરીરમાં અશક્તિના કારણે આચાર્યાદિનું જો વૈયાવૃત્ત્ય-ભક્તિ ન થઈ શકતી હોય, તો તે ભક્તિ માટે આહાર કરે.

(૩) ઈર્યાસમિતિ-આંખોનું તેજ જો મંદ પડ્યું હોય અને તેથી ઈર્યાસમિતિનું પાલન ન થઈ શકતું હોય, તો તે માટે આહાર કરે.

(૪) સંયમ-શરીરસામર્થ્યના અભાવે જો પડિલેહણા-પ્રામાર્જના આદિ ચારિત્રની ક્રિયાઓ સારી રીતે કરી શકાતી ન હોય, તો તે સંયમની ક્રિયાઓ માટે આહાર કરે.

(૫) પ્રાણરક્ષણ-આહારના અભાવે જો પ્રાણ જવાનો સંભવ લાગે, તો પ્રાણોની રક્ષા માટે આહાર કરે.

(૬) ધર્મધ્યાન-આર્ત-રૌદ્રધ્યાનના પરિહારપૂર્વક જો ધર્મધ્યાન કરવા માટે આહારના ટેકાની જરૂર લાગે, તો આહાર કરે. આવી રીતે ભોજનનાં છ કારણો છે. તેથી આ પ્રમાણે નામ લઈને સંક્ષેપથી આ દોષોનું વર્ણન કરેલ છે, પરંતુ વિસ્તારથી તે પિંડવિશુદ્ધિ આદિ ગ્રંથોથી જાણવું. આ પ્રમાણે વસતિ આદિના નિમિત્તજન્ય દોષો પણ જાણવાં.

अथ समितिमाह —

साध्वाचरणे शास्त्रोदितविधिना सम्यक्प्रवृत्तिस्समितिः, सा चेर्यादिरूपा पञ्चविधा पूर्वमेवोक्ता वेदितव्या ॥ ३ ॥

साध्वाचरण इति । साधुयोग्य आचरणेऽर्हत्प्रवचनानुसारेण प्रशस्ता प्रवृत्तिस्समितिः । गमने सम्यक् सत्त्वपरिहारतः प्रवृत्तिरीर्यासमितिः, निरवद्यवचनप्रवृत्तिर्भाषासमितिः, द्विचत्वारिंशद्दोषवर्जनेन भक्तादिग्रहणे प्रवृत्तिरेषणासमितिः, आसनसंस्तारकपीठफलकवस्त्र-पात्रदण्डादिकं चक्षुषा निरीक्ष्य प्रतिलिख्य सम्यगुपयोगपूर्वं रजोहरणादिना यद्गृह्णीयात् यच्च

निरीक्षितप्रतिलेखितभूमौ निक्षिपेत्साऽऽदाननिक्षेपणासमितिः, पुरीषप्रस्रवणनिष्ठीवनश्लेष्म-शरीरमलानुपकारिवसनान्नपानादीनां जन्तुरहितस्थण्डिले उपयोगपूर्वकं परित्यजनं परिष्ठापना-समितिरिति पञ्च समितयः पूर्वमेव संवरनिरूपणे प्रदर्शिता इत्याशयेनोक्तं पूर्वमेवोक्ता इति ॥

समितिनुं वर्णन

भावार्थ – "साधुना आचारमां शास्त्रकथित विधिथी सारी प्रवृत्ति, એ 'समिति' કહેવાય છે : अने ते समिति ईर्या आदि રૂપ पांच प्रકारनी पहेलां જ કહેલી જાણવી."

विवेचन – साधुने योग्य आचरणमां जिनेन्द्रप्रवचनना अनुसारे प्रशस्त प्रवृत्ति, એ 'समिति', गमनमां सम्यग् એटले જીवोना परिहारपूर्वक प्रवृत्ति, એ ईर्यासमिति', निरवद्य वचनमां प्रवृत्ति, એ 'भाषासमिति' अने बेंतालीश दोषोना वर्जनपूर्वक भोजन आदिना ग्रहणमां प्रवृत्ति, એ 'એषणासमिति.' आसन-संथारो-पाट-पाटला-पाटिया-वस्त्र-पात्र-दंड आदिने आंખथी જોઈને, पडिलेहण करी, सम्यग् એटले उपयोगपूर्वक रજોहरण आदिथी पूंજીने જे ग्रहण करे अने જોयेली अने पूंજેली જमीन उपर मूકे, ते 'आदाननिक्षेपणासमिति.' वडीशंका, लघुशंका, थुंक, કफ, शरीरनो मल, अनुपकारी (अनुपयोगी-अકલ્પ્ય) वस्त्र-अन्न-पान आदिनो जंतु वगरनी જગ્યामां उपयोगपूर्वકनो परित्याग, એ 'परिष्ठापनिकासमिति.' એम पांच समितिओ पहेलां જ संवरना निરूपणमां प्रदर्शित करेल छे.

अथ भावनामाख्याति –

धर्मार्थं चित्तस्थिरीकरणहेतुर्विचारो भावना । द्वादशविधा सा चेत्थम् ॥ ४ ॥

धर्मार्थमिति । भाव्यतेऽनयेति भावना[१], अभ्यासक्रिया, सा चाव्यवच्छिन्नपूर्वपूर्वतर-संस्कारस्य पुनस्तदनुष्ठानरूपा, आत्मगुणः ज्ञानजाज्ञानहेतुश्च दृष्टानुभूतश्रुतेष्वर्थेषु स्मृतिप्रत्यभि-ज्ञानकार्योन्नीयमाना च, धारणात्मकमितिविशेषरूपैवेयंयदा धर्मार्थं चित्तस्थिरतायां कारणं भवति तदा सा भावनोच्यत इत्याशयेनोक्तं धर्मार्थं चित्तस्थिरीकरणहेतुरिति, तथाच ज्ञानदर्शनचारित्रतपोवैराग्यादिषु चित्तस्थैर्याय यो विचारस्सा भावनेत्यर्थः । तस्या भेदा

१. मुख्यतया भावना पञ्चविधा दर्शनज्ञानचारित्रतपोवैराग्यभेदात् तत्र तीर्थकृतां प्रवचनस्य प्रावचनिका-नामाचार्यादीनामतिशायिनां केवलिमनःपर्यवावधिमच्चतुर्दशपूर्वविदां अभिगमननमनदर्शनकीर्त्तनसम्पूजनस्तवना-दिभिर्दर्शनभावना, भाव्यमानयानया दर्शनशुद्धिर्भवति । मौनीन्द्रं ज्ञानं प्रवचनं यथावस्थिताशेषपदार्थाविर्भावकं यत इहैव प्रवचने सम्यग् ज्ञातव्यजीवाजीवादिनवतत्त्वपरिज्ञानं दृष्टं तथा परमार्थरूपं मोक्षाख्यं कार्यम्, करणं सम्यग्दर्शनज्ञानचारित्राणि, कारकः सम्यग्दर्शनाद्यनुष्ठाता साधुः, क्रिया सिद्धिश्च मोक्षावाप्तिलक्षणा दृष्टा नान्यत्रैवं भावयतो ज्ञानभावन्न, अनया नित्यं गुरुकुलवासो भवति चारित्रभावना पूर्वमेव टीकाकृता प्रदर्शिता । केन निर्विकृत्यादिना तपसा मम दिवसोऽवन्ध्यो भवेत् कतरद्वा तपोऽहं विधातुं प्रभुः, कतरच्च तपः कस्मिन् द्रव्यादौ मम निर्वहति इति भावनीयं, इत्यादिरूपेण तपसि भावना । वैराग्यभावना च द्वादशविधा ग्रन्थकृता सम्प्रति प्रदर्श्यत इति ॥

अनित्यादिरूपा द्वादसविधाः पूर्वमेव संवरे प्रोक्ताः परन्तु प्रत्येकं स्वरूपाणि न दर्शितानीति तत्स्वरूपाणि दर्शयितुं प्रतिजानीते द्वादशविधेति ॥

ભાવનાનું કથન

ભાવાર્થ – "ધર્મપુરુષાર્થ માટે ચિત્તના સ્થિરીકરણમાં હેતુભૂત વિચાર, એ 'ભાવના' : અને તે બાર પ્રકારની ભાવના આ પ્રકારે છે."

વિવેચન – જેના વડે ભાવિત થવા, તે 'ભાવના.' (મુખ્યત્વે ભાવના દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વૈરાગ્યના ભેદથી પાંચ પ્રકારની છે. ત્યાં તીર્થંકરોના, પ્રવચનના, પ્રાવચનિકો-આચાર્ય આદિના, અતિશયવંત, કેવલી, મનઃપર્યવવાળા–અવધિવાળા, ચૌદપૂર્વવિત્તાઓના સામે જવું-નમવું, દર્શન, ગુણકીર્તન, સંપૂજન, સ્તવન વગેરે ક્રિયાઓ દ્વારા દર્શનભાવના. ભવાતી આ ભાવનાથી દર્શનશુદ્ધિ થાય છે. (૧) જૈનેન્દ્રજ્ઞાન, પ્રવચન (શ્રુત) યથાર્થ સકલ પદાર્થોનું પ્રકાશક છે, જેથી આ જ જિનશાસનમાં સારી રીતે સંપૂર્ણ-સત્ય જાણવાયોગ્ય જીવ-અજીવ આદિ નવ તત્ત્વોનું પરિજ્ઞાન જોયેલું છે, તેમજ પરમાર્થરૂપ મોક્ષનામક કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રો કરણ છે. સમ્યગ્દર્શન આદિનો અનુષ્ઠાતા સાધુ કારક છે. મોક્ષની પ્રાપ્તિરૂપ ક્રિયાસિદ્ધિ જોયેલી છે, બીજા શાસનમાં નહિ. આવી ભાવના ભાવનારને 'જ્ઞાનભાવના.' આ ભાવનાથી નિત્ય ગુરુકુલવાસ થાય છે. ચારિત્રભાવના પહેલાં જ ટીકાકારે પ્રદર્શિત કરેલ છે.

○ કયા નીવી આદિ તપવડે મારો દિવસ ધન્ય બને ? કયો તપ હું કરવા સમર્થ છું ? કયો તપ દ્રવ્ય આદિ હોયે છતે નિર્વહિયોગ્ય થઈ શકે ? આમ વિચારવું, તે 'તપોભાવના.' વૈરાગ્યભાવના બાર પ્રકારની છે. તે ગ્રંથકાર હમણાં દર્શાવી રહ્યા છે.) ભાવના એટલે અભ્યાસક્રિયા : અને તે અભ્યાસક્રિયા, અવિચ્છિન્ન (સતત) પૂર્વપૂર્વતર સંસ્કારવાળાની ફરીથી તે અભ્યાસના અનુષ્ઠાનરૂપ, આત્માના ગુણભૂત, જ્ઞાનજન્ય (અપાયનામક જ્ઞાનના કાર્યરૂપ) અને જ્ઞાનનો હેતુ. (શ્રુતજ્ઞાનનું કારણ) જોયેલા, અનુભવેલા, સાંભળેલા પદાર્થોમાં સ્મરણ અને પ્રત્યભિજ્ઞાનરૂપ (સંસ્કારની જાગૃતિ થવાથી ઉત્પન્ન થતું અનુભવ કરેલા પદાર્થરૂપ વિષયવાળું : અને 'તે' એવા આકારવાળું જ્ઞાન, તે સ્મરણ અનુભવ : અને સ્મરણરૂપ બે કારણોદ્વારા ઉત્પન્ન થયેલું ભૂત અને વર્તમાનકાળની એકતાની સંકલન કરનારું 'તે આ' આકારવાળું જ્ઞાન, તે 'પ્રત્યભિજ્ઞાન', તે રૂપ) કાર્યોથી વિચારાતી, ધારણારૂપ જાતિ વિશેષરૂપ જ, આ ધારણા જ્યારે ધર્મ માટે ચિત્તની સ્થિરતામાં કારણ થાય છે, ત્યારે તે ભાવના કહેવાય છે. આવા આશયથી કહ્યું છે કે–'धर्मार्थंचित्तस्थिरीकरणहेतुः' ઇતિ. તથાચ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વૈરાગ્ય વગેરેમાં ચિત્તની સ્થિરતા માટે જે વિચાર, તે 'ભાવના,' એવું રહસ્ય છે. તે ભાવનાના અનિત્યત્વ આદિ રૂપ બાર પ્રકારના ભેદો પહેલાં સંવર પ્રકરણમાં કહેલા છે. પરંતુ તે દરેકના સ્વરૂપો દર્શાવ્યા ન હતા, માટે તેના સ્વરૂપો દર્શાવવા માટે પ્રતિજ્ઞા કરે છે કે-'તે ભાવના બાર પ્રકારની આ પ્રમાણે છે.'

तत्रादावनित्यभावनामाह –

बाह्याभ्यन्तरनिखिल पदार्थेष्वनित्यत्वचिन्तनमनित्य भावना । अनया चैषां संयोग आसक्तिर्विप्रयोगे च दुःखमपि पुरुषस्य न स्यात् ॥ ५ ॥

बाह्येति । बाह्येषु शय्याऽऽसनवस्त्रौघोपधिषु प्रतिदिवसमिमे रजसा विपरिणम्यमानास्सर्वप्रकारेण स्वां सन्निवेशावस्थां विहाय विशरारुतां प्रतिपद्यन्ते, आभ्यन्तरं शरीरद्रव्यं जीवप्रदेशैर्व्याप्तत्वात्, इदमपि जन्मनः प्रभृति पूर्वपूर्वावस्थां जहदुत्तरोत्तरावस्थामास्कन्दत्प्रतिक्षणमन्यान्यरूपेण च भवज्जराजर्जिताशेषावयवं पुद्गलजालविरचनमात्रं पर्यन्ते परित्यक्तसन्निवेशविशेषं विशीर्यते, निरीक्ष्यते हि भवे यत्प्रातरस्ति न तन्मध्याह्ने यच्च मध्याह्ने न तन्निशीथिन्यामत एव वृद्धास्सचेतनमचेतनमप्यशेषमुशन्त्युत्पादानित्यधर्मकमिति विचारोऽनित्यभावनेत्यर्थः, ईदृशभावनाफलमाविष्करोति अनयेति-अनित्यभावनयेत्यर्थः एषामिति, प्राणप्रियाणामपि शरीरशय्यासनवस्त्रादीनां संयोगे आत्मना सम्बन्धे सति आसक्तिरभिष्वङ्गः, विप्रयोगे-वियोगे सति दुःखमपि शारीरं मानसं वा पुरुषस्य न स्यान्न भवेदेव तृष्णाविनाशेन निर्ममत्वादिति भावः ॥

अनित्यभावनानुं वर्णन

भावार्थ – "बाह्य-आभ्यंतर समस्त पदार्थोमां अनित्यत्वनुं चिंतन, ए 'अनित्यभावना.' आ भावनाथी, आ पदार्थोना संयोगमां आसक्ति अने वियोगमां दुःख पण पुरुषने न थाय."

विवेचन – बाह्य एटले शय्या, आसन, वस्त्र औधिक (जे सर्वदा धारण करवामां आवे ते उपधि) औपग्रहिक (जे कारणप्रसंगे संयमना निर्वाह माटे ग्रहण कराय ते उपधि) वगेरेमां हंमेशां रज (धूळ-मेल) आदिथी विपरिणाम थवाथी, आ पदार्थो सर्व प्रकारे पोतानी आकारરૂप अवस्थाने छोडी विनश्वरताने पामे छे. आभ्यंतर, ए शरीरરૂपी द्रव्य छे, केम के-जीवना प्रदेशोथी व्याप्त छे. आ शरीर पण जन्मथी मांडी जुनी जुनी अवस्थाने छोडतुं, क्षणे क्षणे जुदा जुदा રૂपे थतुं, जराथी जर्जरित सघळा अवयववाळुं, पुद्गलજાल मात्र रचनावाळुं अने रचनाविशेषने छोडनारुं विशीर्ण थाय छे. खरेखर, देखाय छे के-संसारमां जे सवारमां होय छे, ते बपोरना होतुं नथी अने जे बपोरना होय छे, ते रात्रिमां नथी देखातुं. એथी ज वृद्धपुरुषो 'सचेतन-अचेतन पण समस्त वस्तुने उत्पत्ति-विनाश धर्मवाळी माने छे.' आवो विचार, ए 'अनित्यभावना'-એम रहस्य छे. आवी भावनानुं फळ प्रगट करे छे के-आ अनित्यभावनाथी आ प्राणप्यारा पण शरीर-शय्या-वस्त्र आदिना संयोगमां आत्मानी साथे संबंध थवा छतां, आसक्ति (लीनभाव) तथा वियोग होये छते शारीरिक के मानसिक दुःख पण भावनावाळा पुरुषने न ज थाय ! केम के-तृष्णानो विनाश थवाथी ममत्वनो अभाव थाय छे.

अशरणभावनामाह –

जन्मजरामरणादिजन्यदुःखपरिवेष्टितस्य जन्तोस्संसारे क्वापि अर्हच्छासनातिरिक्तं किमपि शरणं न विद्यते इति भावनाऽशरणभावना । एवं भावयतस्सांसारिकेषु भावेषु वैराग्यं समुत्पद्येत ॥ ६ ॥

जन्मेति । पितृमातृभ्रातृदयितातनयादिपरिवेष्टितस्यापरिवेष्टितस्य वा त्रैलोक्यविध्वंसनपटिष्ठसामर्थ्यस्यासामर्थ्यस्य वा मंत्रतंत्रादिक्रियासुगूढस्यानिगूढस्य वा नानाशास्त्रकृतपरिश्रमस्यापरिश्रमस्य वा जन्तुमात्रस्य जन्मजरामरणादिजन्यदुःखपरिवेष्टितत्वेन दुःखदावाग्निज्वलज्ज्वालाकरालकरम्बितेऽस्मिन् संसारे शरणं भयापहारिस्थानमर्हच्छासनातिरिक्तं किमपि न विद्यत इत्येवं पर्यालोचनमशरणभावनेत्यर्थः, तथा चिन्तयतो लाभमाह एवं भावयत इति, अशरणभयात्सांसारिकपदार्थजातेषु प्रीत्यभावेन वैराग्यं लभते, जन्मजरामरणभयाक्रान्तानाञ्चार्हच्छासनोक्तविधेरेव प्रकृष्टशरणत्वाज्ज्ञानदर्शनचरणलक्षणे तद्विधौ प्रवर्त्तत इति भावः ॥

અશરણ ભાવનાનું વર્ણન

ભાવાર્થ – "જન્મ-જરા-મરણ વગેરેથી જન્ય દુઃખોથી વીંટાયેલા પ્રાણિને સંસારમાં ક્યાંય પણ જૈનશાસન સિવાય કોઈ પણ શરણ વિદ્યમાન નથી. આવી ભાવના, એ 'અશરણભાવના.' આવી ભાવના ભાવનારને સાંસારિક ભાવોમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય !"

વિવેચન – પિતા-માતા-ભાઈ-પુત્રી-પુત્ર આદિ પરિવારથી વીંટાયેલ કે નહિ વીંટાયેલ, ત્રૈલોક્યના વિનાશમાં પટિષ્ઠ સામર્થ્યવાળો કે અસામર્થ્યવાળો હોય, મંત્ર-તંત્ર આદિ ક્રિયામાં સુદૃઢ કે અસુદૃઢ હોય, અનેક શાસ્ત્રવિષયક પરિશ્રમવાળો હોય કે પરિશ્રમવાળો ન હોય, જંતુ માત્રને જન્મ-જરા-મરણ આદિ જન્ય દુઃખોથી વીંટાયેલ હોઈ દુઃખોરૂપી દાવાનળની જળતી જ્વાળાઓથી વિકરાળ આ સંસારમાં શરણ એટલે ભયનું અપહરણ કરનારું સ્થાન, જૈનશાસન સિવાય બીજું કોઈ વિદ્યમાન નથી. આવી પર્યાલોચના, એ 'અશરણભાવના' કહેવાય છે. અશરણભાવનાના ચિંતકને, 'હું હંમેશાં અશરણ છું'-આવા હંમેશના ભયથી સાંસારિક પદાર્થોના સમુદાયમાં પ્રીતિનો અભાવ થવાથી વૈરાગ્ય થાય છે. જન્મ-જરા-મરણના ભયથી ઘેરાયેલાઓને જૈનશાસનવિહિત વિધિનું જ ઉત્કૃષ્ટ શરણ હોઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ તે શાસનરૂપ વિધિમાં ભાવના ભાવનાર પ્રવર્ત્તે છે.

संसारभावनामाह –

संसारे बभ्रम्यमाणानां जनानां सर्व एव स्वजनाः परजनाश्चेति विचारस्संसारभावना । एवं विचारयतः केष्वपि ममत्वाभावान्निर्विण्णस्य संसारपरिहाराय यत्न उदीयात् ॥ ७ ॥

संसार इति । इतश्चेतश्च परिभ्रमणं संसारः, तत्र जीवपुद्गलानां यथायोगं भ्रमणं द्रव्यसंसारः, क्षेत्रसंसारो येषु चतुर्दशरज्ज्वात्मकेषु द्रव्याणां संसरणं सः, नारकतिर्यङ्नरामरगतिचतुर्विधानुपूर्व्युदयाद्भवान्तरसंक्रमणं भवसंसारः, दिवसपक्षमासर्त्वयनसंवत्सरादिलक्षणस्य चक्रन्यायेन भ्रमणं कालसंसारः, भावसंसारस्तु संसृतिस्वभाव औदयिकादिभावपरिणतिरूपः, तत्र च

प्रकृतिस्थित्यनुभागानां प्रदेशविपाकानुभवनम्, तथा च कर्मसंबन्धात्संसारी जन्मजरामरण-रोगशोकादिग्रस्तत्वेन दुःखस्वभावे जन्मान्तरे नरकादिदुःखभावादुःखफले "पुनःपुनर्दुःख-सन्तानसन्धानादुःखानुबन्धिनि सुरनरनैरयिकतिर्यक्सुभगदुर्भगादिविचित्ररूपे सुखलेशाभावादसारे चक्रवत्पौनःपुन्येन भ्राम्यतां जनिषामेकद्वित्रिचतुः पञ्चेन्द्रियास्सर्व एव यदा जनकतासम्बन्धेन स्वाम्यादिसम्बन्धेन वा सम्बन्धिनस्तदा स्वजना उच्यन्ते यदा च न तेन सम्बन्धेन सम्बन्धिनस्तदा परजना न पुनः सर्वथा स्वजनत्वं परजनत्वं वा नियतं, रागद्वेषमोहाभिभूतत्वेन जन्तूनां नानायोनौ पृथक् पृथक् परिभ्रमणात्, अत एव प्रकृष्टानि दुःखान्यनुभवन्ति इत्येवं विधो विचारः संसारभावनेत्यर्थः, फलमाह एवमिति, प्रचुरदुःखफलनानायोनिभ्रमणभयेन क्वापि ममत्वाभावात् सांसारिकसुखेषु तडित्कल्पेषु विषमिश्रपयोनिभेषु जिहासितो भवति, ततश्च संसारपरित्यागाय प्रयत्नवान् भवतीति भावः ॥

संसारभावनानुं वर्णन

ભાવાર્થ – "સંસારમાં વારંવાર ભમનારા જીવોને સઘળાય સ્વજનો અને પરજનો છે. આવો વિચાર, એ 'સંસારભાવના' કહેવાય છે. આ પ્રમાણે વિચાર કરનારાને કોઈ પણ જીવ ઉપર મમતા નહિ થવાથી નિર્વેદવાળો, સંસાર(સુખ)ના પરિત્યાગ માટે પ્રયત્નવાળો થાય !"

विवेचन – સંસાર એટલે આમ-તેમ ઉંચ-નીચગતિમાં ફરવું. ત્યાં જીવપુદ્ગલોનું યોગ પ્રમાણે ભ્રમણ, એ 'દ્રવ્યસંસાર.' ચૌદ રાજલોકમાં દ્રવ્યોનું અહીં-તહીં ફરવું, એ 'ક્ષેત્રસંસાર.' નારક-તિર્યંચ-મનુષ્ય-દેવગતિ અને ચાર પ્રકારની આનુપૂર્વીના ઉદયથી ભવાન્તરમાં સંક્રમણ, એ 'ભવસંસાર.' દિવસ-પક્ષ-માસ-ઋતુ-અયન-સંવત્સર આદિ લક્ષણવાળા કાળનું ચક્રના ન્યાયે ભ્રમણ, એ 'કાળસંસાર.' 'ભાવસંસાર' તો સંસરણ સ્વભાવવાળો, ઔદયિક આદિ ભાવમાં પરિણતિરૂપ છે અને તે ભાવસંસારમાં પ્રકૃતિ-સ્થિતિ-રસોના પ્રદેશ અને વિપાકનો અનુભવ હોય છે. તથાચ કર્મસંબંધથી સંસારી જન્મ-જરા-મરણ-શોક આદિથી ગ્રસ્ત હોવાથી, દુઃખસ્વભાવવાળા જન્માન્તરમાં નરક આદિમાં દુઃખ હોવાથી, દુઃખરૂપી ફળવાળા, વારંવાર દુઃખપરંપરાના અનુસંધાનથી દુઃખના અનુબંધવાળા, સુર-નર-તિર્યંચ-નારકી-સુભગ-દુર્ભગ આદિ વિચિત્ર રૂપવાળા, સુખના અંશ માત્રના અભાવથી નિસર્ગતઃ અસાર સંસારમાં ચક્રની માફક વારંવાર ભમતા પ્રાણિઓના એકેન્દ્રિય-દ્વિન્દ્રીય-ત્રિન્દ્રીય-ચૌરેન્દ્રિય-પંચેન્દ્રિયરૂપ સઘળાય જીવો, જનકતાના સંબંધથી કે સ્વામી આદિના સંબંધથી સંબંધીઓ જ્યારે હોય, ત્યારે 'સ્વજનો' કહેવાય છે. તે સંબંધથી જ્યારે સંબંધી નથી હોતા, ત્યારે 'પરજનો' કહેવાય છે. અર્થાત્ સ્વજનપણું કે પરજનપણું સર્વથા નિયત નથી, કેમ કે-રાગ-દ્વેષ-મોહથી પરાજિત જંતુઓનું વિવિધ જીવાયોનિમાં જુદી જુદી રીતે પરિભ્રમણ છે. એથી જ ઉત્કૃષ્ટ દુઃખોને અનુભવે છે. એમ આવા પ્રકારની 'સંસારભાવના' કહેવાય છે. સંસારભાવનાના ફળને કહે છે કે-પુષ્કળ દુઃખરૂપી ફળવાળા અનેક જીવાયોનિના ભ્રમણના ભયથી ક્યાંય પણ મમતા નહિ થવાથી વિજળીના જેવા, વિષથી મિશ્રિત દૂધ સરખા સાંસારિક સુખોને હેયબુદ્ધિથી છોડવાની ઈચ્છાવાળો થાય છે અને તેથી સંસારના પરિત્યાગ માટે પ્રયત્નવંત થાય છે.

एकत्वभावनामाचष्टे –

एक एवाहं जाये म्रिये न मे कश्चिदात्मीयः परो वा नवा कश्चिन्मदीयं दुःखाद्यपहर्त्तुं प्रभवतीत्येवं विचिन्तनमेकत्व भावना । अनया च निस्सङ्गतां यायात् ॥ ८ ॥

एक एवेति । एव शब्देन कदाचिदपिजननमरणानुभवो नेतरसहायो भवतीति सूचितम्, यमलकयोरपि क्रमेणैव निस्सरणान्मरणाच्च । संसारे हि जन्तुरेकक एवोत्पद्यते विपद्यतेऽप्येकक एव, दुःखी सन्नेकक एव कर्माज्जयति फलमपि तस्यैकक एवासेवते, बहुविधैः क्लेशैरर्जितं धनन्तु कलत्रमित्रादिभिस्सम्भूय भुज्यते परन्तु दुःखं स्वकर्मकृतमेकक एव सहते यदर्थमपि जीवः प्रत्यहं भ्रमति क्लिश्यते समालम्बते दैन्यं भ्रश्यति धर्माद् वञ्चयत्यहितानपक्रामति च न्यायात्सोऽपि देहः परभवप्रयाणे पदमेकमपि नानुवर्त्तते; तथा च सर्वेषां स्वार्थैकनिष्ठत्वेन धर्मादृते नापरः कश्चन सहायो दुःखाद्यपहरणे दक्ष इत्येवंभावनैकत्वभावनेत्यर्थः । ननु गृहावासकालीनममतायाः कलत्रादिविषयिण्याः प्रव्रज्याकाले साधुभिस्त्यागः कृतः परन्तु साम्प्रतकालीनमाचार्यादिविषयं ममत्वं कथं परिहार्य्यं भवेदिति चेदुच्यते ब्राह्यप्रेमणि पूर्वं तनूकृते एकत्वभावनादिदार्ढ्यात् आचार्यादिविषयेऽपि ममत्वानुदयेन पश्चादाहारे उपधौ देहे न सज्जति छिन्नममत्वश्च सर्वेऽपि जीवा असकृदनन्तशो वा सर्वजन्तूनां स्वजनभावेन परजनभावेन च संजाताः, अतः कोऽत्र स्वजनः परजनो वा इति भावनया त्रुटितप्रेमबन्धो भवतीति भावः । एवं सति यद्भवति तदाहानयाचेति । निस्सङ्गतामिति, स्वजनसंज्ञकेषु स्वीयत्वेन प्रसिद्धे शरीरे च स्नेहानुरागवैधुर्यमित्यर्थः, यायादिति, प्राप्नुयादित्यर्थः, ततो मोक्षायैव चेष्टत इति भावः ॥

એકત્વભાવના

ભાવાર્થ – "એકલો જ હું જન્મું છું-મરું છું, મારે કોઈ પોતાનો કે પારકો નથી અને કોઈ મારા દુઃખ આદિના અપહાર માટે સમર્થ થતો નથી; આવો વિચાર, એ 'એકત્વભાવના' કહેવાય છે. વળી આ ભાવનાથી નિઃસંગતાને પામે !"

વિવેચન – 'એકલો જ' અહીં જકારથી કદાચિત્ પણ જન્મ-મરણનો અનુભવ, કોઈ બીજાની સાથે કે સહાયથી થતો નથી કે યુગલનું પણ ક્રમથી નીકળવું અને મરવું છે. ખરેખર, સંસારમાં પ્રાણી એકલો જ જન્મે છે-મરે છે, એકલો જ દુઃખી થઈને કર્મ બાંધે છે અને એકલો જ કર્મફળને ભોગવે છે નાના પ્રકારના ક્લેશો વેઠીને ભેગું કરેલું ધન તો સ્ત્રી-પુત્ર-મિત્ર આદિ ભેગા થઈને ભોગવે છે. પરંતુ સ્વકર્મકૃત દુઃખને એકલો જ સહે છે. જેના ખાતર જીવ હંમેશાં ભમે છે, દુઃખી થાય છે, દીનતા કરે છે, ધર્મથી ભ્રષ્ટ થાય છે, ઠગે છે, શત્રુઓને મારે છે અને અન્યાયથી વર્ત્તે છે, તે શરીર પરભવના પ્રસ્થાનમાં વોળાવવા પણ આવતું નથી. તથાચ સઘળા જીવો એક સ્વાર્થની નિષ્ઠાવાળા હોઈ ધર્મ સિવાય બીજો કોઈ સહાયક

સાથે આવનાર નથી, તેમજ દુઃખ આદિના અપહારમાં સમર્થ નથી. આવી ભાવના 'એકત્વભાવના' કહેવાય છે.

શંકા – ગૃહસ્થ અવસ્થાના કાળમાં સ્ત્રી આદિ વિષયવાળી મમતાને દીક્ષાના કાળમાં સાધુઓએ ત્યાગ કરેલો છે. પરંતુ હમણાં આચાર્ય આદિ વિષયવાળું મમત્વ કેમ છોડાય ?

સમાધાન – પહેલાં બાહ્ય વિષયનો પ્રેમ પતળો (મંદ) કર્યા પછી, એકત્વભાવના આદિની દૃઢતાથી આચાર્ય આદિ વિષયમાં પણ મમતાનો ઉદય નહિ થવાથી, પછીથી આહારમાં-ઉપધિમાં-દેહમાં આસક્ત થતો નથી : અને મમતાના છેદવાળો, 'સઘળાય જીવો અનેકવાર કે અનંતવાર સઘળાય જીવોના સ્વજનભાવે કે પરજનભાવે થયેલા છે. એથી અહીં કોણ સ્વજન કે પરજન છે ?' આવી ભાવનાથી પ્રેમબંધન તૂટેલું થાય છે. આવું થતાં જે પરિણામ આવે છે, તે કહે છે. આ ભાવનાથી સ્વજનની સંજ્ઞાવાળાઓમાં પોતાના શરીરમાં સ્નેહરાગના અભાવરૂપ નિઃસંગતાને પામે ! ત્યારબાદ મોક્ષ માટે જ પ્રયત્ન કરે છે.

अन्यत्वभावनामाह –

वैधर्म्येण शरीरभिन्नतयाऽऽत्मानुचिन्तनमन्यत्व भावना । अनया च देहात्माभिमाननिवृत्तिर्जायेत ॥ ९ ॥

वैधर्म्येणेति । यस्माज्जीवः कायमपि व्यपास्य लोकान्तरं यात्यतोऽयं वपुषो भिन्नः सहगमनरूपसाधर्म्याभावात् । तथा सेन्द्रियं शरीरमतीन्द्रियोऽहं, अनित्यं तन्नित्योऽहं, आद्यन्तवच्छरीरमनाद्यनन्तश्चाहं, संसारे भ्रमतो मे बहूनि शरीराणि प्राप्तानि परं स एवाहमन्यस्तेभ्य इत्यादिविरुद्धधर्मैरन्यत्वचिन्तनमन्यत्वभावनेत्यर्थः, तत्फलमाहानया चेति । देहात्माभिमाननिवृत्तिरिति, शरीरमेवात्मेति बुद्धेः शरीरममताया वा विच्छेद इत्यर्थः, तथाचैवं भावयतस्सर्वस्वनाशेऽपि शोकांशोपि न जायत इति भावः ॥

અન્યત્વભાવના

ભાવાર્થ – "વૈધર્મ્યથી શરીરથી ભિન્નપણાએ આત્માનો વિચાર, એ 'અન્યત્વભાવના.' આ ભાવનાથી દેહમાં આત્માના અભિમાનની નિવૃત્તિ થાય છે."

વિવેચન – જે કારણે જીવ કાયાને પણ છોડી બીજા લોકમાં જાય છે. તેથી આ શરીરથી જુદો છે, કેમ કે-શરીરમાં આત્માની સાથે જવારૂપ સમાનધર્મનો અભાવ છે.

○ તે આવી રીતે છે કે-શરીર ઇન્દ્રિયગ્રાહ્ય છે, આત્મા ઇન્દ્રિયગ્રાહ્ય નથી (અતીન્દ્રિય છે). (આત્મા જ્ઞાતા છે, જ્યારે શરીર અજ્ઞ છે.)

○ આ શરીર અનિત્ય છે, જ્યારે આત્મા નિત્ય છે. શરીર આદિવાળું અને અંતવાળું છે જ્યારે, આત્મા અનાદિ અને અનંત છે. સંસારમાં ભમતા મને અનંતા શરીરો મળેલાં છે. પરંતુ તે જ હું આત્મા, તે શરીરોથી ભિન્ન-જુદો છું, ઇત્યાદિ વિરુદ્ધ ધર્મોથી અન્યત્વનું ચિંતન, એ અન્યત્વભાવના

કહેવાય છે. આ અન્યત્વભાવનાથી 'શરીર જ આત્મા છે'—આવી બુદ્ધિનો અથવા શરીરની મમતાનો વિચ્છેદરૂપ ફળ મળે છે. તથાચ આવી ભાવના ભાવનારને સર્વસ્વનો નાશ થવા છતાં શોકનો અંશ પણ થતો નથી.

अशुचिभावनामाह —

अशुचिमयः कायोऽशुचिहेतुकोऽशुचिस्यन्दी चेति विचारोऽशुचिभावना । एतया च शरीरविषये निर्ममत्वं स्यात् ॥ १० ॥

अशुचिमय इति । अशुचिप्रचुर इत्यर्थः तत्कथमित्यत्राहाशुचिहेतुक इति यतो गर्भे शुक्रशोणितमेलनप्रभवो जरायुवेष्टितो मात्राभ्यवहृतान्नपानरसवर्द्धितः क्लिद्यद्धातुसमाकुलोऽतोऽशुचिमय इत्यर्थः, उत्पन्नादपि तस्मात्सदाऽशुचीन्येव मलमूत्रश्लेष्मपित्तस्वेदादीनि निर्यान्तीत्यतोऽप्यशुचिमय इत्याहाशुचिस्यन्दीति, भावनाया अस्याः प्रयोजनमाह एतया चेति, निर्ममत्वमिति, शरीरपोषणशृङ्गारादावौदासीन्यमुदेतीति भावः ॥

અશુચિભાવનાનું વર્ણન

ભાવાર્થ — "અશુચિમય કાયા અશુચિથી જન્ય છે, અશુચિને ઝરાવનાર છે, આવો વિચાર, એ 'અશુચિભાવના.' વળી આ ભાવનાથી શરીરના વિષયમાં મમતાનો અભાવ થાય !"

વિવેચન — અશુચિની પ્રચુરતાવાળો દેહ કેવી રીતે અશુચિમય છે ? તો કહે છે કે- 'અશુચિથી જન્ય' છે, કારણ કે-ગર્ભમાં શુક્ર અને શોણિતના સંબંધથી થયેલું, જરાયુ(ઓળ)થી વીંટાયેલ અને માતાએ ખાધેલ અન્ન-પાનના રસથી વધેલ ભીના થતા ધાતુઓથી વ્યાકુળ છે, માટે 'અશુચિમય' શરીર છે. ઉત્પન્ન પણ તે શરીરમાંથી હંમેશાં મળ-મૂત્ર-કફ-પિત્ત-પરસેવો વગેરે નીકળે છે, માટે કાયા 'અશુચિસ્યન્દી' કહેવાય છે. આ ભાવનાથી શરીરપોષણ-શરીરશૃંગાર આદિ પ્રત્યે ઉદાસીનતાનો ઉદય થાય છે.

आश्रवभावनामाह —

इन्द्रियाद्याश्रवद्वारा कर्मागमनचिन्तनमाश्रव भावना । अनया चाश्रवनिरोधाय यतेत ॥ ११ ॥

इन्द्रियादीति । बहुतरविद्याबलादियुताअपि तत्तदिन्द्रियविषयप्रसक्तचित्ता इहामुत्र च विनाशं प्राप्नुवन्ति अत एते चक्षुरादयो निजप्रवाहपतितमात्मानं सन्मार्गाद्भ्रंशयन्ति नदीप्रवाहः स्वस्मिन् पतितानां तृणकाष्ठादीनामिव । अत इन्द्रियादयश्शुभाशुभकर्मागमद्वारभूता जीवस्यापकारिण इति चिन्तनमाश्रवभावनेति भावः । लाभमाहानयाचेति, अनया भावनया इन्द्रियविषयेषु मनोव्यावृत्त्या अनर्थपरम्परैकजनकादाश्रवौघात्परावर्त्तत इति भावः ॥

આશ્રયભાવના

ભાવાર્થ – "ઇન્દ્રિય આદિ આશ્રવદ્વારા કર્મનાં આગમનનો વિચાર, એ આશ્રવભાવના.' આશ્રવભાવનાથી આશ્રવના નિરોધ માટે પ્રયત્ન કરે."

વિવેચન – વિવિધ-વિશિષ્ટ વિદ્યાબળ આદિ સંપન્ન હોવા છતાં, તે તે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત ચિત્તવાળાઓ આલોકમાં અને પરલોકમાં વિનાશને પામે છે. એથી જ આ ચક્ષુ આદિ ઇન્દ્રિયો પોતાના પ્રવાહમાં પડેલા આત્માને સન્માર્ગથી ભ્રષ્ટ બનાવે છે. જેમ કે-નદીનો પ્રવાહ પોતામાં પડેલા ઘાસ-કાષ્ઠ વગેરેનું અપહરણ કરે છે. એથી ઇન્દ્રિય આદિ આશ્રવો શુભ-અશુભકર્મના આગમનના દ્વારભૂત જીવ પ્રત્યે અપકારીઓ છે. આવું ચિંતન, એ 'આશ્રવભાવના.' આ ભાવનાથી ઇન્દ્રિયોના વિષયોમાં મનની વ્યાવૃત્તિ(અગમન)થી અનર્થની પરંપરાના એક જનક આશ્રવના પ્રવાહ(સમુદાય)થી નિવૃત્તિ થાય છે.

संवरभावनामाविष्करोति –

आश्रवदोषास्सर्वे पापोपार्जननिरोधपटिष्ठसंवरतो नैव स्पृशन्तीति विलोकनं संवरभावना । अनया च संवराय घटते ॥ १२ ॥

आश्रवदोषा इति । मनोवचःकायकर्मप्रभवास्त्रवास्सर्वे पापसम्पादननिरोधसमर्थ-प्राणातिपातनिवृत्त्यादिपरिरक्षकगुप्त्यादिधारणतो नैव भवन्तीत्येवं चिन्तनमित्यर्थः, फल-माहानयेति, तदेवं विचारयतोऽवश्यं मिथ्यात्वकषायादिनिरोधाय तत्परिपन्थिभूतेषूपायेषु प्रवृत्तिर्भवति तथा च सद्दर्शनेन मिथ्यात्वं क्षमया क्रोधं मार्दवेन मानमार्जवेन मायामनीहया लोभं संयमेन विषयान्विषतुल्यान् गुप्तित्रयेण योगमप्रमादेन प्रमादं सावद्ययोगहानेन चाविरतिं शुभस्थैर्यचेतसाऽऽर्त्तरौद्रात्मकं ध्यानं च निरुंध्यादिति भावः ॥

संवरभावनानो आविष्कार

ભાવાર્થ – "સઘળા આશ્રવના દોષો પાપના ઉપાર્જનના નિરોધમાં પટિષ્ઠ સંવરવાળાને સ્પર્શ કરતાં નથી. આવું ચિંતન, એ 'સંવરભાવના.' વળી આ ભાવનાથી સંવર માટે પ્રયત્ન કરે છે."

વિવેચન – મન-વચન-કાયાની ક્રિયાથી જન્ય સઘળા આશ્રવો, પાપના ઉપાર્જનના નિરોધમાં સમર્થ, પ્રાણાતિપાતનિવૃત્તિ આદિના પરિરક્ષક અને ગુપ્તિ આદિના ધારણથી સંવરવાળાને થતા નથી. આવું ચિંતન, એ 'સંવરભાવના.' આ પ્રમાણે સંવરભાવનાને ભાવનારને અવશ્ય મિથ્યાત્વ-કષાય આદિના નિરોધ માટે તેના વિરોધીરૂપ સમ્યગ્દર્શનાદિ રૂપ ઉપાયોમાં પ્રવૃત્તિ થાય છે. તથાચ સમ્યગ્દર્શનથી મિથ્યાત્વને રોકે, ક્ષમાથી ક્રોધને રોકે, મૃદુતાથી માનને રોકે, ઋજુતાથી માયાને રોકે, સંતોષથી રોકે લોભને, સંયમથી વિષસમાન વિષયોને રોકે, ત્રણ ગુપ્તિથી યોગને રોકે, અપ્રમાદથી પ્રમાદને રોકે, સપાપયોગના ત્યાગથી અવિરતિને રોકે અને શુભમાં સ્થિર મનથી આર્ત્ત-રૌદ્રરૂપ ધ્યાનને રોકે !

निर्जराभावनामाह –

नरकादिषु कर्मफलविपाकोदयोऽबुद्धिपूर्वकस्तपः परीषहादिकृतश्च कुशलमूल इति विभावनं निर्जराभावना । अनया च कर्मपरिक्षयाय यतेत ॥ १३ ॥

नरकादिष्विति । नरकादिषु कर्मफलविपाकोदयस्याबुद्धिपूर्वकत्वेन संसारानुबन्धित्वात्पापरूपत्वं तपसा परिषह्यजयेन वा कृतस्य बुद्धिपूर्वकत्वेन शुभानुबन्धित्वान्निरनुबन्धित्वाद्वा उपकारकमित्येवं विचिन्तयतो निर्जराभावना प्रोच्यत इति भावः, फलमाहानया चेति कर्मपरिक्षयाय तपःप्रभृतिभिर्वर्धमाननिर्जरया ममत्वादिरूपकर्मणां परिशाटनायेत्यर्थः ॥

निर्जराभावनानुं निरूपण

भावार्थ – "જ્યારે નરક આદિમાં કર્મના ફળનો વિપાકરૂપ ઉદય બુદ્ધિ વગરનો છે અને તપ-પરીષહજય આદિથી કર્મના ફળનો વિપાકોદય બુદ્ધિપૂર્વકનો હોઈ કુશલના મૂલવાળો છે. આવો વિચાર, એ 'નિર્જરાભાવના.' આ ભાવનાથી કર્મના ક્ષય માટે પ્રયત્ન કરો !"

વિવેચન – જ્યારે નરક આદિમાં કર્મના ફળનો વિપાકોદય અબુદ્ધિપૂર્વકનો હોઈ સંસારનો અનુબંધી હોવાથી પાપરૂપ છે. તપથી કે પરીષહના જયથી કરેલો વિપાકોદય બુદ્ધિપૂર્વકનો હોઈ શુભ પુણ્યનો અનુબંધી હોવાથી કે અનુબંધ વગરનો હોવાથી ઉપકારકારક છે. આ પ્રમાણે ચિંતન કરનારને 'નિર્જરાભાવના' કહેવાય છે.

આ ભાવનાથી કર્મના પરિક્ષય માટે એટલે તપ વગેરે વડે વર્ધમાન નિર્જરાથી મમત્વ આદિ જન્ય કર્મોના વિનાશ માટે પ્રયત્ન કરે !

લોકભાવનામાચષ્ટે –

पञ्चास्तिकायरूपानेकपरिणाम्युत्पादव्ययध्रौव्यात्मको लोको विचित्रस्वभाव इति विचारणा लोकभावना । एतया च निर्ममत्वमुदियात् ॥ १४ ॥

पञ्चास्तिकायेति । लोक्यते दृश्यते केवलज्ञानभास्वतेति लोकः, स च धर्मास्तिकायेनाधर्मास्तिकायेन वाऽवच्छिन्नो निखिलद्रव्याधारो विशिष्टसंस्थानो गगनभागः क्षेत्ररूपः, द्रव्यरूपस्तु जीवाजीवरूपः, एतदभिप्रायेणैव पञ्चास्तिकायरूपेत्युक्तम्[१], यत ईदृशो लोकोऽत

१. अनेन निक्षेपस्सूचितः तथाहि रूप्यरूप्यात्मकः सप्रदेशासप्रदेशरूपः जीवाजीवसमुदायो द्रव्यलोको नित्यानित्यात्मकः, आकाशस्य प्रदेशा ऊर्ध्वाधस्तिर्यक्षु क्षेत्रलोकः, अलोकाकाशप्रदेशापेक्षया चानन्तः, समयावलिकामुहूर्त्तदिवसाहोरात्रपक्षमाससंवत्सरयुगपल्योपमसागरोपमोत्सर्पिणीकालचक्रपुद्गलपरावर्त्तरूपः काललोकः, चतुर्गतिषु वर्त्तमाना जीवास्तत्र तत्र भवे यदनुभावमनुभवन्ति स भवलोकः, औदायिकौपशमिकक्षायिककक्षायोपशमिकपारिणामिकसान्निपातिकरूपो भावलोक इति ॥

एवानेकपरिणामी, नानाविधपरिणामवान् प्रतिक्षणवर्त्तिनीं कालान्तरवर्त्तिनीं द्विविधामुत्पत्तिं बिभर्ति, भावा हि प्रतिक्षणमुत्पद्यन्तेऽन्यान्यरूपेण, कालान्तरवर्तिनी चोत्पत्तिः पिण्डाद्याकारेण मृदादिद्रव्यमपहाय तस्य घटादिरूपेण परिणमनम्, एवं विनाशभृदपि, विनाशो हि द्विविधो क्षणिकः कालान्तरवर्ती च विवक्षितक्षणाद्वितीयक्षणे हि विनाशोऽवश्यम्भावी, सोऽप्यवस्थान्तरापत्तिरेव न तु निरन्वयः । स्थित्युत्पत्ती अर्थक्रियाकारित्वेन सत्त्वानामनुग्रहकारिण्यौ, घटो हि समुत्पन्नस्तिष्ठंश्च जलाहरणधारणादिरूपेणानुगृह्णाति, विनाशोऽपि कालान्तरभावी कुण्डलार्थिनः कटकविनाशवद्भवत्यनुग्राहकः तथावस्थानमपि बिभर्त्ति, अस्तिकायरूपेण भावानां सर्वदा सद्भावात् धर्मास्तिकायादिव्यपदेशमजहतो हि ते वचनार्थपर्यायैस्सर्वदा व्यवतिष्ठन्ते इत्यादिरूपेण जीवाजीवाधारस्य लोकस्य विचित्रस्वभावतया विभावनमिति भावः, विभाविते चैवं किं स्यादित्यत्राहैतया चेति, क्वचिदपीदृशे लोके शाश्वतस्थानाभावेन प्रीत्यसम्भवान्निर्ममत्वं भवेत् तथा तत्त्वज्ञानविशुद्धिश्च ततोऽवश्यं मोक्षाय चेतोवृत्तिः स्यादिति भावः ॥

લોકભાવનાનું વર્ણન

ભાવાર્થ – "પાંચ અસ્તિકાયરૂપ, અનેક પરિણામવાળો અને ઉત્પાદ-વ્યય-ધ્રુવતાસ્વરૂપી લોક વિચિત્ર સ્વભાવવાળો છે. આવો વિચાર, એ 'લોકભાવના.' આ ભાવનાથી મમતાના અભાવનો ઉદય થાય છે."

विवेचन – કેવલજ્ઞાનરૂપી સૂર્યથી દેખાય છે, માટે લોક' કહેવાય છે. (આ વ્યુત્પત્તિજન્ય અર્થ છે.) તે લોક, ધર્માસ્તિકાયથી કે અધર્માસ્તિકાયથી અવચ્છિન્ન (વિશિષ્ટ-વ્યાપ્ત) સમસ્ત દ્રવ્યના આધારભૂત, વિશિષ્ટ સંસ્થાનવાળો, આકાશભાગ ક્ષેત્રરૂપ કહેવાય છે. જીવ-અજીવરૂપ 'લોક' દ્રવ્યરૂપ કહેવાય છે. આ અભિપ્રાયથી જ 'પંચ' અસ્તિકાયરૂપ એમ કહેલ છે. (આ કથનથી લોકના નિક્ષેપ સૂચિત કરેલ છે. તે આ પ્રમાણે:–

(૧) રૂપી-અરૂપી આત્મક, સપ્રદેશ-અપ્રદેશરૂપ, જીવ-અજીવસમુદાય, નિત્ય-અનિત્ય આત્મક 'દ્રવ્યલોક' કહેવાય છે.

(૨) ઉંચે-નીચે-તીર્છાસ્થાનમાં આકાશના પ્રદેશો 'ક્ષેત્રલોક' કહેવાય છે. અલોકના આકાશપ્રદેશોની અપેક્ષાએ અનંત છે.

(૩) સમય-આવલિકા-મુહૂર્ત્ત-દિવસ-અહોરાત્ર-પક્ષ-માસ-સંવત્સર-યુગ-પલ્યોપમ-સાગરોપમ-ઉત્સર્પિણી-કાલચક્ર-પુદ્ગલપરાવર્તરૂપ 'કાલલોક' કહેવાય છે.

(૪) ચાર ગતિઓમાં વર્તતા જીવો તે તે ભવમાં જે અનુભાવ(પ્રભાવ-ફળ)નો અનુભવ કરે છે, તે 'ભવલોક' કહેવાય છે.

(૫) ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક-સાન્નિપાતિકરૂપ 'ભાવલોક, કહેવાય છે.), જેથી આવો લોક છે. એથી જ અનેક પરિણામી-નાના પ્રકારના પરિણામવાળો, ક્ષણે ક્ષણે વર્તનારી અને કાલાન્તર વર્તનારી-એમ બે પ્રકારની ઉત્પત્તિને ધારણ કરે છે.

○ ખરેખર, ભાવો (પદાર્થો) ક્ષણે ક્ષણે બીજા બીજારૂપે ઉત્પન્ન થાય છે-પરિણત થાય છે.

○ વળી કાલાન્તર વર્તનારી ઉત્પત્તિ, મૃદ્ (માટી) વગેરે દ્રવ્ય, પિંડ આદિ આકારથી મૃદ્ભાવને (પ્રક્ષીણ માટીપણાને) છોડી ઘટ આદિ રૂપે પરિણમન છે. આ પ્રમાણે વિનાશને ધારણ કરનાર પણ છે.

○ ખરેખર, વિનાશ બે પ્રકારનો છે. (૧) ક્ષણિક વિનાશ અને (૨) કાલાન્તરવર્તી વિનાશ.

○ વિવક્ષિત ક્ષણથી બીજા ક્ષણમાં વિનાશ અવશ્યંભાવી છે. તે પણ બીજી અવસ્થાની પ્રાપ્તિ જ સમજવી. પરંતુ નિરન્વય (સર્વથા) વિનાશ ક્વચિત્ પણ નથી.

○ સ્થિતિ અને ઉત્પત્તિ અર્થક્રિયાકારિપણાની અપેક્ષાએ જીવો પ્રત્યે અનુગ્રહ(લાભ)કારી છે. ખરેખર, ઘટ ઉત્પન્ન અને સ્થિતિવાળો હોતો જળને લાવવું, ધારવું વગેરે ક્રિયાકારિપણારૂપે ઉપકાર કરે છે.

○ વિનાશ પણ કાલાન્તરભાવી. જેમ કુંડલના અર્થી ઉપર કટક(કંકણ)નો વિનાશ ઉપકારી થાય છે.

○ અસ્તિકાયરૂપે ભાવોનો સર્વદા (સર્વકાળ) સદ્ભાવ (સ્થિતિ) હોવાથી ધર્માસ્તિકાય આદિ વ્યવહારને નહિ ત્યાગ કરનારા, ખરેખર, તે ભાવો વચન (શબ્દ) અને અર્થપર્યાયોથી સર્વદા વ્યવસ્થિત હોય છે. ઇત્યાદિ (ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશ) રૂપે જીવ-અજીવનો આધારભૂત લોકનો વિચિત્ર સ્વભાવરૂપે સુખ દુઃખના પ્રકર્ષ-અપ્રકર્ષરૂપ હોઈ નાના પ્રકારના સ્વરૂપરૂપે, કર્મપરિણતિની વિચિત્રતારૂપે વિચાર, એ 'લોકભાવના' કહેવાય છે.

○ આવી વિશિષ્ટ લોકભાવનાથી ક્વચિદ્ પણ આવા લોકમાં શાશ્વત સ્થાનનો અભાવ હોવાથી, રાગનો અભાવ થવાથી મમતાનો અભાવ થાય ! તેમજ તત્ત્વજ્ઞાનની વિશુદ્ધિ (જીવ-અજીવ આદિ તત્ત્વભૂત પદાર્થોમાં વિશુદ્ધ શંકા આદિ દોષથી રહિત નિર્મળ જ્ઞાન) થાય છે. તેથી અવશ્ય પરલોકનિરપેક્ષ આત્માની ચિત્તની વૃત્તિ મોક્ષ માટે અનુકૂળ થાય !

तत्त्वज्ञानविशुद्ध्यर्थं लोकस्वरूपं विस्तरेणादर्शयितुं तत्स्वरूपसंस्थानादीन् वक्तुमुपक्रमते-

तत्रालोकभिन्नः केवलिनाऽवलोक्यमानो लोकः, स च पञ्चास्तिकायात्मकः कटिन्यस्तहस्तयुग्मवैशाखसंस्थानसंस्थितपादनराकृतिरुत्पत्तिस्थितिव्ययात्मकश्चतुर्दशरज्जुपरिमाण ऊर्ध्वाधस्तिर्यग्भेदभिन्नः ॥ १५ ॥

तत्रेति । लोकभावनायामित्यर्थः, अस्मदादिभिरवलोक्यमानत्वं न सर्वत्रास्तीति केवलिनेत्युक्तम्, केवलिनाऽवलोक्यमानत्वमलोकस्यापीति तद्भिन्नत्वमुक्तं तावन्मात्रं शशशृङ्गादावपीति विशेष्यम्, यद्देशावस्थितेन केवलिना विलोक्यते स देशो लोक इति तु न लोकमात्रव्यापकं परिच्छिन्नदेशवृत्तित्वात्तस्य लोके स्थित्वा विलोक्यत इति तु परस्पराश्रयमिति । कोऽसावित्य-

त्राह पञ्चास्तिकायात्मक इति जीवाजीवरूप इत्यर्थः । तस्य संस्थानमाह कटिन्यस्तेति, कट्यां न्यस्तं (विन्यस्तं) करयुग्मं यस्य तादृशस्य, च नरस्य पुरुषस्याकृतिरिवाकृतिर्यस्य तथाभूत इत्यर्थः, उत्पत्तिस्थितिव्ययस्वभावपदार्थपरिपूर्णत्वात्सोऽपि तथेत्याहोत्पादेति । तत्परिमाणं सूचयति, चतुर्दशरज्जुपरिमाण इति, अधस्ताद्देशोनसप्तरज्जुविस्तारः, तिर्यग्लोकमध्य एकरज्जुविस्तारः, ब्रह्मलोकमध्ये पञ्चरज्जुविस्तीर्णः, उपरि तु लोकान्त एकरज्जुविस्तारः, शेषस्थानेषु क्वोऽपि कियानस्य विस्तार इति उच्छ्रयतस्तु चतुर्दशरज्जवोऽस्य प्रमाणमिति भावः । तस्य विभागमाहोर्ध्वाधस्तिर्यग्भेदभिन्न इति, ऊर्ध्वलोकोऽधोलोक-स्तिर्यग्लोकश्चेति भागत्रयवानित्यर्थः ॥

तत्त्वज्ञानની વિશુદ્ધિ માટે લોકના સ્વરૂપને વિસ્તારથી દર્શાવવા માટે તે લોકના સ્વરૂપ-સંસ્થાન આદિને કહે છે.

લોકનું સ્વરૂપ

ભાવાર્થ – "તે લોકની ભાવનામાં અલોકથી ભિન્ન, કેવલીવડે દેખાતો હોઈ 'લોક' કહેવાય છે. તે લોક, પંચ અસ્તિકાય આત્મક, કેડ ઉપર સ્થાપિત બે હાથવાળા અને વૈશાખસંસ્થાનથી સંસ્થિત પગવાળા મનુષ્યના આકારવાળો, ઉત્પત્તિ-સ્થિતિ-વ્યય આત્મક, ચૌદ રજ્જુપરિમાણવાળો, ઊર્ધ્વ-અધઃ-તિર્યક્રૂપ ભેદથી વિશિષ્ટ લોક છે."

વિવેચન – તે લોકની ભાવનામાં, અમારાવડે સઘળે ઠેકાણે અવલોક્યમાનપણું નથી હોતું, માટે કેવલીવડે' એમ કહેલું છે.

○ કેવલી વડે અવલોક્યમાનપણું અલોકમાં પણ છે, માટે 'અલોકથી ભિન્ન' એમ કહેલું છે.

○ તેટલું તો (અલોકથી ભિન્નત્વ માત્ર તો) શશશૃંગ આદિમાં પણ છે. માટે 'લોક' એવું વિશેષ્ય કહેલું છે, કેમ કે-જે દેશમાં રહેલા કેવલીવડે દેખાય છે, તે દેશ 'લોક' એવું કથન તો લોક માત્રમાં વ્યાપક થતું નથી, કેમ કે-તે લોક પરિમિત દેશવૃત્તિ છે. લોકમાં રહીને જોવાય છે, એવું કથન અન્યોન્યાશ્રયવાળું છે. લોક શું છે ? આના જવાબમાં કહે છે કે-

○ પંચ અસ્તિકાય આત્મક અર્થાત્ જીવ-અજીવસ્વરૂપવાળો લોક છે.

○ તે લોકના સંસ્થાનને કહે છે કે-કેડ ઉપર સ્થાપિત બે હાથવાળો, વૈશાખનું (ધનુષ્યધારીનું આસન, બંને પગ વચ્ચે વેંતનું અંતર રાખી ઉભા રહેવું તે.) જે સંસ્થાન પૂર્વ-અપર લંબાઈની કોટિરૂપ છે, તેની માફક સ્થાપિત બે પગવાળા પુરુષની આકૃતિ જેવી આકૃતિવાળો લોક છે.

○ ઉત્પત્તિ-સ્થિતિ-વ્યય સ્વરૂપવાળો લોક છે, કેમ કે-લોક ઉત્પત્તિ-સ્થિતિ-વ્યય સ્વભાવવાલા પદાર્થોથી પરિપૂર્ણ છે.

○ લોકના પરિમાણને કહે છે કે-ચૌદ રજ્જુપરિમાણવાળો લોક છે. (૧) નીચે દેશોનસપ્ત રજ્જુવિસ્તારવાળો છે. (૨) તીચ્છલોકના મધ્યમાં એક રજ્જુવિસ્તારવાળો છે, (૩) બ્રહ્મલોકના મધ્યમાં પાંચ રજ્જુવિસ્તારવાળો છે. (૪) ઉપર તો લોકાન્તરમાં એક રજ્જુવિસ્તારવાળો છે. ઉંચાઈની અપેક્ષાએ આ લોકના ચૌદ રજ્જુઓ પરિમાણ છે અર્થાત્ ચૌદ રજ્જુપ્રમાણવાળો લોક છે.

○ તે લોકના વિભાગને કહે છે કે-

(૧) ઊર્ધ્વલોક, (૨) અધોલોક અને (૩) તિર્યગ્લોક-એમ ત્રણ ભાગવાળો લોક છે.

रज्जोः प्रमाणमाह –

असंख्येययोजनकोटाकोटिप्रमाणा रज्जुः ॥ १६ ॥

असंख्येयेति । संख्यातुमयोग्यस्स्वसमयपरिभाषितोऽसंख्येयः कोटाकोटीति, कोटेः कोटिना गुणने लब्धायास्संख्यायाः कोटाकोटीति संज्ञा बोध्या । असंख्येयानां योजनानां या कोटाकोटिस्तत्प्रमाणा रज्जुर्भवति, कृत्स्नद्वीपपयोधिपर्यन्तवर्त्तिनस्स्वयम्भूरमणाभिधानजलनिधेः परतटवर्त्तिपूर्ववेदिकान्तादारभ्य यावत्तस्यैव तोयनिधेरपरवेदिकान्तमेतावत्प्रमाणा रज्जुरिति ॥

રજ્જુના પ્રમાણનું વર્ણન

ભાવાર્થ – "असंख्यात कोटाकोटि योजनना प्रमाणवाळी 'रज्जु' कहेवाय छे."

વિવેચન – ગણના માટે અયોગ્ય (સંખ્યાથી પર) સ્વશાસ્ત્રની પરિભાષાવાળો 'असंख्यात' कहेवाय छे.

○ એક ક્રોડને એક ક્રોડથી ગુણવાથી જે લબ્ધસંખ્યા આવે, તે 'कोटाकोटि' संज्ञावाळी संख्या જાણવી.

○ असंख्यात योजनोनी जे कोटाकोटि छे, तेना प्रमाणवाळी 'रज्जु' थाय छे.

○ સમસ્ત દ્વીપ અને સમુદ્રોના અંતમાં વર્તનાર, स्वयंभूरमण नामना समुद्रना परतटवर्ति (पूर्ववेदिकाना अंतथी आरंभी, ते જ સમુદ્રના અપરવેદિકા પર્યંત असंख्यात योजनोनी कोटाकोटिप्रमाण) होई, ते એક 'रज्जु'प्रमाण कहेवाय छे.

तत्र प्रथममधस्तनलोकस्वरूपमभिधातुकामोऽधोभागमाविष्करोति –

तत्र रुचकादधो नवशतयोजनान्युल्लंघ्य साधिकसप्तरज्जुप्रमाणो लोकान्तावधिरधोमुखमल्लकाकृतिर्भवनपतिनारकनिवासयोग्योऽधोलोकः ॥ १७ ॥

तत्रेति । लोक इत्यर्थः, बहुसमभूमिभागे रत्नप्रभाभागे मेरुमध्ये वक्ष्यमाणस्वरूपो मध्यलोकस्य मध्यभूतो रुचको भवति, तस्मादधोभागे नवशतयोजनानि यावत्तिर्यग्लोको भवति तदुक्तं "योजनानां नवशतान्यतीत्य रुचकादितः । आलोकान्तमधोलोकस्त-प्राकृतिरुदाहृत" इति । साधिकेति, तदुक्तं 'सातिरेकसप्तरज्जुमानोऽधोलोक इष्यत' इति,

अधोमुखमल्लकाकृतिरिति, ऊर्ध्वमल्पोच्छ्रायत्वादधोऽधो महाविस्तारत्वाच्चाधोमुखशरावाकार-संस्थान इति भावः । तत्र वासयोग्यानाह-भवनपतीति, विस्तरस्त्वग्रे वक्ष्यते, अधोलोक इति, अधः-अशुभः परिणामो बाहुल्येन क्षेत्रानुभावाद्यत्र लोके द्रव्याणामसावधोलोक[1] इत्यर्थः ॥

ત્યાં પહેલાં નીચેના લોકના સ્વરૂપને કહેવાની કામનાવાળા અધોભાગનું વર્ણન કરે છે.

અધોલોકનું વર્ણન

ભાવાર્થ – "લોકમાં રુચકથી નીચે નવસો યોજનોનું ઉલ્લંઘન કરી, સાધિક સાત રજ્જુપ્રમાણવાળો, લોકાન્તની અવધિ સુધીનો, નીચા મુખવાળા શરાવળાની આકૃતિવાળો ભવનપતિ-નારકોના નિવાસને યોગ્ય 'અધોલોક' કહેવાય છે.

વિવેચન – ત્યાં લોકમાં, બહુ સમાન ભૂમિભાગમાં, રત્નપ્રભાના ભાગમાં, મેરુના મધ્યમાં, જેનું સ્વરૂપ કહેવાતું છે એવો મધ્યલોકમાં મધ્યભૂત 'રુચક' હોય છે. તે રુચક સમભૂતલા પૃથ્વીથી નવસો યોજન નીચે અને નવસો યોજન ઉપર એમ 'તિર્યગ્લોક' છે. કહ્યું છે કે – "રુચકથી નીચે નવસો યોજન પછી લોકાન્ત સુધીનો ઉંધા વાળેલા કુંડા (ત્રાપા) જેવો અધોલોક કહેલો છે. સાતિરેક સપ્ત રજ્જુમાનવાળો અધોલોક મનાય છે." એ વાક્યના પ્રમાણથી સાધિક સાત રજ્જુપ્રમાણવાળો અધોલોક છે.

○ ઉંચે થોડી ઉંચાઈવાળો, નીચે નીચે મહા વિસ્તારવાળો હોઈ, ઉંધા વાળેલા કુંડા-શરાવળા શકોરા જેવી આકૃતિ(સંસ્થાન)વાળો અધોલોક છે. વાસયોગ્યોને કહે છે કે-

○ ભવનપતિ દેવો અને નારકીઓને નિવાસયોગ્ય અધોલોક છે. વિસ્તારપૂર્વકનું વર્ણન આગળ ઉપર કહેવાશે. અધોલોક એટલે બહુલતાએ ક્ષેત્રના પ્રભાવથી દ્રવ્યોનો અશુભ પરિણામ જ્યાં છે. માટે આલોક 'અધોલોક' કહેવાય છે. (આ અધોલોકના મધ્યમાં ચોથી અને પાંચમી નારકીનો જે અવકાશાન્તર છે, તેનો સાતિરેક અર્ધાનું ઉલ્લંઘન કરીને વિશેષ અશુભ પરિણામ હોય છે.)

કોઽસૌ રુચક ઇત્યત્રાહ –

रुचकस्तु रत्नप्रभापरनामघर्मापृथिव्युपरितनक्षुल्लकप्रतरद्विके मेरुधराधरमध्ये उपर्य्यधोभावेन स्थितश्चतुरस्राकृतिराकाशप्रदेशाष्टकः । अयञ्च मध्यलोकस्य मध्यं दिग्वदिग्व्यवहारमूलञ्च ॥ १८ ॥

रुचकस्त्विति । अष्टविधासु पृथिवीषु घर्मानाम्न्येका पृथिवी, यस्या रत्नप्रभा इति नामान्तरं, तत्र मध्ये मेरुर्वर्त्तते, तत्र चायामविष्कम्भाभ्यां प्रत्येकं रज्जुप्रमाणौ सर्वप्रतराणां क्षुल्लकौ[2] द्वौ नभःप्रदेशप्रतरौ विद्येते उपर्यधोभावेन, तयोश्च मेरुमध्यप्रदेशे मध्यं लभ्यते, तत्र च

१. अस्य लोकस्य मध्यन्तु चतुर्थ्याः पञ्चम्याश्च पृथिव्या यदवकाशान्तरं तस्य सातिरेकमर्धमतिवाह्य भवति ॥
२. तिर्यग्लोकमध्यभागवर्त्तिनाविमौ, उपरितनक्षुल्लकमवधीकृत्योर्ध्वं प्रतरवृद्धिरधःक्षुल्लकमवधीकृत्याधः प्रतरवृद्धिः प्रवृत्ता, अतः शेषापेक्षयेमौ लघुतरौ रज्जुप्रमाणायामविष्कम्भौ वृद्धिहानिवर्जितौ लोकस्य बहुसमौ भागौ बोध्यौ ॥

मध्य उपरितनप्रतरस्य ये चत्वारो नभःप्रदेशास्तथाऽधस्तनप्रतरस्य ये चत्वारो व्योमप्रदेशास्तेषामष्टानामपि प्रदेशानां समये रुचक इति परिभाषा । अयञ्चाष्टप्रदेशको रुचकस्समस्ततिर्यग्लोकमध्यवर्त्ती गोस्तनाकारः क्षेत्रतः षण्णामपि दिशां चतसृणामपि विदिशां प्रभव इत्याशयेनाहायञ्चति, चशब्दो भिन्नक्रम एवार्थे, तथा च तिर्यग्लोकस्यैव मध्यं, न तु लोकस्य, भगवत्यादौ रत्नप्रभाधनोदधिघनतनुवातान् गगनस्यासंख्येयभागञ्चातीत्य लोकमध्यव्यवस्थितेः, तस्मादेव चोर्ध्वमधश्च सम्पूर्णास्सप्तरज्जवो भवन्ति, तदुक्तं 'घर्माघनोदधिघनतनुवातान् विहायसः । असंख्यभागञ्चातीत्य मध्यं लोकस्य कीर्त्तितम् । अस्मादूर्ध्वमधश्चैव सम्पूर्णास्सप्तरज्जवः' इति भावः । दिग्विदिग्व्यवहारमूलमिति, अस्मादेव रुचकाद्दिशो विदिशश्च प्रभवन्ति, विजयद्वारानुसारेण प्रथमा दिगैन्द्री, ततोऽवशिष्टाः प्रदक्षिणतो भवन्ति, ऊर्ध्वञ्च विमला तमा चाधः, रुचकादारम्भात्सर्वा दिशस्साद्याः, बहिश्चालोकाऽऽकाशाश्रयणादपर्यवसिताः, दशापि दिशोऽनन्तप्रदेशात्मिकाः, तत्र रुचकाद्बहिश्चतसृष्वपि दिक्षु प्रत्येकमादौ द्वौ द्वौ नभःप्रदेशौ भवतः, तदग्रतश्चत्वारः, तत्पुरतष्षट् ततोऽप्यग्रतोऽष्टौ व्योमप्रदेशा इत्येवं द्व्यादिद्व्युत्तरश्रेण्या चतसृष्वपि दिक्षु पृथक्पृथक् नेतव्यम्, तत एताः शकटोर्ध्वीसंस्थानाः पूर्वादिका महादिशश्चतस्रो भवन्ति, एतासाञ्च चतसृणामपि दिशां चतुर्ष्वन्तरालकोणेष्वेकैकनभःप्रदेशनिष्पन्ना अनुत्तरा यथोत्तरं वृद्धिरहिताच्छिन्नमुक्तावलीसंस्थिताश्चतस्र एव विदिशो भवन्ति, ऊर्ध्वन्तु चतुरो नभःप्रदेशानादौ कृत्वा यथोत्तरं वृद्धिरहितत्वाच्चतुष्प्रदेशिकैव रुचकनिभा च चतुरस्रदण्डाकारैकैव भवति, अधोऽप्येवं प्रकारा द्वितीयेति, निश्चयनयेन बोध्यम्, व्यवहारेण तु यत्र सवितोदेति सा प्राची, यत्रास्तं याति सा प्रतीची कर्कादिधनुरन्तान् राशीन् यत्र स्थितश्चरति सा दक्षिणा, मकरादीन् मिथुनान्तान् यत्र स्थितश्चरति सोत्तरेति सूर्यगतिकृतो नियमः, एवं विदिशोऽपि भाव्या इति ॥

રુચકનું વર્ણન

ભાવાર્થ – "રુચક તો, જેનું બીજું નામ રત્નપ્રભા છે, એવી ઘર્મા નામની પૃથિવીના ઉપરના ક્ષુલ્લક બે પ્રતરવાળા-મેરુપર્વતના મધ્યમાં ઉપર અને નીચેના ભાવથી રહેલ ચતુષ્કોણ આકૃતિવાળા આઠ પ્રદેશોને 'રુચક' કહેવામાં આવે છે. આ આઠ પ્રદેશવાળો રુચક, મધ્યલોકનો મધ્ય છે અને દિશા-વિદિશાઓનું મૂળ છે."

વિવેચન – આઠ પ્રકારવાળી પૃથ્વીઓમાં ઘર્મા નામની એક પૃથ્વી છે, જેનું બીજું નામ રત્નપ્રભા છે. ત્યાં મધ્યમાં મેરુપર્વત છે અને ત્યાં લંબાઈ અને પહોળાઈથી દરેક રજ્જુપ્રમાણવાળા સર્વ પ્રતરોમાં ક્ષુલ્લક (તીચ્છ્લોકનાં મધ્યભાગમાં વર્તનાર આ બંને છે. ઉપરના ક્ષુલ્લકની અવધિ કરી ઉંચે પ્રતરવૃદ્ધિ છે. નીચેના

क्षुल्लकની અવધિ કરી અધઃપ્રતરની વૃદ્ધિ પ્રવૃત્ત (પ્રવર્તેલ) છે. એથી શેષની અપેક્ષાએ આ બંને લઘુતર રજ્જુપ્રમાણ આયામ-વિષ્કંભવાળા, વૃદ્ધિ-હાનિ વગરના લોકના બહુસમ-બે ભાગો સમજવા.) બે આકાશપ્રદેશના પ્રતરો ઉપર-નીચે ભાવથી છે. તે બંનેનું મેરુના મધ્યપ્રદેશમાં મધ્ય મેળવાય છે તે મધ્યમાં ઉપરના પ્રતરના જે ચાર આકાશપ્રદેશો છે અને નીચેના પ્રતરના જ ચાર આકાશપ્રદેશો છે, તે આઠ પ્રદેશોની શાસ્ત્રમાં 'રુચક' એવી પરિભાષા છે. વળી આ આઠ પ્રદેશવાળો રુચક, સઘળા તિર્ચ્છલોકના મધ્યમાં વર્તનાર, ગાયના સ્તનના આકારવાળો, ક્ષેત્રથી છ દિશાઓનું અને ચાર વિદિશાઓનું મૂળ છે.

○ આ રુચક તીર્ચ્છલોકનો મધ્ય કહેવાય છે, લોકનો મધ્ય નહિ, કેમ કે-ભગવતી આદિમાં રત્નપ્રભા-ઘનોદધિ-ઘનવાત-તનુવાતોને અને આકાશના અસંખ્યાત ભાગને ઉલ્લંઘીને લોકના મધ્યની વ્યવસ્થા છે. કહ્યું છે કે-'ઘર્મા-ઘનોદધિ-ઘનવાત-તનુવાતોને અને આકાશના અસંખ્ય ભાગને ઉલ્લંઘીને લોકનો મધ્ય કહેલો છે. આલોકના મધ્યથી ઉંચે અને નીચે સંપૂર્ણ સાત રજ્જુઓ હોય છે.

○ આ જ રૂચકથી દિશાઓ અને વિદિશાઓ પેદા થાય છે. વિજયદ્વારના અનુસારે પહેલી દિશા 'પૂર્વ,' ત્યારબાદ અવશિષ્ટ દિશાઓ પ્રદક્ષિણાથી થાય છે. ઊર્ધ્વદિશાને વિમલા કહેવાય છે અને નીચેની દિશાને તમા કહેવાય છે. (પૂર્વ, પૂર્વ-દક્ષિણ (અગ્નિકોણ), દક્ષિણ, દક્ષિણ-પશ્ચિમ (નૈઋત્યકોણ), પશ્ચિમ, પશ્ચિમ-ઉત્તર (વાયવ્યકોણ), ઉત્તર, ઉત્તર-પૂર્વ (ઈશાનકોણ), ઊર્ધ્વ, અધોદિશા એમ દિશાઓના દસ પ્રકારો છે. એ દશના ઐન્દ્રી-આગ્નેયી-યામ્યા-નૈરૂતી-વારૂણી-વાયવ્યા-સૌમ્યા-ઐશાની-વિમલા અને તમા, એ અનુક્રમે નામો આ સર્વ નામો ગુણનિષ્પન્ન છે. જેમ કે-જે દિશાનો સ્વામી ઇન્દ્ર છે, તે 'ઐન્દ્રી' દિશા કહેવાય છે. એ પ્રમાણે અગ્નિ-યમ-નૈઋત-વરૂણ-વાયુ-સોમ-ઈશાનદેવો જેના સ્વામી છે, તે 'આગ્નેયી' વગેરે કહેવાય છે. ઊર્ધ્વદિશા પ્રકાશથી યુક્ત હોવાથી એને 'વિમલા' કહેવામાં આવે છે અને અધોદિશા અંધકારથી યુક્ત હોવાથી એને 'તમા' કહેવામાં આવે છે. દિશાઓનો આકાર ગાડીની ઉધ જેવો છે, અર્થાત્ ગાડીનો ઉંટડો ઉંચો કરીને ગાડીને ઉંધી રાખવાથી જે આકાર જોવામાં આવે, તેવો આનો આકાર છે. જ્યારે વિદિશાઓનો આકાર મુક્તાવલી (મોતીની માળા) જેવો છે. ઊર્ધ્વદિશા અને અધોદિશાનો આકાર તો રુચક જેવો છે.)

○ રુચકથી આરંભ હોવાથી સઘળી દિશાઓ સાદિ છે અને બાહ્ય અલોકના આકાશની અપેક્ષાએ અનંત છે. એ અપેક્ષાએ દશ પણ દિશાઓ અનંતપ્રદેશ આત્મક છે.

○ ત્યાં રુચકથી બહાર ચારેય દિશાઓમાં (રુચકથી નીકળે છે. દરેકને આદિમાં બે બે આકાશપ્રદેશો હોય છે. તેની આગળ ચાર, તેની આગળ છ અને તેનાથી આગળ આઠ આકાશપ્રદેશો હોય છે. આ પ્રમાણે બે બે પ્રદેશની ઉત્તરોત્તર શ્રેણિની વૃદ્ધિ થાય છે. (લોકને આશ્રી અસંખ્યાત પ્રદેશવાળી છે.) ભિન્ન ભિન્ન સમજવું.

○ તેથી આ પૂર્વ આદિ ચાર મહા દિશાઓ ગાડાના ઉધના આકારની છે. (લોકને આશ્રી મૃદંગના આકારની છે અને અલોકને આશ્રી ગાડાના ઉધના આકારની છે.)

○ દિશાના ચાર અંતરાલકોણોમાં (વિદિશાઓમાં) એક એક આકાશપ્રદેશથી નિષ્પન્ન, ઉત્તરોત્તર વૃદ્ધિથી રહિત અને તૂટી ગયેલી મોતીની માળાના આકારની છે. આ ચાર વિદિશાઓ હોય છે.

(આગ્નેયીદિશાની અપેક્ષાએ એની આદિમાં રુચક છે. એ રુચકથી નીકળે છે. એની આદિમાં એક પ્રદેશ છે. એ એક પ્રદેશના વિસ્તારવાળી છે. તે ઉત્તરોત્તર વૃદ્ધિથી રહિત છે. લોકને આશ્રી તે અસંખ્ય પ્રદેશવાળી છે, જ્યારે અલોકને આશ્રી એ આદિઅનંત પ્રદેશવાળી છે. લોકને આશ્રી તે આદિ-અંતથી યુક્ત છે, જ્યારે અલોકને આશ્રી સાદિઅનંત છે. એને તૂટી ગયેલી મોતીની માળાના આકારની કહેલી છે. નૈઋતી વગેરે વિદિશાઓ આગ્નેયીની માફક જાણવી.)

○ ઊર્ધ્વદિશા તો, ચાર આકાશપ્રદેશોને આદિમાં કરીને, ઉત્તરોત્તર વૃદ્ધિરહિત હોવાથી ચાર પ્રદેશવાળી જ છે. રુચકસમાન અને ચતુષ્કોણ દંડ આકારવાળી એક જ હોય છે. (વિમલાદિશાની આદિમાં રુચક છે. એ રુચકથી નીકળે છે. તેની આદિમાં ચાર પ્રદેશો છે. તે બે પ્રદેશની વિસ્તારવાળી છે. તે ઉત્તરોત્તર વૃદ્ધિથી રહિત છે. એ લોકને આશ્રી અસંખ્યાત પ્રદેશવાળી છે, જ્યારે અલોકને આશ્રી અનંતપ્રદેશ આત્મક છે. વળી લોકને આશ્રી સાદિ-સાંત છે, જ્યારે અલોકને આશ્રી સાદિઅનંત છે. એને રુચકને આકારે કહેલી છે.

○ અધોદિશા પણ આવા પ્રકારવાળી (તમાદિશા પણ) વિમલાની માફક જાણવી. આ બધું નિશ્ચયનયની અપેક્ષાએ જાણવું.

○ વ્યવહારનયની અપેક્ષાએ, જ્યાં સૂર્ય ઉગે છે, તે પૂર્વદિશા અને જ્યાં સૂર્ય આથમે છે, તે પશ્ચિમદિશા. કર્ક-સિંહ-કન્યા-તુલા-વૃશ્ચિક-ધન, એમ છ રાશિઓમાં જ્યાં રહેલો સૂર્ય ફરે છે, તે દક્ષિણદિશા. મકર-કુંભ-મીન-મેષ-વૃષભ-મિથુનરૂપ છ રાશિઓમાં જ્યાં રહેલો સૂર્ય ફરે છે, તે ઉત્તરદિશા. આવો સૂર્યકૃત નિયમ છે. આવી રીતે વિદિશાઓ પણ જાણવી.

तत्राधोलोकस्वरूपं पृथिवीभेदेनोच्यते –

रत्नशर्करावालुकापङ्कधूमतमोमहातमःप्रभापरपर्याया घर्मावंशाशैलाञ्जनारिष्टामघा-माघवत्यभिधानास्सप्त पृथिव्योऽधोऽधः पृथुतराः ॥ १९ ॥

रत्नेति । रत्नादीनां महातमः पर्यन्तानां द्वन्द्वः प्रभाशब्दस्य प्रत्येकमभिसम्बन्धः, तेन रत्नप्रभेत्यादिरर्थो विज्ञेयः, रत्नादीनां प्रभायोगाद्गोत्रेणोत्कीर्त्तनम्, अथवा प्रभाशब्दस्स्व-भाववाची प्राचुर्येण रत्नस्वभावा रत्नमयी रत्नबहुला वेत्यर्थः[१] एवं शर्कराप्रभादावपि । नाम तासामाह घर्मेति, तथा च प्रथमा पृथ्वी नाम्ना घर्मा गोत्रेण रत्नप्रभा द्वितीया नाम्ना वंशा गोत्रेण शर्कराप्रभेत्येवं भाव्यम्, पृथिव्य इति, पदमिदमधिकरणविशेषप्रतिपत्त्यर्थं, यथा च स्वर्गविमानपटलानि भूमिमनाश्रित्यावस्थितानि न तथा नारकावासाः, किन्तर्हि ? भूमिमाश्रित्य

१. अस्याः पृथिव्याः काण्डत्रयं खरकाण्डपंकबहुलकाण्डजलबहुलकाण्डभेदात्, तत्क्रमेण च षोडशचतुरशीत्यशीतियोजनसहस्रबाहल्यविभागात्मकम्, खरकाण्डं षोडशविधरत्नात्मकत्वात् षोडशविधम्, तत्र यः प्रथमो भागो रत्नकाण्डं नाम तद्दशयोजनशतानि बाहल्येन, एवमन्यान्यपि पञ्चदश भाव्यानि रत्नविशेषमयानि चेति ॥

व्यवस्थिता इति भावः, सप्तग्रहणं न्यूनाधिकसंख्याव्यवच्छेदाय, अधोऽध इति, सप्तापि भूमयो नोर्ध्वतिर्यक्प्रचयेनावस्थिता अपि त्वधोऽध एवेति भावः । पृथुतरा इति, उपर्युपरितन-पृथिव्यपेक्षयाऽधोऽधः पृथिवीनामायामविष्कम्भाभ्यां महत्तमत्वं, तथाहि विष्कम्भायामाभ्यां रत्नप्रभैकरज्जुप्रमाणा, शर्कराप्रभा रज्जुद्वयप्रमाणा, वालुकाप्रभा रज्जुत्रयप्रमाणेत्येवंरूपेण भाव्या, तथा रत्नप्रभा-बाहल्यं अशीतिसहस्राधिकैकलक्षयोजनमितम्, द्वितीयाया द्वात्रिंशत्सहस्रोत्तर-लक्षप्रमाणं तृतीयाया अष्टाविंशतिसहस्रोत्तरलक्षप्रमाणं चतुर्थ्याः विंशतिसहस्रोत्तरलक्षप्रमाणम् पञ्चम्या अष्टादशसहस्रोत्तरलक्षप्रमाणं षष्ठयाष्षोडशसहस्रोत्तरलक्षप्रमाणं सप्तम्यास्तु सहस्राष्ट-कोत्तरलक्षप्रमाणमिति ।

ત્યાં અધોલોકનું સ્વરૂપ પૃથિવીના ભેદથી કહેવાય છે.

અધોલોકનું સ્વરૂપ

ભાવાર્થ – "રત્નપ્રભા-શર્કરાપ્રભા-વાલુકાપ્રભા-પંકપ્રભા-ધૂમપ્રભા-તમઃપ્રભા અને મહાતમઃપ્રભારૂપ બીજા પર્યાયવાળી, 'ઘર્મા-વંશા-શૈલા-અંજના-અરિષ્ટા-મઘા અને માઘવતી નામવાળી સાત પૃથિવીઓ નીચે નીચે વિશાલતર-પહોળી પહોળી છે."

વિવેચન – રત્ન વગેરેના પ્રભાયોગથી, ગોત્રથી કથન છે. અથવા પ્રભા શબ્દ સ્વભાવવાચક છે. પ્રચુરતાથી રત્નસ્વભાવવાળી-રત્નમયી અથવા રત્નબહુલા 'રત્નપ્રભા' છે. આ પ્રમાણે શર્કરાપ્રભા આદિમાં પણ સમજવું. તથાચ પહેલી પૃથ્વી નામથી ઘર્માગોત્રથી રત્નપ્રભા અને બીજી પૃથ્વી નામથી વંશાગોત્રથી શર્કરાપ્રભા, એ પ્રમાણે સર્વત્ર વિચારવું.

○ પૃથિવી એવું પદ અધિકરણવિશેષના પ્રતિપત્તિ માટે છે. જેમ સ્વર્ગના વિમાનના પટલો ભૂમિના આધાર વગર રહેલા છે, તેમ નારકાવાસો નથી, પરંતુ ભૂમિના આધારે વ્યવસ્થિત છે.

○ પૃથિવીઓમાં સંખ્યાવાચક સાત પદનું ગ્રહણ ન્યૂન-અધિક સંખ્યાના વ્યવચ્છેદ માટે છે.

○ સાત પણ પૃથિવીઓ ઊર્ધ્વ, તિર્યક્ પ્રચય(વિસ્તારવૃદ્ધિ)થી અવસ્થિત નથી, પરંતુ અધોઅધઃ-નીચે નીચે જ છે.

○ ઉપર ઉપરની પૃથિવીઓની અપેક્ષાએ નીચે નીચેની પૃથિવીઓ આયામ (લંબાઈ) અને વિષ્કંભ(પહોળાઈ)થી મહત્તમ (ખૂબ મોટી) છે. તે આ પ્રમાણેઃ-વિષ્કંભ-આયામથી રત્નપ્રભા એક રજ્જુપ્રમાણવાળી, શર્કરાપ્રભા બે રજ્જુપ્રમાણવાળી અને વાલુકાપ્રભા ત્રણ રજ્જુપ્રમાણવાળી, આવી રીતે મહત્તમપણું વિચારવું. તેમજ રત્નપ્રભાની જાડાઈ એક લાખ એંશી હજાર જોજનની છે, બીજીની જાડાઈ એક લાખ બત્રીસ હજાર જોજનની છે, ત્રીજીની જાડાઈ એક લાખ અઠ્ઠાવીશ હજાર જોજનની છે, ચોથીની જાડાઈ એક લાખ વીશ હજાર જોજનની છે, પાંચમીની જાડાઈ એક લાખ અઢાર હજાર જોજનની છે, છઠ્ઠીની જાડાઈ એક લાખ સોળ હજાર જોજનની છે અને સાતમીની જાડાઈ એક લાખ આઠ હજાર જોજનની છે.

एतासां पृथिवीनां किं निरालम्बनत्वं सालम्बनत्वं वेत्यत्राह –

ताश्च प्रत्येकमनुक्रमतो घनोदधिघनवाततनुवाताकाशैर्लब्धप्रतिष्ठा वलयिताश्च ।२०।

ताश्चेति । पृथिव्यः पुनरित्यर्थः, न ह्यव्यवधानेन रत्नप्रभादयश्शर्कराप्रभादिषु प्रतिष्ठिता नापि निरालम्बना अपि तु प्रत्येकं पृथिव्योऽनुक्रमं घनोदध्यादिषु प्रतिष्ठिता इति भावः, तथा च रत्नप्रभा घनोदधौ घनोदधिश्च घनवाते स च तनुवाते सोऽप्याकाशे ततोऽधश्शर्कराप्रभा सापि घनोदधावित्येवं पृथिवीनां प्रतिष्ठितत्वमाकाशन्तु स्वस्मिन्नेव प्रतिष्ठितं नत्वाधारान्तरसमासादित-प्रतिष्ठं, सर्वद्रव्याधारतया तत्सिद्धेः, तस्यैवाधाराधेयरूपत्वाच्चेति तात्पर्यार्थः । घनोदधीति, घनः स्त्यानीभूतोदकमेवोदधिर्घनोदधिः, अयं बाहल्येन विंशतियोजनसहस्रपरिमितो मध्यभागे, घनः पिण्डीभूतो वातो घनवातोऽसंख्येययोजनसहस्रपरिमितो बाहल्येन मध्यभागे, तनुश्चासौ वातश्च तनुवातोऽसंख्ययोजनसहस्रपरिमितो बाहल्येन मध्यभागे, आकाशोऽवकाशान्तरं असंख्येय-योजनसहस्रपरिमितं बाहल्येन मध्यभागे, एते हि मध्यभागे यथोक्तप्रमाणबाहल्यास्ततः प्रदेशप्रदेशहान्या हीयमानाः स्वस्वपृथिवीपर्यन्तेषु तनुतरभूताः, तनुतरीभूत्वा च स्वस्वपृथिवी वलयाकारेण वेष्टयित्वा स्थिताः, अत एवामूनि वलयान्युच्यन्ते तेषामुच्चैस्त्वं स्वस्वपृथिव्य-नुसारेणेत्याशयेनाह वलयिताश्चेति, घनोदध्यादिभिर्वलयाकारेण वेष्टिता इत्यर्थः ॥

આ પૃથિવીઓ શું સાલંબન છે કે નિરાલંબન ? આના જવાબમાં જણાવે છે કે-

પૃથિવીઓનું વર્ણન

ભાવાર્થ – "વળી તે પૃથિવીઓ દરેક, અનુક્રમથી ઘનોદધિ-ઘનવાત-તનુવાત-આકાશોથી પ્રાપ્ત પ્રતિષ્ઠાવાળીઓ અને વલયના આકારે વેષ્ટિત છે."

વિવેચન – વળી તે સાત પૃથિવીઓ, વ્યવધાન વગર, ખરેખર, રત્નપ્રભા વગેરે પૃથિવીઓ, શર્કરાપ્રભા આદિના આધારે પ્રતિષ્ઠિત નથી, આલંબન વગરની પણ નથી, પરંતુ પ્રત્યેક પૃથિવી ક્રમસર ઘનોદધિ આદિના આધારે પ્રતિષ્ઠિત (રહેલી) છે. તથાચ રત્નપ્રભા ઘનોદધિના આધારે છે, ઘનોદધિ ઘનવાતના આધારે છે, ઘનવાત તનુવાતના આધારે છે અને તનુવાત આકાશના આધારે છે. તેનાથી નીચે શર્કરાપ્રભા છે. તે શર્કરાપ્રભા પણ ઘનોદધિના આધારે છે. એમ પૂર્વકથિત ક્રમથી પૃથિવીઓનું પ્રતિષ્ઠિતપણું છે. (ઇષત્પ્રાગ્ભારા નામક પૃથિવી તો આકાશના આધારે જ રહેલ છે. તેમજ પૃથિવીના આધારે રહેલ

---

○ વિશિષ્ટ શરીરવાળા પુરુષના સંબંધથી અથવા મહાવિદેહ નામક દેવના સંબંધથી 'વિદેહક્ષેત્ર' કહેવાય છે, કેમ કે-દેવકુરુ અને ઉત્તરકુરુક્ષેત્રોમાં મનુષ્યો ત્રણ ગાઉની ઉંચી કાયાવાળા છે.

○ 'રમ્યક્' રમણ-ક્રીડાવિષય તરીકે કરાય છે. નાના કલ્પવૃક્ષોથી અને સ્વર્ણ-મણિથી સુવિરચિત, તે તે પ્રદેશોથી અત્યંત રમણિયપણું હોઈ, જે ક્ષેત્ર રતિના વિષય તરીકે બને છે, તે રમ્ય એ જ 'રમ્યક્' કહેવાય છે. અથવા રમ્યક્દેવના સંબંધથી 'રમ્યક્' કહેવાય છે.

○ હૈરણ્યવતદેવના સંબંધથી 'હૈરણ્યવત' કહેવાય છે.

○ ઐરાવતદેવના યોગથી 'ઐરાવત'ક્ષેત્ર કહેવાય છે. તથાચ આ સાત ક્ષેત્રો છે.

○ વિશિષ્ટ ક્રમ સંનિવેશ (રચના, હોવાથી ભરતના ઉત્તરે હૈમવતક્ષેત્ર છે. તે હૈમવતક્ષેત્ર ઉત્તરે હરિક્ષેત્ર છે. એમ ક્રમથી સાત ક્ષેત્રો છે.

○ જંબૂદ્વીપની ઉત્તરદિશામાં રહેલ આ ક્ષેત્રો છે. તથાચ જંબૂદ્વીપના દક્ષિણગામી પર્યંતમાં રહેલ, કાલચક્રોથી અનેક અવસ્થાવાળું, પણછ ચઢાવેલ ધનુષ્યના આકારવાળું અને પૂર્વ-દક્ષિણ-પશ્ચિમના સમુદ્રથી સ્પર્શ કરાયેલ ૫૨૬ યોજનપરિમાણવાળું ભરતક્ષેત્ર છે. તેના ઉત્તરે હૈમવંત છે અને તેના ઉત્તરે હરિક્ષેત્ર છે. આ પ્રમાણે ક્રમ જાણવો. આ ક્ષેત્રોની વિભાગવ્યવસ્થાને કોણ કરનાર છે ? આના જવાબમાં કહે છે કે-'ક્ષેત્રવિભાજક વર્ષધર પર્વતો છે.'

○ પ્રચુરતાથી હિમના અભિસંબંધથી 'હિમવાન્' 'મોટો હિમવાન્' - 'મહા હિમવંત' કહેવાય છે. ઇન્દ્રગોપની માફક અવિદ્યમાન પણ હિમમાં રૂઢિવિશેષના બળથી 'હિમવંત' એવી સંજ્ઞા છે.

○ જેમાં દેવો અને દેવીઓ ક્રીડા માટે મોટાભાગે બેસે છે, તે 'નિષધ' કહેવાય છે.

○ નીલવર્ણના યોગથી 'નીલ' કહેવાય છે.

○ રૂક્મ(સુવર્ણ)ના સદ્ભાવથી 'રૂક્મી' કહેવાય છે.

○ શિખરોની બહુલતાની અપેક્ષાએ 'શિખરી' કહેવાય છે.

આ છ વર્ષધર પર્વતો કહેવાય છે.

(૧) વંશ, (૨) વર્ષ, (૩) વાસ્ય-એ ત્રણ નામો ક્ષેત્રના પર્યાયવાચકો છે. વર્ષના (વર્ષણના) સન્નિધાનથી ભરત આદિ વર્ષો-ક્ષેત્રો કહેવાય છે. તે ક્ષેત્રોને અસંકરથી (સેળભેળ વગર) વિભાગ કરી ધારનાર હોવાથી 'વર્ષધરો' કહેવાય છે. આવા પર્વતો 'વર્ષધર પર્વતો' કહેવાય છે. તેઓથી અલંકૃત એટલે પોતપોતાના પૂર્વ અપર(પૂર્વ-પશ્ચિમ)ના અગ્રભાગથી લવણસમુદ્રસ્પર્શી વર્ષધર પર્વતોથી વિભાગને પામેલ ક્ષેત્રો છે.

○ તથાચ ભરત અને હૈમવંતક્ષેત્રોમાં મધ્યસ્થ હોવાથી, હિમવાન્ વર્ષધર તે બંને ક્ષેત્રોના વિભાગને કરે છે.

○ હૈમવંત અને હરિવર્ષના મધ્યગામી હોવાથી, મહાહિમવાન્ તે બંનેના વ્યવચ્છેદને કરે છે. આ પ્રમાણે કરેલો ક્ષેત્રવિભાગ સમજવો. અહીં વિસ્તાર તો બીજા ગ્રંથથી જાણવો.

○ જંબૂદ્વીપની માફક ધાતકીખંડમાં દ્વિગુણ ક્ષેત્રો છે. ધાતકીખંડ લવણસમુદ્રને વીંટળાઈને રહેલો, કાલોદધિ સમુદ્રથી વીંટાયેલો, વલયના આકારે રહેલો, વિજય-વૈજયન્ત-જયંત-અપરાજિત નામક ચાર દ્વારોથી યુક્ત છે. ચાર લાખ વિષ્કંભવાળો, જંબૂદ્વીપની અપેક્ષાએ દ્વિગુણ ભરત આદિ ક્ષેત્ર સહિત, તે ક્ષેત્રવિભાજક બાર વર્ષધર પર્વતોથી સુશોભિત છે. બે ભરતક્ષેત્રો, બે હૈમવતક્ષેત્રો એ પ્રમાણે, તેમજ બબ્બે હિમવંતો, બે મહા હિમવંતો, આવી રીતના ક્રમથી દ્વિગુણ ક્ષેત્રપર્વતો, મેરૂ આદિ બબ્બે સમજવાં.

○ જંબૂદ્વીપની માફક પુષ્કરાર્ધમાં દ્વિગુણ ક્ષેત્રો છે. પદ્મોની બહુલતાની અપેક્ષાએ 'પુષ્કરદ્વીપ' કહેવાય છે. પુષ્કરદ્વીપના અર્ધભાગ દ્વીપમાં, અહીં ચ શબ્દથી જંબૂદ્વીપની અપેક્ષાએ જ ક્ષેત્ર આદિનું દ્વિગુણપણું સૂચિત થાય છે પરંતુ ધાતકીખંડની અપેક્ષાએ નહિ. તથાચ જેમ ધાતકીખંડમાં ભરતાદિ ક્ષેત્ર હિમવંત પર્વત આદિનું દ્વિગુણપણું છે, તેમ પુષ્કરાર્ધમાં પણ જંબૂદ્વીપની અપેક્ષાએ દ્વિગુણપણું છે.

○ ત્યાં પુષ્કરવરદ્વીપ કાલોદધિ સમુદ્રથી વેષ્ટિત સોળ લાખ યોજનના વિષ્કંભવાળો છે. તેનો અર્ધોભાગ એટલે આઠ લાખ યોજનવાળા પુષ્કરાર્ધમાં જ ભરતાદિ ક્ષેત્રોનું અને હિમવંત આદિ પર્વતોનું દ્વિગુણપણું છે. બીજા અર્ધભાગમાં નહિ, કેમ કે-બીજા અર્ધભાગમાં પુષ્કરવરદ્વીપના અર્ધનો વિભાગ કરનારો માનુષોત્તર નામવાળો મહાનગરના પ્રકારની માફક વૃત્ત(વલયની માફક ગોળ) વિશિષ્ટ શૈલ (પર્વત) છે.

अथैवंभूतेषु सार्धद्वयद्वीपेषु आर्यम्लेच्छभूयिष्ठेषु कर्माकर्मभूमिप्रज्ञापनायाह —

मेरुगिरेर्दक्षिणतो निषधस्योत्तरतो देवकुरवः, नीलपर्वतादक्षिणेन तदुत्तरेणोत्तराः कुरवः, देवकुरूत्तरकुरुभ्योऽन्यत्र भरतैरावतविदेहाः कर्मभूमयः ॥ ३० ॥

मेरुगिरेरिति । पल्योपमस्थितिकदेवकुरुनामदेवसम्बन्धाद्देवकुरवः, एते च विदेहक्षेत्रे बोध्याः । उत्तरकुरूनाह नीलपर्वतादिति, तदुत्तरेणेति, देवकुरूत्तरेणेत्यर्थः, एवञ्च विदेहा मन्दरदेवकुरूत्तरकुरुभिर्व्यवच्छिन्नमर्यादा एकक्षेत्रान्तःपातिनोऽपि क्षेत्रान्तरा इव भवन्ति परस्परेण तत्रत्यमनुष्याणां गमनागमनाभावादिति बोध्यम्, उपसंहरति देवेति, विदेहान्तः-पातिनां देवकुरूत्तरकुरूणां कर्मभूमित्वप्रसङ्गवारणायान्यत्रेति, तथा च देवकुरूत्तरकुरवो हैमवतादयश्चाकर्मभूमय इति भावः,भरतैरावतविदेहा इति, पञ्च भरतानि पञ्चैरावतानि पञ्च विदेहा इत्यर्थः, कर्मभूमय इति, यद्यप्यष्टविधस्य कर्मणो बन्धस्तत्फलानुभवनं सर्वेष्वेव मनुष्यक्षेत्रेषु साधारणं तथापि सम्यग्दर्शनज्ञानचारित्रात्मकमुक्त्युपायस्य ज्ञातारः कर्त्तार उपदेष्टारश्च भगवन्तः परमर्षयस्तीर्थकरा अत्रोत्पद्यन्तेऽत्रैव जातास्सिद्ध्यन्ति तस्मात्सकल-कर्माग्नेर्विध्यापनाय सिद्धिभूमयः कर्मभूमय इत्यस्यार्थः, अकर्मभूमिषु वर्त्तमानानाञ्च मनुष्याणां ज्ञानदर्शनयोस्सत्त्वेऽपि सततभोगपरिणामित्वेन सर्वदा चरणप्रतिपत्तिर्नास्ति, यद्वाऽसिकृषिमषि-विद्यावणिक्शिल्पात्मकषड्विधकर्मणां भरतैरावतविदेहेष्वेव पूर्वोक्तेषु दर्शनात्कर्मभूमय इति भावः । ततश्च विदेहश्चतुर्विधः पूर्वविदेहो यो मेरोर्जम्बूद्वीपगतः प्राग्विदेहः, एवं पश्चिमतस्सो-ऽपरविदेहः, दक्षिणतो देवकुरुनामा विदेहः, उत्तरतस्तु उत्तरकुरुनामा विदेह इति । ननु पूर्वापरविदेहयोः कर्मक्षेत्रानुभावकत्वेन महाविदेहव्यपदेशताऽस्तु, देवकुरूत्तरकुरूणां त्वकर्म-भूमित्वेन कथं महाविदेहत्वेन व्यपदेशो, मैवम्, प्रस्तुतक्षेत्रयोर्भरताद्यपेक्षया महाभोगत्वा-न्महाकायमनुष्ययोगित्वान्महाविदेहदेवाधिष्ठानत्वाच्च महाविदेहशब्दवाच्यत्वोपपत्तेरिति ॥

---

१. कल्पपादपफलोपभोगप्रधाना भूमयो हैमवतपञ्चकहरिवर्षपञ्चकदेवकुरुपञ्चकोत्तरकुरुपञ्चकरम्यक-पञ्चकहैरण्यवतपञ्चकरूपास्त्रिंशदकर्मभूमयः । क्षेत्रभेदेनामुनाऽकर्मभूमिका अपि त्रिंशद्विधाः, हैमवतपञ्चके हैरण्यवतपञ्चके च पल्योपमायुष्काश्चतुर्थातिक्रमभोजिनो गव्यूतिप्रमाणशरीरोच्छ्रायाः वज्रर्षभनाराचसंहननिनः समचतुरस्रसंस्थानाः, पञ्चसु हरिवर्षेषु पञ्चसु रम्यकेषु द्विपल्योपमायुष्काः षष्ठभक्तातिक्रमाहारग्राहिणो द्विगव्यूति-प्रमाणशरीरोच्छ्रायाः संहननसंस्थानाभ्यां पूर्वोक्ताभ्यां युक्ताः, पञ्चसु देवकुरुषु पञ्चसूत्तरकुरुषु त्रिपल्योपमायुष्काः अष्टमभक्तातिक्रमाहारिणः गव्यूतित्रयप्रमाणशरीरोच्छ्रायाः पूर्वोक्तसंहननसंस्थानयुता मनुष्या भवन्ति ॥

હવે આર્ય-અનાર્યથી ભરચક અઢીદ્વીપોમાં કર્મભૂમિ અને અકર્મભૂમિના ભેદનું વિજ્ઞાપન કહે છે.

કર્મભૂમિ અને અકર્મભૂમિનો ભેદ

ભાવાર્થ – "મેરુપર્વતની દક્ષિણે અને નિષધપર્વતની ઉત્તરે દેવકુરુ છે. નીલપર્વતની દક્ષિણે અને દેવકુરુની ઉત્તરે ઉત્તરકુરુ છે. દેવકુરુ અને ઉત્તરકુરુને છોડી ભરત-ઐરવત-વિદેહક્ષેત્રો કર્મભૂમિ કહેવાય છે."

વિવેચન – પલ્યોપમ સ્થિતિવાળા દેવકુરુ નામક દેવના સંબંધથી 'દેવકુરુ' કહેવાય છે. આ વિદેહક્ષેત્રમાં સમજવા. નીલપર્વતની દક્ષિણે અને દેવકુરુની ઉત્તરે 'ઉત્તરકુરુ' કહેવાય છે.

○ આ પ્રમાણે વિદેહ, મંદરગિરિથી દેવકુરુ અને ઉત્તરકુરુથી વ્યવચ્છિન્ન મર્યાદાવાળા સ્થાપિત છે. એક ક્ષેત્રની અંદર સ્થાયી હોવા છતાં બીજા ક્ષેત્રની માફક છે, કેમ કે-ત્યાં પેદા થયેલા મનુષ્ય આદિમાં પરસ્પર ગમન-આગમનનો અભાવ છે એમ જાણવું.

○ વિદેહક્ષેત્રમાં રહેનાર દેવકુરુ-ઉત્તરકુરુમાં કર્મભૂમિપણાના પ્રસંગના નિવારણ માટે કહે છે કે-દેવકુરુ-ઉત્તરકુરુને છોડીને ભરત-ઐરવત-વિદેહક્ષેત્રો કર્મભૂમિઓ છે. તથાચ દેવકુરુ, ઉત્તરકુરુ અને હૈમવત આદિ ક્ષેત્રો અકર્મભૂમિઓ છે.

○ (૫) ભરત, (૫) ઐરવત, (૫) મહાવિદેહ, આ પંદર ક્ષેત્રો કર્મભૂમિઓ છે. (કલ્પવૃક્ષવાળા ફળના ઉપયોગપ્રધાનવાળી ભૂમિઓ–(૫) હૈમવત, (૫) હરિવર્ષ, (૫) દેવકુરુ, ક્ષેત્રભેદથી અકર્મભૂમિકો, પણ ત્રીશ પ્રકારના છે. (૫) હૈમવંતમાં અને (૫) હૈરણ્યવંતમાં એક પલ્યોપમના આયુષ્યવાળા, એક દિન બાદ ભોજનવાળા, એક ગાઉની શરીરની ઉંચાઈવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને સમચતુરસ્ર સંસ્થાનવાળા મનુષ્યો હોય છે.(૫) હરિવર્ષોમાં અને (૫) રમ્યકોમાં બે પલ્યોપમના આયુષ્યવાળા, બે દિન બાદ ભોજન ગ્રહણ કરનારા, બે ગાઉની શરીરની ઉંચાઈવાળા અને પૂર્વકથિત સંઘયણ સંસ્થાનથી યુક્ત મનુષ્યો હોય છે. (૫) દેવકુરુઓમાં અને (૫) ઉત્તરકુરુઓમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા, ત્રણ દિન બાદ આહારકારી, ત્રણ ગાઉની શરીરની ઉંચાઈવાળા અને પૂર્વકથિત સંઘયણ સંસ્થાનવાળા મનુષ્યો હોય છે.) જો કે આઠ પ્રકારના કર્મનો બંધ, તે કર્મના ફળનો અનુભવ, સઘળા મનુષ્યક્ષેત્રોમાં સાધારણ છે, તો પણ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મક, મુક્તિના ઉપાયના જ્ઞાતાઓ, કર્તાઓ, ઉપદેષ્ટાઓ, ભગવંતો, પરમઋષિઓ અને તીર્થંકરો અહીં કર્મભૂમિઓમાં જ ઉત્પન્ન થાય છે. અહીં જ ઉત્પન્ન થયેલાઓ સિદ્ધ થાય છે. તેથી જ સકલ કર્મની અગ્નિને બૂઝાવવા માટે સિદ્ધિસફલતાની ભૂમિ હોઈ 'કર્મભૂમિઓ' કહેવાય છે. અકર્મભૂમિઓમાં વર્તતા મનુષ્યોમાં જ્ઞાન અને દર્શનની સત્તા છતાં સતત ભોગપરિણામવાળા હોઈ સર્વદા ચારિત્રના સ્વીકારનો અભાવ છે.

○ અથવા અસિ (ધર્મના રક્ષણ માટે તલવારથી લડવાનું કામ પડતું હોય), મષિ (જ્ઞાન માટે પુસ્તકો વગેરે લખવાની જરૂર પડતી હોય) અને કૃષિ (અમાંસાહારી બની આજીવિકા માટે માર્ગાનુસારી ધંધા તરીકે ખેતી મુખ્ય ધંધો કરવાનો હોય) વિદ્યા-વણિક (વ્યાપાર) શિલ્પરૂપ છ પ્રકારના કર્મોનું ભરત-ઐરવત-વિદેહોમાં જ દર્શન હોવાથી 'કર્મભૂમિઓ' કહેવાય છે.

० વળી વિદેહ ચાર પ્રકારનો છે. (૧) પૂર્વવિદેહ, કે જે મેરુથી પૂર્વમાં જંબૂદ્વીપમાં રહેલો 'પૂર્વવિદેહ' કહેવાય છે. એ પ્રમાણે મેરુથી પશ્ચિમમાં રહેલા 'અપરવિદેહ' કહેવાય છે. (૨) મેરુથી દક્ષિણમાં 'દેવકુરુનામક વિદેહ' કહેવાય છે. (૩) મેરુથી ઉત્તરમાં 'ઉત્તરકુરુ નામક વિદેહ' કહેવાય છે. (૪).

શંકા – પૂર્વ અને અપરવિદેહમાં કર્મ ક્ષેત્રનું અનુભાવકપણું હોઈ મહાવિદેહનો વ્યવહાર ભલે હો ! પરંતુ દેવકુરુ-ઉત્તરકુરુમાં તો અકર્મભૂમિપણું હોઈ મહાવિદેહ તરીકેનો વ્યવહાર કેવી રીતે ?

સમાધાન – પ્રસ્તુત ક્ષેત્રરૂપ દેવકુરુ-ઉત્તરકુરુમાં ભરત આદિની અપેક્ષાએ મહાભોગ હોઈ મહાકાયવાળા મનુષ્યનો યોગ હોવાથી, મહાવિદેહનામક દેવનું અધિષ્ઠિતપણું હોવાથી, વિદેહક્ષેત્રમાં અંતઃપાત-સમાવેશ હોવાથી અને અકર્મભૂમિ હોવા છતાં મહાવિદેહ શબ્દથી વાચ્યતાની ઉપપત્તિ છે.

ननु जम्बूद्वीपादिस्वयम्भूरमणसमुद्रान्ता इति पूर्वमुक्तं तत्र के जम्बूद्वीपादयः के च समुद्रा इत्यत्राह –

एवं लवणोदकालोदपुष्करोदवरुणोदक्षीरोदघृतोदेक्षुवरोदनन्दीश्वरोदारुणवरोदादिभिः समुद्रैः क्रमेणान्तरिता जम्बूधातकीखण्डपुष्करवरवरुणवरक्षीरवरघृतवरेक्षुवरनन्दीश्वरारुणवरादयोऽसंख्यातास्स्वयम्भूरमणपर्यन्ता द्वीपसमुद्राः परित एकरज्जुविष्कम्भे वर्त्तन्ते ॥ ३१ ॥

एवमिति । समस्तद्वीपसमुद्राभ्यन्तर्भूतत्वेनादौ जम्बूवृक्षेणोपलक्षितो जम्बूद्वीपस्तं परिवृत्य लवणरसास्वादनीपूर्णो लवणसमुद्रस्तं परिक्षिप्य धातकीवृक्षखण्डोपलक्षितो धातकीखण्डस्तमावृत्य विशुद्धोदकरसास्वादः कालोदस्तं परिक्षिप्य पद्मवरैरुपलक्षितः पुष्करवरस्तस्य परितश्शुद्धजलरसास्वादः पुष्करोदस्तमभितो वरुणवरद्वीपः ततो वारुणीरसास्वादो वरुणोदस्ततः क्षीरवरो द्वीपस्ततः क्षीररसास्वाद क्षीरोदस्ततो घृतवरस्तमभिव्याप्य घृतरसास्वादो घृतोदस्तत इक्षुवरस्तं परिवृत्येक्षुरसास्वाद इक्षुरसः ततो नन्दीश्वरस्ततो इक्षुरसास्वाद एव नन्दीश्वरोदस्ततोऽरुणवरस्ततश्चेक्षुरसास्वाद एवारुणवरोद इत्येवमादयोऽसंख्याता द्वीपसमुद्रास्स्वयंभूरमणसमुद्रपर्यन्ताः परितो वलयाकारेणैकरज्जुविस्तृते रत्नप्रभापीठे वर्त्तन्ते नान्यत्रेति भावः । स्वयम्भूरमणसमुद्रस्तु शुद्धोदकरसः, आदिनाऽरुणावासकुण्डलवरशंखवररुचकवरादीनां द्वीपानां ग्रहणं समुद्राणां नामान्यपि द्वीपनामतुल्यान्येव । एते सर्वेऽपि जम्बूद्वीपादारभ्य नैरन्तर्येण व्यवस्थिताः, ततो रुचकवरादसंख्येयान् द्वीपसमुद्रान् गत्वा भुजगवरो नाम द्वीपः, ततोऽप्यसंख्येयान् तानुल्लंघ्य कुशवरो द्वीपस्ततोऽपि तथैवोल्लंघ्य क्रौंचवरस्ततोऽपि तथैवोल्लंघ्याभरणादयो द्वीपा भाव्यास्समुद्रा अपि तादृशनामान एव, मध्यगानां द्वीपानां नामानि लोके यावन्ति शुभनामानि शंखध्वजकलशश्रीवत्सादिरूपाणि तावन्त्येवेति ॥

'જંબૂદ્વીપથી માંડી સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના અસંખ્યાત દ્વીપસમુદ્રો છે' એમ પૂર્વે કહેલું છે. ત્યાં કયા જંબૂદ્વીપ આદિ દ્વીપો અને કયા સમુદ્રો છે ? આના જવાબમાં કહે છે કે-

જંબૂદ્વીપનું અને સમુદ્રોનું વર્ણન

ભાવાર્થ – "આ પ્રમાણે લવણોદધિ, કાલોદધિ, પુષ્કરોદધિ, વરૂણોદધિ, ક્ષીરોદધિ, ઘૃતોદધિ, ઇક્ષુવરોદધિ, નંદીશ્વરોદધિ, અરૂણવરોદધિ આદિ સમુદ્રોથી ક્રમથી અંતરિત (વ્યવધાન કરેલ) જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવરદ્વીપ, વરૂણવરદ્વીપ, ક્ષીરવરદ્વીપ, ઘૃતવરદ્વીપ, ઇક્ષુવરદ્વીપ, નંદીશ્વરદ્વીપ, અરૂણવરદ્વીપ આદિ સ્વયંભૂરમણ સુધીના અસંખ્યાત દ્વીપસમુદ્રો ચારેય બાજુથી એક રજ્જુપ્રમાણ વિષ્કંભમાં વર્તે છે."

વિવેચન – સમસ્ત દ્વીપસમુદ્રમાં અભ્યંતરભૂત (મધ્યભૂત) હોઈ, આદિમાં જંબૂવૃક્ષથી ઉપલક્ષિત જંબૂદ્વીપ છે. તેને વીંટીને લવણ (ખારા) રસના આસ્વાદવાળા પાણીથી ભરપૂર લવણસમુદ્ર છે. તેને વીંટીને ધાતકીવૃક્ષના ખંડ(વન)થી ઉપલક્ષિત 'ધાતકીખંડ' છે. તેને આવરીને વિશુદ્ધ જળના રસના આસ્વાદવાળો 'કાલોદધિ' છે. તેનું વેષ્ટન કરીને પદ્મવરોથી ઉપલક્ષિત 'પુષ્કરવરદ્વીપ' છે. તેની ચારેય બાજુએ શુદ્ધ જળના રસના આસ્વાદવાળો 'પુષ્કરોદધિ' છે. તેની ચારેય બાજુએ 'વરૂણવરદ્વીપ' છે. ત્યારબાદ વારૂણી(મદિરા)રસના આસ્વાદવાળો 'વરૂણોદધિ' છે. ત્યારપછી 'ક્ષીરવરદ્વીપ' છે. ત્યારબાદ ક્ષીરના રસના આસ્વાદવાળો 'ક્ષીરોદધિ' છે. તેના પછી ઘૃતવરદ્વીપ છે. તેને વ્યાપીને ઘૃતના રસના આસ્વાદવાળો 'ઘૃતોદધિ' છે. તે પછી 'ઇક્ષુવરદ્વીપ' છે. તેને વીંટાઈને ઇક્ષુના રસના આસ્વાદવાળો 'ઇક્ષુવરોદધિ' છે. ત્યારબાદ 'નંદીશ્વરદ્વીપ' છે. ત્યાર પછી ઇક્ષુરસના આસ્વાદવાળો જ 'નંદીશ્વરોદધિ' છે. તેના પછી 'અરૂણવરદ્વીપ' છે. તેના પછી ઇક્ષુરસના આસ્વાદવાળો જ 'અરૂણવરોદધિ' છે. ઇત્યાદિ અસંખ્યાત દ્વીપસમુદ્રો સ્વયંભૂરમણ સમુદ્ર સુધીના ચારેય બાજુ વલયના આકાર એક રજ્જુ વિસ્તારવાળા રત્નપ્રભાના પીઠમાં વર્તે છે, બીજે ઠેકાણે નહિ. સ્વયંભૂરમણ સમુદ્ર તો શુદ્ધ જળના રસવાળો છે.

○ આદિ પદથી અરૂણા-વાસ-કુંડલવર-શંખવર-રુચકવર આદિ દ્વીપોનું ગ્રહણ કરવું.

○ સમુદ્રોના નામો પણ દ્વીપના નામસમાન જ છે. આ બધાય જંબૂદ્વીપથી માંડી નિરંતરતાએ વ્યવસ્થિત છે. તેથી રુચકવરથી અસંખ્યાત દ્વીપસમુદ્રો ગયા બાદ ભુજગવર નામક દ્વીપ છે. તેનાથી પણ અસંખ્યાત-તેઓને ઉલ્લંઘ્યા બાદ કુશવરદ્વીપ છે. તેના પછી પણ તે પ્રકારે જ ઉલ્લંઘન કરી ક્રૌંચવરદ્વીપ આવે છે. તેના પછી પણ તે પ્રકારે જ ઉલ્લંઘન કરી આભરણ આદિ દ્વીપો વિચારવા. સમુદ્રો પણ તેવા નામવાળા જ વિચારવા.

○ મધ્યમાં રહેલ દ્વીપોના નામો લોકમાં જેટલા શંખ-ધ્વજ-કલશ-શ્રીવત્સ આદિ રૂપ શુભ નામો છે, તેટલા શુભ નામવાળા જ દ્વીપો છે.

ननु निखिलेषु द्वीपेषु मनुष्या वसन्त्यथवा द्वीपविशेष इत्याशङ्कायामाह –

तत्र पुष्करवरद्वीपार्धं यावन्मानुषं क्षेत्रम्, ततः परं मनुष्यलोकपरिच्छेदकः प्राकाराकारो मानुषोत्तरो नाम भूधरो वर्तते । नास्मात्परतो जन्ममरणे मनुष्याणां जायेते ॥ ३२ ॥

तत्रेति । प्रोक्तद्वीपेषु मध्य इत्यर्थः, तथाच यावत्पुष्करवद्वीपार्धं[1] मानुषं क्षेत्रं पञ्चचत्वारिंशद्योजनशतसहस्राणि आयामविष्कम्भेण, एका योजनकोटी द्वाचत्वारिंशच्छतसहस्राणि त्रिंशत्सहस्राणि द्वे योजनशते एकोनपञ्चाशत् किञ्चिद्विशेषाधिके परिक्षेपेण बोध्यम्, मनुष्यक्षेत्रे कर्मभूमिका अकर्मभूमिका अन्तरद्वीपकाश्चेति त्रिविधा मनुष्याः परिवसन्ति, तथा च जम्बूद्वीपस्य सप्त क्षेत्राणि धातकीखण्डस्य चतुर्दश पुष्करार्धस्य च चतुर्दशेति संमिलितानि पञ्चत्रिंशत्क्षेत्राणि[2] मानुषाणीति भावः । अस्य व्यवच्छेदकमाह ततःपरमिति, पुष्करवरार्धात्परं बाह्यपुष्करवरार्धक्षेत्रं प्रतिरुद्ध्य नरक्षेत्रसीमाकारी प्राकाराकारः यथा भित्तिर्गृहं द्वेधाकरोति तथा द्वीपस्यास्य भेदकोऽन्वर्थनामा मानुषोत्तरो भूधरो वर्वर्तीति भावः, अयं पर्वत एकविंशत्युत्तरसप्तदशयोजनशतान्युच्चैस्त्वेन मूले द्वाविंशत्युत्तराणि दशयोजनशतानि विष्कम्भेण वर्त्तते, अमुं मानुषा न कदाचिदपि व्यतिव्रजितवन्तो व्यतिव्रजन्ति व्यतिव्रजिष्यन्ति वाऽन्यत्र चारणादिभ्यः । ततः किमित्यत्राह नास्मात्परत इति, यस्मादयं पर्वतो मानुषक्षेत्रमात्रस्योत्तरं वर्त्ततेऽत एवास्मात्परतः क्षेत्रेषु मनुष्याणां न जन्ममरणे भवतः, मनुष्याणां हि जन्म मरणं चात्रैव क्षेत्रे, यदि नाम केनचिद्देवेन दानवेन विद्याधरेण वा पूर्वानुबद्धवैरनिर्यातनार्थमेवंरूपा बुद्धिः क्रियते यथाऽयं मनुष्योऽस्मात्स्थानादुत्पाट्य मनुष्यक्षेत्रस्य बहिः प्रक्षिप्यतां येनोद्ध्वं शोषं शुष्यति म्रियते वेति तथापि लोकानुभावादेव सा काचनापि बुद्धिर्भूयः परावर्त्तते, यद्वा संहरणमेव न भवति, संहृत्य वा भूयस्समानयति तेन संहरणतोऽपि मनुष्यक्षेत्राद्बहिर्मनुष्याणां न कदापि मरणम्, येऽपि जङ्घाचारिणो विद्याचारिणो वा नन्दीश्वरादीनपि यावद्गच्छन्ति तेऽपि तत्र गता न मरणनश्नुवते किन्तु मनुष्यक्षेत्रमागता एवेति भावः ॥

શું સઘળા દ્વીપોમાં મનુષ્યો વસે છે કે દ્વીપવિશેષમાં વસે છે ? આ પ્રશ્નના જવાબમાં કહે છે કે-

પુષ્કવરદ્વીપનું વર્ણન

ભાવાર્થ – "ત્યાં પુષ્કરવરદ્વીપના અર્ધભાગ સુધી મનુષ્યક્ષેત્ર છે. ત્યારબાદ મનુષ્યલોક વિભાજક પ્રકારના આકારવાળો, માનુષોત્તર નામવાળો પર્વત વર્તે છે. આ માનુષોત્તર પર્વત પછી અર્થાત્ માનુષોત્તર

---

१. पुष्कराणि पद्मानि तैर्वरः पुष्करवरः स चासौ द्वीपश्च पुष्करवरद्वीपः तस्यार्धं इति विग्रहः । पूर्वार्धे उत्तरकुरुषु यः पद्मवृक्षः, पश्चिमार्धे उत्तरकुरुषु यो महापद्मवृक्षः, तयोरत्र पुष्करवरद्वीपे यथाक्रमं पद्मपुण्डरीकौ देवौ महर्द्धिकौ यावत्पल्योपमस्थितिकौ पूर्वार्धापरार्धाधिपती परिवसतः । अतिविशालत्वात्पद्मं वृक्ष इव पद्मवृक्षं, पद्मञ्च पुष्करमिति पुष्करवरोपलक्षितो द्वीपः पुष्करवरद्वीप उच्यत इति ॥

२. देवकुरूत्तरकुरूणां महाविदेहेऽन्तर्भावेणैतद्बोध्यमन्यथा पंचदशकर्मभूमिस्त्रिंशदकर्मभूमिरिति पञ्चचत्वारिंशत्क्षेत्रसंख्या व्याहन्येत ॥

પર્વતના પહેલાંના ભાગમાં મનુષ્યના જન્મ-મરણ થાય છે. આ માનુષોત્તર પછી મનુષ્યોના જન્મ-મરણ થતાં નથી."

વિવેચન – કથિત દ્વીપો પૈકી પુષ્કરવરદ્વીપના અર્ધાભાગ સુધી આયામવિષ્કંભથી ૪૫ લાખ જોજનવાળું મનુષ્યક્ષેત્ર છે. પરિધિ-એક ક્રોડ, બેંતાલીશ લાખ, ત્રીસ હજાર, બસો ઓગણપચાશ યોજનની પરિધિ મનુષ્યક્ષેત્રની જાણવી.

○ મનુષ્યક્ષેત્રમાં કર્મભૂમિજ, અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ-એમ ત્રણ પ્રકારના મનુષ્યો વસે છે. તથાચ જંબૂદ્વીપના સાત ક્ષેત્રો, ધાતકીખંડના ચૌદ ક્ષેત્રો, પુષ્કરવરાર્ધના ચૌદ ક્ષેત્રો, એમ કુલ ૩૫ ક્ષેત્રો મનુષ્યના ક્ષેત્રો કહેવાય છે. (દેવકુરુ અને ઉત્તરકુરુનો મહાવિદેહમાં અંતર્ભાવ હોવાથી આ સમજવું. નહિ તો પંદર કર્મભૂમિ-ત્રીસ અકર્મભૂમિ, એમ ૪૫ ક્ષેત્રોની સંખ્યાનો વ્યાઘાત થાય !)

○ મનુષ્યક્ષેત્રના વિભાજકને કહે છે કે-પુષ્કરવરાર્ધથી બીજા (બાહ્ય) પુષ્કરવરાર્ધક્ષેત્રને રોકીને નરક્ષેત્રની મર્યાદાકારી, પ્રકારના આકારવાળો, જેમ દીવાલ-ઘરનો (બે પ્રકારે) વિભાગ કરે છે, તેમ આ દ્વીપનો ભેદકારક સાચા (સાર્થક) નામવાળો માનુષોત્તર પર્વત છે.

○ આ પર્વત ૧૭૨૧ જોજનની ઉંચાઈવાળો છે. મૂલમાં વિષ્કંભથી ૧૦૨૨ યોજનવાળો છે. આ માનુષોત્તરને મનુષ્યો કદાચિત્ પણ ઉલ્લંઘી ગયા નથી, ઉલ્લંઘતા નથી અને ઉલ્લંઘી જશે નહિ.

○ આ નિયમમાં ચારણ આદિ ઋષિઓનો અપવાદ છે, જેથી આ પર્વત માનુષક્ષેત્ર માત્રના ઉત્તરે વર્તે છે. એથી જ આ પર્વતથી પર રહેલ ક્ષેત્રોમાં મનુષ્યોના જન્મ અને મરણ થતાં નથી.

○ ખરેખર, મનુષ્યોના જન્મ અને મરણ આ મનુષ્યક્ષેત્રમાં જ થાય છે. જો કદાચ કોઈ દેવ, દાનવ કે વિદ્યાધર, પૂર્વે અનુબદ્ધ (પરંપરાગત) વૈરનો બદલો લેવા માટે આવી બુદ્ધિ કરે કે-આ મનુષ્યને આ સ્થાનથી ઉપાડીને મનુષ્યક્ષેત્રની બહાર ફેંકી દઉં, કે જેથી ઉભા ઉભા સૂકાઈ જાય કે મરી જાય. આમ હોવા છતાંય તે કોઈ એક બુદ્ધિ ફરીથી પાછી ફરે છે, અથવા સંહરણ જ થતું નથી. અથવા સંહરણ હોવા છતાં મનુષ્યક્ષેત્રની બહાર કોઈ કાળે પણ મનુષ્યોનું મરણ થતું નથી.

○ જેઓ પણ જંઘાચારીઓ કે વિદ્યાચારીઓ નંદીશ્વર આદિ સુધી પણ જાય છે, તેઓ પણ ત્યાં ગયેલા મરણને પામતાં નથી પરંતુ મનુષ્યક્ષેત્રમાં આવેલા જ મરણને પામે છે.

इत्थं तिर्यग्लोके मनुष्यनिवासयोग्यानि क्षेत्राण्यभिधाय ज्योतिष्कनिवासयोग्यं प्रदेशमाह–

रुचकाभिधानसमतलादूर्ध्वं नवत्युत्तरसप्तशतयोजनान्तेऽनुक्रमेण जघन्योत्कृष्टतः पल्योपमाष्टमचतुर्थभागायुष्काणां तारकाणां विमानानि, तत ऊर्ध्वं दशयोजनेषु सहस्राधिकपल्योपमायुष्कसूर्यविमानं, तदुपर्यशीतियोजनेषु लक्षाधिकपल्योपमायुष्कचन्द्रविमानम्, ततोऽप्यूर्ध्वं विंशतियोजनेषु अर्धपल्यैकपल्योपमायुष्काणां नक्षत्रग्रहाणां विमानानि ॥ ३३ ॥

रुचकेति । अनुक्रमेणेति, तारकाणां जघन्या स्थितिः पल्योपमस्याष्टमो भाग उत्कृष्टा तु पल्योपमस्य चतुर्थो भाग इत्येवं क्रमेणेत्यर्थः, तारकाणां विमानानीति, ज्योतिष्कविशेषाणां विमानप्रस्तारा इवि भावः, तत ऊर्ध्वमिति, तारकविमानादूर्ध्वमित्यर्थः, सहस्राधिकेति, उत्कृष्टत इदमिति विज्ञेयम्, जघन्यतस्तु सूर्यचन्द्रनक्षत्रग्रहाणां पल्योपमचतुर्थभागः, यद्यपि सूर्याचन्द्रमसोः कनीयसी स्थितिर्न संभवति तथाप्येषु विमानेषु नाकिनस्त्रिविधास्सन्ति विमाननायकाः तत्सदृशाः परिवारसुराश्चेति, तत्र नायकतत्सदृशापेक्षया परा स्थितिः परिवारदेवापेक्षया तु जघन्या विज्ञेया, एवं ग्रहविमानादिष्वपि, अत एव सहस्राधिकपल्योपमायुष्केति पदस्य सूर्यविशेषणत्वाज्जघन्या स्थितिर्नोक्ता, एवमग्रेऽपि । चन्द्रविमानमाह तदुपरीति सूर्यविमानोपरीत्यर्थः, नक्षत्रग्रहाणां विमानान्याह ततोऽपीति चन्द्रविमानादपीत्यर्थः, विंशतियोजनेष्विति, विंशतियोजनेषु मध्ये इत्यर्थः । नक्षत्रग्रहाणामिति, नक्षत्राणां ग्रहाणाञ्चेत्यर्थः ग्रहा मङ्गलादयः, कीदृशानामित्यत्राहार्धपल्येति, उत्कर्षेणार्धपल्योपमायुष्काणां नक्षत्राणामेकपल्योपमायुष्काणाञ्च ग्रहाणामित्यर्थः, एते मनुष्यक्षेत्रान्तर्वर्त्तमानाश्चन्द्रसूर्यनक्षत्रग्रहतारारूपा विमानोपपन्ना मण्डलगत्या परिभ्रमणमाश्रिताश्चारसहिताः स्वभावतो गतिरतिकास्साक्षाद्गतियुक्ता देवा इति मनुष्यक्षेत्राद्बहिर्वर्त्तिनश्चन्द्रादयस्तु विमानोपपन्ना अवगतचारा नोगतिरतयो नवागतियुक्ताश्च तात्स्थ्यात्तद्व्यपदेश इति न्यायादिति भावः । तत्र मानुषोत्तरपर्वताद्बहिर्वर्त्तिनां चन्द्रसूर्याणां तेजांस्यवस्थितानि भवन्ति तेजसा नात्युष्णास्सूर्याः सर्वदैवानतिशीततेजसः चन्द्रास्सर्वदाभिजिता नक्षत्रेण चन्द्राः सूर्याश्च पुष्येण युक्ता भवन्ति तत्र जम्बूद्वीपे[१] द्वौ चन्द्रौ द्वौ सूर्यौ चत्वारो लवणोदे द्वादश धातकीखण्डे द्वाचत्वारिंशत्कालोदे द्वासप्ततिरभ्यन्तरपुष्करार्धे सर्वसंख्यया चन्द्रसूर्याणां प्रत्येकं द्वात्रिंशं शतं भाव्यम् । नक्षत्रपरिमाणन्तु मनुष्यलोके अष्टाविंशतिसंख्यां द्वात्रिंशेन शतेन गुणयित्वा भाव्यम् ॥

આ પ્રમાણે તીચ્છલોકમાં મનુષ્યનિવાસયોગ્ય ક્ષેત્રોને કહીને જ્યોતિષ્કનિવાસયોગ્ય પ્રદેશને કહે છે.

રુચકપ્રદેશનું વર્ણન

ભાવાર્થ – "રુચક નામક સમતલ પ્રદેશથી ઉંચે ૭૯૦ યોજનના અંતે અનુક્રમથી જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના આઠમા ભાગ તથા ચોથા ભાગના આયુષ્યવાળા તારાઓના વિમાનો છે. તેનાથી ઉંચે દશ યોજનોમાં એક પલ્યોપમ ઉપર હજાર વર્ષના આયુષ્યવાળા સૂર્યનું વિમાન છે. તેના ઉપર ૮૦

१. जम्बूद्वीपे एकः सूर्यो मेरोर्दक्षिणभागे चारं चरन् वर्त्तते, एक उत्तरभागे, एकश्चन्द्रमा, मेरोः पूर्वभागे, एकोऽपरभागे ॥

યોજનોમાં પલ્યોપમ ઉપર લાખ વર્ષના આયુષ્યવાળા ચન્દ્રનું વિમાન છે. તેનાથી ઉપર ૨૦ યોજનોમાં ક્રમથી અર્ધો પલ્યોપમ, એક પલ્યોપમના આયુષ્યવાળા નક્ષત્ર અને ગ્રહોના વિમાનો છે."

વિવેચન – અનુક્રમથી એટલે તારાઓની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ તો પલ્યોપમનો ચોથો ભાગ આવા ક્રમથી.

○ તારાઓના વિમાનો એટલે જ્યોતિષ્કવિશેષોના વિમાનના પ્રસ્તારો.

○ તેનાથી ઉંચે એટલે તારાઓના વિમાનથી ઉંચે.

○ 'એક પલ્યોપમ ઉપર હજાર વર્ષનું આયુષ્ય.' આ સૂર્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય જાણવું. જઘન્યથી તો સૂર્ય-ચંદ્ર-નક્ષત્ર-ગ્રહોનું આયુષ્ય પલ્યોપમનો ચોથો ભાગ છે. જો કે સૂર્ય અને ચંદ્રની જઘન્ય સ્થિતિ સંભવતી નથી, તો પણ આ વિમાનોમાં દેવો ત્રણ પ્રકારના છે. જેમ કે-(૧) વિમાનનાયક. (૨) વિમાનનાયક સમાન. (૩) પરિવાર દેવો. ત્યાં નાયક અને નાયક સમાનની અપેક્ષાએ તો ઉત્કૃષ્ટ સ્થિતિ છે, પરિવાર દેવની અપેક્ષાએ તો જઘન્ય સ્થિતિ છે એમ જાણવું. એ પ્રમાણે ગ્રહોના વિમાન આદિમાં પણ જાણવું. એથી જ 'સહસ્રાધિક પલ્યોપમાયુષ્કે' એવું પદ સૂર્યનું વિશેષણ હોવાથી જઘન્ય સ્થિતિ કહેલી નથી. એ પ્રમાણે આગળ પણ સમજવું.

○ સૂર્યવિમાન ઉપર ચન્દ્રવિમાન છે.

○ ચન્દ્રના વિમાનથી ૨૦ યોજનોના મધ્યમાં નક્ષત્ર-ગ્રહોના વિમાનો છે.

○ ઉત્કૃષ્ટથી અર્ધપલ્યોપમના આયુષ્યવાળાઓ નક્ષત્રો છે, એક પલ્યોપમના આયુષ્યવાળા મંગલ આદિ ગ્રહો છે.

○ આ મનુષ્યક્ષેત્રની અંદર વર્તમાન, ચન્દ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ, તારારૂપે વિમાનવાળા મંડલગતિથી પરિભ્રમણ કરનારા, ગતિવાળા અને સ્વભાવથી ગતિના પ્રેમવાળા સાક્ષાત્ ગતિયુક્ત દેવો છે.

મનુષ્યક્ષેત્રથી બહાર રહેનારા, ચન્દ્ર વગેરે વિમાનવાળાઓ, ગતિ વગરના, ગતિના પ્રેમ વગરના, અલૌકિક ગતિવાળા, 'તેમાં રહેનારા તે કહેવાય છે'-એ ન્યાયથી વિમાનસ્થ હોવાથી વિમાન તરીકે કહેવાય છે. ત્યાં માનુષોત્તર પર્વતથી બહાર રહેનારા ચન્દ્ર-સૂર્યોના તેજો (કિરણો) અવસ્થિત હોય છે. તેજથી અત્યંત ઉષ્ણ સૂર્યો હોતા નથી, તેમજ સર્વદા જ અત્યંત શીત તેજવાળા ચંદ્રો હોતા નથી. ચંદ્રો અભિજિત નક્ષત્ર સાથે યુક્ત હોય છે. સૂર્યો પુષ્યનક્ષત્રની સાથે યુક્ત હોય છે.

○ ત્યાં જંબૂદ્વીપમાં ૨ ચન્દ્રો અને ૨ સૂર્યો હોય છે. લવણોદધિમાં ૪ ચંદ્રો અને ૪ સૂર્યો હોય છે. ધાતકીખંડમાં ૧૨ ચંદ્રો અને ૧૨ સૂર્યો હોય છે. કાલોદધિમાં ૪૨ ચંદ્રો અને ૪૨ સૂર્યો હોય છે. પુષ્કરાર્ધમાં ૭૨ ચંદ્રો અને ૭૨ સૂર્યો હોય છે. એમ કુલ સંખ્યા ૧૩૨ જાણવી.

નક્ષત્રોનું પરિમાણ તો ૨૮ સંખ્યાને ૧૩૨થી ગુણાકાર કરી વિચારવું.

एषां ज्योतिष्काणां गतिविशेषप्रतिपत्त्यर्थं वक्ति –

एवममी ज्योतिर्गणा एकविंशत्युत्तरैकादशशतयोजनदूरतो मेरुं परिभ्रमन्ति ।३४।

एवमिति । पुनश्चेत्यर्थः, ज्योतिर्गणा इति, ज्योतिष्मद्विमानसमूहा इत्यर्थः, किं कुर्वन्तीत्यत्राह परिभ्रमन्तीति, प्रादक्षिण्येन परितो भ्रमन्तीत्यर्थः, कं परितो भ्रमन्तीत्यत्राह मेरुमिति मेरुभूधरमित्यर्थः, किं विप्रकृष्टास्सन्निकृष्टा वेत्यत्राहैकविंशत्युत्तरेति, ननु चेतनानां गतिर्लोके कारणवती दृष्टा, न च विमानस्थानां ज्योतिष्काणां गमने कारणमस्त्यत एतदयुक्तमितिचेन्न तेषां कर्मवैचित्र्येण गतिरतित्वात् इति भावः ॥

આ જ્યોતિષ્કોની ગતિવિશેષની પ્રતિપત્તિ માટે કહે છે કે-

મેરુની પરિક્રમા

ભાવાર્થ – "વળી આ જ્યોતિવાળા વિમાનના સમુદાયો ૧૧૨૧ યોજન દૂરથી મેરુની પરિક્રમા કરે છે."

વિવેચન – આ જ્યોતિવાળા વિમાનના સમૂહો મેરુપર્વતની ચારેય બાજુએ પ્રદક્ષિણા પદ્ધતિથી ફરે છે. મેરુથી ૧૧૨૧ જોજન દૂર રહી મેરુની પ્રદક્ષિણા દે છે.

શંકા – ચેતનાવાળાઓની લોકમાં ગતિ કારણપૂર્વકની દેખાયેલી છે. વળી વિમાનસ્થ જ્યોતિષ્કોને ગમનમાં કારણ નથી, માટે આ ગતિનું નિરૂપણ શું અયુક્ત નથી ?

સમાધાન – તે જ્યોતિષ્ક ગણો કર્મની વિચિત્રતાથી ગતિમાં રતિવાળા હોય છે. (જંબૂદ્વીપમાં એક સૂર્ય મેરુના દક્ષિણભાગમાં ગતિ કરતો વર્તે છે, બીજો ઉત્તરભાગમાં ગતિ કરે છે. એક ચન્દ્રમા મેરુના પૂર્વભાગમાં અને બીજો ચન્દ્રમા પશ્ચિમભાગમાં ગતિ કરે છે. આ ચારથી મનુષ્યોના સુખ-દુઃખ વિધાનો થાય છે. હંમેશાં મનુષ્યોના શુભ વેદ્ય અને અશુભ વેદ્યના ભેદથી બે પ્રકારના કર્મો હોય છે. સામાન્યથી કર્મોના વિપાકના હેતુઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-ભવના ભેદથી પાંચ છે. શુભ વેદ્યકર્મો પ્રત્યે શુભ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી વિપાક-હેતુ છે, અશુભ વેદ્યકર્મો પ્રત્યે અશુભ દ્રવ્ય-ક્ષેત્રાદિ સામગ્રી વિપાકહેતુ છે. તેથી જ્યારે જેઓના જન્મનક્ષત્ર આદિ વિરોધી ચન્દ્ર-સૂર્ય આદિની ગતિ હોય છે, ત્યારે તેઓના પ્રાયઃ જે અશુભ વેદ્યકર્મો છે, તે અશુભ કર્મો તથાવિધ સામગ્રી પામીને વિપાક આપે છે. વિપાકોદયને પામેલ અશુભ કર્મો શરીરમાં રોગના ઉત્પાદનદ્વારા, ધનની હાનિ કરવાદ્વારા, અથવા પ્રિયના વિયોગના ઉત્પાદનદ્વારા, અથવા કજીયો થવાદ્વારા દુઃખજનક બને છે. વળી જ્યારે તેઓનો જન્મ નક્ષત્ર આદિને અનુકૂળ ચંદ્ર આદિનો ચાર

---

१. अनेन चारेण मनुष्याणां सुखदुःखविधयो भवन्ति, मनुष्याणां कर्माणि सदा द्विविधानि, शुभवेद्यान्यशुभवेद्यानि चेति, कर्मणां विपाकहेतवस्सामान्येन पञ्च, द्रव्यक्षेत्रकालभवभावभेदात् । शुभवेद्यानां कर्मणां शुभद्रव्यक्षेत्रादिसामग्री विपाकहेतुः, अशुभवेद्यानाञ्चाशुभद्रव्यक्षेत्रादिसामग्री तथा । ततो यदा येषां जन्मनक्षत्रादिविरोधी चन्द्रसूर्यादीनां चारो भवति तदा तेषां प्रायो यान्यशुभवेद्यानि कर्माणि तानि तथाविधविपाकसामग्रीमवाप्य विपाकमायान्ति, विपाकमागतानि शरीररोगोत्पादनेन धनहानिकरणतो वा प्रियविप्रयोगजननेन वा कलहसम्पादनतो वा दुःखमुत्पादयन्ति, यदा चैषां जन्मनक्षत्राद्यनुकूलश्चन्द्रादीनां चारस्तदा प्रायस्तेषां शुभवेद्यानि कर्माणि शुभद्रव्यादिसामग्रीमधिगम्य प्रतिपन्नविपाकानि शरीरनीरोगताधनवृद्धिवैरोपशमनप्रियसम्प्रयोगाभीष्टप्रयोजननिष्पत्त्यादिना सुखमुपजनयन्तीति ॥

હોય છે, ત્યારે પ્રાયઃ તેઓના શુભ વેદ્યકર્મો શુભ દ્રવ્યાદિ સામગ્રી મેળવી, વિપાકોદયમાં આવેલાં, શરીરનું આરોગ્ય-ધનવૃદ્ધિ-વૈરની ઉપશાન્તિ-પ્રિયસંયોગ-ઇષ્ટકાર્યની સિદ્ધિ આદિ દ્વારા સુખજનક બને છે.)

अथोर्ध्वलोकं निरूपयितुमुपक्रमते –

ततश्चोर्ध्वं किञ्चिदूनसप्तरज्जुप्रमाण ऊर्ध्वीकृतमृदङ्गाकृतिरालोकान्तमूर्ध्वलोकः क्षेत्रत उत्कृष्टशुभपरिणामोपेतः ॥ ३५ ॥

ततश्चेति । रुचकोर्ध्वं नवयोजनशतानि परिहृत्य तत ऊर्ध्वलोकस्यारंभात्किञ्चिन्न्यूनसप्तरज्जुप्रमाणतोर्ध्वलोकस्येति भावः । ऊर्ध्वलोकस्याकारमाहोर्ध्वीकृतेति, तिर्यङ्मृदङ्गाकारव्यावर्तनायोर्ध्वीकृतेति विशेषणम् । वादित्रविशेषो मृदङ्गो मध्ये दीर्घस्ततः प्रदेशहान्योपरिष्टादधश्च संक्षिप्तस्तथैवोर्ध्वलोको मध्ये पञ्चरज्जुप्रमाणः ऊर्ध्वाधस्तदूनप्रमाण इति भावः । लोकस्यास्योर्ध्वावधिमाहालोकान्तमिति ऊर्ध्वं यावल्लोकसमाप्तीत्यर्थः । ईषत्प्राग्भारोर्ध्वभागे सिद्धक्षेत्रावधिरिति भावः । क्षेत्रत इति अशुभतरपरिणामिनारकयोगाद्धि अधोलोकोऽशुभपरिणामी, शुभाशुभपरिणामिमनुष्ययोगात्तिर्यग्लोको मध्यपरिणामी, अतोऽपि तस्य मध्यलोक इति संज्ञा, क्षेत्रप्रचुरमध्यलोकापेक्षयोत्कृष्टशुभपरिणामिवैमानिकदेवयोगादवाप्तमोक्षाणां सिद्धानां निवासाच्चायं लोकः क्षेत्रत उत्कृष्टशुभपरिणामी, अथवाऽधोलोकतिर्यग्लोकौ क्षेत्रस्वभावादेवाशुभमिश्रपरिणामिनावूर्ध्वलोकोऽपि स्वस्वाभाव्यादुत्कृष्टशुभपरिणामी, यतो ह्यमुमतिस्तोकाः शुभकर्माणः क्षपितकर्माणो वाऽवाप्नुवन्ति, यथा यथाहि जीवस्य कर्ममलप्रध्वंसस्तथातथा जले तुम्बिकावदूर्ध्वं निर्मलस्थानप्राप्तिः, अत्र हि वर्त्तमानान् जना विशेषतस्सम्मानयन्तीति भावः ॥

ઊર્ધ્વલોકનું સ્વરૂપ

ભાવાર્થ – "તે રુચકથી ઉંચે કાંઈક ન્યૂન સાત રજ્જુપ્રમાણવાળો, ઉંચી કરેલ મૃદંગના જેવી આકૃતિવાળો અને લોકના અંત સુધીનો ઊર્ધ્વલોક ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ શુભ પરિણામસંપન્ન છે."

વિવેચન – રુચકથી ઉંચે નવસો યોજનોને છોડી, ત્યાંથી ઊર્ધ્વલોકનો આરંભ થતો હોવાથી કાંઈક ન્યૂન સાત રજ્જુની પ્રમાણતા ઊર્ધ્વલોકની છે.

○ તીર્ચ્છા મૃદંગના આકારના વ્યચ્છેદ માટે ઉભી કરેલ મૃદંગના જેવી આકૃતિવાળો ઊર્ધ્વલોક છે. મૃદંગ વાદિત્ર વિશેષ છે, જે મધ્યમાં દીર્ઘ છે. ત્યારબાદ પ્રદેશહાનિથી ઉપર અને નીચે સંક્ષિપ્ત છે. તેવી રીતે જ ઊર્ધ્વલોક મધ્યમાં પાંચ રજ્જુપ્રમાણવાળો, ઉર્ધ્વ અને નીચે તેનાથી ન્યૂન પ્રમાણવાળો ઊર્ધ્વલોક છે.

○ ઉંચે લોકની સમાપ્તિ સુધી આ ઊર્ધ્વલોક છે. ઇષત્પ્રાગ્ભારા(સિદ્ધશિલા)ના ઊર્ધ્વભાગમાં ઊર્ધ્વલોકની સિદ્ધક્ષેત્ર સુધીની અવધિ છે.

० અશુભતર પરિણામવાળા નારકના યોગથી ખરેખર, અધોલોક અશુભપરિણામી છે. શુભ-અશુભપરિણામવાળા મનુષ્યના યોગથી તિર્યગ્લોક મધ્યમપરિણામી છે. આથી પણ આનું 'મધ્યલોક' એવું નામ છે. પ્રચુર ક્ષેત્રવાળા મધ્યલોકની અપેક્ષાથી ઉત્કૃષ્ટ શુભપરિણામવાળા વૈમાનિકદેવના યોગથી અને મોક્ષની પ્રાપ્તિવાળા સિદ્ધોના નિવાસથી આ લોક, ક્ષેત્રની અપેક્ષાએ ઉત્કૃષ્ટ શુભપરિણામી ઊર્ધ્વલોક છે. અથવા અધોલોક અને તીર્છાલોક ક્ષેત્રસ્વભાવથી જ અશુભ-મિશ્રપરિણામી છે. ઊર્ધ્વલોક પણ સ્વ સ્વભાવથી જ ઉત્કૃષ્ટ શુભપરિણામી છે, કારણ કે-આ ઊર્ધ્વલોકને શુભ કર્મવાળા ઘણા થોડા જીવો અથવા કર્મ ક્ષયવાળા આત્માઓ પ્રાપ્ત કરે છે. ખરેખર, જેમ જેમ જીવનો કર્મમલનો પ્રધ્વંસ થાય છે, તેમ તેમ જળમાં તુંબિકા(તુંબડી)ની માફક ઉંચે નિર્મળ સ્થાનની પ્રાપ્તિ થાય છે. ખરેખર, અહીં વર્તમાન આત્માઓને જનો(સમુદાય), વિશેષથી સત્કારે છે-સન્માને છે.

अत्र तर्हि के वासयोग्या इत्यत्राह —

तत्र च कल्पोपपन्नाः कल्पातीताश्च वैमानिका देवा वसन्ति ॥ ३६ ॥

तत्र चेति । उर्ध्वलोके चेत्यर्थः, दीव्यन्तीति देवा देवगतिनामकर्मोदयसहकारेण द्युत्याद्यर्थावरुद्धत्वाद्देवाः प्रकृष्टपुण्यहेतुकसर्वप्रकारसुखभोगिनः, ते च जिनजन्मदीक्षाकेवल-निर्वाणमहोत्सवादिकं विना तिर्यग्लोकं कदापि नागच्छन्ति, संक्रान्तदिव्यप्रेमत्वाद् विषय-प्रसक्तत्वात्, असमाप्तकर्तव्यत्वात्, अनधीनमनुजकार्यत्वात्, नरभवस्याशुभत्वेन तद्गन्धा-सहिष्णुत्वाच्च । सन्ति देवा जातिस्मरणप्रत्ययितपुरुषेण कथनात्, नानादेशप्रचारिप्रत्ययित-पुरुषावलोकितकथितविचित्रबृहद्देवकुलादिवस्तुवत् । कस्यापि तपःप्रभृतिगुणयुक्तस्य प्रत्यक्ष-दर्शनप्रवृत्तेश्च दूरविप्रकृष्टनगरादिवत् । विद्यामंत्रोपयाचनेभ्यः कार्यसिद्धेः प्रसादफलानु-मितराजादिवदित्यनुमानाद्देवानां सिद्धिः । ते च बहुक्षुत्पिपासास्पर्शशून्या अनवरतक्रीडा-प्रसक्तमानसाः स्वच्छन्दचारिणो भास्वरशरीराः अस्थिमांसासृक्प्रबन्धरहिताः सर्वाङ्गोपाङ्ग-सुन्दराः विद्यामंत्राज्ञनादीनन्तरेण प्राक्कृततपोविशेषापेक्षया जन्मलाभसमनन्तरमेवाकाशगतिभाज इति विभावनीयम् । तिर्यग्लोकादिनिवासिभ्य एतान् विशिनष्टि वैमानिका इति, यत्र स्थिता विशेषेण परस्परस्य भोगातिशयं मिमते मन्यन्ते वा विज्ञानात्तानि विमानानि, इन्द्रकश्रेणि-पुष्पप्रकीर्णकभेदेन त्रिविधानि, इन्द्रवन्मध्येऽवस्थितानि इन्द्रकाणि तेषां चतुर्दिक्षु आकाश-प्रदेशश्रेणिवदवस्थानाच्छ्रेणिविमानानि, प्रकीर्णपुष्पवदवस्थानात् पुष्पप्रकीर्णानि तेषु भवा वैमानिका इति भावः, तेषां द्वैविध्यमाह कल्पोपपन्ना इति, कल्प आचारः, स चेहेन्द्र-सामानिकत्रायस्त्रिंशादिव्यवहाररूपस्तमुपपन्नाः प्राप्ताः कल्पोपपन्नाः सौधर्मशानादिदेवलोक-निवासिनः, कल्पानतीताः कल्पातीता ग्रैवेयकादिवासिनोऽहमिन्द्रा वैमानिकदेवा इत्यर्थः ॥

આ ઊર્ધ્વલોકમાં કોણ વાસયોગ્ય છે ? આના જવાબમાં કહે છે કે-

ઊર્ધ્વલોકમાં વાસ

ભાવાર્થ – "તે ઊર્ધ્વલોકમાં કલ્પોપપન્ન અને કલ્પાતીતરૂપે વૈમાનિક દેવો વસે છે."

વિવેચન – તે ઊર્ધ્વલોકમાં દેવ એટલે દેવગતિનામકર્મના ઉદયના સહકારથી દ્યુતિ (પ્રકાશ) આદિ અર્થસંપન્ન હોવાથી 'દેવો' કહેવાય છે. અર્થાત્ ઉત્કૃષ્ટ પુણ્યરૂપ હેતુથી જન્ય સર્વ પ્રકારના સુખના ભોગીઓ દેવો હોય છે.

○ તે દેવો તીર્થંકરના જન્મ-દીક્ષા-કેવલ-નિર્વાણમહોત્સવ આદિ સિવાય તીચ્છ્રાલોકમાં કદાપિ આવતાં નથી. સંક્રાન્ત દિવ્ય પ્રેમવાળા હોવાથી, વિષયપરાયણ હોવાથી, કર્ત્તવ્યની સમાપ્તિ હોવાથી, મનુષ્યના કાર્ય પ્રત્યે આધીન નહીં હોવાથી, નરભવનું અશુભપણું હોવાથી અને નરભવની ગંધ સહન નહિ થવાથી, દેવો તીચ્છ્રાલોકમાં આવતાં નથી.

○ દેવો છે, કેમ કે-જાતિસ્મરણજ્ઞાનવાળા પ્રામાણિક પુરુષનું કથન છે. જેમ કે-નાના દેશપ્રચારી, પ્રામાણિક પુરુષથી અવલોકન કરેલ અને કહેલ વિચિત્ર મોટા દેવમંદિર આદિ વસ્તુ. અથવા તપશ્ચર્યા આદિ ગુણસંપન્ન કોઈ એક મહાત્માને પ્રત્યક્ષ દર્શનની પ્રવૃત્તિ હોવાથી દેવો છે. જેમ કે-દૂર-સુદૂર રહેલ નગર આદિ. વિદ્યા-મંત્ર-ઉપયાચન(બાધા-બોલમા વગેરે)થી કાર્યસિદ્ધિ હોવાથી પ્રસાદજન્ય ફળથી અનુમિત રાજા આદિની માફક ઇત્યાદિ અનુમાનથી દેવોની સિદ્ધિ છે.

○ વળી તે દેવો, બહુ ભૂખ-તરસના સ્પર્શથી રહિત, નિત્ય નિરંતર ક્રીડામાં પ્રસક્ત મનવાળા, સ્વચ્છંદ ગતિવાળા, દેદીપ્યમાન શરીરવાળા, હાડકા-માંસ-લોહીની રચનાથી રહિત, સર્વ અંગ-ઉપાંગની સુંદરતાવાળા, વિદ્યા-મંત્ર-અંજન આદિ સિવાય પૂર્વે કરેલ વિશિષ્ટ તપની અપેક્ષાએ જન્મના લાભ પછી તરત જ આકાશગમન કરનારા હોય છે.

○ તીચ્છ્રાલોક આદિ નિવાસીઓ કરતાં આ દેવોની વિશેષતા કહે છે કે-'વૈમાનિકો' ઈતિ. વિમાન એટલે જ્યાં રહેલા વિશેષથી પરસ્પર ભોગના અતિશયની સ્પર્ધા કરે (માપે) અથવા વિજ્ઞાનથી માને, આવી વ્યુત્પત્તિથી વિમાનો કહેવાય છે. તે વિમાનો ઇન્દ્રક-શ્રેણિ-પુષ્પપ્રકીર્ણકના ભેદથી ત્રણ પ્રકારના છે. (૧) ઇન્દ્રની માફક મધ્યમાં રહેલા 'ઇન્દ્રકો' કહેવાય છે. (૨) તે વિમાનોનું ચાર દિશાઓમાં આકાશપ્રદેશની શ્રેણિની માફક રહેવું હોવાથી 'શ્રેણિવિમાનો' કહેવાય છે. (૩) પ્રકીર્ણ-છૂટાછવાયા ફૂલની માફક રહેનાર હોવાથી 'પુષ્પપ્રકીર્ણ' કહેવામાં આવે છે. તે વિમાનમાં થનારા, રહેનારા 'વૈમાનિકો' કહેવાય છે. તે વૈમાનિકોના બે પ્રકારો છે. (૧) કલ્પોપપન્ન, (૨) કલ્પાતીત-એમ બે ભેદો છે.

○ કલ્પોપપન્ન-કલ્પ એટલે આચાર. તે આચાર, અહીં ઇન્દ્ર-સામાનિક-ત્રાયસ્ત્રિંશત્ આદિ વ્યવહારરૂપ કહેવાય છે. તે પ્રાપ્ત કરનારા 'કલ્પોપપન્ન' કહેવાય છે. સૌધર્મ-ઈશાન આદિ દેવલોકનિવાસી 'કલ્પોપપન્ન' કહેવાય છે.

○ કલ્પ-પૂર્વકથિત આચારથી પર થયેલા 'કલ્પાતીત' ગ્રૈવેયક આદિવાસીઓ, અહમિન્દ્રો વૈમાનિક દેવો 'કલ્પાતીત' કહેવાય છે.

तेषामवस्थानविशेषविज्ञापनायाह —

सौधर्मेशानसनत्कुमारमाहेन्द्रब्रह्मलोकलान्तकमहाशुक्रसहस्त्रारा ऽऽनतप्राणता-ऽऽरणाच्युतभेदेन द्वादशविधानि कल्पोपपन्नदेवानां स्थानान्युपर्युपरि भवन्ति ॥ ३७ ॥

सौधर्मेति । सौधर्मदेवलोकस्य मध्यभागवर्त्ति शक्रनिवासभूतं सौधर्मावतंसकं नाम विमानं तदुपलक्षितत्वात्सौधर्मः, कल्पः-सन्निवेशः-विमानप्रस्तारः, सकलविमानप्रधानेशानावतंसकोपलक्षितस्थानविशेष ईशानः, सनत्कुमारनामप्रधानविमानविशेषस्सनत्कुमारः, एवमेव माहेन्द्रादयोऽपि तत्तद्देवाधिष्ठितस्थानविशेषा भाव्याः । एते च द्वादशविधाः कल्पोपपन्नदेवानां निवासयोग्यः । उपर्युपरीति, सामीप्ये द्वित्वं न चात्र न सामीप्यमस्ति, असंख्येययोजनोत्तरत्वात्तेषामिति वाच्यम्, तुल्यजातीयेनाव्यवधानस्यैव सामीप्येन विवक्षितत्वात् न च तेषां तुल्यजातीयं व्यवधायकमिष्टमिति भावः, स्थानान्युपर्युपरि भवन्तीत्यनेन देवानां विमानानाञ्चोपर्युपरिभवनं प्रतिषिद्धं तस्यानिष्टत्वात् श्रेणिप्रकीर्णकानां[1] विमानानामपि तिर्यगवस्थानाच्च, अपि तु कल्पा एवोपर्युपरि भवन्ति, ते च कल्पास्सौधर्मादयो नैकस्मिन् प्रदेशे नापि तिर्यङ् न वाऽधस्तात् वर्तन्ते किन्तु यथानिर्देशमुपर्य्यपरीति भावः । एवञ्च तिर्यग्लोकादूर्ध्वमसंख्येययोजनोपरि मेरूपलक्षितदक्षिणभागार्धव्यवस्थितस्सौधर्मः कल्पः, मेरूपलक्षितोत्तरदिग्भागव्यवस्थित उपरितनकोट्या ईषत्समुच्छ्रिततरः ऐशानः कल्पः, सौधर्मस्योपरि बहुयोजनोर्ध्वं समश्रेणिव्यवस्थितः सनत्कुमारः, ऐशानस्योपरि ईषत्समुच्छ्रितोपरितनकोटिर्माहेन्द्रः, सनत्कुमारमाहेन्द्रयोरुपरि बहुयोजनात्परतो मध्ये ब्रह्म-लोकनामा कल्पः, तत उपरि बहुयोजनानन्तरं उपर्युपरि लान्तकमहाशुक्रसहस्रारकल्पास्त्रयः, ततो बहुयोजनादूर्ध्वं सौधर्मैशानकल्पवत् आनतप्राणतौ कल्पौ तदुपरि समश्रेणी सनत्कुमारमाहेन्द्रवत् आरणाच्युतौ व्यवस्थिताविति द्वादशकल्पा विज्ञेयाः ॥

---

१. आवलिकाप्रविष्टानि चतुसृषु दिक्षु श्रेण्या व्यवस्थितानि, आवलिकाबाह्यानि तु प्राङ्गणप्रदेशे कुसुमप्रकर इव इतस्ततो विप्रकीर्णानि, तानि च मध्यवर्त्तिविमानेन्द्रस्य दक्षिणतोऽपरतः उत्तरतश्च विद्यन्ते नतु पूर्वस्यां दिशि, नानासंस्थानसंस्थितानि च, आवलिकाप्रविष्टानि च प्रतिप्रस्तटं विमानेन्द्रकस्य पूर्वदक्षिणापरोत्तररूपासु चतसृषु दिक्षु श्रेण्या व्यवस्थितानि, विमानेन्द्रकश्च सर्वोऽपि वृत्तः, ततः पार्श्ववर्तीनि चतसृष्वपि दिक्षु त्र्यस्राणि तेषां पृष्ठतः चतसृष्वपि दिक्षु चतुरस्राणि तेषां पृष्ठतो वृत्तानि, ततोऽपि त्र्यस्राणि पुनश्चतुरस्राणीत्येवं आवलिकापर्यन्तं भाव्यम् । एवं ग्रैवेयकविमानं यावद्बोध्यम् ॥

તેઓના અવસ્થાનવિશેષોને જણાવવા માટે કહે છે કે-

કલ્પોપપન્ન દેવોના સ્થાનો

ભાવાર્થ – "સૌધર્મ-ઈશાન-સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક-લાન્તક-મહાશુક્ર-સહસ્રાર-આનત-પ્રાણત-આરણ-અચ્યુતના ભેદથી બાર પ્રકારના કલ્પોપપન્ન દેવોના સ્થાનો ઉપર ઉપર હોય છે."

વિવેચન – સૌધર્મ દેવલોકના મધ્યભાગવર્તી શક્રના નિવાસભૂત સૌધર્માવતંસક નામક વિમાન છે. તેનાથી ઉપલક્ષિત હોવાથી 'સૌધર્મ' કલ્પ એટલે સંનિવેશ–વિમાન પ્રસ્તાર તરીકે કહેવાય છે. સકળ વિમાનોમાં પ્રધાન ઈશાન અવતંસકથી ઉપલક્ષિત સ્થાનવિશેષ 'ઈશાન' કહેવાય છે. સનત્કુમાર નામક પ્રધાન વિમાનવિશેષ 'સનત્કુમાર' કહેવાય છે. આ પ્રમાણે જ માહેન્દ્ર આદિ પણ તે તે દેવથી અધિષ્ઠિત સ્થાનવિશેષો વિચારવા. આ બાર પ્રકારના સ્થાનવિશેષો કલ્પોપપન્ન દેવોને નિવાસયોગ્ય છે.

○ ઉપરિઉપરિ-અહીં સમીપપણામાં દ્વિત્વ છે.

શંકા – અહીં સમીપપણું નથી, કેમ કે-તેઓ અસંખ્યાત યોજનથી ઉત્તર-પર છે. તો સમીપપણું કેવી રીતે ?

સમાધાન – સમાન જાતિવાળા હોઈ અવ્યવધાનનું સમીપપણારૂપે વિવક્ષિત છે. વળી તેઓનું સમાન જાતીયપણું (પ્રકાર) વ્યવધાનકારક ઈષ્ટ નથી. સ્થાનો ઉપર ઉપર છે. આ વાક્યથી દેવોનું અને વિમાનોનું ઉપરરૂપે થવું પ્રતિષિદ્ધ છે, કેમ કે-તે ઈષ્ટ નથી.

○ શ્રેણિ અને પ્રકીર્ણક (આવલિકાપ્રવિષ્ટ એટલે ચારેય દિશાઓમાં શ્રેણિબંધ વ્યવસ્થિત વિમાનો, આવલિકાથી બાહ્ય તો પ્રાંગણપ્રદેશમાં કુસુમના સમુદાયની માફક આમ-તેમ વિખરાયેલા વિમાનો છે : અને તે પ્રકીર્ણકો, મધ્યવર્તી વિમાનેન્દ્રની દક્ષિણે, પશ્ચિમે તથા ઉત્તરે છે પરંતુ પૂર્વદિશામાં નથી અને નાના સંસ્થાને રહેલા છે. વળી આવલિકાપ્રવિષ્ટ તો દરેક પ્રસ્તટમાં વિમાનેન્દ્રકના પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ-ઉત્તરરૂપ ચારેય દિશાઓમાં વ્યવસ્થિત છે અને વિમાનેન્દ્રક સઘળાય વૃત્ત (ગોળ) છે. તેનાથી પાર્શ્વવર્તી ચારેય દિશાઓમાં ત્રણ ખૂણિયા છે. તેઓના પૃષ્ઠે ચારેય દિશાઓમાં ચાર ખૂણિયા છે. તેઓના પૃષ્ઠે વૃત્ત (ગોળ) છે. તેના પછીથી પણ ત્રણ ખૂણિયા, ફરીથી ચાર ખૂણિયા, આ પ્રમાણે આવલિકા પર્યન્ત જાણવું. આમ ગ્રૈવેયકવિમાન સુધી જાણવું.) વિમાનોનું પણ તીચ્છું રહેવું છે, પરંતુ માત્ર કલ્પો જ ઉપર ઉપર હોય છે. વળી તે સૌધર્મ વગેરે કલ્પો એક પ્રદેશમાં નથી, તીચ્છા પણ નથી, અથવા નીચે વર્તતા નથી, પરંતુ નિર્દેશ પ્રમાણે ઉપર ઉપર છે, એમ જાણવું.

○ આ પ્રમાણે જ તિર્યગ્લોકથી ઉંચે અસંખ્યાત યોજન ઉપર મેરુથી ઉપલક્ષિત દક્ષિણના અર્ધાભાગમાં વ્યવસ્થિત સૌધર્મકલ્પ આવે છે. મેરુથી ઉપલક્ષિત ઉત્તરદિશાના ભાગમાં વ્યવસ્થિત ઉપરના અગ્રભાગે થોડા ઉચ્છ્રિતતર ઐશાનકલ્પ છે. સૌધર્મ ઉપર બહુ યોજનના ઉંચે સમશ્રેણિમાં વ્યવસ્થિત 'સનત્કુમાર' છે ઐશાન ઉપર ઇષત્ સમુચ્છ્રિત (ઉંચો) ઉપરની કોટિવાળો 'માહેન્દ્ર' છે. સનત્કુમાર અને માહેન્દ્ર ઉપર ઘણા યોજનની પછીથી મધ્યમાં 'બ્રહ્મલોક' નામક કલ્પ આવે છે. તેનાથી ઉપર બહુ યોજનના અનન્તર ઉપર ઉપર 'લાન્તક-મહાશુક્ર-સહસ્રાર'રૂપ ત્રણ કલ્પો છે. ત્યાંથી ઘણા યોજનથી ઉંચે સૌધર્મ-ઐશાનકલ્પની માફક

'आनत-प्राणत' नामक बे कल्पो आवे छे. ते बंने ઉપર સમશ્રેણિમાં सनत्कुमार-माहेन्द्रकल्पनी माइक 'आरण-अच्युत' नामक बे कल्पो व्यवस्थित छे. आम बार कल्पो જાણવા.

अथ क्रमेण द्वादशकल्पेष्ववस्थितानां देवानां स्थितिमाह –

तत्र सौधर्मदेवस्योत्कृष्टतो द्विसागरोपममायुः, ईशानस्य किञ्चिदधिकं द्विसागरोपमं सनत्कुमारस्य सप्तसागरोपमं माहेन्द्रस्य किञ्चिदधिकं तत्, अग्रिमाणाञ्च दशचतुर्दश-सप्तदशाष्टदशैकोनविंशतिर्विंशत्येकविंशतिद्वाविंशतिसागरोपमाणि । जघन्यतस्सौ-धर्मस्य पल्योपमं, ईशानस्य किञ्चिदधिकं पल्योपमं, अग्रे तु यदधोऽधो देवानामुत्कृष्ट-मायुरुपरितनदेवानां तज्जघन्यम् ॥ ३८ ॥

तत्रेति । तत्-सप्तसागरोपमं, अग्रिमाणाञ्चेति, ब्रह्मलोकस्थस्य दशसागरोपमाणि, लान्तकस्थस्य चतुर्दशसागरोपमाणि, महाशुक्रस्थस्य सप्तदशसागरोपमाणि, सहस्रारस्थस्याष्टा-दशसागरोपमाणि, आनतस्थस्यैकोनविंशतिसागरोपमाणि, प्राणतस्थस्य विंशतिसागरोपमाणि, आरणस्थस्यैकविंशतिसागरोपमाणि, अच्युतस्थस्य द्वाविंशतिसागरोपमाणीति भावः । अथ जघन्यामेषां स्थितिमाह-जघन्यत इति, अग्रे त्विति, सनत्कुमारादीनामिति भावः शिष्टं स्फुटार्थम् ॥

હવે ક્રમથી બાર કલ્પોમાં અવસ્થિત દેવોની સ્થિતિ જણાવે છે.

અવસ્થિત દેવોની સ્થિતિ

ભાવાર્થ – "ત્યાં સૌધર્મદેવની ઉત્કૃષ્ટથી બે સાગરોપમના આયુષ્યની સ્થિતિ છે. ઈશાનનું કાંઈક અધિક બે સાગરોપમવાળું આયુષ્ય છે. સનત્કુમારનું સાત સાગરોપમનું આયુષ્ય છે. માહેન્દ્રનું કાંઈક અધિક સાત સાગરોપમનું આયુષ્ય છે. આગળના દેવોનું ૧૦-૧૪-૧૭-૧૮-૧૯-૨૦-૨૧-૨૨ સાગરોપમના આયુષ્યો છે. જઘન્યથી સૌધર્મદેવનું એક પલ્યોપમનું અને ઈશાનનું કાંઈક અધિક પલ્યોપમનું આયુષ્ય છે. આગળ તો જે નીચે નીચેના દેવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય, તે ઉપર ઉપરના દેવોનું જઘન્ય આયુષ્ય જાણવું."

વિવેચન – આગળના દેવોનું એટલે બ્રહ્મલોકસ્થ દેવનું દશ સાગરોપમનું, લાન્તકસ્થ દેવનું ચૌદ સાગરોપમનું, મહાશુક્રસ્થ દેવનું ૧૭ સાગરોપમનું, સહસ્રારસ્થ દેવનું ૧૮ સાગરોપમનું, આનતસ્થ દેવનું ૧૯ સાગરોપમનું, પ્રાણતસ્થ દેવનું ૨૦ સાગરોપમનું, આરણસ્થ દેવનું ૨૧ સાગરોપમનું અને અચ્યુતસ્થ દેવનું ૨૨ સાગરોપમનું આયુષ્ય છે. બાકીનું બધું સ્પષ્ટ છે.

अथाहमिन्द्राणां निवासस्थानमाह –

ततश्चोपर्युपरि त्रयोविंशतिसागरोपमादेकैकाधिकसागरोपमाधिकोत्कृष्टायुष्काणां तदधो देवोत्कृष्टजघन्यायुष्काणां देवानां सुदर्शनसुप्रतिबद्धमनोरमसर्वभद्रविशाल-

सुमनससौमनसप्रीतिकरादित्यभेदतो लोकपुरुषस्य ग्रीवाप्रदेशस्थाः कण्ठाभरणभूता नव ग्रैवेयकाभिख्याः स्थानविशेषास्सन्ति ॥ ३९ ॥

ततश्चेति । कल्पोर्ध्वमित्यर्थः, त्रयोविंशतिसागरोपमादिति, आरभ्येति शेषस्तथा च सुदर्शनस्य परा स्थितिस्त्रयोविंशतिसागरोपमं, सुप्रतिबद्धस्यैकाधिकं चतुर्विंशतिसागरोपमं मनोरमस्य पञ्चविंशतिसागरोपमं सर्वभद्रस्य षड्विंशतिसागरोपमं विशालस्य सप्तविंशतिसागरोपमं सुमनसस्याष्टाविंशतिसागरोपमं सौमनसस्यैकोनत्रिंशत्सागरोपमं प्रीतिकरस्य त्रिंशत्सागरोपमं, आदित्यस्य एकत्रिंशत्सागरोपमं भवतीति भावः, तदधोदेवेति, यस्य देवस्याधो यो देवो वर्त्तते तस्य यदुत्कृष्टमायुस्तदेवोर्ध्वस्थस्य जघन्यं यथा सुदर्शनस्याधोऽच्युतदेवस्तस्योत्कृष्टमायुर्द्वाविंशतिसागरोपमं तदेव सुदर्शनस्य जघन्यमित्येवं भाव्यम्, लोकपुरुषस्येति, ग्रीवेव ग्रीवा लोकपुरुषस्य त्रयोदशरज्जुपरिवर्त्तिप्रदेशस्तन्निविष्टतयाऽतिभ्राजिष्णुतया च तदाभरणभूता ग्रैवेयका नवात्मका इति नव ग्रैवेयका उच्यन्ते इति भावः ॥

હવે અહમિન્દ્ર દેવોના સ્થિતિની સાથે નિવાસસ્થાનોને કહે છે.

સ્થાનવિશેષો

ભાવાર્થ – "તે કલ્પથી ઉપર ઉપર તેવીશ સાગરોપમથી (આગળ) એક એક અધિક સાગરોપમ અધિક ઉત્કૃષ્ટ આયુષ્યવાળા, તેના નીચેના દેવનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તે જ જઘન્ય આયુષ્યવાળા દેવોના, સુદર્શન-સુપ્રતિબદ્ધ-મનોરમ-સર્વભદ્ર-વિશાલ-સુમનસ-સૌમનસ-પ્રીતિકર-આદિત્યના ભેદથી લોકપુરુષના ગ્રીવાપ્રદેશમાં રહેલા કંઠના આભરણભૂત નવ સંખ્યાવાળા ગ્રૈવેયક નામવાળા સ્થાનવિશેષો છે."

વિવેચન – કલ્પથી ઉંચે સુદર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ તેવીશ સાગરોપમની છે. તેનાથી એક અધિક એટલે ૨૪ સાગરોપમની સુપ્રતિબદ્ધની સ્થિતિ છે. મનોરમની ૨૫ સાગરોપમની, સર્વભદ્રની ૨૬ સાગરોપમની, વિશાલની ૨૭ સાગરોપમની, સુમનસની ૨૮ સાગરોપમની, સૌમનસની ૨૯ સાગરોપમની, પ્રીતિકરની ૩૦ સાગરોપમની અને આદિત્યની ૩૧ સાગરોપમની સ્થિતિ હોય છે.

○ જે દેવની નીચે જે દેવ છે, તેનું જે ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તે જ ઊર્ધ્વસ્થ દેવનું જઘન્ય આયુષ્ય છે. જેમ કે-સુદર્શનની નીચે અચ્યુતદેવ છે, જેમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ સાગરોપમનું છે. તે જ સુદર્શનનું જઘન્ય આયુષ્ય છે. આમ આ પ્રમાણે વિચારવું.

○ લોકપુરુષની ગ્રીવાની માફક ગ્રીવા ૧૩ રજ્જુના ઉપર વર્તનારો પ્રદેશ છે. તે ગ્રીવાના સ્થાનમાં નિવિષ્ટપણું હોવાથી, અત્યંત સુશોભિતપણું હોઈ તેના આભરણભૂત નવ સંખ્યાત્મક ગ્રૈવેયકો કહેવાય છે.

सम्प्रति विजयादीनाह –

ततश्चोपरि पूर्वादिक्रमेण विजयवैजयन्तजयन्तापराजितानि विमानानि सन्ति । मध्ये च सर्वार्थसिद्धविमानम् । आद्यचतुर्विमानस्थानामुत्कृष्टतो द्वात्रिंशत्सागरोपमं जघन्यत एकत्रिंशत्सागरोपममायुः । सर्वार्थसिद्धस्थानान्तु जघन्याभावेनोत्कर्षेण त्रयस्त्रिंशत्सागरोपममायुः । आद्यस्थानद्वयं घनोदधिप्रतिष्ठं तदुपरि स्थानत्रयं वायुप्रतिष्ठं तदुपरि स्थानत्रयञ्च घनोदधिघनवातप्रतिष्ठं शेषाणि च गुरुलघुगुणवत्त्वादाकाशप्रतिष्ठानि ॥ ४० ॥

ततश्चोपरीति । नवग्रैवेयकोपरीत्यर्थः । पूर्वादिक्रमेणेति, पूर्वस्यां विजयः दक्षिणस्यां वैजयन्तः उत्तरस्यां जयन्त इत्येवंक्रमेणेत्यर्थः । देवानामप्येवमेवाभिधानानि, यैरभ्युदयविघ्नहेतवो जितास्तैश्च ये न पराजितास्ते देवास्तानि विमानान्यपि तदभिख्यानानीति भावः । मध्ये चेति, विजयादीनां मध्य इत्यर्थः, सर्वेऽभ्युदयार्थास्सिद्धा येषामिति सर्वार्थसिद्धास्तेषां विमानमित्यर्थः, एभ्य ऊर्ध्वं विमानानामभावादेतानि अनुत्तरविमानान्युच्यन्ते[१] । एतेषां जघन्योत्कृष्टस्थिती आह आद्येति, विजयवैजयन्तापराजितदेवानामित्यर्थः, सर्वार्थसिद्धानान्त्विति तु शब्देन द्योतितं विशेषमाह जघन्याभावेनेति । सर्वार्थसिद्धं संख्येयविस्तृतं शेषाणि चत्वार्यसंख्येयविस्तृतानि, विमानप्रस्तटाश्च सौधर्मेशानयोस्त्रयोदश सनत्कुमारमाहेन्द्रयोर्द्वादश ब्रह्मलोके षट् लान्तके पञ्च शुक्रे चत्वारः, एवं सहस्रारे, आनतप्राणतयोश्चत्वारः, एवमारणाच्युतयोः, ग्रैवेयकेष्वधस्तनमध्यमोपरिमेषु प्रत्येकं त्रयः, अनुत्तरेष्वेक इति द्विषष्टिस्ते भवन्ति । सौधर्मेशानयोर्विमानानि पञ्चवर्णानि, सनत्कुमारमाहेन्द्रयोश्चतुर्वर्णानि कृष्णवर्णाभावात् । ब्रह्मलोकान्तकयोः त्रिवर्णानि कृष्णनीलवर्णाभावात्, महाशुक्रसहस्रारयोर्द्विवर्णानि कृष्णनीलहारिद्रवर्णाभावात्, आनतप्राणतारणाच्युतकल्पेषु एकवर्णानि शुक्लवर्णस्यैकस्यैव भावात्, ग्रैवेयकविमानान्यनुत्तरविमानानि च परम-शुक्लानि निखिलानि च विमानानि नित्योद्योतानि नित्यालोकानि स्वयंप्रभाणि चेति । ननु आगमे पृथिवीनामष्टसंख्याकत्वस्यैवोक्तत्वेनाधोलोके सप्तानां मुक्तिस्थाने ईषत्प्राग्भारनाम्न्याः पृथिव्यास्सत्त्वेन सौधर्मादिदेवविमानानामन्तराले पृथिव्यभावेनैतानि किं प्रतिष्ठानीत्यत्राहाद्यस्थानद्वयमिति, सौधर्मैशानविमानव्रजद्वयमित्यर्थः, जगत्स्वभावादेवासौ घनोदधिर्न स्पन्दते विमानान्यपि तत्रस्थानि न कदाचन जीर्यन्ति । तदुपरि स्थानत्रयमिति सनत्कुमारमाहेन्द्रब्रह्मलोकत्रयमित्यर्थः । वायुप्रतिष्ठमिति, अतिनिचिते निश्चले

१. एतान्यावलिकाप्रविष्टान्येव, मध्यवर्तिसर्वार्थसिद्धविमानं वृत्तं, शेषाणि विजयादीनि चत्वार्यपि त्र्यस्राणि ॥

घनवाताख्ये वातसञ्ज्ञये लब्धप्रतिष्ठमित्यर्थः । तदुपरि स्थानत्रयञ्चेति, लान्तकमहाशुक्रसहस्रार-स्थानत्रयमित्यर्थः । शेषाणीति, आनतप्राणतारणाच्युतविमानानि नव ग्रैवेयकाणि अनुत्तर-विमानानि चेत्यर्थः आकाशप्रतिष्ठानीति, तत्र हेतुमाह गुरुलघुगुणत्वादिति, ऊर्ध्वाधोगति-स्वभावविरहेणाकाशप्रतिष्ठानीत्यर्थः ॥

विजय आदिनुं निरूपण

भावार्थ – "ग्रैवेयकना उपर पूर्व आदि क्रमथी विजय-वैजयंत-जयन्त-अपराजित विमानो छे अने मध्यमां सर्वार्थसिद्ध विमान छे. प्रथमना चार विमानमां रहेलाओनुं उत्कृष्टथी ३२ सागरोपमनुं अने जघन्यथी ३१ सागरोपमनुं आयुष्य छे. सर्वार्थसिद्धमां रहेलाओनुं तो जघन्य नहि होवाथी उत्कृष्टथी ३३ सागरोपमनुं आयुष्य छे. पहेलाना बे स्थान घनोदधिना आधारे प्रतिष्ठित छे. तेना उपर त्रण स्थानो वायुना आधारे प्रतिष्ठित छे, तेना उपर त्रण स्थानो घनोदधि-घनवातना आधारे प्रतिष्ठित छे अने बाकीना विमानो गुरुलघुगुणवाळा होई आकाशना आधारे प्रतिष्ठित छे."

विवेचन – नव ग्रैवेयकोना उपर पूर्वादि क्रमथी एटले पूर्वदिशामां विजय, दक्षिणमां वैजयन्त, पश्चिममां जयंत अने उत्तरमां अपराजित विमानो छे. देवोना पण ए प्रमाणेज नामो छे.

० जेओथी अभ्युदयना विघ्नना हेतुओ जीताया छे अने जेओ हारेला नथी, ते देवो अने ते विमानो पण ते नामवाळा छे.

० मध्यमां एटले विजय आदिना मध्यमां.

० सघळा अभ्युदयना अर्थो जेओना सिद्ध थया छे, माटे सर्वार्थसिद्धो कहेवाय छे. तेओनुं विमान 'सर्वार्थसिद्ध विमान' कहेवाय छे. आ विमानोथी ऊंचे विमानोना अभावथी 'अनुत्तरविमानो' कहेवाय छे. (आ विमानो आवलिकामां प्रविष्ट ज छे. मध्यवर्ती सर्वार्थसिद्ध विमान वृत्त (गोळ) छे, बाकीना विजय वगेरे चार पण त्रण खूणिया छे.)

० सर्वार्थसिद्धोने तो जघन्यनो अभाव होवाथी उत्कृष्ट ज आयुष्य छे.

० सर्वार्थसिद्ध विमान संख्यात विस्तृत छे, बाकीना चार विमानो असंख्यात विस्तृत छे.

० विमानना प्रस्तटो (प्रतरो) सौधर्म अने ईशानना १३, सनत्कुमार अने माहेन्द्रना १२, ब्रह्मलोकमां ६, लान्तकमां ५, शुक्रमां ४ अने सहस्रारमां-आनत-प्राणतमां ४ छे. आ प्रमाणे आरण-अच्युतमां जाणवुं. ग्रैवेयकोमां नीचेना, मध्यना अने उपरना दरेक विमानोमां ३ तथा अनुत्तरोमां १-एम ६२ प्रस्तटो छे.

० सौधर्म अने ईशानना विमानो पांच वर्णना छे. सनत्कुमार अने माहेन्द्रना विमानो चार वर्णवाळा छे, केम के-कृष्णवर्णनो अभाव छे. ब्रह्मलोक अने लान्तकना विमानो त्रण वर्णवाळा छे, केम के-कृष्ण अने नीलवर्णनो अभाव छे, महाशुक्र अने सहस्रारमां विमानो बे वर्णवाळा छे, केम के-कृष्ण-नील-हारिद्र (पीळो) वर्णनो अभाव छे. आनत-प्राणत-आरण-अच्युतकल्पोमां विमानो एक वर्णवाळा छे, केम के-एक

શુક્લવર્ણનો જ સદ્ભાવ છે. ગ્રૈવેયકવિમાનો અને અનુત્તરવિમાનો પરમ શુક્લ છે તથા સકલ વિમાનો નિત્ય પ્રકાશવાળા અને સ્વયં પ્રભાવાળા છે.

શંકા – આગમમાં પૃથ્વીઓ આઠ છે-એમ કહેલું છે. અધોલોકમાં સાત અને મુક્તિસ્થાનમાં ઈષત્પ્રાગ્ભારા નામની આઠમી પૃથિવી છે. સૌધર્મ આદિ દેવવિમાનોના અંતરાલ(મધ્ય)માં પૃથિવી નહિ હોવાથી આ દેવવિમાનો કોના આધારે રહેલા છે ? આના સમાધાનમાં કહે છે કે-'પહેલાના બે સ્થાન' એટલે સૌધર્મ અને ઐશાનના બે સમુદાયો ઘનોદધિના આધારે છે.

○ જગતના સ્વભાવથી જ આ ઘનોદધિ કંપિત-ચલિત થતો નથી. ત્યાં રહેલા વિમાનો પણ કદાચિત્ જીર્ણ-જૂના થતા નથી.

○ 'તેના ઉપર ત્રણ સ્થાનો છે. એટલે સનત્કુમાર-માહેન્દ્ર-બ્રહ્મલોક એમ ત્રણ સ્થાનો, અતિ ગાઢ-નિશ્ચલ ઘનવાત નામના વાતસમુદાયના આધારે પ્રતિષ્ઠિત છે.

○ 'તેના ઉપર ત્રણ સ્થાનો છે,' એટલે લાન્તક-મહાશુક્ર-સહસ્રારરૂપ ત્રણ સ્થાનો ઘનોદધિ-ઘનવાતના આધારે છે.

○ 'શેષ' એટલે આનત-પ્રાણત-આરણ-અચ્યુતવિમાનો, ગ્રૈવેયકો અને અનુત્તરવિમાનો આકાશના આધારે પ્રતિષ્ઠિત છે. ત્યાં હેતુને કહે છે કે- 'ગુરૂલઘુગુણવાળા હોવાથી એટલે કે-ઉંચે કે નીચે ગતિના સ્વભાવનો અભાવ હોવાથી આકાશના આધારે પ્રતિષ્ઠિત છે.

ग्रैवेयकेषु अनुत्तरविमानेषु ये देवा वसन्ति ते कल्पातीता उच्यन्त इत्याह –

ग्रैवेयकेषु अनुत्तरे च कल्पातीता देवा निवसन्ति ॥ ४१ ॥

ग्रैवेयकेष्विति । कुलकुक्षिग्रीवाभ्यः श्लाघ्यलङ्कारेष्विति ढकञ्प्रत्ययः । सामानिकादि-कल्पनाविरहादेते कल्पातीतास्तेषामहमिन्द्रत्वादिति भावः ॥

ગ્રૈવેયકોમાં અને અનુત્તરવિમાનોમાં જે દેવો વસે છે, તેઓ કલ્પાતીત કહેવાય છે. એ વિષયનું નિરૂપણ કરે છે કે-

ગ્રૈવેયકો અને અનુત્તરોનું નિરૂપણ

ભાવાર્થ – 'કુલકુક્ષિગ્રીવા' શબ્દથી શ્લાઘ-અસિ-અલંકાર અર્થમાં ઢકઞ્ પ્રત્યય લાગવાથી જેમ કૌલેયક-કૌક્ષેયક બને છે, તેમ અલંકાર અર્થમાં ગ્રૈવેયક શબ્દની સિદ્ધિ થાય છે. સામાનિક આદિ કલ્પ-વ્યવસ્થાનો અભાવ હોવાથી કલ્પાતીત કહેવાય છે, કેમ કે-તેઓ અહમિન્દ્રો છે.

अथ सिद्धक्षेत्रमाह –

तत ऊर्ध्वं द्वादशयोजनात्पञ्चचत्वारिंशल्लक्षयोजनपरिमाणा मध्ये चाष्टयोजन-बाहल्याऽन्ते मक्षिकापक्षवत्कृशतरोत्तानातपत्राकारेषत्प्राग्भाराभिधानाऽष्टमी स्वच्छ-स्फटिकरूपा सिद्धशिलापराभिधाना पृथिवी ॥ ४२ ॥

तत ऊर्ध्वमिति । अनुत्तरादूर्ध्वमित्यर्थः, काऽस्तीत्यत्राह-ईषत्प्राग्भाराभिधानाऽष्टमी पृथिवीति, ईषदल्पो रत्नप्रभाद्यपेक्षया प्राग्भार उच्छ्रायादिलक्षणो यस्याः सा ईषत्प्राग्भारा, ऊर्ध्वलोकाग्रस्था सिद्धानां निवासभूताऽष्टमी पृथिवीत्यर्थः । द्वादशयोजनादिति, सर्वार्थ-सिद्धविमानस्य द्वादशभिर्योजनैरूर्ध्वं वर्त्तमानेत्यर्थः । अस्या विस्तारमाह पञ्चचत्वारिंशदिति, आयामविष्कम्भाभ्यामिति बोध्यम् । मनुष्यक्षेत्रपरिमाणमिदं बोध्यम्, मध्य इति बहुमध्यदेशभाग इत्यर्थः, उच्चैस्त्वमाहाष्टयोजनाबाहल्येति, तर्हि सर्वासु दिक्षु विदिक्षु च कथमित्यत्राहान्त इति परितः प्रान्तभाग इत्यर्थः, मध्यतः प्रदेशहान्या परिहीयमाणा सर्वेषु चरमान्तेषु मक्षिकापत्रतो-ऽप्यतितन्वी बाहल्येनाङ्गुलासंख्येयभागमितेति भावः । पृथिव्या अस्या आकारमाहोत्तानात-पत्राकारेति, उत्तानीकृतच्छत्रसंस्थानवत्संस्थितेत्यर्थः घृतपूर्णतथाविधकरोटिकाकारा वा बोध्या । अस्याः स्वरूपमाह स्वच्छस्फटिकरूपति, निर्मलस्फटिकमृणालचन्द्रकरजस्तुषार-हिमगोक्षीरहारवर्णा श्वेतसुवर्णमयीति भावः । अस्या नामधेयान्तरमाह सिद्धशिलापराभिधानेति, सिद्धिक्षेत्रस्य प्रत्यासन्नतयोपचारात्सिद्धानां शिलाऽऽधारभूता सिद्धशिला, तथा लोकाग्रस्तूपिका सर्वेषां प्राणभूतजीवसत्त्वानामुपद्रवकारित्वाभावात्सर्वप्राणभूतजीवसत्त्वसुखावहा मुक्तानामा-श्रयत्वान्मुक्तालयत्वादिनामानि भाव्यानि ॥

સિદ્ધક્ષેત્રનું વર્ણન

ભાવાર્થ – "તેનાથી બાર યોજન ઉંચે ૪૫ લાખ જોજન પરિમાણવાળી અને મધ્યમાં ૮ જોજન જાડાઈવાળી, અંતમાં મક્ષિકા(માખ)ની પાંખની માફક કૃશતર (અત્યંત પાતળી) છત્તા-ચતા-છત્રના આકારવાળી, ઇષત્પ્રાગ્ભારા નામવાળી અને સ્વચ્છ સ્ફટિક રૂપવાળી સિદ્ધશિલારૂપ બીજા નામવાળી પૃથિવી છે."

વિવેચન – અનુત્તરથી ઉંચે ઇષત્પ્રાગ્ભારા નામની આઠમી પૃથિવી છે. ઇષત્પ્રાગ્ભારા એટલે રત્નપ્રભા આદિની અપેક્ષાએ અલ્પ છે. ઉચ્છ્રાય (ઉંચાઈ) આદિ રૂપ પ્રાગ્ભાર જે પૃથિવીના છે, તે ઇષત્પ્રાગ્ભારા કહેવાય છે. આઠ યોજન જાડાઈ, ૪૫ લાખ જોજન વિષ્કંભથી (ઇષત્ એટલે અલ્પ છે. પ્રાગ્ભાર એટલે પુદ્ગલસમુદાય જે પૃથ્વીનો છે, તે ઇષત્પ્રાગ્ભારા આઠમી પૃથ્વી છે. ખરેખર, રત્નપ્રભા આદિ શેષ પૃથિવીઓ મહા પ્રાગ્ભારરૂપ છે, કેમ કે-એક લાખ બેંસી હજાર જોજનની જાડાઈ છે. ઊર્ધ્વ ચૂડા (શિખર-ચોટી) સમાન આ ઇષત્પ્રાગ્ભારા છે.) ઊર્ધ્વલોકના અગ્રભાગમાં રહેલી, સિદ્ધોના નિવાસભૂત આઠમી પૃથિવી છે.

---

१. ईषद् अल्पो योजनाष्टकबाहल्यपञ्चचत्वारिंशल्लक्षविष्कम्भात् प्राग्भारः पुद्गलनिचयो यस्याः सेषत्प्राग्भारा अष्टमी पृथिवी, शेषपृथिव्यो हि रत्नप्रभाद्याः महाप्राग्भाराः अशीत्यादिसहस्राधिकयोजनलक्षबाहल्यत्वात् ऊर्ध्व-लोकस्य चूडाकल्पेयमिति ॥

० सर्वार्थसिद्ध विमानना बार योजने ऊंचे वर्तमान आठमी पृथ्वी छे.

० मनुष्यक्षेत्रप्रमाण समान ४५ लाख जोजनનું परिमाण आयामविष्कंभनी अपेक्षाએ छे, એम જાણવું.

० मध्यमां એटले બહु मध्यदेश भागमां आठ योजन बाहल्य(જાડાઈ)वाળी आठमी पृथिवी छे.

० सर्व दिशामां-विदिशाओमां अर्थात् चारेय बाजु प्रान्तभागमां, मध्यबिंदुथी सर्व बाजुએ प्रदेशहानिथी घटती घटती छेडे माખीनी पांખ करतां पण अत्यंत पातળी, જાડાઈની अपेक्षाએ अंगुलना असंख्यातमा भाग परिमिति आ पृथ्वी छे.

० आ पृथ्वीनो आकार पहोળा मोढावाળी कथरोटमां दूध भरेलुं होय, ते प्रमाणे ઉપરની सपाटी छे अने नीचेनो भाग कथरोटना नीचेना भाग जेवो के चती (ઉંધी) राખेली छत्री जेवो छे, એटले ઉપરની सपाटीथी नीचेनी જાડાઈ बराबर वચ्चे आठ जोजन छे.

० निर्मळ स्फटिक, कमलनी नाળ, कपूरनी २४, तुषारहिम-गोક्षीर-श्वेतहारना वर्ण जेवी श्वेत-सुवर्णमयी ईषत्प्राग्भारा आठमी पृथिवी छे.

० सिद्धशिला એवा बीજા नामवाળी ईषत्प्राग्भारा नामनी पृथ्वी सिद्धिक्षेत्रनी अत्यंत नજીक होवाथी उपचारथी सिद्धोनी आधारभूत शिला 'सिद्धशिला' कहेवाय छे. ते 'लोकाग्रस्तूपिका' सर्व प्राण-भूत-जीव-सत्त्वोने उपद्रवकारी नहि होवाथी सर्व प्राण-भूत, जीव-सत्त्वोने सुख करनारी होवाथी 'लोकाग्रस्तूपिका' कहेवाय छे. मुक्त जीवोना आश्रयभूत होवाथी 'मुक्तालया' ઇत्यादि नामो विचारवा.

ननु यदि सिद्धक्षेत्रस्य प्रत्यासन्नत्वात्सिद्धशिलेत्युच्यते तर्हि क्व सिद्धक्षेत्रमित्यत्राह –

तत ऊर्ध्वं चतुर्थगव्यूतिषष्ठभागे आलोकान्तं सिद्धानां निवासः ॥ ४३ ॥

तत ऊर्ध्वमिति । सिद्धशिलाभिख्यपृथिव्या ऊर्ध्वमित्यर्थः, तस्याश्चोपरि योजनमेकं लोकस्ततोऽलोकः, योजनस्यास्याधस्तनक्रोशत्रयं विहाय परिशिष्टस्य चतुर्थक्रोशस्योपरितनषष्ठभागे त्रयस्त्रिंशदुत्तरधनुश्शतीसम्मिते धनुस्तृतीयभागाधिके सिद्धानां निवास इति भावः ॥

शंका – જો सिद्धिक्षेत्रनी अत्यंत नજીक होवाथी 'सिद्धशिला' कहेवाय छे, तो सिद्ध क्षेत्र क्यां ? आना जवाबमां कहे छे के-

सिद्धात्माओनो निवास

भावार्थ – "तेनाथी ઉંचे चोथा कोशना छठ्ठा भागमां लोकना अंत सुधी सिद्ध आत्माओनो निवास छे."

विवेचन – सिद्धशिला नामनी पृथिवी ઉपर अर्थात् ते पृथ्वी ઉपर એक योजन सुधी लोक छे. त्यारબाद अलोक छे. आ योजन नीचे त्रण कोशने छोडी બાકीना चोथा कोशना ઉपर छठ्ठा भागमां એटले धनुष्यना त्रीજા भागथी अधिक ૩૩૩ धनुष्यप्रमाण चोथा कोशना छठ्ठा भागमां सिद्धोनो निवास छे.

सम्प्रति लोकस्योर्ध्वस्य देवलोकनियमतः किञ्चिदूनसप्तरज्जुमानं विशेषतः प्रदर्शयति–

तत्र रुचकात्सौधर्मेशानौ यावत्सार्धरज्जुस्तत आसनत्कुमारमाहेन्द्रमेकरज्जुस्ततस्सहस्रारं यावत्सार्धं रज्जुद्वयं तस्मादच्युतं यावदेकरज्जुस्तत आलोकान्तं किञ्चिदूनैका रज्जुः ॥ ४४ ॥

तत्रेति । उत्तानार्थं मूलम् ॥

હવે દેવલોકના નિયમથી ઊર્ધ્વલોકનું કાંઈક ન્યૂન સાત રજ્જુનું માન વિશેષથી દર્શાવે છે.

રજ્જુપ્રમાણ

ભાવાર્થ – "ત્યાં રુચકથી સૌધર્મ અને ઈશાન સુધી દોઢ રજ્જુ થાય છે. ત્યાંથી સનત્કુમાર અને માહેન્દ્ર સુધી એક રજ્જુ છે. ત્યાંથી સહસ્રાર સુધી અઢી રજ્જુ થાય છે. ત્યાંથી અચ્યુત સુધી એક રજ્જુ છે. ત્યાંથી લોકના અંત સુધી કાંઈક ન્યૂન એક રજ્જુ છે."

વિવેચન – મૂલ, સ્પષ્ટ અર્થવાળું હોઈ ટીકા કરેલ નથી.

अथ किं चतुर्दशरज्जुपरिमितेऽस्मिन् लोके सर्वत्र चातुर्गतिकानां जीवानां निवासो गमनागमनं वा भवेदथ वाऽस्ति कश्चित्प्रतिनियम इत्यत्राह –

अधोलोकान्तादूर्ध्वलोकान्तं चतुर्दशरज्जुपरिमाणैकरज्जुविस्तृता त्रसनिवासस्थानरूपा त्रसनाडिकाऽस्ति, अस्या बहिरेकेन्द्रिया एव निवसन्तीति ॥ ४५ ॥

अधोलोकान्तादिति । स्पष्टम्, अस्या इति नाडिकाया इत्यर्थः, एवशब्देन तत्र द्वीन्द्रियादीनां निवासो नास्तीति सूच्यते । इतिशब्दो लोकनिरूपणसमाप्तिद्योतकः ॥

હવે ચૌદ રજ્જુપ્રમાણવાળા આલોકમાં સઘળે ઠેકાણે ચાર ગતિવાળા જીવોનો નિવાસ કે ગમનાગમન થાય કે કોઈ પ્રતિનિયમ છે ? આના જવાબમાં કહે છે કે-

ત્રસનાડીનું વર્ણન

ભાવાર્થ – "અધોલોકના અંતથી માંડી ઊર્ધ્વલોકના અંત સુધી ચૌદ રજ્જુપરિમાણવાળી, (ઉંચાઈની અપેક્ષાએ) એક રજ્જુવિસ્તારવાળી અને ત્રસ જીવોના નિવાસસ્થાનરૂપ ત્રસનાડિકા છે. આ ત્રસનાડીની બહાર એકેન્દ્રિય જ રહે છે."

વિવેચન – આ ત્રસનાડીની બહાર એકેન્દ્રિયો જ રહે છે. અહીં એવકાર શબ્દથી ત્રસનાડીની બહાર દ્વિન્દ્રીય આદિ ત્રસ જીવોનો નિવાસ નથી, એમ સૂચિત થાય છે. અહીં ઇતિ શબ્દ લોકના નિરૂપણના સમાપ્તિનો દ્યોતક છે.

अथ बोधिदुर्लभभावनामाह –

नरकादिषु मुहुर्मुहुः परिभ्रमतो मिथ्यादर्शनाद्युपहतचेतसः सम्यग्दर्शनादिनिर्मलार्हद्धर्मावाप्तिर्दुश्शक्येति परिचिन्तनं बोधिदुर्लभभावना । अतो बोधिप्राप्तावप्रमादी स्यात् ॥ ४६ ॥

नरकादिष्विति । बोधिर्जिनप्रणीतधर्मलाभः, सा त्रिविधा दर्शनज्ञानचारित्रबोधिभेदात्, आद्या दर्शनमोहनीयक्षयोपशमादिसम्पन्नश्रद्धानलाभरूपा, द्वितीया ज्ञानावरणक्षयोपशमभूता ज्ञानप्राप्तिः, तृतीया च चारित्रमोहनीयक्षयोपशमजा । संसारोऽयं ह्यनादिः, तत्र नरकतिर्यङ्मनुष्यामरभवगहनेषु कुलालचक्रवद्बम्भ्रम्यमाणस्य जन्तोः नैकविधैः कायवाङ्मानसैर्दुःखैरभितप्तस्याकामनिर्जरया कथमपि शुभं पुण्यं संप्राप्य त्रसत्वमवाप्तस्य सत्क्षेत्रादिसम्पदः प्राज्यराज्यसुखमवाप्तस्यापि रागद्वेषमोहमलिनमानसत्वात्तत्त्वार्थेषु श्रद्धैव सर्वविदेशिताऽक्षयमोक्षसौख्यजननी दुःखेन भवति किमुत ज्ञानं चारित्रञ्च, यद्येकदाऽपि जीवेन बोधिर्लभ्यते तदा नैव भवपर्यटनं भवेदित्येवं चिन्तनं बोधिदुर्लभभावनेत्यर्थः । तत्फलमाहात इति, एवमनुचिन्तयतो नैव सम्यग्दर्शनादौ प्रमादस्स्यादिति भावः ॥

બોધિદુર્લભ ભાવના

ભાવાર્થ – "નરક આદિમાં વારંવાર પરિભ્રમણ કરનાર, મિથ્યાદર્શન આદિથી પ્રહત ચિત્તવાળાને સમ્યગ્દર્શન આદિથી નિર્મળ અર્હત્ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે. એમ પરિચિંતન 'બોધિદુર્લભ ભાવના' કહેવાય છે. એથી બોધિની પ્રાપ્તિમાં અપ્રમાદી થાય !"

વિવેચન – બોધિ એટલે જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ. તે બોધિ દર્શનબોધિ, જ્ઞાનબોધિ અને ચારિત્રબોધિના ભેદથી ત્રણ પ્રકારવાળી છે. પહેલી બોધિ દર્શનમોહનીયના ક્ષયોપશમાદિ જન્ય તત્ત્વશ્રદ્ધાનલાભરૂપ છે, બીજી બોધિ જ્ઞાનાવરણક્ષયોપશમજન્ય જ્ઞાનપ્રાપ્તિરૂપ છે અને ત્રીજી બોધિ ચારિત્રમોહનીયક્ષયોપશમજન્ય ચારિત્રલાભરૂપ છે.

○ ખરેખર, આ સંસાર અનાદિ છે. તેમાં નરક-તિર્યંચ-મનુષ્ય-અમરભવરૂપ વનોમાં કુંભારચક્રની માફક રખડતા પ્રાણિને અનેક પ્રકારના શરીર-વચન-મનસંબંધી દુઃખોથી ચારેય બાજુથી તપેલાને, અકામનિર્જરાથી કોઈ પણ પ્રકારે પણ શુભ પુણ્ય સંપ્રાપ્ત કરી ત્રસપણાને પામેલાને તથા સત્(આર્ય)ક્ષેત્ર આદિ સંપદાઓને અને વિશાળ રાજ્યના સુખને પામેલાને પણ, રાગ-દ્વેષ-મોહથી મલિન મન હોવાથી સર્વજ્ઞકથિત અક્ષય મોક્ષના સુખની જનની તત્ત્વાર્થવિષયક શ્રદ્ધા જ દુર્લભ છે. તો પછી જ્ઞાન અને ચારિત્રની તો વાત જ શી કરવી ?

○ જો એક વખત પણ જીવથી બોધિ મેળવાય, તો ભવનું પર્યટન ન જ થાય ! આવા પ્રકારનું ચિન્તન, એ 'બોધિદુર્લભ ભાવના' સમજવી.

○ આ બોધિદુર્લભ ભાવનાને ભાવનારને સમ્યગ્દર્શન આદિમાં પ્રમાદ ન થાય ! આવું ઉત્તમ ફળ થાય છે.

अथान्तिमां धर्मस्वाख्यातभावनामाचष्टे –

सम्यग्दर्शनमूलः पञ्चमहाव्रतसाधनो गुप्त्यादिविशुद्धिव्यवस्थानः संसारपारकरो धर्मः परमर्षिणाऽर्हता व्याख्यातः स्वयमप्यनुष्ठितश्चेत्येवं चिंतनं धर्मस्वाख्यातभावना । अस्याश्च धर्मे श्रद्धा गौरवं तदनुष्ठानासक्तिश्च जायत इति ॥ ४७ ॥

सम्यगिति । सम्यग्दर्शनमेव मूलं यस्य धर्मस्य स इत्यर्थः, पञ्चेति, पञ्चमहाव्रतानि साधनं यस्येत्यर्थः, गुप्त्यादीति, गुप्त्यादिपरिपालनमेव यस्य स्वरूपावस्थानं स इत्यर्थः, एवम्भूत एव धर्मः संसारनिस्तारक इत्याह संसारपारकर इति । स च भगवतार्हतैवामोघवचनेन व्याख्यात इत्याह परमर्षिणेति, न केवलं व्याख्यात एवापि तु स्वयमप्यनुष्ठित इत्याह स्वयमपीति, एवं विचिन्तयतः किं भवेदित्यत्राहास्याश्चेति, एवं विचारणाया इत्यर्थः । इति शब्दो भावनासमाप्तिद्योतकः ॥

धर्मस्वाख्यात भावना

ભાવાર્થ – "સમ્યગ્દર્શનરૂપી મૂલવાળો, પંચમહાવ્રતરૂપી સાધનવાળો, ગુપ્તિ આદિની વિશુદ્ધિની વ્યવસ્થાવાળો અને સંસારથી પાર કરનારો, પરમ ઋષિ શ્રી અરિહંત ભગવંતે કહેલો ધર્મ પોતે પણ કરેલો ધર્મ છે, આવું ચિંતન, એ 'ધર્મસ્વાખ્યાત ભાવના' કહેવાય છે. આ ભાવનાથી ધર્મમાં શ્રદ્ધા, ગૌરવ (બહુમાન) અને ધર્મના અનુષ્ઠાનમાં રસ પેદા થાય છે."

વિવેચન – સમ્યગ્દર્શન જ મૂલ જે ધર્મનું છે તે ધર્મ, જે ધર્મનું સાધન પાંચ મહાવ્રતો છે તે ધર્મ અને જે ધર્મનું સ્વરૂપ ગુપ્તિ આદિ પરિપાલન છે તે ધર્મ, આવો જ ધર્મ સંસારનિસ્તારક થાય છે. વળી તે ધર્મ અમોઘ વચનવાળા શ્રી અરિહંત ભગવંતે જ પ્રરૂપેલો છે. તેઓશ્રીએ ફક્ત કહેલો જ નથી, પરંતુ પોતે પણ આચરેલો છે. આ પ્રમાણે ભાવના ભાવનારને ધર્મમાં શ્રદ્ધા, બહુમાન અને ધર્મને કરવામાં પ્રીતિ-રસ પેદા થાય છે. અહીં ઇતિ શબ્દ ભાવનાના પ્રકરણની સમાપ્તિદ્યોતક છે.

सम्प्रति भिक्षुप्रतिमामाह –

विशिष्टतपोऽभिग्रहो भिक्षुप्रतिमा, सा द्वादशविधा, आमासं विशिष्टस्थानावस्थितदात्रविच्छिन्नसकृत्प्रदत्तान्नपानपरिग्रहा एकमासिकी प्रतिमा । एवं द्विमासादि यावत्सप्तमासं विशिष्टस्थानावस्थितव्यक्त्या क्रमेण द्वित्रिचतुःपञ्चषट्सप्तवारं प्रदत्तान्नपानपरिग्रहणरूपाः षट् प्रतिमा भाव्याः ॥ ४८ ॥

विशिष्टेति । भिक्षोरुद्गमोत्पादनैषणादिशुद्धभिक्षाशीलस्य प्रतिमा प्रतिज्ञाविशेषः, भिक्षुशब्दस्वरसात्सा प्रतिज्ञाऽऽहारविषया ग्राह्या, तथा च विशिष्टस्य तपस आहारादिनियमनरूपस्याभिग्रहः प्रतिज्ञाविशेषो भिक्षुप्रतिमेत्यर्थः । तस्या भेदानाह सा चेति, मासिकी द्वैमासिकी त्रैमासिकी चातुर्मासिकी पञ्चमासिकी षाण्मासिकी सप्तमासिकी प्रथमसप्तरात्रिंदिवा द्वितीयसप्तरात्रिंदिवा तृतीयसप्तरात्रिंदिवाऽहोरात्रिकी एकरात्रिकी चेति द्वादशविधा सेत्यर्थः । तत्र मासिकीमाद्यां प्रतिमां वक्ति आमासमिति, यावन्मासपरिसमाप्तीत्यर्थः, विशिष्टेति, विशिष्टस्थानेऽवस्थितेन दात्राऽविच्छिन्नरूपेण सकृदेव दत्तस्यान्नस्य पानस्य च परिग्रहरूपेत्यर्थः, एलूकस्यापवरकस्यैकं पादमन्तः परं बहिर्व्यवस्थाप्य ददत्या नो गुर्विण्या नो बालवत्साया नवा बालकं क्षीरं पाययन्त्या हस्तेनाहारोऽत्र ग्रहीतुं कल्पते, एका अशनस्य पानीयस्य चैका दत्तिरेव ग्राह्या, दत्तिश्च करस्थाल्यादिभ्योऽव्यवच्छिन्नधारया या भिक्षा पतति सा, भिक्षाविच्छेदे च द्वितीया दत्तिर्भवति, प्रतिमामेनां प्रतिपन्नो भिक्षुर्नित्यं परिकर्मवर्जनाद्व्युत्सृष्टकायः, देवमानुषतिर्यग्योनिकृतपरिषह्याणामविकृतभावेन सहनशीलः क्षमी भवेत्, नियमविशेषा अधिका आगमेभ्यः प्रतिपत्तव्याः । ईदृशक्रमविशेषेण द्वैमासिकी त्रैमासिकी चातुर्मासिकी पञ्चमासिकी षाण्मासिकी सप्तमासिकी च प्रतिमा विज्ञेयाः, परन्तु प्रथमातो द्वैमासिक्यादिषु एकैकदत्तिवृद्धिर्भवेदित्याशयेनाह एवमिति ॥

ભિક્ષુપ્રતિમાનું વર્ણન

ભાવાર્થ – "વિશિષ્ટ તપનો અભિગ્રહ, એ 'ભિક્ષુપ્રતિમા' કહેવાય છે. તે પ્રતિમા બાર પ્રકારની છે. માસ સુધી વિશિષ્ટ સ્થાનમાં અવસ્થિત દાતાએ અવિચ્છિન્ન એક વાર આપેલ અન્ન-પાનના ગ્રહણવાળી એકમાસિકી પ્રતિમા. એ પ્રમાણે બે માસથી માંડી સાત માસ સુધી વિશિષ્ટ સ્થાનમાં અવસ્થિત વ્યક્તિદ્વારા ક્રમથી બે વાર-ત્રણ વાર ચાર વાર-પાંચ વાર-છ વાર આપેલ અન્ન-પાનના ગ્રહણરૂપ છ પ્રતિમાઓ વિચારવી."

---

१. भावभिक्षुर्द्विधा नोआगमत आगमतश्च, आगमतो भिक्षुशब्दार्थस्य ज्ञाता, उपयोगो भावनिक्षेप इति वचनात्, नोआगमतः संयतः भिक्षणशीलो भिक्षुरिति व्युत्पत्तेः, ननु भिक्षणशीलत्वं रक्तपटादावतिव्याप्तं तेषां भिक्षाजीवित्वेन भिक्षणशीलत्वात्, मैवं, तेषामनन्यगतिकत्वेन भिक्षाशीलत्वात्, अयम्भावः शब्दस्य निमित्तं द्विविधं व्युत्पत्तिनिमित्तं प्रवृत्तिनिमित्तमिति, यथा गोशब्दस्य गमनक्रिया व्युत्पत्तिनिमित्तं, तदुपलक्षितञ्च सास्नादिमत्त्वं प्रवृत्तिनिमित्तं, तेन गच्छत्यगच्छति वा गवि गोशब्दः प्रवर्त्तते उभयावस्थायामपि प्रवृत्तिनिमित्तसद्भावात् । तथा प्रकृतेऽपि भिक्षाशीलत्वं व्युत्पत्तिनिमित्तं, तदुपलक्षितश्चेहपरलोकाऽऽशंसाविप्रमुक्ततया यमनियमेषु व्यवस्थितत्वं प्रवृत्तिनिमित्तं, भिक्षमाणे अभिक्षमाणे वा भिक्षौ प्रवृत्तिनिमित्तसद्भावात्स एव भिक्षुः न रक्तपटादिः, नवकोट्यपरिशुद्धाहारभोजितया तेषु प्रवृत्तिनिमित्तस्याभावादिति ॥

विवेचन – ભિક્ષુની એટલે ઉદ્ગમ-ઉત્પાદના-એષણા આદિથી શુદ્ધ ભિક્ષાના સ્વભાવવાળાની (ભાવભિક્ષુ નોઆગમથી અને આગમથી બે પ્રકારનો છે. આગમથી ભિક્ષુ શબ્દના અર્થનો જાણકાર, કેમ કે-'ઉપયોગ ભાવનિક્ષેપ' છે એવું વચન છે. નોઆગમથી સંયમવાળા ભિક્ષુ છે, કેમ કે-ભિક્ષણ સ્વભાવવાળો ભિક્ષુ એવી વ્યુત્પત્તિ છે.

શંકા – ભિક્ષણનો સ્વભાવ એ લક્ષણ તો લાલ વસ્ત્રધારીઓમાં અતિવ્યાપ્તિવાળું છે, કેમ કે-તેઓ ભિક્ષાથી જીવનારા હોઈ ભિક્ષાના સ્વભાવવાળા છે ને ?

સમાધાન – તેઓ અનન્ય ગતિથી ભિક્ષાસ્વભાવવાળા છે. અહીં આ ભાવ છે કે-શબ્દનું નિમિત્ત, વ્યુત્પત્તિનિમિત્ત અને પ્રવૃત્તિનિમિત્તના ભેદે બે પ્રકારનું છે. જેમ કે-ગો શબ્દમાં વ્યુત્પત્તિનિમિત્ત ગમનક્રિયા છે અને તેનાથી ઉપલક્ષિત સાસ્ના (ગલકંબલ) આદિ પ્રવૃત્તિનિમિત્ત છે. તેથી ચાલતી કે નહિ ચાલતી ગાયમાં ગો શબ્દ પ્રવર્ત્તે છે, કેમ કે-બંને અવસ્થાઓમાં પ્રવૃત્તિનિમિત્તનો સદ્ભાવ છે. તેવી રીતે પ્રકૃતમાં પણ ભિક્ષા શબ્દ શીલત્વવ્યુત્પત્તિમાં નિમિત્ત છે. તેનાથી ઉપલક્ષિત આલોક-પરલોકની આશંસારહિતપણાપૂર્વક યમ-નિયમોમાં વ્યવસ્થિતપણું પ્રવૃત્તિનિમિત્ત છે. ભિક્ષા માંગતા કે ભિક્ષા નહિ પણ માંગતા ભિક્ષુમાં પ્રવૃત્તિનિમિત્તનો સદ્ભાવ હોવાથી તે જ ભિક્ષુ છે, લાલ વસ્ત્રધારી આદિ નહિ, કેમ કે-નવ કોટિથી અશુદ્ધ આહારના ભોક્તા હોઈ તે લાલ વસ્ત્રધારીઓમાં પ્રવૃત્તિનિમિત્તનો અભાવ છે.) પ્રતિમા એટલે પ્રતિજ્ઞાવિશેષ. ભિક્ષુ શબ્દના સ્વરસથી તે પ્રતિજ્ઞા આહારના વિષયવાળી લેવી. આહાર આદિ નિયમનરૂપ વિશિષ્ટ તપનો અભિગ્રહ-પ્રતિજ્ઞાવિશેષ 'ભિક્ષુપ્રતિમા' કહેવાય છે. તે ભિક્ષુપ્રતિમાના ભેદોને કહે છે કે-(૧) માસિકી, (૨) દ્વૈમાસિકી, (૩) ત્રૈમાસિકી, (૪) ચાતુર્માસિકી, (૫) પંચમાસિકી, (૬) ષાણ્માસિકી, (૭) સપ્તમાસિકી, (૮) પ્રથમ સપ્તરાત્રિંદિવા, (૯) દ્વિતીય સપ્તરાત્રિંદિવા, (૧૦) તૃતીય સપ્તરાત્રિંદિવા, (૧૧) અહોરાત્રિકી અને (૧૨) એકરાત્રિકી; એમ બાર પ્રકારવાળી ભિક્ષુપ્રતિમા છે.

૦ એક માસની પરિસમાપ્તિ સુધી વિશિષ્ટ સ્થાનમાં રહેલા દાતાએ અવિચ્છિન્નરૂપે એક વાર જ આપેલા અન્નના અને પાનના પરિગ્રહરૂપ પહેલી ભિક્ષુપ્રતિમા છે. જેમ ઓરડાની અંદર એક પગને અને બહાર બીજા પગને વ્યવસ્થિત કરીને ગર્ભવંતી નહિ, તેમજ બાલવત્સવાળી નહિ. બાળકને દૂધ નહિ પીવડાવનારી આંપતી બાઈના હાથે આહાર અહીં ગ્રહણ કરવો કલ્પે છે. એક અશનની અને એક પાણીની દત્તિ જ લેવી. દત્તિ એટલે હાથ-થાળી આદિથી અવ્યવચ્છિન્ન ધારાથી જે ભિક્ષા પડે છે, તે દત્તિ કહેવાય છે. વળી ભિક્ષાના વિચ્છેદમાં બીજી દત્તિ થાય છે. આ પ્રતિમાને સ્વીકારનારો ભિક્ષુ હંમેશાં પરિકર્મ - સંસ્કારના વર્જનથી વ્યુત્સૃષ્ટ કાયાવાળો હોય છે. મનુષ્ય-તિર્યંચ-દેવે કરેલ પરીષહોને અવિકારભાવથી સહવાના સ્વભાવવાળો ક્ષમાધર થાય ! અધિક નિયમવિશેષો આગમોથી જાણવા. આવા ક્રમવિશેષથી દ્વૈમાસિકી-ત્રૈમાસિકી-ચાતુર્માસિકી-ષાણ્માસિકી અને સપ્તમાસિકી પ્રતિમા જાણવી. પરંતુ પ્રથમા કરતાં દ્વૈમાસિકી આદિમાં એક એક દત્તિની વૃદ્ધિ થાય !

अथाष्टमीमाह –

सप्ताहोरात्रप्रमाणा एकान्तरनिर्जलोपवासात्मिका आचाम्लपारणा-रूपा ग्रामादिभ्यो बहिरूर्ध्वमुखशयनाद्यासनस्थितिपूर्वकघोरोपसर्गसहनरूपा प्रतिमा अष्टमी ॥ ४९ ॥

सप्तेति । सप्त अहोरात्राणि प्रमाणं यस्यास्सा, एकान्तरेति, चतुर्थभक्तेन पानीयपरिवर्जनेन च विशिष्टेत्यर्थः । ग्रामादिभ्य इति, आदिना नगरादीनां ग्रहणं, ऊर्ध्वमुखशयनादीति, उत्तानशायित्वमित्यर्थ आदिना पार्श्वशायित्वं निषण्णत्वं वा गृह्यते ॥

આઠમી ભિક્ષુપ્રતિમા

ભાવાર્થ – "સાત અહોરાત્ર પ્રમાણવાળી, એકાન્તરે નિર્જળ ઉપવાસરૂપ, આયંબિલથી પારણું કરવારૂપ, ગ્રામ વગેરેથી બહાર ઉંચા મુખ, શયન આદિ આસન સ્થિતિપૂર્વક ઘોર ઉપસર્ગસહનરૂપ આઠમી પ્રતિમા હોય છે."

વિવેચન – તે પ્રતિમાનું પ્રમાણ સાત અહોરાત્ર છે. એકાન્તરે ચોવિહારો ઉપવાસ અને પારણામાં આયંબીલ સમજવું. ગામ આદિ, અહીં આદિથી નગર આદિનું ગ્રહણ. 'ऊर्ध्वमुखशयनादि ।' અહીં ચત્તુ-છતું શયન સમજવું. આદિથી પડખે સૂવું કે બેસવું ગ્રહણ કરાય છે.

एवं नवम्यादीनाह –

उत्कटिकाद्यासनस्थितिपूर्विका पूर्वोक्तैव नवमी प्रतिमा । गोदोहिकाद्यासनस्थितिपूर्विका तादृश्येव दशमी प्रतिमा ॥ ५० ॥

उत्कटिकेति । आदिना दण्डायतिकत्वं गृह्यते, पूर्वोक्तैववेति, तपःपारणकं ग्रामाद्बहिर्वृत्तिश्चाष्टमसप्तमरात्रप्रतिभोक्तरूपैवेत्यर्थः । दशमीमाह गोदोहिकेति, गोदोहनप्रवृत्तस्येव पुतयोः पार्ष्णिभ्यां संयोगे अग्रपादतलाभ्यामवस्थानक्रिया गोदोहिकासनस्थितिः, तथा वामपादो दक्षिणस्योरोरुपरि दक्षिणपादश्च वामस्योरोरुपरि यत्र क्रियते दक्षिणकरतलस्योपरि वामकरतलं वामकरतलस्योपरि च दक्षिणकरतलमुत्तानं नाभिलग्नञ्च यत्र क्रियते तद्वीरासनं तथा वा संस्थितो भवेत्, यद्वा सिंहासनोपविष्टस्य भून्यस्तपादस्यापनीतसिंहासनस्येव यदवस्थानं तद्वीरासनं बोध्यम् । आम्रफलवद्वक्राकारेण वा तिष्ठेत्, तथा तपःपारणग्रामबहिर्निवासादिविधिः पूर्ववदेवेत्याह तादृश्येवेति, इमास्तिस्रः प्रतिमा एकविंशत्या दिवसैर्यान्तीति बोध्यम् ॥

નવમી અને દશમી ભિક્ષુપ્રતિમા

ભાવાર્થ – "ઉત્કટિક આદિ આસનપૂર્વક પૂર્વે કહેલી નવમી પ્રતિમા છે. ગોદોહિક આદિ આસન સ્થિતિપૂર્વક તેવી જ દશમી પ્રતિમા છે."

વિવેચન – બીજી સપ્તરાત્રિકી પ્રતિમામાં આરૂઢ થયેલાને તે જ ચોવિહારો ઉપવાસ આદિ અને આનું સ્થાન, દંડાયત-લગડશાયિતા-ઉત્કુટુક આસન આદિ છે. ત્રીજી પણ સપ્તરાત્રિકી પ્રતિમામાં આરૂઢ થયેલાને

ચોવિહારો ઉપવાસ વગેરે આનું સ્થાન, ગોદોહિકા-વીરાસન-આમ્રકુબ્જિતા છે. તપ-પારણું-ગ્રામ બહાર નિવાસ આદિ વિધિ પૂર્વની માફક સમજવો. આ ત્રણ પ્રતિમાઓ એકવીશ દિવસોથી પૂર્ણ થાય છે એમ જાણવું.

एकादशी द्वादशीञ्चाह –

निर्जलषष्ठभक्तप्रत्याख्यानपूर्विका ग्रामाद्बहिश्चतुरङ्गुलान्तरचरणविन्यसनरूपा प्रलम्बितबाहुकायोत्सर्गकरणात्मिकाऽहोरात्रप्रमाणा प्रतिमैकादशी । अष्टमभक्तपानीया ग्रामाद्बहिरीषदवनमितोत्तरकाया एकपुद्गलन्यस्तदृष्टिकाऽनिमिषनेत्रा सुगुप्तेन्द्रियग्रामा दिव्यमानुषाद्युपसर्गसहनसमर्था कायोत्सर्गावस्थायिन्येकरात्रिकी प्रतिमा द्वादशी ॥५१।

निर्जलेति । जलरहितस्य षष्ठभक्तस्य प्रत्याख्यानं कुर्वन्नित्यर्थः, षष्ठभक्तमुपवासद्वयरूपं तपः, तत्र ह्युपवासद्वये चत्वारि भक्तानि वर्ज्यन्ते, एकाशनेन च तदारभ्यते तेनैव च निष्ठां यातीत्येवं षष्ठभक्तप्रत्याख्यानं बोध्यम् । ग्रामाद्बहिरिति, ग्रामनगरादिभ्यो बहिश्चतुरङ्गुलान्तरे चरणौ विधाय प्रलम्बितभुजः कायोत्सर्गेऽवतिष्ठेत, षष्ठभक्तप्रत्याख्यानकरणाद्दिनत्रयेणेयं प्रतिमा यातीति भावः । अथ द्वादशीमाहाष्टमभक्तेति, यस्यामुपवासत्रयरूपेण पानाहाररहितेनावस्थानं बहिश्च ग्रामादेरीषत्कुब्जो नद्यादिदुस्तटीस्थितो वा एकपुद्गलगतदृष्टिर्निर्निमेषलोचनो गुप्तसर्वेन्द्रियो दिव्यमानुषतिर्यग्विहित-घोरोपद्रवसहिष्णुः क्रमौ जिनमुद्रया व्यवस्थाप्य कायोत्सर्गावस्थानावस्थितो भवेत् सैकरात्रिकी प्रतिमा, रात्रेरनन्तरमष्टमकरणाच्चतूरात्रिंदिवमाना स्यादिति भावः ॥

અગિયારમી અને બારમી ભિક્ષુપ્રતિમા

ભાવાર્થ – "ચોવિહારા છઠ્ઠના પચ્ચક્ખાણપૂર્વક, ગ્રામથી બહાર ચાર અંગુલના અંતરે ચરણના સ્થાપનરૂપ, પ્રલમ્બિત બાહુવાળા કાઉસ્સગ્ગ કરવારૂપ અને અહોરાત્ર પ્રમાણવાળી અગિયારમી પ્રતિમા કહેવાય છે. ચોવિહારા અઠ્ઠમ તપવાળી, ગ્રામથી બહાર થોડી નમાવેલી ઉત્તર કાયાવાળી, એક પુદ્ગલમાં સ્થાપિત દૃષ્ટિવાળી, અનિમિષ નેત્રવાળી, સારી રીતે ગુપ્ત ઇન્દ્રિયસમૂહવાળી, દેવકૃત-મનુષ્યકૃત આદિ ઉપસર્ગોને સહવામાં સમર્થ અને કાઉસ્સગ્ગમાં રહેવાવાળી એકરાત્રિકી પ્રતિમા, એ બારમી 'ભિક્ષુપ્રતિમા' કહેવાય છે."

વિવેચન – ચોવિહારા છઠ્ઠનું પચ્ચક્ખાણ કરનારો, અહીં ષષ્ઠભક્ત એટલે બે ઉપવાસરૂપ તપ સમજવો. ત્યાં બે ઉપવાસમાં ચાર વખતના ભોજનનું વર્જન છે. વળી એકાશનથી તે આરંભાય છે અને એકાશનથી તે સમાપ્ત થાય છે. માટે છઠ્ઠભક્તનું પચ્ચક્ખાણ જાણવું.

○ ગ્રામ-નગર અદિથી બહાર ચાર આંગળના અંતરમાં બે પગ કરીને પ્રલંબિત બાહુવાળો કાઉસ્સગ્ગમાં રહે. છઠ્ઠભક્તના પચ્ચક્ખાણ કરવાથી ત્રણ દિનથી આ પ્રતિમા પૂર્ણ થાય છે. એમ અગિયારમી પ્રતિમા.

○ બારમી ભિક્ષુપ્રતિમામાં ચોવિહારા અઠ્ઠમ તપથી રહેવાનું છે : અને ગ્રામ આદિથી બહાર થોડો નમેલો, અથવા નદી આદિના દુષ્ટ તટ ઉપર રહેલો, એક પુદ્ગલગત દૃષ્ટિવાળો, નિર્નિમેષ નયનવાળો, ગુપ્ત સર્વ ઇન્દ્રિયવાળો, દેવે-તિર્યંચે કે મનુષ્યે કરેલ ઘોર ઉપદ્રવને સહન કરનારો અને બે ચરણોને જિનમુદ્રાથી વ્યવસ્થિત કરી કાયોત્સર્ગની અવસ્થામાં રહેલો થાય ! તે એકરાત્રિકી પ્રતિમા. તે રાત્રિ પછી અઠ્ઠમ કરાતો હોઈ ચાર રાત્રિ-દિવસના પ્રમાણવાળી બારમી ભિક્ષુપ્રતિમા થાય !

अथेन्द्रियनिरोधमाह –

तत्तद्विषयेभ्यस्तत्तदिन्द्रियाणां विरमणरूपाः पञ्चेन्द्रियनिरोधाः ॥ ५२ ॥

तत्तद्विषयेभ्य इति । स्पर्शरसगन्धवर्णशब्दात्मकविषयेभ्य आनुकूल्येन प्रातिकूल्येन वा प्राप्तेभ्यस्तत्तदिन्द्रियाणां स्पर्शनरसनघ्राणचक्षुश्श्रोत्ररूपाणां विरमणमासक्तिवैधुर्यमित्यर्थः, इन्द्रियाणां पञ्चविधत्वात्तन्निरोधोऽपि पञ्चविध इत्याशयेनोक्तं पञ्चेति । अनियंत्रितानि हीन्द्रियाणि पदे पदे क्लेशमहासागर एव पातयन्तीत्यतस्तन्निरोधोऽवश्यङ्करणीय इति भावः ॥

ઇન્દ્રિયનિરોધનું નિરૂપણ

ભાવાર્થ – "તે તે વિષયોથી તે તે ઇન્દ્રિયોના વિરમણરૂપ પાંચ ઇન્દ્રિયનિરોધો કહેવાય છે."

વિવેચન – અનુકૂળપણાએ કે પ્રતિકૂળપણાએ પ્રાપ્ત સ્પર્શ-રસ-ગંધ-વર્ણ-શબ્દરૂપ વિષયોથી, તે તે ઇન્દ્રિયોના સ્પર્શન-રસન-ઘ્રાણ-ચક્ષુ-શ્રોત્રરૂપ પાંચ ઇન્દ્રિયોથી વિરમણ એટલે આસક્તિનો અભાવ. ઇન્દ્રિયો પાંચ પ્રકારની હોઈ તેનો નિરોધ પાંચ પ્રકારનો છે. ખરેખર, અનિયંત્રિત ઇન્દ્રિયો પગલે પગલે ક્લેશ(દુઃખ)સાગરમાં જ પાડે છે, માટે તેનો નિરોધ અવશ્ય કરવા લાયક છે એમ જાણવું.

प्रतिलेखनामाचष्टे –

आगमानुसारेण वस्त्रपात्रादीनां सम्यङ्निरीक्षणपूर्वकं प्रमार्जनं प्रतिलेखना ॥५३॥

आगमेति । लिख अक्षरविन्यास इत्यस्य प्रतिपूर्वकस्य भावे ल्युटि प्रतिलेखनेति प्रयोगः, उपसर्गमहिम्ना धात्वर्थभेदेन शास्त्रानुसारेण वस्त्रादीनां निरीक्षणमर्थः सा च सर्वक्रियामूलभूता, अनेकप्रकारापि सा दिनचर्योपयोग्युपकरणविषयाऽत्रोक्ता वस्त्रपात्रादीति पदेन । कालत्रयभाविनी चैषा, रात्रेश्चतुर्थप्रहरे, दिनस्य तृतीयप्रहरान्ते, उद्घाटपौरुष्याञ्चेति, तत्र प्रभाते उत्सर्गादिकरणानन्तरं प्रथमं वस्त्रविषया प्रतिलेखना, सापि मुखपोतिकारजोहरण-निषद्याद्वयचोलपट्टकल्पत्रिकसंस्तारकोत्तरपट्टरूपाणां दशानां भवति, दण्डकमपीति केचित् । अनुद्गत एव सूर्ये विधेया, तत्रोत्कटिकासनस्थो मुखपोतिकां प्रतिलिख्य प्रकाशदेशस्थो रजोहरणं प्रतिलिखति तत्र प्रभाते आन्तरीं सूत्रमयीं निषद्यामपराह्णे तु बाह्यामूर्णामयीं

प्रतिलिखेत्, ततश्चोलपट्टं ततस्त्रयोदशभिः प्रतिलेखनाभिः स्थापनाचार्यं प्रतिलिख्य स्थाने संस्थाप्य मुखवस्त्रिकां प्रतिलिखेत्, ततश्चैकेन क्षमाश्रमणेनोपधिसन्देशमाप्य द्वितीयेन तेनोपधिं प्रतिलिखेत्, तत्र पूर्वमौर्णं कल्पं ततस्सौत्रं कल्पद्वयं ततस्संस्तारकं ततश्चोत्तरपट्टमिति प्रतिलेखनाक्रमः । उपयुक्तस्सन्नेषां प्रत्युपेक्षणां कुर्यात्, तथा च षण्णामाराधको भवति, अकरणे च दोषाः । ततश्च जाते सूर्योदये शेषमप्युपधिं प्रतिलिख्य वसतिं ततो दण्डं प्रमार्जयेत्, प्रतिलेखनं चक्षुषा निरीक्षणं प्रमार्जनञ्च रजोहरणादिभिरिति भेदेऽपि अविनाभावित्वेन तयोः प्रतिलेखनाशब्देनैव लक्षितं मूलेन । इति प्रातः प्रतिलेखना भाव्या । ततश्चरमपौरुष्यां प्राप्तायां पात्राणि प्रतिलेख्यानि, तृतीयप्रहरान्ते मुखवस्त्रिकाचोलपट्टगोच्छकपात्रप्रतिलेखनिकापात्रबन्धपटलरजस्त्राणपात्रस्थापनमात्रकपतद्ग्रहरजोहरणकल्पत्रिकाण्यनुक्रमं प्रत्युपेक्षणीयानि, तथाऽन्योऽप्यौपग्रहिकोपधिः, प्रत्युपेक्षणीयः । उद्घाटपौरुष्याञ्च सप्तविधपात्रनिर्योगप्रत्युपेक्षणा भवति, तत्रासने समुपविष्टः प्रथमं मुखवस्त्रिकां प्रत्युपेक्ष्य गोच्छकं प्रत्युपेक्षते ततः पटलानि ततः पात्रकेसरिकां ततः पात्रबन्धं ततो रजस्त्राणं ततः पात्रं ततः पात्रस्थापनमिति, अत्र अरुणोदयादावावश्यंक पूर्वमेव कृत्वा तत अरुणोद्गमसमये प्रत्युपेक्षणा क्रियते । अपरे त्वाहुः अरुणे उद्गते सति प्रभायां स्फुटितायां सत्यामावश्यकं पूर्वं कृत्वा ततः प्रत्युपेक्षणा क्रियत इति, अन्ये त्वाहुर्यदा परस्परं मुखानि विभाव्यन्ते तदा प्रत्युपेक्षणा क्रियत इति, इतरे त्वाहुर्यस्यां वेलायां पाणिरेखा दृश्यन्ते तदानीमिति, वेलायाञ्च न्यूनायामधिकायां वा प्रत्युपेक्षणा न कार्या, तत्र जिनकल्पिकानामोघोपधिर्द्वादशविधः, स्थविरकल्पिकानां चतुर्दशविधः, आर्याणां पञ्चविंशतिविधः । अत ऊर्ध्वं यथासम्भवमौपग्रहिकोपधिर्भवति ॥

પ્રતિલેખનાનું વર્ણન

ભાવાર્થ – "આગમના અનુસારે વસ્ત્ર-પાત્ર આદિનું સારી રીતે નિરીક્ષણપૂર્વક પ્રમાર્જન, એ 'પ્રતિલેખના' કહેવાય છે.

વિવેચન – 'લિખધાતુ અક્ષરવિન્યાસના અર્થમાં છે. તે લિખધાતુ પ્રતિ ઉપસર્ગની સાથે છે. તેને ભાવમાં લ્યુટ્ (અન્) પ્રત્યય લાગી સ્ત્રીલિંગમાં 'પ્રતિલેખના' એવો શબ્દ સિદ્ધ થાય છે. ઉપસર્ગના મહિમાથી ધાતુનો અર્થભેદ થતો હોવાથી શાસ્ત્રના અનુસારે વસ્ત્ર આદિનું નિરીક્ષણ, એવો અર્થ થાય છે. વળી તે પ્રતિલેખના સર્વ ક્રિયાની મૂળભૂત છે અનેક પ્રકારવાળી પણ તે વસ્ત્ર-પાત્ર આદિ પદથી દિનચર્યામાં ઉપયોગી ઉપકરણ વિષયવાળી અહીં કહેલી છે.

o આ પ્રતિલેખના ત્રણ કાળમાં થનારી છે. (૧) રાત્રિના ચોથા પ્રહરમાં, (૨) દિવસના ત્રીજા પ્રહરના અંતમાં અને (૩) ઉઘાડા પોરસીમાં (ભણાવવાની પોરસીમાં). ત્યાં પ્રભાતમાં કાઉસ્સગ્ગ આદિ (છ આવશ્યક પ્રતિક્રમણ) કર્યા પછી પહેલાં વસ્ત્રવિષયક પ્રતિલેખના. તે પણ મુખવસ્ત્રિકા-રજોહરણ-બે નિષદ્યા-ચોલપટ્ટો-ત્રણ કલ્પ-સંથારો-ઉત્તરપટ્ટારૂપ દશની પ્રતિલેખના થાય છે. દંડાની પણ પ્રતિલેખના છે, એમ કેટલાક કહે છે. સૂર્યના ઉગ્યા પહેલાં તે કરવું જોઈએ.

o ત્યાં ઉત્કટિકા આસનમાં રહેલો, મુહપત્તિનું પડિલેહણ કરી પ્રકાશવાળા પ્રદેશમાં રહેલો ઓઘાને પડિલેહે છે. ત્યાં પ્રભાતમાં અંદરની સુતરાઉ નિષદ્યા (આસન) અપરાહ્નમાં (દિવસના પશ્ચિમ ભાગમાં) તો બહારની ઊનની નિષદ્યા(આસન)ને પડિલેહે. સ્થાનમાં મૂકી મુહપત્તિ પડિલેહે. ત્યારબાદ એક ખમાસમણું દઈ 'ઉપધિ સંદિસાહું'-એમ આદેશ માગી બીજા ખમાસમણથી 'ઉપધિ પડિલેહું'-એમ આદેશ માગી ઉપધિનું પડિલેહણ કરે ! તે પછી પહેલાં ઊનના કલ્પને (કંબલને), ત્યારબાદ સુતરાઉ બે કલ્પને (ચાદરને), બાદ સંથારાને અને ત્યારપછી ઉત્તરપટ્ટાને પડિલેહે. એમ પડિલેહનાનો ક્રમ છે.

o ઉપયોગવાળા બની આ દશ ઉપકરણોની પ્રતિલેખના કરે ! તથાચ ષડ્જીવનિકાયનો આરાધક થાય છે. પ્રતિલેખના નહિ કરવામાં વિરાધનાદિ દોષો લાગે છે.

o ત્યારબાદ સૂર્યનો ઉદય થયા પછી શેષ ઉપધિને પડિલેહી વસતિનું પ્રમાર્જન (કાજો કાઢવો-લેવો-પરઠવવો વગેરે પ્રમાર્જન) કરે અને દંડનું પ્રમાર્જન કરે !

o પ્રતિલેખન એટલે આંખથી જોવું અને રજોહરણ (ઓઘો-દંડાસણ) આદિથી પ્રમાર્જન (પૂંજવું આદિ) કહેવાય છે. આમ ભેદ હોવા છતાંય, તે બંને અવિનાભાવી હોઈ પ્રતિલેખના શબ્દથી લક્ષિત મૂળથી સમજવું. આમ સવારની પ્રતિલેખના ભાવવી. ત્યારપછી છેલ્લી પોરસી પ્રાપ્ત થયે છતે પાત્રાની પડિલેહણ કરવી. ત્રીજા પ્રહરના અંતે (૧) મુહપત્તિ, (૨) ચોલપટ્ટો, (૩) ગોચ્છક (પાત્રાં ઉપર બાંધવા માટે ગુચ્છા), (૪) પાત્રપ્રતિલેખનિકા (ચરવળી), (પાત્ર કેસરિકા પૂંજણી), (૫) પાત્રબંધ (ઝોળી), (૬) પટલ (પડલા-પલ્લા), (૭) રજસ્ત્રાણ (પાત્રના રક્ષણ માટેનું વસ્ત્ર), (૮) પાત્રસ્થાપન (પાત્રાં મૂકવા માટેનું ઊનનું વસ્ત્ર), (૯) પાત્રક (તરપણી વગેરે), (૧૦) પતદ્ગ્રહ (પાત્રાં-ગૃહસ્થના હાથમાંથી પડતી અશનાદિ વસ્તુ એ દ્વારા ગ્રહણ કરાય છે.), (૧૧) રજોહરણ (ઓઘો ધર્મધ્વજ છે.) અને (૧૨) ત્રણ કલ્પો (સાડાત્રણ હાથ લાંબુ અને અઢીહાથ વિસ્તારવાળા, બે સુતરની ચાદરો તથા એક ઊનનું કંબલ-એમ ત્રણ કલ્પ કહેવાય છે.)નું ક્રમવાર પ્રતિલેખન-પ્રમાર્જન કરવું જોઈએ. તેમજ બીજી પણ ઔપગ્રહિકા જે કારણપ્રસંગે સંયમના નિર્વાહ માટે ગ્રહણ કરાય, તે ઉપધિનું પડિલેહણ-પ્રમાર્જનાદિ કરવું.

o ઉઘાડા પોરસીમાં (સવારના પાત્રાના પડિલેહણની પોરસીમાં) સાત પ્રકારના પાત્રાની આજ્ઞા વિધિપૂર્વક પ્રતિલેખના થાય છે. ત્યાં આસન ઉપર બેઠેલો પહેલાં મુહપત્તિને પહિલેહી ગોચ્છાને પડિલેહે. ત્યારબાદ પડલાને (પલ્લાને), ત્યારપછી પાત્રકેસરિકાને (ચરવળી-પૂંજણીને), ત્યારબાદ ઝોળીને, પછી રજસ્ત્રાણને, પછી પાત્રાને અને પછી પાત્રસ્થાપનને (ઊનના વસ્ત્રને) પડિલેહે. એવો બહુપ્રતિપૂર્ણા પોરસીના પડિલેહણનો ક્રમ છે.

○ અહીં અરૂણોદયની આદિમાં પહેલાં જ આવશ્યક (પ્રતિક્રમણ) કરી પછી અરૂણ (સૂર્ય)ના ઉગવાના સમયમાં પડિલેહણા કરાય છે. કેટલાક કહે છે કે-'સૂર્ય ઉગ્યા બાદ, પ્રભાત ફૂટ્યા બાદ પહેલાં આવશ્યક કરી, પછી પડિલેહણા કરાય છે.' બીજા કેટલાક કહે છે કે-'જ્યારે અરસપરસ મ્હોં દેખાય, ત્યારે પડિલેહણા કરાય છે.' બીજા કેટલાક કહે છે કે-'જે વેળામાં હાથની રેખા દેખાય, તે વખતે પડિલેહણ કરાય છે. વળી ન્યૂન કે અધિક વેળામાં પડિલેહણ ન કરવી.'

○ ત્યાં જિનકલ્પિકને બાર પ્રકારની ઔધિક ઉપધિ છે, સ્થવિરકલ્પિકને ચૌદ પ્રકારની ઔધિક ઉપધિ છે અને સાધ્વીઓને પચીસ પ્રકારની ઔધિક ઉપધિ છે.

तत्र प्रतिलेखनायाःक्रमो विधियुत आगमादौ सुस्पष्टमुपपादितोऽत्र तु केवलं स्थानाशून्यार्थं तस्या वाक्योच्चारणात्मिकाया विशेषमादर्शयति.

सा च सूत्रार्थतत्त्वश्रद्धानसम्यक्त्वमिश्रमिथ्यात्वमोहनीयवर्जनकामस्नेहदृष्टिराग-परिहारशुद्धदेवगुरुधर्मादरकुदेवकुगुरुकुधर्मापरिवर्जनज्ञानदर्शनचारित्रादरज्ञानदर्शन-चारित्रविराधनापरिहारमनोवचनकायगुप्त्यादरमनोवाक्कायदण्डपरिहाररूप भावनाग-र्भितवचनोच्चारणपूर्वकवस्त्रादिनिरीक्षणप्रमार्जनरूपा पञ्चविंशतिप्रकारा विज्ञेया ॥५४॥

सा चेति । इयञ्च प्रतिलेखनोपकरणविषया, सूत्रतदर्थयोः तत्त्वतः श्रद्धानमेकं, सम्यक्त्वमिश्रमिथ्यात्वमोहनीयानां वर्जनात्मकानीति त्रीणि, कामस्नेहदृष्टीनां रागस्य परिहार इति त्रीणि, शुद्धा ये देवगुरुधर्मास्तेषामादर इति त्रीणि, कुदेवकुगुरुकुधर्माणां परिवर्जनमिति त्रीणि, ज्ञानदर्शनचारित्राणामादर इति त्रीणि, ज्ञानदर्शनचारित्राणां विराधनायाः परिहार इति त्रीणि, मनोवचनकायानां गुप्तेरादर इति त्रीणि, मनोवाक्कायानां दण्डस्य परिहार इति त्रीणि, सर्वेषां मेलनेन पञ्चविंशतिवचनानामुच्चारणपुरस्सरं भावनया पञ्चविंशतिविधानां वस्त्रादीनां निरीक्षणपूर्वकं प्रमार्जनं विधेयमिति भेदानेतानादाय पञ्चविंशतिप्रकारा प्रतिलेखना प्रोक्ता, स्वसमये एषा सुप्रसिद्धेति नात्र विशेषतो विचार उपन्यस्यते ॥

આનાથી ઉપર સંભવ પ્રમાણે કારણિક, ઔપગ્રહિક ઉપધિ હોય છે. ત્યાં પ્રતિલેખનાનો ક્રમ વિધિસહિત આગમ આદિમાં અત્યંત સ્પષ્ટરૂપે ઉપપાદિત છે. અહીં તો ફક્ત સ્થાનશૂન્ય ન રહે, માટે તે પ્રતિલેખનાના વાક્યના ઉચ્ચારણરૂપ (પચીસ બોલ) વિશેષને બતાવે છે.

પચીશ પ્રકારની પ્રતિલેખના

ભાવાર્થ – "તે પ્રતિલેખના, સૂત્ર અને સૂત્રાર્થની તત્ત્વથી શ્રદ્ધારૂપ એક, સમ્યક્ત્વમોહનીય-મિશ્રમોહનીય-મિથ્યાત્વમોહનીયના પરિહારરૂપ ત્રણ, કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગના પરિહારરૂપ ત્રણ,

શુદ્ધ દેવ-સુગુરુ-સુધર્મના આદરરૂપ ત્રણ, કુદેવ-કુગુરુ-કુધર્મના પરિવર્જનરૂપ ત્રણ, જ્ઞાન-દર્શન-ચારિત્રના આદરરૂપ ત્રણ, જ્ઞાનવિરાધના-દર્શનવિરાધના-ચારિત્રવિરાધનાના પરિહારરૂપ ત્રણ, મનોગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિના આદરરૂપ ત્રણ અને મનોદંડ-વચનદંડ-કાયદંડના પરિહારરૂપ ત્રણ; આવી ભાવનાથી ગર્ભિત વચનના ઉચ્ચારપૂર્વક વસ્ત્ર આદિના નિરીક્ષણ-પ્રમાર્જનરૂપ પચીશ પ્રકારની જાણવી.

વિવેચન – સૂત્ર-અર્થ-તત્ત્વ કરી સદહું (૧) સમકિતમોહનીય-મિશ્રમોહનીય-મિથ્યાત્વમોહનીય પરિહરું (૨), કામરાગ-સ્નેહરાગ-દૃષ્ટિરાગ પરિહરું (૩), શુદ્ધ દેવ શુદ્ધ ગુરુ-સુધર્મ આદરું (૪), કુદેવ-કુગુરુ-કુધર્મ પરિહરું (૫) જ્ઞાન-દર્શન-ચારિત્ર આદરું (૬), જ્ઞાનવિરાધના-દર્શનવિરાધના-ચારિત્રવિરાધના પરિહરું (૭), મનગુપ્તિ-વચનગુપ્તિ-કાયગુપ્તિ આદરું (૮) અને મનદંડ-વચનદંડ-કાયદંડ પરિહરું; આવા પચીશ બોલપૂર્વક ભાવનાથી (પચીસ પ્રકારના) વસ્ત્ર આદિના નિરીક્ષણપૂર્વક પ્રમાર્જન કરવું. આમ આ ભેદોને લઈને પચીસ પ્રકારવાળી પ્રતિલેખના કહેલ છે. સ્વશાસ્ત્રમાં (શાસનમાં) આ પ્રતિલેખના સુપ્રસિદ્ધ છે, માટે અહીં વિશેષથી વિચારનો ઉપન્યાસ નથી.

अङ्गप्रमार्जनारूपां प्रतिलेखनामाचष्टे –

हास्यरत्यरतिपरिहार भयशोकजुगुप्सापरिहारकृष्णनीलकापोतलेश्यापरिहाररसर्द्धिसातगौरवपरिहारमायामिथ्यानिदानशल्यपरिहारक्रोधमानमायालोभपरिहारपृथिव्याप्तेजोवायुवनस्पतित्रसकायरक्षणात्मक भावपूर्णवचनोच्चारणपूर्वकस्वाङ्गप्रमार्जनात्मिका वा सा पञ्चविंशतिरूपोपलक्षणतो बोध्या ॥ ५५ ॥

हास्येति । स्पष्टम्, अथार्त्तरौद्रध्यानानुबन्धिकल्पनानिचयवियोगात्मिकायाश्शास्त्रानुसारिण्याः परलोकसाधिकाया धर्मध्यानानुबन्धिन्या माध्यस्थ्यपरिणतिरूपायाः कुशलाकुशलमनोवृत्तिनिरोधेन योगनिरोधावस्थाभाविन्या आत्मारामात्मिकाया मनोगुप्तेः, अर्थसूचकाङ्गचेष्टापरिहारेण वागभिग्रहकरणरूपाया वाचनप्रच्छनपरपृष्टार्थव्याकरणादिषु लोकागमाविरोधेन मुखवस्त्रिकाच्छादितमुखतया भाषणात्मिकाया वाग्गुप्तेः, दिव्यमानुषाद्युपसर्गसद्भावेऽपि क्षुत्पिपासादिसम्भवेऽपि कायोत्सर्गकरणादिना निश्चलताकरणरूपायाः सर्वथा कायचेष्टानिरोधरूपाया वा तथा गुरुप्रच्छनशरीरसंस्तारकभूम्यादिप्रतिलेखनप्रमार्जनादिसमयोक्तक्रियाकलापपुरस्सरं शयनादिरूपायाः कायगुप्तेश्च पूर्वमेव प्रायो निरूपितत्वादिह निरूपणं पुनरुक्तप्रायमिति मत्वा प्राह –

અંગના પ્રમાર્જનરૂપ પ્રતિલેખનાનું કથન

ભાવાર્થ – "હાસ્ય-રતિ-અરતિના પરિહારરૂપ ત્રણ, ભય-શોક-દુગંછાના પરિહારરૂપ ત્રણ, કૃષ્ણલેશ્યા-નીલલેશ્યા-કાપોતલેશ્યાના પરિહારરૂપ ત્રણ, રસગૌરવ-ઋદ્ધિગૌરવ-શાતાગૌરવના પરિહારરૂપ

ત્રણ, માયાશલ્ય-નિયાણશલ્ય-મિથ્યાત્વશલ્યના પરિહારરૂપ ત્રણ, ક્રોધ-માન-માયા-લોભના પરિહારરૂપ ચાર, પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાયુકાય-વનસ્પતિકાય-ત્રસકાયના રક્ષણરૂપ છ; એમ ભાવપૂર્વક, વચનના ઉચ્ચારણપૂર્વક પોતાના અંગના પ્રમાર્જનરૂપ જે પ્રતિલેખના પચીશરૂપ છે, તે ઉપલક્ષણથી જાણવી.

વિવેચન – સ્પષ્ટ હોવાથી ટીકા નથી. હવે આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની પરંપરાસર્જક કલ્પનાઓના સમૂહના વિયોગરૂપ, શાસ્ત્રને અનુસરનારી, પરલોકની સાધિકા, ધર્મધ્યાનની પરંપરાકારક, માધ્યસ્થ પરિણતિરૂપ, કુશલ-અકુશલ મનોવૃત્તિના નિરોધથી યોગનિરોધની અવસ્થામાં થનારી આત્મારામ આત્મક મનોગુપ્તિનું અર્થસૂચક અંગની ચેષ્ટાના પરિહારપૂર્વક, વાણીના અભિગ્રહરૂપ (મૌનધારણરૂપ) વાચના-પૃચ્છના-બીજાએ પૂછેલા અર્થના પ્રત્યુત્તર આદિમાં લોક અને આગમના અવિરોધપૂર્વક, મુહપત્તિથી આચ્છાદિત મુખ રાખી ભાષણરૂપ વચનગુપ્તિનું, દેવ-મનુષ્ય વગેરેના ઉપસર્ગનો સદ્ભાવ છતાં, ભૂખ-તરસ આદિનો સંભવ છતાં કાયોત્સર્ગ કરવા આદિપૂર્વક, નિશ્ચળતાકરણરૂપ, અથવા સર્વથા કાયચેષ્ટાના નિરોધરૂપ તેમજ ગુરુને પૂછવાપૂર્વક શરીર-સંથારો-ભૂમિ આદિના પ્રતિલેખન-પ્રમાર્જન આદિ રૂપ, શાસ્ત્રમાં કહેલ ક્રિયાકલાપપૂર્વક શયન આદિ રૂપ કાયગુપ્તિનું પહેલાં જ પ્રાયઃ નિરૂપણ કરેલું હોવાથી, અહીં નિરૂપણ પુનરુક્ત પ્રાયઃ છે એમ માનીને કહે છે.

प्रागुपदर्शिता गुप्तयस्तिस्रः ॥ ५६ ॥

प्रागिति । संवरनिरूपणे उपदर्शिता इत्यर्थः ॥

ત્રણ ગુપ્તિઓ

ભાવાર્થ – "ત્રણ ગુપ્તિઓ પહેલાં દર્શાવેલ છે."

વિવેચન – પહેલાં એટલે સંવરનિરૂપણમાં ત્રણ ગુપ્તિઓ દર્શાવેલ છે.

अथाभिग्रहमाख्याति –

साधुनियमविशेषोऽभिग्रहः । स च द्रव्यक्षेत्रकालभावतश्चतुर्विधः ॥ ५७ ॥

साध्विति, अभिगृह्यन्ते साधुभिर्नियमविशेषा द्रव्यादिभिरनेकप्रकारास्तेऽभिग्रहाः, तथा च साधूनां नियमविशेषोऽभिग्रहो यथेत्थमाहारादिकममीषां कल्पते नेत्थंभूतमित्येवंरूप इति भावः । द्रव्यक्षेत्रकालभावविशेषप्रयुक्तत्वात्स चतुर्विधो भवतीत्याशयेनाह स चेति ॥

અભિગ્રહનું નિરૂપણ

ભાવાર્થ – "સાધુઓના નિયમવિશેષને 'અભિગ્રહ' કહે છે. વળી તે અભિગ્રહ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચાર પ્રકારનો છે."

વિવેચન – સાધુઓ વડે જે નિયમવિશેષો, દ્રવ્ય આદિથી અનેક પ્રકારના અભિગૃહીત કરાય છે, તે 'અભિગ્રહો' કહેવાય છે. તથાચ સાધુઓનો નિયમવિશેષરૂપ અભિગ્રહ, જેમ આવી રીતે આહાર આદિ આ

સાધુઓને ખપે છે, આવું ખપતું નથી-આવા રૂપનો હોય છે. દ્રવ્ય-ક્ષેત્ર-ભાવવિશેષથી જન્ય હોવાથી તે અભિગ્રહ ચાર પ્રકારનો થાય છે.

तत्र द्रव्याद्यभिग्रहानाह--

विशिष्टद्रव्यपरिग्रहो द्रव्याभिग्रहः । विशिष्टक्षेत्रस्थदातृसकाशादन्नादिग्रहणं क्षेत्राभिग्रहः । विशिष्टकाल एवान्नादिग्रहणं कालाभिग्रहः । विशिष्टभावयुतदातृसकाशादन्नादिपरिग्रहो भावाभिग्रहः । इति करणनिरूपणम् ॥ ५८ ॥

विशिष्टेति । विशिष्टं द्रव्यं लेपवज्जुगार्यादि तन्मिश्रं अलेपवद्वा मण्डकादिद्रव्यमद्य ग्रहीष्यामि दर्वीकुन्तादिना, अथवा यद्यहं कुल्माषबाकुलान् शूर्पैककोणस्थान् लप्स्ये तान् ग्रहीष्यामि नान्यथेत्येवमादिरूपो द्रव्यविषयो नियम इत्यर्थः । क्षेत्राभिग्रहमाह विशिष्टक्षेत्रेति, निगडनियंत्रितचरणा यद्येकं पादमुदुम्बरस्य मध्ये द्वितीयं च बहिष्टाद्दात्री करिष्यति तदाहं भिक्षां ग्रहीष्यामि नान्यथेत्यादिरूप इत्यर्थः । कालाभिग्रहमाचष्टे विशिष्टकालेति, यदि दिवसद्वितीयपौरुष्यामतिक्रान्तायां दास्यति तदा भिक्षां ग्रहीष्यामि नान्यथेत्येवंरूप इत्यर्थः । भावाभिग्रहमाह विशिष्टभावेति, विशिष्टभावश्च, उत्क्षिप्तचरकाः,संख्यादत्तिका इष्टलाभिकाः पृष्टलाभिका इत्यादयः, त एते गुणगुणिनोः कथञ्चिदभेदाद्भावयुता अभिग्रहा भवन्ति, यद्वा गायन् यदि दास्यति तदा मया ग्रहीतव्यं, एवं रुदन् वा, निषण्णो वा, उत्थितो वा, संप्रस्थितो वा यद्ददाति तद्विषयो योऽभिग्रहः सर्वोऽपि स भावाभिग्रह इत्यर्थः । लेशेनैवं सति प्रयोजने क्रियमाणा मोक्षार्थिभिः करणसप्ततिर्निरूपितेत्याहेतीति ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टधर-**श्रीमद्विजयकमलसूरीश्वर**-चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाशटीकायां** करणसप्ततिनिरूपणंनाम **द्वितीयः किरणः ॥**

द्रव्य आदि अभिग्रहोनुं वर्णन

भावार्थ – "विशिष्ट द्रव्यनो परिग्रह, ए 'द्रव्याभिग्रह' कहेवाय छे. विशिष्ट क्षेत्रमां रहेल दाताना पासेथी अन्न आदिनुं ग्रहण, ए 'क्षेत्राभिग्रह' कहेवाय छे. विशिष्ट काळमां ज अन्न आदिनुं ग्रहण, ए 'कालाभिग्रह' कहेवाय छे. विशिष्ट भाव सहित दाताना पासेथी अन्न आदिनो परिग्रह, ए 'भावाभिग्रह' कहेवाय छे. आ प्रमाणे करण(सप्तति)नुं निरूपण समाप्त थाय छे."

विवेचन – विशिष्ट द्रव्य एटले लेपवाळुं जुगारि (जु-आरि अन्नविशेष आदि), तेनाथी मिश्रित, अथवा अलेपवाळा मंडक आदि द्रव्यने हुं आजे ग्रहण करीश. कडछीना अग्रभाग आदिथी अथवा सूपडाना

એક ખૂણામાં રહેલ અડદના બાકુલા જો મળશે, તો તેને ગ્રહણ હું કરીશ, અન્યથા નહિ. ઇત્યાદિ રૂપ દ્રવ્યવિષયનો નિયમ 'દ્રવ્યાભિગ્રહ' કહેવાય છે.

○ બેડીથી બંધાયેલ ચરણવાળી જો એક પગને ઉંબરાની અંદર અને બીજા પગને ઉંબરાની બહાર આપનારી આપશે, તો હું ભિક્ષાને લઈશ, નહિ તો નહિ. ઇત્યાદિ રૂપ 'ક્ષેત્રાભિગ્રહ' કહેવાય છે.

○ જો દિવસની બીજી પોરસી વીતી ગયા બાદ આપશે, તો હું ભિક્ષાને લઈશ, નહિ તો નહિ. ઇત્યાદિ રૂપ 'કાલાભિગ્રહ' કહેવાય છે.

○ ઉત્ક્ષિપ્તચરક (ચરક આદિની ભિક્ષાપ્રાપ્તિ બાદ) સંખ્યાદત્તિવાળા, ઇષ્ટલાભવાળા, પૃષ્ટલાભવાળા ઇત્યાદિ, તે આ બધા ગુણ અને ગુણીના કથંચિત્ અભેદથી ભાવયુત અભિગ્રહો થાય છે. અથવા ગાનાર જો આપશે, તો મારે લેવું. અથવા આ પ્રમાણે રડતો, બેઠેલો, ઉભેલો, ચાલેલો જે આપે છે, તે વિષયવાળો જે અભિગ્રહ છે, તે સઘળોય 'ભાવાભિગ્રહ' છે. પ્રયોજન છતે મોક્ષાર્થીઓથી કરાતી 'કરણસપ્તતિ'નું નિરૂપણ સંક્ષેપથી કરેલું છે.

ઇતિ તપોગચ્છનભોમણિ **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર **શ્રીમદ્વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર **શ્રીમદ્વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ **'ન્યાયપ્રકાશ'** નામની વ્યાખ્યામાં-ટીકામાં **'કરણસપ્તતિનિરૂપણ'** નામનું **બીજું કિરણ** સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજયભુવનતિલકસૂરિના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ વિજયભદ્રંકરસૂરિએ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **બીજા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

●●●

तृतीयः किरणः

अथ चारित्रिणां सामायिकादीनां निरूपणे कृतेऽपि प्रकारान्तरेण चारित्रिणो-निरूपयितुमाह —

સામાયિકાદિ ચારિત્રનું નિરૂપણ કર્યું, છતાં બીજા પ્રકારથી તે ચારિત્રવંતોનું નિરૂપણ કરવામાં આવે છે.

तद्वान् चारित्रीत्युच्यते । स पञ्चविधः पुलाकबकुशकुशीलनिर्ग्रन्थस्नातकभेदात् ।१।

तद्वानिति । करणचरणरूपचारित्रविशिष्ट इत्यर्थः । तस्य भेदानाह पुलाकेति ।

પુલાકાદિ નિરૂપણ નામક ત્રીજું કિરણ

ભાવાર્થ – "ચારિત્રવાળો પુલાક-બકુશ-કુશીલ-નિર્ગ્રન્થ-સ્નાતકના ભેદથી પાંચ પ્રકારનો છે."

વિવેચન – તે વાળો એટલે કરણચરણરૂપ ચારિત્રથી વિશિષ્ટ, તેના ભેદો પુલાક વગેરે કહેલા છે.

तत्र पुलाकं स्वरूपयति —

सङ्घादिप्रयोजनाय सबलचक्रवर्त्तिविध्वंससामर्थ्योपजीवनज्ञानाद्यतिचाराऽऽसेवना-न्यतरेण दोषवान् जिनागमादप्रतिपाती च पुलाकः, स द्विविधः लब्धिपुलाकस्सेवा-पुलाकश्चेति, देवेन्द्रसम्पत्तिसदृशसम्पत्तिमान् लब्धिविशेषयुक्तः पुलाको लब्धिपुलाकः । सेवापुलाकस्तु ज्ञानदर्शनचारित्रलिङ्गयथासूक्ष्मभेदेन पञ्चविधः ॥ २ ॥

सङ्घादीति । तन्दुलकणशून्या पलञ्जिः पुलाको लोके प्रोच्यते निस्सारत्वात् । तद्वदयं चारित्री सारभूतानां ज्ञानदर्शनचारित्राणामतिचारानासेवते तपश्रुताभ्यामुत्पन्नां लब्धिं बिभर्त्ति प्रयुङ्क्ते च समये, जिनप्रणीतादागमादनवरतमप्रतिपाती च, सम्यग्दर्शनज्ञानचरणानि निर्वाण-कारणानीति श्रद्धानो ज्ञानानुसारेण क्रियानुष्ठायी च, तत्र संघादिप्रयोजने सबलवाहनस्य चक्रवर्त्त्यादेरपि चूर्णने समर्थायास्तपःश्रुतहेतुकाया लब्धेरुपजीवनेन ज्ञानाद्यतिचारासेवनेन वा

यस्संयमसाररहितो जिनप्रेरितात्त्वागमात् सदैवाप्रतिपाती सन् ज्ञानानुसारेण क्रियानुष्ठायी स पुलाक इति भावः । उपजीवनान्तेन लब्धिमत्ता दोषवानित्यन्तेन निस्सारताऽवशिष्टेन च सम्यग्दृष्टिता सूचिता । तस्य भेदमाह—स चेति, भेदप्रकारमाह लब्धिपुलाकेति, लब्ध्या युतः पुलाको लब्धिपुलाकः, सेवया अतिचारसेवनया युतः पुलाकस्सेवापुलाकः इत्यर्थः । तत्र लब्धिपुलाकमाह देवेन्द्रेति, देवेन्द्रस्य या सम्पत्तिस्तत्सदृशसम्पत्तिमानित्यर्थः, कुत इत्यत्र हेतुगर्भविशेषणमाह लब्धिविशेषेति, साधारणलब्धियुतो न, किन्तु देवेन्द्रसम्पत्तितुल्य-सम्पत्तिप्रसवयोग्यलब्धिविशेषयुक्त इति भावः, सोऽन्योऽपि भवेदित्यत्र आह पुलाक इति, केचित्तु आसेवनतो यो ज्ञानपुलाकस्तस्येयमीदृशी लब्धिः, स एव च लब्धिपुलाको न कश्चित्तद्व्यतिरिक्तोऽपर इत्याहुः । सेवापुलाकस्य प्रकारानाह सेवापुलाकस्त्विति ॥

પુલાકનું સ્વરૂપવર્ણન

ભાવાર્થ – "સંઘ આદિના પ્રયોજન માટે સેના સહિત ચક્રવર્તીના વિધ્વંસના સામર્થ્યથી, જીવનથી કે જ્ઞાનાદિના અતિચારના સેવનથી દોષવાળો, જિન આગમથી અપ્રતિપાતી 'પુલાક' કહેવાય છે. તે લબ્ધિપુલાક અને સેવાપુલાકના ભેદથી બે પ્રકારનો છે. દેવેન્દ્રની સંપત્તિ સમાન સંપત્તિવાળો, લબ્ધિવિશેષથી યુક્ત પુલાક 'લબ્ધિપુલાક' કહેવાય છે. સેવાપુલાક તો જ્ઞાન-દર્શન-ચારિત્ર-લિંગ-યથાસૂક્ષ્મના ભેદથી પાંચ પ્રકારનો છે."

વિવેચન – પુલાક એટલે ફોતરું. કમોદમાંથી ચોખાનો દાણો કાઢી લઈએ અને બાકી ફોતરું રહે તેનું નામ લોકમાં 'પુલાક' કહેવાય છે. તે નિઃસાર છે. તેની માફક આ પુલાકચારિત્રી સારભૂત એવા જ્ઞાન-દર્શન-ચારિત્રના અતિચારોને સેવે છે, તપ અને શ્રુતથી ઉત્પન્ન થયેલી લબ્ધિને ધારે છે, સમયે પ્રયોગ કરે છે અને શ્રી જિનકથિત આગમથી નિત્ય નિરંતર અપ્રતિપાતી છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રો નિર્વાણના કારણો છે. એવી શ્રદ્ધા રાખનારો જ્ઞાનના અનુસારે ક્રિયાને કરનારો છે. ત્યાં સંઘાદિનું પ્રયોજન હોતે, બલવાહનવાળા ચક્રવર્તી આદિને પણ ચૂરવામાં સમર્થ, તપ અને શ્રુતથી જન્ય લબ્ધિથી-ઉપજીવનથી કે જ્ઞાન આદિના અતિચારોના સેવનથી જે સંયમના સાર વગરનો અને શ્રી જિનકથિત આગમથી તો હંમેશાં અપ્રતિપાતી હોતા જ્ઞાનના અનુસારે ક્રિયાને કરનારો, તે 'પુલાક' કહેવાય છે.

○ ઉપજીવન સુધીના પદથી લબ્ધિ, દોષવાળા સુધીના પદથી નિઃસારતા અને બાકીના (જિન આગમથી અપ્રતિપાતીરૂપ બાકીના) પદથી સમ્યગ્દૃષ્ટિપણું સૂચિત કરેલ છે.

○ લબ્ધિવાળો પુલાક 'લબ્ધિપુલાક' અને અતિચારસેવનવાળો પુલાક 'સેવાપુલાક'–એમ પુલાકના બે ભેદો છે.

(૧) લબ્ધિપુલાક-દેવેન્દ્રની જે સંપત્તિ છે, તેના સરખી સંપત્તિવાળો છે, સાધારણ લબ્ધિવાળો નથી, કેમ કે-દેવેન્દ્રસંપત્તિ સમાન સંપત્તિજનનયોગ્ય લબ્ધિવિશેષથી યુક્ત જે પુલાક, તે 'લબ્ધિપુલાક' કહેવાય છે.

○ કેટલાક તો આ સેવનથી જે જ્ઞાનપુલાક છે, તેને આવી લબ્ધિ હોય છે. તે જ લબ્ધિપુલાક છે, એનાથી ભિન્ન બીજો કોઈ નહિ એમ કહે છે.

○ જ્ઞાન-દર્શન-ચારિત્ર-લિંગ-યથાસૂક્ષ્મના ભેદથી સેવાપુલાક પાંચ પ્રકારનો છે.

सम्प्रति सेवापुलाकानां स्वरूपमाह –

सूत्राक्षराणां स्खलितमिलितादिभिरतिचारैर्ज्ञानमाश्रित्याऽऽत्मनो निस्सारकारी ज्ञानपुलाकः । कुदृष्टिसंस्तवादिभिरात्मगुणघातको दर्शनपुलाकः । मूलोत्तरगुणप्रतिसेवनया चारित्रविराधनेनात्मभ्रंशकश्चारित्रपुलाकः, तत्र मूलगुण महाव्रतादयः, उत्तरगुणाः पिण्डविशुद्ध्यादयः । उक्तलिङ्गाधिकलिङ्गग्रहणनिर्हेतुकापरलिङ्गकरणान्यतरस्मादात्मनो निस्सारकर्त्ता लिङ्गपुलाकः । ईषत्प्रमादमनःकरणकाकल्प्यग्रहणान्यतरेणाऽऽत्मभ्रंशको यथासूक्ष्मपुलाकः ॥ ३ ॥

सूत्राक्षराणामिति । सर्वद्रव्यपर्यायनयाद्यर्थसूचनात् पदानामनेकेषां सीवनात् सम्यक्कथनाद्वा सूत्रं, अल्पाक्षरं महार्थं द्वात्रिंशद्दोषविधुरं अष्टभिर्गुणैरुपेतञ्च तद्भवति, गुणाश्चैवं 'निर्दोषं सारभूतञ्च हेतुयुक्तमलङ्कृतम् । उपनीतं सोपचारं मितं मधुरमेव चे' ति । ईदृशञ्च सूत्रमस्खलितादिगुणोपेतमुच्चारणीयमपरथाऽतिचारप्राप्तिः स्यात्, तथा च सूत्राणां पूर्वोक्तलक्षणानां स्खलितमिलिताद्युच्चारणेन परिप्राप्तातिचारैर्ज्ञानस्य मालिन्याद् य आत्मानं निर्बलं विदधाति स ज्ञानपुलाक इत्यर्थः । सूत्रे तदर्थे वा यदृच्छया प्रवृत्तौ हि करणचरणस्यानवस्था भवति, ततश्च न तीर्थमनुसरति, नैव च प्रतिषिद्धं समाचरतस्तस्य संयमो भवति, तदभावे दीक्षा निरर्थिका तन्निरर्थकतायाञ्च मोक्षस्याप्यभावः स्यादिति निस्सारो भवत्यात्मा । अथ दर्शनपुलाकं लक्षयति कुदृष्टीति, कुत्सिता जिनागमविपरीतत्वाद्दृष्टिर्दर्शनं येषां ते कुदृष्टयः पाखण्डिनः, तेषां संस्तवः पुण्यभाज एते, सुलब्धमेषां जन्म, दयालव एत इत्येवं स्तुतिः, अयं हि सम्यक्त्वस्यातिचारः, यद्वा कुदृष्टिभिरेकत्र संवासात्परस्परालापजन्यः परिचयः कुदृष्टिसंस्तवः, अयमपि सम्यक्त्वस्यातिचारः, एकत्र वासे हि तत्प्रक्रियाश्रवणात्तत्तत्क्रियादर्शनाच्च दृढसम्यक्त्वस्यापि दृष्टिभेदस्सम्भाव्यते, किमुत मन्दबुद्धेर्नवधर्मस्य, तथा च कुदृष्टिसंस्तवादिभिर्य आत्मनो गुणस्य सम्यक्त्वस्य घातकस्स दर्शनपुलाक इति भावः । अथ चारित्रपुलाकमाह मूलोत्तरेति, मूलानीव चारित्रकल्पद्रुमस्य मूलानि, तद्रूपा ये गुणास्ते मूलगुणाः प्राणातिपातादिविरमणरूपास्तेषां प्रातिकूल्येन सेवनं मूलगुणप्रतिसेवनं, यथैकेन्द्रियाणां संघट्टनगाढागाढपरितापनोपद्रवणादिरूपं, मूलगुणापेक्षयोत्तरभूता गुणा वृक्षशाखा इवोत्तरगुणाः, पिण्डविशुद्ध्यादयः तेषां प्रतिसेवना, उत्तरगुणप्रतिसेवना, तत्र मूलोत्तरगुणप्रतिसेवनापदेन मूलोत्तरगुणातिचारप्रतिसेवना ग्राह्या पदैकदेशे पदसमुदायोपचारेण प्रातिकूल्येन वा

सेवनेनातिचारसम्भवात्कारणे कार्योपचारेण वा तथोक्तिः । मूलगुणानां पञ्चविधत्वादतिचारप्रतिसेवना पञ्चविधा, उत्तरगुणानां दशविधत्वात्तदतिचारप्रतिसेवनापि दशधा, एवम्प्रतिसेवनातश्चारित्रविराधनासंभवेनाऽऽत्मनः पातयिता चारित्रपुलाक उच्यत इत्यर्थः, अतिचारसूचनाय मूलोत्तरगुणान्स्मारयति तत्रेति, प्रतिसेवनासम्बन्धिन इत्यर्थः महाव्रतादय इति प्राणातिपातादिविरमणरूपमहाव्रतादय इत्यर्थः, आदिना रात्रिभोजनविरमणस्य ग्रहणम्, पिण्डविशुद्ध्यादय इति पिंडविशुद्धिरेक उत्तरगुणः, पञ्च समितयः पञ्चोत्तरगुणाः, एवं तपो बाह्यं षट्प्रभेदं सप्तम उत्तरगुणः, अभ्यन्तरषट्प्रभेदमष्टमः, भिक्षुप्रतिमा द्वादश नवमः, अभिग्रहाश्चतुर्विधा दशम इति । सम्प्रति लिङ्गपुलाकमाहोक्तेति, शास्त्रोक्तलिङ्गाधिकग्रहणात् निष्कारणमन्यलिङ्गकरणाल्लिङ्गपुलाको भवतीत्यर्थः । यथासूक्ष्मपुलाकमाहेषदिति, ईषत्प्रमादात् मनसाऽकल्प्यानां ग्रहणाच्चात्मघातक इत्यर्थः ॥

सेवापुलाक आदिना स्वरूपनुं वर्णन

भावार्थ – "सूत्रना अक्षरोना स्खलित-मिलित आदि अतिचारोथी, ज्ञानने आश्री आत्माने निःसारकारी 'ज्ञानपुलाक' कहेवाय छे. कुदृष्टिना संस्तव आदिथी आत्मगुणघातक 'दर्शनपुलाक' कहेवाय छे. मूल अने उत्तरगुणोनी प्रतिसेवनाथी चारित्रनी विराधनाथी आत्मभ्रंशकारी 'चारित्रपुलाक' कहेवाय छे. त्यां मूलगुणो महाव्रत आदि छे, उत्तरगुणो पिंडविशुद्धि वगेरे छे. कथित लिंगथी अधिक लिंगनुं ग्रहण के अपरलिंगना करवाथी आत्माने निःसारकारी 'लिंगपुलाक' कहेवाय छे. थोडा प्रमादथी के मनथी अकल्प्य ग्रहणथी आत्मभ्रंशकारी 'यथासूक्ष्मपुलाक' कहेवाय छे."

विवेचन – सूत्र एटले सर्व द्रव्य अने पर्यायनय आदिना अर्थनुं सूचन करनार होई, अनेक पदोने सीवनार के सम्यक् कथन करनार होई 'सूत्र' कहेवाय छे. ते सूत्र अल्प अक्षरोवाळुं, महान् अर्थोवाळुं बत्रीस दोषोथी हीन अने आठ गुणोथी पूर्ण होय छे. गुणो आ प्रमाणे छे :- 'निर्दोष, सारभूत, हेतुथी युक्त, अलंकारवाळुं, धर्मार्थ राग आदिथी उपनीत, सोपचार (ससंस्कार), मित, मधुर'-अेम आठ गुणसंपन्न सूत्र होय छे. वळी आवुं सूत्र अस्खलितादि गुणसंपन्न उच्चारवुं जोईअे. अन्यथा, अतिचारनी प्राप्ति थाय ! तथाच पूर्वकथित लक्षणवाळा सूत्रोना स्खलित-मिलित आदिना उच्चारणथी प्राप्त अतिचारोथी ज्ञानमां मलिनता थवाथी जे आत्माने निर्बळ बनावे छे, ते 'ज्ञानपुलाक' कहेवाय छे. सूत्रमां के ते सूत्रना अर्थमां ईच्छा प्रमाणे प्रवृत्तिमां खरेखर, करणचरणनी अनवस्था (अस्थिरता) थाय छे अने तेथी तीर्थने अनुसरतो नथी. प्रतिषिद्धनुं आचरण करनार तेने संयम रहेतो नथी. ते संयमना अभावमां दीक्षा निरर्थक जाय छे अने तेनी निरर्थकतामां मोक्षनो पण अभाव थाय ! आम आत्मा निःसार बने छे.

○ दर्शनपुलाक-जिन आगमथी विपरीत होवाथी कुत्सित छे. दृष्टि एटले दर्शन जेओनुं, ते कुदृष्टिओ एटले पांखडीओ कहेवाय छे. ते पाखंडीओनो संस्तव एटले सुस्तुति. जेम के-आ पुण्यशाळीओ छे, आ

લોકોનો જન્મ સફળ છે અને આ દયાળુઓ છે. આવા પ્રકારની સ્તુતિ. ખરેખર, આ સમ્યક્ત્વનો અતિચાર છે. અથવા સંસ્તવ એટલે કુદૃષ્ટિઓની સાથે એક સ્થાનમાં રહેવાથી પરસ્પર વાર્તાલાપથી થયેલો પરિચય, તે કુદૃષ્ટિ સંસ્તવ. આ પણ સમ્યક્ત્વનો અતિચાર છે. ખરેખર, એક સ્થાનમાં વસવાટથી તેઓની પ્રક્રિયાના શ્રવણથી અને તે તે ક્રિયાઓને જોવાથી દૃઢ સમ્યક્ત્વવાળામાં પણ દૃષ્ટિમાં ભેદની સંભાવના કરાય છે. મંદ બુદ્ધિવાળા અને નવા થયેલા ધર્મીની તો વાત જ શી કરવી ? તથાચ કુદૃષ્ટિસંસ્તવ આદિથી જે આત્માના ગુણભૂત સમ્યક્ત્વનો ઘાતક થાય છે, તે 'દર્શનપુલાક' કહેવાય છે.

○ ચારિત્રપુલાક-ચારિત્રરૂપી કલ્પવૃક્ષના મૂળ જેવા મૂલરૂપ જે ગુણો, તે પ્રાણાતિપાત આદિ વિરમણરૂપ મૂલગુણો છે. તે મૂલગુણો પ્રત્યે પ્રતિકૂળ આચરણ, એ 'મૂલગુણપ્રતિસેવન' કહેવાય છે. જેમ કે-એકેન્દ્રિય જીવો પ્રત્યે સંઘટ્ટન ગાઢ-અગાઢ પરિતાપ ઉપજાવવો, એ ઉપદ્રવણ આદિ રૂપ છે. મૂલગુણની અપેક્ષાએ, ઉત્તરભૂત ગુણો વૃક્ષની શાખા જેવા પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો છે. તેઓની પ્રતિસેવના, એ 'ઉત્તરગુણપ્રતિસેવના' કહેવાય છે. ત્યાં મૂલોત્તરગુણપ્રતિસેવના પદથી મૂલ-ઉત્તરગુણના અતિચારરૂપ પ્રતિસેવના લેવી. પદના એક દેશમાં પદસમુદાયના ઉપચારથી, અથવા પ્રતિકૂળપણાએ સેવનથી અતિચારનો સંભવ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી તથાપ્રકારનું કથન છે. મૂલગુણો પાંચ પ્રકારના હોવાથી અતિચારરૂપ પ્રતિસેવના પાંચ પ્રકારની છે. ઉત્તરગુણો દશ પ્રકારના હોવાથી તેના અતિચારપ્રતિસેવના પણ દસ પ્રકારની છે. આ પ્રમાણે પ્રતિસેવનાથી ચારિત્રવિરાધનાના સંભવથી આત્માને પાડનારો 'ચારિત્રપુલાક' કહેવાય છે.

○ પ્રતિસેવના સંબંધી મહાવ્રત આદિ એટલે પ્રાણાતિપાત આદિ વિરમણરૂપ મહાવ્રત આદિ. અહીં આદિ પદથી રાત્રિભોજનવિરમણનું ગ્રહણ છે.

○ પિંડવિશુદ્ધિ આદિ ઉત્તરગુણો એટલે (૧) પિંડવિશુદ્ધિ એક ઉત્તરગુણ. (૨) પાંચ સમિતિઓ એટલે પાંચ ઉત્તરગુણો. (૩) એ પ્રમાણે છ ભેદવાળો બાહ્ય તપ એ સાતમો ઉત્તરગુણ છે. (૪) છ ભેદવાળો અભ્યંતર તપ એ આઠમો ઉત્તરગુણ છે. (૫) બાર ભિક્ષુપ્રતિમાઓ એ નવમો ઉત્તરગુણ છે. (૬) ચાર પ્રકારના અભિગ્રહો એ દસમો ઉત્તરગુણ છે.

○ લિંગપુલાક-શાસ્ત્રકથિત લિંગથી અધિક ગ્રહણથી નિષ્કારણથી અન્ય લિંગના કરણથી 'લિંગપુલાક' થાય છે.

○ યથાસૂક્ષ્મપુલાક-થોડા પ્રમાદથી અને મનથી અકલ્પ્યના ગ્રહણથી આત્મઘાતક 'યથાસૂક્ષ્મપુલાક' કહેવાય છે.

अथ बकुशमाह —

देहस्योपकरणानां वाऽलङ्काराभिलाषुकश्चरणमलिनकारी बकुशः । शरीरोपकरणभेदाभ्यां स द्विविधः । अनागुप्तव्यतिरेकेण भूषार्थं करचरणादिप्रक्षाल्ननेत्रादिमलनिस्सारणदन्तक्षालनकेशसंस्काराद्यनुष्ठाता शरीरबकुशः । श्रृङ्गाराय तैलादिना दण्डपात्रादीन्युज्ज्वलीकृत्य ग्रहणशील उपकरणबकुशः ॥ ४ ॥

देहस्येति । अङ्गोपाङ्गसंघातरूपस्य देहस्य वस्त्रपात्राद्युपकरणानाञ्चालङ्करणेऽनुवर्त्तनशीलः, अष्टाविंशतिविधमोहनीयक्षयाकांक्ष्यपि ऋद्धियशस्कामत्वात् सुखशीलतावाप्तिव्यापारप्रवणत्वाच्चाहोरात्राभ्यान्तरानुष्ठेयासु क्रियासु नितरामनुद्यततया चरणपटस्य विशुद्ध्यविशुद्धिसंकीर्णस्वभावतामापादयतीति कर्बुरत्वाद्बकुश उच्यत इत्यर्थः, तत्प्रभेदमाह शरीरेति । शरीरबकुशं निरूपयति, अनागुप्तेति, मलनिस्सारणेति, मलानां दूरीकरणं दन्तानां धावनं केशानां च संस्कारः, इत्यादीनामनुष्ठातेत्यर्थः, अयं मूलगुणान्न विराधयति उत्तरगुणांस्तु भ्रंशयति, उपकरणबकुशमाह शृंगारायेति, विभूषार्थं दण्डपात्रकादि तैलादिनोज्जवलीकृत्य ग्रहणप्रवणः, अकाल एव प्रक्षालितचोलपट्टकान्तरकल्पादिः प्रभूतवस्त्रपात्रादिकामुक उपकरणबकुश इति भावः ॥

બકુશનું વર્ણન

ભાવાર્થ – "શરીરના અથવા ઉપકરણોના અલંકાર-શોભાની અભિલાષા કરનારો અને ચારિત્રને મલિન કરનારો 'બકુશ' કહેવાય છે. તે બકુશ શરીર અને ઉપકરણના ભેદથી બે પ્રકારનો છે. અનાગુપ્ત સિવાય ભૂષણ માટે, હાથ-પગ વગેરેનું પ્રક્ષાલન, આંખ આદિના મલનું કાઢવું, દાંત ધોવા અને કેશના સંસ્કાર વગેરેનો કર્તા 'શરીરબકુશ' કહેવાય છે. શૃંગાર માટે, તેલ આદિથી દંડ-પાત્ર વગેરેને ઉજ્જવળ કરી ગ્રહણના સ્વભાવવાળો 'ઉપકરણબકુશ' કહેવાય છે."

વિવેચન – અંગ અને ઉપાંગના સંઘાતરૂપ દેહને અને વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણોને શણગારવામાં વર્તનારા, અઠ્ઠાવીશ પ્રકારના મોહનીયના ક્ષયના આકાંક્ષી હોવા છતાં ઋદ્ધિ અને યશકીર્તિની કામનાવાળા હોવાથી, સુખશીલતાની પ્રાપ્તિના વ્યાપારમાં પરાયણ હોવાથી, તેમજ રાત-દિવસ અભ્યંતર (આધ્યાત્મિક) કરણીય ક્રિયાઓમાં બિલકુલ આળસુ હોવાથી ચારિત્રરૂપી પટને વિશુદ્ધિ અને અવિશુદ્ધિ મિશ્રિત સ્વભાવવાળું બનાવે છે. આમ કાબરચિતરું-રંગરંગીલું કરનાર હોવાથી 'બકુશ' કહેવાય છે.

○ શરીરબકુશ-ગુપ્તેન્દ્રિય જે નથી-ચારેય બાજુથી જે ગુપ્ત નથી, તેવા અનાગુપ્ત સિવાય શોભા માટે હાથ-પગ વગેરેનું પ્રક્ષાલન, નેત્ર આદિના મલને કાઢવા અર્થાત્ મેલને દૂર કરવું, દાંતોનું ધોવું અને કેશોના સંસ્કાર ઇત્યાદિ ક્રિયાઓનો કરનાર 'શરીરબકુશ' કહેવાય છે. આ મૂલગુણોનો વિરાધક નથી થતો પરંતુ ઉત્તરગુણોનો નાશક બને છે.

○ ઉપકરણબકુશ-વિભૂષા માટે દંડ-પાત્ર આદિને તેલ વગેરેથી ઉજ્જવળ કરી ગ્રહણમાં પરાયણ, અકાળમાં જ ચોળપટ્ટો-આંતરકલ્પ (ચાદર) વગેરેનો ધોનારો, તેમજ ઘણાં વસ્ત્ર-પાત્ર આદિની કામના રાખનારો 'ઉપકરણબકુશ' કહેવાય છે.

बकुशमेव प्रकारान्तरेण विभज्य दर्शयति –

पुनरपि बकुशः पञ्चविधः, आभोगानाभोगसंवृतासंवृतसूक्ष्मभेदात् शरीरोपकरणानामलंकारस्साधूनामकार्य इति ज्ञानवान् कर्त्ता च बकुश आभोगबकुशः ।

सहसा च शरीरोपकरणानमलंकर्त्ता बकुश अनाभोगः । लोकैरविदितदोषो बकुश-स्संवृतः । प्रकटं दोषानुष्ठाता बकुशोऽसंवृतः । किञ्चित्प्रमादी नेत्रमलाद्यपनयकारी बकुशस्सूक्ष्मबकुशः । एते बकुशाः सामान्येनर्द्धियशस्कामास्सातगौरवाश्रिता अविविक्तपरिवाराश्च्छेदयोग्यशबलचारित्रा बोध्याः ॥ ५ ॥

पुनरपीति, स्पष्टम् । आभोगबकुशमाह-शरीरेति, शरीरोपकरणानां विभूषार्थं संस्कारो न कार्य इति ज्ञात्वापि तथाकारीत्यर्थः, यस्तु तथाऽज्ञात्वा सहसा करोति स त्वनाभोगबकुश उच्यत इत्याह सहसेति, संवृतबकुशमाह लोकैरिति, यद्यपि संवृतशब्दो निरुद्धाश्रवद्वारे सर्वविरते मनोवाक्कायगुप्ते यमनियमरते वा वर्त्तते तथापि बकुशशब्दसामानाधिकरण्येन लोकाविदितत्वमात्रे वर्त्तते तथा च यथा लोका दोषान् स्वानुष्ठितान्न जानीयुस्तथादोषानुष्ठाता बकुशस्तादृश इत्यर्थः । असंवृतबकुशमाह प्रकटमिति, सूक्ष्मबकुशमाह किञ्चित्प्रमादीति, स्पष्टं, बकुशस्यैव स्वरूपं पुनर्दर्शयति एत इति उक्तप्रकारा बकुशा इत्यर्थः, ऋद्धियशस्कामा इति, प्रभूतवस्त्रपात्रादिकामर्द्धि गुणवन्तो विशिष्टास्साधव इत्यादिरूपां ख्यातिञ्च ये कामयन्ते त इत्यर्थः, सातगौरवाश्रिता इति, साते सुखे यद्गौरवमादरस्तदाश्रिता इत्यर्थः, यत एवम्भूता एते अत एव नातीवाहोरात्राभ्यन्तरानुष्ठेयासु क्रियासूद्यता इति भावः । अविविक्तपरिवारा इति, असंयमान्न पृथग्भूता घृष्टजंघास्तैलादिकृतशरीरमृजाः कर्त्तरिकाकल्पितकेशाश्च परिवारा येषां तादृशा इत्यर्थः, छेदयोग्यशब्दलचारित्रा इति, सर्वदेशच्छेर्दार्हातिचारजनितशबलत्वेन युक्ता इत्यर्थः ॥

બીજા પ્રકારથી વિભાગપૂર્વક બકુશનું વર્ણન

ભાવાર્થ – "બીજા પ્રકારે ફરીથી પણ આભોગ-અનાભોગ-સંવૃત-અસંવૃત-સૂક્ષ્મના ભેદથી બકુશ પાંચ પ્રકારનો છે. શરીર અને ઉપકરણોનો અલંકાર સાધુઓને કરવા જેવો નથી. આવા જ્ઞાનવાળો છતાં અલંકાર કરનાર બકુશ, એ 'આભોગબકુશ.' અજાણતાં એકદમ શરીર અને ઉપકરણોની શોભા કરનારો 'અનાભોગબકુશ.' લોકોએ નહિ જાણેલા દોષવાળો બકુશ 'સંવૃત.' પ્રકટ રીતે દોષોને કરનારો બકુશ 'અસંવૃત.' કાંઈક પ્રમાદી, નેત્રમલ આદિને દૂર કરનારો બકુશ 'સૂક્ષ્મબકુશ.' આ બકુશો, સામાન્યથી ઋદ્ધિ અને યશના કામીઓ, તેમજ સાતાગૌરવનું શરણ લેનારા અને સંયુક્ત પરિવારવાળા છેદને યોગ્ય શબલ ચારિત્રવાળા જાણવા."

વિવેચન – આભોગબકુશ-શરીર અને ઉપકરણોને શોભાવવા માટે સંસ્કાર ન કરવો જોઈએ. આવું જાણવા છતાં તે પ્રમાણે કરનારો 'આભોગબકુશ' કહેવાય છે.

○ અનાભોગબકુશ-જે તે પ્રમાણે નહિ જાણીને એકદમ કરે છે, તે તો 'અનાભોગબકુશ' કહેવાય છે.

○ संवृतबकुश-જો કે संवृत શબ્દ, આશ્રવદ્વારના નિરોધકમાં, सर्वतिरतिधरમાં, મન-વચન-કાયની ગુપ્તિવાળામાં કે યમ-નિયમ રક્તમાં વર્તે છે, તો પણ બકુશ શબ્દના સામાનાધિકરણ્યથી લોકથી અજ્ઞાતત્વ માત્રમાં વર્તે છે. તથાચ જેમ પોતે કરેલા દોષોને લોકો ન જાણી જાય, તેમ દોષોને કરનારો બકુશ 'संवृत' કહેવાય છે.

○ असंवृतबकुश-પ્રગટ રીતે દોષકર્તા બકુશ 'असंवृत.'

○ अंशतः પ્રમાદી, નેત્રમલાદિને દૂર કરનાર 'सूक्ष्मबकुश.' પૂર્વે કહેલ પ્રકારવાળા બકુશો ઘણી વસ્ત્ર-પાત્ર આદિ રૂપ ઋદ્ધિને અને 'ગુણવંત છે, વિશિષ્ટ સાધુઓ છે' ઇત્યાદિ રૂપ કીર્તિને જેઓ ચાહે છે તે બકુશો તથા સુખમાં જે ગૌરવ-આદર તેને વરેલા તે બકુશો અત્યંત રાત-દિન આધ્યાત્મિક કરણીય ક્રિયાઓમાં ઉદ્યમી હોતા નથી. અસંયમથી નહિ જુદા પડેલા, ઘસાયેલ જંઘાવાળા, તેલ વગેરેથી કરેલ શરીરના સંસ્કારવાળા અને કાતરથી કાપેલ કેશવાળા પરિવારો જેઓના છે, તેવા 'अविविक्त परिवारवाळा' બકુશો હોય છે. સર્વ કે દેશથી છેદયોગ્ય અતિચારથી જનિત શબલતાથી યુક્ત 'બકુશો' હોય છે.

अथ कुशीलमाह –

उत्तरगुणविराधनसंज्वलनकषायोदयान्यतरस्माद्गर्हितचारित्रः कुशीलः । स चाऽऽसेवनाकषायभेदेन द्विविधः ॥ ६ ॥

उत्तरेति । कुत्सितं शीलमाचारो यस्य स कुशीलः, यद्वा कुत्सितमुत्तरगुणप्रतिसेवनया संज्वलनकषायोदयेन वा दूषितत्वाच्छीलमष्टादशसहस्राङ्गशीलभेदं यस्य स कुशीलः कालविनयादिभेदभिन्नानां ज्ञानदर्शनचारित्राचाराणां विराधक इत्यर्थः । तस्य प्रभेदं दर्शयति स चेति, आसेवनाकुशील इत्यर्थः ।

कुशीलनुं वर्णन

भावार्थ – "ઉત્તરગુણવિરાધનથી કે संज्वलनકષાયના ઉદયથી દૂષિત ચારિત્રવાળો 'કુશીલ' કહેવાય છે અને તે આસેવના અને કષાયના ભેદથી બે પ્રકારવાળો છે.

विवेचन – જેનો આચાર નિંદિત છે, તે 'કુશીલ,' અથવા ઉત્તરગુણની વિરાધનાથી કે संज्वलनકષાયના ઉદયથી દૂષિત થવાથી અઢાર હજાર અંગરૂપ શીલભેદ રૂપશીલ, કુત્સિત જેનો છે, તે 'કુશીલ' કહેવાય છે. અર્થાત્ કાલ-વિનય આદિ ભેદવાળા, જ્ઞાનાચાર-દર્શનાચાર-ચારિત્રાચારોનો વિરાધક 'કુશીલ' હોય છે.

तौ दर्शयति, –

वैपरीत्येन संयमाराधक आसेवनाकुशीलः । अयमेव प्रतिसेवनाकुशील उच्यते । संज्वलनक्रोधाद्युदयाद्गर्हितचारित्रः कषायकुशीलः ॥ ७ ॥

वैपरीत्येनेति । यो नैर्ग्रन्थ्यं प्रति प्रस्थितोऽनियतेन्द्रियः कथञ्चित्कञ्चिदेवोत्तरगुणेषु पिण्डविशुद्धिसमितिभावनातपःप्रतिमादिषु विराधयन् सर्वज्ञाज्ञोल्लंघनमाचरति स आसेवनाकुशील इत्यर्थः, आसेवनाप्रतिसेवनापदयोरेकार्थतयाऽऽहायमेवेति आसेवनाकुशील एवेत्यर्थः, कषायकुशीलमाह संज्वलनेति, यस्य तु संयतस्यापि सतः कथञ्चित्संज्वलनकषाया उदीर्यन्ते स कषायकुशील इत्यर्थः ॥

કુશીલભેદોનું વર્ણન

ભાવાર્થ – "વિપરીતતાથી સંયમનો આરાધક, એ 'આસેવનાકુશીલ.' આ જ 'પ્રતિસેવનાકુશીલ' કહેવાય છે. સંજ્વલન ક્રોધ આદિના ઉદયથી નિંદિત ચારિત્રવાળો 'કષાયકુશીલ' કહેવાય છે."

વિવેચન – જે, નિર્ગ્રન્થતા પ્રત્યે પ્રસ્થાન કરનારો છે. અનિયમિત ઇન્દ્રિયવાળો, કોઈ પણ રીતે કાંઈક જ (થોડી જ) ઉત્તરગુણરૂપ પિંડવિશુદ્ધિ-સમિતિ-ભાવના-તપ-પ્રતિમા વગેરેમાં વિરાધના કરતો, સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, તે 'આસેવનાકુશીલ' કહેવાય છે. આ જ-આસેવનાકુશીલ જ પ્રતિસેવનાકુશીલ કહેવાય છે. જે સંયતને પણ કથંચિત્ સંજ્વલન કષાયો ઉદીરિત-ઉદિત થાય છે, તે 'કષાયકુશીલ' છે.

पुनस्तस्य प्रकारान्तरमाह –

द्विविधोऽपि स पञ्चविधः । ज्ञानदर्शनचरणतपोयथासूक्ष्मभेदात् । ज्ञानदर्शनचरणतपसां वैपरीत्येनाऽऽसेवकाश्चत्वारः प्रतिसेवनाकुशीलाः । शोभनतपस्वित्वप्रशंसाजन्यसंतोषवान् यथासूक्ष्मप्रतिसेवनाकुशीलः ॥ ८ ॥

द्विविधोऽपीति । आसेवनाकषायभेदेन द्विभेदोऽपीत्यर्थः, तथा च प्रतिसेवनाकुशीलः पञ्चविधः, कषायकुशीलोऽपि पञ्चविध इत्यर्थः । आद्यान् चतुर्विधानेकग्रन्थेन लाघवादाह ज्ञानदर्शनचरणतपसामिति, यो हि ज्ञानं-ज्ञानाचारं वैपरीत्येनासेवते स ज्ञानप्रतिसेवनाकुशीलः, ज्ञानाचारोऽष्टविधः, कालविनयबहुमानोपधानानिह्नवव्यञ्जनार्थतदुभयभेदात् । ज्ञानपदेन श्रुतं विवक्षितं यो यस्यांगप्रविष्टादेश्श्रुतस्य काल उक्तस्तस्य तस्मिन्नेव काले स्वाध्यायः कर्त्तव्यो नान्यदा, तीर्थकरवचनात्, दृष्टञ्च लोकेऽपि कृष्यादेः काले करणे फलं विपर्यये तु विपर्यय इति, एवमनाचरणे प्रायश्चित्तमस्ति, तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः, विनयोऽभ्युत्थानपादधावनादिः, विनयहीनं हि तदूषरोप्तबीजमिव विफलं भवति, तथा श्रुतग्रहणोद्यतेन गुरोर्बहुमानः कार्यः, बहुमानो नामाऽऽन्तरो भावप्रतिबन्धः, एतस्मिन् सत्यक्षेपेणाधिकफलं श्रुतं भवति, अङ्गोपाङ्गानां सिद्धान्तानां पठनाराधनार्थमाचाम्लोपवासनिर्विकृत्यादिलक्षणस्तपोविशेष उपधानम् । न निह्नवोऽपलापः अनिह्नवः, यतोऽधीतं तस्यानपलापः, यतोऽनिह्नवेनैव पाठादि

सूत्रादेर्विधेयं न पुनर्मानादिवशादात्मनो लाघवाद्याशङ्क्या श्रुतगुरूणां श्रुतस्य वाऽपलापः कार्यः । व्यञ्जनार्थतदुभयभेदाः यथा श्रुतप्रवृत्तेन तत्फलमभीप्सता व्यञ्जनभेदोऽर्थभेदस्तदुभयभेदश्च न कार्यः, तत्र व्यञ्जनभेदो यथा—'धम्मो मङ्गलमुक्किट्ठं' इति वक्तव्ये 'पुण्णं कल्लाणमुक्कोस' मित्यादि, अर्थभेदस्तु यथा 'आवंती केयावंती लोगंसि विप्परामुसंति' इत्याचारसूत्रे यावन्तः केचन लोके अस्मिन् पाखण्डिलोके विपरामृशन्तीत्येवंविधार्थाभिधाने अवन्तिजनपदे केया-रज्जुर्वान्ता पतिता लोकः परामृशति कूप इत्याह, तदुभयभेदस्तु द्वयोरपि याथात्म्योपमर्देन यथा 'धर्मो मङ्गलमुत्कृष्टः अहिंसापर्वतमस्तक इत्यादि, अत्र दोषश्च व्यञ्जनभेदेऽर्थभेदस्तद्भेदे क्रियाभेदस्तद्भेदे मोक्षाभावस्तदभावे च निरर्थिका दीक्षेति । एवञ्च ज्ञानाचारान् यः प्रतिसेवते स ज्ञानप्रतिसेवनाकुशीलो बोध्यः, एवं दर्शनं दर्शनाचारं वैपरीत्येनासेवते स दर्शनप्रतिसेवनाकुशीलः । दर्शनं सम्यक्त्वं तदाचारः निश्शङ्कितत्वादिरष्टविधः निश्शङ्कितनिष्कांक्षितनिर्विचिकित्साऽमूढदृष्टयुपबृंहणस्थिरीकरणवात्सल्यप्रभावनाभेदात् । शङ्कितं सन्देहस्तस्याभावो निःशङ्कितम्, कांक्षा अन्यान्यदर्शनग्रहस्तदभावो निष्कांक्षितं, विचिकित्सा मतिविभ्रमः युक्त्याऽऽगमोपपन्नेऽप्यर्थे फलं प्रति संमोहः तदभावो निर्विचिकित्सम् । अमूढाऽविचला तपोविद्यातिशयादिकुतीर्थिकर्द्धिदर्शनेऽप्यमोहस्वभावा दृष्टिस्सम्यग्दर्शनमूढदृष्टिः, उपबृंहणं समानधार्मिकाणां क्षमणावैयावृत्त्यादिसद्गुणप्रशंसनेन तद्गुणवृद्धिकरणम्, स्थिरीकरणं धर्माद्विषीदतां तत्रैव चारुवचनचातुर्यादवस्थापनम्, वात्सल्यं समानदेवगुरुधर्माणां भोजनवसनदानोपकारादिभिस्सम्माननम्, प्रभावना धर्मकथाप्रतिवादिविजयदुष्करतपश्चरणकरणादिभिर्जिनप्रवचनप्रकाशनम्, यद्यपि च प्रवचनं शाश्वतत्वात्तीर्थकरभाषितत्वात्सुरासुरनमस्कृतत्वाद्वा स्वयमेव दीप्यते तथापि दर्शनशुद्धिमात्मनोऽभीप्सुर्यो येन गुणेनाधिकः स तेन तत्प्रवचनं प्रभावयति—यथा भगवदाचार्यवज्रस्वामिप्रभृतिक इति । तदेवं दर्शनाचारं यः प्रतिसेवते स दर्शनप्रतिसेवनाकुशील उच्यते । एवं चारित्राचारा अष्टौ प्रणिधानयोगयुक्तस्य पञ्चसमितयस्त्रिगुप्तय इति । तान् यः प्रतिसेवते स चारित्रप्रतिसेवनाकुशीलः । तपआचारास्तु द्वादशविधा बाह्याभ्यन्तररूपाः तद्विराधकस्तपःप्रतिसेवनाकुशील इति । यद्वा चरणप्रतिसेवनाकुशीलो यः कौतुकभूतिकर्मप्रश्नाप्रश्ननिमित्ताजीवकल्ककुरुकालक्षणविद्यामन्त्रादीन्युपजीवति सः, तत्र कौतुकं आश्चर्यं यथा मायाकारको मुखे गोलकान् प्रक्षिप्य कर्णेन निष्काशयति नासिकया वा । तथा मुखादग्निं निष्कासयतीत्येवंभूतम्, भूतिकर्म नाम यज्ज्वरितादीनामभिमंत्रितेन क्षारेण रक्षाकरणम् । प्रश्नाप्रश्नं नाम-यत्स्वप्नविद्यादिभिः शिष्टस्यान्येभ्यः

कथनम् । निमित्तं नामातीतादिभावकथनम् । आजीवो नामाऽऽजीविका स च जात्यादिभेदस्सप्तप्रकारः । कल्को नाम प्रसूत्यादिषु रोगेषु क्षारपातनमथवाऽऽत्मनश्शरीरस्य देशतस्सर्वतो वा लोध्रादिभिरुद्वर्त्तनम् । कुरुका नाम देशतस्सर्वतो वा शरीरस्य प्रक्षालनम् । लक्षणं पुरुषलक्षणादि । तथा विद्यामंत्राद्युपजीवकः ससाधना विद्या, असाधनो मंत्रः, यद्वा यस्याधिष्ठात्री देवता सा विद्या, यस्य चाधिष्ठाता देवस्स मंत्रः, आदिना मूलकर्मचूर्णादीनां ग्रहणं, मूलकर्म-गर्भोत्पादनं गर्भपातनमित्यादिचूर्णादयस्तु प्रसिद्धा एव । यथासूक्ष्मप्रतिसेवना-कुशीलमाह-शोभनेति । अयं शोभनस्तपस्वीत्येवंविधलोकप्रयुक्तप्रशंसाश्रवणजन्यसंतोषवान् कुशील इत्यर्थः ॥

કુશીલના બીજા પ્રકારોનું વર્ણન

ભાવાર્થ – "બે પ્રકારનો પણ તે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-યથાસૂક્ષ્મના ભેદથી પાંચ પ્રકારવાળો છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપશ્ચર્યાના વિપરીતપણાએ આ-સેવકો ચાર 'પ્રતિસેવનાકુશીલો' કહેવાય છે. સુંદર તપશ્ચર્યાની પ્રશંસાજન્ય સંતોષવાળો 'યથાસૂક્ષ્મ પ્રતિસેવનાકુશીલ' કહેવાય છે."

વિવેચન – આસેવના-કષાયના ભેદથી બે પ્રકારવાળો પણ તથાચ પ્રતિસેવનાકુશીલ પાંચ પ્રકારનો છે. કષાયકુશીલ પણ પાંચ પ્રકારનો છે. પહેલાંના ચાર પ્રકારોને એક ગ્રંથથી (એક વાક્યથી) લઘુતાથી કહે છે. 'જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપના વિપરીત રીતે વિરાધક ચાર પ્રતિસેવનાકુશીલો.'

ખરેખર, જે વિપરીતપણાએ જ્ઞાનાચારને સેવે છે, તે 'જ્ઞાનપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે. જ્ઞાનાચાર, કાલ-વિનય-બહુમાન-ઉપધાન-અનિહ્નવ-વ્યંજન-અર્થરૂપ-તદુભયના ભેદથી આઠ પ્રકારનો છે. અહીં જ્ઞાનપદથી શ્રુત વિવક્ષિત છે. જે જે અંગપ્રવિષ્ટ આદિ શ્રુતનો કાળ કહેલો છે, તે શ્રુતનો તે જ કાળમાં સ્વાધ્યાય કરવો જોઈએ, બીજા કાળમાં નહીં, કેમ કે-તીર્થંકરોનું વચન છે. વળી લોકમાં દેખાયેલું છે કે-ખેતી આદિનું કાળમાં કર્યે છતે ફળસિદ્ધિ છે. વિપર્યયમાં તો પરિણામ ઉલ્ટું જ આવે છે. આ પ્રમાણેના અનાચરણમાં પ્રાયશ્ચિત છે. તેમજ શ્રુતગ્રહણના કરનારે ગુરુનો વિનય કરવો જોઈએ. સામે જવું-પગ ધોવા વગેરે રૂપ વિનય છે. ખરેખર, વિનય વગરનું તે શ્રુત ઉખરભૂમિમાં વાવેલ બીજની માફક નિષ્ફળ થાય છે. તથા શ્રુતગ્રહણમાં ઉજમાળે ગુરુનું બહુમાન કરવું જોઈએ. બહુમાન એટલે અંદરના ભાવનો પ્રતિબંધ (સંપૂર્ણ સંબંધ-વ્યાપ્તિ). આ હોયે છતે વિના વિલંબે અધિક ફળવાળું શ્રુત થાય છે. તથા અંગ-ઉપાંગરૂપ સિદ્ધાન્તોના પઠનની આરાધના માટે આયંબીલ-ઉપવાસ-નીવી વગેરે લક્ષણવાળો વિશિષ્ટ તપ 'ઉપધાન' કહેવાય છે. તથા નિહ્નવ એટલે અપલાપ નહીં, તે 'અનિહ્નવ' કહેવાય છે. જેની પાસેથી અધ્યયન કરેલું છે, તેનો અપલાપ નહીં કરવો, કારણ કે-નિહ્નવ વગર જ સૂત્ર આદિના પાઠ આદિ કરવાં જોઈએ. પરંતુ માન આદિને વશ બની પોતાની લઘુતા આદિની આશંકાની શ્રુતગુરુનો કે શ્રુતનો અપલાપ (છૂપાવવું) નહીં કરવો જોઈએ. તથા વ્યંજન-અર્થ-તદુભય ભેદો=જેમ શ્રુતમાં પ્રવૃત્તિવાળા તે શ્રુતના ફળના ચાહનારે વ્યંજન(અક્ષરના ઉચ્ચાર)માં ભેદ, અર્થમાં ભેદ અને બંનેમાં ભેદ નહીં કરવો જોઈએ.

○ ત્યાં વ્યંજનનો ભેદ=જેમ કે - 'धम्मो मङ्गलमुक्किट्ठं' એમ બોલવું જોઈએ તેના બદલે 'पुण्णं कल्लाणमुक्कोस' ઇત્યાદિ વ્યંજનભેદનું ઉદાહરણ છે.

○ અર્થભેદ તો 'आवंति केयावंति विप्परामुसंति' આવા આચારસૂત્રમાં ડેલા કોઈ લોકમાં-આ પાખંડી લોકમાં વિપરામર્શ કરે છે.' આવા પ્રકારના અર્થકથન બદલે 'અવન્તિદેશમાં રજ્જુ પડી ગઈ, લોક કુવામાં શોધે છે.'

○ તદુભયનો ભેદ તો બંનેના પણ યથાર્થતાના ઉપમર્દનથી થાય છે. જેમ કે- 'धर्मोमङ्गलमुत्कृष्टः अहिंसापर्वतमस्तके ।' અહીં વળી દોષ, વ્યંજનભેદ થયે છતે અર્થમાં ભેદ થાય છે અને અર્થના ભેદમાં ક્રિયાનો ભેદ થાય છે તથા તે ક્રિયાના ભેદમાં મોક્ષનો અભાવ થાય છે, તેમજ તે મોક્ષના અભાવમાં દીક્ષા નિરર્થક થાય છે. આ પ્રમાણે જે જ્ઞાનાચારની પ્રતિસેવના કરે છે, તે 'જ્ઞાનપ્રતિસેવનાકુશીલ' જાણવો.

○ એ પ્રમાણે દર્શન એટલે દર્શનાચારને જે વિપરીતપણાએ સેવે છે, તે 'દર્શનપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે. દર્શન એટલે સમ્યક્ત્વ. તેનો આચાર નિઃશંક્તિપણું આદિ આઠ પ્રકારનો છે. નિઃશંકિત-નિષ્કાંક્ષિત-નિર્વિચિકિત્સ-અમૂઢદૃષ્ટિ-ઉપબૃંહણ-સ્થિરીકરણ-વાત્સલ્ય-પ્રભાવનાના ભેદથી દર્શનાચાર આઠ પ્રકારનો છે.

○ શંકિતત્વ એટલે સંદેહ. તેનો અભાવ નિઃશંકિતત્વ. કાંક્ષા એટલે બીજા બીજા દર્શનનું ગ્રહણ. તેનો અભાવ નિષ્કાંક્ષિત. વિચિકિત્સા એટલે યુક્તિ અને આગમથી સિદ્ધ પણ અર્થમાં મતિનો વિભ્રમ, ધર્મના ફળ પ્રત્યે સંદેહ-સંમોહ (મુંઝવણ), તેનો અભાવ નિર્વિચિકિત્સ.' અમૂઢ એટલે અવિચળ તપ-વિદ્યા-અતિશય આદિ રૂપ કૃતીર્થિકોની ઋદ્ધિ દેખવા છતાં અમોહસ્વભાવવાળી દૃષ્ટિ એલે સમ્યગ્દર્શન 'અમૂઢદૃષ્ટિ.' ઉપબૃંહણ એટલે સમાન ધર્મવાળાઓના ખામણા (ક્ષમાપના), વૈયાવૃત્ય આદિ સદ્ગુણોની પ્રશંસાદ્વારા તે તે ગુણમાં વૃદ્ધિ કરવી. સ્થિરીકરણ એટલે ધર્મથી અસ્થિર થનારા (સીદાતા)ને તે ધર્મમાં જ ચારૂવચનની ચતુરતાથી સ્થાપિત કરવા. વાત્સલ્ય એટલે સમાન દેવ-ગુરુ-ધર્મવાળાઓનો ભોજન-વસ્ત્રદાન-ઉપકાર આદિથી-સન્માન સત્કાર કરવો. પ્રભાવના એટલે ધર્મકથા-પ્રતિવાદીવિજય-દુષ્કર તપસ્યા કરવા આદિથી જિનવચનનું પ્રકાશન. જો કે જૈનશાસન શાશ્વત હોવાથી, તીર્થંકરથી ભાષિત હોવાથી અને સૂર-અસુરોથી પૂજિત હોવાથી સ્વયમેવ દીપ્તિમાન હોય છે. તો પણ પોતાની દર્શનશુદ્ધિની ઇચ્છાવાળો જે જે ગુણથી મહાન છે, તે તે ગુણથી જૈનશાસનની પ્રભાવના કરે છે. જેમ કે-ભગવાન આચાર્ય વજ્રસ્વામિજી વગેરે.

○ તેથી આવા દર્શનાચારની જે પ્રતિસેવના કરે છે, તે 'દર્શનપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે.

○ આ પ્રમાણે આઠ ચારિત્રાચારો, ઉપયોગવ્યાપારથી યુક્ત સાધુની પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓ કહેવાય છે. તે ચારિત્રાચારોની જે પ્રતિસેવના કરે છે, તે 'ચારિત્રપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે.

○ તપના આચારો બાહ્ય-અભ્યન્તરરૂપ બાર પ્રકારના છે. તે તપના આચારોનો વિરાધક તપઃપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે.

○ અથવા ચારિત્રપ્રતિસેવનાકુશીલ જે, કૌતુક-ભૂતિકર્મ-પ્રશ્નાપ્રશ્ન-નિમિત્ત-આજીવ-કલ્ક-કુરુકા-લક્ષણ-વિદ્યા-મંત્ર આદિના આધારે જીવે છે, તે ત્યાં કૌતુક એટલે આશ્ચર્ય. જેમ માયાકારક, મુખમાં ગોળાઓને નાંખી કાનથી કે નાકથી કાઢે છે તથા મુખમાંથી અગ્નિને કાઢે છે. આવું કૌતુક કહેવાય છે. ભૂતિકર્મ એટલે જે જ્વરવાળા આદિઓની અભિમંત્રિત રક્ષા(રાખ)થી રક્ષા કરવી. પ્રશ્નાપ્રશ્ન એટલે જે સ્વપ્ન વિદ્યા આદિથી પૂછેલા પ્રશ્નનું બીજાઓને જવાબરૂપે કહેવું. નિમિત્ત એટલે ભૂતકાળ આદિવાળા ભાવોનું કથન (ભવિષ્યવાણી). આજીવ એટલે આજીવિકા અને તે જાતિ આદિ ભેદથી સાત પ્રકારનો છે. કલ્ક એટલે પ્રસૂતિ આદિ રોગોમાં રાખ પાડવી અથવા પોતાના શરીરમાં દેશથી કે સર્વથી લોધ્ર આદિ વનસ્પતિથી લેપવું, ચોળવું, ઉંવટણું કરવું. કરૂકા એટલે દેશથી કે સર્વથી શરીરનું ધોવું. લક્ષણ એટલે પુરુષલક્ષણ વગેરે તથા વિદ્યા-મંત્ર આદિ ઉપર જીવનારો. સાધન સહિત વિદ્યા કહેવાય છે, સાધન વગરનો મંત્ર કહેવાય છે. અથવા જેની અધિષ્ઠાયિકા દેવી હોય તે વિદ્યા અને જેનો અધિષ્ઠાયક દેવ હોય તે મંત્ર. આદિ પદથી મૂલકર્મચૂર્ણાદિનું ગ્રહણ છે. મૂલકર્મ એટલે ગર્ભનું ઉત્પાદન, ગર્ભનું પાતન ઇત્યાદિ ચૂર્ણ વગેરે પ્રસિદ્ધ જ છે. આ શોભન છે, તપસ્વી છે-આવા પ્રકારની લોકજન્ય પ્રશંસાના શ્રવણથી જન્ય સંતોષવાળો 'યથાસૂક્ષ્મપ્રતિસેવનાકુશીલ' કહેવાય છે.

कषायकुशीलस्या भेदानाह –

संज्वलनक्रोधादिर्भिर्ज्ञानदर्शनतपसां स्वाभिप्रेतविषये व्यापारयिता ज्ञानादित्रिविध-कषायकुशीलः । कषायाक्रान्तश्शापप्रदः कुशीलश्चारित्रकषायकुशीलः । मनसा क्रोधादिकर्ता कुशीलोयथासूक्ष्मकषायकुशीलः ॥ ९ ॥

संज्वलनेति । संज्वलनक्रोधादिना स्वाभिप्रेतविषये विद्यादिज्ञानं दर्शनग्रन्थं च प्रयुञ्जानः तपसा शापं ददत्, चारित्रतो लिङ्गान्तरं कुर्वन् ज्ञानकषायकुशीलो दर्शनकषायकुशीलः चारित्र-कषायकुशीलस्तपःकषायकुशीलश्च भवतीत्यर्थः । मनसा केवलं क्रोधादीन् कुर्वन् यथासूक्ष्म-कषायकुशील इति ॥

કષાયકુશીલના ભેદોનું નિરૂપણ

ભાવાર્થ – "સંજ્વલન ક્રોધ આદિથી પોતાના ઇષ્ટવિષયમાં જ્ઞાન-દર્શન-તપસ્યાનો ઉપયોગ કરનારો, 'જ્ઞાનાદિ ત્રિવિધ કષાયકુશીલ કષાયાક્રાન્ત થયેલો અને શાપને આપનારો કુશીલ 'ચારિત્રકષાયકુશીલ' કહેવાય છે. મનથી ક્રોધ આદિનો કર્તા કુશીલ 'યથાસૂક્ષ્મકષાયકુશીલ.'

વિવેચન – સંજ્વલન ક્રોધ આદિ દ્વારા પોતાના ઇષ્ટવિષયમાં વિદ્યા આદિના જ્ઞાનનો અને દર્શનગ્રંથનો પ્રયોગ કરનારો, તપથી શાપ આપનારો, ચારિત્રની અપેક્ષાએ બીજા વેષને કરનારો, ક્રમશઃ જ્ઞાનકષાયકુશીલ, દર્શનકષાયકુશીલ, ચારિત્રકષાયકુશીલ અને તપઃકષાયકુશીલ થાય છે. મનથી ફક્ત ક્રોધ આદિનો કરનારો 'યથાસૂક્ષ્મકષાયકુશીલ' કહેવાય છે.

अथ निर्ग्रन्थमाह –

निर्गतमोहनीयमात्रकर्मा चारित्री निर्ग्रन्थः । स चोपशान्तमोहः क्षीणमोहश्चेति द्विविधः । संक्रमणोद्वर्त्तनादिकरणायोग्यतया व्यवस्थापितमोहनीयकर्मोपशान्तमोहः । क्षपितसर्वमोहनीयप्रकृतिको निर्ग्रन्थः क्षीणमोहः ॥ १० ॥

निर्गतेति । द्रव्यतो भावतश्च मिथ्यात्वादिमोहनीयकर्मभ्यो निर्गतश्चारित्री निर्ग्रन्थ इत्यर्थः । क्रोधादिभिरान्तग्रन्थैस्सर्वैरपि केचिद्विप्रमुक्ताः केचिच्च सहिता भवन्ति, ये सहितास्ते पुलाकबकुशकुशीला उक्ताः । यस्तु सर्वैर्विप्रमुक्तस्सोऽपि तेषामुपशमावस्थां क्षयावस्थाञ्चाभ्युपगम्य द्विविधो भवतीत्याशयेनाह स चेति–उपशान्तमोहनिर्ग्रन्थमाह–संक्रमणेति, यो विद्यमानानपि कषायान्निगृह्णाति संक्रमणोद्वर्त्तनायोग्यं करोति, उदीयमानानेव प्रथमतो निरुणद्धि, स सतामपि कषायाणामसत्कल्पकरणात्सरागसंयतोऽपि उपशान्तकषायनिर्ग्रन्थो भवतीति भावः । क्षीणमोहनिर्ग्रन्थमाह क्षपितेति, यस्तु संज्वलनकषायादीनामुदयनिरोधोदयप्राप्तविफलीकरणाभ्यां क्षयकरणायोद्यतस्सन्नान्तरग्रन्थनिग्रहप्रधानो भवति स विशेषेणापुनर्भावेण रागस्य गतत्वाद्वीतरागः क्षीणमोहनिर्ग्रन्थ उच्यत इति भावः ॥

નિર્ગ્રંથનું નિરૂપણ

ભાવાર્થ – "જેની પાસેથી માત્ર મોહનીયકર્મ નીકળી ગયું છે, એવો ચારિત્રી નિર્ગ્રંથ. વળી તે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહના ભેદથી બે પ્રકારનો છે. સંક્રમણ-ઉદ્વર્તન આદિ કરણને અયોગ્યપણાએ વ્યવસ્થાપિત કર્મવાળો 'ઉપશાન્તમોહ' કહેવાય છે. ખપાવેલ સઘળી મોહનીયકર્મની પ્રકૃતિવાળો 'ક્ષીણમોહ' નિર્ગ્રંથ કહેવાય છે."

વિવેચન – દ્રવ્યથી અને ભાવથી મિથ્યાત્વ આદિ મોહનીયકર્મોમાંથી નીકળેલો ચારિત્રી 'નિર્ગ્રંથ' કહેવાય છે. આંતરિક ગ્રંથ(ગાંઠ)રૂપ સઘળા ક્રોધ વગેરેથી પણ કેટલાક સાધુઓ વિપ્રમુક્ત હોય છે, કેટલાક સાધુઓ સહિત હોય છે. જેઓ સહિત છે. તેઓ 'પુલાક-બકુશકુશીલ'રૂપે કહેવાયેલા છે. જે સાધુ સઘળા ક્રોધ આદિથી રહિત છે, તે પણ તે ક્રોધ આદિની ઉપશમ અવસ્થાને અને ક્ષય અવસ્થાને સ્વીકારી બે પ્રકારના છે.

○ ઉપશાન્તમોહનિર્ગ્રંથ-જે વિદ્યમાન પણ કષાયોનો નિગ્રહ કરે છે, સંક્રમણ-ઉદ્વર્તનને અયોગ્ય કરે છે અને પહેલેથી ઉદય પામતા કષાયોનો નિરોધ કરે છે, તે વિદ્યમાન પણ કષાયોને અસત્ જેવા કરવાથી સરાગસંયત પણ ઉપશાન્તકષાય નિર્ગ્રંથ થાય છે.

○ ક્ષીણમોહનિર્ગ્રંથ-જે સંજ્વલન કષાય આદિના ઉદયના નિરોધથી અને ઉદયપ્રાપ્તને નિષ્ફળ કરવાથી ક્ષય કરવામાં ઉદ્યમશીલ હોતો અંતરગ્રંથના નિગ્રહની પ્રધાનતાવાળો થાય છે. તે વિશેષથી એટલે અપુનર્ભાવથી (ફરીથી પેદા ન થાય એવી રીતે) રાગ ગયેલો હોવાથી વીતરાગ 'ક્ષીણમોહનિર્ગ્રંથ' કહેવાય છે.

अस्यैव प्रकारान्तरेण भेदमाह --

द्विविधोऽपि स प्रथमाप्रथमचरमाचरमसमययथासूक्ष्मभेदात्पञ्चविधः । अन्तर्मुहूर्त्तप्रमाणे निर्ग्रन्थकालसमयराशौ प्रथमसमय एव निर्ग्रन्थत्वं प्रतिपद्यमानः प्रथमसमयनिर्ग्रन्थः । अन्यसमयेषु विद्यमानोऽप्रथमसमयनिर्ग्रन्थः । अन्तिमसमये विद्यमानश्चरमसमयनिर्ग्रन्थः । शेषेषु विद्यमानोऽचरमसमयनिर्ग्रन्थः । आद्यौ पूर्वानुपूर्व्या अन्त्यौ च पश्चानुपूर्व्या व्यपदिष्टौ प्रथमादिसमयाविवक्षया सर्वेषु समयेषु वर्त्तमानो यथासूक्ष्मनिर्ग्रन्थः ॥ ११ ॥

द्विविधोऽपीति । उपशान्तक्षीणमोहरूपोऽपीत्यर्थः । प्रथमसमयनिर्ग्रन्थमाहान्तर्मुहूर्त्तप्रमाण इति, उपशान्तमोहत्वक्षीणमोहत्वान्यतररूपनिर्ग्रन्थत्वस्यान्तर्मुहूर्त्तमानत्वात्तदूर्ध्वं परिणामान्तरप्राप्तेरिति भावः । प्रथमसमय एवेति, उपशान्तमोहत्वादिरूपो यो भावो यत्समयावच्छेदेन जीवेनावाप्तपूर्वस्तादृशभावविशिष्टस्तत्समयस्तस्य जीवस्याप्रथमसमयभाव उच्यते, अप्राप्तपूर्वभावसम्बद्धसमयस्तु प्रथमसमय उच्यते तदानीमेव प्राप्तत्वात्, उक्तञ्च 'जो जेण पत्तपुव्वो भावो सो तेण अपढमो होइ । सेसेसु होइ पढमो अपत्तपुव्वेसु भावेसु' इति तत्र तादृशप्रथमसमयावच्छिन्ननिर्ग्रन्थत्वात् प्रथमसमयनिर्ग्रन्थ इति भावः । प्राप्तपूर्वभावविशिष्टसमयवानप्रथमसमयनिर्ग्रन्थ इत्याहान्यसमयेष्विति, अप्राप्तपूर्वभावसम्बद्धसमयान्यतद्भावसम्बद्धसमयेष्वित्यर्थः । चरमसमयनिर्ग्रन्थमाहान्तिमसमय इति, चरमत्वं पर्यन्तवार्त्तित्वं तच्च सापेक्षिकं, तथा च निर्ग्रन्थावस्थायाः यावन्तस्समयास्तेषु प्रान्तवर्तिसमयविशिष्टनिर्ग्रन्थावस्थावान् चरमसमयनिर्ग्रन्थ इत्यर्थः । तत्पूर्ववर्त्तिसमयविशिष्टनिर्ग्रन्थावस्थावांस्त्वचरमसमयनिर्ग्रन्थ उच्यत इत्याह शेषेष्विति प्रान्तसमयपूर्ववर्त्तिसमयेष्वित्यर्थः । ननु प्रथमा प्रथमसमयनिर्ग्रन्थयोश्चरमाचरमनिर्ग्रन्थयोः किं कृतो विशेष इत्यत्राहाद्याविति, पूर्वानुपूर्व्येति, विवक्षितसमयसमुदाये यः प्रथमस्तस्मादनुक्रमेण परिपाटिर्विरच्यते चेत्तदा स क्रमः पूर्वानुपूर्वीत्युच्यते तामवलम्ब्याद्यद्वयभेद आदृत इति भावः । अन्त्यौ चेति पश्चानुपूर्व्येति, तत्रैव यः पाश्चात्यचरमस्तस्मादारभ्य व्यत्ययेन क्रमपरिपाटिर्विरच्यते चेत्तदा स क्रमः पश्चानुपूर्वीत्युच्यते, तामवलंब्यान्त्यभेदद्वय उक्त इत्येव विशेष इति भावः । यथासूक्ष्मनिर्ग्रन्थमाह प्रथमादीति, निर्विवक्षितसमयविशेषो वस्तुतस्तत्समयेषु वर्त्तमानो निर्ग्रन्थो यथासूक्ष्मनिर्ग्रन्थ इत्यर्थः ॥

નિર્ગ્રંથના બીજા પ્રકારથી ભેદનું વર્ણન

ભાવાર્થ – "બે પ્રકારવાળા પણ તે નિર્ગ્રંથ, પ્રથમસમય-અપ્રથમસમય-ચરમસમય-અચરમસમય-યથાસૂક્ષ્મના ભેદથી પાંચ પ્રકારવાળો છે. અંતર્મુહૂર્ત્તપ્રમાણવાળા નિર્ગ્રંથ કાળસમયરાશિમાં પ્રથમ સમયમાં જ નિર્ગ્રંથપણાને પામનારો 'પ્રથમસમયનિર્ગ્રંથ' કહેવાય છે.- અન્ય સમયોમાં વિદ્યમાન 'અપ્રથમસમયનિર્ગ્રંથ' કહેવાય છે. પહેલાંના બે પૂર્વાનુપૂર્વીથી અને છેલ્લા બે પશ્ચાનુપૂર્વીથી વ્યપદેશવાળા છે. પ્રથમ આદિ સમયની વિવક્ષાથી સઘળા સમયોમાં વર્તતો 'યથાસૂક્ષ્મનિર્ગ્રંથ' કહેવાય છે."

વિવેચન – ઉપશાન્તમોહ અને ક્ષીણમોહરૂપે બે પ્રકારનો પણ.

○ પ્રથમસમયનિર્ગ્રંથ-ઉપશાન્તમોહત્વ કે ક્ષીણમોહત્વરૂપ નિર્ગ્રંથપણાનું અંતર્મુહૂર્તનું માન છે, કેમ કે-તેના પછી બીજા પરિણામની પ્રાપ્તિ છે.

○ ઉપશાન્તમોહત્વ આદિરૂપ જે ભાવ જે સમયને આશ્રી જીવથી પૂર્વે પ્રાપ્ત કરાયેલો છે, તેવા ભાવથી વિશિષ્ટ તે સમય છે, માટે તે જીવનો 'અપ્રથમસમયભાવ' કહેવાય છે. પૂર્વે નહિ પ્રાપ્ત કરેલ ભાવ સંબંધી સમય તો 'પ્રથમસમય' કહેવાય છે, કેમ કે-તે વખતે જ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-'જે જેનાથી પૂર્વે પ્રાપ્ત થયેલ ભાવ, તે ભાવથી અપ્રથમ થાય છે. પૂર્વે ન પ્રાપ્ત થયેલ શેષભાવોમાં પ્રથમ થાય છે.' ઇતિ. ત્યાં તેવા પ્રથમસમયથી વિશિષ્ટ નિર્ગ્રંથપણું હોવાથી 'પ્રથમસમયનિર્ગ્રંથ' કહેવાય છે.

○ પૂર્વે પ્રાપ્ત થયેલ ભાવથી વિશિષ્ટ સમયવાળો 'અપ્રથમસમયનિર્ગ્રંથ' કહેવાય છે. માટે કહે છે કે-'અન્ય સમયોમાં' અર્થાત્ અપ્રાપ્તપૂર્વભાવ સંબંધી સમયથી અન્ય તે ભાવસંબંધી સમયોમાં, એમ જાણવું.

○ ચરમસમયનિર્ગ્રંથ-અંતિમ સમયમાં વિદ્યમાન 'ચરમસમયનિર્ગ્રંથ.' અહીં ચરમત્વ એટલે પર્યંતવર્તિપણું અને તે સાપેક્ષ છે. તથાચ નિર્ગ્રંથ અવસ્થાના જેટલા સમયો છે, તે સમયો પૈકી પ્રાન્તવર્તિ સમયથી વિશિષ્ટ નિર્ગ્રંથ અવસ્થાવાળો 'ચરમસમયનિર્ગ્રંથ' કહેવાય છે.

○ શેષોમાં એટલે પ્રાન્તસમયથી પૂર્વવર્તી સમયોમાં વિશિષ્ટ નિર્ગ્રંથાવસ્થાવાળો 'અચરમસમયનિર્ગ્રંથ' કહેવાય છે.

શંકા – પ્રથમ-અપ્રથમસમય નિર્ગ્રંથમાં, ચરમ-અચરમ નિર્ગ્રંથમાં કોનાથી કરાયેલો વિશેષ છે ?

સમાધાન – આના જવાબમાં કહે છે કે-'પહેલાંના બે, પૂર્વાનુપૂર્વીથી વિવક્ષિત સમયસમુદાયમાં જે પહેલો છે, તેનાથી અનુક્રમથી પરિપાટી જો કરાય છે, તો તે ક્રમ 'પૂર્વાનુપૂર્વી' કહેવાય છે. તેના આધારે પહેલાંના બે ભેદ આદરેલા છે. 'અન્તિમ બે, પશ્ચાનુપૂર્વીથી' ત્યાં જ જે પાછળનો છેલ્લો છે, તેનાથી આરંભીને વ્યત્યય(ઉલ્ટી રીત)થી જો ક્રમ પરિપાટી રચાય છે, તો તે ક્રમ 'પશ્ચાનુપૂર્વી' કહેવાય છે. તેના આધારે અંતિમ બે ભેદો કહેલા છે. આવો વિશેષ છે.

○ યથાસૂક્ષ્મનિર્ગ્રંથ-સમયવિશેષની વિવક્ષા વગર વસ્તુતઃ તે તે સમયોમાં વર્તમાન નિર્ગ્રંથ 'યથાસૂક્ષ્મનિર્ગ્રંથ' કહેવાય છે.

अथ स्नातकमादर्शयति –

निरस्तघातिकर्मचतुष्टयस्स्नातकः । स सयोग्ययोगिभेदेन द्विविधः । मनोवाक्काय-व्यापारवान् स्नातकस्सयोगी । सर्वथा समुच्छिन्नयोगव्यापारवान् स्नातकोऽयोगी ।१२।

निरस्तेति । क्षालितसकलघातिकर्ममलत्वात्स्नात इव स्नातस्स एव स्नातक इत्यर्थः, स्नाकत्वञ्च क्षपकश्रेणीत एव लभ्यते । अस्यापि द्वैविध्यमाह स इति, सयोगिनमाह मन इति, योगो वीर्यं शक्तिरुत्साहः पराक्रम इति पर्यायाः, स च मनोवाक्कायलक्षणकरभेदात्तिस्रः संज्ञा लभते मनोयोगो वाग्योगः काययोगश्चेति, ईदृशयोगत्रयविशिष्टस्स्नातकस्सयोगीत्युच्यते मनः-पर्यायज्ञानिप्रभृतिभिर्मनसा पृष्टस्य देशनाय मनोयोगस्य, धर्मदेशनादौ वाग्योगस्य, निमेषोन्मेष-चंक्रमणादौ काययोगस्यावश्यकत्वादिति भावः, अयोगिनमाह सर्वथेति, सर्वथायोगनिरोधोत्तरं शैलेश्यवस्थावानित्यर्थः । योगनिरोधश्शैलेशीकरणञ्च पूर्वमेवोपदर्शितम् ॥

स्नातकचारित्रीनुं वर्णन

भावार्थ – "चार घातिकर्मोनो क्षय करनार 'स्नातक' कहेवाय छे. ते सयोगी-अयोगीना भेदथी बे प्रकारनो छे. मन-वचन-कायाना व्यापारवाळो स्नातक 'सयोगी,' सर्वथा समुच्छिन्न योगव्यापारवाळो 'अयोगी' कहेवाय छे."

विवेचन – सकळ घातिकर्ममेलने धोनार होवाथी स्नानवाळानी माफक स्वच्छ, ते ज 'स्नातक. कहेवाय छे. वळी स्नातकपणुं क्षपकश्रेणीथी ज मेळवाय छे.

○ योगना पर्यायो-वीर्य, शक्ति, उत्साह, पराक्रम छे : अने ते योग मन-वचन-कायरूप करणना भेदथी त्रण संज्ञाओने पामे छे. जेम के-मनोयोग, वचनयोग अने काययोग. आवा त्रण योगथी विशिष्ट स्नातक 'सयोगी' कहेवाय छे. केम के-मनःपर्यायज्ञानी-अवधिज्ञानी वगेरे मनथी पूछेलाने जवाब आपवामां मनोयोगनी, धर्मदेशना आदिमां वचनयोगनी अने निमेष-उन्मेष-विहार आदिमां काययोगनी आवश्यकता छे.

○ सर्वथा योगनिरोध पछी शैलेशी अवस्थावाळो कहेवाय छे : अने योगनिरोध शैलेशीकरण पहेलां दर्शावेल छे.

अथ स्वरूपतोऽभिहितानामेषां चारित्रिणामनुयोगद्वारैस्साधनायाह –

संयमश्रुतप्रतिसेवनातीर्थलिङ्गलेश्योपपातस्थानैर्विचार्या एते । पुलाकबकुशप्रति-सेवनाकुशीलास्सामायिकसंयमे छेदोपस्थाप्ये च वर्त्तन्ते । कषायकुशीलाः परिहार-विशुद्धौ सूक्ष्मसम्पराये च । निर्ग्रन्थाः स्नातकाश्च यथाख्यात एव ॥ १३ ॥

संयमेति । अष्टावेतान्यनुयोगद्वाराणि संक्षेपेणोक्तानि नातो न्यूनता शङ्का कार्या । अत्र कस्मिन् संमये के भवन्तीत्यत्राह पुलाकेति । सप्रभेदा एते आद्यचारित्रद्वय एव वर्त्तन्त इत्यर्थः, कषायकुशीला इति, तत्त्वार्थभाष्यानुसारेणैवमुक्तिः, भगवत्याद्यनुसारेण तु आद्यद्वयेऽपि भवन्त्येत इति बोध्यम् । शिष्टं स्पष्टम् ॥

હવે સ્વરૂપથી કહેલા આ ચારિત્રીઓને અનુયોગદ્વારોથી સમજાવવા માટે કહે છે કે-

संयमद्वार

ભાવાર્થ – "સંયમ-શ્રુત-પ્રતિસેવના-તીર્થ-લિંગ-લેશ્યા-ઉપપાત-સ્થાનરૂપ દ્વારોથી આ ચારિત્રીઓનો વિચાર કરવો જોઈએ. પુલાક-બકુશ-પ્રતિસેવના-કુશીલો સામાયિકસંયમમાં અને છેદોપસ્થાપ્યમાં વર્તે છે, કષાયકુશીલો પરિહારવિશુદ્ધિમાં અને સૂક્ષ્મસંપરાયમાં વર્તે છે તથા નિર્ગ્રંથો અને સ્નાતકો યથાખ્યાતમાં જ વર્તે છે."

વિવેચન – આઠ, આ અનુયોગદ્વારો સંક્ષેપથી કહેલાં છે, જેથી ન્યૂનતાની શંકા કરવી નહિ. અહીં કયા સંયમમાં કેટલા હોય છે ? આના જવાબમાં કહે છે કે-

○ પુલાક-બકુશ-પ્રતિસેવના-કુશીલો પ્રભેદોની સાથે પહેલાંના બે ચારિત્રમાં જ વર્તે છે.

○ કષાયકુશીલો પરિહારવિશુદ્ધિમાં અને સૂક્ષ્મસંપરાયમાં છે. આવું કથન તત્ત્વાર્થભાષ્યના અનુસારે જાણવું. ભગવતી આદિના અનુસારે તે પહેલાંના બે ચારિત્રમાં પણ હોય છે, એમ જાણવું. બાકીનું સ્પષ્ટ છે.

पुलाकबकुशप्रतिसेवनाकुशीला उत्कर्षेणानूनैकाक्षराणि दशपूर्वाणि श्रुतानि धारयन्ति, कषायकुशीला निर्ग्रन्थाश्च चतुर्दशपूर्वधराः, जघन्येन पुलाकानां श्रुतमाचारवस्तु, बकुशकुशीलनिर्ग्रन्थानामष्टौ प्रवचनमातरः, स्नातकास्तु श्रुतरहिताः केवलज्ञानवत्त्वात् ॥ १४ ॥

पुलाकेति । अनूनेति, एकेनाप्यक्षरेणान्यूनानि दशपूर्वाणीत्यर्थः । कषायेति चतुर्दशेति, उत्कर्षेणेदं बोध्यम्, आचारवस्त्विति, नवमपूर्वान्तःपातितृतीयमाचारवस्तु यावत्तेषां श्रुतमित्यर्थः । अष्टौ प्रवचनमातर इति, एतत्पालनरूपत्वाच्चारित्रस्य, तथा च चारित्रिभिरवश्यं तावज्ज्ञानवद्भिर्भवितव्यं चारित्रस्य ज्ञानपूर्वकत्वात् तज्ज्ञानञ्च श्रुतादिति तेषामष्टप्रवचनमातृप्रतिपादनपरं श्रुतं बोध्यम्, अवशिष्टं मूलं स्फुटार्थम् ॥

श्रुतद्वार

ભાવાર્થ – "પુલાક-બકુશ-પ્રતિસેવના કુશીલો ઉત્કર્ષથી સર્વ અક્ષરોથી સંપૂર્ણ દશ પૂર્વરૂપ શ્રુતોને ધારણ કરે છે. કષાયકુશીલો અને નિર્ગ્રંથો ચૌદ પૂર્વધરો હોય છે. પુલાકોને જઘન્યથી શ્રુત આચારવસ્તુ છે. બકુશ-કુશીલ-નિર્ગ્રંથોને આઠ પ્રવચનમાતાઓ, સ્નાતકો તો શ્રુતરહિત છે, કેમ કે-કેવલજ્ઞાની છે."

विवेचन – એક પણ અક્ષરથી ન્યૂન નહિ એવા દશ પૂર્વો, કષાયકુશીલો અને નિર્ગ્રંથો ઉત્કર્ષથી ચૌદપૂર્વધરો છે એમ જાણવું. 'आचारवस्तु' અર્થાત્ નવમા પૂર્વમાં રહેલ ત્રીજી આચારવસ્તુ સુધી તે પુલાકોનું જઘન્યથી શ્રુત છે.

○ બકુશ-કુશીલ-નિર્ગ્રંથોને જઘન્યથી શ્રુત અષ્ટપ્રવચનમાતાઓ છે, કેમ કે-અષ્ટપ્રવચનમાતાના પાલનરૂપ જ ચારિત્ર હોય છે. તથાચ ચારિત્રીઓએ અવશ્ય તેટલા જ્ઞાનવાળા થવું જોઈએ, કેમ કે-ચારિત્ર જ્ઞાનપૂર્વક છે : અને તે જ્ઞાન શ્રુતથી હોય છે, માટે તે બકુશ આદિનું જઘન્યથી આઠ પ્રવચનમાતાઓના પ્રતિપાદનમાં પરાયણશ્રુત જાણવું. બાકીનું મૂલ સ્પષ્ટ અર્થવાળું છે.

प्रतिसेवनाद्वारमाह –

क्षपाभोजनविरतिसहितपञ्चमूलगुणानामन्यतमं बलात्कारेण प्रतिसेवते पुलाकः, बकुशो मूलगुणाविराधक उत्तरगुणांशे विराधकः, प्रतिसेवनाकुशीलो मूलगुणाविराधक उत्तरगुणेषु काञ्चिद्विराधनां प्रतिसेवते, कषायकुशीलनिर्ग्रन्थस्नातकानां प्रतिसेवना नास्ति ॥ १५ ॥

क्षपाभोजनेति । बलात्कारेणेति राजादिकृतबलात्कारेण न तु स्वरसत इति तत्त्वार्थभाष्यानुसारेण । भगवत्यनुसारेण पञ्चानां महाव्रतानामन्यतमं प्रतिसेवेत, उत्तरगुणान् प्रतिसेवमानो दशविधप्रत्याख्यानान्यतमं प्रतिसेवेतेति, उत्तरगुणांशे विराधक इति, दशविधप्रत्याख्यानान्यतमं विराधयतीत्यर्थः । काञ्चिदिति तत्त्वार्थभाष्यानुसारेणेदम्, भगवत्यान्तु प्रतिसेवनाकुशीलः पुलाकवदुक्तः ॥

प्रतिसेवनाद्वार

भावार्थ – "પુલાક, રાત્રિભોજન વિરતિ સહિત પાંચ મૂલગુણોમાંના કોઈ એક મૂલગુણની બલાત્કારથી પ્રતિસેવના કરે છે. બકુશ મૂલગુણનો વિરાધક હોતો નથી, ઉત્તરગુણાંશમાં વિરાધક થાય છે. પ્રતિસેવનાકુશીલ મૂલગુણનો અવિરાધક અને ઉત્તરગુણોમાં કોઈ એક વિરાધના કરે છે. કષાયકુશીલ-નિર્ગ્રંથ-સ્નાતકોને પ્રતિસેવના હોતી નથી."

विवेचन – બલાત્કારથી એટલે રાજા આદિએ કરેલ બલાત્કારથી પરંતુ સ્વરસથી (પોતાની ઇચ્છાથી) નહિ, એમ તત્ત્વાર્થભાષ્યના અનુસારે જાણવું. ભગવતીના અનુસારે પાંચ મહાવ્રતોમાંથી કોઈ એક મહાવ્રતની પ્રતિસેવના કરે છે. ઉત્તરગુણોની પ્રતિસેવના કરનારો દશ પ્રકારના પચ્ચક્ખાણોમાંથી કોઈ પચ્ચક્ખાણની પ્રતિસેવના કરે છે. 'ઉત્તરગુણાંશવિષયક વિરાધક' એટલે દશ પ્રકારના પચ્ચક્ખાણોમાંથી કોઈ એક વિરાધના કરે છે. એવું વિધાન તત્ત્વાર્થભાષ્યના અનુસારે સમજવું. ભગવતીમાં તો પ્રતિસેવનાકુશીલ પુલાકની માફક કહેલો છે.

तीर्थद्वारमाह –

पुलाकादयस्सर्वे सर्वेषां तीर्थकृतां तीर्थेषु भवन्ति ॥ १६ ॥

पुलाकादय इति । तरन्त्यनेनेति तीर्थं प्रवचनं प्रथमगणधरो वा, तीर्यतेऽनेनेति वा तीर्थं सङ्घो ज्ञानदर्शनचारित्रगुणयुतः, प्रवचनमपि श्रुतज्ञानरूपत्वात्तीर्थमेव, तत्र जैनमेव तीर्थं अभिप्रेतार्थसाधकं, सम्यक्श्रद्धानोपलब्धिक्रियात्मकत्वाद्यदेवं तदेवं यथा सम्यक्परिच्छेदवती रोगापनयनक्रिया यत्रैवं तत्तु नैवं यथोन्मत्तप्रयुक्तक्रिया । नेतरेषां तीर्थानि अभिप्रेतफलानि, समग्रनयविकलत्वात्, विफलक्रियावत्, यथा भिषक्प्रतिचारकातुरौषधाद्यन्यतमाङ्गविफला क्रिया न सम्पूर्णाभिप्रेतफलसाधनभूता तथैतदन्यतीर्थान्यपीति । तीर्थेषु भवन्तीति, तत्त्वार्थभाष्यानुसारेणेदम्, भगवत्यान्तु पुलाकबकुशप्रतिसेवनाकुशलास्तीर्थे एव, कषायकुशीलनिर्ग्रन्थस्नातकास्तु तीर्थे वाऽतीर्थे वा भवन्ति, कषायकुशीलः छद्मस्थावस्थायां तीर्थकरोऽपि स्यात्तदपेक्षया, तीर्थव्यवच्छेदे तदन्योऽप्यसौ स्यादिति तदन्यापेक्षया चातीर्थेऽपि स्यादिति ॥

तीर्थद्वार

ભાવાર્થ – "પુલાક આદિ સઘળા ચારિત્રીઓ સઘળા તીર્થંકરોના તીર્થોમાં હોય છે-થાય છે."

વિવેચન – તીર્થ-જેના વડે જીવો તરે છે, તે તીર્થ એટલે પ્રવચન કે પ્રથમ ગણધર, અથવા જેનાવડે તરાય, તે તીર્થ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર સહિત સંઘ. પ્રવચન પણ શ્રુતજ્ઞાનરૂપ હોવાથી તીર્થ જ છે. ત્યાં જૈન તીર્થ જ ઇષ્ટપુરુષાર્થ સાધક છે, કેમ કે-સમ્યક્ શ્રદ્ધા-ઉપલબ્ધિ (જ્ઞાન) અને ક્રિયા આત્મક છે. જે આ પ્રમાણે છે, તે આ પ્રમાણે જ છે. જેમ કે-સમ્યગ્જ્ઞાનવાળી રોગ દૂર કરવાની ક્રિયા. જે આ પ્રમાણે નથી, તે તે પ્રમાણે નથી. જેમ કે-ઉન્મત્તજન્ય ક્રિયા.

○ બીજાઓના તીર્થો ઇષ્ટફળસાધક નથી, કેમ કે-સમસ્ત નયોથી રહિત છે. જેમ કે-નિષ્ફળ ક્રિયા. જેમ વૈદ્ય-પરિચારક-આતુરના ઔષધ આદિમાંથી કોઈ અંગથી રહિત ક્રિયા સંપૂર્ણ ઇષ્ટફળસાધનભૂત થતી નથી, તેમ જૈન તીર્થથી અન્ય તીર્થો પણ તેવાં જાણવાં.

'तीर्थेषु भवन्ति' । આવું વિધાન તત્ત્વાર્થભાષ્યના અનુસારે જાણવું. ભગવતીમાં તો પુલાક-બકુશ-પ્રતિસેવનાકુશીલો તીર્થમાં જ હોય છે. કષાયકુશીલ-નિર્ગ્રંથ-સ્નાતકો તો તીર્થમાં કે અતીર્થમાં હોય છે-થાય છે. કષાયકુશીલ છદ્મસ્થ અવસ્થામાં તીર્થંકર પણ હોઈ શકે. તે અતીર્થની અપેક્ષાએ, તીર્થવ્યવચ્છેદમાં તે તીર્થંકરથી ભિન્ન પણ આ કષાયકુશીલ હોય ! માટે તે તીર્થંકર ભિન્નની અપેક્ષાએ અતીર્થમાં પણ થાય ! આ કષાયકુશીલ આદિ ત્રણ કદાચિદ્ (તીર્થની અનુત્પત્તિ કે વિચ્છેદરૂપ) અતીર્થમાં પણ મરૂદેવા વગેરે સંભવી શકે છે.

लिङ्गद्वारमाह –

ज्ञानदर्शनचारित्ररूपभावलिङ्गानि सर्वेषां स्युः, रजोहरणादिद्रव्यलिङ्गानि तु केषाञ्चित्सर्वदैव भवन्ति, केषाञ्चित्कदाचित्, केषाञ्चिच्च नैव भवन्ति ॥ १७ ॥

ज्ञानेति । लिङ्गं द्विधा, द्रव्यभावभेदात्, भावलिङ्गं ज्ञानादि, एतच्च स्वलिङ्गमेव, ज्ञानादिभावस्यार्हतामेव भावात्, द्रव्यलिङ्गन्तु स्वलिङ्गपरलिङ्गभेदाद्द्वेधा, रजोहरणादि स्वलिङ्गम्, परलिङ्गमपि कुतीर्थिकगृहस्थलिङ्गभेदाद्द्विविधम्, तत्र भावलिङ्गस्य तदन्तरा चरणासम्भवात्सर्वेषामस्तित्वमेवेत्याह ज्ञानेति, द्रव्यलिङ्गमाश्रित्याह रजोहरणादीति, चरणपरिणामस्य द्रव्यलिङ्गानपेक्षत्वात्त्रिविधलिङ्गेऽप्येते भवन्तीति भावः । नैव भवन्तीति, यथा मरुदेवीप्रभृतीनामिति ॥

લિંગ દ્વારા

ભાવાર્થ – "જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ભાવલિંગ સઘળા ચારિત્રીઓને હોય ! રજોહરણ આદિ દ્રવ્યલિંગો તો કેટલાકને સર્વદા જ હોય છે, કેટલાકને કદાચિત્ હોય છે અને કેટલાકને હોતા જ નથી."

વિવેચન – દ્રવ્ય અને ભાવના ભેદથી લિંગ બે પ્રકારવાળું છે. જ્ઞાન આદિ ભાવલિંગ તરીકે કહેવાય છે. વળી આ સ્વ(આત્માનું) લિંગ જ છે, કેમ કે-કેવલજ્ઞાન આદિ ભાવની અરિહંતોમાં જ સત્તા છે. દ્રવ્યલિંગ તો સ્વલિંગ અને પરલિંગના ભેદથી બે પ્રકારનું છે. રજોહરણ આદિ સ્વલિંગ છે. (જૈન સાધુનું બાહ્યલિંગ છે.) પરલિંગ પણ કુતીર્થિક-ગૃહસ્થના ભેદથી બે પ્રકારનું છે. ભાવલિંગ સિવાય ચારિત્રનો અસંભવ હોઈ સઘળા ચારિત્રીઓમાં ભાવલિંગનું અસ્તિત્વ છે. ચારિત્રનો પરિણામ દ્રવ્યલિંગની અપેક્ષા રાખનારો નહિ હોવાથી અર્થાત્ ભાવલિંગમાં બધા ચારિત્રીઓ છે. કદાચિત્ રજોહરણ આદિ દ્રવ્યલિંગ હોય ખરું અને કદાચિત્ દ્રવ્યલિંગ મરૂદેવી આદિની માફક ન પણ હોય ખરું. (અર્થાત્ ભાંગાની અપેક્ષાએ ભાવલિંગ-દ્રવ્યલિંગ-સ્વલિંગરૂપ ત્રણ પ્રકારના લિંગમાં પણ આ ચારિત્રીઓ હોય છે.)

○ મરૂદેવી આદિ કેટલાકને દ્રવ્યલિંગો હોતાં નથી.

લેશ્યાદ્વારમાહ –

पुलाकस्योत्तरास्तिस्त्रो लेश्याः, बकुशप्रतिसेवनाकुशीलयोष्षडपि, परिहारविशुद्धिस्थकषायकुशीलस्योत्तरास्तिस्त्रः, सूक्ष्मसम्परायस्थस्य तस्य निर्ग्रन्थस्नातकयोश्च केवला शुक्ला लेश्या, अयोगस्य शैलेशीप्रतिपन्नस्य न काचिदपि भवति ॥ १८ ॥

पुलाकस्येति । लेश्याः पूर्वोक्ताः, उत्तरा इति, भावलेश्यापेक्षया तेजःपद्मशुक्ललेश्यास्तिस्र इत्यर्थः । बकुशेति, षडपीति, तत्त्वार्थभाष्यानुसारेणेदम्, भगवत्यान्तु पुलाकस्ये-

वेत्युक्तम् । परिहारविशुद्धिस्थेति, तिस्र इति तेजःपद्मशुक्ललेश्या इत्यर्थः, तत्त्वार्थानुसारेणेदम्, भगवत्यान्तु कषायकुशीलस्तु षट्स्वपीत्युक्तम्, तद्व्याख्यायां सकषायमेवाश्रित्य "पुव्वपडिवण्णओ पुण अण्णयरीए लेस्साए" इत्येतदुक्तमिति संभाव्यत इति दृश्यते । तस्येति कषायकुशलस्येत्यर्थः । केवलेति, अन्यलेश्यानिरपेक्षेत्यर्थः । स्नातकस्य परमशुक्ललेश्या प्रोक्ता भगवत्यां, परमशुक्ललेश्या च शुक्लध्यानतृतीयभेदावसरे या लेश्या सा, अन्यदा तु शुक्लैव, सापीतरजीवशुक्ललेश्यापेक्षया स्नातकस्य परमशुक्लेति । शिष्टं स्पष्टम् ॥

લેશ્યાદ્વાર

ભાવાર્થ – "પુલાકને ઉત્તર-શુભ ત્રણ લેશ્યાઓ હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલમાં છ પણ લેશ્યાઓ હોય છે. પરિહારવિશુદ્ધિમાં રહેલ અને કષાયકુશીલને ઉત્તરશુભ ત્રણ લેશ્યાઓ હોય છે. સૂક્ષ્મસંપરાયમાં રહેનારને, કષાયકુશીલને, નિર્ગ્રંથ અને સ્નાતકને ફક્ત શુક્લલેશ્યા હોય છે. શૈલેશીને પ્રાપ્ત કરનાર અયોગીને કોઈ પણ લેશ્યા નથી."

વિવેચન – લેશ્યાઓનું વર્ણન પૂર્વે કરેલું છે. 'ઉત્તર ત્રણ લેશ્યા' એટલે ભાવલેશ્યાની અપેક્ષાએ તેજોલેશ્યા-પદ્મલેશ્યા-શુક્લલેશ્યા, એ ત્રણ લેશ્યા સમજવી. 'બકુશ આદિમાં છ પણ.' આ કથન તત્ત્વાર્થભાષ્યના અનુસારે છે. ભગવતીમાં તો પુલાકની માફક કહેલ છે. 'પરિહારવિશુદ્ધિસ્થ કષાયકુશીલમાં તેજ-પદ્મ-શુક્લલેશ્યા, એમ ત્રણ લેશ્યાઓ છે.' આ કથન તત્ત્વાર્થના અનુસારે જાણવું. ભગવતીમાં તો કષાયકુશીલ તો છ લેશ્યાઓમાં પણ છે, એમ કહેલું છે. તેની વ્યાખ્યામાં સકષાયને આશ્રીને 'पूर्वप्रतिपन्नकः पुनः अन्यतरस्यां लेश्यायां ।' એ અપેક્ષાએ આ કહેલું છે, એમ સંભાવના કરાય છે.

○ ભગવતીમાં સ્નાતકને પરમ શુક્લલેશ્યા કહેલી છે : અને પરમ શુક્લલેશ્યા શુક્લધ્યાનના ત્રીજા ભેદના અવસરે જે લેશ્યા, તે પરમ શુક્લલેશ્યા. એ સિવાય તો શુક્લલેશ્યા જ હોય છે. તે પણ ઇતર જીવની શુક્લલેશ્યાની અપેક્ષાએ. સ્નાતકને પરમ શુક્લલેશ્યા હોય છે. બાકીનું સ્પષ્ટ છે.

उपपातद्वारमाह –

पुलाकस्योपपात आसहस्रारं, बकुशप्रतिसेवनाकुशीलयोर्द्वादशदेवलोके । कषायकुशीलनिर्ग्रन्थयोस्तु सर्वार्थसिद्धे । सर्वेषामपि जघन्यः पल्योपमपृथक्त्वस्थितिके सौधर्मे । स्नातकस्य निर्वाणे ॥ १९ ॥

पुलाकस्येति । उपपातः पूर्वजन्मपरित्यागेन स्थानान्तरप्राप्तिः । आसहस्रारमिति, उत्कर्षेणेदम् । बकुशप्रतिसेवनाकुशीलयोरिति, द्वादशदेवलोक इति, अच्युत इत्यर्थः । सर्वार्थसिद्ध इति, निर्ग्रन्थस्याजघन्योत्कृष्टत्वं बोध्यम् । सर्वेषामपीति, जघन्ययोग्यानां सर्वेषामित्यर्थः, तथा च पुलाकबकुशकुशीलानां जघन्येन सौधर्मे कल्पे उपपात इति भावः,

पल्योपमपृथक्त्वस्थितिक इति, पल्योपमस्य द्विप्रभृत्यानवभ्यः पृथक्त्वपरिभाषणात् तावत्स्थितिक इत्यर्थः । उत्कर्षेण तु पुलाकस्य तत्राष्टादशसागरोपमा स्थितिर्बकुशस्य द्वाविंशतिसागरोपमस्थितिः । एवं प्रतिसेवनाकुशीलस्यापि, कषायकुशीलस्य तु त्रयस्त्रिंशत्सागरोपमा स्थितिस्स्वस्वोत्कृष्टलोकेष्विति ज्ञेयम् ॥

ઉપપાતદ્વાર

ભાવાર્થ – "પુલાકનો ઉત્કૃષ્ટ ઉપપાત સહસ્રાર સુધી છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલનો ઉત્કૃષ્ટ ઉપપાત બારમા દેવલોકમાં હોય છે. કષાયકુશીલ અને નિર્ગ્રંથનો ઉત્કૃષ્ટ ઉપપાત સ્વાર્થસિદ્ધમાં હોય છે. તમામનો પણ જઘન્ય ઉપપાત બે પલ્યોપમથી નવ પલ્યોપમની સ્થિતિવાળા સૌધર્મકલ્પમાં હોય છે. સ્નાતક નિર્વાણમાં જાય છે."

વિવેચન – પૂર્વજન્મના પરિત્યાગથી બીજા સ્થાનની પ્રાપ્તિ, એ ઉપપાત કહેવાય છે. પુલાકનો ઉપપાત ઉત્કૃષ્ટથી સહસ્રાર સુધી હોય છે. બકુશ અને પ્રતિસેવનાકુશીલનો ઉપપાત બારમા દેવલોકમાં એટલે અચ્યુતમાં ઉત્કૃષ્ટથી હોય છે. નિર્ગ્રંથનો ઉપપાત સર્વાર્થસિદ્ધમાં હોય છે. નિર્ગ્રંથના ઉપપાતમાં અજઘન્ય ઉત્કૃષ્ટપણું જાણવું. 'सर्वेषामपि ।' અહીં જઘન્યયોગ્ય સઘળાયનો ઉપપાત જાણવો. તથાચ પુલાક-બકુશકુશીલોનો જઘન્યથી સૌધર્મકલ્પમાં ઉપપાત જાણવો. 'पल्योपमपृथक्त्वस्थितिके सौधर्मे ।' પૃથક્ત્વ એટલે બેથી માંડી નવ સુધીની સંખ્યાવાચક શબ્દરૂપે પરિભાષિત કરાય છે. બે પલ્યોપમથી નવ પલ્યોપમની સ્થિતિવાળા સૌધર્મનામક પહેલા દેવલોકમાં ઉપપાત હોય છે. ઉત્કૃષ્ટથી તો પુલાકને ત્યાં અઢાર સાગરોપમની સ્થિતિ, બકુશને બાવીશ સાગરોપમની સ્થિતિ. એ પ્રમાણે પ્રતિસેવનાકુશીલની પણ જાણવી. કષાયકુશીલની તો ૩૩ સાગરોપમની સ્થિતિ પોતપોતાના ઉત્કૃષ્ટ લોકોમાં હોય છે, એમ જાણવું.

स्थानद्वारमाह –

पुलाककषायकुशीलयोर्लब्धिस्थानानि सर्वजघन्यानि । तौ युगपदसंख्येयानि स्थानानि गच्छतः । ततः पुलाको व्युच्छिद्यते । कषायकुशीलस्तु गच्छत्यसंख्येयस्थानान्येककः । ततः कषायकुशीलप्रतिसेवनाकुशीलबकुशा युगपदसंख्येयानि संयमस्थानानि गच्छन्ति, ततो बकुशो व्युच्छिद्यते ततोऽसंख्येयस्थानानि गत्वा प्रतिसेवनाकुशीलो व्युच्छिद्यते ततोऽसंख्येयस्थानानि गत्वा कषायकुशीलो व्युच्छिद्यते, अत ऊर्ध्वमकषायस्थानानि निर्ग्रन्थः प्रतिपद्यते । सोऽप्यसंख्येयस्थानानि गत्वा व्युच्छिद्यते, अत उर्ध्वमकषायस्थानानि निर्ग्रन्थ प्रतिपद्यते । सोऽपि असंख्येयस्थानानि

गत्वा व्युच्छिद्यते, अत ऊर्ध्वस्थानं गत्वा स्नातको निर्वाणं प्राप्नोतीति दिक् । इति पुलाकादिनिरूपणम् ॥ २० ॥

पुलाकेति । पुलाको बकुशप्रतिसेवनाकुशीलापेक्षया तथाविधविशुद्ध्यभावेन हीन एव स्यात्, कषायकुशीलापेक्षया हीनो वा स्यात्, अविशुद्धसंयमस्थानवृत्तित्वात्, तुल्यो वा समानसंयमस्थानवृत्तित्वात्, अधिको वा स्याच्छुद्धतरसंयमस्थानवृत्तित्वात्, यतः पुलाकस्य कषायकुशीलस्य च सर्वजघन्यानि संयमस्थानान्यध इति भावः । युगपदसंख्येयानीति, तुल्याध्यवसायत्वादिति भावः । व्युच्छिद्यत इति हीनपरिणामत्वादिति भावः । तु शब्देन पुलाके व्युच्छिन्नेऽपीति गम्यते । एकक इति, शुभतरपरिणामत्वादिति भावः, निर्वाणमिति, मोक्षं कृत्स्नकर्मक्षयरूपमित्यर्थः, निखिलनयाभिप्रेतार्थत्वात्, जैनदर्शने च षड्दर्शनसमूहमयत्वस्य सम्मतत्वात्, तथाहि ऋजुसूत्रादिभिर्नयैः ज्ञानसुखादिपरम्परा मुक्तिरिष्यते, तैरुत्तरोत्तरविशुद्ध-पर्यायमात्राभ्युपगमात्, क्षणविद्यमानत्वेन ज्ञानादीनां क्षणरूपतायास्सिद्धेः क्षणविद्यमानत्वस्य क्षणतादात्म्यनियतत्वात्, क्षणस्वरूपे तथादर्शनात् । सङ्ग्रहेण त्वावरणोच्छित्त्या व्यङ्ग्यं सुखं मुक्तिरित्यभ्युपगम्यते, व्यवहारेण प्रयत्नसाध्यः कर्मणां क्षयो मुक्तिरिष्यते, दुःखहेतुनाशो-पायेच्छाविषयत्वेन परमपुरुषार्थत्वात् ज्ञानादिषु दुःखोपायनाशहेतुषु प्रवृत्तिर्जायत एवेति । अन्तेऽस्य ग्रन्थस्य निर्वाणपदनिर्देशेन पर्यन्तमङ्गलमपि शिष्यप्रशिष्यपरम्परया ग्रन्थस्यास्या-विच्छेदफलकं निबद्धमिति सूचितम् । ग्रन्थेऽस्मिन् सर्वे विषया न पूर्णतया दर्शिताः, अपि तु लेशत एवेत्याशयेनाह दिगिति । पुलाकादिचारित्रिनिरूपणं निगमयतीतीति ॥

स्थानद्वार

ભાવાર્થ – "પુલાક અને કષાયકુશીલમાં લબ્ધિસ્થાનો સર્વ જઘન્ય છે. તે બંને એકીસાથે અસંખ્યાત સ્થાનોને પામે છે ત્યારબાદ પુલાક વ્યુચ્છિન્ન થાય છે. કષાયકુશીલ તો એકલો અસંખ્યાત સ્થાનોને પામે છે. તે પછી કષાયકુશીલ-પ્રતિસેવનાકુશીલ-બકુશો એકીસાથે અસંખ્યાત સંયમસ્થાનોને પામે છે. ત્યારપછી બકુશ વ્યુચ્છિન્ન થાય છે. ત્યારબાદ અસંખ્યાત સ્થાનોને પામીને પ્રતિસેવનાકુશીલ વ્યુચ્છિન્ન થાય છે. ત્યારપછી અસંખ્યાત સ્થાનોને પામીને કષાયકુશીલ વ્યુચ્છિન્ન થાય છે. આના પછી અકષાયસ્થાનોને નિર્ગ્રંથ સ્વીકારે છે. તે પણ અસંખ્યાત સ્થાનો પ્રાપ્ત કરી વ્યુચ્છિન્ન થાય છે. આ પછી ઊર્ધ્વસ્થાનને પામી સ્નાતક નિર્વાણને પામે છે."

વિવેચન – પુલાક, બકુશપ્રતિસેવનાકુશીલની અપેક્ષાએ તથાવિધ વિશુદ્ધિનો અભાવ હોવાથી હીન જ હોય કે થાય. અથવા કષાયકુશીલની અપેક્ષાએ હીન હોય, કેમ કે-અવિશુદ્ધ સંયમસ્થાનવૃત્તિ છે. અથવા તુલ્ય છે, કેમ કે-સમાનસંયમસ્થાનવૃત્તિ છે. અથવા અધિક થાય, કેમ કે-શુદ્ધતર સંયમસ્થાનવૃત્તિ છે; જેથી પુલાકના અને કષાયકુશીલના સર્વ જઘન્ય સંયમસ્થાનો છે, માટે અધઃનીચેના કહેવાય છે. 'એકીસાથે

અસંખ્યાતા સ્થાનો પામે છે,' કેમ કે-તુલ્ય અધ્યવસાય છે, એમ સમજવું. હીનપરિણામી હોવાથી અટકી જાય છે, એમ જાણવું. 'कषायकुशीलस्तु' । અહીં तु શબ્દથી પુલાક વ્યુચ્છિન્ન હોવા છતાં 'एकक' ઇતિ, એકલો ચડે છે, કેમ કે-શુભતરપરિણામી છે. 'निर्वाणमिति,' સમસ્ત કર્મક્ષયરૂપ મોક્ષને પામે છે. (વિવિધ સંયમસ્થાનોમાંથી સૌથી જઘન્ય સંયમસ્થાનો પુલાક અને કષાયકુશીલનાં હોય છે. એ બંને તુલ્ય અધ્યવસાયને લીધે અસંખ્યાત સ્થાનો સુધી સાથે જ વધતાં જાય છે. ત્યારબાદ હીનપરિણામને લઈને પુલાક અટકે છે. તેઓ આગળ વધી શકતાં નથી. આથી કષાયકુશીલ વર્ધમાન પરિણામને લીધે એકલો અસંખ્યાત સ્થાનો સુધી ચડ્યે જાય છે. ત્યારબાદ કષાયકુશીલ, પ્રતિસેવનાકુશીલ અને બકુશ એકીસાથે અસંખ્ય સ્થાનો સુધી આગળ વધે છે. ત્યારપછી બકુશ અટકે છે. ત્યારબાદ અસંખ્ય સ્થાનો ચડી પ્રતિસેવનાકુશીલ અટકે છે અને ત્યારપછી અસંખ્યાત સ્થાનો ચડી કષાયકુશીલ અટકે છે. ત્યારબાદ અકષાય યાને કેવળ યોગનિમિત્તક સ્થાનો આવે છે. એ પૈકી કેટલાકને પ્રાપ્ત કરવાની તાકાત અને લાયકાત નિર્ગ્રંથમાં છે. તેઓ આવાં અસંખ્યાત સ્થાનો સેવી અટકે છે, ત્યાર પછી અજોડ-અંતિમ-અનુત્તર તેમજ અત્યંત વિશુદ્ધ અને સ્થિર એવું સંયમસ્થાન આવે છે. એને સેવીને સ્નાતક નિર્વાણપદને પામે છે. ઉપરોક્ત અસંખ્યાત સ્થાનોમાં દરેકમાં પૂર્વ કરતાં પછીના સ્થાનની શુદ્ધિ અનંતગુણી છે. સંયમલબ્ધિ (સંયમસ્થાનપ્રાપ્તિ) અનંતાનંતગુણી હોય છે. સકષાયના અસંખ્યાત સંયમસ્થાનો હોય છે. સકષાયને સંકલેશ અને વિશુદ્ધિઓ અવશ્યંભાવી છે.)

○ તે મોક્ષ સમસ્ત નયોના ઇષ્ટ અર્થરૂપ છે. વળી જૈનદર્શનમાં છ દર્શનોની સમૂહમયતા સંમત છે. તે આ પ્રમાણે:-ઋજુસૂત્ર આદિ નયોએ 'જ્ઞાન-સુખ-આદિ પરંપરામુક્તિ' માનેલ છે, કેમ કે-તેઓ ઉત્તર ઉત્તર વિશુદ્ધ પર્યાય માત્રના સ્વીકાર કરનારાઓ છે. ક્ષણવિદ્યમાનપણાએ જ્ઞાન આદિમાં ક્ષણરૂપતાની સિદ્ધિ છે, કેમ કે-ક્ષણવિદ્યમાનતામાં ક્ષણતાદાત્મ્યનું નિયતપણું છે, કેમ કે-ક્ષણસ્વરૂપમાં તે પ્રકારનું દર્શન છે. સંગ્રહનયથી તો આવરણના ઉચ્છેદથી, વ્યંજનાથી ગમ્ય (અર્થાત્) 'સુખ' મુક્તિ છે, એમ સ્વીકાર કરાય છે. વ્યવહારનયથી પ્રયત્નથી સાધ્ય કર્મોનો ક્ષય 'મુક્તિ', એમ મનાય છે. દુઃખના હેતુનાશના ઉપાયની ઇચ્છાના વિષય(ઇષ્ટ)પણાએ પરમ પુરુષાર્થ હોઈ, દુઃખના ઉપાયના નાશના હેતુભૂત જ્ઞાન આદિમાં પ્રવૃત્તિ થાય છે જ. અંતમાં આ ગ્રંથના નિર્વાણપદના નિર્દેશથી પર્યંત મંગલ પણ શિષ્ય-પ્રશિષ્યપરંપરાથી આ ગ્રંથના અવિચ્છેદ ફળવાળું બાંધેલું છે, એમ સૂચિત કરેલ છે. આ ગ્રંથમાં સઘળા વિષયો પૂર્ણપણાએ બતાવેલા નથી પરંતુ લેશથી જ બતાવેલા છે. આવા આશયથી કહે છે કે-'दिक्' ઇતિ. આ માત્ર દિશાદર્શન છે. પુલાક આદિ ચારિત્રીઓનું નિરૂપણનું નિગમન કરે છે ઇતિ.

सम्यक्चरणनिरूपणमपि निगमयति –

जिज्ञासूनां यथाशास्त्रं सम्यक्चरणमीरितम् ।
स्वरूपेण विधानेन सम्यग्ज्ञानाभिवृद्धये ॥ २१ ॥

जिज्ञासूनामिति । जैनतत्त्वज्ञानाभिलाषिणामित्यर्थः, यथाशास्त्रमिति, शास्त्रमर्यादामनुल्लङ्घ्येत्यर्थः, सम्यक्चरणमीरितमिति, चर्यते मुमुक्षुभिरासेव्यत इति चरणं यद्वा चर्यते प्राप्यते परं पारं भवोदधेरनेनेति चरणं व्रतश्रमणधर्मादिरूपं, सम्यगविपरीतं मोक्षसिद्धिं प्रतीत्यानुगुणं यच्चरणं तदीरितं कथितमित्यर्थः, कथमित्यत्राह स्वरूपेण विधानेनेति, लक्षणेन

प्रभेदेन चेत्यर्थः, किमर्थमित्यत्राह सम्यग्ज्ञानाभिवृद्धय इति, श्रोतृणां स्वस्य च सम्यग्ज्ञानस्य विवृद्ध्यर्थमित्यर्थः ॥

इति तपोगच्छनभोमणि**श्रीमद्विजयानन्दसूरीश्वर**पट्टधर-**श्रीमद्विजयकमलसूरीश्वर**-चरणनलिनविन्यस्तभक्तिभरेण तत्पट्टधरेण **विजयलब्धिसूरिणा** विनिर्मितस्य **तत्त्वन्यायविभाकरस्य** स्वोपज्ञायां **न्यायप्रकाशटीकायां** पुलाकादिनिरूपणंनाम **तृतीयः किरणः** ॥

पूर्वषिकृतशास्त्राणां सारमादाय केवलम् ।
रचितेयं मया टीका मूलस्येव विभाव्यताम् ॥

तृतीयो भागः समाप्तः ॥

समाप्तश्च व्याख्यायसहितस्तत्त्वन्यायविभाकरः ॥ इति शिवमस्तु ॥

સમ્યક્ચરિત્રના નિરૂપણનો ઉપસંહાર

ભાવાર્થ – "શાસ્ત્ર પ્રમાણે જિજ્ઞાસુઓને સ્વરૂપથી અને વિધાનથી સમ્યગ્જ્ઞાનની અભિવૃદ્ધિ માટે સમ્યક્ચરણ કહેલ છે."

વિવેચન – જિજ્ઞાસુઓને એટલે જૈનતત્ત્વજ્ઞાનના અભિલાષીઓને, યથાશાસ્ત્ર એટલે શાસ્ત્રમર્યાદાનું ઉલ્લંઘન કર્યા વગર, સમ્યક્ચરણ એટલે મુમુક્ષુઓથી આચરાય તે ચરણ, અથવા જેનાવડે ભવોદધિનો કિનારો પમાય છે, તે વ્રત-શ્રમણ ધર્માદિરૂપ ચારિત્રચરણ કહેવાય છે. સમ્યગ્ એટલે મોક્ષની સિદ્ધિ પ્રત્યે અવિપરીત-અનુકૂળ ચારિત્ર કહેલું છે. કેવી રીતે કહેલું છે ? આના જવાબમાં કહે છે કે- 'સ્વરૂપથી-વિધાનથી', લક્ષણથી પ્રભેદથી કહેલું છે. શા માટે કહેલું છે ? આના જવાબમાં કહે છે કે- 'સમ્યગ્જ્ઞાનની અભિવૃદ્ધિ માટે' શ્રોતાઓને (વાચકોને) અને પોતાને સમ્યગ્જ્ઞાનની અભિવૃદ્ધિ થાય, એ હેતુથી કહેલું છે.

ઇતિ તપોગચ્છનભોમણિ શ્રીમદ્**વિજયાનંદસૂરીશ્વર** પટ્ટાલંકાર શ્રીમદ્**વિજયકમલસૂરીશ્વર**ના ચરણકમલમાં સ્થાપિત ભક્તિરસવાળા તેઓશ્રીના પટ્ટધર શ્રીમદ્**વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજાએ રચેલ **'તત્ત્વન્યાયવિભાકર'**ની સ્વોપજ્ઞ 'ન્યાયપ્રકાશ' નામની વ્યાખ્યામાં-ટીકામાં પુલાકાદિ 'નિરૂપણ' નામનું **ત્રીજું કિરણ** સમાપ્ત.

તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ રચયિતાના પટ્ટધર આ. વિજય **ભુવનતિલકસૂરિ**ના શિષ્ય પૂ.આ. શ્રીમદ્ **વિજયભદ્રંકરસૂરિ**એ તત્ત્વન્યાયવિભાકરની સ્વોપજ્ઞ **ન્યાયપ્રકાશ** નામની ટીકાનો સરળ ભાષામાં **ત્રીજા કિરણ**નો ગુજરાતી ભાવાનુવાદ સમાપ્ત.

"પ્રાચીન ઋષિઓએ રચેલ શાસ્ત્રોનો કેવળ સાર લઈને મૂળની માફક મેં રચેલી ટીકાને વાંચો-વિચારો."
(વ્યાખ્યા સહિત તત્ત્વન્યાયવિભાકર સમાપ્ત)

ત્રીજો ભાગ સમાપ્ત

• • •

मुनि श्री भद्रंकरविजयजी विरचितो ग्रन्थप्रशस्तिरूपः

(હાલ સ્વ.પૂ.આ.ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.)

ग्रन्थकारपरम्परापरिचयः ॥

शक्रेश्रेणीमुकुटमाणभिः स्पृष्टपादारविन्दः,
स्याद्वादीशश्चरमजिनपो **वर्धमानः** श्रियोढः ।
ज्ञानानन्त्यो यतिततिलतापूर्वबीजं विरागः,
भूयाद्भूत्यै सुकृतिकृतिनां शासनाधीश्वरोऽसौ ॥ १ ॥

तत्पट्टाब्रे हिमरुगिव यो भासते कान्तकान्तिः,
विद्याम्भोधिः प्रथितगणभृत्पञ्चमः संयताक्षः ।
प्रातर्ध्येयस्त्रिदिवपतिवत्सत्सुधर्माश्रितः सः,
हर्षाय स्तात्सहृदयहृदां **श्रीसुधर्मेशिता** वै ॥ २ ॥

जम्बूः कम्बूज्ज्वलतरयशास्तत्सुपट्टाब्जपूषा,
नव्योढाभिर्जितसुभगतास्वर्गरम्भोर्वशीभिः ।
जहे स्त्रीभिः सुदृढमनसो यस्य यूनो मनो नो,
वात्याभिर्वो वितरतु यथा मेरुकूटं स सौख्यम् ॥ ३ ॥

तत्पट्टप्राक्शिखरिरवयः श्रीलजम्बूपदेशाद्,
दीक्षां प्राप्ताः **प्रभव**विभवो येऽभवन्पान्तु ते वः ।
अर्हन्मूर्त्या कुमततिमिरं सूर्यदीप्त्येव नष्टं,
तत्पट्टेशोऽवस्तु सुमनसो यस्य **शय्यम्भवः** सः ॥ ४ ॥

ततो **यशोभद्र**गुरुर्बभूव, तत्पट्टशुद्धाम्बरपुष्पदन्तौ ।
सम्भूतविद्वन्मणिभद्रबाहू, उभावभूतां कुमताब्जराहू ॥ ५ ॥

वेश्यावेश्मनुषित्वा त्रिभुवनविजयी येन कामो विजिग्ये,
कोशावेश्याकटाक्षप्रसृमर विशिखानिर्जितस्वान्तयोधः ।
कीर्तिः प्रातस्त्रिलोक्यां नरसुरदनुजैः कीर्त्यते यस्य नित्यं,
भद्रं स **स्थूलभद्रो**[७] दिशतु मतिमतां पट्टरत्नं तयोर्यः ॥ ६ ॥

श्रीमन्महागिरिसुहस्तिगुरू[८] अभूतां, तत्पट्टभालंतिलकौ च सुहस्तिशिष्यौ ।
श्रीसुस्थितो[९] विबुधसुप्रतिबुद्ध एतौ, जातौ च कौटिकगणः समभूत्ततोऽसौ ॥ ७ ॥

क्रियास्वखिन्नोऽभवदि**न्द्रदिन्नः**[१०], ततोऽभवच्च व्रति**दिन्नसूरिः**[११] ।
गम्भीरवक्षा गिरिवत्सुधीरः, ततोऽभव**त्सिंहगिरिः**[१२] सुवीरः ॥ ८ ॥

वज्रस्वामी[१३] वृजिनशिखरिध्वंसवज्रोपमानः,
बाल्येऽपाठीन्मतिसुरगुरुर्योऽखिलैकादशाङ्गीम् ।
विद्याधीशः समजनि यतो वज्रशाखा प्रभाढ्या,
विश्वं पायाद्भववनदवात्सैष तत्पट्टराजः ॥ ९ ॥

श्रीवज्रसेनो[१४] विजिताक्षसेनः, तत्पट्टपूर्वाद्रिरविर्बभूव ।
तत्पट्टरत्नो गुरु**चंद्रसूरिः**[१५], ततोऽभवच्चान्द्रकुलस्य मूलम् ॥ १० ॥

सामन्तभद्रः[१६] कृतभव्यभद्रः, ततोऽजनि स्वागमपारदृश्वा ।
विद्याक्रियासत्त्वकृपासमुद्रः, निरस्ततन्द्रो नतभूरिसूरिः ॥ ११ ॥

श्रीवृद्धदेवो[१७]ऽजनि सूरिवर्यः, तत्पट्टपूर्वाचलचित्रभानुः ।
साधुक्रियाकर्मठताप्रतीतः, ज्ञानप्रमोदप्रतिपूर्णचेताः ॥ १२ ॥

श्रीप्रद्योतनसूरि[१८]राट् समभवत् तत्पट्टपुण्ड्रायितो,
देवीभिर्विजयादिभिश्चतसृभिः संसेव्यपादद्वयः ।
यः शान्तिस्तवगुम्फतः समहरन्मारिं दयामेदुरः,,
तत्पट्टाभरणं सुखं दिशतु वः **श्रीमानदेवः**[१९] कृती ॥ १३ ॥

अद्वैतव्रति**मानतुङ्ग**[२०]विबुधः सिद्धान्तपारङ्गतः,
श्रीभक्तामरकाव्यचारुरचनाचातुर्यचञ्चुः सुचित् ।
तत्पट्टामलहारनायकमणि-स्तन्याद्रमां धीमतां,
विद्यावित्तमहीप्रतीतमहिमाऽर्हच्छासनाभ्रार्यमा ॥ १४ ॥

यो नागपूर्यां नमिनाथमिम्बं, संप्रत्यतिष्ठत्सुरमहत्त्वपूर्णम् ।
श्रीवीरसूरिः[२१] समभूत्ततः सः, तत्पट्टशेषोरगवासुदेवः ॥ १५ ॥

तत्पट्टे **जयदेवसूरिरभव**[२२]-च्चारित्रपावित्र्यभृद्,
देवानन्दगुरु[२३]स्ततः समजनि त्राता पतत्प्राणिनाम् ।
विद्वान् **विक्रमसूरि**[२४]राट् गणपतिर्निर्ग्रन्थ आसीत्ततः,
योगिश्रीनरसिंहसूरि[२५]वृषभो जज्ञेऽथ विज्ञेश्वरः ॥ १६ ॥

श्रीनागह्रदतीर्थरक्षणकृते नग्नाटजेता क्षणात्,
तत्पट्टेशसमुद्रसूरि[२६]नृपतिः सञ्ज्ञाततत्त्वोऽभवत् ।
सञ्जातो हरिभद्रसूरिसवयाः **श्रीमानदेव**[२७]स्ततः,
आसीच्छ्री**विबुधप्रभो**[२८] यतिपतिः प्राज्ञप्रकाण्डस्ततः ॥ १७ ॥

भव्यानन्ददसूरितल्लजजयानन्द[२९]स्ततो जातवान्,
भक्ताम्भोजरवी **रविप्रभगुरु**[३०]ः संख्यावतामग्रणीः ।
सूरीशोऽजनि शुद्धकीर्तिक**यशोदेवो**[३१] बभूवाँस्ततः,
प्रद्युम्नस्मयहृत्ततः समजनि **प्रद्युम्नसूरीश्वरः**[३२] ॥ १८ ॥

येनाकार्युपधानवाच्यरुचिरग्रन्थो मुदे ज्ञानिनां,
उत्पेदे स ततस्तपोधनवरः **श्रीमानदेवः**[३३] प्रभुः ।
जज्ञे श्री**विमलादिचन्द्र**[३४]सुगुरुः सत्स्वर्णसिद्धिस्ततः,
जता गोपगिरीशकोविदमणेर्वादाङ्गणे शास्त्रवित् ॥ १९ ॥

वेदाङ्काङ्कमिते समं सुमनुजैः श्रीवैक्रमाब्दे गते,
श्रीलोद्योतनसूरि[३५]राट् प्रविहरन् पूर्वावनीतः सुधीः ।
आगात्सोऽर्बुदमुख्यशैलसविधे टेलीवटद्रोरधः,
लग्नेऽच्छे स्वपदेऽष्टसूरिवृषभान् प्रातिष्ठिपत्पावनः ॥ २० ॥

सन्मौक्तिकाच्छो वटसंज्ञगच्छः, ततो जगत्यां सुगुणैकगुच्छः ।
अपप्रथद्व्याप्ततमोऽपहारी, यथाऽन्तरिक्षे सवितुः प्रकाशः ॥ २१ ॥

श्रीसर्वदेवो[३६] नतसर्वदेवः, प्रशस्यशिष्यैः कृतपादसेवः ।
प्रख्यातकीर्तिः प्रथमोऽत्र सूरिः, जज्ञेऽथ तत्पट्टसरःसरोजम् ॥ २२ ॥

रूपश्रीबिरुदं प्रजेशसविधात्प्राप्तं स्ववैदुष्यतः,
येन श्रीयुतदेव[३७]सूरिनृपतिर्जातः स विज्ञस्ततः ।
तत्पट्टेऽजनि सूरिशेखरवरः **श्रीसर्वदेवः**[३८] पुनः,
सद्विद्याललनाविलाससदनं चारित्रचूडामणिः ॥ २३ ॥

ततो **यशोभद्रनेमिचन्द्रौ**[३९] तत्पट्टभद्रासनमुख्यराजौ ।
जातौ मुनी संयमशौर्यभाजौ, द्वौ कोविदौ सूरिवरौ सतीर्थ्यौ ॥ २४ ॥

अतात्यजीद् यो विकृतीः समग्राः, अपात्सदा काञ्जिकनीरमेकम् ।
सोऽभूत्ततः श्री**मुनिचन्द्रसूरिः**[४०] तत्पट्टशाली शमवीचिमाली ॥ २५ ॥

आचार्यवर्या**जितदेव**[४१]वादि-श्रीदेवसूरिप्रमुखा अभूवन् ।
प्राज्ञा विनेया विनयप्रशम्याः, शिष्येषु धुर्या मुनिचन्द्रसूरेः ॥ २६ ॥

तत्रादिमाच्छ्री**जयसिंहसूरिः**[४२], कुशाग्रबुद्ध्याजितदेवसूरिः ।
जज्ञे मुनीशः कविचक्रवर्ती, दिगन्तरालप्रथितातिकीर्तिः ॥ २७ ॥

सोमप्रभाचार्यवरः शतार्थी, पूर्वो द्वितीयो **मणिरत्न**[४३]**सूरिः** ।
उभौ च तस्याभवतां विनेयौ, प्रतीक्ष्यपादौ जितवादिवादौ ॥ २८ ॥

सानुग्रहप्रचरणप्रथितोदयो यः, स्वःसानुमानिव बभौ मणिरत्नपट्टे ।
चारित्ररत्नखनिमान् गुणधातुपूर्णः, कल्याणराजिजटिलः सुरसेव्यपादः ॥ २९ ॥

श्रीमज्जगच्चन्द्र[४६]मुनीन्द्रमुख्यः, तत्त्वज्ञराट् चान्द्रकुलाब्धिचन्द्रः ।
चन्द्रातिसौम्याकृतिकस्तपस्वी, स सूरिवर्यस्तनुताच्छिवं वः ॥ ३० ॥ युग्मम् ॥

सुदुस्तपा धीरवरेण याव-ज्जीवं मुदा येन तपस्विना सः ।
आचाम्लरम्या विदधे तपस्या, प्रशंसनीयो न कथं सुधीभिः ॥ ३१ ॥

यो द्वादशाब्दे विगते सुराज्ञः, श्रीराणकात्सत्तमजैत्रसिंहात् ।
आघाटसंज्ञे नगरेऽभिरामे, प्रापत्सुरम्यं बिरुदं **तपेति** ॥ ३२ ॥

बाणाष्टवक्षोरुहचन्द्रसङ्ख्ये, वर्षे सुधान्यादिकसन्निकर्षे ।
विस्तीर्णतेजा भुवि पप्रथेऽयं, **तपेति** गच्छः सुखदस्ततोऽच्छः ॥ ३३ ॥

सदालिजुष्टः सुमनोऽतिरम्यः, फलग्रहिः शिष्यलतावितानः ।
पर्वाधिशाली सुरगच्छवत्सः, तपेति गच्छः स्म चकास्ति नित्यम् ॥ ३४ ॥

अनन्यसाधारणचिच्चरित्रः, शैथिल्यमुक्तश्चरणप्रवृत्तौ ।
यस्य द्वितीया वटगच्छसंज्ञा, बिभर्ति, केषां न स पूज्यभावम् ॥ ३५ ॥

स्फारस्फुरत्संवरवीचिराजि-र्मर्यादितो भव्यरमानिमित्तम् ।
अस्ताघमूलो मुनिरत्नपूर्णः, शश्वद्व्यभात्सागरवत्स गच्छः ॥ ३६ ॥

देवेन्द्रसूरिविजयादिमचन्द्रसूरी, शिष्योत्तमौ कुमतसन्तमसांशुमन्तौ ।
विद्याविशारदवरौ श्रमणौ समस्तां, तत्पट्टनाकवडवातनयौ मुनीन्द्रौ ॥ ३७ ॥

विद्यानन्दगणिर्विचक्षणमणिर्देवेन्द्रसूरी शितुः,
पूर्वोऽन्यो मुनिधर्मघोषगणपो ह्येतौ विनेयावुभौ ।
सेनान्यौ जिनशासनक्षितिपतेः पुण्याङ्घ्रिबाहूपमौ,
जातो तत्पदमौलिमणिभृत्-श्रीधर्मघोषः क्षमी ॥ ३८ ॥

समुद्राधिष्ठाता जलनिधितराङ्गावलिमिषात्,
डुढौके रत्नादीननिमिषवरो यस्य सविधे ।
स्वपक्षान्यस्त्रीभिः प्रवचनवचोभञ्जनकृते,
गले केशव्यूहः कुमतिभिरकारि स्वबलतः ॥ ३९ ॥

तदा विद्याद्रङ्गे विदितकपटो यो मुनिवरो,
भृशं तस्तम्भैतास्तदनु सदयः सङ्घवचनात् ।
वधूनां निर्बन्धाल्लघु सममुचच्चातिशयभृत्,
समग्रन्थीच्छ्व्या जयवृषभसंज्ञादिकविताः ॥ ४० ॥

भिषज्यते कर्मरुजापहारे, सम्राज्यते सूरिसमूहमध्ये ।
धर्मोपदेशे जलमुच्यते यः, ओजायते पण्डितमण्डलेषु ॥ ४१ ॥

कश्चिद्योगिशठोऽवसद्वरनरे द्रङ्गे विशालाभिधे,
साधून्भापयते स्म सौवबलतो जैनान्समभ्यागतान् ।
भूम्यां संविहरन्हरन्कलितमः कुर्वञ्जनस्योद्धृतिं,
श्रीसूरीश्वरधर्मघोषविबुधस्तत्राजगामैकदा ॥ ४२ ॥

ईर्ष्याज्वालाज्वलितहृदयोऽहङ्कृतिध्वस्तबुद्धिः,
ज्ञात्वां योगी प्रति मुनिवरान् भापनायाददर्शत् ।
भीष्मान्दन्ताक्रकचविषमान्दर्शयित्वा कफोर्णि,
जग्मुर्भीताः स्वगुरुसविधे साधवः प्रोचुराशु ॥ ४३ ॥

प्रावोचद्गुरुराट् मुनींस्ततदयो मा भैष्ट यूयं मनाग्,
युष्मद्रक्षणदक्षशक्तिसमितो वेवेद्मि यावत्तदा ।
श्रुत्वा भीतिकरान्बहिश्च वसतेर्हीकून्दुराहिस्वरान्,
नानोपद्रवभीतसाधुनिकरो द्राक्क्रान्दिशीकोऽभवत् ॥ ४४ ॥

ज्ञात्वा यावदिमां प्रवृत्तिमृषिराट्-श्रीधर्मघोषो गुरुः,
प्राक्सञ्जीकृतकुम्भके निजकरं दत्त्वा पटाच्छादिते ।
निर्भीकः प्रजजाप तावदुदिता सर्वाङ्गमिव्यथा,
धूर्ते योगिनि सेवकानथ तदा योगी जगाद प्रिये ॥ ४५ ॥

योगी स्वीयं विलसितमिदं व्याकुलो द्रागहार्षीत्,
गत्वाऽऽक्रन्दन् श्रमणवसतौ वक्त्रदत्ताङ्गुलिः सः ।
भ्रान्त्याऽवोचद् यदिह विहितं क्षम्यतां सर्वमेतत्,
कुर्वे नातः प्रति मुनिवरान् क्लेशकृन्नीचकृत्यम् ॥ ४६ ॥

लीनं व्याधात्तं गुरुधर्मघोषः, स्वकीयपादाम्बुजयोस्तदानीम्,
ततः प्रवृद्धिर्जिनशासनस्य, कामं बभूवाघविनाशनस्य ॥ ४७ ॥

यत्राखिलादिप्रवरस्तुतीर्यः, प्रादीदृभत्काव्यकलाविदग्धः ।
सोमप्रभाचार्य[४७]वरो बभूवान्, तत्पादसेवानलिनीद्विरेफः ॥ ४८ ॥

आसीत्सूरिवरेण्य **सोमतिलक**[४८]**स्तत्**पट्टलक्ष्मीधरः,
सत्संवेगतरङ्गसङ्गविशदीभूतक्रियाज्ञानभृत् ।
यस्याद्यो गणिचन्द्रशेखरतपस्व्यन्यो जयानन्दकः,
प्रान्त्यः श्रीगुरुदेवसुन्दरवरः शिष्यत्रयी प्राजनि ॥ ४९ ॥

श्रीसूरीश्वर**देवसुन्दर**[४९]**शमी** प्राभ्यस्तयोगोऽभवत्,
सम्प्राप्ताखिलयन्त्रतन्त्रविभवः तत्पट्टरोचिष्णुतिः ।

नृव्यालानलसर्वसाध्वसहरो नैमित्तिकेष्वग्रणीः,
हर्ता स्थावरजङ्गमाखिलविषस्याच्यों नृपामात्यकैः ॥ ५० ॥

यः पञ्चभिः पण्डितशिष्यमुख्यैः, शिलीमुखैः काम इव व्यभात्तैः ।
ज्ञानादिमः सागरसूरिराद्यः, आसीत्कृतावश्यककावचूरिः ॥ ५१ ॥

विश्वश्रीधरपुस्तकादिरचना-सौन्दर्यनैपुण्यभाग्,
सूरिश्रीकुलमण्डनाह्वगुरुराट् जज्ञे द्वितीयस्ततः ।
आसीच्छ्रीगुणरत्नसूरिमृगपो वैराग्यरङ्गाञ्चितः,
श्रीवैयाकरणाग्रणीर्गणिगणे वर्यस्तृतीयस्ततः ॥ ५२ ॥

आचार्याग्रिम**सोमसुन्दरगणि**र्जातश्चतुर्थस्ततः,
दृष्ट्वा केचन निन्दका मुनिपतेर्यस्य क्रियापात्रताम् ।
तद्घाताय सहस्रमानवगणं पाखण्डिनो मानुषाः,
प्रेषुः श्रीगुरवश्च यत्र शयितास्तत्रागतोऽयं गणः ॥ ५३ ॥

रात्रो चन्द्रमसः प्रकाशपतने धर्मध्वजेनादितः,
पार्श्वं सद्विधिना प्रमार्ज्य गुरुराट् प्रोद्वर्तयन्वीक्षितः ।
तेनोचे लघुजन्तुरक्षणकरो वध्यः कथं पापकै-
रस्माभिः खलु निन्द्यवृत्तिनिपुणैः कारुण्यवारांनिधिः ॥ ५४ ॥

ततो गणोऽयं गुरुपादनम्रः, अस्मान्क्षमस्वेति जगाद सूरिम् ।
गतो गणः स स्वगृहं, क्षमित्वा, तत्र प्रभावः प्रससार सूरेः ॥ ५५ ॥

श्रीसाधुरत्नगणपोऽजनि पञ्चमोऽत्र, **श्रीसोमसुन्दरगणिः** समसाधुमध्ये ।
कल्याणिकाभिधसुकाव्यविधानदक्षः, तत्पट्टशेषभुजगाग्रमणिर्बभूव ॥ ५६ ॥

सिंहासनाशोकसरोवरार्ध-भ्रमाब्जभेरीमुरजादिनव्यैः ।
त्रिंशत्सुबन्धै रमणीयभागां, चित्राक्षरद्व्यक्षरपञ्चवर्गाम् ॥ ५७ ॥

तां त्रिदशतरङ्गिणी-नामधेयां सुपत्रिकाम् ।
योऽष्टोत्तरशतैर्हस्तै-दीर्घां प्रैषीद्गुरुं प्रति ॥ ५८ ॥ युग्मम् ॥

कालीवाग्र बिरुदं दधद्गुरुवरो (प्रापद्बालसरस्वती बिरुदं) यो दक्षिणे राष्ट्रके,
बाल्ये श्लोकसहस्रकं नवनवं कण्ठे चकारानिशम् ।
स्तोत्रं संतिकरं नृणां सुखकरं प्रादीदृभत्सुन्दरं,
आसीच्छ्रीमुनिसुन्दराभिधगुरुस्तत्पट्टधौरेयकः[५१] ॥ ५९ ॥

श्रीरत्नशेखर[५२] विशारदवर्यधुर्यः, सूरीशशेखरसमो नयभङ्गविज्ञः ।
श्राद्धप्रतिक्रमणसूत्रसुवृत्तिकर्त्ता, तत्पट्टशेखरवरः समभूत्ततोऽसौ ॥ ६० ॥

श्रीलक्ष्मीसागर[५३]रः सूरिर्जज्ञे तत्पट्टमण्डनः ।
अभूच्छ्रीसुमति[५४]: साधुः तत्पट्टाब्धिविधूपमः ॥ ६१ ॥

दाक्षिण्यदाक्ष्यमुनितादिगुणालिपुष्टाः, तत्पट्टचैत्यशिखराग्रसुवर्णकुम्भाः ।
ये जैनशासननभःकिरणेशितारः, दीक्षां ददुर्हरगिरिप्रमुखर्षिनणाम् ॥ ६२ ॥

स्वाचारमार्गं मुमुचुर्न धन्याः, ये ते वसन्तः श्लथसाधुमध्ये ।
गच्छप्रभूतप्रभुताविशिष्टाः, हेमादिमाः श्रीविमल[५५]ा अभूवन् ॥ ६३ ॥ युग्मम् ॥

आनन्दसूरि[५६]र्विमलान्तिभोऽभूत्, तत्पट्टदीव्यन्मणिहारनाथः ।
समुद्धरन् साधुपथं श्लथं यः, तपस्विनिर्ग्रन्थसमाजराजः ॥ ६४ ॥

प्रभावयञ्जैनमिदं सुशासनं, समर्थयन्नागमतत्त्वगूढताम् ।
प्रचारयन्देशनया स्वधर्मकं, प्रवर्धयन्विश्वतले यशोलताम् ॥ ६५ ॥ युग्मम् ॥

तत्पट्टभद्रासनराजतेजाः, आप्तोक्तिवेत्ता जयिदान[५७]सूरिः ।
हतप्रमादो जितवादिवादो, महाप्रतापी समभून्मुनीन्द्रः ॥ ६६ ॥ युग्मम् ॥

वैराग्यरत्नप्रभाववनीभृद्, वैदग्ध्यचूतस्त वसन्तमासः ।
सौभाग्यसौजन्यविहारभूमिः, क्रियाङ्गनाक्रीडनकान्तकुञ्जः ॥ ६७ ॥

तत्पट्टपद्माकरराजहंसः, कुपाक्षिकाज्ञानतमिस्रहंसः ।
कारुण्यसिन्धुः शमराजसौधः, श्रीहीरसूरि[५८]र्नतसूरिरासीत् ॥ ६८ ॥ युग्मम् ॥

स्याद्वादसिद्धान्तमबाध्यमेनं, प्रमाणयन्युक्तितिप्रयुक्तम् ।
समन्वयन्भिन्नमतानि विद्वान्, स्वकीयसिद्धान्तसुचारुदृष्ट्या ॥ ६९ ॥

मध्येसभं भाति यदीयवाणी, पानीयवत्कर्ममलं हरन्ती ।
औदात्त्यगाम्भीर्यमयी सुचार्वी, माधुर्यधूर्या शुचितां वहन्ती ॥ ७० ॥

हिंसापराञ्श्रीमदकब्बरादीन्, नृपाननेकान्यवनेषु मुख्यान् ।
दयामयाँस्तान्विदधज्जगत्यां, व्याख्यानधाराधरधारया यः ॥ ७१ ॥

श्रीसेनसूरिप्रमुखैः स्वशिष्यैः, विद्याश्चतस्रः समुपेयिवद्भिः ।
वज्रीव देवैः समुपास्यमानः, जगद्गुरुर्जङ्गमकल्पशाखी ॥ ७२ ॥

समागतान्वादिगजान्सुसज्जान्, वादस्थले सिंह इवाधिगर्जन् ।
स हीरसूरिर्जिनशासनस्य, पुस्फोर जित्वा विजयध्वजं तान् ॥ ७३ ॥

श्रीसेनसूरिः[५९] शमिसेनताभाक्, तत्पट्टचूडामणिताधरोऽभूत् ।
वादे विजेता वदवादिवृन्दम्, श्रीजैनसच्छासनदण्डनाथः ॥ ७४ ॥

रूपेण कामतुल्यो यो, वृत्त्या कामविनाशनः ।
स जीयात्सेनसूरीशः, पादाभ्यां लोकपावनः ॥ ७५ ॥

यस्मै जहाङ्गिरनृपेण सगौरवेण, सन्मण्डपाचलचये बिरुदं प्रदत्तम् ।
दीव्यञ्जहाङ्गिरमहासुतपेति सोऽभूत्, तत्पट्टहाटकघटो गणि**देवसूरिः**[६०] ॥ ७६ ॥

तत्पट्टसूरोऽजनि **सिंहसूरिः**[६१], दुर्वादिदन्तावलसिंहरूपः ।
तदन्तिषत्**सत्यगणिर्**[६२]बभूव, क्रियाप्रियाश्लेषसुखोपभोक्ता ॥ ७७ ॥

न्यायाचार्ययशःसतीर्थ्यविनयोपाध्यायसाहाय्यतः,
शैथिल्यं स्वगणे समीक्ष्य विदधौ कार्मः क्रियोद्धारकम् ।
सत्यं नाम चकार सत्यमिति यः स्वीयं तपस्वी ततः,
गच्छं स्वच्छममुं तपेति विदध-ऋीयात्स सत्यश्चिरम् ॥ ७८ ॥

तच्छिष्य**कर्पूरगणि**[६३]स्ततोऽभूत्, क्रियैककर्पूरसुगन्धपूर्णः ।
क्षमागणीशः[६४] समभूत्ततः सः, तदीयशिष्ये वरतां दधानः ॥ ७९ ॥

प्रतिष्ठिता सप्तशती च येन, तीर्थङ्करस्य प्रतिमा मनोज्ञा ।
तत्पादवासी **जिननाम**[६५]कोऽभूत्, षड्जीवरक्षाकरणप्रवीणः ॥ ८० ॥ युग्मम् ॥

श्रीमानभूदुत्तमनामधेयः[६६], तच्छिष्यवर्यो गणिषूत्तमोऽसौ ।
पन्यासपद्माख्यजयो गणीशः[६७], ततोऽभवद् गौर्जरकाव्यकारी ॥ ८१ ॥

प्रद्यद्रहेति प्रथितोरुकीर्त्तिः, बर्हानपूर्यां सह दुण्ढकैर्यः ।
कुर्वन्विवादं विजयं तदापत्, क्रियाभिकाङ्क्षी सततं विहारी ॥ ८२ ॥ युग्मम् ॥

तच्छिष्य आसीद्गणिरूपनामा[६८], ततोऽभवत्कीर्तिगणिः[६९] सुकीर्तिः ।
पन्यासकस्तूरगणिस्ततोऽभूत्[७०], विभ्रत्क्रियाचिन्मृगनाभिगन्धम् ॥ ८३ ॥

सप्तर्षिभिर्गणिमणिः[७१] प्रयुतो यथाभ्रं, दीव्यत्तपाः सदमृतादिविनेयवर्यैः ।
तत्पट्टमौलिमुकुटोऽप्रतिबद्धचारी, संवेगरङ्गकलितः शमितेन्द्रियोऽभूत् ॥ ८४ ॥

अद्यापि वर्वर्ति तदीयशिष्यः श्रीसिद्धिसूरिः स्वपरागमज्ञः ।
घोरां तपस्यां तपति स्म वृद्धः, विनेयवर्यैः परिषेव्यमाणः ॥ ८५ ॥

ततोऽभवद्बुद्धिगणिर्मनीषी[७२], विलोक्य शास्त्रे प्रतिमाविधानम् ।
विहाय यो दुण्ढककापथं सः, जग्राह संवेगपथं विधिज्ञम् ॥ ८६ ॥

चञ्चत्पञ्चनदे पराक्रमपदे राजन्यवंशेऽवशे,
रूपाम्बाजठरे गणेशभवने ग्रामे लहेराभिधे ।
त्र्यङ्काष्टाब्जमितेऽब्दके जनिरभूद्येषां शुभे वैक्रमे,
हिंसोच्छित्तिकृतेऽत्र भारततले सद्धर्मरक्षाकृते ॥ ८७ ॥

व्योमाब्जाङ्कविभावरीपतिमिते संवत्सरे वैक्रमे,
दीक्षां दुण्ढकवर्त्मनः प्रजगृहुर्वैरङ्गिका ये मुदा ।
पश्चाच्छास्त्रविलोकनाध्ययनतः टीकानिरुक्त्युक्तितः,
वन्द्येति प्रतिमा जिनस्य शिवदा ज्ञातं च यैर्व्याकृतेः ॥ ८८ ॥

सत्यान्वेषणचक्षुभिः प्रति मुनीन्प्रोक्तं तदन्यांश्च यैः,
केचित्सत्प्रविधार्य तन्मुनिवराः सत्यार्थसङ्ग्राहकाः ।
आबद्धास्यपटाः बुधा निरगमन् सत्यप्रचाराय वै,
शास्त्रोक्तः प्रतिमानमस्कृतिविधिः सर्वत्र तैर्घोषितः ॥ ८९ ॥

मूर्त्यर्चाप्रवणान्व्यधुर्गृहिजनान्कैवल्यकाङ्क्षावतः,
धर्मार्थं जिनभक्तये प्रतिपुरं कष्टं सहन्ते स्म ये ।

आजग्मुर्गुरुबुद्धिसाधुसविधे संवेगरङ्गोज्ज्वलाः,
सत्संवेगपथस्य ते प्रजगृहुर्दीक्षां तदानीं विधेः ॥ ९० ॥

अहम्मदावादमहानगर्यां, आनन्दरोमाञ्चितपूर्जनायाम् ।
आनन्द[७३]पूर्वा विजयान्तिमास्ते, प्रापप्रथन्भूमितले महान्तः ॥ ९१ ॥

येभ्यः सूरिपदं ददौ प्रमदतः सम्भूय सङ्घोऽखिलः,
विद्वद्भ्यो रुचिरे महोत्सववरे श्रीपादलिप्तेपुरे ।
पाञ्चालोद्धृतिकारिणोऽजनिषत श्रीजैनसैद्धान्तिकाः,
न्यायाम्भोनिधिसूरिवर्यविजयानन्दाभिधानाश्च ते ॥ ९२ ॥

विद्याभृङ्गीललनसदनं शासनप्रेमकन्दः,
जैनाजैनोपकृतिविकसच्चारुकाङ्क्षामरन्दः ।
श्रीसूरीशश्चरणकरणव्यग्रताकर्णिकावान्,
प्रादुर्भूतः **कमलविजय**[७४]स्तत्सुपट्टाम्बुजातः ॥ ९३ ॥

ईलाख्यदुर्गोपरि शान्तिचैत्यं, भवार्त्तभव्याङ्गिकृतातिशैत्यम् ।
जीर्णं समीक्ष्योद्धरति स्म रुच्यं, जिनेशभक्तः कमलाख्यसूरिः ॥ ९४ ॥

पापर्द्धिहिंसादिपरान्नरेशान्, नैकाँस्तदन्यान्पुरुषान्नृशंसान् ।
जीमूतगम्भीरवचःप्रवाहात्, प्राबोधयच्छ्रीकमलाह्वसूरिः ॥ ९५ ॥

पन्न्यासदानमुनिलब्धिसुधीवरेण्यौ, पट्टे स्वके कमलसूरिवरो न्यधात्तौ ।
सङ्घाग्रहात्स्वपदयोग्यतया महर्षिः, छायापुरौ महपुरःसरतः प्रमोदात् ॥ ९६ ॥

महाव्रती भूतिततिप्रतीतः, शिवान्वितो दग्धमनोजराजः ।
श्रीलब्धि[७५]सूरिः समभूद्गणेन्द्रः तदीयपट्टाचलराड्गिरीशः ॥ ९७ ॥

तर्के सूक्ष्मे धिषणधिषणा प्रोस्फुरीति प्रतीक्ष्णा,
येषां कृत्स्नागमगगनये लक्षणे दक्षशिक्षा ।
जैनाजैनप्रवचनवचःपाटवं पूर्णताभाग्,
ज्योतिःशास्त्रे वरनिपुणता कोविदैरप्यगम्ये ॥ ९८ ॥

श्रव्यं काव्यं प्रसृमरगुणं चारुसन्दर्भगर्भं,
श्रुत्वा लौकैः कविकुलकिरीटेत्युपाधिः प्रदत्तः ।
येभ्यः पूज्यक्रमणकमला लब्धिसूरीशितारः,
ते पायासुर्भविककृषिकान्देशनावारिदानात् ॥ ९९ ॥

मूलत्राणप्रदेशे दुरधिगमतमे कष्टकोटिं सहित्वा,
प्राणिप्रत्राणमय्या मधुमधुरगिरा देशनागाङ्गनीरम् ।
भुञ्जानान् सन्निहत्य द्विजपशुसमजं काश्यपं हिंस्रलोकान्,
चक्रुस्तान्पाययित्वा पलघसिरहितान् लब्धिसूरीश्वरास्ते ॥ १०० ॥

श्रीलब्धिसूरिर्वटपद्रपूर्यां, जित्वा मुकुन्दाश्रमवादिवर्यम् ।
वादाक्षवाटे जिनशासनेऽस्मिन्, जेतेतिकीर्तिं विभराञ्चकार ॥ १०१ ॥

तत्त्वन्यायसुमावली विलसितं स्याद्वादकुञ्जाश्रितं,
भङ्गीवल्लिनयागराजिजटिलं **न्यायप्रकाशाख्यया** ।
गुञ्जल्लक्षणभृङ्गसङ्गघटितं जात्याङ्कितं व्याख्यया,
तत्त्वन्यायविभाकरोपवनकं, सच्छब्दलालित्यभृत् ॥ १०२ ॥

नव्यप्राच्यसुनीतिरीतिसरणिं प्रालम्ब्य विद्यावता,
यद्येनाऽरचि मालिकेन महता कारुण्यपुण्याब्धिना ।
तत्त्वाकाङ्क्षविलासिखेलनकृते व्याख्यानवाचस्पतिः,
जीयाद्भूमितले स निर्मलयशाः **श्रीलब्धिसूरीश्वरः** ॥ १०३ ॥ युग्मम् ॥

वर्षे त्र्यङ्कनवौषधीपतिमिते तीर्थे वरे स्तम्भने,
तत्त्वन्यायविभाकरं सुललितं ग्रन्थं समारब्धवान् ।
ईलादुर्गपुरे समाप्तिमकरोत् तस्यैकसत्पद्धतेः,
सद्गुह्यार्थकमूलसत्ररचनात् श्रीलब्धिसूरीश्वरः ॥ १०४ ॥

बाणाङ्काङ्कमृगाङ्कवत्सरमिते श्रीवैक्रमे तत्र वै,
व्याख्यामारभते स्म तस्य महतीं न्यायप्रकाशाभिधाम् ।

गुर्वर्थां फलवर्धिनामनगरे व्याख्यां समापत्सुधीः,
सप्ताङ्काङ्कसुधामरीचिशरदि श्रीलब्धिसूरीश्वरः ॥ १०५ ॥

तच्छिष्यो भुवनादि[७६]नामविजयो-पाध्यायमुख्योऽभवत्,
तच्छिष्येण मया प्रशस्तिशतकं भद्रङ्करेण[७७]ारचि ।
योऽत्राज्ञानवशात्प्रविस्मृतिवशाद् दुष्टप्रयोगः कृतः,
तं संशोध्य विवेकहंसविदुरैर्वाच्यं हि तद्धीधनैः ॥ १०६ ॥

• • •

મુનિ શ્રી ભદ્રંકરવિજય (હાલ આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિ) વિરચિત ગ્રંથપ્રશસ્તિરૂપ

ગ્રંથકારપરંપરા પરિચય

ઇન્દ્રોની શ્રેણીઓના મુકૂટના મણિઓથી પૂજિત ચરણકમલવાળા, અનંતજ્ઞાનસંપન્ન, સાધુપરંપરારૂપી લતાના આદ્યબીજરૂપ, વીતરાગ, સ્યાદ્વાદીઓના ઈશ્વર, ચરમ તીર્થંકર પ્રાતિહાર્ય આદિ લક્ષ્મીથી લલિત, શાસનના અધિપતિ આ વર્ધમાનસ્વામી, પુણ્યશાળી અને બુદ્ધિશાળીઓના આબાદી માટે થાઓ ! (૧)

તે વર્ધમાનસ્વામીના પટ્ટરૂપી ગગનમાં અલૌકિક તેજવાળા ચંદ્રની માફક જે શોભે છે, તેમાં પ્રસિદ્ધ ગણધર, જીતેન્દ્રિય, વિદ્યાસાગર, પ્રાતઃસ્મરણીય, શક્રેન્દ્ર જેમ સુધર્માસભાશ્રિત છે, તેમ સમ્યગ્ધર્મથી આશ્રિત શ્રી સુધર્માસ્વામી સજ્જનોના હૃદયોના હર્ષ માટે થાઓ ! (૨)

તે સુધર્માસ્વામીના પાટરૂપી કમલના વિકાસમાં સૂર્યસમાન, સૌભાગ્યથી સ્વર્ગની રંભા-ઊર્વશીને જીતનારી, નવપરિણીત શ્રેષ્ઠ નારીઓથી, જેમ પ્રચંડ પવનના સમૂહથી મેરુશિખર ચલિત કરાતું નથી, તેમ સુદૃઢ મનવાળા જે યુવાનનું મન હરાયું નથી, તે શંખસમ (શ્વેતતમ) યશકીર્તિવાળા 'જંબૂસ્વામીજી' કલ્યાણનું દાન કરો ! (૩)

તે શ્રી જંબૂસ્વામીના પાટરૂપી પૂર્વાચલમાં સૂર્યસમાન, શ્રીમાન્ જંબૂસ્વામીના ઉપદેશથી દીક્ષાને પામેલા, 'શ્રી પ્રભવસ્વામીજી' તમારું રક્ષણ કરો ! જેમ સૂર્યની દીપ્તિથી તિમિર નષ્ટ થાય છે, તેમ શાંતિનાથ ભગવાનની મૂર્તિથી કુમતનું (આંતરિક) તિમિર નષ્ટ થયું, તે પ્રભવસ્વામીના પટ્ટના ઈશ, તે સુમના 'શય્યંભવસૂરિ' રક્ષણ કરો ! (૪)

ત્યારબાદ શય્યંભવસૂરિજીના પટ્ટધર 'યશોભદ્રસૂરિ' થયા. તે યશોભદ્રસૂરિજીના પાટરૂપી શુદ્ધ આકાશમાં સૂર્ય અને ચન્દ્રરૂપ 'શ્રી સંભૂતવિજય' અને પંડિતશિરોમણિ 'ભદ્રબાહુસ્વામીજી,' તે કુમતરૂપ ચંદ્ર પ્રત્યે રાહુસમાન થયા હતા. (૫)

જેણે વેશ્યાની ચિત્રશાળામાં ચોમાસું રહીને ત્રિભુવનવિજેતા કામરૂપી મોહરાજા જીતી લીધો, કોશા નામક વેશ્યાના કટાક્ષરૂપી ફેલાતા બાણોથી જેનો મનરૂપી યોદ્ધો જીતાયો નથી, જેમની હંમેશાં સવારમાં ત્રણ લોકમાં નર-સુર-અસુરોથી કીર્તિગાથા ગવાય છે અને જે સંભૂતવિજય અને ભદ્રબાહુસ્વામીના પટ્ટમાં રત્નસમાન છે, તે 'સ્થૂલભદ્રસ્વામીજી' બુદ્ધિશાળીઓને ભદ્રનું દાન કરો ! (૬)

તે સ્થૂલભદ્રસ્વામીના પટ્ટરૂપી ભાલમાં તિલકસમાન શ્રીમાન્ 'મહાગિરિજી' અને શ્રીમાન્ 'સુહસ્તિસ્વામીજી' પટ્ટધર થયા. તે સુહસ્તિસ્વામીજીના 'શ્રી સુસ્થિતસ્વામી' અને પંડિત 'સુપ્રતિબુદ્ધ' એમ બે પટ્ટધર થયા. તે બંનેથી (સૂરિમંત્રના કોટિ જાપથી કે કોટૂયંશના ધારક હોવાથી) કૌટિક નામક ગણ પ્રગટ થયો હતો. (૭)

શ્રી સુસ્થિત અને સુપ્રતિબુદ્ધ કૌટિકના સદા ક્રિયામાં રૂચિવાળા 'ઇન્દ્રદિન્નસૂરિ' પટ્ટધર થયા અને ઇન્દ્રદિન્નસૂરિના પટ્ટધર દિન્નસૂરિજી થયા. તે 'દિન્નસૂરિજી'ના પટ્ટધર, ગિરિની માફક સુધીર અને ગંભીર હૃદયવાળા, સિંહની માફક શૂરવીર 'સિંહગિરિજી' થયા. (૮)

મતિથી બૃહસ્પતિ જેવા, જેણે સમસ્ત અગિયાર અંગોનો બચપણમાં અભ્યાસ કરી લીધો હતો, જેનાથી પ્રભાવસંપન્ન વજશાખા પ્રગટ થયેલી છે, આકાશગામિની-વૈક્રિયલબ્ધિ આદિ વિદ્યાના અધીશ, પાપરૂપી પર્વતના ધ્વંસમાં વજસમાન, તે સિંહગિરિસૂરિજી, પટ્ટના રાજા, 'શ્રી વજસ્વામીજી' સંસારરૂપી દાવાનળથી વિશ્વનું રક્ષણ કરે ! (૯)

ઇન્દ્રિયસેનાના વિજેતા, શ્રી વજસ્વામીના પાટરૂપી પૂર્વાચલમાં સૂર્યસમાન શ્રી 'વજસેનસૂરિજી' થયા. તે વજસેનસૂરિના પાટમાં રત્નસમાન, ચાન્દ્રકુલ(ચંદ્રગચ્છ)ના મૂળ કારણરૂપ ગુરુ 'ચંદ્રસૂરિજી' થયા. (૧૦)

ત્યારબાદ જૈનાગમના પારદૃશ્વા, ભવ્યોના ભદ્રને કરનારા, ઘણા આચાર્યોથી પ્રણત, અપ્રમત્ત, જ્ઞાન-ક્રિયા-પરાક્રમ અને કૃપાના સાગર, ચંદ્રસૂરિજીના પટ્ટાલંકાર 'સામંતભદ્રસૂરિજી' થયા. (૧૧)

સામન્તભદ્રસૂરિજીના પટ્ટરૂપી પૂર્વાચલમાં સૂર્યસમાન, સાધુક્રિયામાં કર્મઠતાથી પ્રસિદ્ધ અને જ્ઞાનાનંદથી ભરેલા ચિત્તવાળા 'શ્રીવૃદ્ધદેવસૂરિવર્ય' થયા. (૧૨)

તે વૃદ્ધદેવસૂરિજીના પાટમાં તિલકસમાન શ્રી 'પ્રદ્યોતનસૂરિરાજ' થયા. વિજયા આદિ ચાર દેવીઓથી સંસેવ્ય ચરણયુગલવાળા, જે દયાસિંધુએ શાંતિસ્તોત્રની રચના દ્વારા મારિનો રોગ દૂર કર્યો હતો, તે પ્રદ્યોતનસૂરિપટ્ટભૂષણ 'પં.શ્રી માનદેવસૂરિજી' તમોને સુખ આપો ! (૧૩)

શ્રી જૈનશાસનગગનદિવાકર, વિદ્યારૂપી ધનથી પૃથ્વીમાં પ્રસિદ્ધ મહિમાવાળા, સિદ્ધાન્તપારગામી, શ્રી ભક્તામરકાવ્યની ચારૂરચનાની ચતુરતાથી પ્રસિદ્ધ, સમ્યગ્જ્ઞાની, શ્રી માનદેવસૂરિજીના પાટરૂપી નિર્મળ હારના નાયક મણિસમાન અજોડ મુનિવર્ય 'માનતુંગસૂરિવર્ય' બુદ્ધિશાળીઓને જ્ઞાનલક્ષ્મી કરો ! (૧૪)

જેણે નાગપુરીમાં અત્યંત મહત્ત્વશાળી શ્રીનમિનાથના બિંબની પ્રતિષ્ઠા કરી હતી, તે 'વીર આચાર્યમહારાજ' તે માનતુંગસૂરિના પટ્ટરૂપી શેષનાગમાં વાસુદેવ સમાન થયા. (૧૫)

ચારિત્રની પવિત્રતાને ધારણ કરનાર શ્રી 'જયદેવસૂરિજી' શ્રી વીરસૂરિના પટ્ટધર થયા. પડતા પ્રાણીઓના રક્ષક 'દેવાનંદસૂરિજી' શ્રી જયદેવસૂરિજીના પટ્ટધર થયા. શ્રી દેવાનંદસૂરિના પટ્ટધર ગણાધિપતિ, વિદ્વાન્ 'વિક્રમસૂરિપુરંદર' થયા. શ્રી વિક્રમસૂરિજીના પટ્ટધર યોગીશ્વર-જ્ઞાનીશ્વર શ્રી 'શ્રીનરસિંહસૂરિ' થયા. (૧૬)

શ્રી નાગદ્રહ નામક તીર્થની રક્ષા માટે દિગંબરોને જીતનારા, તત્ત્વવિજ્ઞાતા, તે નરસિંહસૂરિજીના પટના માલિક 'સમુદ્રસૂરિજી' થયા. શ્રી સમુદ્રસૂરિજીના પટ્ટધર શ્રી હરિભદ્રસૂરિજીના મિત્ર બીજા 'માનદેવસૂરિજી' થયા. શ્રીમાનદેવસૂરિજીના પટ્ટાલંકાર, પ્રાજ્ઞપ્રકાંડ, યતિઓના પતિ શ્રી 'વિબુધપ્રભસૂરિજી' થયા. (૧૭)

શ્રી વિબુધપ્રભસૂરિજીના પટ્ટધર, ભવ્યોને આનંદ આપનાર સૂરીશ્વર 'શ્રી જયાનંદસૂરિ' ભગવંત થયા. શ્રી જયાનંદસૂરિજીના પટ્ટધર ભક્તોરૂપ કમળોમાં સૂર્યસમાન, પંડિતોમાં અગ્રેસર શ્રી 'રવિપ્રભસૂરિજી' થયા શ્રી રવિપ્રભસૂરિજીના પટ્ટધર શુદ્ધ કીર્તિવાળા 'યશોદેવસૂરીશ્વરજી' થયા. શ્રી યશોદેવસૂરિજીના પટ્ટધર, કામદેવના અભિમાનને હરનાર શ્રી 'પ્રદ્યુમ્નસૂરીશ્વરજી' થયા. (૧૮)

જેણે ઉપધાનવાચ્ય નામક મનોહર ગ્રંથ જ્ઞાનીઓના આનંદ માટે બનાવ્યો છે, તે તપસ્વીપ્રવર શ્રી પ્રદ્યુમ્નસૂરિજીના પટ્ટધર ત્રીજા માનદેવસૂરિજી થયા. વિદ્યમાન સુવર્ણ સિદ્ધિવાળા, વાદાંગણમાં ગોપગિરીશ નામક પંડિતમણિના વિજેતા, શાસ્ત્રવેત્તા, શ્રી માનદેવસૂરિજીના પટ્ટધર શ્રી 'વિમલચંદ્રસૂરીશ્વર' થયા. (૧૯)

વિક્રમના ૯૯૪ વર્ષ બાદ ઘણા સારા માણસોની સાથે પૂર્વદેશમાંથી વિહાર કરતા મહાન વિદ્વાન્ વિમલચંદ્રસૂરીશ્વરના પટ્ટધર રાજસ્થાનમાં આવ્યા હતા. તે 'ઉદ્યોતનસૂરિ'એ આબુની નજીકમાં ટેલીગામની સીમમાં વડવૃક્ષની નીચે પવિત્ર શ્રેષ્ઠ મુહૂર્ત્તમાં આઠ પંડિતવર્ય શિષ્યોને આચાર્યપદ ઉપર પ્રતિષ્ઠિત કર્યા. (૨૦)

વડવૃક્ષની નીચે આચાર્યપદનું પ્રદાન કરવાથી ચંદ્રગચ્છનું પાંચમું નામ 'વડગચ્છ' તરીકે પ્રસિદ્ધ થયું છે. તે વડગચ્છ સંતોરૂપી મોતીઓથી સ્વચ્છ સુગુણોના એક ગુચ્છારૂપ, જેમ આકાશમાં સૂર્યનો પ્રકાશ તમોહારી છે, તેમ આ ગચ્છ 'તમ' એટલે અજ્ઞાન-પાપહારી તરીકે વિખ્યાત થયેલ છે. (૨૧)

જેમને સર્વ દેવો (રાજાઓ) નમેલા છે, પ્રશસ્ત શિષ્યોએ જેમના ચરણની સેવા કરેલ છે. પ્રસિદ્ધ કીર્તિવાળા ઉદ્યોતનસૂરિના પટ્ટરૂપી સરોવરમાં કમલસમાન પ્રથમ 'સર્વદેવસૂરિ' થયા. (૨૨)

રાજાની પાસેથી 'રૂપશ્રી' બિરૂદ પોતાની વિદ્વત્તાથી જેમણે પ્રાપ્ત કર્યું હતું, તે શ્રીમાન્ 'દેવસૂરિજી' શ્રી સર્વદેવસૂરિજીના પટ્ટધર થયા, ચારિત્રચૂડામણિ, સમ્યગ્જ્ઞાનરૂપી લલનાના વિલાસસદનરૂપ બીજા શ્રી 'સર્વદેવસૂરિજી' શ્રી દેવસૂરિજીના પટ્ટધર થયા. (૨૩)

સંયમમાં શૌર્યશાળી, બંને ગુરૂભાઈઓ, મુનીશ્વર અને સૂરીશ્વર શ્રી 'યશોભદ્રસૂરિજી' અને 'નેમિચંદ્રસૂરિજી' શ્રી સર્વદેવસૂરિજીના પાટરૂપે સિંહાસનના બંને રાજાઓ હતા. (૨૪)

જેમણે સમગ્ર (છ) વિગઈઓનો ત્યાગ કર્યો હતો, હંમેશાં એકવાર 'કાંજી'નું પાન કરતા હતા, શમના સાગર, યશોભદ્રસૂરિજી અને નેમિચંદ્રસૂરિજીની પાટને શોભાવનારા શ્રી 'મુનિચંદ્રસૂરીશ્વર' થયા. (૨૫)

શ્રી મુનિચંદ્રસૂરિજીના આચાર્યવર્ય અજિતદેવસૂરિ, વાદી શ્રી દેવસૂરિ વગેરે, મહાવિનીત-શિષ્યધુરંધરો મહા પંડિત હતા. તેઓમાંથી મુનિચંદ્રસૂરિજીના પટ્ટધર 'અજિતદેવસૂરિ' થયા. (૨૬)

કુશાગ્ર-તીક્ષ્ણ બુદ્ધિથી બૃહસ્પતિને જીતનારા, પહેલા અજિતદેવસૂરિજીના પટ્ટાલંકાર, કવિચક્રવર્તી, છએ દિશાઓમાં પ્રસિદ્ધ કીર્તિવાળા શ્રી 'જયસિંહસૂરિજી' થયા. (૨૭)

પૂજ્યપાદ, વાદીઓને વાદમાં જીતનારા, પહેલા શતાર્થી (સો અર્થ કરનારા) 'સોમપ્રભ' નામક આચાર્યવર્ય, બીજા 'મણિરત્નસૂરિજી' એમ બે, શ્રી વિજયસિંહસૂરિજીના પટ્ટધરો થયા. (૨૮)

જે મણિરત્નસૂરિની પાટે (સોમપ્રભસૂરિ અને મણિરત્નસૂરિની પાટે) મેરુપર્વતની માફક દયાભાવ સહિત ઉત્કૃષ્ટ ચારિત્રથી વિસ્તૃત ઉદયવાળા (પર્વતપક્ષે મેરુની શિખરો પ્રત્યે પ્રદક્ષિણાએ ગ્રહોની ગતિથી પ્રસિદ્ધ ઉદયવાળો), ચારિત્રાચારરૂપી રત્નોની ખાણવાળો (પર્વતપક્ષે ચારિત્ર જેવા રત્નોની ખાણવાળા), ગુણરૂપી ધાતુઓથી ભરપૂર (પર્વતપક્ષે સુવર્ણશ્રેણીથી વ્યાપ્ત), સુરોના પૂજ્યપાદ (પર્વતપક્ષે દેવોથી સેવ્યપાદ-પર્વતના અમુક વિશિષ્ટ ભાગવાળો). (૨૯)

તે ચાંદ્રકુલરૂપી સમુદ્રમાં ચંદ્રસમાન, તત્ત્વજ્ઞશિરોમણિ, ચંદ્રથી અધિક સૌમ્ય આકારવાળા, તપસ્વી શ્રીમાન્ 'જગચ્ચંદ્ર' મુનીન્દ્રવર્ય, સૂરિવર્ય તમારું શિવ કરો ! (૩૦) યુગ્મમ્.

ધીરોમાં ઉત્તમ, જે તપસ્વીએ હર્ષથી જાવજ્જીવ સુધી આયંબિલથી રમણીય તપસ્યા કરી હતી, તે જગચ્ચંદ્રસૂરિજી પંડિતોથી પ્રશંસાપાત્ર કેમ ન બને ? (૩૧)

તે ઉગ્ર તપશ્ચર્યાના બાર વર્ષો ગયા બાદ, આઘાટ નામક મનોહર નગરમાં ઉત્તમ રાજા જૈત્રસિંહ નામક રાણાથી, જે જગચ્ચંદ્રસૂરિએ 'તપા' (મહા તપા) એવું અત્યંત રમણીય બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. (૩૨)

સુધાન્ય આદિ ભરપૂર (સુકાળવાળા), ૧૨૮૫ વિક્રમ વર્ષમાં, સુખ આપનારો, તપા નામનો સ્વચ્છ ગચ્છ પૃથ્વીતળ ઉપર પ્રસિદ્ધ થયો. (૩૩)

સાધુપુરુષોની શ્રેણીથી સેવાયેલો (કલ્પવૃક્ષપક્ષમાં હંમેશાં ભમરાઓથી સેવાયેલ), પ્રશસ્ત મનવાળાઓથી અત્યંત રમણીય (કલ્પપક્ષે પુષ્પોથી સુમનોહર), કલ્યાણ આદિ ફળવાળો (કલ્પપક્ષે ફળવાળો), શિષ્યોરૂપી લતાઓની પરંપરાવાળો (કલ્પપક્ષે શિષ્યો જેવી લતાવિસ્તારવાળો), પર્યુષણ આદિ પર્વોની શોભાવાળો (વૃક્ષના પર્વોથી શોભતો), તે તપાગચ્છ કલ્પવૃક્ષની માફક હંમેશાં પ્રકાશે છે. (૩૪)

જે તપાગચ્છમાં અપૂર્વ-અસાધારણ જ્ઞાનચારિત્રવંતો છે. ચારિત્ર સંબંધી પ્રવૃત્તિમાં શિથિલતા વગરનો, જેનું બીજું નામ વડગચ્છ, તે તપાગચ્છ કોના પૂજ્યભાવને ધારણ કરતો નથી ? અર્થાત્ તમામના પૂજ્યભાવને ધારણ કરે છે. (૩૫)

વિશાળ સ્ફુરાયમાન સંવરતત્ત્વના તરંગોની શ્રેણીવાળો (સાગરપક્ષે વિશાળ સ્ફુરાયમાન જળના તરંગોની શ્રેણીવાળો), મર્યાદાથી વિશિષ્ટ, ભવ્ય જ્ઞાનાદિ લક્ષ્મીનું નિમિત્ત (સાગરપક્ષે સુંદર લક્ષ્મીજનક), નિષ્પાપ મૂળવાળો (સાગરપક્ષે અગાધ મૂળવાળો), મુનિરૂપી રત્નોથી ભરેલો (સાગરપક્ષે મુનિ જેવા રત્નોથી પૂર્ણ), સાગર જેવો તે તપાગચ્છ વિશેષતઃ નિત્ય શોભવા લાગ્યો. (૩૬)

શ્રીમાન્ જગચ્ચંદ્રસૂરીશ્વરજીના પાટરૂપી દેવલોકમાં બે અશ્વિનીકુમાર જેવા, કુમતરૂપી અંધકાર પ્રત્યે સૂર્યરૂપ, વિદ્યાવિશારદોમાં શ્રેષ્ઠ મુનીન્દ્ર શિષ્યોત્તમ 'દેવેન્દ્રસૂરિજી' અને 'વિજયચંદ્રસૂરિજી' બે પટ્ટધરો થયા. (૩૭)

શ્રી દેવેન્દ્રસૂરીશ્વરના વિચક્ષણ શિરોમણિ વિદ્યાનંદગણિ એક અને બીજા ધર્મઘોષગણીન્દ્ર-એમ બે શિષ્યો જાણે શ્રી જિનશાસનરૂપી રાજાના બે સેનાધિપતિ, પુણ્યરૂપી અંગીના બે બાહુ જેવા હતા. પરંતુ શ્રી દેવેન્દ્રસૂરિના પાટરૂપી મસ્તકમુકુટના મણિ જેવા 'ધર્મઘોષસૂરિ' પટ્ટધર થયા. (૩૮)

જેમની પાસે સમુદ્રના અધિષ્ઠાયકદેવે સમુદ્રના તરંગોની શ્રેણીના બ્હાને રત્ન આદિનું ભેટણું કર્યું હતું. સ્વપક્ષથી ભિન્ન કુમતિ સ્ત્રીઓએ જેમના ગળામાં પ્રવચનના વચનના ભંગ કરવા માટે સ્વશક્તિથી કેશવ્યૂહ બનાવ્યો હતો. (૩૯)

ત્યારે વિદ્યાપુરમાં આચાર્યમહારાજે કપટ જાણી, તે સ્ત્રીઓને અત્યંત સ્તંભિત કરી દીધી. પછી સંઘના વચનથી, સ્ત્રીઓની આજીજીથી, દયાળુ, અતિશયસંપન્ન ગુરુજીએ સ્ત્રીઓને જલ્દી છોડી મૂકી હતી. જે ગુરુએ જયવૃષભ આદિ સુંદર કાવ્યોની ગૂંથણી કરી હતી. (૪૦)

કર્મરૂપી રોગના અપહારમાં વૈદ્ય જેવા, સૂરિસમુદાયના મધ્યમાં ચક્રવર્તી જેવા, ધર્મના ઉપદેશમાં મેઘ જેવા અને પંડિતમંડળોમાં સૂર્ય જેવા તેજસ્વી જે ધર્મઘોષસૂરિ હતા. (૪૧)

કોઈ શઠયોગી શ્રેષ્ઠ ઉજ્જૈન નગરીમાં રહેતો હતો અને અહીં આવેલા જૈન સાધુઓને પોતાના બળથી બીવરાવતો હતો. પૃથ્વીતળમાં વિહાર કરતા કલિયુગના અંધકારને હરતા, જનનો ઉદ્ધાર કરતા પંડિત શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા એક વખત ઉજ્જૈન નગરીમાં પધાર્યા. (૪૨)

ઈર્ષ્યારૂપી જ્વાળાથી બળેલ હૃદયવાળો, અહંકારથી ભ્રષ્ટ બુદ્ધિવાળો જોગી, ગોચરીએ આવેલા જૈન મુનિવરોને જાણીને ડરાવવા માટે કરવત જેવા ભયંકર દાંતો બતાવવા લાગ્યો. મુનિઓ કફોણી (કુણી) દર્શાવી ડરેલાં અને ગુરુ પાસે આવીને બધું જલ્દી કહેવા લાગ્યા. (૪૩)

વિસ્તૃત દયાવાળા ગુરુરાજે મુનિઓને કહ્યું કે-'તમો ડરો નહિ, કેમ કે-તમારી રક્ષાની દક્ષ શક્તિવાળો હું બેઠો છું.' વળી એટલામાં ઉપાશ્રયની બહાર બીલાડા-ઉંદર-સાપ વગેરેના ભયંકર અવાજોને સાંભળી અનેક ઉપદ્રવોથી ડરેલ સાધુસમુદાય જલ્દી ગભરાયેલો થયો. (૪૪)

તેવા સમયમાં ભયરહિત ઋષિરાજ ધર્મઘોષગુરુજીએ આ વાત જાણી. પહેલાં તૈયાર રાખેલ વસ્ત્ર આચ્છાદિત ઘડા ઉપર પોતાનો હાથ મૂકી, જેવામાં જાપ શરૂ કર્યો, તેવામાં ધૂર્ત યોગીને સઘળા શરીરમાં વ્યાપક પીડા પ્રગટ થઈ. ત્યારે જોગી પોતાના સેવકોને કહેવા લાગ્યો કે-'હું મરી જઉં છું'-મને બચાવો. (૪૫)

ત્યારબાદ આકુલ-વ્યાકુલ બનેલા જોગીએ પોતે કરેલો માયાવિલાસ હરી લીધો. રડતો રડતો તે મ્હોંમાં આંગળીઓ નાંખી સાધુઓના ઉપાશ્રયમાં જઈને બોલ્યો કે-મહારાજ ! જે મેં અહીં કર્યું, તે મારી મોટી ભ્રાન્તિથી ભૂલ થઈ છે. આ ભૂલની મને ક્ષમા આપો ! હવે પછી આવું મુનિવરો પ્રત્યે ક્લેશકારી નીચ કાર્ય નહિ કરું. (૪૬)

તે વખતે ગુરુ ધર્મઘોષસૂરિએ પોતાના ચરણકમલમાં તે જોગીને લીન કરી દીધો. તેથી પાપવિનાશન જૈનશાસનનો મહિમા ખૂબ થયો. (૪૭)

કાવ્યકળામાં કોવિદ જેણે 'યત્રાખિલાદિ પ્રવર' સ્તુતિઓની રચના કરી છે, એવા તે શ્રી ધર્મઘોષસૂરિના ચરણકમળમાં ભ્રમર અર્થાત્ તેમના પટ્ટધર શ્રીમાન્ 'સોમપ્રભ આચાર્યવર્ય' થયા. (૪૮)

વિદ્યમાન સંવેગના તરંગના સંગથી નિર્મળ થયેલ જ્ઞાન અને ક્રિયાને ધરનાર, જેમના પહેલાં ચંદ્રશેખરગણી, બીજા જયાનન્દમુનિ, છેલ્લા શ્રી ગુરુ દેવસુંદરમુનિજી-એમ ત્રણ શિષ્યોના પરિવારવાળા, સોમપ્રભાચાર્યની પટ્ટની શોભાને ધરનાર શ્રી 'સોમતિલકસૂરિ' થયા. (૪૯)

પ્રકૃષ્ટ યોગના અભ્યાસી, સમસ્ત યંત્ર-તંત્રના વૈભવને પ્રાપ્ત કરનારા, મનુષ્ય-સર્પ-અગ્નિ અને સર્વ ભયોને હરનારા, જ્યોતીઓમાં અગ્રેસર, સ્થાવર-જંગમ તમામ ઝેરને હરનારા, રાજા અને પ્રધાનોથી પૂજ્ય શ્રી સોમતિલકસૂરિના પટ્ટમાં સૂર્ય એવા શ્રી 'દેવસુંદરસૂરીશ્વર' થયા. (૫૦)

જેમ પાંચ બાણોથી કામદેવ શોભે, તેમ પાંચ મુખ્ય શિષ્યોથી જે દેવસુંદરસૂરીશ્વર શોભતા હતા. આવશ્યકસૂત્રની અવચૂરિ કરનાર પહેલા 'જ્ઞાનસાગરસૂરિજી' હતા. (૫૧)

બીજા 'વિશ્વશ્રીધર' પુસ્તક આદિની રચનાની સુંદરતામાં નિપુણતાને ભજનારા, શ્રી કુલમંડનસૂરીશ્વર હતા. ત્રીજા વૈયાકરણશિરોમણિ, વૈરાગ્યરંગાન્વિત, ગણિગણમાં શ્રેષ્ઠ શ્રી ગુણરત્નસૂરિશાર્દૂલ હતા.(૫૨)

ત્યારપછી આચાર્યોમાં મુખ્ય એવા ચોથા સોમસુંદરગણિ થયા. જે મુનિપતિની ક્રિયાપાત્રતા (પ્રસિદ્ધિ) જોઈને પાખંડી-નિંદક માણસોએ મુનિપતિના ઘાત માટે માનવગણને મોકલ્યો અને જ્યાં તે સુતેલા હતા, ત્યાં માનવગણ આવ્યો. (૫૩)

રાત્રિમાં ચંદ્રમાનો પ્રકાશ પડે છતે સદ્વિધિથી રજોહરણદ્વારા પૂંજીને પડખું ફેરવતાં ગુરુમહારાજ, માનવગણવડે દેખાયા અને તે માનવગણ બોલ્યો કે-પાપી-નિંદ્યકર્મપરાયણ એવા અમારાવડે લઘુજંતુરક્ષણ કરનાર-કરુણાના સાગર ગુરુમહારાજ કેમ વધયોગ્ય થાય ? (૫૪)

ત્યારબાદ આ માનવગણ, ગુરુચરણમાં નમનારો બની, અમોને ક્ષમા આપો ! એમ સૂરિજીને કહેવા લાગ્યો. આ પ્રમાણે ગુરુવર્યને ખમાવીને માનવગણ પોતાને ઘેર ગયો. ત્યાં આચાર્ય મહારાજનો ખૂબ પ્રભાવ ફેલાયો. (૫૫)

આવાં સમસ્ત સાધુસમુદાયમાં શ્રી દેવસુંદરસૂરીશ્વરજીના પાટરૂપી શેષનાગના અગ્રમણિ અર્થાત્ પટ્ટધર, કલ્યાણિક નામક મહાકાવ્યરચયિતા, શ્રી 'સોમસુંદરસૂરીશ્વર' થયા. અહીં પંચમ શિષ્ય સાધુરત્ન ગણીશ્વર થયા હતા. (૫૬)

સિંહાસન-અશોક-સરોવર-અર્ધભ્રમ-કમલ-ભેરી-મૃદંગ વગેરે નવ્ય, ત્રીશ સુબંધોથી મનોહર ભાગવાળી, ચિત્ર અક્ષર-દ્વિઅક્ષર-પંચવર્ગવાળી, ત્રિદશતરંગિણી નામવાળી, ૧૦૮ હાથ લાંબી સુપત્રિકા ગુરુમહારાજના ઉપર જેણે મોકલી હતી. (૫૭-૫૮) (યુગ્મમ્.)

અને જે દક્ષિણદેશમાં કાલીસરસ્વતીના બિરુદને ધારણ કરનારા, જે બચપણમાં હજાર શ્લોકો નવા કંઠસ્થ કરતા હતા, જે મનુષ્યોને સુખ કરનાર, સુંદર સંતિકરંસ્તોત્ર રચનારા હતા, એવા 'મુનિસુંદરસૂરીશ્વરજી' શ્રી સોમસુંદરસૂરિજીના પટ્ટધુરંધર થયા. (૫૯)

સૂરીશમાં શેખરસમાન, નય અને ભંગને જાણનાર, શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની સારી ટીકા કરનાર શ્રી મુનિસુંદરસૂરીશ્વરજીના પટ્ટમાં ઉત્તમશેખર શ્રી 'રત્નશેખરસૂરીશ્વરજી' થયા. (૬૦)

શ્રી રત્નશેખરસૂરિજીના પટ્ટભૂષણ 'શ્રી લક્ષ્મીસાગરસૂરિ થયા. શ્રી લક્ષ્મીસાગરસૂરિના પટ્ટરૂપી સમુદ્રમાં ચંદ્રસમાન શ્રી 'સુમતિસાધુસૂરીશ્વર' થયા. (૬૧)

દાક્ષિણ્ય-દક્ષતા-સાધુતા આદિ ગુણોની શ્રેણીથી સંપુષ્ટ, જૈનશાસનરૂપી આકાશમાં સૂર્યરૂપ, જેઓ હરગિરિ વગેરે ઋષિઓને દીક્ષા આપનારા થયા. જેઓ શિથિલ સાધુઓના મધ્યમાં રહેવા છતાં ઉત્કૃષ્ટ સાધુના આચારમાર્ગ છોડનારા નહિ બન્યા. ગચ્છની પુષ્કળ પ્રભુતાથી વિશિષ્ટ, શ્રી સુમતિસાધુસૂરીશ્વરજી મહારાજના પાટરૂપી પ્રાસાદના શિખરાગ્રસ્થ સુવર્ણકલશરૂપ શ્રી 'હેમવિમલસૂરીશ્વરજી' થયા. (૬૨-૬૩) (યુગ્મમ્.)

શ્રી જૈનશાસનપ્રભાવક, આગમતત્ત્વની ગહનતાના સમર્થક, દેશનાદ્વારા જૈન(આત્મ) ધર્મપ્રચારક, વિશ્વતળમાં કીર્તિલતાપ્રવર્ધક, શિથિલ સાધુમાર્ગના ઉદ્ધારક, તપસ્વી નિર્ગ્રંથ સમાજના રાજા, શ્રી હેમવિમલ-સૂરીશ્વરજીની પાટરૂપી મણિહારના નાયક મણિરૂપ 'આનન્દવિમલસૂરીશ્વરજી' થયા. (૬૪-૬૫) (યુગ્મમ્.)

મહાપ્રતાપી, મુનિઓના ઇન્દ્ર, અપ્રમત્ત, વાદિઓને વાદમાં જીતનારા, સર્વજ્ઞ-સિદ્ધાન્તવેત્તા, શ્રી આનન્દવિમલસૂરીશ્વરજીની પાટરૂપ સિંહાસનમાં રાજતેજસ્વી શ્રી 'વિજયદાનસૂરીશ્વરજી' થયા. (૬૬) (યુગ્મમ્.)

વૈરાગ્યરત્નના રોહણાચલ, પંડિતતારૂપ આમ્રવૃક્ષના વસંતમાસરૂપ, સૌભાગ્ય અને સૌજન્યની વિહારભૂમિ, ક્રિયારૂપી સ્ત્રીને ક્રીડનકાજે મનોહર કુંજ, કુપાક્ષિકોના અજ્ઞાનરૂપી અંધકારના વિનાશમાં સૂર્ય, સૂરિઓથી નત, કરુણાના સાગર અને શમરૂપી રાજાના પ્રાસાદ જેવા શ્રી વિજયદાનસૂરીશ્વરજીના પાટરૂપી સરોવરમાં રાજહંસ શ્રી હીરસૂરીશ્વરજી થયા. (૬૭-૬૮)

જે યુક્તિઓની પરંપરાની પ્રયુક્તિથી આ સ્યાદ્વાદ સિદ્ધાન્તને અબાધ્ય (અકાટ્ય) તરીકે પ્રમાણિત કરનાર, જે વિદ્વાન, પોતાના સિદ્ધાન્ત(સ્યાદ્વાદ સિદ્ધાન્ત)ની સુચારુ દૃષ્ટિથી (નયદૃષ્ટિથી) ભિન્ન મતોને સ્યાદ્વાદ સિદ્ધાન્તમાં સમાવેશ કરનારા જે હીરસૂરીશ્વરજી હતા. (૬૯)

જે હીરવાણી, પાણીની માફક કર્મના મેલને ધોતી, ઉદાત્ત-ગંભીર-અત્યંત હૃદયંગમ-મધુરધુરંધર-પવિત્રતાવાહિની સભા મધ્યે શોભતી હતી. (૭૦)

યવનોમાં મુખ્ય, હિંસાપરાયણ શ્રીમદ્ અકબર આદિ અનેક ભૂપતિઓને દેશનામેઘની ધારાથી જે હીરસૂરીશ્વરજીએ દયામય (અહિંસક) બનાવ્યા છે. (૭૧)

ચાર વિદ્યાઓના નિધાન શ્રી સેનસૂરિ વગેરે સ્વશિષ્યોથી-દેવોથી ઇન્દ્રની જેમ સેવાતા જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી ખરેખર, જંગમકલ્પવૃક્ષ હતા. (૭૨)

વાદસ્થલીમાં સુસજ્જ થઈને આવેલા વાદિગજોને સિંહની જેમ ગાજતા હીરસૂરીશ્વરજીએ જીતીને શ્રી જૈનશાસનનો વિજયવંતો વિજયધ્વજ ફરકાવ્યો હતો. (૭૩)

વાદમાં વાવદૂક વાદીઓના વૃન્દવિજેતા, શ્રી જૈનશાસનના સરસેનાધિપતિ, શમી(સાધુ)ઓના સ્વામી, શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની પાટમાં ચૂડામણિ જેવા 'શ્રી સેનસૂરીશ્વરજી' થયા. (૭૪)

જે રૂપથી કામદેવસમાન છતાં વૃત્તિથી (મનોવૃત્તિથી) કામવાસનાનો નાશ કરનાર છે. ચરણયુગલથી જગતને પવિત્ર કરનાર તે વિજયસેનસૂરીશ્વરજી જય પામો. (૭૫)

જેમને જહાંગીર બાદશાહે, સગૌરવ માંડવગઢમાં 'જહાંગીર મહાસુતપા' એવું બિરુદ આપ્યું, તે સેનસૂરીશ્વરજીની પાટ ઉપર સુવર્ણકલશ જેવા 'ગણિદેવસૂરિજી' થયા. (૭૬)

દુર્વાદિરૂપી હાથીઓમાં સિંહ જેવા શ્રી ગણિદેવસૂરિજીની પાટ ઉપર સૂર્ય જેવા શ્રી 'સિંહસૂરીશ્વરજી' થયા તથા શ્રી સિંહસૂરીશ્વરજીના પટ્ટધર સત્ય ક્રિયાના સત્યરુચિધારક શ્રી 'સત્યવિજયગણિ' થયા. (૭૭)

પોતાના ગણમાં શિથિલતા જોઈ કર્મવીર સત્યવિજયગણિએ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી ઉપાધ્યાય અને સાધર્મિક શ્રી વિનયવિજય ઉપાધ્યાય આદિની સહાયથી ક્રિયોદ્ધાર કર્યો. તે ક્રિયોદ્ધાર કરીને પોતાનું સત્ય નામ સાચું કરી બતાવ્યું, તેથી તપસ્વી બની તપાગચ્છને સ્વચ્છ કરનારા તે 'સત્યવિજયગણિ' ચિરંજીવો. (૭૮)

સત્ક્રિયારૂપી એક કપૂરની સુગંધથી પૂર્ણ, પંન્યાસ શ્રી સત્યવિજયગણિના પટ્ટધર પંન્યાસ શ્રી 'કર્પૂરવિજયગણિ' થયા. જેમણે તીર્થંકર પરમાત્માની સાતસો પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. શ્રી કર્પૂર-વિજય ગણિવરના શિષ્યરત્ન પટ્ટધર શ્રી 'ક્ષમાવિજયજી ગણિવર' થયા, અને શ્રી ક્ષમાવિજયજી ગણિવરના પટ્ટધર છજીવનિકાયની રક્ષા કરવામાં પ્રવીણ શ્રી 'જિનવિજયજી ગણિવર' થયા. (૭૯-૮૦) (યુગ્મમ્.)

શ્રી જિનવિજયજી ગણિવરના પટ્ટધર, ગણિઓમાં ઉત્તમ 'પંન્યાસ શ્રી ઉત્તમવિજયજી ગણિવર' થયા. પંન્યાસ શ્રી ઉત્તમવિજયજી ગણિવરના પટ્ટધર, ગુજરાતીમાં કવિતા રચનાર કવિવર્ય 'પંન્યાસ શ્રી પદ્મવિજયજી ગણિવર' થયા. 'પદ્મદ્રહ' એવી વિશાળ કીર્તિવાળા જેમણે બહાનપુરીમાં સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રાર્થ કરી વિજય પ્રાપ્ત કરનાર, અપ્રતિબદ્ધવિહારી ક્રિયારુચિ કવિવર શ્રી પદ્મવિજયજી ગણિવર જય પામો ! (૮૧-૮૨) (યુગ્મમ્.)

કવિવર શ્રી પદ્મવિજયજી ગણિવરના પટ્ટધર, કવિવર શ્રી 'રૂપવિજય ગણિવર' થયા. કવિવર શ્રી રૂપવિજય ગણિવરના પટ્ટધર સુકીર્તિવિશિષ્ટ 'કીર્તિવિજયજી ગણિવર' થયા. શ્રી કીર્તિવિજયજી ગણિવરના પટ્ટધર, જ્ઞાન અને ક્રિયારૂપી કસ્તુરીની સુગંધને ધારણ કરતા પંન્યાસ શ્રી 'કસ્તૂરવિજયજી' ગણિવર થયા. (૮૩)

જેમ સપ્તર્ષિથી આકાશ શોભે, તેમ અમૃતવિજય આદિ સાત શિષ્યરત્નોથી સંયુત, દિવ્ય તપસ્વી, સંવેગરંગોજ્જવલ, ઇન્દ્રિયવિજેતા પં. શ્રી કસ્તૂરવિજયજી ગણિવરના પટ્ટધર અપ્રતિબદ્ધવિહારી 'શ્રી મણિવિજયજી ગણિવર' થયા. (૮૪)

હમણાં પણ તેમના શિષ્ય સ્વ-પર આગમવેત્તા, શિષ્યવર્યોથી સેવાતા, વૃદ્ધ (બાપજી તરીકે, પ્રખ્યાત) ઘોર તપસ્યા કરનારા શ્રી વિજયસિદ્ધિસૂરિજી બિરાજમાન છે. (૮૫)

જે બુદ્ધિમાને શાસ્ત્રમાં પ્રતિમાનું વિધાન જોઈ ઢુંઢકપંથ (સ્થાનકવાસીપંથ)નો ત્યાગ કરી વિધિદર્શક સંવેગી(જૈ. શ્વે. મૂર્તિપૂજક)પંથનો સ્વીકાર કર્યો હતો. તે શ્રી 'બુદ્ધિવિજયજી ગણિવર' શ્રી મણિવિજયજી ગણિવરના પટ્ટધર હતા. (૮૬)

સર્વાંગસુંદર, વીરતાની ભૂમિ પંજાબમાં, સ્વતંત્ર ક્ષત્રિયવંશમાં, લહેરા ગામમાં, ગણેશમલજીના ઘરે, રૂપા માતાની કુક્ષિએ જે આત્મારામજી મહારાજ સાહેબનો વિ.સં. ૧૮૯૩મા શુભ વર્ષમાં, ભારતભૂમિમાં સદ્ધર્મની રક્ષા ખાતર, હિંસાના ઉત્થાપન અને અહિંસાના સ્થાપન ખાતર જન્મ થયો હતો. (૮૭) (યુગ્મમ્.)

વિ. સં. ૧૯૧૦ની સાલમાં જેઓએ મહાવૈરાગી બની જૈન સ્થાનકવાસપંથી દીક્ષા લીધી હતી. બાદ જૈનાગમોના અધ્યયન અવલોકનથી તથા વ્યાકરણપઠનદ્વારા ટીકા-નિરૂક્તિ આદિના કથનથી, 'જિનપ્રતિમા શિવદા હોઈ વન્દ્ય છે'-એમ નિશ્ચિત કર્યું. (૮૮)

અને સત્યસંશોધનમાં પ્રસિદ્ધ જે આત્મારામજી સાહેબે મુનિઓ પ્રત્યે અને અન્યો પ્રત્યે 'જિનપ્રતિમા પૂજ્ય છે'- એમ નિશ્ચિત કરેલું જાહેર કર્યું. કેટલાક સત્ય અર્થના ગ્રાહક મુનિવરોએ બરોબર ધારણ કર્યું, કેટલાક સમર્થ પંડિતો મુખે મુહપત્તિ બાંધનારા હોવા છતાં સત્યના પ્રચાર માટે નીકળ્યા અને તે પંડિત મુનિઓએ સઘળે સ્થાને 'પ્રતિમાપૂજનનું વિધાન' શાસ્ત્રવિહિત છે, એમ ઘોષણા કરી. (૮૯)

મોક્ષાર્થી ગૃહસ્થોને જિનપ્રતિમા પૂજનમાં પરાયણ બનાવ્યા. જિનભક્તિહેતુથી અને ધર્મહેતુથી પ્રત્યેક નગરમાં જે કષ્ટ પડ્યું, તે સહન કરવા લાગ્યા. એવા આત્મારામજી પ્રમુખ સાધુઓ, સંવેગરંગથી ઉજ્જવલ બનેલા અહમદાવાદમાં સદ્‌ગુરુ બુદ્ધિવિજયજી મહારાજની પાસે વિધિસર સંવેગીપક્ષની ભાગવતી દીક્ષા વિ.સં. ૧૯૩૨માં ગ્રહણ કરનારા થયા. (૯૦)

જ્યારે આત્મારામજી મહારાજ શ્રી આનંદવિજયજી તરીકે પૃથ્વીતળમાં પ્રખ્યાત થયા, ત્યારે અહમદાવાદ મહાનગરીમાં જૈન જનતા આનંદવિભોર બની અને નવીન સંવેગી સાધુઓને સત્કારનારી બની હતી. (૯૧)

પાલીતાણાનગરમાં(શ્રી શત્રુંજયતીર્થમાં) સકળ સંઘ ભેગો થઈ, આચાર્યના ગુણસંપન્ન શ્રી આનંદવિજયજીને મહોત્સવપૂર્વક આચાર્યપદવીનું પ્રદાન કરનારો થયો. ત્યારથી પાંચાલદેશોદ્ધારક, ન્યાયામ્ભોનિધિ શ્રીમદ્‌વિજયાનંદસૂરીશ્વરજીરૂપે જૈન સિદ્ધાન્તના પ્રકાંડ પંડિતરૂપે જગતમાં પ્રસિદ્ધ થયા. (૯૨)

વિદ્યારૂપી ભ્રમરીના ક્રીડાભવન, શાસનપ્રેમરૂપી કંદવાળા, જૈન-અજૈનો ઉપર ઉપકારની વિકસતી સત્ય સુંદર ભાવનારૂપી રસવાળા, ચરણ અને કરણસિત્તરીમાં પરાયણતારૂપી કર્ણિકાવાળા શ્રીમદ્‌-વિજયાનંદસૂરીશ્વરજી મહારાજની સુંદર પાટ ઉપર કમલ જેવા નિર્લેપ (નિઃસ્પૃહ) શ્રીમદ્‌-વિજયકમલસૂરીશ્વરજી પ્રગટ-પ્રસિદ્ધ થયા. (૯૩)

જે જિનેન્દ્રભક્ત કમલસૂરીશ્વર મહારાજે ભવપીડિત ભવ્ય જીવોને અત્યંત શીતલતા કરનાર, પ્રાચીન તીર્થરૂપ ઇડરગઢ ઉપર મનોહર શ્રી શાંતિનાથ જિનાલયને જીર્ણ જોઈને જિર્ણોદ્ધાર કરાવ્યો હતો. (૯૪)

દયાળુ-પ્રતાપી શ્રી કમલસૂરીશ્વર મહારાજે શિકાર-હિંસા વગેરેમાં પરાયણ ઘણા નરેશોને તથા બીજા પણ હિંસા આદિકારી જનોને મેઘશી ગંભીર વાણીના પ્રવાહથી પ્રતિબોધ આપ્યો હતો, જે સફળ થયો હતો. (૯૫)

મહર્ષિ શ્રી કમલસૂરીશ્વરજી, પોતાની પાટ ઉપર પંન્યાસ દાનવિજય અને સ્વશિષ્યરત્ન-મુનિ-વિદ્વાન્ શ્રી લબ્ધિવિજયને સંઘના આગ્રહથી સ્વપદ(સૂરિપદ)ની યોગ્યતાથી છાયાપુરી (છાણી) નગરમાં ધામધૂમથી-હર્ષથી સ્થાપિત કરનારા થયા. (૯૬)

શ્રી કમલસૂરીશ્વરજીની પાટરૂપી હિમાલયમાં શંકર(કામદહન-પાર્વતીનું સાનિધ્ય-ભભૂતી-મહાવ્રત-ગણપરિવારથી પ્રસિદ્ધ છે, એમ શંકરપક્ષમાં સમજવું.) રૂપ, પંચમહાવ્રતધારી, સૂરિસંપદાસમન્વિત, કલ્યાણકલિત, નૈષ્ઠિક બ્રહ્મચારી, ગચ્છાધિપતિ શ્રી લબ્ધિસૂરિજી વર્તે છે. (૯૭)

જેઓની બૃહસ્પતિ જેવી અત્યંત તીક્ષ્ણ પ્રતિભા, સૂક્ષ્મ તર્કશાસ્ત્રમાં ખૂબ સ્ફુરિત થયેલી છે અને સર્વશાસ્ત્રપ્રકાશક નયનરૂપ વ્યાકરણમાં દક્ષશિક્ષા છે, જૈન-જૈનેતરોના વાઙ્મયની-વચનની પટુતા પૂર્ણતાવાળી છે, પંડિતોથી પણ અગમ્ય જ્યોતિષશાસ્ત્રમાં શ્રેષ્ઠ નિપુણતા છે. (૯૮)

ઉત્તમ ગુણમંડિત, સુંદર રચનાથી ગર્ભિત, શ્રવણયોગ્ય કાવ્ય સાંભળી લોકોએ જેઓને 'કવિકુલકીરિટ' એવું બિરુદ આપેલું છે, તે પૂજ્ય ચરણકમળવાળા, લબ્ધિસૂરીશ્વર મહારાજા, દેશનાના જળના દાનથી, ભવ્ય જીવરૂપી ખેડૂતોને પવિત્ર કરનારા થાઓ ! (૯૯)

દુર્ગમ મૂલતાનપ્રદેશમાં ક્રોડો કષ્ટો સહન કરીને, પશુ-પક્ષીના સમુદાયને હણી માંસાહારી તે હિંસકલોકોને, જીવદયાપ્રધાન મધુ મધુર વાણીદ્વારા દેશનાના ગંગાજળ પીવડાવી, તે લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ માંસભક્ષણના ત્યાગી બનાવ્યા હતા. (૧૦૦)

વટાદરાનગરમાં વાદરૂપી અખાડામાં મુકુન્દાશ્રમ નામના ઉત્તમ વાદીને જીતી આ જૈનશાસનમાં વાદીવિજેતા તરીકેની કીર્તિને ધારણ કરનારા શ્રી લબ્ધિસૂરીશ્વરજી થયા હતા. (૧૦૧)

તત્ત્વ અને ન્યાયોરૂપી પુષ્પાવલીથી વિલસિત, સ્યાદ્વાદરૂપી નિકુંજના આશ્રયવાળું, સુંદર ભંગી(વિભાગરચના)રૂપી લતામંડિત, નયોરૂપી વૃક્ષરાજીથી ગહન, ન્યાયપ્રકાશ નામક વ્યાખ્યારૂપી જાતિ(જોઈ)થી અંકિત, ગુંજારવ કરતા લક્ષણોરૂપી ભ્રમરોના સંબંધથી સંઘટિત, સુંદર શબ્દોની શોભાથી રમણીય, તત્ત્વન્યાયવિભાકર નામક ગ્રંથરૂપી ઉપવન, નવીન પ્રાચીન ન્યાયની રીતિની પદ્ધતિને અવલંબી જે વિદ્યાવાને દયા અને પુણ્યના સાગર એવા જે આચાર્યરૂપી માલીએ તત્ત્વપ્રેમીરૂપી વિલાસી જનને ક્રીડા કરવા માટે રચેલ છે. તે વ્યાખ્યાનવાચસ્પતિ, નિર્મળ યશસ્વી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા ભૂમિતળમાં જય પામો ! (૧૦૨-૧૦૩) (યુગ્મમ્.)

વિક્રમ સં. ૧૯૯૩માં સ્તંભન નામક ઉત્તમ તીર્થમાં તત્ત્વન્યાયવિભાકર નામક સુંદરતર ગ્રંથનો આરંભ કરેલો હતો. અદ્વિતીય સમ્યક્ પદ્ધતિવાળા તે ગ્રંથની સમાપ્તિ, સમ્યક્ગૂઢ અર્થવાળા સૂત્રની રચનાદ્વારા ઈડરતીર્થમાં શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ કરી હતી. (૧૦૪)

વિ.સં. ૧૯૯૫માં તે તત્ત્વન્યાયવિભાકર નામક મૂળ ગ્રંથની, ન્યાયપ્રકાશ નામક મોટી ટીકાનો ઈડરમાં આરંભ કર્યો હતો અને વિદ્વાન્ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજાએ વિ.સં. ૧૯૯૭માં ફલોધીનગરમાં મહાર્થ ગંભીર તે ટીકાની સમાપ્તિ કરી હતી. (૧૦૫)

તે લબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-વાચકમુખ્ય (હાલ) પટ્ટધર શ્રી ભુવનતિલકસૂરીશ્વરજીના શિષ્યે-મેં ભદ્રંકરવિજયે (હાલ ભદ્રંકરસૂરીશ્વરે) પ્રશસ્તિશતક રચેલ છે. જો અહીં અજ્ઞાનવશે કે સ્મરણવશે કોઈ દુષ્ટ પ્રયોગ કરેલ માલુમ પડે, તો તેને બુદ્ધિધની, વિવેકમાં હંસ જેવા સજ્જન વિદ્વાનોએ શુદ્ધ કરીને, તે પ્રશસ્તિશતકનું વાચન કરવું જોઈએ. (૧૦૬)

●●●

ગ્રંથની ગરિમા

શ્રી તત્ત્વન્યાય વિભાકર-ભાગ પહેલાને મળેલો આવકાર

પૂજ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ, કવિકુલકિરીટ, આચાર્યભગવંત શ્રીમદ્‌વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજે રચેલ તત્ત્વન્યાયવિભાકર (સંસ્કૃત) ગ્રંથ ખરેખર, જૈનદર્શનનો સૈદ્ધાન્તિક મહાગ્રંથ છે. જૈનદર્શનના તત્ત્વજ્ઞાન તથા આચારવિજ્ઞાનને સમજવા માટે આ ગ્રંથ સુંદર માર્ગદર્શન પૂરું પાડે છે. જૈનદર્શન વિષે જિજ્ઞાસુ અભ્યાસકોને ખૂબજ ઉપકારક આ ગ્રંથરત્ન પર પૂજ્યશ્રીએ સ્વોપજ્ઞ (સંસ્કૃત) ટીકાની રચના કરીને શ્રી જૈન સંઘના તત્ત્વજ્ઞાનરસિકો પર મહાન્ ઉપકાર કરેલ છે.

તે મૂલ ગ્રંથનો અનુવાદ પ્રસ્તુત ગ્રંથરત્નના લેખક પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિ મહારાજે વર્ષો પૂર્વે કરેલ. આજે મૂલ ગ્રંથને ટીકા સાથે તે ગ્રંથરત્નનો ગુજરાતી અનુવાદ પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રંકરસૂરિ મહારાજે ખૂબજ ચીવટ, કાળજી તેમજ અથાગ પરિશ્રમ લઈને કરેલ છે. તે માટે ખરેખર, ગ્રંથરત્નના સ્વાધ્યાયપ્રેમી આત્માઓને મન ખૂબ જ ગૌરવનો વિષય છે. આવા ગહન અને વિશાલ ગ્રંથરત્નનું અનુવાદકાર્ય ધૈર્ય, ભારે ખંત અને પ્રબલ પુરુષાર્થ માંગી લે છે. પૂ. આચાર્યમહારાજે પોતાની વિદ્વત્તા તેમજ અથાગ પરિશ્રમથી અનુવાદનું કાર્ય સુંદર રીતે પૂર્ણ કરેલ છે. પ્રસ્તુત પુસ્તકમાં પ્રથમ ભાગ શ્રદ્ધા-સમ્યક્‌શ્રદ્ધા નામનો પૂર્ણ થયેલ છે.

આપણે ઇચ્છીએ કે તેઓશ્રી શીઘ્રાતિશીઘ્ર શેષ ભાગ પૂર્ણ કરીને જૈનદર્શનના મહાન આકર ગ્રંથરત્નના અનુવાદ દ્વારા સ્વાધ્યાયપ્રેમી આત્માર્થી જીવોને માટે ગુજરાતી ભાષામાં સુંદર સ્વાધ્યાયયોગ્ય પ્રકાશન પ્રસ્તુત કરીને મહાન ઉપકારની અમીવર્ષા કરે !

(કલ્યાણ માસિક, વઢવાણ શહેર)

તત્ત્વન્યાયવિભાકર-ભાગ પહેલો અમને મળ્યો છે. જોતાં-વિચારતાં કામ પ્રશંસનીય છે. ઘણા ભવ્યાત્માઓને આત્મહિતનું સાધન છે. આ કાર્ય ઘણું અનુમોદનીય છે-ધન્યવાદ હેતુ છે.

આચાર્ય મંગલપ્રભસૂરિ તથા આચાર્ય અરિહંતસિદ્ધસૂરિ (લુહારની પોળ, અમદાવાદ)

મહાગ્રંથોનો ગૂર્જરભાષામાં અનુવાદ જોવાથી અનુમાન થાય છે કે, સાહિત્યની સુંદરતમ સેવા કરીને, અજ્ઞજનને સુજ્ઞ તરફ તમારો પુરુષાર્થ લઈ જાય છે : અને તે પુરુષાર્થ સ્તુત્ય કહેવાય. એટલું જ નહીં પણ અનુમોદનીય, અનુકરણીય અને વંદનીય છે.

આચાર્ય શ્રી નવિનસૂરિ (બિજાપુર-કર્ણાટક)

આ ગ્રંથ જૈનધર્મના અનેક ગ્રંથના દોહન પછી બનાવવામાં આવેલ હોવાથી અને વ્યાખ્યાનવાચસ્પતિ, અનેક પ્રકારે અનુભવી આચાર્યભગવંતની કલમે આલેખાયેલ હોવાથી ખૂબજ ઉપયોગી છે. અથાગ તન-મનની મહેનતથી તૈયાર થયેલ, તેમજ જૈનધર્મના આચાર, વિચાર, વર્તન, તેમજ શ્રી જિનેશ્વરદેવોએ ભાખેલા ભાવોને પ્રગટ કરતો હોઈ, આ ગ્રંથ સમાજને અત્યંત ખૂબજ ઉપયોગી નીવડશે તે નિઃશંક છે. આપશ્રીએ ગુરુદેવશ્રીના કાર્યને વેગ આપી તેમની મહેનતને ફળવતી બનાવી છે.

આચાર્ય પ્રસન્નચંદ્રસૂરિ

ખરેખર, આપે આ એક મહાન કાર્ય કર્યું છે. ગુરુભક્તિ સાચી કરી છે. આવા દળદાર ગ્રંથના ભાષાંતર કરવા, એ કાર્ય કેટલું કપરું છે તે અનુભવી જ જાણી શકે. અમે એમાંના બે પ્રકરણ વાચનામાં વાંચ્યા છે. ખૂબ આનંદ થયો. ચૌદ ગુણઠાણા અને ચાર ધ્યાનના એમ બે પ્રકરણો વાંચી ખૂબ આનંદ થયો છે.

મુનિ કુંદકુંદવિજય, પાલીતાણા (અધ્યાત્મનિષ્ઠ પૂ. પં. ભદ્રંકરવિજયજી ગણિના શિષ્ય)

'તત્ત્વન્યાયવિભાકર' ગુજરાતી ભાષાંતર સાથેનો દળદાર ગ્રંથ મળ્યો. તમારી શક્તિ અને સ્તુત્ય પ્રયાસ માટે અભિનંદન.

આચાર્ય શ્રી કીર્તિચંદ્રસૂરિ (પ્રભાવક વક્તા, લક્ષ્મણસૂરિપટ્ટધર)

●●●



પ્રસ્તુત ગ્રન્થનો રસાસ્વાદ

આ ગ્રંથમાં 'તત્ત્વ' અને 'ન્યાય'—આ બે વિષયો ઉપર પ્રકાશ ફેલાવવામાં આવ્યો છે, કે જેથી ગ્રંથને 'વિભાકર' સુર્યની ઉપમા અપાયેલ છે. જો કે 'ન્યાય' એ જ્ઞાનનું નિરુપણ છે અને જ્ઞાનનિરુપણ જીવ તત્ત્વાંતર્ગત છે, માટે તત્ત્વથી તે ભિન્ન છે. તેમ ગ્રંથના નામનો ધ્વનિ પ્રગટિત થતો નથી, પણ નવ તત્ત્વોમાં પ્રધાન તત્ત્વ જીવ છે. જીવનું પ્રધાન લક્ષણ જ્ઞાન છે અને જ્ઞાનસ્વરૂપ ન્યાય જ્ઞાનનો એક મહત્ત્વનો વિભાગ છે તેમ સૂચન કરવામાં આવ્યું છે. માટે જ ગ્રંથનું નામ **'तत्त्वन्यायविभाकर'** હોવા છતાં તત્ત્વ અને ન્યાય એવા બે વિભાગ ન કરતાં ગ્રંથકારે જ્ઞાન, દર્શન અને ચારિત્ર—એમ ત્રણ વિભાગ કર્યા છે. તેમાં પ્રથમ બે વિભાગમાં વિભાજિત છે.

રચના - આ ગ્રંથની રચના અંગે પણ એક નાનો ઇતિહાસ છે. પૂ. મુનિ શ્રી પ્રભાવવિજયજી મહારાજે એક દિવસ સ્વ. પૂ. ગુરુદેવને વિનંતિ કરી કે-આપશ્રી કોઈ મારા જેવા અલ્પમતિ જીવોને બોધ થાય, તે માટે કોઈક સુંદર ગ્રંથ બનાવી આપવાની કૃપા કરો.

સરલ હૃદયી સ્વ. પૂ. ગુરુદેવે શિષ્યની તે વિનંતિ માન્ય રાખી. સ્વ-પરદર્શનનાં ગંભીર ઉંડાણ સુધી પહોચી ગયેલ પૂ. ગુરુદેવ એક અપ્રતિમ સ્મૃતિશક્તિના ખજાના હતા. ગ્રંથનું નિર્માણ એક અસાધારણ વાત છે. એક સામાન્ય લેખક પણ સંખ્યાબંધ પુસ્તકો ઉથલાવતો હોય છે, જ્યારે પૂ. ગુરુદેવ આ ગ્રંથ નિર્માણ કરતા હતા, ત્યારે કોઈ ગ્રંથ તેમને જોવા માંગ્યો હોય તેવું મને યાદ નથી. મોટાભાગના સૂત્રો તેઓ રાતના જ બનાવતા અને દિવસના કોઈની પાસે લખાવી દેતા. ગ્રંથકર્તા આચાર્યશ્રીની આ એક અજોડ સફળતા છે અને સ્મૃતિશક્તિનો એક અનુપમ પૂરાવો છે.

તેઓશ્રીના જીવનની કેટલીક વિશિષ્ટતાઓ તેઓશ્રીના સાહિત્યસર્જનમાં પણ ઉતર્યા વગર રહે નહિ, માટે પણ તે વ્યક્તિત્વની સ્પષ્ટતા કરવી યોગ્ય છે.

૧. સૌ પ્રથમ તેઓશ્રીને પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયાનંદસૂરીશ્વરજી** મહારાજ (આત્મારામજી મ.) પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી** મહારાજ જેવા ગુરુ અને પ્રગુરુ પ્રાપ્ત થયા હતા, કે જેઓશ્રીમાં રહેલ શાસનપ્રેમ અને સત્યગવેષણ તેઓશ્રીમાં સહજ રીતે સંક્રાન્ત થયા હતા.

૨. વ્યાખ્યાનની અજોડ શક્તિએ વાદવિવાદનાં અનેકાનેક પ્રસંગો પ્રાપ્ત કરાવ્યા હતા, કે જેથી દાર્શનિક જ્ઞાન અત્યંત પુષ્ટ બને તેમાં કોઈ આશ્ચર્ય ન ગણાય.

૩. સ્મૃતિ અને સ્વાધ્યાય સમતા વડે જીવતા આગમની ગરજ સારવા તેઓશ્રી શક્તિમાન હતા.

૪. તેઓશ્રીની સ્વભાવગત સરળતા પ્રત્યેક ક્ષેત્રમાં વિસ્તાર પામી હતી, કે જેના દર્શન ગ્રંથરચનામાં પણ થાય છે.

૫. સહજ કાવ્યશક્તિ પણ તેઓશ્રીના ગ્રંથમાં દેખાયા વિના ન રહી શકે.

KIRIT GRAPHICS-09898490091